
ચોથી શ્રેણી

પુસ્તક–૧૧૯



તા.૧૧મી માર્ચ ૨૦૨૬
ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે
થી
તા.૧૪મી માર્ચ, ૨૦૨૬
ફાલ્ગુન ૨૩, ૧૯૪૭ શાકે

ગુજરાત વિધાનસભા

ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
પંદરમી ગુજરાત વિધાનસભા
આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૧૧૯	અ નુ ક મ ણિ કા	ચોથી શ્રેણી	
	વિષય	પાન નંબર	
	તા.૧૧મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૧	૧૨
	અતારાંકિત પ્રશ્નો	૧૩	૬૨
	પોઇન્ટ ઓફ ઓર્ડર	૬૩	૬૮
	(૧) પ્રશ્નોત્તરીકાળનો સમય વ્યતિત ન કરવા અંગે.	૬૩	૬૪
	(૨) વિશેષાધિકાર ભંગના મુદ્દા અંગે	૬૫	૬૮
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)	૬૯	૯૮
	તા.૧૨મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૧, ૧૯૪૭ શાકે(પ્રથમ બેઠક)		
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)	૯૯	૧૩૯
	તા.૧૨મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૧, ૧૯૪૭ શાકે(બીજી બેઠક)		
	તારાંકિત પ્રશ્નો	૧૪૦	૧૫૨
	અતારાંકિત પ્રશ્નો	૧૫૩	૧૯૯
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)	૨૦૦	૨૩૩
	તા.૧૩મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૨, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૨૩૪	૨૪૫
	અતારાંકિત પ્રશ્નો	૨૪૬	૨૯૩
	વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) (રાજ્યમાં વૃક્ષ આવરણ વધારીને પર્યાવરણનું સંતુલન જાળવવા બાબત)	૨૯૪	૨૯૫
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૨૯૫	૨૯૬
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)	૨૯૭	૩૦૯
	દાખલ કરવાના બિન સરકારી વિધેયકો	૩૧૦	૩૧૧
	(૧) ગુજરાત રાજમાતા (ગૌમાતાના દરજ્જા, રક્ષણ અને કલ્યાણ બાબત) વિધેયક ૨૦૨૬	૩૧૦	૩૧૦
	(૨) ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક, ૨૦૨૬	૩૧૧	૩૧૧
	(૩) ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૨૬	૩૧૧	૩૧૧
	(૪) ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક, ૨૦૨૬	૩૧૧	૩૧૧
	(૫) ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, ૨૦૨૪	૩૧૧	૩૧૧
	બિન–સરકારી સંકલ્પો	૩૧૧	૩૨૫
	(૧) સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી અંગે	૩૧૧	૩૧૭
	(૨) ગ્રામીણ વિસ્તારમાં રોજગાર અને આજીવિકાને વધુ મજબૂત બનાવવા અંગે	૩૧૮	૩૨૫
	તા.૧૪મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૩, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૩૨૬	૩૩૮
	અતારાંકિત પ્રશ્નો	૩૩૯	૪૦૩
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)	૪૦૪	૪૩૫

ગુજરાત વિધાનસભા
બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૬
ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો
સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત જળસંગ્રહના કામો

*** 15/8/1614 શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

<table>
<tr><th colspan="2">પ્રશ્ન</th><th colspan="2">જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ડબલ્યુડીસી ૨.૦) અંતર્ગત જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવેલ છે,</td><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ડબલ્યુડીસી ૨.૦) અંતર્ગત જળસંગ્રહ માટે નીચે મુજબ કામો હાથ ધરવામાં આવેલ છે.
<table>
<tr><th>તા.૧–૧–૨૪ થી
તા.૩૧–૧૨–૨૪</th><th>તા.૧–૧–૨૫ થી
તા.૩૧–૧૨–૨૫</th></tr>
<tr><td>ચેકડેમ, નવું તળાવ, કોઝવે કમ ચેકડેમ, વેસ્ટ વિયર, ચેકપોલ</td><td>ચેકડેમ, નવું તળાવ, કોઝવે કમ ચેકડેમ, વેસ્ટ વિયર, ખેત તલાવડી, સામૂહિક ખેત તલાવડી, તળાવ ઊંડું ઉતારવાનું કામ, ચેકપોલ</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને</td><td>(૨)</td><td>કુલ ૪૪૨ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>(૩)</td><td>ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?</td><td>(૩)</td><td>૩.૯૨૦.૮૮ લાખ ખર્ચ થયેલ છે.</td></tr>
</table>

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પૂછેલ પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો છે એનાથી હું સંતુષ્ટ છું. હું માનનીય મંત્રીશ્રીને પૂરક પ્રશ્ન પૂછવા માગું છું કે, આ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાની શરૂઆત ક્યારે કરવામાં આવી અને આ યોજનામાં કેવા પ્રકારની કામગીરી કરવામાં આવે છે અને ફંડનું ધોરણ શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાની શરૂઆત જ્યારે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સને ૨૦૧૪માં દેશના વડાપ્રધાન બન્યા અને તેમણે સત્તા સંભાળી પછીથી એમણે સૌથી પહેલી ચિંતા કરી હોય તો પાણીની ચિંતા કરી હતી. સિંચાઇ અને પીવાના પાણીની ચિંતા કરી. એમના નેતૃત્વવાળી ભારત સરકારમાં વર્ષ ૨૦૧૫–૧૬માં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાની શરૂઆત કરવામાં આવી. તે સમયે કુલ ૪ કમ્પોનન્ટ અમલમાં હતા: જે પૈકીનો એક 'એક્સિલરેટેડ ઇરીગેશન બેનિફિટ પ્રોગ્રામ', બીજો હર 'ખેત કો પાની', ત્રીજો 'પર ડ્રોપ મોર ક્રોપ' અને ચોથો કમ્પોનન્ટ 'વોટરશેડ ડેવલપમેન્ટ' હતો. એ પૈકીનો મારી પાસે આ વિભાગ છે. વોટરશેડ ડેવલપમેન્ટની અમલવારી ગ્રામ વિકાસ વિભાગ મારફતે કરવામાં આવે છે. ગુજરાતમાં આની શરૂઆત ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨માં કરી અને ત્યારબાદ ગુજરાત રાજ્ય માટે ૨.૯૨ લાખ હેકટર વિસ્તાર માટે કુલ રૂપિયા ૬૮૭.૮૦ કરોડની જોગવાઇ કરી. એની સાથે ૫૧ પ્રોજેક્ટ ૫ વર્ષ માટે મંજૂર કરવામાં આવેલ. એની કામગીરીમાં જોઇએ તો ખાસ કરીને એન્ટ્રી પોઇન્ટ રોડમાં પીવાના પાણીની સુવિધા, વોટર હાર્વેસ્ટિંગ, ચેકડેમ બનાવવા, પાળાનું રિપેરિંગ કરવું ઉપરાંત જમીન વિકાસની પ્રવૃત્તિ કરવી, જળસંચય, ભૂમિ સંરક્ષણ વગેરેનો સમાવેશ થાય છે. એની સાથે કૃષિ વિકાસની પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. આની અંદર ભારત સરકાર અને રાજ્ય સરકારનો ૬૦ : ૪૦ ટકાનો હિસ્સો રહેલો છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં હાથ ધરવામાં આવેલ કામોમાં કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં વોટર ડેવલપમેન્ટ કોમ્પોનન્ટ ૨.૦ હેઠળ બે વર્ષમાં વ્યક્તિગત લાભાર્થીઓમાં ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના પીપરાળી પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૨૪માં ...(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે વિગતવાર નથી માગ્યું. એમણે કહ્યું કે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪માં ૪,૫૦૫ અને વર્ષ ૨૦૨૫માં ૧,૦૮૪ એમ કુલ મળીને ૫,૫૮૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

જામનગર અને દેવભુમી દ્વારકા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે મળેલ ફરિયાદો

*** 15/8/2401 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર** (જામજોધપુર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર અને દેવભુમી દ્વારકા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, અને	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શ્રમ કાયદાના ભંગ અન્વયે જામનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે ૧૭ ફરિયાદો અને દેવભુમી દ્વારકા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે ૦૬ ફરિયાદો મળી.
(૨)	તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	ઉક્ત ફરિયાદો પૈકી • જામનગર જિલ્લો ➢ ૧૩ ફરિયાદોમાં ૦૮ ઔદ્યોગિક એકમોમાં ૧૫૪ શ્રમયોગીઓને કુલ ૩.૧૬,૧૯,૧૪૯/– નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે. ➢ ૦૧ ફરિયાદમાં ૦૧ ઔદ્યોગિક એકમ વિરુધ્ધ લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ૦૧ કોર્ટ કેસ દાખલ કરેલ છે. ➢ ૦૨ ફરિયાદ અન્વયે કારખાના ધારા હેઠળ પાલન કરાવેલ છે. ➢ ૦૧ ફરિયાદ અન્વયે કુલ ૦૧ ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. • દેવભુમી દ્વારકા જિલ્લો ➢ ૦૬ ફરિયાદોમાં ૦૫ ઔદ્યોગિક એકમોમાં ૫૯ શ્રમયોગીઓને કુલ ૩.૮,૯૩,૭૮૮/–નું સમજાવટથી ચૂકવણું કરાવવામાં આવેલ છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં એવું કહેવામાં આવ્યું કે ૧૫૪ ઔદ્યોગિક એકમો સામે ૧૫૪ શ્રમયોગીઓને ૮ ઔદ્યોગિક એકમો સામે સમજાવટથી ચૂકવણું કરવામાં આવ્યું. એટલે આ સમજાવટ છે તે કયા કાયદા અંતર્ગત કરવામાં આવી? અને સમજાવટ કાણ કરે છે? બીજો પ્રશ્ન એ છે કે, જે ૮ ઔદ્યોગિક એકમોએ નિયમ ભંગ કર્યો હતો તો તેની પાસેથી કોઇ દંડ વસૂલ કરવામાં આવ્યો છે કે કેમ? અને ત્રીજો પ્રશ્ન એ છે કે, કારખાના ધારા હેઠળ જે બે ફરિયાદો કરવામાં આવી તેમાં કયા પ્રકારના નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો શ્રમ કાયદાઓમાં ખાસ કરીને અસરકારક અમલવારી થાય એ રીતે મારો વિભાગ કામ કરી રહ્યો છે. એ ઉપરાંત ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ અને બંને વચ્ચેનું સલામતીનું વાતાવરણ જળવાય રહે એ રીતની કામગીરી મારા વિભાગના માધ્યમથી થઇ રહી છે. ખાસ કરીને શ્રમિકો અને સંગઠનો બંને વચ્ચે સંસ્થાનો કોઇ ડિસ્પ્યુટ ઊભો થાય કે કોઇ ફરિયાદ આવે તો એ વખતે અમારા અધિકારીઓ એ સંસ્થાની મુલાકાત લે છે અને તેનો રિપોર્ટ તૈયાર કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેની અંદર ખાસ કરીને જે શ્રમિકો હોય છે તેમની રજૂઆતો જેવી કે, કોઇ પગારની વિસંગતતાઓ હોય, સમયસર પગાર ન થતો હોય, ગ્રેચ્યુઇટીની રકમની બાબત હોય કે પછી બોનસની બાબત હોય, તેને નિયમિત બોનસ ના મળતું હોય તેના અનુસંધાને અમારા અધિકારીઓ અને જે સામાજિક સંસ્થા છે તે બંને વચ્ચેની એક કડીના ભાગરૂપે શ્રમિકોને બોલાવે છે અને તેનું સમાધાન કરવા માટેનો પ્રયાસ કરે છે. તેની અંદર જો કોઇ ડિસ્પ્યુટ ઊભો થાય તો પછી અમારા અધિકારીઓ તે સંસ્થાની અથવા તો યુનિટ હોય તેની મુલાકાત લે છે. મુલાકાત લીધા પછી એવુ લાગે કે આમાં કોઇ ક્ષતિઓ છે કે સમાધાન થયું છે તે પ્રમાણે થતું નથી તો અમારા અધિકારીઓ જે તે સંસ્થા છે તેની મુલાકાત લઇ અને નોટિસ આપે અને સમય–મર્યાદામાં તેનો નિકાલ કરવાની સૂચનાઓ આપે છે. એ પછી જો એ સમયસર ના થાય તો એ યુનિટ હોય....

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : તેમણે આખી પ્રોસેસ નથી પૂછી. તેમણે એવુ કહ્યું છે કે, તમે જે આ સમાધાનનું કામ કરો છો તે કયા નિયમ પ્રમાણે કરો છો? કોઇ કાયદા પ્રમાણે કરીએ છીએ કે કેમ? તો એટલો જ પ્રશ્ન છે. એટલે જો એ જાણકારી હોય તો આપો. તમારી પ્રોસેસ શું છે એ એમણે પૂછ્યું નથી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જે શ્રમના કાયદા છે તે કાયદાની કલમ પ્રમાણે કયા પ્રકારની તેમાં ક્ષતિ છે તેને ધ્યાનમાં રાખીને કાયદાની કલમ પ્રમાણેના પગલાં લેવામાં આવે છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો પ્રશ્ન એ છે કે, કાયદામાં કોઇ સમજાવટ કરવાની જોગવાઇ છે કે કેમ? અને આ તો ૧૫૪ શ્રમયોગીઓને તકલીફ પડી અને તેણે વિભાગને જાણ કરી અને વિભાગ દ્વારા આવી કોઇ તપાસ કરી અને જે શ્રમયોગીઓને અન્યાય થતો હોય તેના માટે ઔદ્યોગિક એકમો સામે કોઇ ફરિયાદ કરવામાં આવી છે કે નહીં?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર પહેલાં તો મેં આપને કહ્યું તેમ શ્રમિક અને અમારા અધિકારીઓ સાથે અને યુનિટ સાથે એક સમજૂતી થતી હોય છે. એમાં સમજૂતિ ના થાય તો જે કાયદાની જોગવાઇ પ્રમાણે તેની ઉપર કાનૂની પગલાં લેવામાં આવે છે તે સિવાય બીજી કોઇની તેના અનુસંધાને બીજી કોઇ ફરિયાદ મળેલી હોય તો અમારા શ્રમ અધિકારી ખુદ તે યુનિટ ઉપર જાય છે અને તે યુનિટને નોટિસ આપે છે, જાણ કરે છે અને જો પગલાં ના લેવાય તો અમે તેની ઉપર કાયદાની મર્યાદામાં રહીને કાનૂની પગલાં લઇએ છીએ અને ગુનો દાખલ કરીએ છીએ.

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત જાણવા માગું છું કે, તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ એક વર્ષમાં અમારા દ્વારકા અને જામનગર જિલ્લામાં કેટલા એકમોની તાલુકાવાર તપાસણી કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : તાલુકાવાર કેટલા એકમો? કયા કયા એવું નથી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન જામનગર જિલ્લામાં ૪૧૬ અને દેવભૂમિ દ્વારકામાં ૧૬૬ ઔદ્યોગિક એકમોની તપાસણી કરવામાં આવી. તેના ઉપર શ્રમ આયુકતના ૧૫૨ અને નિયામકશ્રી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના ૨૬૪ યુનિટો અને તપાસણીની કુલ સંખ્યા એટલે બંને મળીને ૪૧૬ યુનિટ પર તપાસ કરવામાં આવી.

વડોદરા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરિટી મિશન ઓઇલસીડ યોજના અંતર્ગત તાલીમ

*15/8/1470 **શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા** (વાઘોડીયા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરિટી મિશન ઓઇલસીડ યોજના અંતર્ગત કેટલી ખેડૂત તાલીમ શિબિરિ યોજવામાં આવી, અને	(૧)	૪૩
(૨)	સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી?	(૨)	૧૩૬૫

શ્રી ધર્મેન્દ્રસિંહ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયો છે. મારો પૂરક પ્રશ્ન એ છે કે, નેશનલ ફૂડ સિકયોરિટી મિશન ઓઇલસીડ યોજના કયારથી શરૂ કરવામાં આવી, અને તેનો હેતુ શું અને યોજનાથી શું ફાયદા થયા?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮-૧૯થી નેશનલ ફૂડ સિકયોરિટી મિશન ઓઇલસીડ યોજના શરૂ કરવામાં આવી. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૧૪-૧૫થી દેશની ધુરા સંભાળી ત્યારથી સમગ્ર દેશમાં નેશનલ મિશન ઓન ઓઇલસીડ યોજના અમલમાં છે. એમનો જે બીજો પ્રશ્ન છે માનનીય મોદીજીએ ત્રીજી વખત દેશની ધુરા સંભાળી, સમગ્ર દેશમાં તેલીબિયાં પાકોના ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા તેમજ તેલની આયાત ઘટાડવા વર્ષ ૨૦૨૫-૨૬ થી ૨૦૩૦-૩૧ સુધી નેશનલ મીશન ઓઇલ ઓન એડીબલ ઓઇલસીડ યોજના અમલમાં આવેલ છે જે અંતર્ગત તેલીબિયાં પાકોનું વધુ ઉત્પાદન આપતી નવી જાતોનો ઉપયોગ કરી ઉત્પાદન વધારી ખેડૂતોની આવકમાં વધારો કરવાનો મૂળ હેતુ છે અને અંદાજિત ૩૦ ટકા તેલની આયાત ઘટાડવાની સરકારની નેમ છે એટલે બહારથી આપણે જે આયાત કરીએ છીએ એની બદલે આત્મનિર્ભર ભારતની જે માનનીય મોદી સાહેબની કલ્પના છે, ઇમ્પોર્ટ નહીં, આપણે બધાને અહીંયા લાવીને નહીં, આપણે પોતે એ ઉત્પાદન કરીએ એ હેતુથી માનનીય મોદી સાહેબે આ નિર્ણય લીધો છે. સન્માનનીય સભાગૃહ સમક્ષ મને આ વાત મૂકતાં આનંદ થાય છે કે સન ૨૦૧૪-૧૫ દરમિયાન તેલીબિયાં પાકોનો જે વાવેતર વિસ્તાર હતો એ ૨૫.૧૦ લાખ હેકટરથી વધીને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૩૩. ૪૫ લાખ હેકટર થયો છે અને એમાં છેલ્લાં ૧૦ વર્ષમાં રાજયમાં તેલીબિયાં પાકોના વાવેતરમાં ૩૩ ટકાનો વધારો થયો છે. ખેડૂતોના ઉત્પાદનો અને એના વેચાણ આ તમામ બાબતો માનનીય ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં રાજયનો મારો કૃષિ વિભાગ કરી રહ્યો છે. સન ૨૦૧૪-૧૫માં તેલીબિયાં પાકોના ઉત્પાદનમાં ૪૬ લાખ ટનથી વધીને સન ૨૦૨૪-૨૫ દરમિયાન ૭૮ લાખ ટન થયો છે. આમ, છેલ્લાં ૧૦ વર્ષમાં રાજયમાં તેલીબિયાં પાકોના

ઉત્પાદનમાં ૭૦ ટકાનો વધારો થયો છે. ખેડૂત ખેતરમાં પરસેવો પાડે છે. આ આંકડા છે એ ખેડૂતોના ઉત્પાદનના આંકડા છે. જયારે કેટલીક વાતો સાંભળતા હોઈએ ત્યારે એવું લાગે કે આ આંકડાઓ સાચા છે કે માત્ર મીડિયામાં જઈને વાત કરવાવાળા સાચા છે?

અધ્યક્ષશ્રી : એવું માનનીય સભ્યશ્રીએ તમને પૂછ્યું નથી.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, તમારી પ્રેઝન્સ ઓફ માઇન્ડ માટે તમને વંદન કરીએ છીએ. આપ શું પૂછ્યું છે એનું પણ ખૂબ બારીકાઇથી ધ્યાન રાખો છો. મને ગઇકાલે શ્રી શૈલેષભાઇએ બેઠાં બેઠાં ધમકી આપી હતી.

અધ્યક્ષશ્રી : ગઇકાલની વાત તમે પ્રશ્નોત્તરી પછી કરજો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપની હાજરીમાં ધમકી આપતા હતા પણ બેઠાં બેઠાં બોલ્યા હતા એટલે આપે એવું કહેલું આપણે તે રેકોર્ડ ઉપર લેતા નથી.

અધ્યક્ષશ્રી : અત્યારે આ પ્રશ્નોત્તરી ચાલે છે એટલે બંને તરફ મારી વિનંતી છે કે પ્રશ્નોત્તરીના સમયમાં વિક્ષેપ ના કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાલી ધ્યાન દોરું છું કે કાલે આ પ્રકારની ધમકીઓ વિધાનસભામાં આપી હતી.

અધ્યક્ષશ્રી : એના માટે હું તમને પોઇન્ટ ઓફ ઓર્ડર આપીશ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના ખાદ્યતેલ પુરવઠા અને કૃષિતંત્રમાં દેશના તેલીબિયાં પાકના કુલ ઉત્પાદનમાં ૧૮થી ૨૦ ટકાનો ફાળો એકલા ગુજરાત રાજ્યનો રહેલો છે. મને કહેતાં આનંદ થાય છે કે, સમગ્ર દેશમાં ગુજરાત રાજય મગફળી, તલ અને દિવેલાના ઉત્પાદનમાં પ્રથમ સ્થાને છે, તેમજ રાઇ, સોયાબીનના ઉત્પાદનમાં પણ દેશમાં પ્રથમ ક્રમે છે. આ જ બતાવે છે કે ખેડૂત એ કેટલો આત્મનિર્ભર બની ગયો છે. એના ફાયદાઓ પણ એટલા જ મહત્ત્વના છે. આ યોજના થકી ખેડૂતોના તાંત્રિક જ્ઞાનમાં વધારો થવાનો છે. ખેડૂત દ્વારા કૃષિ ઇનપુટસના પ્રમાણસર અને કાર્યક્ષમ ઉપયોગ થકી ખેતી ખર્ચમાં ઘટાડો થવાનો છે. આ આયોજન હેઠળ ખેડૂતોને નવી જાતોના પ્રમાણિત બિયારણ, નવી ટેકનોલોજી, નિદર્શન ઇનપુટસ, પૂરક આવક મેળવવાના એકસટેન્શન યુનિટ વગેરે જેવા ઘટકોમાં ખેડૂતોને સહાય મળવાની છે. માનનીય મોદી સાહેબના આ મહત્ત્વના પ્રોજેકટથી ગુજરાત રાજયમાં ખેડૂતોના હિતમાં અમારો વિભાગ ખૂબ સારી રીતે આ કામ કરી રહ્યો છે.

ખેડા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

*** 15/8/1567 શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા): માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ખેડા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં શ્રમ કાયદાના ભંગ અંગેની કર્મચારી/વર્કરો તરફથી કેટલી ફરિયાદો મળી, અને	(૧)	૨૩
(૨)	તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	ઉકત ફરિયાદો પૈકી :- ➢ ૦૪ ફરિયાદોમાં ૦૪ ઔદ્યોગિક એકમોમાં ૧૮ શ્રમયોગીઓને કુલ ૩.૪,૦૩,૬૯૨/-નું સમજાવટથી ચૂકવણુ કરવામાં આવેલ છે. ➢ ૦૧ ફરિયાદમાં ૦૧ ઔદ્યોગિક એકમ વિરુદ્ધ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ ૦૨ કોર્ટ કેસ દાખલ કરવામાં આવેલ છે. ➢ ૦૩ ફરીયાદોમાં ૦૩ ઔદ્યોગિક એકમો વિરુદ્ધ લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ ૦૩ કોર્ટ કેસ તથા આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ ૧૯૭૯ હેઠળ ૦૩ કોર્ટ કેસ દાખલ કરેલ છે. ➢ ૦૨ ફરીયાદમાં ૦૨ ઔદ્યોગિક એકમો વિરુદ્ધ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ ૦૨ કોર્ટ કેસ તથા હેઠળ તથા આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ

			૧૯૭૯ હેઠળ ૦૪ કોર્ટ કેસ દાખલ કરેલ છે. ➢ ૦૧ ફરિયાદમાં ૦૩ ઔદ્યોગિક એકમો વિરુદ્ધ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ ૦૬ કોર્ટ કેસ તથા કોન્ટ્રાક્ટ મજુર અધિનિયમ ૧૯૭૦ હેઠળ ૦૨ કોર્ટ કેસ દાખલ કરેલ છે. ➢ ૦૧ ફરિયાદમાં ૦૧ ઔદ્યોગિક એકમ સામે સરકારી શ્રમ અધિકારી દ્વારા મદદનીશ શ્રમ આયુક્ત, નડીયાદ સમક્ષ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ હેઠળ પુનઃ સ્થાપિત થવા અંગેની અરજી કરવા સલાહ આપવામાં આવેલ છે. ➢ ૧૧ ફરિયાદ પૈકી ૦૭ ફરિયાદ અન્વયે કારખાનાએ પાલન કરતાં નિયમોનુસાર નિકાલ કરેલ છે. ➢ ૦૪ ફરિયાદ અન્વયે કુલ ૧૧૨ ફોજદારી કેસ કરવામાં આવેલ છે.

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે એટલે પ્રશ્ન પૂછવાનો રહેતો નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બોટાદ જિલ્લાની અંદર મહિલા આઇ.ટી.આઇ. કોલેજ બનાવવાની કામગીરી હાલ કયા તબક્કે પહોંચી છે? કયારે શરૂ કરવામાં આવશે અને કુલ કેટલા રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષના સમયગાળા દરમિયાન કેટલા કારખાના સામે કારખાના ધારા હેઠળ શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં કારખાના ધારા હેઠળ કુલ ૬૬૭ કારખાનાઓની રૂબરૂ સ્થળ તપાસ કરવામાં આવી. એમાંથી ૭૩ કારખાનાઓને શૉ-કોઝ નોટિસ આપવામાં આવી અને એ નોટિસની પૂર્તતા ન કરી હોય તેવા ૩૯ કારખાનાઓ સામે ૨૩૨ ફોજદારી કેસો દાખલ કરવામાં આવ્યા. આ કેસ અદાલતમાં નામ. મેજિસ્ટ્રેટ સામે દાખલ કરવામાં આવ્યા. જેમાં નામ.કોર્ટ દ્વારા ૨૨૯ કેસોનો નિકાલ કરી કસૂરવાર માલિકોને રૂ.૫,૨૦,૦૦૦ જેટલો દંડ કરવામાં આવ્યો.

રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના

*15/8/1600 **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ** / **વિસ્તાર (હેક્ટરમાં)** ૨૦૨૪-૨૫ / ૩૦૧.૦૦ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૮૭.૫૦
(૨)	તે પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	**વર્ષ** / **ખર્ચ (રૂ. લાખમાં)** ૨૦૨૪-૨૫ / ૬૧૦.૬૦ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૫૮૧.૫૫

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનો આભાર માનું છું કે એમણે મારા મતવિસ્તારમાં અનુસૂચિત જાતિ વિકાસ કેન્દ્ર, પંચવટી યોજના મંજૂર કરી છે. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, વન કવચ યોજના શું છે? રાજકોટ તથા રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં વન કવચ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, વન કવચ યોજના એ વન વિભાગની એક સફળ યોજના છે. જે વિસ્તારો જંગલની બહાર આવેલા છે એ પછી શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર હોય અથવા જ્યાં જંગલ નથી ત્યાં સોશિયલ ફોરેસ્ટ્રી એટલે કે મિયાવાકી પદ્ધતિથી ૧/૧ મીટરનો ખાડો કરીને એક હેક્ટરમાં ૧૦,૦૦૦ વૃક્ષો વાવીને ડેન્સ ફોરેસ્ટ ઊભું

કરવાની આ યોજના છે. એમાં જે પણ વાવેતર કરવામાં આવે છે એનો સર્વાઇવલ રેશિયો ૯૯ ટકાનો ખૂબ સરસ છે. રાજકોટ જિલ્લામાં અત્યાર સુધી ૨૨ વન કવચોનું નિર્માણ કર્યું છે અને એમાં ૨,૦૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ખૂબ સારી યોજના છે અને એનો લાભ દરેક લોકો લઇ રહ્યા છે. ત્યાં ફરવાનું પણ સ્થળ બને છે. ટીચિંગ પણ થઇ રહ્યું છે. બાળકો પણ આવી રહ્યાં છે. આ યોજના હવે આખા રાજ્યમાં ખૂબ પ્રચલિત છે અને એની ડિમાન્ડ પણ ખૂબ છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું કે આ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વૃક્ષારોપણ માટે 'એક પેડ મોં કે નામ' નું અભિયાન ઉપાડ્યું છે એ અંતર્ગત ખૂબ સારું કામ કરવામાં આવી રહ્યું છે. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું અને વાવેતર કર્યા પછી કેટલા રોપાઓ જીવંત રહેલા છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હવે વન વિભાગની તમામ એકાગ્રતા સર્વાઇવલ રેશિયો પર છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં સર્વાઇવલ રેશિયો પર ધ્યાન આપીને યોજના બનાવે છે. મને કહેતાં આનંદ થાય છે કે રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૩૮૮ હેક્ટરમાં કુલ ૬,૪૭,૦૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું અને એમાંથી અત્યાર સુધી ૫,૨૯,૦૦૦ રોપા જીવંત છે એટલે કે ૮૨ ટકા રોપાના સર્વાઇવલની સિદ્ધિ હાંસલ થઇ છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વાવેતર કરેલા રોપાનો ખર્ચ અને સંખ્યા કેટલી છે? આ સાથે મારું એક સૂચન છે કે રાજકોટમાં આવેલ સદભાવના વૃદ્ધાશ્રમ જે રીતે સમગ્ર ગુજરાતમાં વૃક્ષોનું વાવેતર કરે છે તે રીતે આપણે તેની સાથે રહીને વધારેમાં વધારે વૃક્ષો વાવીને તેને ઉછેરવાનું કામ કરવું જોઇએ.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ૩૬૭ હેક્ટરમાં રૂ.૭ કરોડના ખર્ચે રોપાનું વાવેતર થયેલ છે. આ સાથે માનનીય સભ્યશ્રીના સૂચન અનુસંધાને જણાવવા માગું છું કે, અમે સદભાવના જેવી અનેક સંસ્થાઓ દ્વારા વન વિભાગ સાથે મળીને કામ કરી રહ્યાં છીએ. હજુ આ કામને આગળ વધારીશું. માનનીય સભ્યશ્રીનું સૂચન સારું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૦૧ હેક્ટરમાં રૂ.૬૧૦.૬૦ લાખના ખર્ચે રોપા વાવવામાં આવ્યા અને વર્ષ ૨૦૨૫-૨૬માં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ૮૭.૫૦ હેક્ટરમાં રૂ.૫૮૧.૫૫ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં એક હેક્ટર પ્રમાણે રૂ.૨ લાખ અને વર્ષ ૨૦૨૫-૨૬માં એક હેક્ટર પ્રમાણે રૂ.૬.૫ લાખનો ખર્ચ થયેલ છે. આ તફાવતનું કારણ શું છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આ બંને યોજનાઓ અલગ-અલગ છે. વન કવચ યોજના હેઠળ એક હેક્ટરદીઠ કામ કરવામાં આવે છે અને વૉકિંગ ટ્રેક, ફેન્સિંગ, પાણી પહોંચાડવા જેવી સુવિધાઓ આપવામાં આવે છે. એક યોજના એવી હોય છે કે જ્યાં સામૂહિક રીતે મોટાપાયે વૃક્ષારોપણ કરવામાં આવે છે અને ગ્રામ પંચાયત દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. આ કારણસર બંનેમાં તફાવત આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ બંને યોજના એક જ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપની ઇચ્છા પ્રમાણેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે તેવું ન હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું એવું નથી કહેતો. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ફેન્સિંગ કરવામાં આવે છે પણ ફેન્સિંગ આવતી જ નથી. સામૂહિક વન નિર્માણ યોજના એક જ છે. બીજી કોઇ યોજના આવતી જ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે એકદમ નજીક વૃક્ષો વાવવાના એટલા માટે કે તેને પછી કવચ અને બાકી ઘણું બધું થતું હોય છે. તેના માટે પ્રોટેક્શન વૉલ કરવામાં આવે છે અને અન્ય વ્યવસ્થાઓ થતી હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બંને વર્ષમાં આટલી મોટી રકમનો તફાવત છે, તે વિશે પૂછું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, યોજના એક ભલે હોય પણ તેની પેટા યોજનાઓ અલગ હોઇ શકે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ અનેક પ્રકારના પ્રકલ્પો છે. તેમાં વન કવચ પણ આવે છે. ટોલ સીડલિંગ પણ આવે છે અને એક વૃક્ષ વાવવાનો ખર્ચ રૂ.૧૦૦ થી માંડીને રૂ.૨૫૦૦ સુધી થાય છે. અલગ અલગ યોજનામાં અલગ અલગ ખર્ચ થાય છે. રૂ.૨૫૦૦માં રોપાને ત્યાં જ ઉછેરીને તેને ટ્રી ગાર્ડ સાથે ત્રણ વર્ષ સુધી વાવેતર સહિતના ખર્ચનો સમાવેશ થાય છે. એટલે યોજના પ્રમાણે તેમાં ફેરફાર થતો રહેતો હોય છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો વૃક્ષો માટે જાગૃકતા ફેલાવવાનું કામ દેશના વડાપ્રધાનશ્રીએ ''એક પેડ મોં કે નામ'' અભિયાન દ્વારા કર્યું છે અને લોકોમાં તેની જાગૃકતા આવી છે તે બદલ હું આપના મારફતે તેમને અભિનંદન આપું છું અને આભાર વ્યક્ત કરું છું. આ સાથે હું માનનીય મંત્રીશ્રીને એક સૂચન કરવા માગું છું. વન કવચ યોજના બહુ સારી છે. વૃક્ષોની ઘણી જાતો આજે લુપ્ત થઇ ગઇ છે. અમુક જગ્યાએ જ જોવા મળે છે. આવનારા સમયમાં લુપ્ત થતાં વૃક્ષોનું વધુમાં વધુ વાવેતર વન કવચમાં કરવામાં આવે તો એ વૃક્ષ આપણા માટે આવનારા સમયમાં સચવાઇ રહે અને તેની જાગૃકતા પણ ફેલાય એટલે આવા વૃક્ષો વાવવા માટે કોઇ આયોજન કરવામાં આવે છે કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જણાવવા માગું છું કે, માનનીય સભ્યશ્રીનું સૂચન બહુ સારું છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ આપેલ ''એક પેડ મોં કે નામ'' અભિયાન આ દેશમાં એક જનઆંદોલન બની ગયું છે. હું આ ગૃહને માહિતી આપવા માગું છું કે, હું જ્યારે વડાપ્રધાનશ્રીને મળ્યો ત્યારે તેમણે વાત કરી કે ''એક પેડ મોં કે નામ''નો વિદેશમાં પણ પ્રચાર થયો છે. ઘાના જંગલ માટે ખૂબ પ્રખ્યાત છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી ઘાના ગયા હતા ત્યારે એક શાળામાં ગયા ત્યાં વૃક્ષારોપણ થતું હતું. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ત્યાંના પ્રેસિડેન્ટને કહ્યું કે ભારતમાં ''એક પેડ મોં કે નામ''અભિયાનમાં સફળતાપૂર્વક લોકો તેની સાથે જોડાયા છે. તો ઘાનાએ પણ આ જ પ્રયોગ ત્યાં કર્યો અને ત્યાં પણ 'એક પેડ મોં કે નામ'નો કાર્યક્રમ ચાલી રહ્યો છે. માનનીય સભ્યશ્રીએ બીજી વાત કરી કે, બહુ જૂના વૃક્ષોનું વાવેતર કરવું જોઇએ. માનનીય મુખ્યમંત્રીશ્રીના સૂચનથી હેરિટેજ જૂના વૃક્ષો છે અને જેના થડનો પરિઘ ખૂબ મોટો હોય છે એવા વૃક્ષો આઇડેન્ટીફાય કરીને દર વર્ષે એક વૃક્ષ દીઠ રૂ.૫૦૦૦ નું વળતર જે ખેડૂતના ખેતરમાં વૃક્ષ હોય છે એને આપીએ છીએ.

પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત ચેકડેમ બનાવવા બાબત

***15/8/1619 શ્રી સી. કે.રાઉલજી** (ગોધરા) **: માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ડબલ્યુડીસી ૨.૦) અંતર્ગત કેટલા ચેકડેમના કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને	(૧)	૧૫ ચેકડેમના.
(૨)	આ માટે કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે ?	(૨)	રૂ.૧૧૫.૬૧ લાખ.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાનો હેતુ શું છે? અને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો હિસ્સો કેટલો હોય છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોજેક્ટનો હેતુ ઇકોલોજિકલ સંતુલન જાળવવાનો છે. આ ઉપરાંત જળ સંરક્ષણ, જમીન સુધારણા, આજીવિકા વિકાસ વગેરેની પૂર્તિ કરવાનો છે. આ યોજના અંતર્ગત ગામતળમાં સ્વચ્છ પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ કરવી, જળસંચયના માળખાનું નિર્માણ કરવું, ભૂગર્ભ જળનાં સ્તરો ઊંચાં આવે, હરિયાળી આવરણ જેને કારણે જળસ્તર સુધરે અને હરિયાળી ક્રાંતિ લાવી શકાય. એની સાથે–સાથે જમીનનું ધોવાણ ઘટાડવાનો મુખ્ય હેતુ છે. આ યોજનામાં ભારત સરકાર અને રાજ્ય સરકારનો ૬૦:૪૦ ના રેશિયા મુજબનો હિસ્સો હોય છે.

અધ્યક્ષશ્રી : શ્રી ગોપાલભાઇ ઇટાલિયા, આપનું સિગ્નલ ચાલુ છે બંધ કરો.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત લાભોની તો વાત કરી, પરંતુ ગ્રામીણ ખેડૂતોને કયા પ્રકારના લાભો થાય છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ડબલ્યુ.ડી.સી.–૨.૦ હેઠળ જે લાભો મળતા હોય છે એમાં સામાન્ય રીતે પ્રાથમિક કામો કરવાનાં હોય છે. ઓવરહેડ વોટર ટેન્ક, પાણીના સંગ્રહ માટે સમ્પ, પાણીના સપ્લાય માટે પાઇપલાઇન વગેરે, ગામતળમાં સ્વચ્છ પીવાના પાણીની સુવિધાઓ ઊભી કરવી, યોજના હેઠળ ચેકડેમો બનાવવા, તળાવો, કોઝ–વે કમ ચેકડેમ વગેરે બનાવવા તથા ખેત તલાવડી બનાવવી. આ રીતે જળસંચયના માળખા સુધારવા અને નવા બનાવવા માટેની જોગવાઇ છે. જેનાથી ખેતી અને ખેડૂત બંનેને લાભ થાય છે. આનાથી વરસાદનું પાણી વહી જતું અટકે અને જળસંચયની કામગીરી થાય. પાણી જમીનમાં ઊતરવાથી ભૂગર્ભ જળનાં સ્તરો સુધરે અને કૂવા અને બોરવેલ રીચાર્જ થાય. આ ઉપરાંત વૃક્ષારોપણ મારફતે ખાસ કરીને હરિયાળી ક્રાંતિ આવે અને એના કારણે વૃક્ષોનું ખૂબ સારી રીતે જતન થઇ શકે. આ ઉપરાંત પૂર સંરક્ષણની દીવાલ બનાવી શકાય અને જમીનનું ધોવાણ અટકાવી શકાય. એના કારણે ખેતરના બંધ પાળા વગેરેમાં ખેડૂતોના શેઢાના ભાગો હોય એની જાળવણી થાય. જમીન ધોવાણ અટકવાને કારણે પ્રોટેક્શન સિસ્ટમ સુધરે છે. આ પ્રવૃત્તિઓ મારફતે ગ્રામીણ ખેડૂતોને ખૂબ ફાયદો થાય છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ સિંચાઇ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં જળસિંચાઇનાં કામોથી સિંચાઇ વિસ્તારમાં કેટલો વધારો થયો? અને તેનાથી કેટલા ખેડૂતોને ફાયદો થયો છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના એટલે કે વૉટરશેડ ડેવલપમેન્ટ કોમ્પોનન્ટ ૨.૦ના માધ્યમથી જળ સિંચાઇનાં કામો થયાં છે એમાં ગોધરા તાલુકામાં ગોલાવ પ્રોજેક્ટ બનેલ છે અને એની નીચે પાંચ ગામોનો સમાવેશ થયેલો છે. એમાં દરેક ગામવાઇઝ લઇએ તો મીરપ ગામમાં કુલ સિંચાઇ વિસ્તારમાં ૨.૨૭ હેકટરનો વધારો થયો અને ૫૦ ખેડૂતોને લાભ થયો. ગોલાવ ગામમાં ૩૦.૯૮ હેકટરમાં સિંચાઇનો વિસ્તાર વધ્યો અને ૬૦ ખેડૂતોને ફાયદો થયો. ભામૈયા ગામમાં ૫.૧૬ હેકટરનો સિંચાઇનો વિસ્તાર વધ્યો છે અને ૧૦ ખેડૂતોને ફાયદો થયો. સરસાવ ગામમાં ૧૦.૧૪ હેકટર સિંચાઇ વિસ્તારમાં વધારો થયો અને ૨૦ ખેડૂતોને ફાયદો થયો છે. દૈકોર ગામમાં ૫.૭ હેકટરનો સિંચાઇના વિસ્તારમાં વધારો થયો અને ૧૦ ખેડૂતોને ફાયદો થયો. આમ કુલ પાંચ ગામમાં કુલ ૭૬.૬૨ હેકટર સિંચાઇ વિસ્તારમાં વધારો થયો અને ૧૫૦ ખેડૂતોને ફાયદો થયો.

તારાંકિત પ્રશ્નો

સાબરકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રૂફટોપ સોલાર પેનલ સહાય

***15/8/1545 : શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા** (હિંમતનગર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કોલ્ડ સ્ટોરેજમાં રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી રકમની સહાયની ચૂકવણી કરવામાં આવી?	(૨)	રૂ.૧,૧૭,૩૬,૬૦૦/-

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, કોલ્ડ સ્ટોરેજમાં સોલાર રૂફટોપ લગાવવાની યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારે ઘણા સમયથી દાખલ કરી છે એનાથી ગુજરાતના ખેડૂતોને ઘણો ફાયદો થયો છે. આ પેનલ લગાડીએ છીએ એમાં મિનિમમ અને મેક્સિમમ સહાયના ધોરણ શું છે અને આ લગાવવાનો હેતુ અને ફાયદા શું છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વી.ડી.ઝાલા સાહેબ મંત્રી રહી ચૂક્યા છે અને મારી સાથે પી.એ.સી. કમિટીમાં પણ હતા. એમણે મહત્ત્વનો પ્રશ્ન વિધાનસભામાં પૂછ્યો છે. પરંપરાગત ઊર્જા સ્ત્રોત્રને બદલે પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ સૌર ઊર્જા દ્વારા કોલ્ડ સ્ટોરેજનું સંચાલન કરીને કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને પ્રદૂષણથી થતા પર્યાવરણ ઉપરનું ભારણ ઓછું કરવાનો અને આર્થિક ભારણ ઓછું કરવાનો મુખ્ય હેતુ છે. કોલ્ડ સ્ટોરેજમાં વીજ બિલ સૌથી વધારે મહત્ત્વનું હોય છે. સોલાર પેનલ લગાવવાથી વીજળીના બિલને ઘટાડવામાં મદદ થઇ શકે છે. આર્થિક ભારણ ઓછું આવે અને નાણાંની બચત થાય છે. સામાન્ય રીતે ૫ હજાર મેટ્રિક ટનની ક્ષમતાવાળા કોલ્ડ સ્ટોરેજમાં વાર્ષિક ૨૦થી ૨૨ લાખનો વીજ વપરાશ રકમની દષ્ટિએ થાય છે. જો કોલ્ડ સ્ટોરેજ ઉપર ૧૦૦ કિલો વોટ ક્ષમતાનું સોલાર પેનલ લગાવવામાં આવે તો અંદાજે વાર્ષિક રૂ.૧૨ લાખની ચોખ્ખી બચત થાય છે. માનનીય ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં કોલ્ડ સ્ટોરેજ માટેની સબસિડીઓ છે. લોકો કોલ્ડ સ્ટોરેજ નાંખી રહ્યા છે. પોતાનું ઉત્પાદન તથા ફળફળાદી લાંબા સમય સુધી સચવાઇ રહે એના માટે ખૂબ મહત્ત્વનું છે. કોમ્પિટેશનના કારણે ભાડા અથવા રાખવાની જે રકમ આપવાની હોય છે એમાં રૂ. ૧૨ લાખ કોઇ એક કોલ્ડ સ્ટોરેજવાળાને બચતા હોય તો સ્વાભાવિક છે કે કોમ્પિટેશનમાં સીધો જ ફાયદો ખેડૂતને મળવાનો છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ અને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ખેડૂતોને ફાયદો થાય, કોલ્ડ સ્ટોરેજ થાય, ઉત્પાદનમાં બચત થાય અને એના કારણે બાગાયતી ઉત્પાદનો માટે ખૂબ મહત્ત્વનું વાજબી ભાડું એમને મળી રહે છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો છે એમાં જણાવું તો વ્યકિતગત લાભાર્થી, માર્કેટિંગ યાર્ડ, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, રજિસ્ટર ખેડૂત સંગઠન એટલે કે સામાન્ય અને આદિજાતિ વિસ્તાર આ બંનેમાં અલગ અલગ રકમની સહાયની જોગવાઇઓ છે. રૂ. ૧૭.૫૦ લાખ સામાન્યમાં અને આદિજાતિ વિસ્તારમાં રૂ. ૨૬.૨૫ લાખની સહાય એને કોલ્ડ સ્ટોરેજ માટે પ્રોત્સાહિત કરવા માટે અપાય છે. માનનીય ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં અમારા ડિપાર્ટમેન્ટે કોલ્ડ સ્ટોરેજની જેટલી સહાયો બાકી હતી એ લગભગ અમે પૂરી કરી છે એના કારણે રાજ્યના ખેડૂતોને ખાસ કરીને જે બાગાયતી ઉત્પાદન કરે છે એના માટે ખૂબ મોટા આશીર્વાદનું કામ થઇ રહ્યું છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ત્રણ વર્ષથી બટાટાના ઉત્પાદનમાં ખેડૂતોને નુકસાન જઇ રહ્યું છે અને સરકાર સહાય આપે છે અને ખેડૂતોને આપણે મદદ પણ કરીએ છીએ. આ વર્ષે પણ નુકસાન છે તો આપણે એમને સહાય આપવાના છીએ કે નહીં? બીજી મહત્ત્વની વાત એ હતી કે આપણે સબસિડી આપીને કોલ્ડ સ્ટોરેજને બેઠા કરીએ છીએ. સોલાર સબસિડી આપીએ છીએ અને કોલ્ડ સ્ટોરેજમાં ૫ કરોડની સબસિડી ચૂકવીએ છીએ. જે સબસિડી ચૂકવીએ છીએ એનાથી ખેડૂતને શું ફાયદો થાય છે? સ્ટોરેજ કરવાના ચાર્જમાં ઘટાડો થવો જોઇએ તેના માટે કડક નિયમો બનાવ્યા છે કે નહીં? ઉત્પાદન વધારે છે, ખેડૂતો ત્યાં માલ મૂકવા જાય છે તો બમણા ભાવ લે છે અને ખેડૂતોને નુકસાન જઇ રહ્યું છે એના માટે કડક કાયદો બનાવ્યો છે કે નહીં?

અધ્યક્ષશ્રી : આ માત્ર કોલ્ડ સ્ટોરેજમાં રૂફટોપ સોલારનો પ્રશ્ન છે. ફળ, શાકભાજી કયાં મૂકવાં એનો પ્રશ્ન નથી.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, સબસિડી રૂફટોપ માટે આપીએ છીએ તો ખેડૂતો માટેના ભાવ ઘટાડવાનો નિયમ બનાવ્યો છે કે નહીં? ૨૦ લાખની સબસિડી આપીએ છીએ અને એક કટ્ટાના ૧૦૦ રૂપિયા લે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત કરી છે એ એમનું સૂચન છે. સ્કોપ બહાર છે. માનીય ભુપેન્દ્રભાઇની સરકાર જ્યારે જરૂર પડી ત્યારે ખેડૂતોના હિત માટે એમને નુકસાન થતું હોય ત્યારે ઊભી રહી છે. એમણે બીજી વાત કરી એમાં અનેક પ્રકારની સબસિડી અનેક ખાતામાં અપાતી હોય છે. કોલ્ડ સ્ટોરેજ નાખે છે એ ખર્ચ કરે છે એ ખર્ચને પહોંચી વળવા માટે અને પ્રોત્સાહિત કરવા માટે આ સબસિડી મારો વિભાગ આપે છે અને અન્ય વિભાગો પણ આપે છે. હવે એવું નથી કે માનનીય મોદી સાહેબના નેતૃત્વમાં આ સ્પર્ધાના યુગમાં આજે ખુલ્લી બજારો થઇ છે અને જેમણે પણ વેપાર કરવો છે, આજે કોલ્ડ સ્ટોરેજની સંખ્યા દર વર્ષે રાજ્ય સરકાર વધારતી જાય છે. હું વધારે ભાવ લઉં તો ખેડૂતો મારા કોલ્ડ સ્ટોરેજમાં મૂકવા આવે એવું નથી. આજે સ્પર્ધાનું વાતાવરણ છે. જે ગામને નજીકનું કોલ્ડ સ્ટોરેજ મળી રહે, જયાં સરળ પડે, સસ્તુ પડે, કોમ્પિટીશનમાં જ્યારે ૧૨-૧૨ લાખ રૂપિયાનો કોલ્ડ સ્ટોરેજના માલિકને ફાયદો થતો હોય તો એ સ્વભાવિક છે કે ગ્રાહકને સસ્તુ

આપવાની ફરજ પડે. એમણે કહ્યું કે એમને ફાયદો શું છે? એક તો એમનો માલ સચવાય અને બધી જણસોના પોષણક્ષમ ભાવ લાંબા સમય સુધી કોલ્ડ સ્ટોરેજમાં મૂકી રાખે તો મળે. જરૂરિયાતના સમયે માલ માર્કેટમાં આવે તો ખૂબ સારા ભાવ મળે છે. જે કાંઇ નિયમો લાવવાના હોય છે એ કાયદા હેઠળ નીતિ–નિયમ અનુસાર લાવવાના હોય છે. આપણે કોઇને ફરજ ન પાડી શકીએ પણ તમારા ધ્યાનમાં એવું કાંઇ હોય કે કોઇ લૂંટાઇ રહ્યું છે તો ધ્યાન દોરજો. ખેડૂતોના ભોગે ક્યારેય રાજ્ય સરકાર કશું સહન નહીં કરે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા એકમોને સહાય આપવામાં આવી અને જો એમની પાસે માહિતી હોય તો તાલુકાવાર કેટલા એકમોને સહાય આપવામાં આવી?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાબરકાંઠા જિલ્લાની વિગતો એમને પહોંચાડીશ. ઇડર તાલુકામાં બે લાભાર્થીઓને (અંતરાય) એ અમારો અધિકાર છે. આવી ગઇ, એટલે આમાં તમે રાજી ન થાઓ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને બ્રીફ કરવાની સચિવશ્રીઓની જવાબદારી છે, કર્તવ્ય છે. નવો વિષય નથી. એ આવવું જ જોઇએ. ન આવે ત્યારે પ્રશ્ન ઊભો થાય.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાહેબ, તકલીફ જુદી છે કે ૩૦ વર્ષથી તેને આવી ચિઠ્ઠીઓ નથી આવતી. બાકી ચિઠ્ઠીઓ તો તેને પણ જોઇએ છીએ. હવે ગુજરાતની જનતા ના આપે અને દરેક ચૂંટણી આવે ત્યારે તેને સહેજ ટૂંકું પડે. આ ટૂંકું જ પડે કારણ કે માનસિકતા આવી હોયને.

અધ્યક્ષશ્રી : ચાલો મંત્રીશ્રી હવે તમે જવાબ ઉપર આવી જાવ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું શાંતિથી કેટલા સરસ જવાબ આપું છું. પણ આ લોકો મને...

અધ્યક્ષશ્રી : એ તો તમે જયારે જવાબ આપો છો ત્યારે માનનીય ધારાસભ્યશ્રીઓ પાટલી થપથપાવે જ છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે ધ્યાનમાં પણ મૂકવું જોઇએ કે વિધાનસભાના અધ્યક્ષના જે નિર્ણયો છે. આપણું વિધાનસભા જે ચાલે છે અને મારે આપ વાત કરો છો તો ધ્યાને મૂકવું છે.

અધ્યક્ષશ્રી : અત્યારે હાલ માત્ર જવાબ આપો. બેઠાં બેઠાં કોઇ બોલે તેનો તમારે જવાબ આપવાનો હોતો નથી.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક પ્રશ્ન કોઇએ પૂછયો અને તરત અને તરત તો અમારો અધિકાર આપે આપેલો છે કે એક પ્રશ્ન પણ પૂછી શકે છે. ચિઠ્ઠીની વાત તમે જવા દો.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, તે પ્રશ્ન હવે પૂરો થયો હવે જે પ્રશ્ન પૂછયો તેનો તમે જવાબ આપો. બેઠાં બેઠાંનો જવાબ આપવાનો હોતો નથી. મેં ટકોર કરી લીધી છે હવે તમે ચિંતા નહીં કરો. બેઠાં બેઠાં તમે કોમેન્ટ ના કરો. તમને ઊભા થવા માટે ટાઇમ આપીશ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે ધ્યાન પણ એ દોરવું છે કે, બેઠાં બેઠાં જે કોમેન્ટ થાય છે...

અધ્યક્ષશ્રી : તે તમે પ્રશ્નોત્તરી પછી પોઇન્ટ ઓફ ઓર્ડરમાં પૂછજો, હું તમને મોકો આપીશ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) કાંઇ વાંધો નહીં. ભગવાન તમારી તકલીફ વર્ષ ૨૦૨૭માં પણ ચાલુ રાખે આવી ઇશ્વરને પ્રાર્થના કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ઇડર તાલુકામાં ૨ લાભાર્થીને રૂપિયા ૨૨ લાખ ૬૩ હજાર ૬૦૦ની સહાય કરી છે, પ્રાંતિજ તાલુકામાં ૧ લાભાર્થીને રૂપિયા ૧૭ લાખ ૫૦ હજારની સહાય કરી છે, ખેડબ્રહ્મા તાલુકામાં ૧ લાભાર્થીને રૂપિયા ૨૬ લાખ ૨૫ હજારની સહાય કરી છે. હિંમતનગર તાલુકામાં ૩ લાભાર્થીઓને રૂપિયા ૫૦ લાખ ૯૮ હજારની સહાય કરી છે. આમ, સાબરકાંઠા જિલ્લામાં કુલ–૭ લાભાર્થીઓને કોલ્ડ સ્ટોરેજ પર રૂફટોપ સોલાર પેનલ લગાડવા માટે કુલ રૂપિયા ૧ કરોડ ૧૭ લાખ ૩૬ હજાર અને ૬૦૦ રૂપિયાની સહાય આપી છે. માનનીય તુષારભાઇ મારે તમને અને તમામ સભ્યશ્રીઓને વિનંતી કરવી છે કે હજુ પણ કોઇને આવુ કોલ્ડ સ્ટોરેજ નાંખીને ખેડૂતોના જે ઉત્પાદન છે તેને બચાવીને ભાવ મળે તેના માટે આપ મતવિસ્તારની અંદર તમે તેને પ્રોત્સાહિત કરો અમારી શ્રી ભુપેન્દ્રભાઇ અને શ્રી હર્ષભાઇની ભાજપની સરકાર તેને સબસિડી આપીને ખેડૂતોના હિત માટે બધું જ કરશે પણ આપ લાવો એવી હું વિનંતી કરું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોને જે સબસિડી આપવામાં આવે છે તે સારી વાત છે, પરંતુ મને બે–ત્રણ ફરિયાદ એવી મળી કે ખેડૂતે કોલ્ડ સ્ટોરેજ બનાવ્યો, એને પ્લાન આપ્યો અને એ પ્લાનમાં તેમણે બતાવ્યું કે હું શાકભાજી મૂકવાનો છું. પછી શાકભાજીની સિઝન ના હોય તો તેના બદલામાં તે અનાજ કે ગોળ મૂકે તો એની સબસિડી કાપી લેવામાં આવે છે એટલે આવું ના થાય. ખેડૂતે કોલ્ડ સ્ટોરેજ બનાવ્યા પછી તેમાં તમામ બધી વસ્તુઓ મૂકી શકે અને તેને પોષાય એટલે એવી સૂચના આપ આપવા માગો છો કે નહીં ? અને આવી જે સબસિડી કાપી લે છે તો એ સરકારની કઇ યોજના નીચે કાપવામાં આવે છે કે ખાલી આડેધડ કાપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, બે પ્રકારની સબસિડી થઇ એક તો કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટેની સબસિડી અને બીજું કોલ્ડ સ્ટોરેજ બનાવ્યા પછી તેના રૂફટોપ માટેની સબસિડી તો આપ કઇ સબસિડી માટેની વાત કરો છો?

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાવ્યા પછી જે પ્લાન આપે.

અધ્યક્ષશ્રી : નહીં, આપની પાસે જે વિષય આવ્યો એ કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટેનો છે?

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નહીં, આ ખેડૂતોના જાહેર હિતની વાત છે.

અધ્યક્ષશ્રી : નહીં, આ બે માંથી કયો પ્રશ્ન છે તો માનનીય મંત્રીશ્રી જવાબ આપી શકે.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટેની વાત છે.

અધ્યક્ષશ્રી : કોલ્ડ સ્ટોરેજની વાત છે. આ રૂફટોપનો વિષય છે તમારે આપવો હોય તો તમે આપી શકશો, બાકી સ્કોપ બહાર છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો રૂફટોપ સોલાર પેનલનો આ પ્રશ્ન છે અને તેની અમે સબસિડી આપીએ છીએ, પણ કિરીટભાઇ, માહિતીના આધાર ઉપર જ આખી કોંગ્રેસ ચાલે છે કોંક્રિટ કોઇ માહિતી હોતી નથી.

અધ્યક્ષશ્રી : હવે આમાં કોંગ્રેસ કયાં આવ્યું? આમાં માનનીય મંત્રીશ્રી, કોંગ્રેસ કે ભાજપ ના આવે. નહીં નહીં, એવું તમે નહીં કહી શકો. કોલ્ડ સ્ટોરેજનો જવાબ તમારી પાસે હોય તો આપો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે તેમની પાસે કોઇ પણ પ્રકારની (અંતરાય) શ્રી કિરીટભાઇ, સાંભળો પહેલાં. આખું સાંભળવાનું રાખો તમે પૂછો ત્યારે.

અધ્યક્ષશ્રી : તમે જવાબ આપો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભુપેન્દ્રભાઇની સરકાર ખૂબ ઓપન મનથી આ કામ કરી રહી છે. એટલા માટે વાત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, તમે જવાબ આપો તમારો જવાબ એટલો સરસ છે કે જે ખેડૂતને આઠ રૂપિયે યુનિટ લાઇટ બિલના ભરવા પડે તેના બદલે ખાલી દોઢ–બે રૂપિયામાં તેનું કામ થાય છે. ખેડૂતો માટેનું બહુ મોટું કામ છે. ૫૦ પૈસાની અંદર એ વીજળી થાય આવડી મોટી તમારી યોજના છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાહેબ ડાયરાના કલાકારો રાષ્ટ્રભક્તિને વરીને રાષ્ટ્રભક્તિની વાત કરે અને કલાકારોને ગાળો દે છે. (અંતરાય)

વલસાડ અને વડોદરા જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

***15/8/2417 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વલસાડ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,</td><td>(૧)</td><td>પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ
<table>
<tr><th>અ.નં</th><th>જિલ્લાનું નામ</th><th>પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)</th><th>ડ્રેસર/ પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)</th></tr>
<tr><td>૧</td><td>વલસાડ</td><td>૧૭</td><td>૨૯</td></tr>
<tr><td>૨</td><td>વડોદરા</td><td>૨૧</td><td>૩૧</td></tr>
</table>
પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ
<table>
<tr><th>અ.નં</th><th>જિલ્લાનું નામ</th><th>પશુધન નિરીક્ષક (વર્ગ–૩)</th><th>ડ્રેસર/ પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)</th></tr>
<tr><td>૧</td><td>વલસાડ</td><td>૧૭</td><td>૧૩</td></tr>
<tr><td>૨</td><td>વડોદરા</td><td>૧૮</td><td>૧૮</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને</td><td>(૨)</td><td>સંવર્ગવાર ખાલી જગ્યાઓ
<table>
<tr><th>જિલ્લાનું નામ</th><th>ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો</th><th>પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)</th><th>પશુધન નિરિક્ષક (વર્ગ–૩)</th></tr>
<tr><td rowspan="2">વલસાડ</td><td>૧ વર્ષથી ઓછો</td><td>૦૪</td><td>૦૩</td></tr>
<tr><td>૧ વર્ષ કરતાં વધારે</td><td>૦૪</td><td>૦૧</td></tr>
<tr><td rowspan="2">વડોદરા</td><td>૧ વર્ષથી ઓછો</td><td>૦૩</td><td>૦૧</td></tr>
<tr><td>૧ વર્ષ કરતાં વધારે</td><td>૦૪</td><td>૦૧</td></tr>
</table>
ડ્રેસર/પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા</td></tr>
<tr><td>(૩)</td><td>આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?</td><td>(૩)</td><td>(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે,
(૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.</td></tr>
</table>

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પશુધન માટેના ડૉકટરની જે વાત છે એમાં ઘણી બધી વખત એવું થાય છે, રસ્તે રખડતા ઢોર હોય એમને અકસ્માત થાય, વાગે કે કંઇપણ થાય છે એ સમયે એની કેર લેવા કોઇપણ ડૉકટરો આવતા નથી. અમે જયારે તપાસ કરીને પૂછીએ ત્યારે અમને એવું જાણવા મળે છે કે અમારી પાસે પૂરતા ડૉકટરો નથી. આ વિષયમાં પશુઓને તાત્કાલિક સારવાર મળે એ માટે શું કરવા માગો છો? અને મારો બીજો પ્રશ્ન કે ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગે

બધાના જ ઘરદીઠ એક–બે પશુઓ હોય છે ત્યારે એમના માટે માત્ર અને માત્ર પાંચ–છ ડૉકટર હોવાથી ચાલતું નથી. અમારા વાંસદા તાલુકાની વાત કરીએ તો ૯૬ ગામો છે અને સૌથી વધારે દૂધ અમારે ત્યાંથી ભરાય છે. તો એ પશુપાલકોને અકસ્માતે ગાય મૃત્યુ પામતી હોય, કંઈક રોગના કારણે મૃત્યુ પામતી હોય એ બેસી જાય પછી ઉઠતી નથી અને વારંવાર સારવાર પછી પણ મૃત્યુ પામે છે તો એને કોઈ સહાય મળવાપાત્ર છે કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમનો મહેકમનો પ્રશ્ન છે, મહેકમની હું વાત કરું તો ભરતી કેલેન્ડરમાં પશુ ચિકિત્સાલય અધિકારી, વર્ગ–૨ની જગ્યાઓ ભરવા માટેનું ....(અંતરાય)..

અધ્યક્ષશ્રી : આપ બેઠાં બેઠાં ના બોલો. માનનીય મંત્રીશ્રીને કેવો જવાબ આપવો એ ના કહી શકાય. એ જવાબ આપી દે પછી તમે બોલો. વચ્ચેથી બોલ્યા પહેલાં તમને કેવી રીતે ખબર પડી જાય છે કે આવો જવાબ આપશે? એમને બોલવા દો. જવાબ આપી દે પછી કહો. ડિસ્ટર્બ નહીં કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૪થી ૨૦૨૩માં ૩૧૨ જગ્યા ભરવાનું નિયત થયું હતું અને ૩૧૨ પૈકી ૨૯૦ જગ્યાઓમાં ભરતી કરી દીધી છે. એમણે જે વાત કરી કે રોડ ઉપર અકસ્માત થાય તો આ પ્રકારની કોઇ ફરિયાદો આવે છે તો પશુ ચિકિત્સાલયની અંદરથી કોઇ અધિકારી ત્યાં પહોંચતા નથી. ખૂબ સંવેદનાથી પશુમેળાઓ કરીને પશુઓનું જીવન બચે, આરોગ્ય મેળા તો થાય પણ પશુઓના પણ મેળા કરીને પશુઓનું જીવન બચે એના માટે થઇને (અંતરાય) બેઠાં બેઠાં કોમેન્ટ કરે છે પછી આપ હું બોલું તો ના પાડો છો...અંતરાય.

અધ્યક્ષશ્રી : એક મિનિટ આપ બેસો. માનનીય સભ્યશ્રીઓ, એક–બે મિત્રોના મારે નામ નહીં જ લેવા જોઇએ છતાં પણ હું કહું છું માનનીય સભ્યશ્રી હવે જો આવું કરશો તો મારે પછી આગળ કામ કરવું પડશે. મંત્રીશ્રી જવાબ આપતા હોય છે ત્યારે તમે જયારે કહો છો ત્યારે સૌથી વધારે લાભ હું તમને આપું છું. તમે જયારે હાથ ઊંચો કરો ત્યારે મોકો આપું છું અને તમે બેઠાં બેઠાં ડિસ્ટર્બ કરવાનો જો પ્રયત્ન કરશો તો માનનીય કાન્તીભાઇ, મારે પછી બહાર કાઢવા પડશે. એમ કહીશ કે પ્રશ્નોત્તરી દરમિયાન તમને બહાર રાખો, કેમ કે પ્રશ્નોત્તરીકાળ બરાબર નથી ચાલતો અને આવું ન કરવું પડે એ ગૃહ માટે પણ હિતમાં છે અને આપણા સૌ માટે સારું છે એટલે પ્લીઝ આવું હવે નહીં કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ કરે તો અમને પણ મોકો આપો એવી વિનંતી છે. એક તો માત્ર અને માત્ર ૨૨ જગ્યાઓ બાકી રહી હતી પણ જયાં જયાં જગ્યાઓ ખાલી હોય છે ત્યાં ચાર્જમાં પણ કામ કરાવીએ છીએ. કારણ કે ખાલી રહેવાનાં ઘણાં બધાં કારણો હોય છે. કોઇ મૃત્યુ પામે, કોઇ નિવૃત્ત થાય, કોઇને પ્રમોશન મળે, માનનીય ભુપેન્દ્રભાઇના રાજયમાં ભરતી કેલેન્ડરમાં કાયમી રીતે ભરતી થાય અથવા એમના આદેશો મળ્યા છે ત્યારે શહેરી વિસ્તારમાં જે રખડતાં ઢોરો છે તેની એમણે ખૂબ સંવેદનાથી સારી વાત કરી છે. એમની પણ ચિંતા સરકારશ્રીએ કરી છે અને એના માટે કરુણા એનિમલ એમ્બ્યુલન્સ , કૉંગ્રેસ વખતે આવી એમ્બ્યુલન્સો હતી નહીં. (અંતરાય) નહોતી એમ હું માહિતી આપું છું કે આ અમે કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનો પ્રશ્ન કૉંગ્રેસમાં હતી, ભા.જ.પ.માં હતી નહીં એવો નથી. એમણે તમને કહ્યું છે એટલા પ્રશ્નનો જવાબ આપો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ડાયલ નંબર–૧૯૬૨ની એ સેવા શરૂ છે જે બિનવારસી પશુપક્ષી માટે સારવાર કરી રહ્યા છીએ. ૧૯૬૨ એ નંબર ડાયલ કરો એટલે આવે છે પણ તમારી વાત હું ખૂબ ગંભીરતાથી લઉ છું. માનનીય ભુપેન્દ્રભાઇ તો કરુણાના સાગર છે. એના માટે ગૌમાતા પોષણ યોજના પણ ચાલે છે. આપની પાસે માહિતી હોય કે આ જગ્યાએ પશુની સ્થિતિ બગડી હતી અને પશુ ચિકિત્સાલયમાંથી એમ્બ્યુલન્સ અથવા તો કોઇ ડૉક્ટર નથી પહોંચ્યા તો તમે મને આપજો. એ કેમ નથી પહોંચ્યા એની પણ તપાસ કરીશું. એ વખતે શું સ્થિતિ હતી એની પણ તપાસ કરીશું અને ભવિષ્યમાં રાજ્યમાં પશુઓ માટે તરત જ સારવાર થાય એના માટે અમારો પશુપાલન વિભાગ પણ કામ કરશે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં અને ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં માનનીય સભ્યશ્રીએ ચિંતા કરી છે પરંતુ અત્યારે ન્યુ ગુજરાત પેટર્ન, વનબંધુ કલ્યાણ યોજના હોય, બોર્ડર વિલેજમાં બધાએ ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય સ્વીકાર્યો છે અને અમારો વલસાડ જિલ્લા પ્રાકૃતિક ખેતી તરફ પણ આકર્ષાયો છે. તો વલસાડ જિલ્લામાં પશુચિકિત્સક વર્ગ–૨ની જગ્યા ખાલી છે. એ ભરવા માટે અલગથી શું વ્યવસ્થા કરી છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડમાં પશુ ચિકિત્સાલયના અધિકારીની ખાલી જગ્યાના કારણે કોઇ પશુ સારવારથી વંચિત ના રહી જાય એના માટે અમારા વિભાગે આયોજન કર્યું છે. વલસાડ જિલ્લામાં પશુ ચિકિત્સક અધિકારી, વર્ગ–૨ની મંજૂર ૧૭ જગ્યાઓ પૈકી ૭ જગ્યાઓ નિયમિત પશુ ચિકિત્સક અધિકારી તેમજ ૨ જગ્યાઓ આઉટસોર્સથી ભરેલી છે. ખાલી રહેલી ૮ જગ્યાઓ સામે પશુ ચિકિત્સક સાથેના ૮ મોબાઇલ પશુ દવાખાના ચાલુ છે. સમગ્ર રાજ્યમાં આ મોબાઇલ પશુ દવાખાના પણ ચાલુ છે. જેના મારફત પશુપાલકોના પશુઓને બેઠાં–બેઠાં સારવાર મળી જાય એના માટે આ સુવિધા રાજ્ય સરકારે ઉપલબ્ધ કરાવી છે. પશુ દવાખાના ખાતે પશુ ચિકિત્સક અધિકારીની મંજૂર થયેલ ૧૭ જગ્યાઓ સામે નિયમિત આઉટસોર્સ તેમજ મોબાઇલ પશુ દવાખાનામાં કુલ ૧૭ પશુ ચિકિત્સકો આ જિલ્લામાં સારવાર આપી રહ્યા છે. મહેકમ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે અને મહેકમ ભરવાનો નિર્ણય માનનીય ભુપેન્દ્રભાઇએ ખૂબ સરસ રીતે લીધો છે. જ્યાં જ્યાં જગ્યાઓ ખાલી છે એનો અર્થ એવો નથી કે ત્યાં કોઇ અધિકારી કામ નથી કરતાં. આજે રાજ્યમાં જ્યાં પણ નાની–મોટી

જગ્યાઓ ખાલી હશે ત્યાં પશુઓને તકલીફ ન પડે એના માટે પશુ ચિકિત્સક અધિકારીને ચાર્જ આપીને પણ સારવાર અને સેવા અમારો પશુપાલન વિભાગ આપી રહ્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, પશુ ચિકિત્સક અધિકારીની કુલ ૩૮માંથી ૧૫ જગ્યાઓ ખાલી છે અને પશુધન નિરીક્ષકની ૩૨૫માંથી ૬ જગ્યાઓ ખાલી છે. માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે ૧૦ વર્ષના ભરતી કેલેન્ડર મુજબ આની ભરતી કરવામાં આવશે. ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણની ભરતી સામાન્ય નિયમો–૧૯૯૮ મુજબ પશુ નિરીક્ષકની ૩ જગ્યાઓ માટેની કાર્યવાહી કરવાના છો. પશુ ચિકિત્સક અધિકારીની બાકીની ૧૫ જગ્યાઓ માટેનું અને બાકીની જગ્યાઓ માટેનું શું પ્લાનિંગ સરકારે કર્યું છે? જો ૧૦ વર્ષ સુધી આ અધિકારી ના મળે તો પશુધન માટે પણ જોખમકારક છે એટલે તમે પણ દાદા જેવા થોડા ભોળા થઈ જાવ.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઈ....

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તમારે એ લોકોને પણ ટોકવાના હોય.

અધ્યક્ષશ્રી : હું એ લોકોને પણ કહું જ છું પણ તમે અત્યારે જે પ્રશ્ન પૂછો છો એને પોલિટિકલ કરશો તો સામેથી મંત્રીશ્રી પણ જવાબ આપશે. 'ભોળા થઈ જાવ.' એવી વાતો ન કરવાની હોય. તમારે જે કામ હોય એટલું પૂછો. મેં એમને કહ્યું જ છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ પણ ભાજપ, ભાજપ કરે છે. તો આપ નિર્ણય કરો કે ભાજપ, કૉંગ્રેસ નહિ બોલવાનું. તમારે બોલવાનું અને અમારે નહીં બોલવાનું. આવું પથરો ફેંકીને ભાગી જવાની વાત ન કરતા.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને પણ મારી પ્રાર્થના છે. આ એક કલાકનો સમય અહીંયા પૂછેલા પ્રશ્નનો ઉકેલ થાય તેના માટે છે. આ ટીકા કરવા માટેનું પ્લેટફોર્મ નથી. એ જ રીતે માનનીય મંત્રીશ્રીઓને પણ કહું છે કે, અહીંયા જે પ્રશ્નો પૂછ્યા છે તેના જવાબ આપવા માટેનો આ સમય છે. વિભાગોનું બાકીનું વર્ણન કરવા માટે વિભાગોની માગણીઓ ઉપર બોલી શકશો. ટૂંકમાં, પ્રશ્ન પૂછવામાં પણ ટૂંકો પ્રશ્ન પૂછો અને જવાબ આપવામાં પણ જે પ્રશ્ન પૂછ્યા છે તેને આનુષંગિક જ જવાબ આપવામાં આવે. પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરવા માટે ઘણો સમય મળે છે. તે સમયે તમે બધા બોલો પરંતુ પ્રશ્નોતરીમાં પોલિટિકલ ઓબ્ઝર્વેશન ન કરો તેવી મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી, હવે તમે માનનીય સભ્યશ્રીના પ્રશ્નનો સીધો જવાબ આપો. ટૂંકમાં જવાબ આપો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૩ના ભરતી કેલેન્ડરની વાત કરી. જ્યારે હું જાહેર હિસાબ સમિતિનો પ્રમુખ હતો ત્યારે શ્રી શૈલેષભાઇ મારા સાથી હતા. તે સમયે ભરતી કેલેન્ડરનો મહત્ત્વનો પ્રશ્ન અમે ત્યાં પણ રેઇઝ કર્યો હતો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ વર્ણન પછી કરજો. હાલ પ્રશ્નનો જવાબ આપો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૩ના ભરતી કેલેન્ડરમાં પશુ ચિકિત્સક અધિકારીની ૩૧૨ જગ્યાઓ નિયત થઇ. તેમાંથી ૨૯૦ જગ્યાઓની ભરતી કરવામાં આવેલ છે અને મૃત્યુ કે બઢતી જેવા કિસ્સાઓના કારણે બાકી રહેલ ૨૨ જગ્યાઓ કેરી ફોરવર્ડ કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવતાં ૧૦ વર્ષના કેલેન્ડરમાં આ તમામ જગ્યાઓ પર નિયમિત ભરતી માટેના આદેશો વિભાગને આપ્યા છે.

જીસ્વાન નેટવર્કને લગતી ફરિયાદનું નિરાકરણ બાબત

* 15/8/1647 શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ (દસક્રોઇ): **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ GSWAN નેટવર્કને લગતી ફરિયાદોનાં નિરાકરણ માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉકત સ્થિતિએ સરકારે મોનિટરીંગ માટે શી વ્યવસ્થા કરી છે અને તે સંદર્ભે શા પગલાઓ લેવામાં આવે છે?	(૨)	GSWAN સંબંધિત ફરિયાદોના અસરકારક નિરાકરણ અને મોનિટરીંગ માટે રાજ્ય સરકાર દ્વારા સ્ટેટ લેવલ હેલ્પડેસ્ક સિસ્ટમ કાર્યરત કરવામાં આવેલ છે. યુઝર દ્વારા ફોન તથા ઈ–મેઈલ મારફતે ફરિયાદ નોંધાવવામાં આવે છે. નોંધાયેલ ફરિયાદના આધારે સંબંધિત ટેકનિકલ ટીમ દ્વારા જરુરી તપાસ અને કામગીરી કરવામાં આવે છે. ફરિયાદના નિરાકરણ બાદ તેની માહિતી સંબંધિત યુઝરને જણાવવામાં આવે છે. ઉપરાંત, સેવા ગુણવત્તા જળવાઈ રહે તે હેતુસર, ફરિયાદોની સ્થિતિનું મોનિટરીંગ પણ કરવામાં આવે છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્ય સરકાર વિવિધ કચેરીઓમાં ઇન્ટરનેટની સેવાઓ પૂરી પાડે છે તે ગુજરાત સ્ટેટ વાઇડ એરિયા નેટવર્ક ઇન્ફ્રાસ્ટ્રક્ચરના આધુનિકીકરણ અને અપગ્રેડેશન માટે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, GSWAN નેટવર્ક વર્ષ ૨૦૦૧માં શરૂ કરવામાં આવ્યું ત્યારે તેની સ્પીડ માત્ર ૩૪ Mbps હતી તેમાંથી વધીને કલેક્ટર ઓફિસ સુધીની સ્પીડ ૧ Gbps અને મામલતદાર તથા તાલુકા કક્ષાની કચેરીમાં ૫૦૦ અને ૨૦૦ Mbpsની સ્પીડ છે એટલે ખૂબ સારી સ્પીડ આપી શક્યા છીએ. હાલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો આભાર માનીશ કે, એમણે આ વખતે અમને નાણામંત્રીશ્રી મારફતે જે અપગ્રેડેશન અને આધુનિકીકરણ માટે રૂ.૧૩૫ કરોડની જોગવાઇ કરી છે અને તે ઉપરાંત આધુનિક ડેટા સેન્ટર બનાવવા માટેનું આયોજન છે અને તેના મારફતે જે ડેટા ફાઇલોમાં પડેલા છે તે બધા એક જ ડેટા સેન્ટરમાં આવી જાય તે પ્રકારનું આયોજન રાજ્ય સરકારે કરેલું છે. સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય જ એવું છે કે જેણે આ નેટવર્કમાં ખૂબ સારું કામ કર્યું છે. બીજાં રાજ્યમાં આ કામગીરી બી.એસ.એન.એલ. કરે છે. જ્યારે ગુજરાતમાં ગુજરાત ફાઇબર ગ્રિડ નેટવર્ક લિમિટેડને આ કામગીરી સોંપવામાં આવી છે અને જ્યારે ગુજરાત ફાઇબર ગ્રિડ નેટવર્ક અપગ્રેડ થઇ જશે ત્યારે રાજ્યથી જિલ્લા સુધી, જિલ્લાથી તાલુકા સુધી અને તાલુકાથી ઘર સુધી આ સુવિધા પૂરી પાડવામાં આવશે. હું માનનીય સભ્યશ્રીને ખાતરી આપું છું કે, તે પછી તેમના ઘર સુધી તેમની ટી.વી. ચેનલ પણ આ નેટવર્કથી ચાલે તે પ્રકારનું આયોજન કરેલું છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, એ વાતનું ગૌરવ છે કે શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની પહેલથી આજે GSWAN ના કારણે આખા દેશમાં વાઇડ એરિયા નેટવર્કમાં ગુજરાત સૌથી આગળ છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

વલસાડ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદા ભંગની ફરિયાદો

15/8/1568 શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં AI-Based પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવા માટે કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલા લેવામાં આવ્યા?	(૨)	તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં AI-Based પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવા માટે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા છે: રાજ્યમાં AI સંશોધન, સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સહકાર માટે દિશા નિર્ધારણ કરીને India AI Research Organisation (IAIRO) ની સ્થાપના કરવામાં આવેલ છે. તદુપરાંત અત્યાર સુધીમાં AICoE દ્વારા ૪ AI ઇનોવેશન ચેલેન્જ લોન્ચ કરવામાં આવેલ છે, જેમાં 25 યુઝ કેસ આવરી લેવાયા છે, તે પૈકી 12 યુઝ કેસ ગુજરાત સરકારના વિવિધ વિભાગો દ્વારા આપવામાં આવેલ યુઝ કેસ છે. ગુજરાતમાં AI ના વિકાસ માટે પ્રવર્તમાન આઇટી/આઇટીઇએસ પોલિસી ૨૦૨૨-૨૭ સંશોધિત કરી AI સ્ટાર્ટ અપ માટે પાત્રતાના માપદંડોમાં ૩૩% છૂટછાટ આપેલ છે તથા ગુજરાત સરકાર દ્વારા NASSCOMM સાથે ભાગીદારી થકી AI સેન્ટર ઓફ એકસીલન્સની સ્થાપના ગિફ્ટ સિટિ ખાતે ડીસેમ્બર-૨૦૨૪ માં કરવામાં આવેલ છે. ગુજરાત સરકાર AI-સક્ષમ શાસનમાં રાજ્યને અગ્રસ્થાને લાવવા અને મજબૂત AI ઇકોસિસ્ટમ ઉભું કરવા માટે પ્રતિબદ્ધ છે, જેથી વધુ સ્માર્ટ, વધુ કાર્યક્ષમ અને નાગરિક-કેન્દ્રિત ભવિષ્ય માટે મજબૂત પાયો તૈયાર થઈ શકે. 750 થી વધુ સરકારી અધિકારીઓ માટે AI અને GenAI વિષયક વર્કશોપ નું આયોજન કરેલ છે. તેમજ વધુ વર્કશોપ માટે SPIPA સાથે સહયોગની યોજના છે. 800+STEM વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર મેળવવા માટે સહાયતા કરી અને અત્યાર સુધીમાં AI વિષયક વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ જેમાં 700+ NON-STEM વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ, 900+

			MSME ને AICoE દ્વારા તાલીમ આપવામાં આવી.

રાજકોટ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી

15/8/1608 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા** (ગોંડલ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં રાજકોટ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી?	(૧)	વર્ષ ૨૦૨૪-૨૫: ૫૫૦૦૦૦ વર્ષ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ અંતિત): ૩૨૮૨૯૧
(૨)	તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને	(૨)	વર્ષ ૨૦૨૪-૨૫: ૩૩૦૭૯૭ વર્ષ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ અંતિત): ૨૨૪૩૧૩
(૩)	તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?	(૩)	વર્ષ ૨૦૨૪-૨૫: ૧૩૯૨૭૯ વર્ષ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ અંતિત): ૧૦૧૭૮૫

આંબરડી સફારી પાર્કમાં ભારતીય અને વિદેશી મુલાકાતીઓ

15/8/1589 **શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા** (ધારી): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આંબરડી સફારી પાર્કમાં કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી,	(૧)	તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪: ૯૪,૮૨૫ તા. ૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫: ૧,૧૨,૬૨૨
(૨)	તે પૈકી ભારતીય મુલાકાતી અને વિદેશી મુલાકાતીની સંખ્યા કેટલી છે, અને	(૨)	તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪: ભારતીય મુલાકાતીઓની સંખ્યા ૯૪,૮૨૪, વિદેશી મુલાકાતીઓની સંખ્યા ૧ તા. ૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫: ભારતીય મુલાકાતીઓની સંખ્યા ૧,૧૨,૫૯૫, વિદેશી મુલાકાતીઓની સંખ્યા ૨૭
(૩)	તે અન્વયે ભારતીય મુલાકાતી અને વિદેશી મુલાકાતીઓથી કેટલી આવક થયેલ છે?		તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪: ભારતીય મુલાકાતીઓથી થયેલ આવક (રૂ.) ૧,૬૪,૨૩,૫૮૦, વિદેશી મુલાકાતીઓથી થયેલ આવક (રૂ.) ૩,૫૦૦

			તા. ૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	૧,૮૫,૩૫,૨૫૦	૫૯,૦૪૦

ખેડા જિલ્લામાં ખેડૂતોને એજીઆર–૫૦ ટ્રેકટર અંતર્ગત સહાય

15/8/1538: શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર (માતર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં એજીઆર ૫૦ ટ્રેકટર સહાય યોજના અંતર્ગત ટ્રેકટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડૂતોની અરજીઓ મળી, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં એજીઆર ૫૦ ટ્રેકટર સહાય યોજના અંતર્ગત ટ્રેક્ટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોની અરજીઓ મળી,અને

ક્રમ	તાલુકાનું નામ	મળેલ અરજીઓની સંખ્યા
૧	ગળતેશ્વર	૨૩૧
૨	કપડવંજ	૧૨૫૭
૩	કઠલાલ	૫૧૮
૪	ખેડા	૫૫૧
૫	મહેમદાવાદ	૮૨૨
૬	મહુધા	૩૭૫
૭	માતર	૯૪૫
૮	નડીઆદ સીટી	૪
૯	નડીઆદ ગ્રામ્ય	૪૨૩
૧૦	ઠાસરા	૪૮૫
૧૧	વસો	૩૩૦
	કુલ	૫૯૪૧

(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી?	(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી.

ક્રમ	તાલુકાનું નામ	સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા
૧	ગળતેશ્વર	૭૦
૨	કપડવંજ	૩૪૧
૩	કઠલાલ	૧૬૮
૪	ખેડા	૨૦૫
૫	મહેમદાવાદ	૩૦૯
૬	મહુધા	૧૨૭
૭	માતર	૩૫૭
૮	નડીઆદ સીટી	૨
૯	નડીઆદ ગ્રામ્ય	૧૩૬
૧૦	ઠાસરા	૧૫૦
૧૧	વસો	૧૦૯
	કુલ	૧૯૭૪

અમદાવાદમાં આવેલ ચિરિપાલ ગ્રુપની ફેકટરીમાં ગેરરીતિ બાબત

15/8/2387 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ચીરીપાલ ગ્રુપની કઇ કંપનીઓ/ફેકટરીમાં ફેકટરી એકટ–૧૯૪૮ અન્વયે સલામતી અંગે કઇ કક્ષાએથી તપાસ કરવામાં આવી,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ચીરીપાલ ગ્રુપની કંપની/ફેકટરી તરીકે કોઇ કારખાનું ફેકટરી એકટ–૧૯૪૮ હેઠળ નોંધાયેલ નથી.
(૨)	ઉકત તપાસ દરમ્યાન કયા પ્રકારની કઇ કંપની/ફેકટરીમાં ગેરરીતિ/ખામીઓ સામે આવી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(3)	તે અન્વયે શા પગલાં લેવામાં આવ્યા?		પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

છોટાઉદેપુર જીલ્લામાં ફરતું પશુ દવાખાનાની યોજના બાબત

15/8/1654 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં ફરતું પશુ દવાખાનાની યોજના હેઠળ કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે, અને	(૧)	૪
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાં પશુઓને સારવાર પૂરી પાડવામાં આવી?	(૨)	૬૧,૬૮૧

કચ્છ જિલ્લામાં સેગ્રીગેશન શેડના બાંધકામ

15/8/1606 શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં સેગ્રીગેશન શેડના કેટલા શેડનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને	(૧)	૫૬ સેગ્રીગેશન શેડ.
(૨)	તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	રૂ.૧,૦૦,૭૫,૭૭૦/–(અંકે રૂપિયા એક કરોડ પંચોતેર હજાર સાતસો સિત્તેર રૂપિયા પુરા)

બાલાસિનોર અને મહુવા તાલુકામાં જોખમી કચરાના નિકાલ માટે ડમ્પિંગ સાઈટની મંજૂરી

15/8/2391 શ્રી અમિત ચાવડા (આંકલાવ) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં બાલાસિનોર તાલુકામાં અને સુરત જિલ્લામાં મહુવા તાલુકામાં જોખમી કચરો નાખવા માટે ડમ્પિંગ સાઇટને ક્યારે અને કોને મંજૂરી આપવામાં આવી છે,	(૧)	મહીસાગર જિલ્લામાં બાલાસિનોર તાલુકામાં જોખમી કચરાના નિકાલ માટે મે. મૌર્ય એન્વાયરો પ્રોજેક્ટ પ્રા. લી. ડમ્પિંગ સાઇટને મંજૂરી આપવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે : ૧. તા. ૨૯/૦૪/૨૦૧૭ના રોજ સ્ટેટ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી (SEIAA) દ્વારા પર્યાવરણીય મંજૂરી (EC) અપાઈ છે. ૨. તા. ૦૫/૦૭/૨૦૧૭ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા "ના વાંધા પ્રમાણપત્ર" (NOC) મંજુર કરવામાં આવેલ છે. ૩. તા. ૨૯/૦૬/૨૦૨૧ના નોટિફિકેશનથી વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સાઇટને નોટિફાઈ કરવામાં આવેલ છે. ૪. તા. ૨૧/૦૮/૨૦૨૧ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તા.

			૧૧/૦૮/૨૦૨૬ સુધીની માન્યતા ધરાવતી કન્સોલિડેટેડ કન્સેન્ટ અને ઓથોરાઇઝેશન (CCA) મંજુર કરવામાં આવેલ છે. સુરત જિલ્લામાં મહુવા તાલુકામાં જોખમી કચરો નાખવા માટે કોઈ ડમ્પિંગ સાઇટને મંજૂરી આપવામાં આવેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એજન્સી દ્વારા પ્રતિ વર્ષ કયા કયા પ્રકારનો કેટલો કચરો ડમ્પ કરવામાં આવ્યો,	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ મે. મૌર્ય એન્વાયરો પ્રોજેક્ટ પ્રા. લી., મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકા, જમિયતપુરા ખાતે તા. ૩૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૦૧/૨૦૨૫ દરમ્યાના ૬૭,૫૨૪ મે.ટન અને તા. ૦૧/૦૨/૨૦૨૫ થી ૩૧/૦૧/૨૦૨૬ દરમ્યાન ૧,૦૩,૫૯૧ મે.ટન જોખમી ઘન કચરો લેન્ડફિલ માટે સ્વીકારવામાં આવ્યો. આમાં મુખ્યત્વે ઔદ્યોગિક ગંદાપાણીના શુદ્ધિકરણમાંથી નિકળતો કેમિકલ સ્લજ, વિવિધ કેટેગરીના પ્રોસેસ સ્લજ, કોન્સન્ટ્રેશન અથવા ઇવેપોરેશનના અવશેષો (residue), દુષિત સુતરાઉ ચીંથરા–અન્ય સફાઈ સામગ્રી, વપરાયેલ આયન એક્ષચેન્જ રેઝીન, ફ્લુ ગેસ ડસ્ટ અને અન્ય રજકણો, દૂષિત રેતી, ગ્લાસવૂલ વિગેરે જેવા પ્રકારના કચરાનો સમાવેશ થાય છે. સુરત જિલ્લામાં મહુવા તાલુકામાં જોખમી કચરો નાખવા માટે કોઈ ડમ્પિંગ સાઇટને મંજૂરી આપવામાં આવેલ ન હોવાથી માહિતી શુન્ય છે.
(૩)	ઉક્ત ડમ્પિંગ સાઇટને કારણે આજુબાજુના વિસ્તારોમાં હવા અને ભૂગર્ભ જળ દૂષિત થયા છે તે હકીકત સાચી છે, અને	(૩)	બોર્ડ દ્વારા છેલ્લા બે વર્ષ દરમ્યાન મે. મૌર્ય એન્વાયરો પ્રોજેક્ટ પ્રા. લી.ની લીધેલ મુલાકાતો દરમ્યાન એકમના પરિસરની અંદરથી તેમજ આસપાસના ગામોમાંથી એકત્રિત કરેલ ભુગર્ભજળના નમૂનાઓના પૃથ્થકરણ અહેવાલોના આધારે ભુગર્ભજળની ગુણવત્તામાં કોઈ વ્યાપક અથવા નોંધપાત્ર કાયમી પ્રદૂષણ થયેલ હોવાનું જણાતું નથી. પાણીની ગુણવત્તામાં નોંધાયેલા અમુક ફેરફારો માત્ર છૂટક તથા અસ્થાયી સ્વરૂપના છે. જ્યારે ઉક્ત સમયગાળા દરમ્યાન, સદર સાઇટના હવા પ્રદૂષણ બાબતે કોઈ ફરિયાદ મળી નથી. સુરત જિલ્લામાં મહુવા તાલુકામાં જોખમી કચરો નાખવા માટે કોઈ ડમ્પિંગ સાઇટને મંજૂરી આપવામાં આવેલ ન હોવાથી માહિતી શુન્ય છે.
(૪)	જો હા તો, ઉક્ત સ્થિતિએ પ્રદૂષણ રોકવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?	(૪)	લાગુ પડતુ નથી.

સુરત જિલ્લામાં સામૂહિક શોકપીટના બાંધકામ બાબત

15/8/1607 શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં સામૂહિક શોકપીટના કેટલા બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને	(૧)	૨૧૦૧.
(૨)	તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં		રૂ.૪,૧૯,૨૦,૪૩૫/–(અંકે રૂપિયા ચાર કરોડ ઓગણીસ

	આવ્યો?	(૨)	લાખ વીસ હજાર ચારસો પાંત્રીસ રૂપિયા પુરા)

વડોદરા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત સામૂહિક શૌચાલય

15/8/1617 શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જીલ્લામાં સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત સામૂહિક શૌચાલયના કેટલા બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને	(૧)	૧૫.
(૨)	તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	રૂ. ૩૧,૫૦,૦૦૦/-(એકે રૂપિયા એકત્રીસ લાખ પચાસ હજાર પૂરા).

ભૂજ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

15/8/1596 **શ્રી કેશુભાઇ શીવદાસ પટેલ** (ભુજ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ** / **વિસ્તાર (હેક્ટરમાં)** ૨૦૨૪-૨૫ : ૫૦૫.૦૦ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) : ૫૯૬.૫૬
(૨)	તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	**વર્ષ** / **ખર્ચ (રૂ. લાખમાં)** ૨૦૨૪-૨૫ : ૨૫૦.૩૩ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) : ૨૧૮.૭૧

ગીર સોમનાથ જિલ્લામાં આંબાફળ પાક માટે બાગાયત ખાતા દ્વારા સહાય

15/8/1546 : શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ (ઉના): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	રાજયમાં ઘનિષ્ટ ખેતીથી વાવેલ આંબા ફળપાક માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો તે માટે તા ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ-૧૮૮ લાભાર્થીઓને રૂ.૬૦,૨૮,૯૬૦ /-

---

બોટાદ જિલ્લાના ખેડૂતોને નેટહાઉસ બનાવવા આપવામાં આવતુ પ્રોત્સાહન

15/8/1549 : શ્રી મહંત શ્રી શંભુનાથજી ટુંડિયા (ગઢડા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં નેટહાઉસ બનાવવા માટે કુલ કેટલા ખેડૂત લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૧)	કુલ–૮ લાભાર્થીઓને રૂ.૧,૨૨,૩૪,૯૫૦/–

જામનગર અને દેવભુમી દ્વારકા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

15/8/2406 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** (જામજોધપુર) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભુમી દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરી ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયા, અને	(૧)	વર્ષ: તા.૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૬ – જિલ્લો: જામનગર – નોંધાયેલ રોજગારવાંચ્છુઓ: ૧૭૪૯૪; જિલ્લો: દેવભુમી દ્વારકા – નોંધાયેલ રોજગારવાંચ્છુઓ: ૩૪૭૬
(૨)	તે પૈકી કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી મળી?	(૨)	વર્ષ: તા.૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૬ – જિલ્લો: જામનગર – આપેલ રોજગારી: ૧૪૮૯૫; જિલ્લો: દેવભુમી દ્વારકા – આપેલ રોજગારી: ૨૬૦૧

વડોદરા જિલ્લામાં ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના

15/8/1471 શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ગાય ભેંસ માટેની ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને	(૧)	૧,૬૧૧
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	રૂ. ૬૪,૦૩,૭૨૫/–

કચ્છના પડાલા બેટ અને ક્રીક વિસ્તારના વિકાસ માટે યોજના

15/8/1595 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા** (હિંમતનગર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છમાં પડાલા બેટ અને ક્રીક વિસ્તારના વિકાસ માટે કોઇ યોજના અમલી છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શી કામગીરી કરવામાં આવેલ છે?	(૨)	– કુલ ૧૨૦૧૦ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રુવ વાવેતરની કામગીરી કરવામાં આવેલ છે. – જખૌ અને લક્કી ખાતે બે મેન્ગ્રુવ નર્સરી બનાવવામાં આવેલ છે.

			– ક્રીક વિસ્તારના પડાલા બેટમાં મેન્ગ્રુવ લર્નિંગ સેન્ટર બનાવવામાં આવેલ છે.

———————

સુરત અને તાપી જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2418 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,</td><td>(૧)</td><td>પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ
<table>
<tr><th>અ.નં</th><th>જિલ્લાનું નામ</th><th>પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)</th><th>ડ્રેસર/ પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)</th></tr>
<tr><td>૧</td><td>સુરત</td><td>૨૧</td><td>૩૯</td></tr>
<tr><td>૨</td><td>તાપી</td><td>૧૫</td><td>૨૫</td></tr>
</table>
પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ
<table>
<tr><th>અ.નં</th><th>જિલ્લાનું નામ</th><th>પશુધન નિરીક્ષક (વર્ગ–૩)</th><th>ડ્રેસર/ પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)</th></tr>
<tr><td>૧</td><td>સુરત</td><td>૨૫</td><td>૨૩</td></tr>
<tr><td>૨</td><td>તાપી</td><td>૨૨</td><td>૧૬</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને</td><td>(૨)</td><td>સંવર્ગવાર ખાલી જગ્યાઓ
<table>
<tr><th>જિલ્લાનું નામ</th><th>ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો</th><th>પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)</th><th>પશુધન નિરિક્ષક (વર્ગ–૩)</th></tr>
<tr><td rowspan="2">સુરત</td><td>૧ વર્ષથી ઓછો</td><td>૦૫</td><td>૦૨</td></tr>
<tr><td>૧ વર્ષ કરતાં વધારે</td><td>૦૫</td><td>૦૦</td></tr>
<tr><td rowspan="2">તાપી</td><td>૧ વર્ષથી ઓછો</td><td>૦૨</td><td>૦૨</td></tr>
<tr><td>૧ વર્ષ કરતાં વધારે</td><td>૦૫</td><td>૧૧</td></tr>
</table>
ડ્રેસર/પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે</td></tr>
<tr><td>(૩)</td><td>આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?</td><td>(૩)</td><td>(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે,
(૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.</td></tr>
</table>

———————

વલસાડ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત ચેકડેમ બનાવવા બાબત

15/8/1620 શ્રી ભરતભાઇ કીકુભાઈ પટેલ (વલસાડ) **: માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

પ્રશ્ન	જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ડબલ્યુડીસી ૨.૦) અંતર્ગત કેટલા ચેકડેમના કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને	(૧)	૧૦ ચેકડેમ.
(૨)	આ માટે કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે?	(૨)	રૂ. ૨૭,૯૮,૮૮૧/- (અંકે રૂપિયા સત્યાવીસ લાખ અઠ્ઠાણું હજાર આઠસો એક્યાસી પૂરા)

———————

સાબર ડેરીના સભાસદ તરીકે સમાવેશ બાબતે

15/8/1743 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

ક્રમ	પ્રશ્ન			જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી દૂધ ઉત્પાદક મંડળી રજીસ્ટર થયેલ છે, અને		(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર રજિસ્ટર થયેલ દુધ મંડળીઓની વિગત નીચે મુજબ છે. **સાબરકાંઠા જિલ્લો** અ.નં | તાલુકા | સંખ્યા ૧ | હિંમતનગર | ૧૮૭ ૨ | પ્રાંતિજ | ૮૯ ૩ | તલોદ | ૧૪૫ ૪ | ઈડર | ૧૬૯ ૫ | ખેડબ્રહ્મા | ૯૫ ૬ | વડાલી | ૯૨ ૭ | પોશીના | ૪૧ ૮ | વિજયનગર | ૬૭ કુલ | ૮૮૫ **અરવલ્લી જિલ્લો** અ.નં | તાલુકા | સંખ્યા ૧ | બાયડ | ૨૨૧ ૨ | ભિલોડા | ૧૬૨ ૩ | ધનસુરા | ૧૨૦ ૪ | માલપુર | ૧૭૫ ૫ | મેઘરજ | ૧૮૦ ૬ | મોડાસા | ૧૫૭ કુલ | ૧૦૧૫
(૨)	ઉકત સ્થિતિએ સરકારશ્રીના પરિપત્ર મુજબ રજીસ્ટર થયેલ દૂધ ઉત્પાદક મંડળીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કુલ કેટલી જિલ્લાવાર અને તાલુકાવાર મંડળીઓને સાબર ડેરીના સભાસદ બનાવવામાં આવેલ છે, અને		(૨)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ સરકારશ્રીના પરિપત્ર મુજબ રજિસ્ટર થયેલ દૂધ મંડળીઓ પૈકી સાબરકાંઠા અને અરવવલ્લી જિલ્લામાં જિલ્લાવાર અને તાલુકાવાર મંડળીઓને સાબરડેરીના સભાસદ બનાવવામાં આવેલ દૂધ મંડળીની માહિતી નીચે મુજબ છે. **સાબરકાંઠા જિલ્લો** અ.નં | તાલુકા | સંખ્યા ૧ | હિંમતનગર | ૧૪૩

				૨ પ્રાંતિજ ૭૩ ૩ તલોદ ૧૦૬ ૪ ઈડર ૧૫૩ ૫ ખેડબ્રહ્મા ૫૩ ૬ વડાલી ૬૫ ૭ પોશીના ૨ ૮ વિજયનગર ૧૫ કુલ ૬૧૦ **અરવલ્લી જિલ્લો** અ.નં તાલુકા સંખ્યા ૧ બાયડ ૧૫૬ ૨ ભિલોડા ૭૦ ૩ ધનસુરા ૬૬ ૪ માલપુર ૯૧ ૫ મેઘરજ ૭૨ ૬ મોડાસા ૧૦૦ કુલ ૫૫૫
(૩)	ઉકત સ્થિતિએ રજીસ્ટર્ડ થયેલી જિલ્લાવાર કુલ કેટલી દૂધ ઉત્પાદક મંડળીઓને સભાસદ તરીકે લેવાની બાકી છે?		(૩)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રજિસ્ટર્ડ થયેલી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની કુલ દૂધ ઉત્પાદક મંડળીઓને સભાસદ તરીકે લેવાની બાકી હોઈ તેની માહિતી નીચે મુજબ છે. **સાબરકાંઠા જિલ્લો** અ.નં તાલુકા સંખ્યા ૧ હિંમતનગર ૪૪ ૨ પ્રાંતિજ ૧૬ ૩ તલોદ ૩૯ ૪ ઈડર ૧૬ ૫ ખેડબ્રહ્મા ૪૨ ૬ વડાલી ૨૭ ૭ પોશીના ૩૯ ૮ વિજયનગર ૫૨ કુલ ૨૭૫ **અરવલ્લી જિલ્લો** અ.નં તાલુકા સંખ્યા ૧ બાયડ ૬૫ ૨ ભિલોડા ૯૨ ૩ ધનસુરા ૫૪ ૪ માલપુર ૮૪ ૫ મેઘરજ ૧૦૮ ૬ મોડાસા ૫૭ કુલ ૪૬૦

વેરાવળ બંદર ઉપર ફાયર ફાઇટર બોટ અને જેટી ઉપર હાઇડ્રેન સિસ્ટમ લગાવવા બાબત

15/8/1703 : શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેરાવળ બંદર ઉપર આગના બનાવ અટકાવવા અને કાયમી ફાયર ફાઇટર બોટ ફાળવવા અને જેટી ઉપર હાઇડ્રેન સિસ્ટમ લગાવવાની કેટલી રજુઆતો સરકારને મળી, અને	(૧)	શૂન્ય
(૨)	ઉકત સ્થિતિએ ઉકત રજુઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2415 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧)	પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | ડ્રેસર/ પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | પંચમહાલ | ૩૮ | ૬૧ ૨ | સાબરકાંઠા | ૪૧ | ૬૩ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ–૩) | ડ્રેસર/ પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | પંચમહાલ | ૨૭ | ૨૦ ૨ | સાબરકાંઠા | ૨૦ | ૧૬
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ | ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | પશુધન નિરિક્ષક (વર્ગ–૩) પંચમહાલ | ૧ વર્ષથી ઓછો | ૧૬ | ૦૧ ૧ વર્ષ કરતાં વધારે | ૦૫ | ૦૩ સાબરકાંઠા | ૧ વર્ષથી ઓછો | ૧૯ | ૦૦ ૧ વર્ષ કરતાં વધારે | ૦૪ | ૦૦ ડ્રેસર/પટાવાળા/એટેન્ડન્ટ(વર્ગ –૪)(આઉટસોર્સ સાથે) ની જગ્યાઓ પર
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.

અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2405 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,</td><td>(૧)</td><td>પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ
<table>
<tr><th>અ.નં</th><th>જિલ્લાનું નામ</th><th>પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)</th><th>ડ્રેસર/ પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)</th></tr>
<tr><td>૧</td><td>અમદાવાદ</td><td>૩૫</td><td>૪૬</td></tr>
<tr><td>૨</td><td>ગાંધીનગર</td><td>૨૯</td><td>૪૨</td></tr>
</table>
પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ
<table>
<tr><th>અ.નં</th><th>જિલ્લાનું નામ</th><th>પશુધન નિરીક્ષક (વર્ગ–૩)</th><th>ડ્રેસર/ પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)</th></tr>
<tr><td>૧</td><td>અમદાવાદ</td><td>૧૭</td><td>૧૭</td></tr>
<tr><td>૨</td><td>ગાંધીનગર</td><td>૧૪</td><td>૧૩</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને</td><td>(૨)</td><td>સંવર્ગવાર ખાલી જગ્યાઓ
<table>
<tr><th>જિલ્લાનું નામ</th><th>ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો</th><th>પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)</th><th>પશુધન નિરિક્ષક (વર્ગ–૩)</th></tr>
<tr><td rowspan="2">અમદાવાદ</td><td>૧ વર્ષથી ઓછો</td><td>૩</td><td>૧</td></tr>
<tr><td>૧ વર્ષ કરતાં વધારે</td><td>૭</td><td>૪</td></tr>
<tr><td rowspan="2">ગાંધીનગર</td><td>૧ વર્ષથી ઓછો</td><td>૬</td><td>૦</td></tr>
<tr><td>૧ વર્ષ કરતાં વધારે</td><td>૪</td><td>૧</td></tr>
</table>
ડ્રેસર/પટાવાળા/એટેન્ડન્ટ(વર્ગ –૪)(આઉટસોર્સ સાથે) ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે</td></tr>
<tr><td>(૩)</td><td>આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?</td><td>(૩)</td><td>(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે
(૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.</td></tr>
</table>

––––––––––––––

રાજ્યમાં ડેટા ગોપનીયતા, બૌદ્ધિક મિલ્કત અધિકાર અને નૈતિક AI અંતર્ગત લીધેલ પગલા

15/8/1636 **શ્રી જનકભાઇ તળાવિયા** (લાઠી) : **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડેટા ગોપનીયતા, બૌદ્ધિક મિલ્કત અધિકાર(IPR) અને નૈતિક AI (Ethical AI) સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ પગલા લેવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો તેની વિગતો શી છે?	(૨)	ગુજરાત AI એક્શન પ્લાન અંતર્ગત રાજ્યમાં AI આધારિત સિસ્ટમોમાં પારદર્શિતા, જવાબદારી અને નૈતિક ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે વ્યાપક પગલાં લેવામાં આવ્યા છે. સરકારી વિભાગોમાં ડેટા સુરક્ષા અને ગોપનીયતાને મજબૂત બનાવવા માટે સ્ટેટ ડેટા ગવર્નન્સ ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવી રહ્યુ છે. આ ફ્રેમવર્ક દ્વારા ડેટા સંગ્રહ, ઉપયોગ, શેરિંગ અને સુરક્ષા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા નક્કી કરવામાં આવશે, જેથી નાગરિકોના ડેટાનું સંરક્ષણ સુનિશ્ચિત થાય. તદ્ઉપરાંત, AI સિસ્ટમોમાં Bias Mitigation, Explainability, Accountability અને Human Oversight જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓને ધ્યાનમાં રાખી અલગ ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ પહેલનો હેતુ, AI આધારિત નિર્ણય પ્રક્રિયા પારદર્શક, સમજૂતીપૂર્ણ અને જવાબદાર બને તેમજ માનવ નિયંત્રણ અને દેખરેખ સુનિશ્ચિત રહે તે છે. રાજ્ય સરકાર દ્વારા અધિકારીઓ અને ટેકનિકલ સ્ટાફ માટે AI વિષયક તાલીમ અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં Ethical AI, ડેટા પ્રાઇવસી અને સાયબર સિક્યુરિટી જેવા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આ દ્વારા સરકારી તંત્રમાં AIના જવાબદાર અને સુરક્ષિત ઉપયોગ માટે ક્ષમતા વિકાસ કરવામાં આવી રહ્યો છે. વધુમાં, AI અને Deep Tech ક્ષેત્રે સંશોધન અને નવીનતા પ્રોત્સાહિત કરવા માટે પેટન્ટ, કૉપિરાઇટ અને ટ્રેડમાર્ક નોંધણી બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

શિક્ષણ, સંશોધન અને વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વિકાસ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ દ્વારા કરેલ કામગીરી

15/8/1645 શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ) : **માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ શિક્ષણ ક્ષેત્રે, સંશોધન તાલીમ અને વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક વિકાસ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ દ્વારા છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી?	(૧)	ઇન્સ્ટીટ્યુટ ઑફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા ઉક્ત સ્થિતિએ કુલ ૪૨ વિદ્યાર્થીઓને પી.એચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કરાવવામાં આવ્યો છે. જે પૈકી છેલ્લા બે વર્ષ દરમિયાન ૨ વિદ્યાર્થીઓને પી.એચ.ડી.ની ડિગ્રી મળેલ છે અને ૩ વિદ્યાર્થીઓએ તેમની પી.એચ.ડી. થિસિસ સબમિટ કરેલ છે. છેલ્લા બે વર્ષ દરમિયાન વિવિધ દેશોના મહાવિદ્યાલયોમાંથી અનુસ્નાતક ડિગ્રી ધરાવતા ૫૩

			વિદ્યાર્થીઓને સંસ્થામાં તાલીમ આપવામાં આવી છે. હાલ સંસ્થામાં ૧૬ જેટલા વિદ્યાર્થીઓ પી.એચ.ડી. માટે સંશોધન કાર્ય કરી રહ્યા છે. વધુમાં, છેલ્લા એક વર્ષ દરમિયાન શાળાઓના ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા ૨૦૦થી વધુ સરકારી અધિકારીઓએ સંસ્થાની મુલાકાત લીધી છે. આ તમામ વિદ્યાર્થીઓ અને અધિકારીઓને ભૂકંપ તથા ભૂકંપવિજ્ઞાન વિષયક માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં ફરતું પશુ દવાખાનાની યોજના

15/8/1491 શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન			**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર દસ ગામ દિઠ એક ફરતુ પશુ દવાખાનુ યોજના હેઠળ કેટલા ફરતાં પશુ દવાખાના કાર્યરત કરવામાં આવ્યા, અને		(૧)	<table><tr><th>અ.નં.</th><th>તાલુકાનું નામ</th><th>કાર્યરત ફરતા પશુદવાખાનાની સંખ્યા</th></tr><tr><td>૧</td><td>હાલોલ</td><td>૨</td></tr><tr><td>૨</td><td>ગોધરા</td><td>૨</td></tr><tr><td>૩</td><td>કાલોલ</td><td>૧</td></tr><tr><td>૪</td><td>ઘોઘંબા</td><td>૧</td></tr><tr><td>૫</td><td>મોરવા (હડફ)</td><td>૧</td></tr><tr><td>૬</td><td>શહેરા</td><td>૧</td></tr><tr><td colspan="2">કુલ</td><td>૮</td></tr></table>
(૨)	તે અંતર્ગત વર્ષવાર કેટલા પશુઓને સારવાર પુરી પાડવામાં આવી ?		(૨)	<table><tr><th>અ.નં.</th><th>વર્ષ</th><th>પશુ સારવાર</th></tr><tr><td>૧</td><td>૨૦૨૪</td><td>૪૪,૨૭૨</td></tr><tr><td>૨</td><td>૨૦૨૫</td><td>૩૨,૬૪૦</td></tr><tr><td colspan="2">કુલ</td><td>૭૬,૯૧૨</td></tr></table>

બનાસકાંઠા જિલ્લામાં રેંજવાર રોપાઓનું વાવેતર

15/8/2396 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં રેંજવાર કેટલા રોપાઓનું કેટલા ખર્ચે વાવેતર કરવામાં આવ્યું,	(૧)	<table><tr><th>વર્ષ</th><th>રેંજનું નામ</th><th>વાવેતર કરવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં)</th><th>થયેલ ખર્ચ (રૂ. લાખમાં)</th></tr><tr><td rowspan="9">૨૦૨૪-૨૫</td><td>અંબાજી ઉતર</td><td>૩.૮૩</td><td>૪૨૫.૧૫</td></tr><tr><td>અંબાજી દક્ષિણ</td><td>૨.૦૩</td><td>૧૫૭.૪૨</td></tr><tr><td>અમીરગઢ</td><td>૧.૮૯</td><td>૧૬૩.૬૬</td></tr><tr><td>ઇકબાલગઢ</td><td>૧.૫૦</td><td>૯૧.૧૬</td></tr><tr><td>થરાદ</td><td>૧.૭૬</td><td>૨૮૨.૬૦</td></tr><tr><td>દાંતા પશ્ચિમ</td><td>૨.૮૯</td><td>૩૦૦.૨૧</td></tr><tr><td>દાંતા પુર્વ</td><td>૧.૬૩</td><td>૧૦૧.૯૪</td></tr><tr><td>દાંતીવાડા</td><td>૧.૧૦</td><td>૧૧૭.૦૫</td></tr></table>

				પાલનપુર	૨.૫૬	૨૨૮.૫૬
				સા.વ અમીરગઢ	૧.૬૬	૨૧૪.૧૬
				સા.વ. ડીસા	૦.૬૨	૧૪૦.૨૮
				સા.વ. થરાદ	૦.૬૩	૯૬.૬૭
				સા.વ. દાંતા	૧.૦૪	૨૦૧.૮૦
				સા.વ. દાંતીવાડા	૦.૯૧	૧૪૨.૪૯
				સા.વ. દિયોદર	૦.૫૨	૬૧.૪૮
				સા.વ. ધાનેરા	૦.૪૬	૪૬.૬૫
				સા.વ. પાલનપુર	૦.૬૩	૧૬૩.૩૫
				સા.વ. ભાભર	૦.૬૩	૮૮.૭૨
				સા.વ. વડગામ	૦.૯૩	૧૪૧.૦૪
				સા.વ. વાવ	૦.૪૦	૪૫.૬૫
				સા.વ. શિહોરી	૦.૫૫	૮૬.૦૧
			૨૦૨૪–૨૫ કુલ		**૨૮.૧૭**	**૩૨૯૬.૦૫**
			૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ)	અંબાજી ઉતર	૭.૭૬	૮૨૨.૩૨
				અંબાજી દક્ષિણ	૫.૧૯	૫૨૫.૪૨
				અમીરગઢ	૩.૮૯	૩૮૨.૪૩
				ઈકબાલગઢ	૨.૨૨	૧૪૩.૯૭
				થરાદ	૨.૯૮	૨૩૧.૬૭
				દાંતા પશ્ચિમ	૮.૭૪	૯૨૨.૦૮
				દાંતા પુર્વ	૯.૯૩	૯૬૩.૨૩
				દાંતીવાડા	૧.૩૫	૧૦૪.૫૭
				પાલનપુર	૫.૨૦	૩૯૩.૯૦
				સા.વ. અમીરગઢ	૦.૨૮	૫૯.૯૫
				સા.વ. ડીસા	૦.૬૮	૨૮૫.૬૮
				સા.વ. થરાદ	૦.૩૬	૨૪.૧૨
				સા.વ. દાંતા	૦.૨૫	૪૧.૭૯
				સા.વ. દાંતીવાડા	૦.૩૮	૮૦.૨૧
				સા.વ. દિયોદર	૦.૩૮	૭૭.૫૪
				સા.વ. ધાનેરા	૦.૧૭	૧૩.૬૯
				સા.વ. પાલનપુર	૦.૬૮	૮૪.૭૩
				સા.વ. ભાભર	૦.૪૫	૬૫.૪૩
				સા.વ વડગામ	૦.૪૮	૯૦.૬૮
				સા.વ. વાવ	૦.૦૨	૩.૭૦
				સા.વ. શિહોરી	૦.૫૨	૧૧૬.૪૯
			૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ) કુલ		**૫૧.૯૧**	**૫૪૩૩.૬૦**

(૨)	ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા રોપાઓ જીવિત છે,	(૨)	**વર્ષ** / **જીવંત રોપાની સંખ્યા (લાખમાં)** ૨૦૨૪–૨૫ / ૨૧.૯૯ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૪૬.૧૧
(૩)	ઉક્ત રોપા વાવેતરમાં ગેરરીતી થયેલ હોવાની કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારને મળી,	(૩)	**વર્ષ** / **મળેલ ફરિયાદો** ૨૦૨૪–૨૫ / ૧ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૧

(૪)	ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?	(૪)	<table><tr><th>વર્ષ</th><th>કરેલ કાર્યવાહી</th></tr><tr><td>૨૦૨૪–૨૫</td><td>મદદનીશ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, બનાસકાંઠાને તપાસ સોંપેલ છે.</td></tr><tr><td>૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)</td><td>મદદનીશ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, બનાસકાંઠાને તપાસ સોંપેલ છે.</td></tr></table>

ભરૂચ અને વલસાડ જિલ્લામાં પ્રદુષણ ફેલાવતા એકમો સામે ફરિયાદો

15/8/2304 શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા (દેડીયાપાડા): **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ઔદ્યોગિક એકમો સામે પ્રદુષણ ફેલાવતા હોવા અંગેની કેટલી ફરિયાદો મળી છે, અને	(૧)	તા. ૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૧૭૫ એકમો સામે પ્રદૂષણ ફેલાવતા હોવા અંગેની ૨૦૨ ફરિયાદો મળી, વલસાડ જિલ્લામાં ૧૪૭ એકમો સામે પ્રદૂષણ ફેલાવતા હોવા અંગેની ૧૫૮ ફરિયાદો મળી છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત એકમો સામે શાં પગલા લેવામાં આવેલ છે?	(૨)	ઉક્ત એકમો સામે લીધેલ પગલાંની માહિતી: <table><tr><th>લીધેલ પગલાં</th><th>ભરૂચ જિલ્લો</th><th>વલસાડ જિલ્લો</th></tr><tr><td>કારણ દર્શક નોટીસ</td><td>૧૦૪</td><td>૫૪</td></tr><tr><td>નોટીસ ઓફ ડાયરેક્શન</td><td>૪૭</td><td>૪૧</td></tr><tr><td>ક્લોઝર ડાયરેક્શન</td><td>૩૬</td><td>૧૪</td></tr><tr><td>લીગલ નોટીસ</td><td>૦૨</td><td>૦૦</td></tr><tr><td>દફતરે</td><td>૨૭</td><td>૬૫</td></tr></table> નોંધ: અમુક એકમ સામે એક કે વધુ વાર ફરીયાદ તથા કેટલાક કિસ્સામાં એક ફરીયાદમાં એકથી વધુ એકમો સંકળાયેલ હોય તથા કેટલાક કિસ્સામાં એક ફરીયાદમાં એકમ સામે એકથી વધુ એકટમાં પગલાં લીધેલ હોઈ, ફરીયાદોની સંખ્યા તથા બોર્ડ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની સંખ્યામાં વધઘટ રહે છે.

અમરેલી જિલ્લામાં જંગલી પશુના કારણે પશુધનના મારણના કિસ્સામાં વળતર

15/8/1385 **શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

	પ્રશ્ન		**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧)	તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ગીર વિસ્તારમાં માલધારીઓ અને ખેડૂતોના કિંમતી પશુઓને સિંહ, દીપડા કે અન્ય જંગલી પ્રાણી દ્વારા કરવામાં આવતી ગંભીર ઈજા કે થતા મૃત્યુના પ્રસંગે પશુદીઠ તેના માલિકને કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ગીર વિસ્તારમાં માલધારીઓ અને ખેડૂતોના કિંમતી પશુઓને સિંહ, દીપડા કે અન્ય જંગલી પ્રાણી દ્વારા કરવામાં આવતી ગંભીર ઈજા કે થતા મૃત્યુના પ્રસંગે પશુદીઠ તેના માલિકને નીચે મુજબની સહાય ચૂકવવામા આવે છે.

વિગત	ચૂકવવામાં આવતી સહાયની વિગત(રૂપિયામાં)
દુધાળા પશુ	
ગાય/ભેંસ વગેરે	૫૦,૦૦૦/–
ઊંટ	૪૦,૦૦૦/–
ઘેટા /બકરા વગેરે	૫,૦૦૦/–
બિન દુધાળા પશુ	
ઊંટ,ઘોડા,બળદ વગેરે	૨૫,૦૦૦/–
રેઢો,પાડો,પાડી,વાછડી,ગધેડો,પોની વગેરે	૨૦,૦૦૦/–

(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બાબતે કેટલા પશુ માલિકોને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે?	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બાબતે પશુ માલિકો અને તેમને ચૂકવવામાં આવેલ સહાયની વિગત નીચે મુજબ છે.

વર્ષ	પશુમાલિકોની સંખ્યા	ચૂકવેલ સહાય
૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩	૯૨૦	૬૭,૯૧,૧૭૦
૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪	૯૬૫	૬૯,૩૯,૯૪૬
૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૦૧/૨૦૨૫	૮૧	૫,૪૯,૭૦૦
કુલ	૧૯૬૬	૧,૪૨,૮૦,૮૧૬

જૂનાગઢ જિલ્લા સહકારી બેંકમાં વહીવટદારની નિમણૂક બાબત

15/8/2367 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા** (વિસાવદર)**: માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	ગુજરાત કો.ઓપરેટિવ સોસાયટી અધિનિયમ હેઠળ કાર્યરત બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના હોદ્દાની મદ્દત પુરી થાય અને સમયસર ચૂંટણી ન યોજાય તો વચગાળાના કામકાજ સંભાળવા માટે સરકાર દ્વારા નિયમાનુસાર વહીવટદાર (કસ્ટોડિયન) ની નિમણૂક કરવામાં આવે છે તે હકીકત સાચી છે,	(૧) વહીવટદારની નિમણૂક કરવામાં આવતી નથી. કસ્ટોડિયનની નિમણૂક કરી શકાય છે,
(૨)	જો હા, તો જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિમિટેડના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના હોદ્દાની મુદ્દત તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ નિયમાનુસાર પુરી થયેલ છે, તે હકીકત સાચી છે,	(૨) હા,
(૩)	જો હા, તો ઉક્ત બેંકમાં વહીવટદારની નિયુક્તિ કરવામાં આવેલ છે કે કેમ, અને	(૩)ના,
(૪)	જો ના, તો નિયુક્તિ નહીં કરવાના કારણો શા છે?	(૪)ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ– ૮૧ ના સંજોગો ઉપસ્થિત થયેલ ન હોય વહીવટદારની નિયુક્તિ કરવામાં આવેલ નથી.

અતારાંકિત પ્રશ્નો

સમુદ્રી કાચબાઓના સંરક્ષણ માટે દરિયાઈ બોટમાં ટર્ટલ એસ્ક્યુલેટર ડિવાઈસ મૂકવા બાબત

15/8/2382 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રક્ષિત જાહેર થયેલા સમુદ્રી કાચબાઓના સંરક્ષણ માટે ભારત સરકારે દરિયાઈ બોટમાં ટર્ટલ એસ્ક્યુલેટર ડીવાઈસ (TED) મુકવાની જોગવાઈ જાહેર કરી છે, તે હકીકત સાચી છે કે કેમ, અને	(૧)	હા,જી.
(૨)	જો હા, તો આ જોગવાઈનો અમલ કરવા ઉક્ત સ્થિતિએ શી વ્યવસ્થા કરવામાં આવી છે અને તેનો અમલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?	(૨)	રાજ્ય સરકાર દ્વારા તા.૧૫/૦૪/૨૦૨૫ નાં જાહેરનામાંથી ગુજરાત મત્સ્યોદ્યોગ (દ્વિતિય સુધારા) નિયમો, ૨૦૨૫ થી પેટાનિયમ–૪૪ નો ઉમેરો કરી ટ્રોલ જાળી માછીમારીનાં કિસ્સામાં TED નો ઉપયોગ ફરજિયાત કરવા નિયમ ઘડેલ છે તેમજ ડિવાઈસ લગાવવાની કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

બનાસકાંઠા અને ભાવનગર જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2399 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧)	પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | બનાસકાંઠા | ૬૦ | ૮૩ ૨ | ભાવનગર | ૩૯ | ૪૭ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ–૩) | ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | બનાસકાંઠા | ૧૭ | ૧૪ ૨ | ભાવનગર | ૧૯ | ૧૯
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ | ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | પશુધન નિરિક્ષક (વર્ગ–૩) બનાસકાંઠા | ૧ વર્ષથી ઓછો | ૧૯ | ૧

				૧ વર્ષ કરતાં વધારે	૧૦	૫
			ભાવનગર	૧ વર્ષથી ઓછો	૮	૪
				૧ વર્ષ કરતાં વધારે	૧૧	૪
			ડ્રેસર/પટ્ટાવાળા/એટેન્ડન્ટ વર્ગ – ૪ (આઉટ્સોર્સ સાથે) ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.			
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણીપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.			

કચ્છ જીલ્લામાં વન કવચ યોજનાઓ

15/8/1659 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા કચ્છ જીલ્લામાં તાલુકાવાર કેટલી વન કવચ યોજનાઓ મંજુર કરવામાં આવી, અને	(૧)	**તાલુકાનું નામ** / **વર્ષ ૨૦૨૪–૨૫** / **વર્ષ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)** રાપર: ૨ / ૧ માંડવી: ૧ / ૧ ભુજ: ૨ / ૨ નખત્રાણા: ૪ / ૪ અંજાર: ૦ / ૩ ભચાઉ: ૦ / ૨ લખપત: ૦ / ૨ અબડાસા: ૦ / ૧ મુંદ્રા: ૦ / ૧ ગાંધીધામ: ૦ / ૦
(૨)	ઉકત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	**વર્ષ** / **ખર્ચ (રૂ. લાખમાં)** ૨૦૨૪–૨૫: ૩૦૮.૮૯ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ): ૩૦૮.૩૦

દેવભૂમિ દ્વારકા અને ખેડા જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/ 8/2409 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની	(૧)	પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

	સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,		અ.નં / જિલ્લાનું નામ / પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) / ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ / દેવભૂમિ દ્વારકા / ૨૫ / ૩૨ ૨ / ખેડા / ૩૨ / ૪૨ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં / જિલ્લાનું નામ / પશુધન નિરીક્ષક (વર્ગ–૩) / ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ / દેવભૂમિ દ્વારકા / ૦૫ / ૦૫ ૨ / ખેડા / ૧૯ / ૧૬
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ / ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો / પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) / પશુધન નિરિક્ષક (વર્ગ–૩) દેવભૂમિ દ્વારકા / ૧ વર્ષથી ઓછો / ૦૫ / ૦૦ ૧ વર્ષ કરતાં વધારે / ૧૦ / ૦૦ ખેડા / ૧ વર્ષથી ઓછો / ૧૫ / ૦૦ ૧ વર્ષ કરતાં વધારે / ૦૫ / ૦૩ ડ્રેસર/પટ્ટાવાળા/એટેન્ડન્ટ વર્ગ – ૪ (આઉટ્સોર્સ સાથે) ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કામગીરી લેવામાં
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.

સાણંદ જીઆઈડીસી ખાતે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની મીની સાઇટ

15/8/1642 શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ): **માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સાણંદ જીઆઈડીસી ખાતે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની મીની સાઇટ ક્યારે જાહેર કરવામાં આવેલ છે,	(૧)	તા.૧૫.૦૬.૨૦૨૩
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સાઈટમાં કઈ કંપનીઓ દ્વારા સેમિકન્ડક્ટર પ્લાન્ટની કામગીરી ચાલે છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સાઇટમાં • માઇક્રોન સેમીકન્ડક્ટર ટેકનોલોજી ઇન્ડિયા પ્રાઇવેટ લીમીટેડ • સીજી સેમી પ્રાઇવેટ લીમીટેડ

			• કેયન્સ સેમીકોન પ્રાઇવેટ લીમીટેડ કંપનીઓ દ્વારા સેમિકન્ડકટર પ્લાન્ટની કામગીરી ચાલે છે.
(૩)	ઉક્ત પ્લાન્ટમાં કેટલુ મૂડીરોકાણ થનાર છે?	(૩)	કુલ– રૂ.૩૩,૪૦૭/–(તેત્રિસ હજાર ચારસો સાત) કરોડ

અમરેલી જીલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેતીને થયેલ નુકશાનની સહાય બાબત

15/8/1979: શ્રી જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (ધારી)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઓક્ટોબર–૨૦૨૫માં અમરેલી જીલ્લામાં થયેલ કમોસમી વરસાદને કારણે થયેલા પાકની નુકશાની પેટે સહાય મેળવવા જિલ્લાના કેટલા ખેડૂતોની અરજીઓ મળી, અને	(૧)	૨,૨૪,૬૧૩
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	**ખેડૂતોની સંખ્યા**: ૨,૦૯,૬૯૧ **ચૂકવવામાં આવેલ સહાય**: ૭૦૬.૩૪ કરોડ

વડોદરા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય

15/8/1472 : શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા) **: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	૧૪૧
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને	(૨)	૧૦૮
(૩)	તે અંગે કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩.૨૫૩ લાખ

નવસારી અને આણંદ જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2419 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નવસારી અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧)	પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

અ.નં	જિલ્લાનું નામ	પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)	ડ્રેસર/ પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)
૧	નવસારી	૨૨	૪૨
૨	આણંદ	૩૧	૪૧

પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

અ.નં	જિલ્લાનું નામ	પશુધન નિરીક્ષક (વર્ગ–૩)	ડ્રેસર/ પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)
૧	નવસારી	૧૬	૧૨
૨	આણંદ	૨૫	૨૩

<table>
<tr><td>(૨)</td><td>તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને</td><td>(૨)</td><td>સંવર્ગવાર ખાલી જગ્યાઓ
<table>
<tr><th>જિલ્લાનું નામ</th><th>ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો</th><th>પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)</th><th>પશુધન નિરિક્ષક (વર્ગ–૩)</th></tr>
<tr><td rowspan="2">નવસારી</td><td>૧ વર્ષથી ઓછો</td><td>૦૬</td><td>૦૩</td></tr>
<tr><td>૧ વર્ષ કરતાં વધારે</td><td>૦૦</td><td>૦૦</td></tr>
<tr><td rowspan="2">આણંદ</td><td>૧ વર્ષથી ઓછો</td><td>૧૦</td><td>૦૬</td></tr>
<tr><td>૧ વર્ષ કરતાં વધારે</td><td>૦૧</td><td>૦૧</td></tr>
</table>
ડ્રેસર/પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કામગીરી</td></tr>
<tr><td>(૩)</td><td>આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?</td><td>(૩)</td><td>(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે,

(૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.</td></tr>
</table>

––––––––

અરવલ્લી જિલ્લામાં ખેડૂતો માટે ખાતર બિયારણના સરકારી ડેપો બાબત

15/8/1744 **શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા** (બાયડ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોને ખાતર તથા બિયારણના વિતરણ માટે કેટલા સરકારી ડેપો કાર્યરત છે,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિ એ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોને ખાતર તથા બિયારણના વિતરણ માટે કોઈ સરકારી ડેપો કાર્યરત નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ડેપો પરથી કુલ કેટલા ખેડૂતોએ ખાતર તથા બિયારણનો લાભ લીધો છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	તે માટે ખાતર તથા બિયારણનો લાભ લેનાર કેટલા ખેડૂતને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––––

પોરબંદર અને રાજકોટ જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2411 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પોરબંદર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,</td><td>(૧)</td><td>પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ
<table>
<tr><th>અ.નં</th><th>જિલ્લાનું નામ</th><th>પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨)</th><th>ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)</th></tr>
<tr><td>૧</td><td>પોરબંદર</td><td>૧૭</td><td>૨૧</td></tr>
<tr><td>૨</td><td>રાજકોટ</td><td>૪૪</td><td>૫૮</td></tr>
</table>
પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ</td></tr>
</table>

			અ.નં | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ–૩) | ડ્રેસર/ પટ્ટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | પોરબંદર | ૦૭ | ૦૬ ૨ | રાજકોટ | ૧૯ | ૧૬
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ | ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | પશુધન નિરિક્ષક (વર્ગ–૩) પોરબંદર | ૧ વર્ષથી ઓછો | ૦૫ | ૦૧ ૧ વર્ષ કરતાં વધારે | ૦૨ | ૦૧ રાજકોટ | ૧ વર્ષથી ઓછો | ૧૦ | ૦૧ ૧ વર્ષ કરતાં વધારે | ૧૧ | ૦૪ ડ્રેસર/પટ્ટાવાળા/એટેન્ડન્ટ વર્ગ – ૪ (આઉટ્સોર્સ સાથે) ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.

––––––

દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2416 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧)	પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | ડ્રેસર/ પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | દાહોદ | ૪૮ | ૬૮ ૨ | છોટા ઉદેપુર | ૨૮ | ૩૮ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ–૩) | ડ્રેસર/ પટાવાળા/એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | દાહોદ | ૨૧ | ૧૮ ૨ | છોટા ઉદેપુર | ૧૪ | ૧૩
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ | ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | પશુધન નિરિક્ષક (વર્ગ–૩) દાહોદ | ૧ વર્ષથી ઓછો | ૨૭ | ૦૨ ૧ વર્ષ કરતાં વધારે | ૦૨ | ૦૩ છોટા ઉદેપુર | ૧ વર્ષથી ઓછો | ૦૬ | ૦૨ ૧ વર્ષ કરતાં વધારે | ૧૫ | ૦૦ ડ્રેસર/પટાવાળા/એટેન્ડન્ટ(વર્ગ –૪)(આઉટસોર્સ સાથે) ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણાપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા

			વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે.

પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને ટ્રેકટર ખરીદીમાં સહાય

15/8/1492: શ્રી જેઠાભાઈ આહીર(ભરવાડ) (શહેરા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર ટ્રેકટર ખરીદી સહાય મેળવવા બાબતે કેટલી અરજીઓ મળી, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર ટ્રેકટર ખરીદી સહાય મેળવવા બાબતે નીચે મુજબ અરજીઓ મળી, અને

વર્ષ ૨૦૨૪–૨૫		
ક્રમ	**તાલુકાનું નામ**	**મળેલ અરજીઓની સંખ્યા**
૧	કાલોલ	૧૯૭
૨	ગોધરા	૨૭૧
૩	ગોધરા શહેર	૮
૪	ઘોઘંબા	૨૨૭
૫	જાંબુઘોડા	૫૪
૬	મોરવા(હ)	૧૭૧
૭	શહેરા	૩૬૩
૮	હાલોલ	૧૪૨
	કુલ	**૧૪૩૩**

વર્ષ ૨૦૨૫–૨૬		
ક્રમ	**તાલુકાનું નામ**	**મળેલ અરજીઓની સંખ્યા**
૧	કાલોલ	૩૪૫
૨	ગોધરા	૪૯૪
૩	ગોધરા શહેર	૭
૪	ઘોઘંબા	૫૫૪
૫	જાંબુઘોડા	૭૩
૬	મોરવા(હ)	૩૫૧
૭	શહેરા	૬૪૩
૮	હાલોલ	૨૮૦
	કુલ	**૨૭૪૭**

(૨)	તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી અને ખેડૂતોને ટ્રેકટર માટે કુલ કેટલી સહાય ચુકવવામાં આવી?	(૨)	તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મંજુર કરી અને ખેડૂતોને ટ્રેકટર માટે કુલ સહાય ચુકવવામાં આવી.

વર્ષ ૨૦૨૪–૨૫			
ક્રમ	**તાલુકાનું નામ**	**મંજુર કરેલ અરજીઓની સંખ્યા**	**ચુકવવામાં આવેલ સહાયની રકમ (રૂ.લાખમાં)**
૧	કાલોલ	૧૩૪	૬૦.૬૦
૨	ગોધરા	૧૫૪	૭૦.૩૫
૩	ગોધરા શહેર	૫	૨.૨૫
૪	ઘોઘંબા	૧૧૫	૫૨.૨૦
૫	જાંબુઘોડા	૩૬	૧૬.૮૦
૬	મોરવા(હ)	૯૦	૪૦.૮૦
૭	શહેરા	૧૯૬	૮૯.૫૫
૮	હાલોલ	૮૭	૩૯.૩૦
	કુલ	**૮૧૭**	**૩૭૧.૮૫**

વર્ષ ૨૦૨૫–૨૬

ક્રમ	તાલુકાનું નામ	મંજુર કરેલ અરજીઓની સંખ્યા	ચુકવવામાં આવેલ સહાયની રકમ (રૂ.લાખમાં)
૧	કાલોલ	૭૬	૭૬.૦૦
૨	ગોધરા	૧૧૭	૧૧૭.૦૦
૩	ગોધરા શહેર	૨	૨.૦૦
૪	ઘોઘંબા	૧૦૬	૧૦૬.૦૦
૫	જાંબુઘોડા	૮	૮.૦૦
૬	મોરવા(હ)	૭૬	૭૬.૦૦
૭	શહેરા	૧૪૪	૧૪૪.૦૦
૮	હાલોલ	૭૬	૭૬.૦૦
	કુલ	**૬૦૫**	**૬૦૫.૦૦**

તારંગા – આબુ રોડ રેલ્વે લાઇન અન્વયે જમીન મંજૂરીની દરખાસ્તો

15/8/2397 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જીલ્લામાં તારંગા–આબુ રોડ રેલ્વે લાઇન અન્વયે વન વિભાગની કેટલી જમીનની મંજૂરી આપવા માટેની દરખાસ્ત મળી,	(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં તારંગા–આબુ રોડ રેલ્વે લાઇન અન્વયે વન વિભાગની વન જમીનની મંજૂરી માટેની કોઈ દરખાસ્ત મળેલ નથી.
(૨)	ઉક્ત દરખાસ્તો પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને	(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	તે અન્વયે કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા?	(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમરેલી અને બોટાદ જિલ્લામાં પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં મંજૂર મહેકમ બાબત

15/8/2400 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧)	પશુદવાખાનાનુ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | ડ્રેસર/ પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | અમરેલી | ૪૩ | ૫૭ ૨ | બોટાદ | ૧૫ | ૧૮ પશુ સારવાર કેન્દ્રો (પ્રા.પ.સા.કે) નું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અ.નં | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ–૩) | ડ્રેસર/ પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે) ૧ | અમરેલી | ૨૪ | ૨૪ ૨ | બોટાદ | ૦૬ | ૦૬
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	સંવર્ગવાર ખાલી જગ્યાઓ જિલ્લાનું નામ | ખાલી રહેલ જગ્યાઓનો સમયગાળો | પશુચિકિત્સા અધિકારી (વર્ગ–૨) | પશુધન નિરિક્ષક (વર્ગ–૩) અમરેલી | ૧ વર્ષથી ઓછો | ૦૦ | ૦૧ ૧ વર્ષ કરતાં વધારે | ૨૩ | ૦૩ બોટાદ | ૧ વર્ષથી ઓછો | ૦૩ | ૦૦ ૧ વર્ષ કરતાં | ૦૨ | ૦૨

			ડ્રેસર/પટાવાળા/ એટેન્ડન્ટ વર્ગ ૪ (આઉટસોર્સ સાથે)ની જગ્યાઓ પર જરૂરિયાત પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે
(૩)	આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?	(૩)	(૧) દસ વર્ષીય ભરતી કેલેન્ડરમાં કરવામાં આવેલ આયોજન મુજબ વિભાગ દ્વારા મોકલી આપવામાં આવેલ માંગણીપત્રક અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરી ઉમેદવારોની ભલામણ થયે ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. જ્યારે, (૨) પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૯૮ હેઠળ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા કરવાની થાય છે

કચ્છ જીલ્લામાં ખેડૂતોને તાર ફેન્સિંગ યોજના બાબત

15/8/1660: **શ્રી પ્રધુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જીલ્લામાં તાલુકાવાર ખેડૂતોની તાર ફેન્સીંગ કરવા માટે આવેલ અરજીઓ નીચે મુજબ છે.

ક્રમ	વર્ષ	તાલુકાનું નામ	મળેલ અરજીઓની (સંખ્યા) Inward application
૧	તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	અંજાર	૧૦૧૧
૨		અબડાસા	૫૫૫
૩		ગાંધીધામ	૯
૪		નખત્રાણા	૪૬૮
૫		ભચાઉ	૩૮૪
૬		ભુજ	૬૧૪
૭		ભુજ શહેર	૧૦
૮		મુન્દ્રા	૪૩૭
૯		માંડવી	૮૦૫
૧૦		રાપર	૭૩૭
૧૧		લખપત	૧૩૫
કુલ			**૫૧૬૫**

(૨) તાર ફેન્સીંગ કરવા માટે તાલુકાવાર મંજુર કરવામાં આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

ક્રમ	વર્ષ	તાલુકાનું નામ	મંજુર કરેલ અરજીઓ (સંખ્યા) (Sanction application)
૧	તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	અંજાર	૬૧૯
૨		અબડાસા	૩૬૩
૩		ગાંધીધામ	૮
૪		નખત્રાણા	૧૭૪
૫		ભચાઉ	૨૨૦
૬		ભુજ	૩૪૨
૭		ભુજ શહેર	૭
૮		મુન્દ્રા	૨૫૭
૯		માંડવી	૪૪૩
૧૦		રાપર	૨૬૬
૧૧		લખપત	૩૨
કુલ			**૨૭૩૧**

(૩) કુલ રૂ. ૧,૧૮,૫૮,૯૧૯/–

ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે

પોઇન્ટ ઓફ ઓર્ડર

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરીકાળનો સમય વ્યતિત ન કરવા અંગે

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપ પોતે સંસદીય બાબતોના ખૂબ જ અભ્યાસુ અને અનુભવી વ્યક્તિ છો એટલે એક અતિ મહત્ત્વની બાબત આપના માધ્યમથી આ સભાગૃહના ધ્યાન પર મૂકવી છે. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૨નું પુસ્તક જે વિધાનસભાએ પ્રકાશિત કર્યું છે એના પાના નં. ૫૫ પર અભિનંદન, આવકાર, વિશેષણ, ટીકા, વક્રોકિત વગેરે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન આવી બાબતોથી દૂર રહેવું જોઇએ. એમાં તત્કાલીન અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ સાહેબે બહુ સુંદર અવલોકન કર્યું છે. જેનું આ સભાગૃહે ધ્યાન રાખવું જોઇએ. પ્રશ્ન નં.૭ અને ૮ની ચર્ચામાં જે ઘટનાક્રમ આપની સામે બન્યો એના કારણે પ્રશ્નકાળ જે અતિ મહત્ત્વનો સમય છે એ સમયને આપણે પૂરતી રીતે ન્યાય ન આપી શક્યા. માનનીય શ્રી અશોકભાઇ ભટ્ટ સાહેબે નિર્ણય આપતા એવું જણાવ્યું હતું કે, સંસદીય પ્રણાલિકામાં પ્રશ્નોત્તરીકાળ એ એક જીવંતકાળ છે. આ સમયથી વિધાનસભાના રોજના કાર્યનો આરંભ થાય છે. પ્રશ્નકાળમાં ધારાસભ્યશ્રી પોતે પોતાના મતવિસ્તારના પ્રશ્નોને વાચા આપીને પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની સાથોસાથ સરકારની કામગીરી પ્રત્યે પ્રજાની લાગણીઓ સરકાર સુધી પહોંચાડવાની ફરજો બજાવે છે અને એ એનો સંસદીય ધર્મ છે. તેથી જ વિધાનસભાઓ અને સંસદનો પ્રારંભ પ્રશ્નકાળથી થાય છે. ત્યારબાદ મને એવું લાગે છે કે, આ વાક્ય આપણે આ મહાત્મા ગાંધીજીના ફોટાની નીચે કોતરાવી દેવું જોઇએ. અધ્યક્ષશ્રીએ એવું કહ્યું હતું કે પ્રત્યેક ધારાસભ્ય જ્યારે લોકપ્રતિનિધિ બને છે ત્યારે એ સંસદીય સંસ્કારથી દિક્ષિત થાય છે. એટલે આપણે બધા સંસદીય સંસ્કારથી દિક્ષિત થયેલા વ્યક્તિઓ છીએ અને એટલે અધ્યક્ષશ્રી એવું કહે છે કે, માનનીય શક્તિસિંહે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર માનનીય જયનારાયણભાઇ વ્યાસ અને શ્રી અમિતભાઇ શાહે મંતવ્ય વ્યક્ત કર્યા બાદ અધ્યક્ષશ્રી એવું જણાવે છે કે, મને સ્પષ્ટ જણાય છે કે છેલ્લા કેટલાક સમયથી પ્રશ્નોત્તરીકાળમાં વિશેષણો, વક્રોક્તિઓ, ટીકાઓ, આવકારો, વિવિધ શબ્દપ્રયોગો અને વાક્યો દ્વારા પ્રશ્નો અને જવાબોની પૂર્વભૂમિકા વપરાય છે. તેના પરિણામે આવી અભિવ્યક્તિ બંને પક્ષના સભ્યો તરફથી થાય છે. વક્રોક્તિઓ, ટીકાઓ, આળ બધું. પ્રશ્નોત્તરી માટે આપણને એક કલાકનો સમય મળે છે. આ ગાળામાં વિશેષણો અને વક્રોક્તિઓમાં આપણો સમય વ્યર્થ જાય છે. સમય વ્યર્થ ન જાય તે માટે પ્રશ્નોત્તરીકાળમાં આપણે અભિવ્યક્તિઓ કરવી જોઇએ નહીં. તેથી જ મને લાગે છે કે એના પછી થોડોક ફકરો છે એ હું છોડી દઉં છું. અધ્યક્ષશ્રીનું ઓબ્ઝર્વેશન છે કે, શાસન વ્યવસ્થા પ્રત્યે સંતોષ વ્યક્ત કરવો, ખુશી વ્યક્ત કરવી અને અભિનંદન આપવા તે જેટલું જરૂરી છે એટલું જ જરૂરી શાસન વ્યવસ્થાની ક્ષતિ તરફ નિર્દેશન કરવું, તેની આલોચના કરવી અને રચનાત્મક દ્રષ્ટિકોણ તરફ શાસન વ્યવસ્થાનું ધ્યાન દોરવું એ એક જાગૃત ધારાસભ્યની ફરજ બને છે. આ પ્રશ્નકાળનો ઉપયોગ શેમાં કરવાનો છે? કે ગુજરાતની જનતાને લગતા મહત્ત્વના જે કંઇ પ્રશ્નો છે એની વ્યવહારું જેટલી શક્ય હોય એટલી ચર્ચા થઇ શકે એના માટે આપણે ઉપયોગ કરવાનો છે. મારે દુઃખ સાથે જણાવવું છે કે આજે આપણે નવ પ્રશ્નોની ચર્ચા કરી શક્યા નથી. કેટલાક દિવસોમાં એવું થાય છે કે, સોળ પ્રશ્નોની આપણે ચર્ચા કરી શકીએ છીએ. આજે નવમા પ્રશ્નની પણ પૂરી રીતે ચર્ચા થઇ શકી નથી. તો આ સંસદીય પરંપરાનો સૌથી મહત્ત્વનો સમય એટલે પ્રશ્નકાળનો જે રીતે વક્રોક્તિઓ, ટીકાઓ, આળ, આવકારો, અભિનંદન આપવામાં દુરુપયોગ થઇ રહ્યો છે એ દુરુપયોગને રોકવા માટે અગાઉના અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો છે. જરાક આગળ ધ્યાન દોરું કે દાદાસાહેબ એટલે કે જી.વી.માવળંકરનો ઉલ્લેખ અધ્યક્ષશ્રીએ કર્યો છે કે દાદાસાહેબના માર્ગદર્શનને સ્વીકારીએ, આપણે પ્રશ્નકાળનો રચનાત્મક ઉપયોગ કરવો જોઇએ, આપણે સૌ વિશેષણો, વક્રોક્તિઓથી અને આક્ષેપોથી મુક્ત રહીને દાદાસાહેબ માવળંકરે આપેલી સલાહ પ્રમાણે ચાલીશું તો ઉત્કૃષ્ટ સંસદીય પરંપરા પ્રસ્થાપિત કરીને પ્રશ્નકાળનો મહત્તમ સદુપયોગ કરી શકીશું. ગુજરાત વિધાનસભાની ચર્ચાના પુસ્તક ૧૪૮, ૨૦૧૦ના પાનાં નં. ૫૫થી ૫૭ પર માનનીય અધ્યક્ષશ્રી અશોકભટ્ટ સાહેબે આ નિર્ણય આપેલો છે. આપની પાસે મારી વિનંતી છે કે....

અધ્યક્ષશ્રી : તમે વચ્ચેથી નહીં આવી શકો. અહીંયા વકતવ્ય ચાલે છે. સ્થાન પર બેસો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને નમ્ર વિનંતી છે કે આપ એક સ્પષ્ટ આદેશ આપો. એવું જોવામાં આવ્યું છે કે પ્રશ્ન પૂછનાર દરેક વ્યકિત વારંવાર અભિનંદન, આવકાર, થેન્ક યું, ધન્યવાદ કરે છે. આ મહત્ત્વના પ્રશ્નકાળનો સૌથી વધુ સમય ટીકાઓ કરવામાં અને અભિનંદન આપવામાં પસાર થતો જોવામાં આવી રહ્યો છે. આપ આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઇ, પ્રશ્નકાળની જીવંતતા/લાઇવનેસ ટકી રહે તથા મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા થાય એ અંગે આદેશ આપો. સત્તાપક્ષના ધારાસભ્યશ્રીઓ અભિનંદન તો ચેમ્બરમાં જઇને આપી શકે છે. આજે નવ પ્રશ્નનો ચર્ચા થઇ છે. હું આપના માધ્યમથી એવી આશા રાખું છું કે આપણે બધા ભેગા મળીને એવો પ્રયત્ન કરીએ કે ઓછામાં ઓછા ૨૦ પ્રશ્નની ચર્ચા રોજેરોજ આ ગૃહમાં થાય અને આપણે ગર્વથી કહી શકીએ કે આપણે આ વિધાનસભામાં, દેશની તમામ વિધાનસભાઓ કરતાં વધુ પ્રશ્નની ચર્ચા કરી શકીએ છીએ. ધન્યવાદ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એમાં અમુક શિષ્ટાચાર પણ હોય છે. શિષ્ટાચારનું પાલન કરવું જોઇએ. કોઇ સભ્યશ્રીએ સારો પ્રશ્ન પૂછ્યો હોય જેથી સમાજને લાભ થતો હોય તો સભ્યશ્રીનો આભાર માનતા હોય છે. અહીંયા વાત એટલી જ છે કે સભ્યશ્રી જેવો પ્રશ્ન પૂછશે એવો જવાબ અપાશે. સીધો અને

પોઇન્ટ ઓફ ઓર્ડર

સરળ પ્રશ્ન હોય તો સીધો અને સરળ જવાબ અપાય. પોલિટિકલ ઓબ્ઝર્વેશન હોય તો એની સામે પોલિટિકલ ઓબ્ઝર્વેશન થવાનું છે. આપે વારંવાર સૂચના આપી છે કે સ્પષ્ટ સીધો પ્રશ્ન પૂછો તો સીધો જવાબ મળે. કદાચ સીધો જવાબ ના મળતો હોય તો આપ એને ટકોર પણ કરો છો કે તમે સીધો જવાબ આપો, પરંતુ પોતે બધા જ અધિકારોનો ઉપયોગ કરવો અને પોતાના સિવાયના બધા લોકોને કોઇ જ્ઞાન નથી, બધા અજ્ઞાન છે અને હું એક જ જ્ઞાની છું એવા ભાવથી કોઇ પ્રશ્ન પૂછશે તો એને જડબાતોડ જવાબ અપાશે. આ બધી ચોપડીઓ લઇને આવ્યા છે એ ચોપડીઓમાં અમે પણ કોઇ દિવસ હેડમાસ્તર રહેલા છીએ એટલે એવું જ્ઞાન નહીં આપવાનું. અહીંયા બધાને ખબર પડે છે. હું એમ કહું છું કે, બધા સભ્યશ્રીઓ વિપક્ષમાં હોય કે શાસક પક્ષમાં હોય, અહીંયા હોય કે ઓફિસમાં હોય એને જનતાના પ્રતિનિધિ તરીકે જ ટ્રીટ કરવામાં આવે છે. એનું જે કોઇ કામ હોય એને ગંભીરતાપૂર્વક લઇને એનું સોલ્યુશન અહીંયા આપવાનું હોય તો અહીંયા ખાતરી આપીએ છીએ. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇએ અમને અહીંયા વારંવાર કહ્યું છે કે આપણે જનતાના પ્રતિનિધિને, જનતાના પ્રતિનિધિ તરીકે ટ્રીટ કરીએ પણ કાલે છાપામાં શું આવશે એ ધ્યાનમાં રાખીને કોઇ પ્રશ્ન પૂછશે તો છાપામાં શું આવશે એમ માનીને જવાબ અપાશે. આ ચોખ્ખીને ચટ વાત છે. દરેક વખતે આ મુદ્દો ત્યાંથી ઊભો કરાય છે. પ્રશ્નને કોઇ દિવસ અમારા મંત્રીશ્રીઓએ આ રીતે લેતા નથી. આવા મુદ્દાઓ ઊભા કરાશે તો એનો પણ એવો જ જવાબ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપની સૂચનાઓ છે. હું આપનો આભાર માનીશ કે બે – ત્રણ દિવસ પહેલાં આપે વાત કરી કે સભ્યશ્રીઓએ મૌલિક પ્રવચન કરવું જોઇએ અને એનું પાલન થઇ રહ્યું છે. આપણા નિયમમાં પણ જોગવાઇ છે કે જરૂરિયાત પ્રમાણે માનનીય મંત્રીશ્રી કયારેક પ્રશ્નનો જવાબ વાંચીને પણ આપી શકે છે છતાં મંત્રીશ્રીઓ મૌલિક રીતે જવાબ આપવાની કોશિશ કરે છે. અહીંયાથી સૂચનાનું પાલન થાય જ છે પણ હંમેશા મીડિયાને નજર સમક્ષ રાખી આપણે પ્રશ્નો ઊભા કરીએ અને કાલે મીડિયામાં શું આવશે, એ પ્રમાણેનો બહાર જઇને વીડિયો બનાવવો તો આ રીતે ગૃહની ગરિમાનું હનન આપણે કોઇએ ના કરવું જોઇએ. હું ફરીથી કહું છું કે જેવો પ્રશ્ન આવશે એ જ પ્રકારે એનો જવાબ અપાશે અને અમે સોલ્યુશન પણ કરીશું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગોપાલભાઇએ ખૂબ લેન્ડલોર્ડ હોય એવી વાત કરવાનો પ્રયાસ કર્યો છે. હું અત્યારની જ વાત કરું છું. પ્રશ્નોત્તરી સમયની જ વાત કરું છું. એમના ધ્યાનમાં કદાચ નહીં હોય કે આપે વિપક્ષ અને શાસક પક્ષને આ ચેર ઉપરથી નિર્ણય આપી દીધો છે.

અધ્યક્ષશ્રી : શ્રી ગોપાલભાઇ, બેઠાબેઠા નહીં બોલો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ગોપાલભાઇ, આ ચેર ઉપરથી બોલે એટલે આદેશ થઇ જાય. તમને ખબર ના પડતી હોય તો હજી વાંચીને આવો. આ ચેર ઉપરથી બોલે એ એમનો નિર્ણય છે.એમણે નિર્ણય કરીને બંનેને ટકોર કરી છે કે તમે આ પ્રકારે ન કરી શકો. હું આપનો આભાર માનું છું કે કોઇપણ ઓબ્ઝર્વેશન કરતા હોય પણ આ પ્રશ્નકાળ એ રાજ્યની પ્રજા માટે મહત્ત્વનો છે. પણ જેને સાચુ સાંભળવું જ નથી. અધ્યક્ષશ્રીનું સાચું સાંભળવું નથી. આપ તો અધ્યક્ષ છો, છતાં પણ આ પ્રકારની વાતો કરે છે. આ પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા માટે નથી રહેતો કે એ નિર્ણયો તો છે જ. અધ્યક્ષશ્રીના નિર્ણયો આપણા માથા ઉપર છે. આપે નિર્ણય કર્યો, માનનીયશ્રી શૈલેષભાઇ બોલ્યા આપ જે કહો એ પ્રમાણે ચાલશે અને એ પ્રમાણે ચાલ્યું પણ ખરું. બીજો મારે એક ગંભીર મુદ્દો પોઇન્ટ ઓફ ઓર્ડર તરીકે ઊભો કરું છું.

અધ્યક્ષશ્રી : બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરો છો?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : હા.

અધ્યક્ષશ્રી : નહીં, અત્યારે ન કરો. અત્યારે એક જ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા ચાલી રહી છે. નવું હોય તો ફરી કહેજો આપ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : હું ફરી ઊભો થઇશ. મને તક આપજો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પાન નં. ૨૩૨ છે એમાં ૨૪મી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ પ્રશ્નોત્તરી સમય પૂરો થયા બાદ માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં એમ જણાવ્યું કે પ્રશ્નોત્તરીના એક જ પ્રકારના હોવા છતાં સંબંધિત મંત્રીઓ તેના જવાબો આપવામાં ઘણો લાંબો સમય લીધો હોવાથી ૬ જ પ્રશ્નો ચર્ચામાં આવી શક્યા છે. આવો પોઇન્ટ ઓફ ઓર્ડર એ સમયના સભ્યશ્રી અર્જુનભાઇએ ઉઠાવ્યો હતો અને એમણે અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી કે મંત્રીશ્રીઓ પ્રશ્નના જવાબો ટૂંકા અને મુદ્દાસર આપવા અંગે અધ્યક્ષશ્રી માર્ગદર્શન આપે. અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ સાહેબે એવો નિર્ણય આપ્યો હતો કે એગ્રીકલ્ચર સેકટરના એમ.ઓ.યુ. કરવાના પ્રશ્નમાં બંને પક્ષના ૭થી વધુ સભ્યશ્રીઓએ પૂરક પ્રશ્નો પૂછ્યા હતા. સોઇલ હેલ્થ કાર્ડ અંગેના પ્રશ્નમાં ૧૨થી વધુ સભ્યોએ પૂરક પ્રશ્નો પૂછ્યા હતા. જે કારણોસર માત્ર ૩ પ્રશ્નોની ચર્ચામાં લાંબો સમય ગયો હતો. અધ્યક્ષશ્રીએ ઘણું બધું લાંબુ માર્ગદર્શન આપ્યું છે. માનનીય સિનિયર સભ્યશ્રી દ્વારા એવું કહેવામાં આવ્યું કે મીડિયામાં શું આવશે, છાપમાં શું આવશે.

અધ્યક્ષશ્રી : હવે એનો તમારે જવાબ આપવાનો નથી. તમારો વિષય મૂકી શકો છો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો મૂળ પોઇન્ટ ઓફ ઓર્ડર એ જ છે કે રેફરન્સ એમનો પોતાનો છે. એમણે પોતે પણ આવો પોઇન્ટ ઓફ ઓર્ડર ભૂતકાળમાં ઉપસ્થિત કરેલ છે કે લાંબા લાંબા જવાબો આપે છે. એટલે મારી એટલી જ વિનંતી છે કે લાંબા સવાલો અને લાંબા જવાબોની પ્રથા અટકાવવામાં આવે તો પ્રશ્નકાળ જીવંત રહી શકે.

ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે. બે–ત્રણ દિવસ પહેલાંની જ વાત કરું છું. ગૃહ વિભાગના પ્રશ્નો હતા. એ પ્રશ્નોમાં વિપક્ષના મિત્રોએ પણ એક જેવા જ ૧૦ સવાલો પૂછ્યા હતા. તો જવાબ મંત્રીશ્રીએ આપવા કે નહીં આપવા? વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે ધારાસભ્યશ્રીએ નક્કી કરવાનું છે કે એણે કયો પ્રશ્ન પૂછવાનો છે. આપણે નક્કી ન કરી શકીએ કે આ ૧૦ પ્રશ્નો એક જ જેવા અલગ અલગ જિલ્લાના છે તો આપણે બધા પ્રશ્નો ઉડાવી દઈએ. બીજી વસ્તુ જેટલા લોકો, જે કોઇ આરોપ, જેટલા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવે એણે પોતે એ જોઇ લેવું જોઇએ કે પહેલા દિવસથી હમણા સુધીના પ્રશ્નમાં આપણે શું શું કર્યું છે? એના પછી બીજુ જોવું જોઇએ. વિધાનસભા ગૃહની બહાર નીકળીને દાદર ઉપર બેઠા બેઠા કયા મંત્રી ડરી ગયા, પેલા મંત્રી ડરી ગયા, *(**xxx**) અને અંદર મંત્રીશ્રીને સવાલ પણ ન પૂછ્યો હોય. આ તો નસીબ સારું છે કે મીડિયા પ્રેમીઓ પણ ચાલ્યા કરે અને હેડલાઇન બનાવી લે. ચેક કરીએ તો ખબર પડે કે આખી કલાકમાં ભાઇ ઊભા જ નથી થયા અને પ્રશ્ન પણ નથી પૂછ્યો. સામેવાળાએ જવાબ પણ નથી આપ્યો. તો મંત્રી ક્યાંથી ડરી ગયા?

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં નહીં બોલો, માનનીય ગોપાલભાઇ, તમે બોલ્યા ત્યારે કોઇ બોલ્યું નથી. આ રીતે વ્યવહાર ન હોઇ શકે

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આટલી મોટી મોટી નિયમોની વાત કરી, ૧૦ મિનિટ પહેલા તમે બધા જ સભ્યોને કહ્યું અને હમણાં બેઠાં બેઠાં *(**xxx**) પાછુ ચાલુ. આવું તો કઇ રીતે ચાલે? આ દાદર ઉતર્યા એટલે આ વિધાનસભામાં એક જણને છોડીને ૧૮૧ને એમના વિસ્તારના લોકોએ એમને એમ જ અહીંયા ચૂંટીને મોકલ્યા હશે? ખાલી એક જ માણસને સમજ પડે છે બાકી ૧૮૧ લોકોને સમજ જ નથી પડતી. કોણે કેવા પ્રશ્ન પૂછ્યા, આણે કેમ આવા પ્રશ્ન પૂછ્યા. દાદર પર બેઠાં બેઠાં આપણને છૂટ છે. પરંતુ બીજા ૧૮૧ ગાંડા નથી. આમાં અનેક લોકો એવા છે કે જે ૫–૫, ૭–૭ ટર્મથી ચૂંટાઇને આવે છે અને લોકો તેમને એમને એમ ચૂંટીને થોડા મોકલે છે?

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આપે વાત કરી લીધી હવે કંઇ બીજુ પૂરક છે? બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? એટલે આના ઉપર હું જજમેન્ટ આપું પછી તમે બીજુ લો. મને લાગે છે કે પૂરતો સંવાદ થઇ ગયો છે અને બધા માનનીય સભ્યશ્રીઓ અહીંયા ખૂબ વિદ્વતાપૂર્વક પોતાનો વિષય પણ મૂકી રહ્યા છે. (અંતરાય) બધા માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, વિધાનસભા ગૃહની કાર્યવાહી સુચારું રીતે ચાલે તે આપણા બધાની સંયુકત જવાબદારી છે. તેમાં પક્ષ–પ્રતિપક્ષ એવું હોતું નથી અને સંવાદ માટેનો પૂરતો મોકો અહીંયા બધાને મળી રહે છે. પ્રતિપક્ષને પણ આપણે એટલા જ પ્રમાણમાં તક આપીએ છીએ. દા.ત. પ્રશ્નોત્તરીકાળમાં તો ખાસ કરીને હાથ ઊંચો કરેલો હોય તે મોટા ભાગના લોકોને મોકો મળે એવું ચેર ઉપરથી અમે ધ્યાન પણ રાખીએ છીએ, પરંતુ મારી બંને પક્ષના મિત્રોને ફરી વિનંતી છે, મેં અગાઉ પણ નિર્ણય આપ્યો છે ફરી કહું છું પ્રશ્નોત્તરીકાળનો ઉપયોગ પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે જ રાખીએ. લાંબા પ્રશ્નો, પોલિટિકલી પ્રશ્નો જો આપણે પૂછીશું તો ફરી પછી તેનો કોઇ મતલબ નહીં રહે, તો મંત્રીશ્રી તરફથી પણ એવા જ જવાબો ત્યાંથી આવતા હોય છે. અને મંત્રીશ્રીઓને પણ મારી વિનંતી છે કે જેવો પ્રશ્ન પૂછે છે તે પ્રમાણેના જવાબો સરળતાથી અને ટૂંકમાં આપો તો વધુ પ્રશ્નોની ચર્ચા કરી શકાય.

બીજું, એક માનનીય સભ્યશ્રી ગોપાલભાઇએ જે પ્રશ્ન ઊભો કર્યો છે તેમાં એક એમણે કહ્યું કે પાછળ મહાત્મા ગાંધીના ફોટાની નીચે શું લખી રાખવું પડે તે આપણે નક્કી નથી કરી શકતા ત્યાં 'સત્યમેવ જયતે' લખેલું છે અને શ્રી ગોપાલભાઇ, તેનાથી બીજુ કોઇ વાકય ત્યાં આગળ લખી ના શકાય. બીજો વિષય મારે એ પણ ધ્યાન ઉપર મૂકવો જોઇએ કે માનનીય સભ્યશ્રીઓને એ બાબત ધ્યાન ઉપર હોય જ કે પોઇન્ટ ઓફ ઓર્ડર એટલે શું? તો પોઇન્ટ ઓફ ઓર્ડર કયારે રજૂ કરી શકાય? તેના માટે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયના પુસ્તકનાં પાનાં નંબર–૨૬૦ ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર કયારે અને કેવા સંજોગોમાં રજૂ કરી શકાય, તે પણ ત્યાં આગળ આપેલું છે તો માનનીય સભ્યશ્રીઓ એક વખત આ બાબતે પણ જોઇ લે. મેં અગાઉ આ અંગેનો નિર્ણય આપી જ દીધેલો છે, એટલે હાલ પૂરતો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

વિશેષાધિકાર ભંગના મુદ્દા અંગે

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એના આધાર ઉપર જ હું આપને સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકું છું. એક વખત અહીંયા પ્રશ્ન એટલે માહિતી આપી હતી.

અધ્યક્ષશ્રી : માહિતી આપો છો કે પોઇન્ટ ઓર્ડર મૂકો છો? આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હા. હમણાં માનનીય સભ્યશ્રીએ અહીંયા પોઇન્ટ ઓર્ડર ઊભો કર્યો છે. તેમણે ગઇકાલે ૨૫ નંબરનો પ્રશ્ન અહીંયા ચર્ચાયો નથી. આપનું માર્ગદર્શન માગું છું ગઇકાલે ૨૫ નંબરના પ્રશ્નની અહીંયા ચર્ચા થઇ નથી. આપે અગાઉ આ ગૃહની અંદર અહીંયા વાત કરી હતી કે આપ અહીંયા જે ચર્ચાયું ના હોય, નવા સભ્ય છો એટલે અત્યાર સુધી હું બોલ્યો નહીં. આપે નિર્ણય કર્યો છે અને આપે જણાવ્યું છે ત્યારે આપે મોટું મન રાખીને એવું કહ્યું હતું કે નવા સભ્યશ્રીઓ છે એટલે હું અત્યાર સુધી જતું કરું છું. હવે પછી અહીંયા જે પ્રશ્ન ચર્ચાયો ના હોય એ પ્રશ્નની બાઇટ અને

---

* આ શબ્દો અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરકારનો પક્ષ મંત્રી તરફથી રખાયો ના હોય તેની આપી શકાશે નહીં. ગઇકાલની પ્રશ્નોત્તરીમાં ૨૫ નંબરનો પ્રશ્ન છે તે ચર્ચાયો નથી છતાં પણ માનનીય સભ્યશ્રી ગોપાલભાઇએ આ વિધાનસભાના વિશેષાધિકારનો ભંગ કર્યો છે. કાલે ૨૫ નંબરના પ્રશ્નની અંદર એમણે મીડિયામાં જઇને બાઇટ આપી છે. સરકારે મારું આ સ્વીકાર્યું. આપે આપેલો નિર્ણય... આ હમણાંની નહીં પણ અઠવાડિયા પહેલાંની વાત છે. આપે કહ્યું કે નવા છો એટલે મેં જતું કર્યું છે, પણ હવે કોઇ આવું આપી શકશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું માર્ગદર્શન માગું છે, આ વિશેષાધિકાર ભંગ વિધાનસભાનો થાય છે. બીજા પણ એ પછીના પુરાવા શ્રી ગોપાલભાઇના આપીશું. એ વિધાનસભાથી મોટા છે? આપના નિર્ણયથી મોટા છે? આ પ્રકારે વિધાનસભાના વિશેષાધિકારનો ભંગ શ્રી ગોપાલભાઇએ કર્યો છે. આપનું માર્ગદર્શન માંગું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇ વાઘાણીજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે કે જયારે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પ્રશ્નો જયારે ગુજરાત વિધાનસભા સચિવાલયએ પૂછેલા પ્રશ્નનો જવાબ જયારે આપી દીધો હોય ત્યારે એ પ્રસારિત થયેલા હોય છે અને સ્વાભાવિક છે કે વિધાનસભાની અંદર એક કલાકનો પ્રશ્નોત્તરી કાળ હોવા દરમિયાન જે પ્રશ્નોના જે ઉકેલ આવવા જોઇએ, જે પ્રશ્નો પૂછાવા જોઇએ એ પ્રમાણમાં ઓછા પૂછાય છે, કોઇ વખત ૧૦ થાય, કોઇ વખત ૧૫ થાય, કોઇ વખત ૧૮ થાય છે એટલે સ્વાભાવિક છે કે કોઇપણ ધારાસભ્યએ જે પ્રશ્ન પૂછેલો હોય છે એનો સરકારે જવાબ આપેલો હોય છે, સરકારે જવાબ આપ્યા પછી કોઇ પણ ધારાસભ્યનો એ અધિકાર છે કે મેં વિધાનસભા ગૃહમાં આ પ્રશ્ન પૂછયો હતો અને સરકારશ્રીએ આ જવાબ આપ્યો છે, એની બાઇટ પણ આપી શકે છે, લેખિતમાં પ્રેસને /મીડિયાને આપી પણ શકે છે, એની ઉપર કોઇ બાન ના હોવો જોઇએ, કારણ કે ઓલરેડી વિધાનસભા સચિવાલયએ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયથી બહાર પડ્યો છે એટલે એનો અધિકાર છે, એની ઉપર બાન ના આવવો જોઇએ એવું મારું માનવું છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કયારેય સરકારે કોઇ પ્રશ્નનો જવાબ આપ્યા છે એનાથી ભાગવાનો વિષય આમાં છે જ નહીં, આપે જે નિર્ણય કર્યો, વાત એમ છે કે અહીંયા જેટલા પણ પ્રશ્નોની ચર્ચા થાય છે એ પ્રશ્ન પૂછે એમનો છાપેલો જવાબ હોય છે. જો આવું જ હોય તો પ્રશ્નોત્તરીમાં પેટા પ્રશ્નનો વિષય જ ના આવે, એમાંથી પેટા પ્રશ્ન ઉપસ્થિત કરીને ત્યાં સરકારને ઘેરવાની અથવા તો સરકારને આક્ષેપ કરવાની વાત છે એની ચર્ચા છે અને આ આપે નિર્ણય આપ્યો છે એટલે મેં વાત કરી છે કે આ વિશેષાધિકારનો ભંગ છે. અમારો પક્ષ રજૂ નથી થયો કારણ કે હાઉસમાં ચર્ચા નથી થઇ. આપે સ્પષ્ટ કહ્યું હતું કે હાઉસમાં ચર્ચા ના થઇ હોય એની વાત અહીંયા રેકોર્ડ ઉપર ના હોય. એનું પણ મીડિયા લખી શકતા નથી. બેઠાં બેઠાં બોલ્યા હોય એનું પણ મીડિયા લઇ નથી શકતા. આવા પણ આપના નિર્ણયો છે તો આપે જે નિર્ણય આપ્યો છે, એમાં *(**xxx**) માનનીય સભ્યશ્રી જે સૌથી બુદ્ધિશાળી માને છે એમણે વિશેષાધિકારનો ભંગ કર્યો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે. અહીંયા બંન્ને પક્ષના ધારાસભ્યો હોય છે અને બંન્નેને પોતાનો પક્ષ રજૂ કરવાનો અધિકાર હોય છે અને એમાં સામે પણ મારા ઘણા મારા મિત્રો બેઠા છે કે જે અનુભવી છે, આ બાજુ પણ અનુભવી છે, આ બાજુ પણ ઘણા પહેલી વખત ચૂંટાયા છે, ત્યાં પણ પહેલી વખત ચૂંટાયા છે અને એમાં આપણે કોઇને એવું માનીએ કે મારા સિવાયના બધાજ અજ્ઞાની છે તો આ મારે જૂની કહેવત નથી કહેવી '' હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા '' આમાં નથી પડવું, પરંતુ ઉતારી પાડવાની ભાવનાથી અહીંયા નિવેદન અપાય અને ઉતારી પાડવાની ભાવનાથી ત્યાં અપાય એ વ્યાજબી નથી અને એ ગૃહની અને ગુજરાતની પરંપરાની વિરુદ્ધમાં છે. કોઇક દિવસ અમે પણ ત્યાં બેઠા હતા અને કોઇક દિવસ ત્યાંના લોકો પણ અહીંયા બેઠા હશે. તો કોઇએ કોઇની ગરિમા તોડવાનું કામ કયારેય નહીં કરવું જોઇએ. અહીંયા આવીને હું જ્ઞાની છું એટલે હું ગમે ત્યાં ગમે તે બોલી શકું અને ચૂંટાયા છે એક વિસ્તારમાં અને એ વિસ્તારનો કોઇ પ્રશ્ન જ લઇ આવ્યા નથી અને બાકીની આખા ગુજરાતની, આખા દેશની ચિંતા કરે છે અને મારા સિવાયના બધા જ અજ્ઞાની છે એ ભાવ કાઢી નાખવો જોઇએ. એ ભાવથી જ વારંવાર ઊભા થાય છે એ નહીં થવું જોઇએ એટલે આજે હું આપને ફરીથી વિનંતી કરું છું, શ્રી જીતુભાઇએ જે મુદ્દો ઊભો કર્યો છે એમાં જે મુદ્દા હાઉસની અંદર ઊભા કરવા હોય એ વિવેકપૂર્ણ ભાષાની અંદર આક્રમક ભાષાની અંદર કરે એનો કોઇ વાંધો હોઇ શકે નહીં, એ સભ્યશ્રીનો અધિકાર છે અને સભ્યશ્રીને એના અધિકાર માટે અમે પણ એને પૂરેપરું રક્ષણ આપીશું કે અહીંયા આવીને મુદ્દા ઊભા કરે, સરકારની વિરુદ્ધના પણ કરે કે કોઇપણ કરે પરંતુ બીજાને અજ્ઞાની ઠરાવીને પોતે જ્ઞાની છે એવું દર્શાવવાનું જરા પણ વ્યાજબી નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો એમાં એવી વાત છે કે જે પ્રશ્નની ચર્ચા નથી થઇ એ પ્રશ્નની ચર્ચા બહાર ન કરવી. નિયમ એવું કહે છે કે વિધાનસભાના માધ્યમથી જે કાંઇ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને જે પ્રશ્નોના સરકારે જવાબ આપ્યા એ તમામ પ્રશ્નોમાંથી જેની ચર્ચા થાય એ તારાંકિત છે અને જેની ચર્ચા નથી થતી એ અતારાંકિત પ્રશ્નોમાં ફેરવવામાં આવે છે. આ તમામ પ્રશ્નો ગૃહની સાર્વજનિક મિલકત બની જાય છે એટલે કે એ ગુજરાતની જનતાની મિલકત છે. જેને આપણે 'Neva' પર પણ પબ્લિશ કરીએ છીએ. એ જગજાહેર થઇ જાય છે. તો હું એવી કોઇ ગુપ્ત વાત બહાર લઇ જઇને નથી બોલ્યો કે જે 'Neva' પ્લેટફોર્મ પર નથી. મેં જે ૨૫ નંબરના પ્રશ્નની બહાર ચર્ચા કરી એ 'Neva' પર છે જ. આખા દેશના લોકો જોઇ શકે છે. પ્રશ્નની ચર્ચા થવી અને ન થવી એનો સંબંધ માત્ર એક કલાકના પ્રશ્નોત્તરીકાળ સાથે

* આ શબ્દ અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવેલ છે.

જોડાયેલો છે, પણ જે કાંઇ પ્રશ્નનો સરકારે જવાબ આપ્યો છે એ મારા મતવિસ્તાર અને ગુજરાતના લોકોને જાણવાનો હક્ક છે અને તેની સાથે–સાથે પોલિટિકલ ઓબ્ઝર્વેશન છે જે ગૃહની બહાર હંમેશા બંને પક્ષો કરતા આવ્યા છે. રાજકીય અવલોકન કરવા પર ગૃહની બહાર કોઇ પ્રતિબંધ હોઇ ન શકે. ગૃહની અંદર હોઇ શકે. મેં ગૃહની બહાર કેટલા રાજકીય ઓબ્ઝર્વેશન કર્યા, કેવી ટીકા–ટિપ્પણી કરી એનો નિર્ણય ગૃહની અંદર ન થવો જોઇએ. બીજી વાત માનનીય સભ્યશ્રીએ કહ્યું કે હું મારા મતવિસ્તારના પ્રશ્નો નથી પૂછતો. આજે જ મારો વિસાવદર કાઠિયા નેસથી સાસણ સુધીનો રોડ જે છેલ્લાં ૨૦ વર્ષથી નથી બન્યો એનો પ્રશ્ન છે. એ રોડ ૨૦ વર્ષથી નથી બનતો કારણ કે, વન વિભાગ એને બનાવવાની મંજૂરી નથી આપતો.

અધ્યક્ષશ્રી : અત્યારે તમે પોઇન્ટ ઓફ ઓર્ડર પર જ ચર્ચા કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ તો એમણે કહ્યું કે હું મારા મતવિસ્તારના પ્રશ્નો નથી પૂછતો એટલે મેં એક દાખલો આપ્યો. હું રોજે–રોજ મારા મતવિસ્તારના પ્રશ્નો પણ પૂછું છું. હું મારી પાર્ટીમાં કેન્દ્રિય નેતૃત્વમાં સ્થાન ધરાવું તો ગુજરાતના પ્રશ્નો પણ પૂછીશ. હાલનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એમાં ઘટના ગઇકાલની છે. ગઇકાલની ઘટના પર આપણે આજે ચર્ચા કરી રહ્યા છીએ તો એમાં મને કોઇ વાંધો નથી. મારું એટલું જ કહેવાનું છે કે, અગાઉના અધ્યક્ષશ્રીના નિર્ણયો છે કે આપણે એવું નથી કહી શકતા કે કોઇ પણ બાબત ટી.વી.માં, છાપામાં કે મીડિયામાં આવશે એવા ઉદ્દેશથી કોઇ પણ સભ્ય કે મંત્રી બોલી રહ્યા છે. એ અગાઉની ચર્ચાઓમાં છે. હું એ મુદ્દો શોધીને આપ સમક્ષ રજૂ કરીશ. અત્યારે હું શોધું છું મળશે તો ઠીક છે નહિ તો પાછળથી રજૂ કરી શકીશ. આપણે કોઇ પણ સભ્ય કે કોઇ પણ મંત્રીશ્રીને એવું નથી કહી શકતા કે તેઓ મીડિયાને કે છાપાંને ધ્યાનમાં રાખીને બોલે છે. અહીંયા સભ્યો જે કાંઇ બોલે છે એ ગુજરાતની જનતાને ધ્યાનમાં રાખીને બોલે છે. અહીંયા બોલાયેલી કોઇ પણ વાતને મીડિયા ઇન્ટિરપ્રિટેશન કે અન્ય ઇન્ટિરપ્રિટેશન કેવી રીતે લેશે અને કેવી રીતે જોશે એ એમનો પ્રશ્ન છે. બે પોઇન્ટ ઓફ ઓર્ડર થયા. એક પોઇન્ટ ઓફ ઓર્ડર પર આપ અગાઉ નિર્ણય આપી ચૂક્યા છો કે લાંબા–લાંબા પ્રશ્નો અને લાંબા–લાંબા જવાબ ન હોવા જોઇએ. શ્રી જીતુભાઇએ હાલ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે એમાં એમણે મારું નામ લઇને કીધું કે હું *(**xxx**) છું. એનો અર્થ શું થાય? હું તો મારી જાતને વડાપ્રધાન સમજું છું એ મારો પ્રશ્ન છે. તમે મને એવું કેવી રીતે કહેશો કે હું મારી જાતને શું સમજું? હું મારી જાતને અમેરિકાનો રાષ્ટ્રપતિ સમજું છું. હું પોતે મને શું કામ ગાંડો સમજું. હા, હું પોતાની જાતને બુદ્ધિશાળી સમજું છું કેમ કે હું બુદ્ધિશાળી છું. હું ભણેલો છું. હું ધો.૮ પાસ નથી એટલે હું મારી જાતને બુદ્ધિશાળી સમજું છું અને એ વાતનું મને અભિમાન છે કે હું બી.એ., એલ.એલ.બી., એલ.એલ.એમ. થયેલો છું. એ વાત હું ગર્વથી કહીશ. એમાં મને કોઇ સંકોચ નથી.

અધ્યક્ષશ્રી : આપ અત્યારે જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એની પર ચર્ચા કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : મારે એટલું જ કહેવાનું છે કે માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે કોઇને અપમાનિત કરવાનો ઇરાદો કે કોઇને ખરાબ ચિતરવાનો ઇરાદો હતો. એવો ઇરાદો શું કામ હોઇ શકે? આજ દિન સુધી આપે મારું વાણી, વર્તન, વ્યવહાર જોયો છે. કદાચ હું નવો છું. મારાથી ચૂક થઇ પણ હોય તો હું માફી માગવા પણ તૈયાર છું. ભૂલ થઇ શકે. હું નવો છું. હું આજે પણ માફી માગવા તૈયાર છું પણ હું એમ કહું છું કે કોઇનું અપમાન કરીને, કોઇને ખરાબ ચિતરીને મને શું મળવાનું છે? મારા બધા જ પ્રશ્નોના રેકોર્ડ ચેક કરવામાં આવે અને માનનીય મંત્રીશ્રીઓને બતાવવામાં આવે કે જો મેં ૧૦૦ પ્રશ્નો પૂછ્યા હશે તો ૭૦ પ્રશ્નો મારા મતવિસ્તારના હશે. મારી એટલી જ વિનંતી છે કે ગૃહમાં તારાંકિત પ્રશ્નોના સ્વરૂપમાં જે કાંઇ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે અને સમયના અભાવે જે પ્રશ્નોની ચર્ચા નથી થઇ શકી એ અતારાંકિત પ્રશ્નો બંને અને સભાગૃહની જાહેર માલિકીના છે. એની ચર્ચા બહાર થઇ શકે છે અને એની પર ટીકા–ટિપ્પણી પણ બહાર પગથિયે બેસીને થઇ શકે છે, Thank you so much.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે, અહીંયા પ્રશ્નોત્તરીમાં જે પ્રશ્ન દાખલ થયો હોય પણ ચર્ચા ન થઇ હોય તેની બહાર મીડિયામાં જઇને વાત ન થઇ શકે. હું આપના મારફત ધ્યાન દોરું છું કે, અહીંયા જે પ્રશ્ન દાખલ થાય છે તે નિયમ મુજબ પૂછવામાં આવે છે, નિયમો આધીન તેને દાખલ કરવામાં આવે છે. આપને ત્યાંથી સરકારને પણ મોકલવામાં આવે છે. સરકારમાં માનનીય મંત્રીશ્રી અને વિભાગ તેનો સ્વીકાર કરે છે અને જવાબ આપવાની તૈયારી બતાવે પછી તે દાખલ થાય છે, જવાબ આપે છે, જવાબ ચોપડીમાં છપાય છે અને અહીંયા જે જવાબ અપાય છે તેનો મતલબ કે એ સરકારનું સ્ટેન્ડ છે. અહીંયા માનનીય મંત્રીશ્રી આવો જવાબ આપે તેમ કરીને ચોક્કસ બહાર ચર્ચા ન કરીએ પણ જે અહીંયા પ્રશ્નના જવાબમાં જે હકીકતો બહાર આવી છે તેના આધારે મીડિયામાં વાત કરતા રોકી શકાય નહીં. તેના પર સ્પષ્ટ રીતે વાત થઇ શકે છે. જેમ કે, અમારા કેટલાય પ્રશ્નો છે કે કોઇ કંપનીએ કેટલું દબાણ કર્યું છે? તેની વિગતો સરકારે આપી છે અને તેના આધારે મીડિયામાં વાત કરી તે ક્યાંય કોઇ વિશેષાધિકારનો ભંગ થતો નથી. ગૃહનું અવમાન કે અપમાન થતું નથી. બહારની સાઇડ પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરવું તે કોઇપણ જાહેર જીવનના પ્રતિનિધિનો અધિકાર છે. આપનું માર્ગદર્શન મળે અને સ્પષ્ટ રીતે આદેશ થાય તે જરૂરી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપે જે નિર્ણય આપ્યો છે તેની વાત કરી છે. મને સ્પષ્ટ યાદ છે કે, આપે બીટવીન ધ લાઇન કહ્યું છે. આપ વર્બેટિયમ પણ જોઇ શકશો. માનનીય અમિતભાઇએ જે વાત કરી છે.

* આ શબ્દ અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવેલ છે.

દા.ત., આ પ્રશ્ન બે મહિના પહેલાં પૂછાય છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇ પ્રશ્નથી ભાગનાર નથી. તા.૩૧/૧૨ની સ્થિતિએ જવાબ આપેલ હોય, પ્રશ્ન પૂછે તેટલો જ આમાં છાપીને જવાબ અપાય પછી પેટાપ્રશ્ન અહીંયા ઊભા થાય તેની માનનીય મંત્રીશ્રીઓ તૈયારી કરીને આવતા હોય છે. જવાબ ન હોય તો પછી મૂકતા હોય છે. એમને કોઇ પેટાપ્રશ્ન ઊભો થયો હોય તો તે પૂછી શકે અને અમે પણ તેમનો જવાબ જ આપ્યો હોય. આપે કહ્યું હતું કે, ''વિધાનસભાનો હવાલો આપીને જે પ્રશ્નોની ચર્ચા અહીંયા થઇ નથી તેનો હવાલો આપીને મીડિયામાં વાત કરી શકાય નહીં.'' આ આપનો નિર્ણય હતો. આ પૂર્વેના નિર્ણયોની ચર્ચા કરવી, અધ્યક્ષશ્રીના નિર્ણયોની બુકમાં હવે પછી જે નિર્ણયો આવશે તેમાં આપનો છેલ્લો નિર્ણય આવશે. એટલા માટે કહું છું કે આવું એકવાર થયું નથી. ૨૫મો પ્રશ્ન એકવાર નથી. હું આપને આપીશ કે આવું ત્રણથી ચાર વાર થયું છે. આપના હુકમ પછી હું પણ રાહ જોતો હતો કે, નવા સભ્ય છે, અમે પણ આવકારીએ કે તેઓ પણ તૈયાર થાય પણ માત્ર ઇરાદાપૂર્વકની વાત હોય. વિધાનસભામાં આપે લીધેલા નિર્ણય પછી તે વિશેષાધિકારનો ભંગ થયો છે. બીજી વાત, એ મને એવું કહે છે કે, *(**xxx**) ન કહેવાય તો આઠ ઘોરણની વાતો કરે છે તો કેશુભાઇ પટેલ કેટલું ભણ્યા હતા? એ.આઇ.ના વીડિયો કોણે બહાર પાડ્યા? કેશુબાપાના આશીર્વાદ કોણ લેવા ગયું? કેશુભાઇ કેટલું ભણીને મુખ્યમંત્રી હતા તેની સાથે નિસ્બત નથી. ભણવા ન ભણવા ઉપર હસવાનો વિષય નથી. કેશુભાઇ કેટલું ભણ્યા હતા તેનો જવાબ મીડિયામાં આપજો. કેશુભાઇના આશીર્વાદ લેવા હતા ત્યારે કેશુભાઇ શું ભણ્યા તે મહત્ત્વનું નથી. આ પ્રકારની વાત કરીને આ અપમાન નથી તો શું છે? માની લ્યો કે શ્રી હર્ષભાઇ આઠ ઘોરણ ભણ્યા છે તો .....

અધ્યક્ષશ્રી : ચર્ચા થઇ ગઇ છે. ખૂબ ચર્ચા થઇ ગઇ છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એવી વાત કરી છે એટલે કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વિસ્તૃત ચર્ચા થઇ ગઇ છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ''હું વિનમ્ર છું, હું બહુ વિવેકી છું, હું કોઇનું અપમાન કરતો નથી.'' આ બેઘારી નીતિ તરફ આપનું ધ્યાન દોરું છું અને સ્પષ્ટ માર્ગદર્શન માગું છું. વિશેષાધિકાર ભંગનો વિષય ઉપસ્થિત થાય છે એટલે આપની પાસેથી માર્ગદર્શન અતિ આવશ્યક છે. આપે સ્પષ્ટ કહ્યું છે. હું પુન: એકવાર કહું છું કે, ''વિધાનસભાનો હવાલો આપીને .....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ એકના એક શબ્દની પુનરુક્તિ ન કરો.

હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્ય શ્રીમાન ગોપાલભાઇ ઇટાલીયા ગુજરાત પોલીસના અમારા પૂર્વ કોન્સ્ટેબલ, વિસાવદરના ધારાસભ્ય, બી.એ., એલ.એલ.બી.,.... કદાચ જે તે વખતે બી.એ., એલ.એલ.બી.માં ભણતાં હશે ત્યારે પરીક્ષા આપતી વખતે શું શું ઘટના બની હશે તે મારા ધ્યાનમાં નથી.પરંતુ એ બી.એ., એલ.એલ.બી.ના જે એમના કેરીક્યુલમ હશે ને એની અંદર એમણે બધા જ કાયદા વાંચ્યા હશે પણ એ નથી વાંચ્યું કે કોઇની ઉપર જૂતું ફેંકાય કે ન ફેંકાય? વિધાનસભામાં જે ઘટના બને તેનું તમે સો ટકા બહાર મીડિયામાં જઇને વર્ણન કરી શકો. વિધાનસભાના પ્રશ્ન અને જવાબની વાત જ નથી. વિધાનસભાના પ્રશ્ન અને જવાબને ટાંકીને તમે શું બોલી રહ્યા છો એ મહત્ત્વનું છે. એમને એવું છે કે ડાયવર્ટ કરવાની સ્કીલ માત્ર એમને જ આવડે છે. કારણ કે દિલ્હીમાં આખા ટ્રેનિંગ ક્લાસીસ ચાલે છે. એમને એવું છે કે(અંતરાય).... તમે શાંતિ રાખો. બીજું શું ચાલે છે એ બધું ખબર જ છે. એટલે જરાક શાંતિ રાખો. વાત માત્ર એટલી છે કે એક કમિટી બેસાડવી જોઇએ અને ચેક કરવું જોઇએ કે એક મહિનાના વિધાનસભાના સત્રમાં ખરેખર શું થયું? ખરેખર પ્રશ્નકાળમાં શું થયું? અને એના પછી પ્રશ્નકાળમાં બનેલી ઘટનાઓનું વર્ણન નીચે થયું છે કે ફક્ત મનઘડત જે ઘટનાઓ કરવી છે એ ઘટનાઓ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ પર્ટીક્યુલર લોકો દ્વારા કરવામાં આવ્યો છે કે નહી? એકવાર આખો સરવે કરીને એના પરથી નિર્ણય કરવો જોઇએ. જેનાથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય, કારણ કે કદાચ કોઇકે ચોપડી ઓછી વાંચી હશે પરંતુ બી.એ., એલ.એલ.બી.માં હું નથી માનતો કે કેરીક્યુલમમાં આવી જૂઠ્ઠું બોલવાની ટ્રેનિંગ આપવામાં આવતી હશે એવું મારું માનવું છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓની બંને પક્ષોથી મેં ચર્ચા સાંભળી છે અને મને લાગે છે કે આનો વિસ્તૃત નિર્ણય કરવો પડે એવું દેખાય છે એટલે હાલ પૂરતો આ નિર્ણયને મુલતવી રાખવામાં આવે છે. વિગતવાર અભ્યાસ સાથેનો નિર્ણય હું પાછળથી આપીશ.

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન દોરવું છે અને આપનું માર્ગદર્શન પણ જોઇએ છે. જ્યારે પ્રશ્નોત્તરીકાળ ચાલતો હતો તે વખતે અહીંયા માનનીય મંત્રીશ્રી જીતુભાઇ જવાબ આપતા હતા તે વખતે સામેની બેન્ચ ઉપરથી જે રીતના બોલવામાં આવ્યું. કારણ કે, જે પ્રશ્ન ચાલતો હતો એનો પૂરક પ્રશ્નનો જવાબ આપતા હતા. તો સ્વાભાવિક છે કે જવાબ ના પણ હોય. તે વખતે સરકારના અધિકારી તરફથી ચિઠ્ઠી મોકલવામાં આવી. તો સામેથી વારેઘડીએ જે આ ઊભું કરવામાં આવે છે કે 'ચિઠ્ઠી આવી, ચિઠ્ઠી આવી.' એમ કરીને સરકારી અધિકારીઓને ગભરાવવા માટે આ ધંધો કરવામાં આવે છે. તો આ પ્રથા બંધ થાય અને કાયદેસર મંત્રીશ્રી એનો જવાબ અધિકારી પાસેથી મંગાવી શકે એ માટે માર્ગદર્શન જોઇએ છે.

અધ્યક્ષશ્રી : માનનીય પંકજભાઇ, આ અંગેનું માર્ગદર્શન મેં એ સમયે આપી દીધું છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ)

ગૃહ વિભાગ, કાયદા વિભાગ

ગૃહ વિભાગ

માગણી ક્રમાંક–૪૨

શ્રી હર્ષ સંઘવી(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૨,૧૪,૨૪,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૪૩

શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૦,૫૫,૬૨,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૪૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૪૪

શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩. ૨,૭૯,૨૭,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૪૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૪૪ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

કાયદા વિભાગ

માગણી ક્રમાંક– ૬૦

શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રના વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩. ૧૫,૪૩,૨૮,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની ૩.૩૨,૩૨,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૬૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૬૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી.

સન ૨૦૨૬–૨૭ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **બુધવાર, તા.૧૧/૦૩/૨૦૨૬ (ચોથો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
			ગૃહ વિભાગ **માગણી નં.૪૨**	
૧	૨૦૫૨–સચિવાલય...સેવાઓ ૦૯૦– સચિવાલય રૂ. ૨૦,૫૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પાના નં. ૧૪ અને ૧૫	૧૦૦	રાજ્યમાં અસામાજિક તત્વો સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૨	––"––	૧૦૦	રાજ્યમાં વધી રહેલા સાયબર ગુનાઓ ઉપર અંકુશ લાદવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૩	––"––	૧૦૦	પોલીસતંત્રમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીના કાયમી તજજ્ઞો પૂરતા ન હોવાથી,આઉટસોર્સીંગ તજજ્ઞોને લીધે પોલીસતંત્રની ગુપ્તતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૪	––"––	૧૦૦	રાજ્યમાં પરવાનાવાળા હથિયારના લાયસન્સની જિલ્લાવાર માહિતીજાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૫	––"––	૧૦૦	વ્યાજખોરોના ત્રાસથી વ્યાજે નાણાં લેનાર વ્યક્તિઓના આત્મહત્યાના વધી રહેલા બનાવોને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૬	––"––	૧૦૦	રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંતર્ગત સમીક્ષા બેઠકો યોજવા છતાં સ્થિતિનેસુધારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૭	––"––	૧૦૦	રાજ્યમાં ગેરકાયદેસર રીતે પ્રવેશતા દારૂ અંગે જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
૮	––"––	૧૦૦	રાજ્યમાં ગેરકાયદેસર રીતે પ્રવેશતા દારૂ, ડ્રગ્સનોપકડાયેલ જથ્થાનીવિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહીર
૯	––"––	૧૦૦	દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓને વિવિધ પ્રલોભનો આપી ધર્માંતરણ કરાવવાની ફરિયાદો છતાં યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૧૦	––"––	૧૦૦	ભૂમાફીયાનો ભોગ બનેલા પીડિતોની પોલીસ ફરિયાદો લેવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા (હેમંતભાઈ આહીર)
૧૧	૨૦૫૨–સચિવાલય...સેવાઓ ૦૯૦– સચિવાલય રૂ. ૨૦,૫૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પાના નં. ૧૪ અને ૧૫	૧૦૦	રાજ્યમાં મહિલાઓના થતાં અપહરણ,બળાત્કાર અને છેડતીના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઈ મકવાણા
૧૨	––"––		વિસાવદર અને ભેંસાણ તાલુકાના અનિર્ણિત ફોજદારી કેસોનો સમયસર નિકાલ કરાવવામાં સરકારની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઇટાલીયા
૧૩	૨૦૫૨–સચિવાલય...સેવાઓ ૦૯૨–અન્ય કચેરીઓ રૂ. ૧,૭૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૨	૧૦૦	રાજ્યમાં વર્ષો જૂના કાયદાઓમાં સાંપ્રત સમયની જરૂરીયાત મુજબના સુધારા વધારા કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઈ ઇટાલીયા

	પાના નં. ૧૬ અને ૧૭			
૧૪	--"--	૧૦૦	સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટઓથોરીટીને મળેલ ફરિયાદોની ઝડપી તપાસ કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
			માગણી નં.૪૩	
૧૫	૨૦૫૫-પોલીસ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ.૮૭,૮૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પાના નં. ૨૨ અને ૨૩	૧૦૦	અસામાજિક પ્રવૃતિઓ કરતા ઈસમો પાસેથી જપ્ત કરાયેલ રકમને સરકારી તિજોરીમાં જમા કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૧૬	--"--	૧૦૦	રાજ્યના ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ અને નાગરિકોએ રાજ્યના પોલીસ વડાને કરેલ ફરિયાદ અંગે ત્વરિત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
*૧૭	--"--	૧૦૦	ગુજરાત પોલીસ એક્ટ, ૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ બહાર પાડેલા નિયમો-હુકમોની માહિતી વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
૧૮	--"--	૧૦૦	ઉચ્ચ પોલીસ અધિકારીઓના ત્રાસની ફરિયાદો અંગે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૧૯	--"--	૧૦૦	જામીન ઉપર છૂટેલા આરોપીઓ તથા નાગરિકોની ખોટી રીતે થતી અટકાયતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૦	--"--	૧૦૦	જનરક્ષક-૧૧૨ પોલીસ વાનમાં આઉટસોર્સથી ભરતી કરાયેલા ડ્રાયવરોના લીધે પોલીસતંત્રની ગોપનીયતા જળવાતી નથી, તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૧	--"--	૧૦૦	રાજ્યના પોલીસ સ્ટેશનોમાં જપ્ત કરાયેલા વાહનો માટે પાર્કિંગની સુવિધા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૨	--"--	૧૦૦	અખિલભારતીયપોલીસસેવા તેમજ ગુજરાત પોલીસ સેવાના લાંબા સમયથી નિમણૂક માટે પ્રતિક્ષા હેઠળના અધિકારીઓને નિમણૂક આપવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૩	--"--	૧૦૦	રાજ્યમાં દારૂબંધીની ચૂસ્ત અમલવારી કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
૨૪	૨૦૫૫-પોલીસ ૧૦૧-ગુના...તકેદારી રૂ.૨,૩૭,૮૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પાના નં. ૨૫ થી ૨૯	૧૦૦	રાજ્યમાં ગુમ થયેલા બાળકો, વ્યક્તિઓ તેમજ ચોરાયેલ વાહનો, મોબાઇલ ફોનને શોધી પરત અપાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૫	૨૦૫૫-પોલીસ ૧૦૯-જિલ્લા પોલીસ રૂ.૮૨,૪૨,૯૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પાના નં. ૩૧ થી ૪૫	૧૦૦	ગાંધીનગરમાં ચ-રોડ પર થતા વાહનોના ટ્રાફિકને નિવારવા માટે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૨૬	--"--	૧૦૦	રાજ્યના મહાનગરોમાં અસામાજિક તત્ત્વો ઉપર અંકુશ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી (ઉમેશભાઇ મકવાણા)
૨૭	--"--	૧૦૦	રાજ્ય અનામત પોલીસ દળને જિલ્લાઓમાં સ્થાયી ન કરવાના કારણે બટાલીયનની મુવમેન્ટ પાછળ થતો ખર્ચો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

૨૮	--"--	૧૦૦	પોલીસ સ્ટેશનોમાં જપ્ત કરાયેલ વાહનોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
*૨૯	--"--	૧૦૦	ટ્રાફિક પોલીસ દ્વારા આમ જનતાને થતી હેરાનગતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
૩૦	--"--	૧૦૦	ટ્રાફિક સ્ટાફની ઘટ અને ફરજ પરના ટ્રાફિક સ્ટાફની નિષ્ક્રિયતાને કારણે ટ્રાફિકની સમસ્યા થાય છે જે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઈમરાન ખેડાવાલા (ગુલાબસિંહ ચૌહાણ)
૩૧	--"--	૧૦૦	ગ્રામીણ વિસ્તારમાં જનતા દ્વારા રેડ કરી દારૂ પકડવામાં આવે છે ત્યારે જે તે પોલીસ સ્ટેશનોના જવાબદાર પોલીસ સ્ટાફ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૩૨	--"--	૧૦૦	રાજ્યમાં ફટાકડાનો ગેરકાયદેસર સંગ્રહ અને વેચાણ કરનારાઓ વિરુધ્ધ પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
			માગણી નં.૪૪	
૩૩	૨૦૫૬–જેલ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૨૬,૨૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પાના નં. ૫૫ થી ૫૭	૧૦૦	જેલના કેદીઓને ગેરકાયદેસર સુવિધાઓ આપવા માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૩૪	--"--	૧૦૦	સજા પૂર્ણ થયેલ હોય તેવા કેદીઓને જેલમાંથી સત્વરે મુક્ત કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૩૫	--"--	૧૦૦	જેલમાં તેની ક્ષમતા કરતાં વધુ કેદીઓને રાખવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા
૩૬	--"--	૧૦૦	કેદીઓને જેલોમાં મળવા આવતા પરિજનો અને વકીલો માટે બેસવાની તેમજ વાતચીત કરવાની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
			કાયદાવિભાગ **માગણી નં.૬૦**	
૩૭	૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ ૧૦૨–હાઇ કોર્ટ રૂ.૩૧,૧૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૬ પાના નં. ૬ થી ૯	૧૦૦	રાજકોટ તેમજ સુરત ખાતે હાઇકોર્ટની કાયમી બેંચ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૩૮	૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ ૧૦૫–સિવિલ...કોર્ટ રૂ.૧૩,૬૫,૨૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૬ પાના નં. ૧૧ થી ૧૯	૧૦૦	મોર્નીંગ કોર્ટના કન્સેપ્ટની અમલવારી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૩૯	--"--	૧૦૦	ફેમીલી કોર્ટોમાં પડતર કેસોનું તાકીદે નિવારણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર (શ્રી જીગ્નેશ મેવાણી)
૪૦	--"--	૧૦૦	વિસાવદર તાલુકામાં સીનીયર ડિવીઝન કોર્ટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૪૧	૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ ૧૦૮–ફોજદારી કોર્ટ રૂ.૬૩,૪૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૬ પાના નં. ૨૧	૧૦૦	વિસાવદર તાલુકાની ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ તેમજ એડીશનલ કોર્ટનું મકાન બનાવવામાટેની વહીવટી મંજૂરી આપવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. આપને ૧૦ મિનિટનો સમય છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, મેં પણ એલ.એલ.બી. કર્યું છે. પણ કેરિકયુલમમાં બહુ ધ્યાન નહોતું આપ્યું.

અધ્યક્ષશ્રી : કુલ ૧૦ મિનિટ છે એમાંથી એમને કેટલી આપવાની છે એ જરા નક્કી કરીને આપજો. પછી બીજાની પાછળ કપાઇ જશે. લખીને મોકલો.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, પણ પહેલા દિવસના પહેલા લેકચરમાં એટલી સમજણ પડી ગઇ હતી કે એ.ટી.વી.ટી.ની મિટિંગમાં કોઇ ધારાસભ્યએ કદાચ છૂટો ગ્લાસ માર્યો હોય તો પણ કોઇ મૂર્ખ અને સ્પાઇનલેસ અધિકારી જ એમાં એટેમ્પ્ટ ટુ મર્ડરની કલમ લગાડી શકે. એની વે. ગૃહ વિભાગના બજેટ સંદર્ભમાં એક ખાસ વાત કરવા માગું છું. સવાલ એ થઇ રહ્યો છે કે ગાંધી અને સરદારે કોઇ દિવસ એવા ગુજરાતની કલ્પના કરી હશે કે ૩૩ જિલ્લામાં (અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે કોઇ અધિકારીએ કોને ગ્લાસ માર્યો કે પદાધિકારીએ માર્યો, કેસ થયો હોય, વકીલ છે, કાયદાની કલમોમાં જે એમના અધિકારો મળ્યા છે એમાં કેસ થતાં હોય તો કોણે કેસ કરવો, કોણે ન કરવો એ અહીંયા સભ્યશ્રી નક્કી ન કરી શકે. આ પ્રકારની વાત વાજબી નથી. માગણી ઉપર ચોક્કસ વાત કરે પણ આ પ્રકારે આપને અધિકારો મળ્યા છે. મને જે અધિકારો મળ્યા છે, મને કોઇ ગ્લાસ મારે, ગાળો દીધી હોય કે ધમકી દીધી હોય એ અધિકાર ઉપર બોલવાનો મને જ અધિકાર છે બીજા કોઇને નહીં એટલી જ વાત છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે ગાંધી અને સરદારે કોઇ દિવસ એવા ગુજરાતની કલ્પના કરી હશે કે આપણા ગુજરાતના ૩૩ જિલ્લા અને ૨૫૦ તાલુકાઓમાં જ્યારે પણ જોઇએ એટલો બેફામ દારૂ ઉપલબ્ધ હોય. ગાંધી અને સરદારે કોઇ દિવસ એવા ગુજરાતની કલ્પના કરી હશે કે બળાત્કારનો ભોગ બનેલ ૨૪૦ એવી મહિલાઓ જેના ઉપર ફરી બળાત્કાર થાય. શું ગાંધી અને સરદારે કોઇ દિવસ એવા ગુજરાતની કલ્પના કરી હશે કે ૭, ૮ કે ૧૦ વર્ષનાં બાળકો, ટીનએજર્સ એમ.ડી. ડ્રગ્સનું સેવન કરતું જોવા મળે. ગાંધી અને સરદારે કોઇ દિવસ એવા ગુજરાતની કલ્પના કરી હશે કે જ્યાં આપણી શાળા, કોલેજ, યુનિવર્સિટી અને હોસ્ટેલ સુધી ડ્રગ્સ પહોંચી ગયું. આપણા ગુજરાતની સામે ડ્રગ્સરૂપી મહાદૈત્ય વિકરાળ સ્વરૂપ ધારણ કરી જડબા ખોલીને ઊભો છે. આજે દરેક પરિવારમાં એવી ચિંતા થઇ રહી છે કે ક્યાંક આપણું બાળક કોલેજમાં, હોસ્ટેલમાં રહેનાર, યુનિવર્સિટીમાં જનાર આપણો વિદ્યાર્થી એ એમ.ડી. કે સિન્થેટિક્સ ડ્રગ્સના રવાડે તો નહીં ચડે ને? ભારત સરકારના સમાજ કલ્યાણ વિભાગનો સને ૨૦૧૯નો રિપોર્ટ મારી પાસે છે. ભારત સરકારનો આ રિપોર્ટ ઓન રેકોર્ડ એવું કહે છે કે ગાંધી અને સરદારના આપણા ગુજરાતમાં સને ૨૦૧૯માં ૧૯ લાખ ડ્રગ્સ યુઝર્સ જોવા મળ્યા. એ પૈકી ૧.૮૫ લાખ મહિલાઓ, એ પૈકી ઇન્હેલન્સ લેનાર (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ જે આંકડાઓ આપો છો એ આંકડાનું તમારી પાસે કંઇ છે?

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ રહ્યું. ભારત સરકારના સમાજ કલ્યાણ વિભાગનો ઓફિશિયલ રિપોર્ટ છે અને હાલ જ ટેબલ કરવા તૈયાર છું. પર હજાર ઇન્હેલન્સ લેનાર લોકો પૈકીના ૯૦ ટકા બાળકો છે. શોકિંગ વસ્તુ એ જોવા મળી કે આપણા દેશમાં ૧૦૦માંથી ૭.૮૧ બહેનો ડ્રગ્સનું સેવન કરે છે એની સામે ગુજરાતમાં ૧૦૦માંથી ૯.૮૧ મહિલાઓ ડ્રગ્સનું સેવન કરતા જોવા મળી. એટલે રાષ્ટ્રીય એવરેજ કરતાં આપણા ગુજરાતમાં અનફોર્ચ્યુનેટલી બહેન, દીકરીઓ, માતાઓમાં ડ્રગ્સનું સેવન વધી ચૂક્યું છે. ભારત સરકારનો આ રિપોર્ટ છે એમાં કેટેગરી આપી છે અફીણ, હેરોઇન અને ફાર્માસ્યુટિકલ્સ. મતલબ કે ગુજરાતમાં જે લોકો ડ્રગ્સનું સેવન કરતા જોવા મળ્યા એ પૈકીના હજારો લોકો એ ગુજરાતની ફાર્માસ્યુટિકલ કંપનીઓ દ્વારા પેદા કરવામાં આવતા નશાકારક દ્રવ્યનું સેવન કરતા જોવા મળ્યા. સવાલ એ થાય છે કે સને ૨૦૧૯માં સમાજ કલ્યાણ વિભાગ, ભારત સરકારે જ્યારે રિપોર્ટ આપીને કહ્યું કે ૧૯ લાખ લોકો ડ્રગ્સનું સેવન કરી રહ્યા છે. આજે સને ૨૦૨૬માં આપણે ઊભા છીએ. એ એવરેજ પ્રમાણે ગુજરાતમાં ઓછામાં ઓછા આજે ૨પથી ૩૦ લાખ લોકો ડ્રગ્સનું સેવન કરતા હોવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ એમને કેટલી મિનિટ ફાળવી છે?

શ્રી શૈલેષ મ. પરમાર : (બેઠાં બેઠા) સાત મિનિટ.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ પછી પણ જે ફાર્માસ્યુટિકલ કંપનીઓ આ નશાકારક પદાર્થો પેદા કરી રહી છે એમનું આઇડેન્ટીફિકેશન નથી કરવામાં આવ્યું કે કોઇ એકશન લેવામાં નથી આવ્યા. કોઇ ખુલાસા માગવામાં આવ્યા નથી. એટલું જ નહીં આ રિપોર્ટની અંદર બીજી ચોંકાવનારી બાબત એવી છે કે ૧.૩૦ લાખ..

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : ગુજરાતમાં ડ્રગ્સના એડિક્ટસ એટલા ભયંકર પરિસ્થિતિમાં મૂકાઇ ચૂકયા છે કે તાબડતોબ તાત્કાલિક અસરથી તેમનું ડિએડિકશન કરવાની જરૂર છે પરંતુ આપણાં ગુજરાતમાં, આ ગુજરાતની સરકાર દ્વારા આજની તારીખે વર્ષે ફકત ૩ હજાર લોકોનું જ ડિએડિકશન થઇ રહ્યું છે. અંદાજિત આંકડો ૨પથી ૩૦ લાખ ડ્રગ યુઝર્સની સામે રીહેબિલિટેશન થઇ રહ્યું છે ફકત ૩૦૦ લોકોનું. આ ગતિએ જો ગુજરાત ચાલતું રહ્યું તો ગુજરાતને ડ્રગ્સ મુકત કરતા ૬૫૦ વર્ષ થાય. ૭૨ હજાર કરોડનું ડ્રગ્સ અંદાજિત ગુજરાતના દરિયાકાંઠે પકડાયું આપણે ડ્રગ્સના પેડલરને પકડીએ છીએ સારી બાબત

છે. ડ્રગ્સ યુઝર્સને પકડીએ છીએ પણ આ આખા કાળા કારોબારનો કિંગપીન કોણ? જે ૭૨ હજાર કરોડનું ડ્રગ્સ આપણી કોસ્ટ લાઇન ઉપર આવ્યું તેને ગુજરાતનો, દેશનો કયો માણસ તેનો ઓર્ડર કરી રહયો હતો. ઓર્ડર કર્યા બાદ તેણે પેમેન્ટ કર્યું કે કેમ? અને પેમેન્ટ કર્યું તો તેનું મોડ ઓફ પેમેન્ટ શું હતું? કેશથી પેમેન્ટ કર્યું, ચેક આપ્યો, હવાલો પાડયો, where is the financial trail? એટલે આજદિન સુધીમાં ગુજરાતની સરકાર ડ્રગ્સના પેડલરને, યુઝર્સને પકડી શકી છે, એક પણ માફિયા, કિંગપીન કે ડ્રગ્સનો ઓર્ડર કરનારા માણસોને પકડી શકી નથી. દારૂની પરિસ્થિતિ એવી ગંભીર છે. ૨૮ કિસ્સામાં બુટલેગરોએ ગુજરાતની પોલીસને મારી મારીને તોડી નાંખી. સુરેન્દ્રનગરમાં એક પી.આઇ.નું મર્ડર કરવામાં આવ્યું. આપણા ગાંધી અને સરદારના ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓ, બુટલેગરો કોના આશીર્વાદથી આટલા છાટકાં બન્યાં છે? કોણ છે એ જે ગુજરાતની વર્તમાન પેઢીમાં તેમની ધમની અને શિરામાં ડ્રગ્સ ઘૂસાડી રહ્યું છે. આ સવાલ ગુજરાતની સાડા છ કરોડની જનતા વતી અમે પૂછી રહ્યા છીએ. આજે સવાલ થઇ રહ્યો છે કે એક ઘટનાની અંદર ૪૦ દિવસમાં બળાત્કાર અને પીડિતાનું કન્વિકશન થયું, પણ ૨૪૦ જેટલી દીકરીઓ એવી છે કે જેની ઉપર રેપ થયા બાદ ફરી વખત તેની ઉપર રેપ થયો. આ દીકરીઓના કેસમાં એક વર્ષમાં ફાસ્ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને ન્યાય અપાવવા માગો છો કે કેમ? આનો ગૃહ મંત્રીશ્રી મારી વાતને રિસ્પોન્ડ કરે ત્યારે જવાબ આપે.

ઉપાધ્યક્ષશ્રી : બધાને નિયમોના નિયમ મુજબ પ્રોરેટા મુજબ મિનિટ ફાળવેલી છે. અહીંયા ૧ કલાક અને ૪૪ મિનિટનો રેકર્ડ છે. (અંતરાય) પોલિટિકલ ઓબ્ઝર્વેશન આવશે એટલે પોલિટિકલ જવાબ આવશે તે કન્સીડર કરો. (અંતરાય) આપ બેસો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આઠ જ મિનિટ થઇ.

ઉપાધ્યક્ષશ્રી : સાત જ મિનિટ ફાળવવાનું કહ્યું છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ તો જીતુભાઇ બોલ્યા.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમીતભાઇએ જયારે વાત કરી છે ત્યારે આપને કોના પોઇન્ટ ઓફ ઓર્ડર માટે અથવા તો જે વિધાનસભામાં બોલવાનું ના હોય એ શબ્દો માત્ર મેં વિનમ્રતાથી કહ્યું.

ઉપાધ્યક્ષશ્રી : આ બધી સેકન્ડોની વાત હતી આપ બેસો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સેકન્ડો નહીં અહીંયા જેટલી પણ ચર્ચા થાય તે આપે એલાઉ કર્યા હોય તે આપના અધિકાર ક્ષેત્રમાં આવે છે એટલે તમે એલાઉ કર્યા છે. એ પ્રકારની મિનિટો કયારેય આમાં જ કપાય છે અને અમારી પણ ભૂતકાળમાં કપાયેલી છે, આજે પણ કપાશે. (અંતરાય) એક મિનિટ હું મારી વાત પૂરી કરી દઉં. આમાં હજુ કપાશે.

ઉપાધ્યક્ષશ્રી : બે મિનિટ નથી થઇ. આપ રેકોર્ડ જોઇ લેજો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને કલાક પણ બોલવા દેવાનો અધિકાર છે. આજે પોઇન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા થઇ તો આખા દિવસનું આપણું જે કામકાજ સલાહકાર સમિતિએ નક્કી કર્યું હોય તો તેમાં મિનિટો કપાય કારણ કે અધ્યક્ષશ્રીએ બધાને સંતોષ થાય એવી રીતે વાત કરી. આ વિધાનસભાની પ્રણાલી છે અને માનનીય અધ્યક્ષશ્રીએ એલાઉ કર્યા હોય અને માનનીય અધ્યક્ષશ્રીએ ચર્ચા કરવા દેવા માટે કેટલો સમય આપવો એ પણ માનનીય અધ્યક્ષશ્રીનો વિષય છે તે કોઇ સભ્યશ્રીનો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે આપ જે ટાઇમ કહો છો તે પરફેકટ ટાઇમ હશે તેમાં અમને વાંધો ના હોઇ શકે. અમે સામે જે ઘડિયાળ બતાવે છે તેમાં અમે ટાઇમ આધારિત કહીએ છીએ. એટલે અમે જે કહ્યું કે સાડા છ મિનિટ જ થયેલી છે સાત મિનિટ પૂરી નથી થઇ એટલે આ ટાઇમ અને પેલો ટાઇમ સાથે સેટ થઇ જાય તો આ પ્રશ્ન ભવિષ્યમાં ઊભો નહીં થાય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે તેમને સાત મિનિટ ફળવાઇ હોય તો તેનો અધિકાર છે...

ઉપાધ્યક્ષશ્રી : આમાં સાડા છ મિનિટની વાત નથી, જે જીતુભાઇનો સમય હતો એટલો જ સમય ગણાય એટલે બીજો સમય ન ગણાય. સતત અંતરાય..)

ઉપાધ્યક્ષશ્રી : મેં જોયું છે. ૮ મિનિટ થઇ છે એટલે પ્રશ્ન રહેતો નથી. માનનીય સભ્યશ્રી વિનોદભાઇ મોરડીયા... (અંતરાય) હવે મેં કહી દીધું છે ... માનનીયશ્રી વિનોદભાઇ મોરડીયા આપનું પ્રવચન શરૂ કરો.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી માગણી નં. ૪૨ અને ૪૩ લઇને આવ્યા છે એની ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું અને એના સમર્થન માટે ઊભો થયો છું. જે પ્રકારે આખા ગુજરાતમાં દેશની અંદરથી જે પ્રવાહ અન્ય રાજયોમાંથી જે લોકો આવી રહ્યા છે અને ગુજરાતના (અંતરાય)

(આ તબક્કે શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી, શ્રી વિમલભાઇ ઊભા થઇને બહાર જતા)

ઉપાધ્યક્ષશ્રી : બધા બેસો. શ્રી વિમલભાઇ, તમે રૂલિંગ પાર્ટીના કોઇ સદસ્ય બોલતા હોય ત્યારે વચ્ચેથી પસાર થાવ એ યોગ્ય નથી. વારંવાર મારે આ કહેવું પડે છે. એમને પણ બોલાવો. જો આવી રીતે સભ્ય બોલતા હોય અને વચ્ચેથી ઉઠીને જાય એ યોગ્ય નથી. બીજું કોણ હતું સાથે? કોઇ સદસ્ય બોલતા હોય અને વચ્ચેથી પસાર થાવ એ યોગ્ય નથી, એ અગાઉ પણ મેં કહ્યું છે. આપ બેસો. (અંતરાય) ના કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી બનતો. શ્રી વિનોદભાઇ, આપ બેસો. કોઇપણ

સદસ્ય બોલતા હોય વચ્ચેથી પસાર થવું નહીં. સભા સંચાલનના આપ તો જાણકાર છો. આપને મારે કહેવાનું ના હોય. (અંતરાય) એ બીજી વાત છે, આપણે એ વાત કરીશું, પણ અત્યારે જે વાત છે તે તમે એક સદસ્ય બોલતા હતા ત્યારે વચ્ચેથી પસાર થવું એ યોગ્ય નથી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે કોઈપણ મંત્રીશ્રી પોતાની જયારે માગણી લઈને આવતા હોય છે અને માગણી પણ લોકોના હિતમાં હોય છે તો ત્યારે ચોક્કસ ગૃહમાંથી એવી લાગણી હોય છે કે એ મંત્રીશ્રી અહીંયા હાજર, ઉપસ્થિત રહે. (અંતરાય) માનનીય ગૃહમંત્રી પણ અહીંયા ઉપસ્થિત નથી. ગૃહમંત્રીની માગણી નં. ૪૨ રજૂ કરવામાં આવી છે. સાથોસાથ માગણી નં. ૪૩ પણ રજૂ કરવામાં આવી છે અને કાયદા વિભાગની માગણી નં. ૪૪ ની માગણી પણ અહીં રજૂ કરવામાં આવી છે તો સાથોસાથ કાયદા મંત્રી પણ અહીંયા હાલમાં ઉપસ્થિત જોવા મળતા નથી તો આપને વિનંતી કરું કે બંને મંત્રીઓ આ માગણી ઉપરની ચર્ચામાં ખાસ હાજરી આપે તેવી વિનંતી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી દ્રષ્ટિએ આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી એટલા માટે કે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો છે કે કોઇપણ મંત્રીશ્રી અહીં માગણીઓ હોય કે ચર્ચા હોય ત્યારે તેનો હવાલો ઘરાવતા માનનીય મંત્રીશ્રી હાજર ના હોય તો ટ્રેઝરી બેંચના કોઇપણ મંત્રીશ્રી હાજર હોવા જોઇએ. આ આપનો નિર્ણય છે એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રકારે આગળ વાત દોહરાવી એ રીતે ગુજરાતની અંદર આખાયે દેશમાંથી લોકો આ સમૃદ્ધ ગુજરાત અને વિકસિત ગુજરાતની અંદર તમામ દેશના લોકોની એવી ઇચ્છા હોય છે કે ગુજરાતમાં જઇને આપણે કંઇક પ્રગતિ કરીએ. આ પ્રગતિના કારણે અનેક રાજયોમાંથી જયારે નાગરિકો અહીં વ્યવસાય માટે આવે છે, રોજગારી માટે આવે છે ત્યારે કાયદો અને વ્યવસ્થા પણ એટલી જ એના માટે અગત્યની બની જાય છે. છેલ્લાં ૨૫ વર્ષની અંદર જે પ્રકારે ગુજરાત અને ગુજરાતના લોકોએ પ્રગતિ અને સમૃદ્ધિ હાંસલ કરી છે એના કારણે વાહનોની વ્યવસ્થા પણ એટલી જ વધી છે. જેટલી પબ્લિક વધે એ જ પ્રકારે કાયદો વ્યવસ્થા સાચવવી એટલી જ મહત્ત્વની બની જાય છે અને એટલા માટે કાયદો વ્યવસ્થા સાચવવવામાં ગુજરાત પોલીસ હંમેશા અગ્રેસર રહી છે. એનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતમાં આવનારા ઉધોગો છે. જ્યાં શાંતિ અને સલામતી હોય ત્યાં ઉધોગકારો હંમેશા વસતા હોય છે અને ઉધોગો સ્થાપતા હોય છે. એના માટે જે સાધન-સામગ્રી જોઇએ એના માટેની વ્યવસ્થા આ રાજય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. ૩.૧૪ હજાર કરોડનું બજેટ તો ફાળવ્યું છે પરંતુ માગણીઓ લઇને આવ્યા છે ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં રાજય સરકારે ૧૩,૩૩૩ પોલીસ જવાનોની ભરતી કરી. એમાં લગભગ ૪૭૨ જેટલા બિન હથિયારી પી.એસ.આઇ.ની પણ ભરતી કરી અને હજી ચાલુ વર્ષે રાજય સરકાર બીજા ૧૩૨૮૦ જવાનોની ભરતી કરવા જઇ રહી છે. એમાં પણ લગભગ ૩૩૦૨ જેટલા હથિયારધારી કૉન્સ્ટેબલની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ રાજય જયારે આટલું બધું સમૃદ્ધ બન્યું છે ત્યારે અને નાણામંત્રી જયારે આટલું મોટું બજેટ ફાળવે છે ત્યારે દેશ અને દુનિયાના ફ્રોડ કરનારા લોકોની પણ નજર એની પર હોય છે. એના માટે પણ આ રાજય સરકાર અને ગૃહ વિભાગ એક પગલું આગળ વધીને એની પર નજર રાખી રહ્યો છે. જેમ એ.આઇ.ના ફાયદા અને ગેરફાયદા હોય છે એમ તેનો ગેરફાયદો લેવાવાળા પણ આ રાજયમાં વધવાના છે. એના અગમચેતીના પગલાંરૂપે ૨૭૫૭ જેટલા ટૅકનિકલ અને અન્ય સંવર્ગના નિષ્ણાતોની પણ નિમણૂક કરવામાં આવી છે. જે પોલીસદળને વધુ આધુનિક અને સ્માર્ટ બનાવશે. શાંતિ, સલામતી અને સુરક્ષાની નેમ સાથે રાજય સરકારની આ સઘન ભરતી પ્રક્રિયા પાછળનો મુખ્ય ઉદ્દેશ માત્ર આંકડાઓ પૂરતો નથી. હમણાં ડ્રગ્સની વાત થઇ. આ રાજયની પોલીસ આજથી ૩૫ વર્ષ પહેલાં જે રીતે કામ કરતી હતી એના કરતાં અત્યારે ઘણી સારી રીતે કામ કરે છે. સુરતમાં વર્ષ ૨૦૨૪માં ૫૮ જેટલા કેસ કરી ૧૬૩ જેટલા આરોપીઓને જેલના હવાલે કર્યા છે. વર્ષ ૨૦૨૫માં ૨૧૧ કેસો કરી ૩૦૮ જેટલા આરોપીઓને સુરત પોલીસે જેલના હવાલે કર્યા છે. પોલીસ ફક્ત જેલના હવાલે કરવાનું કામ નથી કરતી પણ જે યુવાનો અને નાના બાળકો ડ્રગ્સમાં ફસાઇ ગયા હોય એને સુધારવાનું કામ પણ આ પોલીસ કરી રહી છે. સુરતમાં ધંધા માટે અન્ય રાજયોમાંથી ખૂબ લોકો આવે છે ત્યારે શહેરમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવીને સુરતને સ્માર્ટ સિટી બનાવવાનું કામ સુરત પોલીસે અને ગૃહ વિભાગે કર્યું છે. એનાથી એ ફાયદો થયો છે કે ગણતરીના કલાકોમાં સુરત પોલીસે આરોપીઓને પકડ્યા છે. કોઇ લૂંટ થાય કે અનિચ્છનીય ઘટના બને તો એને સુરત પોલીસે પકડીને જેલના હવાલે કર્યા છે. અત્યારે જે અન્ય પક્ષના લોકો અહીં વાત કરે છે એમની સરકારમાં પોલીસમાં ફરિયાદ આપવા જઇ શકાતું નહોતું. તેમની સરકારમાં મારામારી અને ધમકીઓ આવતી હતી અને આજની તારીખમાં પોલીસ તેને સામે બેસાડીને ગુનો દાખલ કરીને આ ગુંડાઓને જવાબ આપવાનું કામ કરે છે. આ શ્રી કાન્તીભાઇ ખરાડી વારંવાર પાછળ જોયા કરે છે. તેમની સરનેમ ખરાડીની જગ્યાએ ખલેલ પાડી દેવી જોઇએ.

શ્રી અમિત શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આ પવિત્ર ગૃહમાં ગૃહ વિભાગની માગણી ક્રમાંક-૪૨ અને ૪૩ના સમર્થનમાં મારી વાત રજૂ કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ મજબૂત કરવા ગૃહ વિભાગ માટે ૩.૧૪,૨૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ જોગવાઇ એ ખર્ચ નથી પરંતુ સુરક્ષામાં કરેલું રોકાણ છે. રાત-દિવસ કામ કરતાં પોલીસ કર્મચારીઓ માટે પાંચ વર્ષમાં ૨૦ હજાર રહેણાંક બનાવવા માટે જોગવાઇ કરવામાં આવી છે. આપાતકાલીન સમયે લોકોને તાત્કાલિક ઝડપી સહાય મળી શકે તેના માટે ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટમાં ત્રણ

હજારની ભરતી કરવાની છે અને તેનાથી ૮ મિનિટમાં સહાય મળી જાય તેવો પ્રયત્ન કરવાનો છે. ગુજરાત એ માત્ર વિકાસનું મૉડલ નથી પરંતુ ગુજરાત એ સંસ્કાર અને સંકલ્પનો પ્રદેશ છે. આ રાજ્ય ઉપર જો સૌથી મોટો કોઇ ખતરો હોય તો તે ડ્રગ્સનો છે અને તે એક એવું ઝેર છે કે જે યુવાનોનું ભવિષ્ય છીનવી લે છે. આથી ગુજરાત સરકારે શ્રી ભુપેન્દ્રભાઇ અને શ્રી હર્ષભાઇના નેતૃત્વમાં ડ્રગ્સની બાબતમાં ઝીરો ટોલરન્સ નીતિ અપનાવીને એક કડક સંદેશો આપેલો છે. ડ્રગ્સ મુક્ત ગુજરાત એ અમારી સરકારનો સંકલ્પ છે. સરકાર યુવાધન બચાવવા માટે ગુજરાતને ડ્રગ્સમુક્ત બનવા માટે માફિયાઓ સામે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવી રહી છે. ડ્રગ્સના દૂષણને ડામવા માટે રાજ્યની પોલીસ અત્યંત કડક રીતે કામ કરી રહી છે. એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ રેકોર્ડ બ્રેક જમી અને આંકડાકીય સિદ્ધિ મળેલી છે. જેના બે વર્ષના આંકડા જોઇએ તો એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ૧૬૪૬ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. પોલીસે જાનના જોખમે કામગીરી કરીને રૂ.૩,૭૨૭ કરોડની માતબર રકમની કિંમતનો ૪૦,૮૧૫ કિ.ગ્રા. જેટલો ડ્રગ્સનો જથ્થો પકડી પાડેલ છે. જે ખૂબ મોટી સિદ્ધિ છે. વર્ષ ૨૦૨૩માં પોલીસ વિભાગ દ્વારા ૧૪ મોબાઇલ ડ્રગ ટેસ્ટિંગ એનેલાઇઝર ખરીદવામાં આવ્યા છે. આ એનેલાઇઝર ડ્રગનું સેવન કરેલ વ્યક્તિઓનો રસ્તા ઉપરથી જ રેપિડ ડ્રગ ટેસ્ટ કરી શકાશે. કેન્દ્રએ એક રિવૉર્ડ પૉલિસી જાહેર કરી હતી અને દેશમાં ગુજરાત એ પહેલું રાજ્ય હતું કે જેણે રિવૉર્ડ પૉલિસીનો અમલ કર્યો. આ પૉલિસીના અમલ હેઠળ ૯૫૦ પોલીસ કર્મચારીઓ અને બાતમીદારોને રૂપિયા સાડા પાંચ કરોડથી વધુ રકમ ચૂકવવામાં આવી છે. ગુનેગારો સામે કડક કાયદાકીય પગલાં લેવા અને ડ્રગ્સનું નેટવર્ક ચલાવવા માટે વારંવાર આવા ગુના હેઠળ પકડાયેલા માથાભારે તત્ત્વો સામે પી.આઇ.ટી.એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. છેલ્લાં બે વર્ષમાં આવા ૮૯ આરોપીઓની અટકાયત કરી તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. યુવાધનમાં આ બાબતે જાગૃતિ રહે તેના માટે માસ અવેરનેસ પ્રોગ્રામ પણ કરવામાં આવી રહ્યા છે. જેમાં ૧૭ લાખથી વધુ લોકોએ ભાગ લીધેલો છે. છેલ્લાં પાંચ વર્ષના આંકડા જોઇએ તો ૩,૧૮૧ કેસ નોંધાયા છે અને ૧,૧૮,૬૫૯ કિ.ગ્રા. જેટલો મુદ્દામાલ પ્રાપ્ત થયો છે. જેની માતબર કિંમત રૂ.૧૨,૯૨૭ કરોડ જેટલી થાય છે. આ માત્ર આંકડા જ નથી. ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા છે. મારા મિત્ર બૂમો પાડીને ગયા. પકડાયા નથી, પકડાયા નથી. અમે તો બધાને પકડીને જેલમાં પૂરી દીધા છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રી કોઇને છોડવાના મૂડમાં જ નથી. માદક દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર સામે લડવા માટે ગુજરાત સરકારે નાર્કોટિક્સ રિવૉર્ડ પૉલિસીની એક નવી પહેલ કરી છે અને તેમાં ગુજરાત સરકાર દ્વારા માહિતી આપનારા બાતમીદારો અને પોલીસને રિવૉર્ડ આપવામાં આવે છે. આ રિવૉર્ડ હેઠળ ૩૫ ગુનાઓમાં ૯૪૬ પોલીસ અધિકારી/કર્મચારીઓને રૂ.૪ કરોડ ૬૬ લાખથી વધુ ઇનામ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત આ માહિતી આપવામાં ખાનગી બાતમીદારોનો ઉપયોગ કરીને રૂ.૮૬ લાખ જેટલી માતબર રકમ બાતમીદારોને આપવામાં આવી છે. એમ કુલ રૂપિયા ૫ કરોડ ૫૨ લાખની રકમ ચૂકવવામાં આવી છે. આ સ્પષ્ટ દર્શાવે છે કે ગુજરાત સરકાર કાર્યવાહી કરતી નથી પરંતુ ડ્રગ્સના વેપાર સામે લડનાર દરેક હાથને મજબૂત પણ બનાવે છે. કારણ કે, ડ્રગ્સ સામેની આ લડાઇ માત્ર કાયદાની નથી. આ આપણા યુવાધનના ભવિષ્યને બચાવવાની લડાઇ છે અને આ લડાઇમાં ગુજરાત સરકાર કોઇપણ કિંમત પર સમાધાન નહીં કરે. રાજ્યમાં માદક દ્રવ્યો સામે લડત વધુ મજબૂત બનાવવા માટે હેલ્પલાઇન વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. માનસ હેલ્પલાઇન-૧૯૩૩ અને રાજ્ય નાર્કોટિક્સ હેલ્પલાઇન-૧૯૦૮ દ્વારા આજદિન સુધી ૧૯૬ ઇનપુટ પ્રાપ્ત થયા છે. જેમાંથી ૯ ગુનાઓ શોધવામાં સફળતા મળી છે. ડ્રગ્સના કેસોમાં મજબૂત તપાસ અને ફોરેન્સિક સપોર્ટના કારણે વર્ષ ૨૦૨૫માં કન્વિક્શન રેટ ૬૭ ટકા સુધી પહોંચ્યો છે, જે ખૂબ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. ગુજરાત પોલીસને ડ્રગ્સ નેટવર્ક સામે અનેક મહત્ત્વપૂર્ણ સફળતાઓ પણ પ્રાપ્ત થઇ છે. કચ્છ જિલ્લામાં દરિયાઇ પેટ્રોલિંગ દ્વારા છેલ્લા બે વર્ષમાં ૧૯૮ કિલોગ્રામ ચરસ જપ્ત કરવામાં આવી છે જેની કિંમત અંદાજે રૂ.૫૧ કરોડ થાય છે. એ.ટી.એસ. દ્વારા કંડલા નજીકથી ૧૩ કિલોગ્રામ કોકેઇન જપ્ત કરવામાં આવ્યું. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત લગભગ રૂ.૧૩૦ કરોડ થાય છે. અમદાવાદ શહેર એસ.ઓ.જી. દ્વારા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરી ૨૨ કિલો હાઇડ્રોપોનિક ગાંજો સાથે આરોપીઓને ઝડપવામાં આવ્યા, જેના તાર બેંગકોક સુધી જોડાયેલા હતા. આ ઉપરાંત ડ્રગ્સના ગુનામાં સંકળાયેલા આરોપીઓના ગેરકાયદેસર કબજો અને બાંધકામો પણ દૂર કરવામાં આવ્યા છે. સાથે-સાથે એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા પણ કાર્યવાહી કરીને ગાંજો, કફ સીરપ અને અન્ય માદક પદાર્થો સાથે આરોપીઓને ઝડપવામાં આવ્યા છે. આ તમામ કામગીરી દર્શાવે છે કે ગુજરાત સરકાર અને પોલીસ ડ્રગ્સ સામે માત્ર કાર્યવાહી જ નથી કરતી, પરંતુ સમગ્ર નેટવર્કને મૂળથી સમાપ્ત કરવાની દિશામાં કાર્યરત છે. ડ્રગ્સ સામેની આ લડાઇ માત્ર કાયદાની લડાઇ નથી. આ આપણા યુવાધનના ભવિષ્યને બચાવવાની લડાઇ છે. ગુજરાત પોલીસ, ગૃહ વિભાગ અને રાજ્ય સરકાર આ લડાઇમાં સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહ્યા છે. કારણ કે, જ્યાં ડ્રગ્સનો વેપાર ફેલાય છે ત્યાં ભવિષ્ય નાશ પામે છે અને જ્યાં કાયદો મજબૂત ઊભો રહે છે ત્યાં સમાજ સુરક્ષિત બને છે. ગુજરાતે નક્કી કર્યું છે કે ડ્રગ્સ માટે ગુજરાતમાં કોઇ સ્થાન નથી. ગુજરાતનું યુવાધન નશામુક્ત, સુરક્ષિત અને શક્તિશાળી રહેશે. વંદે માતરમ્.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના આ ગૃહમાં રાજ્યની કાયદો અને વ્યવસ્થાની માગણી લઇને માનનીય ગૃહ મંત્રીશ્રી આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાષ્ટ્ર કે રાજ્યનો પાયો એની શાંતિ અને સુરક્ષા પર હોય છે. આ ગુજરાત સરકાર માટે મારે ગર્વથી કહેવું પડે કે, આ ગુજરાત સરકારમાં શાંતિ, સલામતી અને સુશાસનનું ઉત્તમ ઉદાહરણ આજની આ ભુપેન્દ્રભાઇ

અને હર્ષભાઇના નેતૃત્વવાળી સરકાર પૂરું પાડી રહી છે. સભાગૃહમાં વિરોધપક્ષમાંથી અનેક સભ્યોએ અનેક નેગેટિવ બાબતો, રાજ્યસરકારની ટીકાઓ તથા કાયદો અને વ્યવસ્થા પર અનેક સવાલો ઊભા કર્યા છે, ત્યારે સભાગૃહ સમક્ષ રાજ્ય સરકારની પ્રબળ ઇચ્છાશક્તિની વાત કરું તો, ગુનેગારો માટે ઝીરો ટોલરન્સની નીતિ આ સરકારની છે. ગુનેગારો માટે આ સરકારમાં કોઇ જ સહનશીલતા નથી. આજની સરકાર ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કોઇપણ પ્રકારનું સમાધાન કરતી નથી. આ રાજ્યનો વિકાસ એ કાયદો અને વ્યવસ્થા, પોલીસતંત્ર, શાંતિ અને સલામતીને આભારી છે. આપણા ન્યાયાલયની વાત કરું તો, આજના ન્યાયાલયો એ બંધારણીય મૂલ્યોનું જતન કરતા સાચા મંદિરો છે. રાજ્યના છેવાડાના નાગરિકોને ઘરઆંગણે સુલભ અને ઝડપી ન્યાય મળે અને છેવાડાનો નાગરિક ન્યાયથી વંચિત ના રહે તેના માટે રાજ્ય સરકારનો દૃઢ સંકલ્પ છે. રાજ્યના લોકોની સુખાકારી તેમજ બંધારણીય હક્કો માટે નવા કાયદા ઘડવા અને છેવાડાના માનવીને સુલભ અને ઝડપી ન્યાય મળી રહે તે માટે રાજ્ય સરકારે દરેક જિલ્લા અને તાલુકા મથકે ન્યાયાલયો બનાવ્યા છે. આ સરકારનો મૂળ મંત્ર છે, સૌનો સાથ સૌનો વિકાસ અને સૌને ન્યાય. એના માટે રાજ્ય સરકારે પાયાની મૂળભૂત જરૂરિયાતો, માળખાકીય સુવિધાઓ અને ન્યાયાધીશોની નિમણૂકો માટે બજેટમાં ઉત્તરોત્તર ફાળવણી કરી છે. હમણાં મારા સાથી ધારાસભ્યશ્રી મહિલાની સુરક્ષાની વાતો કરતા હતા. આખા દેશમાં ગુજરાત પ્રચલિત છે કે ગુજરાતની મા, બહેન, દીકરીઓ રાત્રિના ૧૨ વાગ્યે કે ૨ વાગ્યે પણ મુક્તપણે ફરી શકે છે એ પ્રકારના કાયદાનું શાસન આ ગુજરાતમાં છે. એમણે બળાત્કાર અને નેશનલ આંકડાની વાત કરી ત્યારે ગુજરાતમાં પોક્સો હેઠળની જે ફરિયાદો મળી એમાં આંકડાની વાત કરું તો પોક્સો હેઠળના ગુનાઓમાં ૯૨ ટકા કેસોમાં નિયત મર્યાદામાં ચાર્જશીટ કરવામાં આવી છે. આના માટે ગુજરાત પોલીસને અભિનંદન આપવા પડે. ગુજરાત દેશમાં અગ્રેસર છે. મારે કેટલાક કિસ્સાઓ ટાંકવા છે. આપણે સુરતનો કિસ્સો યાદ કરવો પડે. જ્યાં એક માસૂમ બાળકી ઉપર અત્યાચાર થયો ત્યાં આપણી સતર્ક પોલીસે સાત જ દિવસમાં ચાર્જશીટ કરી અને નામદાર કોર્ટે સત્યાવીસ દિવસમાં જ એ નરાધમને ફાંસીના માંચડે ચડાવ્યો. ગુજરાતની આ કાયદો વ્યવસ્થાની વાત કરવી છે. રાજકોટ અને અમદાવાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે ૬૦થી ૯૦ દિવસમાં આજીવન કેદ કે ફાંસીની સજાના અનેક ઐતિહાસિક હુકમો કર્યા છે. આ સાબિત કરે છે કે ગુજરાતમાં દીકરીઓ ઉપર કુદૃષ્ટિ કરનારા સામે રાજ્યની પોલીસ અને કાયદા તંત્ર ખૂબ ગંભીર છે. રાજકોટનો એક કિસ્સો યાદ કરવો પડે. જ્યાં ૪૩ દિવસમાં ચુકાદો આવ્યો હતો. સાત વર્ષની એક બાળકી ઉપર દુષ્કર્મના કેસમાં આરોપીને ૧૧ દિવસમાં પકડી લેવામાં આવ્યો અને કોર્ટે માત્ર ૪૩ દિવસમાં મોતની સજા સંભળાવી. આ શું બતાવે છે? ગુજરાતમાં આ ન્યાય માટેનું મહત્ત્વપૂર્ણ ઉદાહરણ છે કે ન્યાય પ્રક્રિયા કેટલી ઝડપથી થાય છે. સાબરકાંઠાનો એક કિસ્સો કહું તો, સુરત, સાબરકાંઠા દુષ્કર્મ કેસોમાં રાજ્ય સરકારે ફાસ્ટ ટ્રેક કોર્ટો બનાવી તથા ઝડપથી ન્યાય કરવાની વ્યવસ્થા કરી. આ નિર્ણય લોકોમાં વિશ્વાસ વધારવા માટેનો હતો. સરકારે સાબરકાંઠા કેસ પછી તરત જ ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવીને સ્પષ્ટ સંદેશો આપ્યો કે મહિલાઓ સામેના ગુનાઓમાં રાજ્ય સરકાર કોઇ સહનશીલતા રાખવા માગતી નથી. વલસાડનો એક કિસ્સો જણાવું તો જ્યાં દુષ્કર્મના કેસમાં આરોપીઓને મૃત્યુદંડની સજા આપી અને કડક કાર્યવાહી કરવાનું ઉત્તમ ઉદાહરણ આપણી રાજ્ય સરકારે આપ્યું છે. ન્યાયતંત્રમાં ઝડપથી ચુકાદામાં માત્ર કોર્ટની નહીં પરંતુ પોલીસની પણ એટલી જ જવાબદારી છે અને પોલીસ પણ એટલી જ વાહવાહીના અધિકાર છે. આપણે ગુજરાત પોલીસની ખામીઓ કાઢીએ છીએ. આંકડા આપીએ છીએ. અહીંયા એવું કહેવામાં આવે છે કે ડ્રગ્સ આટલું પકડાયું પણ એ ડ્રગ્સ પકડવાની પ્રબળ ઇચ્છાશક્તિની સામેના સવાલો ઊભા થાય છે. પકડાયું પણ પકડ્યું કોણે? તો આપણી પોલીસે પકડ્યું. આ ગુનેગારોને સજા આપી પણ એમને ઝડપથી પકડ્યા કોણે? આપણી પોલીસે પકડ્યા. એમની સામે ઝડપથી ચાર્જશીટ કોણે કરી?તો આપણી પોલીસે કરી. જે પોલીસ રાત્રિના ૧૨ વાગ્યે ખડેપગે ઊભી હોય એ પોલીસ ઉપર જ સવાલો ઊભા થાય ત્યારે મને ઘણીવાર એવું થાય કે વિરોધપક્ષના નેતાઓને ફક્ત વિરોધ કરવો છે. એમણે એ દિવસો યાદ કરવા પડે કે, આ જ ગુજરાતમાં અનેક એરિયાઓ ભાઇ લોકોના નામથી ઓળખાતા. એમણે એ દિવસો યાદ કરવા પડે કે, આખા ગુજરાતની કાયદો અને વ્યવસ્થામાં કલમ–૩૦૨ના ગુનેગારો સામે કેસ કરતાં પણ લોકો ડરતા હતા એવા ભય અને ગુનેગારોનું શાસન આ ગુજરાતમાં હતું. જયારે આજે ગુજરાતમાં અનેક વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે એમાં જો કોઇ મુખ્ય બાબત હોય તો હું માનું છું કે કાયદો અને વ્યવસ્થા તથા ગુજરાતની શાંતિ અને સલામતી છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇને આપણે યાદ કરવા પડે કે તેઓ આવ્યા એ પહેલા આજની પેઢીને કદાચ ખબર નહીં હોય, અહીંયા અનેકવાર હડતાલો થતી, પથ્થરમારો થતો, સ્ટેબિંગ થતા. શ્રી નરેન્દ્રભાઇએ શાસન સંભાળ્યું ત્યારથી ગુજરાતમાં હડતાલ, કોમી રમખાણ, તોફાનો એ શબ્દો નીકળી ગયો છે. આ ગુજરાતમાં શાંતિ અને સલામતીનું કોઇ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હોય તો શ્રી નરેન્દ્રભાઇએ પૂરું પાડ્યું છે. ઉદાહરણ એટલા માટે આપું છું કે ગુજરાતની ઝડપી ન્યાય પ્રક્રિયા, ગુજરાતની કાયદો અને વ્યવસ્થા એ આખા દેશમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે. આખા દેશના આંકડા જોવામાં આવે ત્યારે ગુજરાત આ ગુનાખોરીમાં છેલ્લે હશે. આજે આખા વિશ્વમાં ઝડપી ન્યાય પ્રક્રિયા એક બહુ મોટો જટિલ મુદ્દો છે, પણ ગુજરાતના મેં જે ઉદાહરણ આપ્યા, ૭ દિવસ, ૪૩ દિવસ આ શું બતાવે છે? ગુજરાતમાં ઝડપી ન્યાય પ્રક્રિયા અને એના ચુકાદાઓ પણ ઝડપી મળે છે એના માટેના ઉદાહરણ આપ્યા છે. જયારે ટેકનોલોજીની વાત કરું તો આધુનિક પોલીસિંગ સાથે ગુજરાત હાઇટેક બન્યું છે. ગુજરાતમાં વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ ત્રિનેત્ર કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર દ્વારા ૭ હજારથી વધુ હાઇ ડેફિનેશન સી.સી.ટી.વી. કેમેરાનું જાળું બીછાવ્યું છે. બોડી વોર્ન કેમેરા, ડ્રોન સર્વેલન્સ દ્વારા પારદર્શિતા અને સુરક્ષા બંને વધ્યા છે. સાયબર ક્રાઇમ અને છેતરપિંડી રોકવા માટે દરેક

જિલ્લામાં ઇ–એફ.આઇ.આર. નોંધવામાં આવે છે અને એના માટેની સુવિધા ઊભી કરી છે. આ આશીર્વાદરૂપ સાબિત થઇ રહ્યું છે. જ્યારે ડ્રગ્સની વાતો કરે છે ત્યારે એના ઝડપી અમલીકરણ માટે ગુજરાત સરકાર આગળ આવી છે ત્યારે માનનીય હર્ષભાઇને અભિનંદન પાઠવું છું. આ યુવાન, જુઝારુ ગૃહમંત્રી અને નાયબ મુખ્યમંત્રી એ ગુજરાતમાં પ્રબળ ઇચ્છાશક્તિ સાથે નશાખોરી સામે લડતા હોય અને એની સામે વિરોધપક્ષમાંથી જે પ્રકારની ભાષા વાપરવામાં આવે છે, હું માનું છું કે આ નિમ્ન કક્ષાની રાજનીતિ છે. એમણે અભિનંદન આપવા પડે કે તમે લાખો કરોડોનું ડ્રગ્સ પકડ્યું છે. આવું કરતાં હોય ત્યારે આપણે આ ગૃહમંત્રીને અભિનંદન આપવા પડે. હું ગુજરાતની જનતા વતી એમને અભિનંદન આપું છું. આ ગુજરાતની મહિલાઓ વતી એમને અભિનંદન આપું છું. એમણે ઝડપી ન્યાય પ્રક્રિયા કરી અને ગુજરાતમાં જે કોઇ બાળકીઓ સાથે, મહિલાઓ સાથે દુષ્કર્મ થયું એવા ગુનેગારો સામે એમણે કડક હાથે કાર્યવાહી કરી છે. માનનીય શ્રી હર્ષભાઇને અભિનંદન આપવા પડે કે ગુજરાતનો કોઇ ભાઇલોગ, દાદાલોગ કદાચ છાકટો બને તો એને લંગડા ચાલતાની આજે પેટર્ન બની ગઇ છે. એ પ્રકારના ગુનેગારોમાં ભયનો માહોલ આજે ઊભો કર્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

શ્રી અમુલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ રાજ્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ માગણી નં. ૪૨ અને ૪૩ લઇને આવ્યા છે એના સમર્થનમાં બોલવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતનો એક શ્લોક છે,

धर्मेन राज्यम् रक्षेत राजा, धर्मणेय प्रजा सुखी,
धर्मेण निर्ग कार्यो दुष्टानाम शिष्टपालनम्।

એનો અર્થ એ છે કે રાજાએ ધર્મ, ન્યાય અને નિયમ દ્વારા રાજ્યનું રક્ષણ કરવું જોઇએ. ધર્મના આધારે પ્રજા સુખી રહે છે. દુષ્ટો ઉપર નિયંત્રણ અને સજ્જનોનું રક્ષણ કરવું એ રાજ્યની ફરજ છે. આજે રાજ્યના ન્યાયપ્રિય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર આ ફરજો નિભાવે છે. આપણે ક્યાંય જોયું હતું કે પોલીસ સ્ટેશનમાં જઇએ ત્યારે May I help you? ક્યાંય લખ્યું છે કે, May I hurt you? ક્યારેય નહી. આ પોલીસ વિભાગનો એપ્રોચ છે. ગુજરાતની વિકાસધારાનો મજબૂત પાયો છે અહીંની સુખ, શાંતિ અને સલામતી. મારે ગૃહમાં કહેવું ન હતું પણ મારે ખૂબ દુઃખ સાથે સાથે કહેવું પડે છે અને આજે ઉલ્લેખ કરવો પડે છે કે હું અમદાવાદનો રહેવાસી છું. ત્રણ દાયકાનું શાસન જોયું છે. એ અબ્દુલ લતીફનું અમદાવાદ, એને જો કોઇએ મુક્ત કર્યું તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અમદાવાદ ટીયરગેસ, કરફ્યુ, અશાંતિથી ઘેરાયેલ હતું. આજે નવું જનરેશન Gen Z છે એને કરફ્યુ ખબર નથી. તેને અશાંતિ ખબર નથી, તેને ભણાવવું પડે કે કરફ્યુ કોને કહેવાય? અને આ સલામતી જો કોઇએ આપી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપણને આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આગળ જોઇએ કે આપણે કેવી કેવી સેવાઓ જોડી છે. ઘણી બધી વાત શ્રી અલ્પેશભાઇએ અને બીજા વકતાઓએ કરી છે, પરંતુ એમ્બ્યુલન્સ, ફાયર અને અન્ય સેવાઓને ઇન્ટીગ્રેટેડ કઇ રીતે કરી શકાય? હા, ૧૧૨ આપણે એવી સેવા લાવ્યા છીએ સ્ટેટ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટ્રલ દ્વારા મોનિટર આ વ્યવસ્થામાં ૫૦૦થી વધુ ઇમરજન્સી રિસ્પોન્સ વ્હીકલોની વ્યવસ્થા થઇ છે આ ગુજરાત રાજ્યએ કર્યું છે. અમે એક સૂત્ર લઇને આવ્યા છીએ. માનનીય હર્ષભાઇ અને માનનીય ભુપેન્દ્રભાઇ કે ડાયલ કરો ૧૧૨ સુરક્ષાની ખાતરી પલભરમાં. આ ભારતીય જનતા પાર્ટીની સરકારનું શાસન છે, અમારો આ મંત્ર છે. ડ્રોનથી આપણે સર્વે પરિચિત છીએ. ડ્રોને અનેક જાતના ચમત્કારો સર્જ્યા છે પણ યુક્રેન, રશિયા વોરમાં જોયું અત્યારના વોરમાં જોઇ રહ્યાં છીએ કે ડ્રોન એ ઘાતક પુરવાર થઇ શકે છે અને આવા ડ્રોનને તોડી પાડવા માટે ૪ એન્ટી ડ્રોન સિસ્ટમ ગુજરાત પોલીસ દ્વારા ખરીદવાનું પણ નક્કી થયુ છે. ડ્રગ્સની વાત થાય છે કઇ રીતે કરે છે મને સમજ નથી પડતી. આંતરરાષ્ટ્રીય સરહદ ઘરાવતું આ ગુજરાત અને આ પેટ્રોલિંગ છે તેને સુદઢ કરવા માટે થઇને પણ આ માગણીઓમાં ૫૦ સ્પેશિયલ ઓપરેશન વ્હીકલ જો કોઇએ ખરીદવાનું નક્કી કર્યું હોય તો આ ગુજરાત સરકારે કર્યું છે તેને લાખ લાખ અભિનંદન આપવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, અલ્પેશભાઇએ વાત કરી છે તેમાં હું થોડો વધારો કરું છું આપણી બહેન –દીકરીઓની. રાત્રિના સમયે એક વખત હું અમદાવાદમાંથી પસાર થતો હતો ત્યારે એક દીકરી મને મળી અને તેણે મને કહ્યું કે, સાહેબ હું હમણાં જ એક તકલીફમાંથી ઉગરી. તો કોણે ઉગારી? એસ.એચ.ઇ (S.H.E) Safety Health & Empowerment Team, કે જે ચોવીસ કલાક કાર્યરત છે અને આ ગુજરાતની મા–બહેનોની રક્ષા કરે છે. ૧૮૧ નંબરની હેલ્પ લાઇન કોઇ પણ મહિલા મુશ્કેલીમાં હોય અને ૧૮૧ નંબર પર ફોન કરે અને તેના માટે મદદમાં આ ગુજરાત પોલીસ આવી જાય છે. આજે આશરે ૧૧ હજારથી વધુ પોલીસ સ્ટેશનો અને ૧ લાખ ૧૫ હજાર પોલીસ કર્મચારીઓ રાજ્યની સુખ–શાંતિ માટે સતત ફરજ બજાવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમય ઓછો છે એટલે બીજી વાત કરીને કહું તો વિડિયો ઇન્ટીગ્રેશન અને સ્ટેટ વાઇડ એડવાન્સ સિકયોરિટી દ્વારા જાહેર સલામતીમાં પણ આપણે અનેકગણો વધારો કર્યો છે. ટ્રાફિક મેનેજમેન્ટ, લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ જઇ શકે અને તેને ટ્રાફિકમાં તકલીફ ના પડે એમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. એ.આઇ.સિસ્ટમ દ્વારા Data Fusion Centre માટે પણ આ સરકાર કામ કરી રહી છે. હું આ છેલ્લાં દિવસનો દાખલો આપું અમદાવાદમાં ૧ લાખ ૪૦ હજાર લોકો નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ જોતા હતા. દેશના ગૃહમંત્રી, ગુજરાતના મુખ્યમંત્રી, ગુજરાતના ગૃહમંત્રી

ત્યાં હાજર હતા મેચ પૂરી થઇ પછી અડધો કલાકમાં અમેરીકાથી આવેલા અમારા એક મિત્રએ કહ્યું કે ભાઇ હું તારા ઘરે પહોંચ્યો. આ કોને આભારી છે? આ ગુજરાત પોલીસને, આ ગુજરાતના ગૃહતંત્રને આભારી છે કે તેણે ટ્રાફિક વ્યવસ્થાઓ ગોઠવી, કયાંથી ડાયવર્ઝન કરવું, કયાં મોકલવા જો આ આખું કોઇએ નક્કી કર્યું હોય તો આ ગુજરાત પોલીસે કર્યું છે, આ ગુજરાતના ગૃહ વિભાગે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થઇ શકે એમ છે પરંતુ કેટલીક વાતો એવી છે તેમાં વિશ્વાસ-૧ પ્રોજેકટના કેટલાક આંકડા મારે કહેવા પડશે. ૧૧૯૨ ટ્રાફિક જંકશન, ૭ હજાર સી.સી.ટી.વી., ૩૬ જેટલા એન્ટ્રી અને એક્ઝિટ પોઇન્ટ અને નેત્રમ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરની શ્રી અલ્પેશભાઇએ વાત કરી છે. આ આવી સિસ્ટમ ભૂતકાળમાં કયારેય આપણે જોઇ હતી? કયાંય નહોતી જોઇ. હું તો અમદાવાદમાં રથયાત્રા નીકળી હતી ત્યારે છક થઇ ગયો. મારા સન્માનનીય નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરમાંથી રથયાત્રા મોનિટર કરતા હતા. પહેલાં જ્યારે રથયાત્રા નીકળતી ત્યારે તેની ઉપર હુમલા થતા હતા. જયારે આજે આ રથયાત્રા અમદાવાદમાં વટભેર નીકળી રહી છે તે જ અમારી સરકારની સિદ્ધિ છે. હું કહેવા માગું છું કે આવા કેટલાય કેસો અને ડ્રગ્સની વાત થાય છે તો આ ડ્રગ્સને પકડવા માટે આ જાંબાઝ જવાનો, આ જાંબાઝ કમાન્ડો જયારે દરિયા વચ્ચે ગોળી ઝીલીને કામ કરતાં હોય,અને આપણે જો એની સરાહના ના કરી શકીએ, એની માગણીઓને જો ના પૂરી કરી શકીએ તો મને એવું લાગે છે કે આ ગૃહમાં આપણે શરમજનક સ્થિતિમાં મૂકાઇએ. આ જે બધી સિસ્ટમની વાત કરી, એ.આઇ. સિસ્ટમની વાત કરી ડિટેકશનની વાત કરી, જે બીજા રાજયોમાં ગુનાખોરી તપાસવાનો અને એનો જે અંક છે એને જો આપણે ઉપથી સીધા ૮૦ ટકા નાથવામાં સફળ રહ્યા છીએ. ગુજરાતમાં આપણે લગભગ ગુનાખોરીને નાથવામાં ૮૫ ટકા સફળ રહ્યા છીએ. ૪૨ નંબરની માગણી છે સલામતી સુરક્ષા અંગેની છે. આપણે ભૂતકાળમાં દશ્યો જોયાં છે. સંસદ ઉપર હુમલો થયો. ભૂતકાળમાં આતંકવાદીઓ ઘૂસ્યા એ દશ્યો પણ આપણે જોયાં હતાં. આ કર્મચારીઓ જે અહીંયા સુરક્ષા જાળવી રહ્યા છે ત્યારે આપણે બધા શાંતિથી કામ કરી શકીએ છીએ અને આ ગૃહ ચલાવી શકીએ છીએ. લોકો આવી જઇ શકે આ વ્યવસ્થા જો કોઇ ગોઠવતું હોય તો આ સુરક્ષા કર્મીઓ કરે છે અને એના માટેની ૪૨ નંબરની માગણી છે એને સમર્થન આપું છું. હું આ સભાગૃહને વિનંતી કરું છું કે ભેદભાવ ભૂલી બધી માગણીઓને સર્વાનુમતે પસાર કરીએ તેવી મારી પ્રાર્થના છે. વંદે માતરમ, ભારત માતાકી જય.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ગૃહ બપોરના ૩-૦૦ કલાકે ફરીથી મળશે.

(વિરામ બપોરના ૨-૩૧ થી ૩-૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર(ચાણસ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માંગણીઓ પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી વિદેશી દારૂનું વેચાણ ખૂબ મોટા પ્રમાણમાં વધ્યું છે. મારા મતવિસ્તારમાં આવેલ શંખેશ્વર મુકામે તાજેતરમાં ખૂબ મોટા પ્રમાણમાં વિદેશી દારૂ પકડાયો. શંખેશ્વરધામ જૈન સમાજ તથા અન્ય સમાજના આસ્થાનું પવિત્ર ધામ છે. દેશ અને વિદેશથી ત્યાં લોકો દર્શનાર્થે આવતા હોય ત્યારે આ પવિત્ર ધામમાં ખુલ્લેઆમ વિદેશી દારૂ વેચાતો હોય, તો એ શરમજનક બાબત કહેવાય. શંખેશ્વરના બિલિયા મુકામે તા.૨/૧૦/૨૦૨૫ ના રોજ દારૂનું કટિંગ ચાલુ હતું તે દરમિયાન પાટણ એલ.સી.બી. દ્વારા રેડ કરવામાં આવી અને ૬૬ લાખનો વિદેશી દારૂ પકડાયો. શંખેશ્વર મુકામે તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ મોનિટરિંગ સેલ દ્વારા વરલી મટકાનો જુગાર પકડવામાં આવ્યો, જેમાં એક લાખ કરતાં વધારેની રકમ પકડવામાં આવી. આ બંને ગુનાઓમાં બહારની એજન્સીઓએ રેડ કરેલ છે. મારી જાણ મુજબ જો બહારની એજન્સીઓ રેડ કરતી હોય, તો સ્થાનિક પી.આઇ. પર કડકમાં કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવતી હોય છે. તો બંને કેસોમાં શંખેશ્વર પી.આઇ. પર કડકમાં કડક કાર્યવાહી કરવા મારી માગણી છે. તેમજ તાજેતરમાં તા.૦૪/૦૩/૨૦૨૬ના રોજ મારા વિસ્તારમાં ચાણસ્મા તાલુકાના કંબોઇ મુકામે એલ.સી.બી. દ્વારા આશરે ૪૦ લાખ કરતાં પણ વધારેની માતબર રકમનો વિદેશી દારૂ પકડવામાં આવેલ છે. ચાણસ્મા તાલુકામાં જ્યારથી આ પી.આઇ.શ્રી આવ્યા છે ત્યારથી તેમની સીધી સંડોવણીથી વિદેશી દારૂનો વેપાર ધમધોકાર ચાલતો થયો છે. જે તા.૦૪/૦૩/૨૦૨૬ના રોજ પકડાયેલ છે. તેમાં પણ તેમની સીધી સંડોવણી હોય તેવું લાગી રહ્યું છે. જો જિલ્લાની એલ.સી.બી. દ્વારા દારૂ પકડી શકાતો હોય તો સ્થાનિક પી.આઇ. કેમ ના પકડી શકે? આ અગાઉ પણ શહેરમાંથી એસ.એમ.સી. દ્વારા જુગારનું ખૂબ જ મોટું રેકેટ પકડવામાં આવેલ હતું. આ અંગે આ પી.આઇ.શ્રી પર કડકમાં કડક કાર્યવાહી કરવા માંગો છો કે કેમ? આ બાબતે પી.આઇ.શ્રી શંખેશ્વર તથા પી.આઇ.શ્રી ચાણસ્મા વિરૂદ્ધ આજ દિન સુધી કોઇપણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ બંને પી.આઇ. વિરૂદ્ધ કડકમાં કડક કાર્યવાહી થાય તેવી મારી માગણી છે. આ અંગે મેં માનનીય ગૃહ મંત્રીશ્રી, એડિશનલ ચીફ સેક્રેટરી (ગૃહ વિભાગ), રાજ્યના પોલીસ વડા તેમજ અન્ય સંબંધિત અધિકારીશ્રીઓને લેખિતમાં જાણ કરેલ હોવા છતાં પણ આજ દિન સુધી કોઇપણ જાતની કાર્યવાહી કરવામાં આવેલ નથી. છેલ્લા એક વર્ષમાં પાટણમાં પકડાયેલ દારૂના આંકડા જોઇએ તો, માત્ર છ માસમાં પાટણ જિલ્લામાં એલ.સી.બી. અને એસ.એમ.સી. દ્વારા અંદાજિત રૂ.૪.૧૨ કરોડ અને એક લાખથી વધુ વિદેશી દારૂની બોટલો પકડાઇ છે. આ બાબતે

પોલીસની ભૂમિકા શંકાસ્પદ રહી છે. ગૃહ વિભાગના નાક નીચે આટલો મોટો જથ્થો ક્યાંથી આવે છે? શું પોલીસ અને બુટલેગરો વચ્ચેની મિલિભગત વગર આ શક્ય છે?

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ –પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગૃહ વિભાગની માંગણી નં. ૪૨ અને ૪૩ લઇને આવ્યા છે. તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજ્ય હોય, તેનું સૌથી જો કોઇ મહત્ત્વનું કોઇ અંગ હોય તો, તે સલામતી છે. ચાણક્યએ કીધું છે કે, આપણે એવા વિસ્તારમાં જઇને વસવું જોઇએ કે, જ્યાં નદી હોય, પાણી હોય. જ્યાં પ્રજાની સલામતી હોય, જ્યાં મહાજનો વેપાર કરતાં હોય, જ્યાં વિદ્વાનો અને કવિઓનું માન સન્માન જળવાતું હોય. સલામતી ખૂબ મહત્ત્વની બાબત છે. ગુજરાતમાં આમ જોવા જોઇએ તો જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી હાલના દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી હતા અને અત્યારે દેશના યશસ્વી ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ જેમણે સમગ્ર દેશ નક્સલમુક્ત થવા જઇ રહ્યો છે ત્યારથી લઇને અત્યારે શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીની આ સરકારે ગુજરાતમાં શાંતિ અને સલામતી માટે સરાહનીય પ્રયત્ન કર્યા છે. તેમાં પણ ગુજરાતની પોલીસ, કોન્સ્ટેબલ, એ.એસ.આઇ., પી.એસ.આઇ., એસ.પી., ડી.જી.પી. અને આઇ.જી. કક્ષાના અધિકારી/કર્મચારીઓએ ખૂબ સારી રીતે સુખ, શાંતિ અને સલામતી માટે પ્રયત્નો કર્યા છે. તેના કારણે આજે ગુજરાતમાં બહારથી અનેક પ્રકારના ઉદ્યોગો અને વિદેશમાંથી રોકાણ આવે છે. સમગ્ર દેશમાંથી રોજગારી માટે પણ અનેક લોકો ગુજરાતમાં આવી રહ્યા છે. આજે ગુજરાત સુખ, શાંતિ, સલામતી અને સમૃદ્ધિ તરફ ખૂબ આગળ છે અને હજુ વિકસિત ભારતમાં પણ ગુજરાત એક અહમ રોલ નિભાવવા જઇ રહ્યું છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે પોલીસના પરિવારની ખૂબ ચિંતા કરી છે. એક સમય હતો, અમે રાજકોટમાં રામનાથ પરા પોલીસલાઇનના આવાસોની દશા જોઇ છે. તૂટેલાં નળિયા હોય, ચોમાસામાં અંદર પાણી પડતું હોય, લાઇટ અને પાણીના ઠેકાણાં ન હોય. જે પરિવારનો મોભી પોલીસતંત્રમાં હોય તે પ્રજાની સુરક્ષા માટે દીવાળી, નવરાત્રિ, ધૂળેટી, જન્માષ્ટમી જેવાં કોઇપણ તહેવાર કે ઉત્સવમાં પોતાના પરિવાર સાથે ન હોય પણ માત્ર પ્રજાની સુખાકારી માટે, ગુજરાતની જનતાની સુખાકારી માટે તે પોતાની ફરજ નિભાવતો હોય અને તેના જ પરિવારને સારી વ્યવસ્થા ઉપલબ્ધ ન હોય તેવી પરંપરા વર્ષો સુધી ભૂતકાળની સરકારોમાં રહી હતી. આજે મને કહેતાં આનંદ થાય છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતના પોલીસ કર્મચારીઓ માટે પહેલાં એક રૂમ હૉલ, કિચનની વ્યવસ્થા હતી તે સુવિધા માટે આ સરકારે ખૂબ મોટો નિર્ણય લીધો. હવે 2 BHK એટલે કે બે રૂમ, હૉલ, કિચન જેવી આધુનિક સુવિધા આ પોલીસ પરિવારોને હવે મળતી થઇ છે. ખાસ કરીને પોલીસ આવાસ નિગમ દ્વારા અત્યાર સુધીમાં પોલીસના જવાનો માટે ૩.૩,૯૧૬ કરોડના ખર્ચે ૪૫,૪૭૩ જેટલાં રહેઠાણોની વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસ હંમેશા ૪૨–૪૩ ડિગ્રીમાં ટ્રાફિકની વ્યવસ્થા માટે તડકામાં ફરજ નિભાવતો હોય છે. ક્યાંય લોકમેળો હોય, ક્યાંય કોઇ ચૂંટણીની સભા હોય, ધાર્મિક કાર્યક્રમ હોય, કોઇપણ કાર્યક્રમ હોય પરંતુ ઘરે જાય તો તેને શાંતિ મળવી જોઇએ. હું મારા પરિવાર સાથે શાંતિથી ૮ કલાક મારા ઘરે રહી શકું તે માટે ખૂબ મોટા પ્રમાણમાં પ્રોજેક્ટ ચાલી રહ્યા છે અને અત્યારે બીજા પણ જંગી આઉટગોઇંગ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ છે. તેમાં પણ ૩.૨,૬૦૪ કરોડના ખર્ચે વધુ ૮૧૦૪ રહેણાંક મકાનો આકાર લઇ રહ્યા છે. પહેલાંના સમયમાં પોલીસ સ્ટેશનો આપણે જોયાં છે. અગાઉની સરકારમાં પોટલાં પડ્યાં હોય, અભેરાઇ હોય, કોઇ ઠેકાણું ન હોય, પોપડાં ખરતાં હોય, અરે! બાજુમાં ઝાડની નીચે ટેબલ ગોઠવીને પણ ફરિયાદો લખતાં આ પોલીસ જવાનોને મેં જોયા છે, ત્યારે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે માનનીય ભુપેન્દ્રભાઇ અને શ્રી હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં જે કાંઇ પોલીસ સ્ટેશન હોય, લોકઅપ હોય કે આઉટપોસ્ટ હોય, બૅરેક હોય આ બધાના નિર્માણનું કાર્ય પૂરું કરવામાં આવ્યું અને આની પાછળ ૩.૨૫૧૫ કરોડના ખર્ચે ૩૪૨૫ જેટલા બિન રહેણાંક મકાનો જેમકે, આધુનિક પોલીસ સ્ટેશન, આઉટપોસ્ટ અને બૅરેકનું નિર્માણ કાર્ય પૂરું કરવામાં આવ્યું. સામેના મિત્રો ચર્ચા કરતા હતા કે પ્રશ્નોત્તરીમાં પોલિટિકલ ટિપ્પણીઓ ન થાય પણ માગણી પરની ચર્ચામાં કરજો. એટલે મને થોડુંક મન થાય છે. ઘણા લોકોની આ નાયબ મુખ્યમંત્રીશ્રીનું નામ ન લે ત્યાં સુધી સવાર પડતી નથી. ભાવનગરમાં શેઠ બ્રધર્સ નામનું કાયમચૂર્ણ આવે છે. એમ આ હર્ષભાઇનું પણ એક ચૂર્ણ છે 'પેટ સફા તો હરરોગ દફા.' એટલે બે–ત્રણ લોકો એમનું નામ ન લે ત્યાં સુધી એમનો દિવસ સારો નથી જતો. આ પ્રકારની નકારાત્મક માનસિકતા છે. ગુજરાતનું ખાવું, ગુજરાતમાં રહેવું, ગુજરાતમાં જીવવું, ગુજરાતમાં મરવું, ગુજરાતની પ્રજા માટે કામ કરવું અને વફાદારીની વાતો કરવી. પંજાબની વાત થાય ત્યાં તો ત્રણ –ત્રણ ફૂટ ઉંદરડાને અમલ ચડ્યો હોય એમ ઠેકડા મારે. આ ગુજરાત વિરોધી માનસિકતાવાળા લોકોને પણ ઓળખવાની જરૂર છે અને ગુજરાતની જનતા સારી રીતે ઓળખે છે. પોલીસ ડિપાર્ટમેન્ટ માટે ઘણાં બધાં કામો કર્યાં છે. હમણાં ત્રણ દિવસ પહેલાં જ મહિલા દિવસ ગયો. 'નારી તુ નારાયણી.' આજે જ્યારે ગુજરાત પોલીસની વાત કરું છું તો ગુજરાત પોલીસે જે મહિલાઓ માટે અલગ–અલગ પ્રકારના પ્રકલ્પો થકી મહિલા સેલ દ્વારા મહિલાઓની સુરક્ષા માટે ખૂબ સારી કામગીરી કરી છે. ખાસ કરીને મહિલા અને બાળકોના ગંભીર ગુનાઓનું મોનિટરિંગ હોય, નાના વિદ્યાર્થીઓ, બાળકો કે નાની બાળકીઓ શાળામાં ભણતી હોય, દસ–બાર વર્ષની કે તેર–ચૌદ વર્ષની હોય એના માટે કોઇ એની પર જાતીય સતામણી ન થાય એ માટે એને પૂરી સમજદારી આપવામાં આવે છે. મને ખ્યાલ છે કે દરેક પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસ દ્વારા શાળાઓમાં જઇને વિવિધ

સંસ્થાઓમાં જઇને એને માર્ગદર્શન આપવામાં આવે છે અને ટ્રેનિંગ આપવામાં આવે છે. સાથે-સાથે કંઇપણ તકલીફ હોય તો સરકારની અભયમ્ યોજના છે. અભયમ્ એટલે બહેનો માટે, મહિલાઓ માટે, નારીશક્તિ માટે ખૂબ મોટું સુરક્ષાચક્ર છે. આ સુરક્ષાચક્ર ખાલી અભયમ નંબર નથી. પરંતુ નંબર લગાડે એટલે ત્વરિત એને જે કંઇ રક્ષણ જોઇતું હોય એ મળે. જે કંઇ તકલીફ પડતી હોય એનું સોલ્યુશન થઇ જાય.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં માનનીય ગૃહમંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સવા છ કરોડ જનતાની સુખ, શાંતિ, સલામતી અને સુરક્ષા જોવાની જવાબદારી ગૃહ વિભાગની છે અને સાથે-સાથે જ્યારે આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી પાસે ગૃહ વિભાગનો હવાલો હોય ત્યારે જનતાની વિશેષ અપેક્ષાઓ પણ હોય છે. ગુજરાત પોલીસ ખાતામાં આપણે બધા જાણીએ છીએ કે કોઇ પણ જોડાય એટલે ખાખી વર્દીમાં સંવિધાનને સાક્ષી માનીને "**के भारत के संविधान के प्रति सच्चि श्रद्धा और निष्ठा रखुंगा। अपने पद और कर्तव्य का राष्ट्रभक्ति में, ईमानदारी और निष्पक्षता से पालन करुंगा।**" જેવા શપથ લેવડાવવામાં આવે છે.આપણા ગુજરાત પોલીસ ખાતામાં બે પ્રકારના અધિકારીઓ અને કર્મચારીઓ છે: એક પ્રકારના બંધારણ મુજબ, નીતિ નિયમ મુજબ, કાયદા મુજબ નિષ્ઠા અને પ્રમાણિકતાથી પોતાના જીવનના જોખમે ગુજરાતની જનતાને સેવા, શાંતિ, સુરક્ષા અને સલામતી પૂરી પાડે છે એવા અધિકારીઓને અમે પણ સલામ કરીએ છીએ. બીજો વર્ગ એ પ્રકારનો છે કે જે અધિકારીઓ નીતિ-નિયમોને પણ માનતા નથી. કાયદા, કાનૂન અને બંધારણમાં પણ માનતા નથી અને પોતાની ઘણી મનમાનીઓ થાય છે. એવા અધિકારીઓના કારણે ઘણી વખત સરકાર શરમમાં મૂકાય છે એવા ઘણા બનાવો અને ઘટનાઓ આપણે જોઇએ છીએ. મારા અધિકારીઓ સાથેના એવા અનુભવની હું સન્માનનીય ગૃહમાં વાત કરું તો તારીખ પમી જુલાઇ ૨૦૨૫ના રોજ પ્રાંત અધિકારીશ્રીએ એમના લેટર થકી કહ્યું કે આયોજનની મિટિંગ છે. હું જ્યારે આયોજનની મિટિંગમાં ઉપસ્થિત થયો ત્યાં પ્રાંત અધિકારી સહિત પી.એસ.આઇ.શ્રી હતા. ટી.ડી.ઓ.શ્રી હતા. મામલતદારશ્રીઓ હતા અને જે કંઇપણ ઘટના ઘટી મેં ત્યાંથી ઉતરીને સીધા ડેડિયાપાડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરને અરજી આપી કે આ પ્રકારની ઘટના ઘટી છે. એમણે કહ્યું તમે બેસો આપણે તમારું નિવેદન લેવાનું છે. મિટિંગ હતી એ ચેમ્બરમાં સી.સી.ટી.વી.થી સજ્જ તમામ અધિકારીઓ હોવા છતાં મેં અરજી આપી એ અરજી બાબતે અત્યારે અમે પૂછીએ છીએ તો કહેવામાં આવે છે કે તપાસ ચાલુ છે. મને એ જ દિવસે બે વાગ્યે ડી.વાય.એસ.પી. સહિત એસ.ઓ.જી., એલ.સી.બી. અને ત્યાંના પી.આઇ. એ એરેસ્ટ કર્યો. મેં નમ્રતાપૂર્વક ડી.વાય.એસ.પી. સાહેબને પૂછ્યું કે, સાહેબ, મને એરેસ્ટ કરવા માટે કોઇએ મારા વિરુદ્ધમાં ફરિયાદ આપી છે? મારા ઉપર કોઇ એફ.આઇ.આર. થઇ છે? મને એરેસ્ટ કરવાનું કોઇ વોરંટ છે કે શું છે? કોઇ કાગળ હોય તો મને આપો? એમણે મને કહ્યું કે અમારે એવા કોઇ કાગળની જરૂર નથી. ***(xxx)** રાજપીપળાની જૂની જેલમાં રાખ્યો. બીજા દિવસે મને રાજપીપળાની સેશન્સ કોર્ટમાં રજૂ કરી અને પછી જે ઘટનાક્રમ થયો એ આપ સૌ બધા જાણો છો. ચિંતાનો વિષય એ છે કે ***(xxx)** જે પ્રકારે પોલીસ તંત્રના...

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે પોલીસ તંત્રનો દુરુપયોગ થઇ રહ્યો છે એ આપણા બધા માટે ચિંતાનો વિષય છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રી ચૈતરભાઇ વસાવાને સૌથી પહેલાં તો કહું કે, આ જ્યુડિશિયલ મેટર છે. તમે કહો છો કે મારા ઉપર કેસ કર્યો, મને એરેસ્ટ કર્યો. એ એરેસ્ટ કર્યા પછી કેટલી કોર્ટોમાંથી તમારી જામીન અરજી રિજેક્ટ થઇ એ આખું ગુજરાત જાણે છે. તમે કહો છો કે પોલીસ પાસે મેં માહિતી માગી અને પોલીસે મને કેસની માહિતી ના આપી. મને એવું લાગે છે કે આ સભાગૃહમાં તમે જ્યારે કોઇપણ આરોપ લગાવતા હોય ત્યારે તમારી પાસે એનો પાકો પુરાવો હોવો જોઇએ. કોઇપણ સરકારી અધિકારી ઉપર તમે આરોપ લગાવતા હોય તો એ આરોપના આપની પાસે કોઇ પુરાવા છે ખરા? શ્રી ચૈતરભાઇ, ખરેખર કેસ કેમ થયો? અને કેટલી કોર્ટમાં તમારી જામીન અરજી રિજેક્ટ થઇ એનો અંદાજો મને છે અને તમને પણ બહું સારી રીતે છે. કેટલા મહિને જામીન થયા એ આપણે બધા જ જાણીએ છીએ તો તમે એવી શું કરતૂત કરેલી હતી કે તમને જેલમાં નાંખવા પડ્યા અને કોર્ટે તમને કેમ જામીન ના આપ્યા? એનો તમને અંદાજો હોવો જ જોઇએ. પરંતુ સીધેસીધો હવામાં આ રીતે ગોળીબાર ના કરી શકાય. આપણે મનફાવે એમ કોઇની ઉપર આરોપ લગાવીએ. તમે ચૂંટાયેલા પ્રતિનિધિ છો. અમે તમારો આદર કરીએ છીએ. તમે કોઇ પણ અધિકારી ઉપર કે કોઇ પણ વિષયમાં આરોપ મૂકો છો તો આનો કોઇ પુરાવો તમારી પાસે છે?

---

* આ શબ્દો આક્ષેપાત્મક હોય અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે પ્રકારે કાયદો છે એના બે કાઠલા છે. તમે વિપક્ષના છો એટલે તમારા ઉપર કાયદો એ પ્રકારે લાગશે. તમે શાસક પક્ષમાં હશો તો તમારી ઉપર એ પ્રકારે કાયદા લાગશે. અમારો જે વિસ્તાર છે...

ઉપાધ્યક્ષશ્રી : મૂળ વાત પુરાવો આપવાની છે અને જ્યારે સબજ્યુડિશ મેટર કોર્ટમાં ચાલુ હોય તેની ચર્ચા કરવાનો અવકાશ નથી. આપ સીધી માગણી ઉપર ચર્ચા કરો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા કેસની એ વાત નથી કરી. *(**xxx**)

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શ્રી ચૈતરભાઇ, તમે જ્યારે ધારાસભ્યશ્રી તરીકે કહો છો તો તમારી પાસે કોઇ પણ આધાર કે પુરાવો હોય તો આપ મહેરબાની કરીને રજૂ કરજો. તમે અહીંયા વાત કરો છો. કોર્ટે તમને સાંભળ્યા જ છે. જો કોર્ટમાં તમે સાચું કહેતા હોત તો પોલીસ ઉપર ત્યારે એકશન લેવાઇ ગયા હોત. આપ માત્રને માત્ર મનફાવે એવા આરોપ લગાવો છો. આ આરોપનો કોઇ બેઇઝ છે? જો કોઇપણ પ્રકારનો બેઇઝ કે પુરાવો હોય તો આપણે જરૂરથી પગલાં ભરીશું અને ના હોય તો આ બધી વાતો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરવી જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : મેં કહ્યું છે. સબજ્યુડિસ મેટરની ચર્ચા હોઇ શકે નહીં. જો હોય તો રેકર્ડ ઉપરથી દૂર કરીએ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મને પોતાને કોઇ જેલ સાથેનો નાતો નથી. દેશને આઝાદી અપાવવા માટે સરદાર વલ્લભભાઇ પટેલ, શ્રી જવાહરલાલ નહેરુ...(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગજુરાતના યુવા, બાહોશ અને ઉર્જાવાન નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી ગૃહ વિભાગની ૪૪ નંબરની જેલ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં કુલ ૨૭૯ કરોડ ૨૭ લાખની રકમની માગણી છે એના સમર્થનમાં મારા વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જ્યારે આ વિભાગ માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટે જે નાણાકીય પ્રવધાન કર્યું છે ત્યારે આજે વર્ષ ૨૦૨૫-૨૬માં પણ વિભાગ દ્વારા જે કામો થયા છે એ કામોને પણ યાદ કરવા રહ્યા. કારણ કે ચાલુ વર્ષે કરેલ કાર્ય એ અંત નથી પરંતુ સાતત્યમાં ચાલતી એક વિશાળ પ્રવૃત્તિ છે. ભૂતકાળમાં ગુજરાતમાં એક એવો સમય હતો કે છાશવારે લો એન્ડ ઓર્ડરના પ્રશ્નો ઊભા થતા હતા. ગુજરાતની જનતાને વારંવાર કરફ્યુની પરિસ્થિતિનો ભોગ બનવું પડતું હતું અને કેટલાક નામચીન લોકોના નામે આ શહેર ઓળખાતું હતું ત્યારે મારે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીથી લઇ હાલના સન્માનનીય મુખ્યમંત્રી તેમજ તત્કાલીન ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહથી લઇ હાલના નાયબ મખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સુધીના મહાનુભાવોએ એક સક્ષમ નેતૃત્વ પૂરું પાડી ગુજરાતના નાગરિકોને સલામતિ અને સુરક્ષા પૂરી પાડી છે એ બદલ આ ગૃહ સમક્ષ એમને અભિનંદન આપું છું. સરકાર દ્વારા કેટલીક વિશિષ્ટ ડ્રાઇવ લેવામાં આવે છે. સરકારના માધ્યમથી સમાજમાં કોઇ દુષણ હોય કે દબાણ હોય તો તમામને હિંમતભેર દૂર કરવાનું કામ આ સરકારે કર્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ એટલે દાદા દ્વારા અનધિકૃત દબાણો દૂર કરવામાં આવ્યા ત્યારે બધાને યોગીજીની યાદ આવતી હોય છે. મને કહેતા ગૌરવ થાય કે માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહના પ્રયત્નોથી ૧૫૦ વર્ષ જૂના કાયદાઓ જે ભારતને ગુલામીની માનસિકતામાં અને વિશેષ ભારતીય લોકોનું શોષણ કરવા માટે બનાવવામાં આવ્યા હતા એને બદલી આ ભારતના અમૃતકાળમાં નવા કાયદાઓ આપ્યા છે. એક તરફ ભારત એ ૫ ટ્રિલિયન ઇકોનોમી તરફ કમર કસી રહ્યું છે ત્યારે બીજી તરફ ભારતનો વિકાસ ન થાય એ માટે આંતરિક અને બાહ્ય પરિબળો ભારતમાં અરાજકતા પ્રવર્તે તે માટે દેશ વિરોધી ટોળકીઓ જાતજાતના દાવપેચ આચરી રહી છે ત્યારે મારે આ ગૃહમાં ખાસ કહેવું છે કે, ગુજરાતની આંતરિક સુરક્ષાની જવાબદારી જેઓના શિરે છે અને જેઓ માટે આજે આ માગણીઓ લઇને આવ્યા છે એવા ગુજરાતના પોલીસ દળના જવાનોએ ગુજરાતની શાંતિને ડહોળવા માટે જે તત્વો પ્રયત્નો કરતા હતા એને તાત્કાલિક જેર કરી જડબાતોડ જવાબ આપી અને ગુજરાતની સામાજિક અને ઔધોગિક શાંતિ અને સલામતિને ડહોળવાના પ્રયત્નોને નિષ્ફળ બનાવ્યા છે. સમાજ જેમ જેમ વધુ શિક્ષિત અને ટેકનોસેવી થતો જાય તેમ તેમ પોલીસના કાર્યક્ષેત્રમાં પણ અનુરુપ ફેરફારો કરવાની જરૂરી બનતા હોય છે. ખાસ કરીને ટેકનોલોજી પ્રેરિત જીવન-ધોરણના કારણે ગુનાઓના પ્રકાર અને ગુનાહિત માનસિકતાની પદ્ધતિમાં પણ વિશાળ પરિવર્તન આવ્યું છે ત્યારે આ બદલાતા ગુનાઓ અને ગુનેગારોને કાયદાના શસ્ત્રથી નાથવા માટે પોલીસ વિભાગે પણ આધુનિક અને ઉત્તમ સંશાધનોથી સભર થવું પડે ત્યારે માનનીય ગૃહમંત્રીશ્રી જે આ માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનો ગૃહ વિભાગ દિવસે દિવસે ઉત્તમ ટેકનોલોજીને ખૂબ મહત્ત્વ આપી રહ્યો છે. તેમાં સર્વેલન્સ કેમેરાની વાત હોય, બોડી વોર્ન કેમેરાની વાત હોય, ડ્રોન કેમેરાની વાત હોય અને એમાં ખાસ કરીને આપણે

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યાં.

જાણીએ છીએ કે નાર્કોટિકસના કારણે નાર્કોટિકસોને પકડવા માટે, ગુનેગારોને પકડવા માટે એક વિશેષ પોર્ટેબલ એકસ રે ઇમેજિંગની સિસ્ટમ પણ લાગુ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જેલ વિભાગની ૪૪ નંબરની જે માગણી છે તેના વિશે હું આ ગૃહ સમક્ષ વિશેષ વાત કરવા માગું છું. આપણે જેલ શબ્દ સાંભળીએ ત્યારે આપણાં સૌના મનમાં ગુનો, સજા અને કેદીના અંધકારમય જીવનનો જ વિચાર આવે છે, પરંતુ હું આજે આ ગૃહની અંદર પ્રગતિશીલ ગુજરાતના જેલ વિભાગને અભિનંદન આપું છું કે તેમણે સજાથી આગળ વધી સુધારણાના દ્રષ્ટિકોણથી જેલ વિભાગમાં કામ કર્યું છે. જેલ એ માત્ર ગુનેગારોને સમાજથી દૂર રાખવાની માત્ર જગ્યા નથી પરંતુ ભટકી ગયેલા લોકોને ફરીથી સારા નાગરિક બનાવવા માટે એક સુધારણાની શાળા છે. આજે મને કહેતા ગૌરવ થાય કે મહાત્મા ગાંધીએ કહ્યું છે કે, 'અપરાધને ધિક્કારો અપરાધીને નહીં' આ મંત્રને ચરિતાર્થ કરવા માટે જેલ વિભાગ કામ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯મી સદીની શરૂઆત સુધી જેલ ખાતાની મુખ્ય કામગીરી ફકત કસ્ટોડિયન તરીકે કેદીઓને રાખવાની જ થતી હતી. પરંતુ ધીમે ધીમે ક્રિમિનોલોજી અને પેનોલોજીના ક્ષેત્રમાં નવી વિચારધારાનો ઉદભવ થતાં જેલ વિભાગના કાર્યક્ષેત્રની સીમાઓ વિસ્તરી છે. આજે કહેતાં ગૌરવ થાય કે ગુજરાતની અંદર જિલ્લા મધ્યસ્થ, મધ્યસ્થ મળીને કુલ–૬૫ જેટલી જેલ કચેરીઓ છે અને આ દરેક જેલની કચેરીઓ એ અન્ય રાજયોની સરખામણીમાં ખૂબ સારી રીતે કામ કરે છે. જેલોની અંદર ઓવર ક્રાઉડ એ પણ એક વિષય છે. વર્ષ ૨૦૦૬ની અંદર માત્ર ૫૫૭૮ કેદીઓને રાખવાની ક્ષમતાવાળી જેલોની અંદર ૧૨ હજાર જેટલા કેદીઓને રાખવામાં આવતા હતા. અર્થાત ૧૧૫ ટકા જેટલો ઓવરક્રાઉડ હતો પણ આજે ગૃહની અંદર જણાવતાં ગૌરવ અનુભવુ છું કે જેલ વિભાગે વિશિષ્ટ પ્રયત્નો કરી વિવિધ જેલોનું નિર્માણ કર્યું, અન્ય જેલોની બેરેકો સુધારી અને ૧૪૧૦૮ સુધીની ક્ષમતા વધારી એટલે ૧૫૩ ટકા જેટલો ક્ષમતામાં વધારો કર્યો. અને જૂની જે ઓવરક્રાઉડની સ્થિતિ હતી તેમાં ૮૬ ટકા ઘટાડો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ પ્રયત્ન કરી વિવિધ જિલ્લા જેલો, બે મધ્યસ્થ જેલોની અંદર બેરેક સુધારણા, અન્ય નવા જિલ્લાઓની જેલો એમ કુલ મળીને હવે વર્ષ ૨૦૨૭ની અંદર બીજા ૧૦૭૦૯ જેટલા કેદીઓને સમાવિષ્ટ કરી શકાય એટલી ક્ષમતા આ જેલ વિભાગ દ્વારા આવનાર સમયમાં થવાની છે ત્યારે ઓવર ક્રાઉડનો જે વિષય છે તે વિષય હવે આવનારા સમયમાં જેલ વિભાગમાં કયારેય થશે નહીં. જેલ વિભાગ એ એવો વિભાગ છે કે જે દેશ, કેદીઓ અને સમાજની સલામતી સાથે સંકળાયેલો છે. ત્યારે જેલ વિભાગ સાથે કામ કરનારા જે કર્મચારીઓ, અધિકારીઓ છે તેમની પણ સતત કાયદાકીય અને નિયમોથી માહિતગાર થાય અને તેઓ પોતાની ફરજ સારી રીતે નિભાવી શકે એટલા માટે તેમની તાલીમોનું અવાર–નવાર આયોજન કરી તેમને સારી રીતે તાલીમ આપવાનો પ્રયત્ન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમય એવો હતો કે જેલ વિભાગની અંદર વર્ષ–૨૦૧૩માં મહેકમ માત્ર ૨,૩૭૮ જેટલુ હતું. જે કેદીઓના નોર્મ્સ મુજબ નહોતું, પરિણામે જેલ વિભાગ સારી રીતે કામ ના કરી શકે. સરકારે આ દિશામાં સતત ધ્યાન આપી અને આજની સ્થિતિએ વિવિધ સંવર્ગની ૪,૭૭૯ નવી જગ્યાઓ મંજૂર કરી અને જેના કારણે મહેકમમાં ૧૧૦ ટકાનો વધારો થયેલ અને જેના ફળ સ્વરૂપે નોર્મ્સ પ્રમાણે ૮ કેદીએ એક સિપાહી અને તે મુજબ હવાલદાર, સુબેદાર અને જેલર ગૃપ–૨ની જગ્યાઓ જેલ વિભાગે ભરી છે. મને કહેતા ગૌરવ થાય કે જાન્યુઆરી,૨૦૨૬ની અંદર ૯૭૦ પુરુષ અને ૬૮ મહિલા જેલ સિપાઇઓની નિમણૂક કરી છે અને વધુમાં ૪૦૧ નવી જગ્યાઓ માટેની જાહેરાત આપી છે. જેલોના જવાનો ચોવીસ કલાક ૩૬૫ દિવસ એવા વાતાવરણમાં કામ કરે છે જે અત્યંત તનાવપૂર્ણ હોય છે ત્યારે તેમની અને તેમના પરિવારની સુખાકારી માટે આગામી ૫ વર્ષની અંદર વિશિષ્ટ આયોજન કરી રૂ. ૧૫૭૧ કરોડ વાપરી એમના જીવન ધોરણને સુધારવાનું અને એમના તનાવને દૂર કરવાનો પ્રયત્ન પણ આ વિભાગ દ્વારા થયો છે. બીમાર અને બંદીવાન કેદી હોય, આ બીમાર અને બંદીવાન કેદીઓને ઉત્તમ સેવા મળે, એમનું જીવન બચી જાય એ માટે વર્તમાન વિભાગે અત્યાધુનિક ૫ એમ્બ્યુલન્સ ખરીદ કરી આવી બીમારીના કારણે કોઇ બંદીવાનને મુશ્કેલી ના પડે એની પણ ચિંતા કરી છે. આ વિભાગ એ માનવતાવાદી અભિગમથી પણ સજ્જ છે. એની છેલ્લા એક જ વર્ષની અંદર કુલ ૧૯૩ કેદીઓ એવા છે કે જેઓએ જેલની અંદર સારી રીતે પોતાનો સમય વ્યતિત કર્યો હોય એમને ઝડપથી જેલમાંથી મુકતિ આપી છે. હું વિડિયો કોન્ફરન્સની વાત કરવા માગું છું. પોલીસ જામાની અંદર જે કેદીઓને લઇ જવામાં આવે છે એના કારણે કેદી પણ સામાજિ ગ્લાનિ અનુભવે, સમયનો વ્યય થાય, પોલીસ જવાનો પણ એની અંદર રોકાય, વાહનો પણ રોકાય ત્યારે આ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કામ ચલાવાય છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી, વામન સ્વરૂપ શ્રી હર્ષ સંઘવી સાહેબ માગણી નં. ૪૨, ૪૩, ૪૪ અને કાયદા વિભાગની માગણી નં. ૬૦ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

કોઇપણ દેશના સામાજિક આર્થિક વિકાસની અંદર પ્રજાનો પરિશ્રમ, દીર્ઘદ્રષ્ટા નેતાગીરી, કાયદો વ્યવસ્થાની મજબૂત સ્થિતિ અને રાજયમાં શાંતિ, સલામતી અને સુરક્ષા માટે પોલીસ જવાનોનું યોગદાન પણ ખૂબ મહત્ત્વનું હોય છે. ગુજરાત પોલીસ દળના ફરજ બજાવતા જવાનો પોતાના ઘર પરિવારની ચિંતા કર્યા સિવાય કોઇપણ તહેવારની ઉજવણી કર્યા સિવાય રાત દિવસ પોતાની ફરજ બજાવતા હોય છે અને જયારે આખી દુનિયા આજે યુદ્ધ ઉપર ઊભી છે ત્યારે ગૃહ વિભાગની

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

ગત વર્ષના બજેટની અંદર ૩.૧૬૦૬ કરોડના વધારા સાથે ૩.૧૪૨૬૫ કરોડનું બજેટ રજૂ કરેલ છે એ માટે આદરણીય કનુભાઈ સાહેબનો હું ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. અત્યારે યુવાનો ડ્રગ્સ, નાર્કોટિક્સ વગેરે દૂષણોથી દૂર રહે એના માટે સરકાર સતત પ્રયત્નશીલ રહેતી હોય છે અને યુવાનોના માર્ગદર્શક અને આટલી નાની ઉંમરે પણ જે રીતે નાયબ ગૃહમંત્રી કામ કરે છે, અમને બધાને પણ ગૌરવ છે. જે રીતે ગુનેગારોને પકડે છે, કાયદો તોડીને નિર્દોષ લોકોને હત્યા કરતા હોય એવા લોકોને પણ આપણે જોઇએ છીએ. પોલીસને એવી પણ છૂટ આપી છે કે આ લોકો ફરીથી ગુનો ના કરે એ કક્ષાએ એમને સજા કરવામાં આવે અને આપણે બધા તે જોઇ શકીએ છીએ. હવે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને કેન્દ્રના ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી આદરણીય અમિતભાઇ શાહ સાહેબે સન ૨૦૪૭ સુધીમાં ભારતને નશામુકત કરવાનું જે અભિયાન ચલાવ્યું છે એની અંદર પણ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને એમની ટીમ ખૂબ સારું કામ કરી રહી છે એના માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આદરણીય ગૃહમંત્રી હર્ષભાઇ દ્વારા નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની પણ રચના કરવામાં આવેલ છે. એ અંતર્ગત નાર્કોટિક્સ અંગેની કામગીરી માટે દેશના તમામ રાજયો સાથે સંકલન કરીને ટીમ ભારત તરીકે કામ કરે તે જરૂરી છે, એમાં ગુજરાત પણ અગ્રેસર રહ્યું છે. એન.ડી.પી.એસ. એકટ હેઠળ દાખલ થયેલ ગુનાઓનો ઝડપી નિકાલ થાય એ માટે રાજયમાં વધુ સ્પેશિયલ કોર્ટની રચના કરવા બદલ અને રાજયમાં એન.ડી.પી.એસ. કેસો કરનાર પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તથા બાતમીદારોને પણ પ્રોત્સાહિત કરવા ગુજરાત સરકાર દ્વારા રીવોર્ડ પોલિસી અંતર્ગત રીવોર્ડ આપવા બદલ માનનીય ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું. કોઇ પણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેની સીમાઓની સુરક્ષા અને આંતરિક સલામતી પર હોય છે. આપણા પાડોશી દેશના આતંકવાદીઓ અવળચંડાઇ કરે છે ત્યારે દેશ અને રાજયની સલામતી માટે બજેટમાં ગૃહ વિભાગ માટે કરેલ જોગવાઇને સમર્થન આપું છું. સાથે આપણા આચાર, વિચાર અને વ્યવહારમાં **जियो और जीने दो** અને **वसुधैव कुटुंबकम** ની ભાવના છે. હિન્દુસ્તાન ક્યારેય આક્રમણકારી અને વિચારવાદી નથી રહ્યું. તેમ છતાં આપણા પાડોશીઓ આપણા સંયમિત વ્યવહારને દુર્બળતા સમજી આતંકવાદી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. થોડા માસ અગાઉ દેશના નિર્દોષ ૨૫ પ્રવાસીઓને તેમના ધર્મ પૂછીને આતંકવાદીઓએ હત્યા કરી તે આખી દુનિયા જાણે છે. પરંતુ આતંકવાદીઓ આ દેશની બદલાયેલી નેતાગીરીને ઓળખી શક્યા નથી. આતંકવાદને જડમૂળથી નાબૂદ કરવા માટે નવા ભારતની પ્રતિબદ્ધતા અને અમારા પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ નિર્દોષ નાગરિકોની હત્યા થઇ એ પછી આવા આતંકવાદીઓને તેમના કુકર્મ જોઇને યમલોક પહોંચાડવાની કાર્યવાહી કરવા બદલ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આદરણીય અમિતભાઇ શાહ સાહેબનો ખૂબ–ખૂબ આભાર વ્યકત કરું છું. હનુમાનજીએ કહ્યું છે કે ''**हे राजन, जिन मोही मई मारा, ते मोही मारे।**'' જેનો અર્થ એવો થાય છે કે, **हमने केवल उन्हीं को मारा, जिन्हों ने हमारे मासुमों को मारा।** ભારતીય સૈનિકોની શહીદીનો બદલો લેવા ઉરી સર્જિકલ સ્ટ્રાઇકમાં આર્મીના બહાદુર જવાનોએ પાકિસ્તાનની બોર્ડર પાર કરી પાકિસ્તાનમાં જઇ આતંકવાદીઓના અડ્ડાઓનો નાશ કર્યો. પાકિસ્તાનવાળા કહેતા કે ''તમે એરસ્ટ્રાઇક કરી છે એનો અમને પુરાવો આપો.''પણ એમને ખબર નથી કે આ એરસ્ટ્રાઇકમાં આપણા જવાન વિંગ કમાન્ડર અભિનંદન ત્યાં રહી ગયા અને ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે પાકિસ્તાનને ચેતવણી આપી કે ''મારો જવાન સલામત રીતે મારા દેશમાં પાછો નહિ આવે તો પાંચ દિવસ પછી પાકિસ્તાનનો નકશો હશે કે નહિ એ મને ખબર નથી.'' ત્યારપછી આપણો જવાન મૂછો પર તાવ આપતો આપણા દેશમાં પાછો આવી ગયો. દેશના આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબ માટે કહીશ કે, **दुनिया में लाखों आते, लाखों जाते, कोई नहीं निशानी। जिस ने कुछ कर के दिखलाया, उसकी अमर कहानी।** આ એવી નેતાગીરી છે કે સદીઓ સુધી યાદ રહેશે. **मोदी है तो मुमकिन है, शाह है तो सलामती है।** મારે આદરણીય હર્ષભાઇ માટે કહેવું છે કે, **चार वांस, चौबीस गज़, अंगुली अष्ट प्रमाण, अगर वहीं बैठा है आतंकी, तो मत चुकना हर्ष, मत चुकना हर्ष।** ગુજરાતમાં બધા દાદાઓ આજે શોધ્યા પણ જડતા નથી. **पहले से सोच थी की सरकार कुछ करेगी, लेकिन अब सोच है की सरकार सब के लिए करेगी। आज की सरकार का ध्येय है,** નેશન ફર્સ્ટ, સિટિઝન ફર્સ્ટ અને વંચિતોની વ્યવસ્થા. અનઅધિકૃત ડ્રોન સલામતી અને સુરક્ષા સામે જોખમો ઊભા કરે છે. ગુજરાત રાજ્ય સરહદી રાજ્ય છે આથી આવા અનઅધિકૃત ડ્રોનને તોડી પાડવા માટે ગૃહ વિભાગ દ્વારા ચાર એન્ટી ડ્રોન સિસ્ટમની ખરીદી કરી છે. એના માટે ૩.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. એના માટે પણ હું ગૃહમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સરહદ ઘરાવતા જિલ્લાઓમાં પોલીસ પેટ્રોલિંગ સુદ્દઢ બનાવવા માટે ૫૦ સ્પેશિયલ ઓપરેશન વ્હીકલ ખરીદવા માટે ૩.૯ કરોડની જોગવાઇ કરેલ છે. મને વિશ્વાસ છે કે ગુજરાત પોલીસ અને આદરણીય હર્ષભાઇ રાજ્યમાં કોઇ પણ આતંકવાદી પ્રવૃત્તિને ચલાવી લેવાના નથી. હવે ટેક્નોલોજીના ઉપયોગથી ગુનેગારો ગુના આચરતાં હોય છે. ગુનેગારો ટેક્નોલોજીનો ગેરલાભ લઇ સાયબર ક્રાઇમ તરફ વળ્યા છે. સાયબર ક્રાઇમનો ભોગ બનનાર નાગરિકોને ત્વરિત સહાય મળી રહે તે માટે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનો કાર્યરત થયેલ છે. સાયબર ક્રાઇમથી દૂર રહેવા સાયબર સંજીવની દ્વારા જાગૃતિ લાવવામાં આવે છે. સૌ

ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે,આ સાયબરના ગુનેગારો દરેક જગ્યાએ ગુનાઓ આચરતા હોય છે અને નિર્દોષ નાગરિકો તેનો ભોગ બનતા હોય છે. આની અંદર કોઇ પક્ષાપક્ષી ન હોય. દરેકે પોતપોતાના વિસ્તારમાં અભિયાન ચલાવીને નિર્દોષ નાગરિકો ભોગ ન બને તે માટે પ્રયત્ન કરવો જોઇએ. સરકારની સમગ્ર ટીમ પ્રયત્ન કરી રહી છે. શ્રી હર્ષભાઇ પોતે સમય ફાળવીને આ વિષયમાં કામ કરતા હોય છે. હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તે સંદર્ભે સમર્થન આપવા માટે ઊભો થયો છું.

કાયદો અને વ્યવસ્થા એક એવો વિષય છે કે જેના કારણે કૉંગ્રેસ આ રાજ્યમાંથી સત્તામાંથી ગઇ અને કાયદો અને વ્યવસ્થા એક એવો વિષય છે કે જેના કારણે ભારતીય જનતા પાર્ટી લગભગ વર્ષ ૧૯૯૫થી આ રાજ્યમાં સતત સત્તામાં આવી છે. એ લોકોએ કાયદો અને વ્યવસ્થાને ઇગ્નોર કર્યા અને ભારતીય જનતા પાર્ટીએ માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાયદો અને વ્યવસ્થાથી સ્થિતિ જાળવી રાખી તેના કારણે આ શક્ય બન્યું છે. કાયદો અને વ્યવસ્થા મજબૂત હોય ત્યારે વિકાસ સંભવ બને છે. માનનીય નરેન્દ્રભાઇના કહેવા મુજબ શાંતિ અને સુરક્ષા વગર કોઇ વિકાસ સંભવ નથી. કાયદો અને વ્યવસ્થામાં શાંતિ એ સૌથી પહેલી શરત છે. બજેટમાં ગૃહ વિભાગ અંતર્ગત કાયદો અને વ્યવસ્થા માટે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૨,૬૫૪ કરોડ અને વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૨,૭૫૨ કરોડ ફાળવ્યા છે તેના પરથી સમજાય છે કે આ કેટલું જરૂરી છે. માનનીય આંબેડકરજી કહેતા હતા કે, કાયદો અને વ્યવસ્થા એ રાજકીય વ્યવસ્થાનું ઔષધ છે. જ્યારે સમાજ બીમાર પડે ત્યારે આ ઔષધ આપવું અતિશય આવશ્યક છે. આજે જે રીતે દરેક બાબતની અહીંયા ચિંતા થાય છે. માનનીય અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભારતીય ન્યાય સંહિતા હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હોય, ભારતીય સાક્ષ્ય અધિનિયમ બાબતે દેશમાં સૌથી સફળતાપૂર્વક અને એગ્રેસીવલી આગળ વધતું રાજ્ય હોય તો માનનીય ભુપેન્દ્રભાઇ અને શ્રી હર્ષભાઇના નેતૃત્વમાં એ ગુજરાત રાજ્ય છે. એન.સી.આર.બી.ના ડેટા મુજબ આપણે ત્યાં પર લાખ ૩૧.૨નો ડેટા કન્વિક્શનનો એ આપણે ત્યાં તેના આધાર ઉપર આપણે ૧૨.૫ ડેટાથી આપણે તેને સોલ્યુશનની દિશામાં ક્રાઇમનો ડેટા એટલો ઓછો છે. જે ૩૧.૨થી ૧૨.૫ ટકા ઉપર હોય. ચાર્જશીટનો ડેટા એ નેશનલ લેવલે ૭૪.૧ ટકા છે જે આપણે ત્યાં ૮૩.૮ ટકા સુધીનો ડેટા ચાર્જશીટ દાખલ થાય ત્યાં સુધીનો આ ડેટા બને છે. આપણે નાનાં નાનાં બાળકો અને મહિલાઓ સામેના ક્રાઇમ ઉપર પણ આપણે લોકો ખૂબ જ સજાગતાથી કામ ઉપર લાગેલા છીએ. નવી ૫૪ જેટલી પોક્સો કોર્ટો એ છેલ્લાં વર્ષોમાં આપણે ઊભી કરી. આ પોક્સો કોર્ટમાં ૨૩ લાખ ૬૯ હજાર ૮૧૦ કેસનો નિકાલ કરવામાં આપણે સફળ રહ્યા છીએ. તો જે રીતે આ કેસોનો જે આખા કોર્ટની અંદર સોલ્વ કરવાની દિશામાં હોય તો લગભગ જે એન.સી.આર.બી.ના ડેટા મુજબ ૯૨ ટકા કેસો સોલ્વ કરવાની દિશામાં ગુજરાત આખા ભારતમાં નંબર વન રાજ્ય છે અને ૯૨ ટકા રેટ એ ખૂબ ઊંચો રેટ છે. જ્યારે આ દેશમાં પી.આઇ.એલ. એ પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન એ જયારે પર્સનલ ઇન્ટરેસ્ટ લિટિગેશનની દિશામાં જતી હતી ત્યારે આ રાજ્યમાં એ દિશામાં જે પગલાં લેવાયા એ કમ્પ્લેઇન કરનાર હોય એનું બેકગ્રાઉન્ડ ચેક કરવામાં આવે, એનું ઓક્યુપેશન જોવામાં આવે, એની વાર્ષિક આવક જોવામાં આવે, એનો વ્યક્તિગત કોઇ ઇન્ટરેસ્ટ છે કે નહી એનું પણ ધ્યાન રાખવામાં આવે અને એને પ્રુવ કરવું પડે કે આ પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન એ પર્સનલ ઇન્ટરેસ્ટ લિટિગેશન નથી. આ દિશામાં એ સ્પષ્ટ રીતે ધ્યાન રાખ્યા પછી એ પિટિશનરનો સંપૂર્ણ રિસર્ચ થયા પછી એની આગળ આ પ્રકારનાં કામ થાય. આપણે જોયું હતું કે ગોધરાકાંડ દરમિયાન તિસ્તા શેતલવાડ જેવા કેટલાય લોકોએ પી.આઇ.એલ.નો ઓથો લઇને રાજ્યને બદનામ કરવાના અનેક કામો કર્યા છે અને આ પ્રકારના લોકોનું એક ટોળું એ ગુજરાતને બદનામ કરવા નીકળ્યું. પરંતુ, હવે એ આ પી.આઇ.એલ. હોય કે આર.ટી.આઇ. હોય આ પ્રકારના કોઇપણ કામમાં પોતાનો ઇન્ટરેસ્ટ હોય તો એ કોઇ કામ ન કરી શકે. આ દિશામાં પણ સરકારે એના પ્રોટોકોલ નક્કી કરીને કામ કર્યું છે. પ્રિ-ફાઇલિંગ દિશામાં આજે કોઇપણ પોતાનો કેસ રજૂ કરે તો કેસનું રજિસ્ટ્રેશન થાય, એની પ્રોસિડિંગ થાય અને એનો જે ચૂકાદો આવે એ આખી પ્રોસિજર એ માય કેસના નામ પર એ વ્યક્તિગત રીતે ગમે ત્યારે જોઇ શકે. એને ઇંગ્લિશ ભાષામાં તકલીફ હોય તો જે ભાષામાં માંગે એ ભાષામાં સંપૂર્ણ ટ્રાન્સલેશન મળી જાય એ દિશામાં સરકારે કામ કર્યું છે. આખા રાજ્યમાં જે વાતાવરણ બન્યું છે કે આપણે કહીએ કે અડધી રાત્રે પણ અમારે ત્યાં ગરબામાં નાગરિકો, બહેન-દીકરીઓ ફરતી હોય પરંતુ એનાથી પણ આગળ જઇએ જ્યાં ક્રાઇમ અને ક્રિમિનલ પણ આવી શકે એવી જગ્યાની અંદર જ્યારે દેશમાં નરેન્દ્રભાઇ મોદીની સરકારે વાત કરી કે અમારે ૭૮૪ ઇવનિંગ કોર્ટ કરવી છે તો એ ૭૮૪ ઇવનિંગ કોર્ટ કરવામાં સૌથી પહેલું રાજ્ય ગુજરાત બન્યું કે જેણે સાંજની કોર્ટો શરૂ કરવા અને પ્રપોઝલ મુજબ સાંજના પથી રાત્રે ૯ વાગ્યા સુધી એટલે કે કાયદાની પરિસ્થિતિ કેટલી સ્ટ્રોંગ હોય કે રાત્રે પણ કોર્ટ ચલાવી શકાય અને કોઇપણ ગુના પર ચર્ચા થઇ શકે. એટલે આ દિશામાં ખૂબ કામ સરકાર દ્વારા થયું છે. આજે તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી એન.જે.ડી.જી.ના આંકડા મુજબ ટોટલ કેસ ૨૩ લાખ ૬૯ હજાર ૮૧૦ કેસ ગુજરાતની કોર્ટોએ સોલ્વ કર્યા. આજે વર્ષ ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫માં આ દિશાની અંદર આગળ જઇને કુલ ૩૬ નવી કોર્ટ આ ત્રણ વર્ષમાં ઊભી કરી. વર્ષ ૨૦૨૬માં ૧૫૧૮ જેટલા નોટરી આપ્યા. આજે એન.જે.ડી.જી.ના ડેટા મુજબ વિડિયો કોન્ફરન્સિંગથી ૩ લાખ ૮૮ હજાર હાઇકોર્ટમાં અને ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ૧ લાખ ૯૨ હજાર સુનાવણી થઇ. લોક અદાલતના માધ્યમથી તમે જુઓ તો, વર્ષ ૨૦૨૧માં ૪૦,૦૦૦, વર્ષ ૨૦૨૨માં ૪૯,૦૦૦, વર્ષ ૨૦૨૩માં ૬૫,૦૦૦, વર્ષ ૨૦૨૪માં ૪૪,૦૦૦, વર્ષ ૨૦૨૫ માં

૪૫,૦૦૦ અને વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધી ૨૬૩૩ જેટલા કેસો એ.ડી.આર.ના માધ્યમથી પૂરા કરવામાં આવ્યા. જેથી કોર્ટનું ભારણ ઘટ્યું છે. ડિજિટલ ન્યાયતંત્રમાં ચારેબાજુ ટોટલ કેસો છે એ ઓછા કરવામાં આપણે સફળ થયા છીએ. થેંક્યું.

શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ પવિત્ર સન્માનનીય સભાગૃહ સમક્ષ ગુજરાતના સુશાસન, શાંતિ અને સુરક્ષાના સૌથી મજબૂત પાયા સમાન મહત્ત્વની કામગીરી જે વિભાગ દ્વારા કરવામાં આવેલી છે એમની માગણીઓની ચર્ચાઓ અને ખાસ કરીને, ગુજરાતને દુનિયાભરમાં સૌથી સુરક્ષિત રાજ્ય તરીકે આખા દેશમાં જે વિભાગો અને રાજ્યના નાગરિકોએ સાથે મળીને કાર્ય કર્યું છે એવા ગૃહ, જેલ, કાયદા અને ન્યાયતંત્રની બજેટની માગણીઓ ઉપર ચર્ચા કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ માટે કુલ રૂ.૧૪,૨૬૫ કરોડની જોગવાઈ તથા કાયદા અને ન્યાયતંત્ર વિભાગ માટે કુલ રૂ. ૨,૭૦૨ કરોડની જોગવાઈઓ કરવામાં આવી છે. કુલ રૂ. ૧૭ હજાર કરોડની જોગવાઈ કરી છે. આ વર્ષના બજેટમાં આ વિભાગોને કરવામાં આવેલી આ ઐતિહાસિક ફાળવણી બદલ હું રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ અમારા નાણામંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. માનનીય નાણામંત્રીશ્રીએ દરેક બજેટમાં એક પછી એક રાજ્યના તમામ વિભાગોને સારામાં સારી વ્યવસ્થાઓ કરી આપી છે. સામાન્ય રીતે ફાઇનાન્સ મિનિસ્ટ્રી એટલે શું? કે તમે જે માગણી લઈને ગયા હોય એને રોકવી પડે, ખર્ચને રોકાય કઈ રીતે? પરંતુ હું અમારા શેઠ ભામાશા કનુભાઈ દેસાઈને અભિનંદન આપવા માગું છું કે તમામ વિભાગોને ખૂબ સારી રીતે અને આજના સમયની માગ પ્રમાણે વધારેમાં વધારે વ્યવસ્થાઓ કઈ રીતે આપી શકાય તે દિશામાં એમણે ફાળવણી કરી છે એટલે ખાસ કરીને તો હું ગૃહ વિભાગ, ન્યાયતંત્ર અને બધા જ વિભાગો વતી આદરણીય કનુભાઈ દેસાઈનો ખૂબખૂબ આભાર માનું છું. તમે ગમે તેટલા મોટા બિલ્ડિંગ બનાવી દો કે ગમે તેટલી સ્કીમો લાવી દો પરંતુ જ્યાં સુધી રાજ્યનો નાગરિક સુરક્ષિત ના હોય ત્યાં સુધી એ રાજ્યમાં ગમે તેટલી મોટી વ્યવસ્થા કરી દો તોપણ રાજ્યની પ્રગતિ કયારેય થતી નથી. રાજ્યની દીકરીઓ જ્યાં સુધી નિર્ભય બનીને રાત્રે બહાર નીકળી શકતી ના હોય, જો સામાન્ય વેપારી ડર વગર પોતાનો વેપાર કરી શકતો ના હોય અને જો છેવાડાના ગરીબ માનવીને સમયસર ન્યાય ના મળતો હોય તો એ બધો જ વિકાસ અધૂરો અને અર્થહીન છે. વિકાસની ઇમારત હંમેશા કાયદો અને વ્યવસ્થાના મજબૂત પાયા ઉપર જ ઊભી રહી શકતી હોય છે. ગૃહ વિભાગ અને કાયદા વિભાગ એ એક જ સિક્કાની બે બાજુમાં છે. આ બંને વિભાગો સાથે મળીને રાજ્યના વિકાસને શાંતિ અને સલામતીનું અભેદ્ય સુરક્ષા કવચ પૂરું પાડે છે. ગૃહ વિભાગ એ ગુજરાતની ઢાલ છે. અસામાજિક તત્ત્વો હોય, ડ્રગ્સ માફિયાઓ હોય કે પછી સાયબર ગઠીયાઓ હોય, આપણો ગૃહ વિભાગ સવા છ કરોડ ગુજરાતીઓને આ બધા જ લુખ્ખા, ટપોરી અને અસામાજિક લોકોથી સુરક્ષિત રાખવામાં સફળતાપૂર્વક કામગીરી કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ચાલતી આ ડબલ એન્જિન સરકારનો મંત્ર એકદમ સ્પષ્ટ છે. ગુનેગારો માટે ઝીરો ટોલરન્સ અને સામાન્ય નાગરિક માટે ત્વરિત ન્યાય.જ્યારે અનેક લોકો રાજકીય ટીકા–ટિપ્પણો, એ રાજનીતિમાં રહેલા માણસોને હક્ક છે. પરંતુ મારા ગુજરાતના મારી ઉંમરના યુવાનો અને પછીની ઉંમરના યુવાનોને ગુજરાત પહેલાં કઈ દિશામાંથી પસાર થઈ રહ્યું હતું એનો કદાચ અંદાજ નહીં હોય. આપશ્રી પણ વર્ષોથી સામાજિક સેવા સાથે જોડાયેલા છો. આ સભાગૃહમાં મારા અનેક સિનિયર બેઠેલા છે. મારી ઉંમરના છે એટલે એમને વર્ષોથી સામાજિક સેવાઓનો અનુભવ છે. આજે મારા સાથી સભ્ય ગાંધી અને સરદારના ગુજરાતની વાત કરતા હતા ત્યારે અચાનક મને યાદ આવ્યું, હું વાંચી રહ્યો હતો, પહેલા કેવી પરિસ્થિતિ હતી. મારી સાથે બેઠેલા અનેક સિનિયર ધારાસભ્યશ્રીઓ લોન્જમાં ચા પીતા હતા. સિનિયર ધારાસભ્યશ્રીએ અચાનક કહ્યું કે ગાંધી અને સરદારનું આ ગુજરાત તમે કઈ પરિસ્થિતિમાં લાવ્યા હતા? ગુજરાતના ખૂણે ખૂણે આપણે ગાંધી અને સરદારના આ ગુજરાતને તમે કેવું બનાવ્યું હતું? આભાર માનો કે ગુજરાતની જનતા હોંશિયાર છે. ગુજરાતની જનતાએ સમયસર નિર્ણય લીધો અને નિર્ણય કેવો લીધો? નિર્ણય એવો લીધો કે વર્ષોવર્ષ આજે પણ સામેની પાટલીએ ગણી શકાય એટલા પણ નથી રહ્યા. આજે શ્રી જીતુભાઈએ શુભકામના આપી. એમણે શુભકામના અડધી જ આપી. શુભકામનાઓ આપી કે આવનારા સને ૨૦૨૭માં તમે ટકી રહો. હું તો મિત્ર છે એટલે શુભકામના આપું છું કે આપણા ગુજરાતની જનતાની સેવા માટે ચૂંટાયેલા છીએ. ગુજરાતની જનતાના હિતમાં પ્રશ્નો ઊભા કરવા એ આપણા સૌની જવાબદારી છે. પણ ગુજરાતની જનતાને ઉંધા રવાડે ચડાવીને એક પછી એક સામી પાટલીએ કેટલાય બેસનારા હતા એ ધીમે ધીમે આ એરિયામાં આવી ગયા છે. એ એમાં નથી રહ્યા એ પરિસ્થિતિ આવી ગઈ છે. સને ૨૦૨૭માં કેટલા ટકી રહેશે એની વાત છે. ગાંધી અને ગુજરાતની વાત કરીએ તો અહીંયા બેઠેલા સિનિયર ધારાસભ્યો છે એને ૧૦૦ ટકા અંદાજ હશે, અમે બધા તો જન્મીને હજું સમજતા થયા હતા, ગુજરાતના કયા ખૂણે કેવી દશા કોંગ્રેસના રાજમાં હતી કે જ્યારે કરફ્યુ ન હોય. હુલ્લડો ન હોય. રાજનીતિ અને વોટબેન્કના કારણે હડતાલ કરવાવાળા હોય કે કરફ્યુ જેના હિસાબે રાખવા પડતા હોય કે આખા ગુજરાતમાં આતંક મચાવનારા ગુંડા હોય એને કેમ બચાવવામાં આવ્યા હતા? કયા કારણે એમને સંઘરવામાં આવતા હતા કે ગુજરાતમાં ક્યારેય શાંતિ જ ન આવી શકે? હું મારી ઉંમરના સૌ નૌજવાનો વતી આ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી, તત્કાલીન ગૃહમંત્રી અને દેશના હાલના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબનો આભાર માનું છું કે આ બેખૌફ થઇ ચૂકેલા ગુનેગારોને ગુજરાતના ખૂણે ખૂણેથી શોધી શોધીને કાયદાનો પાઠ ભણાવવામાં આવ્યો. એના પછી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે લોકો ગુજરાતમાં જન્મયા છે

એને કરફ્યુ શબ્દનો અર્થ જ ખબર નથી. સામે બેઠેલા અનેક લોકો એવા હશે કે ભારતીય જનતા પાર્ટીના શાસન પછી જન્મયા હશે. એને ખબર નહીં હોય કે ભૂતકાળમાં આ ગાંધી અને સરદારનું ગુજરાત તમે કઇ પરિસ્થિતિમાં અમને આપ્યું હતું? કઇ પરિસ્થિતિમાં ગુજરાતની અંદર આટલો મોટો બદલાવ આવ્યો છે અને આજે ગુજરાત નંબર-૧ બન્યું છે. એની પાછળ કોની અથાગ મહેનત છે એનો અંદાજ નહીં આવે. કારણ કે કોંગ્રેસના શાસનમાં માત્ર ગુજરાતમાં ખુલ્લેઆમ લૂંટફાટ ચાલતી હતી. ખુલ્લેઆમ રમખાણ ચાલતા હતા. ગુજરાતમાં ખુલ્લેઆમ મારી નાની નાની દીકરીઓ, મા-બહેનો રોડ ઉપર નીકળી શકતી ન હતી એવી પરિસ્થિતિ ગુજરાતમાં હતી. ગુજરતની ડિક્ષનરીમાંથી કરફ્યુ શબ્દ કાયમ માટે ભૂંસાઇ ગયો છે તો એનું માત્ર ને માત્ર કારણ હોય તો એ ગુજરાતની જનતા અને ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ગુજરાત પોલીસનો જવાન ડ્રોન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા આધુનિક શસ્ત્રોથી આજે સજ્જ છે. નવી અદાલતો બની રહી છે, પેન્ડન્સી ઘટી રહી છે. લોક અદાલતોના માધ્યમથી કરોડો કેસોનો સુખદ અંત આવી રહ્યો છે. આજના આધુનિક યુગમાં રાષ્ટ્ર વિરોધી તત્ત્વોના પેંતરા બદલાયા છે પરંતુ તેને નાબૂદ કરવા માટે અમારી સરકારની ઇચ્છા શકિત પણ એટલી જ પ્રબળ છે. ગુજરાતનો આ અવિરત વિકાસનો પાયો જે અહીંની શાંતિ, સુરક્ષા અને સલામતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક લોકો રાજયની અંદર આ જે શાંતિ છે તેને પચાવી નથી શકતા. આ શાંતિ કઇ રીતે અશાંતિ તરફ ઢોળાય તે માટેના અનેક પ્રયાસો કર્યા. માં અંબાના આશીર્વાદ હોય, જયાં શામળાજી વસ્યા હોય, જયાં પાવાગઢની મારી મા કાલીકા હોય, જયાં સોમનાથ દાદાના આશીર્વાદ હોય, જયાં ભવનાથ તળેટીના આખા ગુજરાતની જનતા ઉપર આશીર્વાદ હોય એ ગુજરાતની અંદર તમે શું બગાડી શકવાના?

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની જનતાએ રાત-દિવસ અથાગ મહેનત કરી છે અને આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પોતે પર્સનલ હુમલાઓ સહન કરીને પણ આ ગુજરાતના વિકાસને આગળ વધારવા માટે તેમણે મહેનત કરી છે ત્યારે આજે આપણે ગુજરાત નંબર વન બન્યું છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નવા ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે આપણું ગુજરાત કેવી રીતે દેશની સુરક્ષા કવચ અને ન્યાયનું રોલ મોડલ બન્યું છે તો જો મારે આ સભાગૃહને માત્ર એક જ શબ્દમાં સમજાવવું હોય તો એ શબ્દ છે ભારત. અંગ્રેજીમાં આ છ અક્ષરો BHARAT માં અમારી સમગ્ર કામગીરીનો નીચોડ અને ભવિષ્યનો રોડ મેપ સમાયેલો છે.

B: Border, Coastal and Cyber security.
H: High-tech infrastructure and Human resources.
A: Action against terror, drugs and mafia.
R: Rapid response, rescue and readiness.
A: Accessible accelerated justice.
T: Technology-driven policing and tracing.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક અત્યંત સંવેદનશીલ સરહદી રાજય છે. બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લાની ૫૧૨ કિલોમીટર લાંબી આપણી આ આંતરરાષ્ટ્રીય સીમા જે સીધી પાકિસ્તાન સાથે જોડાયેલી છે. કોંગ્રેસના સમયમાં આ સરહદો કઇ પરિસ્થિતિમાં હતી, રામભરોસે પડેલી હતી. આજે ઇન્ટેલિજન્સ, કોસ્ટગાર્ડ અને કેન્દ્રીય એજન્સીઓ સાથે ખભે ખભા મિલાવીને આપણી બઘીજ ફોર્સિસ ખૂબ સારી કામગીરી કરી રહી છે. સીમાપારથી થતી ઘૂસણખોરીઓ અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ પર અમારી બાજ નજર છે. દેશના દુશ્મનોને આ પવિત્ર ગૃહના માધ્યમથી હું એક ખુલ્લી વાત કહેવા માગું છું કે,

हमारी शराफत को हमारी कमज़ोरी मत समझना,
हम जब अपने पर आते हैं तो तुफानों का रुख भी मोड़ देते हैं।

(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ૫૧૨ કિલોમીટરની બોર્ડર અને ૨૩૦૦ કિલોમીટર લાંબી દરિયાઇ સીમા તરફ જો કોઇએ મેલી આંખ કરી તો ભારતીય સેના, ભારતીય ફોર્સીસ અને ગુજરાત પોલીસ આંખ કાઢી લેવાની તાકાત ધરાવી રહી છે. આ વર્ષે ગુજરાતે એક ઐતિહાસિક મુહિમ ચલાવી. એ ઐતિહાસિક મુહિમ દેશના અલગ અલગ રાજયોમાં ગુજરાત પછી ચાલુ થઇ. ગુજરાતના તમામ જિલ્લાઓમાં, મહાનગરોમાં ગુજરાત પોલીસ દ્વારા ખૂબ મોટી સંખ્યામાં ભારતમાં ઇલીગલ ઘૂસીને,અમદાવાદ હોય, રાજકોટ હોય, સુરત હોય, મોરબી હોય, બનાસકાંઠા હોય, ભરૂચ હોય, વલસાડ, વાપી હોય તેમને આ તમામ ક્ષેત્રોમાંથી શોધી શોધીને એક-એક બાંગ્લાદેશીઓને પકડીને આ દેશની સરહદની બહાર ધકેલવાનું કામ એ ગુજરાત પોલીસે સેન્ટ્રલ એજન્સીઝ જોડે કર્યું છે. રાજયભરની અંદર જયારે આ મુહિમ ચાલી રહી હતી, આખું રાજય ખુશ, દેશભરમાં સોશિયલ મીડિયાના લોકો પર દબાણ ચાલે કે આપણા રાજયના હિતની રકમ એ આ બાંગ્લાદેશીઓના હિતમાં યોજનાના નામે કેમ અપાય છે? જો ગુજરાત આટલી મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓને ઘૂસી ઘૂસીને જો પકડી શકતી હોય તો આપણા રાજયમાં આ કામ કેમ નથી થતું? પરંતુ આ દેશપ્રેમી લોકોને હજી એ અંદાજો નહોતો કે હજી કલાક થયો છે, બે કલાક પછી ચોક્કસ પોલિટીકલ પાર્ટીના લોકોના રોતડા ચાલુ થવાના છે. એક બાજુ બાંગ્લાદેશીઓને પકડીએ છીએ, આ બાંગ્લાદેશીઓને આપણા દેશમાંથી બહાર ધકેલવાની પ્રોસિજર ચાલે છે. એક બાજુ હજી પકડીને પોલીસ સ્ટેશન લઇ જઇએ એની પહેલાં જ

ચોક્કસ પોલિટિકલ પાર્ટીના મોરચાઓ પોલીસ સ્ટેશન પહોંચે છે. મસીહા બની જાય છે. પેલો વ્યકિત પોતે એમ કહે છે કે હું બાંગ્લાદેશી છું, સ્વીકારું છું. નહીં, નહીં, આ તો બંગાળી છે આને તમે કેવી રીતે પકડી શકો? આને છોડી દો. કેટલાં વર્ષ સુધી આ રાજનીતિ આપણે કરવાની? એક બાજુ પોલીસ રાત-દિવસ મહેનત કરીને તેમને પકડવાનું કામ કરે અને એકબાજુ મારા ૨૦૦-૫૦૦ મત જો આ જતા રહે તેના માટે આજે અહીંયા કેટલાય લોકોએ મોટી મોટી વાતો કરી. કોઇ ૫૦૦ મતથી જીતે, કોઇ ૧૦૦૦ મતથી જીતે ૨૦૦૦ મતથી જીતે અને આખા ગામને મોટી મોટી સલાહો આપવાવાળા લોકો જેમ તેમ જેમ તેમ જીતીને અહીંયા આવ્યા હોય, હવે એ બે-પાંચ હજાર બાંગ્લાદેશી જો પોતાના વિસ્તારમાંથી નીકળી જાય તો સન ૨૦૨૭માં મોઢું કઇ રીતે બતાડી શકે? (અંતરાય) ના, ના તમારી ઉપર મને પૂરો વિશ્વાસ છે. શ્રી ઇમરાનભાઇની વાત નથી. ખોટી વાત ના કરો.

અધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, બેઠાં બેઠાં બાંગ્લાદેશી એવું નહીં બોલો. એવી વાત નહીં કરી શકાય. (અંતરાય) ના કહી શકાય.

શ્રી હર્ષ સંઘવી : માનનીય ઇમરાનભાઇ, તમે બેસો, હું તમારી સાથે છું, ચિંતા નહીં કરો. કોઇ જ નહીં, એવી કોઇ વાત જ નથી. (અંતરાય) શ્રી અમિતભાઇ, છોડોને યાર, એક મિનિટ, તમારું અને શ્રી ઇમરાનભાઇનું કંઇક છે? આમાં પણ એક કમિટી બેસાડવા જેવી છે. આ શ્રી ઇમરાનભાઇ શ્રી અમિતભાઇનું નામ લે, શ્રી અમિતભાઇ શ્રી ઇમરાનભાઇનું નામ લે.

અધ્યક્ષશ્રી : એ બંન્ને જૂના સમયથી, કોર્પોરેશનના સમયથી બંનેના સારા સંબંધો છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધાએ સાથે મળી આ રાજયના વિકાસની ગતિને હજી આગળ વધારવાની છે. હું જોઇ રહ્યો હતો ત્યારે આખો દેશ અભિનંદન આપી રહ્યો હતો, આખો દેશ અભિનંદન આપી રહ્યો હતો પરંતુ ચોક્કસ લોકો દ્વારા આ રાજયમાં સારું કામ કઇ રીતે થાય, લોકો ગુજરાતને અભિનંદન આપે એ કેવી રીતે ચાલે અને ભડકાવવાની કોશીશ કરવામાં આવી, આ રોકવાની કોશીશ કરવામાં આવી પરંતુ અમે પણ મજબૂતાઇથી નક્કી કર્યું હતું કે આપણા રાજયના હિતનું આપણા જ રાજયમાં જવું જોઇએ અને એક-એક બાંગલાદેશીઓને શોધીને આ દેશની બહાર કરવાનું સૌથી ઉત્તમ કાર્ય એ ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવ્યું છે. ગૃહ વિભાગ એ માત્ર દંડા મારતો વિભાગ નથી. આ રાજયના વિકાસની અને કાયદાના શાસનની કરોડરજ્જુ એટલે કે ગૃહ વિભાગ. ડેટા સિકયોરિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા એટલે ભારત સરકારનું ખૂબ મહત્ત્વનું સાયબર ક્રાઇમને લગતું એક કાઉન્સિલ, એ કાઉન્સિલ દ્વારા સન ૨૦૨૩નો એક્સિલન્સ એવોર્ડ એ ગુજરાત સાયબર સેલને આપવામાં આવ્યો, જે પ્રકારે ગુજરાત સાયબર સેલ દ્વારા કામગીરી કરવામાં આવી છે. વિપક્ષમાં કોંગ્રેસ પણ છે અને આમ આદમી પાર્ટી પણ છે. કેરળ હોય, પંજાબ હોય કે પછી મહારાષ્ટ્ર હોય. દેશના આઠથી વધુ રાજ્યોની પોલીસ ગુજરાતનું આ મોડલ શીખવા અહીં આવી રહી છે. આ રફતારને ૧૦૦ ગણી વધારવા માટે આ વર્ષના બજેટમાં અમે સાયબર સેન્ટર ઓફ એક્સિલન્સ પ્રોજેક્ટ મંજૂર કર્યો છે. જેમાં નવા ૧૧૮૬ અધિકારીઓનું મહેકમ ઊભું કરવામાં આવશે. દેશમાં પહેલીવાર આ સેન્ટરમાં ટેકનોક્રેટ લોકોને લેવામાં કઇ રીતે વધુમાં વધુ ભાર મૂકાય એ રીતની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આના માટે ૩.૨૯૮.૮૬ કરોડની નવી બિલ્ડિંગ ઊભી કરવામાં આવશે. વિરોધ પક્ષના શાસન વખતે લાકડીઓની જ જરૂર હતી કારણ કે, એ વખતે તો ચારે બાજુ રમખાણ ચાલતા હતા. (સભ્યશ્રી કાન્તીભાઇ ખરાડી જગ્યા પર બેઠાં-બેઠાં કોમેન્ટ કરતાં) શ્રી કાન્તીભાઇ, તમારી વાત સાચી છે. અમે અમારા લોકોનું રક્ષણ કરવામાં ક્યારેય પીછેહઠ ના કરીએ. તમારે જેનું રક્ષણ કરવાનું હતું એનું તમે કર્યું અને અમારે જેનું રક્ષણ કરવાનું હતું એ અમે કરતાં જ હતા અને આજીવન કરીશું જ. તમારે રાજનીતિ માટે ક્યારેક જેનું રક્ષણ કરવાનું હોય એ છોડવું પડતું હોય પણ અમારે રાજનીતિમાં ભારત દેશના તમામ નાગરિકોનું રક્ષણ કરવાનું હોય એ કરી જ રહ્યા છીએ અને તમે જુઓ તમારું શાસન હતું ત્યારે કરફ્યુ જ રહેતો હતો અને અમારા શાસનમાં કરફ્યુ નામનો શબ્દ જ જતો રહ્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવું છે કે સ્કૂલના ક્લાસરૂમમાં સૌથી વધારે તોફાની છોકરાને મોનિટર બનાવી દેવામાં આવે છે એટલે તોફાનો શાંત થઇ જાય. ગુજરાતની જનતાએ આ જ કર્યું છે એટલામાં સમજી જાવ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એ ક્લાસ પર નિર્ભર હોય છે. ઘણી વખત એવું થાય કે કોઇ સારા લોકોને મોનિટર બનાવીએ તો એ બીજાને સુધારી લે. સમગ્ર ભારતમાં સાયબર ક્રાઇમ અંગેની હેલ્પલાઇન ૧૯૩૦ની અસરકારક કામગીરીમાં આજે આપણું ગુજરાત રાજ્ય દેશમાં બીજા નંબર પર આવી રહ્યું છે અને હું ગર્વથી કહું છું કે અમારો ટાર્ગેટ છે કે આવનારા એક વર્ષમાં આપણે સાયબર ક્રાઇમની કામગીરીમાં નં-૧ થઇશું. ગુજરાત પોલીસની સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ આજે નાગરિક માટે સંજીવની બની છે. આંકડાઓ સાંભળીને ઘણા લોકોના હોશ ઊડી જશે કે નાગરિકો સાથે ફ્રોડ થયેલા ૩.૮૫૪ કરોડ બેંકોમાં ફ્રિજ કરાવવામાં ગુજરાતને સફળતા પ્રાપ્ત થઇ છે. આ એક વર્ષના આંકડા આપું છું. વાત માત્ર પૈસા રોકવા પૂરતી સીમિત નથી. સાયબર ક્રાઇમનો ભોગ બનેલા ૧,૪૨,૭૩૯ જેટલા અરજદારોને નામદાર કોર્ટના હુકમથી ૩.૨૧૦ કરોડની રકમ સીધેસીધી એમના ખાતામાં રિફંડ કરાવવામાં ગુજરાત પોલીસને સફળતા મળી છે. ભવિષ્યમાં એવું થઇ શકે છે કે સામાન્ય ક્રાઇમ એટલે કે જે પોલીસ સ્ટેશનોમાં સામાન્ય નોંધાતા ગુના જેવાં કે પાકિટ ચોરાઇ જવું, સોનાની ચેઇન ચોરાઇ જવી, ગાડી ચોરી થઇ ગઇ, બાઇક ચોરી થઇ ગયું. અમે એવું માનીએ છીએ કે વર્ષ ૨૦૩૫ સુધી સાયબર ક્રાઇમના આંકડા સામાન્ય ક્રાઇમ કરતાં વધી શકે છે. એટલે ભવિષ્યમાં આનો ખૂબ મોટા પાયે લોડ વધવાનો છે. દેશભરમાં ગુજરાત

પ્રથમ રાજ્ય છે કે જેણે સાયબર ક્રાઇમની દિશામાં પહેલેથી મહેનત કરવાની ચાલુ કરેલ છે. ગુનો થાય પછી ગુનેગારને પકડવામાં આવે પણ ગુજરાત પોલીસે પ્રો-એક્ટિવલી કામગીરી કરીને ઓ.એલ.એક્સ પર ૫૫,૧૩૨ ફેક આઇ.ડી., બ્લેકમેલ કરતાં ન્યૂડ વીડિયો કૉલના ૩૫,૭૧૯ આઇ.ડી. અને ૪,૫૦૪ આઇ.એમ.ઇ.આઇ. બ્લોક કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. ગરીબને લૂંટતી ૧,૦૫૨ ફ્રોડ ઇન્સ્ટન્ટ લોન એપ્લિકેશન આપણે બંધ કરાવી. સૌથી મોટી પુણ્યની વાત છે કે સાયબર બ્લેકમેલિંગથી કંટાળીને જે નિર્દોષ લોકો આપઘાત કરવા જતાં હતાં તેવાં ૧૦૬ લોકોને અમારા એન્ટિ બુલિંગ યુનિટ (એ.બી.યુ.)એ આત્મહત્યા કરતાં બચાવ્યા છે અને તેમને નવું જીવન આપ્યું છે. નકલી બેંક ખાતાને સાયબર ક્રાઇમમાં મ્યુલ એકાઉન્ટ કહેવામાં આવે છે. તેને શોધવા માટે અમે ઓપરેશન મ્યુલ હન્ટ ચલાવ્યું. જેમાં ૫૦૦થી વધારે એફ.આઇ.આર. નોંધીને ૩૦૦ જેટલા સાયબર ગઠિયાઓને પકડવામાં ગુજરાત પોલીસને સફળતા પ્રાપ્ત થઇ છે. માત્ર ૧૦૦ કલાકમાં આ કામગીરી કરવામાં આવી છે. સમગ્ર દેશમાં એક પણ રાજ્ય આખા વર્ષમાં મ્યુલ એકાઉન્ટ શોધવામાં આટલા આંકડા કરી લે તો તમે જે કહો તે કરવા તૈયાર તે પ્રકારની કામગીરી ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી. ડિજિટલ દુનિયામાં પણ ગુજરાત અને ગુજરાત પોલીસ દેશને નવો રસ્તો બતાવી રહી છે. સાયબર ક્રાઇમ એ આજના સમયનો સૌથી મોટો પડકાર છે. આ કોઇ એક-બે કરોડનું નહીં પરંતુ ૩.૧૮૨ કરોડ ૩૭ લાખના તોતિંગ સાયબર ફ્રોડ કૌભાંડનો ગુજરાત પોલીસે એક બહુ મોટો પર્દાફાશ કર્યો છે. હું ગુજરાતના સાયબર યુનિટ કે અમદાવાદ સાયબર ક્રાઇમની વાત કરતો નથી પરંતુ અમારી કચ્છ જિલ્લા પોલીસ પણ એટલી એક્ટિવ અને ટેક્નોક્રેટ છે કે ગાંધીધામમાં સાયબર ક્રાઇમ પોલીસે કૌભાંડ નહીં પરંતુ એક મહાકૌભાંડ પકડવામાં સફળતા પ્રાપ્ત કરી. ૩.૧૮૨.૩૭ કરોડનું કૌભાંડ પકડ્યું. આ લોકોની મોડસ ઓપરન્ડી એવી હતી કે રાપર, આડેસર, ભુજના ગરીબ, જરૂરિયાતમંદો અને ઓછા ભણેલા નિર્દોષ લોકોને નિશાન બનાવતાં હતાં. પશ્ચિમ બંગાળ, દિલ્હી, તેલંગાણા કે મુંબઇમાં બેસીને આ ભેજાબાજ ઠગાઇ કરે અને તેના પૈસા કચ્છના બોગસ ખાતામાં ફરતાં હતાં પરંતુ ગુનેગાર ભલે ગમે તેટલો શાતિર હોય પોલીસની ત્રીજી આંખથી આ લોકો બચી શક્યા નથી. આપણા સાયબર ક્રાઇમની ટીમે અત્યાધુનિક ટેક્નોલૉજી અને હ્યુમન ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આ આંતરરાજ્ય ગેંગને પકડી પાડી છે. જે હમણાં જેલમાં જ છે. આ જેટલા કેસો હું કહું છું તે કેસો માત્ર પકડતા નથી, પકડીને જામીન ન મળે તેવી પરિસ્થિતિ ઊભી કરીએ છીએ. આ જ રીતે દેશભરમાં ખૂબ મોટું નેટવર્ક ચાલી રહ્યું હતું અને સાયબર ક્રાઇમની દુનિયામાં દેશભરમાં તેને 'મિસ્ટર ઇન્ડિયા' તરીકે ઓળખતા હતાં અને એ મિસ્ટર ઇન્ડિયાને તેની આખી મોડસ ઓપરન્ડી પકડવામાં ગુજરાતના સાયબર એક્સેલન્સ સેન્ટર દ્વારા ખૂબ અદભુત કામગીરી કરવામાં આવી. આ ગેંગ આપણા દેશના યુવાનોને કંબોડિયામાં ડેટા એન્ટ્રીની ઊંચા પગારની લાલચ આપીને ફસાવતી હતી. તેમને ટુરિસ્ટ વિઝા પર ત્યાં મોકલે, ત્યાં પહોંચતાં જ પાસપોર્ટ છીનવી લે, એક રૂમ કે ઘરમાં તેમને લોક કરીને તેમની પાસે ભારતમાં ફોન કરાવીને ભારતમાં સાયબર ફ્રોડની કામગીરી કરાવતાં હતાં. જે યુવાનો ના પાડે તેમને ઇલેક્ટ્રિક શોક આપવામાં આવતા હતા. તેના બધા જ પ્રૂફ આપણી ટીમે મેળવેલા છે. અમારી ટીમે એકસાથે એક જ સમયે આઠ અલગ-અલગ જગ્યા પર દરોડા પાડીને આ નરકના ૧૧ મુખ્ય સૂત્રધારોને પકડી લીધા છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે 'મિસ્ટર ઇન્ડિયા' ઉર્ફે વિવેક ચાદવને દબોચી લીધો છે. જે બીજે ક્યાંય નહીં પણ દિલ્હી એરપોર્ટ પર એરલાઇન્સના ગ્રાઉન્ડ સ્ટાફ તરીકે બેઠો હતો. તેની પાસેથી ૧૦૮ ક્રિપ્ટો વૉલેટ, ૬૦ કરોડ ૮૬ લાખના અન્ય વ્યવહારો પકડાયા. તેમના ફોનમાંથી ૫૯ પાકિસ્તાની અને ૨૮ ચાઇનીસ સંપર્કો મળ્યા છે. એટલી જ મોટી ઇન્ટરનેશનલ ગેંગ 'ધ ઘોસ્ટ' તરીકે ઇન્ટરનેશનલ સાયબર ક્રાઇમની દુનિયામાં ઓળખાય છે. ધ ઘોસ્ટના નામે આંતરરાષ્ટ્રીય નેટવર્ક ધરાવતા મુખ્ય સૂત્રધાર એટલે કે નીલ પુરોહિતને મલેશિયા ભાગી જતા પહેલાં આપણી સાયબર ક્રાઇમ એક્સેલન્સ ટીમે પકડ્યા. આ ભેજાબાજે અત્યાર સુધીમાં ભારત, શ્રીલંકા, નેપાળ અને આફ્રિકા જેવા દેશોમાં પાંચસોથી વધુ યુવાનોને મોકલીને એની જિંદગી બરબાદ કરવાનું કામ કર્યું છે. આ યુવાનોને મ્યાનમાર અને કંબોડિયાના ચાઇનીઝ કેમ્પોમાં ગુલામ બનાવીને રાખવામાં આવતા હતા. વ્યક્તિ દીઠ લાખો રૂપિયાનું કમિશન ખાતો હતો અને આ નરાધમે ૧૨૬ લોકોને ગુજરાતમાં અને દેશભરમાં સબ એજન્ટ બનાવ્યા હતા. અમારી ગુજરાત પોલીસની સાયબર સેલ અને સી.આઇ.ડી.ની ટીમે આ ઐતિહાસિક ઓપરેશન દેશભરના તમામ સ્ટેટોની એજન્સી અને કેન્દ્ર સરકારની આઇ.ફોર.સી. (I4C- **Indian Cyber Crime Coordination Centre)** દ્વારા આ ત્રણેયની કેસ સ્ટડી પણ સેન્ટ્રલ લેવલે થઇ રહી છે. આજદિન સુધીમાં ૧ લાખ ૩૨ હજાર ૭૬૫ જેટલા અરજદારોને એની રકમ પાછી અપાવવા માટે ગુજરાત પોલીસને સફળતા પ્રાપ્ત થઇ છે. રાજ્યની વિકાસયાત્રા ત્યારે જ શક્ય બને જ્યારે રાજ્યનો સામાન્ય નાગરિક ભયમુક્ત વાતાવરણમાં શ્વાસ લેતો હોય અને ગુનેગારો પોલીસથી થરથર કાંપતા હોય.

हम हवाओं का रुख बदलने का होंसला रखते हैं,
हम मंज़िलों के दिलों में खौफ का ज़लज़ला रखते हैं।

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ ડિપાર્ટમેન્ટ માટે એમનો પરિવાર એટલે કે હ્યુમન રીસોર્સીસ ખૂબ જ મહત્ત્વનું હોય છે. ગૃહમાં આજે મારે ગર્વ સાથે કહેવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર દ્વારા રાત-દિવસ જે આપણી સૌની સુરક્ષા માટે તડકો કે ઠંડી જોયા વગર કામ કરે છે એવા પોલીસ કોન્સ્ટેબલ માટે એક રૂમ-રસોડાના મકાનનો જૂનો નિયમ બદલીને ટુ બી.એચ.કે.ના સુવિધાયુક્ત મકાનો આપવાની દેશમાં કોઇએ શરૂઆત કરી હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. પોલીસ આવાસ નિગમ દ્વારા અત્યાર સુધીમાં ૪૫ હજારથી વધુ આવાસો બનાવીને

સોંપી દેવામાં આવ્યા છે. આજે પણ રૂ.૨૬૦૪ કરોડના ખર્ચે નવા ૮૧૦૪ નવા મકાનો આકાર લઇ રહ્યા છે. ડબલ એન્જિનની સરકાર માત્ર વાતો નથી કરતી. અમે પોલીસના જવાનોના સન્માન માટે કામ કરીએ છીએ. આ વર્ષે માળખાગત સુવિધાઓ માટે રૂ.૨૪૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, દેશના ઇતિહાસમાં પહેલીવાર એવું થતું હશે કે કોઇ એક રાજ્ય દ્વારા એકસાથે પોલીસફોર્સના કોન્સ્ટેબલો માટે ૨૦૪૦૦ મકાનો ડિક્લેર કરવામાં આવ્યા. આ ૨૦૪૦૦ મકાનોની પરમિશન માટે, એના પ્લાનિંગ માટે ગૃહ વિભાગ હોય કે ગૃહમંત્રી લેવલે હું પોતે હોઉ કે ફાયનાન્સ મિનિસ્ટર તરીકે કનુભાઇ હોય, અનેકવાર બેઠકો થઇ. પાંચ વર્ષમાં આ આખો પ્લાન કઇ રીતે પૂર્ણ થાય અને પાંચમા વર્ષ સુધી ૨૦૪૦૦ નવા મકાનો આપણા ગુજરાત પોલીસના કોન્સ્ટેબલોને મળે તે માટે અદભુત પ્રયાસો થયા છે અને મને પૂર્ણ વિશ્વાસ છે કે, ગૃહ વિભાગ દ્વારા પાંચ વર્ષ પહેલાં આ ૨૦૪૦૦ નવા મકાનો મારા ગુજરાત પોલીસના જવાનોને એમના પરિવાર સાથે રહેવા માટેની વ્યવસ્થા કરાશે. હું એવું માનું છું કે કોઇપણ કોન્સ્ટેબલ હોય ને તો એને આ દુઃખ ખબર જ હોય. કોન્સ્ટેબલનું જીવન કેવું હોય? એ તો કોઇકના નસીબ હોય તેના માટે મોટી ગાડીઓ અને વ્યવસ્થાઓ થાય. બાકી અમારો કોન્સ્ટેબલ તો રાત-દિવસ મહેનત કરીને કાળી મજૂરી કરે ત્યારે એ પાછા ઘરે પહોંચે એ પ્રકારનું કામ કરતા હોય છે. પરંતુ આ કોન્સ્ટેબલ માટેની વ્યવસ્થાઓમાં મને એવું હતું કે જેને આ દુઃખનો અંદાજો હશે એ કપાતની બદલે વધારો કરવાની અપેક્ષા રાખતું હશે. પરંતુ મને એવું હતું કે આટલા વર્ષો સાથે કામ કર્યું હોય તો ક્યાંક નાનું-મોટું દુઃખ, ક્યાંક નાની-મોટી વ્યવસ્થામાં વધારો કરવા માટે મને મળશે, કનુભાઇને મળશે, વિધાનસભામાં ઊભા થઇને કહેશે. પરંતુ નસીબ-નસીબની વાત છે. આપણી વ્યવસ્થાઓ બદલાઇ ગઇ. આપણું દુઃખ દૂર થઇ ગયું. આપણી વ્યવસ્થાઓ હવે આલિશાન થઇ ગઇ એટલે હવે આપણ કોન્સ્ટેબલોની વ્યવસ્થામાં વધારો કરવા માટે શું કરવા માગ કરવી પડે? આ ઉપરાંત, રૂ. ૨,૬૧૬ કરોડના ખર્ચે ૪૮૧ નવા પોલીસ સ્ટેશનો અને કચેરીઓની.... હું જનરલ વાત કરું છું. શ્રી શૈલેષભાઇ, મારી વાત સાંભળો. કયારેય પણ આપણી વાત જનરલ હોય. તમારું મન હોય અને તમારે કંઇ કહેવું હોય તો તમે કહી શકો છો એમાં કંઇ ના નથી. ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારનો મૂળભૂત સિદ્ધાંત છે 'સર્વે ભવન્તુ સુખીન, સર્વે સન્તુ નિરામયા'. સર્વનો સાથ, સર્વનો વિકાસ, સર્વને ન્યાય એ અમારો મંત્ર છે. આપણે જાણીએ છીએ કે ન્યાયતંત્રમાં પડતી પેન્ડન્સી/વિલંબની અનેકવાર ફરિયાદો આવતી હોય છે. અમારી સરકારે ન્યાયના મંદિરોને વધુ સુદઢ બનાવવાનો નિર્ણય લીધો છે. ચાલુ વર્ષે વર્ષ ૨૦૨૫-૨૬માં કોર્ટની માળખાગત સુવિધામાં ૨૦૨ વિકાસ કાર્યો માટે રૂ.૧૨૫૦ કરોડથી વધુની માતબર રકમની મંજૂરી આપવામાં આવી છે. નામદાર ગુજરાત હાઇકોર્ટના સંકુલ અને જ્યુડિશિયલ એકેડમીના વિકાસમાં રૂ. ૨૦૦ કરોડ ફાળવ્યા છે. હાઇકોર્ટની નવી ૨૧ કોર્ટના બાંધકામની મંજૂરી આપી જેમાંથી બે માળનું બાંધકામ પૂરું થઇ ગયું છે. ઉચ્છલ,વ્યારા, પ્રાંતિજ, કલોલ અને સાણંદ ખાતે નવનિર્મિત તાલુકા કક્ષાની કોર્ટ બિલ્ડિંગના અમે લોકાર્પણ કરી દીધા છે. હવે કોઇ માતા કોર્ટમાં એના પરિવાર સાથે, બાળકો સાથે ગઇ હોય તો એના માટે ઘોડિયાઘરની વ્યવસ્થા કરી છે. મહિલા રૂમની અલગ વ્યવસ્થાઓ કરી છે. સિનિયર સિટિઝન માટે બેસવાની વ્યવસ્થાઓ કરી છે. આપણે કોર્ટ બિલ્ડિંગના પરિસરમાં આ બધી વ્યવસ્થાઓનો નવો ઉમેરો કર્યો છે. પોલીસ દળને વધુ યુવા અને મજબૂત બનાવવા માટે પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૫માં લોકરક્ષક સંવર્ગની ૧૧૮૯૯ જેટલી જગ્યાઓ પારદર્શક રીતે ભરવામાં આવી છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ મંત્રીશ્રી અમિત શાહના દેશને ગુલામીની માનસિકતામાંથી મુક્ત કરવા માટે જૂના અંગ્રેજ કાયદાઓ નાબૂદ કર્યા છે. દંડની જગ્યાએ ન્યાય આપતા નવા કાયદાઓ જેવા કે ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમના અમલીકરણમાં આપણે દેશભરમાં અગ્રેસર રહ્યા છીએ. શહેરમાં ટ્રાફિકની સમસ્યાઓ હલ કરવા માટે સુગમ-૨.૦ પ્રોજેક્ટ હેઠળ અમે ૧૩૫૦ નવી જગ્યાઓ માટે રૂ. ૩૩ કરોડ મંજૂર કર્યા છે. પ્રવાસન સ્થળોએ યાત્રિકોને મદદરૂપ થવા માટે દ્વારકા, સોમનાથ, શામળાજી અને સાપુતારા ખાતે ખાસ આધુનિક પ્રવાસન પોલીસ સ્ટેશન બનવા જઇ રહ્યા છે. વર્ષ ૨૦૨૬-૨૭માં અમે પોલીસ વિભાગના વિવિધ સંવર્ગોમાં ૧૩૫૯૧ યુવાનોની બમ્પર સરકારી ભરતી કરવા જઇ રહ્યા છીએ. મોટાભાગના યુવાનોએ પ્રેક્ટિકલ પરીક્ષા આપી દીધી છે. હું બધા જ પરીક્ષાર્થીઓને શુભકામનાઓ આપું છું. અમે વકીલ મિત્રોની ચિંતા કરી છે. રાજ્યમાં એડવોકેટ બિલ્ડિંગ બનાવવા માટે રૂ. ૮૨ કરોડ મંજૂર કર્યા. ન્યાયિક અધિકારીઓના સ્ટાફ આવાસ માટે રૂ. ૪૦૦ કરોડ મંજૂર કર્યા. ખાસ કરીને, ગુજરાતના વકીલ મિત્રોના કલ્યાણ અને મૃત્યુ સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત માટે રૂ. ૫ કરોડનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના વિકાસ માટે રૂ. ૧૯૦ કરોડની ગ્રાન્ટ ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવી. એટલું જ નહીં, દીવ, દમણ અને સેલવાસ ખાતે જી.એન.એલ.યુ.નું નવું કેમ્પ્સ પણ સ્થાપી દેવામાં આવ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો સૌને સમયસર ન્યાય, ટાઇમલી 'જસ્ટીસ ફોર ઓલ'ના સંકલ્પને સિદ્ધ કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં કાયદા વિભાગ માટે રૂ. ૨૭૦૨.૦૫ કરોડની ઐતિહાસિક જોગવાઇ કરવામાં આવી છે. મહિલાઓની સુરક્ષાની વાત આપણે કરીએ, દીકરીઓને ઝડપથી ન્યાય અપાવવાની આપણે વાત કરીએ પણ ન્યાય અપાવવાની વ્યવસ્થાઓ છે એ વ્યવસ્થાઓ વધારવાના બજેટમાં કાપ દરખાસ્ત મૂકીએ તો ઝડપથી ન્યાય કઇ રીતે આપી શકીશું? આ કાપ દરખાસ્તો ન્યાય વિભાગની છે. પોક્સો માટે અમે નવું શું લાવ્યા છીએ એ એકવાર જાણવું તો જોઇએ. પોક્સોના કેસમાં કાનૂની અને ભાવનાત્મક સહાય મળે તે માટે દેશમાં પહેલીવાર પેરા લીગલ વોલિન્ટિયર્સની નિમણૂક કરવાની યોજના આપણું ગુજરાત રાજ્ય લાવ્યું છે જેના માટે રૂપિયા ૧૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એટલું જ નહીં, બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળના

ગંભીર ગુનાઓમાં નરાધમોને તાત્કાલિક સજા મળે એ માટે રાજ્યમાં ૧૪ જિલ્લાઓમાં ૧૮ જેટલી એક્સક્લુઝીવ ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે. છેવાડાના માનવીને ન્યાય માટે દૂર સુધી ધક્કા ન ખાવા પડે એના માટે અંતરિયાળ તાલુકાઓ જેવા કે અરવલ્લીના મેઘરજ, પંચમહાલનું ઘોઘંબા, ગીર સોમનાથનું કોડીનાર અને કચ્છનું નલિયા–અબડાસા ખાતે પૂર્ણ સમયના સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવામાં આવી છે. હાઇકોર્ટ અને ડિસ્ટ્રિક્ટ કોર્ટોમાં ઇ–કોર્ટ મિશન માટે પ્રોજેક્ટના અમલીકરણ માટે રૂપિયા ૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ જ પ્રકારે જેલ એ માત્ર સજા નહીં. જેલને માત્ર સજાનું કેન્દ્ર ન માનવું જોઇએ. જેલ એ વ્યક્તિની સુધારણાનું કેન્દ્ર છે એ ઉકિતને સાર્થક કરતા સરકારે વિકાસદીપ યોજના દાખલ કરી છે. જેલની ચાર દીવાલોમાં સજા કાપતા બંદીવાનોના સંતાનો જો સ્પર્ધાત્મક પરીક્ષાઓ કે રમત–ગમતમાં વિજેતા થઇ શકતા હોય તો સરકાર તેમને વિશેષ રોકડ પુરસ્કાર આપી એને પ્રોત્સાહિત કરે છે. એક ગુનેગાર કે જેણે પોતે ગુનો કર્યો છે એની સાથે એની દીકરી–દીકરો કોઇ રહેતું હોય એનો કોઇ ગુનો નથી. એના માટે બીજી વ્યવસ્થાઓ કરીને એનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટેની વ્યવસ્થાઓ જેલમાં કરવી પડતી હોય અને એ વિચાર સાથે અમે લોકો કામ કરી રહ્યા છીએ. રાજ્યની જેલો એ માત્ર સજા કાપવા માટેની જગ્યાઓ નથી. પરંતુ ગુનેગારોને સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા લાવવાનું સુધારણા કેન્દ્ર જેલ છે. છેલ્લા ત્રણ મહિનામાં ૪૬,૧૭૨ બંદીવાનોને કોર્ટમાં રૂબરૂ લઇ જવાના બદલે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઓનલાઇન હાજર રાખવામાં આવ્યા હતા. આ એક વ્યવસ્થામાં ખર્ચ જરૂર થયો. પરંતુ એ ખર્ચ અમે ૧૬ મહિનાની અંદર, પોલીસનું જે હ્યુમન રિસોર્સ છે, હ્યુમન ટાઇમ એટલે કે વ્યક્તિનો આખા દિવસનો ટાઇમ બગડે, એનો પગાર ચડે એની સાથે સાથે જે આપણી પી.સી.આર. વાન છે એ કોર્ટ સુધી લઇ જવાની, લાવવાની, પોલ્યુશન થાય, ડિઝલનો ખર્ચ થાય એ બધું ગણીએ તો આપણે આ લેટેસ્ટ ટેકનોલોજી ઊભી કરી તો ૧૪ નહીં તો કદાચ ૧૬ મહિના લાગશે પણ ૧૬ મહિનામાં આ બધો ખર્ચ આપણે સરભર કરી દઇશું. એની સાથે સાથે ૪૬ હજાર બંદીવાનોને બહાર લઇ જવાના હોય અને કોઇ ભાગી જાય, કોઇ મગજમારી વગર કોર્ટની અંદરથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી એમની જુબાની માટેની તારીખ પડતી હોય છે. જે બંદીવાનોના વર્તનમાં સુધારો જોવા મળે છે એવા ૧૯૩ જેટલા કેદીઓને છેલ્લા એક વર્ષમાં રાજ્ય માફી અને દયાની અરજી હેઠળ વહેલી જેલમુક્તિ આપીને સમાજમાં સારું જીવન જીવવાની તક આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ગુજરાત વિધાનસભામાં મારા સૌ સાથી સભ્યો વતી ગુજરાતની એ.ટી.એસ.ની ટીમને અભિનંદન આપવા માગું છું. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોર્ડનું નામ સાંભળી દેશ વિરોધીઓ, આતંકીઓ, આતંકીઓને જે લોકો સંભાળતા હોય એ લોકો, આતંકી વિચારધારા ધરાવતા લોકો, આ સભાગૃહમાં કહેવાય નહીં, મારે કહેવું પડે છે કે એમના પગ ધ્રૂજી જાય. બાકી ગુજરાત એટીએસનું નામ સાંભળે *(**xxx**) તેના સિવાય બીજુ કંઇ ન થાય. આ ગુજરાત એટીએસે છેલ્લાં બે વર્ષની અંદર ખાલી ગુજરાતમાંથી નહીં પરંતુ દેશના અલગ અલગ રાજ્યોમાંથી જે આતંકી પ્રવૃત્તિ કરતા કે આતંકીઓની મોટા પાયે મોડસ ઓપરેન્ડીઓને ખુલ્લું પાડવાનું કર્યું તે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આતંકી સંગઠનમાં જોડાવા પ્રેરાયેલા ૩ ઇસમોને સેમી ઓટોમેટિક પિસ્તોલ અને દસ કારતૂસો જોડે આપણી ગુજરાત એટીએસે પકડયા છે. અબ્દુલ શકુરઅલી, અબ્દુલ હજરત શેખ, અમન સિરાજ મલિક, શેખ નવાઝ અબ્બુ શાહીદ. એમ કહેવાય કે દેશની માટે જેની અંદર ઝેર જે હતું અને હાઈલી રેડીક્લાઈઝડ આ લોકો હતા તેમને પકડવાનું કામ આપણી ગુજરાત એટીએસ દ્વારા કરવામાં આવ્યું. આપણે ISIS સ્ટોરી તો બધાજ લોકોએ ટી.વી.માં જોઇ હશે પણ આ ઇસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા ચાર શ્રીલંકન નાગરિકોને અમદાવાદ એરપોર્ટ ઉપર ઉતર્યા પણ તેને અંદાજો નહોતો કે ગુજરાત એન્ટી ટેરરીસ્ટ સ્કવોર્ડની નજર ચારે બાજુ છે. એરપોર્ટ ઉપરથી ઉતર્યા અને બહાર નીકળે ત્યાં સુધી આ મોહમ્મદ નુશરદીન આદમ ગની, મોહમ્મદ ફારીખ, મોહમ્મદ ફારૂખ, મોહમ્મદ નફરાનને ત્રણ પિસ્તોલ અને જીવતા કારતૂસો જોડે પકડવાનું કામ આપણી ગુજરાત એટીએસ દ્વારા કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ દેશભરમાં ઓપરેશન સિંદૂરના નામે ભારત માતા કી જય, ભારત માતા કી જય ચાલતી હતી. આમ, ગર્વ જોડે આપણે કયાંય જઇએ તો ભારતીય આવ્યો ત્યારે આપણને એમ લાગે કે આહા વટ પડી ગયો એવું ઓપરેશન સિંદૂર એક તરફ ચાલતું હતું. અને એક તરફ અમુક ચોક્કસ લોકો દ્વારા દેશમાં નફરત ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. અલકાયદાનો પ્રચાર કરીને લોકોને જેહાદ માટે ઉશ્કેરતા પાંચ ઇસમોને ગુજરાત, દિલ્હી, નોઇડા, બેંગ્લોરથી પકડવામાં આવ્યા. મહંમદ ફરદીન, મહંમદ રઇસ શેખ, સૈકૂલા રફિક, મહંમદ કૈફ, મહંમદ રીઝવાન અને જીસાન અલી આસીફ અલી અને શમા પરવીન આ દેશની અંદર દેશમાં રહેવાનું, દેશની યોજનાઓનો લાભ લેવાનો, આ યોજનાઓના લાભથી ભણતર પ્રાપ્ત કર્યું અને કામ કરતાં હતાં અલ કાયદાનો પ્રચાર કરવાનું. આપણી ગુજરાત એટીએસે ભૂક્કા બોલાવી દીધા. આવા દેશના દુશ્મનોને ખૂણે ખૂણે જઇને પકડી પકડીને હવે આ સીધા ચાલે કે વાંકા ચાલે તેના માટે કયાં વિચારવાનું? એ વાંકા જ ચાલવા જોઇએ. શેના માટે એ સીધા ચાલે? માનનીય અધ્યક્ષશ્રી, આ કિસ્સો સાંભળીને કદાચ બધાનું લોહી ગરમ થઇ જશે.

અધ્યક્ષશ્રી : માનનીય લવિંગજી ભાઇ અને શ્રી બલરાજભાઇ, વિધાનસભા ગૃહમાં કોઇ વસ્તુ ખાઇ શકાતી નથી અને તમે કંઇક ખાઇ રહ્યા છો જે બહાર જઇને કાઢી આવો.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) માગણીઓ ઉપરની ચર્ચાનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, આ કિસ્સો સાંભળીને દેશભકતોનું તો જરૂરથી લોહી ઉકળી જશે. અયોધ્યાના પવિત્ર રામમંદિર ઉપર હુમલો કરવાનું કાવતરું રચનાર આતંકી અબ્દુલ રહેમાન અબુ બકરને આપણી ગુજરાત એ.ટી.એસ.ની ટીમે છેક હરિયાણાના ફરીદાબાદ જઈને બે જીવતા ગ્રેનેડ સાથે પકડવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. રામમંદિર જેવા પવિત્ર સ્થાન ઉપર હુમલો કરવાનો વિચાર જ કઈ રીતે આવે? વિચાર આવે તો રામજીના પરમભકત હનુમાનજી બનીને ગુજરાત એ.ટી.એસ.ની ટીમ, ગુજરાત પોલીસની ટીમ જઈને પકડીને એનો એવો હાલ કર્યો છે કે જીવનભર રામમંદિર તરફ જોવાની પણ દૂરની વાત છે, રામમંદિર પણ બોલી ના શકે એવી પરિસ્થિતિ ઊભી કરવામાં આપણે સફળ થયા છીએ. ભારતમાં આતંકવાદીઓના બાયોકેમિકલ હુમલો કરવાના કાવતરામાં સંડોવાયેલા ત્રણ ઈસમોને ત્રણ વિદેશી પિસ્તોલ અને ૩૦ જીવતા કારતૂસ સાથે પકડવામાં ગુજરાત એ.ટી.એસ.ને સફળતા પ્રાપ્ત થઈ છે. એહમદ મોયુદ્દીન અબ્દુલ કાદર જીલાની, આઝાદ સુલેમાન સૈયબી અને મોહમ્મદ સોહેલ, મહમ્મદ શાલીન ખાન, આવા તો એનક કિસ્સાઓ છે પણ કુલ મળીને આવા ૨૯ આતંકી, કટ્ટરપંથીઓને જો સમયસર પકડવામાં આવ્યા ના હોત તો દેશમાં કેટલી મોટી તબાહી સર્જાઈ હોત એની કલ્પના કરવી પણ ધ્રુજારી ઉઠાવે એવી છે. વિરોધપક્ષ ભલે ગમે તેટલા આક્ષેપો કરે, પણ ગુજરાતની જનતા સુરક્ષિત છે કારણ કે ગુજરાત પોલીસ અને એ.ટી.એસ.ના જવાનો રાતદિવસ પોતાની જાનની બાજી લગાવીને આ કાર્ય કરી રહ્યા છે. ઘણા લોકોને આ દાદાના બુલડોઝરનો વાંધો કેમ છે એ હજી હું સમજી શકયો નથી. વાંધો હોવાનું કોઈ કારણ એટલા માટે ન હોવું જોઈએ કારણ કે ગુજરાતની જનતાએ આપણે સૌને ચૂંટીને અહીંયા સુધી એમના હિતોની સુરક્ષા માટે મોકલ્યા છે પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં દાદા એવું બુલડોઝર લઈને નીકળ્યા છે કે રોકાતું જ નથી. આ લોકો ગમે તેટલી બ્રેક દબાવે પણ દાદા બ્રેક ઉપર પગ નથી મૂકતા. એક શબ્દ બોલ્યા વગર એકસીલેટર પર ધીરે ધીરે કરીને એ સ્પીડ વધાર્યા જ કરે છે. દાદાએ મુખ્યમંત્રી તરીકે જવાબદારી લીધી, એક બેઠકમાં અચાનક સૂર આવ્યો કે '' દ્વારકાનો નાથ મારો રાજા રણછોડ છે, તેણે મને માયા લગાડી રે,'' આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજયના નાગરિકોના હિતમાં સુરક્ષિત લખાયેલી આ લાખો હેકટર જગ્યા ઉપર કોઈપણ પ્રકારનું દબાણ, કોઈપણ પ્રકારની ગેરરીતિ, કોઈપણ પ્રકારના બે નંબરના ધંધા ચાલતા હોય આ બધી જ જગ્યાઓ ખાલી કરાવીને સામાન્ય નાગરીકના હિતમાં સુરક્ષિત રાખેલી જગ્યા એ સામાન્ય નાગરિકના અલગ અલગ વિષયોમાં કામમાં આવે એવા પ્રોજેકટો થકી એમને ફરી પાછી આપવાની કામગીરીને હાથમાં લીધી. દ્વારકાથી શરૂઆત થઈ અને હર્ષદ માતા મંદિરે પહોંચ્યું, હર્ષદ માતાના મંદિરની તમે કલ્પના કરો બે હજાર, ત્રણ હજાર વર્ષ જૂનો ઈતિહાસ તમને જાણવા મળશે. ત્યાં ચાર-ચાર માળના બંગલાઓ, પાંચ પાંચ ગાડી હોય એ બંગલામાં અને એ ગરીબ હોય, એ ચાર-ચાર માળના બંગલામાંથી પકડાય શું તો ત્યાં નજીકમાં જ દરીયાકિનારો લાગતો હોય તો એમ.ડી. ડ્રગ્સ ઉતારવાનું પકડાય. કોઈકના ત્યાંથી રિવોલ્વર પકડાય, કોઈકને ત્યાંથી ગાંજો પકડાય. અમે નિર્ણય લીધો કે આ બધું બે નંબરનું આખું સાફ કરી દેવું છે. હર્ષદ માતા મંદિરથી આખી સફાઈ થઈ ગઈ અને મને ગર્વ થાય છે કે હું ગૃહ મંત્રી હતો ત્યારે સફાઈ થઈ, હું ટુરીઝમ મંત્રી બન્યો ત્યારે ૨૦ કરોડનો પ્રોજેકટ હમણાં જ પાંચ દિવસ પહેલાં સાઈન કર્યો અને આવનારા દિવસોમાં ત્યાં ડેવલપમેન્ટ થશે. અને હર્ષદ માતાના ભાવિક ભકતો મોટી સંખ્યામાં ત્યાં જશે ત્યારે એમને બધી જ વ્યવસ્થા મળશે. દર્શન કરવા આવનાર લોકો માટે સુરક્ષિત રાખેલ જગ્યા હતી. ત્યાં અચાનક કબ્રસ્તાન ક્યાંથી આવી ગયું. એના પછી બુલડોઝર કચ્છ પહોંચ્યું. દાદાએ ભારત પાકિસ્તાનની બોર્ડર પરથી જ ચાલુ કર્યું. માત્ર કચ્છમાંથી ૧૧૦૦ હેક્ટર જગ્યા ક્લિયર કરવામાં આવી છે. હજારો કરોડોની જગ્યા માત્ર કચ્છમાં જ એન્ક્રોચ કરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા, કચ્છ, જામનગર, ગીર-સોમનાથ, જૂનાગઢ, દાહોદ, અમદાવાદ અને અમદાવાદની તો વાત જ શું કરું? અમદાવાદમાં જે તળાવ છે એને બધાએ ભેગા થઈને ગ્રાઉન્ડ બનાવી દીધું હતું. જયારે ચંડોળા તળાવનું ડિમોલેશન ચાલતું હતું ત્યારે હું પોતે અધ્યયન કરતો હતો કે ખરેખર આ લોકોના *(**xxx**)

અધ્યક્ષશ્રી : *(**xxx**) એ શબ્દો દૂર કરવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કોઈએ મને કહ્યું કે તમે આટલી મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓને કાઢી મૂક્યા તો હવે આવનારા ઈલેક્શનમાં મત કોણ આપશે? કોઈ આવીને એમ કહે કે ''અમને મકાનની તકલીફ છે.'' પછી મેં આખી વિગતો જોઈ તો મોટા-મોટા માણસોમાંથી કોઈના ૨૦૦ મકાન હતા, કોઈના ૩૦૦ મકાનો નીકળ્યા. એ મકાન ભાડે આપેલા હતા. કોઈના ત્યાંથી ગાડીઓ નીકળી અને કોઈના ત્યાંથી ૨૦૦-૨૦૦ રીક્ષાઓ નીકળી. ચંડોળા તળાવ તો સાફ કરી નાંખ્યું. ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે માત્ર ડિમોલેશન નથી કર્યું પણ ચંડોળા તળાવના ડેવલપમેન્ટનું કામ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પણ ચાલુ થઇ ગયું છે. વર્ષ ૨૦૧૦ પહેલા એક વાર માટે જે માપણી કરી હતી અને જે જેન્યુઇન લોકો હતા, જે ખરેખર બાંગ્લાદેશી નહોતા એ ઓરિજીનલને ઘર આપવાની વ્યવસ્થા અમે કરી લીધી છે. ચંડોળા પૂરું થયું અને દાદાનું બુલડોઝર હમણાં જંગલેશ્વર પહોંચ્યું છે. આખા રાજકોટમાં કોઇ પણ ગુનો થાય તો પોલીસ પહેલાં જંગલેશ્વર શોધવા જાય. જો જંગલેશ્વરમાં ના મળે તો બહાર શોધવાના બાકી મોટા ભાગના લોકો જંગલેશ્વરમાંથી મળી જાય. અમારા રાજકોટના ચૂંટાયેલા પ્રતિનિધિઓને હું અભિનંદન આપું છું અને ખાસ કરીને ઉદયભાઇને અભિનંદન આપું છું.તેઓ ખૂબ મજબૂતાઇ સાથે, ડિટેઇલ પ્લાનિંગ સાથે સાચી માહિતી સરકાર સુધી પહોંચાડવામાં હંમેશા કાર્યરત રહ્યા છે. આ જંગલેશ્વર જોવા જેવું હતું. ક્યા પ્રકારની સિન્ડિકેટ ક્યાં ક્યાંથી બનતી હોય છે. પહેલાં આ સિન્ડિકેટ એક સાથે રહેતી હતી. હવે એક ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં થઇ જશે તો પણ રાજકોટમાં ક્રાઇમ ઓછો કરવામાં સૌથી મોટી સફળતા પ્રાપ્ત થશે. આ જંગલેશ્વરમાં અનેક કુટણખાનાઓ, સાયબર ક્રાઇમની અનેક મોડસ ઓપરેન્ડીઓ, ડ્રગ્સ વેચતા અનેક લોકો, ખૂનના અનેક આરોપીઓ, વરલી-મટકાના મોટા મોટા કારોબારીઓ પકડાયા છે. આ જંગલેશ્વરમાં પણ સેમ હતું. અહીં બાંગલાદેશીઓ તો કોમન જ નીકળ્યા. આપણે પહેલાં ઓપરેશન કર્યું ત્યારે આ જંગલેશ્વરને ફેઝ-૧માં આખું ક્લીન કરી દેવામાં આવ્યું છે. શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે નક્કી કર્યું છે કે આ જંગલેશ્વરમાંથી રાજકોટના નાગરિકો જે ખરેખર નિયમોનું પાલન કરે છે તે લોકો માટે આવતી ચૂંટણી પહેલાં નવી સુવિધાઓ ઊભી કરી લઇશું. અમારું કામ ફાસ્ટ છે. એકવાર આખી વિધાનસભાને ખાસ ચંડોળા તળાવ લઇ જવી છે. કારણ કે બધાએ ચંડોળા તળાવની જે વાતો કરી હોય તે પણ આજે ચંડોળા તળાવ કયા લેવલે પહોંચી ગયું તે પણ જોવું જોઇએ. (અંતરાય) શું હવે, થોડું તમે બજેટમાંથી આપો. (અંતરાય) રસ્તો બન્યો ને? અરે! હજુ તો વરસાદ આવે એટલે તળાવ ભરાવાનું છે. (અંતરાય) તમારું દુ:ખ પૂરેપૂરું દૂર થવાનું છે. ટેન્કરોથી પાણી ભરવાનો જમાનો જતો રહ્યો. આ મોદી સરકાર આવી પછી ટેન્કર ક્યાં જોવા મળે છે? હવે વરસાદ આવશે ત્યારે તળાવ ભરાશે. તળાવ ભરાયા પછી આપણે ત્યાં ચાલવા જઇશું એ પણ કહું છું. (અંતરાય) હા, બોટમાં લઇ જઇશ.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં બે હજાર જેટલાં લુખ્ખાં, ટપોરી, વિલન અને ગુનેગારોના મકાનોના ભૂક્કા બોલાવવામાં આવ્યા છે. મને કહેતાં જરા પણ દુ:ખ થતું નથી, હું એકદમ ક્લીયર કહું છું કે ગુજરાતમાં જો કોઇ ગુનાખોરી કરશે, ગુજરાતના નાગરિકોને ખોટી રીતે હેરાન કરશે તો શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનું બુલડોઝર તમારા ઘરના દરવાજે ૧૦૦ ટકા ઊભું હશે અને તેમાં કોઇ પ્રકારની શરમ હોવી જ ના જોઇએ. ઘણા લોકોને *(**xxx**) તો તેના માટે કોઇ દવા પણ નથી. કારણ કે બુલડોઝર તો પહોંચશે, પહોંચશે અને પહોંચશે જ. ગુજરાતમાં શાંતિથી રહેવાનું, બે નંબરનો ધંધો કરવો નહીં અને બે નંબરનો ધંધો કરી લો તો તમે ગમે તેના પગ પકડી લો પણ ગુનો કર્યો, ગુજરાતના સામાન્ય નાગરિકને હેરાન કર્યો તો શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનું બુલડોઝર બીજા દિવસે વહેલી સવારે તમારા ઘરના આંગણે તમારું વેલકમ જરૂરથી કરશે. આ પ્રકારની મજબૂત વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. અમે એક પણ કામ નિયમથી બહાર નીકળીને નથી કર્યું. દેશભરની આસ્થાનું સૌથી મોટું કેન્દ્ર એવા સોમનાથધામની બાજુમાં સરકારી જગ્યાઓ પર ચારેબાજુ દબાણ કરવામાં આવ્યું. એક જ રાતમાં બધું જ દબાણ ક્લીયર કરવામાં આવ્યું. આવનારા દિવસોમાં દેશભરમાંથી સોમનાથ દાદાના લાખો કરોડો ભક્તો માટે સુવિધાનું સૌથી મોટું કેન્દ્ર ત્યાં જ બનાવવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, દયા અને ગુનો કે દયા અને દાદાગીરી બંને એક જગ્યા પરથી નહીં જ ચાલવા દઇએ. રાજ્ય સરકારે નાગરિકોના હિતમાં રાખેલી સુરક્ષિત જગ્યાઓ પર અલગ અલગ ધાર્મિક વ્યવસ્થાઓ ઊભી કરવી છે અને એ જ રાજ્ય સરકારની જમીનો ઉપર ક્યાંક મદરેસા બનાવવામાં આવે, ક્યાંક યતિમખાનાંઓ બનાવવામાં આવે, ક્યાંક અલગ-અલગ ધાર્મિક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવે અને એ સ્થાન જે રાજ્ય સરકારના હિતનું છે. રાજ્ય સરકારની જગ્યા છે ત્યાં મોટા-મોટા બિલ્ડિંગો બની જાય. બિલ્ડિંગમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની અલગ-અલગ વ્યવસ્થાઓનો અલગ-અલગ સ્કીમનો ઉપયોગ થાય. રાજ્ય અને દેશ વિરોધ જો કોઇ પ્રવૃત્તિઓ એ સ્થાન પરથી કરવામાં આવશે તો સંપૂર્ણપણે કાન ખુલ્લા રાખીને બધા જ સાંભળી લે કે, આ ગુજરાત સરકાર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા એમાં કોઇપણ પ્રકારની છૂટછાટ આપવામાં નહીં આવે. નિયમો બધા માટે એકસરખા છે. આ બાબતે ખૂબ ગંભીરતાપૂર્વક અમે કામગીરી કરવા માટે કટિબદ્ધ છીએ. જે દિવસે શ્રી શૈલેષભાઇ તમે એમ કહેશો ને હું સાથે છું ત્યારથી હું પણ સાથે છું. નામ બોલવા તૈયાર નથી બોલો. પહેલા તમારો મેળ થઇ જાય એટલે અમારો મેળ થઇ જશે. એમણે ઘણા બધા આંકડાઓ આપ્યા અને ઉત્સાહમાં અમુક ઉંમરો પણ એમણે કહી. ડ્રગ્સની વાત કરી હતી એટલે મારે થોડું ગંભીરતાપૂર્વક કહેવું પડશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હવે ચાર મિનિટ બાકી છે. મોટાભાગે થઇ ગયું છે પણ સમયને ધ્યાનમાં રાખજો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય ટીકા-ટિપ્પણીમાં આરોપ લગાવતા લગાવતા થોડુંક આમ લ્હેકામાં ઘણીવાર મિસ થઇ જતું હોય છે. સાત વર્ષની ઉંમરનું બાળક એ કયા કલાસમાં હોય? મારે ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે કે રાજકીય આરોપ કરતાં કરતાં તમે ગુજરાતને બદનામ કરવા માટે અને દરરોજ વહેલી સવારે જાગે એટલે મારું નામ દસ વાર બોલે

* આ શબ્દો અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને એમને એમ પણ મીડિયામાં ચમકાવો જ છો. પણ ગુજરાતના સાત વર્ષના બાળકને ડ્રગ્સ સાથે જોડવાનું કામ કરો તો એ થોડું વધારે પડતું હોય એવું મને લાગે છે. સાત વર્ષનું બાળક ડ્રગ્સ લેવા જાય? દાંતામાં તમે આવો સાત વર્ષવાળો કિસ્સો જોયો? આજે બધા દિલ પર હાથ મૂકો. તમારા વિસ્તારમાં જો સાત વર્ષનું બાળક જતું હોય તો મારે તમારે ત્યાં બે મહિના આવીને રહેવું છે. આજે બધા દિલ પર હાથ મૂકીને નક્કી કરો કે ડ્રગ્સના મુદ્દાને રાજકીય મુદ્દો બનાવવો જોઈએ કે સામાજિક મુદ્દા તરીકે આપણે સાથે મળીને લડવું જોઈએ? એક વસ્તુ પર આપણે નક્કી કરવું પડે કે આ એક વિષય એવો છે કે જેમાં બધા જ લોકો સાથે મળીને લડવા તૈયાર છે. તમારે તો દાંતાની અંદર ક્યાં સોશિયલ મીડિયાથી હાર કે જીત થવાની છે? જેની ટી.વી ઉપર હારજીત નક્કી થતી હોય એના માટે બરાબર છે. તમે તો સાચુ બોલો. એમણે ઇનહેલેન્ટની વાત કરી એનો રાષ્ટ્રીય સરેરાશ ૧.૧૭ છે. પંજાબમાં ૧.૭૯ છે અને આપણા ગુજરાતમાં ૦.૧૬ છે. આ ૧૭ વર્ષની આસપાસનાં બાળકો માટેની વાત છે. ચરસ ગાંજાનો ઉપયોગ સૌથી વધુ મહામહિમ પંજાબ રાજ્યમાં ૧૨.૫૫ ટકા છે. ગુજરાતમાં ૦.૬૯ છે અને રાષ્ટ્રીય સરેરાશ ૨.૮૩ છે. સાત વર્ષનું બાળક તો કોઇ જગ્યાએ કરોડોમાં પણ એક પ્રાપ્ત થતું નથી. ૧૦થી ૧૭ વર્ષનાં બાળકની વાત કરી એમાં દેશની એવરેજ કરતાં આપણું રાજ્ય ૮૫ ટકા ઓછું છે. કેનેબીસ કરીને જે આવે એમાં આપણે સૌથી છેલ્લા છીએ અને પંજાબ સૌથી આગળ છે. ચરસ ગાંજામાં આપણે ૦.૦૧ છીએ. પંજાબ ૧.૩ છે અને ઇન્ડિયાની એવરેજ ૧.૨ છે. એમાં આપણે ખૂબ સુરક્ષિત તરીકે પાછળ છીએ. હું બીજો એક આંકડો આપવા માગું છું. મહિલાઓની અસુરક્ષાની વાત કરી. ગાંધી અને સરદારના આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી મહિલા સુરક્ષાની જો વાત કરવી હોય તો કોઇપણ સ્ટેટ સાથે કમ્પેરિઝન કરશો તો ગુજરાત અવ્વલ નંબરે છે. બધા જ રાજ્યો ઓફિશિયલ જે પેરામીટર્સથી આંકડા મેળવતા હોય અને એન.સી.આર.બી.ના જે આંકડા હોય એના આંકડા ઉપર હું બોલું છું. વાયલન્ટ ક્રાઇમમાં ટોટલ ૩૬માંથી આપણે ૩૧મા નંબર ઉપર છીએ. આપણી બરોબરીના રાજ્યમાં તો કમ્પેરિઝન જ નથી. ક્રાઇમ અગેઇન્સ્ટ વુમન્સ એટલે કે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં આપણે વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩ સુધી ૩૩મા નંબર ઉપર છીએ. વર્ષ ૨૦૨૪ના આંકડા હવે આવશે. આપણા પછી કોણ છે? આપણી એક નગરપાલિકા જેટલી સંખ્યાવાળા પોંડિચેરીને એ બધા આપણી પછી છે. ક્રાઇમ્સ અગેઇન્સ્ટ ચિલ્ડ્રનમાં આપણે ૨૭મા નંબર ઉપર છીએ. ક્રાઇમ અફેક્ટિંગ હ્યુમન બોડી એટલે શરીર સંબંધિત ગુનાઓમાં આપણે વર્ષ ૨૦૨૨માં ૩૦મા નંબર ઉપર હતા એમાં આપણે સારું પરફોર્મન્સ કર્યું અને હવે આપણે ૩૧મા નંબર ઉપર થયા. ક્રાઇમ અગેઇન્સ્ટ પબ્લિક ટ્રેન્ક્યુલિટીમાં આપણે ૩૨મા નંબર ઉપર હતા હવે ૩૫મા નંબર ઉપર આવ્યા છીએ. પોલિટિકલ ટીકા-ટિપ્પણી બરાબર છે પણ સુરક્ષાની કોઇપણ વાતમાં જે આંકડા મેળવવામાં આવે એમાં ખરેખર કોઇ સ્ટેટ જોડે કમ્પેરિઝન થશે તો ગુજરાત આજે પણ દેશનું નંબર વન રાજ્ય છે. પોલીસનો રિસ્પોન્સ ટાઇમિંગ ખૂબ મહત્ત્વનો હોય છે. આદરણીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનમાં આપણે ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટની શરૂઆત કરી. પહેલાં પોલીસને ગ્રામ્ય કક્ષા કે દૂરદૂરના ગામડાંઓમાં પહોંચવા માટેની વ્યવસ્થામાં કુલ મળીને ૪૧ મિનિટ અને ૭ સેકન્ડનો સમય લાગતો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૦ મિનિટ અને ૫૯ સેકન્ડ સુધી પહોંચ્યા અને ૧૧૨નો પ્રોજેક્ટ ચાલુ કરીને આજે ગુજરાતના કોઇપણ ખૂણે ૧૧ મિનિટ અને ૨૩ સેકન્ડની એવરેજથી ગુજરાત પોલીસ પહોંચે છે. મહાનગરોમાં આપણો રિસ્પોન્સ ટાઇમિંગ ૯ મિનિટથી અંદર થઇ ગયો છે. આ માત્ર આંકડાઓ નથી. આંકડાની સાથેસાથે લોકોનો વિશ્વાસ વધ્યો છે અને જ્યારે જ્યારે રિસ્પોન્સ ટાઇમિંગ ઘટે છે ત્યારે ગુનાઓ ઓછા થાય છેઅને અનેક લોકોના જીવ બચાવવામાં સફળતા પ્રાપ્ત થતી હોય છે. ૩ હજાર નવા પોલીસ કર્મચારીઓની જગ્યાઓ ઊભી કરવામાં આવી છે. ૫૦૦ જેટલી નવી પી.સી.આર. વાન લઇએ છીએ. આ વ્યવસ્થાઓ વધુ મજબૂત કરવા માટે ગુજરાત પોલીસ કામ કરી રહી છે. એક કિસ્સો, ૪૦ દિવસમાં સજા, આખા દેશના બધા જ રાજ્યોને ભેગા કરીએ તો પોક્સોની અંદર જેટલી ફાંસી બીજા રાજ્યોએ અપાવી હશે એનાથી વધારે ફાંસી આપણા ગુજરાતમાં અપાવવામાં સફળતા પ્રાપ્ત થઇ છે. પોક્સોના કેસોની વાત કરું તો ચાર્જશીટ ૦થી ૧૫ દિવસમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૮૬ કરવામાં આવી, જે આખા દેશના આંકડાઓ ભેગા કરીએ તો નહીં થાય. ૧૫થી ૩૦ દિવસની અંદર ૧૨૯૫ ચાર્જશીટ કરવામાં આવી, ૩૧થી ૪૫ દિવસની અંદર ૫ હજારથી વધારે ચાર્જશીટ કરી દેવામાં આવી છે. ૧૪ લોકોને આ વખતે ફાંસી અપાવવામાં સફળતા પ્રાપ્ત થઇ છે. આજીવન કેદ ૯૦૭, એમ કુલ ૧૪૩૯ લોકોને આ વખતે સજા અપાવવામાં સફળતા પ્રાપ્ત થઇ છે. એકબાજુ દેશના જેટલા રાજ્યો લાગતા હોય, ગમતા હોય, એમાં લાગતું હોય કે સુશાસન છે એવા પાંચ રાજ્યો ભેગા કરો અને એના ગુનાઓ આપણાથી ચાર ગણા હશે અને કન્વિકશન ચાર રાજ્યોનું ભેગું કરશો તો પણ આપણા જેટલું નહીં થાય એની હું ગેરંટી આપું છું. કોઇપણ રાજ્યની વ્યવસ્થા છે એના ઉપર વિશ્વાસ એ માત્ર પકડી લેવા પરથી નહીં આવે, એ કન્વિકશન ઉપરથી આવશે. કન્વિકશન આવે ત્યારે જ પરિવારને સંતોષ થતો હોય છે. મારી આ સભાગૃહને વિનંતી છે કે રાજનીતિમાં ટીકા-ટિપ્પણ કરવા માટે કોઇ સૌથી પહેલો વિભાગ નજરે આવતો હોય તો એ પોલીસ આવતો હોય છે. ઘેરથી બહાર નીકળો એટલે સૌથી પહેલા ટ્રાફિક પોલીસ દેખાશે. આગળ નીકળશો તો ક્યાંક વ્યવસ્થામાં પોલીસ દેખાશે, સમાજમાં સુખ હોય તો પોલીસ, દુઃખ હોય તો પોલીસ દેખાય અને બધા જ લોકોને પોલીસ પાસેથી ખૂબ મોટી અપેક્ષા કામની હોય છે. આટલી બધી વ્યવસ્થાઓ વચ્ચે પોલીસ જે પરિસ્થિતિનો સામનો કરે છે એને નજીકથી આપણે જોવું જોઇએ. એ અંદાજો આપણે પ્રાપ્ત કરવો જોઇએ કે એ લોકોનું જીવન કઇ પરિસ્થિતિમાં હોય છે? આજે પોલીસની અંદર બીજા વિભાગો કરતાં કામગીરી કરવાના કારણે, હેવી લોડની કામગીરી કરવાના કારણે અનેક લોકોને અનેક બીમારીઓ આવે છે. પોલીસ માટે મનફાવે એવા શબ્દો, અપમાન કરવું એ પોલિટિકલ બધાને ગમે.

તમારા ન્યૂઝ બ્રેકિંગ થઇ શકે. એક વસ્તુ વિચારવી જોઇએ કે પોલીસ પરિવાર કે સ્ટાફ માટે શબ્દોનો ઉપયોગ કરવાથી આ એ જ પોલીસનો જવાન છે જે રાત–દિવસ એક કરીને આપણા રાજ્યની સુરક્ષા કરે છે. પોતાના માતા–પિતાની ચિંતા કરવાને બદલે રાજ્યના વડીલોની ચિંતા કરે છે. આ એ જ પોલીસ જવાન છે કે પોતાના દીકરા–દીકરીના જન્મદિવસને છોડી દીધો હશે, પરિવારને છોડી દીધો હશે, દીકરા–દીકરીની સ્કૂલમાં ગયા નહીં હોય પણ રાજ્યનો કોઇ દીકરો–દીકરી પરીક્ષા આપવા ગયો હશે અને ખોટી સ્કૂલ પર પહોંચે તો પોતાની બાઇક પર લઇ જઇને સ્કૂલે પહોંચાડશે. કોઇપણ માણસ માટે હલકું બોલવું, ખરાબ બોલવું એટલે સોશિયલ મીડિયાના જમાનામાં તમે હીટ જરૂર થઇ જશો. આ બધા જવાનોના હિતમાં આપણે આ બજેટ જે મહત્ત્વના નિર્ણયો લીધા છે એને બધા લોકો સર્વસ્વીકૃતિ સાથે મારી આ બધી માગણીઓ પસાર કરે એવી વિનંતી કરું છું. બધાનો ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : આપણા મકાનની બહાર હથિયાર સાથે ટેરરિસ્ટ ઊભો હોય તો ભય લાગશે પરંતુ આપણા જ મકાનની બહાર હથિયાર સાથે પોલીસ ઊભી હશે તો સુરક્ષાનો ભાવ આવશે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રી જે માગણી ક્રમાંક–૪૨, ૪૪ અને ૬૦ લઇને આવ્યા તેમાં મેં માગણી નંબર–૪૨માં કાપ દરખાસ્ત મૂકી હતી પણ મને એવું લાગ્યુ છે કે, રાજ્યના વિકાસને લઇને ધ્યાનમાં રાખી અને જે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ મારી કાપ દરખાસ્ત પહેલાં તો હું પાછી ખેંચું છું. અને સાથોસાથ આમાં પક્ષાપક્ષી રાખ્યા વગર અને આપણા સૌ પોલીસ પરિવારનું કયાંય અન્ય રાજ્યમાં નામ બદનામ ના થાય એ રીતની આપણે ટીકા–ટિપ્પણી કરવી અને પોલીસને આપણે ગૃહ વતી એક સન્માન આપીએ, કારણ કે તમે અને હું બધા, પોલીસ છે તો આપણે છીએ નહીંતર તો કંઇ થવાનું જ નથી એટલે ગૃહમંત્રીશ્રીને એ પણ લાગણી વ્યકત કરું છું કે, પોલીસ પરિવારને અન્ય રાજ્યની જેમ થોડાંક ભથ્થાં વધારી દો અને પાંચ લાખનો વીમો આપી દો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી,આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આપણાં જે એસ.આર.પી. ગૃપો છે તો જે રીતના પોલીસને જિલ્લા પ્રમાણે પસંદગી આપવામાં આવે છે તેમ એસ.આર.પી.માં પણ પોતાના જિલ્લા પ્રમાણે પસંદગી આપવામાં આવે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ મુદ્દાઓ જે લખે છે માનનીય સચિવશ્રીઓ પોતે નોંધ કરશે, સિનિયર અધિકારીઓ હોય અને પોતાના વિસ્તારની અંદર કોઇ કામ હોય તો તેની આ માનનીય ધારાસભ્યશ્રીઓની એટલે કે પ્રજાની આ પ્રાયોરિટી છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક સૂચન કરવા માગું છું કે, સરકાર હમણાં જ રીલીઝ થયેલું ચલચિત્ર બેહદ જે લવ જેહાદની સ્ટોરી ઉપર ગુજરાતી ચલચિત્ર છે. ખરેખર બહુ સરસ છે તો આને કરમુકત કરવુ જોઇએ એવી મારી એક લાગણી વ્યકત કરું છું. બીજુ, માનનીય ગૃહમંત્રીશ્રીએ જે દબાણની વાત કરી તો અમારા ઉંઝા તાલુકામાં પણ કેટલાક ગામો છે ઉનાવા, ભાખર, ઉભરવાડા છે તો એ ગામોમાં પણ આવા દબાણોની સમસ્યા છે એટલા એના માટે પણ એ.ટી.એસ. મારફતે કંઇક થાય એવી વ્યવસ્થા કરવા વિનંતી.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જૂનાગઢ જેલ છે તે ખૂબ જૂની થઇ ગઇ છે એટલે નવી જેલ ત્યાં બનાવવા માટેની માગણી છે. બીજુ, કે પોલીસ દ્વારા જે રીતે માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે તહેવારો દરમિયાન તે આપણી સુરક્ષા માટે તેમના પરિવારોથી જુદા હોય તો આવા તહેવારો હોય ત્યારે પોલીસ દ્વારા પ્રી અથવા તેમના પછી પોલીસ પરિવારની ઉજવણી થાય એમાં અમુક જગ્યાએ થાય છે પણ દરેક જગ્યાએ થાય તો એમને પણ એવું થાય કે અમારો પણ પરિવાર છે અને અમે પણ આ તહેવારોની ઉજવણી કરીએ છીએ.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દ્વારકા, રૂપેણ અને હર્ષદ જે દેશ–વિરોધી પ્રવૃત્તિઓ કરતા હોય તે લોકોને ત્યાંથી ખદેડાય ત્યારે મારું ગામ માધવપુર અને માંગરોળમાં વસવાટ કરે છે. અને ત્યાં પણ એવી ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ કરી દીધી છે. અને માધવપુર ગામ એવુ છે મારૂં વતન છે, મારું જન્મ સ્થળ છે ત્યાં ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન થયા છે. અને એ જગ્યાએ સેંકડોની સંખ્યામાં જંગલ કાપીને સાત કિલોમીટર સુધીનો વસવાટ ચાલુ કરી દીધો છે તો તેને હટાવવા માગે છે કે નહીં ?

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારી માગણી છે બાયડ પોલીસ સ્ટેશન, ડેમાઇ, આંબલીયારા, અણીયોર, મેવડા તેમાં આઉટપોસ્ટમાં મકાન બાકી છે. સાઠંબાનું આમોદરા એક નવું આઉટપોસ્ટ અને આ મકાન અને માલપુર ગોધરા હાઇવે અને કપડવંજ મોડાસા હાઇવે ઉપર નેત્રમના સી.સી.ટી.વી.કેમેરાની મારી માગણી છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે, મારા મતવિસ્તારમાં સાબરમતીના કિનારા ઉપર જે સરખેજ અને વેજલપુર પોલીસ સ્ટેશન પાસેની જે જગ્યા છે જે સાબરમતીના કિનારા ઉપર આવેલી છે ત્યાં એક ફતેવાડી નવું પોલીસ સ્ટેશન જો મળે તો એ ખૂબ ઉપયોગી થાય. હમણાં એક પ્રશ્ન કોર્પોરેશનમાં પૂછયો હતો તો એમાં લગભગ અઢી લાખ મીટર જેટલી જગ્યાએ એન્ક્રોચ થયેલી છે. સ્ટેટની બહારથી આવેલા ઘણાં બધા લોકોના માધ્યમથી થઇ છે તો જે દાદાના બુલડોઝરની માનનીય હર્ષભાઇએ વાત કરી છે તો આ અઢી લાખ મીટરનો ઓફિશિયલ જવાબ કોર્પોરેશને મને આપેલો છે.

ફાલ્ગુન ૨૦, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે મારા વિસ્તારમાં નશાબંધી ડિપાર્ટમેન્ટની બહુ મોટી ખુલ્લી જગ્યા પડી છે. એ ગોદામ હતું, હું વર્ષોથી એની રજૂઆત કરું છું કે ત્યાં પોલીસ આવાસ બનાવો તો એ બની જાય તો બહુ સારું રહેશે, મારા વિસ્તારની સલામતી વધશે. બીજું માધુપુરા પોલીસ સ્ટેશનની રજૂઆત હતી એ મંજૂર થઇ ગઇ છે એનું વહેલામાં વહેલું ખાતમુહૂર્ત થઇ જાય તો એમાં પણ મારા વિસ્તારની સલામતિ વધશે એવી મારી રજૂઆત છે.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નખત્રાણામાં પોલીસ સ્ટેશનનું મકાન હેરીટેજ છે, રજિસ્ટ્રાર ઓફિસ અને મામલતદાર ઓફિસ, તો હેરીટેજ છે જ એ જૂનું જિલ્લા પોલીસ સ્ટેશન હતું એમાં થોડું કામ કરવામાં આવે તો જૂનું છે મકાન એ પાછું હેરીટેજ થઇ જાય.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે વલસાડ જિલ્લાની અંદર જે સબજેલ છે એ લાંબા સમયથી કાચા કેદીઓને નવસારીથી લાજપોર સુધી લઇ જવા પડે છે એક જમીનનો ઇશ્યુ હતો પણ એને ઝડપભેર ચાલુ થાય તો સરકારનો ખૂબ મોટો ખર્ચ છે આરોપીઓને લાજપોરથી વલસાડ સુધી લઇ જવા પડે અને નવસારીથી ત્યાં સુધી લાવવા પડે અને એક પોલીસ આવાસ રાતા ગામે બનેલ છે એનું લોકાર્પણ ઝડપથી થાય એવી મારી વિનંતી છે.

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં જોટાણા તાલુકા પ્લેસ છે અને ત્યાં પોલીસ સ્ટેશન નથી તો નવીન પોલીસ સ્ટેશનની માગણી માટે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મહેસાણા શહેરની અંદર જે બી–ડિવિઝન આવેલું છે એ બહુ જૂનું બિલ્ડિંગ છે અને જર્જરિત ભાડાની જગ્યાએ છે. અમે કોર્પોરેશનમાં જગ્યા ફાળવી આપી છે એટલે નવું બિલ્ડિંગ અદ્યતન થાય અને બજેટની અંદર સમાવેશ થઇ જાય એવી હું વિનંતી કરું છું અને બીજું મહાનગરપાલિકા જયારે અસ્તિત્વમાં આવી છે ત્યારે મહેસાણા શહેરનો વિસ્તાર બહુ વધી ગયો છે તો સી–ડિવિઝન પણ થાય એવી હું વિનંતી કરું છું.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે હું જિલ્લા પંચાયતનો સભ્ય પણ છું અને તાપી જિલ્લા માટે અમે ૬૫ લાખ રૂપિયા નાણાપંચમાંથી તાપી જિલ્લાના લોકોને ઉપયોગી થાય એના માટે સી.સી.ટી.વી. કેમેરા અમે દીધા છે પરંતુ એ અમલીકરણ માટે તકલીફ છે તો જિલ્લા અધિક્ષકને અમલીકરણ માટે અહીંયાથી સૂચના થાય એવી મારી વિનંતી છે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે પાદરાને સબજેલ ફાળવવામા આવે કારણ કે સબજેલ ના હોવાને કારણે સામાન્ય ગુના કે વોરંટ માટે પણ વડોદરા સબજેલમાં આરોપીને મોકલવા પડે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે જે બોર્ડર આવેલી છે એ વિસ્તારની અંદર સૌથી વધારે નશીલી વસ્તુઓ ત્યાંથી ઘૂસી રહી છે તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ત્યાં હેડકોન્સ્ટેબલ હોય, જમાદાર હોય અથવા તો પી.એસ.આઇ. હોય એવી વધારામાં વધારે સંખ્યામાં સ્ટાફ વધારવા માગો છો કે કેમ? અત્યારે જે બોર્ડરો છે એ જી.આઇ.ડી.ના હવાલે કરેલી છે એટલે જી.આઇ.ડીવાળા ગ્રામરક્ષક કહેવાય છે એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જી.આઇ.ડી. વાળાને ગ્રામરક્ષક તરીકે ગામડામાં મૂકો અને બોર્ડર ઉપર પોલીસનો સ્ટાફ વધારવા માગો છો કે કેમ?

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે સુરક્ષાની દ્રષ્ટિએ ગામડઓમાં અને શહેરી વિસ્તારોમાં સી.સી.ટી.વી. કેમેરાની ખૂબ મોટી જરૂરીયાત હોય છે. રાજય સરકારના અનેક બજેટોમાંથી આપી શકીએ છીએ પરંતુ માનનીય કનુભાઇ દેસાઇ સાહેબે જે પ્રકારે ધારસભ્યોના બજેટમાં પણ વધારો કર્યો છે તો મારી નમ્ર વિનંતી છે કે ધારાસભ્યોના બજેટમાંથી આવા કોઇ અંતરિયાળ ગામની અંદર પોલીસને જયારે જરૂર લાગતી હોય છે અને પોલીસ અમને કહેતી હોય છે ત્યારે અમે ધારાસભ્ય તરીકે અમે ધારાસભ્યના બજેટમાંથી આપી નથી શકતા તો કોઇ વહીવટી સુધારો કરી અને ધારાસભ્યના બજેટમાંથી આપી શકાય તો એ મારું એક નમ્ર સૂચન છે. બીજું મારા સાવરકુંડલામાં કોર્ટ બિલ્ડીંગ ૭૦ કરોડ રૂપિયાના ખર્ચે લગભગ દોઢેક વર્ષથી મંજૂર થયેલ છે તો જે કંઇ અટકતું હોય તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ઝડપથી બાંધકામ શરૂ કરવા માટેની પરમિશન આપે. ત્રીજું, સારા અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ શાંતિથી રહી શકે એટલા માટે તાલુકા કક્ષાએ આવાસની ખૂબ જરૂરિયાત હોય છે. સાવરકુંડલામાં ડી.વાય.એસ.પી. અને પી.આઇ. કક્ષાના કવાર્ટર માટે ઝડપથી મંજૂરી મળે અને જો એમના કવાર્ટર થાય તો હું માનું છે કે પોલીસ અધિકારીઓ પણ સ્ટેબલ, જે જગ્યાએ નોકરી કરતા હોય ત્યાં સારી રીતે વસી શકે અને એના બાળકોના ભવિષ્યની ચિંતા કરી શકે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વહીવટીતંત્રમાં ગૃહ વિભાગ હોય, મહેસૂલ વિભાગ હોય કે કોઇ અન્ય વિભાગમાં કોઇ અધિકારી/કર્મચારી વર્ષોથી બીજા જિલ્લામાં સેવા બજાવતાં હોય અને નિવૃત્ત થવાને એક–બે વર્ષ બાકી હોય ત્યારે એવા કર્મચારી/અધિકારીઓને સરકારના નિયમ મુજબ વતનનો લાભ મળે એવી જોગવાઇ સરકારશ્રીમાં છે તો એનો અમલ કરવા વિનંતી છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે પોલીસના કામના કલાકો નક્કી કરવામાં આવે અને બીજું કે ખાસ મહિલા પોલીસ કોન્સ્ટેબલને વતનથી નજીક પોસ્ટિંગ આપવામાં આવે કે જેથી તેઓ અપ–ડાઉન કરી શકે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં સોમનાથ મંદિર હોવાથી ત્યાં વી.વી.આઇ.પી. દર્શનાર્થીઓ વધારે આવતા હોય છે. એ વખતે બહારની પોલીસ પણ ત્યાં મોટી સંખ્યામાં બંદોબસ્ત માટે આવતી હોય છે. ત્યાં એમને રહેવા માટેની સુવિધા કરવામાં આવે અને એના માટેની જગ્યા પણ ત્યાં છે. તો સોમનાથમાં એક પોલીસ રેસ્ટ હાઉસ બનાવવામાં આવે તો ત્યાં આવતા પોલીસ ભાઇઓ/બહેનો માટે એક સગવડતા ઊભી થાય.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં ૪૦૦૦ જેટલા યુવાનો પોલીસમાં છે. એમના બાળકોના ભણતર માટેની વ્યવસ્થા અમે કરી રહ્યા છીએ. ત્યાં બાજુમાં ૨૫ એકર જેટલી જમીન માગી અને ચાર જેટલી કૉલેજો અમે બનાવી રહ્યા છીએ. એમાં સરકાર સહયોગ આપે એવી અમારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આમ જોઇએ તો ગુજરાતમાં કે કોઇ પણ રાજ્યમાં પોલીસનું કાર્ય બરાબર ચાલતું હોય તો એ રાજ્યમાં પ્રજાની સલામતી, વ્યવસાય અને તમામ પ્રકારની પ્રગતિ વધારે થતી હોય છે. એનું ઉત્તમ ઉદાહરણ એ આપણું ગુજરાત છે. ગુજરાતમાં સલામતીના કારણે આજે આપણા રાજ્યની પ્રગતિ છે. આપણે સૂતા હોઇએ તો પણ પોલીસના કર્મચારી/અધિકારીઓ રાજ્યની પ્રજાની સુરક્ષા કરે છે. તો રાજ્યના ગૃહના માધ્યમથી તેમનું મનોબળ મજબૂત રહે એ માટે આપણે બધા ગુજરાત પોલીસની સાથે છીએ અને અહીંથી એક વખત પાટલી થપથપાવીને ગુજરાત પોલીસને અભિનંદન આપીએ.

(આ તબક્કે પાટલી થપથપાવવામાં આવી.)

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક–૪૨ પરની કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક–૪૨ પરની કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : માગણી ક્રમાંક–૪૨ પરની કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ પાછી ખેંચવામાં આવે છે.

કાપ દરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૧ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૪૨, ૪૩, ૪૪ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫.૨૫ કલાકે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૨૬ ના રોજ સવારના ૯.૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા

ગુરુવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૨૬

ફાલ્ગુન ૨૧, ૧૯૪૭ શાકે

પહેલી બેઠક

સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

માગણી નં. ૫૭

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૯,૬૭,૬૩,૦૦,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૮૫,૨૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૫૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫૭ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઈ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : માનનીય તુષારભાઈ, કાપ દરખાસ્ત એક વખત દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધર્યા પછી સભ્યશ્રીઓને સૂચના આપવી જોઈએ. બંને પક્ષ કોંગ્રેસ પાર્ટી અને આપ પાર્ટીમાંથી અહીંયા હાજર રહેવું જરૂરી હોય છે. જેથી કરીને ખોટો ટાઇમ આપણા સચિવાલયનો પણ બગડે. એટલે એક વખત કાપ દરખાસ્ત દાખલ કરીએ છીએ ત્યારે આપણી જવાબદારી થાય છે કે આપણે અહીંયા વિધાનસભાગૃહમાં હાજર રહેવું. નેકસ્ટ.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

માગણી નં. ૭૧

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૭,૨૩,૭૬,૦૦,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૩૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૭૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઈ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઈ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

આદિજાતિ વિકાસ વિભાગ

માગણી નં. ૯૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી નરેશભાઇ પટેલ (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૬૩,૪૧,૦૦,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૦૭,૦૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૯૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૯૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

આદિજાતિ વિકાસ વિભાગ

માગણી ક્રમાંક–૯૬

શ્રી નરેશભાઇ મ. પટેલ (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૭૬,૭૬,૩૮,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૭૫,૩૦,૧૮,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૯૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૯૬ રજૂ કરવામાં આવી.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગ

માગણી ક્રમાંક–૧૦૫

શ્રીમતી મનીષા રા. વકીલ (મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની, મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૬,૨૪,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ. ૧૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૮ રજૂ કરવામાં આવી.

સન ૨૦૨૬–૨૭ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **ગુરુવાર,તા.૧૨/૦૩/૨૦૨૬ (પહેલી બેઠક)(પાંચમો દિવસ)**નારોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ **માગણી નં.૫૭**				
*૧	૨૨૩૦–શ્રમ...વિકાસ ૦૧–શ્રમ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૨૯,૮૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૫ પાના નં. ૪ અને ૫	૧૦૦	હીરા ઉદ્યોગોમાં શ્રમિકોને લગતા કાયદાઓનું પાલન કરાવવામાંતંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૨	---"---	૧૦૦	શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગને ફાળવેલ ગ્રાન્ટનો વપરાશ કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ઈમરાન ખેડાવાલા
*૩	---"---	૧૦૦	બાંધકામ શ્રમિકોને બપોરના ૧ થી ૪ કલાક સુધી ફરજિયાત કામથી દૂર રાખવાના પરિપત્રનુંપાલન કરાવવામાંતંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર

૪	---"---	૧૦૦	અસંગઠિત ક્ષેત્રના કામદારોને અટલ પેન્શન યોજનાનો ફાળો ભરવા સક્ષમ બનાવવા તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી
૫	---"---	૧૦૦	રત્ન કલાકારોનું શ્રમ કાયદા હેઠળ નોંધણી થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
*૬	૨૨૩૦-શ્રમ...વિકાસ ૦૧-શ્રમ ૧૦૨-કામકાજ...સલામતી ૦૧-LBR-10...એકમ રૂ.૧,૯૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૫ પાના નં. ૪ થી ૭	૧૦૦	કેમિકલ ફેક્ટરીઓમાં આગ અકસ્માત નિવારવા માટે નિયમિત ચેકિંગ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૭	---"---	૧૦૦	ઔદ્યોગિક એકમોમાં કામદારોની સલામતી અંગેની જવાબદારી નક્કી કરી સલામતી વિષયક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર (કાન્તીભાઈ ખરાડી)
*૮	૨૨૩૦-શ્રમ...વિકાસ ૦૧-શ્રમ ૧૦૩-સામાન્ય...કલ્યાણ રૂ.૩૨,૧૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૫ પાના નં. ૪ થી ૧૧	૧૦૦	ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના વાર્ષિક હિસાબોની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૯	૨૨૩૦-શ્રમ...વિકાસ ૦૧-શ્રમ ૧૦૩-સામાન્ય...કલ્યાણ રૂ.૩૨,૧૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૫ પાના નં. ૪ થી ૧૧	૧૦૦	રાજ્યમાં બાંધકામ કામદારોના કલ્યાણ માટેની સેસની રકમ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં જમા કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
*૧૦	---"---	૧૦૦	ઈ-નિર્માણ પોર્ટલમાં શ્રમિકોની નોંધણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.કિરીટકુમાર પટેલ
*૧૧	૨૨૩૦-શ્રમ...વિકાસ ૦૨-રોજગાર સેવાઓ ૦૦૧-નિર્દેશ અને વહીવટ રૂ.૩૨,૬૪,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૫ પાના નં. ૧૫ અને ૧૬	૧૦૦	રાજ્યમાં બેરોજગારીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
*૧૨	---"---	૧૦૦	ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો વધારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૧૩	---"---	૧૦૦	રાજ્યમાં નોંધાયેલ બેરોજગારોને બેરોજગારી ભથ્થું આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૧૪	---"---	૧૦૦	રાજ્યમાં વધતી જતી બેરોજગારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર (વિમલ ચુડાસમા, ડૉ.કિરીટકુમાર પટેલ, ઉમેશભાઈ મકવાણા.)
૧૫	---"---	૧૦૦	રાજ્યના ઉદ્યોગોમાં સ્થાનિકોને રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી (હેમંતભાઈ આહીર)
૧૬	---"---	૧૦૦	રાજ્યમાં લઘુ, મધ્યમ ઉદ્યોગો બંધ થવાને કારણે બેરોજગાર થયેલા શ્રમિકોને જીવન નિર્વાહ માટે સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા (ડૉ.તુષાર ચૌધરી)
*૧૭	---"---	૧૦૦	શ્રમયોગીઓ માટે લઘુતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ની ચુસ્ત અમલવારીમાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ **માગણી નં.૭૧**				

૧૮	૨૨૧૫–પાણી...સ્વચ્છતા ૦૨–ગટર...સ્વચ્છતા ૧૦૫–સફાઈ સેવા રૂ. ૬,૫૯,૬૪,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પાના નં. ૨૦ અને ૨૧	૧૦૦	ગ્રામ પંચાયતોને સફાઈ કામગીરી માટે પૂરતું નાણાકીયભંડોળ ફાળવવામાં નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૧૯	---"---	૧૦૦	ભેંસાણ તાલુકામાં ગટર વ્યવસ્થાપન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
*૨૦	૨૨૧૬–આવાસન ૦૩–ગ્રામ ગૃહનિર્માણ રૂ. ૯,૭૬,૭૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પાના નં. ૨૩ થી ૨૬	૧૦૦	ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક રીતે નબળા જૂથને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ સુવિધાઓ પૂરી પાડવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
*૨૧	૨૫૦૧–ગ્રામીણ...કાર્યક્રમો ૦૬–સ્વરોજગાર કાર્યક્રમો ૦૦૧–દિશા અને વહીવટ રૂ. ૧,૮૩,૪૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પાના નં. ૩૫ થી ૩૮	૧૦૦	ગ્રામીણ વિસ્તારોમાં સ્વરોજગાર કાર્યક્રમો હેઠળ રોજગારીનું પ્રમાણ વધારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
*૨૨	---"---	૧૦૦	ગ્રામીણ વિસ્તારોમાં વિકાસના કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૨૩	૨૫૦૫–ગ્રામીણ...રોજગાર ૦૨–ગ્રામ્ય...યોજનાઓ ૧૦૧–રાષ્ટ્રીય...યોજના રૂ. ૧૧,૧૬,૭૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૯ પાના નં. ૪૫ થી ૪૯	૧૦૦	મનરેગા કામોની ટેન્ડર પ્રક્રિયાના નિયમોમાં ફેરફાર કરવાની રજૂઆતોનો નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૨૪	---"---	૧૦૦	મનરેગા યોજનામાં ગુણવત્તાયુક્ત મટીરીયલ્સનો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
*૨૫	---"---	૧૦૦	મનરેગા યોજનામાં થયેલ ગેરરીતિઓ અંગેની માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
૨૬			મનરેગા યોજનામાં થયેલ ગેરરીતિઓ માટે જવાબદારો સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા.	ડો. તુષાર ચૌધરી (અમીત ચાવડા, ગુલાબસિંહ ચૌહાણ, હેમંતભાઈ આહીર)
*૨૭	---"---	૧૦૦	મનરેગા યોજનામાં શ્રમિકોને ૧૦૦ દિવસની રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઈમરાન ખેડાવાલા (વિમલભાઈ ચુડાસમા)
*૨૮	---"---	૧૦૦	ગ્રામીણ મહિલાઓને મનરેગા દ્વારા બાગાયત ખેતી માટે ૪૦૦ આંબાની ફાળવણી માટે અપાતી રકમમાં થયેલ ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
આદિજાતિ વિકાસ વિભાગ **માગણી નં. ૯૩**				
*૨૯	૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૦૨–અનુસૂચિત...કલ્યાણ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૭,૫૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ–૩) પાના નં.૧૨	૧૦૦	અનુસૂચિત જનજાતિ માટે ફાળવાયેલ ગ્રાન્ટનો યોગ્ય વપરાશ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
*૩૦	૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૦૨–અનુસૂચિત...કલ્યાણ ૨૭૭–શિક્ષણ રૂ. ૩,૪૪,૯૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪ (ભાગ–૩) પાના નં. ૧૨ થી ૧૯	૧૦૦	અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ફ્રી–શીપ યોજના અંતર્ગત આવકમર્યાદામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઈમરાન ખેડાવાલા

*૩૧	---"---	૧૦૦	આદિજાતિ બાળકોના છાત્રાલયોના કર્મચારીઓને લાંબા સમય સુધી પગારથી વંચિત રાખવા બદલ જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૩૨	---"---	૧૦૦	આદિવાસી બાળકોમાં કુપોષણ અને આદિવાસી વિસ્તારની શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૩૩	૨૨૫૧-સચિવાલય...સેવાઓ ૦૯૦-સચિવાલય રૂ. ૩,૦૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪ (ભાગ-૩) પાના નં. ૨૭	૧૦૦	અનુસૂચિતજનજાતિના પ્રમાણપત્રોની સ્ટાફની ઘટના લીધે ખરાઇમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીજ્ઞેશ મેવાણી
૩૪	---"---	૧૦૦	આદિજાતિ વિસ્તારોમાં ચાલતી ગેરકાયદેસર નર્સિંગ કોલેજો અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૩૫	૨૨૫૧-સચિવાલય...સેવાઓ ૦૯૦-સચિવાલય રૂ. ૩,૦૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪ (ભાગ-૩) પાના નં. ૨૭	૧૦૦	નસવાડી શાળાના કોન્ટ્રાકટની ટેન્ડર પ્રક્રિયામાં થયેલ ગેરરીતિઓ વિરુદ્ધ જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૩૬	૩૦૫૪-માર્ગ અને પુલ ૦૪-જિલ્લા...માર્ગો રૂ.૫,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪ (ભાગ-૩) પાના નં. ૪૪	૧૦૦	આદિજાતિ ગ્રામ્ય અને ડુંગરાળ વિસ્તારોમાં પાકા રસ્તા અને પુલના અભાવે લોકોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી (દિનેશભાઇ ઠાકોર)
		માગણી નં. ૯૬		
*૩૭	૨૨૦૨-સામાન્ય શિક્ષણ ૦૧-પ્રાથમિક શિક્ષણ ૭૯૬-આદિજાતિ...યોજના રૂ.૮,૪૭,૮૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૪(ભાગ-૪) પાના નં. ૧૮ થી ૨૪	૧૦૦	આદિજાતિ વિસ્તારોમાં બિસ્માર શાળાઓનું નવીનીકરણ કરવામાં તંત્રની ઉદાસીનતા.	ડૉ.કિરીટકુમાર પટેલ
*૩૮	---"---	૧૦૦	આદિજાતિ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષકોની ઘટ પૂરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા
*૩૯	૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ ૦૨-અનુસૂચિત...કલ્યાણ ૭૯૬-આદિજાતી.યોજના રૂ.૩૭,૫૮,૧૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ-૪) પાના નં. ૧૧૨ થી ૧૩૨	૧૦૦	રાજ્યમાં "જંગલ જમીન" માટેના આદિવાસીઓના પડતર દાવાઓનું નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
		મહિલા અને બાળ વિકાસ વિભાગ **માગણી નં.૧૦૫**		
*૪૦	૨૨૫૧-સચિવાલય...સેવાઓ ૦૯૦-સચિવાલય રૂ. ૬,૨૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૭ પાના નં. ૪૫	૧૦૦	રાજકીય કાર્યક્રમોમાં આંગણવાડી બહેનોને સોંપાતી ફરજો સિવાયની કામગીરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.કિરીટકુમાર પટેલ
૪૧	---"---	૧૦૦	આંગણવાડી તેડાગર બહેનોના પગારની વિસંગતતાઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી
*૪૨	---"---	૧૦૦	ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ માટે વાર્ષિક ભાડા પેટે ચૂકવવામાં અપાતી રકમની સ્પષ્ટતા કરવામાં તંત્રની	શ્રી વિમલભાઇ ચુડાસમા

			નિષ્ફળતા.	
૪૩	---"---	૧૦૦	આંગણવાડીઓમાં બાળકોને ગુણવતા યુક્ત ખોરાક પુરો પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ (અમૃતજી ઠાકોર)
*૪૪	---"---	૧૦૦	રાજ્યમાં બાળકોમાં કુપોષણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૪૫	---"---	૧૦૦	વ્હાલી દીકરી યોજના અંતર્ગત આવક મર્યાદામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
*૪૬	૨૨૫૧-સચિવાલય...સેવાઓ ૦૯૦-સચિવાલય રૂ. ૬,૨૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૭ પાના નં. ૪૫	૧૦૦	રાજ્યમાં પૂરતી આંગણવાડીઓ બનાવવામાં અને જર્જરિત આંગણવાડીઓનું મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર (હેમંતભાઈ આહીર)
*૪૭	૨૨૫૧-સચિવાલય...સેવાઓ ૦૯૦-સચિવાલય રૂ. ૬,૨૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૭ પાના નં. ૪૫	૧૦૦	રાષ્ટ્રીય પોષણ મિશન હેઠળ અનાજનો પૂરતો જથ્થો ખરીદવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૪૮	---"---	૧૦૦	આંગણવાડીઓમાં ઉંમર પ્રમાણેનો બાળકોનો રેકર્ડ તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી કાપ દરખાસ્તો અને માગણીઓ ઉપર ભેગી ચર્ચા હાથ ધરવામાં આવશે.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી જે માગણી નંબર-૯૬,૧૦૫ અને ૯૩ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિવાસીઓની ચર્ચા થતી હોય ત્યારે સૌથી પહેલાં માનનીય મંત્રીશ્રીઓને વિનંતી કરું છું અને આદિજાતિ બજેટ ઉપર શકય હોય ત્યાં સુધી સૌથી પહેલાં મારી માગણીઓ રજૂ કરું છું કે, અમીરગઢ, દાંતા અને બનાસકાંઠા જિલ્લાની અંદર આજની તારીખે દીકરીઓને અભ્યાસની તૈયારી કરવા માટે પાલનપુર મથકે આવવું પડતું હોય અને દીકરીઓ પ્રાઇવેટ રૂમ રાખીને અભ્યાસ કરતી હોય ત્યારે સૌથી પહેલાં મારી માગણી એ છે કે, દીકરીઓ માટે હોસ્ટેલ હોવી જોઇએ અને એ જ રીતે દીકરાઓ માટે પણ હોસ્ટેલ હોવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, દાંતા, અમીરગઢ, ખેડબ્રહ્મા સહિત ઉત્તર ગુજરાતના સમગ્ર આદિવાસી વર્ષો પહેલાં વન વિભાગ પણ નહોતું, તેના પહેલા એ વિસ્તારમાં વસતા આવ્યા છે, ત્યારે ગમે તે બહાના હેઠળ આદિવાસીઓને કાઢવામાં આવે ત્યારે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, વન અધિકાર યોજના હેઠળ તેમની સનદો આપવામાં આવી નથી. જે દાવા રજૂ કરવામાં આવ્યા છે તે દાવા બનાસકાંઠા જિલ્લામાં બહુ જ વધારે સંખ્યામાં પેન્ડિંગ છે તો એ દાવાઓનો વહેલી તકે નિર્ણય લઇને તેમની માગણીઓ પ્રમાણે જે નિયમાનુસાર જેટલી જમીન વર્ષ ૨૦૦૫ પહેલાંનો કબજો હતો તે કબજો સંપૂર્ણ રીતે તેમને સનદો મંજૂર કરીને આપે તો તે લોકોને હેરાનગતિ થતી બંધ થાય. ચર્ચાઓ બહુ થાય છે. આદિવાસીઓને ઘણી મુશ્કેલીઓ છે એમાં આજે હું બીજા મુદ્દા ઉપર નહીં જઉ પણ એટલું જરૂર કહી શકું છું કે સમગ્ર આદિવાસી જાતિની ચકાસણી કરીને સાચા આદિવાસી જે રહી જાય છે અને ખોટા આદિવાસી ઘૂસી જાય છે તેની સંપૂર્ણ ચકાસણી કરીને જે સાચા આદિવાસી રહી ગયા છે એનો સરવે કરીને તેમનો સમાવેશ કરો એટલી મંત્રીશ્રીઓને વિનંતી કરું છું.

હું દાંતા વિધાનસભામાંથી આવું છું. એ વિસ્તારમાં મોં અંબાજી બિરાજમાન છે એટલે હું જૂઠ્ઠું નહીં બોલું. બધી જ ટ્રેઝરી બેંચને એટલા માટે વિનંતી કરું છું, આદિવાસી બજેટની ચર્ચ થાય ત્યારે જયાં સુધી છેડો પહોંચતો હોય ત્યાં સુધી અલગ અલગ વિભાગ મારફતે આદિવાસીઓને ગમે તેને ગમે તે બહાના હેઠળ બહુ હેરાન કરવામાં આવે છે. આજે મહિલાઓની ચર્ચા કરીએ તો નામદાર કોર્ટે પણ આદેશ કર્યો છે, આંગણવાડી બહેનો છેક ગ્રાઉન્ડ લેવલ સુધી કામગીરી કરે છે ત્યારે એમને માનદ વેતન એટલા હદે ઓછું આપવામાં આવે છે ત્યારે વિનંતી કરું છું કે એમને એમનો હક્ક આપો. એ જે કામ કરે છે એ પ્રમાણે એનું માનદ વેતન પણ આપો. એ જ રીતે આદિવાસી વિસ્તારની અંદર જે જે જગ્યાએ આદિવાસીઓને યોજનાનો જે જગ્યાએ છેડો પહોંચતો હોય તો માનનીય મંત્રીશ્રીઓને વિનંતી કરું છું કે જયાં સુધી શકય હોય ત્યાં સુધી આદિવાસીઓને હક્ક અને અધિકાર છે એટલે એનું અમલીકરણ કરાવો એવી વિનંતી કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી વિજયભાઇ ર. પટેલ(નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહની અંદર આદિજાતિ વિભાગની માગણીઓ માનનીય મંત્રીશ્રી નરેશભાઇ પટેલ માગણી નં. ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીથી ઉંમરગામ સુધીમાં અમારા ૧૪ જેટલા જિલ્લાના ૫૮ જેટલા તાલુકા છે અને લગભગ ૧ કરોડથી વધુ અમારો આદિવાસી સમુદાય આ પૂર્વ પટ્ટીમાં વસે છે. આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થાય, શૈક્ષણિક રીતે આગળ આવે, સામાજિક રીતે આવે અને દરેક પ્રકારની સુવિધા એમને મળી રહે એના માટે આ વર્ષના અંદાજપત્રની અંદર રૂ.પ૪૨૫ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે એ બદલ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને અમારા ભામાશા તરીકે ઓળખાતા એવા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. હું આદિવાસી સમાજ તરફથી પણ અભિનંદન પાઠવું છું. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે આદિવાસી સમાજની ખૂબ ચિંતા કરી છે. આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થાય એના માટે આ સરકારે અનેક જનકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. અમારી આ સરકારનો મંત્ર છે, ''આવો વહી દીપ જલાયે જહાં આજ ભી અંધેરા હૈ,''. આ પ્રકારની યોજનાઓ લાવીને છેવાડાના માનવીના જીવનમાં પ્રકાશ પાથરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આઝાદીનાં આટલાં વર્ષ થઇ ગયા, સન ૧૯૯૯ સુધી અમારા ભારત સરકારની અંદર આદિવાસી મંત્રાલય નહોતું, તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપાઇજી આવ્યા અને એમની સરકારે સન ૧૯૯૯ની અંદર આદિવાસી મંત્રાલયની સ્થાપના કરી. આદિવાસી સમાજને સન્માન આપવાનું કામ કર્યું. સન ૨૦૨૬–૨૭ના અંદાજપત્રની અંદર આદિવાસી સમાજ માટે આગામી પાંચ વર્ષ માટે રૂપિયા બે લાખ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિદ્યાર્થી હોય, શ્રમયોગી હોય એના માટે ૫૦૦ મીની બસોની પણ જોગવાઇ કરવામાં આવી છે. સાથે સાથે આ વર્ષે જનજાતિ કલ્યાણ માટે રૂ. ૩૫,૭૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે આ ભુપેન્દ્રભાઇની સરકાર, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અમારા માટે ખૂબ યોજનાઓ લાવી છે. ભૂતકાળની સરકારમાં અમારા આદિવાસી સમાજનો એક વૉટબેંક તરીકે ઉપયોગ કરાતો હતો પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એટલે એમણે શિક્ષણ પર પણ ભાર મૂક્યો. જેના કારણે આદિવાસી સમાજમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટતો ગયો. જેમ જેમ આ ડ્રોપ આઉટ રેશિયો ઘટતો ગયો તેમ તેમ વિધાનસભાની સીટ હોય કે પાર્લામેન્ટની સીટ હોય એ વધતી ગઇ છે. આ એક આમૂલ પરિવર્તન આવ્યું છે. અમે અમારા બિરસા મુંડાને અમારા આદિવાસી સમાજના મસીહા ગણીએ છીએ. અમે એમને 'ધરતી આબા' તરીકે પણ ઓળખીએ છીએ ત્યારે આઝાદી પછી આજ દિન સુધી કોઇએ અમારા બિરસા મુંડાને યાદ નહોતા કર્યા. મારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માનવો છે અને અભિનંદન આપવા છે કે, તા.૧૫ નવેમ્બર, ૨૦૨૧ના દિવસને સમગ્ર દેશમાં જનજાગૃતિ દિવસ તરીકે ઉજવવાની જો કોઇએ શરૂઆત કરી હોય તો આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. અમારા આદિવાસી સમાજને માન–સન્માન અને ગૌરવ અપાવવાનું કામ કર્યું છે. એટલે જ અમે કહીએ છીએ કે આદિવાસી સમાજના જો કોઇ સાચા મસીહા હોય તો આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે. રાજપીપળા ખાતે ભગવાન બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી છે એના માટે વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂ.૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્થાનિક લેવલે આયોજન થાય, એનો અમલ થાય એના માટે વર્ષ ૧૯૯૭–૯૮માં ન્યુ ગુજરાત પેટર્ન યોજના અમલમાં લાવી. ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક લેવલે એનું આયોજન થાય અને સારી રીતે એનો અમલ થાય એના માટે આ ન્યુ ગુજરાત પેટર્ન અમલમાં આવી અને ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના અંતર્ગત રૂ.૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એનાથી આદિવાસી સમાજનો વિકાસ થવાનો છે. અમારો આદિવાસી સમાજ ખૂબ પાછળ હતો. આ સમાજ બીજા સમાજની હરોળમાં આવે એના માટે તા.૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી. આ યોજનામાં ૧૦ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા. એમાં આદિવાસી વિસ્તારમાં રસ્તા હોય, પાણી હોય, વીજળી હોય, આરોગ્ય હોય, શિક્ષણ હોય, સિંચાઇ હોય, રોજગારીની તકો ઊભી થાય જેવા મુદ્દાઓના કારણે આદિવાસી વિસ્તારમાં આજે દરેક પ્રકારની સુવિધાઓ થઇ છે. ભૂતકાળની સરકારમાં અમને અનેક કડવા અનુભવો થયા છે. મારે ડાંગથી ગાંધીનગર આવવું હોય તો મને ૧૫થી ૧૬ કલાક થઇ જતા હતા અને રસ્તાની પરિસ્થિતિ એવી હતી કે જાણે ઊંટ ગાડીમાં બેઠા હોઇએ એવો અનુભવ થતો હતો, પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં રસ્તા એટલા સારા થયા છે કે આજે હું ડાંગથી ગાંધીનગર માત્ર સાડા પાંચથી છ કલાકમાં આવી જાઉં છું અને રસ્તા પરથી પસાર થઇએ તો હવાઇ મુસાફરી કરી રહ્યા હોય એવું લાગે છે. અમારા આદિવાસી વિસ્તારમાં પાણી માટે લાલ ટેન્કરો ચાલતા હતા. આ લાલ ટેન્કર ૧૫–૨૦ દિવસે એક આંટો મારતું હતું. જેમ જાન આવવાની હોય અને આખું ગામ વરરાજાની રાહ જોતું હોય એ રીતે અમે આ લાલ ટેન્કરની રાહ જોતા હતા અને આ લાલ ટેન્કરની ગામમાં એન્ટ્રી થાય તો પાણીપતનું યુદ્ધ ચાલુ થઇ જાય, બેડા યુદ્ધ ચાલુ થઇ જાય. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પાણીની વ્યવસ્થા કરી. ગામે–ગામ પીવાના પાણીની વ્યવસ્થા કરી. આ લાલ ટેન્કરોને તિલાંજલી આપવાનું કામ માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. વીજળીની પરિસ્થિતિ પણ એવી જ હતી. મને ખૂબ આનંદ થાય છે કે ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજનાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૦૭માં મારા ડાંગ જિલ્લામાંથી કરી હતી. ભૂતકાળની સરકારમાં વીજળીની પરિસ્થિતિ એવી હતી કે અમાસે જાય તો પૂનમે

આવે અને પૂનમે જાય તો અમાસે આવે. વીજળી માટે કોઇ ગેરંટી જ આપી શકતું ન હતું. જ્યારે જમવા બેઠાં હોય અને વીજળી જાય તો ઘરનાં મોભી એવું કહે કે દીવા પ્રગટાવો, ફાનસ ચાલુ કરો, મીણબત્તી સળગાવો, અમારા આદિવાસી વિસ્તારમાં ચીમની પ્રગટાવો એવું કહે. કારણ કે કોઇને વિશ્વાસ ન હતો કે વીજળી ક્યારે આવે? પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે જ્યોતિગ્રામ યોજનાની શરૂઆત થઇ. તેના કારણે અત્યારે વીજળી જાય અને જમવા બેઠાં હોય તો ઘરનાં મોભી એવું ચોક્કસ કહે કે થોડીવાર થોભી જાઓ, પાંચ મિનિટમાં વીજળી આવી જશે અને બે થી ત્રણ મિનિટમાં તો વીજળી આવી પણ જાય છે. આ પરિવર્તન થકી વિશ્વાસ અપાવવાનું જો કોઇએ કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યાર પછી ખૂબ સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. આ વનબંધુ કલ્યાણ યોજના માટે શરૂઆતમાં રૂ.૧૫ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવી. આદિવાસી વિસ્તારમાં શરૂઆતના તબક્કામાં રૂ.૨૨ હજાર કરોડનો ખર્ચ થયો હતો. આ સફળતાને જોઇને વર્ષ ૨૦૨૧થી ૨૦૨૬ના નાણાકીય વર્ષ માટે રૂ.૧ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી હતી અને ચાલુ પંચવર્ષીય યોજના માટે પણ રૂ.૨ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં રોજગારીની કોઇ તકો ન હતી ત્યારે સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં આવી. અમારા આદિવાસી સમુદાયના બહેનો માત્ર ઘર, રસોડું, ખેતીકામ, બાળકોને સંભાળવામાંથી બહાર આવી શકતાં ન હતાં પણ આદિવાસી સમાજની બહેનો માટે માન-સન્માન અને રોજગારીની તકો ઊભી કરવી માટે મહિલાઓને દૂધાળા પશુ આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એક સમય હતો કે, અમારી આદિવાસી સમાજની બહેનોને કોઇપણ કામ માટે હાથ લંબાવવો પડતો હતો પણ આજે એ જ મહિલાઓને માન સન્માન અને રોજગારીની તકો મળવાથી તેઓ આત્મનિર્ભર બન્યા. ઘણી જગ્યાએ તો એવું છે કે એમના ઘરનાએ તેમની સામે હાથ લંબાવવો પડે કે ચાલો, ડેરીનો પગાર આવ્યો હોય તો થોડી રકમ મળશે. અમારા આદિવાસી સમાજમાં આ જે પરિવર્તન આવ્યું છે તે ભારતીય જનતા પાર્ટીની સરકારના કારણે આવ્યું છે. ૧૨,૪૬૫ દૂધાળા પશુઓ ૪,૦૮૬ મહિલા લાભાર્થીઓને આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ.૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ પરિવારોને વ્યક્તિગત આવાસ મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. કોઇપણ વ્યક્તિની જરૂરિયાત રોટી, કપડાં અને મકાન હોય છે. તેમને ઘરનું ઘર અને છત મળે તે માટે સરકાર દ્વારા આદિજાતિ પરિવારો, આદિમ જૂથ અને હળપતિ સમાજના લોકોને વ્યક્તિગત આવાસ મળે તે માટે રૂ.૨૩.૫૮ કરોડનો ખર્ચ કરીને અંદાજિત ૩,૧૩૭ જેટલા લાભાર્થીઓને આ લાભ આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૬-૨૭માં વ્યક્તિગત આવાસ યોજના અંતર્ગત રૂ.૧૪૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સરકારે ગરીબો, યુવાનો, અન્નદાતા અને નિરક્ષરોના ઉત્કર્ષ માટે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હું એક પહાડી વિસ્તારમાંથી આવું છે. છેવાડાના ગામોનાં ઉત્કર્ષ માટે એમને સારા રસ્તા, પાણીની સુવિધા, સિંચાઇની સગવડ, સારું આરોગ્ય અને શિક્ષણ મળે તે માટે માનનીય મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના અમલમાં મૂકવામાં આવી છે. માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની લાગણી છે કે છેવાડાનું ગામ એ છેલ્લું ગામ નહીં પરંતુ એક નંબરનું ગામ બને તે માટે આ બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના અમલમાં મૂકવામાં આવી છે અને તેના માટે વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તે જ રીતે અનુસૂચિત જનજાતિઓ પૈકી અતિપછાત આદિમજૂથ કે હળપતિ જાતિના લોકોને રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ જેવી પાયાની સુવિધા મળી રહે તેના માટે મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના અને મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજનાના મીઠાં ફળ જનસમુદાયને મળી રહ્યાં છે. વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં રૂ.૧૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ પ્રસંગે આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને પણ યાદ કરવા પડે. કારણ કે, અમારા અતિ પછાત જે આદિમ જૂથ સમાજના લોકો છે, કોટવાળીયા સમાજના લોકો છે એમની કોઇએ ચિંતા નહોતી કરી પણ મને કહેતાં આનંદ થાય કે આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે પી.એમ.જનધન યોજના લાવીને શરૂઆતમાં રૂ.૨૪ હજાર કરોડની જોગવાઇ કરીને અમારા અતિ પછાત સમાજને બહાર લાવવાનું કામ કર્યું છે. એમાં પણ દરેક પ્રકારની સગવડો આ મુદ્દાની અંદર આવરી લેવામાં આવી છે ત્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને અમે ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. એજ્યુકેશન ક્ષેત્રે પણ આદિવાસી સમાજને સારી સગવડ મળે, આઝાદીના આટલા વર્ષ સુધી વિપક્ષની જે-જે સરકારો હતી ત્યારે સાયન્સની એકપણ કોલેજ આદિવાસી જિલ્લામાં નહોતી. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા પછી દરેક જિલ્લામાં વિજ્ઞાન ફેકલ્ટીની કોલેજો આપવામાં આવી એ સ્વીકારવું જ પડે. મારા ડાંગમાં પણ વિજ્ઞાન કોલેજો આવી હોય તો એ કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થયું છે. ૧૦૫ એકલવ્ય મૉડેલ સ્કૂલ છે. આ શાળામાં અમારા ગરીબ આદિવાસી સમાજનાં બાળકો જ્યારે ટાઇ, બૂટ, શૂટ પહેરીને પંખા નીચે બેન્ચિસ પર બેસીને અભ્યાસ કરે છે એ અમારા માટે ખૂબ મોટી સ્વપ્ન સમાન વાત છે. આ સગવડ જો કોઇએ કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે કરી છે. એકલવ્ય રેસિડેન્શિયલ સ્કૂલમાં આજદિન સુધી વિદ્યાર્થી દીઠ રૂ.૭૦ હજારનો ખર્ચ કરવામાં આવતો હતો, પણ ચાલુ બજેટમાં આ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે રૂ.૧૦ હજારનો વધારો કરીને રૂ.૮૦ હજાર કરવામાં આવ્યો છે એ બદલ સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ શાળાઓમાં રહેવાનું, જમવાનું, ગણવેશ, પુસ્તકો અને પ્રવાસ જેવી અનેક પ્રકારની સુવિધાઓ આવરી લેવામાં આવી છે. એમાં પણ સરકારશ્રી દ્વારા રૂ.૨૦૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ એકલવ્ય રેસિડેન્શિયલ શાળામાં અને કન્યા સાક્ષરતા

શાળામાં અભ્યાસ કરતાં ૨૧૭૭૦ જેટલા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે પણ સરકારે જોગવાઇ કરી છે એ માટે હું અભિનંદન પાઠવું છું. ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતાં બાળકોની આવકમર્યાદા ધ્યાનમાં લેવામાં આવતી નથી. આ તમામ આદિવાસી બાળકોને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં પ્રિ-મેટ્રિક સ્કોલરશીપ ૧૧ લાખ જેટલા વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે. ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ માટે રૂ.૧૩૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મફતમાં ગણવેશ આપવામાં આવે છે. ધોરણ ૧ થી ૮માં ભણતા વિદ્યાર્થીઓની વિદ્યાર્થીદીઠ રૂ.૯૦૦ ની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતાં લગભગ ૧૦ લાખ જેટલા વિદ્યાર્થીઓના ગણવેશ સહાય માટે રૂ.૯૮ કરોડની જોગવાઇ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવેલ છે. અમારા ખેડૂતોને પણ આગળ લાવવા માટે આ સરકારે અનેક પ્રકારની યોજનાઓ અમલમાં મૂકી છે. એમાં પણ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં સુધારેલા બિયારણો, કીટો આપવી, તાલીમ મળી રહે, આર્થિક ઉપાર્જનમાં વધારો થાય એ માટે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં રૂ.૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૮૬૧૩૧ જેટલા ખેડૂતોને તેમાં આવરી લેવામાં આવ્યા છે. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કિસાન સન્માન નિધિ યોજના અમલમાં મૂકી છે. આ યોજનામાં નરેન્દ્રભાઇ મોદી સાહેબ દિલ્હીમાં એક બટન દબાવે તો બીજી જ મિનિટમાં દેશના ૧૧ કરોડ ખેડૂતોના ખાતામાં આ બે-બે હજાર રૂપિયાના હપ્તા જમા થાય છે. કોઇ દલાલ નહીં, કોઇ કમિશન એજન્ટ નહીં ડાયરેક્ટ ખેડૂતોના ખાતામાં જમા થાય છે. એટલે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દિલ્હીમાં એક બટન દબાવે ત્યારે અમારા ડાંગના ૪૦ હજાર ખેડૂતોના ખાતામાં રૂપિયા બે-બે હજાર એટલે વર્ષના રૂપિયા ૬ હજાર જમા થાય છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અમારા આદિવાસી સમાજના ઉત્થાન તેમજ સર્વાંગી વિકાસ માટે જનકલ્યાણકારી યોજનાઓ લાવી છે ત્યારે આજે માનનીય મંત્રી શ્રી નરેશભાઇ પટેલ સાહેબ જે માગણી લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ રોજગાર વિભાગની માગણી ક્રમાંક-પ૭ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા લઇને આવ્યા છે એમને હું સમર્થન જાહેર કરું છું. એક કુંવરજી જાય અને બીજા કુંવરજી આવે એમાં સ્વાભાવિક છે.

અધ્યક્ષશ્રી : માનનીય કુંવરજીભાઇ, તમારો અવાજ બુલંદ છે.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદૃષ્ટિ અને એમનું વિકસિત ભારત દેશ બનાવવાનું જે સપનું છે એને સાકાર કરવા માટે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ નીકળ્યા છે ત્યારે ગુજરાતના અમારા મૃદુ અને મક્કમ સ્વભાવના મુખ્યમંત્રીશ્રી એમાં પાછળ પડે એવા નથી. શ્રમિકો માટે એમના હૃદયમાં સ્થાન છે. હું માનવી માનવા થાઉં તો ઘણું. શ્રમિકોની જો કોઇએ ચિંતા કરી હોય તો ગુજરાતના મૃદુ અને મક્કમ સ્વભાવના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે કરી છે. એટલા માટે માનનીય નરેન્દ્રભાઇ કહે છે કે ''એક ભારત શ્રેષ્ઠ ભારત''. માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય ભુપેન્દ્રભાઇ જ કલ્પના કરી શકે અને એક ભારત શ્રેષ્ઠ ભારત બની શકે. જો એના માટે કોઇએ ચિંતા કરી હોય તો આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી હતા એ વખતે એમણે વાઇબ્રન્ટ ગુજરાત ચાલુ કર્યું અને એના કારણે આપણા ગુજરાતમાં ઉદ્યોગો સ્થપાયા. સાચી રીતે કહું તો પહેલાં ગામડાંઓનો વિકાસ થયો ન હતો. આપણા ત્યાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રીશ્રી તરીકે આવ્યા એટલે મોટા મોટા શહેરોમાં ઉદ્યોગ સ્થપાઇ ગયા. એમાં ભરૂચ હોય, અમદાવાદ હોય, ધોલેરા હોય, કીમ હોય કે અમારા હજીરાનો પટ્ટો હોય. આ સમગ્ર વિસ્તારોમાં ઉદ્યોગો આવ્યા અને શ્રમિકોને રોજગારી મળતી થઇ છે. પહેલાંના જમાનામાં હું જ્યારે ભણતો હતો ત્યારે પ્રાથમિક શાળાના ઠેકાણા ન હતા. આજે ગામડાંઓમાં જાઓ તો આધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચર સાથેની આઇ.ટી.આઇ. કૉલેજો જોવા મળે છે. આપણને તમામ પ્રકારની સુવિધા સાથેની આઇ.ટી.આઇ. ઉપલબ્ધ થઇ છે. હું વિપક્ષોને કહેવા માગું છું કે તમારા જમાનામાં આઇ.ટી.આઇ. તો ઠીક પણ પ્રાથમિક શાળામાં ભણવા જતાને...

અધ્યક્ષશ્રી : આપણે વિપક્ષને કહેવાનું નથી. તમારે માગણીઓ ઉપર બોલવાનું છે. એના માટે માનનીય મંત્રીશ્રી એમનો જવાબ આપશે.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, એમના જમાનામાં અમે ઝાડવા નીચે બેસીને પણ ભણ્યા છીએ. એ વખતે પ્રાથમિક શાળાના સ્ટ્રકચરોના ઠેકાણા ન હતા. આજે આઇ.ટી.આઇ. પણ રોલ મોડલ બની ગઇ છે અને એના કારણે આજે ઉદ્યોગો થકી ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે જી-સમિટ થઇ. આજે ગુજરાતના મૃદુ અને મક્કમ સ્વભાવના મુખ્યમંત્રીશ્રી જી-સમિટ કરી રહ્યા છે. આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકાની સાથે સાથે આપણું ગુજરાત વાઇબ્રન્ટ ગુજરાત એ રીતે આગળ વધી રહ્યું છે. એના માટે હું ગુજરાતના મૃદુ અને મક્કમ સ્વભાવના મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અમારા છેવાડાના શ્રમિકો/લેબરો/મજૂરવર્ગની જો કોઇએ ચિંતા કરી હોય તો ગુજરાતના મૃદુ અને મક્કમ સ્વભાવના મુખ્યમંત્રીશ્રીએ કરી છે. હમણાં જ શ્રી વિજયભાઇ કહેતા હતા અને ડાંગની વાત કરતા હતા. ડાંગના બધા જ લોકો જ્યારે નોકરી મળતી ન હતી ત્યારે સુગર ફેકટરીઓમાં જઇને કામ કરતાં હતાં. નાના નાના ઉદ્યોગોમાં આવવું પડતું હતું. આજે એમના વિસ્તારમાં નાના ઉદ્યોગો સ્થપાયા અને એના કારણે રોજગારી ઊભી થઇ છે અને એટલા માટે શ્રી વિજયભાઇનો જે બુલંદ અવાજ હતો એ એમના હૃદયથી

બોલી રહ્યા હતા. તે સાચા હૃદયથી બોલતા હતા. મારે કહેવું છે કે આ જે વિકાસ થઇ રહ્યો છે, ગુજરાત રોલ મોડેલ બન્યું છે એ નાનીસૂની વાત નથી. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને આપણા મૃદુ અને મક્કમ સ્વભાવના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ કરી શકે. બીજા કોઇની તાકાત નથી. પહેલાંના જમાનામાં ઉદ્યોગો સ્થપાતા, અમારા ગામડામાં લેન્ડ લુઝરો હતા એને કોઇ નોકરી આપવામાં આવતી ન હતી. જ્યારથી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ આવ્યા, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ બન્યા, પ્રથમ વખત શ્રમિકો માટે અને લેન્ડ લુઝરો માટે ચિંતા કરી અને તેમને ઉદ્યોગોમાં પ્રાથમિકતા આપીને નોકરી આપવાનું કામ પણ આ ગુજરાતની સરકાર કરી રહી છે. મારે આપના માધ્યમ દ્વારા આ લોકોને કહેવું છે કે જે વિસ્તારોની અંદર પહેલાં શિક્ષકોની ભરતી થતી ત્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ લોકોને એટલે કયા લોકોને? એમને એમ વાત ન કરી શકો. તમે માગણીઓ ઉપર બોલો. તમે માગણીઓને કારણે શું ફાયદો થશે એ વાત કરી શકો. આક્ષેપ–પ્રતિઆક્ષેપ નહીં. હમણાં શ્રી વિજયભાઇ બોલ્યા, કેટલા તથ્યો, કેટલા આંકડા અને માહિતી સાથે બોલ્યા એ પ્રમાણે તમે કહી શકો. એ પ્રમાણે તમે વાત કરો.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાંના સમયમાં શિક્ષકોની ભરતી થતી ત્યારે લાઇનબદ્ધ કતારો લાગતી હતી.

અધ્યક્ષશ્રી : મારું એ કહેવાનું છે કે આ માગણીઓ પસાર શા માટે કરવી પડે? આ માગણીઓ મંત્રીશ્રી લઇને આવ્યા છે એ શા માટે પસાર કરવી પડે? (અંતરાય) આપ બેસો, હું સમજાવું. ઘણી વખત બોલાવાનો મારો પણ ઉત્સાહ થઇ જતો હોય છે. બધા માનનીય સભ્યશ્રીઓએ વિચારવું પડે કે વિધાનસભા પાસે સરકાર, એમનો વિભાગ આટલા કરોડની માગણીઓ લઇને આવ્યો છે અને એવું કહે છે કે અમે આટલાં આટલાં કામો કર્યાં છે અને આટલાં કામો કરીશું, આટલું કરીશું, એટલા માટે તમે અમારી માગણીઓ મંજૂર કરી આપો. એ આપણું લોજિક છે. સરકાર એ વાત કરે છે. તમારે એની ફેવરમાં બોલવું છે તો એની ફેવરમાં વાત કરી શકો છો કે આ માગણીઓ લઇને આવ્યા છે એટલા માટે આપણે માગણીઓ મંજૂર કરવી પડે. જેને ટીકા કરવી છે અથવા જેમણે કાપ દરખાસ્ત મૂકી છે એ કાપ દરખાસ્તની ફેવરમાં વાત કરી શકશે. માત્ર પોલિટિકલ નહીં. માનનીય શ્રી વિજયભાઇએ બહુ તથ્યો સાથે, ઘણી બધી માહિતી સાથે, ફિગર સાથે એમણે અલગ અલગ એનાલિસિસ કરીને કહ્યું કે આટલા માટે માગણીઓ મંજૂર કરો. તો તમે પણ એ જ પ્રમાણે કરો તો વધારે સારું. મારે માનનીય સભ્યશ્રીઓને અભિનંદન આપવા છે કે તેઓ વાંચ્યા સિવાય, પહેલા એમને એમ વાંચતા હતા તો તમને અંદરથી અલગ લાગતું હતું અને આજે વાંચ્યા સિવાય સરસ મજાના રેફરન્સ સાથે ઇન્ફર્મેશન આપી રહ્યા છો. અભિનંદન છે.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ ભારતનો એક ભૌગોલિક પ્રદેશ નથી પરંતુ એ અવિરત વિકાસ, દૂરદર્શી વિકાસ અને દૃઢ સંકલ્પનું જીવંત ઉદાહરણ છે. આજે વિશ્વભરમાં ગુજરાતની જે ઓળખ ઊભી થઇ છે એ ઓળખ આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી થકી થઇ છે અને ગુજરાત પ્રગતિશીલ રાજ્ય બન્યું છે અને એના કારણે વિશ્વભરમાં ગુજરાતની એક આગવી ઓળખ ઊભી થઇ છે. રાજ્યની સાચી સમૃદ્ધિ એ માત્ર ભૌગોલિક માળખાગત સુવિધાઓ નહીં પણ તેના શ્રમિકોની સુરક્ષા અને યુવાનોની કાર્યક્ષમતામાં કરવામાં આવતા વધારામાં રહેલી છે. ઉમદા હેતુ સાથે શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગ દરેક નાગરિકોને ગૌરવપૂર્ણ અને શ્રેષ્ઠ તકો પૂરી પાડવા માટે આગળ વધી રહ્યો છે. આજે જ્યારે હું રોજગાર અને શ્રમ કલ્યાણ વિકાસ અંગે બોલી રહ્યો છું ત્યારે મને ગૌરવ થાય છે. હું જે ધરતીનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું તે ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન છે. પરંતુ મને એ જણાવતાં આનંદ થાય છે કે અત્યારે ભારતના જે યુવાનો છે એ યુવાનોને રોજગાર આપવા માટેની પહેલ ગુજરાતે કરી છે. અત્યારે ગુજરાતમાં બે પ્રકારના લોકો છે: પહેલો પ્રકાર છે એ ગુજરાતમાં રોજગારીની તકો શોધી રહ્યો છે અને બીજો પ્રકાર છે એ બેરોજગાર ગુગલ લઇને સર્ચ કરી રહ્યો છે. આ ગુજરાત ઉદ્યોગોમાં યુવાનોને નોકરી આપવાનું કામ કરે છે તો એ ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલને આભારી છે. ખાસ કરીને ગુજરાતનો જે વિકાસ થયો છે એની વાત કરીએ તો ગુજરાત એ માત્ર ફ્લાવર નહીં ફાયર છે અને એટલા માટે જ હું પુષ્પા સ્ટાઇલમાં કહેવા માગુ છું કે ગુજરાતનો વિકાસ એ ફ્લાવર નહીં પણ ફાયર છે. ભલે ટીકાઓના ધુમ્રપાન કરે પણ ગુજરાતની પ્રગતિ ગાડીના ગડર અને સાચા માર્ગ ઉપર ચાલી રહી છે. મિત્રો,

मंज़िल उन्ही को मिलती है, जिन के सपनों में जान होती है,
पंखो से कुछ नहीं होता, हौंसलों से उडान होती है।

મિત્રો છેલ્લાં ત્રણ વર્ષમાં માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર વિવિધ વિભાગોમાં રોજગારી આપવા માટે ઐતિહાસિક ભરતી મેળાઓ કરી રહી છે તેના કારણે ૧.૬ લાખ લોકોને આપણે રોજગાર આપી શક્યા છીએ. આખા ગુજરાતમાં વર્ષવાર જોવામાં આવે તો સરકાર દ્વારા વધારાની ૭૫,૦૦૦ જેટલી ખાલી જગ્યાઓ ભરવાનો પણ આપણી સરકારે નિર્ણય કર્યો છે. એ માગણીઓ લઇને આવ્યા છીએ ત્યારે આ શ્રમિકોને ગુજરાતના વિકાસના સાચા શિલ્પી તરીકે આપણે ઓળખીએ છીએ. તેમને સામાજિક સુરક્ષા તે ગુજરાત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ખરેખર તો આપણા શ્રમિકો એ સાચા વિકાસના હીરો છે એ લોકોની ઓળખ આપણે કરવી જોઇએ. ગુજરાતનો સુરત જિલ્લો એ હીરા ઉદ્યોગની અંદર ઘમઘમતો થયો છે એમાં અમારા ગામડાંના આદિવાસી ભાઇઓ પણ સુરતમાં જઇની હીરા ઉદ્યોગને ચમકાવવાનું કામ રહ્યાં છે. ગુજરાતમાં ડિજિટલ ક્રાંતિથી રોજગાર ક્ષેત્રે અકલ્પનીય કામગીરી થઇ રહી છે. 'શ્રમસેતુ પોર્ટલ' અને નવી ૪ લેબર કોર્ટ દ્વારા પારદર્શિતા આવી છે. વર્ષ

૨૦૨૫–૨૬ શ્રમિક સહાય કોલ સેન્ટર પર ૧,૫૫,૩૭૨ કોલ આવેલા હતા. આજે ૧૮૪૦૨ કોલ સેન્ટર થઈને ૧૦૦ ટકા નિકાલ પર આવ્યા છે. શ્રમિકો/મજૂર વર્ગ કામ કરવા માટે જઈ રહ્યાં છે એ લોકોને ગુજરાત સરકાર આખા હિન્દુસ્તાનમાં નંબર વન તરીકે માત્ર રૂ.૫ માં અન્નપૂર્ણાની થાળી આપીને એ શ્રમિકોનું પેટ ભરવાનું કામ પણ કરી રહી છે. મારા વિસ્તારની વાત કરું તો કીમ વિસ્તારમાં શ્રમિકો કામ કરવા માટે જાય એ લોકોને ટ્રાન્સપોર્ટનું ભાડું પણ આજે ગુજરાતની સરકાર આપી રહી છે.શિક્ષણની વાત કરીએ તો ૭૪,૪૮૩ બાળકોને રૂ.૭૫,૯૯૧ લાખની શિક્ષણ સહાય શ્રમિકોનાં બાળકો ભણતાં હોય એમને ગુજરાત સરકાર ચૂકવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા ઉપસ્થિત થતા તમામ આઈ.ટી.આઈ. વિષયે હકીકત પે હકીકત જણાવવા માગું છું કે આજે જ્યારે અમારો વિપક્ષ સોશિયલ મીડિયા ઉપર તારીખ પે તારીખ અને રીલ પે રીલ બનાવીને વાત કરે છે, ત્યારે અમારી સરકાર હજારો યુવાનોને એક સામાન્ય નિયુક્તિ પત્રો આપે છે. અમારી સરકાર રોજગાર માટે કમિટેડ છે. **"एक बार हमारी सरकारने कमिटमेन्ट कर दी, उसके बाद हम अपने आप की भी नहिं सुनते।"** ગુજરાતમાં હાલ ખૂબ વિશાળ આઈ.ટી.આઈ. નેટવર્ક કામ કરી રહ્યું છે. ૫૫૯ જેટલી આઈ.ટી.આઈ. સંસ્થાઓમાં ૧,૨૦,૩૩૨ તાલીમાર્થીઓ પ્રવેશિત છે. તા. ૧લી ઓગષ્ટ, ૨૦૨૫ સુધી રૂ.૫૦૦ સ્ટાઈપેન્ડ અને રૂ.૪ લાખનો આકસ્મિક વીમો આપવાનું કામ પણ ગુજરાત સરકાર કરી રહી છે. પહેલા કોઈકનું અકસ્માતમાં મૃત્યુ થતું તો માત્ર ને માત્ર રૂ.૫૦ હજાર રકમ આપીને સંતોષ માનવો પડતો હતો. આજે અમારી સરકાર રૂ.૪ લાખ વીમા કવચ તરીકે આપી રહી છે. ગુજરાતની કૌશલ્ય યુનિવર્સિટી ટેકનોલોજીના ક્ષેત્રમાં રોજગાર સર્જન કરવામાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવી રહી છે. ગુજરાત રોજગારી આપવામાં આજે વર્ષ–૨૦૦૨ થી ૨૦૨૨ સુધી નંબર વન તરફ આગળ વધી રહ્યું છે અને અત્યારે જો નવું સરવે થાય તો વર્ષ–૨૦૨૫–૨૬માં પણ ગુજરાત નંબર વન બનીને આવશે તેમાં કોઈ શંકાનું સ્થાન નથી. ટેકનૉલૉજીમાં તો આપણે બાહુબલી છીએ જ, કૌશલ્ય યુનિવર્સિટી તે દેશની પ્રથમ યુનિવર્સિટી છે કે જેમણે ૧૦૦ ડ્રોન બનાવીને ૧૦૦–૧૦૦ પાઇલોટ તૈયાર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આપણી જે બહેનો છે તે બહેનોને આપણે ડ્રોનની તાલીમ આપીને ૧૦૦–૧૦૦ જેટલા તાલીમ કેન્દ્રો ઊભાં કર્યા છે તે કોઈ નાનીસૂની વાત નથી. નાના ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોના રોજગારના ક્ષેત્રમાં જો જણાવવા માગું તો એમ.એસ.એમ.ઈ. અને સ્ટાર્ટઅપ એ ગુજરાતમાં રોજગાર ક્ષેત્રનું અસલી પાવર હાઉસ છે અને જેમ ટીમ વર્ક વગર કોઈ વર્લ્ડ કપ જીતી શકતું નથી તેમ દસ લાખ એમ.એસ.એમ.ઈ. એકમો વગર ગુજરાતની ઇકોનોમી હીટ ના થઈ શકે. ઉદ્યોગ ક્ષેત્રે રોજગારમાં એમ.એસ.એમ.ઈ.નો જો કોઈ ફાળો હોય તો ૭૦ ટકાથી વધુ ફાળો આ ગુજરાતની સરકાર આપી રહી છે. ગુજરાતનું સતત ચોથી વખત આ નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં બેસ્ટ પર્ફોમન્સ રહ્યું છે અને તેથી તે ૧૪ હજાર સ્ટાર્ટઅપ સાથે આપણો યુવાન આજે કહેશે, મને એક ફિલ્મનો ડાયલોગ યાદ આવે છે બાબુ મોશય જિંદગી બડી હોની ચાહિએ લંબી નહીં. સુરત જેમ્સ અને જવેલર્સનું હબ બન્યું છે.

અધ્યક્ષશ્રી : આપે ત્રણેક પિકચરને યાદ કર્યા એટલે પિકચર માટે પણ તમને અભિનંદન. જ્યારે ફ્રી પડીએ ત્યારે એ પણ જોવું જોઈએ. આપનો સમય પૂરો થાય છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં માનનીય મંત્રીશ્રી આજે આદિજાતિ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૯૩ અને ૯૬ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક ૯૩ અને ૯૬નો વિભાગ એ એવો વિભાગ છે કે, જયારે આદિવાસી સમાજની વાત આવે અને આદિવાસી સમાજનું ભારત માટે તેનું યોગદાન, ચળવળની વાત આવે, અંગ્રેજો સામે–બ્રિટિશરો સામે કેટલાંય લોકોએ પોતાનું બલિદાન આપ્યું હોય એ બલિદાનને ભૂલી ના શકાય અને આઝાદી પછી આ આદિવાસી સમાજ છે તેની માગણીઓ લઈને આવ્યા હોય અને તેમાં પણ કાપ દરખાસ્ત હોય તે દુઃખની વાત છે. આઝાદીમાં જેણે શ્રેય આપ્યો, આઝાદીમાં પોતાનું બલિદાન આપ્યું, પોતાનું લોહી રેડ્યું એવા ભગવાન બિરસા મુંડાને વર્ષ–૨૦૧૪ પહેલાં તેના નામથી કોઈ ઓળખતું હતું નહીં. પરંતુ મારે ગર્વથી કહેવું પડે કે આજે રાજપીપળા ખાતે ભગવાન બિરસા મુંડાની ટ્રાયબલ યુનિવર્સિટી બનાવવાનું કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે તેથી તે યોગદાન કયારેય ના ભૂલાય અને એક આવતી જે યુવા પેઢી છે તે યુવા પેઢીને પણ ખબર પડે કે કેટલા બલિદાનો અને કેટલા સાહસ આ માતૃભૂમિના કાજે કર્યા હતા. આપણાં દેશને પણ ગર્વ થાય કે દેશ માટે જેમણે પણ યોગદાન આપ્યું ચાહે બ્રિટિશરો સામે આપણા ગુરુ ગોવિંદના નેતૃત્વમાં જે ૧૫૦૦થી પણ વધારે લોકો માનગઢની ધરતી ઉપર શહીદ થઈ ગયા અને તેના નામ ઉપર પંચમહાલ જિલ્લામાં ગુરુ ગોવિંદ યુનિવર્સિટી બનાવીને પણ એક મોટું કામ આપણી સરકારે કર્યું છે. આવતી પેઢીને તેમના યોગદાનનું સ્મરણ થાય તેના માટે યુનિવર્સિટી સાથે આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ ભણી શકે, આગળ વધી શકે, પોતાનાં સપનાંને સાકાર કરી શકે તેના માટે યુનિવર્સિટીનું નિર્માણ કરેલું છે. આજે મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે ત્યારે **"तम सो मा ज्योतिर्गमय"** એટલે તેનો અર્થ એવો થાય છે કે, અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવું. આ સંસ્કૃત વાકય છે અને પ્રાર્થના પણ છે અને આદિવાસી સમાજના વિકાસ માટેનો મૂળ મંત્ર પણ આ જ છે. આજે મારા વિસ્તારની વાત કરું, ગુજરાત રાજયની વાત કરું તો આજે ગામે ગામ પાકા રસ્તા થયા છે. પાકી શાળાઓ થઈ છે, સ્કૂલ ઓફ એકસલન્સમાં શાળાઓ લેવામાં આવી છે, મોડલ સ્કૂલ બનેલી છે. મોરવા હડફ તાલુકાની વાત કરું તો ટ્રાયબલ વિસ્તારમાં ૨૬ કરોડ રૂપિયાના ખર્ચે

તા.૧૨મી માર્ચ, ૨૦૨૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

આજે આર્ટસ અને સાયન્સ કોલેજ બની છે અને મારા વિસ્તારના વિદ્યાર્થીઓ ત્યાં નિઃશુલ્ક ભણવા જાય છે. મારી દીકરીઓ ભણી રહી છે. સ્વરોજગારની વાત હોય, રોજગારની વાત હોય આ વિપુલ તકો જે ઊભી થઇ છે અને તેના લીધે આદિવાસી સમાજના બાંધવો ઉપર એમના ચહેરા ઉપર આજે આપણે હાસ્ય જોઇ શકીએ છીએ. સ્વાભિમાનથી, આનંદથી કહી શકાય કે મારો ગુજરાતી સમાજ અને આદિવાસી સમાજ ગુજરાતમાં આજે એક અસ્મિતાથી અને સ્વાભિમાનથી જીવી રહ્યો છે. આ પરિવર્તન આવ્યું છે. વિચારોમાં પરિવર્તન આવ્યું છે અને આ વિચારોમાં સતત અને સતત પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તન એમને એમ નથી આવ્યું, એના પાછળનો જો કોઇને શ્રેય હોય તો દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિ, એમના નક્કર આયોજન, દૃઢ રાજકીય ઇચ્છાશકિતનો સમાવેશ થાય છે. માનનીય નરેન્દ્ર મોદી સાહેબે જે કેડી કંડારી છે અને એ જ કેડી ઉપર આપણા ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી સાહેબ અને અમારા કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ સાહેબના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજય આજે ચાલી રહ્યું છે. આદિવાસી સમાજ એમાં એવું કહેવાય છે કે **"जिन को कोई नहीं पुछता, उनको मोदीजी पूजते हैं।** એવા સમાજ માટે આજે ગરીમાથી કહી શકાય કે ગરીબો માટે, વિકસિત ભારત માટે અને આદિવાસી સમાજને પણ વિકસિત ભારતના બનાવવા માટે એક મુખ્ય ધારામાં, મુખ્ય હરોળમાં આવી શકે એના માટે સમાન પ્રકારની યોજનાઓ એટલે વનબંધુ કલ્યાણની યોજન થકી, દસ મુદ્દા થકી આજે આદિવાસી સમાજ આગળ વધી રહ્યો છે. રોજગારીની તકો મળી શકે, આજે પશુપાલનની વાત કરી. આ પશુપાલનની વાત એટલે ડી-સેગની જે યોજના છે, મારા વિસ્તારની પારગી સમાજની એક દીકરી છે અને એણે પશુપાલન માટે લોન લીધી અને પશુપાલન કરીને આજે એ દીકરી આખા ગામમાં અઠવાડિયા પહેલા એણે આમંત્રણ આપ્યું કે મારે ફોર વ્હીલ લેવાની છે. આજે એક દીકરીને જયારે એને કંઇ પણ વસ્તુ જોઇએ તો ઘરમાં જે મુખ્ય વ્યકિત છે એના પાસે હાથ ફેલાવવો પડે કે મારે વસ્તુ જોઇએ છે. જયારે એક મહિલા, આદિવાસી સમાજની દીકરી આખા ગામમાં તેડું કરે, વાજતે ગાજતે કહે મારે ફોર વ્હીલ લેવી છે આ છે વિકસિત ભારતનું સપનું અને આ છે આદિવાસી સમાજની દીકરી. આદિવાસી સમાજની દીકરી ગુણવત્તાયુકત શિક્ષણ મેળવી રહેલ છે. આજે મને કહેતા આનંદ થાય, ગર્વ થાય છે અને પહેલાં એવું કહેવાતું હતું કે મેડિકલ કોલેજમાં ડૉકટરોની સંખ્યા જ નથી. પરંતુ મેડિકલ કોલેજમાં સંખ્યા હોવા પહેલાં દરેક તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળા પણ હોવી જોઇતી હતી. દરેક તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળા, ઉચ્ચતર માધ્યમિકની શાળાની જો કોઇએ શરૂઆત કરી હોય તો આપણા ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. આજે મારા પંચમહાલ જિલ્લામાં વાત કરું તો રૂ. ૫૦૦ કરોડના ખર્ચે તમામ સુવિધાઓ સાથેની મેડિકલ કોલેજ બનેલી છે આજે ટ્રાયબલ વિસ્તારમાં છોટાઉદેપુર જિલ્લો હોય, મહિસાગર જિલ્લો હોય કે અરવલ્લી હોય, આ તમામ જિલ્લાઓમાં મેડિકલ કોલેજ બને અને ઘરઆંગણે આદિવાસી સમાજના દીકરા અને દીકરી ભણતર મેળવી શકે, ડૉકટર બની શકે, કોઇ બીમાર વ્યકિતને દવા આપી શકે એના માટે વિજ્ઞાન પ્રવાહની શાળા હોય, મેડિકલ કોલેજ હોય, પોલિટેકનિક કોલેજ હોય, એન્જિનિયરિંગ કોલેજ હોય, આઇ.ટી.આઇ. હોય આ તમામ વિધાના ધામો છે એ આપણી આ સરકારના માધ્યમથી દરેક તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ બનેલ છે. આજે મને કહેતા આનંદ થાય છે કે ગુજરાત આર્થિક વિકાસમાં પણ આજે આગળ વધી રહ્યું છે. આરોગ્ય ક્ષેત્રમાં પણ આગળ વધી રહ્યું છે. આવાસ, પાણી, સિંચાઇની સુવિધાની વાત હોય ત્યારે મારા વિસ્તારની વાત કરવા માંગું છું કે મોરવા હડફ તાલુકામાં, મારા સંતરામપુર તાલુકાનાં ૪૪ ગામડાઓ છે એ વિસ્તારમાં કયારેય સિંચાઇનું પાણી મળતું ન હતું પરંતુ મારે આદરણીય મુખ્યમંત્રી સાહેબ, નાણા મંત્રી સાહેબ અને નરેશભાઇ પટેલ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનવો છે કે, આ ૪૪ ગામોને સિંચાઇનું પાણી મળે એના માટે રૂ. ૧૩૨ કરોડની યોજના મંજૂર કરી અને આજે એ યોજનાનું લોકાર્પણ કરવા માટે મારા ખેડૂતો તત્પર છે. આજે ૧૨૫૦ હેક્ટર જગ્યામાં સિંચાઇનો લાભ મળવાનો છે. એની સાથે-સાથે આદિવાસી સમાજ અન્ય સમાજની હરોળમાં આવી શકે એના માટેના પ્રયાસ ગુજરાત સરકાર કરી રહી છે. આજે ઘણી બધી યોજનાઓ અમલમાં છે. આજે કોઇ દીકરા કે દીકરીને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવો હોય તો રૂ.૧૫ લાખની મર્યાદામાં લોન આપવામાં આવે છે. મને આનંદ થાય છે કે, મારા પંચમહાલ જિલ્લામાં હાલોલ ખાતેથી રાઠવા પ્રિયંકા નામની એક દીકરી વિદેશમાં જઇને ઉચ્ચ અભ્યાસ કરી રહી છે. આજે પણ ગામડામાં પ્લેન નીકળે ત્યારે નાનાં-નાનાં બાળકો, યુવાનો અને વડીલો ભેગા થાય કે ''એ બલૂન જાય, એ બલૂન જાય.''આજે ખરેખર આદિવાસી સમાજનું પ્લેન ઉડાડવાનું સપનું જો કોઇએ પૂરું થયું હોય તો પાયલોટ તાલીમ થકી થયું છે. મારા છોટાઉદેપુરની એક દીકરી કોમર્શિયલ પાયલોટ બની છે ત્યારે આજે ગુજરાત સરકારના માધ્યમથી દરેક દીકરીઓને પ્રેરણા મળી રહી છે. આજે NEET અને JEEની પરીક્ષામાં પ્રવેશ કરવાનો હોય, વિદ્યાર્થીઓને મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે કોચિંગની જરૂર હોય તો એ આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ખૂબ ચિંતાનો વિષય હતો. મને આજે આનંદ થાય છે કે આદિવાસી વિસ્તારના બાળકો માટે NEET અને JEEની પરીક્ષા માટે કોચિંગ કલાસ પણ શક્ય બન્યા છે. મારા વિસ્તારના યુવાનો અને યુવતીઓ જી.પી.એસ.સી. વર્ગ-૧, ૨ તથા વર્ગ-૩ની પરીક્ષામાં ઉત્તિર્ણ થઇ શકે એ માટે કોચિંગની યોજના પણ છે. મારા અંતરિયાળ વિસ્તારમાં પણ દરેક જિલ્લામાં કોચિંગ સેન્ટર થાય એના માટે રાજય સરકાર આગળ વધી રહી છે. શિક્ષણ એ સમાજના વિકાસનું સૌથી શકિતશાળી સાધન છે અને ગુણવત્તાયુકત શિક્ષણ માટે મારા વિસ્તારમાં આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. આ શાળા માત્ર ભણતર આપવાવાળી સંસ્થાઓ નથી પણ મારી આદિજાતિ વિસ્તારની દીકરીઓના સપનાંને પાંખો આપતી સંસ્થા છે. વિદ્યાર્થીઓને કે.જી.થી માંડીને પી.જી. સુધીનું શિક્ષણ મળે એના માટે સરકાર સતત

પ્રયત્નશીલ છે. આદર્શ નિવાસી શાળા હોય, આશ્રમ શાળા હોય, એકલવ્ય મોડેલ સ્કૂલ જેવી ૮૩૮ જેટલી શાળાઓમાં ૧.૫ લાખ જેટલા વિદ્યાર્થીઓને આપણે ભણાવી રહ્યા છીએ. કોઇ બાળકનું બીજું ઘર એટલે એ શાળા છે. મારે એક વખત શાળા પ્રવેશોત્સવમાં જવાનું થયું ત્યારે મેં નાના બાળકને પૂછ્યું કે ''તારી સ્કૂલ કેવી છે?'' તો એ બાળકે મને એવો જવાબ આપ્યો કે ''મારી સ્કૂલ મારા ઘર જેવી છે.'' એનો મતલબ કે આદિવાસી વિસ્તારમાં સ્માર્ટ શાળાઓ બનાવીને એક પરિવર્તન થઇ રહ્યું છે અને દરેક વાલી તેમના બાળકના તેમાં એડમિશન લઇને આગળ વધી રહ્યા છે. આજે ગણવેશ સહાય મારફત મારા આદિવાસી વિસ્તારના દીકરી અને દીકરાઓ ગણવેશ પહેરીને શાળામાં ભણવા આવે છે ત્યારે એવું લાગે છે કે ગણવેશ સહાય બાળકોની ઇચ્છા અને સપનાં પૂરા કરવા માટેની યોજના છે. પ્રિમેટ્રિક શિષ્યવૃત્તિ સાથે બાળકોને આગળ વધારવાની વાત છે. ધો.૧થી ૮ના વિદ્યાર્થીઓ માટે રૂ.૯૮ કરોડની જોગવાઇ ગણવેશ સહાય માટે કરવામાં આવી છે. મારા વિસ્તારમાં દૂધ સંજીવની યોજના ચાલે છે. આ યોજના હેઠળ આશ્રમશાળામાં જે બાળકો ભણે છે એના પોષણ સ્તરમાં ઉત્તરોત્તર વધારો લાવી શકાય, એમનું પોષણ સ્તર સમૃદ્ધ કરી શકાય એના માટે ૨૦૦ ગ્રામ દૂધ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે ૪૮ એકલવ્ય મૉડલ સ્કૂલ, ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળા, ૧૨ મૉડલ સ્કૂલ, ૨ સૈનિક શાળાઓમાં ધોરણ-૬થી ૧૨ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે. તેને રહેઠાણ અને ભોજન માટે તથા ગણવેશ સહાય જેવી તમામ પ્રકારની સુવિધાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. મારા પંચમહાલ જિલ્લાની કાલોલ ખાતે આવેલ એકલવ્ય મૉડલ સ્કૂલની વાત આ સભાગૃહ સમક્ષ વાત કરવી છે. આ એકલવ્ય મૉડલ સ્કૂલ વેજલપુર ખાતે આવેલી છે. તેમાં ધોરણ-૬થી ૧૨નાં ૩૯૩ જેટલાં બાળકો છે. છેલ્લાં બે વર્ષનું શાળાનું પરિણામ હું આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. વર્ષ ૨૦૨૩-૨૪માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નું ૧૦૦ ટકા અને વર્ષ ૨૦૨૪-૨૫માં પણ ૧૦૦ ટકા પરિણામ આવેલું છે. હું આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી આજે જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા આદિજાતિ વિકાસ વિભાગ વિશે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેનું બાળક સિમેન્ટની થેલીઓ અને કપચીના ઢગલા વચ્ચે ઉછરી રહ્યું છે, જેની માઁ અને બહેન એનિમિક છે, જેની દીકરીને વર્ષ ૨૦૨૬ના ભારતમાં માસિક સ્ત્રાવ વચ્ચે ક્વૉલિટી સેનેટરી પેડ ઉપલબ્ધ નથી, જેની ૧૫ વર્ષથી ફૉરેસ્ટ લેન્ડ એક્ટની અરજીઓ પેન્ડિંગ છે તેવા મારા ગુજરાતના અને દેશના આદિવાસી સમાજના મસીહા બિરસા મુંડા અને જયપાલસિંહ મુંડા છે. બહુ દુ:ખ સાથે કહેવું પડે છે કે આપણા ગુજરાતમાં બહુ જ લાંબી મહાજન પરંપરા આપણે જોઈ છે. સેપ્ટ, એન.આઈ.ડી., આઈ.આઈ.એમ., આવા અનેક કેમ્પસની જમીનો અમદાવાદના શેઠિયાઓએ એક જમાનામાં આપી હતી. આજે સવાલ થઇ રહ્યો છે કે, આ મહાજન પરંપરા સી.એસ.આર.ના જમાનામાં ક્યાં ગાયબ થઇ ગઈ? આટલા બધા રીઅલ એસ્ટેટના મોટા માથાઓ, આટલા બિઝનેસ ટાયકૂન્સ, આટલી કૉર્પોરેટ કંપનીઓ, આણંદની અમૂલ ડેરી, દૂધસાગર ડેરી, બનાસ ડેરી, ૧૫૦થી વધારે સીટોવાળી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર અને ૨૮ વર્ષના શાસન છતાં પણ એ જ આંકડો રેકર્ડ પર આવે છે કે ૧૦૦માંથી ૪૦ બાળકો કુપોષિત છે. જેનો બહુ જ મોટો વર્ગ આજે પણ આદિવાસી સમાજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કોઇ પોલિટિકલ કોમેન્ટ ન કરતાં રાજ્યની સરકારને ચાર વિનંતી કરવા માગું છું: બે દિવસ પૂર્વે નવા એલોટ થયેલા એમ.એલ.એ. ક્વાર્ટર્સના કર્મચારીઓ મળવા આવ્યા ત્યારે જણાવ્યું કે, શ્રી જિજ્ઞેશભાઇ, જે એજન્સીને મેનપાવર સપ્લાયનું કામ સોંપ્યું છે તે લોકોએ અમને એક સરક્યુલર આપ્યો છે કે, કોઇપણ ધારાસભ્યએ તમારી વિરુદ્ધમાં ફરિયાદ કરી તો કોઇ લેબર કોર્ટમાં જવાનું નહીં, શ્રમ અધિકારીનો સંપર્ક કરવાનો નહીં, નહિતર સીધા તમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવશે. હું રાજ્યના શ્રમ વિભાગના મિત્રોને કહેવા માગું છું કે, તમે સામે ચાલીને આ શ્રમિકોને મળવા જાઓ અને એજન્સીને માર્ગદર્શન આપો. આપણા દેશની હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટે એક ડઝન જજમેન્ટ આપ્યા છે કે, રાઇટ ટુ સ્ટ્રાઇક ઈઝ અ ફન્ડામેન્ટલ રાઇટ. ધારાસભ્યો આ શ્રમિકોની બાબતમાં ફરિયાદ કરે નહીં, શ્રમિકોને ધારાસભ્યોની વર્તણૂકથી પ્રશ્ન થાય તો પણ હડતાળ પાડી શકે એ એમનો ફન્ડામેન્ટલ રાઇટ છે. હું રાજ્ય સરકારને બીજી વિનંતી એ કરવા માગું છું કે, છેલ્લા કેટલાક સમયથી કેગના રિપોર્ટમાં વારંવાર એવું નોંધવામાં આવે છે કે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં લગભગ રૂ.૪,૫૦૦ કરોડથી વધારેની પૂંજી જમા છે. ૧૭ કે ૨૦ ટકાથી વધારે રકમ કન્સ્ટ્રક્શન વર્ક્સના હિત માટે બહુ લાંબા સમયથી વણવપરાયેલી રહી છે તે રકમ વાપરવામાં આવે. હું ત્રીજી વિનંતી કરું છું. રાજ્યના મુખ્યમંત્રી હાલ ઉપસ્થિત નથી પણ મારો સંદેશ એમના સુધી પહોંચશે તેવી મારી અપેક્ષા છે. આપણા ગુજરાતની આશા વર્કર અને આંગણવાડી બહેનોમાં પણ આપણી સરકારને, ભારતીય જનતા પાર્ટીની સરકારને હવે લાડલી બહેનોના દર્શન થાય તેનો સમય પાકી ગયો છે. તે આશા વર્કર અને આંગણવાડીની બહેનોના આવેદનપત્રો સ્વીકારતા, એમની રેલીઓ/ધરણામાં પાર્ટિસીપેટ કરતાં હવે મને પણ ૧૫ વર્ષ થઇ ગયા. આપણા ગુજરાત માટે ઠીક નથી કે હવે આપણા ગુજરાતની આશા વર્કર અને આંગણવાડીની બહેનો એ પી.એસ. પેન્શન અને લઘુત્તમ વેતનથી પણ વિમુક્ત રહે. આશા વર્કર બહેનો તો સાવ ફક્ત ઇન્સેન્ટીવ પર જીવે છે. એમને લઘુત્તમ વેતન આજે નહીં આપીએ તો આપણે ક્યારે આપીશું? શેરડી કામદારો માટે રાજ્યની સરકારે એક ચોક્કસ લઘુત્તમ વેતન નક્કી કર્યું કે આટલા ટન શેરડી તમે કાપો, આટલું ઉત્પાદન થાય તો આટલું તમારું લઘુત્તમ વેતન. એની વિરુદ્ધમાં સુગર મિલના બધા માલિકોએ ભેગા થઇને પોતાનો સ્વતંત્ર સરક્યુલર કર્યો કે રાજ્ય સરકાર

દ્વારા નક્કી થયેલા આ સરક્યુલરને અમે નહીં માનીએ. અમારો પોતાનો સરક્યુલર ચાલશે અને એના કારણે ટ્રેડ યુનિયનના જે મિત્રો શેરડી કામદારોની વચ્ચે કામ કરે છે એમના કહેવા પ્રમાણે એમણે મારી સમક્ષ કરેલ રજૂઆત પ્રમાણે છેલ્લાં બે વર્ષમાં આ શેરડી કામદારોને રૂ.૮૭ કરોડ ચૂકવાયા નથી. ગયા સત્રમાં બોલ્યો અને માનનીય શ્રમમંત્રીશ્રી બળવંતસિંહભાઈએ તરત સૂચનાઓ આપી હતી. પછી પ્રિન્સિપલ સેક્રેટરીએ મને મળવા બોલાવ્યો. મને કહ્યું કે, 'શ્રી જિગ્નેશભાઇ, ચા પીશો કે કોફી?' મેં કહ્યું કે, 'બ્લેક કોફી પીવડાવો.' એટલે છોકરો કોફી લઈને આવ્યો. મેં છોકરાને કહ્યું કે, 'તારો પગાર કેટલો છે?' એણે કહ્યું કે, 'રૂ.સાડા આઠ હજાર.' એને પણ શ્રમ અને રોજગાર કચેરીમાં લઘુત્તમ વેતન નહોતું મળતું. હજી પણ જ્યાં પણ ગુજરાતની કચેરીઓમાં નાનાં-મોટાં કામ માટે જાઉ છું. સર્કિટ હાઉસમાં રોકાઉ છું ત્યાં આજેપણ લઘુત્તમ વેતન નથી મળતું, પી.એફ.કપાતું નથી, સેલરી સ્લીપ મળતી નથી. આ ફરિયાદો સંપૂર્ણ નાબૂદ થઇ નથી. આ પણ મારી વિનંતી છે કે રાજ્યના તમામ વિભાગના એ.સી.એસ. અને પ્રિન્સિપલ સેક્રેટરી તમામે તમામ કચેરીઓમાં લઘુત્તમ વેતન લાગુ થાય એનું પાલન કરાવવા માટે ચોક્કસ આદેશ આપે. છેલ્લી વિનંતી કરવા માગું છું કે, ટાટા, ફોર્ડ કંપનીનો સાણંદમાં એક પ્લાન્ટ હતો. એનો ટાટા અને ગુજરાતની સરકાર સાથે ત્રિપક્ષીય કરાર થયો. આ કરારમાં એવું હતું કે ફોર્ડના શ્રમિકોની છટણી કરવામાં આવે તો ટાટા એને એડોપ્ટ કરી લેશે. સરકાર એ કરારમાં એક સભ્ય છે. એમ છતાં ૧૪૦થી વધારે શ્રમિકોને આજે પણ લેવામાં આવ્યા નથી. એટલે આપણું મહેસૂલ વિભાગ અને આપણી સરકાર ટાટા ફોર્ડની વચ્ચે ઇન્ટરવિંન કરીને આ મજૂરોને ન્યાય અપાવે એવી વિનંતી કરું છું.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગની માગણી ક્રમાંક-૯૩ અને ૯૪ અંતર્ગત મહેસૂલી અને મૂડી મળીને કુલ રૂ.૩૫૭૮૨ કરોડની માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે કુલ માગણીઓ છે એમાં અલગ-અલગ વિભાગ જેમ કે, આદિજાતિ વિસ્તારનો શિક્ષણ વિભાગ હોય, સિંચાઇ વિભાગ હોય, ગ્રામ વિકાસ વિભાગ હોય, વિદ્યુતીકરણનો વિભાગ હોય, આરોગ્ય વિભાગ હોય, શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થાનો વિભાગ હોય, માર્ગ અને મકાન, ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિભાગ હોય, બાળવિકાસ, વાહનવ્યવહાર, કૃષિ વિભાગ, પશુપાલન જેવા અલગ-અલગ વિભાગોમાં આ ગ્રાન્ટ વહેંચાય છે ત્યારે હું વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની વાત કરીશ. આ તાલુકામાં આજે ઘણાં વર્ષો પછી આઝાદીનાં ૭૫-૭૭ વર્ષ પછી સાયન્સ કોલેજ મળી છે એ માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનીશ. ભારત દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી દ્વારા વર્ષ ૨૦૦૪માં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે રાજ્યકક્ષાનો પ્રોગ્રામ વલસાડમાં કરવામાં આવ્યો. અમારા કપરાડા તાલુકામાં સાયન્સ શાળા આપવામાં આવી ન હતી. એ સમયે આદરણીય આનંદીબેન પટેલ શિક્ષણમંત્રી હતા અને નવરચિત કપરાડા તાલુકાની વર્ષ ૧૯૯૭-૯૮માં જાહેરાત થઇ પણ વર્ષ ૨૦૦૦માં અસ્તિત્વમાં આવ્યો ત્યારે વર્ષ ૨૦૦૪માં ભેટ તરીકે ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી દ્વારા સાયન્સ શાળાની ભેટ આપીને શરૂઆત થઇ. હું વલસાડ જિલ્લાના અતિપછાત કહી શકાય એવા કપરાડા તાલુકાની વાત કરીશ. આજે કપરાડા તાલુકામાં એકલવ્ય મૉડલ શાળાઓ ચાલે છે. સરકારશ્રીની એકલવ્ય મૉડલ શાળાના કારણે કપરાડા વિસ્તારમાં પહેલાં કોઇએ ડૉકટર બનવાનું સપનું જોયેલ ન હતું પણ એકલવ્ય મૉડલ શાળા થકી આજે દર વર્ષે ૪થી ૫ વિદ્યાર્થીઓ એકલવ્ય મૉડલ સ્કૂલમાંથી ડૉકટર બનવાની લાયકાત ધરાવે છે. ૪થી ૫ વિદ્યાર્થીઓ એન્જિનિયર તો બને જ છે પણ ડૉકટર બનવા માટેના વિદ્યાર્થીઓ પણ ત્યાંથી નીકળે છે ત્યારે અમને એનું ગૌરવ છે. વર્ષ ૨૦૦૧ પછી એકલવ્ય મૉડલ નિવાસી શાળાઓ તેમજ સારી લો લિટ્રસી શાળાઓ બનવાના કારણે અને એનું સારું ઇન્ફ્રાસ્ટ્રકચર મળવાના કારણે આજે સારામાં સારું શિક્ષણ આદિવાસી વિસ્તારમાં મળી રહ્યું છે. અમારા શ્રી વિજયભાઇએ ઉમરગામથી લઇ અંબાજી સુધીના વિસ્તારની ખૂબ વિગતે વાત કરી છે. હું વલસાડ અને કપરાડા વિસ્તારની વાત કરીશ. અમારા જિલ્લાના ઘણા અધિકારીઓના માર્ગદર્શન અને બધાના સહકારથી સૌથી પહેલું અમારું વિઝન એ રહ્યું કે બાળકને સારામાં સારું શિક્ષણ મળશે તો તાલુકો નહીં, રાજ્ય નહીં પણ રાષ્ટ્ર મજબૂત બનશે. અમે કપરાડા જેવા અતિપછાત વિસ્તારમાં લાઇબ્રેરીની શરૂઆત કરી જેનાથી છેલ્લાં એક-બે વર્ષમાં ૨૦ થી ૨૫ જેટલા યુવાનોને નોકરી મળી છે. યુવાનોને વાંચન કરવા માટે સારી બુક મળી રહે, સારું માર્ગદર્શન મળી રહે તેના માટે લાઇબ્રેરી જોઇએ. અમે એનાથી આગળ વધીને, અતિપછાત તાલુકાની રૂ. ૨ કરોડની ગ્રાન્ટ મળે છે એમાં અમને વિચાર આવ્યો કે એના થકી રસ્તા બનાવવા અને અન્ય કામો તો અલગ-અલગ યોજનાઓમાંથી થાય પરંતુ પ્રાથમિક શાળાઓમાં લાઇબ્રેરી બનાવવાની શરૂઆત કરી છે જેથી બાળક નાનું હોય ત્યારથી જ લાઇબ્રેરી તરફ એનું ધ્યાન દોરાય. મારા કપરાડા તાલુકામાં એક શાળામાં ૬૦૦થી ૭૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય એવી મોટી પ્રાથમિક શાળાઓ છે. એવી શાળામાં અતિપછાત ગ્રાન્ટમાંથી રૂ. ૨૦ લાખ આપીને દર વર્ષે ચાર-પાંચ પ્રાથમિક શાળાઓમાં લાઇબ્રેરી બને તો સ્કૂલમાં બાળકોનું ધ્યાન શરૂઆતથી જ લાઇબ્રેરી તરફ જાય તે તરફ અમે કામ કરી રહ્યા છીએ. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી સાહેબ અને આદરણીય નાણામંત્રી સાહેબે કપરાડા તાલુકામાં અસ્ટોલ યોજના માટેની જોગવાઇ કરી છે. હું અસ્ટોલ યોજનાની વાત કરું તો અસ્ટોલ યોજના માટે ઘણીબધી વાતો બહાર, બજાર અને લોકોના ભાષણોમાં થતી હતી, પણ વાસ્તવિકતા એવી છે કે આ ગુજરાતની

પહેલી એવી યોજના છે કે જેમાં ૧૫૦ માળ સુધી પાણી ચડાવેલું છે. એક ડુંગરથી બીજા ડુંગર અને બીજા ડુંગરથી ત્રીજા ડુંગર કરતાં કરતાં ૫૦થી ૬૦ કિલોમીટર એટલે કે અસ્ટોલ યોજનાને મહારાષ્ટ્રના બોર્ડર સુધી પહોંચાડવા માટે ૧૫૦ માળ જેટલું પાણી ચડાવેલું છે. એમાં કદાચ નાની મોટી ક્ષતિ થઇ હશે કારણે એ ગુજરાતની પહેલી યોજના હતી. એમાં ૧૨૦૫ જેટલા સમ્પ હતા તેમાં ૧૧૯૫ સમ્પ સુધી પાણી પહોંચાડી દીધું છે. અત્યારે નાની સિંચાઇ યોજના દ્વારા કપરાડા તાલુકામાં નવી રૂ. ૧૩૧૦ કરોડની યોજના મંજૂર કરી છે. માનનીય ગણપતભાઇના વિસ્તારમાં આજથી ૪૦ વર્ષ પહેલાંની પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિ જુઓ તો આખો જમીન–આસમાનનો ફરક દેખાય છે. જ્યાં જુઓ ત્યાં ખેતી દેખાય છે. કપરાડા વિસ્તારમાં સારામાં સારી ખેતી થઇ શકે તેના માટે લિફ્ટ ઇરીગેશન યોજના મંજૂર કરી છે. જે ભારત દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ કપરાડામાં વર્ષ ૨૦૦૧–૦૨થી શરૂઆત કરેલી. તેઓશ્રી દર વર્ષે કપરાડામાં બે વખત આવતા હતા અને આખા વિસ્તારમાં કંઇને કંઇક નાનાં મોટાં કામ થતાં હતાં. હું ભલે વિરોધપક્ષમાં હતો પણ કાર્યક્રમમાં ચોક્કસ જતો હતો કારણ કે એમાંથી અમને માર્ગદર્શન મળતું હતું. હું આ માગણીઓનું સમર્થન કરું છું.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય આદિજાતિ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ સાહેબ ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાં વસતા અને એ પણ પ્રકૃતિ અને સંસ્કૃતિના ખોળે, ભગવાનના ખોળે ડુંગરાળ વિસ્તારમાં વસતા આદિવાસી વિસ્તાર માટે જ્યારે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે એમાં મારો સૂર પુરાવું છું અને મારા વિચારો રજૂ કરીને માગણીઓને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારતનું સપનું સાકાર કરવા માટે રાજ્યના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને રાજ્યના સન્માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે રૂપિયા ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું બજેટ આ વિધાનસભાગૃહમાં રજૂ કર્યું તે બદલ રાજ્યના રાજ્યના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને રાજ્યના સન્માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિવાસી વિસ્તારની માગણીઓ આદિવાસી મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે મારે આ ગૃહમાં કહેવું છે કે, "**इदम् राष्ट्रीय, इदम मम**" એટલે કે મારું સંપૂર્ણ જીવન રાષ્ટ્રને સમર્પિત. એ વિચાર સાથે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થાય, આદિવાસીઓ પણ અન્ય સમાજની હરોળમાં રહી શકે એના માટે આ જ વિધાનસભા ગૃહમાં નિયમ–૪૪ હેઠળ વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરી. એ યોજનાની અંદર ૨ લાખ કરોડ કરતાં વધારે રકમ ખર્ચીને આદિવાસી વિસ્તારમાં રસ્તા, પાણી, વીજળી, સિંચાઇ, આરોગ્ય મળે એ માટેના આશીર્વાદ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લીધા. એને વેગવંતુ બનાવવા માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબે આદિજાતિ વિસ્તાર માટે ૫,૪૨૫ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આપીને એનો સર્વાંગી વિકાસ થાય એના માટેની ચિંતા કરી છે. આદિજાતિ વિસ્તાર એટલે ગૌરવવંતો સમાજ, આઝાદી પહેલા અંગ્રેજોની સામેની લડત પણ અમારા આદિવાસી વિસ્તારના લોકોએ માનગઢની ધરતી પરથી લડીને ૧૫૦૦ જેટલા ક્રાંતિવીરોએ શહાદત વહોરી હતી. ત્રિલોક ભગવાન શ્રી રામે આદિવાસી શબરીબાઇને મળવા માટે ડાંગ આહવા જઇને એમણે દર્શન દીધા એવા આદિવાસી સમાજના ગૌરવવંતા ઇતિહાસને કોંગ્રેસની સરકારે ભૂંસી નાખવાનું કામ કર્યું હતું. મને આ ગૃહમાં કહેતાં આનંદ થાય છે કે બિરસા મુંડા ભગવાનની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૫મી નવેમ્બરને જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવીને આદિવાસીઓનું ગૌરવ થાય, આદિવાસીઓને સન્માન મળે એ માટે આખા દેશની અંદર એની ધામધૂમથી ઉજવણી કરી. ગુજરાત રાજ્યના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબે પણ ગુજરાત રાજ્યમાં ૨૭ સીટો ઉપર જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી ખૂબ ધામધૂમથી કરી તે બદલ સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનો પણ આભાર માનું છું. મારા પોતાના મતક્ષેત્ર ક્વાંટ, પાવીજેતપુર, બોડેલી અને છોટાઉદેપુરની વાત કરું છું ત્યારે કોંગ્રેસના મિત્રોને મારે કહેવું છે કે આપની સરકારો આઝાદી પછી હતી તે સમયમાં લગભગ એમનું બજેટ ૫૮ કરોડ રૂપિયા હતું તો સ્વાભાવિક વાત છે કે ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારના ૧૪ જિલ્લા, ૬૦ કરતાં વધારે તાલુકાની ૧ કરોડ ૧૧ લાખ જેટલી વસતિનો વિકાસ કરવા માટે શક્ય ન હતું. ત્યારે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વધે એના માટે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરીને આદિવાસી દીકરીના કરકમલ દ્વારા ગરવી ગુજરાત લખીને શુભ શરૂઆત કરીને આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ વિદ્યાર્થીઓ પરિપૂર્ણ રીતે લે એના માટેના આશીર્વાદ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પ્રાપ્ત થયા. અમારા આદિવાસી વિસ્તારમાં આઝાદી પછીની સરકારો જે હતી એ સરકારોમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ હતી નહીં. સરકારના માધ્યમથી ચાલતી માધ્યમિક શાળાઓ, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ન હતી જેના કારણે આદિવાસી વિસ્તારનાં બાળકો સાયન્સનું શિક્ષણ લઇ શક્યા નહીં. સાયન્સનું શિક્ષણ લીધું ના હોવાથી ડૉક્ટર, એન્જિનિયર બનવાની વાત જ ક્યાં રહી? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય કિરીટભાઇ આપને શું કહેવું છે?

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : સ્વ.શ્રી અમરસિંહભાઇ ચૌધરી એન્જિનિયર હતા અને મુખ્યમંત્રીશ્રી હતા તો તેઓ ક્યાં ભણ્યા હશે?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જયંતિભાઇ,

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે ગર્વથી કહેવું છે કે બિરસા મુંડા ભગવાનની જન્મજયંતી આખા દેશમાં ૧૫મી નવેમ્બરે ઊજવીને દેશના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આખા દેશમાં વસતા આદિવાસીઓના ૬૦ હજાર જેટલા ગામડાઓને ૮૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરીને એમને પ્રાથમિક સુવિધાઓ, શિક્ષણ અને આરોગ્ય મળે એ પ્રકારના આશીર્વાદ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પ્રાપ્ત થયા છે. મારે આજે આ સન્માનનીય ગૃહને અને કૉંગ્રેસના મિત્રોને કહેવું છે કે આદિવાસી વિસ્તારમાં આપણી સરકારો હતી ત્યારે આરોગ્યની સુવિધાઓ માટે તાલુકા અને જિલ્લા મથકે એક જ હોસ્પિટલ હતી. ત્યાં ૨૦થી ૩૦ કિલોમીટર ખાટલાના ચાર પાયે ચાર લોકોને ઊભા રહેવું પડે અને એ ખાટલો લઇને જિલ્લા મથકે જવું પડે એવા પ્રકારની વ્યવસ્થા કૉંગ્રેસની સરકારોમાં હતી. ભારતીય જનતા પાર્ટીની સરકારના આશીર્વાદ પ્રાપ્ત થવાથી વસતિની દ્રષ્ટિએ પબ્લિક હેલ્થ સેન્ટરો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો મળ્યાં. ૧૦૮ જેવી ગાડીના આશીર્વાદ પ્રાપ્ત થયા જેના કારણે આદિવાસી વિસ્તારમાં આરોગ્યની સુવિધા પ્રાપ્ત થઇ છે. મારા પોતાના ક્વાંટ વિસ્તારની અંદર રાજ્ય સરકારના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના આશીર્વાદ દ્વારા સબ-ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અમને મળી છે એનું ટૂંક સમયમાં ખાતમુહૂર્ત કરીને કામ ચાલુ કરવાના છે. એવી જ રીતે મારા ક્વાંટ તાલુકાની અંદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પણ આશીર્વાદ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મળ્યાં છે એનું પણ ટૂંક સમયમાં ખાતમુહૂર્ત કરીને કામ ચાલુ કરવાના છે. એવી રીતે એકલવ્ય મોડલ શાળાઓ, નિવાસી શાળાઓ હોય એવી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ સોસાયટી અંતર્ગત કુલ ૧૧૧ શાળાઓ કાર્યરત છે, જેમાં ભારત સરકારની કુલ ૪૪ ઈ.એમ.આર. એસ. અને રાજ્ય સરકારની કુલ ૧૦ ઈ.એમ.આર.એસ. એમ કુલ મળીને ૫૪ જેટલી એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ શાળાઓ, ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ, ૧૨ મોડેલ શાળાઓ તથા ૨ સૈનિક શાળાઓનો સમાવેશ થાય છે. એમાં આદિવાસી વિસ્તારના ૪૦,૨૨૦ વિદ્યાર્થીઓની માન્ય સંખ્યાની સામે ૩૬,૨૨૭ જેટલા વિદ્યાર્થીઓને સરકારના ગુણવત્તાયુક્ત શિક્ષણ મફતમાં શિક્ષણ અને મફતમાં રહેવાની વ્યવસ્થા આપી શિક્ષણ આપવાનું કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્ય શ્રીમતી સેજલબેન પંડ્યા.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા(ભાવનગર-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી નંબર-૧૦૫ પર મારું સમર્થન આપી અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, "**यत्र नार्यस्तु पूजयन्ते, रमन्ते तत्र देवताः**" આ સંસ્કૃતિ ધરાવતા આપણા ગુજરાત રાજ્યમાં નારીશકિત એ માત્ર પરિવાર નહીં, પરંતુ રાજ્યના વિકાસની કરોડરજ્જુ છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારનું આ વર્ષનું બજેટ સશકત મહિલા સુરક્ષિત ગુજરાતના મંત્ર સાથે સાકાર કરવા માટે એક નવી દિશા આપી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના પવિત્ર ગૃહમાં હું એક એવા વિષય પર વાત કરવા ઊભી થઇ છું જે આપણા રાજ્યના ભવિષ્ય અને આવતીકાલની પેઢી સાથે સીધો જોડાયેલો છે. મને આ ગૃહમાં જણાવતાં અત્યંત ગર્વ થાય છે કે, વર્ષ-૨૦૨૬-૨૭ના બજેટમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂપિયા ૭૬૯૦ કરોડની ઐતિહાસિક જોગવાઇ કરવામાં આવી છે. આપણી સરકાર ગુજરાતના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે, પરંતુ વિકાસની સાચી વ્યાખ્યા ત્યારે જ સાર્થક થાય જયારે રાજ્યનો છેવાડાનો માનવી શારીરિક રીતે સશકત અને સુપોષિત હોય.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને અનુભવી નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જયારે જ્ઞાન એટલે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી આ ચાર સ્તંભો પૈકી નારીશકિતને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે ત્યારે આ વાતને સાર્થક કરવા હું એક કવિતા રજૂ કરવા માગું છું.

નારી તારી શકિત ન્યારી, બજેટે વધારી શાન તારી,
લખપતિ દીદી પછી હવે SHE MARTની છે તૈયારી.
હાથમાં હુન્નર, હૈયે હામ, નારી કરશે હવે ઉમદા કામ,
SHE MARTથી મળશે સીધો નફો, વધશે જગમાં તારું નામ.
ઓછા વ્યાજે મુદ્રા લોન, સપનાઓને આપશે ઉડાન,
પચાસ હજારની સહાય સાથે, નારીનું વધશે આત્મસમ્માન.
ગામડાની ગોરી હોય કે શહેરની શેઠાણી,
બજેટે લખી છે નારી ઉત્કર્ષની નવી કહાણી.
શિક્ષણ, આરોગ્ય અને રોજગાર સૌમાં છે નારીનો અધિકાર,
સમૃદ્ધ ગુજરાતની સરકારમાં, બજેટ લાવ્યું ખુશીઓ અપાર.

ફાલ્ગુન ૨૧, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં કરવામાં આવેલ જોગવાઇઓ સ્પષ્ટ કરે છે કે, આપણી સરકાર ગુજરાતની દરેક માતા, દરેક કિશોરીઓ અને દરેક બાળક સુપોષિત બને અને તંદુરસ્ત બને તે માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. રાજય સરકારે બાળકો અને માતાઓમાં જોવા મળતી પોષણની ખામીઓ દૂર કરવા માટે છેલ્લા કેટલાક સમયમાં અનેકવિધ પ્રયત્નો કર્યા છે અને અમે માનીએ છીએ કે પોષણની સ્થિતિ સુધારવાની એ માત્ર સ્વાસ્થ્યની સમસ્યા નથી પરંતુ તે એક મોટી સામાજિક જવાબદારી પણ છે. જો બાળક અને માતા સ્વસ્થ અને સુપોષિત નહીં હોય, તો રાજયની આગામી પેઢી કયારેય સક્ષમ બની શકશે નહીં અને આ સ્થિતિ આપણને કયારેય સ્વીકાર્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ અને બાળકોના મુદ્દે આપણી સરકાર રાષ્ટ્ર માટે અત્યંત સંવેદનશીલ છે. સુપોષણના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સરકાર દ્વારા સતત મનોમંથન કરવામાં આવ્યું છે અને તેના પરિણામે જ ઘણી નવતર પહેલો અમલમાં મૂકવામાં આવી છે. છેવાડાના ગામડાની મહિલાઓ અને બાળકો સુધી પહોંચવા અને તેમના પોષણ સ્તરમાં સુધારો કરવા માટે સરકારે પાયાના સ્તરે પરિવર્તન આણ્યું છે. આ સંવેદનશીલ અભિગમના ભાગરૂપે સંકલિત બાળ વિકાસ સેવા યોજના એટલે કે આઇ.સી.ડી.એસ. હેઠળ વિવિધ પોષણ અને પોષણલક્ષી સેવાઓનો લાભ સીધો લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. આ સંકલ્પને વધુ સ્પષ્ટ કરવા માટે સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી કેટલીક મહત્ત્વની કલ્યાણકારી સેવાઓની વિગતો હું હવે આ ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું કે જેથી આ વિષયની માગણી શું કામ કરવામાં આવી તે સમજી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, પોષણ અભિયાન, જન આંદોલનના ભાગરૂપે સમગ્ર દેશમાં પોષણ માસની ઉજવણી થાય છે. પોષણ માસ–૨૦૨૫માં ગુજરાત રાજયએ ૧.૩૫ કરોડ પ્રવૃત્તિઓ અને ૩.૭ કરોડ લોકોની સહભાગીતા સાથે દેશમાં ચોથો ક્રમ મેળવેલ છે. રાજયના કુલ આંગણવાડી કેન્દ્રો પૈકી એક તૃતીયાંશ ભાગના ૧૮૦૦૦ આંગણવાડી કેન્દ્રો સાથે ૧૦૦ ટકા સ્ટેટ બર્ડન હેઠળ ચાર પ્રકારના ગ્રોથ મોનિટરિંગ ડિવાઇસ માટે રૂ. ૧૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી મેળવી ખરીદી કરી આંગણવાડી કક્ષાએ ગ્રોથ મોનિટરિંગ ડિવાઇસ પહોંચાડવામાં આવેલ છે. કુપોષિત બાળકોના સમુદાય આધારિત વ્યવસ્થાપન માટે વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન રાજય સરકાર દ્વારા પોષણ સંગમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે જે અંતર્ગત આઇ.સી.ડી.એસ. અને આરોગ્ય વિભાગના રાજય કક્ષાથી ગ્રામ્ય કક્ષા સુધી અંદાજે એક લાખ કરતાં વધારે અધિકારીઓ/ કર્મચારીઓ તથા માનદવેતન કાર્યકરોને તાલીમ આપવામાં આવેલ છે અને કાર્યક્રમનું અમલીકરણ શરૂ કરવામાં આવેલ છે. પ્રિ–સ્કૂલ એજયુકેશન અંતર્ગત આંગણવાડી કેન્દ્રોનાં બાળકો માટે આધારશિલા અભ્યાસ કાર્યક્રમમાં ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની માર્ગદર્શક સૂચના અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, NCF-FLN 2022 અને આધારશિલા ૨૦૨૪ અનુસાર ગુજરાત રાજયની આંગણવાડી માટે પ્રારંભિક બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ આધારશિલા તૈયાર કરવામાં આવ્યો છે. સ્ટેટ ઇ.સી.સી.ઇ. કાઉન્સિલ દ્વારા મંજૂર કારયેલા આ અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૬ના શૈક્ષણિક વર્ષથી આંગણવાડીમાં અમલ કરવામાં આવશે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ જેમાં શારીરિક તેમજ માનસિક વિકાસને વેગ મળે તે હેતુથી રમતગમત સાથે જ્ઞાન આપવામાં આવે છે. જેથી બાળકનો શારીરિક, બૌદ્ધિક, ભાષાકીય, સામાજિક અને સર્જનાત્મક વિકાસને સુનિશ્ચિત કરી શકાય. એ જ રીતે બાળકની કલ્પનાશકિત વધે, ભાષા વિકાસ થાય, સામાજિક વિકાસ થાય તે માટે વાર્તાની ચોપડીઓ અને કઠપૂતળી દ્વારા બાળકનો સર્જનાત્મક અને બૌદ્ધિક વિકાસ થાય તે માટે મીણિયા રંગ તથા કાગળ પર ચિત્ર દોરવા, ચિત્રકામ, કાગળની હોડી, કાગળના ફૂલ, દડો વગેરે બનાવવા અને પઝલ, બિલ્ડિંગ બ્લોકસ જેવા રમકડાથી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. બાળકના સામાજિક અને વ્યકિતત્વ વિકાસ માટે આંગણવાડીમાં આવતાં બાળકોને વિવિધ સામૂહિક પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે. રાજયની ૫૩,૦૬૫ આંગણવાડી કેન્દ્રોમાં આવતા દરેક ૩થી ૬ વર્ષનાં બાળકોને મારી વિકાસ યાત્રા કાર્ડની પદ્ધતિથી બાળકના ઉંમર પ્રમાણે વિકાસ અને તેના સર્વાંગી વિકાસ, શારીરિક, બૌદ્ધિક, ભાષાકીય, રચનાત્મક, સામાજિક અને ભાવનાત્મક વિકાસની દેખરેખ કરશે. પૂરક પોષક આહાર એટલે કે ટેક હોમ રાશન, એમાં મહિલા અને બાળ વિકાસની આઇ.સી.ડી.એસ. યોજના હેઠળ રાજયના ૬ માસથી ૩ વર્ષનાં તમામ બાળકો, ૩થી ૬ વર્ષના અતિ ઓછાં વજનવાળાં બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓને બાલશકિત અને માતૃશકિત નામે પૌષ્ટિકતાથી ભરપૂર રાંધવા માટે તૈયાર એટલે કે' રેડી ટુ કુક' ટેક હોમ રાશન આપવામાં આવે છે. હાલમાં ટેક હોમ રાશનના ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થા ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન એટલે કે જી.સી.એમ.એમ.એફ. મારફતે કરવામાં આવે છે. એ જ રીતે એચ.સી.એમ. એટલે કે ગરમ નાસ્તો ૩થી ૬ વર્ષનાં તમામ બાળકોને આંગણવાડી કેન્દ્રોમાં દરરોજ ગરમ નાસ્તો અને બપોરનું પૌષ્ટિક ગરમ ભોજન આપવામાં આવે છે. તેમજ અઠવાડિયામાં બે દિવસ તાજાં ફળો આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫–૨૬ માટે કુલ રૂ. ૩૪.૪૬ લાખ લાભાર્થીઓ માટે રૂ. ૯૭૩.૨૬ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. ડિસેમ્બર–૨૦૨૫ સુધીમાં રૂ. ૩૦.૧૪ લાખ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે અને રૂ. ૨૭૬.૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી માતૃશકિત યોજના (એમ.એમ.વાય.) જેમાં વર્ષ ૨૦૨૨–૨૩થી સમગ્ર રાજયમાં અમલમાં આવેલી આ યોજના ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ એક હજાર દિવસના સમયગાળામાં પોષણ સુધારવાના હેતુ સાથે આંગણવાડી કેન્દ્રોમાં અને આરોગ્ય વિભાગની 'ટેકો' એપ્લિકેશનમાં નોંધાયેલ પ્રથમ વખતની સગર્ભા માતાઓ અને બે વર્ષ સુધીનાં બાળકની માતાઓને દર મહિને રો–રેશન કીટ આપવામાં આવે છે, જેમાં ૨ કિલો ચણા દાળ, એક કિલો તુવેરદાળ, એક લિટર સિંગતેલ.વર્ષ ૨૦૨૫–૨૬ માટે ૫ લાખ

લાભાર્થીઓ માટે રૂ.૩૫૪.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. નવેમ્બર – ૨૦૨૫ સુધીમાં રૂ.૧૫૬.૦૭ કરોડનો ખર્ચ થયો છે. સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આ અવસ્થા દરમિયાન માતાઓને ગર્ભમાં રહેલ શિશુના વિકાસ અને જન્મ બાદ સ્તનપાન કરાવવા માટે વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. જેને ધ્યાને લેતાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮માં પ્રાયોગિક ધોરણે ૫ આદિજાતિ જિલ્લાના ૧૦ ઘટકોમાં આ યોજના ચાલુ કરવામાં આવેલ હતી. જેમાં તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્ર ઉપર જ રોજ એક વખત સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે તથા તેની સાથે–સાથે ફોલિક એસિડ અને કેલ્શિયમની ગોળી પણ આપવામાં આવે છે. દૂધ સંજીવની યોજના હેઠળ રાજ્યના ૨૦ જિલ્લાઓના ૧૪૧ આદિજાતિ અને વિકાસશીલ ઘટકોમાં અમલમાં રહેલી આ યોજના હેઠળ ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં ૧૦૦ મિ.લિ. ફ્લેવર્ડ ફોર્ટિફાઇડ દૂધ આપવામાં આવે છે. સગર્ભા અને ધાત્રી માતાઓને અઠવાડિયામાં ૨ દિવસ ૨૦૦ મિ.લિ. ફ્લેવર્ડ ફોર્ટિફાઇડ દૂધ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫–૨૬ માટે ૧૦.૫૦ લાખ લાભાર્થીઓ માટે રૂ. ૧૩૩.૨૬ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ૮.૬૪ લાખ લાભાર્થીઓએ લાભ લીધો છે અને રૂ. ૬૮.૭૭ કરોડનો ખર્ચ થયો છે. રાજ્યની કિશોરીઓ માટે વર્ષ ૨૦૧૮–૧૯માં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૧૦૦% રાજ્ય ફાળાથી પૂર્ણા યોજના શરૂ કરવામાં આવી છે. આ વિભાગ ખૂબ મહત્ત્વનો વિભાગ છે અને ખૂબ સારું કામ કરી રહ્યો છે. આ વિભાગમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. હું આ માગણીઓને સંપૂર્ણ ટેકો આપું છું અને આના પર આવેલી કાપ દરખાસ્તો પાછી ખેંચવા વિનંતી કરું છું. છેલ્લે એક કવિતા સાથે હું મારી વાત પૂરી કરવા માગું છું.

હે નારી,
તારી આંખોમાં સૂરજની તેજસ્વિતા છે.
તારા શબ્દોમાં સાગરની ગંભીરતા છે.
તું અબળા નથી. તું તો શક્તિ સ્વરૂપ છે,
મા આખા જગતનું તું જ તો મૂળભૂત રૂપ છે મા
હાથમાં તારે કલમ પણ છે ને શસ્ત્ર પણ
તું જાણે છે રક્ષણ અને પોષણ સર્વનું પણ
બંધન તોડીને તું આકાશ આંબવા નીકળી છે.
સુરક્ષા અને સ્વાભિમાનની નવી રાહ તું કંડારી રહી છે.
ભયને ભગાડી, હિંમતને તે સાથી બનાવી છે.
સશક્ત બનીને તે જગતની રીત બદલાવી છે.
જ્યા નારી સુરક્ષિત, ત્યાં જ સભ્ય સમાજ છે.
કારણ કે તારા આત્મવિશ્વાસમાં જ આવતીકાલનું રાજ છે.
તું ઝાંસીની રાણી, અહલ્યાબાઈ અને કલ્પના ચાવલા પણ છે.
સંસ્કારની મૂર્તિ પણ છે અને અન્યાય સામે જવાળા પણ છે.
જાગી જા ઓ નારી! તારી શક્તિને તું ઓળખી લે.
આખું આ જગત તારા ચરણોમાં છે. એ જાણી લે.
તું નારી છે, તુ નારાયણી છે. આભાર, અસ્તુ. જય જય ગરવી ગુજરાત.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયા ગ્રામ ગૃહ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૭૧ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રામ વિકાસ વિભાગ હેઠળ પાણી પુરવઠા, ગટરવ્યવસ્થા, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત સ્વચ્છતા માટેના કામ, ભૂમિહીન ગામડાઓમાં જે ખેતમજૂર હોય તેમને ઘરથાળના પ્લોટ આપવા, પ્લોટ આપીને તેના ઉપર પાકું ધાબાવાળું મકાન બાંધવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના, ગ્રામીણ લોકોને રોજગારી આપવા, મહિલાઓને રોજગારી આપવા, તાલીમ આપવા માટે અનેક પ્રકારની સહાય કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ૧૮ હજાર ઉપરાંત ગામડાંઓ આવેલાં છે. આ ગામડાંઓની ભૌગોલિક પરિસ્થિતિ, તેની વિવિધતા અને ભૂભાગની જમીનોના પણ અલગ અલગ પ્રકારો આવેલા છે. પૂજ્ય મહાત્મા ગાંધીએ ગામડાં માટે એવું કહેલું કે, ''ભારતનો આત્મા ગામડાઓમાં વસે છે.'' ત્યારથી લઇને દેશના વહીવટી તંત્રમાં સરકારોએ ગામડું કેન્દ્રમાં રાખીને કામગીરી કરેલી છે. આ ગ્રામ વિકાસ વિભાગ ગામડાંઓમાં પાયાની સુવિધાઓ કઇ રીતે વધે તે દિશામાં કામગીરી કરી રહ્યો છે. ગામડાંઓના વિકાસની વાત આવે ત્યારે રાજ્યનાં તમામ વિભાગોનો સ્પર્શ ગામડાંને થવો જોઇએ. આ વિચાર સાથે તમામ વિભાગો થકી રોડ–રસ્તા, વીજળી, પીવાનું પાણી, શિક્ષણ, રોજગારી, આરોગ્ય માટે અનેક પ્રકારની યોજનાઓથી આજે ગુજરાતને સમૃદ્ધ કરવાનું કામ રાજ્યની શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર કરી રહી છે. આ ગામડાંનું જીવન અનેક વર્ષોથી ચાલી રહ્યું છે પરંતુ આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગુજરાતનાં

ગામડાંના સર્વાંગી વિકાસ માટે ૧૦ જેટલાં ગોલ નક્કી કરીને ગુજરાતનાં ગામડાં તરફ ધ્યાન આપ્યું હતું. હું સમજું છું ત્યાં સુધી આજે ભારતના પ્રત્યેક રાજ્યમાં ગુજરાતનાં ગામડાંનું આગવું સ્થાન હશે. આજે ગુજરાતમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામ્ય અર્થતંત્ર અને ગ્રામ્ય લોકોને પાયાની સુવિધાઓ આપવા માટે સૌથી પાયાની જરૂરિયાત તેવા રસ્તાઓની વાત કરું તો આજે ગુજરાતનાં પ્રત્યેક ગામડાંમાં પાકા બારમાસી રસ્તાઓ બન્યા છે. હું તો ત્યાં સુધી કહું છું કે હવે ગામડાના વિકાસમાં પાયારૂપ રસ્તાઓને એક ફળિયાથી બીજા ફળિયા સુધી જોડવાનાં કામો ગુજરાત રાજ્યની શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારમાં ચાલી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળી એ ગામડાંની પાયાની જરૂરિયાત છે. આ ગૃહમાં પણ ઘણા બધા સભ્યોએ એ બાબતે વાત કરી કે ગામડાના લોકોને પણ જ્યોતિગ્રામ યોજનાના માધ્યમથી ૨૪ કલાક વીજળીનો પુરવઠો પૂરો પાડવાનું કામ આ રાજ્ય સરકાર અવિરતપણે કરી રહી છે. એના માટે હું આ રાજ્ય સરકાર અને વહીવટી તંત્રને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. આદિવાસી વિસ્તારની વાત કરું તો, આદિવાસીના જે ભાઇઓને વીજળીનું જોડાણ જોઇતું હોય તો તેને વીજળીનું કનેક્શન આપીને એના ઘરમાં પણ અજવાળું પાથરવાનું કામ રાજ્યની ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર કરી રહી છે. આ વીજળીના ઉપયોગથી એના બાળકો ભણતા હોય, સામાજિક પ્રસંગોની ઊજવણીમાં પણ રાજ્યના અન્ય જિલ્લાઓની માફક આદિવાસીઓ પણ આ વીજળીનો સારી રીતે ઉપયોગ કરી રહ્યા છે. આજે આ ગામડાના વિકાસમાં પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડીને ગુજરાતના ગામડાઓમાં ગ્રામીણ લોકો સ્વમાનભેર જીવી શકે અને પૂરતું પાણી મળે શકે એ માટેની કામગીરી આ સરકાર કરી છે. ગામડામાં કોઇ પાણીનો સ્ત્રોત ન હોય તો હું આ સરકારને અભિનંદન આપી શકું તેમ છું કે ગુજરાતના અનેક ગામડાઓમાં મોં નર્મદાનું પાણી ગામડે-ગામડે નળના માધ્યમથી પહોંચાડ્યું છે. એ ગ્રામ વિકાસ વિભાગનો મહત્ત્વનો પાયો કહીએ તો ખોટું નહીં કહેવાય. આજે પાયાની સુવિધાઓ પૈકી ગામડામાં સ્વસ્થ ભારત મિશન યોજનાનું કામ પણ પૂરજોશથી ચાલી રહ્યું છે. ગામડામાં રહેતા ભાઇઓ-બહેનોમાં પણ સ્વચ્છતા અંગે ખૂબ જાગૃતિ આવી છે. એમાં પણ રાજ્ય સરકાર દ્વારા સામૂહિક શૌચાલય અને વ્યક્તિગત શૌચાલયના માધ્યમથી ગામડાના લોકોને આ સુવિધા મળી છે. પહેલાં કહેવાતું હતું કે અંધારું પડે ત્યારે મહિલાઓ બહાર જવા માટે રાહ જોતી હોય એવી પરિસ્થિતિમાંથી બહાર કાઢવા માટે ગુજરાતના તે વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ વિચાર આ ગુજરાતની ધરતી પર મૂકીને દેશમાં પ્રથમ ગામડાના લોકોને વ્યક્તિગત શૌચાલય આપવાની યોજના અમલમાં મૂકી. આ પ્રત્યે પણ આજે ગામડામાં ખૂબ જાગૃતિ આવી છે અને ઘરે-ઘરે શૌચાલયની સુવિધાઓ આપવામાં આવી છે. હવે તો ગામડામાં ગટરલાઇનની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ માટે માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં પણ આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ગામડાનો વિકાસ અને એની સાથે-સાથે શિક્ષણનો પણ વિકાસ થાય તેના માટે ગામડામાં દરેક ગામે પ્રાથમિક શાળાઓ તો પહોંચી છે પણ એના ભવ્ય મકાનો પણ પહોંચાડવાનું કામ ચાલી રહ્યું છે. ગ્રામ વિકાસ વિભાગનું કામ એ રોજગારી આપવાનું છે અને રોજગારીની વાત કરું તો, ભારત સરકાર દ્વારા મનરેગાના માધ્યમથી રોજગારી આપવાનું કામ ચાલતું હતું. અત્યારે જે વી.બી.જી-રામ-જી વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ યોજનાના માધ્યમથી ગામડાના ગરીબ મજૂર લોકોને ૧૦૦ દિવસના બદલે ૧૨૫ દિવસની રોજગારી આપવાની યોજના ભારત દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મૂકી છે ત્યારે આવનાર સમયમાં એનો લાભ ગુજરાતના પ્રત્યેક ગ્રામીણ લોકોને થવાનો છે. આમાં માત્ર ૧૫ દિવસમાં ડી.બી.ટી.ના માધ્યમથી લઘુત્તમ વેતન ચૂકવવાની વાત કરવામાં આવી છે. નવી યોજના હેઠળ મહિલાઓના સશક્તિકરણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. એમાં ગામડાનું હાટ બજાર તથા ગામડામાં શેડ ઊભા કરી ગ્રામીણ લોકોને રોજગારી ક્ષેત્રે તાલીમ આપવાની વાત કરવામાં આવી છે. હું મારા છોટાઉદેપુર જિલ્લાની વાત કરું તો રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત ગ્રામીણ ગરીબી નિવારવાનો સરકારનો આ સામૂહિક અને ઉમદા પ્રયાસ છે. આ માધ્યમથી મહિલાઓ, અનુસૂચિત જાતિ, જનજાતિ અને વિકલાંગ વ્યક્તિનું સશક્તિકરણ કરી, આજીવિકા આપવાની વાત કરવામાં આવી છે. એને કઇ રીતે તાલીમ આપી શકાય જેથી એના કૌશલ્યમાં સુધારો થાય એની આમાં વાત કરવામાં આવી છે. સ્વ-સહાય જૂથો મારફત ગ્રામીણ કુટુંબોની દસ-વીસ મહિલાઓનું એક જૂથ બને છે. જેમને રોજગારી મળતી નથી એવી ગરીબ મહિલાઓ ભેગી થઇ પોતાનું ગ્રુપ બનાવી, સહિયારા પ્રયાસથી તેમજ સામૂહિક કામગીરીના માધ્યમથી આજે ગુજરાતમાં સ્વ-સહાય જૂથો ચલાવી રહી છે. આ અંતર્ગત મારા છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૮૩ સ્વસહાય જૂથની રચના કરવામાં આવેલી છે અને એના માધ્યમથી ગ્રામીણ મહિલાઓનું સશક્તિકરણ કરવાનું કામ ચાલી રહ્યું છે. રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કેશ ક્રેડિટ લોન આપવામાં આવે છે. જે અંતર્ગત મારા છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૫૪૫ સ્વસહાય જૂથોને ૪૯૩૪ લાખની કેશ ક્રેડિટ લોન મંજૂર કરવામાં આવેલી છે. આમાં સ્વ-સહાય જૂથોને રાજ્ય સરકાર દ્વારા રીવોલ્વિંગ ફંડ આપવામાં આવે છે. રીવોલ્વિંગ ફંડની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે રૂ. ૨૦ હજારથી રૂ. ૩૦ હજાર સુધીનું રીવોલ્વિંગ ફંડ સ્વ-સહાય જૂથોને આપવામાં આવે છે. જે અંતર્ગત મારા છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૦૧ સ્વસહાય જૂથોને રૂ. ૯૦.૩૦ લાખનું રીવોલ્વિંગ ફંડ ફાળવવામાં આવ્યું છે. કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ મારફત છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૦૧ સ્વસહાય જૂથોને રૂ. ૮૬૩ લાખનું કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ ફાળવવામાં આવ્યું છે. આમાં ખાસ મહિલાઓ માટે, જે ગ્રુપ અલગ-અલગ પ્રકારની પ્રવૃત્તિઓ કરતું હોય અને એમાં ૨૦ મહિલાઓ કરતાં વધારે સંખ્યા થાય તો એના ગ્રુપની રચના કરવામાં આવે છે. આ ગ્રુપ જે પ્રોડક્ટ બનાવે એ માટી સાથેની હોય, અનાજની વિશિષ્ટ પ્રકારની

વાનગી બનાવવાની હોય કે જંગલમાંથી જે વસ્તુ/પ્રોડક્ટ મળતી હોય એને એકત્ર કરી વેચાણ કરવાની કામગીરી કરે છે. હું આ માગણીઓને મારું સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : હું આપને પણ હું શુભેચ્છા પાઠવું છું. કોઈપણ પોલિટિકલ ઓબ્ઝર્વેશન કર્યા સિવાય આપે માત્ર માગણી પર વાત કરી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી નં. ૯૩,૯૬ અને ૧૦૫ પર મારા વિચારો પ્રસ્તુત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે થોડા સમય પહેલાં વિસનગરની મેડિકલ કોલેજમાં રાજ્યના આદિવાસી વિદ્યાર્થીને નોટિસ આપવામાં આવી છે કે તારી શિષ્યવૃત્તિ ભરાઈ નથી અને જો શિષ્યવૃત્તિ નહીં ભરાય તો તારું એડમિશન કેન્સલ થશે. વિસનગરની કોલેજે એવું કેમ કર્યું એની મેં તપાસ કરી તો એની શિષ્યવૃત્તિ સરકાર તરફથી સમયસર કોલેજને મળી ન હતી. એના કારણે કોલેજે આવું કર્યું. મારા વિસ્તારની વાત કરું તો ઘણાં બધાં આદિવાસી બાળકો ભણવા માટે શહેરોમાં જાય છે, પ્રાઇવેટ કોલેજ હોય છે. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ હોય, જી.એન.એમ., એ.એન.એમ. કોલેજ, પ્રાઇવેટ એન્જિનિયરિંગ કોલેજ હોય છે એમાં એડમિશન લે છે અને એક વર્ષ પછી એને અભ્યાસ છોડી દેવો હોય તો એના ઓરિજિનલ પ્રમાણપત્રો જે તે કોલેજ રાખી લે છે અને આપતા નથી. એવું કહે છે કે ત્રણ વર્ષ સુધીની ફી ભરો પછી જ તમને તમારા વિદ્યાર્થીના પ્રમાણપત્ર મળશે. મારી મંત્રીશ્રી પાસે માગણી છે કે આવી રીતે જે કોલેજો આપણા આદિવાસી બાળકોનું ભવિષ્ય બગાડે છે એ કોલેજોને નોટિસ આપીને એની સામે શિક્ષાત્મક પગલાં લેવાં જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગૌણ સેવા પસંદગી મંડળની વાત કરીએ તો વર્ષ ૨૦૨૫-૨૬માં વર્ગ-૩ની જાહેરાત બહાર પાડી અને ભરતી કરવામાં આવી ત્યારે ૪૦ ટકા કટ-ઓફ માર્ક કોઈપણ સૂચના આપ્યા વિના આદિવાસી વિદ્યાર્થીઓના કરી નાખ્યા અને આવા ૧૫૭ જેટલા આદિવાસી સમાજના પરીક્ષાર્થીઓને નોકરીથી વંચિત રાખ્યા છે. મારી માગણી છે કે આ ૪૦ ટકા કટ-ઓફ માર્કસ રાખવામાં આવ્યા છે એની જગ્યાએ પહેલા જે રીતે હતું એ પ્રમાણે કરવા વિનંતી છે અને અમારા પરીક્ષાર્થી છોકરાઓ છે, નોકરીવાંચ્છું છે એનો ન્યાય કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, પેસા એક્ટ તા. ૧૭-૧-૨૦૧૭ના રોજ ગુજરાતમાં દાખલ કરવામાં આવ્યો અને એના નિયમો બનાવવામાં આવ્યા. પરંતુ અત્યારે જે જમીનો સંપાદન કરવા આવે છે એ પેસા એક્ટ મુજબની ગ્રામસભાને પૂછ્યા વગર, પૂર્વ મંજૂરી લીધા વગર કોઈપણ એજન્સી ત્યાં માપણી કરવા આવે છે. એના કારણે આદિવાસી ખેડૂત જમીનધારકોને એવું લાગે છે કે અમારી જમીન પડાવી લેશે. અત્યારની જ વાત કરું તો વાંસદા તાલુકાના રૂપવેલ ગામે પાવર પ્રોજેક્ટની માપણી કરવા માટે ૧લી માર્ચે દિલ્હીની એક એજન્સી આવી હતી. પણ ગામના લોકોએ અને સરપંચે કહ્યું કે તમે પહેલેથી મંજૂરી લઈને અથવા પેસા એક્ટ મુજબની ગ્રામસભાની મંજૂરી લઈને કરો. પરંતુ કર્યું નથી. બીજા મજૂરોને ગઈકાલે રાત્રે જ પકડ્યા છે અને આજે પણ એ ત્યાં જ છે. આવી રીતે પેસા એક્ટ હોવા છતાં, ગ્રામસભા હોવા છતાં પણ ગુજરાતમાં એનું પાલન થતું નથી તેના વિશે પણ માનનીય મંત્રીશ્રી સમક્ષ મારી માગણી છે કે પેસા એક્ટ અને નિયમ મુજબની ગ્રામસભાના કડક નિયમો બનાવે અને ગેરકાયદેસર સંપાદન કરે છે એ અટકાવે. પાવર ગ્રીડની વાત કરીએ તો મોબાઇલ ટાવર આપણી જમીનની અંદર નાખવા આવે છે ત્યારે મોબાઇલ ટાવરની જે તે કંપની હોય છે એ એનું ભાડુ ચૂકવે છે. આદિવાસી વિસ્તારમાં વગર પૂછ્યે પાવર પ્રોજેક્ટ લઇ જવાના થાંભલા ઊભા કરી દે છે અને કાયમ માટેના નજીવા પૈસા આપી દેવામાં આવે છે. પરંતુ મોબાઇલ ટાવરની જેમ એ ખેડૂતને ભાડું મળવું જોઇએ એવી અમારી માગણી છે. ઉત્તર બુનિયાદીમાં માધ્યમિક શાળા ૯૦ છે, ઉચ્ચતર બુનિયાદી શાળા ૩૬ છે. ત્યાંના આદિવાસી શિક્ષકો ૨૪ કલાક નોકરી કરે છે. એ જ ગૃહપતિ, ગૃહમાતા, એ જ શિક્ષક, એ જ વોચમેન અને આખો દિવસ ૨૪ કલાક, વાર-તહેવાર જોયા વગર ત્યાં સેવા આપે છે ત્યારે એને દિવસનો વધારાનો એક રૂપિયો વેતન આપવામાં આવે છે. એક મહિનાના ૩૦ રૂપિયા વધારાનું વેતન આપવામાં આવે છે. એ આદિવાસી શિક્ષક સાથે પણ અન્યાય થાય છે એ ન થવો જોઇએ. આ ખૂબ ચિંતાજનક છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસની ૧૦૫ નંબરની માગણી છે એ વિશે વાત કરીશ. કુપોષણની વાત અંગે જોઇએ તો આદિવાસી વિસ્તારમાં ૧૦૦ બાળકોમાંથી ૪૦ બાળકો કુપોષિત હોય છે. આ કુપોષણ એ કોઇ પાર્ટીનો વિષય નથી. આપણા તમામ ધારાસભ્યોનો વિષય છે. આ કુપોષણ અટકાવવું હોય તો એમને સારામાં સારું ભોજન આપવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

(વિરામ સવારના ૧૧-૦૦ થી ૧૧-૩૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી નં.૧૦૫ લઇને આવ્યાં છે તેમાં મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી સરકાર પોષણની સાથે સાથે બીજું સૌથી મહત્ત્વનું લક્ષ્ય છે કે નારી શક્તિનું ગૌરવ અને સશક્તિકરણ. મને આ ગૃહને જણાવતાં અત્યંત ગર્વ થાય છે કે વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂ.૭,૬૯૦ કરોડની ઐતિહાસિક જોગવાઇ કરવામાં આવી છે. આ એક આંકડો નહીં પણ ગુજરાતની લાખો

માતાઓ, બહેનોનાં સપનાં સાકાર કરવા માટે આપણી સરકાર મક્કમ છે. છેલ્લા માત્ર એક જ દાયકાના ટૂંકા ગાળામાં મહિલા અને બાળ વિકાસ વિભાગના નેજા હેઠળ રાજ્યમાં મહિલાઓના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે અનેક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ કામગીરી થઇ રહી છે. આપણી સરકાર દીકરીઓના જન્મથી લઇને શિક્ષણ, પોષણ, રક્ષણ અને તેને આત્મનિર્ભર બનાવવા સુધીની દરેક તકના તબક્કે તેની પડખે ઊભી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય વિભાગની વાત કરું તો આરોગ્ય વિભાગ પણ દીકરીઓની ચિંતા કરે છે ત્યારે સર્વાઇકલ કેન્સરની વેક્સિન તા.૨૮/૨/૨૦૨૪ના દિવસે જ્યારે મહિલાઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા ખૂબજ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની વર્ચ્યુલ ઉપસ્થિતિમાં દેશભરમાં દીકરીઓ અને મહિલાઓને સર્વાઇકલ કેન્સરની વેક્સિન વિનામૂલ્યે આપવાના અભિયાનનો શુભારંભ કરાવ્યો છે. દીકરીઓ અને મહિલાઓને સર્વાઇકલ કેન્સરની રસી વિનામૂલ્યે આપવાના મહાઅભિયાનની ગુજરાતમાં શરૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ ૧૪ વર્ષથી ઉપરની કિશોરીઓને આ રસી આપવામાં આવે છે. જ્યારે આ રસીની બજાર કિંમત રૂ.૩,૦૦૦ હોવાથી આપણી સરકાર આ વેક્સિન વિનામૂલ્યે આપવાની છે અને આ વેક્સિનના પ્રથમ દિવસે પાંચ લાખથી વધુ કિશોરીઓને આ વેક્સિન આપવાનો લક્ષ્ય છે ત્યારે આપણી સરકાર દ્વારા રૂ.૧૫૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : માગણીઓ ઉપર વાત કરો . બીજીવાર બજેટની વાત થશે. બીજું, થોડાક મૌલિક વિચાર રજૂ કરો તો સારું.

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની મહિલાઓની સુરક્ષા, સ્વાવલંબન અને સશક્તિકરણ માટે આપણી સરકાર સક્ષમ નારી, સશક્ત ગુજરાતના મંત્રને વરેલી છે. આ વિભાગ દ્વારા લેવામાં આવેલ નવીન પહેલોના કારણે આજે ગુજરાતની નારી શક્તિની સફળતાના નવા સોપાન સર કરી રહી છે તે ઘરના આંગણે હોય કે પછી વ્યવસાયના ક્ષેત્રમાં. આજે આપણી બહેનો ગર્વભેર આગળ વધી રહી છે.માનનીય અધ્યક્ષશ્રી, હું નારીશક્તિની વાત કરું તો આપણા દેશના નાણામંત્રીશ્રી નિર્મલા સીતારામન ફેબ્રુઆરી-૨૦૨૪ના નવમી વખત કેન્દ્રીય બજેટ પેશ કરનાર ભારતના પહેલા વિત્તમંત્રી છે. આ નારીશક્તિ અને તેનાથી આગળ વાત કરું તો ઓપરેશન સિંદુરની કર્નલ સૌફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ, આ બન્ને દીકરીઓને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કમાન સોંપી અને તેમણે આ ઓપરેશન સિંદુર પાર પાડયું. માનનીય અધ્યક્ષશ્રી, **"इस दुनिया की शान है नारी, जिवन का आधार है नारी।"** આ સમાજમાં દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવા અને બાળ લગ્ન અટકાવવા તેમજ દીકરીઓનું આર્થિક અને સામાજિક સશક્તિકરણ કરવા માટેની વ્હાલી દીકરી યોજનાને તારીખ ૨-૦૮-૨૦૧૯ના રોજ રાજકોટથી માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો ઉદેશ દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવું, કિશોરીઓના શિક્ષણમાં વધારો કરવો અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવો. લાભાર્થી દીકરીને પ્રથમ ધોરણમાં ૪ હજાર અને નવમા ધોરણમાં પ્રવેશ વખતે ૬ હજાર રૂપિયા અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ તથા લગ્ન સહાય તરીકે રૂપિયા ૧૦ હજાર તેમ લાભાર્થીને કુલ મળીને રૂપિયા ૧ લાખ ૧૦ હજારની સહાય મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં કુલ ૩ લાખ ૩૫ હજાર ૬૦૭ લાભાર્થીઓની સહાય મંજૂર કરવામાં આવી છે. આ યોજનામાં ઇ-મહિલા કલ્યાણ પોર્ટલ મારફતે લાભાર્થીની ઓનલાઇન અરજી કરવામાં આવે છે. અરજીથી લઇને મંજૂર કરવા સુધીની તમામ પ્રક્રિયા ઓનલાઇન હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં તારીખ ૦૧-૦૩-૨૦૧૯થી સહાયમાં વધારો કરી રૂપિયા ૧૨૫૦ માસિક લાભાર્થીના બેન્ક/પોસ્ટ બચત ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. ૨૧ વર્ષનો પુત્ર થતા સહાય બંધ કરવામાં આવતી હતી તે શરત રદ કરી તા.૦૧-૦૪-૨૦૧૯થી તમામ વિધવા બહેનોને આજીવન વિધવા સહાય મળવાપાત્ર છે. હાલમાં રાજયમાં જાન્યુઆરી-૨૦૨૬ સુધી ૧૭.૧૩ લાખ લાભાર્થીઓને એપ્રિલ-૨૦૨૫ થી જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં કુલ રૂપિયા ૨૫૬૨ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેટી બચાઓ બેટી પઢાઓ યોજના તે ૨૨મી જાન્યુઆરી,૨૦૧૫થી ૨૨ જિલ્લાઓ ખાતે અમલીકૃત કરવામાં આવેલ છે. જે ભારત સરકાર દ્વારા મિશન શક્તિ હેઠળ પેટા યોજના વર્ષ ૨૦૨૩-૨૪થી રાજયના ૩૩ જિલ્લાઓ ખાતે અમલીકૃત કરવામાં આવી છે. આ યોજના સો ટકા કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે. બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અન્વયે એપ્રિલ-૨૦૨૫થી જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન કુલ જાગૃતિકરણ કાર્યક્રમ ૩૧૮૭ થયા, જેમાં ૩ લાખ ૭૮ હજાર ૯૮૬ સહભાગીઓએ ભાગ લીધો છે. હમણાં જ તા. ૮ માર્ચ એટલે મહિલા દિવસે મહિલાઓને જે વધારાની ગ્રાન્ટ આપવામાં આવતી હતી...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમુદાય એટલે એવો સમુદાય કે જેનો ઇતિહાસ પણ ગૌરવશાળી રહ્યો છે અને દેશ અને પ્રદેશના વિકાસમાં એમણે ખૂબ મોટું યોગદાન આપ્યું છે. જે વિધાનસભા સચિવાલયમાં આપણે બેઠા હોઇએ, સામે સચિવાલય હોય, કલેકટર કચેરી હોય, હાઇકોર્ટ હોય બધા જ બાંધકામમાં આદિવાસી સમાજનો પરસેવો રહ્યો છે. એ સમાજના ગામડાઓ આજે પણ વિકાસ માટે ઝંખી રહ્યા છે ત્યારે ગુજરાતના આદિવાસીઓની વસતિ ૧૫ ટકા જેટલી છે, અંદાજે ૧ કરોડ ૨૫ લાખ આદિવાસીઓ ગુજરાતમાં વસે છે. એ પ્રમાણે જે આદિજાતિનું બજેટ આવ્યું છે રૂ.૫૪૨૫ કરોડ, કેન્દ્રીય આયોજન પંચની ભલામણ એવી છે કે એમના અનુસાર આદિજાતિ માટે ૧૭.૫૭ ટકા જેટલું બજેટ હોવું જોઇએ ત્યારે ૫૪૨૫ કરોડ રૂપિયા એ કુલ બજેટના માત્ર ૧.૩૫ ટકા થાય છે. ૧૫ ટકા વસતિની સામે ૧.૩૫ ટકા? ગત વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં એમાં રૂ. ૪૩૭૩.૯૬ કરોડની જોગવાઇ હતી એની સામે રૂ. ૩૩૭૩.૩૮ કરોડ રૂપિયા જ વપરાયા છે, બીજી રકમ વણવપરાયેલી છે, એજ પ્રમાણે વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૫૧૨૦.૩ કરોડની જોગવાઇ હતી એની સામે માત્ર રૂ.૨૪૧૦.૬૪ ટકા ગ્રાન્ટ વપરાયેલી છે, બીજી ગ્રાન્ટ જે વણવપરાયેલી છે, આપના માધ્યમથી મારે સરકારશ્રીને કહેવું છે જે પણ ગ્રાન્ટો આગલાં વર્ષોમાં વણવપરાયેલી પડી છે સત્વરે એને ટ્રાયબલ સબપ્લાન કચેરી મારફતે આદિવાસીઓના વિકાસમાં વાપરવામાં આવે. અમે તો ટ્રાયબલ સબપ્લાનમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના આવે છે એમાં બેસીએ છીએ. એમાં સિંચાઇના બોર હોય, પશુધનના દૂધાળા પશુઓ હોય કે બીજી જે પણ કૃષિ વૈવિધ્યકરણની યોજના હોય કે બીજી કોઇ યોજના હોય એના સિવાય બીજામાં અમે બેસતા નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે સીધે સીધું બજેટ ટ્રાયબલ સબપ્લાન કચેરીથી ચૂંટાયેલા પ્રતિનિધિની કમિટી મારફતે તેની અમલવારી કરવામાં આવે. સાથે સાથે આવનારાં વર્ષોમાં જે જનગણના થવાની છે એ વસતિની જનગણનામાં પણ ગુજરાતમાં કેટલા આદિવાસીઓ વસે છે એના માટેનો એક અલગ ધર્મ કોડ હોય, કલમ હોય અને એ પ્રકારે જો ગણતરી થશે તો ખરેખર ગુજરાતમાં કેટલા આદિવાસીઓ વસે છે એ પણ ખબર પડશે. રાજય સરકાર કેન્દ્ર સરકારમાં એની ભલામણ કરે એવી પણ મારી વિનંતી છે. ઘણા સમયથી આદિવાસીઓના ખોટા સર્ટિફિકેટના મુદ્દા મારફતે અનેક રજૂઆતો થઇ છે, આંદોલનો પણ થયા છે. એના કાયદા પણ સન ૨૦૧૮માં બન્યા છે, સન ૨૦૨૦માં પણ બન્યા છે એમાં નિયમો પણ બન્યા છે પણ વિભાગીય વિશ્લેષણ સમિતિને જયારે પણ રજૂઆત કરવામાં આવે છે, અરજીઓ આપવામાં આવે છે, આ ખોટા આદિવાસીના સર્ટિફિકેટ ઉપર ખોટા લોકો નોકરીમાં છે, રાજકીય ક્ષેત્રે છે કે શિક્ષણમાં છે એમને બહાર કાઢવા માટેની તજવીજ કરવામાં આવે એવી સન્માનનીય ગૃહ મારફતે સરકારને મારી વિનંતી છે. સમગ્ર આદિવાસી વિસ્તાર શિડ્યુલ એરિયામાં આવે છે અને એને બંધારણનું વિશેષ પ્રાવધાન છે, બંધારણની કલમ-૧૩(૩)(ગ) અને રૂઢિગત ગ્રામસભાને એના અધિકારો આપ્યા છે. પેસા એકટ ૧૯૯૬ મુજબ ન લોકસભા અને ન વિધાનસભા સબસે ઊંચી ગ્રામસભાને પ્રાધાન્ય આપ્યું હોવા છતાં કેવડિયા હોય કે અંબાજી હોય, માલસામઢ હોય, આંબાડુંગર હોય, વાલીયા હોય, ડમલાઇ હોય તમામ જગ્યાએ વિકાસના નામે જે પણ પ્રોજેકટો આવે છે એમાં કોઇપણ ગ્રામસભાની સંમતિ વગર બારોબાર જમીનો લેવામાં આવે છે. મારી આપના માધ્યમથી સરકારને વિનંતી છે કે આવું કરવામાં ના આવે. આ જ પ્રકારે ડેમોમાં અને બીજા પ્રોજેકટોમાં જમીનો આપી છે અને આવનારા દિવસોમાં પણ આ જ પ્રકારે જમીનો લેવામાં આવશે તો આદિવાસી સમાજ કરશે શું? કેન્દ્ર સરકાર પુરસ્કૃત આદિજાતિના વિદ્યાર્થીઓ ધો.૧૨ પછી ઉચ્ચ અભ્યાસ કરી શકે એના માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના હતી. તા.૨૮-૧૦-૨૦૨૪ના રોજ આદિજાતિ વિકાસ વિભાગે પરિપત્ર બહાર પાડી અને મેનેજમેન્ટ કવોટા અને વેકેન્ટ કવોટામાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની સ્કોલરશિપ બંધ કરી દેવામાં આવી છે. આપના માધ્યમથી મારી સરકારને વિનંતી છે કે જે પણ આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરવા માગે છે એમને મેનેજમેન્ટ કવોટા/વેકેન્ટ કવોટામાં પણ આ શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવે. વન અધિકારી અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત જેમની દાવા અરજીઓ મંજૂર કરવામાં આવી છે, એમાં ૧૦ ગુંઠા, ૨૦ ગુંઠા જેટલી જમીનો આપવામાં આવી છે. એ ડિવિઝન હોય, ટ્રાયબલ સબ પ્લાન હોય, ગીર ફાઉન્ડેશન હોય કે જિલ્લા સ્તરીય વન અધિકારી કમિટી હોય આપના મારફત મારી સરકારશ્રીને વિનંતી છે કે જે ખેડૂત જેટલો કબજો ધરાવે છે એની સ્થળ પર માપણી કરીને એ કબજા પ્રમાણેની જમીનો ફાળવવામાં આવે અને જેટલી પણ દાવા અરજીઓ પેન્ડિંગ છે એનો સત્વરે નિકાલ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

આ ગૃહમાં ઘણી વખત નર્મદાના પાણીની વાતો થાય છે. સૌની યોજના, સુજલામ્ સુફલામ્ યોજના, હમણાં સભ્યશ્રીએ કહ્યું કે છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલમાં પણ એનો લાભ આપવાનો છે તે જેમ બને તેમ સત્વરે આપો. મારી આપના મારફત વિનંતી છે કે નર્મદા ડેમમાં નર્મદા જિલ્લાના જે લોકોની જમીનો ગઇ છે એ વિસ્થાપિતોની વસાહતો મારા ડેડિયાપાડામાં જ છે. ત્યાં આજ દિન સુધી નર્મદા ડેમનું પાણી મળ્યું નથી. માનનીય મંત્રીશ્રી અમારા વિસ્તારમાં એક કાર્યક્રમમાં આવ્યા હતા ત્યારે હું પણ હાજર હતો. એમણે કહ્યું કે અમારી સરકાર ગંગાપુર ડેમ બનાવવાનું વિચારી રહી છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ઘાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના પર મારાં સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તાર ઘાનેરામાં આદિજાતિ વસતિ ખૂબ મોટી સંખ્યામાં છે. એ છેવાડાનો પછાત વિસ્તાર છે. એ વિસ્તારમાં આદિજાતિના લોકોને અભ્યાસમાં પણ ખૂબ તકલીફ પડે છે. એ વિસ્તારમાં એકલવ્ય મોડેલ સ્કૂલ આશીર્વાદરૂપ સાબિત થાય તેમ છે તો તે માટે મારી માગણી છે. એ જ પ્રકારે સ્કિલ ડેવલપમેન્ટ માટે પણ અમારા પાથાવાડા

વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં બેરોજગારી છે. એ વિસ્તારમાં સોલરનું કામ છે, ફૂડનું કામ છે અને એગ્રો પ્રોડક્ટને લગતા ટ્રેડ એ વિસ્તારમાં થાય અને એક આઇ.ટી.આઇ. કૉલેજ બને તો એ વિસ્તારના લોકોને એ ખૂબ ઉપયોગી સાબિત થાય એમ છે. એ જ રીતે અમારા દાંતીવાડા વિસ્તારમાં દાંતીવાડા ડેમ, સીપુ ડેમ, બી.એસ.એફ. અને કૃષિ યુનિવર્સિટીઓ આવેલા છે. એના કારણે ત્યાં ખૂબ મોટા પ્રમાણમાં પર્યટકોની અને લોકોની અવરજવર રહે છે. એ વિસ્તારમાં જો એક સર્કિટ હાઉસ બને તો એ બધા જ લોકો માટે ઉપયોગી થાય એવી મારી માગણી છે.

શ્રીમતી મનીષા રા. વકીલ (રાજ્યકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, જગતની ઉત્પત્તિના પાયામાં જો કોઇ સર્વોપરી શક્તિ હોય તો તે નારી છે. કુદરતે સ્ત્રીને મમતા, પ્રેમ અને અપાર સહનશક્તિની ભેટ આપી છે. તે માત્ર એક વ્યક્તિ નથી પણ સંસ્કારોની પાઠશાળા અને પરિવારનો જીવંત પ્રાણ છે. પ્રાચીન કાળથી લઈને અર્વાચીન યુગ સુધી સ્ત્રીએ પોતાના અસ્તિત્વ દ્વારા સાબિત કર્યું છે કે, તે જગતની સૌથી સુંદર અને શક્તિશાળી રચના છે. આજે હું આ સભાગૃહમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ વર્ષ ૨૦૨૬-૨૭ની માગણીઓ રજૂ કરી રહી છું ત્યારે મારા હૃદયમાં ગૌરવ અને અતૂટ વિશ્વાસ છે. આ માત્ર આંકડાઓનો પ્રસ્તાવ નથી પણ ગુજરાતની લાખો માતાઓ અને દીકરીઓનાં સપનાંઓને સાકાર કરવાની એક પવિત્ર પ્રતિબદ્ધતા છે. આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ વિશ્વના મંચ પર વુમન લેડ ડેવલપમેન્ટ એટલે કે મહિલાઓ થકી ડેવલપમેન્ટનો જે નવો મંત્ર આપ્યો છે તે આજે ભારતના વિકાસની નવી ઓળખ બની છે. વર્ષોની પ્રતિક્ષાનો અંત લાવ્યા મોદીજી, લોકસભામાં નારીનો પંચનાદ લાવ્યા મોદીજી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં ભારત સરકારે ઐતિહાસિક નારી શક્તિ વંદન અધિનિયમ પસાર કરીને મહિલાઓ માટે ૩૩ ટકા અનામત સુનિશ્ચિત કરી છે. આ નિર્ણય માત્ર રાજકીય ફેરફાર નથી પરંતુ ભારતની અડધી આબાદીને જે દેશનો નિર્ણય લેવાનો છે એમાં એ લોકો ભાગીદાર થવાના છે. આનાથી મહિલાઓની નીતિ નિર્માણમાં સક્રિય બનશે અને રાષ્ટ્રના વિકાસનો નવો અધ્યાય લખાશે. ગર્વની વાત એ છે કે, ગુજરાતની દીકરી આજે નવી સફળતાની ક્ષિતિજો પાર કરી રહી છે. હવે હું સભાગૃહ સમક્ષ રાજ્યના ભાવિ સમાન બાળકો અને માતૃશક્તિના સ્વાસ્થ્ય સાથે જોડાયેલી મારા વિભાગની અત્યંત મહત્ત્વપૂર્ણ માગણીઓ રજૂ કરું છું. સરળ, સહજ પરંતુ મક્કમ એવા આપણા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના સબળ નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭માં મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂ.૭,૬૮૯ કરોડ ૮૪ લાખની જોગવાઇ કરવા બદલ સમગ્ર રાજ્યની મહિલા અને બાળકો વતી માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. મારા હસ્તકના મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંક-૯૫, ૯૬, ૧૦૫ અને ૧૦૬ એમ કુલ મળીને રૂ.૭,૬૮૯ કરોડ ૮૪ લાખની જે માગણી લઇને આવ્યા છે તે બદલ હું ગર્વની લાગણી અનુભવું છું. આ વર્ષનું અંદાજપત્ર રજૂ થયું છે તેમાં ગુજરાતની નારી શક્તિ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે એક રોડમેપ નિશ્ચિત થયો છે. આ વર્ષે અમે કેટલીક એવી નવી બાબતો લાવ્યા છીએ અને પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે જેનાથી વિભાગની કાર્યપદ્ધતિમાં ક્રાંતિકારી પરિવર્તન આવવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર માત્ર યોજનાઓને અમલમાં મૂકીને સંતોષ માનતી નથી પરંતુ આંગણવાડીમાં આવતા તમામ લાભાર્થીઓ માટે રીઅલ ટાઇમ ટ્રેક એટલે કે એ.આઇ. બેઝ્ડ એટેન્ડન્સ સિસ્ટમ દાખલ કરવા જઇ રહી છે. ગુજરાતમાં આઇ.સી.ડી.એસ.ના કાર્યક્રમ હેઠળ લગભગ ૫૩ હજારથી વધુ આંગણવાડી કેન્દ્રમાં ૪૮ લાખથી વધુ લાભાર્થીઓની ડિજિટલ માહિતી અને ફોટોગ્રાફ્સનો મોટી માત્રામાં ડેટા જનરેટ થાય છે. આ ડેટાનું અસરકારક એનાલિસિસ કરવા માટે રીઅલ ટાઇમ મોનિટરિંગ પોષણ સબંધિત એનાલિસિસ અને કામગીરીના ટ્રેકિંગ માટે એ.આઇ. આધારિત ઇમેજ પ્રોસેસિંગ એનાલિટિક સિસ્ટમ શરૂ કરવાની યોજના માટે રૂ.૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આંગણવાડીમાં આવતાં બાળકો, સગર્ભા બહેનો, ધાત્રી માતાઓનાં પોષણનાં સ્તરનું સતત મોનિટરિંગ કરવા માટે રાજ્ય સરકારે પોષણ પ્રગતિ નિરીક્ષણ કેન્દ્ર સ્થાપવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત રીઅલ ટાઇમ મોનિટરિંગ, આંતરવિભાગીય સંકલન, આંગણવાડીની સેવાઓ, દરેક બાળકના વિકાસનું મૂલ્યાંકન, પોષણ સબંધિત પરિણામો, આંગણવાડીનાં માળખાનું મોનિટરિંગ જેવી તમામ બાબતોનું રીઅલ ટાઇમ મોનિટરિંગ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે નૂતન આંગણવાડીની વાત કરી ત્યારે કહેવાનું મન થાય કે, બાળકનું ઘડતર એ રાષ્ટ્રનું સ્તર. આધુનિક આંગણવાડી એટલે ભવિષ્યનું નંદ ઘર. આંગણવાડી એ માત્ર પોષણ આપવાનું કેન્દ્ર નથી પરંતુ તે બાળકના જીવનના પ્રથમ પાંચ વર્ષ પાયાનું ઘડતર કરતું મંદિર છે. ગુજરાત સરકારના મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીઓના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને માળખાગત સુવિધાઓમાં ક્રાંતિકારી ફેરફાર આવેલા છે. જાન્યુઆરી, ૨૦૨૫થી આજ દિન સુધી લગભગ એક હજારથી પણ વધુ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬-૨૭માં આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે કુલ રૂ.૩૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ટેકનોલોજીનો સાથ, વિકાસની નવી વાત, આંગણવાડી બની સ્માર્ટ, બદલાયો ગુજરાતનો ઘાટ. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ આઇ.સી.ડી.એસ. અંતર્ગત ટેકનોલોજીના માધ્યમથી સચોટ, પારદર્શક અને પરિણામલક્ષી આંગણવાડીઓ બનશે. આંગણવાડી એ બાળકના પાયાના શિક્ષણ અને પોષણનું કેન્દ્ર છે. આ ટેકનોલોજીના પ્રવેશથી વહીવટી પારદર્શિતામાં મોટો ઉછાળો આવવાનો છે. સ્માર્ટ અને ડિજિટલ લર્નિંગની વાત કરી.

ટેકનૉલૉજીના યુગમાં આપણી આંગણવાડીઓ સ્માર્ટ બની રહી છે ત્યારે લર્નિંગ બાય ડુઇંગના માધ્યમથી શિક્ષણ આપવામાં આવે છે. આનાથી બાળકોને વાર્તાઓ, સારાં ગીતો અને પાયાનું જ્ઞાન ખૂબ સરળતાથી અને રસપ્રદ રીતે એટલે કે ઇનોવેટિવ ટીચિંગ અને ક્રિએટીવ મેથડ્સથી ભણાવવામાં આવશે. હાઇજેનિક સુવિધા એટલે કે સારું શૌચાલય, પીવાનું શુદ્ધ પાણી અને કિચન ગાર્ડનની વ્યવસ્થાથી ટેકનૉલૉજીયુક્ત આંગણવાડીઓ બની રહી છે. રમતગમતનાં ખૂબ સુંદર સાધનો પણ વસાવવામાં આવ્યાં છે. કૉંગ્રેસની અંધારી આંગણવાડી વિરુદ્ધ ભાજપની સ્માર્ટ આંગણવાડી. કૉંગ્રેસના સમયમાં આંગણવાડી એટલે જૂનું પૂરાણું મકાન, અંધારિયો ઓરડો, બાળકોના પોષણમાં માત્ર અને માત્ર પોકળ વાતો અને તેમના સમયમાં યોજનાઓ માત્ર કાગળ પર હતી અને ભ્રષ્ટાચારના કૂવામાં હોમાઇ જતી હતી પરંતુ આજે ગુજરાતની આંગણવાડીઓ સ્માર્ટ અને ડિજિટલ બની છે. હવે અમારા બાળકો આ સ્માર્ટ આંગણવાડીમાં ભણશે.

માનનીય અધ્યક્ષશ્રી, ''દીકરી એટલે તુલસીનો ક્યારો અને ઘર આખાનો મીઠો સથવારો.'' આ પંક્તિને સાર્થક કરવા માટે અમારી સરકાર વ્હાલી દીકરી યોજના અંતર્ગત જે દીકરીઓ ચોથા ધોરણમાં આવે છે તેને રૂ.૪ હજાર, નવમાં ધોરણમાં આવે છે એટલે રૂ. ૬ હજાર અને ૧૮ વર્ષની થાય ત્યારે કુલ ૧ લાખ ૧૦ હજારની સહાય આપવામાં આવે છે. હમણાં માનનીય કંચનબેને આ યોજનાની વિસ્તૃત માહિતી આપી. ખૂબ સારી રીતે આપી. હવે દીકરી પિતા પર બોજ નથી પણ હવે ઘરની લક્ષ્મી છે અને જે લોકો પૂછે છે કે શું બદલાયું છે? એમને કહેવા માગું છું કે હવે આ દીકરીઓ બાલિકા પંચાયત ચલાવશે અને ગામનો વહીવટ હવે ૧૮ વર્ષની દીકરી નક્કી કરે એ આ લોકશાહીનું બદલાતું ચિત્ર છે. બાલિકા પંચાયતની અમે જયારે વાત કરીએ છીએ ત્યારે આ યોજના થકી અમે લોકશાહીમાં દીકરીઓની ભાગીદારી કેવી રીતે હોવી જોઇએ એનો નિર્ણય કરીએ છીએ. ગામનું ગૌરવ વધારશે દીકરીઓ. લોકશાહીના પાઠ ભણશે હવે દીકરીઓ. આ બાલિકા પંચાયત એટલે શું? બાલિકા પંચાયત એ માત્ર નામ પૂરતી સંસ્થા નથી પણ ૧૧થી ૨૧ વર્ષની કિશોરીઓ દ્વારા સંચાલિત એક લોકશાહીનું માળખું છે. જેમ ગ્રામ પંચાયત હોય તેમ દીકરીઓ પોતાના સરપંચ અને સભ્યોની ચૂંટણી પણ કરશે. આ પ્રક્રિયા દ્વારા ચૂંટણી પદ્ધતિ, મતનું મહત્ત્વ, ચૂંટણી પ્રક્રિયાની માહિતી અને નેતૃત્વના ગુણ શીખવાડવામાં આવશે. બાલિકા પંચાયતની દીકરીઓ ગામમાં મહત્ત્વના પ્રશ્નો જેવા કે, દીકરીઓનું શિક્ષણ, ડ્રોપ આઉટ રેશિયો, સ્વચ્છતા, બાળલગ્ન જેવી કુપ્રથા હટાવવી અને સાથે-સાથે પોષણ માટે શું કરી શકાય એના પર ધ્યાન કેન્દ્રિત કરશે. આવા વિષયો પર ચર્ચા કરીને નિર્ણયો પણ લેશે. ટૂંકમાં કહેવાય કે, આ દીકરીઓ ડિસીઝન મેકિંગમાં ભાગ લેવાની છે. જ્યારે પૂરક પોષણની વાત આવે છે આઇ.સી.ડી.એસ. દ્વારા લાભાર્થીનાં બાળકોને આપવામાં આવતાં પૂરક પોષણ માટે માત્ર ત્રીજા ભાગનું જ જમવાનું સરકાર દ્વારા સપ્લીમેન્ટરી ફૂડ તરીકે મૂકવામાં આવ્યું છે. બાળકના પોષણમાં માતા-પિતા અને કુટુંબની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ હોય છે અને બાકીના આહારનો જથ્થો પરિવારમાંથી ઉપલબ્ધ થાય એ પણ જરૂરી છે. સમયસર સ્તનપાન કરાવવું, યોગ્ય પૂર્વ આહાર, સ્વચ્છતા, સંપૂર્ણપણે રસીકરણ થયું છે કે નહીં આ બધા જ વિષયોનું ધ્યાન આજે પરિવારજનોએ રાખવાનું હોય અને આ અંગે જાગૃતતા પણ લાવવાના અમે પ્રયાસ કરી રહ્યા છીએ. જ્યારે કોઇ બાળક કુપોષણના કારણે પાછળ રહી જાય ત્યારે એક માતા તરીકે સંવેદના જાગે છે. એટલે જ ઓછાં વજનવાળાં બાળકોના માતા-પિતાને માર્ગદર્શન આપવું, આવા બાળકોને હેલ્થ ડિપાર્ટમેન્ટને સાથે રાખીને સ્પેશિયલ ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. આ માટે રૂ.૧૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ પોષણસંગમ શરૂ થયું છે ત્યારે અમારો વિભાગ ખૂબ સારી કામગીરી કરી રહ્યો છે. આ ફક્ત સરકારી કાગળ પરની યોજના નથી પણ એક જન આંદોલન બની ગયું છે અને પોષણ મૉં અને પોષણ પખવાડિયા જેવા કાર્યક્રમો દ્વારા ગામે-ગામના લોકો તંદુરસ્ત જીવનશૈલી વિશે જાગૃતતા કેળવી રહ્યા છે. જે લોકોએ ૭૦ વર્ષ સુધી દેશના ગરીબોને માત્ર સૂકા રોટલાનાં સપનાં બતાવ્યાં એમને આજે ગુજરાતનું આ પોષણનું મોડલ દેખાતું નથી. એમના શાસનમાં બાળકો કુપોષિત હતાં, એમની યોજનાઓ પણ કુપોષિત હતી. કાગળ પર દૂધની નદીઓ વહેતી પણ ગરીબના બાળક સુધી એક ટીપુંય દૂધ નહોતું પહોંચતું. આજે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ભા.જ.પ. સરકારમાં પોષણ સંગમમાં પારદર્શિતા આવી છે. હવે પૈસા સીધા લાભાર્થીના ખાતામાં જાય છે અને પોષણ સીધું બાળકના પેટમાં જાય છે. હું વિપક્ષને વિનંતી કરું છું કે આ મુદ્દે રાજકારણ ન કરીએ પરંતુ સમાજના ભવિષ્ય માટે સૌ સાથે મળીને કામ કરીએ. કારણ કે, સુપોષિત બાળક એ મજબૂત ગુજરાત અને મજબૂત ભારતનું નિર્માણ કરશે. સચોટ મોનિટરિંગ અગાઉ આંગણવાડીના રજિસ્ટર નિભાવવામાં ઘણો સમય જતો હતો એટલે....

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી બોલતા હોય ત્યારે શાંતિથી સાંભળો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, કાન્તીભાઇ બહું જ ડિસ્ટર્બ કરે છે. સચોટ મોનિટરિંગ અગાઉ આંગણવાડીના રજિસ્ટરોમાં નિભાવવામાં ઘણો સમય જતો હતો પરંતુ, હવે પોષણ ટ્રેકર આવ્યું છે. મારે કહેવું છે કે, વિપક્ષના લોકો વર્ષ ૨૦૧૯ના ડેટા લઇને બધી જ જગ્યાએ દુષ્પ્રચાર કરી રહ્યા છે. એન.એચ.એફ.એસ.નો ડેટા વર્ષ ૨૦૧૯નો છે. પોષણ ટ્રેકર લોન્ચ કરવામાં આવ્યું ત્યારે પોષણ ટ્રેકર દરેક મહિનામાં બાળક કેટલું સુપોષિત છે, કેટલું પોષણ વધ્યું છે? કેટલું વજન ઘટ્યું છે આ બધી જ વસ્તુની તપાસ દર મહિને કરવામાં આવે છે એમાં અમે ખૂબ સારી પ્રગતિ કરી છે એટલે તમે તમારા નોલેજને અપડેટ કરો. એચ.એચ.એફ.એસ.ના વર્ષ ૨૦૧૯ના ડેટા અહીં ના મૂકશો. તમે ગેરમાર્ગે દોરી રહ્યા છો. તમારા શાસનમાં આંગણવાડીના ચોપડાઓમાં ઉઘઇ થઇ જતી હતી અને અમે પોષણ ટ્રેકર લાવ્યા છીએ. અમે ટેકનૉલૉજીનો ઉપયોગ કરીએ છીએ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અનંતભાઇ, તમને બધાએ ખૂબ શાંતિથી સાંભળ્યા છે. આપ પણ શાંતિથી સાંભળો. તમને તક આપીશું. અત્યારે તમે શાંતિ જાળવો.

શ્રીમતી મનીષા ર. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી મિનિટ ઓછી થાય છે. કૉંગ્રેસના રાજમાં ભ્રષ્ટાચારનું ટ્રેકર ચાલતું હતું આજે ભા.જ.પ.ના રાજમાં પોષણનું ટ્રેકર ચાલે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, આપ બેસી જાઓ. આપ બેસી જાઓ. આપ કોમેન્ટ કરશો એટલે જવાબ આવશે.

શ્રીમતી મનીષા ર. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઇમરાનભાઇ, આ હકીકત છે. તમારી આંગણવાડી શું હતી? આપ બેસી જાઓ. જે આંકડો અહીંયા આપવામાં આવ્યો એ સભ્યશ્રી ઉપસ્થિત નથી. મારે નામ નથી લેવું. એમણે જે આંકડો આપ્યો કે ૧૦૦માંથી ૪૦ ટકા બાળકો કુપોષિત છે એ તદ્દન ખોટું છે. હું જાન્યુઆરી વર્ષ ૨૦૨૬ના આંકડા બતાવું છું. એન.એચ.એફ.એસ.ના વર્ષ ૨૦૧૯ના ડેટામાં એવું કહે છે કે ૪૦ ટકા કુપોષિત છે જે ખોટું છે. અમે દર મહિને સુધારો કર્યો છે. આજે જાન્યુઆરી ૨૦૨૬માં ૧૧.૪ ટકા જ કુપોષિત રહ્યું છે. એટલે લગભગ ૨૮.૩૦ ટકાનો ઘટાડો થયો છે. અમે વારેઘડિયે આ વસ્તુ કહીએ છીએ પણ એમને સાંભળવું નથી. આજે અમે દસમા સ્થાન ઉપર છીએ. (અંતરાય) આ તમારે સાંભળવું પડે. મને ગર્વ છે કે જનઆંદોલન તરીકે પોષણ માસની ઊજવણીમાં ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, સાંભળો કારણ કે કુપોષિત બાળકનું કોઇ પોસ્ટર બીજાનું હતું અને ગુજરાતમાં પ્રસિદ્ધ થયેલું હતું એટલે વાત સાંભળો. (અંતરાય) શાંતિ જાળવો. શ્રી ઇમરાનભાઇ, વારંવાર કહેવાનું ઠીક નથી. માનનીય મંત્રીશ્રી, એક મિનિટ. કુપોષિત બાળક ઉપર એમને બોલવાનો અધિકાર છે. કુપોષિત બાળક કયાંકનું હતું અને ગુજરાતમાં ચિત્ર બતાવેલું હતું એટલે એમને બોલવાનો અધિકાર છે એમાં આપણે ડિસ્ટર્બ ના કરીએ. માનનીય મંત્રીશ્રી, આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રીમતી મનીષા ર. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આરોપ લગાવવો બહુ સરળ છે પરંતુ જમીનીસ્તર ઉપર જઇ માતાઓ અને બાળકો માટે કામ કરવું ખૂબ અઘરું હોય છે. સાચી સેવા કરવી હોય તો બાળકો અને માતાની સેવાઓ કરવી જોઇએ. અહીંયા સ્ટેટમેન્ટ ના આપવા જોઇએ. અમારા ધારાસભ્યશ્રી અને સંસદ સભ્યશ્રીઓ દર મહિને અમારી આંગણવાડીઓમાં જાય છે. આંગણવાડીમાં સરસ મજાની સુખડી અને પૂરક આહાર આપે છે. વિપક્ષને જો ચિંતા હોય તો તેઓએ ત્યાં જવું જોઇએ. આંગણવાડીની વિઝિટ કરવી જોઇએ અને લોકભાગીદારીમાં જે કામ થાય છે એમાં જોડાવવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગે આંગણવાડીમાં પૂરક પોષણ આહાર એટલે કે (ટી.એચ.આર.) વિતરણ વ્યવસ્થામાં ક્યુઆર કૉડ ટેકનોલોજીથી ઉપયોગ કરીને એક નવો માઇલસ્ટોન સ્થાપિત કર્યો છે. આ બ્લેક એન્ડ વ્હાઇટ કૉડ ખૂબ જરૂરી છે. આજે બાળકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આ ડિજિટલ કવચ બન્યો છે. આ ક્યુઆર કોડના લીધે ટી.એચ.આર. ઉપર મૂકવામાં આવશે એના લીધે બાળભોગ, માતૃશક્તિ, પૂર્ણા જેવા પેકેટો આપવામાં આવે છે આ રાશન માત્ર અનાજ નથી પરંતુ તેમાં જરૂરી વિટામિન્સ, મિનરલ્સ અને પ્રોટીન હોય છે. આ યોગ્ય મિશ્રણ કરીને આનાથી અલગ-અલગ સરસ મજાની વાનગીઓ બનાવે છે. એમાં હાંડવો, મુઠિયા, થેપલા, સુખડી બને એટલો પૌષ્ટિક આહાર બને છે. એ લોકો તો ચાખવા ગયા નથી. સહેજ ટેસ્ટ કરવા જેવો છે.

ઉપાધ્યક્ષશ્રી : આપણે પ્રાકૃતિક ખેતીનું પ્રદર્શન એટલે જ કર્યું હતું કે વિવિધ પ્રાકૃતિક આઇટમો મળે.

શ્રીમતી મનીષા ર. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આધુનિક યુગમાં ટી.એચ.આર.નું વિતરણ અત્યંત પારદર્શી બન્યું છે અને કનેક્ટિવિટી છે ત્યારે વન ટાઇમ પાસવર્ડ અને ઓ.ટી.પી. દ્વારા આ ટી.એચ.આર. પેકેટનું આપણે રીયલ ટાઇમ મોનિટરિંગ કરી શકીએ છીએ. અમે વહીવટમાં પારદર્શિતા લાવવા માટે સ્પેશિયલ રેસિન્ગનેશન સિસ્ટમ (એસ.આર.એસ) લઇને આવ્યા છીએ. હવે લાર્ભાથીને લાભ મળે છે કે નહીં તે એસ.આર.એસ દ્વારા નક્કી કરવામાં આવશે. આના માટે (અંતરાય) રૂ.૯૭૫ કરોડ ૪૭ લાખની સૂચિત નાણાકીય જોગવાઇ કરવામાં આવેલી છે.

ઉપાધ્યક્ષશ્રી : અંદર-અંદર અવાજ નહીં.

શ્રીમતી મનીષા ર. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે દૂધ સંજીવની યોજનાની વાત કરવી છે. એક સમય હતો જ્યારે ગુજરાતના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં કુપોષણ અને એનિમિયા એ એક ગંભીર સમસ્યા હતી.દૂધ સંજીવની યોજનાની સફળતાએ આખું ચિત્ર બદલી નાખ્યું છે. ૨૦૦ મિ.લિ. ઇલાયચી ફ્લેવર્ડ દૂધ, હું અને મારા અધિકારીઓ અમે ગયા હતા, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, તમે બેસો. વારંવાર ડિસ્ટર્બ ન કરો. બેઠા બેઠા કોમેન્ટ ન કરો. બેસી જાઓ. મારે તમને ઠપકો ન આપવો પડે. ત્રીજી-ચોથી વખત ઊભા થઇ ગયા છો.

શ્રીમતી મનીષા ર. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ખોટું બોલે છે. મને પાંચ મિનિટ વધારે આપજો. મારો સમય બગાડ્યો છે. (અંતરાય) કુપોષણની વાત આવે છે. અહીંયા તો બધા સુપોષિત છે. ત્યાં માત્ર ૧૫ કે ૧૭ છે. કુપોષિત તો કોંગ્રેસ થઇ ગઇ છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમે કોમેન્ટ કરશો તો પછી આવી અપેક્ષા રાખવી પડશે. એમને પણ કહીએ છીએ કે આપ માગણી પર બોલો. (અંતરાય) શ્રી ઇમરાનભાઇ, વારંવાર તમને કહ્યું છે. આપ વચ્ચે કોમેન્ટ ન કરો. આપ બેસી જાઓ. શ્રી શૈલેષભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રી આપ બેસો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમનો જવાબ આપી રહ્યા છે અને સરકારની સાચી હકીકત છે એ હકીકત એમણે વિધાનસભા ગૃહમાં મૂકવી જ જોઇએ. પણ જે હકીકત વિપક્ષ તરીકે કોઇ મિત્રો કરતા હોય એની ગંભીર નોંધ પણ લેવી જોઇએ. વિપક્ષની બાબતમાં એમણે કોંગ્રેસની બાબતમાં ટીકા કરી કે અમે ઓછી સંખ્યામાં છીએ. અમે કુપોષિત છીએ. અમને કશો વાંધો નથી પણ તમારા ગુજરાત સરકારની જવાબદારી આવે છે કે રાજ્યમાં આજે પણ સમગ્ર દેશના સૌથી વધારે કુપોષિત ૧૦ જિલ્લામાંથી આપણા રાજ્યના ૪ જિલ્લા કુપોષિતમાં આવે છે. એની ગુજરાત સરકારે ચિંતા કરવી જોઇએ. ગુજરાતની પ્રજાએ તમને સત્તા પર બેસાડ્યા છે એ પોષણ આપવા માટે બેસાડ્યા છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : હું એન.એચ.એફ.એસ.ના આંકડા મૂકી રહી હતી ત્યારે માનનીય શૈલેષભાઇ ઉપસ્થિત ન હતા. હવે આવ્યા છે. સને ૨૦૧૯-૨૦ના ડેટા લઇને વાત ન કરી શકાય. આજે પાંચ વર્ષ પછી શું પરિસ્થિતિ છે એનો એમને ખ્યાલ હોવો જોઇએ. જૂના ડેટાનું રટણ ના કરવું જોઇએ. હું ફરી શ્રી શૈલેષભાઇને કહેવા માગું છું કે ઓછા વજનવાળા એ લોકો કહે છે કે ૪૦ ટકા હતા. આજે અમે માત્ર ૧૧.૪ ટકા પર આવ્યા છીએ. ૨૮.૩૦ ટકાનો ઘટાડો થયો છે. આટલું બધું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કુપોષણ માટે કરી રહી છે. અમે તો સુપોષિત ગુજરાત તરફ આગળ વધી રહ્યા છીએ. એટલા માટે જ આ બધી યોજનાઓ માટે અમે પૈસાની માગણી કરી રહ્યા છીએ. ૨૦૦ એમ.એલ. જે દૂધ આપવામાં આવે છે એ ફ્લેવર્ડ અને પેશ્ચ્યુરાઇઝ્ડ દૂધ હોય છે. પ્રોટીન અને કેલ્શિયમયુક્ત હોય છે. એના લીધે બાળકોની હાજરીમાં પણ વધારો નોંધાયો છે. અમૂલ અને સુમુલ જેવા ડેરી સેકટરો આમાં કામ કરી રહ્યાં છે. દૂધ સંજીવની યોજના દ્વારા દરરોજ દૂધ મળવાથી બાળકોના પોષણનું સ્તર પણ નોંધપાત્ર રીતે વધ્યું છે. સને ૨૦૨૬-૨૭ માટે આ યોજનામાં લાભાર્થીઓની સંખ્યા વધીને લગભગ ૧૩.૫૦ લાખનો લક્ષ્ય પૂરો કર્યો છે. આના માટે રૂપિયા ૨૦૫ કરોડની જોગવાઇ આ વર્ષે કરી છે. પોષણસુધા યોજના સને ૨૦૨૨-૨૩માં આવી અને એને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના તરીકે લાવવામાં આવી હતી. અમારો ધ્યેય હતો કે જે સગર્ભા બહેનો હોય એને આગળના એક હજાર દિવસ ખૂબ જરૂરી હોય છે. બેન સગર્ભા થાય અને બાળક જન્મે એ બે વર્ષ દરમિયાન પ્રોટીન અને કેલ્શિયમ એને મળવું જોઇએ એ હેતુથી આ યોજના ચાલુ કરવામાં આવી. એને બરાબર અનાજ મળી રહે એની પણ ચિંતા કરી. કોઇ પણ ઘરમાં કોઇપણ રીતે અનાજની કમી ના રહે અને ગુજરાતના દરેક ઘરમાં લગભગ જ્યાં સગર્ભા બહેનો હશે ને ૨ વર્ષ સુધીનું બાળક હશે તો બે કિલો ચણા, એક કિલો તુવેરદાળ અને એક લિટર સિંગતેલની વ્યવસ્થા સરકારે કરી છે એના માટે રૂ.૨૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આંગણવાડી કાર્યકર્તા અને તેડાગર બહેનોની વાત કરું તો અમે ઓનલાઇન પારદર્શક પ્રક્રિયા પૂરી કરીને ૯૦૦૦ જેટલી વધુ બહેનોની આ વર્ષે ભરતી કરી છે. સરકાર દ્વારા તેમને વિશેષ તાલીમ પણ આપવામાં આવશે. બાળકોનું ધ્યાન રાખતાં રાખતાં એક કુશળ શિક્ષિકા તરીકે અમારી બહેનો ઊભરી આવી છે. આજે આંગણવાડીમાં આગણવાડી વર્કર અને તેડાઘરની બહેનો કામ કરી રહી છે એમના પ્રયત્નોના લીધે આજે આપણા ગુજરાત રાજ્યમાં ઓછું વજન ધરાવતાં બાળકોમાં ૨૮.૩૦ ટકા જેટલો ઘટાડો થયો છે. અમે આ બહેનોનું સન્માન કરીએ છીએ. જ્યારે વિપક્ષ વાત કરે છે તો એમને ખબર હોવી જોઇએ કે તમે આંગણવાડી બહેનોનું અપમાન ના કરી શકો. બિચારી પાંચ-પાંચ કલાક કામ કરીને આ બાળકોને કુપોષણમાંથી બહાર કાઢે છે. રાજ્યની ૫૩,૦૦૦થી વધારે આંગણવાડીઓમાં અંદાજે ૧૪ લાખ જેટલાં બાળકોને માત્ર પૂરક પોષણ નથી મળતું પણ પ્રેમ, હૂંફ અને સુરક્ષાભર્યું વાતાવરણ મળે છે. બાળક એ માટીનો પીંડ હોય છે એને જેવો ઘાટ આપો એવો એ બની જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મને પાંચ મિનિટ આપજો, બહુ ઇમ્પોર્ટન્ટ વિષય છે.

માનનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે પા-પા પગલીની, બાળક જ્યારે પહેલીવાર પા-પા પગલી માંડે છે ત્યારે એને મજબૂત ટેકો જોઇતો હોય છે. આંગણવાડીમાં જાય છે ત્યારે એના આહારનું તો ધ્યાન રાખવામાં આવે છે સાથે સાથે એના શિક્ષણનું પણ ધ્યાન રાખવામાં આવે છે. પા-પા પગલી પ્રોજેકટ માટે રૂ.૧૪ કરોડ ૫૮ લાખની બજેટમાં જોગવાઇ કરી છે. આની સાથે સાથે આધારશિલા એની ફી ૨૦૧૯ સાથે રહીને અમે આધારશિલાનો આખો સીલેબસ તૈયાર કર્યો છે. એની સાથે સાથે મારી વિકાસ યાત્રા એટલે રિપોર્ટ કાર્ડ બનશે. રિપોર્ટ કાર્ડ એટલે શું? એનું પર્ફોમન્સ. સાહેબ, એ અક્ષર, શાક અને ફળ ઓળખી શકે છે કે નહીં. સાહેબ, એને કોન્ફીડન્સ છે કે નહીં. તે રમત-ગમતમાં રસ લે છે કે નહીં. સાહેબ, આ બધા જ ઘોરણો જોવામાં આવશે. મને બહુ આનંદ થાય છે કે બહુ સરસ રિપોર્ટ કાર્ડ બન્યું છે. મારે કહેવું પડે છે કે જ્યારે કોંગ્રેસના રિપોર્ટ કાર્ડની વાત આવે ત્યારે બધા જ સબ્જેક્ટમાં ડી-ગ્રેડ આવે એનું કારણ એ છે કે એમના જે પ્રિન્સિપાલ છે એ હજુ પણ બાલવાટિકામાં ભણે છે. સાહેબ, આ અમારું રિપોર્ટ કાર્ડ જુઓ તો લોકોએ અમને જે ગ્રેડ આપ્યા છે એ-પ્લસ ગ્રેડમાં જઇએ છીએ. એની સાથે સાથે ૧૮૧ અભયમની વાત કરું તો જ્યાં જરૂર હોય ત્યાં ત્વરિત મદદ પહોંચે છે. રેસ્ક્યુ વાન પહોંચે છે અને જે મહિલાઓને છેડતી અને માનસિક ત્રાસ હોય આ બધામાં મદદ મળે છે. એની સાથે સાથે ૨૭૦ જેવી નારી અદાલત પણ ચાલે છે, ૩૦૦૦ જેવા કેસો અમે સફળતાપૂર્વક પાર કર્યાં છે. મારું ખાસ કહેવું છે કે આપણે ધારાસભ્ય કે સાંસદ હોઇ. (અંતરાય) સાહેબ, બે મિનિટ. ત્યારે આપણા તરફથી પણ કંઇક તો યોગદાન આપવું પડે. અમારા દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની ગાંધીનગર લોકસભામાં લગભગ વર્ષ ૨૦૨૧થી ખૂબ સારું કામ કરી રહ્યાં છે. પ્રેગનન્ટ બહેનો અને બાળકોના માટે ખાસ

પોષણયુક્ત આહાર બનાવીને એમને આંગણવાડી સુધી પહોંચાડવામાં આવે છે. આ રીતે સમાજનું કામ નેતાઓએ કરવું જોઇએ. આ પ્રશ્ન છે એ કંઇ રાજનીતિ કરવાનો પ્રશ્ન નથી. અમે તો કહીએ છીએ કે અમારી સાથે આવો અને જ્યાં કોઇ બાળકનો જન્મદિવસ હોય,અરે, માનનીય શૈલેષભાઇ તમારો જન્મદિવસ હોય તો તમારે પણ ત્યાં આંગણવાડીમાં ઊજવવો જોઇએ અને અમને બધાને બોલાવવા જોઇએ. આ રીતે અમે લોકો આ વિષયમાંથી બહાર નીકળી શકીશું. માનનીય શૈલેષભાઇ, અમારી સરકાર ખૂબ સારી રીતે કામ કરી રહી છે અને છેલ્લે એક જેન્ડર રિસોર્સિસની વાત કરવી છે એ રહી જાય તો ના ચાલે. મારા પ્રવચનના અંતિમ તબક્કામાં વાત કરવા માગું છું કે જેન્ડર બજેટ, હમણાં શ્રીમતી કંચનબેન કહેતા હતા કે અલગ અલગ ડિપાર્ટમેન્ટમાંથી અલગ અલગ સ્કીમો દ્વારા બહેનોને લાભ આપવમાં આવે છે એનો હિસ્સો ૩૭.૪ ટકા છે. ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યના કુલ બજેટની સામે જેન્ડર બજેટનો હિસ્સો ૩૯ ટકા રહ્યો અને આ બજેટમાં ૬૭૦ જેટલી મહિલાલક્ષી યોજનામાં સમાવેશ થયો છે. આ આંકડો સ્પષ્ટ કરે છે કે ભારત સરકારના ૬.૮ ટકા સરેરાશ બજેટની સામે ગુજરાત અનેકગણું આગળ છે. સરકારની આ મૃદુતા મહિલાના ઉત્થાન માટે મક્કતાપૂર્વક પરિણામ લાવી રહી છે. હું એક કવિતા બોલીને મારું પ્રવચન પૂરું કરું છું.

'' ખોટાના અવાજથી શોર તો ઘણો થાય છે, પણ સત્યનો દીવો કદી બૂઝાતો નથી.
આરોપોના તીર તો રોજ છૂટે છે, પણ કામનો કિલ્લો કદી તૂટતો નથી.
કેટલા શબ્દોથી માહોલ બનાવે છે, અમે સેવાથી વિશ્વાસ જીતીએ છીએ.
ખોટું બોલવું જેમનો સ્વભાવ બની ગયો છે અને સત્ય દેખાય તો સ્વીકારાતું નથી.
સમય આવે ત્યારે દર્પણ બધું બતાવે છે, ખોટા શબ્દોના અવાજ આપોઆપ થંભી જાય છે અને
અમે કામના માર્ગે ચાલતા રહીશું કારણ કે જનતાનો વિશ્વાસ એ જ અમારી સાચી જીત અને શક્તિ છે'' આભાર.

શ્રી નરેશભાઇ મ. પટેલ (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે આ ગૃહની અંદર મારા શીર્ષ નેતૃત્વએ બીજી વખત કેબિનેટ મંત્રી તરીકે જવાબદારી આપ્યા પછી હું આદિજાતિ વિભાગની માગણી નંબર-૯૩ અને ૯૬ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો મારા શીર્ષ નેતૃત્વનો હું આભાર માનું, મારી મોંનો પણ હું આભાર માનું કે હું અહીંયા સુધી પહોંચાડ્યો અને આજે જયારે ગુજરાતની અંદર ઉમરગામથી અંબાજી સુધીનો અમારો આદિવાસી પટ્ટો ૧૪ જિલ્લા, ૫૮ તાલુકા ૫૮૮૪ જેટલા ગામો અને છૂટોછવાયો જે વિસ્તાર છે અને શહેરમાં રહેતો વિસ્તાર પણ છે એવા વિસ્તારમાં રહેતા આદિવાસીઓની વસતિ ૧ કરોડથી પણ વધારે થવા જઇ રહી છે એવા સમાજની જયારે મને સેવા કરવાની તક મળી છે એનો મને આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજ આદિ અનાદિકાળથી તેની સંસ્કૃતિ, પ્રકૃતિ, પર્યાવરણની જાળવણી કરતો આવ્યો છે. આદિવાસી સમાજ લડાયક પણ છે, જરૂર પડે તો સમાજ કે દેશ માટે જયાં લડવું પડે ત્યાં લડે પણ છે. એટલા માટે આઝાદીની લડાઇમાં પણ દેશમાં જયાં જયાં અંગ્રેજો સામે લડવું પડયું ત્યાં લડીને આદિવાસી સમાજે ખૂબ મોટું યોગદાન આપ્યું છે. આજે ૧૨મી માર્ચ છે, આ બહુ યાદગાર દિવસ છે. પૂજય મહાત્મા ગાંધીજીની આગેવાનીમાં ૧૨મી માર્ચ,૧૯૩૦ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડીયાત્રા શરૂ થઇ હતી. આજે ૧૨મી માર્ચે તેની વર્ષગાંઠ છે. ગાંધીજી અને તેમના ૭૮ અનુયાયીઓ લગભગ ૩૯૦ કિલોમીટરનું અંતર કાપીને અમારા આદિવાસી જિલ્લાના નવસારીના દાંડી ખાતે ૬ એપ્રિલ, ૧૯૩૦ના રોજ પહોંચી મીઠાના કાયદાનો ભંગ કરીને ''મૈને નમક કા કાનૂન તોડ દીયા'' એમ કહીને આજથી હું બ્રિટિશ સામ્રાજય ઇમારતના પાયામાં લૂણો લગાડું છું એ મહાત્મા ગાંધીજીના શબ્દો હતા. આજે ખૂબ મહત્ત્વનો દિવસ છે ત્યારે આજના પ્રસંગે સમગ્ર આદિવાસી સમાજમાં જેમનું ભગવાન તરીકે સ્થાન છે એવા ભગવાન બિરસા મુંડાજીને પણ હું વંદન કરું છું તેમજ માનગઢ, પાલગઢ, વાવ વગેરે સ્થળોએ આઝાદી માટે બલિદાન આપનારા મહાન શહીદોને પણ હું વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામથી અંબાજી સુધી વસતા આદિવાસી સમાજમાં મોં અંબાજીના આશીર્વાદ સાથે, શબરીમાતાના પણ આશીર્વાદ છે, ઉનાઇ માતાના પણ આશીર્વાદ છે, મોં પાંડુરી માતાના પણ આશીર્વાદ છે, પાવાગઢ મોં કાલિકા માતાના પણ આશીર્વાદ છે. આમ, જોઇએ તો આ તમામ માતાઓએ પણ અમારા આદિવાસી પટ્ટાને પસંદ કર્યો છે અને એવા સ્થાનકો આવ્યા છે કે જયાં હજારો પ્રવાસીઓ આજે ત્યાં પ્રવાસે આવી રહ્યા છે. આ ગૃહની અંદર અનેક મંત્રીઓએ પણ કામ કર્યું છે, અનેક મુખ્યમંત્રીની આગેવાનીમાં ઉમરગામથી અંબાજી સુધી બધા લોકોને કામ કરવાનો અવસર મળ્યો છે અને જે જે મંત્રીઓએ ખૂબ સારાં કામ કર્યાં છે એમના યોગદાનને પણ હું આજના દિવસે ભૂલી શકતો નથી. એમને હું શુભેચ્છાઓ પાઠવું છું અને મારી વાતને શરૂ કરું એ પહેલાં મારા વિભાગ પર મારા સાથી સભ્યો માનનીય વિજયભાઇએ બહુ સારી વાત કરી છે. માનનીય નિમિષાબેને પણ એમની વાતમાં મોટા ભાગની વાતો આવરી લીધી છે, માનનીય જીતુભાઇ ચૌધરી, માનનીય જયંતિભાઇ રાઠવા, માનનીય અનંતભાઇ, માનનીય કાંતિભાઇ, માનનીય ચૈતરભાઇ અને માનનીય જીજ્ઞેશભાઇ મેવાણીએ પણ વાત મૂકી છે. હું મારી વાત કરું એ પહેલાં

'' હો ભલે પડકારો અનેક અમે નહીં અટકવાના,
લાંઘશું અમે સીમાઓ અને લાંઘશું આકાશ,

જંગલ, નદી, પર્વત કુદરતના ખોળે છે વિશ્વાસ,
આદી છીએ અનાદી છીએ ઉડાન ઉંચે ભરવાના
અમે નહીં અટકવાના, અમે નહીં અટકવાના.''

આ ગૃહના તમામ સભ્યોને અને નવા સભ્યોને પણ જાણવાનું મળશે. સન ૧૯૬૧માં મહારાષ્ટ્રથી અલગ પડેલું આપણું રાજય, માનનીય કાન્તીભાઇ, આ ભૂતકાળ પણ જોવા જેવો છે. એ સમયનું બજેટ કેટલું હતું? આદિજાતિ વિભાગ અને સમાજ કલ્યાણનો વિભાગ સંયુકત હતો તે સમયે ૫૮ કરોડ રૂપિયાનું લગભગ બજેટ હતું. મને બરાબર ખ્યાલ છે, ભૂતકાળના ૩પથી ૪૦ વર્ષના શાસનમાં છ થી સાડા છ હજાર કરોડ રૂપિયા ખર્ચાયા. ઉમરગામથી અંબાજી, આટલાં વર્ષ હવે તમે મને કહો થાય તો કેટલું થાય? ગમે તેવી દ્રષ્ટિ હોય તો પણ ટુકડો નાખીને વિકાસ થાય ખરો? કોઇ સંજોગોમાં ના થાય. એના માટે વિઝનરી નેતૃત્વ જોઇએ, ખાલી વાર્તા ના ચાલે, વ્યથા ના ચાલે, તમે વ્યથા કરો પણ વ્યવસ્થા ના કરો તો શું કરો? વ્યવસ્થા તો કરવી પડે. એટલે મને કહેતા આનંદ થાય છે અને આમ તો સન ૨૦૦૧માં નરેન્દ્રભાઇએ ધૂરા સંભાળ્યા પછી એમણે ૫ વર્ષમાં રૂપિયા છ હજાર કરોડ વાપર્યા, પછી એમાં એમને વિકાસ દેખાયો, એની ગતિ દેખાઇ અને પછી અનેક તજજ્ઞો દ્વારા અભ્યાસ કરીને સન ૨૦૦૭ની અંદર એમણે ઉમરગામથી અંબાજી સુધીનો જે આદિવાસી પટ્ટો છે એના ઉત્થાન માટે, એનો સર્વાંગી વિકાસ થાય તે માટે ૧૦ મુદ્દા તૈયાર કર્યા. માનનીય વિજયભાઇએ બહુ વર્ણન સાથે વાત કરી, કારણ કે આદિવાસી સમાજને પાયામાં શું જોઇએ, એક તો પહાડી વિસ્તાર, ડુંગરાળ વિસ્તાર, નદી કોતરોથી ઘેરાયેલો વિસ્તાર, છૂટાછવાયા ઘરો, બોલી અલગ, એની ભાષા અલગ, એની રહેણી-કરણી અલગ, તમે જે-જે વિસ્તારમાં જાવ તો અલગ અલગ દર્શન થાય. હા, હું ગર્વ સાથે કહી શકું કે અમારો આદિવાસી સમાજ બિલકુલ ભોળો, એકદમ નિર્દોષ અને એવા સમાજની જયારે આદરણીય શ્રી નરેન્દ્રભાઇને સેવા કરવાની તક મળી ત્યારે એમણે નક્કી કર્યું અને સન ૨૦૧૭ની અંદર નિયમ-૪૪ હેઠળ એમણે રૂપિયા ૧૫ હજાર કરોડના પેકેજની જાહેરાત કરી. ત્યાંથી શરૂઆત થઇ, અમારા માનનીય આનંદીબેન, માનનીય વિજયભાઇ આ બધા લોકોએ ખૂબ સારા પ્રયત્નો કર્યા, પેકેજ લાખથી પણ વધારે ગયું, (અંતરાય) માનનીય અમરસિંહભાઇનો પણ હું તો આભાર માનું છું. બધા લોકોનો આભાર માનું છું કારણ કે દરેક લોકોનું નાનું મોટું યોગદાન છે. માનનીય ચૈતરભાઇ કહેતા હતા, ડેડિયાપાડા તો એમનો વિસ્તાર છે. એમણે મને બજેટની વાત કરી તો મેં જયારે માગણીઓની રજૂઆત કરી ત્યારે આપ અહીં હતા નહીં. આ વર્ષે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે રૂપિયા બે લાખ કરોડનું પેકેજ ૫ વર્ષમાં વાપરવાની જાહેરાત કરી છે. આ વર્ષે અમે રૂ.૩૫,૭૮૨ કરોડ વાપરવાના છીએ. હવે હું એમાં વિગતવાર માહિતી આપીશ જેનાથી તમને પણ કામ માગવાનો ખ્યાલ આવે. આપણી સાથે ૨૫ વિભાગ કામ કરે છે. તમે ધારાસભ્ય છો. શ્રી જિજ્ઞેશભાઇ સેનેટરી પેડની વાત કરી ગયા. કોની પાસે શું માગવું એની તો આપણી પાસે જાણકારી તો હોવી જોઇએ. આ રૂ.૩૫,૭૮૨ કરોડ એની વિગતવાર માહિતી આપું. આ વખતે આપણે માર્ગ અને મકાન વિભાગને રૂ.૬૫૭૯ કરોડ આપીશું. મારા વિભાગને રૂ.૫૪૨૫ કરોડ મળશે. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગને રૂ.૩,૩૦૯ કરોડ આપ્યા છે. શિક્ષણ વિભાગને આપણે રૂ.૩,૦૯૦ કરોડ આપ્યા છે. શહેરમાં પણ આપણા લોકો રહે છે એમને પણ આપણે મદદ કરીએ છીએ. મારા બિલિમોરામાં ૯ કોર્પોરેટરો છે. ગણદેવી જેવા નાના શહેરમાં ૮ કોર્પોરેટરો છે. આવા શહેરમાં રહેતા લોકો માટે પણ આપણે રૂ.૨૯૪૫ કરોડ આપીએ છીએ. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને રૂ.૨૮૩૨ કરોડ આપીએ છીએ. કૃષિ અને સહકાર વિભાગ અમારા જીતુભાઇ પાસે છે. તેઓ નવી-નવી યોજનાઓ લાવી રહ્યા છે. એ વિભાગને પણ આપણે રૂ.૨૬૨૮ કરોડ આપીએ છીએ. ગ્રામ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણને રૂ.૨૧૬૬ કરોડ આપીએ છીએ. આપણે બધા ભાગ્યશાળી છીએ કે આદિવાસી અને એસ.સી. સમાજ માટેનું જે બજેટ છે, ઓ.બી.સી. સમાજ માટેનું બજેટ છે, નાના માણસનું બજેટ છે એની ચિંતા દરેક જગ્યાએ કરવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગને રૂ.૧૧૫૧ કરોડ મારો વિભાગ આપે છે. નાણા વિભાગને પણ આપણે રૂ.૧૧૧૮ કરોડ આપીએ છીએ. આ વખતે આપણા ઋષિકેશભાઇ આદિવાસી વિસ્તારોમાં ૧૮ જેટલા સબસ્ટેશનો લાવી રહ્યા છે. ૨૪ કલાક વીજળી એ તો સપનું હતું. હું કોઇ લગ્નમાં ગયો ત્યારે કોઇ મોટા માણસે ટાયર કાઢી નાખ્યું અને એ ટાયર સળગાવીને હું ગયો છું એવા દિવસો હતા. આ દિવસોમાંથી અમે પસાર થયા છીએ. જો હું વાંચવા બેસું તો મારી મા એમ કહેતી કે ''દીકરા તું સવારે વહેલો ઊઠીને વાંચજે કેરોસીન ઓછું છે.'' એ દિવસો અમે ભૂલ્યા નથી. હું બે મહિનાનો હતો અને મેં પિતાજીની છત્રછાયા ગુમાવી છે. અનેક લોકોના ઘરે મજૂરી કરી છે. હું માનું છું કે આ જે થઇ રહ્યું છે તે બદલ હું આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને જરા પણ ભૂલી ન શકું. હું મારા આદિવાસી સમાજ વતી તેમને લાખ લાખ અભિનંદન આપું છું. આદિવાસી વિસ્તારમાં વર્ષ ૨૦૦૪માં ૨૪ કલાક વીજળી આપવા જ્યોતિગ્રામ યોજના શરૂ કરી. ભૂતકાળમાં જેટલા થાંભલા નખાયા હતા તેના કરતાં દોઢ ગણા થાંભલા પાંચ વર્ષમાં નાખવામાં આવ્યા. જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ખેતીવાડીની વીજ લાઇનને અલગ કરવામાં આવી. આ રીતે ૨૪ જેટલા વિભાગો આ વ્યવસ્થામાં કામ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કાન્તીભાઇએ કહ્યું છે કે મારા વિસ્તારમાં દીકરીઓ માટે કે ભણવા માટે કોઇ વ્યવસ્થા નથી ત્યારે હું ચોક્કસપણ ધ્યાન દોરવા માગું છું કે, અંબાજીમાં અમીરગઢ ખાતે ૮૦ દીકરીઓ તથા સરકારી કુમાર છાત્રાલયમાં ૧૧૯ દીકરાઓ એટલે કે કુલ ૧૯૯ બાળકો, બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ, અમીરગઢ તાલુકા ખાતે દીકરીઓ માટે કુલ ૨૧ ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયમાં ૪૭૩ દીકરીઓ અને ૧૪ કુમાર ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયમાં ૯૧૫ દીકરાઓ મળી કુલ

૧૩૮૮ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી રહ્યા છે. આદર્શ નિવાસી શાળા અંબાજી, અમીરગઢ ખાતે ધો.૯ થી ૧૨માં ૩૦૧ દીકરીઓ, દાંતા ખાતે ૧૧૫ દીકરાઓ મળી કુલ ૪૧૬ દીકરાઓ, બનાસકાંઠા જિલ્લામાં દાંતા, પાલનપુર, અમીરગઢ વગેરે તાલુકામાં ત્રણ એકલવ્ય મૉડેલ રેસીડેન્સિયલ સ્કૂલ, પાંચ ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ ખાતે ૨૯૩૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ૪૫ આશ્રમશાળાઓ છે, ૧૫,૨૬૬ રેસીડેન્સિયલ વિદ્યાર્થીઓ છે. આટલી સગવડો છે છતાં શ્રી કાન્તીભાઈની લાગણીની નોંધ કરી લેવામાં આવી છે. એમને વિનંતી છે કે વ્યવસ્થિત જગ્યા આપે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કાન્તીભાઇ, શ્રી જિજ્ઞેશભાઇ અને શ્રી ચૈતરભાઇને જંગલની જમીન મળતી નથી તેની ચિંતા છે. આ એક્ટ વર્ષ ૨૦૦૬માં લાગુ કરવામાં આવ્યો. અમે હજુ પણ સાચા લોકોને જમીન આપવાના છીએ. ભૂતકાળમાં જઇને નજર કરજો કે કેટલા એકર જમીન આપવામાં આવી છે. એક ટુકડો આપવો નથી અને અહીંયા પર્યાવરણની જાળવણી થવી જોઇએ, એક ઝાડ ન કપાવું જોઇએ, જંગલમાં એક રોડ બનવા દેવો નથી તેવી બધી વાતો કરવી છે અને જંગલનો નાશ કરવો છે. અમે જંગલનો નાશ ન થઇ જાય તેની ચિંતા કરીએ છીએ. આ અધિનિયમ હેઠળ ૯૮,૯૩૫ વ્યક્તિગત દાવાઓમાં ૬૮,૬૫૧ હેક્ટર જમીન આપી છે. જ્યારે જંગલ વિસ્તારનો વિકાસ કરવો હોય ત્યારે શાળા, સબ સ્ટેશન, કચેરી જેવી સુવિધાઓ ઊભી કરવી હોય ત્યારે સામૂહિક દાવાઓ પણ મંજૂર કરવામાં આવે છે. આ સરકાર એક લોંગ વિઝન સાથે કામ કરે છે. સાહેબ કેટલા દાવા આવ્યા? ૬૬૧૯ દાવાઓ અને ૩૬૨૭ હેક્ટર જમીન સામૂહિક દાવામાં જમીન આપી. મારી પાસે અત્યારે ૧૨ હજારથી પણ વધારે દાવા રેડી છે પણ હા, ચોખ્ખા છે તેના દાવા આવી ગયા છે. પણ મારે ચોખ્ખી એની જમીન જોવી પડે. ડી.એલ.આર. અને કલેક્ટરને પણ કહ્યું છે. જે ખેડે છે અને ચોખ્ખી જમીન વર્ષોથી એની પાસે પુરાવા છે એને જમીન આપવા માટે ભારતીય જનતા પાર્ટીની ક્યારેય પણ ના નથી. એટલે પછી તમે બહાર એમ બોલો કે જમીન નથી આપતા એમ કરીને પોલિટિકલી મુદ્દો ન બનાવો.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કાન્તીભાઇ, એમની વાત સાંભળો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તુષારભાઇ, મેં હજુ કહ્યું છે કે આપણે બધા પર્યાવરણપ્રેમી છીએ, પ્રકૃતિને પૂજનારા છીએ, આપણે વૃક્ષોને ભગવાનની જગ્યા પર જોઇએ છીએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, બેઠાં બેઠાં અવાજ ના કરશો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ શાંતિથી બેઠો હતો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સારો અને સરળ જવાબ આપી રહ્યા છે. તમે પણ પોતે આદિવાસી છો અને આદિવાસી વિસ્તારમાંથી આવો છો. આદિવાસીને જમીન આપવાની વાત આવે છે ત્યારે તમે એમ કહો છો કે આપણે પર્યાવરણનું ધ્યાન રાખવું જોઇએ. સો ટકા રાખવું જોઇએ. પણ ઉદ્યોગોને વન વિભાગની જમીન આપીએ છીએ ત્યારે આપણે પર્યાવરણનું ધ્યાન નથી રાખતા? ત્યારે તો કોઇ પર્યાવરણ નડતું નથી. આદિવાસીને જે જમીનો આપવાની વાત કરી છે એમાં પર્યાવરણની વાત વચ્ચે લાવીને આદિવાસીઓને મિસગાઇડ ન કરવા જોઇએ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : શ્રી શૈલેષભાઇ, તમે અનુભવી છો. એકબાજુથી મારા આદિવાસી ધારાસભ્યો એવું કહે છે કે અરવલ્લીમાં જી.આઇ.ડી.સી.આપો, દાહોદમાં જી.આઇ.ડી.સી.આપો. શ્રી ચૈતરભાઇએ હજી સુધી જી.આઇ.ડી.સી. માગી નથી કારણ કે ભરૂચ અને અંકલેશ્વર બાજુમાં છે. શ્રી શૈલેષભાઇ, કદાચ ઉદ્યોગો માટે જમીન આપી હશે પણ અમારા આદિવાસી વિસ્તારની જમીન કોઇને આપી નથી. શ્રી શૈલેષભાઇ, તમે વાત જ ન સાંભળી. જ્યાં વનક્ષેત્ર છે ત્યાં એક પણ વીઘો જમીન ઉદ્યોગપતિઓને આપી નથી. હું આદિવાસી છું તો પણ આદિવાસી સમાજની જમીન લેવી હોય તો પસીનો નીકળી જાય. અત્યારે એક ટુકડો લીધેલો હતો એમાં પ્રક્રિયામાંથી બહાર નીકળતા ચૌદ મહિના થયા. આ સહેલું નથી. ખાલી વાતો કરવાની વાત છે. આપણી જમીન કોઇ લે નહીં અને કોઇની લઇ લે તો મારી પાસે આવજો હું તમારી સાથે છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માગણી પર આવો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અનંતભાઇ, શ્રી ચૈતરભાઇ, શ્રી કાન્તીભાઇએ આજે વાત તો સારી કરી, પ્રેમથી કરી છે. એ લોકોએ અમુક બાબતોમાં સારી ચિંતા પણ કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : ખાતરી પણ આપી છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનંતભાઇ, માનનીય ચૈતરભાઇ, માનનીય કાન્તીભાઇ અને ડૉ. તુષારભાઇ, અત્યારે આખા ગુજરાતમાં આપણા દીકરા–દીકરીઓ પણ ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. શ્રી અનંતભાઇએ મેડિકલમાં ભણતી દીકરીની ચિંતા કરી. કોઇપણ આવી કોલેજ હોય તો મને લિસ્ટ આપજો. કારણ કે મારા વિભાગનો એકપણ રૂપિયો એળે ન જાય એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ચિંતા કરી રહ્યા છે. અત્યારે જે રીતે આપણા મોટી સાહેબ ગુજરાતમાં ચીલો પાડી ગયા છે, જે રસ્તો આપતા ગયા છે એ જ રસ્તાએ અમારી સરકાર માનનીય ભૂપેન્દ્રભાઇની આગેવાનીમાં ચાલી રહી છે. અમારા એક એક મંત્રીશ્રીઓ દરેક બાબતમાં કાળજી રાખી રહ્યા છે. આ મારા આદિવાસી આગેવાનો છે. આ કંઇ સામાન્ય માણસો નથી. આ પણ બહું મોટા માણસો છે.

ઉપાધ્યક્ષશ્રી : તમારા વખાણ કરે છે એટલે આપણે એમને શાંતિથી સાંભળવા જોઇએ. મૂળ વાત એ છે.

શ્રી નરેશભાઈ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વખાણ જ કર્યા છે. મને કહેતાં આનંદ થશે કે દીકરીઓની આવકમાં કોઈ મર્યાદા ન હતી. મેં આંકડો કાઢ્યો. મેં મારા વિભાગને પૂછ્યું કે ઉચ્ચ અભ્યાસમાં કેટલી દીકરીઓ ભણે છે? તો જાણવા મળ્યું કે ૧,૪૪,૦૦૦ ભણે છે અને દીકરાઓનો આંકડો ૧,૨૨,૦૦૦ આવ્યો. એમાં ૨૨,૦૦૦નો ગેપ આવ્યો. એમણે નોકરીમાં ૪૦ ટકા કટ ઓફની વાત કરી છે. મને ચિંતા છે અને હું તમારી સાથે છું. આપણે વિચારીશું. આ ૨૨,૦૦૦નો ગેપ કયાં જશે? સમાજની વર્ષોથી લાગણી અને માગણી હતી કે જે રીતે દીકરીઓની ચિંતા કરી છે અને એની કોઈ આવકમર્યાદા નથી એમ દીકરાઓ માટે પણ થવી જોઈએ. આ બધુ રાતોરાત થયું નથી. માનનીય નરેન્દ્રભાઈએ ડેડિયાપાડામાં પહેલો પ્રવેશોત્સવ ઊજવ્યો અને ત્યાં દીકરીની આંગળી પકડી. એ દીકરીને પ્રવેશ અપાવ્યો. એ દીકરીએ પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો અને માધ્યમિક સ્કૂલમાં અભ્યાસ કર્યો તેમજ કોલેજ કરી શકી. આજે એવી દીકરીઓને ડૉકટર તરીકે જોઈએ, એવી દીકરીઓને પાયલોટ તરીકે જોઈએ ત્યારે કેટલો આનંદ થાય. એમને એમ તો થઈ ગયું નથી ને? પાઈલોટ બનતા કમસેકમ ૨૪-૨૫ વર્ષની ઉંમર થઈ જાય. કોઈ ડૉકટર પી.જી. કરે તો પણ ૨૩થી ૨૫ વર્ષની ઉંમર થઈ જાય. એની પાછળ ખર્ચો કેવડો? દીકરી ગમે એટલું ભણે સરકાર રૂપિયા આપે છે. દીકરાઓની આવકમર્યાદા રૂપિયા અઢી લાખની હતી એના કારણે કેટલાક દીકરાઓ ઉચ્ચ અભ્યાસમાં રહી જતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી, અમારા બધા જ લોકોએ, અમારા ડૉ. મનિષાબેન વકીલ, ડૉ. પ્રધુમનભાઈ વાજા સાહેબ, સમાજના આગેવાનોએ લાગણી વ્યકત કરી અને આવકમર્યાદા જે રૂપિયા અઢી લાખની હતી તે આપણે રૂપિયા છ લાખની કરી દીધી. તમે એક પત્ર પણ ના લખ્યો. શ્રી શૈલેષભાઈ, અભિનંદન તો આપવા જોઈએ ને? પણ નહીં આપે કારણ કે જશ નહીં મળે ને?

ઉપાધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઈ, મારી વાત સાંભળો. તમારું નામ નથી બોલ્યા. તમે ઊભા થયા એટલે બોલ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય નરેશભાઈ, તમે જે કહો છો કે માગણી કરી કે નહીં? શ્રી પ્રદિપસિંહભાઈ પરમાર જ્યારે અહીંયા સામાજિક ન્યાય અને અધિકારિતા બાબતના મંત્રી હતા એ વખતે તારીખ ૧૪મી એપ્રિલના દિવસે જાહેરાત કરવામાં આવી હતી અને એ જાહેરાત કર્યા પછી પરિપત્ર પણ બહાર પાડવામાં આવ્યો ન હતો. ત્યારબાદ શ્રીમતી ભાનુબેન બાબરીયા કેબિનેટ મંત્રી તરીકે મળ્યાં, એમને પૂછજો. શ્રીમતી ભાનુબેન અત્યારે સાક્ષી બેઠેલા છે. પત્રો લખેલા હતા અને રૂબરૂમાં પણ મળેલા હતા. આપ જે કહો છો કે તમે રજૂઆત કરી ન હતી એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. સરકાર કોઈ પણ હોય, અમારી લાગણી સમાજના દરેક વર્ગ માટે હોય છે. રજૂઆત કરી નથી એવું તો તમે કઈ રીતે કહી શકો?

ઉપાધ્યક્ષશ્રી : એ ચકાસી લઈશું. અત્યારે જે પ્રશ્ન આપ ઉપસ્થિત કર્યો છે એમાં એમનો કહેવાનો મતલબ માત્ર અત્યારના વર્તમાન ધારાસભ્યશ્રીઓએ આજની તારીખમાં અભિનંદન આપ્યા નથી એ વાત છે. અભિનંદનની વાત છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રજૂઆત નથી કરી અને અભિનંદન આપ્યા નથી એવું ના ચાલે. હાઉસમાં અભિનંદન આપી શકાતા નથી.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઈ, આ હાઉસની વાત નથી. એક મિનિટ, આની ક્લિયારિટી કરી દઈએ. એમની અપેક્ષા એવી હતી કે આ જે નિર્ણય થયો એના ઈફેક્ટેડ ધારાસભ્યશ્રીઓએ અભિનંદનનો એક પત્ર માનનીય મંત્રીશ્રીને લખવો જોઈતો હતો એટલે બીજી કોઈ વાત રહેતી નથી.

શ્રી નરેશભાઈ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ ડેડિયાપાડા આવ્યા. પાંડુરી માતાના મંદિરના પરિસરમાં એમણે અમારા એકલવ્ય તથા આદર્શ નિવાસી શાળામાં ભણતા દીકરી-દીકરાઓ સાથે વાર્તાલાપ કર્યો. માનનીય મંત્રીશ્રી જયરામભાઈ પણ હતા. એમણે અડધો કલાક આ દીકરાઓ સાથે વિતાવ્યો.એ વીડિયો આજે પણ જુઓ, આ દીકરાઓ પ્રશ્નો કરે છે. એમણે સ્પષ્ટ રીતે કહ્યું કે જો આદિવાસી સમાજનો વિકાસ કરવો હોય તો એના પાયામાં ગુણવત્તાસભર શિક્ષણ આપવું પડે, શિક્ષણની વ્યવસ્થા કરવી પડે અને એના કારણે મને આનંદ કયો છે? ભારત સરકાર દ્વારા ચાલતી એકલવ્ય રેસિડેન્શિયલ સ્કૂલો ૪૪ છે એનું ધ્યાન રાખીને આજે ૬૭ જેટલી આપણે ગુજરાતમાં ચાલે છે. આદર્શ નિવાસી શાળાઓ ૭૫ ચાલે છે. ૬૭ સ્કૂલો હતી, આપણને આનંદ થશે કે આપણા દીકરા-દીકરીઓને પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂપિયા ૧.૩૫ લાખ આપીએ છીએ. આપણે એ સિવાય પણ અન્ય વ્યવસ્થામાં પી.પી.પી. મોડેલની સ્કૂલોના વિદ્યાર્થીઓને પ્રતિ વિદ્યાર્થી દીઠ ૬૦ હજાર રૂપિયા આપીએ છીએ. મારા વિભાગ દ્વારા ચાલતી સ્કૂલોમાં પ્રતિ વિદ્યાર્થી દીઠ ૭૦ હજાર રૂપિયા, ૨ સૈનિક સ્કૂલો ચાલે છે. શ્રી ચૈતરભાઈ, તમે જજો, જે રીતે બાળકો તૈયાર થઈ રહ્યાં છે એ જોઈને આપણને ગૌરવ થાય. કોને વિચાર આવ્યો? કોણ કરી શકે? આવી જ સ્કૂલો છે એને ૭૦ હજાર રૂપિયા આપતા હોય એમાં રૂપિયા ૧૦ હજાર વધારીને આ વખતે ૮૦ હજાર કર્યા છે. હજી પણ એની સામે વ્યવસ્થા થઈ શકે એ માટે બજેટમાં વિદ્યાર્થીઓ માટે ચિંતા કરી છે. આ રાજ્યની અંદર જે આશ્રમશાળાઓ ચાલે છે એમાં ૧ લાખ ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. માનનીયશ્રી ઋષિકેશભાઈએ પણ કેબિનેટમાં મારું ધ્યાન દોર્યું, પ્રવાસ કરતા હોય એટલે બધા મિત્રોએ ચિંતા કરી. એમણે કહ્યું કે શ્રી નરેશભાઈ, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની આશ્રમશાળાઓ ચાલે છે એમાં થોડી ચિંતા કરીને નિભાવ ગ્રાન્ટમાં થોડો વધારો કરો. મને આનંદ છે. સને ૨૦૨૨માં મને તક મળેલી એ સમયે આપણે રૂપિયા ૧૫૬૦ હતા એના રૂપિયા ૨૧૬૦ કર્યા હતા. આ વખતે એમાં વધારો કરીને રૂપિયા ૨૫૦૦ કરીએ છીએ. એટલે પાઠ્ય પુસ્તકોથી લઈને, હું આટલી બુક લાવેલો છું. આ બધું શિક્ષણનું છે. આજે પણ મારું રૂપિયા ૫૪૦૦ કરોડ ઉપરાંતનું બજેટ છે એમાં મારા રૂપિયા ૭૦ થી ૮૦ કરોડ શિક્ષણ

પાછળ વપરાય છે. પછી પણ આવી વાત આવે કે શું કરો છો કે આ નથી. કોઈને કોઈ જગ્યાએ તકલીફ હોઈ શકે કારણ કે આટલો મોટો વિસ્તાર છે તો હું પણ એમ માનું છું કે પ્રજાએ તમને તક આપી છે. કોઈ જગ્યાએ મુશ્કેલી હોય તો અમને મળો, જે તે વિભાગના મંત્રીને મળો તો એ પૂર્તતા કઈ રીતે કરી શકાય એ જોઈ લઈશું. માગવા ન જઈએ તો મોં પણ ન પીરસે એવી કહેવત છે. એને કહેવું પડે કે ભૂખ લાગેલી છે. હું એમ માનું છું કે કમ સે કમ મળતાં તો રહો.

ઉપાધ્યક્ષશ્રી : એકલા મળવાથી કામ નહીં થાય, યોગ્ય વાત મૂકશો તો કામ થાય. યોગ્ય વાત માત્ર વિધાનસભામાં ન મૂકવી, મંત્રાલયમાં પણ મૂકી શકો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે આપણે કંઇક નવું કરવા જઇ રહ્યા છીએ. નવી બાબતો છે એની પહેલા વાત કરી લઉં. અમારા વિધાર્થીઓ ખૂબ સારું ભણી રહ્યા છે. ડિગ્રીઓ પણ અનેક લોકોના હાથમાં છે પણ આદિવાસી સમાજમાં હરહંમેશ માટે દરેક દીકરા–દીકરી એવું માને છે કે સરકારી નોકરી મળે તો સારું. એના માટે પહેલા પ્રયત્નો થતા હોય છે. એની તૈયારીઓ માટે લાઇબ્રેરીમાં જાય, આર્થિક સ્થિતિ બરાબર ન હોય તો ગાંધીનગર, અમદાવાદ કે સુરત જેવાં મોટાં શહેરોમાં જવું અઘરું હોય છે. આ વખતે અમારા તમામ ધારાસભ્યોની લાગણી હતી. ધારાસભ્યશ્રીઓ સાથે અમે બેઠા, સમાજને શું શું સ્પર્શે એવી બાબતો લેવી જોઇએ? આ વખતે કહેતા મને આનંદ થાય છે કે માનનીય ચૈતરભાઇ મેં તે દિવસે પણ કહેલું કે આપણી ડેડીયાપાડાની લાઇબ્રેરી કેવી જોરદાર છે ને? જરાક જોરમાં તો બોલો. એવી લાઇબ્રેરી માટે અમે આ વખતના બજેટમાં જોગવાઇ કરી દીધી અને ચાલુ વર્ષે ૧૫ તાલુકાને પાયલોટ પ્રોજેક્ટ તરીકે દરેક તાલુકાએ અમે ભગવાન બિરસા મુંડાજીના નામની અધતન લાઇબ્રેરી બનાવીશું. જ્યાં યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. કે બીજી અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કોઇ બુકની કમી નહીં હોય એ પ્રકારની લાઇબ્રેરી અમારે ઊભી કરવી છે. આટલું બધું સારું છે. હવે તો તાળી પાડો. માનનીય ચૈતરભાઇ ક્યો ડેમ છે? ગંગાપુર. મને ખબર છે કે એમનો વિરોધ કરવાના છે. કારણ કે એ લોકો હંમેશા વિરોધ જ કરશે. એમણે એવું કહ્યું છે કે તાપીથી, હું તમને કહું કે આજે પણ હું પાંચ–છ દિવસ પહેલા ઉમરપાડા હતો. સાહેબ, નેવાનું પાણી મોંભે ચઢાવ્યું. અત્યાર સુધીમાં સૌની યોજના હોય કે બધી યોજનાઓ વિગેરેમાં પાણી આપવાનું કામ આદિવાસી વિસ્તારમાં કર્યું હોય તો રૂ.૧૪૨૭ કરોડ રૂપિયાની (અંતરાય) ભાઇ, તમારે ત્યાં કેટલા રૂપિયાની છે? ૧૫–૨૦ દિવસમાં તાપી જિલ્લામાં જઇએ છીએ. રૂ.૧૧૦૦ કરોડ કરતા વધારે સાહેબ, નિઝર, ઉચ્છલ બધો વિસ્તાર (અંતરાય) હવે માનનીય અનંતભાઇ, આ ડેમ જ નહીં હતો તો પાણી ક્યાંથી લેશે? તો પછી કોઇ કોઇ જગ્યાએ સારું હોય ત્યાં ડેમ બનાવવા દેવા જોઇએને? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં સામે સામે ચર્ચા નહીં કરો. માનનીય મંત્રીશ્રી આપ મારી સામે જોઇને વાત કરો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે અ જળસંપત્તિ વિભાગ મારા છોટાઉદેપુરના શ્રી જયંતિભાઇ રાઠવા, શ્રી અભેસિંહભાઇ તડવી, શ્રીમતી નિમીષાબહેન અને દાહોદવાળા બધા સભ્યોની લોકોની લાગણી હતી. રૂ.૫,૪૦૦ કરોડ ખર્ચીને ત્યાં ત્રણેય જિલ્લાઓને પાણી આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરવાની છે. આવા અનેક ડિપાર્ટમેન્ટની અંદર સામૂહિક આરોગ્ય કેન્દ્ર નહીં હશે ત્યાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનવાના છે. આ વખતે મારે માનનીય ઋષિકેશભાઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. શ્રી અંનતભાઇના વિસ્તારમાં મેં પૂછ્યું હતું કેટલી ગ્રામ પંચાયત? (અંતરાય) અરે, શું રજૂઆત કરી હતી (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ બાજુ જુઓને.

શ્રી નરેશભાઇ મ. પટેલ : સાહેબ, કેટલી ગ્રામપંચાયતો નવી બનવાની? ખરેખર કેટલા રૂપિયા? એક ગ્રામપંચાયત માટે રૂ.૨૫ લાખ અને વધારે વસતિ હોય તો રૂ.૪૦ લાખ. મારે માનનીય ઋષિકેશભાઇને અભિનંદન આપવા છે. મારાથી એક દિવસ એવું બોલાઇ ગયું કે સાહેબ, બજેટમાં.. શ્રી નરેશભાઇ બધી આપી દઇએ છીએ. આ રીતે અમારા મંત્રીશ્રીઓ પણ આદિવાસી વિસ્તારમાં અનેક પ્રકારની સગવડો, કારણ કે ગ્રામ પંચાયતમાં ગામનું સેવા સદન છે. સાહેબ, હવે તો આખું ડિજિટલ થઇ ગયું. બધા રેકોર્ડ કોમ્પ્યુટરાઇઝ્ડ થઇ ગયા. એટલે દરેક રીતે વિકાસ થઇ રહ્યો છે. હું એવું માનું છું કે આ વખતે કેટલીક ચાલુ બાબતો માટે પણ આ બજેટમાં જોગવાઇ કરી છે. કોઇપણ જગ્યાએ વૈવિધ્યકરણની યોજના હોય, અમે બે–ત્રણ યોજનાઓ તેમાં કૃષિ વિભાગની પ્રાકૃત્તિક ખેતી માટેની નવી યોજના લાવીએ છીએ. એના માટે પણ જોગવાઇ કરી છે. કેટલાક લોકો સ્થળાંતર કરે છે એ માઇગ્રેટ ના થાય એના માટે પણ અમે યોજના લાવી રહ્યા છીએ તો જ એના બાળકોને લાંબુ ભણાવી શકે. શ્રી જિગ્નેશભાઇ જે ચિંતા કરી રહ્યાં હતા. કુપોષણમાં દૂધ સંજીવની યોજનામાં રૂ.૨૦૦ કરોડની બજેટમાં જોગવાઇ કરી છે. એક સમયે પાણી પીવાનું અઘરું હતું. ૨૦૦ મિ.લિ. દૂધ એને ગમતું ફ્લેવર સાથે આપીએ આ કોઇ નાનીસૂની સિદ્ધી નથી. હું મારા વિભાગના અનેક મંત્રીઓ જે રીતે કામ કરે મારા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને સમગ્ર આદિવાસી સમાજ વતી હું અભિનંદન આપું છું. નાણામંત્રીશ્રી પાસે અમે જયારે જયારે જે વાત લઇને ગયા તો તેમણે પણ ના નથી પાડી. આદિવાસી વિસ્તારની વાત આવે એટલે તેમણે તે જ મિનિટે જે યોગ્ય લાગ્યુ તે તેમણે ના નથી પાડી અને મંજૂર કરવાની તેમણે ખાતરી આપી.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરવા જઉં તો ઘણો સમય જોઇએ પણ તેમ છતાં પણ હું ચોક્કસ રીતે કહું છું કે આ વખતે ૩૫,૭૮૨ કરોડ રૂપિયા એક વર્ષમાં પૂરા આદિવાસી વિસ્તારની અંદર વપરાવાના છે તેમાં મારા ૨૫ ડિપાર્ટમેન્ટો પૂરી

એકદમ કાળજી રાખીને કામ કરવાનાં છીએ. આવો આવનારા દિવસોમાં આપણે બધા સાથે મળીને આદિવાસી સમાજનો કેવી રીતે વિકાસ થઇ શકે, તેનો સર્વાંગી વિકાસ કેવી રીતે થઇ શકે, તેનો વ્યકિત વિકાસ કેવી રીતે થઇ શકે આ આપણા નરેન્દ્રભાઇનું સ્વપ્નું છે કે દેશ વર્ષ–૨૦૪૭માં વિકસિત બને. દરેક વ્યકિત અને દેશ આત્મનિર્ભર બને અને એટલા માટે જ આ ૨ લાખ કરોડ રૂપિયાનું પેકેજ છે કે જેથી આદિવાસી સમાજ પણ તેમાંથી કોઇ બહાર ના રહી જાય તેની ચિંતા કરી છે. હું આશા રાખું છું કે, અમારા આદિવાસી સમાજની દીકરી હશે કે દીકરો હશે તે પોતે આત્મનિર્ભર બનશે અને દેશ વિકસિત બનશે એમાં એમનું યોગદાન હશે એવો ચોક્કસ મને ભરોસો છે એટલા માટે તમારી ૧૧ લોકોની કાપ દરખાસ્ત હતી. હું વિનંતી કરું છું આ આદિવાસી લોકોનું બજેટ છે જયાં જયાં ખામી લાગે ત્યાં મને કહેજો પણ બધી કાપ દરખાસ્તો પાછી ખેંચી લો, આ સારું નહીં લાગે. આ આખી જનતા જોઇ રહી છે અને એટલુ સારું બજેટ છે કે આ બજેટ ઉપર ચોક્કસ કાપ દરખાસ્ત ખેંચાવી જોઇએ અને બધા ગૃહના સભ્યોને મારી વિનંતી છે કે, આજની જે માગણીઓ છે માગણી નંબર–૯૩ અને ૯૬ તે સર્વસંમિતથી તેની મંજૂરી આપે એ જ વાત સાથે મારી વાણીને વિરામ આપું છું, ધન્યવાદ, જય જય ગરવી ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે પ્રાકૃતિક ખેતીની વાત કરી છે, તો આપના વિભાગ તરફથી પણ તેને પૂરતો વેગ મળે તે માટે આપ પ્રયત્નશીલ રહેશો એવી અપેક્ષા.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા **(** શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬–૨૭ના અંદાજપત્ર પરની મારા વિભાગ ગરીબ, શ્રમિક અને યુવાઓને એટલે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંક–૫૭ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૭૧ લઇને હું આ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થતાં હું હર્ષની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગો એટલે ગરીબ લોકો, શ્રમિકો, કૌશલ્ય એટલે યુવાઓને રોજગારી અને તેની સાથે મહિલાઓને રોજગારી સ્વનિર્ભર કઇ રીતે તરીકે બનાવી શકાય એવા મહત્ત્વના વિભાગોની વાત લઇને હું ગૃહ સમક્ષ આવ્યો છું. આ મારી માગણીઓ પર ગૃહના ઘણા સભ્યોએ કોઇએ સમર્થન પણ આપ્યું છે, ખૂબ સારાં સૂચનો પણ કર્યાં છે અને એની સાથે સાથે જે ચાર મિત્રોએ ભાગ લીધો મારા વિભાગમાં તેમાં કેટલાક મિત્રોએ તેના વિચારો વ્યકત કરીને સૂચનો પણ કર્યાં છે એ સૂચનોની પણ મેં નોંધ લીધી છે અને આગામી દિવસોમાં પણ જેમનાં સૂચનો છે તેને ચોક્કસ ધ્યાનમાં લઇને મારા વિભાગના માધ્યમથી, મારા અધિકારીઓના માધ્યમથી, સરકારના માધ્યમથી ચોક્કસ તેમાં સુધારો કરીને ભવિષ્યમાં તેમને એ પ્રકારની સુવિધા આપવા માટેનો પ્રયાસ કરીશું. કદાચ કોઇ પણ સભ્યએ ટીકા કરી હોય તો તેમને પણ મેં આપને કહ્યું તેમ તેના માટે પણ નોંધ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય ભુપેન્દ્રભાઇ પટેલ જેમણે અમારી રાજય સરકારનું મન વિકાસલક્ષી, હકારાત્મક દ્રષ્ટિથી જે અમારા વિભાગની અંદર જે જોગવાઇઓ કરી છે તે માટે માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રીનો પણ હું હ્રદયથી આભાર માનું છું. વિકાસની અવિરત યાત્રામાં વધુ એક સીમાચિહ્ન સર કરતું ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૬–૨૭નું અંદાજપત્ર રાજયના ઉજ્જવળ ભવિષ્યનો રોડ મેપ છે. સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કરતું આ અંદાજપત્ર છેવાડાના માનવી સુધી સુખાકારી પહોંચાડવાની અને રાજયને આર્થિક સમૃદ્ધિના નવા શીખરો સર કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે રીતે સન ૨૦૨૬–૨૭ના બજેટની અંદર જોગવાઇઓ કરી છે એટલે ફરી હું બંનેનો હ્રદયથી આભાર માનું છું. ગુજરાતના પનોતા પુત્ર અને આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ જેમણે કંડારેલા વિકાસપથ ઉપર ગુજરાત સતત પ્રગતિથી નવા વિકાસ સર કરી રહ્યું છે. તીવ્ર ગતિએ વિકાસ પામી ભારત વિકસિત દેશોની હરોળમાં સામેલ થવા તરફ આગળ વધી રહ્યું છે. છેલ્લા બે દાયકામાં ગુજરાતમાં સર્વસમાવેશક અને વિકાસનો એક મજબૂત પાયો નાખવા માટેનો પ્રયાસ માનનીય પ્રધાનમંત્રીશ્રી અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી કરી રહ્યા છે. વિકાસની આ વણથંભી યાત્રાને ચાલુ રાખવા માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ અમારી સરકાર કૃતસંકલ્પ છે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ વિકસિત ભારત ૨૦૪૭નું આ સ્વપ્ન સાકાર કરવા માટે વિકસિત ગુજરાતથી વિકસિત ભારતની નેમ સાથે ગુજરાતની વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી હંમેશા પ્રયાસ કરી રહ્યા છે. ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૬–૨૭નું ૩. ૪ કરોડ ૮ લાખ ૫૩ હજાર કરોડનું અંદાજપત્ર એ માત્ર આવક જાવકના આંકડાઓ નથી પરંતુ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત તરફની લક્ષ્ય સિદ્ધિ કરવા માટેની સુસજ્જતા દર્શાવે છે. લર્નિંગ વેલ, લિવિંગ વેલના ઉમદા ધ્યેય સાથે રજૂ થયેલું આ બજેટ સાચા અર્થમાં સર્વગ્રાહી અને સર્વ સમાવેશીય વિકાસનો અભિગમ દર્શાવે છે. રાજયના વિકાસરથને ગતિ આપવા માટે અંદાજપત્રમાં પાંચ મુખ્ય સ્તંભો: સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓને વેગ અને ગ્રીન ગ્રોથ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની માગણી અને એના વિષયની થોડીક વાત કરું તો અંદાજપત્રમાં શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટેની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૯,૬૭,૬૩,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૮૫,૨૫,૦૦,૦૦૦/–ની માગણી લઇને આવ્યા છે. આ માગણી સમગ્ર રીતે રૂ. ૨,૯૦૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિકસિત ગુજરાત ૨૦૪૭ના લક્ષ્યાંકોને હાંસલ કરવા રાજયના અર્થતંત્રોમાં ઉદ્યોગ અને સેવા ક્ષેત્રમાં વધુ કર્મચારીઓને સામેલ કરવા પડશે અને એના માટે જ વર્ષ ૨૦૩૦ સુધીમાં ઉપલબ્ધ માનવબળમાં જોડાવા માટે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

આશરે વધારાના એક કરોડ કુશળ માનવબળની જરૂર પડશે અને જેથી ઉદ્યોગ અને સેવા ક્ષેત્રોમાં કુશળ માનવબળને અત્યારથી જ તૈયાર કરવા માટે ઉદ્યોગોની સક્રિય ભાગીદારી સાથે અદ્યતન અને ભવિષ્યલક્ષી કુશળ માનવબળ તૈયાર કરવા અને માનવબળના સ્કિલિંગ, રીસ્કિલિંગ અને અપર સ્કિલિંગ ઉપર સરકારનું વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા માટે શ્રમયોગીની સામાજિક સુરક્ષા અને કલ્યાણ પર શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું આ વર્ષનું બજેટ ગૃહ સમક્ષ મૂકયું છે. ગુજરાત રાજય એ આખા દેશમાં આર્થિક વિકાસ થકી મોડેલ રાજય બની રહે અને તેવા સંજોગોમાં આપણા યુવાધનને રાજયની આર્થિક અને સામાજિક પ્રગતિમાં ભાગીદાર બનાવી અને વિકાસના લાભો આપવા માટે રાજયનો શ્રમ, કૌશલ્ય વિકાસ વિભાગ અને રોજગાર વિભાગ સતત કાર્યશીલ રહ્યો છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની જુદી જુદી પાંચ શાખાઓ કાર્યરત છે જે ધ્યાન ઉપર મૂકું તો શ્રમ આયુકત તંત્ર, શ્રમ કાયદાના અમલીકરણ અને શ્રમતંત્ર હેઠળના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓના કલ્યાણ બોર્ડ, સામાજિક સુરક્ષા બોર્ડ, ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ અને શ્રમયોગી કલ્યાણ બોર્ડ કાર્યરત છે જે શ્રમયોગીઓ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ચલાવે છે. શ્રમયોગીઓ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પણ આ બોર્ડના માધ્યમથી અમે છેવાડાના માનવી સુધી મૂકવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. રોજગાર અને તાલીમની પાંખના માધ્યમથી રાજયના યુવાનોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવામાં તથા આઇ.ટી.આઇ. મારફતે યુવાનોને તાલીમબદ્ધ કરવાની કામગીરી કરી રહ્યા છીએ. નિયામક, કૌશલ્ય વિકાસ રાજયમાં ઉદ્યોગોની હાલની તેમજ ભવિષ્યની ટેકનોલોજી અને અત્યારે જે નવા ઉદ્યોગો આવી રહ્યા છે એમને કયા પ્રકારનો મેનપાવર જોઇએ એ ધ્યાનમાં રાખીને કૌશલ્ય વિકાસ ક્ષેત્રે કુશળ માનવબળની જરૂરિયાત અનુસાર ભવિષ્યની માંગને પહોંચી વળવાના હેતુથી ન્યુએજ કોર્સીસથી યુવાધનને તાલીમબદ્ધ કરવાની કામગીરી કરી રહ્યા છીએ. નિયામક ઔદ્યોગિક તાલીમ સંસ્થા સલામતી અને સ્વાસ્થ્ય રાજયમાં કારખાના ધારા હેઠળ કારખાનાઓની નોંધાયેલી કામગીરી અને નોંધવાની કામગીરી અને એની સાથે જે શ્રમિકો એમાં કામ કરી રહ્યાં છે એમની સલામતી એના સ્વાસ્થ્ય માટેની પણ અમે ચિંતા કરી રહ્યા છીએ. રાજયમાં ઉદ્યોગોના બોઈલરની સલામતી માટે અને ઉદ્યોગોના જાનમાલની સલામતી માટે પણ બોઇલર પાંખ કામ કરી રહી છે. કૌશલ્યથી સ્કિલ યુનિવર્સિટી આ નવી યુનિવર્સિટી માનનીય દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઈનો એક કન્સેપ્ટ હતો અને એની જે આપણને ગુજરાતમાં કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટી આપી છે એના માધ્યમથી ઉદ્યોગોને જરૂરી સ્કિલ વિકસાવવા માટે આધુનિક અભ્યાસક્રમો આ યુનિવર્સિટીમાં ચલાવવામાં આવે છે. વિભાગ હેઠળની જુદી જુદી કચેરીઓ દ્વારા તાલીમી સંસ્થાઓમાં અપગ્રેડેશન તથા સ્કિલિંગ માટે ઇન્ડસ્ટ્રી સાથે મળી જરૂરી સ્કિલ્ડ માનવબળ તૈયાર કરવાની બાબતે લાંબા ગાળાનું આયોજન અમે હાથ ધર્યું છે. કૌશલ્યવર્ધન થયેલા યુવાનોને રોજગારીને તકો ઉપલબ્ધ કરવા માટે અમારો વિભાગ કામ કરી રહ્યો છે. તાલીમની સાથે સાથે શ્રમજીવીઓ તેમજ તેમના પરિવારોને સામાજિક સુરક્ષા અને આર્થિક ઉત્થાનને પ્રોત્સાહન આપવા માટે સરકારે ચાલુ વર્ષે બજેટમાં અનેક નવી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. હયાત યોજનાનો વ્યાપ વધે તેના માટેની પણ અમારા વિભાગમાં વ્યવસ્થા કરી છે. શ્રમ કૌશલ્ય વિભાગ અને રોજગાર વિભાગ હેઠળના શ્રમ આયુકતની કચેરી અને અન્ય બોર્ડ દ્વારા શ્રમયોગીઓને માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમારા વિભાગ મારફતે ચલાવવામાં આવે છે. શ્રમ કાયદાના અમલીકરણ અને શ્રમિકોના કલ્યાણ માટેની વાત કરીએ તો ઔદ્યોગિક વિકાસની હરણફાળને કારણે ઉદ્યોગો અને કારખાનોની સંખ્યા વધી છે. તેની સાથે ઉદ્યોગ સાહસિકો એટલે કે ઉદ્યોગોના માલિકો અને શ્રમિકો વચ્ચે સુમેળભર્યું વાતાવરણ જળવાઈ રહે, જ્યારે દેશની અંદર અને રાજયની અંદર આટલા ઉદ્યોગ ઉદ્યોગગૃહો નવા ઊભા થઈ રહ્યા છે. ત્યારે શ્રમિકો અને એની સાથે જે ઇન્ડસ્ટ્રીઓ છે એમની સાથે સુમેળભર્યું વાતાવરણ જળવાઈ રહે એ માટે શ્રમ કાયદાઓનું અસરકારક અમલીકરણ થાય અને ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે એના માટે પણ અમારો વિભાગ કામ કરી રહ્યો છે. ભારતના યશસ્વી પ્રધાન વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ કે જેમના નેતૃત્વમાં ભારત સરકારે શ્રમ કાયદાઓને આધુનિક બનાવવા અને કામદારોનો કલ્યાણ અર્થે બદલાતા કામકાજના વિશ્વ સાથે ભારતના શ્રમ પર્યાવરણને સુસંગત બનાવવા માટે ૨૯ શ્રમ કાયદાઓને એકિકૃત કરીને એની સાથે ચાર જેટલા સંહિતાઓને તા.૨૧/૧૧/૨૦૨૫ના રોજ એની અમલવારી કરવા માટેનો એક ઐતિહાસિક નિર્ણય ભારત સરકારે લીધો છે. એની સાથે ચાર શ્રમ સંહિતાઓ મૂકવામાં આવી છે. એ પૈકીના વેતન સંહિતા, ૨૦૧૯, ઔદ્યોગિક સંબંધો સંહિતા ૨૦૨૦, સામાજિક સુરક્ષા સંહિતા ૨૦૨૦ અને વ્યવસાયિક સલામતી આરોગ્ય અને કાર્યકારી અને ખાસ કરીને જે કાર્યકરો છે, શ્રમિકો છે એમના માટેની પરિસ્થિતિ અને એની સંહિતા, ૨૦૨૦નો એમાં સમાવેશ કર્યો છે. એની સાથે આત્મનિર્ભર ભારતને આગળ ધપાવવા માટે જોગવાઈ કરી છે. આ સીમાચિહ્નરૂપ સુધારો કાયદાકીય જોગવાઈના પાલનને સરળ બનાવે છે. એની સાથે જૂના પુરાણા નિયમોને આધુનિક બનાવે છે અને એક સરળ કાર્યક્ષમ માળખું બનાવે છે. આ કામદારોના અધિકારો અને સુખાકારીનું રક્ષણ કરતી વખતે વ્યવસાય કરવાની સરળતાને એને પ્રોત્સાહન પણ જોગવાઈ કરવામાં આવી છે. શ્રમ કાયદાઓને ચાર કોડમાં સમિશ્રિત કરીને તેમને સુવ્યવસ્થિત કરવા માટેના કારણોમાંનું એક કારણ સંસ્થાઓની નોંધણી કરવાનું છે. એની સાથે લાઇસન્સિંગ પ્રક્રિયામાં સરળતા લાવવી એની સાથે હેતુ સાથે સિંગલ રજિસ્ટ્રેશન કરવાનું, સાથે સિંગલ લાયસન્સ અને સિંગલ રિટર્નનો ખ્યાલ આમાં રજૂ કરવામાં આવ્યો છે. એટલા માટે આપણને આમાં ખૂબ સરળતા જોવા મળશે. જેનાથી રોજગારોને પ્રોત્સાહન આપવા માટે અને એકંદરે એને જે આયોજન કરવાનું છે એના માટે ખૂબ સરળ થશે. નવીન શ્રમ સંહિતાનું નિર્માણ ભારતના શ્રમ ક્ષેત્રમાં એક મોટું પરિવર્તન લાવશે. કામદારોની સુખાકારી અને ઉદ્યોગ કાર્યક્ષમતા વચ્ચે સંતુલન સ્થાપિત કરે છે.

આ જોગવાઈઓ પાલનને સરળ બનાવશે સાથે સાથે સલામતી અને પ્રોત્સાહન પણ આપશે. વેતનમાં ન્યાયિકતા સુનિશ્ચિત થશે અને વધુમાં આ સુધારાઓ વધુ સમાન પારદર્શક અને વિકાસલક્ષી અર્થતંત્રનો મુખ્ય પાયો બની રહેશે. વિસ્તૃત સામાજિક સુરક્ષા, મજબૂત સુરક્ષા અને અધિકારોની રાષ્ટ્રવ્યાપી પોર્ટેબિલિટી આ સાથે સંહિતાઓ અને એના કામદારો ખાસ કરીને મહિલાઓ, યુવાનો, અસંગઠિત કામદારોને સુનિશ્ચિત કરતા મજૂર શાસનને કેન્દ્રમાં મૂકીને આ કાયદામાં કોડમાં જોગવાઈ કરી છે. કાયદાકીય પાલનનો વધુ પડતો ભાર ઘટાડીને આધુનિક કાર્ય વ્યવસ્થાને સક્ષમ કરીને, સંહિતાઓ રોજગાર, કૌશલ્ય અને ઉદ્યોગના વિકાસને વેગ આપે છે. આમ, શ્રમિકો દેશની કરોડરજ્જુ સમાન છે. શ્રમિક ઉત્થાનનો અર્થ તેમના સર્વાંગી વિકાસ, શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા અને સામાજિક સન્માન સુનિશ્ચિત કરવો તે ખૂબ મહત્ત્વનું બની રહે છે. સરકાર દ્વારા વિવિધ શ્રમ કાયદાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે ત્યારે શ્રમ કાયદાના અસરકારક અમલીકરણ થકી શ્રમિકોનો સર્વાંગી વિકાસ થાય અને સુવિધાઓ પ્રાપ્ત થાય અને સુખાકારી મળે તે માટે અમારો વિભાગ કામ કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટીક એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન એટલે ભારત સરકાર દ્વારા થતાં પીરીયોડિક લેબર ફોર્સ સર્વેમાં બેરોજગારીના દર અંગે ગણના થાય છે. તેના ભાગરૂપે નિયત વયકક્ષા માટે દેશમાં સરેરાશ બેરોજગારીનો દર ૩.૨ છે. જેની સામે ગુજરાતમાં આ દર માત્ર ૧.૧ જેટલો નીચો છે. કેટલાંક મિત્રો એમ કહેતાં હતાં કે, અહીંયા બેરોજગારીનું પ્રમાણ વધારે છે. આપણા દેશ કરતાં ગુજરાત રાજ્યમાં આ દર ૧.૧ જેટલો નીચો છે. આમ, રાજ્યના ઉમેદવારોને યોગ્યતા મુજબ, લાયકાત પ્રમાણે રોજગારી તથા કામ મળી રહે અને બેરોજગારી ઘટે તે માટે સરકારશ્રી દ્વારા સતત રોજગાર મેળાઓ જેવા કાર્યક્રમો કરીને અમારા વિભાગ દ્વારા પ્રયાસો થઇ રહ્યા છે. પીરીયોડિક લેબર ફોર્સ સર્વેના સપ્ટેમ્બર–૨૦૨૫ અંતિત ત્રિમાસિક અહેવાલ મુજબ સમગ્ર ભારતમાં ૧૫–૨૯ વર્ષના વયજૂથમાં મહિલા શ્રમિકોની ભાગીદારીમાં ગત વર્ષની સરખામણીમાં ગુજરાતે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. એટલું જ નહીં રોજગારીની તકો વધતાં ગુજરાતે પુરુષ શ્રમિકોની ભાગીદારીમાં દેશમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. જે રાજ્ય સરકારશ્રીની સર્વગ્રાહી નીતિને આભારી છે અને તેના કારણે આજે આપણે જોઈએ છીએ કે અહીંયા બેકારીનો દર ઘટી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિકોના પ્રશ્નોના નિરાકણ માટે શ્રમ, કૌશલ્ય વિભાગ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમ સેતુ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શ્રમયોગીઓના ગ્રેજ્યુઇટી ચૂકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળના દાવા તેમજ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના છૂટા કરવાની, પગાર વધારા કે અન્ય માંગણીને લગતી અરજીઓનો સરળતાથી અને પારદર્શક રીતે ઝડપી નિકાલ થઇ શકે તેવા હેતુથી કેસ એન્ડ ક્લેઇમ મેનેજમેન્ટ મોડ્યુલ વિકસાવવામાં આવ્યું છે. આમ, આ મોડ્યુલ થકી ઉક્ત કાયદાકીય કામગીરી સરળતાથી ઓનલાઇન થયેલ છે. જેના લીધે વર્ષ ૨૦૨૫માં આ પોર્ટલના માધ્યમથી કુલ ૫૫૫૦ અરજીઓની ઓનલાઇન કામગીરી કરવામાં આવેલ છે. આમ, શ્રમ કાયદાઓ હેઠળ સંસ્થાઓનાં નિરીક્ષણોથી માંડીને ક્ષતિઓની પૂર્તતા સુધીની તમામ પ્રક્રિયાઓ ઓનલાઇન કરવામાં આવે છે. જેમાં સંસ્થાઓ તરફથી પૂર્તતા પણ ઓનલાઇન સ્વીકારવામાં આવે છે. વર્ષ ૨૦૨૫માં કુલ ૧૩,૮૧૦ ઓનલાઇન નિરીક્ષણ કામગીરી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં શ્રમ, કૌશલ્ય વિકાસ વિભાગ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમિકોની ફરિયાદોનું નિરાકરણ કરવા માટે, તેમના વેતન, કામના કલાકો, પ્રોવિડન્ટ ફંડ, ઇ.એસ.આઇ., અકસ્માત વળતર અને મહિલા શ્રમિકોની સુરક્ષા અને અન્ય હક્કો અંગે માર્ગદર્શન આપવા માટે હેલ્પલાઇન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.આ વ્યવસ્થા દ્વારા સરકારનો હેતુ એ છે કે દરેક શ્રમિક સુધી જરૂરી માહિતી, જરૂરી માર્ગદર્શન અને જરૂરી સહાય ઝડપથી અને સરળ રીતે પહોંચે, તેમના માટેના વિવિધ પ્રશ્નોનો સમયસર ઉકેલ આવે અને તેઓ સરકારશ્રીની તમામ યોજનાઓનો મહત્તમ લાભ લઇ શકે તે માટે વિવિધ શ્રમ કાયદાઓને લગતી માહિતી તેમજ શ્રમિકોના વિવિધ પ્રશ્નોના સમાધાન માટે શ્રમિક સહાય કોલ સેન્ટર ૧૫૫૩૭૨ કાર્યરત છે. જેમાં વર્ષ ૨૦૨૫માં કુલ ૧૮,૪૦૨ ફોન કોલ્સ આવેલા છે. ઉક્ત તમામ કોલ્સનો હકારાત્મક રીતે અમારા વિભાગના માધ્યમથી જવાબ આપવામાં આવે છે. વધુમાં, શ્રમ તંત્ર દ્વારા શ્રમ કાયદાઓનું પાલન કરાવીને શ્રમયોગીઓને આર્થિક સુરક્ષા પૂરી પાડવાની નેમ સાથે તેમાં જોગવાઇ કરી છે. કાયદાકીય રીતે તેની કામગીરી થાય તે માટેની અમે ચિંતા કરી છે. વર્ષ ૨૦૨૫ના સમય દરમિયાન ૧,૨૩૨ સંસ્થાઓમાં કુલ ૭,૬૫૫ શ્રમયોગીઓને લગભગ રૂ.૧૧.૧૩ કરોડ લઘુત્તમ વેતન હેઠળ તફાવતની રકમ ચૂકવવામાં આવી છે. સાથે સાથે આગમી દિવસમાં પેન્ડિંગ અરજીઓને પણ તફાવતની રકમ ચૂકવાય તે માટે સતત અમારા વિભાગના માધ્યમથી પ્રયાસ થઇ રહ્યો છે. રાજ્યના શ્રમયોગીઓને બોનસની રકમ દિવાળીના સમયે મળી રહે તે માટે શ્રમ આયુક્તની કચેરીના સઘન પ્રયત્નો દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ૧૨ લાખ ૪૪ હજાર ૬૫૯ શ્રમિકોને રૂ.૨,૦૨૯.૧૭ કરોડની રકમ બોનસ પેટે ચૂકવવામાં આવેલી છે. ઇ–શ્રમ પોર્ટલનો મુખ્ય હેતુ અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને એક મંચ પર લાવી તેમની નોંધણી કરવી અને સરકારની વિવિધ યોજનાઓનો સીધો લાભ તેમને પહોંચાડવા માટેનો છે. આપણા દેશમાં લાખો શ્રમિકો જેમ કે, બાંધકામ શ્રમયોગીઓ, ખેતી શ્રમયોગીઓ, ઘરકામ શ્રમયોગીઓ, રીક્ષાચાલકો, ફેરિયાઓ વગેરે અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. આવા શ્રમિકો માટે પોર્ટલ એક આશીર્વાદરૂપ બની રહ્યું છે. આ કાર્ડ દ્વારા શ્રમિકોને દુર્ઘટના, વીમા જેવી સુવિધાઓ અને ભવિષ્યમાં અન્ય સરકારી યોજનાનો લાભ સરળતાથી મળી શકે છે. ઇ–શ્રમ પોર્ટલ શ્રમિકોના હક્કો અને સુરક્ષા માટેનો સફળ પ્રયાસ છે. આપણું કર્તવ્ય છે કે આસપાસના દરેક

યોગ્યતા ધરાવતા શ્રમિકને આ યોજના વિશે માહિતીગાર કરી તેમની નોંધણી કરાવવામાં મદદરૂપ બનીએ. એના માટે માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, આ પોર્ટલના માધ્યમથી આવા શ્રમિકોની નોંધણી થાય તેવો પ્રયત્ન કરીએ. માનવતાની રૂઇએ આ આપણી ફરજ છે.

(સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે)

શ્રી વિજયભાઇ ર. પટેલ(નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે એવી દરખાસ્ત કરું છું.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) હું માંગણીઓ પરની ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી માટે ઇ-શ્રમ પોર્ટલ પર વર્ષ ૨૦૨૫માં રાજ્યમાં કુલ ૪ લાખ ૩ હજાર ૨૩૧ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવેલ છે. અત્યારસુધીમાં રાજ્યમાં કુલ ૧.૨૩ કરોડ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવેલ છે. શ્રમિકોના કલ્યાણ અર્થે જુદા-જુદા બોર્ડ અંગેની બાબત પણ ધ્યાન પર મૂકવી છે. ગુજરાત રાજ્યમાં ગ્રામીણ અને શહેરી અસંગઠિત શ્રમયોગીઓના કલ્યાણ માટે ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાત સામૂહિક જૂથ(જનતા) અકસ્માત વીમા યોજના અંતર્ગત અકસ્માતથી મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સાઓમાં ૩.૪ લાખ અને અકસ્માતે આંશિક અપંગતાના કિસ્સામાં ૩.૨ લાખની સહાય આપવામાં આવે છે. ગુજરાત સામૂહિક જૂથ(જનતા) અકસ્માત વીમા યોજના અંતર્ગત તમામ ૭૦ લાખ અસંગઠિત ગ્રામ શ્રમયોગીઓને આવરી લેવામાં આવ્યા છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૨૬૯ લાભાર્થીઓને ૩.૬.૮૪ કરોડની સહાય પણ ચૂકવવામાં આવી છે. ગ્રામીણ તથા શહેરી વિસ્તારના અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ માટે મરણોત્તર ક્રિયા(અંત્યેષ્ઠિ) સહાય માટેની યોજના અંતર્ગત ૩.૧૦૦૦૦ની સહાય ચૂકવવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૫૪૪૦ આશ્રિતોને ૩.૫.૪૪ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. રાજ્યના અકીક વ્યવસાયમાં રોકાયેલા સ્વરોજગાર મેળવતા શ્રમિકોનું વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસિસથી અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને ૩.૪ લાખ આર્થિક સહાય આપવાની જોગવાઇ છે. મારે બધા સભ્યોના ધ્યાન પર એક વાત મૂકવી છે કે, સિલિકોસિસ એ સામાન્ય રીતે ફેંફસાનો રોગ છે, શ્વાસની તકલીફ પડે અને રજ ઊડતી હોય એવા વિસ્તારમાં વધારે થતો હોય છે. ઘણી વખતે દમના દર્દી ગણીને સિલિકોસિસના રોગમાં સમાવેશ કરતા નથી. મારી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આ રોગ ડિટેક્ટ થાય તો ૩.૪ લાખની સહાય સારવાર માટે આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૪૨ લાભાર્થીઓને ૩.૧.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી. રાજ્ય સરકારની અમલી યોજનાઓમાં જે વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૩૨૫૭ લાભાર્થીઓને ૩.૬.૪૯૨ કરોડની નાણાકીય સહાય બોર્ડ દ્વારા ચૂકવવામાં આવેલ હતી. રાજ્યમાં અકીક, પથ્થર બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત શ્રમયોગી તેમજ સ્વરોજગાર મેળવતા શ્રમિકોને સિલિકોસીસ રોગની ગંભીર બિમારીમાં તબીબી સારવાર માટે સહાય આપવા માટેના અમારા વિભાગ મારફતે તારીખ ૦૭/૦૧/૨૦૨૬ના ઠરાવથી શ્રમયોગીઓને રૂ. ૩ લાખની સહાય ચૂકવવા માટેનો નિર્ણય થયો છે. સિલિકોસિસ રોગથી અવસાનના કિસ્સામાં વારસદારોને રૂ. ૪ લાખની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૨ મૃતકોના વારસદારોને ૩.૧.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત, રાજ્યમાં કાર્યરત મીઠાના વ્યવસાય સાથે સંકળાયેલા અગરિયાઓને આવા શ્રમયોગીઓ તરીકે ગણી એમને પણ સહાય ચૂકવવાનું મેં આ વખતે નક્કી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક તબક્કે ૨૫૦૦ મીઠા અગરિયાઓને સોલાર પેનલ અને પાણીના ટાંકા સહિતનું પોર્ટેબલ આવાસ પૂરું પાડવા માટે પ્રથમ વખત આ જોગવાઇ કરી છે અને આયોજન કર્યું છે. રાજ્યના અસંગઠિત શ્રમિકોની સામાજિક સુરક્ષા માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહે એ માટે શ્રમયોગી કલ્યાણ બોર્ડના માધ્યમથી વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ. ૬૧.૫૭ કરોડની બજેટ જોગવાઇ સૂચવી છે. રાજ્યના અસંગઠિત શ્રમયોગીઓના આર્થિક, સામાજિક, શૈક્ષિણક અને સાંસ્કૃત્તિક સર્વાંગી વિકાસના ભાગરૂપે વિવિધ સામજિક સુરક્ષા અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવાના ઉદ્દેશ સાથે આ બોર્ડની રચના કરનાર દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે, જેણે આવા બોર્ડની રચના કરી અને શ્રમિકોની ચિંતા કરી છે. ગુજરાત રાજ્યના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓના કલ્યાણ બોર્ડની રચના અને ખાસ કરીને બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ ૧૯૯૬ની કલમ-૧૮ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ બાંધકામ શ્રમિકોને આ રીતની જોગવાઇ સાથે સહાય આપવા માટે રાજ્ય સરકારે, અમારા વિભાગે નિર્ણય કર્યો છે. અમારી સરકાર દ્વારા બાંધકામ શ્રમિકોના શિક્ષણથી લઇને સ્વાસ્થ્ય સુધીની ૨૦થી વધુ યોજનાઓની અમલવારી કરવામાં આવી છે. તમામ રીતે બાળકો સહિતની ચિંતા કરી આ બાંધકામ શ્રમયોગીને પોતાને, એમના પરિવારને અને બાળકોને સહાય મળે એ માટે અમે કલ્યાણકારી યોજનાઓનો એમાં સમાવેશ કર્યો છે. આગામી દિવસો માટે વધારે જોગવાઇની બજેટમાં દરખાસ્ત પણ કરી છે. બાંધકામ શ્રમિકોની નોંધણી

ઇ–નિર્માણ પોર્ટલ પર કરવામાં આવે છે અને તેને ઇ–નિર્માણ કાર્ડ કાઢી આપવામાં આવે છે. કોઇપણ નાગરિક સુવિધા કેન્દ્ર અથવા ઇ–ગ્રામ કેન્દ્ર, ધન્વંતરી આરોગ્ય રથ ઉપરથી આ નોંધણી કરવામાં આવે છે. બાંધકામ શ્રમિકોની નોંધણી પ્રક્રિયા પોતાની જાતે પ્રમાણપત્ર નક્કી કરી, સ્વહસ્તે પોતે ડોક્યુમેન્ટ રજૂ કરી આ નોંધણી કરાવી શકે છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ મારફતે વર્ષ ૨૦૨૫માં કુલ ૩. ૨,૪૭,૬૮૩ શ્રમિકોની નોંધણી ઇ–નિર્માણ પોર્ટલ ઉપર કરવામાં આવેલ છે. જે અંતર્ગત એની પાછળ ૩. ૫૩.૩૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૧.૪૦ લાખથી વધુ બાંધકામ શ્રમિકોની ઇ–નિર્માણ પોર્ટલ મારફતે નોંધણી કરવામાં આવી છે. બાંધકામ શ્રમિકોને સામાન્ય તાવ, ઝાડા, ઉલટી, ચામડીના રોગો જેવા સામાન્ય રોગો સહિત પ્રાથમિક ઇજાઓમાં સારવાર તથા પેશાબ, સુગર, લોહી વિગેરેની લેબોરેટરી તપાસ કરવા માટે શ્રમિકના પરિવારની મહિલા અને બાળકોની પ્રાથમિક સારવાર તેમજ સગર્ભા મહિલાઓની સગર્ભાવસ્થા દરમિયાન તપાસ થઇ શકે એના માટે પ્રાથમિક સારવાર માટે અમારા વિભાગમાં ધન્વંતરી આરોગ્ય રથની અત્યારે સુવિધા છે અને આગામી દિવસોમાં વધારે સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે બજેટમાં જોગવાઇ કરી છે. એમણે સરળ રીતે નિ:શુલ્ક સારવાર મળી રહે એ માટે ધન્વંતરી રથમાં અમે આ જોગવાઇ કરી છે. બાંધકામ શ્રમિકોને ખાસ કરીને જયાં વધારે શ્રમિકો કામ કરતા હોય, બાંધકામ ચાલી રહ્યું હોય તેવી જગ્યાએ ત્યાં જઇને તમામ પ્રકારની સુવિધાઓ આપવા માટે આ ધન્વંતરી રથમાં જોગવાઇ છે. બાંધકામ શ્રમયોગીઓને બાંધકામના સ્થળે આરોગ્યની પ્રાથમિક સેવા આપવા માટે હાલ ૧૫૪ જેટલા ધનવંતરી આરોગ્ય રથ કાર્યરત છે. આ આરોગ્ય રથોની સંખ્યા ૫૦૦ કરવા માટે અમે આગળ વધી રહ્યા છીએ. ૬૨ વર્ષે વધારો કરીને જરૂરિયાત પ્રમાણે આવા ૫૦૦ આવા ધન્વંતરી રથ થાય ત્યાં સુધી આગળ વધવા માટેની જોગવાઇ કરી છે. એના ભાગરૂપે આ વખતે વર્ષ ૨૦૨૬–૨૭માં કુલ નવા ૫૦ આરોગ્ય રથનું લોકાર્પણ કરવાનું એકાદ દિવસમાં આયોજન કર્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં અમે આ ૫૦ જેટલા વધારાના ધન્વંતરી રથનું લોકાર્પણ કરવાના છીએ. આયોજન થશે એટલે માનનીય અધ્યક્ષશ્રી અમે આપને પણ ચોક્કસ આમંત્રણ આપશું. એના માટે અમે આમાં ૩. ૬૦ કરોડની નાણાકીય જોગવાઇ પણ કરી છે. The building and other construction works of employment and condition of service 1996 હેઠળ બાંધકામ સાઇટ ઉપર મુલાકાત તપાસણી કરીને સલામતી તથા આરોગ્ય માટે તમામ પ્રકારની આરોગ્યની સુવિધા આ ધન્વન્તરી રથના માધ્યમથી સારવાર મળે એના માટેની જોગવાઇ કરી છે. સને ૨૦૨૫માં કુલ ૪.૫ લાખ જેટલી ઓ.પી.ડી. એટલે કે સ્થળ ઉપર જ દર્દીને તપાસીએ છીએ. આગામી દિવસોમાં એના માટે રૂપિયા ૩૪.૨૫ કરોડની જોગવાઇ કરી છે. શિક્ષણ સહાય યોજના હેઠળ અહીંયાથી માનનીય સભ્યશ્રીએ વાત કરી હતી કે બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ તમામ રીતે બધા પ્રકારની સુવિધા શ્રમિકો અને તેના પરિવાર તેમજ બાળકોને મળે એવી જોગવાઇ કરી છે. શિક્ષણ સહાય યોજના હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોને બે બાળકો માટે ધોરણ–૧થી લઇ પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કરવા સરકાર દ્વારા રૂપિયા ૧૮ હજારથી લઇ રૂપિયા ૨ લાખ સુધીની સહાય માટેની શિક્ષણને લગતી જોગવાઇ કરી છે. સને ૨૦૨૫માં કુલ ૬૪,૪૮૩ વિદ્યાર્થીઓને આનો લાભ આપવામાં આવ્યો હતો. આ અંતર્ગત આશરે રૂપિયા ૭૬ કરોડનો ખર્ચ થયો છે. સને ૨૦૨૬–૨૭માં રૂપિયા ૭૦ કરોડની જોગવાઇ કરી છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના કે જે થકી સામાન્ય રીતે પૌષ્ટિક આહાર મળી રહે એના માટે શ્રમિક કાર્ડ ધરાવતા હશે એને આ યોજના હેઠળ આવરી લીધા છે. રૂપિયા ૫ ના દરે કડિયા નાકા પર જઇને ભોજન પૂરું પાડવા આ યોજના કાર્યરત છે. કડિયા નાકા ઉપરથી અન્ય યોજનાનો પ્રચાર પ્રસાર કરવાની પ્રવૃત્તિ પણ કરીએ છીએ. શ્રમિક અન્નપૂર્ણા યોજનાના માધ્યમથી શ્રમિકને કાર્ડ મળે એના માટે પ્રયાસ કરીએ છીએ. હાલ ૨૯૩ જેટલા કડિયા નાકા પર ભોજન વિતરણ થઇ રહ્યું છે. આ યોજનામાં સને ૨૦૨૫માં ૧૧૫.૩૦ લાખ ભોજનનું વિતરણ થયેલ છે. એની સામે કુલ ખર્ચ રૂપિયા ૪૯.૮૮ કરોડનો થયો છે. ચાલુ વર્ષમાં બીજા નવા ૩૦૦ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો કરવાની અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે એટલે આગામી દિવસોમાં ૩૦૦ જેટલા અન્નપૂર્ણા કેન્દ્રોની જોગવાઇ કરવાના છીએ. એના માટે ૧૦૦ કરોડના વધારાના ખર્ચ, ગયા વખતે ૧૦૦ કરોડ રૂપિયા હતા અને આ વખતે રૂપિયા ૧૦૦ કરોડ એમ મળીને રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ સૂચવી છે. શ્રમિક પરિવારમાંથી એમના પત્ની વગેરે સગર્ભા હોય તો કામ કરી શકતા નથી. એવા સમયે આર્થિક મુશ્કેલી અનુભવે છે. એવા સમયે પ્રસૂતા સહાય યોજના અંતર્ગત નાણાકીય સહાય મળી રહે તે માટે પ્રસૂતા સહાયની યોજના આ વખતે અમલમાં મૂકી છે. નોંધાયેલ મહિલા બાંધકામ શ્રમિકને રૂપિયા ૩૭,૫૦૦ની સહાય, નોંધાયેલ બાંધકામના પુરુષ શ્રમિકના પત્ની સગર્ભા હોય તો એવા કિસ્સામાં રૂપિયા ૬ હજાર સહાય આપવાની જોગવાઇ છે. સને ૨૦૨૫માં આવા ૬૬૨૭ લાભાર્થીઓને રૂપિયા ૧૨.૧૦ કરોડની સહાય આપવામાં આવી છે. સને ૨૦૨૬–૨૭માં પ્રસૂતા સહાય યોજના માટે વધારાના રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ અમે કરી છે. દીકરી બચાવો, દીકરી વધાવો, દીકરી ભણાવોના ઉદ્દેશ સાથે સ્ત્રીભૃણ હત્યા નિવારવા માટે તથા બાંધકામ શ્રમિકોની દીકરીઓના શિક્ષણ અને લગ્નના ખર્ચને પહોંચી વળવા માટે મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અમલમાં છે. નોંધાયેલ શ્રમિક કે જેણે કાર્ડ મેળવ્યું છે એની એક પુત્રીના નામે રૂપિયા ૨૫ હજારનું બોન્ડ ૧૮ વર્ષની મુદ્દત સુધીનું આપવાના છીએ. આ યોજના અમલમાં છે. સને ૨૦૨૫માં ૧૫૩૬ લાભાર્થીઓને રૂપિયા ૩.૮૩ કરોડની સહાય ચૂકવવામાં આવેલ. ચાલુ વર્ષ ૨૦૨૬–૨૭માં મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના માટે રૂપિયા ૨ કરોડ જેટલી વધારાની જોગવાઇ કરેલ છે. અકસ્માત મૃત્યુ સહાય યોજના હેઠળ કોઇ શ્રમિકને અકસ્માત થાય, શ્રમિકનું બાંધકામ સાઇટ પર ચાલુ કામે મૃત્યુ થતાં વારસદારોને રૂપિયા ૫ લાખની સહાય અને

કાયમી અશક્તતા આવી જાય તો એવા કિસ્સામાં રૂપિયા ૫ લાખની સહાય આપવાની જોગવાઇ છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૭૨૦ લાભાર્થીઓને કુલ રૂ.૨૩.૪૪ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં આ યોજના માટે વધુ પાંચ કરોડની જોગવાઇ સૂચવી છે. શ્રમિક પરિવહન યોજના એટલે શ્રમિકનું રેહઠાણ હોય કામ ઉપર જવાનું અંતર હોય એના માટે પણ જોગવાઇ કરી છે. આ બાંધકામ શ્રમિકો પોતાના નિવાસસ્થાનેથી વસાહત સુધી રોજગારી મેળવવા વિવિધ બાંધકામના સ્થળ કે સાઇટ સુધી જતા હોય એવા કડિયાનાકા પરથી આવવા-જવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટ મારફત મુસાફરી કરતા હોય અથવા બાંધકામ શ્રમિકને મુસાફરી ખર્ચ પેટે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના રાહત દરના પાસ આપવા માટેની આ શ્રમિક પરિવાર યોજના અમલમાં મૂકી છે. ખાસ કરીને બાંધકામ તરીકે નોંધાયેલા શ્રમિકો છે એવા કડિયાનાકાથી કામના સ્થળે જવા-આવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન મારફતે પાસ એને મળવાપાત્ર છે એમાં૮૦ ટકા રકમ અમારું બોર્ડ ભગોવે છે, ૨૦ ટકા રકમ શ્રમિક કાર્ડ ધરાવતા લાભાર્થીએ ભોગવવાની છે. એ રીતે અમલવારી ચાલુ છે. એમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટનો આજે પણ આ યોજના હેઠળ સમાવેશ થયો છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫માં ૫૪૫૬ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળેલો છે એની પાછળ રૂ.૨.૮૬ કરોડની સહાય પણ ગયા વખતે ચૂકવાયેલી છે. ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં આ યોજના માટે અમે રૂ.૪.૫ કરોડની જોગવાઇ સૂચવી છે. રાજ્ય સરકારની પ્રોત્સાહક અને અસરકારક ઉદ્યોગ નીતિના કારણે રાજ્યમાં ઔદ્યોગિક એકમની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. તા.૨૮/૨/૨૦૨૬ના અંતિતમાં રાજ્યમાં ૫૧,૦૩૩ કારખાનાઓ પૈકીના ૧૪૬૦૦ કેમિકલના કારખાના નોંધાયેલા છે. સમગ્ર દેશમાં સૌથી વધુ કેમિકલના કારખાના ગુજરાતમાં નોંધાયેલા છે. આ કારખાનાઓ અતિ જોખમી હોય છે એના માટે કારખાનાના ઓનસાઇટ તેમજ ઓફસાઇટ ઇમર્જન્સી પ્લાન્ટનું વહીવટીતંત્ર દ્વારા અમારા વિભાગ મારફતે એની સામે જે કંઇ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝને મદદની વ્યવસ્થા પણ અતિ મહત્ત્વની જોગવાઇઓ સાથે કરી છે. આવું જ્યાં છે ત્યાં અમે રિહર્સલ પણ કરીએ છીએ. ક્યાંય જોખમ હોય તો સૂચનો લઇને એમાં સુધારા કરવા માટેના પણ કેમિકલનાં કારખાનાં છે ત્યાં પ્રયાસ કરીએ છીએ. અતિ જોખમી કારખાનાનું સેફ્ટી ઓડિટ વિભાગ મારફત કરીએ છીએ. નોંધાયેલાં કેમિકલ્સનાં કારખાનાઓમાં આગના બનાવ ના બને અને તેવાં કારખાનાઓમાં સામાન્ય રીતે શ્રમિકના કાયદા મુજબ પૂરતી કાળજી લઇએ છીએ. એ પ્રમાણે રાજ્ય સરકારના શ્રમિકોના હક્કો અને સુરક્ષા માટે સફળ રીતે અમે (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પાંચ મિનિટ બચી છે એટલે આપના કોઇ વિષય રહી ના જાય. કોઇ ડિપાર્ટમેન્ટ રહી ના જાય એ જરા જોઇ લેજો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : મેં સમય માગ્યો હતો અને મને સમય આપ્યો છે. મારો હજુ વિભાગ બાકી રહી ગયો છે.

અધ્યક્ષશ્રી : વિભાગ બાકી ના રહી જાય એટલા માટે એમાં ૪૦ મિનિટનો સમય છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં નવી બાબતોમાં ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન અંતર્ગત વિકસિત ગુજરાત માટે વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૨૨૬ કરોડની નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. પી.એમ.સેતુ યોજના હેઠળ રાજ્ય સરકારે દેશના આદરણીય વડાપ્રધાને નવી ૧૦૦૦ જેટલી આઇ.ટી.આઇ. ઇન્ડસ્ટ્રીઝના સહાયોગથી આપણને ૪ ઝોનમાં આઇ.ટી.આઇ. મળે છે. સુધારણા માટે લગભગ રૂ.૨૦૦ કરોડની નાણાકીય જોગવાઇ પણ કરવામાં આવી છે. ખૂબ મહત્ત્વની આઇ.ટી.આઇ.ની સુધારણા માટે ખાસ કરીને આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતી ૨૬,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને આઇ.ટી.આઇ.નું શિક્ષણ પૂર્ણ કરવા માટે એક વર્ષના કોર્ષ માટે રૂ.૧૫,૦૦૦ અને બે વર્ષના કોર્ષ માટે રૂ.૨૪,૦૦૦ નાણાકીય સહાયની પ્રોત્સાહિત જોગવાઇ કરી છે. નમો કૌશલ્ય લક્ષ્મી યોજના માટે વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની વિવિધ ૧૬ આઇ.ટી.આઇ.ની નવી બિલ્ડિંગોના બાંધકામ માટે ૨૦૨૬-૨૭માં રૂ.૬૪ કરોડની વધારાની જોગવાઇ સૂચવેલી છે. સરકારી આઇ.ટી.આઇ. માટે સમાનતા, શિસ્ત અને વ્યસાયિક ઓળખ મળે એ માટે પહેલી વખત આઇ.ટી.આઇ.માં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં હોય એને વર્ષે દહાડે બે યુનિફોર્મ માટે હજાર હજાર રૂપિયા એટલે કે બે હજાર રૂપિયા ડી.બી.ટી.ના માધ્યમથી આપીએ છીએ. જેથી કરીને આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓની ઓળખ આપણને જોવા મળે. વર્ષ ૨૦૨૬-૨૭માં એના માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એવી રીતે બાંધકામ શ્રમિકોનું અકસ્માતે મૃત્યુના કિસ્સમાં રૂ.૫ લાખની સહાય માટે ૨૦૨૬-૨૭ના વર્ષમાં ૧૨ કરોડની નાણાકીય જોગવાઇ કરી છે. મીઠાંના અગરિયાઓ છે તેની મુશ્કેલીઓને ધ્યાને રાખી અને તેમને શ્રમિક તરીકેનું કાર્ડ આપી અને એવા લોકોને અમે ૨૫ કરોડની નાણાકીય સહાય માટેની તેને આવાસ આપવા માટેનું એક ખાસ કરીને યુનિટ નંબર સાથેનું આવાસ ફાળવવા માટેની અમે આ વખતે જોગવાઇ કરી છે. સાથે સાથે વર્ષ ૨૦૨૬-૨૭માં ૫ કરોડની ટોકન જોગવાઇ સાથે અમે શિક્ષણ સાથે પોષણ આપવા માટેની પણ જોગવાઇ કરી છે. બાંધકામ શ્રમિકો માટે વર્ષ ૨૦૨૬-૨૭માં ૧ કરોડની નાણાકીય જોગવાઇ સાથે તેની ઉત્પાદકતા અને રોજગારીને પ્રોત્સાહન મળે તે માટે પણ અમે જોગવાઇઓ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે મારી પાસે બીજો જે વિભાગ છે તેની પણ હું થોડી વાત આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું. ખાસ કરીને ગ્રામ વિકાસ વિભાગ તેમાં જે મુખ્ય બાબતો છે તેમાંથી પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામ વિકાસ વિભાગની કેન્દ્રીય પુરસ્કૃત યોજનામાં રાજ્ય સરકારના સક્રિય ફાળા સાથે તેની અમલવારી થાય છે અને તેના માટે દરેક ગ્રામીણ

પરિવારને પોતાના ઘરનું ઘર મળે તે માટે, એનું જીવન ધોરણ ઊંચું આવે તે માટે રાજય સરકારને ભારત સરકારના સહયોગથી તેની અમલવારી વર્ષ ૨૦૧૬થી થઇ છે એ રીતે પ્રધાનમંત્રી આવાસ યોજના તે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના ૬૦:૪૦ના રેશિયાથી લાભાર્થીઓને આવાસ મળે તે માટે એક લાભાર્થી દીઠ એટલે એક વ્યકિતને રૂ.૧ લાખ અને ૨૦ હજારની તબક્કાવાર સહાય ચૂકવવામાં આવે છે. તેમાં ખાસ કરીને પ્રધાનમંત્રી આવાસ યોજનાની મળવાપાત્ર કુલ સહાય રૂપિયા ૨ લાખ ૩૨ હજાર ૯૨૦ છે. એમાં તબક્કાવાર જુદી જુદી છે, પહેલાં રૂપિયા ૧ લાખ ૨૦ હજાર પછી રૂપિયા ૫૦ હજાર જે ખાસ કરીને ટોપઅપ એટલે અધવચ્ચેથી મકાન છોડી દીધું અને પૂરું કરવા માટે તેની આર્થિક સ્થિતિ ના હોય એવા લોકોને રાજય સરકાર તરફથી ૫૦ હજાર રૂપિયા અને લાભાર્થીને પ્રથમ હપ્તો મળ્યેથી પહેલો હપ્તો મળે અને પછી છ મહિનામાં તે મકાન પૂરું કરી દે તો તેને રૂપિયા ૨૦ હજાર વધારાના મળે છે. એ ઉપરાંત રાજય સરકાર તરફથી બાથરૂમ બાંધવા માટે ૫ હજાર રૂપિયા આપવામાં આવે છે. સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ હેઠળ શૌચાલય બનાવવા માટે ૧૨ હજાર રૂપિયા, મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની કામગીરી કરતા હોય તેને રૂપિયા ૨૫,૯૨૦/– આમ, રૂપિયા ૨ લાખ ૩૨ હજાર જેવી રકમ મળે છે. આવાસ યોજનાની સાથે સાથે જેમને તમામ પ્રકારની આરોગ્યને લગતી,

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપની અડધી મિનિટ બાકી છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ આપજો.

અધ્યક્ષશ્રી : હું નહીં આપી શકું તમારે ત્યાંથી તમારા દંડકશ્રીએ માગણી પણ નથી મૂકી.(અંતરાય) મૂકાઇ ગઇ છે? જવાબ પૂરો થાય ત્યાં સુધી કહ્યું છે? હા, તો સમય આપું છું. અગાઉ નિર્ણય થયેલો હશે તો આપું છું. બેની ત્રણ મિનિટ લંબાવશો તો પણ વાંધો નહીં.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ–૨૦૨૬–૨૭ની નવી બાબતમાં લઇ તો સામાન્ય રીતે વર્ષ ૨૦૧૬–૧૭ના વર્ષની તેમાં ખાસ કરીને વર્ષ ૨૦૨૩–૨૪માં મંજૂર કરવામાં આવેલ આવાસો પૈકીના વિલંબિત મકાનો સમય–મર્યાદામાં પૂરાં કરતા ના હોય એવા લોકોને પણ રાજય સરકારની સહાય છે અને એમાં રૂપિયા ૫૦ હજારની વધારાની સહાય આપે છે અને તેના માટે ખાસ કરીને વર્ષ ૨૦૨૬–૨૭માં ૯૦ કરોડની નવી બાબતોની જોગવાઇ પણ આમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન હેઠળ એટલે PM- JANMAN યોજના હેઠળ વધારાની જોગવાઇ એટલે વર્ષ ૨૦૨૬–૨૭ માટે રૂપિયા ૪૭.૩૫ કરોડની વધારાની જોગવાઇ પણ કરવામાં આવી છે. પ્રધાનમંત્રીનું સ્વપ્ન છે વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન એટલે જેને વી.બી. જી–રામ–જી નામથી ઓળખીએ છીએ. વડાપ્રધાનશ્રી વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને અનુલક્ષીને વિકસિત, ગ્રામ પંચાયત પ્લાન બનાવે એટલે ગ્રામ સભામાં પ્લાન બનાવે તેના દ્વારા કેન્દ્ર અને રાજયન સરકારની વિવિધ યોજનાઓનું સંકલન કરીને ગામની વાસ્તવિક જરૂરિયાત મુજબ સર્વાંગી અને ટકાઉ વિકાસને ધ્યાનમાં રાખીને ગામનો પ્લાન બનાવે તે પ્રમાણે કામ વીબી જી રામજીની યોજનામાં કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામિણ પરિવારના બિન કુશળ શ્રમ કરવા ઇચ્છુક પુખ્ત સભ્યોને હાલમાં કુટુંબ દીઠ ૧૦૦ દિવસની રોજગારી મળે છે જેમાં વધારો કરીને ૧૨૫ દિવસની સવેતન રોજગારીની ગેરંટી આમાં આપવામાં આવી છે. ગ્રામિણ રોજગાર સુરક્ષા,આવકમાં વધારો અને સામાજિક સ્થિરતા સુનિશ્ચિત કરવા માટેની આ યોજના છે. વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન એટલે ગ્રામીણ યોજનાને શ્રમિકોની રોજગારીની માંગ અને ખેતીની સીઝનમાં થતી શ્રમિક માંગ વચ્ચે સંતુલન જાળવવા માટેનો આમાં પ્રયાસ થયેલો છે. આ અધિનિયમથી મુખ્ય ઘટકો પહેલાં મેટલકામ અને માટીકામ જ થતાં તેના બદલે હવે જળ સુરક્ષા અને સંરક્ષણનાં સંબંધિત કામો થશે. ગ્રામીણ માળખાકીય સુવિધાઓમાં વધારો થશે. આજીવિકા વૃદ્ધિ સંબંધે કાર્યો થશે. અને ખાસ તો આબોહવા પરિવર્તન અને પ્રતિકૂળ હવામાન તેની સામે પ્રતિકારકતાના કાર્યો આ વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન હેઠળ થશે. આના માટે વર્ષ–૨૦૨૬–૨૭ના બજેટની અંદર ૧૫૦૦ કરોડની નવી બાબતમાં જોગવાઇ કરવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ સ્વચ્છ ભારત મિશનમાં ખાસ કરીને સન ૨૦૧૪ થી શરૂ કરી સન ૨૦૧૯માં પહેલો તબક્કો પૂર્ણ કર્યો એટલે મોટા ભાગના વ્યકિતગત અને સામૂહિક શૌચાલયો પૂરા થયા છે. બીજા તબક્કામાં સન ૨૦૨૦થી શરૂ કરી સન ૨૦૨૫ સુધીમાં ઘન કચરો, પ્રવાહી કચરો હોય એના નિકાલ માટે આ બીજા તબક્કામાં અને બાકી રહી ગયેલા વ્યકિતગત અને સામૂહિક શૌચાલય માટેની પણ આમાં જોગવાઇઓ છે. વ્યકિતગત શૌચાલયો, સામૂહિક શૌચાલયો, સામૂહિક શોકપીટ, સામૂહિક કમ્પોસ્ટ પીટ, સેગ્રીગેશન શેડ, વ્યકિતગત બાયોગેસ પ્લાન્ટ વગેરે સ્વચ્છ ભારત યોજના હેઠળ સન ૨૦૨૬–૨૭માં યોજના બનાવવા માટે વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ. ૭૩૭.૯૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગામોમાં પ્રવાહી કચરા અને સામૂહિક શૌચાલય માટે અલગ અલગ જોગવાઇ છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના જે ગામડામાં ખાસ કરીને જુદા જુદા સ્ટ્રકચરોના માધ્યમથી એની શરૂઆત વર્ષ ૨૦૨૧–૨૨માં આપણા રાજયમાં થયેલી અને એના માટેનું કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો ફંડનો રેશિયો ૬૦:૪૦ નો છે. એનો હેતુ એ પ્રોજેકટ વિસ્તારમાં ઇકોલોજીકલ સંતુલન જાળવવાનો તેમજ જલ સંચય, સંરક્ષણ, જમીન સુધારવા માટેનો મુખ્ય હેતુ છે. બહેનોને રોજગારી પૂરી પાડવા માટેની દીનદયાળ અંત્યોદય રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત ગ્રામીણ વિસ્તારની બહેનોનું સામાજિક

ઉત્થાન થાય, જીવનધોરણ ઊંચું આવે અને આર્થિક રીતે પગભર થાય તે માટે તે માટે સ્વસહાય જૂથોની રચના કરી તેને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાણ કરી આર્થિક રીતે બહેનો પગભર એ આ યોજના બનાવવાનો ઉદ્દેશ છે. આર્થિક રીતે બહેનો પગભર થાય એ માટેની આ યોજના ગામડામાં એસ.એચ.જી. ગૃપની આ યોજના કાર્યરત છે. સન ૨૦૨૫-૨૬માં ૯૦૭૪ સ્વસહાય જૂથો હતા તેને કુલ ૪૪૦૫ સ્વસહાય જૂથોને કુલ ૧૩.૧૮ કરોડ સહાય ફાળવવામાં આવેલ છે. દીનદયાળ ઉપાધ્યાય ગ્રામિણ કૌશલ્ય યોજના હેઠળ ખાસ કરીને અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, લઘુમતિની બહેનો મહિલા લાભાર્થીઓ તેમજ દિવ્યાંગ લાભાર્થીઓને પણ એમાં અગ્રિમતા આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૨૦૪ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવશે. અને ૧૨૩૨ તાલીમાર્થીઓને રોજગારી પૂરી પાડવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. સ્વસહાય જૂથો માટે પ્રચાર-પ્રસાર માટેના રાષ્ટ્રીય કક્ષાના સરસ મેળા, પ્રાદેશિક સરસ મેળાઓ, અન્ય મેળાઓ, સખી ક્રાફટ બજાર, કેટરીંગ અને કેન્ટીન ડિરેકટરી, સ્વદેશી કેમ્પેઇન, ખાસ કરીને લખપતિ દીદી, માનનીય પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ન છે. લખપતિ દીદી માટે અમે આ વખતે જોગવાઇ કરી અને એના માટે અમે ૪૭.૨૫ કરોડની નવી બાબત તરીકે આયોજનમાં જોગવાઇ કરી છે. સ્વ-સહાય જૂથની બહેનોને ગ્રામ હાટ બનાવવા માટે આ વખતે રૂ. ૨૦ કરોડનું આયોજન કર્યું છે. સ્વ.સહાય જૂથોના પ્રચાર અને પ્રસાર માટે રૂ. ૨૫ કરોડની અમે જોગવાઇ કરી છે. અમારા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા પ્રજાજનોનું જીવન-ધોરણ ઊંચું લાવવા અને આપણા ગામડાઓની સમૃદ્ધિ અને સુખાકારી વધારવા માટે રાજય તથા રાષ્ટ્રનો વિકાસ થાય તેવા શુભ વિચાર સાથે વિકસિત ગામ થકી વિકસિત ભારતનું નિર્માણ થાય તે માટે ખૂબ જ સારી કામગીરી કરી રહ્યા છીએ. ખાસ કરીને મારા હસ્તકના વિભાગો દ્વારા થતી કામગીરી મેં આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માટે પ્રયાસ કર્યો છે અને આ વિભાગો દ્વારા આયોજનો માટેની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી મેં ગૃહ સમક્ષ મૂકી છે, બધા સદસ્યશ્રીઓને વિનંતી છે કે બંને વિભાગને ન્યાય આપવા માટે અમે પ્રયાસ કરીએ છીએ, તમારી જે કંઇ માગણીઓ છે, જે સૂચનો છે એને ધ્યાનમાં રાખીને ચોક્કસ ન્યાય આપવા માટેનો પૂરો પ્રયાસ કરીશું અને આ સન ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં નવી બાબતોમાં લઇ આવ્યા છીએ. અમારા વિભાગની માગણીઓ સર્વાનુમતે પસાર થાય એવી આપ સૌને વિનંતી કરું છું. સૌનો આભાર. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : કોઇ માનનીય સભ્યશ્રીઓને આના આનુષંગિક પ્રશ્ન પૂછવા હોય તો પૂછે. અધિકારીશ્રીઓ અને સચિવશ્રીઓ છે તેમને મારી ખાસ વિનંતી કે તમે નોંધ કરી રાખશો અને આ રેકોર્ડ ઉપર માનનીય મંત્રીશ્રીને માનનીય ધારાસભ્યશ્રીઓ પૂછી રહ્યા છે એ પ્રમાણે લઇને તમારી બજેટની જોગવાઇઓને આનુષંગિક આ કામોને પ્રજાની પ્રાયોરિટી છે તેવું સમજી માનનીય ધારાસભ્યશ્રીઓ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે કામમાં સમાવેશ થાય અને તેની જાણકારી પણ વિધાનસભા થ્રુ માનનીય સભ્યશ્રીઓને મળે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં ૧૭૦ આંગણવાડીઓનાં મકાનો નથી તો એની હું માંગણી કરું છું કે એને મંજૂર કરવામાં આવે. માલપુર અને સાઠંબા તાલુકા પ્લેસ છે બંને જગ્યાએ સુવિધાપથની માગણી કરું છું. વિકેન્દ્રીત વિવેકાધીનમાં ૧૫ ટકા આર.સી.સી. અને ૧૫ ટકા બ્લોક આપણે આપીએ છીએ એના કારણે પ્રોટેકશન દીવાલો સૌથી વધારે બને છે. એમાં ટકાવારીનું માધ્યમ કાઢી નાખીએ તો ગામડામાં આર.સી.સી.ના રોડ અને રસ્તા બની શકે. નિર્મળ ગુજરાત યોજના ૨.૦ અંતર્ગત ડ્રેનેજ લાઇનની સુવિધા આપવામાં આવે તો ઘણા બધા ગામડાઓમાં ડ્રેનેજ લાઇનની સમસ્યાનો નિકાલ થાય અને લોકલ સેઝ ફંડ સરકાર પાસે પડ્યું છે એ આપવામાં આવે તો જિલ્લાના વિકાસમાં ફાયદો થાય એવી હું માગણી કરું છું.

અધ્યક્ષશ્રી : બધા સભ્યશ્રીઓને કોઇ એક કામ પ્રાયોરિટીનું હોય એ જ મૂકો પછી ઘણાં બધાં કામો હશે તો એનો કોઇ મતલબ નહિ રહે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં જે દીકરીઓ જી.પી.એસ.સી.ની પરીક્ષા આપે છે એમના માટે છાત્રાલયની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? અને બનાસકાંઠા જિલ્લામાં શિવમ નર્સિંગ કૉલેજમાં આદિવાસી દીકરીઓ એડમિશન લે છે અને એમના ઓરિજિનલ ડૉક્યુમેન્ટ જમા કરી દે છે. એ પછી દીકરીઓને બીજે અભ્યાસ કરવા જવું હોય તો એ નર્સિંગ કૉલેજવાળા સાચા ડૉક્યુમેન્ટ આપતા નથી. તો એમાંથી એમને મુક્તિ અપાવવા માગો છો કે કેમ?

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કે જૂનાગઢ વિધાનસભાના મહાનગર વિસ્તારમાં ઘણી આંગણવાડીઓ બે વર્ષથી પૈસા આવી ગયા હોવા છતાં વિભાગના વિવાદોના કારણે અટકેલી પડી છે તો તાત્કાલિક અસરથી એ વિધાનસભા વિસ્તારમાં આંગણવાડી મળે એવી માગણી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને મારો પ્રશ્ન છે કે વલસાડ જિલ્લાની આલોક ઇન્ડસ્ટ્રીમાં છેલ્લા ૧૫ દિવસથી શ્રમિકો/કામદારોની હડતાલ છે. સમાધાનના ભાગરૂપે ત્યાં કોઇ અધિકારી પણ ગયા નથી. આગળ આવેદનપત્ર પણ આપેલ હતું. માનનીય આદિજાતિ મંત્રીએ કહ્યું જ છે કે ૪૦ ટકા કટઓફ માર્ક્સ માટે વિચારવામાં આવે. જો એના માટે વિચારવામાં આવે તો ઘણા બધા આદિવાસી સમાજના દીકરા દીકરીઓને ફાયદો થાય છે. માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન છે કે પોષણ સુધા યોજનામાં ધાત્રી માતા અને સગર્ભા માતાને એક સમયનું જમવાનું જમાડવામાં આવે છે. એ ડીશના માત્ર

રૂ.૨૭ ચૂકવવામાં આવે છે. આવું જમવાનું જમવાથી કુપોષણમાંથી નીકળી નહિ શકાય. તો મારી વિનંતી છે કે રૂ.૭૫ કરતાં વધારેનું જમવાનું જમાડો તો માતાને સારું થાય.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સરકારી ભરતી પ્રક્રિયામાં અનુસૂચિત જનજાતિ માટે લઘુત્તમ ગુણ મર્યાદા ૩૫ ટકા હતી. એ વધારીને ૪૦ ટકા કરવામાં આવી છે. એ ફરી ૩૫ ટકા યથાવત કરવામાં આવે અને વન અધિકારની જે પેન્ડિંગ અરજીઓ આપણી પાસે પડી છે એનો ત્વરિત નિકાલ કરવામાં આવે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં મોટા ભાગે બાંધકામ સાથે સંકળાયેલા શ્રમિકો માટે મુખ્ય મથક પર રેનબસેરાની વ્યવસ્થા થાય એવી વિનંતી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું કે મારા બોટાદ જિલ્લામાં એક મહિલા આઇ.ટી.આઇ. કૉલેજ હજી બની નથી તો એ તાત્કાલિક અસરથી બનાવવામાં આવે. એ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં જે મકાનોને સહાય આપવામાં આવે છે. એ સારી બાબત છે પણ શહેરી વિસ્તારમાં જે રકમ ફાળવવામાં આવે એ જ રકમ ગ્રામ્ય વિસ્તારમાં પણ ફાળવવામાં આવે. આ ઉપરાંત ગુજરાતની મહિલાઓને એસ.ટી. બસ, સીટી બસ હોય કે મેટ્રોમાં ૫૦ ટકા કન્સેશન આપવાની બાબતમાં વિચારણા કરવામાં આવે તો સારી બાબત છે.

અધ્યક્ષશ્રી : એક એક કામ બોલો. તમારા વિસ્તારનું જે પ્રાયોરિટીવાળું કામ હોય એ કહો. નીતિ વિષયક બાબત માટે ફરી ચર્ચા કરી શકીશું.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, મારા વિસ્તારમાં દિવ્યાંગ આઇ.ટી.આઇ.ને ટ્રાન્સપોર્ટેશન માટે બસ ફાળવવા વિનંતી છે. આ સાથે હું મહિલા વિભાગના માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, રાજકોટનું નારી સંરક્ષણ ગૃહ શિક્ષણ વિભાગના મકાનમાં ચાલે છે તેના માટે વ્યવસ્થા કરવા માટે વિનંતી કરું છું.

શ્રી અમુલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, અમદાવાદ શહેરમાં ૫૦ ટકા આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે. આ માટે નવા મકાનો ઊભા કરવામાં આવે અને અત્યારે જે આંગણવાડીઓ અસ્તિત્ત્વમાં છે તેને સ્માર્ટ બનાવવામાં આવે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, વલસાડ તાલુકામાં ગુંદલાવ જી.આઇ.ડી.સી.માં નાના સ્કેલની ૩૦૦ ઉપરાંતની ફેક્ટરીઓમાં કામદારો માટેના કોઇ નીતિ નિયમો જળવાતા નથી અને તેમને કેટલું વેતન આપવામાં આવે છે તે વિશે સંકલનમાં પ્રશ્ન પૂછવામાં આવે તો તેનો જવાબ મળતો નથી. આ બાબતે મોનિટરિંગ કરવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા સરહદી વિસ્તારમાં સાંઘી, જી.એમ.ડી.સી., અલ્ટ્રાટેક અને અદાણી જેવી કંપનીઓ સ્થાનિક રોજગારી માટે બિલકુલ ધ્યાન આપતી નથી અને અમારું સાંભળતા નથી. રોજગારીના લીધે સ્થળાંતર થઇ રહ્યું છે એટલે સ્થાનિક રોજગારીને પ્રાધાન્ય આપવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા મતવિસ્તાર લાઠી અને બાબરામાં ઘણી બધી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે. તેમાં દરખાસ્ત ..... (અંતરાય)

અધ્યક્ષશ્રી : અહીંયા બેઠાં બેઠાં કોમેન્ટ નહીં કરો, મારે ગૃહની બહાર મોકલવા પાડશે. આ સમય રિસ્પોન્સ માટે નથી.

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીઓ માટે સરકાર કક્ષાએ દરખાસ્ત આવી ગઇ છે ત્યારે તેને વહેલી તકે મંજૂરી આપવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, છોટાઉદેપુર ખાતે હાટ બજાર અને મલ્ટીપર્પઝ હૉલને મંજૂરી આપવામાં આવે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું. શ્રી અમુલભાઇએ જે સૂચન કર્યું છે તે મારું પણ સૂચન છે. આ સિવાય મારું બીજું સૂચન એ છે અને લોકો ઘણા સમયથી માગણી કરી રહ્યા છે તે આંગણવાડી અને તેડાઘર બહેનોનું વેતન વધારવામાં આવે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, બનાસકાંઠા જિલ્લામાં ચિલ્ડ્રન હોમ્સ ફોર ગર્લ્સ છેલ્લા બે–ત્રણ વર્ષથી મંજૂર થયેલ છે પણ ડિઝાઇન અને જમીનના ઇશ્યુના કારણે હજુ સુધી તેનું નિરાકરણ આવતું નથી એટલે ખૂબ ઝડપથી ચિલ્ડ્રન હોમ્સ ફોર ગર્લ્સની શરૂઆત થાય.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, સંતરામપુર તાલુકામાંથી ગોધર નવીન તાલુકો બન્યો છે તેમાં ભગવાન બિરસા મુંડા લાઇબ્રેરી બનાવવામાં આવે, આઇ.ટી.આઇ. મંજૂર કરવામાં આવે, નવીન ગ્રામ હાટ આપવામાં આવે, એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલની પણ માગણી

છે. જિલ્લા કક્ષાએ જી.પી.એસ.સી. માટે જે સેન્ટર આપવામાં આવે છે ત્યારે આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે નજીકના તાલુકા કક્ષાએ સ્પીપા સેન્ટર આપવામાં આવે તેવી માગણી છે. સંતરામપુર તાલુકાના ૪૪ ગામો માટે તળાવ ભરવા સિંચાઇ માટે રૂ.૧૩૨ કરોડની યોજના બનેલી છે. તળાવ ભરાઇ જવાના છે, યોજના પૂરી થઇ જવાની છે પરંતુ તે તળાવમાંથી ખેડૂતોના ખેતર સુધી પાણી જાય તેના માટે ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા લિફ્ટ ઇરિગેશન મંજૂર થાય તેવી મારી માગણી છે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાતનાં બાળકો અને માતાઓના સ્વાસ્થ્યની તથા કુપોષણની ચિંતા કરવામાં આવે છે તે અભિનંદનને પાત્ર છે. દર વર્ષે આ રેશિયો ખૂબ ઓછો થતો જાય છે તે માટે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. અન્ય જિલ્લાઓમાં આંગણવાડી સુપરવાઇઝરની નિમણૂક કરવામાં આવી છે. વહેલી તકે આણંદ જિલ્લામાં આંગણવાડી સુપરવાઇઝરની નિમણૂક કરવામાં આવે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, નવી વીબી જી–રામ–જી યોજનામાં ગ્રામસભાને ૫૦ ટકા કામો માટેની દરખાસ્ત કરવાનો અધિકાર આપ્યો છે. તેને વહીવટી મંજૂરી ઓછા સમયમાં મળે તે માટેનો પરિપત્ર સરકાર કરે તેવી વિનંતી કરું છું.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ગાંધીનગર ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સંકુલ બનાવવામાં આવે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામપંચાયતોના વી.સી.ઇ. દ્વારા જો આધારકાર્ડ સંબંધિત કામગીરી કરવામાં આવે તો શહેરમાં ન જવું પડે એવી મારી માગણી છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંખેડા તાલુકામાં આંગણવાડીની ૧૭ જેટલી દરખાસ્તો આવેલ છે. તો આ દરખાસ્તો મંજૂર કરવામાં આવે એવી મારી લાગણી છે.

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બારડોલી વિધાનસભા મતવિસ્તાર એસ.સી.ની. બેઠક છે પરંતુ ૧૨૩ ગામો પૈકી ૯૫ થી વધારે ગામો ટ્રાયબલમાં સમાવિષ્ટ છે. રાજ્યકક્ષાના આયોજનમાં વર્ષ ૨૦૧૩ થી ૨૦૨૫ સુધીમાં કોઇ કામોનો સમાવેશ થયો નથી. એટલે મારી આપના માધ્યમથી વિનંતી છે કે, આગામી વર્ષમાં બારડોલી વિધાનસભાની બેઠક ભલે એસ.સી. હોય પણ એસ.ટી.ની જનસંખ્યા વધુ હોઇ, કામોનું રાજ્યકક્ષાના આયોજનમાં લેવાય એવી વિનંતી છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી અહીંયા બેઠાં છે તો આપના માધ્યમથી રાધનપુર નગરપાલિકાનું મકાન નથી....

અધ્યક્ષશ્રી : આપ બેસો. શહેરી વિકાસ વિભાગનું આવે ત્યારે કહેજો.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં માળીયા અને માંગરોળ તાલુકા પંચાયત કચેરી મંજૂર થયેલ છે તો એનું કામ વહેલું ચાલુ થાય એવી મારી માગણી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ વિભાગમાં શ્રમ કલ્યાણ આધીન જે કામદારો છે એ કામદારોએ લેબર કોર્ટોમાં કેસો કરેલા છે એ ઘણા સમયથી પેન્ડિંગ છે. જેથી એમને ન્યાય મળતો નથી. એટલે જેટલા કેસો પડતર છે એનું તાત્કાલિક નિરાકરણ આવે તો કામદારોને સાચો ન્યાય મળી શકે એવી વિનંતી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક–૫૭ ઉપરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક–૫૭ ઉપરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **માગણી ક્રમાંક–૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ પાછી ખેંચવામાં આવે છે.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમો અમારી માગણી ક્રમાંક–૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧,૪૩ અને ૪૮ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગીએ છીએ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમો અમારી માગણી ક્રમાંક–૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧,૪૩ અને ૪૮ પાછી ખેંચી લઇએ છીએ.

અધ્યક્ષશ્રી : **માગણી ક્રમાંક–૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧,૪૩ અને ૪૮ પાછી ખેંચવામાં આવે છે.**

કાપ દરખાસ્ત ક્રમાંક–૪, ૫, ૭, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૪, ૨૬, ૩૨, ૩૩,૩૪, ૩૬ મત માટે મૂકવામાં આવી નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક–૧૦૫ મત ઉપર મૂકવામાં આવી સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક–૫૭, ૭૧, ૯૩ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨ –૦૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
ગુરુવાર, તા. ૧૨મી માર્ચ, ૨૦૨૬
ફાલ્ગુન ૨૧, ૧૯૪૭ શાકે
બીજી બેઠક
સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે મળ્યું.
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો
ગાંધીનગર જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

*** 15/8/1802 : શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ** (દહેગામ): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને	(૧)	૩૯
(૨)	તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૧૩૯૫.૪૧ લાખ

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું અને તેમાં કેટલો ખર્ચ થયો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફીડર વિભાજન એટલા માટે કરીએ છીએ કે ક્વોલિટી અને ગુણવત્તાયુક્ત વીજળી ગ્રાહક સુધી પહોંચે. એ પ્રમાણે આખા રાજ્યમાં કામગીરી ચાલુ છે પરંતુ આજે જ્યારે પર્ટીક્યુલર ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો છે એટલે ગાંધીનગરમાં વર્ષ ૨૦૨૫માં ૮ ફીડર વિભાજનમાં અને ખર્ચ રૂપિયા ૪ કરોડ ૭ લાખ ૧૭ હજારનો થયો છે. દહેગામમાં ૬ ફીડર વિભાજન અને ખર્ચ રૂપિયા ૨ કરોડ ૧૪ લાખ, માણસામાં વર્ષ ૨૦૨૪માં એક પણ ફીડરનું વિભાજન કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૨૫માં ગાંધીનગરમાં ૧૬ ફીડર વિભાજન અને ખર્ચ ૫ કરોડ ૭૧ લાખ ૧૮ હજાર, દહેગામમાં ૬ ફીડર વિભાજન અને ખર્ચ ૭૨ લાખ ૩૭ હજાર અને માણસામાં ૩ ફીડર વિભાજન અને ખર્ચ ૧ કરોડ ૩૦ લાખ થયો છે. આમ, કુલ સને ૨૦૨૪માં ૧૪ અને વર્ષ ૨૦૨૫માં ૨૫ એમ કુલ ૩૯ ફીડરોનું વિભાજન કર્યું અને એમાં કુલ રૂપિયા ૧૩.૯૫ કરોડનો ખર્ચ થયેલ છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ૩૯ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું એવો જવાબ આપ્યો પરંતુ માણસા અને બીજા શહેરોમાં આટલા થયા પણ ઔદ્યોગિકમાં કેટલા કરવામાં આવ્યા એ જાણવું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફીડર વિભાજન દરેક કેટેગરીમાં કરતા હોઈએ છીએ. જ્યાં વીજ વિક્ષેપ થતો હોય અને પૂરતા પ્રમાણમાં વીજળી પહોંચતી ન હોય, ક્યાંક જરૂર પડે તો ૨૦ કિલોમીટર ઉપર પણ ૯ ટકા કરતાં વધારે વીજ લોસ હોય ત્યાં વિભાજન કરીએ છીએ. ગાંધીનગર જિલ્લામાં કુલ ૩૯ ફીડરોમાંથી ૧૪ ફીડરો સરદાર જ્યોતિ કૃષિ યોજના હેઠળ, ૨ ફીડરો કૂવા વીજળીકરણ અંતર્ગત અને ૨૩ ફીડરો સિસ્ટમ ઇમ્પ્રુવમેન્ટ અંતર્ગત વિભાજન કરવામાં આવ્યા છે. આમાં શહેરી વિસ્તારમાં ૧૩, ગ્રામ્ય વિસ્તારમાં ૧૯ અને ઔદ્યોગિક વિસ્તારમાં ૭ ફીડરોનું વિભાજન કરીને ગુણવત્તાયુક્ત વીજળી પહોંચે એ માટે સરકાર સતત વર્ષોથી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્યારે રાજ્યની ધૂરા સંભાળી ત્યારથી આજ સુધી કરતી આવી છે અને આજે પણ ચાલુ છે.

અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેસો

***15/8/1769 શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી** (ધોળકા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જીલ્લામાં નોંધાયેલ મેલેરિયાના કેસની વિગત નીચે મુજબ છે.

વર્ષ	મેલેરિયા
જાન્યુઆરી ૨૦૨૪ થી ડીસેમ્બર ૨૦૨૪	૬
જાન્યુઆરી ૨૦૨૫ થી ડીસેમ્બર ૨૦૨૫	૪
કુલ	૧૦

<table>
<tr><td>(૨)</td><td>તે પૈકી મેલેરિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને</td><td>(૨)</td><td>તે પૈકી વર્ષવાર થયેલ દર્દીઓના મૃત્યુની માહિતી નીચે મુજબ છે.
<table>
<tr><th>વર્ષ</th><th>મેલેરિયા</th></tr>
<tr><td>જાન્યુઆરી ૨૦૨૪ થી ડીસેમ્બર ૨૦૨૪</td><td>૦</td></tr>
<tr><td>જાન્યુઆરી ૨૦૨૫ થી ડીસેમ્બર ૨૦૨૫</td><td>૦</td></tr>
<tr><td>કુલ</td><td>૦</td></tr>
</table></td></tr>
<tr><td>(૩)</td><td>મેલેરિયા અટકાવવા માટે શા પગલા ભરવામાં આવ્યા?</td><td>(૩)</td><td>મેલેરિયા નિયંત્રણ પગલા
જિલ્લામાં મેલેરિયા રોગને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, ફોકલ દવા છંટકાવ, લાબાં સમય સુધી ભરાઈ રહેતા પાણીમાં પોરાભક્ષક માછલીઓ મુકવી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.</td></tr>
</table>

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો થયા અને તે પૈકી મેલેરિયાના કારણે કેટલા દર્દીઓના મૃત્યુ થયા અને મેલેરિયાને અટકાવવા માટે આપણે શાં પગલાં લીધાં છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૪–૨૫ની મેલેરિયા રોગની તાલુકાવાર સ્થિતિ જોતા કુલ ૪,૫૭,૦૪૯ અને ૪,૨૩,૧૪૨ લોહીના નમૂના લીધા છે અને તપાસમાં આ વિસ્તારમાં મેલેરિયા દ્વારા એકપણ મૃત્યુ થયું નથી.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાની તાલુકાવાર પરિસ્થિતિ શું હતી?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પ્રશ્નમાં મેં એ મુખ્ય આંકડો આપેલો છે. છતાં વર્ષ ૨૦૨૪માં દસક્રોઇ, ધોળકા, બાવળા, આણંદ, દેત્રોજ, માંડલ, વિરમગામ, ધોલેરા અને ધંધુકામાં કુલ ૪,૫૭,૦૪૯ લોહીના નમૂનાની તપાસમાં કુલ ૬ દર્દીઓને મેલેરિયા થયો હતો. એ જ રીતે વર્ષ ૨૦૨૫માં ૪,૨૩,૧૪૨ લોહીના નમૂનાની તપાસમાં કુલ ૪ મેલેરિયાના કેસો જાણવા મળ્યા છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબમાં જણાવવામાં આવ્યું કે, મેલેરિયાના રોગને ફેલાતો અટકાવવા માટે જ્યાં લાંબો સમય પાણી ભરાઇ રહેતું હોય એમાં પોરાભક્ષક માછલીઓ મૂકવામાં આવે છે. તો કેટલી જગ્યાએ આવી પોરાભક્ષક માછલીઓ મૂકવામાં આવી છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષની અંદર ગુજરાત રાજ્યએ મેલેરિયા નાબૂદી અભિયાન અમારા આરોગ્ય વિભાગના તાલુકા અને ગ્રામ્ય લેવલના તમામ અધિકારીઓની જહેમત દ્વારા ભારતની અંદર ગુજરાત મેલેરિયા નાબૂદી માટે અને મેલેરિયાને ઓછો કરવા માટે સૌથી સારામાં સારો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ હેતુસર ભારત સરકાર દ્વારા વસતિના ૧૮ ટકા પ્રમાણે લક્ષ્યાંક સિદ્ધિ પ્રાપ્ત કરવાથી એ રાજ્યને સન્માનિત પણ કરવામાં આવ્યું હતું. પરંતુ જ્યાં મેલેરિયા થાય છે, જ્યાં એક કેસ મળે છે. સભ્યશ્રી કહે છે કે, જ્યાં પાણી હોય ત્યાં એના બચ્ચાં કે કોષ હોય એનો નાશ કરવા માટે માછલી કે વગેરે મૂકો છો પણ જ્યાં મેલેરિયાનો દર્દી પ્રાપ્ત થાય છે, એની આજુબાજુમાં દવા છંટકાવ અને લોકોના લોહીના નમૂના લઇને આખો વિસ્તાર, ગામ કે સોસાયટી હોય એની તપાસ કરવામાં આવે છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સીધો છે કે જ્યાં લાંબો સમય પાણી ભરાઇ રહેતું હોય ત્યાં કેટલી પોરાભક્ષક માછલીઓ મૂકવામાં આવે છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એ માછલીઓ ગણવા ના બેસી શકે. કેટલી માછલીઓ મૂકવામાં આવી. રસ્તામાં જતા માછલીનું વધારે બ્રીડિંગ થયું હોય તો એની સંખ્યા વધી પણ જાય. (અંતરાય) એવો આંકડો ના હોય. બેસો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માછલી કેટલી જગ્યાએ મૂકી? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, આપ બેસો, પ્લીઝ. મારું એક સજેશન છે કે, જો મેલેરિયાના રોગચાળાને અને ખાસ કરીને મચ્છરના બ્રીડિંગની કોલોનીઓને નાબૂદ કરવા માટે મે–જૂન મહિનામાં બે કે ત્રણ વખત જો ડ્રાય ડે કરવામાં આવે તો જ્યાં એનું બ્રીડિંગ થતું હોય, જયાં એના લાર્વા હોય ત્યાંથી એનો નાશ કરવામાં આવે, ઘરની ઉપર કે આજુબાજુમાં, ટાયરમાં જ્યાં ભરાય રહ્યાં હોય એક વખત માસ સ્કેલ ઉપર પબ્લિક અવેરનેસ સાથે કામ કરે તો ખૂબ સારું કામ થઇ શકે. માનનીય મંત્રીશ્રી આ મારો નિર્ણય નથી. આ મારું સજેશન છે.

તારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

*** 15/8/1809 : શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (**દિયોદર**) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા,અને	(૧)	૫૦૬૭
(૨)	તેની માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?	(૨)	૩.૯૮૧૦.૪૩ લાખ

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં તા.૨૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૫૦૬૭ જેટલા ખેડૂતોને સામાન્ય યોજના તળે વીજ કનેશન આપવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ઊર્જા મંત્રીશ્રીને બનાસકાંઠાની જનતા વતી અને ખેડૂતો વતી અભિનંદન આપું છું અને આપના મારફતે મારે એટલું જાણવું છે કે, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા વીજ કનેકશન આપવામાં આવ્યા છે ? કેટલી અરજીઓ પડતર છે, અને પડતર રહેવાનાં કારણો શાં છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહને પણ અવગત થાય કે ખેડૂતોને ડબલ આવક થાય, વધારે જમીન ઇરીગેટેડ થાય તેના માટેના રાજય સરકારના પ્રયત્નો વર્ષ–૨૦૦૧થી જ ચાલુ થયા હતા. ગયા વખતની મારી ઊર્જા વિભાગની સ્પીચમાં મેં કહ્યું હતું કે, પાંચ લાખ જેટલાં કનેકશન હતાં અત્યારે ૨૧ લાખ જેટલાં કનેકશનો ખેતીવાડીમાં આપ્યાં છે. એટલે તમે એ બાદબાકી કરો અને બાકીનાં જે કનેકશન આપ્યાં ગુણ્યા ચાર હેકટર કરો એટલે આપણી કેટલી ઇરીગેશનની લેન્ડ વધી અને ખેડૂતોની આવકમાં કેવો સીધો વધારો થયો એ ખબર પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણે ત્યાં સામાન્ય યોજના આદિવાસી વિસ્તાર માટે, અનુસૂચિત પેટા જાતિ માટે, પેટા યોજના અને તત્કાલ યોજના. જે તે વખતે ખેડૂતોને ઇમરજન્સી હોય અને તાત્કાલિક વીજળીનું કનેકશન લેવુ હોય તો તેના માટે તત્કાલ યોજના પણ આપણે મૂકી હતી. પરંતુ આ બધી યોજનાઓ લાગુ થતાં આદિવાસી વિસ્તારની અંદર, એસ.સી.વિસ્તારની અંદર અનુસૂચિત જાતિ પેટા યોજનામાં અને સામાન્ય યોજનામાં આપણે જે કનેકશન આપવાનાં ચાલુ કર્યાં તેના કારણે આપણી જે તત્કાલ યોજના હતી તેમાં અત્યારે કોઇ કનેકશન લેવા પણ તૈયાર નથી. કયાંક છૂટયાછવાયા કોઇ જિલ્લામાં એકાદ બે કનેકશન માગતું હશે. તેના સિવાય કયાંય તત્કાલ યોજના ચાલુ નથી. પરંતુ કેશાજીભાઇએ જે પૂછયું છે તે પ્રમાણે અમીરગઢ તાલુકામાં રૂપિયા ૮ કરોડ ૬૮ લાખના ખર્ચે ૪૬૧, કાંકરેજ તાલુકામાં રૂપિયા ૨૬.૨૫ કરોડના ખર્ચે ૧૨૫૦, ડીસા તાલુકામાં રૂપિયા ૧૭.૪૦ કરોડના ખર્ચે ૮૭૮ વીજ કનેકશન આપ્યાં છે. દાંતા તાલુકામાં આપણે ત્યાં આદિવાસી વિસ્તારમાં જે તેની યોજના છે તે અંતર્ગત પણ આપીએ છીએ અને આદિવાસી વિસ્તારની અંદર જે કનેકશન આદિવાસીને આપીએ છીએ તેમાં આપણે ફિકસ ચાર્જ નથી લેતા આપણે ફકત સામાન્ય વિસ્તારમાં ફિકસ ચાર્જ સહિતના ચાર્જ વસૂલ કરીએ છીએ પરંતુ આદિવાસી અને એસ.સી./એસ.ટી.ના તમામ કનેકશનોમાં આપણે કયાંય ફિકસ ચાર્જ લેતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દાંતા તાલુકામાં રૂપિયા ૨ કરોડ ૪૬ લાખના ખર્ચે ૧૫૪, દાંતીવાડા તાલુકામાં ૭.૪૫ કરોડના ખર્ચે ૪૪૬, ધાનેરા તાલુકામાં રૂપિયા ૧૩ કરોડ ૧૯ લાખના ખર્ચે ૬૦૭, પાલનપુર તાલુકામાં રૂપિયા ૧૩ કરોડ ૯૮ લાખના ખર્ચે ૭૭૬ કૃષિ કનેકશન, વડગામ તાલુકામાં રૂપિયા ૮ કરોડ ૬૪ લાખના ખર્ચે ૪૯૫ કનેકશન, ઓગડ અને હડાદ તાલુકા નવા જાહેર કરવામાં આવેલ છે એટલે એમાં જે કનેકશન આપ્યાં હતાં તે અગાઉ જે વિસ્તારમાં હતા તેમાં તેનો સમાવેશ થયો છે. પરંતુ પડતર અરજીઓની જે વાત કરી તો તેનો પણ જવાબ આપું. તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજનામાં વીજ જોડાણોની કુલ ૧૮૧૯ અરજીઓ પડતર છે. તે પૈકી હાલની સ્થિતિએ ૫૬૪ અરજી મે–૨૦૨૫થી નોંધાયેલ છે અને પડતર છે. જે પૈકી ૨૫૮ અરજીઓ જેમાં બોર કે કૂવા બનાવ્યા નહોતાં તેથી નોટિસ પાઠવેલ છે. જે અરજદાર ઉપર આધારિત હોય છે અને મંજૂર થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ૩૧૬ અરજીઓમાં ડ્રીપ ઇરીગેશન માટેની અરજી જી.જી.આર.સી.માં પડતર હેઠળ છે. ૧૫૬ અરજીઓમાં એસ્ટીમેટ આપેલ છે અને નાણાં ભરપાઇ કરેલ નથી. જયારે નાણા ભરપાઇ થાય ત્યારે તેની આગળ કાર્યવાહી કરતા હોઇએ છીએ, પણ ૧૫ અરજીઓ અરજદાર દ્વારા એસ્ટીમેટનાં નાણાં ભરપાઇ ન કરેલ હોવાથી તેમજ અરજદાર દ્વારા નિયત સમયમાં બોરવેલ કરાવેલ ન હોવાથી એટલે કે બોર અથવા તો કૂવો ના હોય તો પણ રદ કરી છે. ૮૬૪ અરજીમાં એસ્ટીમેટનાં નાણાં ભરપાઇ કરેલ છે જે પૈકી ૪૮૨ અરજીઓનાં કામ પૂર્ણ થયેલ છે અને ૩૯૦ અરજીઓની કામગીરી હાલ પ્રગતિમાં છે જે એપ્રિલ–૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ૨ અરજી અન્ય કારણથી પડતર છે એટલે કે આર.ઓ.ડબલ્યુ.ના કે લાઇન નાખવાના જે પ્રશ્નો ઊભા થયા હોય એના કારણે આપણે નાખી શકતા નથી. આમ આપણે જે કૃષિ વીજ જોડાણો આપીએ છીએ તેમાં ખૂબ સંતોષપૂર્વક અને ખૂબ ઝડપથી ખેડૂતો સુધી વીજ કનેકશન પહોંચી જાય એની ચિંતા રાજય સરકાર કરી રહી છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારું એક સજેશન છે કે, મારા વિસ્તાર ધાનેરાની અંદર ૬૦ હજાર કરતાં પણ વધારે લાઇટ કનેકશનો છે અને ખેડૂતો માટે ડિવિઝન કચેરી નથી એટલે

ખૂબ તકલીફ પડે છે અને દરખાસ્ત પણ ઘણા સમયથી અહીંયા મૂકેલી છે તો ગડીયા ખાતે સબ ડિવિઝન કચેરી થાય તો ખેડૂતોને અનુકૂળ રહે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સબ ડિવિઝન બનાવવાના કેટલાક નોર્મ્સ હોય છે, અત્યારે એ નોર્મ્સ મારી પાસે નથી પરંતુ પહેલા જે ચાર છે એમાંથી ત્રણ સંતોષાવા જોઇએ, અને પાંચથી આઠ સુધીમાં એ જે ચાર નોર્મ્સ છે એમાંથી બીજા ત્રણ સંતોષવા જોઇએ, પરંતુ એમાં જો વીજ વિક્ષેપ થતો હશે, ખેડૂતોને ક્વોલિટી વીજળી નહીં મળતી હોય તો એ બાબતે જુદું કરવાનું હશે તો જુદું કરીશું, નહીં તો કોઇ બીજા સબ ડિવિઝન સાથે એને ભેગું કરી બેમાંથી ત્રણ કરવા માટે અમે ચોક્કસ વિચારણા કરીશું.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષ મહોદય, આપના દ્વારા પ્રશ્ન પૂછવા માગું છું કે ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે કુલ કેટલી રકમ ભરપાઇ કરવાની રહે છે અને એમાં રાજય સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિષયક વીજ જોડાણ માટે કુલ કેટલો ખર્ચ થાય છે તો જયારે ખેડૂતને નવું ખેતીવાડી વીજ કનેકશન આપવામાં આવે ત્યારે ત્યાં નવા વીજ થાંભલાઓ ઊભા કરવા, વાયર ખેંચવા, એક નવું ટ્રાન્સફોર્મર, હાઇ વોલ્ટેજ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ આપણે મૂકીએ છીએ. પહેલાં એવી પરિસ્થિતિ હતી કે લો વોલ્ટેજ ઉપરથી આપણે કનેકશનો આપતા અને એની અંદર એક સાથે ૫–૭–૧૦ કનેકશન આપીએ એટલે ત્યાં એક જગ્યાએ તકલીફ થાય તો બધાં કનેકશનોમાં અથવા તો જે કૂવાઓ અથવા બોરવેલ હોય ત્યાં મુશ્કેલી ઊભી થતી હતી. પરંતુ આપણે અત્યારે ત્યાં નજીકમાં જ એની પોતાની માલિકીનું ગણી શકીએ એવું ટ્રાન્સફોર્મર આપીએ છીએ એટલે હાઇ વોલ્ટેજ લાઇન ઊભી કરી અને ટ્રાન્સફોર્મરની વ્યવસ્થા કરીએ છીએ જેથી વીજ વિક્ષેપ ના થાય. ક્વોલિટી વીજળી મળે એના માટે આપણે પ્રયત્ન કરીએ છીએ. આ તમામ કામગીરીનો અંદાજિત મૂલ્ય ૧.૭૩ લાખ જેટલો થાય છે જેનો એક પણ રૂપિયો ખેડૂત પાસેથી લેવામાં આવતો નથી. અરજદાર પાસેથી નવા ખેતી વિષયક વીજ જોડાણ માટે માત્ર રજીસ્ટ્રેશન ફી, એગ્રીમેન્ટ ફી, ટેસ્ટ રિપોર્ટ ફી, ફીકસ ચાર્જ, એનર્જી ડિપોઝિટનાં નાણાં જ લેવામાં આવે છે. એમાં પણ આદિવાસી અને અનુસૂચિત પેટા જાતિ યોજનામાં આપણે ફિકસ ચાર્જ પણ નથી લેતા. એમાં કેટલો મોટો ડિફરન્સ પડે છે એ પણ હું આપને કહું. પાંચ હોર્સપાવરનું આપને ઉદાહરણ આપું તો સામાન્યમાં ૭૮૫૫ રૂપિયા થાય છે જયારે આદિજાતિ વિસ્તાર પેટા યોજના અને અનુસૂચિત પેટા જાતિ યોજનામાં કેવળ ૧૩૫૫ રૂપિયા લઇએ છીએ. આદિવાસી અને એસ.સી. આ બંનેની રાજય સરકાર ખૂબ ચિંતા કરે છે. એમને ઝડપથી મુખ્યપ્રવાહમાં લાવી અન્ય સમાજ સાથે લાવવાના અત્યારે ઘણા બધા પ્રયત્નો થયા છે અને અત્યારે જે રીતે શિક્ષણ હોય, આરોગ્ય હોય તમામ બાબતોમાં આ લોકોને જે રીતે લાભ આપવામાં આવે છે એ જ રીતે ખૂબ ઝડપથી આગામી સમયમાં પણ આપણે આ કામ કરીશું.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે જગ્યાએ બોરવેલ થતા હોય અને પૂરતા પાણી મળે ત્યાં તમે ૭.૫ અને ૧૦ હોર્સપાવરના મૂળ કનેકશન આપો એ બહુ સારી વાત છે પણ મારા વિસ્તારમાં દાંતા અને અમીરગઢવાળી પત્થરવાળી જમીનોમાં પાણી પૂરતા મળતા નથી. ત્યાં યોગ્ય હોર્સપાવરનું કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કનેકશન આપણે આપીએ જ છીએ.

નખત્રાણા ખાતેની સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ડોક્ટરોનું સંવર્ગવાર મંજુર મહેકમ

***15/8/1662 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લાના નખત્રાણા ખાતેની સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ડોક્ટરોનું સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કુલ–૧૬ જગ્યાઓ મંજુર થયેલ છે. (પત્રક–અ સામેલ રાખેલ છે.)
(૨)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ કુલ–૭ જગ્યાઓ ભરેલી છે અને કુલ–૯ જગ્યાઓ ખાલી છે. (પત્રક અ સામેલ રાખેલ છે.)
(૩)	ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?	(૩)	ઉક્ત ખાલી જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

પત્રક અ					
વિધાનસભા તારાંકિત પ્રશ્ન ૧૫/૮/૧૬૬૨					
નખત્રાણા ખાતેની સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ડોક્ટરોનું સંવર્ગવાર મંજુર મહેકમ					
ક્રમ	સંવર્ગનું નામ	મંજુર	ભરેલી	ખાલી	કઇ તારીખથી ખાલી છે?
વર્ગ–૧					
1	અધિક્ષક	૧	૦	૧	૦૩–૦૪–૨૦૨૩
2	આર.એમ.ઓ	૧	૦	૧	૧૦–૦૯–૨૦૨૪
3	ફીઝીશિયન	૧	૦	૧	૧૦–૦૯–૨૦૨૪
4	પૂર્ણકાલીન સર્જન	૧	૦	૧	૧૦–૦૯–૨૦૨૪
5	ગાયનેકોલોજીસ્ટ	૧	૦	૧	૧૨–૧૧–૨૦૨૫
6	પીડીયાટ્રીશીયન	૧	૧	૦	
7	એનેસ્થેટીક	૧	૦	૧	૧૦–૦૯–૨૦૨૪
8	આંખના સર્જન	૧	૦	૧	૧૦–૦૯–૨૦૨૪
9	ઓર્થોપેડીક સર્જન	૧	૦	૧	૧૦–૦૯–૨૦૨૪
10	ઈ.એન.ટી સર્જન	૧	૦	૧	૧૦–૦૯–૨૦૨૪
	વર્ગ–૧ કુલ	**૧૦**	**૧**	**૯**	
વર્ગ–૨					
11	તબીબી અધિકારી	૫	૫	૦	
12	દંત સર્જન	૧	૧	૦	
	વર્ગ–૨ કુલ	**૬**	**૬**	**૦**	
કુલ	**વર્ગ–૧ અને વર્ગ–૨**	**૧૬**	**૭**	**૯**	

સમરી			
વર્ગ	મંજુર	ભરેલી	ખાલી
વર્ગ–૧	૧૦	૧	૯
વર્ગ–૨	૬	૬	૦
કુલ	૧૬	૭	૯

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નખત્રાણાના આરોગ્ય કેન્દ્ર ક્યારે અપડેટ થયું? એમાં કેટલા બેડ છે અને એમાં શું –શું સુવિધા આપવામાં આવે છે?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, નખત્રાણા એ આપણા બોર્ડરનો તાલુકો છે અને ત્યાં છેવાડામાં પણ રાજ્ય સરકાર દ્વારા ત્યાં આરોગ્યની સુવિધા મળી રહે એ હેતુસર ત્યાં તમામ પ્રકારની સુવિધા કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને ત્યાં કેઝ્યુલિટી વિભાગ, એન.બી.એસ.યુ. વિભાગ, એક્સ–રે વિભાગ, પી.એન.સી.વિભાગ, લેબર વિભાગ, લેબોરેટરી વિભાગ, ઓ.પી.ડી. વિભાગ, ડાયાલિસીસ વિભાગ, ડેન્ટલ વિભાગ, ફિઝિયોથેરાપી, ગાયનેક, ઓર્થો, ઇન્જેક્શન ઓ.પી.ડી. અને પોસ્ટ ઓપરેશન વિભાગ, આઇ.ટી.સી. વિભાગ અને કાંગારુ કેરની સુવિધા આપવામાં આવે છે. છેવાડાના આ તાલુકામાં જ્યારે હું પ્રભારી મંત્રી તરીકે હતો અને એ વિસ્તારમાં જે લોકો નાના કૂબામાં રહેતા હોય એવા લોકોને આરોગ્યની સુવિધા પૂરતી મળી રહે એ હેતુથી પી.એચ.સી., સી.એચ.સી. સેન્ટરમાંથી ૧૦૦ બેડનું સેન્ટર કરવામાં આવ્યું છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે, ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી આ સરકાર છેવાડાના માનપીની દરકાર કરી રહી છે અને હમણાં માનનીય મંત્રીશ્રીએ જે જણાવ્યું કે નખત્રાણા તાલુકો એ કિસાનો માટેનો અને સમૃદ્ધિનો છેવાડાનો તાલુકો છે. નખત્રાણા એસ.ડી.એચ.માં છેલ્લાં બે વર્ષમાં કેટલા ઇનડોર પેશન્ટ આવ્યા, છેલ્લાં બે વર્ષમાં કેટલી પ્રસૂતિ થઇ અને કેટલા લોહીના નમૂનાનું પરિક્ષણ થયું?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં આઉટડોર અને ઇનડોર પેશન્ટ જોઇએ તો વર્ષ ૨૦૨૪માં ૪૨,૬૪૪ આઉટડોર પેશન્ટ અને ૬૪૬૬ ઇનડોર પેશન્ટ તપાસવામાં આવ્યા. ૪૬૬ પ્રસૂતિ થઇ અને ૩૩,૧૦૩

લેબ ટેસ્ટ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૫માં ૪૩,૦૪૯ આઉટડોર પેશન્ટ, ૬,૯૨૩ ઇનડોર પેશન્ટ તપાસવામાં આવ્યા. ૫૦૯ પ્રસૂતિ થઇ અને ૩૨,૮૮૫ લેબ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે નખત્રાણામાં હાલમાં કેટલા જી.પી.એસ.સી., કેટલા બોન્ડેડ, કેટલા સી.પી.એસ. કરાર આધારિત અને કેટલા સી.એમ. સેતુ તજજ્ઞોને નિમણૂક આપવામાં આવી છે અને હાલમાં કેટલાં તજજ્ઞો કામ કરી રહ્યા છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા: માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ છેલ્લા તાલુકામાં પણ આ હેલ્થ સેન્ટરોમાં આપણે પૂરતા ડૉક્ટર અને પૂરતી સાધન-સામગ્રી મળી રહે એવા હેતુથી સતત પ્રયત્ન કરવાથી આજે કુલ ૫ ડૉક્ટરોની નિમણૂક કરવામાં આવી છે. એમાં એનેસ્થેટિક, ગાયનેકોલોજિસ્ટ, ફિજિશિયન, ઇ એન્ડ ટી સર્જન અને માઇક્રો બાયોલોજિસ્ટ જે જી.પી.એસ.સી., સી.પી.એસ., બોન્ડેડ અને કરાર આધારિત અને સી.એમ. સેતુ જેવા પાંચ ડૉક્ટરોની નિયુક્તિ કરવામાં આવી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ બનાવવા માટેના ધારાધોરણ શું છે? સાથે-સાથે તાલુકા કક્ષાએ બનાવવા માટે શું ધ્યાનમાં રાખવામાં આવે છે અને ગઢડા તાલુકામાં સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ બનાવવા માટે હાલ કોઇ વિચારણા કરવામાં આવી છે કે કેમ? બોટાદમાં અમને જે સોનોગ્રાફી મશીન આપવામાં આવ્યું છે એ જૂનું આપવામાં આવ્યું છે એના બદલે નવું આપવા માંગો છો કે કેમ?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે ફરી પ્રશ્ન પૂછવામાં આવે.

અધ્યક્ષશ્રી : સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ બનાવવા માટેના માપદંડ/ધારાધોરણો શું છે? એ પ્રશ્ન પૂછ્યો છે.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પી.એચ.સી./સી.એચ.સી. વસતિના આધારે આપવામાં આવે છે. પી.એચ.સી. ૨૦થી ઉપર અને સી.એચ.સી. ૧૦થી ઉપર એટલે કેલક્યુલેશન પ્રમાણે જરૂર હોય છે તે પ્રમાણે પી.એચ.સી./સી.એચ.સી.ની સંખ્યા વધુ છે. સામૂહિક ધારાધોરણો પ્રમાણે વસતિના ધોરણે ૫૦ હજારની વસતિએ એક પી.એચ.સી. અને આદિવાસી વિસ્તારમાં ૫૦ હજારથી ઓછી વસતિ હોય તો પણ પી.એચ.સી. આપવામાં આવે છે. એક લાખની વસતિના આધારે એક સી.એચ.સી. સેન્ટર આપવાનું હોય છે અને આદિવાસીમાં વસતિની સંખ્યા ઓછી હોય તો પણ આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછ્યો છે અને બોટાદની જે વાત કરી છે તે સૂચન છે.

અધ્યક્ષશ્રી : સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલની માહિતી હોય તો રેકર્ડ પર મૂકવામાં આવે.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જી સર.

ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી માટે પ્રયોગશાળા

***15/8/2479 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી કરવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ જિલ્લાવાર કેટલી પ્રયોગશાળા આવેલ છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતીએ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણી માટેની નીચે મુજબની ૦૩ (ત્રણ) પ્રયોગશાળાઓ આવેલ છે. ૧. વડોદરા ખાતે ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણીની પ્રયોગશાળા. ૨. રાજકોટ ખાતે ખોરાકના નમુનાઓની ચકાસણીની પ્રયોગશાળા. ૩. ભુજ ખાતે ખોરાકના નમુનાઓની ચકાસણીની પ્રયોગશાળા.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નવી પ્રયોગશાળાના બાંધકામ અંગે કોઇ કામગીરી કરેલ છે કે કેમ,	(૨)	ઉક્ત સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર/ અમદાવાદ ખાતે ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણી માટેની પ્રયોગશાળા તથા મહેસાણા, જુનાગઢ અને વલસાડ ખાતે ખોરાકના નમુનાઓની ચકાસણી માટેની પ્રયોગશાળાના બાંધકામ કરવા વિભાગનાં તા.૨૮/૦૪/૨૦૨૫નાં ઠરાવથી

<table>
<tr><td></td><td></td><td></td><td>વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.
નોંધ: સુરત ખાતે ખોરાક અને ઔષધના નમુનાઓની ચકાસણી માટેની પ્રયોગશાળાના બાંધકામ કરવા વિભાગનાં તા.૨૯/૦૬/૨૦૨૨ નાં ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.</td></tr>
<tr><td>(૩)</td><td>જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે,અને</td><td>(૩)</td><td>ઉક્ત સ્થિતીએ નીચે દર્શાવ્યા મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.
<table>
<tr><th>અનુ</th><th>પ્રયોગગશાળાનુ નામ</th><th>ઉક્ત સ્થિતીએ ફાળવેલ રકમ કરોડમાં</th></tr>
<tr><td>૧</td><td>સુરત ખોરાક અને ઔષધ પ્રયોગશાળા</td><td>૨.૫૦</td></tr>
<tr><td>૨</td><td>ગાંધીનગર/અમદાવાદ ખોરાક અને ઔષધ પ્રયોગશાળા</td><td>૧૦.૩૧</td></tr>
<tr><td>૩</td><td>મહેસાણા ખોરાક પ્રયોગશાળા</td><td>૬.૦૦</td></tr>
<tr><td>૪</td><td>જુનાગઢ ખોરાક પ્રયોગશાળા</td><td>૬.૦૦</td></tr>
<tr><td>૫</td><td>વલસાડ ખોરાક પ્રયોગશાળા</td><td>૬.૦૦</td></tr>
</table></td></tr>
<tr><td>(૪)</td><td>આ બાંધકામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?</td><td>(૪)</td><td>ઉક્ત સ્થિતીએ
–સુરત પ્રયોગશાળા માટે કલેકટરશ્રી સુરત દ્વારા જમીન ફાળવવાની કામગીરી પૂર્ણ થયેલ છે અને બાંધકામ માટે નકશા તૈયાર કરવાના તબક્કે છે.
–ગાંધીનગર/અમદાવાદ તથા મહેસાણા, વલસાડ અને જુનાગઢ ખાતે નવીન પ્રયોગશાળા બનાવવા માટે જમીન મેળવવાની કામગીરી ચાલુ છે.</td></tr>
</table>

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન હતો કે, રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ કેટલી લેબોરેટરી આવેલી છે? આ રાજ્યમાં ૩૪ જિલ્લા અને ૮ મહાનગરપાલિકા મળીને કુલ ૪૨ શહેર/જિલ્લાઓ આવેલા છે. હાલની પરિસ્થિતિ મુજબ માત્ર ત્રણ જગ્યાએ આ લેબોરેટરીઓ કાર્યરત છે અને અન્ય છ જિલ્લાઓમાં નવી લેબોરેટરી બનવા જઇ રહી છે. માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તે મુજબ તા.૨૯/૦૬/૨૦૨૨ના ઠરાવ થયા પછી સાડા ત્રણ વર્ષના સમયગાળા બાદ સુરતમાં જમીન ઉપલબ્ધ ન હોવાના કારણે તે કામગીરી થયેલ નથી. હવે જમીન મળી છે અને માત્ર ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. ગાંધીનગર/અમદાવાદ, મહેસાણા, વલસાડ, જૂનાગઢ ખાતે જમીન ન હોવાના કારણે લેબોરેટરી બની શકી નથી. દુ:ખ સાથે કહેવું પડે કે અમદાવાદ/ગાંધીનગર જેવા પાટનગરમાં લેબોરેટરી માટે જગ્યા ન મળે. કેટલા સમયમાં આ જમીન ફાળવવામાં આવશે અને કેટલા સમયમાં લેબોરેટરી બનાવવામાં આવશે? આ સિવાય બાકી રહેલ જિલ્લાઓમાં સરકારનું આયોજન શું છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, તમામ જિલ્લાઓ માટે ફૂડ ટેસ્ટિંગ કરવા માટે ઓન વ્હીકલ ફૂડ ટેસ્ટિંગ વાન ઉપલબ્ધ છે. સુરતમાં લેબોરેટરી માટે ૨૫૦૦ ચો.મી. જગ્યા પ્રાપ્ત થયેલ છે. તેમનું મહેકમ પણ નક્કી કરવામાં આવ્યું છે. વડોદરામાં ફૂડ અને ડ્રગ્સની લેબોરેટરી ઉપલબ્ધ છે તે જ રીતે અદ્યતન આધુનિક સગવડો સાથે ફૂડ અને ડ્રગ્સની લેબોરેટરી સુરતમાં પણ બનાવવામાં આવશે. એ.બી.એલ.ના નોર્મ્સ મુજબ અદ્યતન ખોરાક અને ઔષધ નિયમનની પ્રયોગશાળા શરૂ કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે અને બનાવવાની છે. . રૂ.૨.૮૩ કરોડ સામે પી.આઇ.યુ. દ્વારા રજૂ કરવામાં આવેલ સુધારેલ જોગવાઇમાં રૂ.૫૦ કરોડની આધુનિક ફૂડ એન્ડ ડ્રગ્સ માટેની લેબોરેટરી બનાવવામાં આવશે. જગ્યા નક્કી થયેલ છે અને ટેન્ડર લેવલે આ કામગીરી ચાલી રહી છે. તેનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં મહેકમનો પ્રશ્ન જ પૂછ્યો નથી. મારો પ્રશ્ન બહુ સીધો છે. મેં પહેલાં પણ કહ્યું કે ૩૪ જિલ્લા ૮ મહાનગરપાલિકા એમ કુલ ૪૨ એરિયા થાય. ત્રણ જગ્યાએ ઉપલબ્ધ છે. સુરતને સાડા ત્રણ વર્ષ પછી જગ્યા ફાળવવામાં આવી, એની વહીવટી મંજૂરી પણ મળી ગઇ. ટેન્ડર બાકી છે એટલે મહેકમની વાત તો આવતી નથી. બાકીની છ જગ્યાએ મંજૂર થઇ છે, જે તા.૨૮/૪/૨૫ના ઠરાવ મુજબ મંજૂર થઇ હતી. એમાં ગાંધીનગર, અમદાવાદ,

મહેસાણા, જૂનાગઢ અને વલસાડ આ ચાર જગ્યાએ એક વર્ષથી જમીન પ્રાપ્ત થઈ નથી. એ જમીન કયારે પ્રાપ્ત થશે? અને બાકીના રહી જતા ૩૩ જિલ્લા શહેરોમાં સરકારશ્રીનું કોઈ આયોજન છે કે નહીં? એટલા માટે કે તમે જે કહો છો કે ટેસ્ટીંગ વાન છે એ વાનનો કોઈ પ્રોબ્લમ નથી. સવાલ એટલો છે કે દરેક રાજ્યમાં દરેક શહેર જિલ્લામાં આવી લેબોરેટરી સરકાર ઊભી કરવા માગે છે કે કેમ? કારણ કે, ભેળસેળનું પ્રમાણ વધી ગયું છે. એની ફેક્ટરીઓ પકડાઇ છે. એના કારણે કેન્સરના રોગો પણ વધી રહ્યા છે. પોલિટિકલ ઓબ્ઝર્વેશન ન કરતાં સરકાર બીજા જિલ્લાઓમાં આ લેબોરેટરી ઊભી કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે એનાથી વિશેષ ચિંતા કરીને સરકાર દ્વારા એમના આગોતરા પગલાં લેવાઇ રહ્યાં છે. શ્રી શૈલેષભાઇએ જગ્યા બાબતનો પ્રશ્ન પૂછ્યો છે એ ચોક્કસપણે ગંભીરતાપૂર્વક જગ્યા પ્રાપ્ત થતાંની સાથે ટેન્ડર લેવલે આ કામગીરી કરીશું. મારે ટૂંકમાં માહિતી આપવી છે કે રાજ્યમાં ફૂડમાં ભેળસેળ અને ડ્રગ્સ માટે આધુનિક લેબ વડોદરા, સુરત, અમદાવાદમાં શરૂ થઇ જશે. અત્યારે બહારના રાજ્યનું ડ્રગ્સ વડોદરા ખાતે ટેસ્ટિંગ માટે આવી રહ્યું છે. ત્રણ પ્રકારની ભેળસેળ થઇ રહી છે. એમાં સબ સ્ટાન્ડર્ડ ફૂડ એટલે કે ફૂડ ખાવાથી શરીરને નુકસાન ન કરે પણ માનો કે ઘીની અંદર પામોલિન તેલ નાંખવામાં આવે તો આ તેલ નુકસાનકારક નથી પણ ભેળસેળ તો છે. મિસ બ્રાન્ડેડ ફૂડ કે જેમાં લેબલ ન મારેલું હોય, ફૂડની ક્વોલિટી, કેલરીનું પ્રમાણ, પ્રોટીનનું પ્રમાણ આપ્યું ન હોય તો એની તપાસ થતી હોય છે અને અનસેફ ફૂડ જે ખાવાલાયક જ ન હોય જેનો જથ્થો નાશ કરીને ફોજદારી રાહે કોર્ટમાં કેસ કરવામાં આવે છે. ફૂડ અને ડ્રગ્સમાં ભેળસેળ અટકાવવાના સરકારના સતત પ્રયત્નો છે અને માનનીય શૈલેષભાઇએ કહ્યું કે નવી લેબોરેટરી ગાંધીનગર, અમદાવાદમાં બનાવવાની છે એ ચોક્કસ પ્રકારે સભ્યશ્રીની ચિંતા છે એ જ પ્રમાણે સરકાર આગળ કાર્યવાહી કરી રહી છે.

શ્રી કિશોર કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે રીતે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ થઇ રહી છે અને નકલી ખાદ્ય પદાર્થો બની રહ્યા છે. આ ભેળસેળ બંધ થાય અને ભેળસેળ કરનારા અને નકલી ખાદ્ય પદાર્થ બનાવનારા માફિયાઓમાં ડર પેદા થાય એવો કોઇ કડક કાયદો બનાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી એ બાબતની માનનીય જીતુભાઇ અને સભ્યોશ્રી દ્વારા પણ એક બેઠક કરવામાં આવી હતી પરંતુ આ ફૂડ સેફ્ટીનો કાયદો–૨૦૦૬માં ખાદ્યાન્ન સુરક્ષા ધારો કરવામાં આવ્યો એ ભારતીય નાગરિક સુખાકારી સંહિતા–૨૦૨૩માં સામાન્ય ફોજદારી ગુનાની તપાસ, પૂછપરછ અને ટ્રાયલ માટેની પ્રક્રિયા નક્કી કરે છે. કાયદાના સ્થાપિત સિદ્ધાંતો એ લો કેન્દ્ર સરકારનો છે. સેક્શન–૮૯(એ) સૂચવે છે કે કેન્દ્ર સરકારે આઠ કાયદાઓને ભેગો કરીને સુધારો કરીને દરેક રાજ્યને આપવામાં આવ્યો હતો ત્યારે નામદાર સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચુકાદો આપ્યો હતો કે કે ખાદ્ય સુરક્ષા સંબંધિત કેસોમાં એફ.આઇ.આર. નોંધવાની જરૂર પડતી નથી. કાર્યવાહી ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ અધિકૃત અધિકારી દ્વારા જ કરવામાં આવે છે. એ પ્રકારે ગુજરાત રાજ્યમાં ત્રણ પ્રકારના ભેળસેળમાં આરોગ્યની ટીમ દ્વારા જ્યાં સબ સ્ટાન્ડર્ડ છે કે અનસેફ ફૂડ છે એ પ્રમાણે કોર્ટમાં કેસ કરીને આપણે અત્યાર સુધીમાં ૧૩૮ ફોજદારી કેસો દાખલ કર્યા તે પૈકી રૂ.૧૨,૯૪,૧૧,૯૫૮/–જેટલો દંડ એમની પાસેથી લેવામાં આવ્યો છે. ૫૭ ક્રિમિનલ કેસોમાં રૂ.૧૧,૫૧,૩૦૦/–નો દંડ કરવામાં આવ્યો છે. અમારા ફૂડ સેફ્ટીના અધિકારીઓ જ્યારે આવા કેસો પકડતા હોય છે ત્યારે કેન્દ્ર સરકારના કાયદાની સાથે સમીક્ષા કરી કોર્ટમાં કેસ કરતા હોય છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેલ, ઘી, દૂધ આ બધામાં અનેક વેપારીઓ, અનેક વખત પકડાય છે એમને કાયમ માટે સીલ કરવામાં આવશે કે કેમ? એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ સમાજના દરેક ક્ષેત્રમાં કાયદો બનતો હોય અને એની ઉપર તપાસ થતી હોય ત્યારે ચોક્કસ પ્રકારે કાયમી બંધ કરવા માટેના એકશન લેવામાં આવે છે અને પકડવામાં આવે છે. એના નમૂના લઇ આગળની કાર્યવાહી કોર્ટમાં કરવામાં આવે છે.

વડોદરા જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

*** 15/8/1801 : શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા** (વાઘોડીયા): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને	(૧)	૭૨
(૨)	તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	રૂ.૨૫૪૭.૯૭ લાખ

શ્રી ધર્મેન્દ્રસિંહ ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે પણ મારો પેટા પ્રશ્ન છે કે વડોદરા જિલ્લામાં વિભાજન કરવામાં આવેલ કુલ ૭૨ ફીડરમાંથી શહેરી, ગ્રામ્ય અને ઔદ્યોગિક વિસ્તાર મુજબ કેટલા ફીડર વિભાજન કરવામાં આવ્યા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં વિભાજન કરવામાં આવેલ કુલ ૭૨ ફીડરમાંથી શહેરી વિસ્તારના ૩૩ ફીડરો, ગ્રામ્ય વિસ્તારના ૨૪ ફીડરો તેમજ ઔદ્યોગિક વિસ્તારના ૧૫ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૭૨ ફીડરમાંથી કઇ કઇ યોજના હેઠળ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું છે? અને માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે ડભોઇ નગરમાંથી આર એન્ડ બીનો સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર રોડ ઉપર જાય છે. મેં માનનીય કનુભાઇને એ વખતે રજૂઆત કરી હતી. એની ઉપર જે સ્ટ્રીટલાઇટ છે એનું બિલ નગરપાલિકાએ ભોગવવું પડે છે. જે રસ્તો છે તે રાજ્ય ધોરીમાર્ગ છે. નગરપાલિકાની પરિસ્થિતિ તમે જાણો જ છો કે કઇ પરિસ્થિતિમાં છે? એ બિલ બાદ કરી આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટકાવારીમાં ખબર પડે એટલે સમજી ગયો. એમને જે પૂછ્યું છે એ પ્રમાણે ૭૨ ફીડરમાંથી બે ફીડરો સરદાર કૃષિ જ્યોતિ યોજના, બે ફીડરો કૂવા વીજળીકરણ, નવ ફીડરો ઊર્જા સંરક્ષણ યોજના અને ૫૯ ફીડરો સિસ્ટમ ઇમ્પ્રુવમેન્ટ અંતર્ગત કરવામાં આવ્યા છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એસ.ઓ.યુ.) તરફ જતા સ્ટેટ હાઇવે ઉપર સ્ટ્રીટલાઇટ લાગેલ છે એનું બિલ હાલમાં નગરપાલિકાને ભોગવવું પડે છે. કોઇ પણ રસ્તા કોઇ પણ શહેર/નગરપાલિકામાંથી પસાર થતા હોય ત્યારે એ સ્ટેટ હાઇવે હોય કે નેશનલ હાઇવે હોય પરંતુ એ જે તે વિસ્તારમાં આવેલો હોય એ જે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા ભોગવતી હોય છે. એમની રજૂઆત છે. બહુ બિલ આવતું હોય તો ચેક કરીને જોઇશું કે શું થઇ શકશે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ન ભરવાના કારણે સ્ટ્રીટ લાઇટો કપાઇ જાય છે અને નગર અંધારામાં રહે છે. રોડનું બિલ વધારે આવે છે અને નગરને ભોગવવું પડે છે. ડભોઇ નગરમાં દર રવિવારે મેઇન્ટેનન્સની કામગીરી સવારે હોય, અમને દુ:ખ થાય છે કે મન કી બાતનો કાર્યક્રમ હતો પણ લાઇટ ન હતી. એ બાબતની કોઇ સૂચના આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની નગરપાલિકાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે, કદાચ બિલ બાકી હોય તો ક્યારેય કનેકશન લગભગ કાપવામાં આવતું નથી. પરંતુ જે તે વખતે એના શહેરના વિકાસ માટે ગ્રાન્ટ આપવાની હોય છે એ ગ્રાન્ટમાંથી ધીમ ધીમે એ બિલ રીકવર કરતા હોઇએ છીએ. ખૂબ વધારે બિલ અમારા ઊર્જા વિભાગ દ્વારા ચડી ગયા છે એ હકીકત છે. પરંતુ એમણે જે વાત કરી છે કે આ સ્ટેટ હાઇવે છે તો સ્ટેટ હાઇવેને ઓથોરિટી સાથે ભળી જાય એ માટે વિચારણા કરીશું. સકારાત્મક જવાબ આપ્યો છે. ખૂબ લાંબો પટ્ટો નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતો હશે તો એના માટે સ્પેશિયલ વિચારણા કરી શકાય છે કે કેમ? એક જ જગ્યાએ પ્રશ્ન નહીં હોય, બધી નગરપાલિકાઓને લગતો પ્રશ્ન હશે. જ્યારે વિચારણા થાય ત્યારે રાજ્ય અંતર્ગત આખી નીતિ વિષયક બાબતની વિચારણા થતી હોય છે એ પ્રમાણે ચોક્કસ વિચારણા કરીશુ.

જૂનાગઢ જિલ્લામાં ખુશી યોજના

*** 15/8/1804:શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા** (માંગરોળ)**: માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે**:–**

પ્રશ્ન		જવાબ	
(૧)	કિસાન હિત ઊર્જા શક્તિ યોજના (ખુશી) અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા, અને	(૧)	૯૫૨
(૨)	તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	રૂ. ૧૦૧૯.૭૯ લાખ

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખુશી યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ટ્રાન્સફોર્મર ઊભા કરવામાં આવ્યા અને તેમાં કેટલો ખર્ચ થયો છે? બીજો પ્રશ્ન એ છે કે મારા મતવિસ્તારમાં માંગરોળ અને માળિયા તાલુકામાં આવા કોઇ ટ્રાન્સફોર્મર ઊભા કરવાના છે કે નહીં?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખુશી યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ઊભા કરવામાં આવેલ નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મરની વિગતો જોઇએ તો ભેંસાણ તાલુકામાં રૂપિયા ૧૪૭.૮૧ લાખના ખર્ચે ૧૪૦, જૂનાગઢ તાલુકામાં રૂપિયા ૬૮.૨૩ લાખના ખર્ચે ૨૮, કેશોદ તાલુકામાં રૂપિયા ૨૮૦.૮૪ લાખના ખર્ચે ૨૯૬, માળિયા હાટીના તાલુકામાં રૂપિયા ૨૯૭.૨૯ લાખના ખર્ચે ૨૭૭, વંથલી તાલુકામાં રૂપિયા ૩૯.૬૫ લાખના ખર્ચે ૩૯ અને વિસાવદર તાલુકામાં રૂપિયા ૧૮૬ લાખના ખર્ચે ૧૭૨ નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર નાખવામાં આવ્યા છે. આમ, છેલ્લાં બે વર્ષમાં ખુશી યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કુલ રૂપિયા ૧૦ કરોડ ૧૯ લાખ ૭૯

હજારના ખર્ચે ૯૫૨ નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર ઊભા કરવામાં આવ્યા છે. આ કન્ટીન્યુઅસ પ્રોસેસ છે. અત્યારે એવું કરીએ છીએ કે, ભૂતકાળમાં જે ફીડરો હતા એ બધાનું નવીનીકરણ કરાવીને ટ્રાન્સફોર્મર નજીકમાં મળે એ રીતની આપણી યોજના ચાલે છે. પરંતુ હાલ નવાં વીજ કનેકશનો છે ત્યાં તો કરીએ જ છીએ. પરંતુ જૂના ફીડરો ઉપર કોઇ પ્રશ્ન હશે તો ચોક્કસ એ બાબતની વિચારણા કરીશું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આના જવાબમાં લખ્યું છે કે ટ્રાન્સફોર્મર ઊભા કરવા માટે કુલ રૂપિયા ૧૦૧૯.૭૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમાં ખર્ચ કરવામાં આવ્યો છે એમાં કેટલા ટ્રાન્સફોર્મર કાર્યરત છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જ્યારે ખર્ચ કર્યો હોય એટલે બધા ટ્રાન્સફોર્મર લગાવી દીધા છે. આ કન્ટીન્યુઅસ વિષય છે. કોઇ બંધ હોય તો ટ્રાન્સફોર્મરમાં માલિકી ભાવ પેદા થાય એ રીતે આપીએ છીએ એટલે આ ટ્રાન્સફોર્મર લગાવવાથી ક્વોલિટી વીજળી મળે એનો ફાયદો પણ છે. એમણે કહ્યું કે કેટલા ચાલુ છે અને કેટલા બંધ છે? આ બધા ચાલુ છે અને માનો કે કોઇ બંધ હોય તો મેઇન્ટેનન્સ કરીને પણ અમે એને રિપેર કરીએ છીએ. (અંતરાય) ભાઇ, એજ થયું. બધા જ ચાલુ છે કદાચ બંધ હોય તો એને રિપેર કરીએ છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ટ્રાન્સફોર્મર શું? એમનું કહેવાનું છે કે ટી.સી. કહેવાય કે ડી.પી. કહેવાય પ્રશ્ન એ છે. એ વાત કરશો એટલે બધુ સમજી જશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કિસાન હિત ઊર્જા શક્તિ યોજના એટલે કે ખુશી યોજના અંતર્ગત વીજ વિતરણ કંપનીઓ દ્વારા શું કામગીરી કરવામાં આવે છે અને એની કોઇ સમયમર્યાદા છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વીજ કંપનીઓ દ્વારા ખુશી યોજનાથી ખેડૂતોને પૂરતા દબાણે અને ક્વોલિટીથી વીજળી મળે એ માટે એકથી વધુ કૃષિ ગ્રાહકોને મોટી ક્ષમતાના ટ્રાન્સફોર્મર લાંબી હળવા દબાણ લાઇન મારફતે વીજ જોડાણ આપેલ છે. હાઇ વોલ્ટેઝ ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ સ્થાપવામાં આવે છે. જે અંતર્ગત હળવા દબાણની વીજ લાઇનને ભારે દબાણવાળી વીજ લાઇનમાં રૂપાંતરિત કરવામાં આવે છે અને દરેક કૃષિ ગ્રાહકોના વીજભાર પ્રમાણેનું યોગ્ય ક્ષમતાવાળું કોઇને ૧૦નું હોય, ૧૫નું હોય કે ૨૦નું હોય એ પ્રમાણેનું ટ્રાન્સફોર્મર આપણે મૂકી આપીએ છીએ અને એના કારણે ટ્રાન્સફોર્મરથી એને પણ પોતાના માલિકીપણાનો ભાવ થશે એના માટે વીજ કંપની દ્વારા કાર્યક્ષેત્ર હેઠળના ખેતીવાડી ફીડરો જેમાં હળવા દબાણની લાઇનો વધારે હોય તેમજ ફીડરોને ગ્રાહકોની લો વોલ્ટેઝની ફરિયાદ આવતી હોય તેવા ફીડરોને અગ્રતા આપી સરવે કરીને ડી.પી.આર. પ્રોજેક્ટ બનાવી મંજૂરી આપવામાં આવે છે. એટલે જ્યાં પણ આવી તકલીફ હોય અને લો વોલ્ટેઝ થતા હોય એવી તમામ જગ્યાએ મેં કહ્યું એમ પહેલા તો બધી લો વોલ્ટેઝવાળી લાઇનો ઉપરથી આપતા હતા. હવે તો હાઇ વોલ્ટેઝ ઉપરથી લો વોલ્ટેઝ કરીએ છીએ. દરેક ટ્રાન્સફોર્મર આપીએ છીએ. એટલે જે જૂના હતા એ અને ખુશી યોજનામાં ખાસ કરીને ખુશ થવાની વાત એવી છે કે ૧૦ ૨૦ એચ.પી.ના કનેકશનો એટલે લગભગ પી.જી.વી.સી.એલ. માટે સૌરાષ્ટ્ર વિસ્તારમાં હતા અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ખાસ કરીને આ યોજના ખૂબ આશીર્વાદરૂપ સાબિત થઇ છે. જ્યાં પણ આવી સમસ્યા મળે તો સરવે કરીને એ ક્ષમતાના હાઇ વોલ્ટેઝ એચ.વી.ડી.એસ. ના ટ્રાન્સફોર્મર લગાવી આપીએ છીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યા પ્રમાણે વિસાવદરમાં રૂ.૧૮૬ લાખના ખર્ચે ૧૭૨ નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા. વિસાવદરમાં અને જૂનાગઢ પંથકમાં એવી ફરિયાદ જાણવા મળેલ છે કે ટ્રાન્સફોર્મર લગાવી જાયને બીજા, ચોથા, પાંચમાં કે દસમા દિવસે બંધ થઇ જાય છે પછી આપણે અનેક વખત ફોન કરીએ તો ફરિયાદો સાંભળવામાં આવે છે પણ સમયસર નિકાલ થતો નથી. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સમગ્ર જૂનાગઢ જિલ્લામાંથી ટ્રાન્સફોર્મર લગાવ્યાના માત્ર ૩ મહિનામાં ટ્રાન્સફોર્મર ખરાબ થઇ ગયા અંગેની કુલ કેટલી ફરિયાદો મળી? અને મળેલી ફરિયાદોનો કેટલા સમયમાં પોઝિટિવ અને નેગેટીવ નિકાલ કરવામાં આવ્યો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ ફરિયાદો માનો કે કોઇ જગ્યાએ ઊભી પણ થઇ હોય તો અમારી એક વ્યવસ્થા છે એમાં ફરિયાદ નોંધીએ પણ છીએ અને એનો અમુક સમય મર્યાદાની અંદર એ સોલ કરવાની આપણી એસ.ઓ.પી. પણ છે એ પ્રમાણે કરીએ છીએ. પરંતુ કોઇ એવી વિગતો ખૂબ લાંબા સમયની હોય, હું પણ વિગતો જોઇ લઇશ. તમારો પ્રશ્ન અને રજૂઆતને સકારાત્મક લઉં છું. આ વ્યવસ્થા બિલકુલ ઓટો મોડ ઉપર છે અને ઓટો મોડ ઉપર હોવાના કારણે ફરિયાદ મળે, ફરિયાદ ત્યાં દાખલ થાય. દાખલ થયા પછી એની એસ.ઓ.પી. પ્રમાણે કેટલા સમયમાં એને એટેન્ડ કરવી પડે અને એને રિપેર પણ કરવી પડે. છતાંય જો એમાં ક્યાંય મોડું થતું હશે, એસ.ઓ.પી. કરતા વધારે ટાઇમ લાગતો હશે તો ચોક્કસ એ બાબતમાં અમે સ્ટ્રેન્ધનીંગ કરીશું.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં એવા દિવસો પણ જોયા છે કે ખેડૂતો કનેકશનની માગણી કરે અને એમના ઘરે દીકરાનો જન્મ થાય અને જ્યારે દીકરાના લગ્ન થતા હોય ત્યારે વીજળનું કનેકશન મળતું હતું. આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે દરિયાકાંઠા ઉપર અને જે જંગલ વિસ્તાર છે એ ગામડાઓમાં એમ.વી.સી.સી. કન્ડકટર વાયર અત્યારે ફિટિંગ કરવાનું ચાલુ છે પણ તે વહેલી તકે બધા ફિડરોની અંદર ફીટ થાય, વહેલી તકે તેનું આયોજન કરવામાં આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયમાં જયારે આપણને અનુભવ થાય અને કોઇ પણ અનુભવમાંથી કોઇ પણ વ્યકિત પણ શીખતો હોય અને સરકાર પણ ઉપરા ઉપરી જે વાવાઝોડાં આવ્યાં અને વાવાઝોડાના કારણે દરિયાકાંઠે જે પ્રકારની ઇલેકટ્રિસિટીની સ્કેરસિટી ઊભી થઇ કે થાંભલા પડી જવાની વગેરે ઘણી બધી મુશ્કેલીઓમાં વીજ વિભાગના કર્મચારીઓએ પણ રાત–દિવસ ત્યાં કામ કરી અને થાંભલા પણ ઊભા કર્યા છે. પરંતુ હવે આદરણીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબે નક્કી કર્યું છે કે, આખા રાજયમાં જયાં આગળ જયાં વેધરના કારણે અથવા તો તોફાનો આવતાં હોય અને દરિયાકાંઠાની નજીકના વિસ્તારોમાં આ પ્રકારની વ્યવસ્થા એટલે અન્ડરગ્રાઉન્ડ વાયર નાંખી, કેબલ નાંખી અને એ વીજળીનું આખું તંત્ર ઊભું કરવામાં આવે એ પ્રમાણેની વ્યવસ્થા કરવાની શરૂઆત થઇ ગઇ છે અને ખાતરી રાખજો, ગુજરાત ખાતરી રાખે જયાં આગળ અને અત્યારે તો કેવળ દરિયાકિનારો જ નહીં પરંતુ શહેરોની અંદર પણ અન્ડરગ્રાઉન્ડ વીજળીકરણ કરવાનુ કામ, તીર્થધામોમાં વીજળીકરણ કરવાનું કામ, અન્ડરગ્રાઉન્ડ તે અત્યારે આપણે કરી રહ્યાં છીએ. અમે આગળનું જોઇએ છીએ અમે આજનો જ વિચાર નથી કરતા પરંતુ ભવિષ્યની અંદર પણ ખૂબ સારી રીતે ગુજરાતના નાગરિકોને ઇઝ ઓફ લિવિંગવાળો જે વિષય છે તે સારી રીતે જીવવાને માટે તમામ પ્રકારના પ્રયત્નો કરીએ છીએ. અત્યાર સુધીમાં ૨૫ હજાર સર્કિટ કિલોમીટર એમ.વી.સી.સી. નાંખવામાં આવેલ છે અને બાકીનું પણ જે હશે તે આપણે ચોક્કસ નાંખીશું.

કચ્છ અને ગાંધીનગર જિલ્લામાં ખાદ્યપદાર્થોના નમુના પ્રમાણિત કરવા બાબત

***15/8/2465 શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર દુધ, ઘી, પનીર, માવા સહિત ખાદ્યપદાર્થોના કેટલા નમુના લેવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં દુધ, ઘી, પનીર, માવા સહિત કુલ ૭૩૫ અને ગાંધીનગર જિલ્લામાં કુલ ૬૦૬ ખાદ્યપદાર્થોના નમુના લેવામાં આવ્યા.

જિલ્લો	વર્ષ	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કૂલ નમુના
કચ્છ	૨૦૨૪	૧૦	૧૮	૦૮	૦૯	૨૧૯	૨૬૪
	૨૦૨૫	૨૭	૨૩	૨૬	૧૩	૩૮૨	૪૭૧
ગાંધીનગર	૨૦૨૪	૧૪	૩૯	૦૩	૦૪	૧૭૯	૨૩૯
	૨૦૨૫	૧૮	૨૨	૧૩	૦૩	૩૧૧	૩૬૭

જિલ્લાનું નામ – કચ્છ

તાલુકા	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કુલ
અંજાર	૦૭	૦૦	૦૧	૦૦	૩૨	૪૦
ગાંધીધામ	૧૫	૨૦	૧૩	૦૫	૧૬૦	૨૧૩
નખત્રાણા	૦૨	૦૦	૦૦	૦૦	૨૨	૨૪
ભચાઉ	૦૩	૦૦	૦૧	૦૦	૧૨	૧૬
ભુજ	૦૯	૧૮	૧૮	૧૬	૩૦૯	૩૭૦
માંડવી	૦૦	૦૨	૦૦	૦૧	૨૬	૨૯
રાપર	૦૦	૦૧	૦૦	૦૦	૦૪	૦૫
લખપત	૦૦	૦૦	૦૦	૦૦	૦૯	૦૯
અબડાસા	૦૦	૦૦	૦૦	૦૦	૦૯	૦૯
મુંદ્રા	૦૧	૦૦	૦૧	૦૦	૧૮	૨૦
કુલ	**૩૭**	**૪૧**	**૩૪**	**૨૨**	**૬૦૧**	**૭૩૫**

જિલ્લાનું નામ – ગાંધીનગર

તાલુકા	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કુલ
દહેગામ	૧૦	૦૬	૦૩	૦૩	૫૮	૮૦
માણસા	૦૨	૦૧	૦૦	૦૧	૫૧	૫૫
કલોલ	૦૩	૧૮	૦૭	૦૨	૧૪૯	૧૭૯
ગાંધીનગર	૧૭	૩૬	૦૬	૦૧	૨૩૨	૨૯૨
કુલ	**૩૨**	**૬૧**	**૧૬**	**૦૭**	**૪૯૦**	**૬૦૬**

(૨) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિનપ્રમાણિત થયા,

(૨)

જિલ્લો	પ્રમાણિત નમુના	બિન પ્રમાણિત નમુના	ચકાસણી માં રહેલ નમુના
કચ્છ	૬૨૧	૧૪	૧૦૦
ગાંધીનગર	૪૫૪	૪૩	૧૦૯

(૩) બિનપ્રમાણિત થયેલા નમુનાઓમાં કયા પ્રકારના ખાદ્યપદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને

(૩)

જિલ્લો	બિન પ્રમાણિત ખાદ્યપદાર્થનું નામ	કબજે કરેલ જથ્થો	જથ્થાની કિંમત(રૂ.)
કચ્છ	ઘી	૨૨૪૯ લીટર	૧૨,૩૬,૩૭૦/-
ગાંધીનગર	ઘી	૧૭,૮૪૨.૭૮ લીટર	૮૮,૧૯,૪૨૫/-

(૪) તે અન્વયે જવાબદાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૪) કચ્છ અને ગાંધીનગર જિલ્લામાં જવાબદાર ઇસમો સામે નીચે મુજબ ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જિલ્લો	એડજ્યુડી કેટીંગ કેસ	કરેલ કોર્ટ કેસ	કૂલ દંડની વિગત	કેસ દાખલ કરવાની કાર્યવાહી પ્રગતિમાં હોય તેવા કેસો
કચ્છ	૧૩	૦૧	૭૦,૦૦૦/-	૦
ગાંધીનગર	૩૯	૦૪	૪,૦૭,૦૦૦/-	૦

નોંધ-એડ્જ્યુડીકેટીંગ કેસ જિલ્લાના રેસીડેન્ટ એડીશનલ કલેકટર(RAC) પાસે તથા કોર્ટના કેસો નામદાર જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ની કોર્ટમાં ચલાવવામાં આવે છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ત્રણ પ્રશ્નો પૂછવા માગું છું. આ પ્રશ્નો કચ્છ અને ગાંધીનગર બન્ને જિલ્લાનો છે અને અનુક્રમે ૭૫૦ અને ૬૦૦ જેટલા સેમ્પલ લીધા છે. હવે બન્ને જિલ્લાના દસ-દસ કર્મચારી એક અઠવાડિયુ ખાલી રોજના દસ જ સેમ્પલ લે તો એ ૬૦૦ સેમ્પલ એક અઠવાડિયામાં લેવાય જાય. બે વર્ષમાં ભેળસેળનો આટલો ગંભીર પ્રશ્ન હોવા છતાં આટલી ઓછી સંખ્યામાં સેમ્પલ કેમ લેવામાં આવે છે? સવાલ એ છે કે, વધુ મહેકમ, વધુ સ્ટાફ લઇને વધુ સેમ્પલનો સરવે આપણે કરવા માગીએ છીએ કે કેમ? બીજું, કચ્છ અને ગાંધીનગર જે જિલ્લામાં સેમ્પલ લીધા તે મલ્ટીપલ એવા કેસીસ બન્યા છે કે, એક જ જગ્યાએ સેમ્પલ ફેઇલ ગયુ હોય એકથી વધારે વખત તો આવા લોકોનાં નામ જાહેર જનતા સમક્ષ મૂકવા માગે છે કે જેથી લોકો તે જગ્યાએથી દૂધ, માવો વગેરે ડેરી પ્રોડકટ ખરીદે નહીં અથવા એ હોટેલો અને રેસ્ટોરન્ટમાં જાય નહીં. જે ભેળસેળવાળા સેમ્પલ એકથી વધારે જગ્યાએ ફેઇલ ગયા એવા કોઇ લોકો સાથે તમે છેલ્લાં બે વર્ષમાં સ્પીડી ટ્રાયલ ચલાવીને કોઇ કેસમાં કન્વિકશન આવ્યું કે કેમ? છેલ્લો પ્રશ્ન આ જિલ્લાનો નથી પણ માનનીય મંત્રીશ્રી જો જવાબ આપવા માગતા હોય તો, સાબરકાંઠામાં મિડિયાના એક અહેવાલ પ્રમાણે સાબર ડેરીમાંથી નકલી દૂધ પકડાયું આ બાબતે સરકાર અવગત છે કે કેમ ? અને જો હા, તો એમાં કોઇ એકશન લીધા છે કે કેમ?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી કે આટલા નમૂના કેમ? પરંતુ આપણી વેન છે તે ૩૩ એ ૩૩ જિલ્લામાં સતત તેમના નમૂના લે છે. આ જે નમૂના લેવામાં આવ્યા છે તે જનરલ તો તપાસણી શરૂ જ હોય પણ જે ફરિયાદ આવી હોય એના નમૂના લઇ અને તેમને ત્રણ સ્ટાન્ડર્ડની અંદર ભેળસેળ છે, ખાવાથી નુકસાન થાય છે પણ ભેળસેળ કરેલી છે અને તે ખાવાલાયક જ નથી તો આવા ફૂડ જે ડેરીમાંથી પકડાય છે એની ડ્રાઇવ પણ હમણાં જ તમામ દૂધની ડેરીઓ ઉપર અને સાત દિવસ, પંદર દિવસ ચાલી. હવે આ નિયમો માનનીય સભ્યશ્રી કહી રહ્યાં છે કે, વધુ નમૂના કેમ ના લેવાયા? તો વધુ નમૂના લેવા માટે તેમનું સૂચન સારું છે. આપણી લેબોરેટરી પણ સુરત, વડોદરા અને અમદાવાદમાં અદ્યતન તૈયાર થઇ રહી છે અને એક પણ ભેળસેળ જે આપણા કાયદા કરતા આપણે કેન્દ્રના કાયદા સાથે સુસંગત કરીને આ નમૂના લેવાતા હોય છે. બીજી વાત તેમણે કરી છે કે સજા, તો જે અનસેફ ફૂડ પકડાયું હોય જેમાં કચ્છ અને ગાંધીનગરમાં સોનપાપડી જે પેપરમાં આવ્યું હતું પકડાયેલ હતી તો તેમને ૨ લાખનો દંડ અને નામદાર કોર્ટ દ્વારા એક દિવસની સજા કરવામાં આવી હતી. એ રીતે ઘી પકડાયેલું હતું એમને નાણાકીય દંડ અને કોર્ટ ઉઠતા સાથેની એક દિવસની સજા કરવામાં આવી. આ ફોજદારી કેસ જયારે ફૂડ ઇન્સ્પેકટર કોર્ટની અંદર કેસ દાખલ કરે છે ત્યારે નામદાર કોર્ટ જે દંડ કે જે સજા કરતા હોય તો વધુમાં વધુ છ માસ સુધીની સજા નામદાર કોર્ટે કરેલી છે. બીજી વાત છે કે, આવા લોકોની જાહેરાત કરવી જોઇએ. એ ખૂબ સારું સૂચન છે કે જે ડેરી, જે પ્રોડકટ કે જે બ્રાન્ડ પકડાય અને એમાં ખાવાલાયક ફૂડ ન હોય તો ચોક્કસ પ્રકારે એ બાબત સારું સજેશન છે અને અમે તેમાં ગંભીરતાથી વિચારીશું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, દાદાની સરકારના માનનીય મંત્રીશ્રીએ સ્થાનિય બજારની અંદર મળતા પદાર્થોના સંદર્ભમાં અને લોકોના આરોગ્યની ચિંતા અને સલામતીનાં પગલાંની વાત કરી ત્યારે હું આપના માધ્યમથી જાણવા

માગું છું કે વિદેશથી કોઇ ખાદ્ય ખોરાકીની વસ્તુ આવે અને કચ્છના બંદરો ઉપર ઉતરતી હોય તો વિદેશથી ખાદ્ય ખોરાકીની આવેલી વસ્તુઓના ચેકિંગ માટે સરકારે શું વ્યવસ્થા કરી છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, વિદેશથી જે આપણે ફૂડ ઇમ્પોર્ટ કરતા હોઇએ છીએ. એના પેકિંગ થઇને કંપનીઓના નીતિ નિયમો પ્રમાણે જયારે કચ્છના બંદર ઉપર ઉતરે ત્યારે કચ્છ જિલ્લામાં સમુદ્ર માર્ગે આયાત થતા ખાદ્ય પદાર્થોની ચકાસણી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા આ એફ.એસ.એસ.આઇ. દ્વારા આ સિસ્ટમ વિકસાવવામાં આવેલી છે. ફૂડ ઇમ્પોર્ટ ક્લિયરન્સ સિસ્ટમ અંતર્ગત સમુદ્ર માર્ગે આયાત થતા તમામ પદાર્થોની ઓથોરાઇઝડ ઓફિસ ત્યાં ચેક કરે છે અને પછી ગુજરાત કે અન્ય રાજયોની અંદર એમને પ્રવેશ મળતો હોય છે. એટલે કે એ ક્લિયરન્સ પ્રમાણપત્ર એમણે ફુડ ઓથોરિટી પાસેથી લેવું પડતું હોય છે અને તેમાં કેન્દ્ર સરકારની એજન્સી ત્યાં કામ કરે છે.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી દ્વારા જાણવા માંગું છું કે ઘણી વખત સેમ્પલ લેવામાં આવે છે અને સેમ્પલ લીધા પછી દા.ત. ઘીનો જથ્થો પકડાયો હવે એની સમયમર્યાદા છ મહિનાની હોય અને ઘણી વખત છ મહિના સુધી એ સેમ્પલના રિપોર્ટ આપતા નથી અને છ મહિના પછી રિપોર્ટ આવે એટલે એવું થાય છે કે આ નમૂનો ઓ.કે. છે તો આવી કોઇ સમયમર્યાદા આપણી છે કે નહીં? અને સમયમર્યાદા પછી એની એક્સપાયરી ડેટ થયા પછી જો એ માલ વેપારીને આપવામાં આવે તો એ નિષ્ફળ જાય છે તો આવું લેઇટ થાય તો વેપારીને કોઇ વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, આ બહુ લેઇટ થયું હોય અને લગભગ એક પણ કિસ્સો આવો બન્યો નથી અને જો બન્યું હશે તો એ જે આપણે એ કેસ નામદાર કોર્ટમાં કરવાનો હોય છે. એની એફ.આઇ.આર. થતી નથી. નામદાર કોર્ટના આદેશ પ્રમાણે આપણા ફૂડના ઇન્સ્પેકટર કામ કરતા હોય છે (અંતરાય) જયારે કોઇપણ જથ્થાને સીઝ કરવામાં આવે, એને સીલ મારવામાં આવે કે જથ્થો સ્ટોપ કરવામાં આવે છે ત્યારે નામદાર કોર્ટ દ્વારા જ એનું મોનિટરિંગ થતું હોય છે અને એના આદેશ પ્રમાણે જ આપણે એ કાર્યવાહી કરતા હોઇએ છીએ.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે એ જથ્થો સીઝ કરવામાં આવે છે ત્યારે એવી કોઇ પ્રણાલિકા કે એવી કોઇ સિસ્ટમ નથી, નમૂનો ફેલ આવે એના પછી જ કોર્ટની કાર્યવાહી કરવામાં આવે છે. પણ ઘણી વખત એવું બને છે કે સમયમર્યાદાની અંદર રિપોર્ટ લેબોરેટરીમાંથી આવતો નથી અને જે સ્ટોક હોય એ નિષ્ફળ થઇ જાય છે.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, કોર્ટમાં જાય તો વધુમાં વધુ ૧૪ દિવસમાં આ રિપોર્ટ આવી જાય છે.

બનાસકાંઠા જિલ્લામાં તબીબી શિક્ષણ માટે સરકારી અને ખાનગી કોલેજો

* **15/8/2461 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તબીબી શિક્ષણ હેતુસર કઈ સરકારી અને ખાનગી કોલેજો આવેલ છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતીએ બનાસકાંઠા જિલ્લાના તાલુકાઓ પૈકી પાલનપુર તાલુકામાં તબીબી શિક્ષણ હેતુસર એક ખાનગી બનાસ મેડીકલ કોલેજ આવેલી છે. ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કોઇ સરકારી મેડીકલ કોલેજ આવેલી નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં કેટલી નવી કોલેજો સ્થાપવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં નવી કોલેજો સ્થાપવાની હાલ કોઇ વિચારણા નથી.
(૩)	ઉક્ત કાર્યવાહી ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંકઃ ૧૫

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, જવાબ છાપ્યા મુજબ.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ખાદ્યપદાર્થોના નમુના પ્રમાણિત કરવા બાબત

15/8/2467 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર દુધ, ઘી, પનીર, માવા સહિત ખાદ્યપદાર્થોના કેટલા નમુના લેવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં દુધ, ઘી, પનીર, માવા સહિત કુલ ૪૬૩૩ અને વડોદરા જિલ્લામાં કુલ ૨૬૩૭ ખાદ્યપદાર્થોના નમુના લેવામાં આવ્યા.

જિલ્લો	**વર્ષ**	**દુધ**	**ઘી**	**પનીર**	**માવા**	**અન્ય**	**કૂલ નમુના**
અમદાવાદ	૨૦૨૪	૯૪	૩૩	૫૪	૨૪	૨૧૯૧	૨૩૯૬
	૨૦૨૫	૬૮	૫૪	૬૭	૧૫	૨૦૩૩	૨૨૩૭
વડોદરા	૨૦૨૪	૩૯	૭૪	૨૧	૨૫	૮૦૨	૯૬૧
	૨૦૨૫	૧૦૩	૬૩	૪૯	૧૮	૧૪૪૩	૧૬૭૬

જિલ્લાનું નામ – અમદાવાદ						
તાલુકા	**દુધ**	**ઘી**	**પનીર**	**માવા**	**અન્ય**	**કુલ**
સાણંદ	૧	૧	૭	૧	૬૫	૭૫
બાવળા	૧	૪	૦	૧	૪૨	૪૮
વિરમગામ	૧૪	૧૧	૭	૨	૨૧૬	૨૫૦
માંડલ	૦૦	૦૦	૦૦	૦૦	૦૩	૦૩
દસ્ક્રોઇ	૭	૧૨	૦૦	૪	૨૧૧	૨૩૪
ધોળકા	૬	૨	૬	૫	૧૨૭	૧૪૬
ધંધુકા	૦૦	૦૦	૦૦	૨	૨૯	૩૧
દેત્રોજ	૦૦	૦૦	૦૦	૦૦	૪	૪
અમદાવાદ મહાનગર પાલીકા	૧૩૩	૫૭	૧૦૧	૨૪	૩૫૨૭	૩૮૪૨
કુલ	**૧૬૨**	**૮૭**	**૧૨૧**	**૩૯**	**૪૨૨૪**	**૪૬૩૩**

જિલ્લાનું નામ – વડોદરા						
તાલુકા	**દુધ**	**ઘી**	**પનીર**	**માવા**	**અન્ય**	**કુલ**
વડોદરા	૬	૯	૬	૨	૧૯૯	૨૨૨
કરજન	૪	૫	૩	૧	૫૧	૬૪
ડભોઇ	૫	૬	૨	૧૦	૪૫	૬૮
સાવલી	૭	૦૦	૧	૦૦	૪૯	૫૭
પાદરા	૬	૦૦	૦૦	૧	૪૫	૫૨
શિનોર	૨	૦૦	૦૦	૦૦	૫	૭
વાઘોડિયા	૯	૧	૩	૦૦	૧૦૩	૧૧૬
ડેસર	૦૦	૦૦	૦૦	૦૦	૦૦	૦૦
વડોદરા મહાનગરપાલીકા	૧૦૩	૧૧૬	૫૫	૨૯	૧૭૪૮	૨૦૫૧
કુલ	**૧૪૨**	**૧૩૭**	**૭૦**	**૪૩**	**૨૨૪૫**	**૨૬૩૭**

(૨) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિનપ્રમાણિત થયા, (૨)

જિલ્લો	પ્રમાણિત નમુના	બિન પ્રમાણિત નમુના	ચકાસણી માં રહેલ નમુનાં
અમદાવાદ	૪૨૮૫	૨૩૨	૧૧૬
વડોદરા	૨૨૮૪	૨૨૯	૧૨૪

(૩) બિનપ્રમાણિત થયેલા નમુનાઓમાં કયા પ્રકારના ખાદ્યપદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને (૩)

જિલ્લો	બિન પ્રમાણિત ખાદ્યપદાર્થનું નામ	કબજે કરેલ જથ્થો	જથ્થાની કિંમત(રૂ.)
અમદાવાદ	પનીર	૭૬ કિ.ગ્રા.	૩૩,૨૦૦/-
	ઘી	૭,૫૩૦ કિ.ગ્રા.	૪૧,૬૩,૬૭૪/-
	માવો	૭૮ કિ.ગ્રા.	૩૧,૨૦૦/-
	અન્ય	૩૦૦૬૮ કિ.ગ્રા.	૪૮,૫૮,૬૯૨/-
વડોદરા			
	પનીર	૨૪૬ કિ.ગ્રા.	૬૨,૪૬૦/-
	ઘી	૧૨૯ કિ.ગ્રા.	૫૧,૬૮૦/-
	અન્ય	૨૬૬૧ કિ.ગ્રા.	૫,૯૯,૯૧૩

(૪) તે અન્વયે જવાબદાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી? (૪) અમદાવાદ અને વડોદરા જિલ્લામાં જવાબદાર ઇસમો સામે નીચે મુજબ ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જિલ્લો	એડજ્યુડીકેટીંગ કેસ	કોર્ટ કેસ	કૂલ દંડની વિગત	નામ. કોર્ટ/એડ્જ્યુડીકેટીંગ કોર્ટ ખાતે ચુકાદા અર્થે પ્રગતિમાં રહેલ કેસો
અમદાવાદ	૧	૦	૮૦,૦૦૦/-	૨૩૧
વડોદરા	૨૧૪	૧૫	૨૯,૬૦,૩૪૬/-	૦

નોંધ–એડ્જ્યુડીકેટીંગ કેસ જિલ્લાના રેસીડેન્ટ એડીશનલ કલેકટર(RAC) પાસે તથા કોર્ટના કેસો નામદાર જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ની કોર્ટમાં ચલાવવામાં આવે છે.

દાહોદ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ

15/8/1813: શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા**) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર જ્યોતિ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા,અને	(૧)	૪૮૯૫
(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	રૂ.૧૮૯.૧૩ લાખ

અતારાંકિત પ્રશ્નો

પાટણ જિલ્લાના સરકારી દવાખાનાઓમાં જીવન આવશ્યક દવાઓના સ્ટોક

15/8/2473 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના સરકારી દવાખાનાઓમાં જીવન આવશ્યક દવાઓનો સ્ટોક ન જળવાયાની પરિસ્થિતિ નિર્માણ પામવા અંગેની ઘટનાથી સરકાર વાકેફ છે કે કેમ,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના સરકારી દવાખાનાઓમાં જીવન આવશ્યક દવાઓનો સ્ટોક ન જળવાયો હોય તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયેલ નથી.
(૨)	જો હા, તો ક્યારે અને શા કારણોસર ઉક્ત પરિસ્થિતિ ઉભી થવા પામી છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	પાટણ જિલ્લાના સરકારી દવાખાનાઓમાં જીવન આવશ્યક દવાઓનો સ્ટોક નિયમિત રીતે જળવાઇ રહે તે માટે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરેલ છે ?	(૩)	પાટણ જિલ્લાના સરકારી દવાખાનાઓમાં જીવન આવશ્યક દવાઓનો સ્ટોક નિયમિત રીતે જળવાઈ રહે તે માટે GMSCL દ્વારા આરોગ્ય સંસ્થાઓ પાસેથી તેઓની જરૂરીયાત મુજબનું અગાઉથી જ વાર્ષિક માંગણા પત્રક મંગાવામાં આવે છે તેમજ આ ઉપરાંત પ્રતિ માસ દરમ્યાન ૦૭ થી ૧૪ તારીખમાં સપ્લીમેન્ટરી ઇન્ડેન્ટની પણ જોગવાઈ કરવામાં આવે છે. જેથી આરોગ્ય સંસ્થાઓની જરૂરિયાત મુજબની માંગણીનો જથ્થો નિયમિત જળવાઈ રહે છે. વધુમાં EDL (આવશ્યક દવાઓ)નો નિયમિત ભાવકરાર કરીને ખરીદી કરવામાં આવે છે. આ ખરીદી કરેલ દવાઓનો જથ્થો પાટણ જિલ્લામાં GMSCL હસ્તકનાં વેરહાઉસ ખાતે રાખવામાં આવે છે અને વેરહાઉસમાંથી આરોગ્ય સંસ્થાઓને દવાઓ સપ્લાય કરવામાં આવે છે. પાટણ વેરહાઉસ દ્વારા આરોગ્ય સંસ્થાઓમાં દવાઓની લઘુત્તમ જરૂરિયાત મુજબનો જથ્થો જળવાય રહે તે માટે તેનું મોનિટરીંગ કરવામાં આવે છે.

- - - - - - -

વલસાડ જિલ્લામાં આદિજાતિ પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/1810: શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આદિવાસી વિસ્તારના કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા,અને	(૧)	૨૨૮૪
(૨)	તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૩૮૫૮.૫૧ લાખ

પાટણ અને મહેસાણા જિલ્લામાં ખાદ્યપદાર્થોના નમુના પ્રમાણિત કરવા બાબત

15/8/2470 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર દુધ, ઘી, પનીર, માવા સહિત ખાદ્યપદાર્થોના કેટલા	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં દુધ, ઘી, પનીર, માવા સહિત કુલ ૭૦૩ અને મહેસાણામાં જિલ્લામાં કુલ ૮૦૭ ખાદ્યપદાર્થોના નમુના લેવામાં આવ્યા.

	નમુના લેવામાં આવ્યા,		

જિલ્લો	વર્ષ	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કુલ નમુના
પાટણ	૨૦૨૪	૧૫	૨૯	૫	૧૬	૧૬૬	૨૩૧
	૨૦૨૫	૩૨	૫૧	૨૧	૧૧	૩૫૭	૪૭૨
મહેસાણા	૨૦૨૪	૧૭	૨૯	૧૧	૧૨	૨૭૦	૩૩૯
	૨૦૨૫	૨૧	૪૨	૨૦	૧૦	૩૭૫	૪૬૮

જિલ્લાનું નામ – પાટણ

તાલુકા	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કુલ
પાટણ	૧૭	૫૭	૧૩	૧૧	૨૨૪	૩૨૨
સિદ્ધપુર	૧૬	૧૨	૯	૫	૧૩૦	૧૭૨
સાંતલપુર	૦	૧	૦	૨	૧૮	૨૧
ચાણસ્મા	૧	૨	૦	૨	૪૧	૪૬
હારીજ	૨	૩	૦	૦	૨૭	૩૨
રાધનપુર	૩	૦	૧	૦	૩૨	૩૬
સરસ્વતી	૮	૫	૩	૭	૪૦	૬૩
સમી	૦	૦	૦	૦	૫	૫
શંખેશ્વર	૦	૦	૦	૦	૬	૬
કુલ	**૪૭**	**૮૦**	**૨૬**	**૨૭**	**૫૨૩**	**૭૦૩**

જિલ્લાનું નામ – મહેસાણા

તાલુકા	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કુલ
મહેસાણા	૧૭	૩૮	૨૨	૧૫	૨૫૬	૩૪૮
વિસનગર	૭	૫	૪	૧	૯૬	૧૧૩
ઉંઝા	૧	૩	૧	૦	૮૯	૯૪
કડી	૦	૧૬	૧	૧	૫૭	૭૫
ખેરાલુ	૧	૧	૦	૨	૨૦	૨૪
વડનગર	૭	૨	૦	૨	૨૩	૩૪
સતલાસણા	૦	૦	૦	૦	૧૩	૧૩
વિજાપુર	૩	૦	૧	૦	૨૪	૨૮
બેચરાજી	૧	૬	૨	૧	૫૧	૬૧
જોટાણા	૧	૦	૦	૦	૧૬	૧૭
કુલ	**૩૮**	**૭૧**	**૩૧**	**૨૨**	**૬૪૫**	**૮૦૭**

(૨)	તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિનપ્રમાણિત થયા,	(૨)	

જિલ્લો	પ્રમાણિત નમુના	બિન પ્રમાણિત નમુના	ચકાસણી માં રહેલ નમુનાં
પાટણ	૫૦૭	૬૧	૧૩૫
મહેસાણા	૬૬૬	૫૬	૮૫

(૩)	બિનપ્રમાણિત થયેલા નમુનાઓમાં કયા પ્રકારના ખાદ્યપદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને	(૩)	

જિલ્લો	બિન પ્રમાણિત ખાદ્યપદાર્થનું નામ	કબજે કરેલ જથ્થો(કિ.ગ્રા.)	જથ્થાની કિંમત(રૂ.)
પાટણ	ઘી	૨૩,૯૪૩.૮૮	૭૩,૮૬,૬૩૮/–
	પનીર	૮૪૫	૧,૯૭,૬૨૦/–
	અન્ય	૧૪૭૫૭.૩	૧૫,૭૨,૧૬૫/–
મહેસાણા	ઘી	૨૫,૫૯૧	૧,૧૧,૬૨,૦૧૩/–
	પનીર	૩,૫૧૭	૮,૨૪,૧૧૦/–
	અન્ય	૧૮,૧૦૨	૨૪,૪૬,૭૧૬/

(૪)	તે અન્વયે જવાબદાર ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૪)	પાટણ અને મહેસાણા જિલ્લામાં જવાબદાર ઈસમો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જિલ્લો	એડજ્યુડી કેટીંગ કેસ	કરેલ કોર્ટ કેસ	કૂલ દંડની વિગત	કેસ દાખલ કરવાની કાર્યવાહી પ્રગતિ માં રહેલ કેસોની સંખ્યા
પાટણ	૩૮	–	નામ.એડજ્યુડિકેશન કોર્ટ ખાતે આખરી ચુકાદાની કાર્યવાહી પ્રગતિમાં છે.	૨૩
મહેસાણા	૧૪	૧૦	૧૯,૦૫,૦૦૦/–	૩૨

નોંધ–એડ્જ્યુડીકેટીંગ કેસ જિલ્લાના રેસીડેન્ટ એડીશનલ કલેકટર(RAC) પાસે તથા કોર્ટના કેસો નામદાર જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ની કોર્ટમાં ચલાવવામાં આવે છે.

ભરૂચ જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

15/8/1800 : શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને	(૧)	૨૭
(૨)	તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૯૬૧.૮૯ લાખ

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ખાદ્યપદાર્થોના નમુના પ્રમાણિત કરવા બાબત

15/8/2485 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬નીસ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર દુધ, ઘી, પનીર, માવા સહિત ખાદ્યપદાર્થોના કેટલા નમુના લેવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં સુધીમાં દુધ, ઘી, પનીર, માવા સહિત કુલ ૧૯૬ અને પંચમહાલ જિલ્લામાં કુલ ૪૯૫ ખાદ્યપદાર્થોના નમુના લેવામાં આવ્યા.

જિલ્લો	વર્ષ	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કૂલ નમુના
મહિસાગર	૨૦૨૪	૦૪	૦૨	૦૧	૦૦	૬૮	૭૫
	૨૦૨૫	૧૧	૦૧	૦૯	૦૧	૯૯	૧૨૧
પંચમહાલ	૨૦૨૪	૦૮	૦૩	૦૪	૦૨	૧૨૧	૧૩૮
	૨૦૨૫	૨૪	૧૨	૨૪	૦૮	૨૮૯	૩૫૭

જિલ્લાનું નામ – મહિસાગર

તાલુકા	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કુલ
લુણાવાડા	૦૭	૦૧	૦૪	૦૧	૭૮	૯૧
બાલાશિનોર	૦૩	૦૧	૦૩	૦૦	૫૦	૫૭
સંતરામપુર	૦૫	૦૦	૦૨	૦૦	૨૬	૩૩
ખાનપુર	૦૦	૦૦	૦૧	૦૦	૦૯	૧૦
વીરપુર	૦૦	૦૧	૦૦	૦૦	૦૧	૦૨
કડાણા	૦૦	૦૦	૦૦	૦૦	૦૩	૦૩
કુલ	**૧૫**	**૦૩**	**૧૦**	**૦૧**	**૧૬૭**	**૧૯૬**

જિલ્લાનું નામ – પંચમહાલ

તાલુકા	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કુલ
ગોધરા	૨૦	૧૫	૧૧	૦૭	૨૨૪	૨૭૭
હાલોલ	૦૧	૦૦	૧૦	૦૦	૭૦	૮૧
કાલોલ	૦૪	૦૦	૦૨	૦૧	૫૭	૬૪
શહેરા	૦૫	૦૦	૦૧	૦૨	૩૨	૪૦
મોરવા (હડફ)	૦૧	૦૦	૦૩	૦૦	૨૧	૨૫
ઘોઘંબા	૦૧	૦૦	૦૦	૦૦	૦૪	૦૫
જાંબુઘોડા	૦૦	૦૦	૦૧	૦૦	૦૨	૦૩
કુલ	**૩૨**	**૧૫**	**૨૮**	**૧૦**	**૪૧૦**	**૪૯૫**

(૨) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિનપ્રમાણિત થયા,

(૨)

જિલ્લો	પ્રમાણિત નમુના	બિન પ્રમાણિત નમુના	ચકાસણી માં રહેલ નમુના
મહિસાગર	૧૦૪	૦૯	૮૩
પંચમહાલ	૧૯૫	૨૦	૨૮૦

(૩) બિનપ્રમાણિત થયેલા નમુનાઓમાં કયા પ્રકારના ખાદ્યપદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને

(૩)

જિલ્લો	બિન પ્રમાણિત ખાદ્યપદાર્થનું નામ	કબજે કરેલ જથ્થો	જથ્થાની કિંમત
મહિસાગર	--	૦૦	૦૦
પંચમહાલ	અન્ય	૧૯૭.૩૫ કી.ગ્રા.	૮૧,૩૯૦/-

(૪) તે અન્વયે જવાબદાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૪) મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જવાબદાર ઇસમો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જિલ્લો	એડજ્યુ-ડીકેટીંગ કેસ	કરેલ કોર્ટ કેસ	કૂલ દંડની વિગત	કેસ દાખલ કરવાની કાર્યવાહી પ્રગતિમાં હોય તેવા કેસો
મહીસાગર	૦૭	૦૦	૯,૬૭,૦૦૦/-	૨
પંચમહાલ	૧૫	૦૦	૫,૫૮,૦૦૦/-	૫

નોંધ-એડજ્યુડીકેટીંગ કેસ જિલ્લાના રેસીડિન્ટ એડીશનલ કલેકટર(RAC) પાસે તથા કોર્ટના કેસો નામદાર જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં ચલાવવામાં આવે છે.

અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

15/8/1772 શ્રી કનુભાઈ કરમશીભાઇ પટેલ (સાણંદ):**માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે.	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત **કુલ-૪,૧૧,૫૬૫** બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે.
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને	(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ હૃદય ,કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના **કુલ - ૨૫૭** બાળકોને સારવાર આપવામાં આવી,અને
(૩)	હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?	(૩)	હૃદય,કિડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની સ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે સારવાર માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. -હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર,અમદાવાદ -કીડનીની બિમારીવાળા બાળકોને ઇન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર,અમદાવાદ. - કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ, કેન્સર હોસ્પીટલ,અમદાવાદ.

જામનગર અને દેવભૂમિ દ્વારકામાં નવા ૬૬ કેવી સબ સ્ટેશન મંજુર કરવા બાબત

15/8/2428 : શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર)**: માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા જામનગર અને દેવભૂમિ દ્વારકામાં કુલ કેટલા અને કઈ જગ્યાએ નવા ૬૬ કેવી સબ સ્ટેશન મંજુર કરવામાં આવ્યા છે,	(૧)	જામનગર જિલ્લામાં કુલ ૨ નવા ૬૬ કેવી સબ સ્ટેશન મંજુર કરવામાં આવ્યા જેમાં ૦૧ સબ સ્ટેશન કાલાવાડ તાલુકામાં અને ૦૧ સબ સ્ટેશન જામનગર તાલુકામાં મંજુર કરવામાં આવ્યા. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૩ નવા ૬૬ કેવી સબ સ્ટેશન મંજુર કરવામાં આવ્યા જેમાં ૦૨ સબ સ્ટેશન કલ્યાણપુર તાલુકામાં અને ૦૧ સબ સ્ટેશન ઓખા મંડળ તાલુકામાં મંજુર કરવામાં આવ્યા.
(૨)	ઉક્ત મંજુર કરેલ ૬૬ કેવી સબ સ્ટેશન નું કામ હાલ ક્યાં તબ્બકે છે, અને	(૨)	ઉપરોક્ત તમામ ૫ સબ સ્ટેશનોનું કામ પૂર્ણ થયેલ છે.
(૩)	ક્યાં સુધીમાં કામો પૂર્ણ કરવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નર્મદા અને ભરૂચ જિલ્લાની હોસ્પિટલોમાં કોન્ટ્રાકટ અને આઉટસોર્સીંગથી ભરતી

અતારાંકિત પ્રશ્નો

15/8/2305 : શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં આરોગ્ય વિભાગ હેઠળના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલોમાં કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા કેટલી છે, અને	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં આરોગ્ય વિભાગ હેઠળના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલોમાં કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા આ સાથે સામેલ પત્રક મુજબ છે.
(૨)	ઉક્ત કોન્ટ્રાકટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ કઈ એજન્સી દ્વારા પુરા પાડવામાં આવે છે?	(૨)	કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓ પુરા પાડતી એજન્સીઓની માહિતી આ સાથે સામેલ પત્રક મુજબ છે.

પત્રક

નર્મદા જિલ્લાની માહિતી

નં.	જિલ્લાનું નામ	આરોગ્ય સંસ્થાનો પ્રકાર	નેશનલ હેલ્થ મિશન (NHM) કોન્ટ્રાકટ કર્મચારીઓની સંખ્યા	આઉટસોર્સ કર્મચારીઓની સંખ્યા	આઉટસોર્સ એજન્સીનું નામ
૧	નર્મદા	પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો	૨૦	૨૭૪	શાશ્વત સાફલ્ય પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ
		સામુહીક આરોગ્ય કેન્દ્રો	૧૦	૨૨	
		સરકારી હોસ્પિટલો	૧૮	૧૦૦	સેફ સર્વિસ, મહેસાણા
કુલ:–			૪૮	૩૯૬	

ભરૂચ જિલ્લાની માહિતી

નં.	જિલ્લાનું નામ	આરોગ્ય સંસ્થાનો પ્રકાર	નેશનલ હેલ્થ મિશન (NHM) કોન્ટ્રાકટ કર્મચારીઓની સંખ્યા	આઉટસોર્સ કર્મચારીઓની સંખ્યા	આઉટસોર્સ એજન્સીનું નામ
૨	ભરૂચ	પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો	૩૩૬	૨૧૮	ડી.જી.નાકરાણી
		સામુહીક આરોગ્ય કેન્દ્રો	૧૯	૬૨	
		સરકારી હોસ્પિટલો	૩૫	૫૪	રવિ એસોસિયેટ રાજકોટ
કુલ:–			૩૯૦	૩૩૪	

અરવલ્લી જિલ્લામાં ખેતીવાડી વીજ લાઈનના ખુલ્લા તારને કોટેડ કરવા બાબત

15/8/1622 : શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ**) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા કી.મી. લંબાઈની ખેતીવાડી વીજ લાઈનના ખુલ્લા તારને કોટેડ વાયરમાં રૂપાંતરિત કરવામાં આવ્યા, અને	(૧) અને (૨)	અરવલ્લી જિલ્લામાં કુલ ૧૮.૯૪ સર્કીટ કીલોમીટર લંબાઇની ખેતીવાડી વીજ લાઇનના ખુલ્લા તારને રૂ.૬૨.૪૦ લાખના ખર્ચે કોટેડ વાયરમાં રૂપાંતરિત કરવામાં આવ્યા જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે તાલુકાવાર કુલ કેટલો ખર્ચ થયો?		

તાલુકા	કોટેડ વાયર (સ.કિ.મી)	ખર્ચ (રૂ.લાખમાં)
બાયડ	૬.૩૦	૧૮.૦૬
ભીલોડા	૮.૮૦	૨૯.૬૪
ધનસુરા	૦.૫૪	૧.૯૯
માલપુર	૦	૦
મેઘરજ	૩.૩૦	૧૨.૭૧
મોડાસા	૦	૦
શામળાજી	૦	૦
સાઠંબા	૦	૦

સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા

15/8/1779 શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ (બાપુનગર) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે કેટલા અંગદાતા નોંધાયા, અને	(૧)	વર્ષ ૨૦૨૪માં ૩૬ અને વર્ષ ૨૦૨૫માં ૪૭.
(૨)	ઉક્ત દાતાઓમાંથી કેટલા અને ક્યા અંગો દાનમાં મળેલ છે?	(૨)	• કૂલ–૨૮૫ અંગો, • ૧૬૨–કિડની, • ૭૪–લીવર, • ૩૨–હૃદય, • ૮–ફેફસાં, • ૯–પેનક્રીયાઝ.

પાટણ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

15/8/1796 : શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર) **: માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

પ્રશ્ન	જવાબ
તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોનો કિસાન સુર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે?	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કુલ ૪૮૦ ગામોનો કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	ગામોની સંખ્યા
૧	ચાણસ્મા	૫૯
૨	હારિજ	૪૫
૩	પાટણ	૬૬
૪	રાધનપુર	૫૦
૫	સમી	૫૩
૬	સંખેશ્વર	૩૬
૭	સાંતલપુર	૪૬
૮	સરસ્વતી	૭૩
૯	સિધ્ધપુર	૫૨

રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના બાબત

15/8/2424 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર): ૧૧મી વિધાનસભાના નવમાં સત્રમાં શુક્રવાર, તા.૨૪/૦૨/૨૦૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૪૮૭૩ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં એક પણ મેડિકલ યુનિવર્સિટી અસ્તિત્વ ધરાવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને	(૨)	હા, જી
(૩)	જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં મેડીકલ યુનિવર્સિટી સ્થાપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી?	(૩)	ઉક્ત સ્થિતિએ રાજ્યમાં સ્ટેટ મેડીકલ યુનિવર્સિટીની સ્થાપના માટે બાંધકામ કરવા વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષ માટે રૂ.૧.૦ કરોડની બજેટ જોગવાઈ કરવામા આવેલ છે. ઉક્ત સ્થિતિએ રાજ્યમાં સ્ટેટ મેડીકલ યુનિવર્સિટીની સ્થાપના માટે બાંધકામ કરવા વર્ષ ૨૦૨૫–૨૬ના વર્ષ માટે રૂ.૧.૦ કરોડની બજેટ જોગવાઈ કરવામા આવેલ છે.

વલસાડ જિલ્લામાં પી.એમ.કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના

15/8/1799 : શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

અતારાંકિત પ્રશ્નો

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પી.એમ.કુસુમ (કોમ્પોનન્ટ–B) યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા ખેડૂત લાભાર્થીઓને ઓફ ગ્રીડ સોલાર વોટરપંપ આપવામાં આવ્યા, અને	(૧) ૯૧૮
૨)	ઉપરોક્ત ખેડૂત લાભાર્થીઓને કુલ કેટલી સબસીડી આપવામાં આવેલ છે?	૨) ૩.૪૭૨૩.૪૬ લાખ

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ખાદ્યપદાર્થોના નમુના પ્રમાણિત કરવા બાબત

15/8/2482 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર દુધ, ઘી, પનીર, માવા સહિત ખાદ્યપદાર્થોના કેટલા નમુના લેવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં દુધ, ઘી, પનીર, માવા સહિત કુલ ૫૫૬ અને ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૫૫૯ ખાદ્યપદાર્થોના નમુના લેવામાં આવ્યા.

જિલ્લો	વર્ષ	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કૂલ નમુના
જુનાગઢ	૨૦૨૪	૩૦	૯	૨	૪	૧૮૮	૨૩૩
	૨૦૨૫	૨૭	૫	૮	૨	૨૮૧	૩૨૩
ગીરસોમનાથ	૨૦૨૪	૧૬	૧૨	૧	૧૧	૧૫૬	૧૯૬
	૨૦૨૫	૪૩	૨૭	૧૧	૦	૨૮૨	૩૬૩

જિલ્લાનું નામ – જુનાગઢ

તાલુકા	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કૂલ
જુનાગઢ	૪	૨	૦	૦	૩૬	૪૨
વંથલી	૦	૦	૦	૨	૨૦	૨૨
કેશોદ	૧૨	૨	૦	૧	૬૧	૭૬
માંગરોળ	૫	૧	૦	૦	૧૭	૨૩
માણાવદાર	૨	૧	૦	૦	૪૦	૪૩
માળિયા	૬	૧	૦	૦	૧૭	૨૪
વિસાવદર	૯	૦	૦	૦	૩	૧૨
ભેસાંણ	૦	૦	૦	૦	૧	૧
મેંદરડા	૦	૦	૨	૦	૫	૭
જુનાગઢ મહાનગરપાલિકા	૧૯	૭	૮	૩	૨૬૯	૩૦૬
કુલ	**૫૭**	**૧૪**	**૧૦**	**૬**	**૪૬૯**	**૫૫૬**

જિલ્લાનું નામ – ગીરસોમનાથ

તાલુકા	દુધ	ઘી	પનીર	માવા	અન્ય	કુલ
વેરાવળ	૨૨	૨૬	૧૧	૪	૨૨૪	૨૮૭
તલાળા	૧૭	૩	૧	૩	૭૯	૧૦૩
સુત્રાપાડા	૧૧	૧	૦	૦	૧૧	૨૩
કોડીનાર	૩	૫	૦	૧	૪૪	૫૩
ઉના	૬	૪	૦	૩	૬૯	૮૨
ગીરગઢડા	૦	૦	૦	૦	૧૧	૧૧
કુલ	**૫૯**	**૩૯**	**૧૨**	**૧૧**	**૪૩૮**	**૫૫૯**

(૨)	તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિનપ્રમાણિત થયા,	(૨)	<table><tr><th>જિલ્લો</th><th>પ્રમાણિત</th><th>બિનપ્રમાણિત</th><th>ચકાસણી માં રહેલ નમુના</th></tr><tr><td>જુનાગઢ</td><td>૫૧૮</td><td>૬</td><td>૩૨</td></tr><tr><td>ગીરસોમનાથ</td><td>૪૮૭</td><td>૨૫</td><td>૪૭</td></tr></table>
(૩)	બિનપ્રમાણિત થયેલા નમુનાઓમાં કયા પ્રકારના ખાદ્યપદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને	(૩)	<table><tr><th>જિલ્લો</th><th>બિન પ્રમાણિત ખાદ્યપદાર્થનું નામ</th><th>કબ્જે કરેલ જથ્થો</th><th>જથ્થાની કિંમત(રૂ.)</th></tr><tr><td>જુનાગઢ</td><td>ઘી</td><td>૨૨૩ કિગ્રા</td><td>૧,૦૮,૮૮૫/-</td></tr><tr><td>ગીર સોમનાથ</td><td>ઘી</td><td>૨૯ કિગ્રા</td><td>૭,૩૦૦/-</td></tr></table>
(૪)	તે અન્વયે જવાબદાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૪)	જુનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં જવાબદાર ઇસમો સામે નીચે મુજબ ની કાર્યવાહી કરવામાં આવેલ છે. <table><tr><th>જિલ્લો</th><th>એડજ્યુડીકેટીંગ કેસ</th><th>કરેલ કોર્ટ કેસ</th><th>કૂલ દંડની વિગત</th><th>કેસ દાખલ કરવાની કાર્યવાહી પ્રગતિમાં હોય તેવા કેસો</th></tr><tr><td>જુનાગઢ</td><td>૫</td><td>૧</td><td>૪૦,૦૦૦/-</td><td>૦</td></tr><tr><td>ગીર સોમનાથ</td><td>૧૫</td><td>૫</td><td>૪૦,૦૦૦/-</td><td>૫</td></tr></table> નોંધ-એડ્જ્યુડીકેટીંગ કેસ જિલ્લાના રેસીડિન્ટ એડીશનલ કલેકટર (RAC) પાસે તથા કોર્ટના કેસો નામદાર જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ની કોર્ટમાં ચલાવવામાં આવે છે.

સુરત જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થી

15/8/1812: શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર જ્યોતિ યોજના હેઠળ સુરત જિલ્લામાં કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા,અને	(૧)	૧૨૧૪
(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૪૨.૫૬ લાખ

કચ્છ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના

15/8/1798 : શ્રી કેશુભાઈ શીવદાસ પટેલ (ભૂજ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને	(૧)	સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ ૧૦૯૬.૨૧ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૪૨૩૪ વીજ થાંભલા બદલવામાં આવ્યા.
(૨)	તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?	(૨)	રૂ. ૬૬૦.૫૨ લાખ

ફાલ્ગુન ૨૧, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓની ભરતી

15/8/2488: શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા**) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઊર્જા પ્રભાગ હેઠળની દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરીઓમાં વિદ્યુતસહાયકની કોન્ટ્રાક્ટ આધારિત કેટલા કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવી,	(૧)	૪૯૫
(૨)	ઉક્ત કર્મચારીઓને માસિક વેતન તરીકે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચુકવવામાં આવી, અને	(૨)	વર્ષ–૨૦૨૪ માં રૂ.૧૭૮.૬૩ લાખ અને વર્ષ–૨૦૨૫ માં રૂ.૭૬૨.૦૦ લાખ.
(૩)	ઉક્ત જગ્યાઓની કાયમી ભરતી કરવાને બદલે ઉક્ત પદ્ધતિથી ભરતી કરવાના કારણો શા છે?	(૩)	કંપનીના નિર્ધારીત નિતિનિયમો મુજબ ઉક્ત જગ્યાઓ પર વિદ્યુત સહાયક કર્મચારી તરીકે નિર્ધારીત ૦૨/૦૩ વર્ષ માટે ફિક્સ વેતન પર નિમણૂંક કરવામાં આવે છે. ત્યારબાદ, તેમના વિદ્યુત સહાયક તરીકેનો સમયગાળો સંતોષકારક પુર્ણ થયેથી તેઓને કાયમી પોસ્ટ પર નિમણૂંક આપવામાં આવે છે.

છોટાઉદેપુર જિલ્લામાં ૧૫માં નાણાંપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ.

15/8/1652 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ૧૫મા નાણાપંચ અંતર્ગત તાલુકાવાર રૂ◌ા.૧૮૨૦૮.૭૧ લાખની ગ્રાંટ ફાળવણી કરવામાં આવી.
(૨)	ઉકત સ્થિતિએ કેટલી રકમના કેટલા કામો પુર્ણ કરવામાં આવ્યા?	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ કુલ રૂ◌ા. ૯૭૨૬.૬૫ લાખના ૫૩૫૮ કામો પૂર્ણ કરવામાં આવ્યા.

ઘંઘુકા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રને પેટા જિલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવા બાબ

15/8/1786 શ્રી કાળુભાઈ રૂપાભાઇ ડાભી (ઘંઘુકા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઘંઘુકા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રને પેટા જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવા કોઈ આયોજન છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,	(૨)	કુલ રૂ.૪૩.૮૬ કરોડની વહીવટી મંજુરી મળેલ છે.
(૩)	ઉક્ત કામગીરી કયા તબક્કે છે,	(૩)	હોસ્પિટલ બિલ્ડીંગના ત્રીજા માળનો આર.સી.સી. સ્લેબ તથા ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોરની ચણતર પ્લાસ્ટરની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૪)	તેમાં કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને	(૪)	કુલ રૂ.૪૦.૦૦ કરોડ
(૫)	આ કામગીરી ક્યારે પૂર્ણ થશે?	(૫)	ડીસેમ્બર–૨૦૨૬માં પૂર્ણ કરવાનું આયોજન છે.

ખેડા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/1808 : શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર (માતર**) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા,અને	(૧)	૩૦૯૨
(૨)	તેની માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?	(૨)	રૂ.૫૬૨૩.૭૨ લાખ

જામનગર ખાતેના જી. જી. જી. હોસ્પિટલ કેમ્પસમાં નવા બિલ્ડીંગનું બાંધકામ

15/8/1785 શ્રી દિવ્યેશભાઈ રણછોડભાઈ અકબરી (જામનગર દક્ષિણ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જામનગર ખાતે જી.જી.જી. કેમ્પસમાં માસ્ટર પ્લાનિંગ અંતર્ગત કયા પ્રકારના બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવનાર છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જામનગર ખાતે જી.જી.જી. કેમ્પસમાં જુના બિલ્ડીંગને તોડીને તે જગ્યાએ નવીન જીજીજી હોસ્પિટલ બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવનાર છે. કેમ્પસમાં નવિન બિલ્ડીંગના બાંધકામમાં વિવિધ વિભાગો સાથેની અદ્યતન ટ્રોમા સેન્ટર વિંગ, મેટરનિટી અને બાળ વિભાગની વિંગ, તેમજ સુપર સ્પેશ્યાલીટી સારવાર,જેવી કે ન્યુરોસર્જરી, કાર્ડિયોલોજી અને કાર્ડિયાક સર્જરી, પ્લાસ્ટિક સર્જરી અને નેફ્રોલોજી જેવા રોગોના વિભાગનો સમાવેશ કરવામાં આવેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,	(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે કુલ રૂ.૬૫૬.૪૯ કરોડ મંજુર કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ બાંધકામની કામગીરી કયા તબક્કે છે, અને	(૩)	ઉક્ત સ્થિતિએ હયાત હોસ્પિટલના કેટલાક ભાગોનું ડીમોલેશન કરવામાં આવેલ છે અને બિલ્ડીંગના કુલ ૭ બ્લોક પૈકી A અને G બ્લોકની ફાઉન્ડેશનની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.
(૪)	ઉક્ત કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૪)	ઉક્ત કામગીરી માર્ચ – ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

હિંમતનગર અને મોડાસાની સિવિલ હોસ્પિટલમાં નવા સાધનો ખરીદવા બાબત

અતારાંકિત પ્રશ્નો

***15/8/2477 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર હિંમતનગર અને મોડાસાની સિવિલ હોસ્પિટલમાં કયા પ્રકારના મેડીકલ સાધનો ખરીદવાની માંગણી સરકારને મળેલ છે,	(૧)	હિંમતનગર સિવિલ હોસ્પિટલ માટે જુદા જુદા ૬૫ પ્રકારના તબીબી સાધનોની માંગણી મળેલ છે જયારે મોડાસાની સિવિલ હોસ્પિટલની બાંધકામની કામગીરી ચાલી રહેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ માંગણી મુજબ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારના મેડીકલ સાધનોની ખરીદી કરવામાં આવી,	(૨)	હિંમતનગર સિવિલ હોસ્પિટલ માટે High end Sonography machine ની ખરીદી કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ મળેલ માંગણી મુજબ સાધનો ખરીદવામાં ન આવ્યા હોય તો તેના કારણો શાં છે,	(૩)	સાધનો ખરીદવાની પ્રક્રિયા ગતિમાં છે.
(૪)	ઉક્ત બાકી સાધનો ક્યાં સુધીમાં ખરીદવામાં આવશે?	(૪)	શક્ય તેટલી વહેલી તકે

તાપી જિલ્લામાં આદિજાતિ પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

15/8/1811: શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આદિવાસી વિસ્તારના કેટલા ખેડૂતોને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા,અને	(૧)	૪૮૧૬
(૨)	તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૯૬૧૯.૬૬ લાખ

અમરેલી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

15/8/1795 : *શ્રી જયસુખભાઈ પલ્લભભાઈ કાકડિયા* (ધારી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

પ્રશ્ન	જવાબ
તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોનો કિસાન સુર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે?	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ૬૦૨ ગામોનો કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે, જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે:

તાલુકો	*ગામોની સંખ્યા*
અમરેલી	૭૧
બાબરા	૫૬
બગસરા	૩૪
ધારી	૭૭
જાફરાબાદ	૩૯
ખાંભા	૫૭
કુંકાવાવ-વડીયા	૪૫
લાઠી	૪૮
લીલીયા	૩૬
રાજુલા	૬૯
સાવરકુંડલા	૭૦

પંચમહાલ જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલમાં કાયમી ડોક્ટરોની જગ્યાઓ

15/8/1493 શ્રી જેઠાભાઈ આહીર(ભરવાડ (શહેરા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પીટલમાં કાયમી ડોક્ટરોની કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે,	(૧)	ડોકટરોની કાયમી ૨૬ જગ્યા ભરવામાં આવેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને	(૨)	વયનિવૃતિ, રાજીનામું, અવસાન, બદલી, બઢતીના લીધે તેમજ લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાને કારણે જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.
(૩)	ઉક્ત જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે.	(૩)	ઉકત ખાલી જગ્યાઓ નિયમિત ધોરણે ભરવાની પ્રક્રિયા હાલ ગતિમાં છે અને આ જગ્યાઓ ભરાય નહિ ત્યાં સુધી લાયક ઉમેદવારોને ૧૨ માસના કરારીય ધોરણે ફીક્સ પગારથી જગ્યાઓ ભરવામાં આવે છે

ભાવનગર ખાતે સિવિલ હોસ્પિટલ તથા માતૃબાળ હોસ્પિટલનાં બાંધકામનું આયોજ

15/8/1784 શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર ખાતે નવિન સિવિલ હોસ્પિટલ તથા માતૃબાળ હોસ્પિટલ બ્લોકના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે તે હકિકત સાચી છે,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો કેટલી રકમ મંજૂર થયેલ છે, અને	(૨)	નવીન હોસ્પિટલ તથા માતૃબાળ હોસ્પિટલ માટે ૩.૭૧૪.૭૮ કરોડની રકમ મંજૂર થયેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે?	(૩)	ઉક્ત સ્થિતિએ આ કામગીરી ફાઉન્ડેશન લેવલે પ્રગતિમાં છે.

નર્મદા અને ડાંગ જિલ્લામાં PESA ACTની જોગવાઈઓના ઉલ્લંઘનની ફરિયાદો

15/8/2088 શ્રી અમિત ચાવડા (આંકલાવ): **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચી–૫ મુજબના કયા જિલ્લામાં પેસા (PESA) એક્ટ કયારથી અમલમાં છે.	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચી–૫ મુજબના નીચે મુજબના કુલ–૧૩ જિલ્લામાં પેસા (PESA) એક્ટ તા.૨૦–૧૨–૧૯૯૭ થી અમલમાં છે:

ક્રમ	જિલ્લાનું નામ	સંપૂર્ણ/અંશત: જિલ્લો
૧	ડાંગ	સંપૂર્ણ જિલ્લો
૨	દાહોદ	સંપૂર્ણ જિલ્લો
૩	નર્મદા	સંપૂર્ણ જિલ્લો
૪	તાપી	સંપૂર્ણ જિલ્લો
૫	અરવલ્લી	અંશત: જિલ્લો
૬	ભરૂચ	અંશત: જિલ્લો
રાજુલા	૦૦	૨	૨	૦૦	૭	૧૧
કુલ	**૩૨**	**૧૯**	**૧૦**	**૯**	**૨૪૨**	**૩૧૨**

(૨) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિનપ્રમાણિત થયા,

(૨)

જિલ્લો	પ્રમાણિત નમુના	બિન પ્રમાણિત નમુના	ચકાસણીમાં રહેલ નમુનાં
રાજકોટ	૧૧૨૩	૮૫	૨૪૦
અમરેલી	૨૫૪	૧૫	૪૩

(૩) બિનપ્રમાણિત થયેલા નમુનાઓમાં કયા પ્રકારના ખાદ્યપદાર્થોનો કેટલી કિમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને

(૩)

જિલ્લો	બિન પ્રમાણિત ખાદ્યપદાર્થનું નામ	કબજે કરેલ જથ્થો	જથ્થાની કિંમત
રાજકોટ	ઘી	૧૦૧ કિ.ગ્રા.	૫૭,૬૮૦/–
	અન્ય	૧૭૫૧ કિ.ગ્રા.	૩,૮૮,૬૭૪/–
અમરેલી	દૂધ	૮૨ લિટર	૧૬,૬૩૦/–
	ઘી	૧૦ કિ.ગ્રા.	૭,૦૦૦/–

<table>
<tr><td>(૪)</td><td>તે અન્વયે જવાબદાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?</td><td>(૪)</td><td>રાજકોટ અને અમરેલી જિલ્લામાં જવાબદાર ઇસમો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.
<table>
<tr><th>જિલ્લો</th><th>એડજ્યુ ડીકેટીંગ કેસ</th><th>કરેલ કોર્ટ કેસ</th><th>કૂલ દંડની વિગત</th><th>કેસ દાખલ કરવાની કાર્યવાહી પ્રગતિ માં રહેલ કેસોની સંખ્યા</th></tr>
<tr><td>રાજકોટ</td><td>૮૦</td><td>૫</td><td>૬૪,૮૬,૦૦૦/–</td><td>૦૦</td></tr>
<tr><td>અમરેલી</td><td>૧૧</td><td>૧</td><td>નામ. કોર્ટ/એડજ્યુડિકેશન કોર્ટ ખાતે ચુકાદાની પ્રગતિમાં છે.</td><td>૦૩</td></tr>
</table>
નોંધ–એડજ્યુડીકેટીંગ કેસ જિલ્લાના રેસીડિન્ટ એડીશનલ કલેકટર(RAC) પાસે તથા કોર્ટના કેસો નામદાર જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં ચલાવવામાં આવે છે.</td></tr>
</table>

વિસાવદર તાલુકા પંચાયતના નવીન મકાન બાંધકામ બાબત

15/8/2505 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): ચૌદમી વિધાનસભાના દસમાં સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૪૪૬૬૯/અગ્રતા: ૮૪ ના અનુસંધાનમાં **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિસાવદર તાલુકાની તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા શી કામગીરી કરવામાં આવી,	(૧)	તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિસાવદર તાલુકાની તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવા જિલ્લા કક્ષાએ જમીન મેળવવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ તા.૨૭/૦૧/૨૦૨૬ના પત્રથી વિસાવદર તાલુકાની તાલુકા પંચાયતનું નવું મકાન બનાવવાની વહીવટી મંજૂરી મેળવવા અંગેની દરખાસ્ત વિકાસ કમિશનર કચેરી ખાતે રજુ થયેલ છે. જે વિચારણા હેઠળ છે.
(૨)	ઉકત સ્થિતિએ ઉકત કામગીરી હાલ કયા તબકકે છે અને તે કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૨)	પ્રશ્ન નથી.
(૩)	ઉકત કામગીરી કયારે પૂરી કરવામાં આવશે?	(૩)	પ્રશ્ન નથી.

રાજ્યમાં સરકારી અને ખાનગી વિદ્યુત મથકોની ઉત્પાદન ક્ષમતા

15/8/2484 : શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા *(સોમનાથ)* **: માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સરકારી અને ખાનગી કેટલા વિદ્યુત મથકો આવેલા છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં આવેલ વીજ મથકો, જેમાંથી રાજ્ય સરકારની વીજ કંપની(જી.યુ.વી.એન.એલ.) દ્વારા વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે, તેવા ૧૨૭૧ વીજ મથકો છે.
(૨)	ઉક્ત વિદ્યુત મથકોની કેટલા મેગાવોટ વિદ્યુત ઉત્પાદન ક્ષમતા છે, અને	(૨)	૨૯,૦૬૭ મેગાવોટ
(૩)	*ઉક્ત સ્થિતિએ આ વિદ્યુત મથકોએ છેલ્લા બે વર્ષમાં કેટલું વીજળીનું ઉત્પાદન કર્યું?*	(૩)	૧,૫૦,૮૧૫ મિલિયન યુનિટ

ફાલ્ગુન ૨૧, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

નવસારી અને વલસાડ જિલ્લામાં ખાદ્યપદાર્થોના નમુના પ્રમાણિત કરવા બાબત

15/8/2490 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર દુધ, ઘી, પનીર, માવા સહિત ખાદ્યપદાર્થોના કેટલા નમુના લેવામાં આવ્યા,</td><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં દુધ, ઘી, પનીર, માવા સહિત કૂલ ૭૬૮ અને વલસાડ જિલ્લામાં કૂલ ૧૧૧૩ ખાદ્યપદાર્થોના નમુના લેવામાં આવ્યા.
<table>
<tr><th>જિલ્લો</th><th>વર્ષ</th><th>દુધ</th><th>ઘી</th><th>પનીર</th><th>માવા</th><th>અન્ય</th><th>કૂલ નમુના</th></tr>
<tr><td rowspan="2">નવસારી</td><td>૨૦૨૪</td><td>૧૮</td><td>૨૦</td><td>૧૬</td><td>૧૦</td><td>૧૯૩</td><td>૨૫૭</td></tr>
<tr><td>૨૦૨૫</td><td>૪૩</td><td>૯</td><td>૩૨</td><td>૩</td><td>૪૨૪</td><td>૫૧૧</td></tr>
<tr><td rowspan="2">વલસાડ</td><td>૨૦૨૪</td><td>૯</td><td>૧૬</td><td>૧૩</td><td>૧૪</td><td>૨૯૧</td><td>૩૪૩</td></tr>
<tr><td>૨૦૨૫</td><td>૫૮</td><td>૧૭</td><td>૫૧</td><td>૧૧</td><td>૬૩૩</td><td>૭૭૦</td></tr>
</table>
<table>
<tr><th colspan="7">જિલ્લાનું નામ – નવસારી</th></tr>
<tr><th>તાલુકા</th><th>દુધ</th><th>ઘી</th><th>પનીર</th><th>માવા</th><th>અન્ય</th><th>કુલ</th></tr>
<tr><td>નવસારી</td><td>૨૦</td><td>૧૮</td><td>૧૦</td><td>૪</td><td>૨૩૦</td><td>૨૮૨</td></tr>
<tr><td>જલાલપોર</td><td>૧૫</td><td>૩</td><td>૯</td><td>૨</td><td>૧૨૦</td><td>૧૪૯</td></tr>
<tr><td>ગણદેવી</td><td>૧૦</td><td>૩</td><td>૧૨</td><td>૨</td><td>૧૩૦</td><td>૧૫૭</td></tr>
<tr><td>ચીખલી</td><td>૧૧</td><td>૪</td><td>૮</td><td>૨</td><td>૧૦૦</td><td>૧૨૫</td></tr>
<tr><td>વાસદા</td><td>૪</td><td>૧</td><td>૮</td><td>૨</td><td>૧૫</td><td>૩૦</td></tr>
<tr><td>ખેરગામ</td><td>૧</td><td>૦</td><td>૧</td><td>૧</td><td>૨૨</td><td>૨૫</td></tr>
<tr><td>કુલ</td><td>૬૧</td><td>૨૯</td><td>૪૮</td><td>૧૩</td><td>૬૧૭</td><td>૭૬૮</td></tr>
</table>
<table>
<tr><th colspan="7">જિલ્લાનું નામ – વલસાડ</th></tr>
<tr><th>તાલુકા</th><th>દુધ</th><th>ઘી</th><th>પનીર</th><th>માવા</th><th>અન્ય</th><th>કુલ</th></tr>
<tr><td>ધરમપુર</td><td>૬</td><td>૭</td><td>૩</td><td>૪</td><td>૬૩</td><td>૮૩</td></tr>
<tr><td>કપરાડા</td><td>૦</td><td>૩</td><td>૧</td><td>૦</td><td>૫૧</td><td>૫૫</td></tr>
<tr><td>પારડી</td><td>૬</td><td>૪</td><td>૫</td><td>૫</td><td>૯૯</td><td>૧૧૯</td></tr>
<tr><td>ઉમરગામ</td><td>૯</td><td>૫</td><td>૩</td><td>૨</td><td>૯૯</td><td>૧૧૮</td></tr>
<tr><td>વલસાડ</td><td>૨૩</td><td>૭</td><td>૨૫</td><td>૭</td><td>૩૪૫</td><td>૪૦૭</td></tr>
<tr><td>વાપી</td><td>૨૩</td><td>૭</td><td>૨૭</td><td>૭</td><td>૨૬૭</td><td>૩૩૧</td></tr>
<tr><td>કુલ</td><td>૬૭</td><td>૩૩</td><td>૬૪</td><td>૨૫</td><td>૯૨૪</td><td>૧૧૧૩</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>તે પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિનપ્રમાણિત થયા,</td><td>(૨)</td><td>
<table>
<tr><th>જિલ્લો</th><th>પ્રમાણિત નમુના</th><th>બિન પ્રમાણિત નમુના</th><th>ચકાસણી માં રહેલ નમુના</th></tr>
<tr><td>નવસારી</td><td>૨૮૮</td><td>૩૬</td><td>૪૪૪</td></tr>
<tr><td>વલસાડ</td><td>૮૭૮</td><td>૯૭</td><td>૧૩૮</td></tr>
</table></td></tr>
<tr><td>(૩)</td><td>બિનપ્રમાણિત થયેલા નમુનાઓમાં કયા પ્રકારના ખાદ્યપદાર્થોનો કેટલી કિમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને</td><td>(૩)</td><td>
<table>
<tr><th>જિલ્લો</th><th>બિન પ્રમાણિત ખાદ્યપદાર્થનું નામ</th><th>કબજે કરેલ જથ્થો</th><th>જથ્થાની કિંમત</th></tr>
<tr><td rowspan="2">નવસારી</td><td>ઘી</td><td>૨૫૦૦ કિગ્રા</td><td>૧૩,૪૩,૭૬૨/–</td></tr>
<tr><td>અન્ય</td><td>૩૭૮ કિગ્રા</td><td>૫૬,૭૦૦/–</td></tr>
<tr><td>વલસાડ</td><td>પનીર</td><td>૨૨૫ કિગ્રા</td><td>૫૭,૦૦૦/–</td></tr>
</table></td></tr>
</table>

(૪)	તે અન્વયે જવાબદાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૪)	નવસારી અને વલસાડ જિલ્લામાં જવાબદાર ઇસમો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. **જિલ્લો** | **એડજ્યુડીકેટીંગ કેસ** | **કરેલ કોર્ટ કેસ** | **કૂલ દંડની વિગત** | **કેસ દાખલ કરવાની કાર્યવાહી પ્રગતિમાં હોય તેવા કેસો** નવસારી | ૨૮ | ૫ | ૧,૩૫,૦૦૦/- | ૩ વલસાડ | ૧૨ | ૦ | ૧,૧૦,૦૦૦/- | ૮૫ નોંધ-એડજ્યુડીકેટીંગ કેસ જિલ્લાના રેસીડેન્ટ એડીશનલ કલેકટર(RAC) પાસે તથા કોર્ટના કેસો નામદાર જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં ચલાવવામાં આવે છે.

આણંદ અને ખેડા જિલ્લામાં ફરજ બજાવતી આશાવર્કર બહેનો

15/8/2493 શ્રી અમીત ચાવડા (આંકલાવ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જીલ્લામાં કેટલા આશા વર્કર બહેનો ફરજ બજાવે છે,	(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૧૭૧૮ અને ખેડા જીલ્લામાં ૧૭૮૧ આશા બહેનો માનદ વેતનથી કામગીરી કરે છે.
(૨)	ઉકત સ્થિતિએ બે વર્ષથી વધુ સમયથી કેટલા બેહેનો ફરજ બજાવે છે,	(૨)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ બે વર્ષથી વધુ સમયથી આણંદ જિલ્લામાં ૧૬૪૪ અને ખેડા જિલ્લામાં ૧૭૨૮ આશા બહેનો માનદ વેતનથી કામગીરી કરે છે.
(૩)	ઉકત સ્થિતિએ તેઓની પાસેથી કયા પ્રકારની કામગીરી લેવામાં આવે છે, અને	(૩)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત અલગ અલગ પ્રોગ્રામ જેવા કે, (૧) માતા આરોગ્ય (૨) બાળ આરોગ્ય (૩) રસીકરણ (૪) રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થય કાર્યક્રમ (આર.કે.એસ.કે.) (૫) ન્યુટ્રીશન (૬) કુટુંબ નિયોજન (૭) રીવાઇઝડ નેશનલ ટ્યુબરક્યુલોસીસ કંટ્રોલ પ્રોગ્રામ (આર.એન.ટી.સી.પી) (૮) નેશનલ વેકટર બોર્ન ડીસીજ કન્ટ્રોલ પ્રોગ્રામ (એન.વી.બી.ડી.સી.પી) (૯) રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટીખામી નિયંત્રણ કાર્યક્રમ (૧૦) રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ (૧૧) આયુષ્યમાન આરોગ્ય મંદીરની કામગીરી (૧૨) નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્સન એન્ડ કન્ટ્રોલ ઓફ કેન્સર ડાયબીટીસ કાર્ડીયોવાસ્કયુલર ડીસીજીસ એન્ડ સ્ટ્રોક વિગેરે પ્રકારની કામગીરીમાં મદદરૂપ થાય છે.
(૪)	ઉકત સ્થિતિએ તેઓને કેટલું માનદ વેતન અને અન્ય આર્થિક લાભ આપવામાં આવેલ છે અને છેલ્લે વેતનમાં કેટલો વધારો કરવામાં આવ્યો?	(૪)	ભારત સરકારશ્રીની સામુદાયિક પ્રક્રિયા માટેની માર્ગદર્શિકા મુજબ આશા એ એક સ્વૈરિછક કાર્યકર્તા છે. • ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ઉકત દરેક પ્રોગ્રામના નિયત કરવામા આવેલ ઇન્ડીકેટરના ઇન્સેન્ટીવ મુજબ આશા દ્વારા કરેલ કામગીરી પ્રમાણે દર માસે માનદ વેતન આપવામાં આવે છે. • નેશનલ હેલ્થ મિશન અંતર્ગત કરેલ કામગીરી મુજબ મળવાપાત્ર ઇન્સેન્ટીવ ઉપર આશા બહેનોને ૫૦ % ટોપ અપ ઇન્સેન્ટીવ રાજય સરકારશ્રી દ્વારા વધારાનું આપવામાં આવે છે. • છેલ્લે રાજય સરકારશ્રીના તા.૨૨/૦૯/૨૦૨૨ના ઠરાવથી આશાને દર માસે રૂ.૨૫૦૦/- વધારાની ફીકસ રકમ પણ ચુકવવામાં આવે છે.

અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

15/8/1726 શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળામાં કેટલા બાળકોની શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસ કરવામાં આવી,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર **કુલ - ૧૧૫૨** શાળામાં નીચે મુજબ બાળકોની શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસ કરવામાં આવી

અ. નુ	તાલુકાનું નામ	વર્ષવાર	
		તા.૦૧/૦૨/૨૪ થી તા.૩૧/૦૧/૨૫	તા.૦૧/૦૨/૨૫ થી તા,.૩૧/૦૧/૨૬
૧	બાવળા	૩૦,૬૬૦	૩૧,૦૯૫
૨	દસક્રોઈ	૪૮,૭૩૦	૪૯,૩૦૪

			૩	દેત્રોજ	૧૦,૩૧૫	૧૧,૯૭૯
			૪	ધંધુકા	૧૫,૮૪૪	૧૪,૭૮૫
			૫	ધોલેરા	૬,૯૩૮	૭,૩૭૬
			૬	ધોળકા	૪૬,૭૭૭	૪૮,૦૪૫
			૭	માંડલ	૧૧,૨૫૯	૧૧,૫૭૭
			૮	સાણંદ	૫૬,૧૮૮	૫૫,૧૦૯
			૯	વિરમગામ	૩૦,૩૨૬	૩૦,૮૫૭
				કુલ	૨,૫૭,૦૩૭	૨,૬૦,૧૨૭
(૨)	તાલુકાવાર કેટલા બાળકોને કયા રોગો માટે સારવાર આપવામાં આવી,	(૨)	તાલુકાવાર નીચે મુજબના બાળકોને પાંડુરોગ,આંત્રકૃમિ,દાંતની તકલીફ, આંખની તકલીફ,કાન,નાક,ગળાની તકલીફ ,પેટની તકલીફ,ચામડીના રોગ, તેમજ હૃદયરોગ,કીડની અને કેન્સરની સારવાર આપવામાં આવી.			
			અ. નુ	તાલુકાનું નામ	વર્ષવાર	
					તા.૦૧/૦૨/૨૪ થી તા.૩૧/૦૧/૨૫	તા.૦૧/૦૨/૨૫ થી તા,.૩૧/૦૧/૨૬
			૧	બાવળા	૬,૨૦૬	૬,૪૮૫
			૨	દસક્રોઈ	૧૮,૦૩૬	૯,૦૪૦
			૩	દેત્રોજ	૨,૩૩૧	૧,૨૫૦
			૪	ધંધુકા	૩,૬૬૫	૨,૮૫૯
			૫	ધોલેરા	૧,૭૪૭	૧,૨૮૨
			૬	ધોળકા	૯,૧૬૯	૮,૯૫૬
			૭	માંડલ	૨,૪૮૫	૨,૭૦૫
			૮	સાણંદ	૮,૧૫૨	૭,૮૪૦
			૯	વિરમગામ	૧૧,૯૭૩	૧૧,૭૬૮
(૩)	તાલુકાવાર કેટલા બાળકોને રેફરલ અને તજજ્ઞીય સારવાર આપવામાં આવી,અને	(૩)	તાલુકાવાર નીચે મુજબ બાળકોને રેફરલ અને તજજ્ઞીય સારવાર આપવામાં આવી,અને			
			અ. નુ	તાલુકાનું નામ	વર્ષવાર	
					તા.૦૧/૦૨/૨૪ થી તા.૩૧/૦૧/૨૫	તા.૦૧/૦૨/૨૫ થી તા,.૩૧/૦૧/૨૬
			૧	બાવળા	૫,૧૯૨	૪,૫૧૪
			૨	દસક્રોઈ	૬,૩૬૬	૭,૦૮૩
			૩	દેત્રોજ	૧,૪૬૧	૧,૨૩૬
			૪	ધંધુકા	૧,૬૫૭	૧,૪૨૨
			૫	ધોલેરા	૭૩૬	૬૮૯
			૬	ધોળકા	૪,૭૯૩	૩,૨૧૫
			૭	માંડલ	૧,૬૧૯	૧,૪૧૨
			૮	સાણંદ	૩,૫૮૧	૫,૭૦૯
			૯	વિરમગામ	૫,૬૧૭	૫,૦૧૫
(૪)	તાલુકાવાર કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવી ?	(૪)	તાલુકાવાર નીચે મુજબ બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવી.			
			અ. નુ	તાલુકાનું નામ	વર્ષવાર (હૃદય)	
					તા.૦૧/૦૨/૨૪ થી તા.૩૧/૦૧/૨૫	તા.૦૧/૦૨/૨૫ થી તા,.૩૧/૦૧/૨૬
			૧	બાવળા	૧૯	૩૦
			૨	દસક્રોઈ	૩૩	૭૮
			૩	દેત્રોજ	૭	૮
			૪	ધંધુકા	૫	૬
			૫	ધોલેરા	૨	૪
			૬	ધોળકા	૩૨	૧૪
			૭	માંડલ	૮	૮
			૮	સાણંદ	૪૦	૩૨
			૯	વિરમગામ	૨૩	૧૧

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડી માહિતી આ ગૃહને આપવી છે, આ ગુજરાતને આપવી છે. શ્રી નરેશભાઈએ કહ્યું કે આજનો દિવસ દાંડીમાર્ચનો ઐતિહાસિક દિવસ છે. એ ગુજરાત માટે ગૌરવવંતો દિવસ છે. એ જ રીતે તા.૧૨ માર્ચ એક એવો દિવસ છે કે જે દિવસે આખા દેશમાં કટોકટી લાગી હતી પરંતુ અહીંયા લોકશાહી હતી. શ્રી બાબુભાઇ જશભાઇ પટેલની સરકાર હતી. એના કારણે ધરપકડ નહોતી થઇ પરંતુ આજે તા.૧૨ માર્ચે બાબુભાઇ જશભાઇ પટેલની સરકારના બે ધારાસભ્યોને ગમે તે રીતે ધાકધમકી અને જોહુકમીથી આખી લોકશાહી સરકારને તોડી પાડવાનું કામ કર્યું એ આજના દિવસે થયું હતું અને તા.૧૩ માર્ચથી આખા રાજ્યમાં ૫૦૦ જેટલા કાર્યકર્તા હતા, જે લોકશાહીના સેવકો હતા એમને પકડીને જેલમાં પૂર્યા હતા. આમ ગુજરાતે આ ૧૨મી માર્ચનો દિવસ પણ યાદ રાખવો જોઇએ કારણ કે, એ અંધકારનો દિવસ હતો.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલની રજૂઆત

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(સમિતિના પ્રમુખશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માગણી ક્રમાંક- ૨

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૪૮,૭૦,૧૭,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૧,૫૨,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૨ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૪ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૭ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૯ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૧ રજૂ કરવામાં આવી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૩ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૪ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૩

જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૦,૧૨,૨૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૪

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૭,૬૩,૩૬,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૯૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૫

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૮,૪૧,૬૪,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૮૨,૪૧,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૬

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (કૃષિ અને સહકાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૮,૭૮,૬૮,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૬૦,૮૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૬ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

સન ૨૦૨૬–૨૭ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **ગુરુવાર, તા.૧૨/૦૩/૨૦૨૬ (બીજી બેઠક) (છઠ્ઠો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માગણી નં.૨				
*૧	૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧,૨૩,૯૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૧૮ થી ૨૩	૧૦૦	ખેડૂતોને જણસના પૂરતા ભાવો મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૨	––"––	૧૦૦	ખેડૂતો પાસેથી ખરીદવામાં આવતા બીજના વાજબી ભાવ ચૂકવાતા નથી તેવી ફરિયાદોની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીજ્ઞેશ મેવાણી
*૩	––"––	૧૦૦	ટેકાનો ભાવ જાહેર કરેલા પાકો માટે ભાવાંતર યોજના શરૂ કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી અમૃતજી ઠાકોર
૪	––"––	૧૦૦	ટેકાના ભાવે ખરીદી કરવા માટે ખેડૂતોએ નોંધણીની અરજી કર્યા પછી સેટેલાઈટ દ્વારા કરવામાં આવતા સર્વેમાં ટેકનિકલ ખામીઓના કારણે ખેડૂતોની નોંધણી રદ થવા અંગેની સમસ્યા નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૫	––"––	૧૦૦	કુદરતી આફતોની આગાહીની માહિતીની પ્રસિદ્ધિ સમયસર ન થવાના કારણે કૃષિપાકોને થતા નુકશાનને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
*૬	––"––	૧૦૦	કૃષિ સહાય પેકેજ જાહેર કર્યા પછી ખેડૂતોને સમયસર નાણાકીય સહાય ચૂકવાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૭	––"––	૧૦૦	ખેડૂતોને ખેત ઉત્પાદનના પૂરતા ભાવો ન મળવાના કારણે દેવાનો બોજ વધવાની સમસ્યાનું નિવારણ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા (ઉમેશભાઇ મકવાણા)
૮	––"––	૧૦૦	કૃષિપાકોની ટેકાના ભાવે થતી ખરીદી ઉપરની મર્યાદા દૂર કરી સંપૂર્ણ	શ્રી હેમંતભાઇ આહીર

			જથ્થાની ખરીદી થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	
૯	--"--	૧૦૦	જૂનાગઢ જિલ્લામાં ટેકાના ભાવે સોયાબીન તેમજ મગફળીની ખરીદી તથા ચૂકવણીની પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૧૦	૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા ૧૦૫–ખાતર...ખાતર રૂ. ૧૦,૨૦,૦૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૩૦ થી ૩૮	૧૦૦	રાસાયણિક ખાતરની કાળા બજારી અટકાવી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
૧૧	--"--	૧૦૦	ખેડૂતોને નેનો યુરિયા ખાતર ખરીદવા ફરજ પાડનાર ઈસમો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૧૨	--"--	૧૦૦	ખેડૂતોની સહકારી મંડળીઓ દ્વારા યુરિયા/ડી.એ.પી ખાતરનું ફેક્ટરીઓમાં ગેરકાયદેસર થતું વેચાણને નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
૧૩	૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા ૧૦૭–છોડ રક્ષણ રૂ. ૨,૬૧,૩૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૩૯ થી ૪૨	૧૦૦	જૂનાગઢ જિલ્લામાં ગીર જંગલ નજીક ખેતર ધરાવતા ખેડૂતોને કાંટાની તારની વાડ બનાવવામાં પૂરતી સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૧૪	૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા ૧૦૯–વિસ્તરણ...તાલીમ રૂ. ૬,૮૦,૬૪,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૪૪ થી ૫૦	૧૦૦	સજીવ ખેતીના પ્રોત્સાહન માટે કેન્દ્ર સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ મેળવવા માટેરજૂઆતો કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૧૫	--"--	૧૦૦	પ્રાકૃતિક ખેતીથી તૈયાર થતા પાકોને યોગ્ય બજાર પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
૧૬	૨૪૦૧–પાક કૃષિ વ્યવસ્થા ૧૧૦–પાક વીમો રૂ. ૧૭,૮૫,૩૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૫૧ અને ૫૨	૧૦૦	ખેડૂત અકસ્માત વીમા યોજનામાં સહાય પૂરી પાડવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
માગણી નં.૩				
*૧૭	૨૪૦૨–ભૂમિ...સંરક્ષણ ૧૦૧–ભૂમિ...ચકાસણી રૂ. ૧૦,૮૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૭૮ અને ૭૯	૧૦૦	ભૂમિ ચકાસણી લેબોરેટરીમાં સ્ટાફની ઘટ પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
માગણીનં.૪				
૧૮	૨૪૦૩–પશુપાલન ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૪૬,૬૭,૦૦,૦૦૦	૧૦૦	ભારે વરસાદના કારણે મૃત્યુ પામતા પશુઓના માલિકોને સમયસર વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ

	અં.પ્ર.નં.૦૩ પાના નં. ૮૧ અને ૮૨			
*૧૯	૨૪૦૩–પશુપાલન ૧૦૧–પશુચિકિત્સા...આરોગ્ય રૂ.૭,૬૫,૬૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૮૩ થી ૯૨	૧૦૦	રાજ્યમાં પશુઓ માટે યોગ્ય પશુ ચિકિત્સા વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૨૦	૨૪૦૩–પશુપાલન ૧૦૨–પશુ...વિકાસ રૂ.૭,૭૧,૭૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૯૩ થી ૧૦૧	૧૦૦	રાજ્યમાં પશુઓના ચારણ માટે વિકાસ કરાયેલ ગૌચરની જમીનોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૨૧	––"––	૧૦૦	ગૌસેવા માટે પાંજરાપોળો માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
		માગણી નં.૫		
૨૨	૨૪૨૫–સહકાર ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૯૪,૮૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૧૪૫ થી ૧૫૦	૧૦૦	સહકારી મંડળીઓમાં અનધિકૃત ડિરેક્ટર્સ અંગેના પુરાવા આપવા છતાં જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૨૩	––"––	૧૦૦	સહકારી મંડળીઓની ચૂંટણીઓ સમયસર ન યોજવાના કારણોની માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ (અમીત ચાવડા)
૨૪	––"––	૧૦૦	ધારાસભ્યશ્રીઓએ સહકારી મંડળીઓમાં થતી ગેરરીતિ અંગે પુરાવા આપવા છતાં જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી (હેમંતભાઇ આહીર)
૨૫	––"––	૧૦૦	જૂનાગઢ જિલ્લા સહકારી બેંકમાં ચૂંટાયેલ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના હોદ્દાની મુદ્દત પૂર્ણ થયેલ હોવા છતાં કસ્ટોડિયનની નિમણૂક કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૬	૨૪૨૫–સહકાર ૧૦૧–સહકારી...ઓડીટ રૂ.૭૩,૩૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૧૫૧ થી ૧૫૩	૧૦૦	સહકારી મંડળીઓનાં વાર્ષિક ઓડીટ સમયસર ન થતાં ગેરરીતિઓ પકડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૨૭	––"––	૧૦૦	જૂનાગઢ જિલ્લાની સહકારી મંડળીઓમાં થયેલ ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૮	––"––	૧૦૦	જૂનાગઢ જિલ્લામાં ખેતી વિષયક સહકારી મંડળીઓમાં ઓડીટ સમયસર	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

			કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	
૨૯	૩૪૭૫–અન્ય...સેવાઓ ૨૦૦–અન્ય...વિનિયમન રૂ.૪,૧૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૧૮૧	૧૦૦	શાહુકાર અધિનિયમ કાયદા અંતર્ગત શાહુકારો દ્વારા વસૂલવામાં આવતા વ્યાજ અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
માગણી નં.૬				
૩૦	૨૪૦૫–મત્સ્યોદ્યોગ ૦૦૧–નિર્દેશન અને વહીવટ રૂ.૩૪,૮૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૧૨૨ થી ૧૨૪	૧૦૦	માછીમારો માટેની કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ યોગ્ય રીતે કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૩૧	––"––	૧૦૦	મત્સ્ય બંદરો તથા મત્સ ઉતરાણ કેન્દ્રોમાં વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૩૨	૨૪૦૫–મત્સ્યોદ્યોગ ૧૦૧–આંતરદેશીય મત્સ્યોદ્યોગ રૂ.૭૮,૨૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૧૨૫	૧૦૦	રાજ્યમાં સરકાર હસ્તકના તળાવોમાં ગેરકાયદેસર થતી માછીમારી પ્રવૃતિઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
*૩૩	૨૪૦૫–મત્સ્યોદ્યોગ ૧૦૩–દરિયાઇ મત્સ્યોદ્યોગ રૂ.૫,૭૭,૮૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૩ પાના નં. ૧૨૭ થી ૧૩૦	૧૦૦	માછીમારી બોટનું રજીસ્ટ્રેશન કરાવવામાં થતી ગેરરીતિઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ કાપદરખાસ્તો અને માગણીઓ ઉપર ભેગી ચર્ચા હાથ ધરવામાં આવશે.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતનો ખેડૂત સુખી અને સમૃદ્ધ બને, તેને વ્યાજબી પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે અમે સરકારની સાથે હોય પરંતુ માત્ર વાતો કરવાથી કે બજેટમાં જાહેરાત કરવાથી ગુજરાતના ખેડૂતોનું ભલું થવાનું નથી. સમગ્ર દેશમાં ૧૫ ટકા જી.ડી.પી. ખેતી પર આધારિત છે અને ગુજરાત રાજ્યમાં ૨૦ ટકા જી.ડી.પી. ખેતી પર આધારિત છે. સમગ્ર દેશમાં દરેક રાજ્યમાં એવરેજ ૫.૭ ટકા બજેટની ખેતી પાછળ ફાળવણી કરવામાં આવે છે. ગુજરાતમાં ૪.૩ ટકા જ બજેટની ફાળવણી ખેતીમાં કરવામાં આવે છે. સૌથી પહેલાં છત્તીસગઢમાં ૧૬.૩ ટકા, તેલંગાણામાં ૧૦.૧ ટકા, પંજાબમાં ૯.૯ ટકા, ઓડિસામાં ૮ ટકા, સિક્કિમમાં ૭ ટકા, ઉત્તરાખંડમાં ૧૬.૮ ટકા, એ પ્રમાણે જોતાં જ્યારે આપણે ગુજરાતને નંબર વન રાજ્ય ગણાવીએ છીએ ત્યારે ગુજરાત રાજ્યમાં માત્ર ૪.૩ ટકા બજેટ ખેતી પાછળ વાપરવામાં આવે છે.બીજી વાત કરીએ કે આપણે સારી સારી વાતો કરીએ છીએ પણ દેશના જે રાજ્યોની ખેડૂતોની માથાદીઠ આવક છે એમાં પણ ગુજરાતનું સ્થાન દસમા ક્રમે છે. મેઘાલયમાં ખેડૂતની માથાદીઠ માસિક આવક રૂ.૨૯૩૪૮ છે, પંજાબમાં રૂ.૨૬૭૦૧, હરિયાણામાં રૂ.૨૨૮૪૧, અરૂણાચલમાં રૂ.૧૯૨૨૫, જમ્મુ–કશ્મીરમાં રૂ.૧૮૯૧૬, કેરાલામાં રૂ.૧૭૯૧૫, મિઝોરમમાં રૂ.૧૭૯૬૪, ઉત્તરાખંડમાં રૂ.૧૩૫૫૨, કર્ણાટકમાં રૂ.૧૩૪૪૧ અને ગુજરાતના ખેડૂતની માસિક આવક માત્ર રૂ.૧૨૬૩૧ છે. એ જ પ્રમાણે ખેડૂતનું માથાદીઠ દેવું ગણવા જઇએ તો, ગુજરાતનો નંબર અઢારમાં સ્થાને છે નાગાલેન્ડમાં એક ખેડૂતના માથે રૂ.૧૭૫૦નું દેવું છે. મેઘાલયમાં રૂ.૨૨૩૭, અરૂણાચલમાં રૂ.૩૫૮૧, મણિપુરમાં રૂ.૫૫૮૧, ઝારખંડમાં રૂ.૮૪૧૫, આસામમાં રૂ.૧૬૪૦૭, છત્તીસગઢમાં

રૂ.૨૧૪૪૩, મિઝોરમમાં રૂ.૨૩૪૮૫, બિહારમાં રૂ.૨૩૫૩૪ છે. એ પ્રમાણે જોવા જઈએ તો ગુજરાતનો નંબર અઢારમાં સ્થાને છે અને ગુજરાતના ખેડૂતના માથે રૂ.૫૬૫૬૮ કરોડનું દેવું છે. એટલે માનનીય મંત્રીશ્રી આટલી બધી માગણીઓ લઈને આવ્યા પરંતુ જે રીતે દિવસે દિવસે ગુજરાતમાં ખેડૂતના માથે દેવું વધતું જાય છે તો એ દેવું ઓછું કરવા માટેની માગણીઓ લઈને આવ્યા હોત તો અમે ચોક્કસ તમને સમર્થન કર્યું હોત. મોદી સાહેબે વર્ષ ૨૦૧૪માં જાહેરાત કરી હતી કે એમ.એસ.પી.ને અમે લીગલ ગેરંટી આપીશું પણ આજ સુધી આપવામાં આવી નથી. ગુજરાતને નંબર વન રાજ્ય ગણીએ છીએ ત્યારે પંજાબ હોય, હરિયાણા હોય, કર્ણાટક હોય, આંધ્રપ્રદેશ હોય, તમિલનાડુ હોય અને યુ.પી હોય. આવાં રાજ્યોમાં સિંચાઈ માટે ખેડૂતોને મફત વીજળી અને મફત પાણી આપવામાં આવે છે. મોટાભાગના ખેડૂતો પશુપાલન સાથે સંકળાયેલા હોય છે તો બીજા રાજ્યોમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક અને હરિયાણા જેવા રાજ્યોમાં ગાયના દૂધમાં ચાર ફેટ માટે રૂ.૫૧, ભેંસના દૂધમાં છ ફેટ માટે રૂ.૬૧ અને આ રાજ્યમાં પાંચ રૂપિયાની સબસિડી આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સૌથી વધુ એરંડાનું વાવેતર થાય છે. જે રીતે બિહારમાં મખાનાનું એસોસિએશન બનાવવામાં આવેલ છે એ પ્રમાણે ગુજરાતમાં પણ એરંડા માટે એમ.એસ.પી. નક્કી કરવામાં આવે. કારણ કે, એરંડા એ ત્રણ સીઝનનો પાક છે તો એનું પણ વિકાસ બોર્ડ બનાવવામાં આવે. સહકારની વાત માનનીય મંત્રીશ્રીએ કરી છે. પાટણ જિલ્લો એ મહેસાણા જિલ્લામાંથી ઘણાં વર્ષો પહેલાં એટલે કે ૧૯૯૭માં અલગ પડ્યો. પરંતુ, પાટણ જિલ્લાને પોતાની ડેરી નથી, પાટણ જિલ્લાની સહકારી બેંક નથી, હમણાં જ બનાસકાંઠામાંથી થરાદ જિલ્લો અલગ પડ્યો. તો આવા જે જિલ્લા અલગ પડ્યા છે એ જિલ્લામાં અલગ બેંકો અને ડેરીની સ્થાપના કરવામાં આવે.

શ્રી જગદીશભાઈ પ્ર. મકવાણા **(**નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અનુદાનોની માગણી માટેના આજના છઠ્ઠા દિવસે માનનીય મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ કૃષિ માટે મહેસૂલી ખર્ચની રૂ.૧૪ હજાર ૮૭૦ કરોડ ૧૭ લાખની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૧ કરોડ ૫૨ લાખની માગણી નંબર –૨ લઈને આવ્યા છે તેમજ નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ માટે મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧ હજાર ૧૨ કરોડની માગણી નંબર–૩ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ કૃષિપ્રધાન દેશ છે. આ દેશમાં ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે. આ જગતનો તાત આપણા સૌનું ભરણપોષણ કરવા માટે, આપણને પોષણક્ષમ અનાજ મળી રહે એના માટે કાળી મજૂરી કરી, ખેતી કરી અનાજ પકવે છે એના કારણે આજે ભારત દેશમાં ખેતીનું ખૂબ જ મહત્ત્વ છે. આ દેશની આર્થિક પ્રગતિમાં ખેતી ખૂબ મહત્ત્વનું યોગદાન આપી રહી છે. મને એ સમજાતું નથી કે જે ખેડૂત અનાજ પકવે, જે ખેડૂત આપણું ભરણપોષણ કરે એ ખેડૂતના કલ્યાણ માટે, એ ખેડૂતના ખેતીના વિકાસ માટે, એની ખેતી તથા જમીન સમૃદ્ધ બને એના માટે વિવિધ યોજનાઓ માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં સભાગૃહમાં વિપક્ષના સભ્યશ્રીઓ કાપ દરખાસ્ત રજૂ કરે એ ખરેખર, ખેડૂતોનું અપમાન લાગે છે. આ બધાને લાગુ પડે છે. આ ધરતી ઉપર વસતા તમામ માનવીઓ ઉપર ખેડૂતોનું ઋણ છે અને ખેડૂતોને ઋણ ચૂકવવા માટે અમારા મંત્રીશ્રી આ માગણી લઈને આવ્યા છે. રાજ્યના નાણામંત્રીશ્રી એવા ભામાશા શ્રી કનુભાઈ દેસાઈ સાહેબ એક ઐતિહાસિક બજેટ રૂ. ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું લઈને આવ્યા છે એમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે રૂ. ૨૪ હજાર ૨૨ કરોડની જોગવાઈ કરી છે. વાસ્તવમાં આ એની માગણીઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ઉનાળામાં કાળી મહેનત કરે, વાવણી માટે પોતાનું ખેતર તૈયાર કરે, વરસાદ આવે, ખેડૂત વાવણી કરે એ વાવણી કર્યા પછી એના છોડનો ખેતરમાં ઉછેર થાય, એને સમયાંતરે પાણી પાવે, એને દવા છાંટે, એમાં ખાતર મૂકે અને આટલી મજૂરી કર્યા પછી જ્યારે એનો પાક લણણીના ટાઈમે કંઈક ના કરે નારાયણ અને કુદરતી આફત આવે... માઈકમાં ગળું સૂકાય છે એટલે પાણી પીવું છું. મને કંઈ કહેતા નહીં.

અધ્યક્ષશ્રી : પાણી પીવા માટે તમને ચાલુ સંબોધનમાં પરમિશન આપું છું. ડૉ. સી.જે.ચાવડા તમને પણ પરમિશન છે.

શ્રી જગદીશભાઈ પ્ર. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પાક તૈયાર થયો હોય એવા સમયે કમોસમી વરસાદ થાય તો એ ખેડૂતની શું સ્થિતિ હશે?

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૫–૨૬માં આપણે સૌએ અનુભવ્યું છે કે ગુજરાત રાજ્યમાં કમોસમી વરસાદના કારણે રાજ્યના ખેડૂતોને મોટાપ્રમાણમાં નુકસાન થયું એના કારણે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબની સરકારે, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાહેબની સરકારે, ખેડૂતોનું જેમના હૃદયમાં હિત છે અને જે ખેડૂતોના હામી છે એવા આપણા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબે સતત ફોલોઅપ લઈને ઐતિહાસિક રૂ. ૧૧ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાવી, ગણતરીના દિવસોમાં ખેડૂતોના ખેતરે ખેતરે જવાનું નહીં પણ માત્ર ગામમાં જઈ એક રોજકામ કરી, રાજ્યના ૩૩ લાખ કરતાં વધારે ખેડૂતોને રૂ. ૧૧ હજાર કરોડની સહાય ગુજરાતમાં ચૂકવવામાં આવી છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ અને કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સાહેબનો હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું કે તેમણે ગુજરાતના ખેડૂતનું હિત જોયું. હું કહી શકું કે વર્તમાન સમયે ખેડૂતોની જે

જણસી ખેતરમાં પાકે છે એમાં ઘણીવાર બજારમાં બજાર કિંમત વધ-ઘટ થયે રાખતી હોય છે. એક સમયે બજાર કિંમત વધે અથવા ઘટે તો ખેડૂતોને ખેતીમાં પોષણક્ષમ ભાવ મળી રહે એના માટે એમ.એસ.પી., ટેકાના ભાવ આપી ખેડૂતોના ખેતરમાં પાકતી વસ્તુઓ ખરીદી કરવામાં આવે છે. આ વખતે પણ મગફળી, મગ, અડદ, સોયાબીન, કપાસ વગેરેની રૂપિયા ૧૮ હજાર કરોડ ઉપરાંતની રકમની ખરીદી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. ખરેખર સરકારે ખેડૂતોનું ભલુ ઈચ્છ્યુ છે. હું પણ ખેડૂતનો દીકરો છું. મારે ૫૩ વર્ષ થયા છે. હું ધોરણ-૧૦ પાસ કરી મારા પિતાશ્રી સાથે એમને મદદરૂપ થવા માટે ખેતીના કામમાં જોડાઇ જતો હતો. મને યાદ છે કે એ વખતે કોઇ ખેડૂત ક્યારેય એની ખેતીમાં કામ કરવા માટે ઓજારો ખરીદવા હોય ત્યારે તેમાં સબસિડી કે સહાય સાંભળી ન હતી. આજે ખેડૂતને ટ્રેકટર લેવું હોય, પાવર ટીલર લેવું હોય, હાર્વેસ્ટર લેવું હોય, રોટાવેટર , કલ્ટીવેટર, હળ, થ્રેસર, ઓટોમેટિક વાવણિયું, તાડપત્રી લેવી હોય અને દવા છાંટવાનો પંપ લેવો હોય તો એમાં સબસિડી છે. સરકાર એમાં સહાય આપે છે. ખેડૂતને કોઇપણ ખેતી માટેનું સાધન ખરીદે તો એમાં સહાય મળે છે. આજે ગુજરાતમાં ખેતી વૈજ્ઞાનિક ઢબે અને ટેકનોલોજીના આધારે યાંત્રિકીકરણથી થઇ રહી છે. ખેડૂતની આવક વધારવા અને ઝડપથી ખેતી કરી શકે એના માટે ટ્રેકટરમાં પણ રૂપિયા ૧ લાખ સુધીની સહાય કરવામાં આવી રહી છે. ખેડૂત કે ખેડૂતના દીકરો પોતાના ખેતરમાં ખેતી કરતો હોય એવા સમયે કંઇક આકસ્મિક ઘટના બને અથવા તો અકસ્માત થાય, કયારેક એનું મૃત્યું થાય અથવા એ કાયમી અપંગતામાં આવી જાય તો એવા સમયે પણ ગુજરાત સરકાર ખેડૂત ખાતેદારને આકસ્મિક વીમા યોજના છે એમાંથી રૂપિયા ૪ લાખ સુધીની સહાય કરવામાં આવતી હોય છે. ભલે ખેડૂતનું અસ્તિત્વ નથી પણ એના વારસદારો ૪ લાખની સહાય મળતાં એનાથી એમનું જીવન બેઠું થઇ જતું હોય છે. એના પરિવારનું ગુજરાન કાયમ માટે ચાલતું હોય છે એવી આ સરકારની સરસ મજાની આ યોજના છે. ખેડૂતના ખેતરમાં પાક તૈયાર થયો હોય, ખેતરમાં પાક રાખવાની કોઇ જગ્યા ન હોય એવા સમયે મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના માટે આ વર્ષે બજેટમાં ૧૫,૪૩૬ ખેડૂતોને રૂપિયા ૧ લાખ સુધીની સહાય આપવા માટે રૂપિયા ૧૫૪ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. મને ખબર છે કે ખેડૂત ઘેરથી ખેતરમાં ખેતી કરવા માટે જાય ત્યારે પીવાનું પાણી પણ સાથે લઇને જતો હતો. આજે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબના કારણે ગુજરાતના ગામડા છે, અમારું સૌરાષ્ટ્ર હોય, ઉત્તર ગુજરાત હોય, ક્યાં સરદાર સરોવર બંધ અને છેક ૭૦૦ કિલોમિટર દૂર કચ્છની બોર્ડર અને પાકિસ્તાનની બોર્ડર જ્યાં આપણા દેશના સૈનિકો આ દેશની રક્ષા કરી રહ્યાં છે એમને પણ ત્યાં પીવાનું પાણી મળી રહ્યું છે. સિંચાઇ માટે પાણીની કોઇ વાત જ ન હતી. હું સુરેન્દ્રનગર જિલ્લામાંથી આવું છું. મારો સુરેન્દ્રનગર જિલ્લો ભૌગોલિક રીતે ખૂબ મોટો જિલ્લો છે. જિલ્લામાં જમીન પણ ખૂબ મોટા પ્રમાણમાં છે અને ખેડૂતો ખૂબ સારી એવી ખેતી કરી રહ્યાં છે એવા સમયે ખેડૂતોને સિંચાઇ માટે નર્મદાનું પાણી વર્ષ ૨૦૧૦થી આ રાજ્યમાં મળી રહ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાને આ રાજ્યમાં સૌથી વધારે નર્મદાનું સિંચાઇ માટેનું ખેડૂતોને પાણી મળે છે, સાથે સાથે નર્મદા કમાન્ડની બહાર અમારા ૯૮ જેટલા ગામો હતા. અમારા સુરેન્દ્રનગર જિલ્લાના ધારાસભ્યશ્રી કિરીટીસિંહ રાણા, શ્રી શામજીભાઇ ચૌહાણ, શ્રી પ્રકાશભાઇ વરમોરા અને શ્રી પી.કે. પરમાર અમે સૌએ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબને રજૂઆત કરી કે નર્મદાના કમાન્ડ બહારના અમારાં ગામડાંને સૌની યોજનામાં સમાવેશ કરવામાં આવે તો બાકી રહેતાં ગામડાંના ખેડૂતોને પણ સિંચાઇ માટે નર્મદાનું પાણી મળી રહે. એટલા માટે જેવી માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી તો આપણા દયાળું દાદા માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂ.૭૬૬ કરોડ મંજૂર કરીને આજે અમારા જિલ્લામાં સૌની યોજનામાં ૯૮ ગામ બાકી છે ત્યાં કામ શરૂ કર્યું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલો ઘોળી ઘજા ડેમ સરદાર સરોવર બંધથી છેક મારા જિલ્લાના લખતર તાલુકાથી ઢાંકી ગામ સુધી ગ્રેવીટીથી નર્મદાનું પાણી આવે છે. એ ઢાંકીથી ઘોળી ઘજા ડેમ છે ત્યાં સુધીમાં વચ્ચે પાંચ પમ્પિંગ સ્ટેશન આવે એટલે કે ગ્રેવિટીથી પાણી પમ્પિંગ સ્ટેશન સુધી ઢાંકીથી આવે છે ત્યાંથી ડેમની હાઇટ ૨૩૬ ફૂટ છે. આ પાંચ પમ્પિંગ સ્ટેશનથી ૨૩૬ ફૂટની હાઇટે નર્મદાનું પાણી એ ઘોળી ઘજા ડેમની અંદર પડે છે. ત્યાંથી સૌરાષ્ટ્રના નાના મોટા ૧૧૫ ચેકડેમો ભરવા માટે સૌની યોજનાની અલગ અલગ ચાર લાઇનોથી નર્મદાનું પાણી સિંચાઇ માટે સૌરાષ્ટ્રમાં પણ આપવામાં આવે છે. આ બજેટમાં કૃષિ વિભાગમાં ખેડૂતોના વીજ કનેકશન માટે પણ રૂ.૯૩૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મારા દાદા મને કહેતા કે વર્ષ ૧૯૮૭માં ખેતીવાડી કનેશન એ વખતે જી.ઇ.બી.માં માગ્યું તો ૧૩ વર્ષ પછી અમને મળ્યું હતું. આજે ગુજરાતમાં કોઇપણ ખેડૂત અમારા વિસ્તારની અંદર ખેતીવાડીના વીજ કનેશન માટે એ અરજી કરે તો એને મહિના દોઢ મહિનામાં વીજ કનેકશન ખેડૂતોને મળી જાય છે. ક્યાં ૧૨થી ૧૫ વર્ષ અને ક્યાં એક મહિનો? આ સરકારની ઇચ્છાશક્તિ છે. ખેડૂતો પ્રત્યેની જે નેમ છે, ખેડૂતોની હામી આ સરકાર છે એટલા માટે ખડૂતોનું કંઇ પણ કામ હોય ચાહે સિંચાઇ માટે પાણી આપવાનું હોય કે ખેડૂતોને ખેતરે જવા માટેના રસ્તાની વાત હોય મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના એક ગામથી બીજે ગામ ગાડાં માર્ગ જતો હતો એ ગાડાં માર્ગને પણ મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજનામાં સમાવેશ કરીને પાકા રસ્તા બનાવવામાં આવ્યાં છે. ખેડૂતોને પોતાના ખેતરે જવા માટે કલાક થતી હતી એના બદલે આજે ઘરેથી નીકળીને પાંચ-દસ મિનિટમાં મોટર સાઇકલ અથવા પોતાનું ફોર વ્હીલ લઇને પોતાના ખેતરે કે વાડીએ પહોંચી શકે છે. એટલા માટે આ સરકારે જે કંઇ ખેડૂતો માટે કર્યું છે એ ભૂતકાળની કોઇપણ સરકારે ક્યારેય કર્યું નથી. એટલા માટે અમારા મંત્રીશ્રી જે આ માગણીઓ લઇને આવ્યાં છે એને મારું સમર્થન કરું છું અને વિપક્ષના સભ્યોને કહુ છું કે તમે પણ તમારી કાપ દરખાસ્ત આમાંથી પાછી ખેંચી લો. પાછી નહીં ખેંચો તો ખરેખર તમે ખેડૂતનું ભલું

ઇચ્છતા નથી. જો ખેડૂતનું ભલું ઇચ્છતા હોયને તો તમે કાપ દરખાસ્ત ક્યારેય ના મૂકી શકો. તમે ખેડૂતની વાત કરો છો એ કદાચ તમારા મોઢે શોભતી નથી એટલે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે એને હું મારું સમર્થન કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં કૃષિ અને મત્સ્યોદ્યોગ વિશે હું મારી વાત રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથની પવિત્ર ભૂમિના ખેડૂતો અને સમગ્ર ગુજરાતના ખેડૂતો માટે મારી વાત રજૂ કરવા માગું છું ત્યારે આખું વર્ષ કમોસમી વરસાદ આવેલો અને તેના કારણે ખેડૂતોને ખૂબ નુકસાન થયેલું. તે કમોસમી વરસાદના સમયે હું પોતે પણ ઘણા ખેડૂતોની વાડી ઉપર ગયેલો. મગફળીનું વાવેતર હતું અને ખૂબ મોટા પાયે નુકસાન થયેલું અને સો ટકા નુકસાન થયેલું. અમારા વિસ્તારમાં આંબાના બગીચા અને નાળિયેરીના બગીચા પણ આવેલા છે તેમને પણ ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થયેલું જયારે સરકાર દ્વારા વળતર આપવામાં આવેલું તે ખેડૂતો દ્વારા જે ખર્ચો કરવામાં આવેલો તેનો અંદાજિત ૨૫ ટકા જેટલો ખર્ચો પણ આપવામાં આવ્યો નથી. અને એ સિવાય પણ ઘણી જગ્યાએ સરવે કરવામાં આવેલું છે પણ હજુ સુધી તેમને વળતર આપવામાં આવ્યુ નથી. ત્યારે ખાસ કરીને જો સરકારે પાક વીમો ચાલુ રાખેલો હોત તો આ ખેડૂતોને તેનુ વળતર મળી શકતું. એટલે ખાસ કરીને બાગાયતી પાક કે ખરીફ પાક હોય તો એમાં પાક વીમો ચાલુ કરવામાં આવે અને તેનાથી ખેડૂતો પોતે પ્રિમિયમ ભરી અને પૂરું વળતર પણ મળી શકે એટલે મારી મંત્રીશ્રીને માગણી છે કે, પાક વીમો ફરીથી બન્ને બાગાયતી અને ખરીફ પાકમાં ચાલુ કરવામાં આવે ત્યારે જયારે ખેડૂતોનો વાવણીનો સમય હોય છે એ સમયે જે ખાતરની અને બિયારણની અછત થતી હોય છે. ખાતર માટે ખેડૂતોને ખૂબ મુશ્કેલી પડતી હોય છે ત્યારે એના માટે પણ કંઇ નિવારણ લાવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વેરાવળ વિસ્તારમાં અંદાજે ચાર હજાર બોટો જે ફિશિંગ કરવા જાય છે અને ફિશિંગ કરતા હોય છે ત્યારે એ માછીમારી કરતાં લોકોને પણ ખૂબ મોટા પાયે નુકસાન થયુ છે. તેમને બોટમાં નુકસાન થયું છે કારણ કે ફિશીંગ કરવા જતાં હોય અને વાવાઝોડું આવે ત્યારે અધવચ્ચેથી તેમને પરત બોલાવી લેવામાં આવતા હોય અને રસ્તામાં વાવાઝોડાને કારણે બોટમાં નુકસાન થતું હોય, જાળને નુકસાન થતું હોય તો એમને પણ કંઇ વળતર આપવામાં આવ્યું નથી તો એમને પણ વળતર આપવામાં આવે ત્યારે ખાસ કરીને જે અમારું વેરાવળ અને ભીલીયા આવેલું છે અને ત્યાંથી ૩૦ કિલોમીટર દૂર દરિયાઇ પટ્ટી ઉપર દીવ આવેલું છે. ત્યાં દીવમાં ડીઝલનો ભાવ અંદાજિત ૬૫ રૂપિયા છે અને વેરાવળ ખાતે ડીઝલનો ભાવ ૮૯ રૂપિયા છે ત્યારે આટલો ડિફરન્સ છે અને માછીમારી બન્ને એક જ જગ્યા ઉપર કરવા જતાં હોય અને ૩૦ કિલોમીટરનો ડિફરન્સ છે. તો ખાસ કિસ્સામાં વેરાવળ અને ભીલીયાના માછીમારો માટે થઇ ડીઝલમાં જે સરકારને ટેક્સ હોય આટલો ઓછો કરવામાં આવે તો દીવ અને ઘોઘલા છે તેના પ્રમાણે પણ વધારે માછીમારી કરી શકે. કારણ કે સોમનાથ વિધાનસભામાં વેરાવળ છે તે ભારતનો મોટામાં મોટું એકસપોર્ટ ફેકટરીનું હબ છે. સૌથી વધારે એકસપોર્ટ કરે છે અને સૌથી વધારે સરકારને ટેક્સ કમાઇને આપે છે ત્યારે ખાસ કરીને વેરાવળના ભીલીયા વિસ્તારમાં ત્યાં ખાસ કરીને મચ્છી ઉદ્યોગની જગ્યા છે ત્યાં ઘણા સમયથી મચ્છી માર્કેટ માટેની માગણી કરતા હોય છે તો મચ્છી માર્કેટની જગ્યા ફાળવવામાં આવે. જેથી માછીમારો ત્યાં મચ્છી વેચી શકે અને ખાસ કરીને માછીમારોને વેચવા માટે તેમને પૂરતો ભાવ આપવામાં આવતો નથી ત્યારે પૂરતો ભાવ આપવામાં આવે અને સરકાર દ્વારા તેના માટે એક આગોતરું આયોજન કરવામાં આવે જેથી માછીમારોને પૂરતો ભાવ મળે. આ સિવાય પણ દરિયા બંદર ઉપર પીવાનું શુદ્ધ પાણી મળતું નથી અને ખાસ કરીને જે સી-એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવે જેનાથી કોઇ માછીમાર દરિયામાં માછીમારી કરતો હોય અને તેમને કદાચ કંઇ અકસ્માત થાય તો તાત્કાલિક ધોરણે એ પહોંચી શકે. ઘણી વખત ત્યાં બહુ મોટા પ્રમાણમાં બોટો બનતી હોય કારણ કે વેરાવળ બોટ માટેનું મોટું હબ છે અને ઘણી વખત આગ લાગતી હોય તેના માટે પણ ફાયર ફાઇટરની વ્યવસ્થા કરવામાં આવે. કોંગ્રેસના સમયે બોટ, જાળ અને એન્જિન માટે સબસિડી આપવામાં આવતી ડિઝલ માટે પણ સબસિડી કપાઇને આપવામાં આવતી તો એ પણ શરૂ કરવામાં આવે તો માછીમારોને મોટો ફાયદો થાય. દક્ષિણ ભારતના રાજયોમાં ચાર મહિના પડતરનો સમય હોય કે ચાર મહિના ઓફ સીઝન હોય ત્યારે રૂપિયા ૧૨ હજારની આ માછીમારોને સહાય આપવામાં આવે છે એમ ગુજરાત રાજયમાં પણ આ માછીમારોને રૂપિયા ૧૨ હજારની સહાય આપવામાં આવે તો જે ઓફ સીઝન ચાર માસની હોય ત્યારે તેમને વધારેમાં વધારે ફાયદો થઇ શકે.

ડૉ. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ પશુપાલન અને સહકાર મંત્રીશ્રી આજે જે માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી ક્રમાંક-૪, સન ૨૦૨૬-૨૭ના વર્ષ માટે પશુપાલન અને ડેરી વિકાસ માટે મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૭૬૩ કરોડની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩ કરોડ ૯૬ લાખની માગણી લઇને આવ્યા છે એને હું મારું પૂરતું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સત્ય અને અહિંસાનું રાજ્ય છે, મહાત્મા ગાંધીનું ગુજરાત છે, ગાયોના ગોવાળ, દ્વારિકાનો નાથ કૃષ્ણ ભગવાન જેમણે ગોકુળમાં ગાયો ચારી હતી એવા ગાયોના પાલક, ગોપાલક એવા દ્વારિકાધીશ એની આ ભૂમિ છે. બારડોલી સત્યાગ્રહમાં મહાત્મા ગાંધીની સાથે કામ કરનાર ખેડૂતપુત્ર લોખંડી મહાપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની આ ભૂમિ છે. સાથેસાથે આજે દેશનું સુકાન સંભાળનાર અને દેશના તમામ વર્ગો, ચાહે એ ખેડૂત હોય, ખેતમજૂર હોય,

પશુપાલક હોય, માલધારી હોય, ગ્રામીણ કારીગર હોય, નાનો મોટો વેપારી હોય, ઉદ્યોગપતિ હોય, શિક્ષક હોય કે ડૉકટર હોય દરેકની ચિંતા કરનાર અને દેશને દિશા આપી છે એવા આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની આ ભૂમિ છે અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહની આ ભૂમિ છે. મને કહેતા ગર્વ થાય છે કે આ ભૂમિ ઉપર ગુજરાતમાં પશુપાલક અને ખેડૂતની આવક ડબલ કરવાના આશયથી સરકાર જે માગણીઓ લઇને આવી છે એને પૂરતા સમર્થન સાથે હું ટેકો આપું છું. ગુજરાત રાજયમાં આપણને અદ્યતન પ્રકારની ઓલાદો મળી છે. ગાય વર્ગમાં ગીર ગાય અને કાંકરેજ ગાય એ સમગ્ર દેશમાં અતિ આવશ્યક અને ખૂબ ઉપયોગી ગાયની ઓલાદ છે. ઇતિહાસમાં જાવ તો બ્રાઝીલ નરેશને ગોંડલ નરેશે એક ગીર ગાય ભેટમાં જે તે વખતે આપેલી, એ ગીર ગાય બ્રાઝિલમાં લઇ ગયા, એનો ઉછેર કર્યો, માવજત કરી આજે આખું બ્રાઝીલ ગીર ગાય પર નિર્ધારિત છે અને એની બધી જ સમસ્યાઓ ગીર ગાય હલ કરે છે, એવી ગીર ગાયનું જન્મસ્થળ આ ગુજરાત છે. ગીર, કાંકરેજ અને એ જ રીતે બીજા જાનવરોની પણ ઓલાદો ગુજરાતને સાંપડી છે. આપણા ગુજરાતમાં ૯૬ લાખ જેટલી ગાયો છે, ૧૦૫ લાખ જેટલી ભેંસો છે, ૬૬ લાખથી વધુ ઘેટાં-બકરાં છે. એટલે લગભગ સારી એવી સંખ્યામાં ગુજરાતમાં આ પશુધન અસ્તિત્વ ધરાવે છે. ભૂતકાળમાં શાસ્ત્રોમાં એટલા માટે કહેતા કે '' ગૌ ધન, ગજ ધન વારી ધન, રતન ધન કામ'' ગાયોને ધન કહેવામાં આવતું, એને નાણું, આર્થિક સમસ્યા હલ કરનાર પશુ કહેવામાં આવતું. એટલે એ ગાય અને ભેંસના વ્યવસાય સાથે ગુજરાતમાં ડેરી વ્યવસાય પૂરો પાડયો છે. ડેરી વિકાસ અને ડેરી માટે જયારે માનનીય મંત્રીશ્રી ગાય માટે આટલી બધી માગણી લઇને આવતા હોય ત્યારે આપણને આનંદ થાય કે તેઓ પણ એક ખેડૂતપુત્ર છે, સાચા અર્થમાં માનનીય જીતુભાઇ વાઘાણી સાહેબે રાજયના ખેડૂતોની ચિંત કરી છે, પશુપાલકોની ચિંતા કરી છે, જયારે જયારે વિકટ સમસ્યાઓ આવી છે ત્યારે પણ ત્રણ-ત્રણ દિવસ સુધી રાત્રિના ઉજાગરા કરીને ખૂબ સુંદર કામગીરી કરી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ગૃહના ધ્યાનમાં રહે એટલા માટે કે પશુપાલનની વાત કરે છે, ઘેટાં-બકરાં, ગાય, ભેંસ એ બધાના આંકડા એટલા માટે છે કે એમના ધર્મપત્ની પશુપાલક નિયામક છે એટલે એ વિષય લીધો છે.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યો બન્યો એ પહેલાં મારી બેઝિક ડિગ્રી વેટરનરી ડોકટરની છે. પછી હું નાયબ કલેકટર બન્યો અને પછી ધારાસભ્ય બન્યો. ગુજરાત રાજયમાં જે ગાયો અને ભેંસના દૂધનો જે વ્યવસાય વિકસ્યો છે. આપણા પ્રધાનમંત્રીશ્રી ગુજરાત રાજયના એ ખેડૂતપુત્ર, મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી અને એવાજ ખેડૂતપુત્ર એ આપણા કૃષિમંત્રી સાંપડયા છે કે જે કૃષિ, પશુપાલન અને સહકાર ત્રણેની ધૂરા સંભાળી રહ્યા છે. આ રાજ્યમાં પશુધન ઉત્પાદનનું વાર્ષિક મૂલ્ય રૂ.૯૭,૭૬૪ કરોડનું છે. દરરોજ રૂ.૨૦૦ કરોડ આ રાજ્યમાં પશુપાલકોના ઘરે દૂધ ડેરીમાં ભરાવે છે એ પૈકીની આવક થાય છે. આ તો જે સંઘોમાં દૂધ ભરાવે છે એના આંકડા બોલું છું. એ સિવાય પ્રાઇવેટ ડેરીમાં કામ કરતાં હોય, પોતાના ઘરે દૂધ વાપરતાં હોય એવી રૂ.૫૦ કરોડની બીજી આવક થાય છે. આમ, કુલ રૂ.૨૫૦ કરોડની દૈનિક આવક આપણા રાજ્યની મહિલાઓના ખાતામાં દરરોજ જાય છે. દર વર્ષે ૩૬૫ દિવસમાં આપણી બહેનોના ખાતામાં રૂ.૭૫,૦૦૦ કરોડ જાય છે. આ આવક સાથે ગામડાના અર્થતંત્રમાં ૨૪ કલાક મહેનત કરીને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલી આપણી માતૃશક્તિ પોતાના ઘરમાં રૂ.૧૦,૦૦૦ કરતાં વધારે સરેરાશ આવક મેળવી રહી છે. એના માટે ગુજરાત ખૂબ ઘન્યતા અનુભવે છે. ડેરી વ્યવસાય વિકસ્યો, પશુપાલન વ્યવસાય વિકસ્યો તો પશુની માવજત પણ કરવી પડતી હશે. પશુ માટે સગવડો કરવી પડતી હશે. એ સગવડો, માવજત, દવાખાનાં, મોબાઇલ ડિસ્પેન્સરી, કરુણા એમ્બ્યુલન્સની શરૂઆત કરવા માટે જે રકમની જરૂર પડે એ રકમની માગણી લઇને આપણા કૃષિમંત્રીશ્રી આપણી સમક્ષ આવ્યા છે. હું તમને મોટા-મોટા આંકડા આપું તો હાલ સ્થિતિએ રાજ્યમાં ૫૬૪ પશુ સારવાર કેન્દ્રો છે. પશુ દવાખાનાં ૧૧૨૯ છે. ફરતાં પશુ દવાખાનાં એટલે કે ૧૯૬૨ નંબરની એમ્બ્યુલન્સ તમારા પશુની સારવાર માટે ઘરઆંગણે આવીને ઊભી રહે છે. આવી સગવડ ભારતીય જનતા પક્ષની સરકારે કરી છે. શહેરી વિસ્તારમાં પણ ફરતા પશુ દવાખાનાં આપ્યાં છે, કરૂણા એમ્બ્યુલન્સ આપી છે. મારા એક સાથી સદસ્ય ચિંતા કરતા હતા કે રોડ ઉપર અકસ્માત થાય અને જાનવર તરફડતું હોય તો પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો, મોબાઇલ ડિસ્પેન્સરી, કરૂણા એમ્બ્યુલન્સ આ બધી જ સગવડો તાલુકે-તાલુકે, જિલ્લે-જિલ્લે અને સમગ્ર રાજ્યમાં કરવામાં આવી છે. સરકારની આ વ્યવસ્થા ઉપરાંત સરકારની ૨૩૨૩ સંસ્થાઓ ગામડે-ગામડે કામ કરી રહી છે. એ ઉપરાંત ડેરી સંઘોના પશુ ચિકિત્સાના યુનિટો પણ પશુ સારવાર અને સહકારી ક્ષેત્રે કામ કરી રહ્યા છે એટલે પશુપાલન, પશુ સ્વાસ્થ્ય અને પશુ સારવાર માટે ગુજરાતની સરકારે, દાદાની સરકારે અને વાઘની સરકારે, ખરેખર વાઘાણી સાહેબ વાઘ છે. એમણે પશુપાલન ક્ષેત્રમાં જે ચિંતા કરી છે અને આટલી મોટી રકમની ફાળવણી કરી છે એ માટે બધાં જ ધારાસભ્યો વતી અને ગુજરાતની જનતા વતી, ગુજરાતના પશુપાલકો વતી, માલધારીઓ વતી હું એમને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. એનાથી આગળ આ સારવાર કરવામાં આવે છે તેમાં પશુ દવાખાનાં મારફત, કરૂણા એમ્બ્યુલન્સ મારફત સારવાર થતી હોય તેના માટે એક પણ રૂપિયો લેવામાં આવતો નથી. દાદાની સરકાર, વાઘાણી સાહેબની સરકાર નિ:શુલ્ક સારવાર સમગ્ર રાજ્યના પશુધનને આપે છે. એ માટે પણ એમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. છેલ્લા બે દાયકા અને છેલ્લા ત્રણ વર્ષમાં નવા પશુ દવાખાનાં બન્યા, કૃત્રિમ બીજદાન કેન્દ્રો બન્યા. મોબાઇલ વાન અને ડિસ્પેન્સરી આવી, કરૂણા એમ્બ્યુલન્સ આવી, સહકારી કેન્દ્રોમાં ચિલિંગ સેન્ટરો પર ડૉક્ટરોની ઉપલબ્ધિ થઇ. આમ, કોઇ પણ જગ્યાએ ગુજરાતનું એક પણ પશુ બીમાર પડે અને એક ફોન રણકે એટલે ગણતરીના કલાકમાં એને

સારવાર મળતી થઈ જાય એ પ્રકારનું તંત્ર ભાજપની સરકાર દ્વારા ગોઠવવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અદ્યતન ટેક્નોલોજી થકી ગુજરાતમાં સેક્સ્ડ સીમેન લેબોરેટરી શરૂ કરવામાં આવી. આ આર્ટિફિશિયલ ઇન્સેમિનેશનથી જે બચ્ચું પેદા થાય તે વાછરડી અને પાડીનો જ જન્મ થાય. ૯૦ ટકા વાછરડી અને પાડી તથા ૧૦ ટકા વાછરડા અને પાડાનો જન્મ થાય તે માટેની સેક્સ્ડ સીમેન લેબોરેટરી ગુજરાતમાં સૌ પ્રથમ શરૂ કરવામાં આવી છે. તેમાં ૭.૮૦ લાખ ડોઝ તૈયાર કરવામાં આવ્યા. આ કારણે ભવિષ્યમાં પશુપાલક અને ખેડૂતની આવકમાં ખૂબ વધારો થશે. માનનીય નરેન્દ્રભાઇ મોદીની ડબલ આવકની પ્રતિજ્ઞાને પરિપૂર્ણ કરવાના કામમાં આ લેબોરેટરી ખૂબ ઉપયોગી નીવડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં કોરોના સમયે લમ્પી વાયરસ પણ આવલો ત્યારે ભાજપની સરકારે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીએ માનવજાતના મત્યુ ન થાય તેની સાથે પશુધન પણ સચવાય રહે તે માટે કાળજી લેવામાં આવી હતી. પાંજરાપોળના પશુ માટે મુખ્યમંત્રી ગૌ સેવા પોષણ યોજના લાવવામાં આવી. ગુજરાતની ૧૨૦૦ કરતાં વધારે ગૌશાળા/પાંજરાપોળમાં પાંચ લાખ કરતાં વધારે જાનવરો, ગાય કે ભેંસ જે બિનઉત્પાદક છે અને પાંજરાપોળમાં છે તે ગાય/ભેંસનું મૃત્યુ ન થાય અને જીવનપર્યત તેને ખોરાક અને સારવાર મળી રહે તેની ચિંતા ગુજરાતની ભાજપ સરકારે કરી છે. કારણ કે આ અહિંસાને પોષનારી અને જીવદયાની સરકાર છે. જાનવરદીઠ દૈનિક રૂ.૩૦/- ગુજરાતમાં ૧૨૦૦ કરતાં વધારે ગૌશાળા/પાંજરાપોળોને આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષમાં આવી ગૌશાળા/પાંજરાપોળો કે જે આવા ઢોરને નિભાવે છે તેના માટે ન ભૂતો ન ભવિષ્યતિ રૂ.૫૦૦ કરોડનું બજેટ મૂકવામાં આવ્યું છે તે માટે હું સૌ ગૌ-પ્રેમી ભક્તો અને ગાય પ્રેમી જનતા વતી માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રી વાઘાણી સાહેબનો આભાર માનું છું. પાડી/વાછરડીને સમતોલ આહાર આપવામાં આવે, ઝડપથી વિકાસ થાય અને ઝડપથી એ પણ ભેંસ કે ગાય બને તેના માટે ૧૦૦ ટકાના રાહત દરે સમતોલ દાણની સહાય આપવામાં આવે છે. અમુક સમય સુધી આ પૌષ્ટિક ખોરાક ખવડાવીને તંદુરસ્ત જીવન જીવે અને ગાય કે ભેંસને જન્મ આપી શકે તે રીતે આ કામગીરી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇએ દેશના ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપ્યું ત્યારબાદ ખૂબ ચિંતા, મનન-મંથન કરીને સમગ્ર દેશના પશુપાલકોને પશુપાલન ક્રેડિટ કાર્ડ એનાયત થયું. આ કાર્ડ દ્વારા કોઇપણ પશુપાલકે ગાય, ભેંસ માટે ખાણ ખરીદવું હોય કે દવા લાવવી હોય તો લાવી શકે. આ કાર્ડ બદલ હું આ ગુજરાત સરકારને ખૂબ અભિનંદન આપું છું.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, મત્સ્યોદ્યોગ અને સહકાર મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ જે માગણી ક્રમાંક-૬ મત્સ્યોદ્યોગ વિભાગ માટે લઇને આવ્યા છે તેના સમર્થનમાં બોલવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું કે આજે તેમની હેટ્રિક છે કે તે ત્રીજા દિવસે આપણી સાથે વાત કરશે. પરમ દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રીના વિભાગોના જવાબ આપ્યા, ગઇકાલે એમના વિભાગની પ્રશ્નોતરીના જવાબો અને આજે એમના વિભાગની માગણીઓનો જવાબ એટલે છેલ્લા ત્રણ દિવસથી આપણે તેમને સાંભળીએ છીએ. આ મત્સ્યોદ્યોગનો વ્યવસાય છે એ કદાચ દેશમાં સૌથી વધારે સાહસિકતા સાથે જોડાયેલો વ્યવસાય છે. નીચે જમીન, સમુદ્ર અને ઉપર આકાશ. પેઢીઓથી ચામડીનો રંગ બદલાઇ જાય એ પ્રકારનો આ વ્યવસાય છે ત્યારે ગુજરાતના સમુદ્રકિનારામાં વસતા માછીમારો માટે વર્ષ ૨૦૦૬માં રાજ્યના મુખ્યમંત્રી તરીકે હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે એમણે સાગરખેડુ યોજના જાહેર કરી ત્યારે પહેલીવાર આ રાજ્યના મત્સ્યપાલન સાથે સંકળાયેલા માછીમારોને સંદેશો આપ્યો કે, સરકાર તમારી સમસ્યાઓના નિરાકરણ માટે ખૂબ ચિંતિત છે. મને યાદ છે ત્યારે હું આ વિધાનસભામાં ધારાસભ્ય તરીકે હતો. હજારો માછીમારો માનનીય મુખ્યમંત્રીશ્રીને એમના નિવાસસ્થાને મળીને સતત દિવસો સુધી આભાર વ્યક્ત કરતા હતા. પૂજ્ય પાંડુરગ શાસ્ત્રી પૂજ્ય દાદાએ પણ સ્વાધ્યાય પરિવારના સ્વાધ્યાયીઓને દેશના આ પ્રકારના ખૂબ મહેનત કરતા જે સમાજો છે, તેમાં માછીમાર સમાજ હોય, દેવીપૂજક સમાજ હોય કે આદિવાસી સમાજ હોય આવા સમાજોની વચ્ચે જઇને ભાવફેરીના માધ્યમથી એમણે આ પરમ પવિત્ર ભગવદ્ ગીતાના વિચારો સાથે જોડીને આ દેશની આર્થિક પ્રગતિમાં એમને ભાગીદાર બનાવીને કૃતિભક્તિ જેવા કામોમાં જોડીને વ્યસનોથી દૂર કરીને સંસ્કૃતના શ્લોકો જ્યારે એમને કંઠસ્થ કરાવ્યા ત્યારે પૂજ્ય દાદા આજે આપણી વચ્ચે નથી, પરંતુ આજના દિવસે એમને આપણા બધા વતી શત્ શત્ વંદન કરીએ છીએ. માનનીય નિમિષાબેને આદિજાતિ વિભાગની માગણીઓ પર એક વાક્ય કહ્યું હતું તે ખૂબ અગત્યનું હતું કે, 'જેમને કોઇ પૂજતું નથી એમને નરેન્દ્રભાઇ મોદી પૂજે છે.' અને નરેન્દ્રભાઇએ અનેકવાર આ વાતને સાર્થક કરીને બતાવી છે. મહાકુંભ હતો ત્યારે આપણને ખબર છે કે હજારો લોકો એની વ્યવસ્થાના કામોમાં જોડાયેલા હતા. નરેન્દ્રભાઇ મોદીએ મહાકુંભ પત્યા પછી આ મહાકુંભની સફાઇની વ્યવસ્થા સાથે જોડાયેલા દલિત સમાજના સફાઇ કામદારોના પગ ધોયા હતા, ચરણરજ લીધા હતા. દેશના પ્રધાનમંત્રીશ્રી આ પ્રકારે આપણા ભૂતકાળના મહાપુરૂષોના જીવનમાંથી પ્રેરણા લઇને દેશના ગરીબોનું, વંચિતોનું આ પ્રકારે માન-સન્માન જાળવવા માટે સમયની સાથે અનેક પ્રકારના કાર્યો કરી રહ્યા છે. માછીમારો અને સમુદ્ર આ બંને બાબતોનો આપણા ઇતિહાસમાં અને શાસ્ત્રોમાં ઉલ્લેખ કરવામાં આવ્યા છે. રામાયણમાં ભગવાન રામની સાથે જોડાયેલી કથા આપણને બધાને ખબર છે. ત્યારે ગુજરાત રાજ્યમાં સમગ્ર દેશમાં લાંબો દરિયાકિનારો છે અને આ વ્યવસાય માત્ર દરિયાકિનારે નહી પરંતુ

નદી, તળાવ અને જળાશયો જેવા જળસ્ત્રોતોથી સમૃદ્ધ છે. મત્સ્ય ઉદ્યોગ રાજ્યના આર્થિક વિકાસમાં ખૂબ મહત્વનું યોગદાન આપી રહ્યો છે. માછીમારોના જીવનધોરણને સુધારવા માટે, ઉત્પાદન વધારવા માટે અને ટકાઉ માછીમારી સુનિશ્ચિત કરવા માટે ગુજરાત રાજ્યની સરકારે અને આ વિભાગે ખૂબ પ્રયાસો કર્યા છે. રાજ્યમાં ૨૩૪૦.૬૨ કિલોમીટરનો વિશાળ દરિયાકિનારો છે. ૧૪ જિલ્લાઓમાં ૨૮૦ ગામો દરિયાઇ મત્સ્યપાલન ઉપર આધારિત છે અને ૮૧૫ આંતરદેશીય ગામો મળીને કુલ ૧૦૯૫ ગામો મત્સ્યપાલનના ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. ગુજરાત રાજ્યની મત્સ્ય પેદાશોની પરદેશ નિકાસ વર્ષ ૨૦૦૧માં જે ૧.૩૨ લાખ મેટ્રિક ટન હતી એ વધીને વર્ષ ૨૦૨૪-૨૫માં ૩.૧૫ લાખ મેટ્રિક ટન થયેલ છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૮૩૨૮ જેટલી મિકેનાઇઝ બોટો, ૬૧૭૭ નોન મિકેનાઇઝ બોટો એમ કુલ મળીને ૩૪૫૦૫ જેટલી બોટો મત્સ્યઉદ્યોગ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા આપણા માછીમારો ધરાવે છે. મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે અન્ય અગત્યનો ભાગ એટલે એક્વાકલ્ચર. આપણે ભાંભરા પાણીમાં મત્સ્યપાલન કરીએ છીએ. સરકારી ખાણ ખરાબાની જમીનમાં ઝીંગા ઉછેરની કામગીરીને પ્રોત્સાહન આપવા અને આજીવિકા ઊભી થાય એ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ભાંભરા પાણીમાં મત્સ્યઉદ્યોગનો વિકાસ કરવા માટે મત્સ્યોદ્યોગ ખાતા તરફથી માછીમારોને એરેટર સહાય, નવા શીપફાર્મ બાંધકામ સ્કીમ, ફીશ સહાય, બર્ડ ફેન્સિંગ, ડોગ ફેન્સિંગ, ભાંભરા પાણી માટે સીડ અને ફીડ માટેની સહાય જેવી યોજનાઓમાં યુનિટ કોસ્ટના ૫૦ ટકા સહાય આપવામાં આવે છે. સરકાર દ્વારા ચાલુ વર્ષે કોમ્પ્રિહેન્સિવ એક્વા પૅકેજ મંજૂર કરવામાં આવ્યું છે. જેમાં એક્વા ફાર્મરને ઇલેક્ટ્રિક ડ્યૂટી ઉપર સો ટકા રાહત અને પ્રતિ યુનિટ દીઠ બે ટકા લેખે રાહત આપવામાં આવે છે. કુદરતી સંસાધનો અને સરકારની યોજનાઓના સહકારથી રાજ્યમાં મત્સ્યોદ્યોગના વિકાસ, સ્થાનિક માછીમારો માટે રોજગારીનો સ્થાનિક વિકાસ અને આર્થિક સ્વતંત્રતા મેળવવા મદદરૂપ થતી વિવિધ યોજનાઓથી આ ક્ષેત્રનો વિકાસ શક્ય બન્યો છે. ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગ માટે દરિયાઇ વિસ્તારોની જમીન રાજ્યમાં ખૂબ યોગ્યતા ધરાવે છે. ગુજરાત રાજ્યના દરિયાકાંઠા વિસ્તારમાં કુલ ૩ લાખ ૭૬ હજાર હેકટર ફાજલ જમીન આવેલી છે જે પૈકી આશરે ૮૯ હજાર હેકટર જમીન એક્વાકલ્ચર માટે યોગ્યતા ધરાવે છે. ભાંભરા પાણીમાં મત્સ્ય ઉદ્યોગ માટે ઝીંગા ઉછેરની કામગીરીમાં સીડ ફીડની હેરફેર માટે ઉત્પાદિત થયેલ ઝીંગાને માર્કેટ સુધી ઝડપથી અને સારી સ્થિતિમાં પહોંચાડી શકાય એ માટે રોડ-રસ્તા જેવી માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવે છે. કુદરતી સંશાધનોના મત્સ્યોદ્યોગ ઉછેર અને ઉત્પાદન વધારવા માટે તળાવો અને જળાશયોને આંતરદેશીય જળાશય ઇજારા નીતિ મુજબ તારીખ ૨૫/૦૨/૨૦૨૪થી રાજ્યના મોટા, મધ્યમ અને નાનાં જળાશયોના મત્સ્યોદ્યોગ માટે ઇજારા આપવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારશ્રી દ્વારા વિવિધ આંતરદેશીય મત્સ્યોદ્યોગ સંબંધિત યોજનાઓ મારફત રાજ્યના મીઠા પાણીના મત્સ્ય ઉત્પાદનને વધારવા માટે મત્સ્ય ખેડૂતો અને માછીમાર ભાઇઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજ્યમાં આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન વધારવા અપાર સંભાવનાઓ રહેલી છે. આ માટે સારી ગુણવત્તાવાળા મત્સ્ય બીજની જરૂર છે. રાજ્ય સરકાર દ્વારા મત્સ્ય ખેડૂતોને સમયસર અને સ્થાનિક સ્તરે સારી ગુણવત્તાવાળા મત્સ્ય બીજ ઉપલબ્ધ કરાવવાનો હેતુ રાખી મત્સ્ય બીજ હેચરી એકમોની સ્થાપના માટે સહાય પૂરી પાડવાની યોજના અમલમાં લાવવામાં આવી છે. મત્સ્ય બીજ હેચરીમાં ઉત્પાદન પામેલા મત્સ્ય બીજને સરકારી ફીશ ફાર્મ, નર્સરી તળાવોમાં ઉછેર કરવામાં આવે છે. જેથી તેને ગામ, તળાવો અથવા જળાશયોમાં સંગ્રહિત કરી શકાય. આ પ્રક્રિયા હેઠળ સ્થાનિક માછીમાર ભાઇઓ અને બહેનોને મત્સ્ય બીજ ફીશરીઝની કામગીરીમાં સામેલ કરવામાં આવે છે જેના કારણે સ્થાનિક રોજગારીની તકો વધી છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં જળાશયો અને તળાવોને મત્સ્યોદ્યોગના હેતુ માટે ઇજારા ઉપર આપવા માટે જળાશય ઇજારા પોર્ટલ દ્વારા ઇ-ગવર્નન્સના ભાગરૂપે ઇજારાદાર માછીમારોને ડિજિટલ સેવા પૂરી પાડવામાં આવે છે. જેના કારણે જળાશયોના ઇજારાની અદ્યતન માહિતી એક જ જગ્યાએથી મળી રહે છે. પરિણામ સ્વરૂપ ઇજારા નીતિનું સરળ રીતે અમલીકરણ થાય છે. જેના કારણે પારદર્શિતા જળવાય છે. અંતમાં એટલું જ કહીશ કે આ બજેટ ગુજરાતના મત્સ્યોદ્યોગને નવી ઊર્જા આપનારું છે. માનનીય મંત્રીશ્રીએ જે માગણીઓ રજૂ કરી છે એ સંપૂર્ણપણે જનહિતમાં છે. આ બજેટથી મત્સ્યોદ્યોગનું માળખું વધુ પારદર્શક, આધુનિક અને મજબૂત બનશે એવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. ખૂબ ખૂબ આભાર, માનનીય અધ્યક્ષશ્રી. જય જય ગરવી ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય રમેશભાઇ મિસ્ત્રીએ મત્સ્યોદ્યોગ, માછીમાર અને મહાસાગર વિશે માહિતીસભર વિગતો આપી. આપને અભિનંદન પાઠવું છું.

(વિરામ સાંજના ૪-૩૧ થી ૫-૦૦)

(માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી કૃષિ અને એના બજેટના સંદર્ભમાં માગણી નં. ૨ અને ૩ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને એના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ પવિત્ર ગૃહની અંદર જગતના તાત એવા ખેડૂતના હિત માટે કૃષિ વિભાગની માગણી ઉપર માનનીય મંત્રીશ્રીએ મને પણ આ વિષય માટે બોલવાનો અવસર આપ્યો છે ત્યારે મારી જાતને ધન્યતા પણ અનુભવું છું અને માનનીય મંત્રીશ્રીનો આભાર પણ માનું છું. જેના હાથમાં છે હળ એના કાંડે છે બળ, ખેડૂતની મહેનતનું આજ છે મીઠું ફળ. નથી એ કોઇની દયાનો મોહતાજ ક્યારેય, એ તો આ ધરતીનો રાજા અને આવતી કાલની પળ છે. એક પછી એક કાપ દરખાસ્તો આવતી હતી ત્યારે મારા મનમાં હતું કે આ એક એવો વિભાગ છે કે દુનિયાની અંદર કોઇપણ વ્યક્તિ એવો નથી જન્મ્યો કે એવું

કહી શકે કે મેં ખેડૂતનું ખાધું નથી. મારે કોઇની સાથે વાંધો હોય તો હું કહી શકું કે ભાઇ મેં તારું કાંઇ ખાધું છે? પણ કોઇ વ્યક્તિએ આ દુનિયામાં જન્મ નથી લીધો કે એણે ખેડૂતનું ના ખાધું હોય. ખેડૂતની ચર્ચામાં કોઇ કાપ દરખાસ્ત ના આવે એવું મારા મનની અંદર હતું પણ એમાં પણ કાપ દરખાસ્ત. ગઇકાલનો દિવસ હતો, આ ગૃહની અંદર રાજ્યના માનનીય ગૃહમંત્રીશ્રી અહીંયા ભાષણ કરતા હતા એ જ વખતે કેન્દ્રમાં કેન્દ્રના ગૃહમંત્રીશ્રી ભાષણ કરતા હતા. એક ગૃહમંત્રી આ ચેરની શું ગરિમા છે એની વાત કરતા હતા અને બીજા ગૃહમંત્રી આપણો રક્ષક પોલીસ જાનના જોખમે કેવું કામ કરી રહ્યો છે એની વાત કરતા હતા ત્યારે એક શબ્દનો પ્રયોગ થયો કે સૌથી વધારે રાજનૈતિક આક્ષેપો કોઇ પર થતા હોય તો એ પોલીસ વિભાગ છે. હું એનાથી આગળ જઇને કહું છું કે, સાંપ્રત સમાજ વ્યવસ્થામાં કોઇની વધારેમાં વધારે રાજનીતિ થતી હોય તો એનું નામ ખેડૂત વર્ગ છે પછી પાર્ટી ચાહે ગમે તે હોય. આંકડાઓની માયાજાળનો હું મોહતાજ નથી. આંકડાઓના કારણે હું કહું કે ખેડૂત આટલો સુખી છે. હું એમ માનું છું કે આ મંચ એના માટેનો પણ નથી. પણ એટલું તો કહી શકું કે હું એ અવસરનો અને એ સમયના તકાજાનો સાક્ષી છું કે વર્ષ ૧૯૮૦ થી વર્ષ ૧૯૯૫નો દાયકો મેં જોયો છે. મને આનંદ એ વાતનો થાય છે કે અહીંયાથી બેઠેલાએ એવું કહ્યું હોત કે કાપ દરખાસ્ત કરતા નથી કારણ કે ખેડૂતનો વિભાગ છે. એ ના કહે પણ આ ગૃહના સભ્ય તરીકે અને ખેડૂતના લોહી તરીકે હું તો કહુ છું કે સાહેબ, તમે બેઠાં છો, માનનીય નાણામંત્રીશ્રી બેઠા છે ત્યારે હું કહું છું કે વિભાગનો ખજાનો ખેડૂત માટે ખૂટેને તો માનનીય કનુભાઇ રાજ્યની તિજોરીમાંથી તમે આપજો. આ અમારી કહેવાની તાકાત છે. કારણ કે ખેડૂત માટે આપવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ થી ૧૯૯૫ના દાયકાની જ્યારે હું વાત કરું તો મેં એ દ્રશ્યને જોયા છે. હું અમદાવાદની વિદ્યાનગર સ્કૂલ, ખોડિયારનગરમાં નવમા ધોરણમાં ભણતો હતો અને જ્યારે ઓઢવથી ચાલતો ચાલતો જઉં તો તારીખ મને ખ્યાલ છે કે કદાચ ૧૯મી માર્ચ ૧૯૮૭ના રોજ હજારો ટ્રેકટરોની લાઇન સવારના સાત વાગ્યામાં મેં જોઇ. હું તો એક નાનો એવો કિશોર અવસ્થાનો વિદ્યાર્થી હતો ત્યારે મારા મનમાં સમજ ન હતી કે આટલી બધી ટ્રેકટરોની લાઇન શેના માટે છે? આ ટ્રેકટરો ક્યાં જઇ રહ્યા છે? નિશાળે ગયો. બધું ભૂલી ગયો. બીજા દિવસે છાપું વાંચવાનો મારો ક્રમ, છાપું વાંચવું મને ગમે, મેં છાપું વાંચ્યું ત્યારે મેં એની હેડલાઇન જોઇ. અહીંયા આંકડા આપતા કોઇ સભ્ય હાજર નથી પણ મેં એ વખતની હેડલાઇન જોઇ કે ખેડૂતોના લાખો હજારો ટ્રેક્ટર ગાંધીનગરમાં એમની માંગણી માટે આવ્યા. ત્યારે એમની માંગણી ૪ કલાક વીજળીની હતી. માનનીય અધ્યક્ષશ્રી, તેમની માગણી શું હતી? તેમની માગણી દુષ્કાળની અંદર સહાય માટેની હતી. તેની માગણી શું હતી? તેમની માગણી દેવામાં રાહત આપવાની હતી. તેની માગણી શું હતી? તેની માગણી સિંચાઇનું પાણી આપવાની હતી. એ દિવસો મેં જોયા છે, એ છાપાની હેડલાઇન મેં વાંચી છે કે, ચાર કલાક વીજળી માટે મારો કિસાન એ ગાંધીનગર ટ્રેકટર લઇને આવતો હોય, આંદોલન કરતો હોય એ કંઇ નફો લઇને નહોતો જતો પણ ચાર લાશ લઇને જતો હતો એ દિવસો મેં જોયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું રાજનીતિના નજીકના પરિવારમાંથી આવું છું. એટલા માટે હું તેનો સાક્ષી છું. કોણે શું આપ્યું તેનો મારે હિસાબ નથી કરવો, પરંતુ એ સમૂહ ખેતીના પ્રણેતા અને એક વખત 'લેવી' ના માટે સાવરકુંડલાની નાવલી નદીમાંથી પાઘડી ફેંકી દીધી હોય એ પરિવારમાંથી હું આવું છું એ મારા બાપના પરિવારમાંથી હું આવું છું એટલા માટે મને આની રજેરજની ખબર છે. લેવી કોની પાસેથી લેતા હતા? કઇ સરકારો હતી એ લેવી લેવાવાળી? દુષ્કાળ પડ્યો હોય અને ખેડૂતને ઘાન પાકયું ના હોય, ખેતરની અંદર વરસાદનું ટીંપુ પણ ન પડ્યું હોય, લેણાંના ખપ્પરમાં હોમાયેલા ખેડૂત સરકારના અધિકારીઓ આવી અને તેની પાસેથી લેવીની માગણી કરતા હતા કારણ કે ગૃહના ઘણા બધા સભ્યોને ખબર નહીં હોય કે લેવી શું હતી? એ લેવી એ આપણે આજે રેશનનું અનાજ આપીએ છીએ તે અનાજ ખેડૂતો પાસેથી સરકારના ભાવે અને કેવા ભાવ હતા એ પણ મને ખબર છે. એ ઉઘરાવતા હતા અને ખેડૂત છે તેની આંખમાંથી આંસુડા વહી જતાં હોય અને પોતાના બાળક માટે ઘરની અંદર ઘાન ના હોય છતાંય સરકારને આપવું પડતું હતું આ ગુજરાતનો *(**xxx**)ઇતિહાસ છે. ચાર કલાક વીજળી માટે ચાર લાશો મેં જોઇ છે. એ ગુજરાતના ખેડૂતની દશા મેં જોઇ છે કારણ કે તે પરિવારમાંથી હું આવુ છું. એક વખત વર્ષ ૧૯૮૦-૯૦નો ખેડૂત એમ કહેતો હતો સૌરાષ્ટ્રની અંદર કે આ જમીન એ અમારો બોજ છે, જમીન અમારાથી છૂટતી નથી. અમે અહીંથી શહેરમાં જતાં નથી અને આપણે બે પાંદડે થતાં નથી. ગુજરાતની અંદર ખેડૂત માટે સોનાનો સૂરજ ત્યારે ઉગ્યો કે જયારે ગુજરાતની અંદર સ્વર્ગીય કેશુભાઇની સરકારે શપથ લીધા. ખેડૂતોની સરકાર બની, કેશુભાઇની સરકાર..

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો કલંકિત ઇતિહાસ તે અસંસદીય શબ્દ છે તે શબ્દો દૂર કરવા વિનંતી.

ઉપાધ્યક્ષશ્રી : તે જોઇ લઇશું અસંસદીય હશે તો દૂર કરીશું. ઇતિહાસની વાત છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ના મેં કોઇ પર આક્ષેપ કર્યો કે ના હું કોઇના વ્યકિતગત પર આક્ષેપ કરવા માગું છું કે ના મારું કોઇ રાજનૈતિક અવલોકન છે. આ વાસ્તવિક છે. સ્વ. કેશુભાઇએ ગુજરાતના ખેડૂતને નિર્ભય બનાવ્યો. શું આપ્યું શું ના આપ્યું તેની મને ખબર નથી, પરંતુ ગુજરાતનો ખેડૂત જે ઘોળા દિવસે ખેતરે જઇ નહોતો શકતો. ખેતરે જો ઢાંઢા બાંધ્યા હોય અને રાત્રે તે ઘરે આવી ગયો હોય તો રાત્રે તે ઢાંઢા ચોરાઇ જતા હતા. ખેતરની અંદર ગંજી હોય તો રાત્રે કોઇ ગંજી

* આ શબ્દો અસંસદીય હોઇ અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સળગાવી જતા હતાં. સારું પાકયુ હોય તો ઊભાં પાકને સળગાવી દેતા હતા તે પરિસ્થિતિમાંથી ગુજરાતના ખેડૂતને નિર્ભય બનાવવાનું જો કોઇએ કામ કર્યું હોય તો એ સન્માનનીય કેશુભાઇ પટેલની સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ–૨૦૦૦માં નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી. હું બહુ ગર્વ સાથે કહી શકું કે જેમ ગુજરાતની અંદર એ સોનાનો સૂરજ ઉગ્યો હતો જયારે કેશુભાઇએ શપથ લીધા ત્યારે, તેમ ભારતની અંદર વર્ષ–૨૦૧૪ની ૨૬મી મે એ જયારે શ્રી નરેન્દ્રભાઇએ શપથ લીધા ત્યારે ભારતના ખેડૂતોનો સોનાનો સૂર્યોદય થયો હતો. એ જ નરેન્દ્રભાઇએ રાજયના ખેડૂતોને શું આપ્યું? માનનીય નરેન્દ્રભાઇએ રાજયના ખેડૂતોની વર્ષો જૂની માગણી હતી તે વીજળી આપવાનું કામ રાજયની અંદર નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કર્યું. કેવી સ્થિતિ હતી વીજળીની? ૧૮ વર્ષનો બેકલોગ હતો. બાપ ખેતરમાં વીજળીનું કનેકશન માગે અને બાપની જિંદગી પૂરી થઇ જાય તો પણ કનેકશન નહોતું મળતું એ કનેકશન દીકરાને મળતું હતું. આજે મારે ગર્વ સાથે કહેવું પડે કે, શ્રી નરેન્દ્રભાઇએ શપથ લીધા પછી એ બેકલોગને તો ઓછો કર્યો અને શ્રી નરેન્દ્રભાઇએ જયોતિગ્રામની સાથે ખેડૂતને પોતાને માગે ત્યારે ત્રણ મહિનાની અંદર વીજળીનું કનેકશન આપે એ પ્રકારની શરૂઆત કોઇએ કરી હોય તો રાજયના આજના આપણા પ્રધાનમંત્રી અને એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી હતી. કોઇને કલ્પના નહોતી, એવો વિચાર શુદ્ધાં પણ કોઇને ના સૂઝયો કે પાણી પાણી પોકારતો રાજયનો ખેડૂત એ પાણી વગર શું કરી શકે? હિજરતનાં ટોળાં દેખતાં હતાં પણ કોઇના મનમાં એ વિચાર નહોતો આવતો. એક એવુ ભેજુ હતું જેણે ગરીબાઇ જોઇ હતી, ગરીબ ખેડૂતને જોયો હતો, એમણે સ્ટેશનની અંદર ચા વેચી અને ગરીબાઇ કેવી છે એને અનુભવી હતી. એમણે સ્ટેશનની અંદર ચા વેચી અને ગરીબાઇ કેવી છે એ અનુભવી હતી અને એના મનની અંદર વિચાર આવ્યો કે અમરકંટકમાંથી નીકળતું નર્મદાનું પાણી અમારા અમરેલીની અંદર પણ સૌની યોજનાની મારફત પહોંચાડે અને ત્યારે ખેડૂત સુખી થાય, આ ખેડૂતની તરસ છીપાવવાનું કામ જો કોઇએ કર્યું હોય તો માનનીય નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. માનનીય આનંદીબેન પટેલ મુખ્યમંત્રી તરીકે હતા, હું ગર્વ સાથે કહી શકું આ ગૃહની અંદર કે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી, દેવાના ખપ્પરમાં હોમાયેલો ખેડૂત એ ૧૮–૧૮ ટકા વ્યાજ ભરતો હતો, આનંદીબેન પટેલે ઇનીશીએટીવ લીધું, માનનીય નરેન્દ્રભાઇ ત્યારે મુખ્યમંત્રી હતા એ વખતે મહેસૂલ મંત્રી આનંદીબેન હતા, ખેડૂતને એક ટકા વ્યાજે લોન આપવાની શરૂઆત કરી અને આજે મારે ગર્વ સાથે કહેવું પડે કે નરેન્દ્રભાઇની દીર્ઘદ્રષ્ટિ અને આનંદીબેનની આવડતને કારણે આજે રાજય સરકાર ત્રણ લાખ રૂપિયા સુધીનું કૃષિ ધિરાણ ઝીરો ટકા વ્યાજે આપે છે. માનનીય વિજયભાઇ રૂપાણી જયારે રાજયના મુખ્યમંત્રી બન્યા, ખેડૂતને ખબર નહોતી કે રાત્રે કોણ શેઢા ફેરવે છે, કોણ સરહદો ઓળંગે છે, કોણ એન્ક્રોચમેન્ટ કરે છે અને એ એન્ક્રોચમેન્ટ ખેડૂતના ખેતરમાં કોઇ કરતું હતું ત્યારે એને કોઇ કાયદાકીય સંરક્ષણ નહોતું પણ આજે માનનીય વિજયભાઇ આપણી વચ્ચે નથી પરંતુ એમને આ ગૃહની અંદર યાદ કરું છું કે ખેડૂતને પોતાની જમીન માટે આરક્ષિત કરી સંરક્ષણનો કાયદો કર્યો હોય તો સ્વર્ગીય વિજયભાઇ રૂપાણીએ કર્યો છે. તેનાથી આગળ વધીએ તો રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ, નાણામંત્રી શ્રી કનુભાઇ અહીં બેઠા છે, રાજયના ગૃહમંત્રી હર્ષભાઇ અને ૩૨ વર્ષની ઉંમરમાં એક નાયબ ગૃહમંત્રી કેવી રીતના નિર્ણયો લઇ શકે એનો તાજો આપણો દાખલો છે. કૃષિમંત્રી અહીંયા બેઠા છે. કાપ દરખાસ્તવાળા એકેય દેખાતા નથી. મારે કહેવું પડે કે ભુપેન્દ્રભાઇએ શું કર્યું. ભુપેન્દ્રભાઇએ એવું કર્યું કે જયારે જરૂર પડે, કુદરત જયારે ખેડૂતને સજા કરે છે ત્યારે ગુજરાતની અંદર ભુપેન્દ્રભાઇની સરકાર, દાદાની સરકાર તિજોરીના દરવાજા ખોલી નાખે છે. મેં મંત્રીઓને જોયા છે, ખેડૂત માટેની પીડા હતા અને દિવાળીનો અવસર હતો એ વખતે જોઇ છે. સતત દસ દિવસ વરસાદ પડયો, ખેડૂતનો પકાવેલો પાક ખેતરમાં, કુદરતનું તાંડવ હતું. ખેડૂતની પીડા આપણાથી જોવાય નહીં, સહન ન થાય પણ જોવાય પણ નહીં એવી સ્થિતિ હતી ત્યારે એકેય કાપ દરખાસ્તવાળા ખેતરમાં કયાંય દેખાયા નથી. ખેતરમાં દેખાયા તો રાજયના કૃષિમંત્રી દેખાયા, અમારા શ્રી કૌશિક વેકરીયા દેખાયા, અમારા શિક્ષણમંત્રીશ્રી દેખાયા, અમારા શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા દેખાયા, જેણે જેવા ફોટા છાપ્યા પણ એમણે એવું ન છાપ્યું કે ભારતીય જનતા પાર્ટીની ફોજ છે એ ખેતરમાં ઉતરી ગઇ છે અને ખેડૂતના આંસુડા લૂછે છે, મારે ગર્વ સાથે કહેવું પડે કે એક સાથે દસ હજાર કરોડ રપિયા રાજયની તિજોરીમાંથી આપવાનું કોઇએ મુનાસીબ માની અને ખેડૂતના આંસુ લૂછ્યા હોય તો એ માનનીય ભુપેન્દ્રભાઇ દાદાની સરકારે કર્યું છે. અમારે ત્યાં એક જજળી ગામ છે, હું એક અવસાન થયું હતું એના કારણે ત્યાં ગયો અને આપને ખબર છે કે એની બહુ ગરિમા છે, હું ગયો ત્યારે પાછળ નિર્દોષ ખેડૂતો વાતો કરતા હતા કે પાકયું હતું એટલું પાકયું પણ ખરું, આજે બજારમાં જાય પણ છે, ભાવ પણ મળે છે અને બેંકમાં સીધા પૈસા આવે છે આ ખેડૂતોનો શ્વાસ એ અમારી જનતાનો અમારા ઉપરનો વિશ્વાસ છે. કેવી રીતે સંકટમાંથી બહાર કાઢયા આ એનું ઉત્તમ ઉદાહરણ છે. એવું કહેવાય છે કે વ્યાજ છે એ પાપ છે, વ્યાજ લેવાય નહીં અને જે વ્યાજ ના લે એનો વેલો વધે અને જે વ્યાજ લે એનો વેલો ઘટે વેલો એટલે તમને ખબર હશે, ભારતીય જનતા પાર્ટી છે, નરેન્દ્ર મોદીની આ દેશની અંદર પાર્ટી છે, ખેડૂતના જે ૧૮ ટકાએ વ્યાજ લેતા હતા એ અમે ઝીરો ટકાએ સહાય આપીએ છીએ. જરૂર પડ્યે સહાય આપીએ છીએ. આખું લીસ્ટ સહાયનું છે એટલા માટે આજે જોઇ લો કે લગભગ પાંચ ભાગ અમારા છે અને છઠ્ઠો ભાગ એનો છે, વેલો ઘટયો છે અને અહીંયા વેલો વધતો જાય છે. માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને દિલથી વધાવું છું અને એને સમર્થન આપું છું.

શ્રી હેમંતભાઈ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ કૃષિપ્રધાન દેશ કહેવાય અને એટલે ખેડૂત અને પશુપાલક એ આ દેશના આત્મા કહેવાય. પરંતુ ભૂતકાળમાં આપણે જોયું કે વીસ મણ મગફળીનો ભાવ હોય એના બરાબર એક તોલા સોનાનો ભાવ રહેતો. આજે સોનાનો ભાવ ૩.૧,૭૫,૦૦૦ છે અને ખેડૂત ૨૦ મણ મગફળી વેચવા જાય તો એને ૩.૨૫થી ૩૦ હજાર મળે છે. આ જોતાં મગફળીનો ભાવ કેટલો હોવો જોઈએ એનો અંદાજ કૃષિ મંત્રીશ્રી લગાવી શકે. એ પ્રમાણે ભાવો મળવા જોઈએ. ખેડૂત જ્યારે વાવણી કરવા જાય ત્યારે પાયાના ખાતર તરીકે ડી.એ.પી.ની અછત હોય, જ્યારે યુરિયા નાખવાની વાત આવે ત્યારે યુરિયા નાખવા માટે લાઈનમાં ઊભા રહેવું પડે. એ વખતે નેનો યુરિયા જબરજસ્તી ખેડૂતોને આપવામાં આવે. ખેડૂતોને પાણી આપવાનું થાય ત્યારે આઠ કલાક વીજળી આપવાની *(**xxx**) આઠ વખત ઝાટકા માર્યા પછી આઠ વખત વીજળી મળતી હોય. આવી અનેક સમસ્યાઓનો સામનો કરી ખેડૂત પોતાની ઉપજ લઈ જ્યારે એ.પી.એમ.સી.માં વેચવા જાય. ત્યારે એક તો પૂરા ભાવ નથી મળતાં અને સરકાર ટેકાના ભાવે મગફળી ખરીદવાની વાત કરે એમાં માત્ર ૧૨૫ મણ મગફળી ખરીદે. કોઈ ખેડૂતને ૫૦૦થી ૭૦૦ મણ મગફળીનું ઉત્પાદન થયું હોય તો એને ૧૨૫ મણ મગફળી વેચવા માટે થઈ ત્રણ મહિના સુધી રાહ જોવી પડતી હોય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(વાતો કરતી સરકાર) કામ કરતી સરકાર છે અને કામ થતાં પણ હોય છે. ખાલી ***(xxx)'** એ શબ્દ યોગ્ય નથી. આઠ વખત ઝટકાની બિલકુલ પાયા વગરની વાતો કરી રહ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દો રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

શ્રી હેમંતભાઈ હ. આહિર : એવી જ રીતે ખેડૂતો પાસેથી ૩.૧૪૫૦ના ટેકાના ભાવે મગફળી ખરીદી પછી એને સ્ટોર કરવા માટે ૩.૧૦૦થી ૧૫૦નો બીજો ખર્ચ કરતી હોય છે. એના કરતાં ભાવાંતર યોજનાથી સીધા ખેડૂતોના ખાતામાં પૈસા નાખી દેવામાં આવે તો મગફળી ખરીદવામાં સરકારને અન્ય ખર્ચ થાય છે એ બોજ પણ ના આવે અને ખેડૂતોને વધુ પ્રમાણમાં ફાયદો થઈ શકે. આગામી સમયમાં ભાવાંતર યોજના લાગુ કરવામાં આવે એવી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ભૂતકાળમાં એવું કહેવાતું હતું કે ' ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી. એના બદલે સતત ખેડૂતોની અને ખેતીની અવગણનાઓ થતી આવી છે એને કારણે આજે ગામડામાં પરિસ્થિતિ એવી છે કે કોઈ ખેતી કરતા દીકરાનું સગપણ કરવું હોય તો એનું સગપણ નથી થતું. આવી પરિસ્થિતિ આપણી સામે આવીને ઊભી છે. તો આગામી સમયમાં આમાં કંઈ યોગ્ય કરવામાં આવે છે. એક તો કૃષિને દર વખતે બજેટ ઓછું ફાળવવામાં આવે છે. આ વખતે પણ કૃષિને ફાળવેલ બજેટમાંથી લગભગ ૧૪ ટકા જેટલું બજેટ વણવપરાયેલું પડ્યું રહ્યું છે. આ અંગે પણ બજેટની પૂરેપૂરી ફાળવણી થાય એ અંગે યોગ્ય કરવામાં આવે. આ વખતે ૩.૪,૦૮,૦૦૦ કરોડના બજેટની વાત કરવામાં આવી પરંતુ આ બજેટમાં આપણે નજર નાખીએ તો ખેડૂતોને અગ્રો પ્રોસેસિંગ યુનિટ સ્થાપવા માટે, ખેડૂતોને પોતાની જણસીના પૂરા ભાવ મળી રહે એના માટે આ બજેટમાં ૩.૧૨ કરોડની નજીવી જોગવાઈ કરવામાં આવી છે એ ખૂબ અન્યાયકારી છે. એવી જ રીતે પશુપાલન કરતાં જે લોકો છે એમાં ભૂતકાળમાં ખૂબ મોટા ચરિયાણો હતા. હાલમાં પવનચક્કીઓ, સોલાર અને અન્ય ઉદ્યોગો આવતાં....

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબની સહકાર વિભાગની માગણી ક્રમાંક- ૫ અન્વયે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસ ડેરી હાલના સમયે વિવિધ આયામો જેમ કે કૃષિ, આરોગ્ય, શિક્ષણ તથા સિંચાઇ જેવા ક્ષેત્ર પર કામ કરીને સહકારી ક્ષેત્રને નવી દિશા આપવાનું કામ તથા દેશમાં અલગ-અલગ જગ્યાએ ખાસ કરીને દેશના ગૌરવવંતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના લોકસભા વિસ્તારમાં વારાણસીમાં પ્લાન્ટ નાંખી સરકાર અને સહકારના સમન્વય થકી દેશના પશુપાલકોને સમૃદ્ધ કરવાની અલગ પહેલ કરવા માટે સૌથી પહેલા આપણે ગૃહના અધ્યક્ષ અને બનાસ ડેરીના વિઝનરી ચેરમેન શંકરભાઇ સાહેબને ખૂબ-ખૂબ અભિનંદન. સહકાર ખાતું એ માનવ જીવન સાથે પણ સંકળાયેલું છે. આપણે સવારે જ્યારે ઊઠીએ ત્યારે ચા કે કૉફી પીએ તેમાં મહદ્અંશે દૂધનો ઉપયોગ થાય છે. તે દૂધ પશુપાલકો ડેરીને આપે અને ડેરી ગામ અને શહેરમાં દૂધનું વિતરણ કરે છે તેમાં પણ સહકાર છે. ચા કે કૉફીમાં ખાંડ પણ નાખવામાં આવે છે તેના કારણે તેનો સ્વાદ આવે છે. તે કામ પણ સહકારની સુગર ફેક્ટરીઓ દ્વારા કરવામાં આવે છે. બપોરે કામ-ધંધા અર્થે જવાનું થાય તેવા સમયે રોટલી અને શાક ટિફિનમાં અથવા ઘરે જમીએ. આ શાકભાજી પણ સહકાર ક્ષેત્રની એ.પી.એમ.સી.માંથી જ પહોંચાડવામાં આવે છે. આપણા કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહે સમગ્ર રાજ્યની સુગર ફેક્ટરી અને ડેરી જેવી સહકારી સંસ્થાઓના ખાતા કૉ-ઓપરેટિવ બેંકમાં ખોલવાની કામગીરી સહકાર ક્ષેત્રે થઇ છે. એટલે એમ કહું તો ખોટું નથી કે સમગ્ર દિવસ દરમિયાન સહકાર ક્ષેત્ર જોડાયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇના નેતૃત્વમાં ૩.૪ લાખ કરોડનું બજેટ રજૂ કર્યું છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, સરકારનું જેટલું બજેટ છે તેટલું બજેટ જ સહકાર વિભાગનું પણ છે.

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાતમાં ૨૧૫ અર્બન બેંકો આવેલી છે જેનું ટર્ન ઓવર રૂ.૧ લાખ ૪૬ હજાર કરોડ જેટલું છે. સમગ્ર રાજ્યમાં ૧૮ જેટલી મધ્યસ્થ સહકારી બેંકો આવેલી છે તેનું ટર્ન ઓવર રૂ.૧ લાખ ૧૫ હજાર કરોડ જેટલું છે. ડેરીની વાત કરીએ તો ડેરી ક્ષેત્રે પણ અંદાજિત રૂ.૧ લાખ કરોડ જેટલું ટર્નઓવર છે. તેની સાથે ગુજરાતમાં ૨૨૪ એ.પી.એમ.સી. માર્કેટનું ટર્નઓવર રૂ.૬૫,૫૯૧ કરોડ છે. તદુપરાંત રાજ્યની સુગર ફેક્ટરીઓ, જિલ્લા સહકારી સંઘ, જિલ્લા ખરીદ વેચાણ સંઘ, ગુજકોમાસોલ, ખેતી બેંક સહિત રાજ્યની ૮૭,૨૦૧ જેટલી સહકારી સંસ્થાઓ રાજ્યમાં કાર્યરત છે. એવું કહેવાય કે સરકારની સાથે સાથે આ ગુજરાતની સમૃદ્ધિમાં સહકારનો ખૂબ અગત્યનો ફાળો છે. સહકારી ક્ષેત્રે જેટલી પણ સંસ્થાઓ છે તેમાં રોજગારીની વાત કરીએ તો મહદ્અંશે પશુપાલક અને ખેડૂતોના પુત્રોને સહકાર ક્ષેત્રમાં રોજગારી મળી રહી છે. આપણા દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે સહકારિતા મંત્રાલયની સ્થાપના કરી અને ગુજરાતના પનોતા પુત્ર અને સહકારના ચાણક્ય એવા શ્રી અમિતભાઈ શાહને આ જવાબદારી સોંપી. મને કહેતા આનંદ થાય છે કે આ સહકારી ક્ષેત્રોનું ગઠન થયા પછી તેમાં દેશના ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત અને વેગવંતુ કરવા માટે સરકાર દ્વારા પૅક્સ મંડળીને પાયામાં રાખીને ૧૦૦ જેવા નવા ઇનિશિએટિવ લેવામાં આવ્યા છે. જ્યારે આપણા હાલના પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ સહકાર મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માજી સહકાર મંત્રી હતા તે સમયે આ પૅક્સ મંડળીઓ ફક્ત કૃષિ ધિરાણ નહીં પરંતુ ગ્રામ્ય કક્ષાએ વધારાની પ્રવૃત્તિઓ કરતી થાય તે હેતુસર રાજ્યની તમામ પ્રાથમિક કૃષિ વિષયક મંડળીઓને માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી અને ગુજરાત રાજ્યના સહકારના ડાયનેમિક મંત્રી અને અમારા એક વખતના સાથી શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ જ્યારે વર્ષ ૨૦૦૫માં પ્રદેશ અધ્યક્ષ હતા તે સમયે હું તેમની કામગીરીથી હું વાકેફ છું. તેઓ ત્વરિત નિર્ણય કરે છે અને તેને ધ્યાનમાં રાખીને કૃષિ મંડળીઓને ખાસ કરીને ગ્રામ્ય કક્ષાએ જન ઔષધિ કેન્દ્ર, સી.એસ.સી. સેન્ટર, પાણી સમિતિ, પેટ્રોલ પંપ, ડીઝલ પંપ, એલ.પી.જી. પંપની ડીલરશિપ અને પ્રધાનમંત્રી કૃષિ સમૃદ્ધિ કેન્દ્ર જેવી અલગ અલગ કામગીરી કરતી થાય અને તેના થકી મંડળીને આવકના સોર્સ વધે તેવી કામગીરી આપણા મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં ડાયનેમિક કૃષિમંત્રીશ્રી કરી રહ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે સહકાર મંડળીઓને પોષણક્ષમ ભાવ મળે તેને ધ્યાનમાં રાખીને હાલની શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં માનનીય મંત્રી શ્રી જીતુભાઇ દ્વારા ખાસ કરીને ખેડૂતોના પાક ઉત્પન્ન થાય ત્યારે તેને માર્કેટમાં પોષણક્ષમ ભાવ ન મળે છતાં નીચા ભાવે પણ ખેડૂતોને પોતાના પાકનો નિકાલ કરવો પડે છે એવા સંજોગોમાં મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં આપણી સંવેદનશીલ સરકારે ગ્રામ્યકક્ષાએ આ વખતે ખાસ કરીને આપણા સહકાર મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબે પાકની સંગ્રહ ક્ષમતામાં વધારો થાય તે હેતુસર રાજ્યની કોઇપણ સહકારી મંડળી ૨૫૦૦ મેટ્રિક ટન સુધીના ગોડાઉન બનાવે તો રાજ્ય સરકાર દ્વારા પર મેટ્રિક ટન ૭૫૦૦ રૂપિયા એટલે કે ૭૫ ટકા જેટલી માતબર રકમની સબસિડી સરકાર આપવા જઇ રહેલ છે. જેનાથી મંડળી સાથે જોડાયેલા લાખો ખેડૂતો પોષણક્ષમ ભાવે પોતાનો પાક ગ્રામ્ય કક્ષાએ સંગ્રહ કરી શકશે અને યોગ્ય સમયે પોતાની ઉપજને માર્કેટમાં પોષણક્ષમ ભાવે વેચી શકશે. દક્ષિણ ગુજરાતમાં મહદંશે સુગર ફેક્ટરીઓ આવેલી છે. દરવર્ષે લગભગ એક કરોડ ટન શેરડીનું ઉત્પાદન કરે છે. આ સુગરમિલો સાથે હજારો સભાસદો અને મજૂરવર્ગ જોડાયેલો છે. તેઓ પણ સરકારના વિવિધ લાભોથી વંચિત ન રહે તે માટે હાલની રાજ્ય સરકારે તેઓને ઇન્ટરેસ્ટ સબસિડી માટેની જે પહેલ કરી છે તે માટે માનનીય મંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. હાલમાં જ આપણા જીતુભાઇ સાહેબ સહકાર મંત્રીશ્રી બન્યા ત્યાર પછી ગુજરાતની ૨૨૬ એ.પી.એમ.સી. માર્કેટને પહેલાં રૂ.૫ કરોડ સુધીની કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત એમને સહાય આપવામાં આવતી હતી. પરંતુ અમને કહેતાં આનંદ થાય છે કે આજે સહાય છે એની રકમ બમણી રૂ.૧૦ કરોડ જેટલી કરી છે. જેના કારણે આખા રાજ્યમાં ૨૨૬ એ.પી.એમ.સી. માર્કેટોમાં પાયાની સુવિધા જેવી કે, ગોડાઉન, રસ્તા, સેનિટેશન, વે-બ્રિજ, ગ્રેડિંગ મશીન થકી ખેડૂતને પણ લાભ થવાનો છે એ બદલ હું ખૂબ ખૂબ આભાર માનું છું. એની સાથે-સાથે ખેડૂતોની જણસીના પોષણક્ષમ ભાવો મળે એના માટેના પણ પ્રયત્નો સરકાર કરી રહી છે. આપણા પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબનું સપનું છે અને ખેડૂતોની આવકને બમણી કરવાની વાતે છે એને ધ્યાનમાં રાખીને સુરત એ.પી.એમ.સી.માર્કેટ દ્વારા હમણાં જ થોડા દિવસો પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ, સહકાર મંત્રીશ્રી જીતુભાઇની આગેવાની હેઠળ સમગ્ર રાજ્યમાં પહેલું એલિવેટર માર્કેટ પ્રથમ માળે માર્કેટ એમાં ખાસ કરીને તમારે જે રીતે એરપોર્ટ ઉપર આપણે રેમ્પ ચઢીએ ત્યારબાદ રેમ્પ ઊતરવાનો આવે એ રીતનું માર્કેટ બનાવવાની કામગીરી આપણે પૂર્ણ કરી છે. આ એલિવેટર માર્કેટમાં પણ એના બીજા માળ પર પાર્કિંગની વ્યવસ્થાનું પણ આયોજન કરેલ છે. એની સાથે ખાસ કરીને ખેડૂતોની આવક બમણી કરવાની જે વાત છે એને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ, સહકાર મંત્રીશ્રી જીતુભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજી આગેવાની હેઠળ સુરત માર્કેટ યાર્ડમાં જે એલિવેટર માર્કેટયાર્ડ બનાવ્યું છે એમાં લગભગ રૂ.૧૮ કરોડ સબસિડી મોદી સાહેબે આપી છે એ માટે એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. ખેડૂતો માટે તેઓ કાયમ પોઝિટિવ છે. આપણા મુખ્યમંત્રીશ્રીની નેમ છે કે જે માર્કેટયાર્ડોમાં સાઇટ પર જે કચરો પડે છે એ કચરામાંથી બાયોગેસ પ્લાન્ટ બનાવવાની વાત છે. એમાં પણ ૧૬ એ.પી.એમ.સી. માર્કેટને રૂ.૧૨૫ લાખની સબસિડી ગુજરાત સરકારે આપી છે. આ બાયોગેસ પ્લાન્ટ ખૂબ સારી રીતે ચાલે છે. ખેડૂતોની આવક બમણી કરવાની વાત છે એને ધ્યાનમાં રાખીને બીજી એક વાત કરું કે દક્ષિણ ગુજરાતના જે ખેડૂતો છે એમની કેરી ૧૬ એ.પી.એમ.સી. દ્વારા ખરીદવામાં આવે છે અને ખાસ કરીને એ કેરી પતરાવાળા શેડ નીચે દેશી પદ્ધતિથી ઘાસ દ્વારા પકવવામાં આવે છે. ત્યારબાદ આ કેરીનો પલ્પ વિદેશમાં અમેરિકા, રશિયા, કેનેડા, જર્મની, કોરીયા અને દુબઇ જેવા દેશોમાં એક્સપોર્ટ કરવામાં આવે છે. અને આ

પ્લાન્ટમાં અમને કેન્દ્ર સરકાર દ્વારા ૩. ૮ કરોડની સબસિડી મળી છે. આ તબક્કે આપણા પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબ, આપણા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીજી અને સહકાર મંત્રીશ્રી જીતુભાઇ સાહેબનો ખૂબ-ખૂબ આભાર માનું છું. મને કહેતા આનંદ થાય છે કે ખેડૂતોના કિસાન ક્રેડિટ કાર્ડનું વ્યાજ આપણી કેન્દ્ર અને રાજ્ય સરકાર ભોગવે છે અને ખેડૂતોને ઝીરો ટકાએ ધિરાણ આપવાનું કામ થઇ રહ્યું છે. પશુપાલકો અને ફિશરીઝને પણ સરકારે આ કિસાન ક્રેડિટ આપવાની કામગીરીની શરૂઆત કરાવી છે. બીજી મહત્ત્વની વાત એ છે કે, ગુજરાતમાં સહકારી મૉડલની વાત કરું તો આજે સુરત એ.પી.એમ.સી.માં દેશના અલગ-અલગ રાજ્યો ખાસ કરીને, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાંથી શાકભાજી અહીંયા આવે છે અને શાકભાજી આવ્યા પછી એને ક્લિનિંગ, ગ્રેડિંગ કરીને એક્સપોર્ટ કરવામાં આવે છે. સહકાર ક્ષેત્રની વાત છે એમાં માનનીય જીતુભાઇ આપણા સહકાર વિભાગની માગણી ક્રમાંક-૫ લઇને આવ્યા છે એમાં મારું એટલા માટે સમર્થન છે કે રાજ્યમાં જે રીતે સહકારી ક્ષેત્ર ચાલી રહ્યું છે, મેં વાત કરી એમ સરકારનું જેટલું બજેટ છે એટલું સહકારનું બજેટ છે એટલે આ તબક્કે હું રાજ્ય સરકારનો ખૂબ-ખૂબ આભાર માનું છું કે સહકારી ક્ષેત્રમાં અલગ-અલગ નવા આયામો લાવી નવી પ્રવૃત્તિઓ કરેલ છે. ખાસ કરીને ગામની સેવા સહકાર મંડળીઓ ભૂતકાળમાં ખાતરનું ધિરાણ કરતી હતી એની જગ્યાએ આજે એ બધા જ કામો કરી શકે એવો ઐતિહાસિક નિર્ણય આ સરકારે કર્યો છે ત્યારે હું રાજ્યની સરકારને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું અને મારી વાત પૂરી કરું છું. જય જવાન, જય કિસાન.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ગોપાલક મંડળીઓ ખૂબ વર્ષોથી ચાલી આવતી મંડળીઓ હતી અને એમાં હજારો ખેડૂતો સભાસદ તરીકે હતા. અમારા વિસ્તારના ખેડૂતોને અગાઉ ગોપાલક મંડળીઓમાં સભાસદ તરીકે, પેક્સ મંડળી તરીકે આવરી લેવાયા હતા પરંતુ એ ખેડૂતોને કોઇક કારણોસર મંડળીના નામમાં ગોપાલક શબ્દ હતો એના કારણે એ વસ્તુ આગળ રાખી, એમના અધિકારો હતા એ અધિકારોમાંથી બહાર નીકળી ગયું છે અને એ.પી.એમ.સી.માં મત આપવાનો અધિકાર હતો એ અધિકાર છીનવાયો છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં ઊંડો અભ્યાસ કરી એ લોકોના અધિકારો એમને મળે એ પ્રકારનું કામ થાય. અત્યારે ઉત્તર ગુજરાત અને સમગ્ર ગુજરાતમાં બટાકાની સિઝનમાં બટાકાના ભાવોમાં ખેડૂતોને ખૂબ તકલીફ છે. ખેડૂતો છેલ્લાં ત્રણ વર્ષથી સતત નુકસાન કરતાં આવ્યા છે. આપણી સરકારના માધ્યમથી કોલ્ડ સ્ટોરેજો અને કોન્ટ્રાક્ટ ફાર્મિંગના કારણે ખેડૂતોએ બે વર્ષ ગમે તે કરીને કાઢ્યા છે પરંતુ આ વર્ષે ખેડૂતોની પરિસ્થિતિ ખૂબ દયાજનક છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે વર્ષ ૨૦૨૨માં સરકારશ્રીએ એમને કોલ્ડસ્ટોરેજના ભાડામાં સહાય કરી, ખેડૂતોને મદદ કરી હતી એ પ્રકારની મદદ થાય એવી આપને વિનંતી છે. માનનીય મંત્રીશ્રી, કોરોના વખતમાં આવશ્યક ચીજવસ્તુઓ માટે અન્ન અને નાગરિક પુરવઠામાં જે કર્મચારીઓ ગુજરી ગયા હતા એ લોકોને સહાય મળી હતી અને આપણી સરકારે પરિપત્ર કર્યો હતો. એ પરિપત્રમાં 'સહકાર' શબ્દ લખ્યો ન હતો પરંતુ સહકારી દૂધ મંડળીઓ, એ.પી.એમ.સી.માં શાકભાજીની દુકાનોના સહકારી કર્મચારીઓ શહિદ થયા છે એ લોકો આ લાભથી વંચિત રહ્યા છે અને લાંબા સમયથી આ પ્રશ્ન પણ પેન્ડિંગ છે તો એમાં પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. પશુપાલનની બાબતમાં મારા વિસ્તારમાં ધાનેરામાં પશુઓ માટેના ૧૨ દવાખાનાં આવેલાં છે. પરંતુ ૮ જગ્યાએ ત્યાં સ્ટાફ અને બધું છે પણ બિલ્ડિંગ બન્યાં નથી તો આ ૮ બિલ્ડિંગ બને એ માટે મારી માગણી છે. ધન્યવાદ.

શ્રી સુખાજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી માગણી નં. ૨,૩ અને ૪ લાવ્યા છે એના સમર્થન સાથે હું મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇએ ગુજરાત સરકારના રજૂ કરેલા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં પશુપાલન, ડેરી વિકાસ, ગૌસંવર્ધન માટે વર્ષ ૨૦૨૫-૨૬ની જોગવાઇઓમાં ૬.૪૧ ટકાના વધારા સાથે કુલ રૂપિયા ૨૧૩૦ કરોડની જોગવાઇ સૂચવી છે તે રાજ્ય સરકાર પશુપાલકો, ગૌશાળાઓ, પાંજરાપોળો અને સહકારી ડેરી માળખાને મદદરૂપ થવા કટિબદ્ધ છે એ દર્શાવે છે. ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને અસરકર્તા આ ક્ષેત્રમાં સૂચવેલ જોગવાઇઓ બદલ રાજ્ય સરકારનો હું ખાસ આભાર માનું છું. આજે આ સન્માનનીય ગૃહમાં અમારા પશુપાલન મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબે પશુપાલન, ડેરી વિકાસની માગણી રજૂ કરી છે તેને હું સમર્થન આપી મારા વિચારો રજૂ કરું છું. પશુ આરોગ્યને લગતી સેવાઓને વધુ સશક્ત અને સુલભ બનાવવા માટે શુદ્ધ ઓલાદના પશુઓનું સંવર્ધન અને સંરક્ષણ માટે સુવ્યવસ્થિત પગલાં લેવાં તથા પશુઓમાં ફેલાતા ચેપી રોગના અસરકારક નિયંત્રણ માટે કરવામાં રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ અથાગ પ્રયત્નોને હું બિરદાવું છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૦૨ થી શરૂ કરાયેલ રાજ્યવ્યાપી પશુ આરોગ્ય મેળાઓ આજે પણ ચાલુ છે અને એમાં મોટાપાયે વિવિધ પ્રકારની પશુ સારવાર નિઃશુલ્ક આપવામાં આવે છે. મારા મહેસાણા જિલ્લાની વાત કરું તો મારા જિલ્લામાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૫૮૯ પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરી ૧ લાખ ૧૬ હજાર પશુઓને સારવાર આપવામાં આવી છે. જેમાં ૨૩,૮૦૦ લાભાર્થીઓએ લાભ લીધો છે. વર્ષ ૨૦૨૬-૨૭માં રાષ્ટ્રવ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન સાથે સૂચવાયેલ દરખાસ્તને હું આવકારું છું. ગુજરાત સરકાર ગુજરાતના માણસની આરોગ્યની દ્રષ્ટિએ ચિંતા કરી છે. દા.ત. સગર્ભા માતા જ્યારે સગર્ભા થયા પછી જ્યાં

સુધી બાળક ન થાય ત્યાં સુધી એની ચિંતા કરી આરોગ્ય અને ખોરાક સંબંધે ચિંતા કરી છે. બાળક જન્મ્યા પછી એનું રસીકરણ, એ કુપોષિત ન રહે એની ચિંતા કરી છે. એ રીતે એક કદમ આગળ વધી પશુપાલન ખાતુ પણ પશુ સગર્ભા બનતું હોય છે ત્યારે એની ચિંતા કરીને ખાણની વ્યવસ્થા કરી અને તંદુરસ્ત રાખવાના પ્રયત્નો કરે છે. સાથોસાથ એની વાછડી કે પાડી આવે ત્યારે એને વેક્સિન, ડીવોર્મિંગ અને મિનરલ મીક્ષર સાથેનું ખાણ આપી એ સારું અને તંદુરસ્ત રહે એના માટેની ચિંતા કરી છે. સરકાર તરફથી ૧૦૦ ટકા સહાય આપવામાં આવે છે. માનનીયશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં મારા મહેસાણા જિલ્લામાં કુલ ૧૪,૯૩૧ પશુપાલકોને રૂપિયા ૬ કરોડ ૪૮ લાખના ખર્ચે ખાણદાણની સહાયનો લાભ અત્યાર સુધીમાં આપ્યો છે. આ યોજના હેઠળ રૂપિયા ૬૧ કરોડનો ખર્ચ ૧ લાખ ૫૩ હજાર પશુપાલકોને આવરી લેવા રાજ્ય સરકારે આયોજન કર્યું છે તે માટે રાજ્ય સરકારને અભિનંદન આપું છુ અને આભાર માનું છું. પશુઓમાં જાતિ આરોગ્યની સારવાર કેમ્પનું આયોજન કરી પશુપાલન વ્યવસાયને નફાકારક બનાવવા માટે પણ રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મહેસાણા જિલ્લામાં છેલ્લાં ૩ વર્ષમાં કુલ ૬૭૬ જાતિય આરોગ્ય કેમ્પમાં કુલ ૨૪,૦૩૨ પશુઓનું જાતિય આરોગ્ય સારવાર વિનામૂલ્યે કરવામાં આવ્યું છે. રાજ્યમાં જાતિય આરોગ્ય કેમ્પના આયોજન માટે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં રૂ.૧૨ કરોડ ૫૧ લાખની જોગવાઇને હું મારું સમર્થન આપું છું. અમારા સિનિયર વડીલ અને ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડાએ જે આધુનિક ટેકનોલોજી આવતા સેક્સડ સીમેન ડોઝની પશુઓમાં કૃત્રિમ બીજદાનની સેવાઓ સરકારી સંસ્થાઓ ખાતે આપવાની શરૂ કરી છે. આ એક સરકારનું બહુ રિસર્ચ કરીને એનું સંશોધન કરવામાં આવ્યું છે. પહેલા સામાન્ય સાંઢ પશુ ગાભણ ત્યારે એનો મેઇલ-ફિમેઇલનો ૫૦-૫૦ ટકા રેશિયો રહેતો હતો. એમાંથી કૃત્રિમ બીજદાનની શરૂઆત કરી ત્યારે ૪૦ ટકા ફિમેઇલ અને ૬૦ ટકા મેઇલ એમ કરતાં કરતાં મેઇલની સંખ્યા વધવા લાગી. અત્યારે કિસાનો યાંત્રિક સાધનો સાથે ખેતી કરવા લાગ્યાં એટલે બળદનો ઉપયોગ કરવાનું બંધ કર્યું એના કારણે મેઇલ કહેવામાં આવે છે એ સાંઢના રૂપમાં આજે બજારમાં ફરવા લાગ્યા જેથી બજારમાં અકસ્માત વધતા સરકારે ચિંતા કરી કે મેઇલ કઇ રીતે ઓછા થાય અને ફિમેઇલ વધવાથી પછી દૂધનું ઉત્પાદન વધશે એના કારણે સેક્સડ સીમેન ડોઝનું લેબોરેટરીમાં સંશોધન કરીને જેમ ડૉ. સી.જે.ચાવડા સાહેબે વાત કરી એમ ૯૦ : ૧૦ નો રેશિયો એટલે કે ૯૦ ટકા ફિમેઇલ અને ૧૦ ટકા મેઇલ એ રીતે પશુપાલકોને લાભ થાય એ રીતે આખો આ સીમેન ડોઝ વિકસાવ્યા છે. જ્યારે કૃત્રિમ બીજદાન કરવા માટે ગામડાઓમાં એ જે યુવાનો અને દીકરીઓને સ્પેશિયલ તાલીમ આપીને ગામડાઓમાં સંવર્ધન કેન્દ્રો શરૂ કરીને ટેકનિશિયન તરીકે ગામડાઓમાં જવાબદારી આપીને એને રોજગારી આપવાનું પણ એક સારું કામ પશુપાલન વિભાગ તરફથી કરવામાં આવ્યું છે. રાજ્યમાં પાડી, વાછરડીનું વધુ પ્રમાણમાં જન્મ થાય અને પશુપાલક વ્યવસાય નફાકારક બને તે માટે રૂ.૧૩ કરોડ સેક્સડ સીમેનના ડોઝ માટે સરકારે ફાળવ્યાં છે. ગીર અને કાંકરેજ ગાયની શું કિમત છે? આપણા શરીરમાં એના ઘી, દૂધના શું ફાયદા છે? આ વિષયે આગળ સમજાવ્યું છે. આ બીજદાનથી જન્મેલી વાછરડીને પ્રોત્સાહિત કરવા માટે રૂ.૧ કરોડ ૫૦ લાખ તેમજ રાજ્યવ્યાપી સઘન ખસીકરણ યોજના માટે રૂ.૨ કરોડ ૫૦ લાખની યોજના અંદાજપત્રમાં સામેલ કરી છે એ તબક્કે હું સમર્થન આપું છું. હવે જ્યારે ખસીકરણની વાત આવી ત્યારે ૧૦ ટકા કે ૪૦-૫૦ ટકા મેઇલ હોય એનો ખેડૂતો બળદ તરીકે ઉપયોગ ન કરતા હોય ત્યારે એ બજારમાં ફરતા હોય તો એનું ખસીકરણ કરવાથી આગળ બીજા આવા બિનજરૂરી સાંઢ પેદા ન થાય એ રીતે એના માટે ખસીકરણનું કામ કરવામાં આવે છે. રાજ્યમાં પશુઓ માટે જરૂરી ઘાસની વ્યવસ્થા પણ જરૂરી છે, એના માટે સરકારે એક ગજરાજ ઘાસ કે એના જડિયા આવે એ એકવાર તમે વાવો તો વારંવાર એને વાઢવાથી એ વધારે ફરીવાર પાંગરે અને એ વારંવાર એક જ જગ્યાએ વાવવાથી ઓછી જગ્યામાં વધારે પશુઓને એનો ખોરાક મળે એના જડિયા માટે પણ સરકારે અનુસૂચિત જાતિના પશુપાલકોને શેડ અને આની સહાય પણ સરકારે આપવાનું શરૂ કર્યું છે. ઉચ્ચ કોટિના પશુ ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન મળે એ હેતુથી દર વર્ષ રાજ્યમાં પશુ પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે તેમજ પશુપાલન ક્ષેત્રના વિવિધ પાસાઓનો ઉત્તમ અભિગમ અપનાવનાર પશુપાલકોને પુરસ્કાર આપીને પ્રેરણા આપવામાં આવે છે. હું પણ જયારે આ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતો હતો, વેટરનરી અને જે ખેતીવાડીને લગતા અભ્યાસક્રમ સાથે હું ગ્રેજ્યુએટ થયા પછી સર્વિસ કરતો હતો ત્યારે એક ગાય ૪૦ લિટર દૂધ આપે એ રીતે ડૉ. મણીભાઇ દેસાઇ બાયફ નામની સંસ્થા (ભારતીય એગ્રો-ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન) ચલાવતા હતા અને ડૉ. કુરિયન સાથે મળીને આખું આ શ્વેતક્રાંતિનું અભિયાન ચાલ્યું, ત્યારે ગીર ગાયમાંથી શંકર ગાય અને જર્સી ગાય બનાવી અને તેમાંથી એક દિવસનું ૪૦ લીટર દૂધ કાઢી અને ભારત દેશમાં તેનો પહેલો નંબર પણ આવેલો છે. એટલે આ રીતે શ્વેતક્રાંતિને પ્રોત્સાહન આપવા માટે સરકાર વારંવાર અલગ અલગ મદદ કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા તરણેતરનો ભાતીગળ મેળો હોય તેમાં પશુઓને પણ અંદર લાવતા હોય છે અને પશુ પ્રદર્શન કરી અને જે પશુપાલક હોય તેને પુરસ્કાર આપવામાં આવે છે. આની સાથે સાથે ખેડૂતોને તાલીમ પ્રેરણા પ્રવાસ અને જિલ્લા કક્ષાએ પશુપાલનની શિબિર વગેરેની તાલીમ આપી અને ખેડૂતોને પ્રોત્સાહિત કરતા હોય છે. આ પ્રકારના કાર્યક્રમ માટે વર્ષ-૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સૂચવેલ તમામ જોગવાઇઓને હું મારું સમર્થન જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલકોને ગામ બેઠાં ગુણવત્તાયુકત પશુ ચિકિત્સા અને પશુ સંવર્ધન સેવાઓ ઉપલબ્ધ કરાવવાના રાજય સરકારના અભિગમના કારણે અને રાજય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ પશુપાલન વિસ્તરણ સંબંધિત વિવિધ અસરકારક કાર્યક્રમોના પરિણામે પશુપાલકો પશુપાલન ક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમ અપનાવતા થયા છે. જેના પરિણામ

સ્વરૂપે, પશુઓની દૂધ ઉત્પાદકતામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે અને તેના થકી રાજયના દૂધ ઉત્પાદનમાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે. રાજયના કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારનાં જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોને અન્ય વિકસિત ડેરી સંઘની હરોળમાં લાવવા માટે ડેરી વિકાસ સહાયની યોજના સરકારે વર્ષ ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં સૂચવેલ રૂપિયા ૫ કરોડની જોગવાઇ કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના જિલ્લાઓને, દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વધુ સશકત બનાવવાના હોવાથી આ જોગવાઇને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વોત્તમ સેવાઓ પૂરી પાડી રાજયના પશુપાલકોના હિત અને તેના આર્થિક, સામાજિક વિકાસ સારું વર્ષ ૨૦૨૬–૨૭નાં અંદાજપત્રમાં સમાવિષ્ટ તમામ દરખાસ્તોને હું મારું સમર્થન આપું છું. ભારત માતા કી જય.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ જે માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના ખાતામાં સીધા જ ૬ હજાર પડે અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જે ખેડૂતોને ફાયદો થાય છે તે અકલ્પનીય છે. ખાસ કરીને જયારે ખેડૂતોને ખર્ચ વધ્યો હોય એવા સંજોગોમાં આ સહાયરૂપ છે. સાથે જ અત્યારે જે બટાકા ઉત્પાદન કરતા ખેડૂતોની જે પરિસ્થિતિ છે તેમાં માવજીભાઇએ જે વાત કરી છે તેમાં હું મારો સૂર પૂરાવીને કહું છું કે તેમને પણ સહાય મળે. બે વખત આપણે સહાય આપી છે એમાં વધુ સહાય મળે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. સાથે જ ખાતર અને બિયારણની અંદર આપણે પૂરતું આપીએ છીએ પરંતુ જે સમય હોય તે પ્રમાણે તેને મળી જાય એવી વ્યવસ્થા કરવામાં આવે. બીજું, ખાસ કરીને રાજય રજિસ્ટ્રાર અને સરકારે નીતિ બનાવી છે અને જે ડેરીની અંદર હોય કે સહકારી માળખામાં રજિસ્ટર મંડળીઓ હોય અને તેનો પરિપત્ર છે કે, રજિસ્ટર કરવી. મારા સાબરકાંઠા જિલ્લામાં ૨૭૫ મંડળીઓ અને અરવલ્લી જિલ્લામાં ૪૬૦ મંડળીઓને રજિસ્ટર કરવામાં આવી નથી મારી વિનંતી છે કે, તેને રજિસ્ટર કરીને મત આપવાનો અધિકાર આપવામાં આવે જેથી કરીને સભાસદોને બોનસ જે મળતું હોય તે ઓછું મળે છે તો આના કારણે વધુ મળતું થાય.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે સહકારી બેન્કોમાં શેર સભાસદ બનાવતા નથી અને જો શેર સભાસદ બનાવે તો તેનાથી સીધે સીધી મંડળીઓ રજિસ્ટર થાય અને તેને ફાયદો થાય. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને અને સરકારને વિનંતી કરું છું કે, સહકારી ભરતી થાય છે, એ.પી.એમ.સી.હોય, બેન્ક હોય, ડેરી હોય તે તમામ વિભાગની ભરતી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવે તો હું માનું છું કે ગરીબ અને મધ્યમ વર્ગના તમામ લોકોને સીધે સીધો, તમામ સમાજોને તેનો ફાયદો થાય તેવી હું આપના માધ્યમથી વિનંતી કરું છું. ખાસ કરીને જે રીતે પશુ આહાર આપવામાં આવે છે તો એ પશુ આહારની અંદર કયાંક અને કયાંક પ્રોટીન ઓછું હોવાના કારણે દૂધનું ઉત્પાદન ઘટ્યું છે અને દૂધનું ઉત્પાદન ઘટવાના કારણે આજે બહારથી દૂધ લાવીને આપણે અહીંયા આપવું પડે છે અને તેના કારણે કયાંક અને કયાંક ગુજરાતના પશુ પાલકોને નુકસાન થાય છે તો આપના માધ્યમથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, મારી આ વાતને ધ્યાને લઇ અને ઘટતું કરવામાં આવે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન અને મારા વિચારો રજૂ કરું છે. આજે હું આ ગરિમામય ગૃહમાં ગુજરાતના આર્થિક કરોડરજ્જુ સમાન આપણા જગતના તાત એવા ખેડૂત ભાઇ–બહેનોના કલ્યાણ અને કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર દ્વારા કરવામાં આવેલી વિસ્તરણની કામગીરી અને આગામી આયોજનોની વિગતો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર ખેડૂતોને માત્ર સહાય જ નહીં પરંતુ તેમને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવા માટે કટિબદ્ધ છે. રાજયના ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિ અને નવી ટેકનોલોજીથી માહિતગાર કરવા માટે અમારી સરકાર તાલીમને પ્રાધાન્ય આપે છે. રાજયમાં જિલ્લા કક્ષાએ કાર્યરત ખેડૂત તાલીમ કેન્દ્રો દ્વારા છેવાડાના ખેડૂત સુધી જ્ઞાન પહોંચાડવામાં આવી રહ્યું છે. માત્ર ખેડૂતો જ નહીં પરંતુ તેમને માર્ગદર્શન આપતા ગ્રામ સેવકો, વિસ્તરણ અધિકારીઓ અને ખેતી અધિકારીઓને પણ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા થયેલ નવા સંશોધનોની તાલીમ આપીને અમારી સરકારે કૃષિ વિસ્તરણને વધુ વેગવંતુ બનાવ્યું છે. મને આ સદનને જાણાવતાં ગર્વ થાય છે કે, વર્ષ ૨૦૨૫–૨૬ ફેબ્રુઆરી અંતિત તાલીમની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રિસિઝનલ કેમ્પ, સંસ્થાકીય તાલીમ, યુવા તાલીમ દ્વારા ૮૦,૪૪૨ ખેડૂત ભાઇઓ અને બહેનોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૬–૨૭ માટે આ યોજના હેઠળ રૂ. ૪.૫૦ કરોડની બજેટ જોગવાઇ સૂચવવામાં આવેલ છે. રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજયના ખેડૂતોનું ઉત્પાદન વધે, નવી ટેકનોલોજી, તેમના સુધી પહોંચે અને વૈજ્ઞાનિકોનું સીધું માર્ગદર્શન મળે તે હેતુથી વર્ષ ૨૦૦૫ માં સૌ પ્રથમ કૃષિ મહોત્સવ–૨૦૦૫ની શરૂઆત કરવામાં આવી હતી. જેને નિરંતર ચાલુ રાખતા વર્ષ ૨૦૨૫–૨૬માં વિકાસ સપ્તાહ–૨૦૨૫ના ભાગરૂપે ૧૪ અને ૧૫ ઓકટોબર, ૨૦૨૫ના રોજ રાજયભરમાં બે દિવસીય કૃષિ વિકાસ દિન–૨૦૨૫ અને રવિ કૃષિ મહોત્સવ –૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિકાસ સપ્તાહ ૨૦૨૫ દરમિયાન રાજય સરકારશ્રીની વિવિધ સહાય યોજના હેઠળ ૫.૩૧ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૬૦૨.૪૮ કરોડ જેટલા મૂલ્યના મંજૂરીપત્રો, સહાયપત્રો, ચેક, પૂર્વમંજૂરી પત્રો, એવોર્ડનું વિતરણ કરવામાં આવેલ. આ મહોત્સવ અંતર્ગત રાજય કક્ષાનો ૦૧ જિલ્લા કક્ષાના ૩૩ અને તાલુકા કક્ષાના

૨૨૮ એમ કુલ મળી ૨૬૨ કાર્યક્રમો યોજાયા હતા. રાજય કક્ષાના કાર્યક્રમોનો શુભારંભ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના છબનપુર ખાતેથી કરવામાં આવ્યો હતો. કૃષિ મહોત્સવ અંતર્ગત સમગ્ર રાજયમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં કુલ ૨,૭૭,૯૩૨ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો એન કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી સીધું માર્ગદર્શન મેળવ્યું હતું. તેમજ ખેડૂતોને લાઇવ પ્રદર્શન દ્વારા જાણકારી મેળવી શકે તે માટે કૃષિ સંલગ્ન વિવિધ વિભાગો દ્વારા કુલ ૪,૬,૮૫ પ્રદર્શન સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. ૪૮૫ પશુ આરોગ્ય મેળામાં ૨૭,૪૯૧ પશુપાલકોએ લાભ લીધો અને ૨,૦૫,૮૫૩ પશુઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. કૃષિ મહોત્સવના બીજા દિવસે કુલ ૧,૩૧,૨૧૪ ખેડૂતોએ ૩૪૩ જેટલા પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન મેળવ્યું હતું. આમ કૃષિ મહોત્સવ માત્ર એક ઉત્સવ નહીં પણ ખેડૂતોની સમૃદ્ધિનું એક સબળ માધ્યમ બન્યો છે. આ ગરિમામય સદનમાં આજે હું આપણા રાજયના ખેડૂતો માટે ટેકનોલોજી અને ત્વરિત માર્ગદર્શન સમન્વય સમાન કિસાન કોલ સેન્ટરની ઉપલબ્ધિઓ વિશે વાત કરવા માંગું છું. જ્યારે ખેડૂત પોતાના ખેતરમાં ઊભો હોય અને પાક કે રોગ દેખાય, વાવેતર અંગે મૂંઝવણ થાય ત્યારે તાત્કાલિક વૈજ્ઞાનિકની સલાહની જરૂર હોય છે. આ જરૂરિયાત પૂરી પાડવા માટેની સેવા ખેડૂતો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ શકે છે. એના માટે એક ટોલ ફ્રી નંબર ૧૮૦૦– ૧૮૦– ૧૫૫૧ ડાયલ કરીએ એટલે નિષ્ણાતો સાથે સીધી વાત કરી શકાય છે. આ માટે તેમણે એક પણ પૈસો ખર્ચવો પડતો નથી. આ સેવાની સૌથી મોટી વિશેષતા એ છે કે તે અઠવાડિયાના સાતેય દિવસ, રવિવારની રજા વગર, સવારના છ વાગ્યાથી રાત્રિના દસ વાગ્યા સુધી કાર્યરત રહે છે. છેલ્લા પાંચ વર્ષમાં આ ટોલ ફ્રી નંબર પર આવેલ કોલની સંખ્યા ૯,૧૨,૦૦૦થી વધુ છે. જે આ સેવાની લોકપ્રિયતા અને ખેડૂતોનો વિશ્વાસ દર્શાવે છે. ભલે આ આંકડાઓ કોલની સંખ્યા દર્શાવ્યા હોય, પણ વાસ્તવમાં આ લાખો ખેડૂતોની સમસ્યાઓનું નિવારણ છે. ડિજિટલ યુગમાં કિસાન કોલ સેન્ટર એ 'ખેડૂત અને વિજ્ઞાન' વચ્ચેના સેતુ તરીકે મજબૂત રીતે ઊભરી આવ્યું છે. આ ગરિમામય સદનમાં આજે હું આપણી ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટેના માહિતી પ્રસારના સશક્ત માધ્યમો વિશે વાત કરું તો માહિતી એ આજના યુગનું સૌથી મોટું શસ્ત્ર છે અને જ્યારે આ માહિતી આપણા ખેડૂત સુધી પહોંચે છે ત્યારે તે સમૃદ્ધિનું સાધન બને છે. આપણી સરકાર દૂરદર્શન અને આકાશવાણી જેવા પરંપરાગત છતાં અત્યંત પ્રભાવશાળી માધ્યમો દ્વારા ખેડૂતોને આધુનિક તકનીકોથી સજ્જ કરી રહી છે. મને સદનને જણાવતા આનંદ થાય છે કે, વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન સરકારશ્રી દ્વારા અત્યંત સક્રિય કામગીરી કરવામાં આવી છે. ખેડૂતોને ઘરે બેઠાં અને ખેતરે બેઠાં નિષ્ણાતોનું માર્ગદર્શન મળે તે હેતુથી દૂરદર્શનના માધ્યમથી કુલ ૨૬૧ જેટલા વિશેષ કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવ્યું છે. તે જ રીતે રાજ્યના ખૂણેખૂણે અને અંતરિયાળ વિસ્તારોમાં આકાશવાણીના માધ્યમથી ૧૦૪ જેટલા માહિતીસભર કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમો દ્વારા ખેડૂતોને સિઝન મુજબ કયા પાકની માવજત કરવી, કઈ નવી ટેકનોલોજી અપનાવવી અને સરકારની કઈ યોજનાનો લાભ લેવો તેની સચોટ અને સમયસર જાણકારી પૂરી પાડવામાં આવી છે. ખેડૂતો પાક તો ઉગાડે પરંતુ રોગ અને જીવાતથી એ પાકને બચાવવો એ ખરું કૌશલ્ય છે. રાજ્ય સરકાર ખેડૂતોને પાક સંરક્ષણ બાબતે જાગૃત કરવા માટે ખૂબ જ સઘન રીતે એડવાઇઝરી સેવાઓ પૂરી પાડે છે. વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન વિવિધ પાકોમાં આવતી જીવાતો અને રોગોના અસરકારક નિયંત્રણ માટે સમયસર કુલ ૩૧ જેટલી પ્રેસનોટ પ્રસારિત કરવામાં આવી છે. આ પ્રેસનોટના માધ્યમથી ખેડૂતોને કયા સમયે કઈ દવાઓનો છંટકાવ કરવો અને કયા જૈવિક ઉપાયો અપનાવવા એની સચોટ માહિતી આપવામાં આવી છે. આ એડવાઇઝરી સેવાઓનો મુખ્ય હેતુ ખેડૂતોના ખેતી ખર્ચમાં ઘટાડો કરવાનો છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવતા પાક સંરક્ષણને કારણે ખેતી ખર્ચમાં ઘટાડો લાવી શકાય છે. આ એડવાઇઝરી સેવાના માધ્યમથી ખેડૂતને આધુનિક ટેકનોલોજી અને કૃષિ યુનિવર્સિટીઓના નવા સંશોધનોથી માહિતગાર કરવામાં આવે છે. સરકાર ખેડૂતોને જમીનનું પૃથ્થકરણ, સંકલિત પોષણ વ્યવસ્થા અને ખાતરના કાર્યક્ષમ ઉપયોગ માટે સતત માર્ગદર્શન આપી રહી છે. આપણા રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી અને ઝેરમુક્ત ખેતીને પ્રોત્સાહન આપીને, પર્યાવરણનું રક્ષણ કરવા અને લાંબા ગાળાની કૃષિ, ટકાઉપણું સુનિશ્ચિત કરવા પ્રયાસો હાથ કરેલ છે. ખેડૂતોના માર્ગદર્શન માટે અત્યાર સુધીમાં લાખોની સંખ્યામાં કૃષિ સાહિત્ય, પત્રિકાઓ અને ફોલ્ડર્સનું વિતરણ કરવામાં આવ્યું છે. આમ, ખેડૂતોના હિતમાં સતત પ્રયત્નશીલ કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને સહકાર વિભાગની માગણીઓ પરના વર્ષ ૨૦૨૬–૨૭ના વર્ષના અનુદાનોને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયત એ માત્ર ખેતીનો એક પ્રકાર નથી, પરંતુ દેશના અર્થતંત્ર, સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે એક મજબૂત આધારસ્તંભ છે. પરંપરાગત ખેતી ઘંઉ, ચોખા, કપાસની સરખામણીમાં બાગાયત ખેતી ખેડૂતો અને સમાજ માટે વધુ ફાયદાકારક સાબિત થઈ રહી છે. ગુજરાત માત્ર ઉદ્યોગોમાં જ નહીં પણ બાગાયતી પાકોમાં પણ દેશનું રોલ મૉડેલ બન્યું છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા કૃષિ મહોત્સવના કારણે આજે ગુજરાતનો ખેડૂત પંરપરાગત ખેતી છોડીને વેલ્યુ એડેડ બાગાયતી ખેતી તરફ વળ્યો છે. બાગાયતી ખેતી થકી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરે તે માટે સરકાર દ્વારા બાગાયત ખેતી કરતાં ખેડૂતોને વિવિધ યોજનાઓ દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે. જેના થકી બાગાયતી ખેતીને એક નવો ઓપ આપવામાં આવી રહ્યો છે. ગુજરાતના લોકલોડીલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર સતત કાર્ય કરી રહી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ લીધેલાં વિકસિત ભારત–૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા રાજ્યનો કૃષિ વિભાગે ખેડૂતોની સમૃદ્ધિ માટે વાવણીથી ઉત્પાદન સુધીની યોજનાઓ ઉપરાંત ખેત ઉત્પાદન સ્ટોરેજ અને ફૂડ પ્રોસેસિંગને લગતી યોજનાઓ અમલમાં મૂકી છે. ગુજરાત રાજ્યમાં છેલ્લાં ૨૫ વર્ષમાં બાગાયતી પાકો હેઠળનો કુલ વાવેતર

વિસ્તાર ૬.૯૭ લાખ હેક્ટરથી વધીને ૨૧.૫૯ હેક્ટર થયો છે. જ્યારે ખેતી ઉત્પાદન ૬૨ લાખ મેટ્રિક ટનથી વધીને ૨૮૫ મેટ્રિક ટન થયેલ છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં કુલ ૫૮,૫૯૨ હેક્ટર વિસ્તારમાં બાગાયતી પાકોનું વાવેતર થયું છે. ગાંધીનગર જિલ્લાના ખેડૂતોની સફળતા વિશે જણાવું તો માણસાના ખેડૂત શ્રી આત્મારામભાઈ રામાભાઈ પ્રજાપતિ પ્રાકૃતિક કૃષિ આધારિત બાગાયતી ખેતી કરીને સારી આવક મેળવી રહ્યા છે. તે જ રીતે દહેગામ તાલુકાના સાંપા, બબલપુરા ગામના શ્રી કેતનભાઈ માવજીભાઈ પટેલ આશરે બે હેક્ટરમાં બાગાયતી ખેતીમાં આમળા અને ડ્રેગન ફ્રૂટની ખેતી કરી સારી આવક મેળવી રહ્યાં છે.

શ્રી કાળુભાઈ રૂ. ડાભી(ઘંઘુકા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ ખેડૂતોના હિત સાથે જોડાયેલ કૃષિ વિષય પરા મારા વિચારો રજૂ કરવાની તક આપી તે બદલ હું આપનો આભાર માનું છું. કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી માગણી ક્રમાંક–૨ અને ૩ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત એ જગતનો તાત છે. આપણા ગુજરાત રાજ્યના ખેડૂતો આપણા દેશના અન્નદાતા છે. તેઓ દિવસ–રાત મહેનત કરીને રાજ્ય અને દેશના લોકોને અન્ન પૂરું પાડે છે. તેઓ દ્વારા કૃષિ પેદાશોનું સારા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. છતાં ઘણીવાર વિવિધ પરિસ્થિતિના કારણે ખેડૂતોને મોટું નુકસાન સહન કરવું પડે છે. કમોસમી વરસાદ, વાવાઝોડાં, અતિવૃષ્ટિ, જીવાત તેમજ યોગ્ય સંગ્રહ વ્યવસ્થાના અભાવે પાક ઉત્પાદનની ગુણવત્તા ઉપર અસર થાય છે. ઘણીવાર ખેડૂતોને પાક ઉત્પાદન લાંબા સમય સુધી સાચવી રાખવા માટે યોગ્ય ગોડાઉન અથવા સ્ટોરેજની વ્યવસ્થા ઉપલબ્ધ હોતી નથી. પરિણામે પાક બગડી જાય છે અને ખેડૂતોને યોગ્ય ભાવ પણ મળતા નથી. આ મહત્ત્વપૂર્ણ સમસ્યાને દૂર કરવા માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨થી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ એ છે કે, ખેડૂતોને પોતાના ખેતરમાં પાક સંગ્રહ માટે ગોડાઉન અથવા સ્ટોરેજ સ્ટ્રક્ચર બનાવવા માટે પ્રોત્સાહન મળે. જેથી ખેડૂતો પોતાની કૃષિપેદાશોને સુરક્ષિત રીતે સાચવી શકે અને યોગ્ય સમયે બજારમાં વેચાણ કરી શકે અને વધુ આર્થિક લાભ મેળવી શકે. આ સ્ટ્રક્ચર માત્ર સંગ્રહ માટે જ નહીં પરંતુ ખેતી સબંધિત વિવિધ સામગ્રી જેમ કે, ખાતર, બિયારણ, દવાઓ, ખેતીનાં સાધનો, સિંચાઈનાં સાધનો, ડ્રીપ, સ્પ્રિન્કલર જેવી સામગ્રીને સુરક્ષિત રીતે રાખવા માટે પણ ખૂબ ઉપયોગી છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને પાક સંગ્રહ માટે ગોડાઉન બનાવવા માટે શરૂઆતના વર્ષ ૨૦૨૧માં રૂ.૩૦ હજાર સહાયના ધોરણો નિયત થયેલ હતી. જેમાં ખેડૂતોને વધુ સહાય મળી રહે તે માટે સમયાંતરે રાજ્ય સરકાર દ્વારા આ સહાયના ધોરણોમાં વધારો કરવામાં આવ્યો. વર્ષ ૨૦૨૫–૨૬થી ખેડૂતોને પાક સંગ્રહ માટે ગોડાઉન બનાવવા કુલ ખર્ચના પચાસ ટકા અથવા રૂપિયા એક લાખ બેમાંથી જે ઓછું હોય તે મુજબ આપવામાં આવે છે. આ ઉપરાંત રાત્રે પિયતની કામગીરી હોય ત્યારે ઠંડી અથવા ગરમીથી બચવા, જંગલી પશુઓથી બચવા માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે. ખેતરમાં લાંબા સમય સુધી કામ કર્યા બાદ ખેડૂતોને આરામ કરવા માટે પણ આ સ્ટ્રક્ચર ઉપયોગી બને છે. રાજ્યના ખેડૂતો આઈ–ખેડૂત પોર્ટલ પર ઘેરબેઠાં ઓનલાઈન અરજી કરી આ યોજનાનો લાભ મેળવી શકે છે. આ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૯૭૦૦ થી વધુ ખેડૂતોને રૂ.૧૬૨ કરોડ જેટલી સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. જે દર્શાવે છે કે રાજ્ય સરકાર ખેડૂતોને પારદર્શક રીતે અને સીધી રીતે લાભ પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે. ખેડૂતોમાં વધતી માંગ અને વધુમાં વધુ ખેડૂતોને લાભ મળી રહે એ માટે વર્ષ ૨૦૨૬–૨૭ માટે રૂ.૧૫૪.૩૬ કરોડ એટલે કે ગત વર્ષ કરતાં બમણી જોગવાઈ સૂચવવામાં આવી છે તેનું હું સમર્થન કરું છું. જેના થકી ૧૫ હજારથી વધુ ખેડૂતોને લાભ આપી શકાશે. આ યોજના ખેડૂતોની મળતી રજૂઆતોને ધ્યાનમાં લઈ પાક સંગ્રહ સ્ટ્રક્ચરની સાઈઝમાં વધારો કરવા, તે મુજબ સહાયના ધોરણોમાં વધારો કરવા તેમજ પૂર્વ મંજૂરી આપેલ કિસ્સામાં ૧૫૦ દિવસની મુદ્દતને નાણાકીય વર્ષમાં પૂર્ણ થતી ન હોય તેવા કિસ્સામાં ત્યારપછીના બીજા વર્ષમાં યોજનાની મંજૂરીની જોગવાઈની મર્યાદામાં આ પ્રકારના બાકી રહેતા સહાયના કેસોનો ખર્ચ કરી શકાય તે મુજબનો સુધારો કરવા સરકારશ્રીને ભલામણ કરું છું. આપણા ગુજરાત રાજ્યમાં આજે બાગાયતી ખેતીના પાકોનો વ્યાપ વધ્યો છે. બાગાયતી પાકોનું મહત્તવ અને વિશિષ્ટ ખેત પદ્ધતિ આજે ખેડૂતોમાં પ્રચલિત બની રહી છે. બાગાયતી ખેતીનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે. અમદાવાદ હવે માત્ર ઉદ્યોગોનો ગઢ નથી પણ આધુનિક બાગાયતનું નવું શિખર છે. ટેકનોલોજી અને રાજ્ય સરકારની યોજનાઓની સાથે અમદાવાદના ખેડૂતોએ ઘઉં અને ડાંગરની મર્યાદા તોડીને ફળ, શાકભાજીના વાવેતરમાં હરણફાળ ભરી રહ્યા છે. જિલ્લામાં હજારો હેક્ટરમાં શાકભાજી અને ફળ પાકોનું વાવેતર થઈ રહ્યું છે. જે અમદાવાદ જેવા મોટા શહેરની જરૂરિયાતો પૂરી કરી રહ્યું છે. વર્ષ ૨૦૨૪–૨૫માં અમદાવાદ જિલ્લામાં કુલ ૫૭.૬૫૦ હેક્ટર વિસ્તારમાં બાગાયતી પાકોનું વાવેતર થયું છે. શાકભાજી પાકોમાં અંદાજિત ૩ લાખ ૫ હજાર ૬૦૨ મેટ્રિક ટન અને ફળ પાકોમાં ૭૫ હજાર ૨૩ મેટ્રિક ટન ઉત્પાદન થયેલ છે. મુખ્ય ફળ પાકોમાં લીંબુ ૧૩૫૫ હેક્ટર, બોર ૭૩૫ હેક્ટર, સીતાફળ ૬૭૮ હેક્ટર અને આંબાનું ૬૨૫ હેક્ટરમાં વાવેતર નોંધાયેલ છે. શહેરની નજીક હોવાથી ખેડૂતોના શાકભાજી પાકો પૈકી રીંગણ ૨૩૮૫ હેક્ટર, ટમેટાં ૨૩૨૦ હેક્ટર અને ભીંડા ૧૭૬૫ હેક્ટર જેવા રોકડીયા પાકોની ખેતી કરી ખેડૂતો સારી કમાણી કરી રહ્યા છે. વધુમાં સરગવાની ખેતી પણ ૫૭૦ હેકટર જેટલા મોટા વિસ્તારમાં કરવામાં આવેલ છે. જિલ્લામાં આશાસ્પદ બાગાયતી પાકો તરીકે દાડમ, અંજીર, કમલમ ફ્રુટ જેવા પાકોનો વાવેતર વિસ્તાર સતત વધી રહ્યો છે. છેલ્લા દાયકામાં અમદાવાદ જિલ્લામાં મસાલાના પાકોમાં એક

મોટી ક્રાંતિ જોવા મળી છે. વર્ષ ૨૦૧૫–૧૬માં મસાલાના પાકોનું વાવેતર માત્ર ૨૧૮૬૦ હેક્ટર હતું. રાજ્ય સરકારની વિવિધ બાગાયત સહાયલક્ષી યોજનાનો પ્રોત્સાહિત વર્ષ ૨૦૨૫–૨૬માં આ વિસ્તાર વધીને ૩૩૦૦૩ હેક્ટર થયો છે. આમ છેલ્લા દસ વર્ષમાં મસાલા પાકોના વાવેતર વિસ્તારમાં આશરે પચાસ ટકાથી વધુનો વધારો નોંધાયો છે. અમદાવાદ હવે સુગંધિત ફૂલોથી મહેંકી રહ્યું છે. વર્ષ ૨૦૨૪–૨૫માં કુલ ૨૦૧૦ હેક્ટરમાં ફૂલોની ખેતી થઈ છે. જેમાં મુખ્યત્વે ગુલાબ ૫૨૦ હેક્ટર, ગલગોટા ૮૭૦ હેક્ટર અને લીલી ૩૫૦ હેક્ટરનો સમાવેશ થાય છે. માનનીય કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી માગણી નં–૨ અને ૩ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ચૈતરભાઈ, આપની પાર્ટીના જે સભ્યશ્રીઓએ કાપ દરખાસ્તમાં ભાગ લીધો હોય એમને જાણ કરો. માનનીય ગુલાબસિંહ, આપ પણ જેમણે કાપ દરખાસ્તમાં ભાગ લીધો હોય એ બધાને જાણ કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં માનનીય સભ્યશ્રીઓએ આજની કૃષિ, ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન અને મત્સ્યોદ્યોગ વિભાગ માટે વર્ષ ૨૦૨૬–૨૭ના અનુદાનો માટેની માગણીમાં કૃષિ, કૃષિ શિક્ષણ અને સંશોધન તથા બાગાયત માટે રૂ. ૧૮૫૪૮ કરોડ, પશુપાલન અને ગૌસંવર્ધન માટે રૂ. ૨૧૩૦ કરોડ, સહકાર ક્ષેત્રે રૂ. ૧૯૪૭ કરોડ અને મત્સ્યોદ્યોગ માટે રૂ. ૧૩૯૬ કરોડ એમ કુલ મળીને રૂ. ૨૪ હજાર ૨૨ કરોડની ઐતિહાસિક જોગવાઇઓ આ અંદાજપત્રમાં સૂચવવામાં આવી છે. અમારા તમામ સાથી સભ્યશ્રીઓમાં શ્રી જગદીશભાઇ, ડૉ. સી.જે.ચાવડા, શ્રી રમેશભાઇ મિસ્ત્રી, શ્રી મહેશભાઇ કસવાલા, શ્રી સંદિપભાઇ દેસાઇ, શ્રી સુખાજીભાઇ ઠાકોર, શ્રી બલરાજસિંહ ચૌહાણ, શ્રી કાળુભાઇ ડાભી, ડૉ. કિરીટભાઇ પટેલ, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી હેમંતભાઇ, શ્રી માવજીભાઇ, શ્રી ઘવલસિંહભાઇ એ બધાએ પોતાની વાત મૂકી છે અને કેટલાક સભ્યશ્રીઓએ ટીકા કરી છે તથા કેટલાંક લોકોએ સૂચનો કર્યાં છે અને જેમણે આવકાર્યું છે એમને હું અભિનંદન આપું છું અને જેમણે ટીકા કરી છે અને ધ્યાન દોર્યું છે એને ધ્યાને લઉં છું. મારા વિભાગમાં ગૌસંવર્ધન પણ આવી જાય છે. આ પાંચ ડિપાર્ટમેન્ટમાં લગભગ ૩૫થી ૩૮ ટકા લોકો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આ વિભાગ સાથે જોડાયેલા છે. જેમણે જેમણે અહીંયા ટીકા કરી હશે, સજેશન કર્યા હશે, એમને કંઇક અલગ દેખાતું હશે પણ મારી વાત સાંભળ્યા પછી મને ચોક્કસ ભરોસો અને સંપૂર્ણ શ્રદ્ધા છે કે રાજ્યની જનતાના હિતમાં એમની કાપ દરખાસ્ત પાછી ખેંચશે અને સહયોગ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ આ વિભાગો ખૂબ મોટા વિભાગો છે. મારી શારીરિક જેટલી લંબાઇ છે એનાથી લાખો ઘણી લંબાઇ આપણા વિભાગોની છે. એમાં આપણા વિધાનસભાના આજના કામકાજમાં મને ૪૫ મિનિટ આપી છે. હું ૪૫ મિનિટમાં આખા વિભાગોનું શોકેસ રાજ્યના ખેડૂતો, રાજ્યની જનતા, રાજ્યના પશુપાલકો, રાજ્યના સહકાર વિભાગ સાથે જોડાયેલા લોકો તેમજ મત્સ્યદ્યોગ સાથે જોડાયેલા લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરીશ. ગુજરાતના ઇતિહાસમાં ખેતી અને ખેડૂત હંમેશા અર્થવ્યવસ્થાના કેન્દ્રબિંદુ રહ્યા છે. કૃષિ ક્ષેત્રે જે વૈવિધ્ય છે એટલું કદાચ બીજે કયાંય નથી. રાજ્યમાં ૪૦થી વધુ પ્રકારના વિવિધ પાકો ખેડૂતો દ્વારા લેવામાં આવે છે. મારા રાજ્યના અન્નદાતાની અથાગ મહેનત અને તેમના પરસેવાના સિંચન થકી આજે ગુજરાત સમગ્ર દેશમાં કૃષિ ક્ષેત્રે અગ્રેસર રાજ્ય તરીકે સ્થાપિત થયું છે. હું આ બધી વાતો મૂકવાનો છે. પરસેવો પાડનાર આપણા રાજ્યના કિસાનો થકી આપણું ગુજરાત કયાં પહોંચ્યું છે? ખેડૂત એ માત્ર અન્ન પેદા કરનાર વર્ગ નથી પરંતુ રાષ્ટ્રના અર્થતંત્રને ધબકતો રાખનારી જીવંત ધોરી નસ છે.(અંતરાય)સરસ મજાની રાજી થાય એવી ચિઠ્ઠી આવી. મેં ૩૫થી ૩૮ કહ્યા પણ સુધારો આવ્યો કે લગભગ ૫૦ ટકા વસતિ આ પાંચ વિભાગની અંદર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલ છે. કેટલું મોટું કામ થઈ રહ્યું છે ત્યારે આ પરસેવાની સુગંધ ગુજરાતની માટીમાં ભળે છે ત્યારે દેશની પ્રગતિનું સાચુ બીજ રોપાય છે. ખેડૂતોના અથાગ પરિશ્રમ, એમનું ગૌરવ અને અને તેની ખુદ્ધારીને સલામ કરતાં હિન્દી કવિતાની અદભૂત પંક્તિ સાથે હું મારી વાત શરૂ કરું છું.

"सर पर साफा, हल हाथ में, खेती उसका धाम है,
हम सब का पेट भरनेवाला अन्नदाता किसान को सलाम है।"

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ક્લાઇમેટ ચેન્જની વાત થતી હોય એ પરિસ્થિતિઓમાં પણ ઉત્પાદનમાં આપવામાં આવેલા લક્ષ્યાંકો એ સિદ્ધ કરી રહ્યા છે ત્યારે સરકારની નૈતિક ફરજ બની રહે છે કે ખેડૂતની પડખે એક મજબૂત ઢાલ બનીને ઊભી રહે. મને આનંદ છે કે અમારી સરકારને જ્યારથી ભારતીય જનતા પાર્ટીના આશીર્વાદ મળ્યા છે ત્યારથી એ ઢાલ બનીને ઊભી રહી છે. જગતના તાત અને રાજ્યની કૃષિની વાત સાથે ઉપસ્થિત થયો છું ત્યારે મારું હૃદય ગુજરાતના ખેડૂતોની વાત કરતાં અત્યંત ગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે. અમે બિરદાવીએ, હું પણ ખેડૂત છું, ખેતરમાં જાઉ છું. મારા બાપ–દાદાએ ખેતી કરી છે, આજે પણ એની સાથે જોડાયેલ છું. ખેડૂત દેશનો ખરો હીરો છે. જે મહેનત અને પ્રેમથી અન્ન પેદા કરે છે. ખેડૂતનો પરસેવો ખેતરમાં જાતને નહીં પણ આખા દેશને પોષે છે. કણમાંથી મણનો સર્જક ખેડૂત ધીરજવંત તો છે, પરિશ્રમના પાયા પર ઊભો એ દેશનો ભગવંત છે.

માનનીય અધ્યક્ષશ્રી, કવિએ ખેડૂતને ભગવાન કહ્યો છે. ખેડૂતના હાથમાં જ દેશના ભવિષ્યની સાચી શક્તિ છૂપાયેલી છે. એના શ્રમના પરસેવાની કિમત ક્યાં કોઇથી મપાય છે? આજે ભારતીય જનતા પાર્ટીની શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સંવેદનશીલ સરકારે ખેડૂત કલ્યાણ માટે જે કાર્યો કર્યા છે તેના પરિણામે આપણું ગુજરાતનું કૃષિ મોડેલ એ પથદર્શક બની રહ્યું

છે. સુવર્ણ કાળ રાતોરાત નથી થતો. કોઇપણ રાજ્યના વિકાસનું સાચું મૂલ્યાંકન કરવું હોય તો એના ભૂતકાળના અંધકાર અને વર્તમાનના અજવાળાની સરખામણી આપણે કરવી પડે. કદાચ વિપક્ષના લોકો એ ખેડૂતોના હામી હોવાનો દાવો કરતા હશે. હું ખેડૂત કયાંથી ક્યાં પહોંચ્યો તેના કેટલાક બિંદુ કહું છું. વર્ષ ૧૯૮૫ થી ૧૯૯૦ની આસપાસ રાજ્ય અને કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે અથવા એમના સમર્થિત પક્ષોનું શાસન હતું ત્યારે ગુજરાતની કૃષિ વ્યવસ્થા અત્યંત દયનીય, સંઘર્ષમય અને વિનાશના આરે ઊભી હતી. કોંગ્રેસની સરકાર માટે ખેડૂત એ વખતે વોટબેન્ક હતી. આજે પણ વોટબેન્ક તરીકે જ્યારે ખેડૂતોને જોવામાં આવે છે ત્યારે સ્વભાવિક છે કે આપણે સૌને એમાં સંવેદના થાય. કારણ કે પસીનો પાડતા ખેડૂતો એના માટે એક માણસ તરીકે જોવાનો આપણો નજરિયો રાખીએ તો મને લાગે છે કે આપણા સૌની ઇચ્છા છે એ મુજબ આપણા ખેડૂતો વધારે આગળ જઇ શકે. એ વખતે ખેતી એ સહાયક પ્રવૃત્તિ હતી. સમયગાળામાં રાજ્ય સરકારે કૃષિ ક્ષેત્રને કોઇ પ્રાધાન્ય ન આપ્યું, ન તો વિઝન હતું, ન તો નીતિ હતી. ઉદાહરણ તરીકે સિંચાઇનો અભાવ, વીજળીની કટોકટી, મને સોંપેલા વિભાગોમાંથી તમામ વિભાગો માટે મંત્રીશ્રીઓનો પ્રત્યક્ષ નહીં પરોક્ષ રીતે વિશેષ આભાર માનું છું કે વીજળી હોય, સિંચાઇ હોય, રોડ–રસ્તા હોય, આરોગ્ય હોય, આયુષ્યમાન ભારત. ગામડામાં કોણ રહે છે? શુદ્ધ પીવાનું પાણી, ગામડામાં ખેડૂત અને ખેતમજૂર તો રહે છે. માત્ર કૃષિ વિભાગ પૂરતી વાત કરીએ તો મારે તો સભ્યશ્રીઓને વિનંતી છે કે આવો ચર્ચા કરીએ, આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પહેલા શું વ્યવસ્થાઓ હતી, કોણ રહેતું હતું? એ ખેડૂત ન હતો? એ ખેતમજૂર ન હતો? એને કેમ અશુદ્ધ પીવાનું પાણી મળે? એને કેમ આરોગ્યની સગવડ ન મળે? આ બધી જ વસ્તુઓ કૃષિ વિભાગને એટલે કે ખેડૂત અને ગામડાને અને ગ્રામીણ જીવનને સીધી લાગુ પડે એવી વ્યવસ્થાઓ રાજ્યની સરકારે અને અમારા શ્રી ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં અમારા ભામાશા શ્રી કનુભાઇએ છેલ્લાં ઘણાં વર્ષોથી આપી છે. હું એક ઉદાહરણ આપું. વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૫ના સમયગાળામાં ગુજરાતનો કૃષિ વિકાસ દર અત્યંત અસ્થિર હતો. બે આગેવાનો બેઠા છે. હું ધ્યાન દોરવા માટે કહુ છું કે વર્ષો સુધી કોંગ્રેસના શાસનમાં કૃષિ વિકાસ દર માઇનસ ૧.૬ હતો. આ લોકો કૃષિની વાત કરે છે ત્યારે અત્યંત નિરાશાજનક સ્થિતિમાં સિંચાઇનો અભાવ, ખેડૂત આકાશ ઉપર મીટ માંડીને બેઠો હોય કારણ કે સિંચાઇની વ્યવસ્થા ના હોય તો બીજું પાણી કયાંથી મળે? કેવી રીતે ખેતરમાં એનો પાક લઇ શકે? ટીપાં ટીપાં માટે રઝળતો હોય ત્યારે સરકારો બંને દિલ્હીમાં અને ગુજરાતમાં એ વખતે કોની હતી? એ દેશની પ્રજા જાણે છે. ખેડૂતોને વીજળી પણ મળતી ન હતી. પાણીના બોર પણ નકામા થઇ જતા, રાત્રે કાતિલ ઠંડી હોય એવા વખતે ખેતરમાં વીજળીની રાહ જોતા હોય ત્યારે એ લબૂક–ઝબૂક વીજળી આવે, નો આવે એ વખતે ટટળતો આપણો કિસાન ઝેરી જીવજંતુઓ અને સાપના ડંખથી એ મોત પણ પામતો હતો. છતાં ખાલી જગ્યા કોઇનું પાણી ના ચાલ્યું. નહિતર પછી અસંસદિય શબ્દ કહેશે. બી જોઇએ, બળદ જોઇએ જોઇએ જાજૂં ઘાસ, મેઘરાજા માન માગે તો પડતો જાજો ત્રાસ. મેઘ મોડો આવે તો ત્રાહિમામ પોકારી જતા. વરસાદી ખેતી કરતા ખેડૂત પાસે વરસાદ સિવાય ખેડૂત પાસે સિંચાઇના કોઇ વિકલ્પ ના હતા. અખાત્રીજે મુહૂર્ત કરીને એ વાદળા સામે જૂએ એ મીટ માંડીને બેસે કે મેઘો ક્યારે આવે? જો ના આવે તો આખું વર્ષ જો ખેડૂતની પત્ની સારો વરસાદ આવે તો વ્રત અને વ્રતવાલા કરે આ સ્થિતિ હતી. આજે એક પાક નહિ બે–બે, ત્રણ–ત્રણ પાક લઇ શકે છે. એ સિંચાઇ, વીજળી, વ્યવસ્થાઓ, નહેર આ બધું કૃષિ વિભાગના બજેટ પૂરતી ચર્ચા કરીએ છીએ ત્યારે આ બધા જ બજેટો જોઇએને તો ૭૫ ટકા માત્ર ખેડૂતના હિત માટે ગ્રામીણ ક્ષેત્રમાં ગ્રામીણ વ્યવસ્થાઓ માટે જ્યાં કિસાન અને ખેતમજૂર રહે છે એના માટેનું થઇ જાય, જીવ પડીકે હોય કે વર્ષ કેવું જશે? મેઘરાજાને પ્રાર્થના કરતા કે હે મેઘરાજા, ક્યારેક કોઇ દીકરી હોય તો એની માનસિકતા કેવી હશે? હે મેઘરાજા, એ બાપ હોય એની માનસિકતા કેવી હશે? જો જે હો આ વખતે લાજ રાખજે બાપ. આ વખતે દાણા નથી વાવ્યાં મેં મારી દીકરીના આણાં વાવ્યાં છે. દીકરીના એણે લગ્ન કરવાનો સંકલ્પ કર્યો હોય. આ સ્થિતિમાં એ ખેડૂતની આંખમાંથી શ્રાવણ–ભાદરવો વરસતો હતો. અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિના લીધે એ નિષ્ફળ જાય થાય ત્યારે પરિવારની સ્થિતિ કેવી હોય? જે તે વખતની સરકારો સંવેદના રહિત હોય એના ધ્યાનમાં ના હોય. એટલા માટે અલગ અલગ પ્રકારના પેકેજો સહિત એ વખતે પણ કાંઇ કિસાનોની લાગણી અને માગણી ન હતી એવું નહિ? એ વખતે પણ હતી. એ વખતે ખેડૂતોને ગોળીબારથી ઘરબી દીધેલાના દાખલાઓ, ખટારા ભરાય એટલા સ્લીપરો અને ચંપલો, એ કિસાનો ભાગતા હોય અને ખટારા ભરીને ચંપલ લઇ જવા પડ્યાં હોય એવાં દૃશ્યો ભૂતકાળની કોંગ્રેસ સરકારના શાસનમાં જોયા છે. જાય તો જાય ક્યાં? એ પ્રકારની સ્થિતિ જ્યોતિગ્રામ યોજના ૧૮,૦૦૦ ગામમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ લઇ આવ્યાં. એક નવી ઊંચાઇએ લઇ જવા માટે માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની ડબલ એન્જિનની સરકારે સંકલ્પ કર્યો, આ એક અલગ પ્રકારની ખેડૂત કલ્યાણના અભિગમને અપનાવીને

"खेत से बाजार तक, अब किसान का राज है,
डबल इन्जिन की सरकार में किसान पर हमको नाज़ है,
खेतों में बहती है अब विकास कि निर्मल धारा,
विकसित गुजरात का संकल्प है, ये है हमारा नारा।"

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રે આજે અગ્રેસર છીએ. મગફળી પાક વાવેતરના ઉત્પાદનમાં પ્રથમ સ્થાને, કપાસ પાકમાં પ્રતિ હેકટરે ઉત્પાદનમાં પ્રથમ સ્થાને, દિવેલા પાકમાં વાવેતર, ઉત્પાદન અને પ્રતિ હેકટર ઉત્પાદનમાં પ્રથમ સ્થાને,

આ જે રેકર્ડ ઉપર છે એ કહુ છું. આપણે કૃષિમાં ક્યાં? ગુજરાત ક્યાં? ખેડૂત ક્યાં? ચણા, સોયાબીન, રાયડા પ્રતિ હેકટર ઉત્પાદનમાં પ્રથમ સ્થાને, તલ પાકના ઉત્પાદનમાં આપણે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને,કપાસની અંદર બે દાયકામાં ૧૧.૬૧ લાખ ગાંસડી ઉત્પાદન હતું તે વધીને ૯૨.૪૮ લાખ ગાંસડી થયુ છે એટલે કે ૬૯૬ ટકાનો વધારો તે કપાસના ઉત્પાદનમાં થયો છે. ૧૨૨ કિલોગ્રામ ઉત્પાદકતા પ્રતિ હેકટર હતી જે એક સાથે ૫૮૬ કિલોગ્રામ એ પ્રતિ હેકટર થઇ છે ૩૭૯ ટકાનો વધારો. આ બધુ વધ્યું છે તો આવ્યું કયાંથી ? ખેતી સિવાય તો થવાનું નથી. જે વિપક્ષના લોકો વાત કરતા હોય છે તો એ વેપારમાં દઇ આવ્યા ? એ દઇ આવ્યા યાર્ડમાં ? આવે છે કયાંથી ? જયારે વાત કરે ત્યારે આ વાત પણ મૂકે કે આ થઇ રહ્યું છે, કોઇ મહેનત કરી રહ્યું છે, તેના આયોજન પાછળ સરકાર તે પરસેવો પાડી રહી છે, એની ઢાલ બનીને ઊભી રહી છે. આ કયાંથી આવે છે ? આ આંકડાઓ હું વિધાનસભાના ગૃહમાં બોલી રહ્યો છું. મગફળીનો પાક હોય, એની ઉત્પાદકતાની વાત હોય, દિવેલાનો પાક હોય તેની ઉત્પાદકતાની વાત હોય આ બધા જ આંકડા એ હું અમારા સભ્યશ્રીઓને જોઇતા હશે તો હું આપીશ પણ સમયની મર્યાદામાં હું નથી બોલતો. ધાન્ય પાકો હોય આ બધાની અંદર કયાંય ૫૮૮ ટકા, ૫૭૫ ટકા, ૧૫૦ ટકા, ૫૮ ટકા, ૨૯૧ ટકા, ૩૭૦ ટકા, ૩૪૭ ટકા, ૧૮૧ ટકા, ૨૭૦ ટકા આ વધારો થયો છે. કોઇ પ્લાનીંગ અને આયોજન વગર કઇ રીતે વધારો થઇ શકે ચાવડા સાહેબ? આ સરકારોનું કામ છે જે ભૂતકાળમાં નથી થયુ અને એટલા માટે ઘણી બધી યાત્રાઓ નીકળે છે પણ તેમાં ન તો કિસાનનું હિત હોય છે કે ન તો કિસાન કયાંય હોય છે, પોલિટિકલી યાત્રાથી કોઇ ફાયદો ના થાય. આવોને આપણે સાથે મળીને સકારાત્મક રીતે ખેડૂતોના હ્રદયમાં વસવા માટે કયાંક તમને દેખાતું હોય ચોક્કસ કહો રાજયની સરકાર તેના માટે તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગીરની કેસર કેરી, ભાલિયા ઘઉં, અમારા અહીંયા બેઠાં છે કચ્છની ખારેક, વલસાડી ચીકુ એ વૈશ્વિક સ્તરે જીઆઇટેગ પ્રાપ્ત કર્યો છે. યુ.પી.એ.ની સરકાર વખતે ખેડૂતોને કયારેય ઉત્પાદનમાં ટેકાના યોગ્ય ભાવ ન મળ્યા. એમ.એસ.યુ.પ્રાઇઝ તો ૧૯૬૬ની સાલથી છે. અત્યારે કહે છે અને અમને તો આનંદ થાય છે કે, અમારા વિપક્ષના સભ્યો પણ ફોન કરી કરીને કયારેક કહે કે કયારે તમે ટેકાના ભાવથી ખરીદી કરો છો. રમણભાઇ, તમને પણ કહેતા હશે. કોંગ્રેસના આગેવાનો કહે. અરે ભાઇ, અમે આ ખરીદી શરૂ કરીએ છીએ એટલે તમે ફોન કરી શકો છો. પહેલાં તો કયાં આવા ફોન જ થતા. એ પ્લાનિંગ સાથે મોદી સાહેબે કાર્યભાર સંભાળ્યો ત્યારે દોઢ ગણા પાકના ભાવ એ વધારો કર્યો એટલે તમે ફોન કરી શકો છો એટલે તમે કદાચ જાણ્યે અજાણ્યે લોકોને ઉશ્કેરવા, ખેડૂતોને ઉશ્કેરવા માટે તમે કહો છો તમે આટલુ ખરીદો, ઓછું ખરીદો છો પણ પહેલાં સાવ ના ખરીદાતું. બહુ ઓછી સંખ્યાની અંદર એ જણાસ લેવાતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ છે કે પહેલાં ઘઉં અને ચોખાના પાકોની ખરીદી થતી હતી. હવે મગફળી, ચણા, કઠોળ, તેલીબિયાં પાકો, બાજરી, રાગી માનનીય તુષારભાઇ સાંભળજો, આ બધુ ઉમેરાયું. અમારા વખતે એમ.એસ.પી.હતું, અમે લઇ આવ્યા પણ એમ.એસ.પી.બધા હોય પણ તેના માટેની વ્યવસ્થાઓ માનનીય મોદી સાહેબે બનાવી. એટલે ખેડૂતના ખેતરની અંદર સમૃદ્ધિ આવી છે. વર્ષ ૨૦૧૩-૧૪માં અને વર્તમાન ભાજપના શાસનમાં વર્ષ ૨૦૨૫-૨૬માં એમ.એસ.પી.માં કેટલો મોટો તફાવત. ડાંગર, જુવાર, બાજરી, મકાઇ, ઘઉં વર્ષ ૨૦૧૩-૧૪ની સરખામણીએ વર્ષ ૨૦૨૫-૨૬માં ૮૧ ટકાથી લઇને ૧૪૭ ટકાનો વધારો કર્યો તો આ સીધો ફાયદો કોને થવાનો છે ? ખેડૂતને થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેલીબિયાં પાકો મગફળી, તલ, રાય, સરસવ, સોયાબીન જેવા પાકો વર્ષ ૨૦૧૩-૧૪ની સરખામણીએ વર્ષ ૨૦૨૫-૨૬ આ હું ૨૦૧૩-૧૪ એટલે કહું છું કે કોંગ્રેસનું શાસન, વર્ષ ૨૦૨૫-૨૬ એટલે કહું છું કે ભાજપનું શાસન મોદી સાહેબનું શાસન, ભુપેન્દ્રભાઇનું શાસન. ૮૨ થી લઇને ૧૧૯ ટકાનો વધારો કરવામાં આવ્યો. રોકડીયા પાક તેમાં કપાસ, શેરડીમાં પણ ૭૦થી ૧૦૩ ટકા સુધીનો વધારો. કેન્દ્રની અને રાજયની સરકાર સમજે છે. ખેડૂતને કદાચ ખર્ચ વધ્યો છે તે પોતે મજૂરી નથી કરતો કોઇ પાસે કરાવે છે પણ ખેડૂત છે. પહેલાં અમારા બાપદાદા છે, શ્રી વિનુભાઇ મોરડીયાનો અને અમારો એક જિલ્લો હતો. અમારા બાપદાદા આખે આખી પેઢી સુધી ખેતી કરતા અને બીજા કોઇ સ્કોપ નહોતા. કોઇ મજૂરીએ ના બોલાવતા. તે સાંજે ગાડામાં જતાં હોય અને માલ ઢોર માટે કંઇક લીલું હોય તે કાપીને લઇને આવતા હોય એ દૃશ્યો મેં જોયાં છે. હું ગાડામાં બેઠો છું. મારે એ ધ્યાન દોરવું છે કે, એ સ્થિતિની અંદર ખેડૂત હતો, આજે તમને આનંદ થાય છે ખર્ચ વધ્યો છે એ ખર્ચમાં એ કિસાન પરસેવો તો પડે છે એની સાથે એક ખેતમજૂર હોય એની કિંમત વધી છે. ૩૦૦ રૂપિયે રોજમદાર, હું મજૂર નથી કહેતો એ જે ખેતરે પોતાનું કામ કરવા માટે રોજગારી મેળવવા માટે આવેને, ૩૦૦ રૂપિયે રોજમદાર ગામડામાં મળતા નથી આ સમૃદ્ધિનું પ્રતિક છે. તો પણ ૪૦૦ રૂપિયા આપીને ખેડૂત રાખે છે. કેન્દ્રની સરકારે એમ.એસ.પી. માં વધારો કર્યો છે. મગફળીની વાત મેં કરી છે, ૧૩ હજાર કરોડ રૂપિયાની ખરીદી થઇ છે. તુવેર, ચણા, એમાં પણ ખરીદીઓ કરી છે અને જયારે કુદરત રૂઠતી હોય છે જયારે સરકારો અવગણના કરે ત્યારે ખેડૂત જાય કયાં? માનનીય ભુપેન્દ્રભાઇને અભિનંદન આપીશ કે ખેડૂત સાથે એક સાથીદાર તરીકે, એક ભેરૂબંધ તરીકે સાથીદાર અને ભેરૂબંધ બનીને ઉભા રહ્યા છે. ખેડૂતોને અન્નદાતા તરીકે સન્માન આપ્યું છે, એનું બાવડું પકડયું છે અને એને આત્મનિર્ભર બનવવાના પ્રયાસ કર્યા છે. હું જાહેરમાં કહું છું કે ગુજરાતનો ખેડૂત કે ભારતનો ખેડૂત એ ભિખારી નથી, એને ભિખારી બનાવવાના પ્રયાસ ના કરવા જોઇએ. એ સ્વમાની છે, આત્મસન્માન સાથે જીવી શકે એવી તકો પ્રાપ્ત કરાવો, એ પ્રકારની વ્યવસ્થાઓ બનાવો, એ પ્રકારની ધારાસભ્ય તરીકે મદદ કરો, સરકારને કહો, અમને કહો. ક્યારેય કોઇનું ભલું નહીં થાય. મારી પાસે આંકડા છે, પંજાબમાં મફતનું આપ્યું છે,

સ્થિતિ શું છે? હું ટીકા નથી કરતો પણ વાસ્તવિકતા સ્વીકારવી પડશે, એ પોતે કેવી રીતે ઉત્પાદન કરે? કોઇ પોતે કેવી રીતે વેપારી બને? એ પોતે કેમ આવકમાં વધારો કરી શકે? ઉધાર લઈને સબસિડી કરવાનું કામ એ કેટલાક રાજયોમાં થાય છે. કુલ આવકમાં ૭૪ ટકા હિસ્સો પંજાબમાં પગારમાં જાય છે, મફત વીજળી તો આપી એના કારણે સ્થિતિ એવી થઇ છે કે ભૂગર્ભજળ ૧૫૬ ટકા નીચે ગયા છે. દસ હજાર કરોડથી વધારે દેવામાં એ કંપનીઓ ડૂબી ગઇ. આ રેકર્ડ ઉપર છે. એમને સ્વમાની બનાવવાના, એના લો વોટરના પ્રોબ્લેમ, ટ્રીપિંગના પ્રોબ્લેમ, આજે મને આનંદ છે કે ગુજરાતમાં અમારા માનનીય ઋષિકેશભાઇ બેઠા છે, ચારે ચાર કંપનીઓ નફામાં અને એ-ગ્રેડમાં છે. સૌથી વધારે ભયાનક પૂર એ પંજાબમાં આવ્યું એ સરકારે કહ્યું અને એમણે સ્વીકાર્યું છે, ૧૧ હજાર કરોડથી વધુ આર્થિક નુકસાન થયું છે. ૪.૩૦ લાખ એકરથી વધુ જમીન નાશ પામી, (અંતરાય) આ દુઃખની વાત છે કે ત્યાંનો ખેડૂત એ અમારો ખેડૂત છે. સન ૨૦૨૬ના રજૂ થયેલા બજેટમાં નાણામંત્રીએ જે દાવો કર્યો, પંજાબની વાત કરું છું. પૂર રાહત માટે એક હજાર અને દસ કરોડ રૂપિયા રિલીઝ થયા. આપણે ૧૧ હજાર કરોડ થયા. સૌથી હાઇએસ્ટ. લગભગ એક હજાર અને દસ કરોડ, ત્યાં જોવા જાવ, ત્યાં જોવા નથી જવું, આ આંકડા અમારી પાસે છે. હજી અનેક લોકોને સાત મહિના પછી પણ હકનાં નાણા મળ્યાં નથી. હજારો લોકોની રેલીઓ ટીવીમાં જોઇ છે, મહેનત બહુ કરી રેલીઓ કાઢવાની, ખેડૂતોએ ના કાઢી કારણ કે ૧૧ હજાર કરોડ રૂપિયા એ ક્રમાનુસાર ખેડૂતના ખાતામાં સીધા પડી ગયા, આ દ્રશ્યો આપણી સામે છે. વળતરની રાહ જોઇ અને ત્યાં ઘણાં લોકો બેઠા છે. આ પ્રકારની વ્યવસ્થાઓથી કયારેય કોઇ રાજયો ના ચાલી શકે. ભરમાવી શકાય, કોને નુકસાન થઇ રહ્યું છે તે માટે આ રાજયની સરકાર એ હંમેશા ચિંતિત છે. હંમેશા સારી કામગીરી કરી રહી છે. ખેતરમાં નહીં જવાનું, એમનું પંચરોજકામ કરી નાખવાનું, ૧૬૫૦૦ ગામની અંદર કેટલી સંવેદના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇની અંદર, કેટલી સંવેદના માનનીય વડાપ્રધાનશ્રીની, કારણ કે ત્યાંથી પણ પૈસા આવ્યા છે. સંભવ નથી સંભવ. એટલે મેં ઉદાહરણ માત્ર પંજાબનું આપ્યું છે. આજે પણ નથી મળ્યા. ખેતરમાં ગયા વગર પંચરોજકામ સંભવ નથી. આટલો ભરોસો ખેડૂત ઉપર મૂક્યો છે ભાઇ. બાકી આ યોજનામાં જોવા જઇએ તો કેટલા ડૂંડા છે અને કેટલા ડૂંડા નથી ત્યારે વીમા મળતાં. પેકેજ શેના માટે લાવ્યાં? પેકેજ છે એટલા માટે બાકી તમારી વખતે ડૂંડા ગણાતા હતા. ૮ ડૂંડાને જ નુકસાન છે, ૪ ડૂંડાને નુકસાન નથી એટલે તમને ૨૫ રૂપિયા જ આપીશું એમ કહેતા હતા. અદભૂત કહી શકાય એવી વ્યવસ્થાઓ જેવી કે આઇ-પોર્ટલ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર છે અને હું તો વિનંતી કરું છું કે તમે જોવા આવજો. આપણે સાથે જઇએ. તમારા અધ્યક્ષસ્થાને જઇએ. ૫.૬૩લાખથી વધારે ખેડૂતોએ કૃષિ પ્રગતિ મોબાઇલ એપ ડાઉનલોડ કરી છે. ખેડૂત મોબાઇલ એપ ડાઉનલોડ કરે? ખેડૂતોની પ્રગતિનું દ્રશ્ય તો જુઓ. શું પુરાવા જોઇએ છે આપણે? સાહેબ તમે તો સમજી શકો છો. સાડા પાંચ લાખ ખેડૂતો પાસે મોબાઇલ હોય, એપ ડાઉનલોડ કરે, સ્માર્ટ મોબાઇલ હોય, એ એપની મદદથી રાજ્યો ખેડૂત એની પ્રગતિ માટે એ.આઇ. ચેટ બોર્ડનો ઉપયોગ કરે, એ.આઇ. બેઝ ઇમેજ સર્વેલન્સ થકી ૬૦,૦૦૦થી વધુ કિસ્સાઓમાં રોગ/જીવાતની ઓળખ નિવારવા માટે ખેડૂતોએ માર્ગદર્શન મેળવ્યું છે. ૪૫ કરોડથી વધુ કૃષિ સંબંધી એડવાઇઝરીના એસ.એમ.એસ. થયા છે. શું કરે છે સરકાર? ખેડૂતોને પૂછો. સરકાર આ કરે છે અને તેના મોબાઇલની અંદર આ બધુ આવે છે. કારણે ૮૦ લાખથી વધુ ડિજિટલ ક્રોપ સરવે પણ થયા. એના કારણે એ ગામડામાં રોજગારી પણ આવી. ફાર્મર આઇ.ડી.માં ૫૯ લાખ ખેડૂતોની નોંધણી સૌપ્રથમ ગુજરાત રાજ્યમાં થઇ છે. ગુજરાત આ નોંધણીમાં દેશમાં પ્રથમ છે. હું આ એવા ખેડૂતની વાત કરું છું જે ગામડામાં રહે છે. ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. એ બિચારો બાપડો નથી. આજે ખેડ, ખાતર અને પાણી બધું સમયસર મળે છે. એ માત્ર વરસાદ પર આધારિત નથી. હું સિંચાઇ મંત્રીશ્રી ઇશ્વરભાઇને પણ અભિનંદન આપું છું. એમણે સમગ્ર રાજ્યમાં ઉત્તમ પ્રકારની સિંચાઇની વ્યવસ્થાઓ કરી છે. માનનીય ઋષિકેશભાઇએ અને એ પહેલાં માનનીય કનુભાઇએ ઊર્જાની વ્યવસ્થાઓ કરી. ત્યારે આજે ખેડૂત સ્વમાનભેર લગ્ન કરે, પ્રસંગ કરે અને સગાવહાલાંને બોલાવે એ દ્રશ્યો પણ ઘણું કહી જાય છે. તેના ઘરે સરસ મજાનાં પ્રસંગો ઉજવાય છે. ઘરે-ઘરે ટી.વી. છે. ફ્રીજ છે. ગામડામાં એ.સી. હોય એવી કોઇ કલ્પના કરી શકે? અહીંયા બેઠેલા કોઇ ધારાસભ્ય મને કહી શકે કે મારા ગામમાં કોઇ ખેડૂતના ઘરે એ.સી. નથી. આજથી ૨૫ વર્ષ પહેલાં શું હતું એનો જવાબ હું આપું. વાતો કરવાથી ન થાય સાહેબ? આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં એ.સી., મોટર, હોન્ડા હોય તો કહો. કેટલા હતા અને કોના ઘરે હતા. હું માત્ર ખેડૂતની વાત કરું છું. કોઇ બીજા ધંધા સાથે ખેતી કરતા હોય એની વાત નથી કરતો. આ જીવનઘોરણમાં જે સુધાર થયો એને જ વિકાસ કહેવાય. આને જ ખેડૂતની પ્રગતિ થઇ કહેવાય. માનનીય નરેન્દ્રભાઇએ ૨૪ કલાક વીજળી આપી એટલે આ શક્ય બન્યું છે. બાકી વાળું ટાણે ખેડૂત વીજળી માગતા, વાળું ટાણે આપે તોંયે સારું. સમયની મર્યાદા હોય છે બાકી માહિતી તો ઘણી છે. મારે પોલિટિકલ ઓબ્ઝર્વેશન નથી કરવા એટલે હું એ દિશામાં જતો નથી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પોલિટિકલ ઓબ્ઝર્વેશનથી દૂર રહીને તમારા વિભાગની જે વાતો હોય એ વાતો જ કરશો તો અમે ૧૨:૦૦ વાગ્યા સુધી સાંભળવા તૈયાર છીએ પણ તમે વર્ષ ૧૯૮૦ની અને વર્ષ ૨૦૨૫ની સરખામણી કરો તો એ ના થાય.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય તુષારભાઇ આપ બેસો.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પોલિટિકલ ઓબ્ઝર્વેશનથી દૂર રહીને આપના વિભાગની ચર્ચા કરવાના હોય તો અમે સમય વધારવા તૈયાર છીએ પણ વર્ષ ૧૯૮૦ અને ૨૦૨૫ની સરખામણી ન થાય.

ફાલ્ગુન ૨૧, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા બાબત

શ્રી જગદીશભાઈ પ્ર. મકવાણા (નાયબ મુખ્ય દંડક) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

શ્રી ચૈતરભાઈ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સામેથી આવશે એવું ત્યાં જશે. હું પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરતો નથી. હવે હું કૉંગ્રેસ શબ્દનો ઉપયોગ નહીં કરું પણ વર્ષનો ઉલ્લેખ કરીશ એટલે સમજવાવાળા સમજી જશે. ના સમજે તો વાંધો નહીં. મારે ગુજરાત ક્યાંથી ક્યાં પહોંચ્યું છે તેનું ચિત્ર બતાવવું છે. હજુ પણ કોઈના મનમાં કોઈ પ્રશ્ન હોય તો તમે બતાવો માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે બેઠક કરીશું. આપણે સાથે મળીને લાગણીથી કામ કરવું છે. કોઈની લાગણીઓ સાથે ચેડાં નથી કરવા પણ લાગણીથી આગળ વધવું છે, ખેડૂતને આગળ વધારવો છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, તમે ન હતા. ખેડૂતના ઘરે એ.સી. આવ્યું તેની ચર્ચામાં આ બધામાં ઊભા થઈ ગયા. શું એ લોકો નથી ઇચ્છતા કે ખેડૂતના ઘરે એ.સી.આવે? હું વીજ વપરાશની વાત કરતો હતો. મારા સાથી મિત્રના પિતાજી મુખ્યમંત્રી હતા. તેમનો પણ ફાળો છે અને અહીં બેઠેલાં બધાંનો ફાળો છે એવું હું માનું છું. વર્ષ ૧૯૯૦-૯૧માં કૃષિ વીજ વપરાશ ૫,૬૭૮ મિલિયન યુનિટ હતો, વર્ષ ૨૦૨૩-૨૪માં ક્રમશ: વધારો થતાં કુલ કૃષિનો વીજ વપરાશ ૨૧,૬૦૯ મિલિયન યુનિટ થયો છે. આપણે ક્યાંથી ક્યાં પહોંચ્યા છીએ. હું વર્ષ ૧૯૯૦-૯૧માં કોની સરકાર હતી તે કહેતો નથી પણ બધા સમજી જશે. વર્ષ ૧૯૯૦-૯૧માં ગુજરાત રાજ્યનો કુલ પિયત વિસ્તાર ૨૯ લાખ ૧૫ હજાર હેક્ટર હતો. જેમાં ક્રમશ: ૨૭૫ ટકાનો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ ખેડૂત અને પશુપાલક છો, ગામડાંમાં જોડાયેલાં છો એટલે આપ બધું જાણો છો. વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ પિયત વિસ્તાર ૧૦૯ હેક્ટર થયો છે. કયાં ૨૯.૧૫ લાખ હેકટર અને કયાં ૧૦૯ લાખ હેકટર? આ વધારો કઈ રીતે શક્ય બને તો ત્યાં પાણી, વીજળી, કેનાલ, રોડ-રસ્તાની વ્યવસ્થા થાય ત્યારે શક્ય બને. આજે આનંદ થાય છે કે અન્ય વિભાગો સાથે વિશેષ માર્ગ અને મકાન વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રી સંભાળે છે. આજે માગણીઓ બદલાઇ ગઇ તે બધા સભ્યશ્રીઓના ધ્યાનમાં હશે. ખેડૂતો પોતાના ખેતર સુધી રસ્તાની માગણી કરે છે. કારણ કે નોન પ્લાન રસ્તાની મંજૂરી ભાજપે આપી છે. બહાર નીકળતો રસ્તો નહીં પણ ખેતર સુધી પહોંચી શકાય તે મુજબનું પરિવર્તન આવ્યું છે. વર્ષ ૧૯૯૦-૯૧માં કુલ વાવેતર વિસ્તાર ૧૦૬ લાખ હેક્ટર હતો જેમાં ક્રમશ: ૪૦ ટકાનો વધારો થતાં વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ વાવેતર વિસ્તાર ૧૪૯ લાખ હેક્ટર થયો છે. આ આંકડા જ દર્શાવે છે કે ખેડૂતનું જીવન સુધર્યું છે. ખેડૂતનો આત્મા ગામડાંનો છે, સુવિધાઓ શહેરની મળે છે. શ્રી મોદી સાહેબના નેતૃત્વમાં આ શરૂઆત થઈ અને શ્રી ભુપેન્દ્રભાઇ તેને આગળ લઇ જઇ રહ્યાં છે. તેના આંખ મિચામણાં કરવાથી જગતમાં અંધારું ન થઇ જાય. ખેડૂતોનો વિકાસ જોવો હોય તો આપણી આંખ આડે કોઇ પાંદડા આવી ગયા હોય તો તે દૂર કરવા પડે. ચશ્માં ઉપર ધૂળ ચડી ગઇ હોય તો ખંખેરવી પડે. સાચું સમજવાની દિશામાં આગળ વધવું પડે. માત્ર એમની વાતો કરવાથી, એજન્ડા સેટ કરવાથી કામ ન થાય તેના માટે હૃદયનો ભાવ જોઇએ. દરેક વખતે ગામડાંમાં ભારતીય જનતા પાર્ટીને વોટ મળે છે તેનું કારણ છે ખેડૂતના જીવનઘોરણમાં થયેલો સુધારો. ટ્રેક્ટર ખરીદીની સહાય રૂ.૬૦ હજાર થી વધારીને રૂ.૧ લાખ કરવામાં આવી. અનુસૂચિત જનજાતિ માટે રૂ.૫૦ કરોડની અલગ જોગવાઇ કરીને તેના માટે રૂ.૮૦૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી. થ્રેસર, બેલર, કમ્બાઇન, હાર્વેસ્ટર, કલ્ટીવેટર, રોટાવેટર, ઓટોમેટિક સીડ કમ ફર્ટિલાઇઝર, પાવર ટીલર, મોબાઇલ શ્રેડર, પોટેટો પ્લાન્ટર, ડીગર, રીપર કમ બાઇન્ડર, પાવર વીડર આવાં નામ જ સાંભળ્યા ન હતાં. ખેડૂતને ખબર જ નહોતી કે આવાં કોઇ યંત્રો આવે છે. આ સહાય સાધનો પહોંચાડવાનું કામ માનનીય ભુપેન્દ્રભાઇએ અને નાણામંત્રીશ્રીએ કર્યું ત્યારે એના ખેતરમાં આ સુવિધાઓ આવી છે. ખેડૂતને પોતાના ખેતરમાં વાવણીથી કાપણી સુધીની વ્યવસ્થાઓ માટે વર્ષ ૨૦૨૫-૨૬ની રૂ.૫૯૦.૯૮ કરોડની જોગવાઇમાં રૂ.૧૭૩.૫૨ કરોડનો વધારો કર્યો છે ત્યારે આ બધા ફાયદાઓ મળી રહ્યા છે. એગ્રો સર્વિસ પ્રોવાઇડરમાં રૂ.૧૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. નવી જોગવાઇઓ સાથે એમને સર્વિસો મળી રહે અને ક્યાંય ઊંચા દરે એને ભટકવું ના પડે. આ બધા સાધનો આ નવી યોજનામાં એગ્રો સર્વિસ પ્રોવાઇડરની વ્યવસ્થામાં એમને નીચા દરે મળતા થશે. કિસાન ડ્રોન યોજના થકી ખેતીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા ૫૦૦ ડ્રોનની ખરીદી પર સહાય આપવાની યોજના માટે રૂ.૧૫.૦૦ કરોડની જોગવાઇ સૂચવેલ છે. કિસાન પરિવહન યોજનામાં રૂ.૫.૫૦ કરોડની જોગવાઇ સૂચિત કરેલ છે. મીડિયમ સાઇઝના ગુડ્ઝ, કેરેજ, ટ્રેક્ટર, ટ્રેલર, વોકલ ફોર લોકલને બળ પૂરું પાડે છે. સનેડો એ ગીત પરથી સનેડો બન્યો છે. હમણાં હું કૌશિકભાઇના જિલ્લામાં ચિત્તલ ગયો હતો. પ્રભારી મંત્રી તરીકે ગયો હતો. ત્યાં સૌથી વધારે સનેડા બને છે. એને સબસિડી આપવાનું કામ રાજ્યની સરકારે કર્યું છે.

અધ્યક્ષશ્રી : શ્રી કૌશિકભાઇના જિલ્લામાં વધારે સનેડા છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રભારી જિલ્લો છે. ચિત્તલમાં સનેડાઓ બની રહ્યા છે. પ્રાકૃતિક ખેતી માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને તમામ સભ્યશ્રીઓ અને વિપક્ષનો આભાર માનું છું. મોદી સાહેબે પ્રાકૃતિક ખેતીનું મિશન લીધું છે. મોદી સાહેબે કહ્યું છે કે, મારા હૃદય અને આત્માથી કોઇ નજીક હોય તો એ પ્રાકૃતિક ખેતી છે અને એ જ્યારે બોલે છે ત્યારે વિઝન સાથે બોલતા હોય છે. ભવિષ્યમાં કેટલી ચેલેન્જીસ રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓથી ઊભી થવાની છે એ મોદી સાહેબ સમજી ગયા છે. આપણા મહામહિમ રાજ્યપાલશ્રીને આપે બોલાવ્યા. આ મહાપુરૂષે અદભૂત વાત કરી છે. જેણે પોતાનું જીવન સર્મપિત કરી દીધું છે. ઋષિતુલ્ય માણસ બધાએ કાન પકડવા પડે કે વાત સાચી છે. મહેશભાઇએ કેટલાક સુધારાઓ સૂચવ્યા હતા તો અમારી સરકાર તેના માટે તૈયાર છે. એની વ્યવસ્થાઓ આદરણીય અમિતભાઇ સાહેબ બનાવી ચૂક્યા છે કે એ માર્કેટ કેવી રીતે મળે? પણ હું ગૃહમાં જણાવું છું. અમારા તમામ યાર્ડો, તમામ સહકારી મંડળીઓ હોય, દૂધ મંડળીઓ હોય, સરકારી કચેરીઓ કે જ્યાં પબ્લિકની અવરજવર છે, દર અઠવાડિયે બે-ત્રણ દિવસ માટે જે ખેડૂત પ્રાકૃતિક ખેતીનું વાવેતર કરે છે, ઉત્પાદન કરે છે, જે સર્ટિફાઇડ છે એને વાવેતર માટે જમીન આપવાનો નિર્ણય સરકાર લઇ ચૂકી છે. એને પ્રેરણા આપો. આપણી બંજર જમીન, ખેતીને બચાવવા માટે ૧૦ હજાર એફ.પી.ઓ. માનનીય વડાપ્રધાન બનાવવાના છે. આખા દેશમાં સૌથી વધારે ગુજરાતમાં ૯૭ છે. આઠ લાખ જેટલા ખેડૂતો જોડાયેલા છે. પ્રાકૃતિક કૃષિ માટે હું ઓછી વાત કરીશ. કારણ કે, આ અંગે બે કલાકની વાત થઇ ચૂકી છે. આ મહત્વનો અને તમારા હૃદય સાથે જોડાયેલો વિષય છે. વિશ્વમાં સૌથી પહેલી પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી ગુજરાતમાં બની છે. આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે એ આપણા માટે ગૌરવની વાત છે. પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન માટે ખજાનો ખોલી દીધો છે. અમારી સરકારે શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં નક્કી કર્યું છે. આમાં દરેક વખતે બજેટની જરૂર ન હોય પણ મિત્રો મારે તમારું ધ્યાન દોરવું છે કે આ બજેટમાં નથી એ બાબતનું પણ ધ્યાન દોરશો કે આની જરૂર છે અને ખેડૂત આત્મનિર્ભર બને એના માટે જરૂર હોય તો ચોકક્સ તમે કહેજો. હેમંતભાઇ અમે તૈયાર છીએ. આપી દો એનાથી ક્યારેય કોઇનું ભલું ન થાય. એનાથી તો ભિખારી બને અને અમે ભિખારી બનાવવા માગતા નથી. અમારા ભામાશાએ મને હા પાડી છે કે રૂ.૧૧૩ કરોડના ખર્ચે આ રાજ્યના પાંચસો ગામ સોએ સો ટકા પ્રાકૃતિક થાય એના વિઝન સાથે અમે આગળ વધવાના છીએ. સાહેબ તમને પણ મારી વિનંતી છે. તમારી પાસે બહુ મોટી વ્યાપક વ્યવસ્થાઓ છે એના ઉપયોગની અમારે આવશ્યકતા રહેશે. આવોને ભાઇ, ગામના બે લોકો ખેતી કરતા હોય તો ચાર લોકો કેવી રીતે કરે એના માટે આપણે સૌ ધારાસભ્યશ્રીઓ સંકલ્પ કરીએ. મારા મતવિસ્તારમાં મેં આના માટે પ્રયાસ કર્યો છે. આ આત્માને શાંતિ આપે એવું કામ છે. બાકી આવનારી પેઢી ઉત્પાદન નહીં કરી શકે. બંજર જમીનોમાં કંઇ પેદા નહીં કરી શકે. આ દિવસો બહું દૂર નથી. હું તો ૨૫-૩૦ વર્ષમાં જોઇ રહ્યો છું. અત્યારે આપણે સાથે મળીને ખેડૂતોની ચિંતા કરવાની છે. રાજ્યની સરકારે આ નિર્ણયો કર્યા છે ત્યારે નેચરલ ફાર્મિંગ માટે રૂ. ૮૯.૯૦ કરોડ, વિવિધ યોજનાઓ માટે રૂ. ૧૫૨ કરોડ, માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે ૭૫ ટકાની સહાય વધારી રૂ. ૯.૩૭ કરોડની નવી જોગવાઇ આમાં દાખલ કરી છે. પ્રાકૃતિક ખેતી માટે કુલ મળીને રૂ. ૩૯૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. એના માટે બજેટોની જ આવશ્યકતા હોય એવું નથી. રૂ. ૧૧ હજાર કરોડ બજેટમાં હતા? હું સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું. શું ગયા વખતના બજેટમાં રૂ. ૧૧ હજાર કરોડ હશે? વાવાઝોડું આવ્યું ત્યારે હશે? આપણા જિલ્લામાં પૂર આવ્યું ત્યારે બજેટમાં જોગવાઇ હશે? ન હતી પણ ગુજરાતની તિજોરી તરબત્તર છે જ્યારે જે વિભાગને, ખેડૂતને જોઇતું હોય ત્યારે તિજોરી ખુલ્લી મૂકી દેવા માટેની છે. આપણે દેવામાં નથી. મેં એ દિવસે વાત કરી છે. મારે ડિટેઇલ્સમાં કહેવું નથી. આ ગુજરાત દેવાળું ફૂંકવાવાળું નથી. આ સન્માનનીય ગૃહમાં લખવું હોય તો લખી લો આ ગુજરાત ભા.જ.પ.ના શાસનમાં ક્યારેય દેવાળું ના ફૂંકે. આ સરકાર જનતાની તિજોરી તરબતર કરાવીને લોકોની સમૃદ્ધિ લાવવા માટે છે. એના માટે સહન કરવું પડશે તો અમારી માનનીય ભુપેન્દ્રભાઇની સરકાર ગાળો ખાવા પણ તૈયાર છે પણ પ્રજાને ભિખારી બનાવીને, નવી પેઢી હેરાન થાય એવું ક્યારેય નહીં કરે. ગાળો આપવી હોય તો આપજો અમે તૈયાર છીએ. વાંધો નથી પણ રાજ્યની જનતાના હિતમાં આ તિજોરી ઉપર કોઇનો પંજો નહીં પડવા દઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયત વિભાગની વાત કરું. આપણે તમારા અને મારા ઘરે જે ખાઇએ છીએ એ કોઇના કોઇ સ્વરૂપે ઝેર છે. આપણે સમજવું પડશે, સમજાવવા પડશે. અપનાવવું પડશે અને અપનાવવા માટેના પ્રયાસો કરવા પડશે. મહામહિમ રાજ્યપાલ સાહેબે વાત કરી હતી કે માતાના ખુખે બાળક આવે ત્યારે પહેલાં બીજા દિવસે, અઠવાડિયામાં કે મહિનામાં એને સુગર હોય, કેન્સર હોય, કોઇ કલ્પના કરી શકે? એને તો ક્યાં આવું કંઇ ખાધું છે? આપણે જે ખાઇએ છીએ એ શરીરમાંથી ઉત્પન્ન થાય છે. માનું દૂધ પવિત્ર ગણાય એમાંથી બાળકને કેન્સર થાય. ૭૧૮ જેટલા રોજ કેન્સરો આવે. આ દૈનિક સ્થિતિમાં રોજ જોઇતી ફળફળાદી, રોજ જોઇતી શાકભાજીના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પાંચમા સ્થાને છે. ગુજરાત શાકભાજીના ઉત્પાદનમાં પાંચમું સ્થાન, ફળફળાદીમાં પાંચમું સ્થાન અને મસાલાના પાકોમાં ત્રીજું સ્થાન ધરાવે છે. કર્ણાટક અને પંજાબ જેવા રાજ્યો કરતાં ગુજરાતના કેળાં, પપૈયા, દાડમ, ચીકું અને આંબળા જેવા ફળપાકોમાં પણ આપણે આગવું સ્થાન ધરાવીએ છીએ. આ બધા ખેતીપ્રધાન રાજ્યો છે. આપણા કરતાં વધારે સમૃદ્ધ ખેતી એકસમયે ત્યાં થતી હતી પણ પડી ભાંગી છે. ચીકું, પપૈયા, ભીંડા, જીરું, વરિયાળીના વાવેતરમાં આપણે દેશમાં પ્રથમ છીએ. દાડમ, ઘાણાં, કેળાં, ડુંગળીમાં આપણે દેશમાં બીજા છીએ. આ બીજો, ત્રીજો નંબર આવે છે કયાંથી? એ તો મને કહો. આ ઉત્પાદન ખેડૂતના ખેતરમાં નથી થતું? તો ક્યાંથી થાય છે? ખેડૂતને કાંઇ નથી, ખેડૂતને કાંઇ નથી આ રીતે એને માનસિક ભાંગવાનો પ્રયાસ મહેરબાની કરીને નહીં કરવો જોઇએ.

એમણે કર્યું છે એને વધાવીએ અને ઘટે છે એના માટે મદદ કરીએ. એ પોતે જે કરી રહ્યો છે તે આપણને આપી રહ્યો છે. ડુંગળી પકવતા ખેડૂતો માટે માર્કેટ ઇન્ટરવેન્શન સ્કીમમાં ૧૮૪૭૦ ખેડૂતોને ૩. ૩૨.૫૧ કરોડની ઐતિહાસિક સહાયની જોગવાઇ કરેલ છે. હું આ વિધાનસભાના માધ્યમથી કૃષિ મંત્રી તરીકે કહું છું કે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે મૂલ્યાંકન કરીને ખેડૂત બેઠો થાય, ખેડૂત સશક્ત થાય, કુદરત જ્યારે રુઠતી હોય, માર્કેટો તૂટતા હોય ત્યારે કોઇ સરકારોના હાથ ના પહોંચે પણ એને મજબૂત કરવાનો ભાવ હોય તો એ પાછો બેઠો થઈ જાય અને એના માટે અમે તૈયાર છીએ. બગડી જતા કાપણી બાગાયતો એને પ્રોત્સાહન યોજના ફળ સ્વરૂપે ૫૪૮ જેટલા કોલ્ડ સ્ટોરેજો ૨૭.૪૦ લાખ મેટ્રિક ટનનો સંગ્રહ અને એનાથી ૨૦૪ કોલ્ડ સ્ટોરેજ ઉપર રૂફટોપ સોલાર પેનલ આપી છે. સને ૧૯૯૪-૯૫નું બાગાયત ખાતાનું બજેટ રૂપિયા ૪.૯૫ કરોડ હતું. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વર્ષ ૨૦૨૬-૨૭નું માનનીય ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રૂપિયા ૭૯૬ કરોડ, ૧૬૦ ગણાનો વધારો. તમે શું આપતા હતા એની જો ચર્ચા, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝમાં એના અનેક કામો નવીનતામાં, ઉદ્યોગ સાહસિકતામાં થયા છે. અમદાવાદના ત્રાગડ ખાતે રૂપિયા ૨૨.૫૦ કરોડના ખર્ચે એગ્રી બિઝનેસ એન્ડ ઇનોવેશન હબ બનાવવા માટેની નવી બાબત રજૂ થઇ છે. વાવ-થરાદ, આપનો જિલ્લો છે ત્યાં નવો ફૂડ પાર્ક બનાવવા માટે સરકારે આયોજન કર્યું છે. એના વિવિધ પ્રોજેકટો માટે રૂપિયા એક કરોડની જોગવાઇ નવી બાબત તરીકે ઉમેરી છે. એમાં પણ રૂપિયા ૨૨-૨૫ કરોડ જોઇએ તો અમારું ખાતુ આપશે. અલગ અલગ પ્રયોગ કરીને બધી જગ્યાઓ ઉપર ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી ખાતે ફૂડ પ્રોસેસિંગ કોલ્ડ ચેઇન, લોજેસ્ટિક સુવિધાઓ પણ ઊભી કરવાની છે. ગુજરાત કૃષિ બિઝનેસ, એક્ષપો પ્રમોશન પોલિસી નવી બાબત તરીકે લાવ્યા છીએ. અહીંયા તમે શું નવું લાવ્યા આવી વાત કરે છે ત્યારે મારે આ એગ્રો બિઝનેસ પોલિસીની કેટલીક વાત કરવી છે.

અધ્યક્ષશ્રી : આપની વાતમાં માનનીય સભ્યશ્રીઓને એટલો બધો રસ છે કે પાટલી થપથપાવીને બધા અભિનંદન આપે છે. એ લોકો ઇચ્છે છે કે હજુ તમે લાંબો સમય સુધી....(અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : આજે મેં નક્કી કર્યું છે કે હું રાજકીય ઓબ્ઝર્વેશન નથી કરવાનો. રાજકીય ઓબ્ઝર્વેશનનો સમય છે અને એના માટે પ્રજાનું મેદાન તો છે જ. અમને ભરોસો છે કે પ્રજા એમાં અમને જ આશીર્વાદ આપશે. કારણ કે અમારા હૃદયમાં ભાવ છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, વધારે સમય થવાનો હોય તો આપણે જમવાનું/વાળુનું કરાવી દઈએ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાહેબ, આ તમારી ટકોર છે, ટીકા છે કે ભાવ છે?(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી ગોપાલભાઇ, અહીંયા જમવું છે? જમવું હોય તો પછી ટિફિનની વ્યવસ્થા કરાવીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, ડાયરા જેવું લાગે છે હાલવા દો.

અધ્યક્ષશ્રી : ખરેખર જુઓ તો માનનીય મંત્રીશ્રી માહિતીસભર વિગતો આપી રહ્યા છે. જે ખેડૂતોની પાસે જઇને તમે વિગતવાર ચર્ચા કરી શકો અને સરકારની યોજનાની જાણ કરી શકો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : સાહેબ અમે અહીંયા ભૂખ્યા પેટે બેસવા તૈયાર છીએ. પ્રાકૃતિક જમાડે તો વાંધો નહીં નહીંતર અમે એમને એમ તૈયાર છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, તમે એક વખત શાંતિથી બજેટના અનુસંધાને તમારા બંગલે આ બધા ધારાસભ્યોનું ભોજન રાખજો. આજે નહીં પછી રાખજો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાહેબ, હું તો મિલેટ ખવડાવું.

અધ્યક્ષશ્રી : મિલેટ ઉત્સવ કરશે, ચાલો સરસ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ કદાચ ટીકામાં કહેતા હશે કે ડાયરો. ટીકામાં કહેતા હશે ૧૨ વાગ્યા સુધી પણ ૧૨ વાગ્યા સુધી નહીં ૩૬૫ દિવસ જાગવા તૈયાર છીએ. જાગ્યા છીએ ત્યારે અહીંયા પહોંચ્યા છીએ. તમે જાગવાની તૈયારી કરો છો. આવતા વર્ષ ૨૦૨૭ માં પછી ખબર પડશે. આપણું ગૃહ છે એ કાંઇ ડાયરાની વાત નથી. આ એક પ્રણાલી છે, એવી પરંપરા છે જે બધી પાર્ટીએ સ્વીકારવી પડે કે શ્રેષ્ઠ પ્રણાલી છે. સંસદીય બાબતોને તમારે સ્વીકારવી પડે. તમારે ઊભા થઇને કહેવું પડે કે શ્રેષ્ઠ પ્રણાલી છે. કારણ કે પ્રમુખશાહી પદ્ધતિ હોય, રાજાશાહી પદ્ધતિ હોય, આ બધામાંથી બહાર નીકળીને લોકશાહી પદ્ધતિ આજે વિશ્વએ અપનાવી છે અને માને છે. એમાં કોઇ ઉણપ હોય તો એના માટેના સજેશન બેસીને કરીએ અને આગળ લઇ જઇ શકીએ. શ્રી તુષારભાઇ, આપ સહમત છો કે આ શ્રેષ્ઠ છે? રેકર્ડ ઉપર ઊભા થઇને કહો. ઊભા થઇને કહો. આપનું પણ સજેશન જોઇએ છે. આપણે સાથે મળીને આગળ વધવું છે. આપણે સુધારા કરવા છે. તકલીફ હોય તો આપણે સાથે મળીશું.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમે રાત્રે ૧૨ વાગ્યા સુધી બેસવાની તૈયારી બતાવી છે એ એમના વિભાગની જે વાતો કરવી હોય એ કરે એનો અમને વાંધો નથી. પણ સરખામણી પછી વર્ષ ૧૯૮૦ થી ૨૦૨૫ની ન થવી જોઇએ. રાજકીય અવલોકનો ન થવા જોઇએ એટલી જ અમારી વિનંતી છે. બાકી કોઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : એમ નહીં કરે અને જો કાંઇ આઘાપાછી હશે તો માનનીય શ્રી રમણભાઇ વોરાજી છે એ પોઇન્ટ ઓફ ઓર્ડર લેશે. એમાં ચિંતા નહીં કરો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સંસદીય પ્રણાલીનું ધ્યાન દોર્યું. આપણે એવું ન કરી શકીએ. આ વિધાનસભા છે. વિધાનસભાની એ ગરિમા છે. અધ્યક્ષશ્રી : ના, ના, એ તો બરાબર છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાહેબ, એગ્રો ઇન્ડસ્ટ્રીઝ પોલિસી એક નવી બાબત છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સાહેબ, માનનીય જીતુભાઇ, જે વાત કરી રહ્યા છે એ એવું નથી કહેતા કે ત્યાં ખરાબ છે. આપણે કેટલી પ્રગતિ કરી? અને ક્યારથી, ક્યા સમયથી અહીંયા આપણે પહોંચ્યા અને કયા માધ્યમથી પહોંચ્યા, ક્યા માર્ગેથી પહોંચ્યા? એ વાત કરી રહ્યાં છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાહેબ, આ તો અહીંયા બોલવું પડે. બાકી પોતાની વિધાનસભામાં ડાયરા કરીને બધા લોકોને લેવાની મહેનત તો કરે એવા ફોટા મેં જોયા છે. મારે ગુજરાત એગ્રો બિઝનેસ પોલિસી અંગે મારે ધ્યાન દોરવું છે. એ ખેડૂતોની સમૃદ્ધિનું ખૂબ મોટું પ્રતિક બનવા જઇ રહ્યું છે. રૂ.૧૦ કરોડની ટોકન જોગવાઇ છે. રૂ.૧૩૦૦ કરોડ રાજ્ય સરકાર અમારા વિભાગને ફાળવવાના છે એટલે અમારું રૂ.૨૫,૦૦૦ કરોડનું બજેટ આગામી દિવસોમાં આપણાં નાણાકીય ધારા–ધોરણ છે એ પ્રમાણે થશે. સૂક્ષ્મ ઉદ્યોગો રૂ.૨.૫ કરોડ કરતાં ઓછું ઇન્વેસ્ટમેન્ટ હોય તો કેપિટલ સબસિડી માટે ટર્મ લોન ૬૦ ટકા અથવા તો રૂ.૧ કરોડ બેમાંથી જે ઓછું હોય એ, આદિજાતિ તાલુકામાં ૭૫ લાખ રૂ. ૧.૨૫ કરોડ સુધી વ્યાજ સહાય ૬૦ ટકા સબસિડી રૂ.૨.૫ લાખ પાંચ વર્ષ સુધી, કામદારોને રૂ.૫૦૦૦ પ્રતિ મહિના સહાય એટલે ખેડૂત ઉત્પાદન કરે છે એને વેલ્યુએડિશન કેવી રીતે થાય? એને કંઇ પેકિંગ કરવું હોય, વેચાણ કેન્દ્ર બનાવવું હોય એના માટેનું એક મહત્ત્વનું કામ એ આ બજેટમાં માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્ત્વમાં અમારા વિભાગ દ્વારા ટેકનોલોજીની ખરીદી માટે રૂ.૧૦ લાખ ઓર્ગેનિક સર્ટિફિકેશન, પ્રાકૃત્તિક સર્ટિફિકેશન, નિકાસ પ્રોત્સાહન માટે રૂ.૧૦ લાખ જ્યારે રકમ ટોકન નક્કી કરીએ છીએ ત્યારે રાજ્યની તિજોરીમાંથી જરૂર હોય એટલું બધું જ અન્ય જગ્યાએથી લાવી શકાતું હોય છે. નાના અને મધ્યમ ઉદ્યોગો, ઉદ્યોગ વિભાગમાંથી આ એગ્રો બિઝનેસ પોલિસી કૃષિ વિભાગમાં આવી છે. રૂપિયા સવા સો કરોડ સુધી એ કોઇ વ્યાપાર કરતો હોય, ખેતરમાં એક–બે લાખ રૂપિયા કે રૂપિયા દસ લાખ કે પચાસ લાખની મદદની જરૂર હોય અને ખેડૂતને આગળ વધવું છે એના માટે આ બહુ મહત્ત્વની સહાય અને એમને આગળ વધવા માટેની એક ઇકો સિસ્ટમ ઊભી કરવાનો પ્રયાસ રૂ.૨૫ કરોડથી લઇને રૂ.૧૨૫ કરોડ સુધીના એકમો અમારામાં આવી જવાના છે. કેટલું મોટું ખેડૂતો માટેનું કામ તમે તમારા વિસ્તારમાં આ પ્રકારે ખેડૂતના આઇ.પી.ઓ. બનાવીને, મંડળી બનાવીને કરી શકો કે કેમ? એનો પ્રયાસ આપણે કરવો જોઇએ કે કેમ? કેપિટલ સબસિડી ૩૫ ટકા રૂ.૨૦ કરોડ સુધી, આદિજાતિ વિસ્તારમાં ૫૦ ટકા રૂ.૨૫ કરોડ સુધી, ૭ટકા વ્યાજ, રૂ.૩૫ લાખ પ્રતિ વર્ષ પાંચ વર્ષ સુધી. ટેકનોલોજીની ખરીદી પર રૂ.૨૫ લાખ નિકાસ પ્રોત્સાહન માટે મેં વાત કરી. આ જોગવાઇ મુજબ કુલ ઇન્વેસ્ટમેન્ટના ૪૦ ટકા સુધી સહાય આપવાની જોગવાઇ છે. રૂ.૧૦ કરોડનું ઇન્વેસ્ટમેન્ટ હોય તો રૂ.૪ કરોડ એને મળવાપાત્ર છે. ૪૦ ટકા સુધી એટલે કે મહત્તમ રૂ.૧૦૦ કરોડ સુધી સુધી સહાય આમાં મળી શકવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં પણ મારે આપની જરૂરિયાત રહેવાની છે. કેટલીક નવી બાબતો લાવ્યા છીએ એમાં કિસાન ડ્રોન ખરીદી પરની સહાય રૂ.૧૫ કરોડ, શું લાવ્યા? કૃષિ વિભાગમાં કાંઇ છે જ નહીં એની માહિતી માત્ર આપી છે. કદાચ કોઇએ અભ્યાસ કર્યો ના હોય તો ધ્યાનમાં ના હોય. એગ્રો સર્વિસ પ્રોવાઇડર યોજના રૂ.૧૦ કરોડ, કૃષિ તકનિકી માટે ૬ સેન્ટર ઓફ એક્સેલન્સ ઊભા કરવાના રૂ.૧૨ કરોડ, બાગાયત ફળોમાં ફિલ્ડ કવરથી ગુણવત્તા ઉત્પાદન, આદું, હળદર જેવા રાયઝોમેટિક પાકોના પ્રોત્સાહન, બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોના વાવેતર ક્ષેત્રમાં વધારો રૂ.૪૯ કરોડ, કૃષિને લગતા ઇન્ફ્રાસ્ટ્રકચર ૬ સ્થળો પર – બાવળા, ગોંડલ, સુરત, ધોલેરા, એસ.આઇ.આર. જબુગામ, ડીસા રૂ.૬૯ કરોડ. અમદાવાદના ત્રાગડ ખાતે એગ્રી બિઝનેસ અને એગ્રી ઇનોવેશન હબની સ્થાપના રૂ.૨૨.૫૦ કરોડ. બનાના ફાયબર એક્સટેન્શન અને બનાના પાવડર પ્રોસેસિંગ યુનિટ બનાવવા માટે ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ વડોદરા, આણંદ, ખેડા, નર્મદા રૂ.૧ કરોડ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોરીડોર માટે ડિટેઇલ પ્રોજેકટ રિપોર્ટ કોરીડોર ૧, બોટાદથી પીપાવાવ બંદર કોરીડોર ૨, સુરેન્દ્રનગર થી પોરબંદર ૧ કરોડ, વાવ–થરાદ માટે ફૂડ પાર્ક માટે ૧ કરોડ, મિલેટ મૂલ્યવર્ધક પ્રોસેસિંગ યુનિટ બનાવવા માટે ૧ કરોડ, ગુજરાત કૃષિ વ્યવસાયિક નિકાસ પ્રોત્સાહન માટે ૧૦ કરોડ, પ્રાકૃતિક ખેતી હેન્ડ હોલ્ડીંગ અને સર્ટીફિકેટ માટે ૮.૪૦ કરોડ, રાજ્યમાં પ્રાકૃતિક ઉત્પાદનોના બજાર સુધી સુવિધા ઊભી કરવા માટે ૯.૩૭ કરોડ, રાજ્યના દરેક જિલ્લામાં પ્રાકૃતિક ખેતી માટેનાં સેન્ટર ઓફ એકસેલન્સ ઊભાં કરવા ૨૦ કરોડ, પ્રાકૃતિક ખેતી ઉત્પાદનોના માર્કેટિંગ અને બ્રાન્ડ પ્રમોશન માટે ૧ કરોડ, રાજ્યની કૃષિ યુનિવર્સિટીના કૃષિ શિક્ષણનાં કાર્યક્રમો શુદ્ધીકરણ કરવા જામનગર, ભુજ તથા ખેડબ્રહ્મા ખાતે કોલેજો, હોસ્ટેલો બનાવી હોર્ટીકલ્ચર બધી યુનિવર્સિટીઓમાં છે તેને અપગ્રેડેશન કરવા માટેની પણ જોગવાઇઓ ૪૦ કરોડ રૂપિયા. આ નવી બાબતો પશુપાલનમાં પણ ૭ જેટલી નવી બાબતો લાવ્યા છીએ. પશુઓમાં ગર્ભધારણ નિદાન કરવાના રેપીડ ટેસ્ટ કીટ ૧૦ કરોડ, રાજ્યમાં પશુઓના આઇ.પી.એફ. માનનીય અધ્યક્ષશ્રી, આપનો વિષય છે આપે આને પ્રાધાન્ય આપ્યું છે. તેના ગર્ભધારણની સહાય માટે ૧ કરોડ, પશુરોગ નિદાનની કીટ અને સાધનોની સુવિધા ઊભી કરવા માટે નવી પશુરોગ નિદાન લેબોરેટરી ૩ કરોડ, પશુપાલન ખાતાની સંસ્થાઓના માળખાગત વિકાસ અને સંશોધન સહાય હેતુ પશુઆરોગ્ય મેળા સમિતિ ૩૪ કરોડ, પશુ દવાખાના પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર વેટરનરી પોલિટેકનિક ઉપકેન્દ્રો જૂથ મથક અને નવીન મકાન બાંધકામ માટે ૫૭ કરોડ, કામધેનુ યુનિવર્સિટીને વેટેરીનરી અને એનિમલ હસબન્ડરી કોલેજ ભૂજ, કચ્છ, રાજકોટ, હિંમતનગર, નવસારી સરદાર

કૃષિનગર, દાંતીવાડા ૨૬ કરોડ, કામધેનુ યુનિવર્સિટી માટે ૨ કરોડ, મત્સ્ય ઉદ્યોગ ટોલ૨, ટોલ ટેન૨, માછીમાર જાળ અને લાઇન ઉપર સહાય આપવા માટે ૪૦ કરોડ, આંતરદેશીય મત્સ્યોદ્યોગ માટે ફીશ પ્રોસેસિંગ પ્લાન્ટ માટે ૧૦ કરોડ, ડીપ સી ફિશિંગ વિશ્વની સ્પર્ધામાં જવા માટે થઇને એ પણ અલગ રકમની જોગવાઇ તે મત્સ્યોદ્યોગમાં પહેલી વખત થઇ છે. માનનીય અર્જુનભાઇ અહીંયા હાજર છે એમનું પી.એ.સી.માં સજેશન હતું કે ડીપ સીમાં જઇને એ માછલીઓને પકડીને તેનો ઉદ્યોગ કરવાનું કામ એ પણ નવું કામ એ રાજયની સરકારે હાથમાં લીધુ છે. સહકારી મંડળીઓ દ્વારા ગોડાઉન બનાવવા માટેની સહાય ૩૦ કરોડ, સહકારી મંડળીઓ કઇ રીતે સમૃદ્ધ બને? અમીતભાઇ શાહના નેતૃત્વમાં માનનીય અધ્યક્ષશ્રી, આપ જાણો છો મંડળીઓ, તેમની વ્યાપાર કરવાની સુવિધાઓ માત્ર ધિરાણ જ નહીં કેટલુ મોટું પરિવર્તન એ લાવી રહ્યાં છે. દૂધ સંઘો માટે બાયો સી.એન.જી.પ્લાન્ટ સ્થાપવા માટે ૬૦ કરોડ રૂપિયા રાજયની સરકારે સ્થાપ્યો છે. તમે સ્થાપ્યો છે. અમે તૈયાર છીએ, આવોને, બાયો સી.એન.જી.ગેસ પ્લાન્ટ કોઇ પ્રાઇવેટ કરે, કોઇ સહકારી ધોરણે કરે અને આપણા ખેડૂતોનું ઉત્થાન થાય. એનું છાણ એક રૂપિયે કિલો સાહેબ આપ લઇ જાવ છો અને રોજનું લગભગ લાખ કિલોની આસપાસ આપ ખરીદો છો. આપણા અધ્યક્ષશ્રીની ડેરીમાં જોવા માટે જાવ તો ખરા. તે ખાતર પાછું ખેતરમાં જાય આ પ્રકારની સુવિધાઓ કરી છે. ખાંડ સહકારી મંડળીઓને વ્યાજ સહાય માટે ૨૦ કરોડ અને આ પ્રકારની અનેક નવી જોગવાઇઓ મેં એટલા માટે ઝડપથી કહી દીધું કારણ કે કેટલોક અવાજ પોરા સાહેબનો સંભળાયો એટલે નવી બાબત, સાહેબ આ નવી બાબતો છે જૂની બાબતો તો શરૂ જ છે એટલે મહેરબાની કરીને કયારેક આપણે કહીએ કે કૃષિ વિભાગે શું કર્યું, આ જે કહેતાં હોય તેની વાત છે. એણે કયારેક અભ્યાસ કરીને જોવું જોઇએ. પ્લાનીંગ પણ અમે આગામી દિવસોમાં કરી રહ્યા છીએ ત્યારે સહકાર વિભાગ સાહેબ આપ જાણો છો સહકારથી સમૃદ્ધિ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬-૨૭માં ૨૦ ટકાનો માતબર વધારો આ બજેટમાં એ થયો છે. ૧૯૪૭ કરોડની માગણીઓ એ આજે હું લઇને આવ્યો છું. માનનીય મોદી સાહેબ અને માનનીય અમીતભાઇ શાહના વિઝનથી પહેલી વખત સહકાર મંત્રાલય બન્યું છે. દીર્ઘકાલિન વિઝન સાથે PACS ને મે યાદ કરીએ તો PACS શું એ પહેલાં સમજવું પડશે. કેટલાક લોકો ટીકા કરે છે કોઇ એક દ્રષ્ટિવંત સહકાર મંત્રી હોય તો કેટલા બહુહેતુક કામ માટે થઇને કામ થઇ શકે એના માટે થઇને જે નિર્ણયો કર્યા છે, જે વિઝન સાથે ચાલી રહ્યા છે અને વર્ષ-૨૦૪૭ની અંદર આપણું સ્ટેટ એ રોલ મોડલ બને ખેતી, ડેરી, લઘુ ઉદ્યોગના માધ્યમથી છેવાડાના માનવી વૈશ્વિક બજાર સુધી વિકસિત ગુજરાત એ ડગ માંડી રહ્યું છે ત્યારે સહકાર એ માત્ર જીવન નિર્વાહનું સાધન નહીં પણ આર્થિક સાર્વભૌમત્વનું પ્રતિક બની રહે તેના માટેના પ્રયાસો કરી રહ્યા છીએ. અમારો સહકાર વિભાગ એ પાંચ આધારસ્તંભ ઉપર ઊભું છે: દૂધ સહકારી ક્ષેત્ર, નાણાકીય સશકિતકરણ, પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળી એટલે પેકસ દ્વારા ગ્રામ્ય અર્થ વ્યવસ્થામાં પરિવર્તન કરવાનું કામ છે. પેકસ એ ગ્રામ્ય અર્થ વ્યવસ્થામાં પરિવર્તન કરવાનું કામ છે. આ મંડળીઓને સમૃદ્ધ કરવા માટે, હવે તો હમણાં કેન્દ્રની સરકારમાં મંથન બેઠક થઇ, આપ હાજર હતા, માનનીય અમિતભાઇ શાહએ સમગ્ર દેશના લોકોને બોલાવ્યા હતા, તમામ લોકોએ પોતપોતાના રાજયોની વાત કરી, વિપક્ષના પણ રાજયો હતા, સચિવશ્રીઓ હતા, એમણે વાત કરી એટલે સ્વીકાર્યું કે આટલો બધો રીફોર્મ્સ થઇ રહ્યો છે ત્યારે ૯ વર્ષ સુધી, હું સભ્યશ્રીઓને કહું છું કે આપના ગામની અંદર મંડળીઓ છે, ચાર્ડ છે દરેક વખતે લાખો મેટ્રિક ટન માટે ગોડાઉનની જરૂર પડે છે, આપણે ભાડે લઇએ છીએ તો કેમ આપણે સહકારીમાં ગોડાઉન ના બનાવીએ? નવ વર્ષ સુધી ભારત સરકારે ભાડે લેવાના છે. ગ્રામીણ ક્ષેત્રની ચિંતા કરવાવાળાઓએ આ ચિંતા કરી નથી. આવોને સાહેબ, સૌ સાથે મળીને એ પહેલમાં આગળ વધીએ. કૃષિ ઉત્પાદનની વૈશ્વિક વિકાસ, નવીન પહેલ. ભારત ટેકસી, બાયો સી.એન.જી. ભારત ટેકસી કોઇ કલ્પના કરી શકે? સહકારથી ટેકસી હોય, રીક્ષાઓ હોય, માલિક બને, જેમ અમૂલ એનો ૬૦ હજાર કરોડનો વહીવટ એનો આખો નફોએ પશુપાલકોને જાય છે, એ બ્રાન્ડ બને તે પ્રકારના વિઝન સાથે આગળ વધી રહ્યા છીએ ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે ૧૬ હજારથી વધુ મંડળીઓ, ૩૬ લાખથી વધુ દૂધ ઉત્પાદકો એ આપણા ગુજરાતમાં છે. સન ૨૦૦૧માં સરેરાશ ૪૪ લાખ લીટર દૂધ પ્રતિ દિવસ હતું જે આજે આશરે ૩ કરોડ લીટર પહોંચ્યું છે. આપને પણ અભિનંદન આપું છું. આપના પ્રયાસો છે એ સાહેબ, ગુજરાત નહીં, દેશ નહીં ભૂલી શકે એ પ્રકારના પ્રયત્નોને કારણે ૫૦૦ ટકાનો વધારો, ૨૦૦ કરોડનું રોજ ચૂકવણું થાય છે. દૂધ જે ભરાય છે એનું રોજનું ૨૦૦ કરોડનું ચૂકવણું થાય છે. આ ગામડામાં નથી જતું તો જાય છે કયાં? ગામડામાં શું થયું? પશુપાલક કયાં છે? ખેડૂતનું આમાં કોણ છે? આ ૨૦૦ કરોડ કોના ખાતામાં જાય છે? સહકારી બેંકોને મજબૂત કરવાનો નિર્ણય કર્યો. દેશની અંદર ૧૪ હજાર જેટલા એ.ટી.એમ., આપે પણ અમને એ મીટિંગમાં સહયોગ કર્યો હતો. એ સીધું જોડાણ થાય એના કારણે થાપણો ૧૪-૧૫ હજાર કરોડની થાપણો આવે, આ સહકારી બેંકો મજબૂત થશે તો ગ્રામ્ય અર્થતંત્ર, સહકારી ક્ષેત્ર મજબૂત થશે. આ પ્રકારની વ્યવસ્થાઓ કરી રહ્યા છીએ ત્યારે વ્યાજ સહાય યોજનામાં પણ વધારો કર્યો છે. રૂ.૧૩૯૩ કરોડ હતા તેમાં આ વખતે રુ. ૧૫૩૯ કરોડ કરવામાં આવ્યા છે. ૧૪૬ કરોડ રૂપિયાનો વધારો એ ૧૮ લાખથી વધુ ખેડૂતો અને પશુપાલકોને, માછીમારોને આશીર્વાદ સમાન થવાનું છે. માછીમારોને ટૂંકી મુદતનું ધિરાણ એ વિના વ્યાજે ઉપલબ્ધ થવાનું છે. માનનીય અમિતભાઇએ કો-ઓપરેશન એમાંગ કો-ઓપરેટીવ્સ, આને સમજવું પડે, કો-ઓપરેશન એમાંગ કો-ઓપરેટીવ્સ એટલે શું? સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર. ખાનગી બેંકોની જેમ સહકારી બેંકો પણ આર્થિક મજબૂત બને અને એનો સીધો ફાયદો એ તમામ લોકોને મળે, સભાસદોને મળે એ પ્રકારનું રોલ મોડેલ અને એની ક્રાંતિકારી અસરો અને એની

તરલતા, નાણાકીય સમાવેશ આ વિઝન એ માનનીય અમિતભાઇ શાહને આપણે જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. દૃષ્ટિ સાથેનું નેતૃત્વ એ મોદી સાહેબના નેતૃત્વમાં કામ કરતું હોય ત્યારે ગુજરાતને કેવડો મોટો ફાયદો થયો છે. ૩૬ લાખ દૂધ ઉત્પાદકોના સીધા જિલ્લા સહકારી બેંકોમાં ખાતા, પહેલાં ખાનગીમાં હતા આનાથી ૧૨.૫ લાખ રૂપિયા એ આપણા પશુપાલકો, એ આપણા ખેડૂતો એનો ઉપયોગ કરે, મને આનંદ છે કે શ્રી અમીતભાઇએ આ પ્રકારના નિર્ણયોથી ૧૪૩૩૦ ગ્રામ પંચાયતોમાં ૧૨૬૨૪ માઇક્રો એટીએમ કરનારું રાજય એ માત્ર અને માત્ર ગુજરાત છે. ૨૩૧ લાખ વહેવારો મારફતે ૧૩૯૩૬ કરોડનું ટ્રાન્ઝેકશન થયું છે અને થાપણોમાં ૧૬૨૧૦ કરોડ રૂપિયાની થાપણો આપણે લાવી શકયા છીએ.આપણે એક અમ્બ્રેલા બનાવવાનો નિર્ણય કર્યો છે. વરસાદમાં કાઢીએ એવી છત્રી નહીં. કોઇએ ક્યારેય વિચાર પણ ના કર્યો હોય એ પ્રકારે સહકારી બેંકોને એક છત્ર નીચે લાવીને ડૂબતી બેંકોને સમૃદ્ધ બનાવવી છે અને સમૃદ્ધ બેંકોને વધુ સમૃદ્ધિ તરફ લઇ જઇ શકીએ એના માટે એક આધુનિક પ્લેટફોર્મ પૂરું પાડવાનું કામ થયું છે. અર્થવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. ધિરાણ કરતી મંડળીઓ હાઇટેક બનશે, અન્ય કામ કરશે એના કારણે એનો સીધો ફાયદો ગ્રામીણ અર્થતંત્રને મળવાનો છે ત્યારે એ બહુહેતુક આર્થિક કેન્દ્રો, એ ક્રાંતિકારી ફેરફારો, એ મોડેલ બાયલોઝનો ઉપયોગ આપણે કર્યો છે. કોમન સર્વિસ સેન્ટરો, જન ઔષધિ કેન્દ્રો જેવા અનેક પ્રકારના કામો ત્યાં થવાના છે. હમણાં જ મેં વાત કરી એમ મંથન બેઠકના પણ પરિણામો મળ્યા છે. ભારત સરકારે એન.સી.એ. એક્ટની પહેલ કરી છે એના કારણે ગુજરાતની ૫૩૦૦થી પણ વધારે મંડળીઓ આમાં જોડાઇ છે અને આપણો માલ ભારત અને વિદેશમાં જવાનો છે. એન.સી.ઓ.એલ., બી.બી.એસ.એસ.એલ. એટલે કે પ્રાકૃતિક બિયારણ. માનનીય અમિતભાઇએ નક્કી કર્યું છે કે આ પ્રાકૃતિક ઉત્પાદન છે એને વૈશ્વિક સ્તરે બજાર મળી રહે એના કારણે ગુજરાતનો ખેડૂત ડોલરની કમાણી કરતો થશે. કિસાન કલ્પવૃક્ષ માટે રૂ.૧૦ કરોડ, ગોડાઉનો, ઓફિસ બિલ્ડિંગ માટે રૂ.૧૦ કરોડ આવી અનેકવિધ નવીન પહેલો કરી છે ત્યારે મને માનનીય મોદી સાહેબના નેતૃત્વમાં સંપૂર્ણ શ્રધ્ધા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને બનાસ ડેરીની સફળતા માટે વિશેષ અભિનંદન આપું છું. મેં, અમિતભાઇએ, મહામહિમ રાજ્યપાલશ્રીએ, માનનીય વડાપ્રધાનશ્રીએ આ નિહાળ્યું છે અને અમિતભાઇએ આપને કહ્યું છે કે ''શંકર તે તો મને દેશની દિશા બદલવાનું એક કામ બતાવ્યું છે.'' હું આપને ફરી વખત અભિનંદન આપું છું. રાસાયણિક ખાતર દ્વારા લાખો રૂપિયા વિદેશમાં જતા અટકાવવાનું શાંતિ અને સુકુન મળે એવું કામ આપે કર્યું છે. પ્રતિ કિલો ભાવે કોઇ ગોબર લે? એ તમે લઇ રહ્યા છો. આપણી ડેરી લઇ રહી છે. આપણી જ ઇકોનોમી વપરાય એના માટેનો ઉત્તમ નિર્ણય આપે લીધો છે. એનાથી દેશને પણ દિશા મળી રહી છે. આપ બધું જાણો છો પશુથી પ્લાન્ટ, પ્લાન્ટથી ખેતર અને ખેતરથી ફરી પશુ સુધીની આખી ચેઇન બની છે ત્યારે મને આનંદ છે કે આપ અનેક નવી બાબતો લઇને આવ્યા છો. અમૂલમાં એ.આઇ.નો ઉપયોગ થાય છે. ખેડૂત એ.આઇ.માં એના ખેતરનો, એના પશુનો પ્રશ્ન પૂછે અને એનો જવાબ મળે. મને જણાવતાં આનંદ થાય છે કે અમારો કૃષિ વિભાગ કિસાનો માટે પણ આવા સરલાભાઇ ઊભા કરવા જઇ રહ્યો છે. કહેવું તો ઘણું છે. પશુપાલન માટેનું પણ છે. મત્સ્યોદ્યોગ માટેનું પણ છે પણ વિશેષ નહિ કહેતાં જે અમારી માગણીઓ છે એમાં આપ સૌ એ પશુપાલકોને, મત્સ્યોદ્યોગમાં કામ કરતાં સૌ માછીમાર ભાઇઓને, સાગરખેડૂઓને એક નવી દિશા આપવાની છે.

"चीर कर छाती जमीन की जो दाना उगाते हैं,
वो किसान ही है जो सारे जग की भूख मिटाते हैं।
गौ-माता और धरती की सेवा में, जो अपना खून-पसीना बहाता है,
उस अन्नदाता को, गोपालक को ये सदन शिश झुकाता है।"

હું પુન: એક વખત કહું છું કે તમે ટીકા કરી હશે અને અમારે કાંઇ લેવા જેવું હશે તો ચોક્કસ લઇશું. તમને પરિણામ બતાવીશું કે આ તમે કહ્યું છે એમાંથી આ સુધારો કર્યો છે. મત્સ્યોદ્યોગમાં પણ મેં ઘણી બધી વાત કરી છે. ત્યારે એક વાત કરીને મારી વાત પૂરી કરું છું. આપને બીજી વાર તે પ્રકારનો સિગ્નલ ન આપવો પડે તેનો પણ પ્રયાસ કરું છું.

સેવા કરીએ ગરીબ, શોષિત, પીડિત, વંચિત ભાળી;
એમ નહીં કે મારા ઘરે જ દિવાળી, સૌના ઘરે દિવાળી...
દીવાના અજવાળે પેલા, મેંરૈયાને ભાળી,
બેઉ બળદની આંખો ચમકે, બોલે ખમ્મા માડી !
ગરવી ગાય તો મુખડું ચાટે, નાચે ઘોડી ઘુઘરિયાળી
એમ નહીં કે મારા ઘરે જ દિવાળી, સૌના ઘરે દિવાળી
આનંદ છે સહિયારી ઘટના એ મુદ્દે સૌ સંમત,
સૌનો સાથ, સૌનો વિકાસ, ઘરે ઘરે હવે તેનો આનંદ કેટલાંકને છે?
ખેતરને' ખેડૂત સુખી, સુખી ગામ ગોવાળી
એમ નહીં કે મારા ઘરે જ દિવાળી, સૌના ઘરે દિવાળી
દેશમાં પહેલા એક પરિવારની દિવાળી હતી, હવે આખા દેશની દિવાળી.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારે બીજ વાવીને, શ્રમ કરીને પાક લઇને ઉજવણી લાવનાર ખેડૂત એ અમૂલ્ય છે. આ ચમત્કાર એમ જ આવ્યો નથી પણ ઇન્ટીગ્રેટેડ એપ્રોચને કારણે આવ્યો છે ત્યારે ખેડૂત, પશુપાલન, સહકાર, સિંચાઈ અને ગ્રામ્ય વિકાસ જેવા પાંચ વિભાગોનું પંચામૃત આજે વકસિત ગુજરાત માટેનાં નવાં શિખરો સર કરી રહ્યું છે ત્યારે ખેડૂત અને ગૌમાતાના આશીર્વાદથી વિકાસની નવી ઊંચાઇઓ ઉપર પહોંચીએ. વિભાગની વર્ષ ૨૦૨૬–૨૭ ની કુલ રૂ.૨૪ હજાર ૨૨ કરોડની અંદાજપત્રીય માગણીઓ આ સભાગૃહ સમક્ષ લાવ્યો છું ત્યારે સૌને વિનંતી છે કે આ માગણીઓને સર્વાનુમતે પસાર કરીએ. આ ગૃહમાં જવાબદાર મંત્રી તરીકે વાત કરું છું કે, રાજ્યના ખેડૂતના, પશુપાલકના, સહકારના, ગાયમાતાના, મત્સ્યોદ્યોગ માટેના એટલે કે સાગરખેડૂ માટેના તમારા હકારાત્મ સૂચનોનો તમને દેખાય તે રીતે અમલ કરીશું. જશ તમને મળે, અમને કોઇ વાંધો નથી. અમારે ગુજરાતનું ભલું કરવું છે ત્યારે આવો સૌ સાથે મળીને એક નવી યાત્રાની શરૂઆત કરીએ.

જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન,
જય અનુસંધાન, જય જય ગરવી ગુજરાત, જય વિધાનસભા.

માનનીય અધ્યક્ષશ્રી, મને ૨૦ મિનિટ વધારે આપવા બદલ સૌનો આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીનું પ્રવચન લોકભોગ્ય ભાષામાં ખૂબ ઇન્ફોર્મેટિક રહ્યું. તેમણે તેમના વિભાગની ઘણી માહિતી પ્રોફેશનલ રીતે લોકભોગ્ય ભાષામાં આપી તે બદલ તેમને અભિનંદન આપીએ. મને લાગે છે કે હવે તમારા કોઇ પ્રશ્ન રહેતા નહીં હોય? (અંતરાય) અચ્છા, એટલા માટે બેઠાં છો? ફાગણ ચાલુ થઇ ગયો એટલે એક કવિતા હતી.

વા વા વંટોળિયા!
હાં રે અમે ગાડામાં બેસીને જાતાં' તાં
વા વા વંટોળિયા!
ગાડાં દોડે ઘૂઘરા બોલે બળદ કેરા શિંગડાં ડોલે
હાં રે અમે ઊની ઊની લૂ મહીં ના' તાં' તાં
વા વા વંટોળિયા!

આમાં ખેડૂત આવી ગયો અને ઉનાળાની ગરમી પણ આવી ગઇ.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન મહેસૂલ વિભાગ અને અન્ય બે ત્રણ વિભાગને સ્પર્શતો છે પરંતુ ગામડામાં જે ૧૦૦ વારના પ્લોટ આપવામાં આવે છે તે ખેડૂતો અને પશુપાલકોને ખૂબ નાના પડે છે. ૧૦૦ વાર એટલે કે ૧૦૦૦ ફૂટમાં મકાન બની શકતું નથી. જે નવા ગામતળો નીમ કરવામાં આવે છે તેમાં ખેડૂતો અને પશુપાલકોને મોટા પ્લોટ મળે તેવી મારી વિનંતી છે. મિનિમમ પશુપાલકોને .....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, પંચાયત અથવા મહેસૂલ વિભાગની માગણી હોય ત્યારે આપ રજૂઆત કરજો. હાલ આ ચર્ચા કરવાનો કોઇ અર્થ નથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મને ખ્યાલ છે પણ પશુપાલન વિભાગ છે એટલે રજૂઆત કરું છું. વિભાગ એવી કોઇ વ્યવસ્થા કરે તેવું હું મંત્રીશ્રીના ધ્યાને મૂકું છું. કેબિનેટમાં આ અંગે.....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તેના માટે જે તે વિભાગની માગણી હોય ત્યારે રજૂઆત કરજો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિસાવદર મતવિસ્તારમાં કાનાવડલા નાની સિંચાઇ યોજના આજથી પચ્ચીસ વર્ષ પહેલાં મંજૂર થઇ છે પરંતુ હજી સુધી આ યોજનાનું કામ ચાલુ થયેલ નથી.તો કાનાવડલા નાની સિંચાઇ યોજના, નાના હડમતિયા નાની સિંચાઇ યોજના અને ખાખરા હડમતિયા નાની સિંચાઇ યોજના આ ત્રણ યોજનાઓનું કામ તાત્કાલિક પૂર્ણ થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપણા કૃષિ કલ્યાણ મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે આજે એમના વક્તવ્યમાં જે વાત આવી કે જે નોન પ્લાન રસ્તા અને પ્લાન રસ્તા એ બધા એક કરવામાં આવે અને એ જે નોન પ્લાન રસ્તા કાચામાંથી પાકા રસ્તા કરવાની જે વાત છે એ ખેડૂતના ખેતર સુધી લઇ જવાની વાત છે અને આ રસ્તાની ગ્રાન્ટ વધારવામાં આવે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સાબર ડેરી દ્વારા પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાની મંડળીઓને સભાસદ બનાવવામાં આવતી નથી. એના કારણે એમને દૂધના ભાવ પણ ઓછા મળે છે, ભાવફેરનો ફાયદો પણ મળતો નથી, એના કારણે ત્રણ તાલુકા વચ્ચે એક જ ડિરેક્ટરની સીટ આવે છે. તો આ ત્રણેય તાલુકામાં જે દૂધ મંડળીઓ કાર્યરત છે અને ડેરીના નિયમ પ્રમાણે બંધબેસતી હોય તો એને સભાસદ બનાવવી જોઇએ એવી વિનંતી છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લામાં પશુરોગ નિદાન માટે પશુરોગ અન્વેષણ એકમની જિલ્લાકક્ષાની કચેરી અરવલ્લીમાં ફાળવવા મારી માગણી છે. હાલ હિંમતનગરમાં હોવાથી તકલીફ પડે છે. પશુ ચિકિત્સક વિભાગમાં ૩૯ નું મહેકમની સામે ૧૧ જગ્યાઓ ભરાયેલ છે અને ૨૮ જગ્યાઓ ખાલી છે એ વહેલી તકે ભરવામાં આવે તેવી

મારી માગણી છે. નાની સિંચાઇ યોજનામાં પ્રાતવેલ ડેમને ખૂબ ઊંડો કરવાની જરૂર છે. કારણ કે, ઘણા સમયથી તેમાં કોઇ કામગીરી થઇ નથી.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રી જે રીતે પ્રાકૃતિક ખેતીની સરસ વાત કરી એ રીતે માનનીય જીતુભાઇ આખા કૃષિ વિભાગને ડિટેઇલમાં માહિતી આપી એ માટે આભાર માનું છું. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જૂનાગઢ બાયપાસ રસ્તો જે છે એ કૃષિ યુનિવર્સિટીમાંથી નીકળે છે. બાકીનું સરકારી જમીનનું થઇ ગયું છે પણ કૃષિ યુનિવર્સિટીનો રસ્તો સમજફેરના કારણે અટકેલ છે. તો વિભાગમાંથી તાત્કાલિક પૂર્ણ થાય તો જે સાસણ જવાનો ટ્રાફિક નીકળી જાય અને આ રસ્તો તાત્કાલિક મંજૂર થાય.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ અને ગોંડલ એ.પી.એમ.સી. સૌરાષ્ટ્રના બે ખૂબ મોટા યાર્ડો છે. કમોસમી વરસાદ થાય ત્યારે યાર્ડનો માલ જણસી બહાર પડ્યો હોય તો સરકારશ્રી તરફથી સૂચના આપવામાં આવે કે યાર્ડના શેડ વધારવામાં આવે એવી વિનંતી છે.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. મારી રજૂઆત છે કે ગાય કે ભેંસ પાંચ મહિના દોહવા દે છે તો દૂધમાં પાંચ રૂપિયાનો વધારો કરવામાં આવે તો પશુધન માટે ખૂબ ટેકો થઇ જાય. જમીન અને પાણીના ટી.ડી.એસ.માટે લેબોરેટરી કરવામાં આવે તો ખેડૂતોને ખબર પડે કે શેના કારણે એરંડા કે કપાસ થતા નથી અને નુકસાન થાય છે. સરકાર દ્વારા ટ્રેક્ટર આપવામાં આવે છે પણ કંપની તરફથી જે ડિસ્કાઉન્ટ મળે એમાં પણ સરકારશ્રી દ્વારા કાર્યવાહી કરવામાં આવે તો ખેડૂતોને ફાયદો થઇ શકે.

અધ્યક્ષશ્રી : આજે મારે એ જાહેરાત વિધાનસભા ગૃહને કરવી પડે કે કૃષિમંત્રીશ્રીના બા મંજુલાબેન પોતે ખેતી કરે છે અને જીતુભાઇના બહેન અને દીકરી એ બધા આજે વિધાનસભા ગૃહમાં ઉપસ્થિત છે. એટલે મા પોતે જાતે મજૂરી કરીને ખેતી કરતા હોય અને એમનો દીકરો જ્યારે કૃષિમંત્રી બને ત્યારે મોંને ઘણો આનંદ થતો હોય. તેઓશ્રી આજે સભાગૃહની કાર્યવાહી જોવા માટે આવ્યા છે એ તમને યાદ કરાવું.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તાર ચોરવાડ ખાતે મત્સ્યોદ્યોગ બંદર મંજૂર થયું છે. જેમાં રૂ.૧૫૬ કરોડ સરકારશ્રીએ મંજૂર કર્યા છે એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મત્સ્યદ્યોગ મંત્રીશ્રીનો ખૂબ આભાર માનું છું. આ કામ ઝડપથી થાય એવી સૂચના આપવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જે ખેડૂતો ટ્રેક્ટરની ટ્રોલી લે છે એ ટ્રોલીનું પાસિંગ કરવામાં આવતું નથી. પાસિંગ બંધ કરી દીધું છે. આ પાસિંગ વહેલી તકે ચાલુ થાય એ માટે મારી વિનંતી છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આઇ ખેડૂત પોર્ટલમાં એ.જી.આર–૩માં ખેતીના બોરવેલનું સદર ઓપન કરવામાં આવે. મારી બીજી એક વિનંતી છે કે હાલના તબક્કે ટ્રેકટરમાં સબસિડી મળે છે. આપણે એકબાજુ ૧૮ ટકા જી.એસ.ટી. લઇએ છીએ અને બીજીબાજુ જી.એસ.ટી. કરતાં પણ ખૂબ ઓછી સબસિડી મળે છે. તો ટ્રેકટરમાં સબસિડી વધારવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મારા જિલ્લામાં મધ્યસ્થ સહકારી બેંક નથી. હમણાં ૧૧ જેટલા જિલ્લાઓમાં આપી છે. આ બેંક આપવા માટે મહિસાગર જિલ્લાનો સમાવેશ કરવામાં આવે. બીજું, વર્ષ ૨૦૧૩થી મહિસાગર જિલ્લો છૂટો પડ્યો છે તો ત્યાં દૂધસંઘ પણ આપવામાં આવે. ત્રીજું, સુજલામ સુફલામ કેનાલના કમાન્ડ એરિયામાં એટલે કે ૯૦૦ થી ૧ કિ.મી.ના અંતરમાં વિરણિયા આન્દ્રા, ચોરી અને ત્રાંકડી આ ત્રણ તળાવોને પાઇપલાઇનથી ભરવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇના માતૃશ્રી સામે બેઠાં છે એમને કૃષિનો પૂરો અનુભવ છે એ વાત સાચી છે પણ એમના પિતાજી બેંકમાં કૃષિ વિકાસ શાખાના અધિકારી હતા એટલે એમને કૃષિમાં કેવી રીતે ધિરાણ થાય અને એની કેવી મુશ્કેલી છે એનો પણ અનુભવ છે. મારો પ્રશ્ન છે અને કદાચ બધાનો પ્રશ્ન હશે. ખેડૂતની સાચી પીડા પાણીપત્રક છે. સમયસર પાણીપત્રક ના થવાના કારણે ખેડૂતના હાથવેંતમાં જ્યારે એની જરૂર પડતી હોય છે ત્યારે ચાહે કૃષિ ધિરાણ લેવાનું હોય, કોઇ સહાય લેવાની હોય, ચાહે કોઇ જગ્યાએ સર્ટિફિકેશન લેવાના હોય ત્યારે પાણીપત્રકની અવશ્ય જરૂર પડતી હોય છે. હું સરકારને અભિનંદન આપું છું કે હવે ડિજિટલ ક્રોપ સરવે (ડી.સી.એસ.)ના માધ્યમથી આપણે ડિજિટલાઇઝેશન કર્યું છે અને ડિજિટલાઇઝેશનના માધ્યમથી ક્રોપનો સરવે કરીએ છીએ. શ્રી જીતુભાઇ પોતે પણ ટેકનોક્રેટ છે. ડિજિટલ સરવેના માધ્યમથી સમયમર્યાદામાં પાણીપત્રક જો ઓટોમેટિક ડિજિટલી તૈયાર થઇ જાય તો હું માનું છું કે ખૂબ મોટી વહીવટી મુશ્કેલી અને ખેડૂતોની મુશ્કેલી બેમાંથી એમને મુક્તિ મળે, આવું મારું નમ્ર સૂચન છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ બધું સચિવશ્રીઓ લખે છે ને? આપે વિધાનસભા મારફત જે તે માનનીય ધારાસભ્યશ્રીઓને જવાબ આપવાનો થશે. બજેટમાં જે જોગવાઇઓ છે એને આનુષંગિક આપણે એનો પ્રાયોરિટીથી સમાવેશ પણ કરીએ છીએ.

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મારી એક માગણી છે કે આપણી કૃષિ યુનિવર્સિટી આણંદને સંલગ્ન આપણા દાહોદ, પંચમહાલ અને મહિસાગરના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે જવું પડે છે. મારું એક સૂચન તેમજ માગણી

છે કે એગ્રીકલ્ચર તેમજ સંલગ્ન કોલેજ, ડિપ્લોમા કોલેજ, સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્ર, દાહોદ, પંચમહાલ અને મહિસાગરના મધ્યમાં શરૂ કરવામાં આવે. તેના માટે ૪૦૦ હેકટર સરકારી પડતર જમીન છે એની કોપી મેં માનનીય મંત્રીશ્રીને આપી છે. આ કેન્દ્રો શરૂ થાય તો સ્થાનિક વિદ્યાર્થીઓને એનો લાભ મળે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી વિનંતી કરું છું કે દહેગામ તાલુકામાં એનિમલ ૧૯૬૨ એમ્બ્યુલન્સ મૂકવામાં આવે. દહેગામ તાલુકામાં પશુ દવાખાના છે પણ મકાન નથી તો એ મંજૂર કરવામાં આવે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે કોઈપણ ખોરાક ખાઈએ એમાં કેટલું પેસ્ટિસાઈઝ્ડ છે એ જાણવું ખૂબ જરૂરી છે. એના માટે રાજકોટ જિલ્લામાં પેસ્ટિસાઈઝ્ડ રેસિડ્યુઝ ટેસ્ટિંગ લેબોરેટરી કરવામાં આવે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી ગોપાલ ઈટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી નં. ૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૯ અને ૧૩ તેમજ માગણી નં. ૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫, ૨૭ અને ૨૮ પાછી ખેંચવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ગોપાલ ઈટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી નં. ૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૯ અને ૧૩ તેમજ માગણી નં. ૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫, ૨૭ અને ૨૮ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **માગણી નં. ૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૯ અને ૧૩ તેમજ માગણી નં. ૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫, ૨૭ અને ૨૮ પાછી ખેંચવામાં આવે છે.**

શ્રી ચૈતરભાઈ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી નં. ૨ ઉપર મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ અને ૧૬ પાછી ખેંચવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ચૈતરભાઈ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી નં. ૨ ઉપરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ અને ૧૬ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **માગણી નં. ૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ અને ૧૬ પાછી ખેંચવામાં આવે છે.**

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨, ૪, ૫, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી નં. ૨, ૩, ૪, ૫ અને ૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બેઠક પૂર્ણ થાય એ પહેલા માનનીય જીતુભાઈ.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા વિભાગની માગણીઓ લઈને આવ્યો હતો એમાં તમામ સભ્યશ્રીઓએ પોત–પોતાની રીતે અનુમોદન આપીને વાત કરી છે. અમારું ધ્યાન પણ દોર્યું છે, ટીકા પણ કરી છે અને આપ પાર્ટીના સભ્યશ્રીઓએ માનનીય ચૈતરભાઈ અને માનનીય ગોપાલભાઈએ કાપ દરખાસ્ત પાછી ખેંચી એટલે હું મંત્રી તરીકે અને સરકાર તરીકે આભાર માનું છું અને કોંગ્રેસ પાર્ટીના સભ્યોએ કાપ દરખાસ્ત પાછી નથી ખેંચી તો એમાં કંઈક હશે, એમાંથી સકારાત્મક લઈને પણ આગળ વધીશું અને એમને પણ આવકારું છું. બધાને થેંક યુ.

અધ્યક્ષશ્રી : ગૃહની કાર્યવાહી પૂર્ણ થાય એ પહેલા જાણકારી આપું કે વહેલી સવારે એમ.એલ.એ. ક્વાર્ટરમાં યોગનું સત્ર ચાલે છે તો માનનીય સભ્યશ્રીઓને ત્યાં આગળ હાજર રહેવા માટે, ગઈ કાલે શરૂઆત કરી હતી અને આજે અને આવતીકાલે પણ છે તો ત્યાં આગળ પરિવાર સાથે લાભ લેવા જઈ શકે. આજની બેઠકનું કામકાજ પૂર્ણ થાય છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૭–૪૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શુક્રવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬

ફાલ્ગુન ૨૨, ૧૯૪૭ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

ઘેડના સર્વાંગી વિકાસ માટે જળસંપત્તિ પ્રભાગને રકમ ફાળવવા

***15/8/2604 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઘેડના સર્વાંગી વિકાસ માટે જળસંપત્તિ પ્રભાગને કેટલી રકમ ફાળવવામાં આવેલ,	(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવેલ રકમ નીચે મુજબ છે. વર્ષ – ફાળવેલ ગ્રાન્ટ (રૂ. કરોડ) ૨૦૨૪ – ૩૨.૧૪ ૨૦૨૫ – ૪૪.૧૦
(૨)	ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટકેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૨)	વર્ષવાર ખર્ચની વિગત નીચે મુજબ છે વર્ષ – થયેલ ખર્ચ (રૂ. કરોડ) ૨૦૨૪ – ૩૦.૯૯ ૨૦૨૫ – ૩૨.૯૭
(૩)	કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?	(૩)	વણવપરાયેલ રકમ તથા તેના કારણો નીચે મુજબ છે. ક્રમ – વર્ષ – વણવપરાયેલ રકમ (કરોડમાં) – કારણો ૧ – ૨૦૨૪ – ૧.૧૫ – ભારે વરસાદથી ઘેડ વિસ્તારમાં સ્થળ ઉપર પાણી ભરાયેલ હોવાના કારણે ૨ – ૨૦૨૫ – ૧૧.૧૩

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઘેડ વિસ્તારમાં જળસંપત્તિ વિભાગ દ્વારા છેલ્લાં ૨ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી? ત્યારે મને જવાબ આપવામાં આવ્યો કે, વર્ષ–૨૦૨૪માં રૂ.૩૨.૧૪ કરોડ અને વર્ષ–૨૦૨૫માં રૂ.૧૪.૧૦ કરોડ. કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી નથી એનો મને જવાબ આપવામાં આવ્યો કે, વર્ષ–૨૦૨૪માં રૂ.૧.૧૫ લાખ અને વર્ષ–૨૦૨૫માં રૂ.૧૧.૧૩ લાખ. જ્યારે આ વિસ્તારમાં ખૂબ મોટા પાયે પાણી ભરાતું હોય અને ખેડૂતોને ખૂબ નુકસાન થતું હોય ત્યારે આ વિસ્તારમાં બાકીની રકમ વાપરવા માગો છો? અને વર્ષ–૨૦૨૬માં વધારાની રકમ ફાળવવા માગો છો કે નહીં?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રમાં ઘેડ વિસ્તાર આવેલ છે. સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ જિલ્લામાં ઉત્તર પશ્ચિમ આવેલ ૩ લાખ ૪૮ હજાર ૪૧૯ એકરનો વિસ્તાર ઘેડ વિસ્તાર તરીકે ઓળખાય છે. આ ત્રિકોણીય વિસ્તારમાં અતિશય વરસાદ પડવાના કારણે તથા ભરતીના પાણી આવવાના કારણે નદી છીછરી થઇ ગઇ છે, કાંઠા પણ તેના સરખા થઇ ગયા છે તેને લઇને ચોમાસામાં જે વરસાદ પડે છે તે પાણી ચારથી પાંચ મહિના સુધી ત્યાં જ રહે છે અને તેને કારણે ખેડૂતોને ખેતીમાં માઠી અસર પડે. તેના માટે ફેઝ–૧, ફેઝ–૨ અને ફેઝ–૩ આ ત્રણ ફેઝની અમે અહીંયા ગણતરી કરી છે. વર્ષ–૨૦૨૬–૨૭માં ઘેડ વિસ્તાર માટે રૂપિયા ૩૨૬ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવી છે. ઘેડ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિના કારણે ચોમાસામાં ભરાતા પાણીના ઝડપી નિકાલ માટે નદીને રીગ્રેડિંગ, ખેતરોમાં થતું ધોવાણ અટકાવવા માટે પાળાની મજબૂતાઇ કરવાની, અવાર–નવાર જે નાળાં, પુલિયા, ભૂતકાળની વાત કરીએ તો સાહેબ વર્ષ–૧૯૭૮ની અંદર આ જગ્યાએ આ કામગીરી કરેલી. આજથી ૨૫–૩૦ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાતી હતી અને વરસાદ પણ ઓછો પડતો હતો. છેલ્લાં ૧૫–૨૦ વર્ષથી વરસાદ વધારે પડવાના કારણે ભૂતકાળમાં જે પુલિયા, નાળાં બન્યાં હતાં તે સાંકડા હોવાના કારણે પાણીનો ભરાવો થતો હતો. આ તમામ જે જૂના જે ચેકડેમો છે તેને તોડીને નદીને ઊંડી ઉતારીને, તેના પાળા બનાવીને, ભૂતકાળની અંદર જે પાણી ભરાતું હતું તેના માટેની આ ૧૫૦૦ કરોડ રૂપિયાની યોજના બનાવવામાં આવી છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઘેડ વિસ્તારમાં પૂર નિયંત્રણ જળસંચય માટે ખાસ યોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં કયા કયા પ્રકારની કામગીરીનો સમાવેશ થયેલ છે? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, સદર કામગીરી પૈકી કયા પ્રકારની કામગીરી સ્થળ પર પૂર્ણ થઇ ગઇ છે અને કયા પ્રકારની કામગીરી સ્થળ ઉપર પ્રગતિ હેઠળ છે અને તેનાથી શું ફાયદો થવાનો છે?

અધ્યક્ષશ્રી : જે જવાબમાં આવી ગયું હોય તેનો ઉલ્લેખ નહીં કરતા.

તારાંકિત પ્રશ્નો

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી હતી તેમ કેનાલનું ડીસિલ્ટિંગ કરવું, નદીનું ડીસિલ્ટિંગ કરવું, વધારે વૃક્ષો થઈ ગયા છે તેને દૂર કરવા અને કુલ ૧૭ જેટલાં કામો હાથ ધરવામાં આવેલાં છે તે પૈકીનું એક કામ પૂર્ણ થયું છે અને બાકીનાં ૧૬ કામો પ્રગતિ હેઠળ છે.

શ્રી ભગવાનજીભાઈ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઘેડ વિસ્તાર એક એવો વિસ્તાર છે એમાં લગભગ ૭૦થી ૭૫ ગામ આવે છે અને ૭ નદીઓનું પાણી ઘેડ વિસ્તારમાં આવે છે. જયારે ચોમાસામાં પૂર આવે ત્યારે આખા સૌરાષ્ટ્રનું પાણી ઘેડ વિસ્તારમાં આવે છે અને ૭૦થી ૭૫ ગામ ડૂબમાં રહે છે. મારું ત્યાં વર્ષોથી ઘર છે, ઘેડની નદીઓ ટૂંકી છે અને પુલો સાંકડા છે અને પૂરના હિસાબે આખા વિસ્તારમાં પાણી ફેલાઈ જાય છે. સરકારે એમાં યોજનાઓ બનાવી છે, લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરી છે તો એના બીજા તબક્કામાં કેવા પ્રકારના કામ લેવાના છે એની મને માહિતી આપવા વિનંતી છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘેડ વિસ્તારમાં પૂર નિયંત્રણ અને જળસંચય માટે ખાસ યોજના અંતર્ગત દ્વિતિય તબક્કાના કામોમાં સોરઠી ઘેડ તથા બરડા ઘેડ વિસ્તારમાં નીચે મુજબના કામોનું આયોજન કરવાનું છે એમાં મુખ્યત્વે નદી કાંઠાઓના બેન્ક પ્રોટેકશનના કામો, નદી, કેનાલ, વોકળાના ડીસિલ્ટિંગનાં કામો, જંગલ કટિંગનાં કામો, નદી પરના નાના સાંકડા ગાળાવળા સી.ડી. વર્કસ બનાવવા તેમજ જરૂરિયાત મુજબ વોટર ડિવાઈડ સ્ટ્રકચર બનાવવા, નાના બ્રીજો છે એનું વિસ્તૃતીકરણ કરી મોટાં કરવાનાં કામો, હયાત ટાઈડલ રેગ્યુલેટરની જગ્યાએ વધુ પાણી નિકાલની ક્ષમતાવાળું ટાઈડલ રેગ્યુલેટરનું આયોજન જરૂરી હોય ટાઈડલ રેગ્યુલેરટની નવિનીકરણની કામગીરી તેમજ પાણીનો વ્યય અટકાવીને એની ઉપયોગીતા વધારવા અર્થે હયાત સ્ટ્રકચરો, તળાવ અને ટાઈડલ રેગ્યુલેટર ઊંડા, પહોળાં કરી અને જળસંગ્રહશકિત વધારવાનાં કામોનું અંદાજે રૂપિયા ૧૪૨૩.૪૦ કરોડનું આયોજન કરેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘેડ વિસ્તાર એ પોરબંદર, જૂનાગઢ એ આખા વિસ્તારના લોકોની ખૂબ વર્ષો જૂની સમસ્યા અને તકલીફ છે. નદીઓ આવેલી છે, પૂરનું પાણી આવે, વરસાદી પાણી આવે, રકાબી જેવો વિસ્તાર છે એટલે આખું વર્ષ પાણી ભરાઈ રહે, ગામો ડૂબમાં જાય, ખેતી બરબાદ થઈ જાય અને કાયમ બધાએ એના માટે ચિંતા કરી છે. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે રૂપિયા ૧૫૦૦ કરોડની યોજનાઓ જાહેર કરી છે પણ અહીંયા જે જવાબ આપ્યો છે કે છેલ્લાં બે વર્ષમાં એટલે વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં બે વર્ષમાં ગ્રાન્ટ કેટલી ફાળવી તો ફકત ૭૭ કરોડ રૂપિયા ગ્રાન્ટ ફાળવી છે, ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે જો આપ રૂપિયા ૧૫૦૦ કરોડની યોજના મંજૂર કરી હોય તો કયાં સુધી પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે અને એના માટે કોઈ ચોક્કસ મોનિટરિંગ કરીને આવતા ચોમાસા પહેલાં પૂર્ણ કરવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તેમ ઘેડ વિસ્તારના પાણીના નિકાલના અભ્યાસ માટે કમિટીની નિમણૂક કરવામાં આવી છે. એના દ્વારા સરવેની કામગીરી પૂર્ણ કરેલ છે તેમજ કરાયેલ પ્રાથમિક અહેવાલના અનુસંધાને ઘેડ વિસ્તારના પાણીના નિકાલ માટે સરકારશ્રી દ્વારા સોરઠી ઘેડ માટે તા. ૧૬-૧-૨૦૨૫ના રોજ રૂપિયા ૧૧૮૪.૧૮ કરોડ, બરડા ઘેડ માટે તા. ૩૧-૧-૨૫ રૂપિયા ૩૫૦.૦૧ કરોડ આમ કુલ અંદાજિત રકમ રૂપિયા ૧૫૩૪.૧૯ કરોડની સઘન મંજૂરી મળી છે. જે માનનીય સભ્યશ્રીએ વાત કરી કે પાણી ભરાઈ રહે છે તો ભૂતકાળમાં આટલો અતિશય વરસાદ પડતો નહોતો. છેલ્લાં ૧૫-૨૦ વર્ષથી વધુ પડતા વરસાદ પડવાને કારણે જે નદી નાળાં સાંકડા હતાં એના કારણે પાણી ભરાતું હતું અને ખેડૂતોને સિઝનની અંદર પાક પણ મોડો પડતો હતો કારણ કે ચાર-પાંચ મહિના પાણી સૂકાતું નહોતું. પાણી સૂકાઈ જાય પછી પાક લેતા જેથી નદીને ઊંડી ઉતારીને જૂનાં સ્ટ્રક્ચરો છે તેને પૂરીને આ પાણીનો નિકાલ થાય એની ફેઝ-૧, ફેઝ-૨ અને ફેઝ-૩ એમ ત્રણ તબક્કે આ કામગીરી કરવાનું આયોજન છે. આ કામગીરીને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે અને સન ૨૦૨૬ જૂન, વરસાદ પહેલાં બનતી ત્વરાએ ઝડપથી આ કામગીરી પૂરી કરવાના અમારા પ્રયત્નો રહેશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીને પૂછવા માગું છું કે, ઘેડવિસ્તારની આ પૂર નિયંત્રણ અને જળસંચયની યોજનાથી કેટલા વિસ્તારને લાભ મળશે કારણ કે વરસાદ તો ઘણા વર્ષોથી આવતો અને પાણી પણ આવતું પણ માનનીય દાદાની સરકારે પહેલી વખત ઘેડના વિસ્તારને આનાથી બચાવવા માટેની યોજના કરી છે એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘેડ વિસ્તારમાં પૂર નિયંત્રણ અને જળસંચય માટે ખાસ યોજના દ્વારા સોરઠી ઘેડના ૨,૨૨,૩૫૫ એકર વિસ્તારમાં અને બરડા ઘેડના ૧,૨૬,૦૨૪ એકર વિસ્તાર એમ કુલ મળીને ૩,૪૮,૪૧૯ એકર વિસ્તારમાં કામગીરી પૂર્ણ થયેથી લોકોને લાભ મળવાનો છે.

અંજાર જુથ સુધારણા પાણી પુરવઠા યોજના

***15/8/1838 શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અંજાર તાલુકાની અંજાર જુથ સુધારણા પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,	(૧)	૩.૪૨.૦૧ કરોડ

(૨)	આ યોજનાનો સ્રોત શું છે, અને	(૨)	નર્મદા કેનાલ આધારીત બલ્ક પાઈપલાઈન
(૩)	આ યોજના હેઠળ કેટલા તાલુકાના કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે?	(૩)	નીચેની વિગતે, અનુ. | તાલુકા | ગામો ૧ | અંજાર | ૪૫ ૨ | ભુજ | ૦૧ | કુલ | ૪૬

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે કહેવાતો સૂકો પ્રદેશ એવો મારો કચ્છ જિલ્લો આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની દીર્ઘદૃષ્ટિના કારણે પાણીની વિવિધ યોજનાઓ દ્વારા નર્મદાનું પાણી ત્યાં સુધી પહોંચાડી આજે પાણીદાર બન્યો છે ત્યારે આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે અંજાર જૂથ યોજનાની સુધારણા કરવાના કારણો શું છે? અને જે ૪૬ ગામોને આ યોજનાનો લાભ મળવાનો છે એમાં કુલ કેટલી વસતીને આ લાભ મળવાનો છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અંજાર જૂથ પાણી પુરવઠા યોજનામાં પાણી ન મેળવતાં ગામોને પાણી પૂરું પાડવા તેમજ જૂથ યોજનામાં સમાવિષ્ટ ગામોને સરકારશ્રીના ઘારાધોરણો મુજબ હાલમાં ૭૦ એલ.પી.સી.ડી.માંથી ૧૦૦ એલ.પી.સી.ડી. મુજબનો પાણીનો જથ્થો પૂરો પાડવા માટે સુધારણા યોજનાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. અંજાર જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાથી ૧.૩૦ લાખથી વધુ વસતીને એનો લાભ મળનાર છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ તો સરકારને અભિનંદન આપીએ કે જ્યારે માનનીય વડાપ્રધાનશ્રી મુખ્યમંત્રી હતા ત્યારે અમારા દાદા મેકરણે કચ્છમાં પાણી પહોંચાડ્યું હતું. મારો પ્રશ્ન એ છે કે અંજાર જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનામાં ક્યાં-ક્યાં શું શું કામ કરવામાં આવ્યું અને જે બાકી છે એ ક્યાં સુધી પૂરું કરવામાં આવશે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અંજાર જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનામાં ૫ એમ.એલ.ડી. ક્ષમતાના બે ફિલ્ટર પ્લાન્ટ છે. બીજું ૧૦ નંગ ભૂગર્ભ સંપ છે. ૫૮ પંપ હાઉસ છે. ૬૬ પમ્પિંગ મશીન છે. ગ્રામ્ય સ્તરના ભૂગર્ભ સંપ ૪૪ છે. ૧૧૭.૪૩૦ કિ.મી. લંબાઈની રાજ્યની મેઈન પાઈપલાઈન છે. ગ્રેવીટીની પાઈપલાઈન ૧૮.૮૨ કિ.મી. છે. કંપાઉન્ડ વૉલ ૧૪૮૨ મીટરની છે.

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં કઈ-કઈ જૂથ યોજનાઓ કાર્યરત છે તેમજ આ યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં હાલમાં ૨૫ જેટલી જૂથ યોજનાઓ કાર્યરત છે અને આ યોજનામાં ૮૮૩ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જૂથ યોજનાની વાત કરું તો એમાં અંજાર જૂથ પાણી પુરવઠા યોજના જે અંજાર અને ભુજ તાલુકામાં છે. એમાં અંજાર તાલુકાના ૬૪ ગામો, ભુજ તાલુકાનું ૧ ગામ છે. બન્ની જૂથ પાણી પુરવઠા યોજનામાં ભુજના ૫૭ ગામ, નખત્રાણાના ૭ ગામ છે. ભચાઉ ગુરૂકૃપા જૂથ પાણી પુરવઠા યોજનામાં ભચાઉના ૨૩ ગામ છે. ભચાઉ-સામખ્યાળી જૂથ પાણી પુરવઠા યોજનામાં ભચાઉ તાલુકાના ૧૦ ગામ, ભુજ ભાગ-૧ જૂથ પાણી પુરવઠા યોજનામાં ભુજના ૪૩ ગામ, ભુજ ભાગ-૨ જૂથ પાણી પુરવઠા યોજનામાં ભુજ તાલુકાના બીજા ૪૩ ગામ, જખૌ-જખડિયા જૂથ પાણી પુરવઠા યોજનામાં અબડાસા તાલુકાના ૧૭ ગામ, લખતર તાલુકાનું ૧ ગામ, નખત્રાણા તાલુકાનું ૧ ગામ, કંડલા-ગાંધીધામ જૂથ પાણી પુરવઠા યોજનામાં ભચાઉના ૩ ગામ, ગાંધીધામના ૯ ગામ, ખોબડી જૂથ પાણી પુરવઠા યોજનામાં ભુજના ૨ ગામ, નખત્રાણાના ૨૨ ગામ, લખપત જૂથ પાણી પુરવઠા યોજનામાં લખપતના ૭૭ ગામ, નખત્રાણાના ૯ ગામ, માધાપર જૂથ પાણી પુરવઠા યોજનામાં ભુજના ૨ ગામ, માંડવી ભાગ-૧ પાણી પુરવઠા યોજનામાં માંડવીના ૩૬ ગામો, માંડવી ભાગ-૨ પાણી પુરવઠા યોજનામાં અબડાસાના ૩ ગામ, માંડવીના ૨૭ ગામ એમ કુલ મળીને ૮૮૩ જેટલા ગામોમાં પાણી પહોંચાડવામાં આવનાર છે.

અબડાસા તાલુકાના માર્ગ અને મકાન પંચાયત હસ્તકના માર્ગોને માર્ગ અને મકાન રાજ્ય વિભાગમાં તબદીલ કરવા બાબત

*** 15/8/1668 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન			**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અબડાસા તાલુકાના પંચાયત વિભાગ હસ્તકના માર્ગોને માર્ગ અને મકાન રાજ્યમાં તબદીલ કરવાની કોઈ દરખાસ્ત રાજ્ય સરકારને મળેલ છે કે કેમ, અને	(૧)	હા,જી.
(૨)	જો હા તો આ પ્રક્રિયા ક્યાં તબક્કે છે?	(૨)	વિચારણા હેઠળ છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા વિસ્તારના અબડાસા, લખપત અને નખત્રાણાના પંચાયતમાંથી સ્ટેટમાં જે રોડ તબદીલ કરવાના છે તેમાં કેટલી દરખાસ્ત આવી અને કેટલા કરવામાં આવ્યા? જો બાકી છે તો ક્યાં સુધીમાં કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, માનનીય સભ્યશ્રીની રજૂઆત વર્ષ ૨૦૨૩-૨૪માં આવી છે. વર્ષ ૨૦૧૭માં પરિપત્ર કરેલો છે. રાજ્ય સરકારના રસ્તાઓ એક્સપ્રેસ વે, નેશનલ હાઇ-વે, સ્ટેટ હાઇ-વે, એમ.ડી.આર., ઓ.ડી.આર. અને વી.આર. એમ છ કેટેગરીમાં હોય છે. તેમાંથી રાજ્યના માર્ગ અને મકાન વિભાગ હસ્તક નેશનલ હાઇ-વે, સ્ટેટ હાઇ-વે અને એક્સપ્રેસ વે અંતર્ગત તેને સ્ટ્રેન્ધનિંગ, વાઇડનિંગ, ફોર-વે કરવાની કામગીરી કરવામાં આવે છે. માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના એમ.ડી.આર., ઓ.ડી.આર. અને વી.આર. રસ્તાઓ કરતું હોય છે. તેમાં એમ.ડી.આર. હસ્તકના રસ્તાઓ ૧૦ કિ.મી. કરતાં વધારે હોય, પેસેન્જર કાર યુનિટ વધારે હોય તો તેને ફોર-વે, સ્ટ્રેન્ધનિંગ, વાઇડનિંગ કરવામાં આવે છે, પરંતુ માનનીય સભ્યશ્રીના ૧૬ રસ્તાઓ ઓ.ડી.આર. અને વી.આર. કક્ષામાં હોવાથી તેને આપણે રાજ્ય હસ્તક લઇ શકતા નથી. એમ.ડી.આર. રસ્તાઓ માટે રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે. મુખ્યત્વે રાજ્યના રસ્તાઓ સ્ટ્રેન્ધનિંગ કે વાઇડનિંગ કરવાના હોય તે જ સ્પેસિફિકેશન પ્રમાણે પંચાયતના રોડને પણ રીસરફેસિંગ અને વાઇડનિંગ કરવામાં આવે છે. તેમાં રાજ્ય હસ્તક આવે તો જ રસ્તા સારા કરી શકીએ તેવું હોતું નથી. વર્ષ ૨૦૧૭ના ઠરાવ પ્રમાણે ફક્ત એમ.ડી.આર. સુધીના રસ્તા કરવામાં આવે છે છતાં પણ કોઇ સ્ટેટ હાઇ-વે જતો હોય અને વચ્ચેના ભાગમાં ક્યાંક પંચાયત હસ્તકનો ટુકડો રહી જતો હોય તો તેને લેવામાં આવે છે. વી.આર. અને ઓ.ડી.આર. કક્ષાના રસ્તાની કામગીરી રાજ્ય હસ્તક કરવામાં આવતી નથી.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, આ રસ્તાઓ ૧૦ કિ.મી.થી ઉપર છે. ત્યાં ઘણા ઉદ્યોગો અને યાત્રાધામના કારણે ટ્રાફિકની સમસ્યા રહે છે એટલે સ્પેશિયલ કેસમાં કરવામાં આવે તેવી મારી વિનંતી છે. બે તાલુકાને જોડતો રસ્તો છે. વારંવાર રજૂઆત કરવા છતાં થતા નથી. ત્રણ તાલુકાના છ રસ્તા છે. માતાના મઢ અને નારાયણ સરોવરના અગત્યના રસ્તા છે. સરવે કરાવી તપાસ કરીને રસ્તા કરી આપવા માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, અગાઉ જણાવ્યું તેમ તે છ રોડના કુલ ૧૬ ટુકડા થાય છે. તેના કિ.મી.નો આંકડો પણ મારી પાસે છે.

અધ્યક્ષશ્રી : કોઇપણ માનનીય સભ્યશ્રી દ્વારા કોઇપણ માનનીય મંત્રીશ્રીને આવો જ જવાબ આપે તે માટેનો આગ્રહ કરી શકતા નથી. માનનીય મંત્રીશ્રી તમે બેસો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારની પૉલિસી છે. માનનીય સભ્યશ્રી જે ઔદ્યોગિક વિસ્તાર કે યાત્રાધામના અગત્યના રસ્તાઓ કહી રહ્યા છે તેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદેશ કરેલો છે કે આવા કિસ્સામાં પંચાયત હસ્તકના રસ્તાઓ હોવા છતાં તમામ રસ્તાઓનું સ્ટ્રેન્ધનિંગ અને વાઇડનિંગ કરીને કોઇપણ પ્રકારના સ્પેસિફિકેશનથી મજબૂત કરવામાં આવે.

અમદાવાદ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

***15/8/1864 શ્રીમતી કંચનબેન વિનુભાઈ રાદડિયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૨,૭૭,૩૮૧ (બે લાખ સિત્યોતેર હજાર ત્રણસો એક્યાસી)
(૨)	તે પૈકી મહિલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૨૯,૩૫૫ (ઓગણત્રીસ હજાર ત્રણસો પંચાવન)
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ ઉકત મિલકતના દસ્તાવેજોમાં કુલ કેટલી નોંધણી ફી માફી આપવામાં આવેલ છે?	(૩)	રૂ.૮૧,૭૭,૭૨,૮૫૦/- (અંકે રૂપિયા એક્યાસી કરોડ સિત્યોતેર લાખ બોત્તેર હજાર આઠસો પચાસ પૂરા)

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહિલા મિલકત સંબંધિત નોંધણી ફી આપવાનો મુખ્ય હેતુ શું છે? અને મહિલા સંબંધિત ફી માફી યોજના ક્યારથી અમલમાં આવી?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓની આર્થિક અને સામાજિક સ્થિતિ સશક્ત બને તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા નોંધણી ફી માફી આપવામાં આવી અને તા.૧૧/૦૬/૨૦૦૬થી મહિલાઓના નામે થતા સ્થાવર

મિલકતના દસ્તાવેજો પર નોંધણી ફી માફી યોજનાનો અમલ કરવામાં આવેલ છે. હું આ તબક્કે સન્માનનીય ગૃહને યાદ અપાવવા માગું છું કે, આ ફી માફી યોજના વર્ષ ૨૦૦૪માં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા કે જેમણે હંમેશા મહિલા અધિકારોની ચિંતા કરી છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં મહિલાઓના નામે અમદાવાદ જિલ્લામાં કઇ સબ રજિસ્ટ્રાર કચેરીમાં સૌથી વધુ માફી આપવામાં આવી? અને કઇ સબ રજિસ્ટ્રાર કચેરીમાં સૌથી ઓછી માફી આપવામાં આવી?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં મહિલાઓના નામે અમદાવાદ જિલ્લામાં સબ રજિસ્ટ્રાર કચેરી અમદાવાદ-૯ બોપલમાં સૌથી વધુ ૯ કરોડ ૪૭ લાખ ૯૮ હજાર ૮૯૦ રૂપિયાની મહિલા નોંધણીમાં ફી માફી આપવામાં આવેલ છે તેમજ તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં મહિલાઓના નામે અમદાવાદ જિલ્લા સબ રજિસ્ટ્રાર કચેરી, દેત્રોજમાં સૌથી ઓછી એટલે ૧૭ લાખ ૩૩ હજાર ૪૭૦ રૂપિયાની મહિલા ફી માફી આપવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ-વણા-માલવણ-પાટડી બેચરાજી રોડને ફોરલેન બનાવવા

***15/8/1824 શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર** (દસાડા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા:૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ-વણા-માલવણ-પાટડી બેચરાજી રોડ ફોર લેઇન બનાવવા માટે સરકારે કોઇ કાર્યવાહી હાથ ધરેલ છે, તે હકીકત સાચી છે,	(૧)	હા જી,
(૨)	જો હા,તો કેટલી રકમનું કામ મંજુર કરવામાં આવેલ છે,અને	(૨)	૩.૮૫૬.૦૦ કરોડ
(૩)	ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે?	(૩)	(૧)દુધરેજ-વણા-માલવણ રોડ નકશા અંદાજ તબક્કે (૨)માલવણ-પાટડી-દસાડા રોડ ચારમાર્ગીય કરણ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ (૩) દસાડા-બેચરાજી રોડ ટેન્ડર તબક્કે

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, દૂધરેજ-વણા-માલવણ-પાટડી થઈને બેચરાજી સુધીનો રસ્તો ટુ લેન હતો. વર્ષોથી અમારી માગણી હતી. મોરબી સિરામિક ઉદ્યોગમાં મોટાભાગના ક્લે મિનરલ્સ રાજસ્થાનથી આવતા હોય છે ત્યારે આ ટુ લેનના બદલે ફોર લેન રસ્તો મંજૂર કરવામાં આવ્યો છે અને ત્રણ તબક્કામાં મંજૂર કરવામાં આવેલ છે. આ દૂધરેજ-વણા-માલવણ-પાટડી-બેચરાજી માટે ૩.૮૫૬ કરોડ જેટલી માતબર રકમ મંજૂર થયેલ છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. આમ તો મારા મતવિસ્તારમાં સવા ત્રણ વર્ષમાં ન કલ્પ્યા હોય એટલા રસ્તાનાં કામો મંજૂર કર્યા છે એ માટે પણ માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. ખાસ કરીને આ ફોરલેન એ ત્રણ તબક્કામાં મંજૂર કર્યો છે.....

અધ્યક્ષશ્રી : હવે પ્રશ્ન પર આવો.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ફોરલેનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ મહત્ત્વનો ઇન્ડસ્ટ્રિયલ અને તીર્થધામમાંથી પસાર થતો રસ્તો છે. આ રોડને ત્રણ તબકકામાં ફોરલેન કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. માલવણથી દસાડા રોડ દસ મીટર સપાટીમાંથી ફોરલેન કરવાનું કામ એપ્રિલ-૨૦૨૭ સુધીમાં પૂરું કરવાનું આયોજન છે. દસાડાથી બહુચરાજી દસ મીટર સપાટીમાંથી ચારમાર્ગીયકરણ કામગીરીનું ટેન્ડર મંજૂરી હેઠળ છે અને જે વર્ક ઓર્ડર આપીશું એના પછી દોઢ વર્ષની એટલે કે ૧૮ માસની મુદ્દત છે. દૂધરેજથી માલવણ રોડ એ ૬.૧૦ મીટરની સપાટીમાંથી ફોરલેન કરવાનું કામ, એના નકશા-અંદાજો તાંત્રિક મંજૂરી હેઠળ છે. જે મંજૂર થયેથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ રસ્તો બનશે એટલે ૨૫ થી ૩૦ ગામોની અંદાજિત ૧૬ લાખ જેટલી વસતીને તથા ઉદ્યોગો અને પ્રવાસન સ્થળ બહુચરાજી યાત્રાધામને વેગ મળશે. આપણે જ્યારે રાજકોટથી અમદાવાદ તરફ આવીએ છીએ એટલે ડોળીયાથી મૂળી સુધી કેવળ ૧૬ કિલોમીટરનો રોડ ફોરલેન કરવાનો બાકી રહે છે પરંતુ આ રોડનું મહત્ત્વ જોતાં, રાજકોટથી સુરેન્દ્રનગર થઇ બહુચરાજી, મહેસાણા, પાલનપુર અને આપના વાવ-થરાદ સુધી એક કનેક્ટિંગ રોડ મળે એ પ્રકારે સરકારે આયોજન કરેલું છે.

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યના રસ્તાને વાઇડનિંગ કરવા માટે કયા ધારાધોરણો છે અને રસ્તો ફોરલેન થવાથી ટ્રાફિક કેપેસિટીમાં શું ફેરફાર થશે?

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓ પહોળા કરવા માટે દા.ત. ૩.૭૫ મીટરનો રસ્તો હોય તો ૭ મીટરનો કરવો અને ૭ મીટરનો રસ્તો હોય તો ૧૦ મીટરનો કરવો અને ૧૦ મીટરમાંથી ફોરલેન કરવો એના કેટલાક ધારાધોરણ બનાવ્યા છે એમાં કોઈ મહત્ત્વનું ધારાધોરણ હોય તો પેસેન્જર કાર યુનિટ(પી.સી.યુ) છે. કેટલાં વાહનો ત્યાંથી પ્રતિદિન પસાર થાય છે. ૩.૭૫ મીટરનો રોડ કરવો હોય તો ૨૦૦૦ પી.સી.યુ. પર ડે પસાર થતા હોવા જોઈએ. ૫.૫ મીટરનો રોડ કરવો હોય તો ૬૦૦૦ પી.સી.યુ. પર ડે પસાર થતા હોવા જોઈએ. ૭થી ૧૦ મીટરનો રોડ કરવો હોય તો ૧૦૦૦૦ પી.સી.યુ. પર ડે પસાર થતા હોવા જોઈએ અને ફોર લેન હોય તો ૪૦૦૦૦ પી.સી.યુ. પર ડે પસાર થતા હોવા જોઈએ. એની કેપેસિટી સીધી બમણી અને ત્રણ ગણી થઈ જાય. અત્યારે ભલે ફોરલેનમાં ૪૦૦૦૦ની કેપેસિટી હોય પરંતુ ભવિષ્યમાં આ ફોરલેન થવાથી વાહનોનો સંખ્યા જો વધે તો પણ એને એબ્સોર્બ કરી શકે એ પ્રકારનું આખું નેટવર્ક આપણે તૈયાર કર્યું છે. આ રાજ્ય સરકારમાં લોકોની સુખાકારી વધે અને ઝડપથી એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકાય એ માટે ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથની સાથે રોડનો પણ ગ્રોથ થઈ રહ્યો છે.

થરાદ–ધાનેરા પાઇપલાઇન યોજના અંતર્ગત ધાનેરા તાલુકાના તળાવો ભરવા બાબત

***15/8/2423 શ્રી માવજીભાઈ મગનભાઇ દેસાઈ** (ધાનેરા): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ થરાદ–ધાનેરા પાઇપલાઇન યોજના અંતર્ગત ધાનેરા તાલુકાના કુલ કેટલા ગામોના કેટલા તળાવો ભરવાનું આયોજન છે,	(૧)	૫૫ ગામોના ૫૫ તળાવો
(૨)	ઉક્ત બાકી રહેલ તળાવો ન ભરવાના શા કારણો છે, અને	(૨)	મુળ આયોજન પ્રમાણેના તળાવો બાકી રહેતા નથી.
(૩)	ઉક્ત બાકી રહેતા કેટલા ગામોના કેટલા તળાવો આગામી સમયમાં ભરવામાં આવનાર છે?	(૩)	મુળ આયોજન ઉપરાંત વધુ ૧૩ ગામના ૧૫ તળાવો જોડવાનું આયોજન છે.

––––––

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં થરાદથી ધાનેરા કેનાલના માધ્યમથી નર્મદાનું પાણી પહોંચી શકે એમ ન હતું એ જગ્યાએ પાઇપલાઇનના માધ્યમથી પાણી આપ્યું છે એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ધાનેરા તાલુકાના તમામ ગામોના તળાવો ભરવા માગો છો કે કેમ? જે મોટા ગામો છે અને જેનો વિસ્તાર ઘણો મોટો છે એ ગામોમાં ચાર–ચાર, પાંચ–પાંચ તળાવો છે તો એકથી વધારે તળાવો ભરવા માગો છો કે કેમ? અને ધાનેરા તાલુકાના કેટલા ટોટલ તળાવો ભરાશે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ આપતાં પહેલાં હું સિંચાઇ માટેનો ખેડૂતોનો એક નિર્ણય થયો છે આપના ધ્યાને લાવું છું. ગત ચોમાસુ મોડું પૂર્ણ થયેલું અને પાછોતરા કમોસમી વરસાદના કારણે પાકમાં નુકસાન ગયેલું હતું. ખરીફ પાકને નુકસાન થયું હતું અને રવિ સિઝનમાં વાવણી મોડી થવાના કારણે વિલંબ થવાની સંભાવનાઓ છે, ત્યારે આ પરિસ્થિતિને ધ્યાને રાખીને રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી આદરણીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબે ખેડૂતોના હિતમાં તથા પીવાના પાણીના અન્ય આરક્ષણને ધ્યાનમાં રાખીને રવિ સિઝન માટે તારીખ ૩૦/૦૪/૨૦૨૬ સુધી સિઝન માટે પાણી પુરવઠો રાખવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી રાજ્યના ખેડૂતોને જરૂરિયાત પૂરતું પાણી મળશે અને કૃષિ પેદાશોમાં વધારો થવાનો છે. માનનીય સભ્યશ્રી માવજીભાઇએ જે પ્રશ્ન પૂછ્યો એમાં થરાદ –ધાનેરા પાઇપલાઇન યોજના અંતર્ગત મૂળ આયોજન હેઠળના ૫૫ ગામોના તળાવો જોડવાનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉપરાંત, બીજા ૩૧ ગામોના તળાવોને જોડવા માટેની મંજૂરી આપવામાં આવેલ. આમ, ધાનેરા તાલુકાના ૮૬ ગામોના તળાવોને આ પાઇપલાઇન દ્વારા જોડી પાણી પહોંચાડવાનું આયોજન કર્યું છે. સભ્યશ્રીએ મોટા ગામોમાં એકથી વધારે તળાવો ભરવાની જે વાત લઇને આવ્યા છે એ બાબતે મને જણાવતાં આનંદ થાય છે કે અમારી માનનીય ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર ખેડૂતોના હિત માટે સદા તત્પર છે, ત્યારે ખેડૂતોને સિંચાઇ માટે જેટલા પાણીની જરૂરિયાત હોય એટલું આપવા માટે કટિબદ્ધ છીએ. ધાનેરા તાલુકાના ૧૧ ગામોમાં એકથી વધુ તળાવોનું જોડાણ આપીને આ પાઇપલાઇન મારફતે પાણી પૂરું પાડવામાં આવ્યું છે. થરાદની વાત કરું તો થરાદ–ધાનેરા પાઇપલાઇન દ્વારા તળાવમાં થરાદ તાલુકામાં મૂળ ૬૧ ગામોનું આયોજન હતું. એમાંથી ૧૫ તળાવો રદ કરવાનાં થયાં. નવા ૬૧ તળાવો મંજૂર થયેલ. આમ ૧૦૭ તળાવો થરાદ તાલુકામાં ભરવામાં આવ્યાં. ધાનેરા તાલુકાના મૂળ આયોજનનાં ૫૫ તળાવો હતાં અને ૩૧ નવાં મંજૂર થયેલ તળાવો છે. આમ ૮૬ તળાવો હતાં.૧૧ ગામોમાં એક કરતાં વધારે તળાવો ભરવામાં આવ્યાં છે. ડીસામાં ૧નું આયોજન હતું અને નવામાં ૭ એમ કુલ ૮ તળાવો હતાં. આમ મૂળ આયોજનમાં ૧૧૭ ગામો હતાં એમાં નવા ૯૯ તળાવ મંજૂર થયાં, એમ મળીને કુલ ૨૦૧ તળાવોમાં પાણી ભરવામાં આવેલ છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજના દ્વારા કેનાલ અને પાઇપલાઇન મારફતે બનાસકાંઠા જિલ્લામાં દક્ષિણમાં પાણી જઇ રહ્યું છે. વડગામમાં પણ સીપુ યોજના મારફત પાણી આપો છો. મારા મતવિસ્તાર પાલનપુર, દાંતા, અમીરગઢ અને અને હડાદની અંદર ૩૯ જેટલા નાની સિંચાઇના ડેમો છે એ પાઇપલાઇનથી ભરવા માટે કોઇ આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ થરાદ–ધાનેરા પાઇપલાઇન અંતર્ગતનો પ્રશ્ન છે. સભ્યશ્રી અલગથી નોટિસ આપે....

અધ્યક્ષશ્રી : બનાસકાંઠાનો પ્રશ્ન નથી. આ એક યોજના પૂરતો પ્રશ્ન છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નર્મદાના પૂરના વધારાના પાણીને ઉત્તર ગુજરાતના વિસ્તારમાં વિતરણ કરવા માટે હાલમાં પાઇપલાઇનો દ્વારા કેટલા ગામો જોડવામાં આવ્યા છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાના પૂરના વધારાના પાણીને ઉત્તર ગુજરાત વિસ્તારમાં વિતરણ કરવા માટેની હાલમાં ૧૪ જેટલી પાઇપલાઇનો કાર્યરત છે. જેના થકી કુલ ૬૪૭ ગામો જોડવામાં આવેલ છે.

સુરત અને નવસારી જિલ્લામાં ગાય પગલા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના

*** 15/8/2613 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટે (વાંસદા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગાય પગલા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત સુરત તથા નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને પાણી પહોચાડવાનું આયોજન હતું,	(૧)	નીચેની વિગતે, **જીલ્લો / તાલુકો / કુલ ગામો** **સુરત** – અરેઠ – ૬ કામરેજ – ૧૦ માંગરોળ – ૧૭ ઓલપાડ – ૧ **કુલ – ૩૪**
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના ક્યારે, કેટલા ખર્ચે મંજૂર કરવામાં આવેલ,	(૨)	સદર યોજનાને તા. ૧૮/૦૧/૨૦૨૨ થી અંદાજીત રકમ રૂ.૨૪.૨૩ કરોડ માટે મંજુર કરવામા આવેલ.
(૩)	ઉક્ત યોજનાનું કામ કઇ એજન્સીને ક્યારે સોંપવામાં આવેલ, અને	(૩)	ઉક્ત યોજનાનું કામ મે. જયંતી સુપર કંન્સ્ટ્રક્શન પ્રા. લી., મહેસાણા (૭૨%) જે.વી. બાબુભાઇ અંબાલાલ પટેલ, મહેસાણા (૨૮%) ને તા.૧૦/૦૮/૨૦૨૨ ના એલ.ઓ.આઇ થી સોંપવામાં આવેલ છે.
(૪)	ઉક્ત યોજનાનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?	(૪)	ઉક્ત યોજનાની કામગીરી વહેલામાં વહેલી તકે પુર્ણ કરવાનું આયોજન છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત જિલ્લાના અરેઠ તાલુકામાં તાડકેશ્વરમાં રૂપિયા ૧૧ કરોડની ટાંકી ટેસ્ટિંગ વખતે જ ઘરાશાયી થઇ ગઇ. બીજી એક નવસારી જિલ્લાના નવસારી તાલુકાના શીગોદ ગામે ૫૦ હજાર લિટરની પાણીની ટાંકી ટેસ્ટિંગ સમયે ઘરાશાયી થઇ ગઇ. ત્યાર બાદ વલસાડમાં પણ (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નની અંદર આ બાબત છે?

શ્રી અનંતકુમાર હ. પટેલ : હા, અરેઠ તાલુકો પણ આવે છે. ગાયપગલાં આ જ છે.

અધ્યક્ષશ્રી : હા, યોજના હોય તો તમે ચોક્કસ પૂછી શકો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટાંકી તૂટે છે સાહેબ એનું કારણ શું છે? એ એજન્સી આ તડકેશ્વરની ટાંકી સિવાય કયા કયા કામો કરી રહી છે. એના ઉપર શું પગલાં લીધાં? સાથે સાથે નવસારીની બાબત પણ આમાં છે એટલે નવસારી તાલુકાના શીગોદમાં પણ એક ટાંકી તૂટી ગઇ છે. આ ટાંકી તૂટવાની પરંપરા ક્યારે અટકશે? સાથેસાથે કોંગ્રેસના સમયમાં ૭૫ વર્ષ પહેલા બનેલી ટાંકીને તોડવા માટે અમદાવાદમાં જે.સી.બી. ચડાવેલું હતું. અત્યારે આ પ્રકારની ટાંકી બનાવવા માગો છો, તમે મજબૂતીનું કામ કરવા માગો છો કે નહીં?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી. વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૫ સુધીમાં ૩૦ હજાર કરતાં વધારે ટાંકીઓ બનાવવામાં આવી છે. એમણે વાત કરી કે આ કોન્ટ્રાકટરના કઇ કઇ જગ્યાએ કામો ચાલે છે. જયંતી સુપર કન્સ્ટ્રકશન દ્વારા ચાલતી અન્ય કામગીરીમાં એમના ૭ જેટલાં કામો પ્રગતિમાં છે અને જોઇન્ટ વેન્ચર દ્વારા કામો છે. એક

તારાંકિત પ્રશ્નો

વરીઆવ જૂથ સુધારણા ફેઝ–૧ સુરત જિલ્લામાં, ગણદેવી ચીખલી જૂથ યોજનામાં, જિલ્લો નવસારી, કેલિયા જૂજ જૂથ યોજનામાં, ભીનાર જૂથ યોજના, પી.એમ.–૩ બી જૂથ સુધારણા યોજના જિલ્લો પંચમહાલ, લખપત સુધારણા યોજના, કચ્છ, મોવીયા સુધારણા યોજના, રાજકોટ અને બાબુભાઇ અંબાલાલ પટેલ મહેસાણાની એજન્સીની નારાયણપુરા સુધારણા યોજના તાપી જિલ્લામાં કામગીરી ચાલી રહી છે. આ તમામ સંબંધિતો સામે પગલા અંગે જણાવું તો સંબંધિત કાર્યપાલક ઇજનેર અને નાયબ કાર્યપાલક ઇજનેરને તાત્કાલિક અસરથી તા. ૨૦–૧–૨૦૨૬ના રોજ ફરજમુક્ત હેઠળ મૂકવામાં આવેલ છે. બનાવ અન્વયે કામની એજન્સી પી.એમ.સી. અને અન્ય કર્મચારીઓ સામે પણ પોલીસ ફરિયાદ નોંધવામાં આવેલ છે. પોલીસ ફરિયાદ અન્વયે ૮ વ્યક્તિઓની ધરપકડ કરેલ છે. એજન્સીના વ્યક્તિની વાત કરીએ તો બાબુભાઇ અંબાલાલ પટેલ, જસ્મીનભાઇ બાબુભાઇ પટેલ, ધવલભાઇ રતિલાલભાઇ પટેલ અને જયંતિભાઇ અંબાલાલ પટેલ, જીગરભાઇ રવજીભાઇ પ્રજાપતિ અને વિભાગના અધિકારીની વાત કરીએ તો એમાં એક નાયબ કાર્યપાલક ઇજનેર અંકિતભાઇ પરસોત્તમભાઇ ગરાસિયા અને નાયબ કાર્યપાલક ઇજનેર જયભાઇ સોમાભાઇ ચૌધરી આ પોલીસ ફરિયાદ અન્વયે આ લોકો અત્યારે જેલમાં છે અને અત્યારે નાયબ કાર્યપાલક ઇજનેર કોર્ટમાંથી અંકિતભાઇ પરસોત્તમભાઇ ગરાસિયા જામીન પર છૂટ્યા છે અને બાકીના કોઇને જામીન મળેલ નથી. આમાં અમે કોઇને છોડવા માંગતા નથી. જે પ્રકારે શ્રી અનંતભાઇએ વાત કરી કે ૩.૨૧ કરોડની ટાંકી, આખી કુલ ૩૪ ગામોની યોજનામાં ૩.૯૪.૪૬ લાખની આખી ટાંકી છે. કુલ આખા ૧૪–૧૪ ગામોની પાઇપ લાઇનની યોજના થઇને ૩.૨૧ કરોડની યોજના છે. જે તે એજન્સી પાસેથી રિકવરી પણ કરવામાં આવેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઉમેશભાઇ, તમે દરેકમાં ઊભા થાવ છો. છેક દક્ષિણ ગુજરાતમાં પણ માનનીય ઉમેશભાઇ આવે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : સાહેબ, ટાંકીની કિંમત ૩.૧ કરોડથી ઓછી છે, ૩.૯૫ લાખની ટાંકી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનંતભાઇએ ચિંતા વ્યક્ત કરી કે આ ગાયપગલાં સુધારણા જૂથ યોજનામાં અરેઠ તાલુકો આવે છે. અરેઠ તાલુકામાં તડકેશ્વર ગામ છે. આ યોજનામાં ટાંકી બની હતી અને જેટલાની હોય એટલાની પણ ટેસ્ટિંગના સમયમાં તૂટી ગઇ. અમે જનઆક્રોશ યાત્રામાં ત્યાં જોવા ગયા તો સ્થળ પર કોંક્રિટ હતું એમાં એટલા દિવસો પછી પણ માટીનાં ઢેફાં સ્પષ્ટ દેખાતાં હતાં. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ ટાંકી તૂટી પડવાના કારણે તમે એની સામે પગલાં લીધાં પણ આખા વિસ્તારને પીવાનું પાણી નહિ મળે તો તાત્કાલિક ફરી ત્યાં આગળ ટાંકી બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ? એ એજન્સી સામે ખાલી પગલા કે રિકવરી નહીં પણ એને બ્લેક લિસ્ટ કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : સાહેબ, આ એજન્સીની વાત કરીએ તો આ ટાંકી તા.૨૬/૧/૨૦૨૬ના રોજ ધરાશયી થઇ હતી. સેઇમ ડે તમામ કર્મચારીઓને પણ ફરજમોકૂફી હેઠળ મૂકવામાં આવ્યાં હતા. આ ટાંકીની કિંમત ૩.૯૪.૮૪ લાખની છે. ધરાશયી થયેલ ટાંકી પેટે એને જે ચૂકવણું થયું હતું એ ૩.૮૩.૪૫ લાખનું હતું. એજન્સી પાસેથી વસૂલાત કરેલ રકમ ૩.૧.૦૪ કરોડ આપણે વસૂલ પણ કરેલા છે, એનાં જેટલાં પણ કામો ચાલે છે ત્યાં દરેક જગ્યાએ ચેક કર્યું છે અને વાત કરી કે, આ ટાંકી તૂટવાના કારણે પાણીની સમસ્યા ઊભી થઇ છે ત્યારે અત્યારે બીજી હયાત યોજનાઓ દ્વારા ત્યાં પાણી મળે છે. પરંતુ આ સુધારણા યોજના દ્વારા ફરીથી નવી ટાંકી ૭૦ એમ.એલ.ડી.માંથી ૧૦૦ લિટર પાણી આપવા માટેનું છે એના માટેની આ સુધારણા યોજનાની ટાંકી પડી ગઇ અને ટૂંક સમયમાં ડિઝાઇન થયેથી આ કામગીરી ચાલુ કરવામાં આવશે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નવસારી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ અન્ય કઇ કઇ યોજનાઓ પ્રગતિમાં છે? અને આ જૂથ પાણી પુરવઠા યોજનામાં અંદાજિત કેટલી કિંમત થવાની છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૬ જેટલી જૂથ યોજનાઓ પ્રગતિ હેઠળ છે અને એમાં ૩.૧૧૯૪.૯૯ કરોડનો ખર્ચ થનાર છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગાયપગલાં સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનામાં જે ડિઝાઇન બની છે એ ડિઝાઇન કેવી રીતે બનાવવામાં આવી છે અને એની કેપેસિટી શું છે અને એના માટે પાણી અનામત રાખવામાં આવ્યું છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાયપગલાં સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના તે ભવિષ્યની વસતિને ધ્યાનમાં રાખીને ૧૬.૮૩ એમ.એલ.ડી.પાણીના જથ્થાનું વહન કરી શકે તે મુજબ તેની ડિઝાઇન કરવામાં આવેલી છે તેમજ આ યોજના માટે તાપી નદીમાં પાણીનો અનામતનો જથ્થો પણ પૂરતો રાખવામાં આવેલ છે.

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની કાર્યરત કેનાલો

*** 15/8/2593: શ્રી અમૃતજી મોતીજી ઠાકોર(કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જીલ્લાવાર નર્મદા યોજનાની કયા પ્રકારની કેટલી લંબાઇની	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જીલ્લાવાર નર્મદા યોજનાની નીચે મુજબની કેનાલો કાર્યરત છે: પાટણ જીલ્લો

	કેનાલો કાર્યરત છે,		અ.નં. | નહેરનું નામ | કેનાલની કુલ લંબાઇ (કિમી.) | બાંધકામ પૂર્ણ થયેલ તેમજ કાર્યરત કેનાલની લંબાઇ (કિમી.) ૧ | શાખા નહેરો | ૨૦૪.૧૪ | ૨૦૪.૧૪ ૨ | વિશાખા નહેરો | ૪૮૨.૮૧ | ૪૮૨.૮૧ ૩ | પ્રશાખા નહેરો | ૧૪૭૧.૯૮ | ૧૪૭૧.૯૮ ૪ | પ્ર-પ્રશાખા નહેરો | ૫૨૭૬.૮૮ | ૫૨૭૬.૮૮ | કુલ | ૭૪૩૫.૮ | ૭૪૩૫.૮ બનાસકાંઠા જીલ્લો અ.નં. | નહેરનું નામ | કેનાલની કુલ લંબાઇ (કિમી.) | બાંધકામ પૂર્ણ થયેલ તેમજ કાર્યરત કેનાલની લંબાઇ (કિમી.) ૧ | શાખા નહેરો | ૩૧.૭૨ | ૩૧.૭૨ ૨ | વિશાખા નહેરો | ૮૪.૮૨ | ૮૪.૮૨ ૩ | પ્રશાખા નહેરો | ૧૦૧.૧૫ | ૧૦૧.૧૫ ૪ | પ્ર-પ્રશાખા નહેરો | ૩૩૭.૧૮૬ | ૩૩૭.૧૮૬ | કુલ | ૫૩૪.૮૭૬ | ૫૩૪.૮૭૬
(૨)	ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાઓમાં જિલ્લાવાર નર્મદા યોજના માટે ખેડૂતોની કુલ કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે અને તેના વળતર પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે,	(૨)	ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાઓમાં જિલ્લાવાર નર્મદા યોજના માટે ખેડૂતોની કરેલ જમીન સંપાદન અને વળતર પેટે ચૂકવેલ રકમ નીચે મુજબ છે: જિલ્લો | કુલ જમીન સંપાદન (હેકટર) | વળતર પેટે કુલ ચુકવેલ રકમ (રૂ. કરોડ માં) પાટણ | ૪૦૨૭.૧૯ | ૫૧૯.૯૨ બનાસકાંઠા | ૭૭૫.૫૨ | ૧૪૧.૧૬
(૩)	ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં જિલ્લાવાર જમીન સંપાદનનું કેટલા ખેડૂતોને વળતર ચુકવવાનું કયા કારણોસર બાકી છે, અને	(૩)	ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં જિલ્લાવાર જમીન સંપાદનનું નીચે મુજબના ખેડૂતોને વળતર ચુકવવાનું બાકી છે: જિલ્લો | વળતર ચુકવવાનું બાકી રહેતા ખેડૂતો ની સંખ્યા પાટણ | ૩૮ બનાસકાંઠા | ૨ વળતર ચુકવવાનું બાકી રહેવાના કારણો: - નવો જમીન સંપાદન કાયદો-૨૦૧૩ તા. ૦૧/૦૧/૨૦૧૪ થી અમલી બનતાં જુના કાયદા હેઠળ કાર્યરત કેસો લેપ્સ ગયેલ. - સને-૨૦૧૫ માં સમગ્ર રાજ્યમાં રી-સર્વે પ્રમોલગેશન લાગુ પડેલ. - રી-સર્વેમાં જમીન સંપાદનની કાયદાકીય પ્રક્રિયા પહેલા હયાત કેનાલ આધારિત ૭/૧૨ જનરેટ કરવામાં આવેલ. જેથી રેવન્યુ રેકર્ડની વિસંગતતા સર્જાયેલ. - ડી.એસ.ઓ. રેકર્ડની વિસંગતતા. - સર્વે નંબરના પેકીકરણ અને કબજાફેરના કારણે - રી-સર્વે બાદના જમીન વેચાણના કારણે
(૪)	તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?	(૪)	ચુકવણું બાકી હોય તેવા કેસોમાં જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ થઈ ગયેલ છે. જે કાર્યવાહી હાલ પ્રગતિમાં છે. જમીન સંપાદન એવોર્ડ જાહેર કરવાની કાર્યવાહી શક્ય એટલી ઝડપી પૂર્ણ કરી ખેડુત ખાતેદારોને વળતર ચુકવવામાં આવશે

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નર્મદા કેનાલમાં વારંવાર જે ગાબડાં પડે છે તે ગાબડાંના હિસાબે ખેડૂતોના ઊભા પાકને મોટું નુકસાન થાય છે. કયાંક એવું પણ જાણવા મળેલ છે કે, ઉંદરોના ત્રાસથી આ ગાબડાં પડે છે. આ ઉંદરો પકડવા માટેનું સરકારે કોઇ આયોજન કર્યું છે કે કેમ?

અથવા દરમાં રહેતાં ઉંદરો મારફતે ગાબડાં પડે છે કે નળમાં રહેતાં ઉંદરો મારફતે ગાબડાં પડે છે? મારો બીજો પ્રશ્ન છે કે, પાટણ જિલ્લાના ૩૮ અને બનાસકાંઠા જિલ્લાના ૨ એમ કુલ-૪૦ ખેડૂતોને વળતર ચૂકવવાનું બાકી છે તો આ વળતર કેટલા વર્ષથી ચૂકવવાનું બાકી છે? મને જવાબમાં જણાવવામાં આવ્યું છે કે, રેવન્યુ રેકર્ડની વિસંગતતાના હિસાબે વળતર ચૂકવવાનું બાકી છે. તો આ જે ૪૦ ખેડૂતોને વળતર ચૂકવવાનું બાકી છે તેમાં કોઇ વિશેષ વધારો કરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, નર્મદા કેનાલથી પાઇપલાઇન મારફતે જે તળાવો ભરવામાં આવે છે તે ત્રણ કિલોમીટરની રેન્જમાં હોય તે જ ગામોના તળાવો ભરવામાં આવે છે તો એ કિલોમીટરમાં કંઇ વધારો કરવા માગો છો કે કેમ ?

અધ્યક્ષશ્રી : અમૃતજીએ એવું ના કહ્યું સારું છે કે આ ઉંદરો પકડવા માટે બિલાડીઓ નવી લાવવા માગો છો કે કેમ ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી તેમાં મહેસૂલ વિભાગ તરફથી કોઇ મોડું થયું નથી, પરંતુ વર્ષ-૨૦૧૩નો જમીન સંપાદનનો નવો કાયદો આવવાના કારણે અને તેના નિયમો વગેરે બનવાના કારણે વર્ષ-૨૦૧૭ થઇ ગયું. એ વખતે આ જમીન સંપાદનની કાર્યવાહી ચાલતી હતી અને આ નવો કાયદો આવવાના કારણે તે સ્થગિત થઇ ગઇ. સન-૨૦૧૭માં રી-સરવે પ્રમોલ્ગેશન પણ લાગુ પડતાં ક્ષેત્રફળમાં વધઘટ અને કબજામાં ફેરફાર થયેલ અને અંદરો અંદરની આ પારિવારીક લડાઇને કારણે રાધનપુર કોર્ટમાં આ માપણી અંગેનો વિવાદવાળો કેસ દાખલ થયેલ. તેમાં રાધનપુર કોર્ટે તા.૩૧-૧-૨૦૧૮ના રોજ માપણી પર મનાઇ ફરમાવેલ અને સાહેબ તેમાં ફરી પાછા અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરીને તેમાં તા. ૨-૯-૨૦૨૪ના રોજ ફરી પાછાં જયારે માપણી કરવા ગયા ત્યારે માપણી કરવા ના દીધી અને તેના પછી તા. ૭-૫-૨૦૨૫ના રોજ ફરી ત્યાં ગયા ત્યારે અંદરોઅંદરના ભાઇઓના ઝગડાને કારણે પણ માપણી ના કરવા દીધી. હવે અત્યારે સંમત થયા ત્યારે તા.૧૩-૬-૨૦૨૫ના રોજ આ જમીનની માપણી કરી અને તેઓ જે વળતરની વાત કરે છે તેમાં જે કુલ જમીન સંપાદન કરવાની હતી તેમાં ૪૦૨૯.૬૫ હેકટર જમીન સંપાદન કરવાની હતી તે પૈકી ૪૦૨૭.૧૯ હેકટર સંપાદિત થઇ ગઇ એટલે કે ૯૯.૯૪ ટકા જમીન સંપાદન કરવામાં આવેલી છે. સંપાદન કરવાની બાકી જમીનની વાત કરું તો ૨.૪૭ હેકટર બાકી છે અને તેમાં કેનાલ ઉપર જવાના રસ્તા માટે આ ૬ ગુંઠા જમીન સંપાદન કરવાની બાકી છે. કારણ કે આ અંદરો અંદરના વિવાદ હતા તેના કારણે આ ખેડૂતને પૈસા નહોતા મળ્યાં એટલે આમાં ૧૬ જેટલા ખેડૂતો છે અને નવી વારસાઇ થવાથી લગભગ ૮૫ જેટલાં ખેડૂતો આમાં નોંધાયેલા છે અને આ ઝઘડાને કારણે ડિલે થયું છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ તાલુકાવાર વળતર પેટે કેટલી રકમ ચૂકવામાં આવેલ છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ તાલુકાવાર વળતર ચૂકવવામાં આવેલ રકમ જોઇએ તો પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં પર.૪૪ કરોડ ચૂકવવામાં આવેલ છે, હારીજ તાલુકામાં ૪૫.૭૩ કરોડ ચૂકવવામાં આવેલ છે. પાટણ તાલુકાની અંદર ૧૯.૦૧ કરોડ ચૂકવવામાં આવેલ છે. રાધનપુર તાલુકામાં ૧૭૪.૫૫ કરોડ ચૂકવવવામાં આવેલ છે. સમી-શંખેશ્વર તાલુકામાં ૧૦૩.૫૨ કરોડ ચૂકવવામાં આવ્યા છે. સાંતલપુર તાલુકામાં ૧૨૪.૬૭ કરોડ આમ કુલ મળીને ૫૧૯.૯૨ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. પાટણ જિલ્લામાં ૧૮૯૯૧ ખાતેદારો પૈકી ૧૮૯૫૩ ખાતેદારોને એટલે કે ૯૯ ટકાથી વધુ ખાતેદારોને ૫૧૯.૯૨ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવેલ છે.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું આ બંને જિલ્લામાં માઇનોર અને ડિસ્ટ્રિબ્યુટરી કેનાલોનું કેટલું કામ બાકી છે અને કયાં સુધીમાં પૂરું કરવા માગીએ છીએ? બીજું , મારી વિધાનસભા વડગામમાં આપ પણ પર્સનલી જાણો છો લાલજી મામાના સમયથી મુકતેશ્વર ડેમ અને કર્માવત તળાવનો પ્રશ્ન હતો, એપ્રિશિએટ કરું છું કે સરકારે એ પ્રોજેકટ મંજૂર કર્યો, અનેક રેલીઓ, ધરણાઓ, અરજીઓ, આવેદનપત્રો અને ખેડૂતોનો સંઘર્ષ પણ એમાં સામેલ છે તો એ પ્રોજેકટ કયાં સુધીમાં પૂરો કરવા માગો છો? અને ત્રીજો પ્રશ્ન છે એ.સી.બી.ની બિલાડીઓ આ સરકારી ઉંદરોને પકડવામાં ફેલ કેમ જાય છે?

અધ્યક્ષશ્રી : એમણે એક પ્રશ્ન એ પૂછયો કે કેનાલોનું નેટવર્ક કેવડું છે અને એમાં માઇનોર, સબમાઇનોર બાકી હોય એવું અને એમણે કર્માવત જે તળાવ છે ત્યાં આગળ એની યોજના રાજય સરકારે મૂકી છે એ પૂરી કરવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ખેડૂતો માટે કટિબદ્ધ છે. ખેડતોને સમયસર પાણી મળે, સિંચાઇનું પાણી મળે, પીવાનું પાણી મળે એના માટે જે પ્રકારે કામગીરી કરીએ છીએ, સંપૂર્ણ લંબાઇની કામગીરી પૂર્ણ થઇ છે. જયાં જયાં પણ બાકી હશે ત્યાં સ્ટેપ બાય સ્ટેપ બાકીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ મારા વિસ્તારમાં જે ચીમનાબાઇ સરોવર છે એમાં મોં નર્મદાનું અને ઘરોઇનું પાણી આવ્યું છે. આ ચીમનાબાઇ સરોવર ૧૬૦૦ એકરમાં આવેલું છે અને ૧૨૫ વર્ષ જૂનું છે અને ભવિષ્યમાં ઉત્તર ગુજરાતનું નળ સરોવર બની શકે એમ છે, એટલે હું આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, અને સિંચાઇ મંત્રીશ્રી તથા ભા.જ.પ. સરકારનો આભાર માનું છું અને આ સાથે મારો પ્રશ્ન પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ કેટલા ખાતેદારોને વળતર ચૂકવવાનું થાય છે, કેટલાને ચૂકવ્યું અને કેટલાને ચૂકવવાનું બાકી છે?

અધ્યક્ષશ્રી : જે તાલુકાવાઇઝ રકમ આવી ગઇ એના સિવાયનો જે જવાબ હોય તો આપો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૯૯૧ ખાતેદારો પૈકી ૧૮૯૫૩ ખાતેદારોને ચૂકવણું થઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : મારે એક–બે બાબતો ઉપર આપનું ધ્યાન દોરવું છે. ઘણી વખત ચર્ચાઓ થઇ, કેનાલોનું માઇનોર–સબમાઇનોરમાં વિશ્વની અંદર સૌથી મોટું નેટવર્ક હોય એવડા મોટા કિલોમીટરનું નેટવર્ક ગુજરાતે બનાવ્યું છે એટલે અનેક વખત આવા વિષય આવતા હોય છે. બીજું માનનીય મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે કે સરહદી વિસ્તારની અંદર રીમોટ એરિયાના આ બધા ગામોમાં ૩૦ એપ્રિલ સુધી નર્મદાનું પાણી ચાલુ રાખવા માટેનો તમે જે નિર્ણય લીધો એ માટે રાજય સરકારને અને તમને ખેડૂતો વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું..

જુનાગઢ જિલ્લામાં વ્હાલી દીકરી યોજના

***15/8/1851 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્હાલી દીકરી યોજનામાં જુનાગઢ જિલ્લામાં કેટલી અરજીઓ મળી,	(૧)	કુલ– ૩૨૯૦
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી છે, અને	(૨)	મંજૂર: ૩૨૧૦; નામંજૂર: ૨૮
(૩)	ઉક્ત અરજીઓ નામંજૂર થવાના શું કારણો છે?	(૩)	યોજના હેઠળ લાભાર્થીઓ માટે નિયત કરવામાં આવેલ માપદંડો અને પાત્રતા પરિપૂર્ણ કરતા ન હોવાથી ઉક્ત–૨૮ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજયની વ્હાલી દીકરી યોજનામાં જન્મના પ્રોત્સાહન તેમજ શિક્ષણ અને સશકિતકરણ માટે જે યોજના અમલમાં છે એમાં જૂનાગઢ જિલ્લામાં વ્હાલી દીકરી યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો તેની વર્ષવાઇઝ માહિતી આપે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, વ્હાલી દીકરી યોજના થકી આપણા સમાજમાં દીકરીઓનું જન્મસ્તર વધે, એ સશક્ત બને અને ખૂબ શિક્ષિત થાય એ હેતુથી આ યોજના અમલમાં આવી છે. વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન ૪૪,૬૬૪ લાભાર્થી હતા. એવી જ રીતે વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન ૬૯,૯૦૩ લાભાર્થી હતા. વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન ૬૦,૭૫૭ લાભાર્થીઓ હતા. વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન ૬૧,૬૨૮ લાભાર્થીઓ હતા. વર્ષ ૨૦૨૪–૨૦૨૫ દરમિયાન ૫૧,૫૮૩ લાભાર્થીઓએ આનો લાભ લીધો છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહના ક્રાંતિકારી સભ્યશ્રી ચૈતરભાઇ વસાવાનો આજે જન્મદિવસ છે. એ બદલ હું એમને શુભેચ્છાઓ પાઠવું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ચૈતરભાઇને આ ગૃહ વતી જન્મદિવસની ખૂબ–ખૂબ શુભકામનાઓ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આ યોજના અંતર્ગત ૩૨૯૦ દીકરીઓના ફોર્મ ભરવામાં આવ્યા અને ૩૨૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી. જે પ્રમાણમાં દીકરીઓનો જન્મદર છે એ પ્રમાણમાં આ યોજનાનો લાભ લેનારી દીકરીઓની સંખ્યા ખૂબ ઓછી છે. સરકારનો ઉદ્દેશ ખૂબ સારો છે કે દીકરી જન્મે ત્યારે રજિસ્ટ્રેશન કરાવો એટલે જ્યારે એ ધો.૧માં એડમિશન લે ત્યારે રૂ.૪૦૦૦નો પહેલો હપ્તો મળે. ધો.૯માં આવે ત્યારે બીજો હપ્તો મળે. એમાં આપણે એવું કેમ ન કરી શકીએ કે દીકરીઓ જન્મ જે દવાખાનામાં થાય ત્યાંથી ડૉક્યુમન્ટેશન થઇ અને ફરજિયાત ફોર્મ ભરાઇ જાય જેથી કરીને તમામ જન્મનારી દીકરીઓના ફોર્મ ભરાઇ જાય. આ યોજનાનો લાભ લેનાર દીકરીઓનો આંકડો ખૂબ નાનો છે. બીજી વાત કે યોજનાનો મુખ્ય ઉદ્દેશ દીકરીઓનો જન્મદર વધારવાનો છે. હું હમણાં સરકારનો પરિપત્ર વાંચતો હતો ત્યારે મેં જોયું કે આમાં પાત્રતાના ધોરણો ખૂબ છે અને ઘણા બધા ડૉક્યુમેન્ટસની જરૂર પડે છે. એ ડૉક્યુમેન્ટસ ઓછા ન કરી શકાય?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ગોપાલભાઇ ઇટાલિયાજીએ જે વાત મૂકી છે એમાં દીકરીઓના જન્મને પ્રોત્સાહનની સાથે–સાથે early child marriageની કુપ્રથામાં પણ નિયંત્રણ આવે એના માટે માતા–પિતાના લગ્નનું સર્ટિફિકેટ પણ જરૂરી બનતું હોય છે. સાથે–સાથે જ્યારે દીકરીએ લગ્ન કર્યા ત્યારે એની ઉંમર શું હતી એ જોવા માટે એલ.સી.ની પણ જરૂર પડતી હોય છે અને આ પૈસા ડી.બી.ટી. દ્વારા બેંકમાં જમા થવાના હોવાથી પાસબુકની પણ જરૂર પડતી હોય છે. તો જે ડૉક્યુમેન્ટની જરૂર પડે છે એ ખૂબ વિચારીને મૂકવામાં આવેલા છે અને બધા જ લાભાર્થીઓને સાચી રીતે લાભ મળે એની ચિંતા કરવામાં આવી છે. એના માટે આ ડૉક્યુમેન્ટસ ખૂબ જરૂરી છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ખૂબ સારી છે અને જેમ શ્રી ગોપાલભાઇએ કહ્યું એમ જો ટૂંકી વિગતો સાથે ફોર્મ આવે તો એનો લાભ ઘણા બધા પરિવારો લઇ શકે. મેં એક અનુભવ કરેલો છે. આપની પરમિશનથી વાત કરી રહ્યો છું કે, મારા જન્મદિવસના દિવસે મેં નિર્ણય કર્યો કે મારા મતવિસ્તારમાં જેટલી દીકરીઓનો જન્મ થાય એમને ત્યાં મારે વધામણાં કરવા જવાનું. એ દિવસે ૧૧ દીકરીઓનો જન્મ થયો અને એમના ઘરે હું વધામણાં કરવા ગયો ત્યારે એક ઉત્સવ હોય એવી રીતે ગામના તમામ લોકોએ ધારાસભ્યનું સ્વાગત કર્યું હતું. તો મારી વિનંતી છે કે બધા ધારાસભ્યો પોતાના જન્મદિવસે પોતાના વિસ્તારમાં દીકરીઓનો જન્મ થાય એના વધામણાં કરવા માટેનો પ્રોગ્રામ કરે તો એની એક અલગ અસર ઊભી થાય છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના ખૂબ સારી છે. આ યોજના અંતર્ગત એક જ પરિવારની કેટલી દીકરીઓને એનો લાભ પ્રાપ્ત થાય છે અને એક જ પરિવારમાં એક કરતાં વધારે દીકરી જન્મ લે તો એને આપણે લાભ આપવા માગીએ છીએ કે કેમ? આ યોજના અંતર્ગત હાલમાં જે રકમ આપવામાં આવે છે એમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના વર્ષ ૨૦૧૯થી શરૂ થયેલ છે. મને કહેતાં આનંદ થાય છે કે, એક કરતાં વધારે અટલે કે ત્રણ દીકરીઓ સુધી આ યોજનાનો લાભ મળી શકે છે. જો પ્રથમ દીકરાના જન્મ પછી પણ ત્રણ દીકરીઓનો જન્મ થાય કે ત્રિપ્લેટ્સ થાય તો પણ આ યોજનાનો લાભ મળી શકે છે. આવી રીતે ત્રણ દીકરીઓ સુધી આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

જળસંચય જન ભાગીદારી ૨.૦ કાર્યક્રમ અંતર્ગત ફાળવેલ રકમ

***15/8/2601: શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને જળસંચય જન ભાગીદારી ૨.૦ કાર્યક્રમ હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી,	(૧)	મામુર .
(૨)	ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૨)	લાગુ પડતું નથી.
(૩)	કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?	(૩)	લાગુ પડતું નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષ વાર કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને જળસંચય જન ભાગીદારી ૨.૦ કાર્યક્રમ હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી તેના જવાબમાં 'મામુર' લખેલું છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ મામુરનો અર્થ શું થાય? મેં ગુગલમાં જોયું તો મામુરનો અર્થ ભરપૂર થાય છે. આ મામુર છે કે મામા છે કે શું છે?

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીનું સૂચન બહુ સરસ છે કે ભરપૂર જ છે એટલે તેનો અર્થ થાય કે યોજના ભરપૂર આપી છે. તેનો જવાબ એ જ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે, ભરપૂર આપેલું છે ત્યારે મારો બીજો પ્રશ્ન એ છે કે, જળસંચય જન ભાગીદારી અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે કોઇ ગ્રાન્ટ માગવામાં આવી છે કે કેમ? કોઇ પત્ર લખવામાં આવ્યો છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મામુર એટલે શૂન્ય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ તો તમારા ગુગલની વાત કરી હતી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તેના અનુસંધાનમાં જણાવવા માગું છું કે, ભૂતકાળમાં ઓછો વરસાદ પડવાના કારણે ભૂગર્ભજળ ઊંડાં જતાં અને ડાર્કઝોન તરીકે આપણને પાણી પણ મળતું ન હતું, પાણી ખેંચવાની મંજૂરી મળતી ન હતી, લાઇટનું કનેક્શન મળતું ન હતું. આપણા દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય મોદી સાહેબે તા.૦૬/૦૯/૨૦૨૪ના રોજ જળસંચય જન ભાગીદારી અભિયાન પ્રથમ વખત સુરતથી શરૂ કરેલ. જળસંચય ભાગીદારી ભાગ–૧નું કામ તા.૩૧/૦૫/૨૦૨૫ના રોજ પૂર્ણ થયું. જળસંચય કરવા માટેની યોજનાઓ જન ભાગીદારીથી એટલે કે, સ્વૈચ્છિક સંસ્થાઓ, એન.જી.ઓ., ગ્રામ પંચાયત અને વિવિધ વિભાગો જેવાં કે, પંચાયત ગ્રામ ગૃહ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, શહેરી વિકાસ વિભાગ દ્વારા આ કામગીરી કરવામાં આવતી હોય છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જળસંચય જન ભાગીદારી ૨.૦ અંતર્ગત આ અભિયાન હેઠળ વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવે છે તેમજ ભવિષ્ય માટે

પાણીનો બચાવ કરવામાં આવે છે ત્યારે આ અભિયાન હેઠળ દેશની ટોપ ૧૦ મહાનગરપાલિકામાં ગુજરાતની કોઇ મહાનગરપાલિકા છે કે નહીં**?** તેમજ દેશના ટોપ ૧૦ જિલ્લાઓમાં ગુજરાતનો કોઇ જિલ્લો છે કે નહીં**?**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી**,** તા.૦૭/૦૯/૨૦૨૬ની સ્થિતિએ દેશમાં ટોચની ૧૦ મહાનગરપાલિકાઓ પૈકી ગુજરાતની ત્રણ મહાનગરપાલિકાઓનો સમાવેશ થાય છે. અમદાવાદ મહાનગરપાલિકા ત્રીજા ક્રમે**,** સુરત મહાનગરપાલિકા ચોથા ક્રમે અને જામનગર મહાનગરપાલિકા સાતમા ક્રમે આવેલી છે. દેશમાં ટોચના ૧૦ જિલ્લાઓ પૈકી તા.૦૭/૦૩/૨૦૨૬ની સ્થિતિએ ગુજરાતના સુરત જિલ્લાનો સમાવેશ સાતમા સ્થાને થયેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી**,** મારા બે પ્રશ્નો હતા. કેન્દ્ર સરકાર પાસે કોઇ રકમની માંગણી કરી હતી કે કેમ**?** અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભરપૂર કહે છે અને માનનીય મંત્રીશ્રી શૂન્ય કહે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ તો આપે જે એનાલિસિસ કર્યું હતું તે અનુસંધાનમાં વાત કરી હતી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી**,** માનનીય મંત્રીશ્રી જવાબમાં જણાવે કે ભરપૂર રકમ આપી છે એટલે અમારે સમજી જવાનું કે શૂન્ય .....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નોત્તરી

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

દાહોદ જિલ્લાના ઉત્તર તથા દક્ષિણ જુથ પાણી પુરવઠા યોજના

15/8/1833 શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકા માટે ઝાલોદ ઉત્તર તથા દક્ષિણ જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૩)	ઉકત સ્થિતિએ ઉકત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે, અને	(૩)	ઉકત સ્થિતિએ ઉકત અરજીઓ પડતર રહેવાના કારણો: (૧) અરજદારશ્રી દ્વારા અરજી સાથે આધાર પુરાવાની પ્રમાણિત નકલ રજુ કરવામાં આવેલ ન હોવાથી, (૨) ટ્રસ્ટનુ નામ સુધારો કરવા આધાર પુરાવા રજુ કરેલ ન હોવાના કારણે.
(૪)	ઉકત પડતર અરજીઓ અન્વયે ભૂલ સુધારણા પ્રક્રિયા ક્યાં સુધીમાં પૂર્ણ	(૪)	અરજદારશ્રી દ્વારા ખૂટતી વિગતો રજૂ કર્યેથી.

બનાસકાંઠા જિલ્લામાં રાણપુર ગામે પંપિંગ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓને ચૂકવાતો પગાર

15/8/1688 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન			જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ઓગડ તાલુકાના રાણપુર ગામે પીવાના પાણીનું પંપિંગ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓને સંવર્ગવાર માસિક કેટલો પગાર ચૂકવવામાં આવે છે, અને		(૧)	સેન્સસ ૨૦૧૧ મુજબ બનાસકાંઠા જિલ્લાના ઓગડ તાલુકામાં કોઇપણ રાણપુર ગામ આવેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત પગારની ચુકવણી કઇ એજન્સી દ્વારા કેટલા સમયથી કરવામાં આવે છે?		(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં સી વોટર ડિસેલીનેશન પ્લાન્ટ

15/8/2602 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ દરિયાના ખારા પાણીને મીઠું કરવાની યોજના (ડિસેલીનેશન પ્રોજેકટ) અંગે કયારે, કઇ કંપની સાથે કેટલી રકમનો કરાર કરવામાં આવેલ છે,</td><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ દરિયાના ખારા પાણીને મીઠું કરવાની યોજના (ડિસેલીનેશન પ્રોજેકટ) અંગેના પ્રોજેકટોની કામગીરી માટે મે.શાપુરજી પાલૂનજી એન્ડ કંપની પ્રાઇવેટ લિમિટેડ, મુંબઇ અને એક્વાટેક સિસ્ટમ એશિયા પ્રાઇવેટ લિમિટેડ જોઇન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત નીચે મુજબના એસ.પી.વી. સાથે તા.૨૬/૨/૨૦૨૦ ના રોજ કન્સેશન એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.
<table>
<tr><th>ક્રમ</th><th>એસ.પી.વી નુ નામ</th><th>કરાર મુજબ મંજુર થયેલ ભાવ
રૂ./૧૦૦૦ લિટર</th></tr>
<tr><td>૧</td><td>કચ્છ સીવોટર ડીસેલીનેશન પ્રાઇવેટ લિમીટેડ</td><td>૪૪.૮૫</td></tr>
<tr><td>૨</td><td>દ્વારકા સીવોટર ડીસેલીનેશન પ્રાઇવેટ લિમીટેડ</td><td>૪૦.૭૦</td></tr>
<tr><td>૩</td><td>ભાવનગર ડીસેલીનેશન પ્રાઇવેટ લિમીટેડ</td><td>૪૭.૮૫</td></tr>
<tr><td>૪</td><td>ગીર સોમનાથ ડીસેલીનેશન પ્રાઇવેટ લિમીટેડ</td><td>૪૫.૦૦</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૨)</td><td>ઉકત પ્રોજેકટ કયા જિલ્લામાં શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ,</td><td>(૨)</td><td>ઉકત ડીસેલીનેશન પ્રોજેકટ ની કામગીરી કચ્છ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર અને ગીરસોમનાથ જિલ્લામાં શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.</td></tr>
</table>

(૩)	તે અન્વયે ઉકત સ્થિતિએ ઉકત યોજનાનું કામ કયા તબક્કે છે, અને	(૩)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ ચારેય ડીસેલીનેશન પ્રોજેકટની કામગીરી પ્રગતી હેઠળ છે.
(૪)	ઉકત પ્રોજેકટ કયાં સુધીમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવશે?	(૪)	ઉકત ચારેય પ્રોજકટની કામગીરી સત્વરે પૂર્ણ કરી કાર્યરત કરવાનુ આયોજન હાથ ધરેલ છે.

સરદાર સરોવર ડેમમાં ડીસીલ્ટીંગની કામગીરી

15/8/2600: ડો. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર ડેમમાં ડીસીલ્ટીંગની કામગીરી ક્યારે હાથ ધરવામાં આવેલ,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ સરદાર સરોવર ડેમમાં ડીસીલ્ટીંગની કામગીરી કરવામાં આવેલ નથી.
(૨)	ઉકત ડીસીલ્ટીંગની કામગીરી કઈ પધ્ધતિથી કરવામાં આવેલ, અને	(૨)	લાગુ પડતુ નથી.
(૩)	ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડીસીલ્ટીંગની કામગીરી ન થઇ હોય તો ક્યાં સુધીમાં કરવામાં આવશે?	(૩)	સને ૨૦૨૪માં CWC – New Delhi દ્વારા કરવામાં આવેલ સેડીમેન્ટેશન સર્વે (Sedimentation Survey) મુજબ ડીસીલ્ટીંગની કામગીરી હાલ કરવાની જરૂરીયાત જણાતી નથી.

કચ્છ અને ભાવનગર જિલ્લામાં ડિસેલીનેશન પ્રોજેકટની કામગીરી

15/8/2591 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ અને ભાવનગર જિલ્લામાં ડીસેલીનેશન પ્રોજેકટની કામગીરી કયારે, કોને, કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ અને ભાવનગર જિલ્લામાં ડીસેલીનેશન પ્રોજેકટની કામગીરી મે.શાપુરજી પાલૂનજી એન્ડ કંપની પ્રાઇવેટ લિમિટેડ, મુંબઇ અને એકવાટેક સિસ્ટમ એશિયા પ્રાઇવેટ લિમિટેડ જોઇન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત એસ.પી.વી.ને તા–૨૬/૨/૨૦૨૦ ના રોજ નાણાકીય વ્યવસ્થાપન પુર્ણ થયેથી ૨૪ માસમાં તમામ કામગીરી પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે.
(૨)	ઉકત કામગીરી સમયસર પૂર્ણ થયેલ ન હોય તો એજન્સી સામે શા પગલાં લીધા, અને	(૨)	એસ.પી.વી. દ્વારા ઉકત પ્રોજેકટોની નિયત થયેલ માઇલસ્ટોનની કામગીરી નિયત સમયમાં પુર્ણ થયેલ ન હોવાથી કન્શેશન એગ્રીમેન્ટની શરતોનુસાર GWIL દ્વારા કુલ રૂ. ૧૩૬ કરોડ ની બેંક ગેરંટી તા.૧૦/૦૯/૨૫ ના રોજ જમા કરવામાં આવેલ છે.
(૩)	ઉકત સ્થિતિએ ઉકત પ્લાન્ટ કાર્યરત થયેલ હોય તો છેલ્લા બે વર્ષમાં કેટલા લીટર દરિયાનું ખારૂ પાણી પીવાલાયક બનાવવામાં આવ્યું?	(૩)	ઉકત ડીસેલીનેશન પ્રોજેકટની કામગીરી હજુ સુધી પ્રગતીમાં હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

_ _ _ _ _ _ _

વડોદરા અને સુરેન્દ્રનગર જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/2597 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

તા.૧૩મી માર્ચ, ૨૦૨૬

અતારાંકિત પ્રશ્નો

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ વડોદરા અને સુરેન્દ્રનગર જીલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક – ૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	કુપોષિત બાળકોનો ઘટાડો નોંધાયેલ છે. પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	વડોદરા જીલ્લો		સુરેન્દ્રનગર જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	ડભોઇ	૧૪૨૧	ચોટીલા	૨૧૨
૨	ડેસર	૬૭૭	ચુડા	૫૨૧
૩	કરજણ	૧૮૪૬	ધ્રાંગધ્રા	૧૦૩૮
૪	પાદરા	૨૧૪૬	લખતર	૪૭૯
૫	સાવલી	૧૭૬૪	લીંબડી	૮૨૫
૬	શિનોર	૮૦૨	મુળી	૩૭૦
૭	વડોદરા (ગ્રામ્ય)	૨૨૪૨	પાટડી	૧૧૫૧
૮	વાઘોડિયા	૧૮૬૮	સાયલા	૬૯૪
કુલ		૧૨૭૬૬	થાનગઢ	૩૭૯
			વઢવાણ	૨૨૪૪
			કુલ	૭૯૧૩

પત્રક–૨

વડોદરા જીલ્લો			સુરેન્દ્રનગર જીલ્લો			
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજન વાળા	અતિ ઓછા વજન વાળા	તાલુકાનું નામ	ઓછા વજન વાળા	અતિ ઓછા વજન વાળા
૧	ડભોઇ	૧૧૯૧	૨૩૦	ચોટીલા	૧૭૧	૪૧
૨	ડેસર	૫૫૪	૧૨૩	ચુડા	૪૩૪	૮૭
૩	કરજણ	૧૪૭૧	૩૭૫	ધ્રાંગધ્રા	૮૧૨	૨૨૬
૪	પાદરા	૧૮૦૮	૩૩૮	લખતર	૪૦૦	૭૯
૫	સાવલી	૧૪૩૦	૩૩૪	લીંબડી	૬૮૯	૧૩૬
૬	શિનોર	૬૩૫	૧૬૭	મુળી	૩૦૮	૬૨
૭	વડોદરા (ગ્રામ્ય)	૧૮૧૭	૪૨૫	પાટડી	૯૪૫	૨૦૬
૮	વાઘોડિયા	૧૫૭૪	૨૯૪	સાયલા	૫૭૨	૧૨૨
કુલ		૧૦૪૮૦	૨૨૮૬	થાનગઢ	૩૩૬	૪૩
				વઢવાણ	૧૮૪૨	૪૦૨
				કુલ	૬૫૦૯	૧૪૦૪

પત્રક–૩

	વડોદરા જીલ્લો		સુરેન્દ્રનગર જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	ડભોઇ	૧૭૬	ચોટીલા	૨૭૫
૨	ડેસર	૧૬૮	ચુડા	૧૩૧
૩	કરજણ	૮૪	ધ્રાંગધ્રા	૩૦૫
૪	પાદરા	૩૪૧	લખતર	૪૬૧
૫	સાવલી	૬૧૨	લીંબડી	૪૧૯
૬	શિનોર	૨૦	મુળી	૨૩૦
૭	વડોદરા (ગ્રામ્ય)	૭૭	પાટડી	૭૧૪
૮	વાઘોડિયા	૪૯	સાયલા	૫૨૦

કુલ	૧૫૨૭	થાનગઢ	૭૨૦
		વઢવાણ	૧૩૧૬
		કુલ	૫૦૯૧

મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનામાં ગેરરીતિ અંગે રકમ વસુલવા બાબત

15/8/2610 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનામાં ગેરરીતિ અંગે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કેટલી રકમ વસુલવા કયારે આદેશ કરવામાં આવ્યા,	(૧)	છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનામાં ગેરરીતિ અંગે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને રકમ વસુલવા કોઈ આદેશ કરવામાં આવેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે રાજ્ય સરકારે કયારે કેટલી રકમ કોની પાસેથી વસુલી,	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	કેટલી રકમ વસુલવાની બાકી છે, અને	(૩) અને (૪)	
(૪)	તે કયાં સુધીમાં વસુલવામાં આવશે?		

અરવલ્લી જિલ્લામાં માર્ગ અને મકાન સ્ટેટ અને પંચાયતના રસ્તાના નવીનીકરણ અને રીસરફેસીંગ બાબત

15/8/1737 શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ			
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કાચા થી પાકા રોડ રસ્તા બનાવવા માટે અને રસ્તાના રીસરફેસિંગ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે,	(૧)	ઉક્ત સ્થિતિએ જિલ્લાના કામોની મંજુરી જે તે બજેટ હેડ સદરે ફાળવણી કરવામાં આવતી હોઈ તાલુકા વાર કાચા થી પાકા રોડ રસ્તા બનાવવા અને રસ્તાના રીસરફેસીંગ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.			
(૨)	ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાના કામ મંજુર કરવામાં આવ્યા છે, અને	(૨) અને (૩)	ક્રમ	તાલુકો	મંજુર કામોની સંખ્યા	પૂર્ણ કામોની સંખ્યા
			૧	મોડાસા	૫૬	૨૫
			૨	ધનસુરા	૩૫	૧૯
			૩	બાયડ	૮૫	૩૭
(૩)	ઉક્ત સ્થિતિએ મંજુર કરેલ કુલ કેટલા રસ્તાના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે?		૪	માલપુર	૨૮	૮
			૫	મેઘરજ	૯૫	૪૯
			૬	ભિલોડા	૯૧	૩૬
				કુલ	૩૯૦	૧૭૪

જૂનાગઢ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/8/1865 શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૧૦૮૫ અરજીઓ
(૨)	ઉક્ત સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	

તાલુકાનુ નામ	મંજૂર કરેલ અરજીઓ
માંગરોળ	૧૬૭
કેશોદ	૬૬
માળીયા હાટીના	૫૭
મેંદરડા	૬૬
જુનાગઢ	૧૦૩
જુનાગઢ શહેર	૪૭
વિસાવદર	૪૫
ભેંસાણ	૬૮
વંથલી	૬૫
માણાવદર	૩૨
કુલ	૭૧૬

———————

જૂનાગઢ અને અમરેલી જીલ્લામાં સૌની યોજનાની પાઈપો નાખવા અને ડેમોમાં પાણી છોડવા બાબત

15/8/2549 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૦૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ અને અમરેલી જીલ્લાના ડેમોમાં સૌની યોજનાનું પાઇપલાઈન દ્વારા પાણી નાખવા માટે ક્યા ડેમોમાં પાઇપલાઈન નાખવામાં આવેલ છે અને ક્યા ડેમોમાં ક્યાં તબક્કે પાઇપલાઈનનું કામ બાકી છે,	(૧)	તા. ૦૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ અને અમરેલી જીલ્લાના ડેમોમાં સૌની યોજનાનું પાઇપલાઇન દ્વારા પાણી નાખવા માટે નીચે મુજબના ડેમોમાં પાઇપલાઇન નાખવામાં આવેલ છે.

ક્રમ	જીલ્લા	તાલુકા	ડેમનું નામ	તા. ૦૧ /૦૧ /૨૦૨૫ ના રોજ કામની સ્થિતિ
૧	અમરેલી	અમરેલી	વડી	કામ પુર્ણ થઇ ગયેલ હતુ.
		અમરેલી	ઠેબી	
		ઘારી	ખોડીયાર	
		બગસરા	મુંજીયાસર	
		કુકાવાવ–વડીયા	સાંકરોલી	
		રાજુલા	ઘાતરવડી–૧	
		રાજુલા	ઘાતરવડી–૨	
		ખાંભા	રાયડી	
		બાબરા	ઘેલો ઇતરિયા	
		સાવરકુંડલા	સુરજવડી	કામ પ્રગતિમાં હતું
		સાવરકુંડલા	શેલ દેદુમલ	
૨	જુનાગઢ	ભેસાણ	ગળથ	કામ પુર્ણ થઇ ગયેલ હતુ.
		ભેસાણ	ઉબેણ	
		વિસાવદર	ઘ્રાફડ	
		વિસાવદર	આંબાજળ	
		વિસાવદર	ચાપરડા વિયર	
		જુનાગઢ	ઓઝત–૨	
		જુનાગઢ	ઓઝત વિયર આણંદપુર	
		વંથલી	ઓઝત વિયર શાપુર	
		મેદરડા	મધુવંતી ડેમ	
		માળીયા	ભાખરવડ ડેમ	
		માળીયા	વ્રજમી ડેમ	

<table>
<tr><td>(૨)</td><td>પાઈપલાઇનનું કામ પૂર્ણ થયેલ હોય તેવા ડેમોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ વિગતે કેટલું પાણી છોડવામાં આવ્યું, કેટલી જમીનને સિંચાઈનો લાભ મળ્યો, અને</td><td>(૨)</td><td>પાઈપલાઇનનું કામ પુર્ણ થયેલ હોય તેવા ડેમોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોડવામાં આવેલ પાણી અને આ પાણીથી મળેલ સિંચાઇના લાભની વિગત નીચે મુજબ છે.
<table>
<tr><td colspan="4">વર્ષ ૨૦૨૩ માં છોડવામાં આવેલ પાણીની વિગત</td></tr>
<tr><td>ક્રમ</td><td>ડેમનું નામ</td><td>પાણીનો જથ્થો (MCFT)</td><td>લાભિત વિસ્તાર (હે.)</td></tr>
<tr><td>૧</td><td>વડી</td><td>૪.૫૦</td><td>૩૬</td></tr>
<tr><td>૨</td><td>મુંજીયાસર</td><td>૫.૭૪</td><td>૫૯</td></tr>
<tr><td>૩</td><td>ગળથ</td><td>૧૫.૦૬</td><td>૧૦</td></tr>
<tr><td>૪</td><td>ઘાતરવડી–૨</td><td>૭</td><td>૨૪</td></tr>
<tr><td>૫</td><td>રાયડી</td><td>૧</td><td>૧૪</td></tr>
<tr><td>૬</td><td>ઘેલો ઇતરિયા</td><td>૪૭.૦૩</td><td>૨૭૬</td></tr>
<tr><td></td><td>કુલ</td><td>૮૦.૩૩</td><td>૪૧૯</td></tr>
<tr><td colspan="4">વર્ષ ૨૦૨૪ માં છોડવામાં આવેલ પાણીની વિગત</td></tr>
<tr><td>ક્રમ</td><td>ડેમનું નામ</td><td>પાણીનો જથ્થો (MCFT)</td><td>લાભિત વિસ્તાર(હે.)</td></tr>
<tr><td>૧</td><td>વડી</td><td>૧૫૧.૬૧</td><td>૯૯</td></tr>
<tr><td>૨</td><td>ગળથ</td><td>૪૧.૭૭</td><td>૨૭</td></tr>
<tr><td>૩</td><td>ધ્રાફડ</td><td>૭.૭૬૪</td><td>૭૦</td></tr>
<tr><td>૪</td><td>આંબાજળ</td><td>૧૪.૦૫૬</td><td>૧૦૮</td></tr>
<tr><td>૫</td><td>ઘેલો ઇતરિયા</td><td>૬૧૪.૪૦</td><td>૮૩૩</td></tr>
<tr><td></td><td>કુલ</td><td>૮૨૯.૬૦</td><td>૧૧૩૭</td></tr>
</table></td></tr>
<tr><td>(૩)</td><td>જે ડેમોમાં પાણી છોડવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે અને પાણી છોડવાનું શું આયોજન છે?</td><td>(૩)</td><td>ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ના ચોમાસા દરમિયાન થયેલ પુરતાં વરસાદના કારણે અન્ય ડેમો ભરાય ગયેલ હોય, વધારાના પાણીની જરૂરીયાત ઉપસ્થિત થયેલ ન હોય સૌની યોજના અંતર્ગત પાણી છોડવામાં આવેલ નથી.
ડેમોમાં પાણીની જરૂરીયાત મુજબ અને નર્મદાના પાણીની ઉપલબ્ધિ અનુસાર પાણી છોડવાનું આયોજન છે.</td></tr>
</table>

––––––

પાટણ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટરવ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1889 શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટરવ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૪
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૦
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

––––––

સાબરકાંઠા જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ

15/8/1868 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે?	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ૩.૩,૬૬,૯૪,૦૦૦/– ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

– – – – – – – – – –

અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં નારી સંરક્ષણ ગૃહમાંથી મહિલાઓના ભાગી જવાના બનાવો

15/8/1728 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડિયા)**: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં આવેલા નારી સંરક્ષણ ગૃહમાંથી કેટલી મહિલાઓ ભાગી જવાની ઘટનાઓ બની, અને	(૧)	અમદાવાદ જિલ્લાના નારી સંરક્ષણ ગૃહમાંથી મહિલાઓ ભાગી જવાની ઘટના બનેલ નથી. અને વડોદરા જિલ્લાના નારી ગૃહમાંથી ૦૨ મહિલાઓ ભાગી જવાની ઘટના બનેલ છે.
(૨)	આ માટે નારી સંરક્ષણ ગૃહમાં કેટલા જવાબદારો સામે ક્યારે શાં પગલા લીધા?	(૨)	ઘટના સમયે ફરજ પર કાર્યરત ત્રણ જવાબદાર કર્મચારીઓ ગૃહનાં મેનેજર, આયા તથા વોચેમેનને ફરજ પર બેદરકારી દાખવવા બદલ તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ મહિલા અને બાળ અધિકારી દ્વારા ચાદી પાઠવવામાં આવેલ.

અમરેલી જિલ્લાના સનાળા-વાવડી રસ્તો બનાવવા

15/8/1903 શ્રી સુધીરભાઈ વાઘાણી (ગારીયાધાર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના સનાળા-વાવડી રસ્તાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,	(૧)	તા.૨૪/૦૨/૨૦૨૦
(૨)	ઉક્ત કામ લાંબા સમયથી ચાલી રહ્યુ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, કેમ,	(૨) (૩) અને (૪)	હા,જી, જમીન પ્રશ્ન હોવાથી, જમીન ઉપલબ્ધ થયે બનતી ત્વરાએ.
(૩)	જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ બાકી રહેવાના કારણો શા છે, અને		
(૪)	ઉક્ત કામ ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?		

\-------

આણંદ અને વડોદરાની મહેસુલી કચેરીઓની તપાસ બાબત

15/8/2608 શ્રી અમિત ચાવડા (આંકલાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે ,

	પ્રશ્ન		જવાબ			
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસુલ તપાસણી કમિશ્નર કચેરી દ્વારા આણંદ અને વડોદરાની કઇ મહેસુલી કચેરીઓની કેટલી વખત તપાસણી કરવામાં આવી,	(૧)	**આણંદ જિલ્લાની મહેસુલી કચેરીઓની તપાસણી**			
			કચેરીનું નામ	**૨૦૨૪-૨૫ (તા.૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૫)**	**૨૦૨૫-૨૬ (તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬)**	**કુલ**
			કલેક્ટર કચેરી	૦૦	૦૧	૦૧
			પ્રાંત કચેરી	૦૨	૦૧	૦૩
			મામલતદાર કચેરી	૦૬	૦૧	૦૭
			જીલ્લા પંચાયત	૦૦	૦૧	૦૧
			તાલુકા પંચાયત	૦૦	૦૧	૦૧
			કુલ	**૦૮**	**૦૫**	**૧૩**
			વડોદરા જિલ્લાની મહેસુલી કચેરીઓની તપાસણી			

			કચેરીનું નામ	૨૦૨૪-૨૫ (તા.૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૫)	૨૦૨૫-૨૬ (તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬	કુલ
			કલેક્ટર કચેરી	૦૧	૦૦	૦૧
			પ્રાંત કચેરી	૦૩	૦૩	૦૬
			મામલતદાર કચેરી	૦૧	૦૩	૦૪
			જમીન સંપાદન કચેરી	૦૦	૦૧	૦૧
			બિનખેતી એકમ	૦૧	૦૧	૦૨
			તાલુકા પંચાયત	૦૦	૦૨	૦૨
			કુલ	**૦૬**	**૧૦**	**૧૬**
(૨)	તે પૈકી તપાસણીમાં કયા પ્રકારની અનિયમિતતા, ક્ષતિઓ અને ગેરરીતિઓ ધ્યાને આવી, અને	(૨)	ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ કચેરીઓની તપાસણી દરમિયાન વહિવટી અનિયમિતતા તથા મહેસુલી જોગવાઇઓને સુસંગત ન હોય તેવી બાબતો તથા કચેરી કાર્યપધ્ધતિને સુસંગત ન હોય તેવી અનિયમિતતા ધ્યાને આવેલ છે.		
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત તપાસણીમાં જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	પારા (૨)માં દર્શાવેલ અનિયમિતતા સંદર્ભે નિયમોનુસારની કાર્યવાહી કરવા માટે તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ કલેક્ટરશ્રી વડોદરા તથા તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ કલેક્ટરશ્રી આણંદને અર્ધસરકારી પત્ર પાઠવેલ છે. વધુમાં તત્કાલિન મામલતદાર વાઘોડીયાના પક્ષે ધ્યાને આવેલ ક્ષતિ સબબ તા.૧૦/૦૨/૨૦૨૬ની યાદીથી કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો રજૂ કરવા જણાવેલ છે.		

આણંદ જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી બાબત

15/8/1856 શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ (સોજિત્રા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૫૩
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫૩
(૩)	મંજુર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	મંજુર કરેલ કુલ-૫૩ કિસ્સાઓમાં ક્ષે.૧,૧૫,૮૭૧ ચો.મી જમીનની ફાળવણી કરવામાં આવી.

નવસારી જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1877 શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે :-

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૨૪
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૭
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૭ કિસ્સામાં ૮૦૨૪ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી.

મહીસાગર જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/1883 શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૨૧
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૨
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૧૨ કિસ્સામાં ૫૬૫૨૪ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં રાજ્ય સરકારના પ્રચાર–પ્રસાર માટે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ખર્ચ કરવા બાબત

15/8/2642 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં રાજ્ય સરકારના પ્રચાર–પ્રસાર માટે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા પ્રિન્ટ–ડિજિટલ અને સોશિયલ મીડિયામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,	(૧)	₹ ૪૩.૦૯ કરોડ
(૨)	ઉક્ત સ્થિતિએ આ અંગે પ્રચાર પ્રસાર–માટે કેટલી એજન્સીઓ નક્કી કરવામાં આવેલ, અને	(૨)	શૂન્ય
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રિન્ટ, ડીજીટલ અને સોશિયલ મીડીયાની કેટલી એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી?	(૩)	શૂન્ય

ભરૂચ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/1881 શ્રી રમેશભાઈ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૧૬
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૮
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી ૮ દરખાસ્તમાં કુલ ૪૧૭૦૦ ચો.મી જમીન ફાળવવામાં

			આવેલ છે.

———————

પંચમહાલ જિલ્લામાં નવીન આંગણવાડી કેન્દ્રોને મંજૂરી

15/08/2245 શ્રી જેઠાભાઈ આહીર (ભરવાડ) (શહેરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા નવીન આંગણવાડી કેન્દ્રોને મંજુર કરવાની માગણી આવી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતીએ પંચમહાલ જિલ્લામાં ૩૦ નવીન આંગણવાડી કેન્દ્રોને મંજૂર કરવાની માંગણી આવી.
(૨)	ઉકત સ્થિતિએ આ માંગણીવાળા આંગણવાડી કેન્દ્રો મંજુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને	(૨)	હા
(૩)	જો હા તો, તે અન્વયે ઉકત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવેલ છે?	(૩)	ઉક્ત સ્થિતીએ પંચમહાલ જિલ્લાની ૩૦ નવીન આંગણવાડી કેન્દ્રોને મંજુર કરવા બાબતે તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ ભારત સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ છે.

———————

સાબરકાંઠા જિલ્લામાં રસ્તાઓને જોબ નંબર ફાળવવા

15/8/1733 ડો. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં ચિત્રોડી તળાવ–પાડેલા ફળિયા ઈટાવડી બરંડા ફળિયાથી ઈટાવડી–વિરપુર મેઈન રોડને જોડતા રસ્તાને જોબ નંબર ફાળવવાની દરખાસ્ત મળેલ છે કે કેમ,	(૧)	હા,જી.
(૨)	જો હા, તો ઉકત દરખાસ્ત પરત્વે શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૨)	તાંત્રિક જરૂરીયાત અને નાણાંકિય ઉપલબ્ધતાને ધ્યાને લઇ વિચારણા કરવામાં આવશે.
(૩)	ઉકત કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?	(૩)	નવીન જોબ નંબર મંજુર થયેથી બનતી ત્વરાએ

.....

ગીર સોમનાથ જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

*** 15/8/1861 : શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ** (તાલાલા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૬૯ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૧૪૩
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૪૯
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૪૯ કિસ્સામાં ૧૪૧૯૧૭.૧૧ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

———————

બનાસકાંઠા જિલ્લામાં તારંગા–અંબાજી આબુરોડ રેલ્વે લાઈનમાં રેતી ખનીજ ચોરીની ફરિયાદો

અતારાંકિત પ્રશ્નો

15/8/2588 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે :

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તારંગા–અંબાજી આબુરોડ રેલ્વે લાઈનમાં રેતી ખનીજ ચોરીની કેટલી ફરિયાદો સરકારને મળી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તારંગા–અંબાજી આબુરોડ રેલ્વે લાઈનમાં રેતી ખનીજ ચોરીની કોઈ ફરિયાદ મળેલ નથી.
(૨)	ઉકત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે સરકાર દ્વારા કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને	(૨) અને (૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંદાજીત કેટલી રેતી ખનીજ ચોરીનો કેટલો જથ્થો પકડવામાં આવ્યા?		

– – – – – – – – – –

પોરબંદર અને મોરબી જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/2606 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ પોરબંદર અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક – ૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	પોરબંદર જીલ્લો		મોરબી જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	કુતિયાણા	૧૦૩	હળવદ	૮૮૭
૨	પોરબંદર	૩૪૪	માળીયા	૩૯૭
૩	રાણાવાવ	૨૧૯	મોરબી	૧૯૩૮
કુલ		૬૬૬	ટંકારા	૩૪૨
			વાંકાનેર	૧૨૯૪
			કુલ	૪૮૫૮

પત્રક–૨

	પોરબંદર જીલ્લો			મોરબી જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા
૧	કુતિયાણા	૮૦	૨૩	હળવદ	૭૭૮	૧૦૯
૨	પોરબંદર	૨૮૧	૬૩	માળીયા	૩૨૭	૭૦
૩	રાણાવાવ	૧૮૪	૩૫	મોરબી	૧૬૭૪	૨૬૪
કુલ		૫૪૫	૧૨૧	ટંકારા	૨૭૪	૬૮
				વાંકાનેર	૧૦૭૬	૨૧૮
				કુલ	૪૧૨૯	૭૨૯

પત્રક–૩

	પોરબંદર જીલ્લો		મોરબી જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	નોંધાયેલ વધારો
૧	કુતિયાણા	૧૦૯	હળવદ	૧૨	–
૨	પોરબંદર	૪૯૪	માળીયા	૧૩૮	–
૩	રાણાવાવ	૫૧	મોરબી	–	૫૦
કુલ		૬૫૪	ટંકારા	૭૩	–
			વાંકાનેર	૪૮૮	–
			કુલ	૭૧૧	૫૦

–––––––

કચ્છ જીલ્લામાં પ્રમોલગેશન બાદ રહી ગયેલ ક્ષતિ સુધારવાની અરજીઓ

15/8/1666 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં પ્રમોલગેશન દરમિયાન જમીન માપણીમાં ક્ષતિ અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ આવેલ છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં પ્રમોલગેશન દરમિયાન જમીન માપણીમાં ક્ષતિ અંતર્ગત તાલુકાવાર આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

ક્રમ	**તાલુકાનું નામ**	**બે વર્ષમાં મળેલ કુલ અરજીઓ**
૧	લખપત	૩૦
૨	રાપર	૨
૩	ભચાઉ	૦
૪	અંજાર	૧૩
૫	ભુજ	૧૨
૬	નખત્રાણા	૧૫૩
૭	અબડાસા	૩૦

			૮ માંડવી ૧૪૧ ૯ મુંદ્રા ૫૮ ૧૦ ગાંધીધામ ૧ કુલ ૪૪૦
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલી અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે અને કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે,અને	(૨)	ઉક્ત સ્થિતિએ ૨૧૩ અરજીનો નિકાલ કરવામાં આવ્યો છે અને ૨૨૭ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે.
(૩)	ઉક્ત બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?	(૩)	બાકી રહેલ અરજીઓનો ગામોના કલસ્ટર બનાવી માઈક્રો પ્લાનીંગથી અરજીઓના નિકાલની કામગીરી પ્રગતિમાં છે.

પશ્ચિમ રેલ્વેનુ વડુ મથક અમદાવાદ ખસેડવાની રજુઆતો

15/8/2603 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સામે પડતર પ્રશ્નો પૈકી પશ્ચિમ રેલ્વેનુ વડુ મથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં કયારે દરખાસ્ત/રજુઆત કરવામાં આવી, અને	(૧) અને (૨)	રાજય સરકાર દ્વારા આ અંગે છેલ્લે તા.૩/૦૨/૨૦૨૫ ના પત્રથી પશ્ચિમ રેલ્વેની અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટીની સ્થાપના કરવાની માંગણી કરવામાં આવી છે. જે કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે.
(૨)	ઉકત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કયારે શું પ્રતિભાવ મળ્યા ?		

.....

અમરેલી અને બોટાદ જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/2592 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અમરેલી અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક – ૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક –૧

ક્રમ	અમરેલી જીલ્લો	બોટાદ જીલ્લો

અતારાંકિત પ્રશ્નો

	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	અમરેલી	૮૪૪	બરવાળા	૩૫૭
૨	બાબરા	૩૧૯	બોટાદ	૧૨૪૯
૩	બગસરા	૪૦૨	ગઢડા	૬૦૧
૪	ધારી	૪૦૬	રાણપુર	૩૭૬
૫	જાફરાબાદ	૫૪૧	કુલ	૨૫૮૩
૬	ખાંભા	૫૩૬		
૭	કુંકાવાવ	૩૯૨		
૮	લાઠી	૪૩૭		
૯	લીલીયા	૧૯૮		
૧૦	રાજુલા	૩૬૪		
૧૧	સાવરકુંડલા	૭૯૮		
કુલ		૫૨૩૭		

પત્રક–૨

	અમરેલી જીલ્લો			બોટાદ જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા
૧	અમરેલી	૭૧૯	૧૨૫	બરવાળા	૩૧૫	૪૨
૨	બાબરા	૨૪૯	૭૦	બોટાદ	૧૦૫૦	૧૯૯
૩	બગસરા	૩૨૬	૭૬	ગઢડા	૪૮૯	૧૧૨
૪	ધારી	૩૩૦	૭૬	રાણપુર	૩૨૨	૫૪
૫	જાફરાબાદ	૪૩૫	૧૦૬	કુલ	૨૧૭૬	૪૦૭
૬	ખાંભા	૪૪૮	૮૮			
૭	કુંકાવાવ	૩૦૫	૮૭			
૮	લાઠી	૩૭૬	૬૧			
૯	લીલીયા	૧૭૨	૨૬			
૧૦	રાજુલા	૩૧૦	૫૪			
૧૧	સાવરકુંડલા	૬૫૦	૧૪૮			
કુલ		૪૩૨૦	૯૧૭			

પત્રક–૩

	અમરેલી જીલ્લો			બોટાદ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	નોંધાયેલ વધારો	તાલુકાનું નામ	નોંધાયો ઘટાડો
૧	અમરેલી	૨૭૭	–	બરવાળા	૨૪૯
૨	બાબરા	૯૦	–	બોટાદ	૧૪૬૫
૩	બગસરા	–	૭૧	ગઢડા	૧૩૭૫
૪	ધારી	૩૦	–	રાણપુર	૫૮૫
૫	જાફરાબાદ	૩	–	કુલ	૩૬૭૪
૬	ખાંભા	–	૧૪૮		
૭	કુંકાવાવ	૨૯	–		
૮	લાઠી	૮૧	–		
૯	લીલીયા	–	૩		
૧૦	રાજુલા	૬૫૩	–		
૧૧	સાવરકુંડલા	૪૧	–		
કુલ		૧૨૦૪	૨૨૨		

પાટણ અને મહેસાણા જિલ્લામાં નલ સે જલ યોજના

15/8/2616 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ટકા ઘરોમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવેલ છે, અને	(૧)	જલ જીવન મિશન અંતર્ગત પાટણ અને મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં યોજનાની માર્ગદર્શિકા અનુસાર ૧૦૦ ટકા ઘરોને પીવાનું પાણી પહોંચાડવામાં આવેલ છે.
(૨)	ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં ૧૦૦% પીવાનું પાણી પહોંચાડવા માટે છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તાપી અને નવસારી જિલ્લામાં હેન્ડપંપ બનાવવા બાબત

15/8/2611 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય પાણી પુરવઠામંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા હેન્ડપંપ બનાવવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ હેન્ડપંપની વિગત નીચે મુજબ છે.

ક્રમ	**જિલ્લો**	**હેન્ડપંપ**		
		વર્ષ–૨૦૨૪	**વર્ષ–૨૦૨૫**	**કુલ**
૧	તાપી	૧૩૫	૭૮	૨૧૩
૨	નવસારી	૨૩૧	૭૪	૩૦૫

(૨)	હેન્ડપંપ બનાવવા માટે સરેરાશ કેટલી ઉંડાઇ નક્કી કરવામાં આવેલ છે,	(૨)	હેન્ડપંપ બનાવવા માટે સરેરાશ ૯૦ મીટર ઊંડાઇ નક્કી કરવામાં આવેલ છે,

(૩)	તાપી અને નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બનાવેલ હેન્ડપંપ પૈકી કેટલા હેન્ડપંપમાં પાણી ન નીકળતા નિષ્ફળ ગયા, અને	(૩)	તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બનાવેલ હેન્ડપંપ પૈકી ૧૭ હેન્ડપંપ અને નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બનાવેલ હેન્ડપંપ પૈકી ૫૦ હેન્ડપંપમાં પાણી ન નીકળતા નિષ્ફળ ગયા, અને
(૪)	ઉકત સ્થિતિએ નિષ્ફળ ગયેલ હેન્ડપંપની ઉંડાઇ વધારવા માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે?	(૪)	ઉકત સ્થિતિએ નિષ્ફળ ગયેલ હેન્ડપંપની ઉંડાઇ વધારતા પાણી મળવાની શકયતા નહિવત રહેતી હોય ઉંડાઇ વધારવાની કાર્યવાહી કરેલ નથી.

અરવલ્લી જિલ્લામાં ખનિજ ચોરીના કેસો બાબત

15/8/1739 શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખનિજ ચોરીના કેટલા કેસો પકડવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખનિજ ચોરીના નીચે મુજબના કેસો પકડવામાં આવ્યા તાલુકાનું નામ / કરેલ કેસો / ઈસમો ધનસુરા / ૧૨૭ / ૧૨૮ બાયડ / ૮૭ / ૮૭ ભિલોડા / ૧૦૧ / ૧૦૩ માલપુર / ૮૬ / ૮૬ મેઘરજ / ૨૭ / ૨૭ મોડાસા / ૨૧૪ / ૨૧૪ કુલ / ૬૪૨ / ૬૪૫
(૨)	ઉકત સ્થિતિએ તે અંતર્ગત કેટલી દંડની રકમ વસુલવામાં આવી, અને	(૨)	ઉકત સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની વસુલાત કરવામાં આવી તાલુકાનું નામ / વસુલાતની રકમ (રૂ. લાખમાં) ધનસુરા / ૨૭૧.૨૬ બાયડ / ૧૫૯.૪૮ ભિલોડા / ૨૦૩.૫૬ માલપુર / ૧૬૨.૭૮ મેઘરજ / ૪૩.૨૬ મોડાસા / ૩૭૨.૩ કુલ / ૧૨૧૨.૬૪
(૩)	ઉક્ત સ્થિતિએ પકડાયેલ ઈસમો સામે શાં પગલા લેવામાં આવ્યા?	(૩)	૬૪૧ કેસોમાં ૬૪૨ ઇસમો પાસેથી કેસ સમાધાન પેટે દંડકીય વસુલાત કરેલ છે. તથા ૦૧ કેસમાં ૦૩ ઇસમો સામે નામ.કોર્ટમાં ફરીયાદ દાખલ કરાયેલ છે.

સરદાર સરોવર યોજના માટે કેન્દ્ર સરકાર પાસેથી ગ્રાન્ટની માંગણી

15/8/1729: શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ સરદાર સરોવર યોજના માટે કેટલી રકમ, ગ્રાન્ટની માંગણી કરવામાં આવી,	(૧)	તા. ૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ સરદાર સરોવર યોજના માટે રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ અને વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન અનુક્રમે ૩.૧૧.૭૯ કરોડ અને ૩.૧૭.૦૧ કરોડ ગ્રાન્ટની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી,

(૨)	ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી,	(૨)	ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન રૂ. ૧૧.૭૬૯ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરેલ છે તથા વર્ષ ૨૦૨૫–૨૬ માં માંગણી કરેલ ગ્રાન્ટ હાલમાં મંજુરીની પ્રક્રિયા હેઠળ છે.
(૩)	તે પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને	(૩)	વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન મળેલ ગ્રાન્ટ પૈકી પુરેપુરી ગ્રાન્ટનો ખર્ચ થયેલ છે. મળેલ ગ્રાન્ટ પૈકી કોઇ રકમ વણવપરાયેલ રહેતી નથી.
(૪)	ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટની સંપૂર્ણ રકમ ન વપરાવાના કારણો શાં છે?	(૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમરેલી જિલ્લામાં નોન પ્લાન રસ્તાઓની કામગીરી

15/8/1904 શ્રી સુધીરભાઈ વાઘાણી (ગારીયાધાર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા નોનપ્લાન રસ્તાઓ પૂર્ણ કરવામાં આવ્યાં,	(૧)	ઉક્ત સ્થિતિએ, છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર પૂર્ણ નોનપ્લાન રસ્તાઓની વિગત,

તાલુકો	પૂર્ણ કામો
તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	
અમરેલી	૧
લાઠી	૧
સાવરકુંડલા	૫
બાબરા	૧
ખાંભા	૨
જાફરાબાદ	૪
કુંકાવાવ	૫
રાજુલા	૬
તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	
લાઠી	૧
સાવરકુંડલા	૧
ખાંભા	૨
ધારી	૪

(૨)	ઉક્ત સ્થિતિએ કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને	(૨)	૨૦ કામો પ્રગતિ હેઠળ અને
(૩)	કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?	(૩)	બનતી ત્વરાએ .

સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ દ્વારા થયેલ આવક

15/8/2609: શ્રી અમિત ચાવડા (આંકલાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ દ્વારા વર્ષવાર ઉદ્યોગો, કૃષિ અને પીવા માટે કેટલું પાણી આપ્યું, અને	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ દ્વારા વર્ષવાર ઉદ્યોગો, કૃષિ અને પીવા માટે આપેલ પાણીની વિગત નીચે મુજબ છે:

(જથ્થો એમ.સી.એમ.માં)

હેતુ	તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૫	તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬
ઉદ્યોગો	૧૦૮.૪૯	૯૩.૮૦
કૃષિ	૬૭૦૯.૯૩	૩૫૨૭.૬૫
પીવા	૧૯૩૩.૨૬	૧૫૨૫.૫૭
કુલ	૮૭૫૧.૬૮	૫૧૪૭.૦૨

(૨)	છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત ત્રણેય કેટેગરીમાં કેટલી આવક થઇ?	(૨)	છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત ત્રણેય કેટેગરીમાં થયેલ આવકની વિગત નીચે મુજબ છે: (રૂ. કરોડમાં)

હેતુ	તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૫	તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬
ઉદ્યોગો	૪૯૦.૧૮	૫૪૫.૦૮
કૃષિ	૬૫.૪૮	૧૧.૭૨
પીવા	૧૧૨૯.૮૬	૪૯૦.૭૯
કુલ	૧૬૮૫.૫૨	૧૦૪૭.૫૯

જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં આંગણવાડી કેન્દ્રો

15/8/2644 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં કુલ કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે,	(૧)	

જીલ્લાનું નામ	આંગણવાડી કેન્દ્રો
જામનગર	૮૮૮
દેવભૂમિ દ્વારકા	૬૯૧

(૨)	ઉક્ત સ્થિતિએ કેટલા કેન્દ્રો અસ્થાયી માળખામાં, કેટલા કેન્દ્રો ખુલ્લી જગ્યામાં, તથા કેટલા કેન્દ્રો જર્જરિત મકાનોમાં કાર્યરત છે,	(૨)	જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લા ઉક્ત સ્થિતિએ એક પણ આંગણવાડી કેન્દ્ર અસ્થાયી માળખામાં અથવા ખુલ્લી જગ્યામાં કાર્યરત નથી, તથા એક પણ આંગણવાડી જર્જરિત મકાનમાં કાર્યરત નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલા કેન્દ્રોમાં શૌચાલય તથા પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને	(૩)	

જીલ્લાનું નામ	શૌચાલયની સુવિધા	પીવાના પાણીની બાકી સુવિધા
જામનગર	૧	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
દેવભૂમિ દ્વારકા	૪	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૪)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કેન્દ્રોમાં બાકી રહેતી સુવિધાઓ ક્યાં સુધીમાં પૂરી પાડવામાં આવશે?	(૪)	જામનગર જીલ્લો:– • ૦૧ આંગણવાડી કેન્દ્રમાં શૌચાલય બાંધકામ માટેના આયોજનની પ્રક્રિયા પ્રગતિમાં છે. દેવભૂમિ દ્વારકા જીલ્લો :– • ૦૧ કેન્દ્રમાં શૌચાલયની સુવિધા પૂરી પાડવા જીલ્લા વહીવટીતંત્રમાંથી મંજૂરી મળેલ છે, ૦૧ કેન્દ્રની DMF માં દરખાસ્ત કરેલ છે, તેમજ ૦૨ કેન્દ્રની જીલ્લા આયોજન કચેરીમાં તેમજ વનવિભાગ માં દરખાસ્ત કરેલ છે.

અરવલ્લી જિલ્લામાં ભિલોડા–વિરપુર રોડને રીસરફેસ કરવા બાબત

15/8/1735 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે **:–**

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આવેલ ભિલોડાથી વિરપુર રોડ વાહન વ્યવહાર માટે યોગ્ય નથી એ હકીકત સાચી છે કે કેમ, અને	(૧)	ના, જી.

(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ રસ્તાઓ રી સર્ફેસ કરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભાવનગર અને મહેસાણા જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/2589 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ ભાવનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક – ૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	કુપોષિત બાળકોનો ઘટાડો નોંધાયેલ છે. પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

ક્રમ	ભાવનગર જીલ્લો		મહેસાણા જીલ્લો	
	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	ભાવનગર(ગ્રામ્ય)	૧૧૩૩	બેચરાજી	૩૦૩
૨	ગારીયાધાર	૭૦૮	જોટાણા	૨૫૧
૩	ઘોઘા	૮૦૦	કડી	૫૩૯
૪	જેસર	૩૬૭	ખેરાલુ	૪૭૧
૫	મહુવા	૩૦૭૭	કુકરવાડા	૨૬૬
૬	પાલીતાણા	૧૮૩૪	મહેસાણા	૭૯૯
૭	સિહોર	૧૪૫૧	નંદાસણ	૪૬૩
૮	તળાજા	૧૨૮૭	સતલાસણા	૫૦૦
૯	ઉમરાળા	૪૩૨	ઊંઝા	૫૮૧
૧૦	વલ્લભીપુર	૫૫૯	વડનગર	૩૪૨
કુલ		૧૧૬૪૮	વાલમ	૨૩૯
			વિજાપુર	૪૭૪
			વિસનગર	૪૦૭
			કુલ	૫૬૩૫

પત્રક–૨

ક્રમ	ભાવનગર જીલ્લો			મહેસાણા જીલ્લો		
	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા
૧	ભાવનગર(ગ્રામ્ય)	૯૪૧	૧૯૨	બેચરાજી	૨૪૫	૫૮
૨	ગારીયાધાર	૬૦૯	૯૯	જોટાણા	૨૦૪	૪૭
૩	ઘોઘા	૬૩૬	૧૬૪	કડી	૪૪૮	૯૧
૪	જેસર	૩૦૮	૫૯	ખેરાલુ	૩૭૪	૯૭
૫	મહુવા	૨૫૩૭	૫૪૦	કુકરવાડા	૨૨૫	૪૧
૬	પાલીતાણા	૧૫૬૩	૨૭૧	મહેસાણા	૬૫૪	૧૪૫
૭	સિહોર	૧૨૧૫	૨૩૬	નંદાસણ	૩૯૯	૬૪
૮	તળાજા	૧૦૭૩	૨૧૪	સતલાસણા	૪૦૮	૯૨
૯	ઉમરાળા	૩૫૯	૭૩	ઊંઝા	૪૭૧	૧૧૦
૧૦	વલ્લભીપુર	૪૬૪	૯૫	વડનગર	૨૮૨	૬૦
કુલ		૯૭૦૫	૧૯૪૩	વાલમ	૧૯૯	૪૦
				વિજાપુર	૩૭૯	૯૫
				વિસનગર	૩૨૫	૮૨
				કુલ	૪૬૧૩	૧૦૨૨

પત્રક–૩

ક્રમ	ભાવનગર જીલ્લો		મહેસાણા જીલ્લો	
	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	ભાવનગર (ગ્રામ્ય)	૫૨૭	બેચરાજી	૫૯૬
૨	ગારીયાધાર	૩૫૪	જોટાણા	૪૯૮
૩	ઘોઘા	૪૦૬	કડી	૯૨૦
૪	જેસર	૨૪૨	ખેરાલુ	૭૬૯
૫	મહુવા	૧૧૨૮	કુકરવાડા	૫૮૦
૬	પાલીતાણા	૬૨૫	મહેસાણા	૧૪૭૪
૭	સિહોર	૬૦૨	નંદાસણ	૮૧૪
૮	તળાજા	૧૩૧૦	સતલાસણા	૫૦૮
૯	ઉમરાળા	૨૮૬	ઊંઝા	૭૬૩
૧૦	વલ્લભીપુર	૧૧૧	વડનગર	૮૬૯
કુલ		૫૫૯૧	વાલમ	૪૦૩
			વિજાપુર	૧૦૩૦
			વિસનગર	૬૦૪
			કુલ	૯૮૨૮

વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

રાજ્યમાં વૃક્ષ આવરણ **(Gr e e n Cov e r)** વધારીને પર્યાવરણનું સંતુલન જાળવવા બાબત

શ્રી અર્જુનભાઇ દે.મોઢવાડિયા(વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઝડપી ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ અને આધારભૂત સુવિધાઓના વિસ્તરણને કારણે પર્યાવરણનું સંતુલન જાળવવા માટે સરકાર,

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ખાનગી ક્ષેત્ર અને સ્થાનિક સમુદાયો વચ્ચે સંકલિત અને જવાબદાર સહકાર જરૂરી છે. ગુજરાત રાજ્યમાં લોકભાગીદારી(પી.પી.પી.) થકી વૃક્ષ આવરણ વધારવા માટે વનીકરણની વિવિધ કામગીરીઓ કરવામાં આવે છે.

આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગ્રીન કવર વધારવા ''એક પેડ મોં કે નામ'' ના કાર્યક્રમ મારફતે વૃક્ષારોપણને જનઆંદોલનમાં પરિવર્તિત કરવાની પહેલ કરી છે. લોકભાગીદારી દ્વારા ગ્રામ્ય અને શહેરી સ્તરે જનજાગૃતિ, જવાબદારીની ભાવના અને સંરક્ષણ પ્રયત્નો સ્વૈચ્છિક સહકાર મજબૂત થયેલ છે, જ્યારે પી.પી.પી.મોડેલ દ્વારા નાણાકીય સ્ત્રોતો, આધુનિક તાંત્રિક કુશળતા અને વ્યવસ્થાપન ક્ષમતાનો અસરકારક સમાવેશ થયો છે. આ બંને અભિગમના સંયોજનથી પર્યાવરણલક્ષી યોજનાઓ વધુ કાર્યક્ષમ, પારદર્શક અને દીર્ઘકાલીન ટકાઉ બન્યો છે, જે રાજ્યના સંતુલિત વિકાસ માટે જરૂરી છે.

ગુજરાત રાજ્યને વિકસિત રાજ્ય અને વિઝન–૨૦૪૭ને ધ્યાને લઇ વૃક્ષ આવરણ(ટ્રી કવર) સતત વધારવાની જરૂરિયાત રહેલ છે. વન વિભાગ દ્વારા વનોના બહારના વિસ્તારમાં મોટાપાયે વનીકરણની કામગીરી કરવી જરૂરી છે. આ યોજના હેઠળ રાજ્યમાં ગૌચર વિસ્તારમાં પિયત અને બિન–પિયત મોડેલ હેઠળ વાવેતરની કામગીરી કરવામાં આવે છે. રોડની બંને બાજુ હરિત વનપથ મોડેલ હેઠળ વાવેતરની કામગીરી હાથ ધરાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની પહેલથી સોમનાથ–પોરબંદર–દ્વારકા નેશનલ હાઈવે–૫૧ની આસપાસ આજે ૪૦ હજાર કરતાં વધારે મોટા રોપાનું સફળ વાવેતર કરેલ છે.

ઉક્ત કામગીરીનો વ્યાપ વધારવા માટે પી.પી.પી. ધોરણે ગ્રામ પંચરત્ન અને અમૃત સરોવર ફરતે દેશી પ્રજાતિના રોપાઓનું વાવેતર ઉપરાંત મિયાવાકી પદ્ધતિ હેઠળ વન કવચ વિકસાવવા તેમજ ગ્રામ્ય વિસ્તારોની ગૌચર જમીન, પડતર જમીન અને અન્ય ઉપલબ્ધ બિનઉપયોગી વિસ્તારોમાં સુવ્યવસ્થિત આયોજન કરી મોટાપાયે વનીકરણની કામગીરીઓ હાથ ધરવા તથા રાજ્યમાં ગ્રીન કવર વધારવા માટે લોકભાગીદારી અભિગમ(પી.પી.પી.) મોડેલ હેઠળ રાજ્યના વૃક્ષ આવરણ વધારવાનો માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારે આવકારદાયક નિર્ણય કરેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય અર્જુનભાઇ અને તેમની સમગ્ર ટીમને આ પર્યાવરણના જતનના સરસ મજાનાં કામ કરવા માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૨૪–૨૫નો ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઇલ સિટી લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઇલ સિટી લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪–૨૫નો ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩–૨૪નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રમેશભાઇ ભુ. કટારા (રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૨–૨૩ થી ૨૦૨૪–૨૫ સુધીના ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો

શ્રી કમલેશભાઇ ર. પટેલ (રાજ્યકક્ષાના પોલીસ હાઉસિંગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૨–૨૩ થી ૨૦૨૪–૨૫ સુધીના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

i. સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ
ii. સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ
iii. સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધીના ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના વાર્ષિક અહેવાલો

ડૉ. મનીષા ર. વકીલ (રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના સન ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધીના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

i. સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ
ii. સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ
iii. સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩-૨૪નો ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

ડૉ. મનીષા ર. વકીલ (રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના વાર્ષિક અહેવાલો

ડૉ. મનીષા ર. વકીલ (રાજ્યકક્ષાનાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના સન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૦-૨૧ના ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના વાર્ષિક હિસાબો

શ્રી કનુભાઈ મો. દેસાઇ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૨૦-૨૧ના વાર્ષિક હિસાબો અને તેના પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નું ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલનું સુધારેલ અંદાજપત્રક

શ્રી કનુભાઈ મો. દેસાઇ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલનું સન ૨૦૨૪-૨૫નું સુધારેલ અંદાજપત્રક તથા સન ૨૦૨૫-૨૬નું અંદાજપત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

સુધારેલ અંદાજપત્રક તથા અંદાજપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩-૨૪ના ગુજરાત હાઉસીંગ બોર્ડના વાર્ષિક હિસાબો

શ્રી કનુભાઈ મો. દેસાઇ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નો ગુજરાત રાજ્ય અન્ન આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણભાઈ ભી. સોલંકી (નાગરિક પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો

સને ૨૦૨૩-૨૪નો દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રીમતી મનીષા ર. વકીલ (રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.
બંદરો અને વાહનવ્યવહાર વિભાગના જાહેરનામા

શ્રી ઋષિકેશ ગ. પટેલ (બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી હું સન ૨૦૨૧ના અંતર્દેશીય જલયાન અધિનિયમ અન્વયેના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના જાહેરનામાં:

(૧) તા.૨૫/૦૬/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૮/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ધ–૧

(૨) તા.૨૫/૦૬/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૯/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ધ–૧

(૩) તા.૨૩/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૨૧/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ધ–૧

(૪) તા.૨૪/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૨૨/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ધ–૧

(૫) તા.૨૪/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૨૩/ પીટીડી/એમઆઈએસ/ઈ–ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ધ–૧

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.
તારાંકિત પ્રશ્નના અનુસંધાને વધારાની માહિતી.

શ્રી સંજયસિંહ વિ. મહિડા (રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૧૭–૦૨–૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ મનુભાઇ પરમારના ''અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બિનખેતી કરવા બાબત'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૮/૩૩૬ (અગ્રતા–૯) ના અનુસંધાને વધારાની માહિતી વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.
અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા બાબત

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલા અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧, ૩ અને ૭ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.
માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
માગણી નં. ૨૨

શ્રી રમણભાઇ ભી. સોલંકી (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧૯,૯૮,૯૯,૦૦,૦૦૦/–ની માગણી નં. ૨૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

માગણી નં. ૨૩

શ્રી રમણભાઇ ભી. સોલંકી (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૯૬,૭૬,૦૦,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટે રૂ. ૭૦,૩૯,૦૦,૦૦૦/–ની માગણી નં. ૨૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શુક્રવાર, તા.૧૩/૦૩/૨૦૨૬(સાતમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત ચાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ **માગણી નં. ૨૨**				
૧	૩૪૫૬– નાગરિક પુરવઠા ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૧,૬૪,૧૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૭ પાના નં. ૨૫ થી ૩૦	૧૦૦	સસ્તા અનાજની દુકાનોમાંથી કાર્ડધારકોને મળવાપાત્ર અનાજ કરતાં ઓછો જથ્થો આપવાની ફરિયાદો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી
૨	———"———	૧૦૦	નાગરિક પુરવઠાના કર્મચારીગણની મનસ્વી વર્તણૂંકથી અરજદારોને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૩	———"———	૧૦૦	સરકારી ગોડાઉનમાં વિતરણ અર્થે આવતા અનાજના જથ્થામાં રહેતી ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૪	———"———	૧૦૦	સરકારી અનાજના ગેરકાયદેસર પકડાયેલ જથ્થા અંગેની તપાસ કરી જવાબદાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા

૫	---"---	૧૦૦	ક્રિકેટ સ્ટેડિયમમાં સ્ટોલ ધારકોને ખાણીપીણીની મહત્તમ વેચાણ કિંમત કરતાં વધુ રકમ વસૂલતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૬	---"---	૧૦૦	સસ્તા અનાજના કાર્ડધારકોમાં આર્થિક રીતે સધ્ધર લોકો પણ તેનો લાભ મેળવેછે તેવી ફરિયાદો પરત્વે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૭	---"---	૧૦૦	વિસાવદર મતવિસ્તારની સસ્તા અનાજની દુકાનોમાં વિતરણ વ્યવસ્થા, અનાજના જથ્થાની ઉપલબ્ધતા તેમજ જથ્થાનું ગેરકાયદેસર વેચાણ રોકવા માટે નિયમાનુસાર ફરજિયાત ઈન્સ્પેકશન કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૮	---"---	૧૦૦	સસ્તા અનાજના વિતરણમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહીર (ઉમેશભાઈ મકવાણા)
		માગણી નં. ૨૩		
૯	૨૪૦૮–ખાદ્ય...વ્યવસ્થા ૦૧–ખોરાક ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૪૧,૭૭,૦૦,૦૦૦ અંપ્ર.નં.૭ પાના નં. ૧૨ થી ૧૫	૧૦૦	ગ્રામીણ વિસ્તારોમાં નજીકના સ્થળે વાજબી ભાવની દુકાનો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ (ગોપાલભાઇ ઇટાલીયા)
*૧૦	---"---	૧૦૦	લઘુતમ ટેકાના ભાવે જણસની ખરીદી ઉપર ખેડૂતોને પ્રોત્સાહક બોનસ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.કિરીટકુમાર પટેલ
૧૧	---"---	૧૦૦	સસ્તા અનાજની દુકાનના સંચાલકોની માંગણીઓ અંગે નિર્ણય લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૧૨	૪૪૦૮–ખાદ્ય...જોગવાઈ ૦૨–સંગ્રહ...વ્યવસ્થા ૮૦૦–અન્ય ખર્ચ રૂ. ૭૦,૩૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૦૭ પાના નં. ૪૭ અને ૪૮	૧૦૦	સરકારી અનાજના જથ્થાને સડી જતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીજ્ઞેશ મેવાણી
૧૩	---"---	૧૦૦	ગુજરાત રાજ્ય વખાર નિગમના કર્મચારીઓની ઘટ પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૧૪	---"---	૧૦૦	સરકારી અનાજના સંગ્રહ માટે પુરતા ગોડાઉન ન હોવાથી ભાડેથી લેવા પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ

* આ કાપ દરખાસ્ત સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા હાથ ધરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણી નં.૨૨ અને ૨૩ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ખાડીમાં યુદ્ધનાં કારણોસર રાજ્યમાં ગેસના બાટલા માટે જે પરિસ્થિતિ પેદા થઈ છે એ એલ.પી.જી.ગેસ, પી.એન.જી.ગેસ કે સી.એન.જી. ગેસ હોય અને હજુ તો યુદ્ધની શરૂઆત છે. ત્યારે એ દિવસોની અંદર જ સરકાર પોતે ગ્રાહકો, ગૃહિણીઓ અને વેપારીઓને સંદેશો પણ આપે છે તેમ છતાં પણ ગેસની એજન્સી સામે હજારોની સંખ્યામાં લોકો લાઇનમાં ઊભા રહેલા છે. અને એના કારણોસર (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ જાણકાર છો. ભારત સરકારના કાર્યક્ષેત્રમાં આવતી બાબત હોય તેનો ઉલ્લેખ કરવાનું જરા આપને જાણકારી છે એટલા માટે શરૂઆતમાં જ કહું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, ગેસની એજન્સીની વાત આની અંદર આવે છે એટલા માટે કહુ છું. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે ગૃહના રેકોર્ડ ઉપર આજે અગત્યની બાબત ઉપર સાચી માહિતી જાય અને ગૃહ ગેરમાર્ગે ના દોરાય એટલા માટે આ જે ગેસની બાબત આવે છે એ સેન્સિટીવ બાબત છે. ગઇકાલે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે બેઠા હતા ત્યારે માનનીય ટંકારાના ધારાસભ્યશ્રી હાજર હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતે કહ્યું છે કે, મોરબીની અંદર ગેસ આધારિત યુનિટો છે એના માટે કોઇ ગેસની શોર્ટેઝ નથી. બીજા કોઇ પણ પ્રકારના ગેસની શોર્ટેઝ નથી. લોકો ગેરમાર્ગે દોરાય એવી વાત કરવી જોઇએ નહીં. યુદ્ધની પરિસ્થિતમાં આપણા વેપાર-ધંધા ઉપર બીજી અસર પડી શકે, પરંતુ ગેસની શોર્ટેઝની વાત કરીએ એટલે બીજે દિવસે લાઇનો લાગે. ગેસ, પેટ્રોલ-ડીઝલ કે બીજી કોઇ બાબત હોય ત્યારે એ સત્તાવાર રીતે ત્યાંથી આવી કોઇ વાત ના થાય, ગેરમાર્ગે ના દોરાય. એક પણ પ્રકારની શોર્ટેઝ નથી એ માનનીય મંત્રીશ્રી પણ જણાવશે અને આવી રીતે એનો આધાર લઇને આ માહિતી ના અપાય એવી વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે વાત કરી અહીંયા જો નિવેદન થાય કે કોઇપણ પ્રકારના સ્ટેટમેન્ટ જાય તો આખા ગુજરાત ઉપર અસર પડે. આપે કહ્યું એમ એ કેન્દ્ર સરકારનો વિષય છે અને કેન્દ્ર સરકાર ચારેય કંપનીઓ દ્વારા રિફીલ બોટલ સપ્લાય કરતી હોય છે. હું તાજેતરની આજની તારીખની પરિસ્થિતિ આપના ધ્યાને મૂકવા માગું છું કે, આઇ.ઓ.સી.એલ., બી.પી.સી.એલ., અને એચ.પી.સી.એલ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી જવાબ આપો ત્યારે તમે એ આપી શકશો. આના અનુસંધાને કંઇ કહેવું હોય તો કહો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : અહીંયા કોઇ પણ નિવેદન રેકર્ડ ઉપર ના આવે અને એમાંથી બહાર રહે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજે પુરવઠા વિભાગની માગણી છે. પુરવઠા વિભાગ હસ્તક ગેસ એજન્સી આવતી હોય છે. એ અનુસંધાને ગૃહમાં એની ચર્ચા કરી શકાય. ગેસની એજન્સીઓની સામે હજારોની સંખ્યામાં લાઇનો થાય છે એ પુરવઠા વિભાગમાં આવે છે, કાળાબજાર થાય છે એ પુરવઠા વિભાગમાં આવે છે. ખાસ કરીને વિધાનસભામાં બજેટ કે માગણીઓ રજૂ થતી હોય ત્યારે અમુક આંકડા કોંગ્રેસની સરકારના આંકડા સાથે સરખાવવામાં આવે છે. હું આજે ૩૦ વર્ષ ભારતીય જનતા પાર્ટીના શાસનના વિકાસશીલ મોડલની થોડી સાચી પરિસ્થિતિ આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો વર્ષ ૨૦૦૩ માં-અન્નપૂર્ણા યોજનાની શરૂઆત યુ.પી.એ. ગવર્નમેન્ટમાં સન્માનનીય શ્રીમતી સોનિયા ગાંધી અને વડાપ્રધાનશ્રી મનમોહનસિંહએ કરી હતી. આજે રાજ્યની પરિસ્થિતિની વાત કરીએ તો એન.એસ.એફ.એ. યોજના હેઠળ મફત અનાજનું વિતરણ થાય છે એમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૩ કરોડ ૪૧ લાખ લોકોએ મફત અનાજ વિતરણનો લાભ લીધો અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૩ કરોડ ૮૨ લાખ લોકોએ મફત અનાજ વિતરણનો લાભ લીધો. એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ ના અનુસંધાનમાં વર્ષ ૨૦૨૫-૨૬માં આ રાજ્યની અંદર મફત અનાજનો લાભ લેનારાઓની સંખ્યામાં ૪૧ લાખ લોકોનો વધારો થયો છે. અને એ અનુસંધાનમાં વર્ષ-૨૦૨૦ના પ્રમાણમાં વર્ષ-૨૦૨૫માં,

અધ્યક્ષશ્રી : મફત અનાજ ખાનારાઓના બદલે મફત અનાજનો લાભ લેનારા લાભાર્થી તેવા શબ્દનો ઉપયોગ કરીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : જી, વર્ષ-૨૦૨૦ અને વર્ષ-૨૦૨૫માં ૫ લાખ ૨૩ હજાર ૯૧૬ ટન જેટલું અનાજનો લાભાર્થીઓએ લાભ લીધો. ગરીબ કલ્યાણ યોજના ચાલે છે એ ગરીબ કલ્યાણ યોજના હેઠળ અંત્યોદય કાર્ડ એટલે કે AAY તે અનુસંધાનમાં રાજ્યમાં ૭.૬૪ લાખ કુટુંબો નોંધાયા છે અને તેમાં ૩૩.૫૩ લાખ લોકોની જનસંખ્યા આ યોજના હેઠળ મહિનાની અંદર ૩૫ કિલો અનાજનો લાભ લઇ રહ્યા છે અને એ પણ વિના મૂલ્યે આનો લાભ લઇ રહ્યાં છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત જે અન્ન યોજના છે તેમાં અગ્રતા ઘરાવતા કુટુંબો જેને PHH કહેવામાં આવે છે તે રાજ્યમાં ૬૮.૬ ટકા કુટુંબો છે. અને ૩.૧૮ કરોડની જન સંખ્યા આ યોજનાનો લાભ લઇ રહી છે. તેમાં વ્યકિતદીઠ ૫ કિલો ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવે છે તેનો લાભ પણ આ લાભાર્થીઓ લઇ રહ્યાં છે.વિતરણ ખર્ચ અને સબસિડીના અનુસંધાનની અંદર આ રાજ્યમાં ૭૫.૨૯ લાખ કુટુંબો કે જે તુવેરદાળ, ખાંડ, ખાધતેલ, મીઠું અને ચણા આ તમામ સામગ્રી એટલે ૪૯,૬૯૮.૨૯

મેટ્રિક ટન જેટલા અનાજનો લાભાર્થી લાભ લઇ રહ્યાં છે અને ૧૩૦.૬ લાખ લીટર ખાદ્યતેલનો ૭૫.૨૯ લાખ લાભાર્થી કુટુંબો લાભ લઈ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો વર્ષ–૨૦૨૩ અંતર્ગત મોં અન્નપૂર્ણા યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત આ રાજયની અંદર ૩ કરોડ ૮૨ લાખ અને ૮૦ હજાર લાભાર્થીઓ આનો લાભ લઈ રહ્યાં છે. રાજય સરકારના બજેટની અંદર અને રાજય સરકારે ફાળવેલાં નાણામાં વિકાસ મોડલનું એક સૌથી મોટામાં મોટું ઉદાહરણ તેની જે પારાશીશી કહેવાય તે પારાશીશી શિક્ષણમાં આવે, આરોગ્યમાં આવે, અન્નમાં આવે અને મહિલા અને બાળ વિકાસમાં આવે. આ પારાશીશીના અનુસંધાનમાં આ રાજયની અંદર વસતિ કેટલી તો ૬ કરોડ અને ૫૦ લાખ. લાભાર્થી કેટલા તો કહે ૩ કરોડ અને ૮૩ લાખ. આ યોજનાનો લાભ જે લોકો લેતાં નથી એવી વસતિ કેટલી? તો કહે ૨.૬૭ લાખ લોકો. કુલ વસતિ ૧૦૦ ટકા, લાભાર્થીઓની સંખ્યા ૫૫ ટકા અને સુખી પરિવારો કે જે લાભ લેતા નથી એવા ૪૫ ટકા. કઇ રીતે સરકાર એમ કહે છે કે, આ રાજય વિકાસશીલ મોડલ છે. માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટની અંદર હું મારી વાત પૂરી કરીશ કે આ વિકાસશીલ ગુજરાતનું મોડલ નથી, આ વિકાસશીલ ગરીબનું મોડલ એ આ આંકડાઓને આધિન બહાર પાડ્યું છે.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની જે માગણીઓ લઇને આ સન્માનીય સભાગૃહમાં આવ્યા છે તેને સમર્થન કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એક એવો અગત્યનો વિભાગ છે કે જેમાં સમગ્ર રાજયના દરેક ઘરો, દરેક ઘરના વ્યકિતઓ આ વિભાગ સાથે સંકળાયેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, પછી એ એ.પી.એલ. હોય, બી.પી.એલ. હોય, એન.એફ.એસ.એ. હોય, અગ્રતાક્રમ હોય આ અંત્યોદય યોજના હોય, અલગ અલગ યોજનાઓ હોય એમાં રાજય સરકાર કેન્દ્ર સરકાર દ્વારા જે લાભો મળતા હોય એની વિતરણ વ્યવસ્થા સ્થાનિક ગામના એફ.પી.એસ. સ્ટોરમાંથી થતી હોય એની પારદર્શકતા રહે એના માટે રાજય સરકારે ખૂબ ચિંતા કરી છે. રાજયના દરેક લાભાર્થી સુધી આ અનાજનો જથ્થો પહોંચે એ રીતે રાજયની સરકારે આયોજન કર્યું છે. એના માટે ચાલુ વર્ષના બજેટમાં લગભગ ૨૮૫૬ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આપણી રાજયની સરકારે ફાળવી છે. મને એ દિવસો યાદ છે કે, જયારે દરેક રાજયોને કેન્દ્રની સરકાર દ્વારા એના ભાગે પડતો અનાજનો જથ્થો જયારે મોકલવામાં આવતો હોય, દરેક રાજયને એના ભાગે અનાજ હોય એ મળવું જઇએ, પણ મારે દુઃખ સાથે કહેવું પડે કે જયારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને આપણા રાજયમાં જયારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર હતી ત્યારે આપણા રાજયની સરકાર સાથે ઓરમાયું વર્તન રાખવામાં આવતું હતું. આપણા રાજયને મળવાપાત્ર અનાજનો જથ્થો આપણને આપવામાં આવતો ન હતો. ભૂતકાળમાં કેન્દ્રની કોંગ્રેસની સરકારે અનાજનો એવો જથ્થો આપ્યો છે કે જે અનાજના જથ્થામાં જીવાત પડી હોય, જેને પશુ પણ ના ખાઇ શકે એવું અનાજ આપણા રાજયની અંદર આપવામાં આવતું હતું એ દિવસો આજે પણ મને યાદ છે. (અંતરાય) આપણા રાજયના મુખ્યમંત્રીશ્રીએ રજૂઆતો કરી છે, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના મંત્રીશ્રીએ રજૂઆત કરી છે, રેકોર્ડ ઉપર છે, વિધાનસભાના રેકોર્ડ ઉપર મંત્રીશ્રીએ કહ્યું છે. આપને જોવું હોય તો સન ૨૦૨૧ના બજેટની સ્પીચની અંદર અમારા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના માનનીય મંત્રીશ્રીએ કહ્યું હતું અને એ હું આ સન્માનનીય સભાગૃહને કહું છું કે જે આપણને અનાજનો જથ્થો મળવો જોઇએ એ અનાજનો જથ્થો આપણને નિયમિત મળતો ન હતો. એ અનાજના જથ્થા માટે આપણા મુખ્યમંત્રીશ્રી હોય એ કેન્દ્રમાં રજૂઆત કરે, આપણા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના મંત્રીશ્રી હોય એ કેન્દ્રમાં રજૂઆત કરે, આટલી બધી રજૂઆતો પછી પણ ભૂતકાળની કોંગ્રેસની સરકારે આપણી રાજ્ય સરકારને પૂરતા પ્રમાણમાં અનાજનો જથ્થો આપ્યો નથી, એ દિવસો આજે પણ મને યાદ છે. સમગ્ર વિશ્વની અંદર, દેશની અંદર અને ગુજરાતની અંદર જયારે કોરોના જેવી મહામારી આવી ત્યારે કેવી પરિસ્થિતિ હતી એનો અનુભવ આ સમગ્ર સન્માનનીય સભાગૃહને છે. તે વખતે કોઇ ધંધા રોજગાર માટે બહાર નહોતું જઇ શકતું. કોઇ નોકરી ધંધા માટે બહાર નહોતું જઇ શકતું અને તે વખતે જયારે લોકડાઉનની પરિસ્થિતિ હતી ત્યારે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અમલમાં મૂકી. કોરોનાની પરિસ્થિતિની અંદર સવારે કોઇ ભૂખ્યું ઉઠયું હોય પણ એ સાંજે ભૂખ્યું સૂવે નહીં એની ચિંતા આપણી ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકાર અને રાજયની સરકારે કરી છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કોરોનાની મહામારીમાં જે ઐતિહાસિક નિર્ણય લીધો એને આજે પણ આખો દેશ વખાણે છે અને જે વિકાસશીલ ગુજરાત મોડલનો આ એક દાખલો છે. એ લોકડાઉનમાં આખા વિશ્વની અંદર અન્ન આપવાની સૌથી પહેલી શરૂઆત કોઇએ કરી હોય તો આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબે અને આપણી કેન્દ્રની સરકારે કરી હતી એ દિવસો આજે પણ મને યાદ છે. અંત્યોદય હોય, આપણા અગ્રતા ઘરાવતા કુટુંબો હોય જેની સંખ્યા ૭૫ લાખ ૧૦ હજાર ૯૮ છે અને તેની જનસંખ્યા છે એ ૩ કરોડ ૩૪ લાખ ૭૪ હજાર કરતા વધારે છે. જેના થકી આપણા દરેક લાભાર્થીને સરકારની આ યોજનાનો લાભ મળે છે. આ યોજનાઓ હેઠળ મળવાપાત્ર નિયમિત રાશન ઉપરાંત.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

એપ્રિલ–૨૦૨૨થી વ્યકિત દીઠ ૩.૫ કિલો ઘઉં અને દોઢ કિલો ચોખા મળી કુલ ૫ કિલો અનાજ તથા વ્યકિત દીઠ ૧ કિલો ઘઉં અને ૪ કિલો ચોખા મળી કુલ ૫ કિલો અનાજનો લાભ વિના મૂલ્યે આપવામાં આવતો હતો. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને રાહતદરે વિતરણ પણ કરવામાં આવ્યું છે. રાજયના ૮ લાખ અંત્યોદય તથા ૨૪ લાખ બી.પી.એલ.

એમ કુલ મળીને કુલ ૩૨ લાખ લાભાર્થી કુટુંબોને દર માસે રાહતદરે ખાંડના વિતરણ માટે પણ ચાલુ વર્ષના બજેટમાં રૂ.૨૦૮ કરોડની જોગવાઇ આપણી રાજ્યની સરકારે કરેલ છે. એટલું જ નહિ પણ અમારી સરકારે રેશનકાર્ડ આધુનિકીકરણ પણ કરેલ છે. 'માય રેશન' મોબાઇલ એપ્લિકેશન અમલમાં મૂકેલ છે. રેશનકાર્ડનું ભારત સરકારની એપ્લિકેશન ડીજી લોકર સાથે સંકલન કરવાથી રેશનકાર્ડધારક ઘરે બેઠાં મોબાઇલ ઉપર પોતાનું રેશનકાર્ડ ડાઉનલોડ કરી શકે છે. 'માય રેશન' મોબાઇલ એપ્લિકેશન મારફતે નાગરિકો રેશનકાર્ડને લગતી વિવિધ સેવાઓ ઓનલાઇન મેળવી શકે છે. અમારી સરકારે 'વન નેશન, વન રેશનકાર્ડ યોજના' નો જે ઐતિહાસિક નિર્ણય લીધો છે અને એને અમલમાં મૂકી છે. આપણે જોયું કે કોઇ વ્યકિત એક ગામમાંથી બીજા જિલ્લા કે બીજા રાજ્યમાં ગયો હોય અને ત્યાંથી અનાજનો જથ્થો મેળવવો હોય તો એ પણ મેળવી શકે એની ચિંતા આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. 'વન નેશન, વન રેશનકાર્ડ યોજના' હેઠળ રાજ્યના જુદા-જુદા જિલ્લામાં નોંધાયેલ કાર્ડ ધારકો રાજ્યમાં કોઇ પણ વાજબી ભાવની દુકાનેથી સ્ટેટ પોર્ટેબિલિટી હેઠળ અનાજ મેળવી શકે છે. જે અંતર્ગત રાજ્યમાંથી ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે આશરે ૫.૨૯ લાખ જેટલા વધુ એટલે કે ૩૭.૯૧ લાખ જેટલા કાર્ડધારકોએ આ યોજનાનો લાભ પણ લીધો છે. વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી ૨૦૨૬ સુધી વર્ષ ૨૦૨૪-૨૫ની સરખામણીમાં કઠોળ વિતરણ યોજના હેઠળ તુવેરદાળ અને ચણાનું ૧૭૧૩૮ મેટ્રિક ટન વધુ વિતરણ થવા પામેલ છે. મીઠા વિતરણ યોજના હેઠળ ૪૩૦૩ મેટ્રિક ટન ડબલ ફોર્ટિફાઇડ મીઠાનું વિતરણ થવા પામેલ છે. ખાદ્ય તેલનું વિતરણ યોજના હેઠળ ૭૭,૯૬૭ તેલના પાઉચનું વધુ વિતરણ કરવામાં આવેલ છે. આપણી સંસ્કૃતિમાં કહેવામાં આવ્યું છે કે "**यत्र नार्यस्तु पूजयंते, रमन्ते तत्र देवता**". જ્યાં નારી પૂજાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. આ સૂત્રને માત્ર શ્લોક પૂરતું સિમિત ન રાખતાં આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇની સરકારે તેને શાસનના કેન્દ્રમાં રાખ્યું છે. વર્ષ ૨૦૨૬-૨૭માં પણ આપણી સરકાર દ્વારા પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત પી.એન.જી./એલ.પી.જી. સહાય યોજનાના લાભાર્થીઓને વર્ષમાં બે ગૅસ રીફિલ વિનામૂલ્યે આપવાનો નિર્ણય પણ કર્યો છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ તબક્કામાં કુલ ૩૮.૩૯ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે તથા બીજા તબક્કામાં તા.૧/૨/૨૦૨૬ સુધીમાં ૩૩.૭૮ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. જે તબક્કો હાલમાં પણ ચાલુ છે. તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી લાભાર્થીઓને આનો લાભ મળી શકવાનો છે. જનવિશ્વાસ-૨ પહેલ અંતર્ગત લિગલ મેટ્રોલોજી એક્ટ હેઠળ નાના વેપારીઓ અને ઉદ્યોગોને વ્યવસાય કરવાની સરળતા વધે તે હેતુથી અનાવશ્યક અનુમતિઓ અને દંડાત્મક જોગવાઇઓમાંથી રાહત પણ આપવામાં આવેલ છે. વધુમાં રાજ્યમાં ગ્રાહક સુરક્ષા હેલ્પલાઇન પર ચાલું નાણાકીય વર્ષમાં અત્યાર સુધી ૧૦,૦૦૦ કરતાં વધારે ગ્રાહકોને ફરિયાદ બાબતે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે. શ્રી અન્ન મિલેટના વપરાશને પ્રોત્સાહન આપવા બાજરી, જુવાર, રાગી એટલે કે નાગલીની ખરીદી પર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત રૂ.૩૦૦/- પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસની જોગવાઇ કરેલ છે. આ રાજ્ય સરકારે એક ઐતિહાસિક નિર્ણય લીધેલ છે કે, લાભાર્થીઓને સરળતાથી અન્ન પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે જિલ્લાદીઠ એક વ્યાજબી ભાવની દુકાન ઉપર પ્રાયોગિક ધોરણે ઓટોમેટિક ગ્રેઇન ડિસ્પેન્સિંગ મશીન-અન્નપૂર્તિ કાર્યરત કરવાનું આયોજન અમારી સરકારે કર્યું છે. આ મશીનમાં પહેલેથી જ લાભાર્થીની માહિતી ઉપલબ્ધ રહેશે. જે વસ્તુ ખરીદવી હશે તે પસંદ કરવી પડશે. વેઇંગ મશીનમાંથી તે વસ્તુ સીધી મળી જશે. તેના પહેલા સ્ટેપમાં પી.એન.બી.ની બેનિફિશિયરી એપ ખોલવાથી લાભાર્થીની કુપન પહેલેથી તૈયાર હશે. ત્યારબાદ ખરીદી કરવી હોય તો તે અનાજને સિલેક્ટ કરવું પડશે તેમજ ક્યુ.આર. કોડ સ્કેન કરવો પડશે અને ત્યારબાદ ડિજિટલ પેમેન્ટ કરવાનું રહેશે. માહે એપ્રિલ-૨૦૨૫ થી જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન અન્ન પૂર્તિ મશીન ગ્રેઇન એ.ટી.એમ.થી ૧,૪૫,૮૩૧ કિ.ગ્રા. ઘઉં તથા ૧,૫૮,૨૫૯ કિ.ગ્રા. ફોર્ટિફાઇડ ચોખાનું વિતરણ કરવામાં આવ્યું છે. હું માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના માનનીય મંત્રી શ્રી રમણભાઇ સોલંકી માગણી ક્રમ-૨૨ અને ૨૩ લઇને આ ગૃહમાં આવ્યા છે તેના અનુમોદનમાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ ગુજરાત રાજ્યમાં અન્ન સલામતી, પોષણ અને ગ્રાહકની સુરક્ષા સાથે સંકળાયેલો વિભાગ છે. આપણે કહીએ છીએ કે રોટી, કપડાં અને મકાન તેમાં પ્રથમ જરૂરિયાત રોટીની છે. તેને પરિપૂર્ણ કરવાનું કામ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા થાય છે. કુદરતી આપત્તિ કે માનવસર્જિત યુદ્ધ જેવી આપદામાં વ્યકિતને જીવનનિર્વાહ માટે અન્ન ન મળે તો તે ખૂબ વરવી પરિસ્થિતિમાં મૂકાતો હોય છે. ભારતના બંધારણના ભાગ-૩માં મૂળભૂત અધિકારો અને ભાગ-૪માં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની વાત કરવામાં આવી છે. રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ બંધારણના આર્ટિકલ ૩૬થી ૫૧ સુધી વર્ણવવામાં આવ્યા છે. આપણા બંધારણે વેલફેર સ્ટેટ એટલે કલ્યાણ રાજ્યની વિભાવના વ્યક્ત કરી છે. આર્ટિકલની ૩૮મી જોગવાઇ અંતર્ગત કલ્યાણ રાજ્યની સ્થાપના માટે વ્યાપક પ્રમાણમાં માળખું પૂરું પાડવાનું આયોજન છે. સનાતન સંસ્કૃતિમાં 'જન સેવા એ જ પ્રભુ સેવા' તેમજ 'જ્યાં અન્નનો ટુકડો ત્યાં હરિ ઢુકડો' આ બંને સનાતની સંદેશને રાજ્યના અન્ન, નાગરિક પુરવઠા દ્વારા ચરિતાર્થ કરવામાં આવ્યા છે.

ફાલ્ગુન ૨૨, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, પુનરાવર્તનનો દોષ વ્હોરીને નાગરિક પુરવઠાની વિવિધ લોકોપયોગી યોજનાઓ હું આ ગૃહને આત્મસાત કરાવવા માગું છું. તેમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩, બારકોડેડ રેશનકાર્ડ, માય રેશન માય મોબાઇલ, ઇ.કે.વાય.સી., રેશન કાર્ડ લાભાર્થી માટે ઇ.એસ.પી.એસ. યોજના, અન્નપૂર્ણા યોજના, અન્ન બ્રહ્મ યોજના અને વન નેશન વન રેશનકાર્ડ યોજના. ગુજરાતની ગરીબ અને સામાન્ય પરિવારની જનતાનો પેટનો ખાડો પૂરવા માટે આ વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગ્રાહકોની સુરક્ષા માટે આ વિભાગ દ્વારા જે પ્રાવધાન કરવામાં આવ્યું છે તેની વાત કરવાની આ ગૃહમાં આપના માધ્યમથી અનુમતિ લઉં છું. તા.૧૪/૦૧/૨૦૧૦ના રોજ લીગલ મેટ્રોલોજી એક્ટ–૨૦૦૯ પસાર કરવામાં આવ્યો. જેનો અમલ ગુજરાત રાજ્યમાં તા.૦૧/૦૪/૨૦૧૧થી કરવામાં આવ્યો. સદરહુ કાયદા હેઠળ ગુજરાત કાનૂની માપ વિજ્ઞાન નિયમો–૨૦૧૧થી ગુજરાતમાં અમલમાં મૂકેલ છે. આ કાયદા હેઠળ વજન માપ સાધનોની ચકાસણી તથા કાયદા હેઠળ રાજ્યમાં પેકેજના સ્વરૂપમાં બનાવીને પેક કરીને વેચવામાં આવતી ચીજવસ્તુઓને પેકેજ કામગીરી બાબતની વિગત પણ હાથ ધરવામાં આવે છે. વિશેષ વર્ષ ૨૦૨૬–૨૭ દરમિયાન લેબોરેટરી માટે ગુણવત્તાસભર વસ્તુ મળી રહે એ માટે લેબોરેટરી માટે સાધનોના આયોજન માટે રૂ.૨૮.૩૮ કરોડનું પ્રાવધાન કર્યું છે. આ લેબોરેટરી માટે મને કહેતાં ગૌરવ થાય કે ૬૭ જેટલા વર્કિંગ સ્ટાન્ડર્ડ સાધનો દરેક જિલ્લામાં પ્રોવાઇડ કરવાના અને આ દરેક જિલ્લામાં આ સાધનો આપવાથી પ્રક્રિયા ઝડપી બનશે. ચોક્કસ અને પારદર્શક માર્ગદર્શન મળશે અને સમયમર્યાદામાં સો ટકા આ જે વસ્તુ છે એની ચકાસણી થશે. રાજ્ય સરકાર ભારત સરકારના લીગલ મેટ્રોલોજી એક્ટ–૨૦૦૯માં વેપારીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા તોલમાપનાં સાધનોની વાર્ષિક ખરાઇ કરે છે. એનો આશય એ છે કે લાંબાગાળા સુધી કોઇ વેપારી દ્વારા ગ્રાહકને ઓછા–વત્તા પ્રમાણમાં ન આપી શકાય એ માટે વાર્ષિક અથવા દ્વિ–વાર્ષિક સાધનોની ચકાસણી કરી ખરાઇ કરવામાં આવે છે. જેમાં વિશેષ ખરાઇ કર્યા પછી તેના પર સિક્કો લગાડવાની વ્યવસ્થા કરી છે જેથી કરીને ગ્રાહકોને ખબર પડે કે આ જે વજનમાપમાં વપરાયેલ સાધન છે એ પ્રમાણિત થયેલ છે. એમાં જે વજન છે એ પ્રમાણમાં પૂરેપૂરું મળી રહે છે. ભારત સરકાર દ્વારા લીગલ મેટ્રોલોજી કાયદામાં વિશેષ પ્રાવધાન એ છે કે જેમાં ઉત્પાદકનું નામ, સરનામું, ઉત્પાદનની તારીખ, છૂટક વેચાણ કિંમત, બધા કરવેરા સહિત, સીલબંધ પેકમાં કોઇ વસ્તુ હોય તો વજનનું માપ અને સંખ્યા પણ દર્શાવવામાં આવે છે. જેથી ગ્રાહકોને ક્યાંય છેતરાવવાનો વિષય ન રહે. વિશેષ ક્યાંકના ક્યાંક એવી કોઇની વેપારીવૃત્તિ હોય તો કોઇકને છેતરવાના ભાવથી થાય ત્યારે આ વિભાગ દ્વારા વિશેષ ફ્લાઇંગ સ્કવોડની પણ વ્યવસ્થા કરી છે. વડોદરા, અમદાવાદ, સુરત અને રાજકોટમાં ફ્લાઇંગ સ્કવોડ છે. જે જગ્યાએથી ફરિયાદ મળે ત્યાં તાત્કાલિક પહોંચી અધિકારીઓ દ્વારા એ સ્થળની ઓચિંતી મુલાકાત લઇ ગ્રાહકોને જો પ્રમાણમાં જથ્થો ઓછો–વત્તો મળતો હોય, ગુણવત્તાસભર ન મળતો હોય તો એની ચિંતા આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેક આદિવાસી વિસ્તારના જે અશિક્ષિત ભાઇઓ છે તેમના માટે આ વિભાગ દ્વારા વિશેષ પ્રાવધાન કરવામાં આવ્યું છે એની હું આ ગૃહને જાણ કરું છું. આદિવાસી ગ્રાહકોના હિતના રક્ષણ માટે એક નિરીક્ષક, એક પટ્ટાવાળા અને એક વાહન સાથેની યોજના કરી છે અને વાંસદા તેમજ રાજપીપળા મુકામે મુખ્યમથક રાખી ટ્રાયબલ વિસ્તારમાં અભણ આદિવાસી ભાઇ–બહેનોને છેતરાવાના સંજોગો ઊભા ન થાય તેની પણ વિશેષ ચિંતા કરી છે. દરરોજ વપરાશની વસ્તુઓ...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અનંતભાઇ, સાંભળો છો ને? વાંસદાનો ઉલ્લેખ થયો એટલે....

શ્રી હર્ષદ્કુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલિયમ પેદાશો, કેરોસીન, ગેસ સિલિન્ડર, ફર્ટિલાઇઝર, જંતુનાશક દવાઓ, સિમેન્ટ વગેરેમાં વજનમાપમાં થતી ગેરરીતિઓ અને છેતરપિંડીઓ શોધવાની અને તેને અંકુશમાં રાખવાનું પણ વખતોવખત ઝુંબેશ ગોઠવીને કામ કરવામાં આવે છે. વજનમાપના કાયદા નિયમોના અમલીકરણ માટે તંત્રના તાબા હેઠળની જિલ્લા કચેરીના અધિકારીઓ તથા નિરીક્ષકોને તેમના જિલ્લામાં ટીમ બનાવી મોબાઇલ કામગીરીનું આયોજન કરવામાં આવે છે અને વેપારી કસૂરવાર ઠરે તો એની પર કાર્યવાહી કરી કેસ કરવામાં આવે છે. વિશેષ મારે અહીંયાં વાત કરવી છે કે ગ્રાહકોના હિતની રક્ષા થાય અને કાયદાની જોગવાઇ મુજબ તેઓને પૂરતા પ્રમાણમાં જથ્થો મળે, વધુ કિંમત ન લેવાય, તેમને છેતરવામાં ન આવે વગેરેને અનુલક્ષીને વિવિધ પ્રકારની પ્રવૃત્તિ જેવી કે, ગ્રાહક જાગૃતિ પ્રદર્શન, વજનમાપ અંગે વિવિધ નિદર્શનો અંગેનું પ્રદર્શન વગેરે. ૧૫મી માર્ચને આપણે 'વિશ્વ ગ્રાહક સુરક્ષા દિવસ' તરીકે ઊજવીએ છીએ અને એ દિવસે તોલમાપ તંત્રનાં સાધનોના નિદર્શન માટે સ્કૂલ, કૉલેજો, મહિલા મંડળો તથા ગ્રાહક સુરક્ષા મંડળોમાં તોલમાપને લગતું પ્રદર્શન યોજી, સેમિનાર યોજી ગ્રાહકોને ઉપયોગી થાય તેવી જાગૃતિ લાવવા માટેનો પ્રયત્ન આ વિભાગ દ્વારા થઇ રહ્યો છે. કાનૂની માપ, વિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષાની પ્રવૃત્તિ ગાંધીનગરની કચેરી દ્વારા ગ્રાહકોની જાગૃતિ, ગ્રાહકોની સુરક્ષા તથા ગ્રાહકોના ફરિયાદોની નિકાલની કામગીરી કરવામાં રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોની પણ વિશેષ રચના કરવામાં આવી છે. સરકારશ્રી દ્વારા ગ્રાહકોના હિતની જ્યારે આટલી ચિંતા થતી હોય ત્યારે સુરક્ષા માટે કામ કરતા મંડળો ગ્રાહક પ્રવૃત્તિ માટે હાથ ધરવામાં આવે ત્યારે તેમને વિશેષ નાણાકીય જોગવાઇનું પ્રાવધાન કરી ગ્રાહકોના હિતમાં આવા ગ્રાહક સુરક્ષા મંડળો રચિત કરવામાં આવે છે. હાલમાં ગુજરાતમાં ૫૩ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા આપવામાં આવી છે અને તેમને રૂ. ૭૫,૦૦૦/– તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂ. ૧,૦૦,૦૦૦/– અને મહાનગરોમાં

લગભગ રૂ.૧,૨૫,૦૦૦/– જેટલી રકમ આપવામાં આવે છે. આ ગ્રાહકોની ફરિયાદના નિરાકરણ માટે અન્ય વ્યવસ્થાઓ છે. એમાં નિયામક, ગ્રાહક બાબતોની કચેરી દ્વારા, રાજ્યના ગ્રાહક સુરક્ષા અધિકારી દ્વારા, માન્ય ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા અને રાજ્ય તથા જિલ્લાના તકરાર નિવારણ કેન્દ્રો દ્વારા આ નિકાલ કરવામાં આવે છે. ગ્રાહક સુરક્ષા અધિનિયમ–૨૦૧૯ અન્વયે ગ્રાહકોની તકરારનો સમયસર ઝડપી અને અસરકારક નિકાલ લાવવા માટે ત્રિસ્તરીય વ્યવસ્થા કરી છે જેના થકી ગ્રાહકોને ઝડપથી લાભ મળે છે. હાલમાં રાજ્ય કમિશન દ્વારા ૩૮ જિલ્લા કમિશનો તેમજ રાજ્ય કમિશન દ્વારા મુખ્ય કોર્ટ ૦૨ કાર્યરત છે. જેના ન્યાયાધીશ/મુખ્ય વડા તરીકે નામદાર હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ આની જવાબદારી સંભાળે છે. જ્યારે કોઇ વ્યક્તિ છેતરાય તો એને ફરિયાદ કરવાની થાય ત્યારે ફરિયાદમાં બહુ નજીવી ફીની રકમ છે. રૂ. ૫ લાખ સુધી એકપણ રૂપિયો નહીં. રૂ. ૫ લાખ થી રૂ. ૧૦ લાખ સુધી રૂ. ૨૦૦, રૂ. ૧૦ લાખ થી રૂ. ૨૦ લાખ સુધી રૂ. ૪૦૦ અને રૂ. ૨૦ લાખ થી રૂ.૫૦ લાખ સુધી માત્ર રૂ. ૧૦૦૦ની નજીવી રકમ આપવાની થાય છે. આમ, અન્ન નાગરિક સુરક્ષા અને ગ્રાહકોના વિભાગ દ્વારા ગ્રાહકને ગુણવત્તા, કિંમત અને પેકિંગ આવા કોઇપણ ક્ષેત્રે કયાંય પણ એનું પોતાનું અહિત ના થાય એની ચિંતા આ વિભાગ દ્વારા થઇ છે ત્યારે માનનીય મંત્રીશ્રી આ જે માગણી લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરી મારી વાણીને વિરામ આપું છું. ધન્યવાદ.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજી તેમજ અમારા માનનીય મંત્રીશ્રી રમણભાઇ સોલંકી સાહેબ સન્માનનીય ગૃહ સમક્ષ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સંપૂર્ણ સમર્થન વ્યક્ત કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસની વાત કરીએ તો આજે વિકસિત ગુજરાત ૨૦૪૭નું લક્ષ્ય લઇને રાજ્ય આગળ વધી રહ્યું છે અને દેશ પણ આગળ વધી રહ્યો છે. આ વિકાસ યાત્રામાં ટેકનોલોજી સૌથી મોટું હથિયાર છે. દાદાની સરકાર અને સમગ્ર મંત્રીમંડળે ટેકનોલોજી દ્વારા રાજ્યના વિકાસને જે ગતિ આપી છે તે બદલ હું તેમને હાર્દિક અભિનંદન પાઠવું છું. કોઇપણ રાષ્ટ્રનો વિકાસ માત્ર મોટી ઇમારતોથી થતો નથી પરંતુ ગરીબના ઘરમાં રોટલી પહોંચે, અન્ન પહોંચે ત્યારે સાચો વિકાસ થાય છે. કોરોના જેવા કપરા સમયમાં પોતાનો સગો ભાઇ હોય તો પણ મદદ કરવાની ભાવના ના હોય, ખબર પડે કે કોરોના થયો છે તો એનાથી સો કૂટ દૂર રહે તે સમયે આ સરકારે ઘરની અંદર કોઇ ગરીબ, કોઇ મધ્યમ વર્ગનો પરિવાર ભૂખ્યો ના રહે એની ચિંતા વ્યક્ત કરીને તમામ ગરીબ પરિવારો સુધી અનાજ પહોંચાડવાનું કામ આ સરકારે કર્યું છે તે હું આજે ગર્વથી કહી શકું છું. એટલે જ ગુજરાતનો વિકાસ અને રાષ્ટ્રનો વિકાસ થયો છે. આ પ્રસંગે મને એક શાયરી યાદ આવે છે;

''ભૂખે પેટસે કોઇ સપનાં સાકાર નહીં હોતાં, અન્ન કા સન્માન જહાં હો વહાં વિકાસ કમજોર નહીં હોતા,
જીસ ઘરમેં રોટી કી ખુશ્બુ પહોંચતી હૈ હર દિન, વહીં સે એક મજબૂત રાષ્ટ્ર કા નિર્માણ હોતા હૈ.''

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ઘર ઘર સુધી અનાજ પહોંચાડવાનું કામ કર્યું અને એની ખુશ્બુ પરિવાર સુધી પહોંચાડી એટલા માટે ગુજરાત એક વિકસિત મોડેલ બની રહ્યું છે. રાષ્ટ્ર એક વિકસિત મોડેલ બની રહ્યું છે એનું કારણ હોય તો માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબ અને અમારા દાદાની સરકાર છે. આજે અન્ન, નાગરિક પુરવઠાનો વિભાગ ગરીબોના ઘરમાં અનાજ પહોંચાડવાનું મહત્ત્વનું કામ કરી રહ્યો છે. આ કામની પાછળ દેશના પનોતા પુત્ર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, શ્રી અમિત શાહ સાહેબ, રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને સમગ્ર મંત્રીમંડળની દૃઢ ઇચ્છાશકિત છે એટલે જ છેવાડાના નાગરિક સુધી સંપૂર્ણપણે અન્ન પહોંચાડવાનું કામ થઇ રહ્યું છે. એક સમયે એવું હતું કે સસ્તા અનાજની દુકાને પહેલાં સાદા ત્રાજવા અનાજ તોલવા આપવામાં આવતા હતા. ઘણી વખત અધિકારી તપાસમાં જાય અને ત્રાજવું હોય એની અંદર બાટ મૂકેલ હોય અને એની નીચે સીસું લગાવવામાં આવતું હોય અથવા લોહચુંબક લગાડી દે. સાચી વાત છે. આ કોઇ આક્ષેપ નથી. કોઇ સસ્તા અનાજની દુકાન વજનમાં ખોટું કામ કરતી હોય અને એ કામ ન થાય એના માટે જ આજે ટેકનોલોજીના યુગમાં ઇલેકિટ્રક વજનકાંટા આવી ગયા છે. છે. ઇ.પી.ઓ.એસ. મશીન દ્વારા ચકાસણી થતાં બોગસ રેશનકાર્ડ, બોગસ એન્ટ્રી બંધ થઇ ગઇ છે. સ્માર્ટ પી.ડી.એસ. સિસ્ટમ દ્વારા સમગ્ર વિતરણ વ્યવસ્થા પારદર્શક બની છે. આ વિભાગના અધિકારીઓ સંપૂર્ણ કાળજી રાખીને અને મંત્રીશ્રી રમણભાઇ સાહેબ એમાં ખૂબ કાળજી રાખીને તમામ ગરીબ પરિવારને અનાજ પહોંચે એની ચિંતા કરે છે. આજે તો સરકાર ગ્રેઇન એ.ટી.એમ. અન્નપૂર્ણા જેવી વ્યવસ્થા લઇને આવી છે. મારે આ ગૃહ સમક્ષ ધ્યાન દોરવું છે કે એ.ટી.એમ. એટલે લોકો એવું વિચારતા હોય કે એ.ટી.એમ.માં કાર્ડ નાખીએ એટલે પૈસા આવે. એક જ વિચાર આવે કે પૈસા આવે પરંતુ અમારી સરકાર, દાદાની સરકાર, માનનીય મંત્રીશ્રી રમણભાઇ સોલંકી સાહેબે એવા એ.ટી.એમ.ની શોધ કરી અને એની સેમ્પલ તરીકે ભાવનગર ખાતે મૂકવામાં આવ્યું અને હવે તમામ જગ્યાએ ધીમે ધીમે આખા ગુજરાતમાં એ એ.ટી.એમ. મૂકવામાં આવશે. આધાર કાર્ડ લઇને કોઇ ગરીબ પરિવાર જશે તો દુકાન ઉપર જવું નહીં પડે, સસ્તા અનાજની દુકાને જવાની જરૂર નહીં પડે. પરંતુ આ એ.ટી.એમ.ના માધ્યમથી અનાજ મેળવી શકશે અને આ એ.ટી.એમ. ચોવીસ કલાક ચાલુ રહેશે. કોઇ શ્રમિક હોય એ સવારે દહાડીએ રોજગારી માટે ગયો હોય અને રાત્રે ઘરે પાછો આવે ત્યારે સાંજે સસ્તા અનાજની દુકાન બંધ ગઇ હોય તો એ અનાજથી વંચિત રહેતો હતો. સરકારે ચિંતા કરીને ટેકનોલોજીનો ઉપયોગ કરીને એવા એ.ટી.એમ.ની શોધ કરી કે શ્રમિક રાત્રે ઘરે પાછો આવે અને રાત્રે પણ ૧૨–૦૦ વાગે જાય

એના આધારકાર્ડને લીંક કરીને એને જોઈતું હોય તે અનાજ એ મેળવી શકે. સાહેબ, આ માત્ર એ.ટી.એમ. નથી. પરંતુ પોલિથીનની કોથળી કે થેલી લઈને શ્રમિક ગયો હોય એ પરિવારનો વ્યક્તિ તો એની અંદર ક્યાંય કાણું નથી, કોઈ કચરો પડેલો નથી કે એમાં કોઈ બીજું અનાજ પડી રહ્યું નથી. ચાર–પાંચ દાણા પણ હશે તો એ.ટી.એમ.માંથી અનાજ બહાર નહીં આવે એ પ્રકારના સુવિધાવાળા એ.ટી.એમ.ની સુવિધા કરવામાં આવી છે. થેલી કાણી હોય તો ઘરે જતા બિચારાનું અનાજ ઢોળાય જાય. આ અમારા દાદાની સરકારના માનનીય મંત્રીશ્રી રમણભાઈએ ચિંતા વ્યક્ત કરી છે કે કોથળી પણ કાણી ના હોય અને એવી સંપૂર્ણ ભરેલી કોથળી હોય એની અંદર જ અનાજ પડે એવી ચિંતા પણ માનનીય મંત્રીશ્રીએ કરી છે. આ વ્યવસ્થાના કારણે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને સમયમાં પણ બચત થાય છે અને ભ્રષ્ટાચારને પણ રોકી શકાય છે. એવું નથી કે ખાલી ગરીબ પરિવારની ચિંતા કરી હોય, પરંતુ સસ્તા અનાજની દુકાનવાળાને પહેલા આપણે રૂ.૧૫૦ નફો આપતા હતા એમાં રૂ.૩૫નો વધારો કરીને ૨૩.૩૩ ટકાનો વધારો આ સરકારે કર્યો છે એટલે હું કહેવા માગું છું કે આ સરકાર માત્ર યોજનાઓ જ બનાવતી નથી પણ દરેક વ્યક્તિનું હિત વિચારતી આ સરકાર છે. સરકાર ગરીબોને માત્ર અનાજ આપે છે એટલું જ નહિ. પરંતુ ગુણવત્તાયુક્ત અનાજ પહોંચે તેની સંપૂર્ણ કાળજી રાખે છે. હવે ડબલ ફોર્ટીફાઇડ આટા અને મીઠામાં પણ આયોડીનયુક્ત મીઠું આપવામાં આવે છે જેથી ગરીબોમાં પોષણની ઉણપ ના રહે. આ પ્રસંગે મને એક બીજી શાયરી યાદ આવે છે.

"जिस देश की थाली में अन्न सुरक्षित रहेता है,
उसी का भविष्य मजबूत और समृद्ध रहेता है,
गरीब के घर राशन पहोंचे इमानदारी से,
तो सरकार पर जनता भरोसा कायम रहेता है।"

એટલે જ અમારી દાદાની સરકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, હું નિર્દલીય ધારાસભ્ય છું. મેં સરકારને ટેકો આપ્યો છે તેનું કારણ એક જ છે કે જ્યાં જનતાનું હિત હોય ત્યાં રાજકારણ ના હોવું જોઈએ. જ્યાં ગરીબોનો પ્રશ્ન હોય ત્યાં આપણે બધાએ એક થવું જોઈએ. તે માટે એક શાયરી કહીને મારી વાત પૂરી કરીશ.

"अन्न का सम्मान और जनता का विश्वास, यही मेरी राजनीति का असली प्रयास है,
निर्दलिय हूं इसी लिए खुल कर कहेता हूं, गरीबों की थाली तक पहूंचे हर अनाज,
जहां जनता का हीत होगा वहां साथ दूंगा सरकार का,
सब से बडा धर्म है भूखे को रोटी दिलाना, वो काम मेरी सरकार कर रही है।"

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઈ સોલંકી સાહેબ દ્વારા રજૂ કરેલ માગણીઓને મારું સંપૂર્ણ સમર્થ આપું છું. ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત. વંદે માતરમ્.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઘવલસિંહે ઓલ ટાઇમ મનીની સાથે ઓલ ટાઇમ મિલેટ્સની વાત કરી છે. બંને એ.ટી.એમ. છે. માનનીય ઉમેશભાઇ મકવાણા, આપની પાસે બે મિનિટ છે.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, તો પાંચ મિનિટ આપવાની છે બે મિનિટમાં શું થાય?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઉમેશભાઇ બે જ મિનિટ.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક નં. ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગના અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે તેમાં ક્યાંક ને ક્યાંક ક્ષતિઓ રહી છે તો આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ઉદાહરણ તરીકે મારો બોટાદ જિલ્લો છે ત્યાં કપાસ, મગફળી અને ઘઉંનું વાવેતર થાય છે. એક પણ ખેડૂતે કોઈ દિવસ ચોખાનું વાવેતર કર્યું નથી પણ અમારી એ.પી.એસ.સી.માં ચોખાની હરાજી થાય છે તો એ ચોખા આવે છે ક્યાંથી? ચોખા આવે છે એ આપણું સરકારી અનાજ છે એમાંથી બારોબાર હરાજી કરીને વેચે છે તો આવા લોકો ઉપર કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ જેથી કરીને બીજી વખત આવું કાંઇ કરે નહિ અને જરૂરિયાતવાળા લોકો સુધી આ અનાજ સીધે સીધું પહોંચી શકે. બીજું, મારા મતવિસ્તાર બોટાદ પાસે પાળિયાદ ગામ છે ત્યાં પણ એ.ટી.એમ. શરૂ થવાનું છે. તેમાં પણ માનનીય મંત્રીશ્રીનો હું આભાર પણ માનું છું કે પાળીયાદ જે મોટું ગામ છે ત્યાં એ.ટી.એમ. આપ્યું છે પણ સાથો સાથ જે બીજા જે જિલ્લા પંચાયત લેવલના ગામો છે ત્યાં પણ અમને એક એ.ટી.એમ. આપવામાં આવે એવી એક વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અને બીજી મારે માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી કરવી છે કે, આ સસ્તા અનાજના જે સંચાલકો છે તેને આપણે ખૂબ ઓછું કમિશન આપીએ છીએ તો તેને માનો કે દુકાનનું ભાડું પણ મોંઘવારીના જમાનામાં નીકળતું નથી તો એમાં કમિશનમાં થોડો વધારો કરવામાં આવે અને એક પગાર નક્કી કરવામાં આવે કે મહિને ૨૫ હજાર રૂપિયા તમારો ફિકસ પગાર કારણ કે એક દુકાન ચલાવવામાં ઓછામાં ઓછાં તેને બે વ્યક્તિના સ્ટાફની જરૂર પડતી હોય છે એટલે એક વ્યક્તિને આપણે રૂપિયા ૧૫–૧૫ હજાર જો આપીએ તો પણ તેને રૂપિયા ૩૦ હજાર તેના ખિસ્સામા જાય છે તો આવા

આપણા જે સંચાલકો છે તેને પગાર આપવામાં આવે અને સાથો સાથ કમિશનમાં પણ વધારો કરવામાં આવે જેથી કરીને આપણા જરૂરિયાતવાળા લોકો છે તેને માટે સારી વ્યવસ્થા ઊભી કરી શકીએ.

શ્રી રમણભાઇ ભી. સોલંકી (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિ.) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજરોજ સભાગૃહ સમક્ષ વર્ષ–૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો માટેની માગણી ક્રમાંક–૨૨ અને ૨૩ લઇને જયારે ઉપસ્થિત થયો છું ત્યારે અમારા આ ગૃહના સદસ્ય એવા માનનીય જયદ્રથસિંહજી પરમાર, માનનીય હર્ષદભાઇ પટેલ, માનનીય શૈલેષભાઇ પરમાર, માનનીય ઘવલસિંહ ઝાલા અને માનનીય ઉમેશભાઇ મકવાણાજીએ જે આ માગણીમાં પોતાના વિચારો વ્યકત કર્યા છે અને એમણે કેટલીક સારી બાબતો છે તેનો ઉલ્લેખ પણ કર્યો છે અને કેટલીક બાબતોમાં કયાંક સુધાર લાવવાના હશે એ બાબતોનો પણ ઉલ્લેખ કર્યો છે. પરંતુ મારી વાત કરતા પહેલાં હું બે બાબતોની સ્પષ્ટતા કરવા માગું છું. માનનીય શૈલેષભાઇએ શરૂઆતમાં જ એક વાત મૂકી કે જે અત્યારની પરિસ્થિતિ થઇ રહી છે અને જે પરિસ્થિતિ ઊભી થઇ છે તે મુજબ અને છેલ્લાં બે ત્રણ દિવસથી સમાચારોમાં સતત એલ.પી.જી.ગેસ વિશેના જે કંઇ સમાચારો પ્રદર્શિત થઇ રહ્યાં છે, પરંતુ વાસ્તવિક રીતે અમે અને અમારો વિભાગ અને વિશેષ કરીને ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ અને અમારી સરકારના તમામ સૌ સદસ્યો સાથે મળીને આ ચિંતા કરી રહ્યા છીએ, સતત મોનિટરીંગ પણ કરી રહ્યાં છીએ કે, આવનારા સમયમાં ગુજરાતના કોઇ પણ વ્યકિતને કોઇ ગૃહિણી હોય કે કોઇ સંસ્થા ચલાવનાર વ્યકિત હોય, કોઇ સેવાકીય કાર્ય કરતી સંસ્થા હોય કે હોસ્પિટલ હોય તેને પૂરતાં પ્રમાણમાં ગેસ મળી રહે તે પ્રકારની ચિંતા કરીએ છીએ અને વાસ્તવિક રીતે આજે જોઇ રહ્યા છીએ કે લગભગ ખૂબ સમાચારો સિવાય વાસ્તવિક રીતે જોઇએ તો કયાંય આપણને જોવા મળતું નથી અને આજની તારીખે જે છેલ્લાં આંકડા છે તે મુજબ આજે પણ આપણી પાસે લગભગ ૪ લાખ ૧૬ હજાર ૫૦૪ જેટલી બોટલ આપણી પાસે સ્ટોકમાં છે. એમાં આઇ.ઓ.સી.પાસે ૧ લાખ ૬૬ હજાર ૧૨૮ છે, બી.પી.સી.એલ. પાસે ૧ લાખ ૫૦ હજાર ૯ છે અને એચ.પી.સી.એલ. પાસે ૧ લાખ ૩૬૭ જેટલી બોટલ હયાત છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : અત્યારે ચર્ચા નહીં, આપ આપનું પ્રવચન ચાલુ રાખો. તમે આજની તારીખના આંકડા આપ્યા છે આગળ વધો.

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ સમજીએ છીએ, જાણીએ છીએ કે જયારે આટલી મોટી પરિસ્થિતિ ઊભી થાય, આટલી મોટી જનસંખ્યાવાળો દેશ હોય અને દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય મોદી સાહેબે જયારે ઘરે ઘરે ગેસ પહોંચાડયો હોય અને આટલી મોટી વ્યવસ્થાઓ હોય અને તેની વચ્ચે પણ જયારે આટલી સરસ વ્યવસ્થા ઊભી થઇ છે અને કયાંય તકલીફ જેવું નથી અને તેનાથી વિશેષ વાત કરું તો લગભગ છેલ્લા ૧૦ દિવસથી દરેક દેશના આંકડા જોજો કે કયાંક અને કયાંક પેટ્રોલિયમ પેદાશોમાં વધારો થયો છે. જયારે આપણે ત્યાં છેલ્લા ૧૦ દિવસ પહેલાં જોજો અને આજે જોજો તેમાં કયાંક અને કયાંક ઘટાડો જોવા મળે છે આનાથી વધારે આપણા માટે ગૌરવવાળું શું હોઇ શકે?આટલી વિકટ પરિસ્થિતિની અંદર પણ આપણે સુરક્ષિત છીએ. આજે પણ સામાન્ય પરિવારને પણ કોઇ ચિંતા નથી. બધાને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી મોદી સાહેબ ઉપર વિશ્વાસ છે અને ગઇકાલે પણ અમારા કેન્દ્રના મંત્રીશ્રી હરદીપપુરીજીએ પણ નિવેદન આપ્યું છે કે અમે ગુજરાત નહીં પણ આખા દેશમાં કયાંય કોઇ પ્રકારની અછત નહીં વર્તવા દઇએ. આવી બધી જ વ્યવસ્થાઓ સરકારશ્રીએ કરી હોય ત્યારે માનનીય શૈલેષભાઇએ જે વાત કરી છે, હું માનું છું કે જવાબદાર વ્યકિત હોય ત્યારે આવનારા સમયમાં આપણે બધાએ કેવી રીતે આ પરિસ્થિતિમાંથી બહાર આવવાનું હોય અને ગૃહમાં બોલાયેલું વાકય છે એ ખૂબ અગત્યનું હોય છે કારણ કે વાત બધે પહોંચતી હોય છે એટલે સાચા આંકડા પહોંચે એના માટે મેં વાત કરી છે. બીજું માનનીય શૈલેષભાઇએ એક ઓબ્ઝર્વેશન કર્યું કે સન ૨૦૨૧–૨૨માં એમણે જે શબ્દો વાપર્યો છે એ શબ્દ તો હું નહીં બોલું પરંતુ ૩ કરોડ ૪૧ લાખ પરિવારો એ પોતે અનાજ મેળવે છે જયારે સરકારશ્રી આપણા વડાપ્રધાનશ્રી આદરણીય મોદી સાહેબ રાજકીય અન્ન સલામતિ કાયદો ૨૦૨૩, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત લગભગ દેશની ૮૦ કરોડ જેટલી જનસંખ્યાને મફત અનાજ આપે છે એ પૈકી આપણા ગુજરાતમાં પણ અત્યારે લેટેસ્ટ ૩ કરોડ અને ૩૪ લાખ લોકોને આપણે મફત અનાજ આપીએ છીએ. એમણે જે આંકડા રજૂ કર્યા એ બંનેમાં ડીફરન્સ છે. એમણે ખરેખર અભ્યાસ સારો જ કર્યો છે કારણ કે એ આંકડાની રમત સાથે રમે છે એટલે હશે જ, પરંતુ એમણે જોયું નહીં કે આપણે કયાં સુધી કેટલા લોકોને આપી શકીએ એ છેલ્લો આંકડો બોલી ગયા કે આપણે ૩ કરોડ ૮૩ લાખ લોકોને આપી શકીએ એટલી જન સંખ્યાના આધાર ઉપર આપણને એટલું અનાજ ઉપલબ્ધ થાય છે. પરંતુ આપણે સન ૨૦૨૧–૨૨ પ્રમાણે ૩ કરોડ ૪૧ લોકોને આપણે અનાજ આપતા હતા. આજની તારીખે ૨૦૨૬માં ૩ કરોડ અને ૩૪ લાખ લોકોને અનાજ આપીએ છીએ એટલે બંને આંકડામાં ફેર છે, આપણે અનાજ આપીએ છીએ એનો અર્થ બીજો પણ છે, આપણે અગાઉના સમયમાં જે સ્થિતિ જોઇ છે અને અત્યારે જે સ્થિતિનું નિરૂપણ કરી રહ્યા છે. અમે પણ એવા પરિવારમાંથી આવ્યા છીએ, અમે બધું જોયું છે કે કયારેક કયારેક જયારે દીકરા–દીકરીઓને જમાડવાનો સમય થાય તો તપાસ કરવામાં આવે તો એના ઘરમાં લોટ ના હોય તો બીજા ઘરે માગવા જઇએ, કોઇના ઘરે ચોખા ના હોય તો બીજાના ઘરે માગવા જતા પણ જોયા છે અને એનાથી વિશેષ કેટલાય લોકોએ સવાર સાંજ કોઇને કોઇ માગણીના સ્વરૂપમાં અનાજ માગવા પણ જતા હતા એ ઘટના આપણા સમાજ જીવનમાં રહેતા લોકોએ જોઇ છે. જયારથી આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી

મોદી સાહેબે જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરી છે ત્યારથી આજે તમને કયાંય કોઇપણ એક વ્યકિત એવો નહીં મળે કે જે જાહેરમાં અનાજ માંગવાની પ્રવૃત્તિ કરતા હોય, આનાથી મોટી વિશેષતા શું હોઇ શકે? બધાને આત્મનિર્ભર બનાવી દીધા છે. આજે કોઇ ઘર એવું નહીં હોય, કોઇ એવો પરિવાર નહીં હોય કે જેને બીજા ઘરે અનાજ માગવા જવું પડે, બીજાના પાસે હાથ લાંબો કરવા માટે જવું પડે, આનાથી વિશેષ સરકાર શું કરે? એનાથી વિશેષ વાત કરું તો જયારે દેશના વડાપ્રધાન આદરણીય મોદીસાહેબ જયારે અહીંયા મુખ્યમંત્રી હતા ત્યારે એમણે સૌ પ્રથમ સન ૨૦૦૧ના શરૂઆતના સમયમાં જ એમણે આ જે યોજના છે એને સારી કેવી રીતે કરી શકાય અને ગરીબને અન્ન આપવું એ કોઇ બીજી રીતે જોવાની જરૂર નથી પણ એને સ્વમાન સાચવવા માટેની દ્રષ્ટિને ધ્યાનમાં રાખીને કરેલી આ યોજના છે ત્યારે મોદી સાહેબે જે તે વખતે પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની શરૂઆત કરી છે. પહેલાં જયારે ગામમાં એક જ દુકાન હોય, આજુબાજુ બે–ત્રણ ગામો જોડેલા હોય, એ વ્યકિત ઇચ્છા મુજબ અનાજ આપે, લાઇનમાં ગમે ત્યારે ઊભા રહે, લાઇનમાંથી ગમે ત્યારે જતું રહેવાનું, કોઇ સિસ્ટમ નહોતી. લગભગ છેલ્લા બે વર્ષથી ભૂતિયા રેશનકાર્ડ નામનો શબ્દ ઓછો થયો છે. જ્યારે પણ સમાચાર આવે ત્યારે ભૂતિયા રેશનકાર્ડનો વિષય આવે જ. આજે મને ગૌરવ છે કે વર્ષ ૨૦૦૧માં મોદી સાહેબે આ શરૂઆત કરી હતી એ શરૂઆતના આધાર પર આપણે આજે એ સ્થિતિએ પહોંચ્યા છીએ કે લગભગ દરેક વ્યકિતને પોતાના હક્કનું, સારું ક્વૉલિટીવાળું અનાજ મળે છે. જ્યારે સેવા સહકારી સંસ્થાઓ હોય કે અન્ય સંસ્થાઓ હોય ત્યારે એક–બે વ્યકિતઓ પર આધાર હતો. જે તે વખતે સાહેબે વસતીના આધાર પર દુકાનોની સંખ્યા વધારી અને આ સેવાને સારી બનાવી હતી. ગરીબ કલ્યાણ એ અમારો એજન્ડા નથી પરંતુ અમારી સરકારનો મંત્ર છે. દેશના યશસ્વી વડાપ્રધાન મોદીજીએ જ્યારે વડાપ્રધાન તરીકે સોગંધ લીધા ત્યારે પણ એમણે વાત કરી છે કે આ સરકાર એ ગરીબોને સમર્પિત સરકાર છે. આપણે ગરીબોને લાચાર નથી કરતાં પણ ગરીબોને જરૂરિયાત મુજબ વસ્તુની મદદ કરવાની ભાવના સાથે કામ કરીએ છીએ. અમારી સરકાર પણ પંડિત દીનદયાળજી ઉપાધ્યાયજીના અંત્યોદયના સ્વપ્નને સાકાર કરવાનું કાર્ય કરે છે. ચાલુ વર્ષે પણ અમારા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને અમારા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે અમારા વિભાગને અમારી જરૂરિયાતથી પણ વિશેષ રૂ.૨૮૫૬ કરોડની જોગવાઇ કરી છે. સૌથી પહેલાં તો હું અમારા વિભાગ તરફથી એમનો આભાર માનીશ. અમારી જે માગણી હતી એ બધી જ માગણી એમણે સ્વીકારી અને એનાથી વિશેષ આપવાનો પ્રયત્ન કર્યો છે. આજે જે રીતે વાત થઇ એ મુજબ આપણા રાજયમાં ૭૫ લાખથી વધારે પરિવારો આ યોજના સાથે જોડાયેલા છે. એમાં લગભગ ૩,૩૪,૦૦,૦૦૦ જેટલા લાભાર્થીઓ પણ છે. આ વિભાગ દ્વારા ખૂબ મોટું કામ કરવામાં આવે છે. અમારું એક જ લક્ષ્ય છે કે કોઇ પણ વ્યકિત લાચાર ન બને. અગાઉ પણ વાત થઇ છે કે ''ભૂખે ભજન ના હોય.'' જ્યારે કોઇને ભોજન મળે છે ત્યારે એને પૂરી તૃપ્તિ મળે છે. જ્યારે તૃપ્તિ મળતી હોય ત્યારે એ સંતોષ વ્યકત કરે છે અને એ કામ અમારી સરકાર કરે છે. એના કારણે પંચાયતથી પાર્લામેન્ટ સુધી આ પ્રજાના આશીર્વાદથી અમારી સરકાર ચાલે છે. અમે પંડિત દીનદયાળજીના વિચારો સાથે જે કામ કર્યું છે એને ગતિ મળી છે. વિશેષ કરીને અમે એકલું અનાજ નથી આપતા પણ એના આરોગ્ય માટે જરૂરી પ્રોટીન મળી રહે એટલા માટે તુવેરદાળ અને ચણા આપવાની પણ જોગવાઇ કરી છે. એમાં પણ રૂ.૮૪૧.૬૯ કરોડની જોગવાઇ કરી છે અને એ યોજના અંતર્ગત અમે દરેક પરિવારને ૧ કિલો તુવેરદાળ અને ૧ કિલો ચણા મળે એ પ્રકારની જોગવાઇ કરી છે. આ વખતે મુખ્યમંત્રીશ્રી તરફથી અમને એક વિશેષ કામ કરવા માટેનું સૂચન મળ્યું છે. અત્યાર સુધી લગભગ એવું બનતું હતું કે સરકાર ખૂબ સારી વસ્તુ ખરીદે પણ ક્યાંકને ક્યાંક ત્રુટિને કારણે જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી લાભાર્થીને સંતોષ નહોતો મળતો પરંતુ આજે હું ગૌરવ સાથે કહું છું કે લગભગ ચાલુ માસથી ચણા અને તુવરદાળને એક કિલોના પેકિંગમાં આપવાની શરૂઆત કરી દીધી છે. એનાથી પણ આગળ અમે હવે ખાંડને પણ એક કિલોના પેકિંગમાં આપવા જઇ રહ્યા છીએ. ટૂંકમાં ગુજરાત સરકાર દ્વારા ચણા, તુવેરદાળ, ખાંડ, મીઠું અને તેલ આ જે પાંચ વસ્તુ આપવામાં આવે છે તે હવે પેકિંગમાં ઉપલબ્ધ થશે. ખાસ કરીને જન્માષ્ટમી અને દિવાળીના તહેવારે કાર્ડદીઠ એક લીટર સિંગતેલ આપવાની જોગવાઇ સરકારશ્રીએ કરી છે. જે અંતર્ગત રૂ.૧૧૬.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમે જે કાર્ય કરીએ છીએ તે સાડા છ કરોડ જનતાની સેવા માટે કરીએ છીએ.

સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા બાબત

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ બપોર પછી બિન–સરકારી કામકાજ હાથ ધરવાનું હોવાથી માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી વિરામનો સમય લંબાવવામાં આવે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી વિરામનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અમે આ યોજનામાં જ્ઞાતિ, જાતિ, ધર્મથી પર રહીને માનવતાના ધોરણે કાર્ય કરીએ છીએ. સામાન્ય માણસોને તેમની જરૂરિયાતના આધારે નક્કી કરેલ ક્રાઇટેરિયા મુજબ આ યોજના સાથે જોડીએ છીએ. શ્રી શૈલેષભાઇના શબ્દો એટલા માટે દોહરાવું છું કે આજે માણસને કોઇ પરિસ્થિતિ મુજબ બીજા પર આધાર રાખવો પડે તો તેને કોઇ શબ્દો દ્વારા અપમાનિત કરવું તે યોગ્ય નથી. આ ગૃહના ઘણા સભ્યશ્રીઓએ ગરીબાઇ જોઇ છે. હું પણ એવા જ એક પરિવારમાંથી આવું છું. માનનીય અમિતભાઇને ખ્યાલ છે. અમે ભણ્યા અને આગળ વધ્યા એ પછીનો મુદ્દો છે.

અગાઉના સમયમાં પણ અમે આ બધી પરિસ્થિતિમાંથી પસાર થઇને આવેલા છીએ. મને જ્યારે જવાબદારી મળી છે ત્યારે મને મારો ભૂતકાળ પૂરેપૂરો યાદ હતો. ભૂતકાળમાં બનેલી ઘટનાઓ આવનારા સમયમાં કોઇને ભોગવવી ન પડે તે ધ્યાનમાં રાખીને અમે નિર્ણયો કર્યા છે. આ પેકિંગ સિસ્ટમને અમે પ્રાયોરિટી આપી રહ્યા છીએ. વિશેષ કરીને
આયોડિન અને આયર્નની ઉણપ ન રહે તે માટે ફોર્ટિફાઇડ મીઠાના વિતરણ માટે રૂ. ૫૯.૪૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પેકિંગમાં ખાંડ આપવા માટે રૂ.૨૦૮.૩૫ કરોડની જોગવાઇ કરી છે. જેનાથી શુદ્ધ જરૂરિયાત મુજબ પૂર્ણ ક્વૉલિટીવાળી ખાંડ મળી રહેશે. આવનારા સમયમાં અમે એક વિશેષ કાર્ય કરવા જઇ રહ્યા છીએ. આપણા પરંપરાગત અનાજ કે જેને આપણે શ્રી અન્ન અથવા મિલેટ્સથી ઓળખીએ છીએ. ખેડૂતો પાસેથી તેની ખરીદી એમ.એસ.પી. પ્રમાણે કરવામાં આવે છે પણ તેનાથી આગળ વધીને ખેડૂતોને સન્માન મળે, શ્રી અન્નની ખેતી કરવામાં રૂચિ વધે તે માટે અને તે જ અનાજ અમે ફરી જરૂરિયાત છે તેને આપવા માટે ખાસ કરીને બાજરી, જુવાર, રાગી, મકાઇ પકવતાં ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦ પ્રમાણે બોનસ ચૂકવવા માટે આ બજેટમાં રૂ.૩૬.૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ વધારાની જોગવાઇ છે. માનનીય ઉમેશભાઇએ ચિંતા વ્યક્ત કરી હતી. આવનારા સમયમાં આ વ્યવસ્થામાં સરકાર અને લાભાર્થીઓ વચ્ચે મહત્ત્વની કડીરૂપ અમારા સસ્તા અનાજના દુકાનદારોની અમે પણ ચિંતા કરી છે. સરકારનું પવિત્ર કામ જ્યારે કોઇ વ્યક્તિ કરતાં હોય તેને પ્રોત્સાહન અને યોગ્ય વળતર મળવું જોઇએ. તો એના માટે પણ અમે એક ઐતિહાસિક નિર્ણય તરફ જઇ રહ્યા છીએ. અત્યાર સુધી દુકાનદારોને કમિશન પેટે રૂ.૧૫૦ પ્રતિ ક્વિન્ટલ ચૂકવવામાં આવતા હતા. એમાં ૨૩ ટકાથી વધુ વધારો કરીને રૂ.૧૮૫ પ્રતિ ક્વિન્ટલ ચૂકવવાનો નિર્ણય કર્યો છે. એના માટે અંદાજપત્રમાં રૂ.૬૭.૨૦ કરોડની વિશેષ જોગવાઇ કરી છે. જે ખરેખર ૧૭ હજાર દુકાનદારો માટે આશીર્વાદરૂપ હશે અને એને આ વિશેષ લાભ મળવાનો છે. એમણે વિશેષ ચિંતા કરી હતી કે કદાચ કોઇને રેશનકાર્ડ ઘટ્યા છે અને દુકાન ચાલુ છે તો એને યોગ્ય વળતર મળવું જોઇએ. આ માટે પણ અમે મિનિમમ રૂ.૨૦ હજારથી ઓછી રકમ ન મળે એ પ્રકારની વ્યવસ્થાઓ કરી છે. ટૂંકમાં એને દુકાન ચલાવવા માટે જોઇતા નાણાં મળી રહે એ પ્રકારની વ્યવસ્થા કરી છે. આગળ જતા એને વધારે પણ મળશે. બીજી એક વાત જે બધા સભ્યશ્રીઓની લાગણી હતી કે ત્રણ હજારની વસ્તી હોય તો દુકાન મળે છે પરંતુ ક્યાંક દૂરનો વિસ્તાર હોય કે જ્યાં ગ્રાહકને આવવા-જવાની તકલીફ પડે છે તો એના માટે નજીકમાં ત્રણ કિલોમીટરથી વધારે વિસ્તાર હશે તો ત્યાં અમે પ્રાંત એ.પી.એસ. એટલે કે પ્ર-શાખા તરીકે પણ મંજૂરી આપીશું. આ પ્રકારનું મહત્ત્વનું કામ પણ સરકારશ્રી કરે છે. એનાથી વિશેષ આવનારા સમય માટે ખૂબ મોટું કામ જેની ગુજરાતે પહેલ કરી છે. આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એમનો જે વિચાર હતો અને જે પ્રકારે એમણે વિશેષ શરૂઆત કરી હતી એને વધારે અનુમોદન આપીને દેશના યશસ્વી ગૃહમંત્રી આદરણીય અમિતભાઇ શાહના હસ્તે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ અને કેન્દ્રીય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સી.બી.ડી.સી.યોજનાની શરૂઆત કરી છે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમે શરૂઆત કરી હતી પરંતુ અમદાવાદના મતવિસ્તાર સાબરમતી, સુરત, આણંદ અને વલસાડની પસંદગીની દુકાનોમાં આ પ્રયોગ હેઠળ ૨૬૩૩૩ પરિવારોનો સમાવેશ કરીને ઇ-કે.વાય.સી. આધારિત જે બાયોમેટ્રિક હતું એમાંથી આગળ વધ્યા છીએ. હમણાં ગૃહમાં પ્રશ્ન પણ આવ્યો હતો કે દુકાન પર બોર્ડ ન હોવાથી એને ખ્યાલ આવતો નથી કે કેટલું મળશે? પરંતુ આ સી.બી.ડી.સી. યોજના અંતર્ગત એને એક પોલેટ કરીને એને પોતાના મોબાઇલમાં જ ક્યુઆર કોડ સ્કેન કરશે એટલે તરત જ એને ખબર પડી જશે. કોઇ પાસે સ્માર્ટફોન નથી તો સાદા મોબાઇલથી પણ ખબર પડી જશે એ પ્રકારની સિસ્ટમ અમે ગોઠવવાની શરૂઆત કરી છે. એના માટે પણ ખાસ કરીને વિશેષ જોગવાઇ કરી છે અને આઇ.ટી. ક્ષેત્રને વધારે સારું બનાવવા માટે જોગવાઇ કરી છે. માનનીય ધવલસિંહે વાત કરી એ મુજબ સૌપ્રથમ ગ્રેઇન એ.ટી.એમ. ભાવનગરમાં શરૂ થયું અને આજે એની સફળતા અમે બધાએ જોઇ. ખરેખર એની ઉપયોગિતા અને રિવ્યુ જોયા એના આધારે અમારા મનમાં પણ એક વિચાર આવ્યો કે આનાથી વિશેષ શું કરી શકાય? ભાવનગરનું એ.ટી.એમ. ફક્ત અનાજ આપે છે. પરંતુ, એનાથી આગળ જે આપણી અન્ય પાંચ વસ્તુઓ સરકાર દ્વારા આપવામાં આવે છે એ પણ એ.ટી.એમ.માંથી કેવી રીતે મળે એ દિશામાં શરૂઆત કરવાનો પ્રયત્ન કર્યો અને સફળતા પણ મળી છે. પહેલાં તો જિલ્લાસ્તરે હતું પણ આવનારા સમયમાં તાલુકાસ્તરે પણ આ ગ્રેઇન એ.ટી.એમ. કરીએ અને ખૂબ ઝડપથી આ કાર્ય થાય એના માટે પ્રયત્ન પણ છે. આ ગ્રેઇન એ.ટી.એમ.ની વિશેષતા છે કે ફક્ત ૨૫ સેકન્ડમાં જ એને પૂરેપૂરું ૩૫ કિલો અનાજ મળી જશે. આ વિશેષ કરીને સેન્સર આધારિત છે. ચોખા, ઘઉં, બાજરી જેવા ધાન્યોની જે વ્યવસ્થા હશે એ પ્રકારની આખી વ્યવસ્થા છે. શ્રી ધવલસિંહે વાત કરી એ મુજબ જ્યારે એનું પોતાનું સાધન લઇ જશે ત્યારે તમે જે સાધન લઇને ગયા છો એને પહેલાં સ્કેન કરશે કે કોઇ કાણું તો નથી ને? એ જોશે પછી બીજા અન્ય દાણાં હશે તો પણ નહીં આપે. સરસ વ્યવસ્થા સાથેનું આ ગ્રેઇન એ.ટી.એમ. લગભગ બધા સુધી પહોંચવાનું છે અને એ બનવાનો આપણને વિશેષ આનંદ એટલા માટે છે કે એ મેડ ઇન ઇન્ડિયાથી આગળ મેડ ઇન ગુજરાત છે. આ મશીન આપણા ગુજરાતમાં જ બની રહ્યું છે. ચાર-પાંચ એજન્સીઓએ પોતપોતાનું સંશોધન કર્યું છે અને એમાં આગળ વધ્યા છે અને લગભગ ટૂંક સમયમાં એ દિશામાં આગળ વધવા માટેનું નક્કી થયું છે. આ ગ્રેઇન એ.ટી.એમ. ઓટોસિસ્ટમના મોડમાં છે. ખૂબ ઝડપથી ૨૪ કલાક જ્યારે એને ઇચ્છા થાય ત્યારે પોતે અનાજ લઇ શકશે. પોતે સ્કેન કરી લઇ શકશે. ત્યાં વ્યવસ્થા પણ હશે. કોઇકને કોઇ હેલ્પર તરીકે પણ કામ કરશે.એ દુકાનદાર જ હશે. આપણે દુકાનદારને જ ધ્યાનમાં રાખીને આ યોજના આગળ વધારી છે ત્યારે આ એ.ટી.એમ.થી ખૂબ સારું કામ થશે. પહેલાં એ.ટી.એમ.નો અર્થ ફક્ત

રૂપિયા માટે થતો હતો એનાથી આ એક મહત્ત્વનું કામ વિભાગ દ્વારા થઇ રહ્યું છે. ત્યારપછી આ બાયોમેટ્રિક સિસ્ટમને વાંધો નહીં આવે અને જે સમય બગાડતું હતું એ પણ ઓછો થશે. આવનાર સમયને ધ્યાનમાં રાખીને અમે ગોડાઉનોની સારી વ્યવસ્થા થઇ શકે એ દિશામાં પ્રયત્ન કર્યો છે. ડોર સ્ટેપ ડિલેવરીમાં સારો સુધારો આવી શકે એના માટે અમે ખૂબ મહત્ત્વનું કાર્ય કરવા જઇ રહ્યા છીએ. અત્યારે લગભગ ગોડાઉન અને દુકાનદાર આ બંને વચ્ચે જી.પી.એસ. સિસ્ટમ અમે કેમેરા સાથે લિંકિંગ કરી છે. હું સરકારશ્રીનો આભાર માનું છું કે જે તે વખતે ગોડાઉનમાં ઘણાં સરકારી કર્મચારીની જગ્યા ખાલી હતી પણ માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે હમણાં જ લગભગ બધા જ ગોડાઉનમાં પોતાના ગોડાઉન મેનેજર મળી રહે એ પ્રકારની વ્યવસ્થા કરી છે અને એના કારણે આ વ્યવસ્થામાં ખૂબ સરળતા ઊભી થઇ છે અને એમાં લગભગ ખૂબ સારી સફળતા મળી છે એટલે ડોર સ્ટેપ ડિલેવરીનું અત્યારે ખૂબ સારું કાર્ય થઇ રહ્યું છે અને પૂરતા પ્રમાણમાં થયું છે. હમણાં એક વિષય આવ્યો હતો કે જ્યારે સિસ્ટમને સુધારવી હોય ત્યારે સિસ્ટમની થોડી સારી કરવા માટેનાં કેટલાંક પગલાં પણ લેવા પડે છે. અમે તારીખ ૨ એપ્રિલ ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીના સમયગાળામાં ૪૪૮૨૩ જેટલી દુકાનોની તપાસ કરી છે એમાં અમને જ્યાં ગરબડ લાગી છે ત્યાં ૧૨૩.૪૭ લાખનો અનાજનો જથ્થો અમે જપ્ત કર્યો છે. ખાસ કરીને રૂ.૫૨૯.૩૪ લાખ જેટલી રકમની અમે દંડ કરીને વસૂલાત કરી છે. ૮૧ જેટલી શંકાસ્પદ દુકાનોના પરવાના મોકૂફ કર્યા છે. ૩૨ જેટલા પરવાના અમે કાયમ માટે રદ કર્યા છે. અમે જ્યાં કડકાઇની જરૂર હતી ત્યાં કડકાઇનો ઉપયોગ કરીને આ સિસ્ટમને સારી બનાવવા માટેનો પૂરતો પ્રયત્ન કર્યો છે. અત્યારે સરકારની માલિકીના ૨૫૨ જેટલા ગોડાઉન છે, એ પૂરતા છે એની કુલ સંગ્રહ ક્ષમતા ૩૪૫.૮૫૦ મેટ્રિક ટન જેટલી છે, એ પૂરતા પ્રમાણમાં છે. ખાસ કરીને રિઝર્વ તરીકે જ્યારે જરૂર પડે ત્યારે અમે ગોડાઉન ભાડે રાખવા માટેની વ્યવસ્થા રાખી છે. અત્યારે જે પ્રમાણે નવા ગોડાઉનો બની રહ્યા છે અને નવા ગોડાઉનોની ક્ષમતા છે એ પ્રમાણે લગભગ હવે સરકાર પણ પોતાની વ્યવસ્થા પ્રમાણે પૂરતા પ્રમાણમાં છે. ચાલુ સાલે સરકારશ્રીએ અન્ય જિલ્લા જેવા કે મહિસાગર, ખેડા, પંચમહાલ, સુરેન્દ્રનગર, ભાવનગર અને અહીંયા બેઠેલા ગૃહના કોઇ સદસ્ય એમના પોતાના વિસ્તારમાં કોઇ ગોડાઉન જર્જરિત હોય અથવા નવું બનાવવું હોય તોપણ જ્યારે કોઇ વાત મૂકશે ત્યારે અમે તે કરવા માટેની તૈયારી બતાવીએ છીએ. આવનારા સમયમાં એ જ રીતે ખેડૂતો પાસેથી ખરીદી કરવાના છીએ. આ વખતે અમારે ૩૫ હજાર મેટ્રિક ટન ડાંગરની ખરીદી કરવી હતી પરંતુ ખેડૂતોનું જે રીતે રજિસ્ટ્રેશન થયું તો ૬૮ હજાર મેટ્રિક ટન ખરીદી કરીને સરકારે બધાને ન્યાય આપ્યો છે. સરકાર ખૂબ ખુલ્લા મને આદરણીય શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર ખેડૂતો હોય કે જરૂરિયાતમંદ વ્યક્તિ હોય એને તમામ રીતે પૂરી મદદ કરવા માટે સંવેદનશીલતાથી કામ કરે છે. અત્યારે ઘઉં ખરીદીનું રજિસ્ટ્રેશન ચાલે છે. આવનારા સમયમાં ખૂબ મોટા કામો સરકારના વિભાગો દ્વારા થવાના છે. આ સાથે મારો અન્ય વિભાગ છે એમાં પણ કામો થયાં છે.

ઉપાધ્યક્ષશ્રી : બધું આવી ગયું છે. પ્રશ્નો હતા એ પણ આવી ગયા છે.

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ આવી ગયું છે. વિશેષ કરીને 'વન નેશન વન રાશન' એપ છે તેના દ્વારા ખૂબ મોટો બદલાવ સમાજ જીવનમાં આવ્યો છે. પહેલા માણસને એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય તો અનાજ ક્યાં જતું રહે એની ખબર પડતી ન હતી. આ એપથી જ્યાં જશે ત્યાં અનાજ મળશે. એનો લાભ ગુજરાતના હોય, અન્ય જિલ્લાના હોય, તાલુકાના હોય, અન્ય રાજ્યના હોય એ લાભ લઇ રહ્યા છે. ખૂબ મોટી મહત્ત્વની યોજના જોવા મળે છે. આ વખતે વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૪ લાખ ૬૩ હજાર ૮૮૭ અને વર્ષ ૨૦૨૫માં ૪૦ લાખ ૨૦ હજાર ૩૨૦ ટ્રાન્ઝેકશન કરીને અનાજ મેળવ્યું છે. જેનું છે એને પૂરેપૂરું અનાજ મળ્યું છે. જ્યાં છે ત્યાં મળ્યું છે. ચોક્કસ ગૃહને ખાતરી આપું છું કે આવનારા સમયમાં આ વિભાગ ખૂબ સંવેદના સાથે કામ કરશે અને વિશેષ કરીને કાપ દરખાસ્તો મૂકી છે એ ગરીબોને અનાજ આપવાની યોજનાઓ છે અને જેને જરૂરિયાત છે એને આપવાની યોજનાઓ છે, કોઇ ધર્મ, જાતિ આધારિત સિવાયની યોજનાઓ છે. જરૂરિયાત છે એને આપણે આપીએ છીએ. આથી જે કાપ દરખાસ્તો મૂકી છે એમને ખાસ વિનંતી કે ગરીબલક્ષી બજેટ છે, ગરીબ લોકોનું કામ છે તો મૂકેલ કાપ દરખાસ્તો પરત ખેંચી મારી માગણીઓ મંજૂર કરવામાં આવે એવી વિનંતી છે. આવનારા સમયમાં ખૂબ મોટા સેવાના કાર્યો કરવા જઇ રહ્યા છીએ ત્યારે આ ગૃહ પણ એનું સહભાગી બને એવી ભાવના છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી રમણભાઇ, અત્યાર સુધી એ.ટી.એમ.માં નાણાકીય લેવડ-દેવડ થતી હતી. આવનારા સમયમાં એની ટાઇમ મિલેટની વ્યવસ્થા કરી છે એ અભિનંદનને પાત્ર છે. સરસ છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક-૨૨ અને ૨૩ ઉપર મેં કાપ દરખાસ્ત મૂકી હતી. ગુજરાતની જનતાના હિત અને ગરીબોના હિતને ધ્યાનમાં રાખીને એ આશાએ કાપ દરખાસ્ત પાછી ખેંચું છું કે આગામી સમયમાં દરેક જનતાને ગુણવત્તાવાળો અને સમયસર જથ્થો મળે. માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે, માગણી ક્રમાંક-૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૮ પાછી ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક-૨૨ ઉપરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ પાછી ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : માગણી નં. ૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૮ પાછી ખેંચવામાં આવે છે.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૨૨ અને ૨૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

(વિરામ બપોરના ૨–૩૫ થી ૩–૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

બિન સરકારી કામકાજ

દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક

ગુજરાત રાજમાતા (ગૌમાતાના દરજ્જા, રક્ષણ અને કલ્યાણ બાબત) વિધેયક, ૨૦૨૫

ગુજરાત રાજ્યમાં ગાયને વિશેષ દરજ્જો આપવા માટેની, તેની રક્ષણ, કલ્યાણ માટેની અને તેની સાથે સંકળાયેલ અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૫નું ગુજરાત રાજમાતા(ગૌમાતાના દરજ્જા, રક્ષણ અને કલ્યાણ બાબત) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૫નું ગુજરાત રાજમાતા(ગૌમાતાના દરજ્જા, રક્ષણ અને કલ્યાણ બાબત) વિધેયક દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી: વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક

ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક, ૨૦૨૬

ગુજરાત રાજ્યમાં માલિકે પંચાસી ટકા સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા અને તેની સાથે સંકળાયેલ અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬નું ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૬નું રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી: વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક

ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૨૬

રાજ્યના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને લગતી જોગવાઇઓના ચુસ્ત અમલીકરણ માટેની જોગવાઇ કરવા તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમુક પગલાં લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયકને દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી: વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક

ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક, ૨૦૨૬

ગુજરાત રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોના જીવન, મિલકત અને હિતના રક્ષણ માટે ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળની સ્થાપના માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઇ કરવા માટેનું વિધેયક.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી: સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૬નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી:વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ

ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, ૨૦૨૪

ગુજરાત રાજયમાં લઘુમતી કોમોના કલ્યાણ માટે અને તેમના જાનમાલના રક્ષણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી:સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયક દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી:વિધેયક દાખલ કરવામાં આવે છે.

બિન–સરકારી કામકાજ

બિન–સરકારી સંકલ્પો

સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી અંગે

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

" સોમનાથ " શબ્દ સાંભળતાં જ આપણા હ્રદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે. તે ભારતના આત્માની શાશ્વત ઘોષણા છે. દ્વાદશ જયોતિર્લિંગ સ્ત્રોતમાં ભારતભરના ૧૨ જયોતિર્લિંગનો ઉલ્લેખ છે, જેમાં " સૌરાષ્ટ્રે સોમનાથં ચ " એટલે પ્રથમ જયોતિર્લિંગ તરીકે સોમનાથ આદિકાળથી માનવ સભ્યતાનું પ્રતીક છે. સોમનાથ મંદિર ભારતની આધ્યાત્મિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહરનું પ્રતીક છે. અનેક આક્રમણો છતાં મંદિરનું વારંવાર પુનઃનિર્માણ ભારતીય સંસ્કૃતિની અતૂટ આસ્થાનું જીવંત પ્રતીક છે. સોમનાથ મંદિર ઉપર થયેલા પ્રથમ આક્રમણ ઇ.સ. ૧૦૨૬ને ઇ.સ. ૨૦૨૬માં ૧૦૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે. ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા બાદ સોમનાથ મંદિરના પુનઃ નિર્માણનો સંકલ્પ લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ દ્વારા કરવામાં આવેલ. તા.૧૧મી મે, ૧૯૫૧ના રોજ દેશના તત્કાલિન રાષ્ટ્રપતિ માનનીય ડૉ. રાજેન્દ્રપ્રસાદજીના કરકમલો દ્વારા મંદિરના દ્વાર ખોલવામાં આવ્યા અને લોકાર્પણ કરવામાં આવ્યું.

(આ તબક્કે મનનીય સભ્યશ્રી દિનેશભાઇ ઠાકોર ઊભા થઇને બહાર જતા)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો, વચ્ચેથી ઊભા ના થાવ. મેં વારંવાર કહ્યું છે કે કોઇ સદસ્ય બોલતા હોય તો આગળ પાછળ જોવું, ઊભા થતા પહેલાં વિચાર કરો, વચ્ચે મહેરબાની કરીને પસાર ના થવું. વારંવાર મારે કહેવું પડે છે. કાલે પણ આ ઘટના બની હતી.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે મંદિરના પુનઃ નિર્માણ અને લોકાર્પણ ઇ.સ. તા.૧૧મી મે, ૧૯૫૧ને ૭૫ વર્ષ પૂર્ણ થયેલ છે આ ઐતિહાસિક અવસરને યાદગાર બનાવવા માટે સોમનાથ સ્વાભિમાન પર્વ અતૂટ આસ્થાના નામે રાષ્ટ્રીય સ્તરે વર્ષભર ઉજવણી કરવાનો નિર્ણય ભારત સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. તાજેતરમાં ગત જાન્યુઆરી માસમાં સોમનાથ ખાતે '' સોમનાથ સ્વાભિમાન પર્વ –અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ ''નું આયોજન કરવામાં આવ્યું જેમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના લોકલાડીલા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ઉપસ્થિત રહ્યા હતા. આ પર્વમાં ૭૨ કલાકના અખંડ ઓમકારના નાદ અને ભજન થકી સોમનાથનું વાતાવરણ અલૌકિક અનુભૂતિ સાથે દિવ્ય બન્યું હતું. આ દરમ્યાન લાખોની સંખ્યામાં ભકતોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. વિવિધ કલાકારો સાથે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. સોમનાથ સ્વાભિમાન પર્વ કે જે ભારતની અતૂટ આસ્થા, સાંસ્કૃતિક સ્વાભિમાન અને ઐતિહાસિક ચેતનાનું રાષ્ટ્રીય અભિયાન બનેલ છે, તેને આપણે સૌ ગૌરવભેર વધાવીએ અને દેશભરમાં આધ્યાત્મિક એકતા, સાંસ્કૃતિક ગૌરવની ભાવના ફેલાવવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ તા. ૯મી જાન્યુઆરી, ૨૦૨૬ થી ૧૧મી જાન્યુઆરી ૨૦૨૭ સુધી સતત એક વર્ષ સુધી સોમનાથ સ્વાભિમાન પર્વ અતૂટ આસ્થા અંતર્ગત વર્ષભર રાષ્ટ્રવ્યાપી ઊજવણી યોજાવાની છે. સોમનાથ જ્યોતિર્લિંગ સિવાય ૧૧ જ્યોતિર્લિંગ છે એ રાજ્યોમાંથી યાત્રાળુઓને અહીંયા આપણા સોમનાથમાં લાવવામાં આવશે એવું આયોજન કરવામાં આવશે તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાએ સોમનાથ સંકલ્પ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉજવણી માત્ર ધાર્મિક શ્રદ્ધા પૂરતી સીમિત નથી, પરંતુ એક રાષ્ટ્ર શ્રેષ્ઠ ભારતના મંત્રને જનજનના હૃદયમાં જીવંત કરતું રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક ગૌરવનું એક વિરાટ અને ઐતિહાસિક લોકઅભિયાન બની ગયું છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સમગ્ર ભારતને એકસૂત્રના તાંતણે બાંધવા માટેનો આ એક પ્રયત્ન છે. જનભાગીદારી એ આ અભિયાનનું મુખ્ય ચાલકબળ છે. આ ઉજવણી દ્વારા સ્થાનિક સ્તરે પણ વિકાસ, પર્યટન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને નવી ગતિ મળશે. સોમનાથ સ્વાભિમાન પર્વના આયોજનથી સ્થાનિક યુવાનોને રોજગાર, સાંસ્કૃતિક મંચ અને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની તક મળશે જે આ અભિયાનને વધુ અર્થસભર બનાવે છે. યુવાનો, સંતો, સાંસ્કૃતિક સંસ્થાઓ અને સામાન્ય જનતાને જોડીને આ અભિયાનને લોકોત્સવ બનાવવાનો સંકલ્પ છે. સોમનાથની ગાથા આપણને શીખવે છે કે જ્યારે કોઇ રાષ્ટ્ર પોતાની સંસ્કૃતિ અને મૂલ્યો પ્રત્યે જાગૃત રહે છે, સતર્ક રહે છે ત્યારે તે સમયના દરેક પડકારોને પાર કરી શકે છે. આ ૧૦૦૦ વર્ષનો અવસર માત્ર ઇતિહાસને યાદ કરવાનો નથી, પરંતુ આવનારી પેઢીને સંસ્કાર અને સંકલ્પનો વારસો સોંપવાની પવિત્ર ક્ષણ છે. સોમનાથની અખંડ જ્યોત આપણને સતત પ્રેરણા આપે છે કે રાષ્ટ્રીય ગૌરવ અને આધ્યાત્મિક મૂલ્યોને જીવનમાં ધારણ કરીએ. સોમનાથ એટલે ભારતનું સ્વાભિમાન. સ્વાભિમાન એ વાતનું છે કે જેને તોડવા માટે આતતાયીઓએ હજારો ઘા કર્યા પણ તેમની તલવારોની ધાર કરતાં ભારતની આસ્થાની ધાર હંમેશા તેજ રહી છે. સ્વાભિમાન એ વાતનું છે કે જ્યારે જ્યારે આતતાયીઓએ સોમનાથ પર કુદૃષ્ટિ કરી ત્યારે હમીરજી ગોહિલ અને વેગડા ભીલ જેવા અગણિત શૂરવીરોએ સોમનાથના રક્ષણ કાજે પોતાના મસ્તક હોમી દીધા. આ ભૂમિના કણેકણમાં આજે પણ બલિદાનોની સુગંધ મહેકે છે. સ્વાભિમાન એ વાતનું છે કે લોહપુરૂષ સરદાર પટેલે એ ભગ્ન અવશેષોમાંથી ભારતની એકતા અને અસ્મિતાનું શિખર ફરી ઊભું કર્યું અને સાબિત કર્યું કે આ દેશની શ્રદ્ધા અજેય છે. સ્વાભિમાન એ વાતનું છે કે સદીઓ વીતી ગઇ કેટલાંય તોફાનો આવ્યાં અને કેટલાંય ગયા પણ પ્રભાસપાટણની આ ધરતી પર ગુંજતો 'ઓમ નમ: શિવાય' નો નાદ ક્યારેય શમ્યો નથી અને શમશે પણ નહિ. આ સ્વાભિમાન એ વાતનું છે કે આજે મોદી સાહેબના નેતૃત્વમાં સોમનાથથી શરૂ થયેલી આ સાંસ્કૃતિક ક્રાંતિ અયોધ્યા સુધી પહોંચી છે અને ભારત ફરી વિશ્વગુરુ બનવા તરફ ડગ માંડી રહ્યું છે. સ્વાભિમાન એ વાતનું છે કે મંદિરના તોડનારા એ આક્રમણકારો આજે ઇતિહાસમાં દટાઇ ગયા છે પણ આપણું સોમનાથ આજે પણ એ જ દિવ્યતા સાથે, એ જ ભવ્યતા સાથે અને એ જ ગૌરવ સાથે ઠાઠથી ઊભું છે અને વિશ્વને પોકારીને કહી રહ્યું છે કે ''સત્ય સનાતન છે અને સનાતન જ સત્ય છે.'' જે ભૂમિ પર લોહપુરુષ સરદાર પટેલનો પવિત્ર સંકલ્પ હોય અને જેના સાનિધ્યમાં નરેન્દ્ર મોદી જેવો સિંહપુત્ર ઊભો હોય એ સોમનાથનું સ્વાભિમાન એ જ ૨૧મી સદીના ભારતનું અભિમાન છે. આ સ્વાભિમાન છે ભારતની અજેય ચેતનાનું, આ સ્વાભિમાન છે સત્ય સનાતનનું, આ સ્વાભિમાન છે શિવજીનું જે કાળના પણ કાળ છે અને જે મૃત્યુ પર પણ વિજય મેળવે છે. આ અવસર પર આપણે સૌ મળીને સંકલ્પ કરીએ કે સોમનાથના ૧૦૦૦ વર્ષના ઐતિહાસિક પ્રસંગને રાષ્ટ્રીય જાગૃતિનું વર્ષ બનાવીએ અને ભારતની સંસ્કૃતિની અખંડ જ્યોતને વધુ પ્રજ્વલિત કરવાનો સંકલ્પ લઇએ. બોલો સોમનાથ મહાદેવ કી જય. બોલો સોમનાથ મહાદેવ કી જય. બોલો સોમનાથ મહાદેવ કી જય.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : સોમનાથ મહાદેવ કી જય. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મારી વાત રજૂ કરવા માગું છું ત્યારે સોમનાથ શબ્દ માત્ર મંદિર નથી પણ તે આપણા ગર્વની લાગણી છે. તે ભારતના આત્માની શક્તિ છે. દંતકથા અનુસાર ચંદ્રદેવે દક્ષ પ્રજાપતિ શ્રાપમાંથી મુક્તિ મેળવવા માટે અહીં ભગવાન શિવની તપસ્યા કરી હતી. તેથી તે સોમ + નાથ કહેવાય છે. આ મંદિર ઋગ્વેદ જેટલું પ્રાચીન હોવાનું માનવામાં આવે છે. આ મંદિરના સ્થળેથી દક્ષિણ ધ્રુવ સુધી કોઇ જમીન ન હોવાથી તે Zero abstraction point કહેવામાં આવે છે. સોમનાથનું સ્વાભિમાન કોઇ એક સરકારનો કાર્યક્રમ નથી. તે કૉંગ્રેસના રાષ્ટ્રનિર્માણના સંકલ્પનું પરિણામ છે. સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સરદાર વલ્લભભાઇ પટેલ અને ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા વર્ષ ૧૯૫૧માં કરવામાં આવી હતી. આ કૉંગ્રેસના સમયના મહારથીઓ હતા જેમણે કોઇ ઇવેન્ટ મેનેજમેન્ટ સિવાય આ કાર્ય પૂરું કર્યું હતું. આજના સમયે દાદાના નામે યાત્રા કાઢે છે તે તેમની સ્વાભિમાન યાત્રા નહીં પણ પ્રજાના પૈસે થતું પ્રદર્શન છે. આજે સોમનાથના નામે રેલીઓ કરે છે, પોસ્ટરો લગાવે છે, યાત્રાઓ કરે છે પણ હું પૂછું છું કે, ઐતિહાસિક દસ્તાવેજોનો સ્વીકાર કરશે કે કૉંગ્રેસે આ ધાર્મિક અને રાષ્ટ્રીય ગૌરવ કાર્યનું નેતૃત્વ કર્યું? શું તેઓ આ ગૃહમાં સત્તાવાર રીતે કૉંગ્રેસના યોગદાનનો ઉલ્લેખ કરશે? જ્યારે દેશ સ્વતંત્ર થયો ત્યારે તે સમયે સોમનાથના પુન:નિર્માણમાં તમારો શું ફાળો હતો? રાજકીય પ્રચાર કરવો સરળ છે પણ કૉંગ્રેસનો સનાતન ધર્મ પ્રત્યેનો ઇતિહાસ આજે સરકાર દ્વારા સ્વીકારવો મુશ્કેલ છે. સોમનાથમાં જ્યારે યુદ્ધ થયેલું હતું ગીર અને પ્રભાસ વિસ્તારમાં છાપામાર પદ્ધતિથી થયેલું હતું. આ સમયે અમારા કોળી સમાજના વેગડાજી ભીલ અને હમીરજી ગોહિલ અને ત્યાંના કોળી સમાજના લોકો દ્વારા મંદિરને બચાવવા માટે માથાં દેવામાં આવેલા હતા. અમારા સમાજના લોકો ત્યાં મોટી વસતીમાં રહે છે.

બિન–સરકારી સંકલ્પો

ત્યાં તમામ સમાજના લોકો રહે છે અને વર્ષોથી મંદિરની સેવા કરે છે અને ત્યાં એમનો મોટો ફાળો હોય છે. તાજેતરમાં જ્યારે રાષ્ટ્રપતિજી સોમનાથ આવેલા હતા ત્યારે ત્યાંના ટ્રસ્ટ દ્વારા પૂજા માટે બહારના બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા હતા. ત્યાંનો હકક સોમપુરા બ્રાહ્મણ સમાજનો છે. કે મંદિરની ધાર્મિક વિધિમાં પ્રથમ અધિકાર સોમપુરા બ્રાહ્મણ સમાજનો હોય છે. સોમપુરા બ્રાહ્મણ સમાજને ત્યાં બોલાવવામાં આવ્યા ન હતો. સોમપુરા સમાજને તે તક આપવામાં આવી ન હતી. મંદિરની ધર્મિક વિધિમાં સોમપુરા સમાજનો પ્રથમ અધિકાર હોય છે ત્યારે તેમને હક આપવામાં આવ્યો ન હતો અને તેઓએ આંદોલન પણ કરેલું હતું. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે, સોમનાથ મંદિરનો વિકાસ થાય તેમાં અમને કોઇ વાંધો નથી પણ વિકાસના નામ ઉપર જે ડીમોલેશન કરવામાં આવે છે, લોકોના ઘર પાડવામાં આવે છે, તેમની દુકાનો પાડવામાં આવે છે, મસ્જિદ પાડવામાં આવે છે, દરગાહ પાડવામાં આવે છે, મંદિર પાડવામાં આવે છે. શંખના સર્કલે ખોડિયાર માતાનું મંદિર પાડવામાં આવ્યું છે. ત્યાં સાધુ સમાજ જે વર્ષોથી રહે છે તે સાધુ સમાજની સમાધિઓ રાત્રે જઇને જે.સી.બી.થી તોડી નાંખવામાં આવી હતી અને ત્યારે આવી અનેક જગ્યાઓએ મંદિરો પાડવામાં આવ્યાં હતાં ત્યારે મારી વાત પૂર્ણ કરું છું.

"नमः पार्वती पति, हर हर महादेव हर....."

ઉપાધ્યક્ષશ્રી : અંદર અંદર વાતો ન કરો. શાંતિ જાળવો.

શ્રી ભગાભાઇ ઘા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સરદારભાઇ ચૌધરી જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાત રાજ્યની નીતિઓ ઘડવાના મોટા મંદિરમાંથી વિશ્વના મોટા મંદિરના દાદાની પ્રાર્થના કરવા માટેનો મને આજે જે અવસર મળ્યો છે એટલે હું મારી જાતને ધન્ય અનુભવું છું. અમે દાદાની શકિતનો ત્યાં જાતે અનુભવ કર્યો છે. એક હજાર વર્ષ પૂર્ણ થવાના ઉત્સવને ઉજવવા માટેની તારીખ નક્કી થઇ અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ત્યાં પ્રાર્થના કરવા માટે આવવાનો સમય નક્કી થયો. તે પ્રોગામ નક્કી થાય અને ૬ દિવસમાં સ્વાભિમાન પર્વ ઉજવવા માટેનું કામ કરવાનું થાય ત્યારે ગુજરાત રાજ્યના પાંચ મંત્રીશ્રીઓ એ ઉત્સવમાં ભાગીદાર બનવા માટે, દાદાને દેશની અખંડિતતાની પ્રાર્થના કરવા માટે સોમનાથ આવ્યા અને વિચાર કર્યો કે દેશના વડાપ્રધાન જ્યારે પ્રાર્થના કરવા માટે સોમનાથ પધારતા હોય આપણે ૬ દિવસમાં તૈયારી કરવાની હોય ત્યારે માનનીય મંત્રી શ્રી અર્જુનભાઇ, શ્રી કૌશિકભાઇ, શ્રી હર્ષભાઇ સંઘવી, ડૉ. પ્રધુમનભાઇ, શ્રી જીતુભાઇ આ પાંચ મત્રીશ્રીઓ સહિત અમારા ત્યાંના સાંસદ અને શ્રી અનિરુદ્ધભાઇ દવે પણ સતત છ દિવસ ત્યાં હાજર હતા. અમે વિચાર કરતા હતા કે સાહેબનો પ્રોગ્રામ થાય છે વ્યવસ્થા કઇ રીતે કરીશું? દાદાનો પ્રસંગ છે, એક હજાર વર્ષ પછી આવ્યો છે, આપણે ઊજવવો છે, સારી રીતે ઊજવવો છે, ઇતિહાસમાં નામ લખાય એવો ઊજવવો છે. એ વિચાર કરીને કામ કરવા માટે નીકળ્યા. છ દિવસની પ્રક્રિયામાં કામ કરવાનું હતું. દાદાને પ્રાર્થના કરી અને દાદાએ શકિત આપી. ન ભૂતો ન ભવિષ્યતિ એવું એ પર્વ સોમનાથમાં દેશના વડાપ્રધાન આવ્યા ત્યારે ઊજવવામાં આવ્યું. આ દાદાની તાકાત છે. સરદાર વલ્લભભાઇ પટેલને અને સોમનાથની એ પવિત્ર ભૂમિ માટે મારા મિત્રોશ્એ નામ લીધા એવા હમીરજી ગોહિલ અને વેગડાજી ભીલને પણ હું અહીંયાથી નમન કરું છું. મને પોતાને યાદ છે, અમે બહુ નાના હતા ત્યારે અમે સોમનાથ જતા ત્યાં એક ટોપલાવાળા બહેન ફૂલ વેચવા માટે સવારથી સાંજ સુધી બેસતા ત્યારે પાંચ–દસ ફૂલ વેચાતા હતા. એટલા જ યાત્રિકો ત્યાં દર્શન કરવા આવતા. આજે ટોપલા ભરીને બેસે અને બે કલાકમાં એના ફૂલ વેચાઇ જાય એટલી રોજગારી ઊભી કરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિઝન સાથે સોમનાથમાં કરી છે. આ વાતનો વિચાર કરી લેવો જોઇએ. એમાં મારા પોતાના પરિવારમાંથી મારા સ્વ.પિતાશ્રી પણ ત્યારે ગ્રામરક્ષક દળના કમાન્ડર હતા. સોમનાથના રક્ષણ માટે રાત્રિના સમયે સોમનાથમાં વર્ષ ૧૯૭૧ના યુદ્ધમાં પણ જતા હતા એ ભૂમિમાં મને જન્મ લેવાનો અવસર મળ્યો એ માટે હું મારી જાતને ધન્યતા અનુભવું છું. સોમનાથ ખંડિત થયા પછી જીર્ણોદ્ધાર કરવાનો સમય આવ્યો ત્યારે એ માટે સરદાર વલ્લભભાઇ પટેલે સમુદ્રમાંથી પાણી લઇને સંકલ્પ કર્યો કે હું સોમનાથનો જીર્ણોદ્ધાર કરવા માટે નીકળું છું અને હું જીર્ણોદ્ધાર કરીશ. તે વખતે કૉંગ્રેસની સરકાર દિલ્હીમાં હતી, જવાહરલાલ નહેરુ પ્રધાનમંત્રી હતા, સરદાર વલ્લભભાઇએ કીધું કે સોમનાથનો જીર્ણોદ્ધાર કરવા માટે પૈસાની જરૂર છે ત્યારે એ કૉંગ્રેસના નેતાઓએ સોમનાથનો જીર્ણોદ્ધાર કરવા માટે પૈસાની આપવાની ના પાડી દીધી હતી.(અંતરાય) એ દિવસો પણ વિચારી લેવા જોઇએ. મારા સાથી મિત્રોએ કીધું છે કે, લોકોની જમીન લઇ લે છે, લોકોના મકાન તોડી નાંખે છે, લોકોની મસ્જિદ તોડી નાંખે છે, લોકોના મંદિર તોડી નાંખે છે. કોઇનું કાયદેસરનું મકાન તોડવામાં આવ્યું નથી. જે કાંઇ તૂટ્યુ છે એ સરકારની મિલકતમાં બિન કાયદેસર ઊભી કરેલ નડતર વસ્તુ તોડવામાં આવી છે. આજે વિધાનસભાના ફ્લોરમાંથી કહું છું કે કોરીડોર બનાવવા માટેની જમીન.....

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ. વિમલભાઇ આપનું શું છે? માનનીય સભ્યશ્રી તમે બેસો. શ્રી વિમલભાઇ આપ બોલો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. શ્રી ભગાભાઇએ કહ્યું કે આ જે તોડી નાંખવામાં આવ્યું... પણ કોઇ નોટિસ આપ્યા વગર લોકો ૬૦–૬૦ વર્ષથી લોકો રહેતા હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી વિમલભાઇ, એ બધી વહીવટી પ્રક્રિયા છે. (અંતરાય)

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આવા પુરાવા છે એની આગળ. આ ગેરમાર્ગે ખોટું દોરાય છે.

બિન–સરકારી સંકલ્પો

ઉપાધ્યક્ષશ્રી :સરકારી જમીન ઉપરની વાત કરી છે કે સરકારી જમીનનું દબાણ હટાવી....(અંતરાય) આપ બેસો. નો પોઇન્ટ ઓફ ઓર્ડર. માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન ચાલુ રાખો. આપ બેસો. ઊભા ન થાવ.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારી મારા સાથી મિત્રને વિનંતી છે કે કોઇપણ કાયદેસરનું મકાન, મંદિર કે મસ્જિદ તોડી હોય તો પુરાવા આપે. અમારી તૈયારી છે. આજે ગુજરાતના કોઇપણ ખૂણામાં ગેરકાયદેસર બાંધકામ હશે ત્યાં દાદાનું બુલડોઝર પહોંચશે એની પણ આપણે તૈયારી રાખવાની છે. સોમનાથના કોરિડોર માટે એક ઇંચ જમીન કોઇની દાદાગીરીથી લેવામાં આવતી નથી. જેમણે કયારેય વિચાર કર્યો નહીં, સોમનાથમાં કોઇ દિવસ રકમ નહીં અપાયેલ હોય એનાથી ચાર ગણા રૂપિયા ગુજરાતની સરકાર ત્યાં આપે છે. લોકો દ્વારા પ્રેમથી, સામેથી આવીને પોતાની મિલકત અને જમીન આપવા માટે લાઇનો લાગી છે. મારી વિનંતી છે કે સોમનાથને એની તાકાત સમજીએ. સોમનાથમાં એની ઊર્જા લેવા માટે કયારેક જઇએ. ૐ કલાકના ઓમના જાપ થયા છે. અમે બધા ગયા. અમારા શ્રી અર્જુનભાઇ અહીંયા બેઠાં છે. શ્રી કૌશિકભાઇ બેઠાં છે. અમે જાતે ત્યાં ગયા. અમે દસ મિનિટ બેઠા ત્યારે જે અનુભવ થયો, જે ઊર્જા મળી, જે શક્તિઓ મળી ત્યારે આપણે વિચાર કરી લેવો જોઇએ એક હજાર વર્ષ પછી પણ મારો સોમનાથ દાદા હાજરાહજુર બેઠો છે. આ દેશની અખંડિતતા માટે, આ દેશના રક્ષણ માટે, સનાતન ધર્મ માટે એની ધજા હજાર વર્ષ પછી પણ ફરકતી રહી છે. એનો વિચાર કોને આવ્યો? દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને. અમારા પરિવારના સભ્યો, પ્રભાસ ક્ષેત્રની ભૂમિમાં રહેનારા લોકો આકાઓથી કોઇપણ વિધર્મીઓ હતા એનાથી ત્રાસીને તામિલનાડુમાં હજાર વર્ષ પહેલાં જે પરિવાર શિફ્ટ થઇ ગયા હતા એને યાદ કરીને સોમનાથમાં તામિલ સંગમ યોજીને દસ દિવસનો પ્રસંગ ભવ્ય રીતે ઊજવવાનું કામ જો કોઇએ કર્યું હોય તો દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. હું આપના મારફત એમને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સદનમાં મારા સાથી સભ્ય શ્રી સરદારભાઇ ચૌધરી જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો સાથે સમર્થન રજૂ કરું છું.

सौराष्ट्रदेशे विशदेऽतिरम्ये ज्योतिर्मयं चन्द्रकलावतंसम्।

भक्तिप्रदानाय कृपावतीर्णं तं सोमनाथं शरणं प्रपद्ये॥

માનનીય અધ્યક્ષશ્રી, આ સોમનાથ મહાદેવને આપણે સૌ બહું જયકાર સાથે વધાવીએ. બોલો, નમઃ પાર્વતી પતિયે હરહર મહાદેવ. ધન્યવાદ. દેશના યશસ્વી અને તપસ્વી પ્રધાનમંત્રીશ્રી, હું તપસ્વી પ્રધાનમંત્રી શબ્દ એટલા માટે વાપરું છું કે એમણે આ ભારતમાતાના પરમ વૈભવને શિખર ઉપર લઇ જવા માટેનું જે તપ આદર્યું છે અને એ તપની સાથે સાથે ભગવાન સોમનાથની શક્તિ ભળે એના માટેનો જપયજ્ઞ પ્રારંભ કર્યો છે એટલે યશસ્વી અને તપસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સોમનાથ સ્વાભિમાન પર્વનું આયોજન કરવામાં આવ્યું. અહીંથી એમ કહેવામાં આવ્યું, પૂછવામાં આવ્યું. ચર્ચામાં કેટલાક સાથી મિત્રોએ મૂક્યું કે આ ઇવેન્ટ છે. મિત્રો, આ માનવઃ ખલભૂત્સવ પ્રિયઃ લોકોને ઉત્સવ સદૈવ પ્રિય હોય છે અને ભગવાન શિવ તો સદાયે તાંડવ કરનારો, ડમરું વગાડનારો અને જેના પાસે અનેકજાતના યંત્રો, વાજિંત્રો વાગતા હોય છે એવા સોમનાથ દાદાના ઉત્સવ સાથે જોડતું પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ સ્વાભિમાન પર્વનું આયોજન કર્યું. સ્વાભિમાન પર્વ, શેનું સ્વાભિમાન? આપણા પોતાના સ્વદેશીપણાનું સ્વાભિમાન. આપણા પોતાના ગૌરવનું સ્વાભિમાન. પરાવલંબી થઇ અનેક વિધર્મી આક્રંતાઓએ સોમનાથ મંદિરનો ધ્વંસ કર્યો હતો એની સામે ફરીથી ગૌરવશાળી હૃદયનો ભાવ રાખી એ સ્વાભિમાન જગાવીએ એટલા માટે આ સ્વાભિમાન પર્વ છે. અહીંથી જે વાત થઇ, સોમનાથ મંદિરની બાજુમાં એક બાણાર્ક છે. આપ પણ ગયા હશો અને આપના માધ્યમથી ગુજરાતની પ્રજાને કહેવા માગું છું કે, ત્યાં બાણાર્ક ઉપર જોઇએ તો બાણાર્ક એટલે શું? સમુદ્રીયમ્ ભૂમિપર્યંતમ્, એટલે કે સોમનાથ મંદિરના દક્ષિણ દ્વારામાંથી બહાર નીકળીએ તો ત્યાં એક બાણ દોરેલું છે, તીર દોરેલું છે ત્યાંથી ૧૧ હજાર કિલોમિટર સુધી કોઇ ભૂમિ નથી. સીધુ દક્ષિણ ધ્રુવ આવે છે. આ મુદ્દો આ બિંદુ આપણા વડીલોને, આપણા ઋષિમુનીઓને ખબર હતી અને ત્યારે ત્યાં બાણ એટલે કે બાણાર્ક મૂકેલું હતું. એ વખતે કોઇ વિજ્ઞાન ન હતું, કોઇ ગુગલ ન હતું પરંતુ એ વખતે પોતાની શક્તિ અને સમજથી, એમણે કરેલી તપસ્યાના કારણે લોકોને દિશા બતાવી હતી એ બાણાર્ક આજે પણ ત્યાં મોજુદ છે. પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ દર વખતે જ્યારે દર્શન કરવા આવે છે ત્યારે બાણાર્ક પાસે બેસીને પોતે ત્યાં ઓમકારનો જાપ કરે છે. આ વખતે પણ ત્યાં ૐ કલાકનો ઓમકારના જાપનું આયોજન થયું.

ॐकारं बिंदुसंयुक्तं नित्यं ध्यायंति योगिनः।

कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥

આ ઓમકાર એ પૂર્ણનો ભાવ છે. કોઇ જાતિ, જ્ઞાતિ, ભેદભાવ એ બધાથી વિમુક્ત થઇએ. એ જે ઓમકાર છે એનો ૐ કલાકનો જાપ ત્યાં થયો છે. અહીંથી માનનીય શ્રી ભગાભાઇએ વાત કરી કે ત્યાં આવી વસ્તુ હતી. આ ગૃહના નેતા આદરણીયશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ, શ્રી જીતુભાઇ, શ્રી અર્જુનભાઇ, શ્રી કૌશિકભાઇ અને ડો. પ્રધુમનભાઇ વાજા વગેરે આખી સરકાર સોમનાથ દાદાની સેવામાં, કારણ કે સોમનાથનું જે ગૌરવ છે. આ મંદિર એક હજાર વર્ષ પહેલા તો ભગ્ન થયું હતું. પરંતુ મૂળ કથાનક એવું છે કે ચંદ્રને ૨૭ પત્નીઓ હતી. દક્ષ પ્રજાપતિને ૨૭ દીકરીઓ હતી અને એમાં ચંદ્રને રોહિણી નામની પત્ની સાથે વિશેષ લગાવ હતો. બાકીની ૨૬ બહેનો જે એની સગી ભગીની હતી એમણે એમના પિતાને

ફરિયાદ કરી કે, આ ચંદ્ર અમારા સાથે ભેદભાવ કરે છે. એના કારણે એના પિતા દક્ષ પ્રજાપતિએ ચંદ્રને શ્રાપ આપ્યો કે તારો ક્ષય થઇ જશે. ચંદ્ર ગભરાયો કે મારો ક્ષય થશે. આથી ચંદ્રએ ભગવાન શિવની ઉપાસના કરી. ભગવાન શિવજી પ્રસન્ન થયા. એ ક્યાં પ્રસન્ન થયા? તો મેં શરૂઆતમાં કહ્યું એમ સૌરાષ્ટ્ર દેશે....એ સૌરાષ્ટ્ર દેશની અંદર ચંદ્રની કલા જે ક્ષય થતી હતી એને અવતીર્ણ કરવા માટે, એના ઉદ્ધાર માટે ભગવાન સોમનાથ ત્યાં પ્રગટ થયા. પ્રસન્ન થયા અને કહ્યું કે હું તારો શ્રાપ નષ્ટ નહીં કરી શકું. પરંતુ ૧૫ દિવસ તું વૃદ્ધિ પામીશ અને ૧૫ દિવસ તારો ક્ષય થશે. આજે પણ સનાતન પરંપરા હાજરાહજૂર છે. આપણે જોઇએ છીએ કે શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ તિથિ અનુસાર ચંદ્રમા આકાશની અંદર દરરોજ વધતો દેખાય, પૂર્ણિમાએ પૂર્ણ કળાએ હોય અને ત્યાર પછી ચંદ્ર ઘટતો દેખાય અને અમાવસ્યાએ એ ચંદ્ર અદ્રશ્ય બની જાય. આ જે સ્થિતિ છે એ સંપૂર્ણ વિજ્ઞાનની સ્થિતિ છે. આ વિજ્ઞાન એ જ આપણું સનાતન છે. એ સનાતની પરંપરાને અત્યારે લઇ રહ્યું છે. એટલા માટે આ સ્વાભિમાન છે. કારણ કે આપણા વડિલો, આપણા ઋષિમુનીઓએ શોધેલું આ વિજ્ઞાન છે. આ સોમનાથ પર્વનો પ્રારંભ ૧૧ તારીખથી શરૂ થયો. ૧૦મી તારીખે દેશના યશસ્વી અને તપસ્વી પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ જ્યારે આવ્યા ત્યારે એ દિવસે પોતે સંધ્યા આરતીમાં ભાગ લીધો હતો. એમની કાર છેક મંદિર સુધી જઇ શકતી હોત. લોકોને અટકાવી શક્યા હોત. પરંતુ દેશના પ્રધાનમંત્રીએ પોતે ખુલ્લા પગે ચાલીને મંદિર પરિસરથી ચાલતા ચાલતા ભગવાન સોમનાથ સામે નતમસ્તક થયા. આમ પ્રજા પણ દર્શન કરવા આવતી હતી અને સામાન્ય લોકો પણ દર્શન કરતા હતા ત્યારે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ત્યાં સંધ્યા આરતી કરીને ઓમકારના જાપમાં ભાગ લીધો. ત્યારપછી એ દિવસે વિવિધ ક્ષેત્રોના અલગ અલગ સુંદર મજાના કલાકારો દ્વારા ત્યાં સારી એવી ભક્તિનું અને ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું એમાં લોકો જોડાયા. હું એ ધ્યાન દોરવા માગું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ પણ ત્યારે ત્યાં વ્યવસ્થા જોવા આવ્યા હતા. પરંતુ ચારેબાજુથી લોકો હતા એ હજારો અને લાખોની સંખ્યામાં દર્શન કરવા આવતા હતા. એ પણ રોકાઇ ગયા હતા ત્યારે મુખ્યમંત્રીશ્રીનો રોડશો કુદરતી રીતે થઇ ગયો હતો. એ પ્રકારે દાદાના શરણે જ્યારે દાદા આવ્યાં ત્યારે લોકોનું અભિવાદન પણ એમણે ઝીલ્યું હતું. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ સમગ્ર ભારત વર્ષની અંદર સોમનાથ સ્વાભિમાન પર્વનું આયોજન કર્યું હતું. એમાં હમણાં અહીંથી વાત પણ થઇ કે સોમનાથ સૌરાષ્ટ્ર તમિલ સંગમ આપણા ભાઇઓ વિધર્મીઓના આક્રમણના કારણે જતા રહ્યાં હતા અને અહીંથી જે વાત થઇ એમાં એ વખતે બ્રાહ્મણોએ પણ પોતાના બલિદાન આપ્યાં હતા. સવામણ જનોઇ ખાલી બ્રાહ્મણોની ભેગી થઇ હતી એટલા બ્રાહ્મણોએ બલિદાન આપ્યાં હતા. આ સોમનાથ દાદા કંઇ જાતિ–પાતિ માટે નથી. ભગવાન સોમનાથ મહાદેવનો દરબાર બધા માટે આવશ્યક છે. બધાનું ભલું કરે છે એટલે જ એનું નામ શિવ અને કલ્યાણ છે, એટલા માટે સોમનાથ પર્વના સ્વાભિમાનનો કાર્યક્રમ ઘડાયો હતો. જે ઐતિહાસિક પર્વ માટે (અંતરાય) વર્તમાન અને ભવિષ્ય માટે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. ડૉ. પ્રધુમન વાજા.

ડૉ. પ્રધુમન ગ. વાજા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પવિત્ર ગૃહમાં જ્યારે સોમનાથ સ્વાભિમાન પર્વ પર બિનસરકારી સંકલ્પ પ્રભારી સભ્ય માનનીયશ્રી સરદારભાઇ ચૌધરી પ્રસ્તાવ લાવ્યાં છે ત્યારે તેના સમર્થનમાં વિચારો રજૂ કરવા મારા માટે ખૂબ જ ગર્વ અને ઉત્સાહની લાગણી છે એ બદલ હું ગૃહનો ખૂબ ખૂબ આભાર માનું છું.

સોમનાથ પર્વના સંકલ્પ વિષે વાત કરતા પહેલા હમણાં જ્યારે સોમનાથ મહાદેવનો જયકારો થયો ત્યારે કોંગ્રેસના અમુક મિત્રોએ શરમના માર્યા હાથ ઊંચા નહોતા કર્યાં. પરંતુ પોતાના પાર્ટીના પ્રતીક તરીકે હાથ ઊંચો કરવાનો ફરી એક વખત આપણે એમને મોકો આપીએ. બોલો "**नमः पार्वती पतये हर हर महादेव हर।**" છતાં પણ હજુ હાથ ઊંચો નહિ થાય. આ સોમનાથ મહાદેવ એ કોઇ સાધારણ મંદિર નથી. સૌરાષ્ટ્રે સોમનાથંમ ચ, "**श्री शैले मल्लिकार्जूनम्, उज्जनियाम् महाकालम्, ओंकारम् ममलेश्वरम्।**" આ બાર જ્યોર્તિલિંગમાંથી પ્રથમ એવા આદિ જ્યોર્તિલિંગ ભગવાન સોમનાથ એ ભારત વર્ષની આસ્થા, ગુજરાતની અસ્મિતા અને સનાતની સંસ્કૃતિના સ્વાભિમાનનું આ જીવંત પ્રતિક છે. ઇતિહાસ સાક્ષી છે કે મહંમદ ગઝની, ક્રૂર અને ઝનૂની વિદેશી આક્રાંતાઓએ આ પવિત્ર શિવાલયને વારંવાર તોડવાની કોશિશ કરીને જમીનદોસ્ત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ એ આક્રાંતાઓ ભૂલી ગયા કે તેઓ હથોડાથી પથ્થરના શિખર તો તોડી શકશે પણ આ દેશના કરોડો હિન્દુઓના હૃદયમાં ધબકતી સનાતન આસ્થાને ક્યારેય નાશ કરી શકતા નથી. એટલું હું ચોક્કસ કહીશ કે,

"**जो तुटा वो झुका नहीं, तोडनेवाले तूट गए, लेकिन मंदिर आज भी खड़ा है।**"

પણ કમનસીબે જે રીતના મિત્રો હાજર નથી. પોતાના વિચાર રજૂ કરીને ગયા છે અને જે રીતના એમણે સોમનાથ સ્વાભિમાન પર્વનો વિરોધ કર્યો ત્યારે મને એક વાક્ય કહેવાનું મન થાય છે કે ગઝની હજુ મર્યા નથી. ગઝની હજુ જીવે છે. મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું સરદાર પટેલનું સપનું હતું. ત્યારે તેને સાકાર કરવાનું જે બીડું માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને શ્રી હર્ષભાઇ સંઘવીજીના નેતૃત્વમાં સોમનાથ સ્વાભિમાન પર્વનું આયોજન થયુ ત્યારે એનો પણ વિરોધ દર્શાવે છે કે આ સરદાર પટેલ વિરોધની માનસિકતાવાળી વર્તમાનની કોંગ્રેસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આઝાદી મળી પછી તરત જ જયારે વલ્લભભાઇ પટેલે પ્રભાસ પાટણની એ પવિત્ર ધરતીની મુલાકાત લીધી ત્યારે ખંડિત અને ભગ્ન અવસ્થામાં જે સોમનાથ મહાદેવને જોઇ અને સરદાર સાહેબનું હૃદય દ્રવી ઉઠયું. અને તે જ વખતે અરબી સમુદ્રના કિનારે ઉભાં રહી અને હાથમાં સમુદ્રનું જળ લઇ અને સરદાર પટેલે ઐતિહાસિક સંકલ્પ કર્યો હતો કે, આ ભારતનું ગૌરવ ફરીથી શિખરબંધ થશે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં વાત ન કરો, અંદરો અંદર કોમેન્ટ નહીં. માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન આપ ચાલુ રાખો.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ ગૃહમાં વિપક્ષના મિત્રો બેઠાં છે ત્યારે મારે આ દેશની આસ્થા પર થયેલા એક ઐતિહાસિક રાજકીય પ્રહારનો ચોક્કસ ઉલ્લેખ કરવો છે. જયારે આ સોમનાથ મંદિરનું નિર્માણ પૂરું થયુ ૧૧મી મે,૧૯૫૧માં તેની પ્રાણ પ્રતિષ્ઠાનો ઐતિહાસિક અવસર આવ્યો ત્યારે દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્ર પ્રસાદજીને આમંત્રણ આપવામાં આવ્યું. આજે હું ત્રણ પત્રનો ઉલ્લેખ કરીશ એક રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્ર પ્રસાદજીનો, બીજો જવાહરલાલ નહેરુજીએ જામસાહેબની ઉપર લખેલા પત્રનો અને ત્રીજો ક.મા. મુનશીજીને જે પત્ર લખેલા તેનાથી જે હમણાં વાત કરી તે સાબિત થઇ શકશે કે કોણ દેશના વિરોધી હતા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજેન્દ્રબાબુએ અત્યંત હર્ષ સાથે આ આમંત્રણ સ્વીકાર્યું પરંતુ કોંગ્રેસની તૃષ્ટીકરણની માનસિકતા જુઓ, તત્કાલિન વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરુએ ભારતના રાષ્ટ્રપતિને પત્ર લખી અને સોમનાથની પ્રાણપ્રતિષ્ઠામાં જવાની ખુલ્લેઆમ ના પાડી દીધી હતી. નહેરુજીએ તેને હિન્દુ પુનઃરુત્થાન ગણી અને તેનો વિરોધ કર્યો હતો. જે લોકો આજે સેકયુલરીઝમના નામે રાજનીતિ કરે છે તેમના પૂર્વજોએ સોમનાથ મહાદેવની પ્રાણપ્રતિષ્ઠાનો પણ વિરોધ કર્યો હતો પણ ધન્ય છે ડો.રાજેન્દ્ર પ્રસાદજીને કે જેમણે વડાપ્રધાનનો એ પત્ર ફગાવી અને ગર્જના કરતાં કહ્યું હતું કે હું એક શ્રદ્ધાળું હિન્દુ છું, મને તેનો ગર્વ છે અને દેશનો રાષ્ટ્રપતિ હોવા છતાં પણ મને મારી આસ્થા પ્રગટ કરવાનો પૂરો અધિકાર છે અને રાજેન્દ્ર બાબુ જાતે આવી અને સોમનાથના શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરી.

માનનીય અધ્યક્ષશ્રી, આ પત્રના અંતિમ ફકરામાં પંડિત નહેરુ દેશના રાષ્ટ્રપતિને સોમનાથ મહાદેવના કાર્યક્રમમાં ન જવા માટે દબાણકર્તા જે શબ્દો છે તે અક્ષરશઃ હું આ ગૃહમાં ટાંકવા માગું છું. તેઓ લખે છે કે, હું કબૂલ કરું છું કે સોમનાથ મંદિરના ભવ્ય ઉદઘાટન સાથે તમારે જોડાવું મને પસંદ નથી. આ માત્ર કોઇ મંદિરે સામાન્ય દર્શન કરવા જેવી વાત નથી. દર્શન કરવા તો તમે કોઇ પણ જઇ શકે પરંતુ આ એક એવા મોટા કાર્યક્રમમાં ભાગ લેવાની વાત છે જેના દુર્ભાગ્ય વશ, માનનીય અધ્યક્ષશ્રી, શબ્દ પ્રયોગ જુઓ કે જેના દુર્ભાગ્યવશ કેટલાક ખોટા અર્થો ઇમ્પ્લિકેશન્સ નીકળી શકે છે. વ્યકિતગત રીતે મારું માનવું છે કે, સોમનાથમાં મોટાપાયે બાંધકામ પર ભાર મૂકવાનો આ સમય ના હતો. આ કામ ધીમે ધીમે કદાચ પાછળથી વધુ અસરકારક રીતે કરી શકાયુ હોત. જોકે આ કામ થઇ ગયુ છે મને લાગે છે કે, તમે આ કાર્યક્રમની અધ્યક્ષતા ના કરો તો વધુ સારું રહેશે. આ પત્ર વાંચ્યા પછી કોઇ પણ સ્વાભિમાની સાચા ભારતીયનું અને ગુજરાતીઓનું લોહી ઉકળી ઉઠે. આ પત્રના એક એક શબ્દમાં કોંગ્રેસની હિન્દુવિરોધી અને સાંપ્રદાયિક તૃષ્ટીકરણની માનસિકતા અને નીતિ છતી થાય છે. આજે કોંગ્રેસના વિપક્ષને સવાલ કરવા છે કે, કયા ખોટાં અર્થ Implicationsનો તમને ડર હતો? (અંતરાય) સૌથી મોટા પ્રતીક એવા સોમનાથ મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા કરવાથી એવા કયા ખોટાં અર્થ નીકળવાના હતા? શું તેમને ચોક્કસ વોટબેન્ક નારાજ થઇ જવાનો ડર હતો? દેશના રાષ્ટ્રપતિ મહાદેવના દર્શને જાય તેમાં દેશના વડાપ્રધાનને શેનું દુર્ભાગ્ય દેખાતું હતું? આ બાંધકામનો સમય નહોતો એવુ કહી સરદાર સાહેબની પીઠ પાછળનો આ ઘા છે. (અંતરાય) જો સરદાર પટેલ ના હોત કોંગ્રેસે સોમનાથના નિર્માણને કાયમ માટે અભેરાઇ પણ ચડાવી દીધુ હોત. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સાહેબે જે કામ ગર્વથી કર્યું તેને કોંગ્રેસના વડાપ્રધાન '' ખોટા સમયે થયેલું બાંધકામ '' ગણાવતા હતા. આ સરદાર પટેલના ઐતિહાસિક સંકલ્પનું સરેઆમ અપમાન છે. લોકફાળાથી બનેલ મંદિરનો અને રાષ્ટ્રપતિની શ્રદ્ધાનો વિરોધ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેઠાં બેઠાં નહીં બોલો. આપનો શું પ્રશ્ન છે? માનનીય મંત્રીશ્રી ઇતિહાસની વાત કરે છે, પત્રની વાત કરે છે. એમણે જે લખેલું છે તે વાંચે છે. માનનીય મંત્રીશ્રી આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરના રાજવી જામ સાહેબશ્રી દિગ્વિજયસિંહજીને પત્ર લખીને કેવી સલાહ આપી હતી તે હું પુરાવારૂપે આ સદનમાં ટાંકવા માંગું છું. જામ સાહેબ તો વસુધૈવ કુટુંમ્બકમ્ નો સંદેશ સમગ્ર વિશ્વને આપ્યો હતો અને પોર્ટુગલના લોકોને વલ્ડ વોર–૨, વિશ્વયુદ્ધ બીજા વખતે ગુજરાતમાં આશરો આપ્યો હતો એવા જામસાહેબ વિરુદ્ધ તે લખે છે, તેવા જામ સાહેબ વિરુદ્ધ લખે છે કે, મારા પ્રિય જામસાહેબ, સોમનાથ મંદિરમાં યોજાનારા આગામી પ્રાણ–પ્રતિષ્ઠા સમારોહ અંગે હું ખૂબ જ ચિંતિત છું. જો આ માત્ર એક ખાનગી કાર્યક્રમ હોત, તો મારે તેની સાથે કોઇ નિસ્બત ન હતી. પરંતુ એવી વ્યાપક માન્યતા પ્રવર્તે છે કે, આ એક સરકારી કાર્યક્રમ છે. કેટલાક લોકો માને છે કે ભારત સરકાર આની સાથે સંકળાયેલી છે અને નિશ્ચિતપણે લોકો એવું માને છે કે સૌરાષ્ટ્ર સરકાર આની સાથે સંકળાયેલી છે. વાસ્તવમાં અખબારોમાં એવા સમાચાર છપાયા છે કે સૌરાષ્ટ્ર સરકાર આ પ્રાણ–પ્રતિષ્ઠા સમારોહ પાછળ રૂપિયા ૫ લાખનો ખર્ચ કરવાની છે. જયાં સુધી ભારત સરકારનો પ્રશ્ન છે, હું સંસદમાં પૂછનારા પ્રશ્નોના જવાબમાંએ બિલકુલ સ્પષ્ટ કરી દેવા માગું છું કે ભારત સરકારને આ બાબતે કોઇ જ લેવા દેવા નથી. સાહેબ આ ભારત દેશના એ વખતના વડાપ્રધાન સ્વીકારે છે કે

બિન–સરકારી સંકલ્પો

મારે અને સોમનાથ મંદિરને કોઇ લેવાદેવા નથી. પરંતુ સૌરાષ્ટ્ર સરકાર વિશે હું ભાગ્યે જ એવું કહી શકું તેમ છું. જો કે મને લાગે છે કે સરકાર તરીકે તેમનું આમાં જોડાવું યોગ્ય નથી અને તેમણે આના પર સરકારી ભંડોળ ખર્ચવું જોઇએ નહીં. મેં આ અંગે મુખ્યમંત્રીશ્રીને પણ પત્ર લખ્યો છે. મારી વાસ્તવિક મુશ્કેલી એ છે કે રાષ્ટ્રપતિ આ સમારોહમાં જઇ રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, દેશના રાષ્ટ્રપતિ કોઇ મંદિરમાં જાય એને પોતાની મુશ્કેલી ગણે છે. સાહેબ ખૂબ લાંબો લેટર છે, આખો વાંચતો નથી. મને એ જાણીને આશ્ચર્ય થયું કે તમે આપણા વિવિધ વિદેશી દૂતાવાસો (મિશનો)ને એક પરિપત્ર જારી કરીને તેમના દેશોની નદીઓના જળ અને કેટલીક જગ્યાએથી માટી મોકલવા જણાવ્યું હતું. કેટલાક વિદેશી દૂતાવાસોએ અમારી સમક્ષ આનો વિરોધ નોંધાવ્યો છે અને ધ્યાન દોર્યું છે કે આનાથી તેઓ ખૂબ જ કફોડી સ્થિતિમાં મૂકાયા છીએ. મને સમજાતું નથી કે હું આ બાબતમાં શું કરી શકું ? બરાબર હતું સાહેબ તેમને કંઇ સમજાય એવું હતું જ નહીં. પરંતુ જયારે પણ તક મળશે ત્યારે મારે એ બિલકુલ સ્પષ્ટ કરવું પડશે કે સરકાર તરીકે અમે આ સમારોહ સાથે સંકળાયેલા નથી. સાહેબ, હિન્દુસ્તાનમાં રહી અને પાકિસ્તાનની ચિંતા કરે છે. પાકિસ્તાન નિઃશંકપણે આપણે બિનસાંપ્રદાયિક રાજય નથી તેવું સાબિત કરવા માટે આનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી રહ્યું છે. અરે, પાકિસ્તાનની ચિંતા કરવાની જરૂર નથી, હિંન્દુસ્તાનની ચિંતા કરો. વધુમાં લખ્યું છે કે એક ખોટી વાર્તાના આધારે બિચારા અફઘાનિસ્તાનને પણ આમાં ઘસડી લાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના પ્રથમ વડાપ્રધાનને પત્રમાં એ વાતનો ડર સતાવી રહ્યો છે કે પાકિસ્તાન આનો ફાયદો ઉઠાવશે અને વિદેશોઓના મનમાં શું છાપ પડશે? જે આક્રાંતાઓએ આપણું મંદિર તોડ્યું હતું એમના દેશો શું વિચારશે એ ડરથી તમે કરોડો હિન્દુઓની આસ્થાને તરછોડી દેશો? પોતાના જ દેશના સાંસ્કૃતિક ગૌરવની પુનઃસ્થાપનામાં આ કૉંગ્રેસને પાકિસ્તાનનું સર્ટિફિકેટ જોઇતું હતું. આ તેમની ગુલામી માનસિકતાનો જીવતો જાગતો પુરાવો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે આજ શ્રેણીનો ત્રીજો અને અત્યંત સનસનાટીભર્યો ઐતિહાસિક પત્ર છે જે દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ સોમનાથ મંદિરના નિર્માણના મુખ્ય શિલ્પીઓ પૈકીના એક એવા ગુજરાતના જ પનોતા પુત્ર શ્રી કનૈયાલાલ મુનશી (ક.મા.મુનશી) ને લખ્યો હતો. આ પત્ર તા. ૨૨ એપ્રિલ, ૧૯૫૧ ના રોજ નવી દિલ્હીથી લખવામાં આવ્યો હતો.. હું ગૃહના રેકોર્ડ ઉપર આ પત્ર અક્ષરશઃ ટાંકવા માગું છું.

શ્રી કે. એમ. મુનશીને, નવી દિલ્હીથી,

તા. ૨૨ એપ્રિલ, ૧૯૫૧

મારા પ્રિય મુનશી,

વિદેશોમાં એવી છાપ ઊભી થઇ છે કે સોમનાથનો પ્રાણ–પ્રતિષ્ઠા સમારોહ વધતે ઓછે અંશે એક સરકારી કાર્યક્રમ છે, તેનાથી હું ખૂબ જ વ્યથિત છું. એ વ્યકિત વ્યથા અનુભવે છે. સંસદમાં આ અંગે પ્રશ્નો પૂછાવાના છે અને હું એ સ્પષ્ટ કરી દેવાનો છું કે ભારત સરકારને આની સાથે કોઇ જ લેવાદેવા નથી. આ પ્રાણ–પ્રતિષ્ઠા સમારોહ પાછળ રૂપિયા પાંચ લાખ ખર્ચવાનો નિર્ણય લીધો છે. મારું માનવું છે કે કોઇપણ સમયે સરકાર માટે આ અયોગ્ય ખર્ચ છે . મેં આ વિષય પર રાષ્ટ્રપતિએ અને જામ સાહેબને પણ પત્ર લખ્યો છે. કમનસીબે જામ સાહેબ માત્ર સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ જ નથી પણ સૌરાષ્ટ્રના રાજ પ્રમુખ પણ છે. આપણા વિદેશી દૂતાવાસોને લખેલા તેમના પત્રએ આપણને ઘણી મુશ્કેલીમાં મૂકી દીધા છે. આપનો સ્નેહાધીન– જવાહરલાલ નહેરુ ''

માનનીય અધ્યક્ષશ્રી, આ પત્ર કૉંગ્રેસની તુષ્ટીકરણની રાજનીતિ અને સનાતન આસ્થા પ્રત્યેની તેમની સૂગનો સૌથી મોટો ઐતિહાસિક દસ્તાવેજ છે. આ પત્રમાં વપરાયેલા એક–એક શબ્દ કૉંગ્રેસની માનસિકતા ઉઘાડી પાડે છે. મારે આજે આ ગૃહમાં વિપક્ષને પાયાના થોડા સવાલ કરવા છે. સોમનાથના નિર્માણથી વડાપ્રધાન વ્યથિત હતા, ડિસ્ટ્રેસ્ડ હતા. કોઇ દેશના વડાપ્રધાન પોતાના દેશનાં હજારો વર્ષ જૂના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કેન્દ્રના પુનઃ નિર્માણથી ગૌરવ અનુભવે કે વ્યથિત થાય? નહેરુજીને સોમનાથના ગૌરવશાળી નિર્માણની ખુશી નહોતી પણ વિદેશમાં કેવી છાપ પડશે તેની વ્યથા હતી. આ કૉંગ્રેસની માનસિકતા છે જેણે પોતાના દેશના ઇતિહાસ કરતાં વિદેશીઓના પ્રમાણપત્રની હંમેશા ચિંતા હતી. 'ભારતની સરકારને આની સાથે કોઇ લેવા–દેવા નથી.' એ તેમની ઐતિહાસિક પીછેહઠ છે. રૂપિયા પાંચ લાખના ખર્ચ સામે એમને પેટમાં દુઃખાવો થતો હતો. આ લોકો જ્યારે પોતાની વૉટબેંકના તૃષ્ટીકરણ માટે સરકારી તિજોરીઓ ખાલી કરી નાખતા હતા ત્યારે તેમને ક્યારેય સંકોચ નહોતો થતો. જે બતાવે છે કે સનાતન આસ્થા માટે કૉંગ્રેસના શાસકોના પેટનું પાણી કઇ હદે હલતું હતું. જામ સાહેબનું રાજપ્રમુખ હોવું એ એમને કમનસીબી લાગતી હતી. આ પત્રમાં નહેરુજી લખે છે કે 'કમનસીબે જામ સાહેબ રાજપ્રમુખ પણ છે.' આ ગુજરાતનું અને સોમનાથનું સદનસીબ હતું કે જામ સાહેબ જેવા રાષ્ટ્રભક્ત એ વખતે રાજ પ્રમુખ હતા. ધન્ય છે ગુજરાતના એ સપૂતો સરદાર સાહેબ અને ક.મા.મુનશીને ધન્ય છે. જેઓ દિલ્હીને આવા ભયંકર દબાણ અને વિરોધ છતાં અડીખમ ઊભા રહ્યા. ક.મા. મુનશીજીએ નહેરુજીને સ્પષ્ટ કહી દીધું હતું કે ''મારા દેશની આસ્થા એ કોઇ શરમનો વિષય નથી.'' આજે નરેન્દ્રભાઇ મોદી ડંકાની ચોટ પર છાતી ઠોકીને કહે છે કે ''વિકાસ ભી ઓર વિરાસત ભી.'' આ જ સાચું સ્વાભિમાન છે અને આ જ સાચી અસ્મિતા છે. જેમ સોમનાથ સ્વાભિમાન પર્વની વાત થઇ ત્યારે ઇ.સ. ૧૦૨૬માં થયેલ આક્રમણને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થયાના સાક્ષી વચ્ચે અનેક વખત મંદિર પર પ્રહાર થયા પણ દરેક વખતે સમાજની શકિતએ તેને ફરી ઊભું કર્યું ત્યારે જે લોકો સોમનાથ મંદિરને નષ્ટ કરવાના સપનાં જોતા હતા એમના માટે મને એક પંકિત યાદ આવે છે.

"युनान, मिश्र और रुमा, सब मिट गए जहां से, अब तक मगर है बाकी नामो-निशां हमारा,
कुछ बात है कि हसती मिटती नहीं हमारी, सदीयों रहा दुश्मन दौरे जहां हमारा।"

માનનીય અધ્યક્ષશ્રી, તા.૮થી ૧૫, જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન સોમનાથ સ્વાભિમાન પર્વ એ અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ, પુનરુદ્ધારના ૭૫ વર્ષ અને ૭૨ કલાકના અખંડ ઓમકાર નાદનો આ ત્રિવેણી સંગમ હતો. સમગ્ર દેશને ગૌરવ થાય કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ કલાકારો સાથે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું. 'હર હર મહાદેવ' અને 'જય જય સોમનાથ'ના દિવ્ય ઘોષ સાથે પ્રભાસ પાટણની પુણ્યભૂમિ પર શંખ સર્કલથી શરૂ થયેલી શૌર્ય યાત્રા શ્રી હમીરસિંહ ગોહિલની અશ્વ પરની પ્રતિમા સુધી યોજાઇ હતી. આ યાત્રામાં ઋષિકુમારોએ શંખનાદ કરી ગગન ગજાવતાં ડમરુંના નાદ સાથે સોમનાથની ભવ્યતા, દિવ્યતા અને આધ્યાત્મિક ચેતનાનો સંદેશો આપ્યો હતો. આ શૌર્ય યાત્રામાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના દર્શાવતા કલાકારોએ પ્રસ્તુતિ કરી હતી. 'એક ભારત અને શ્રેષ્ઠ ભારત'નો સંદેશો આપવો એ શું ખોટું છે? ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના માર્ગદર્શન હેઠળ સોમનાથ સ્વાભિમાન પર્વની રાષ્ટ્રીય ઉજવણીના ભાગરૂપે તા.૧૧/૧/૨૦૨૬ સુધી વર્ષભરમાં દેશવ્યાપી કાર્યક્રમો યોજાશે. ૧૦૦૦ વર્ષ પછી પણ સોમનાથના સમુદ્રની લહેરો આજે એ જ ગર્જના કરે છે કે વિનાશક શક્તિઓ સમય આવે હવામાં ધૂળ બની જાય છે. ઇતિહાસના પાનાની ફૂટનોટ બની જાય છે, પરંતુ શ્રદ્ધા અને આપણી સનાતન સંસ્કૃતિ શાશ્વત રહી જાય છે. સોમનાથની વાર્તા વિનાશની નહીં પણ ભારતમાતાના સંતાનોના અતૂટ સાહસની વ્યાખ્યાયિત થાય છે. જ્યારે જ્યારે મંદિર તૂટ્યું ત્યારે મહાન સંસ્કૃતિના લોકો ભેગા થયા. સ્વામી વિવેકાનંદ, અહલ્યાબાઇ, હેમચંદ્રાચાર્ય સાથે સાથે આઝાદી પછી વર્ષ ૧૯૪૭ની દિવાળીમાં સરદાર સાહેબે સંકલ્પ કર્યો અને ડૉ.રાજેન્દ્રપ્રસાદજીની ઉપસ્થિતિમાં આ શિખરબંધ મંદિરના દ્વાર ખૂલ્યાં. આદરણીય વડાપ્રધાનશ્રીના આયોજનબદ્ધ સિંચનથી આજે સોમનાથનો જે કાયાકલ્પ થયો છે તે અકલ્પનીય છે. વિકાસ ભી અને વિરાસત ભી. નેશનલ હાઇ–વે, વંદેભારત ટ્રેન, અત્યાધુનિક રેલ્વે સ્ટેશન, સોમનાથ–સાસણ–દીવની સ્પેશિયલ ટુરિસ્ટ સર્કિટનો વિકાસ, આધ્યાત્મિક પુનરુત્થાન, પર્યાવરણ અને જળ ક્ષેત્રે હરિહર વન, નક્ષત્ર વન, બિલ્વવૃક્ષો ઘરાવતું બિલ્વ વન વગેરે શિવ આરાધનાનું નવું માધ્યમ બન્યાં છે. સમુદ્રના પાણીને રોકવા ત્રિવેણી બંધારો બાંધીને ૫૨ ગામની ખેતી બચાવી છે અને નર્મદાના નીર સોમનાથ સુધી પહોંચાડીને જળસંકટ કાયમ માટે દૂર કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથ એ કોઇ સાધારણ મંદિર નથી, સોમનાથ એ ગુજરાતનું ગૌરવ, ભારતનું સ્વાભિમાન, સનાતનની શ્રદ્ધા, અખંડ રાષ્ટ્રની અસ્મિતા અને લોકોની લાગણીનો એ પડકાર છે જે ભારતની આત્માએ આક્રમણકારોને આપી. હું એટલું જ કહીશ કે, આજે ભારત નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કહે છે–અમે અમારા ઇતિહાસને છૂપાવીશું નહીં, અમે આક્રમણકારોનું મહિમામંડન નહીં કરીએ, અમે અમારી સંસ્કૃતિ ઉપર કોઇને શરમાવા નહીં દઇએ, જે લોકો આજે પણ ગઝનવી જેવા આક્રમણકારોને મહાન સાબિત કરવાનો પ્રયત્ન કરે છે તેમને સોમનાથની ઘંટડીઓ આજે સણસણતો જવાબ આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર એટલું જ કહેવું છે કે સોમનાથ સ્વાભિમાન પર્વ એ કોઇ એક વર્ષની ઉજવણી નથી, આ તો ભારતની ક્યારેય ન હારનારી, ન ઝુકનારી સનાતન ચેતનાનો ઉત્સવ છે. આ બિન–સરકારી સંકલ્પ આપણા સૌની આસ્થા અને રાષ્ટ્રભક્તિનો અવાજ છે. આ સંકલ્પને હું મારું પૂર્ણ અને હૃદયપૂર્વક સમર્થન આપું છું અને સમગ્ર ગૃહને અપીલ કરું છું કે, આ સ્વાભિમાન પર્વના સંકલ્પને વધાવી લે. અંતમાં એટલું જ કહીશ કે,

પથ્થરમાં નહીં પણ પ્રાણમાં વસે છે જે નાથ,
એ છે આપણો અવિનાશી અખંડ સોમનાથ.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં સોમનાથ સ્વાભિમાન પર્વ અખંડ આસ્થાના એક હજાર વર્ષનો સંકલ્પ રજૂ કર્યો તે અન્વયે ગૃહના સન્માનનીય સભ્યશ્રી ભગાભાઇ બારડ, શ્રી અનિરુદ્ધભાઇ દવે અને સન્માનનીય મંત્રી ડૉ.પ્રધુમનભાઇ વાજાજીએ જે વિચારો રજૂ કર્યા, માર્ગદર્શન આપ્યું અને સમર્થન આપ્યું તે બદલ હું હૃદયપૂર્વક આભાર માનું છું. સાથે શ્રી વિમલભાઇ ચુડાસમાએ પણ તેમના વિચારો રજૂ કર્યા ત્યારે આપના મારફત ગૃહના તમામ સન્માનનીય સભ્યશ્રીઓને અપીલ કરું છું કે, આ સંકલ્પનો સ્વીકાર કરે અને સમર્થન આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને આજીવિકાને વધુ મજબૂત બનાવવા અંગે

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસ્ક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

વિકસિત ભારત–ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન(ગ્રામીણ) યોજના, જેને VB–G RAM G તરીકે ઓળખવામાં આવે છે. આ યોજના ૨૦૨૫માં પસાર થયેલા કાયદા હેઠળ અમલમાં આવી છે અને તે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદા (MGNREGA) ના સ્થાને ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને આજીવિકાને વધુ મજબૂત બનાવવા માટે અમલમાં લાવવામાં આવી છે. અમારી સરકારના 'વિકસિત ભારત @2047'ના વિઝનને અનુરૂપ આ યોજના ગ્રામીણ ભારતને સશક્ત અને સ્વાવલંબી બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

બિન–સરકારી સંકલ્પો

VB–G RAM G યોજના હેઠળ ગ્રામીણ પરિવારોને વાર્ષિક ૧૨૫ દિવસની રોજગાર ગેરંટી આપવામાં આવી છે, જે MGNREGA ના ૧૦૦ દિવસ કરતાં વધુ છે. આનાથી ગ્રામીણ કામદારોને વધુ આવક અને આર્થિક સુરક્ષા મળશે. આ યોજના હેઠળ જો કોઈ વ્યક્તિને રોજગારની માગ કર્યા પછી ૧૫ દિવસમાં કામ ન મળે તો રાજ્ય સરકાર દ્વારા તેવી વ્યક્તિને બેરોજગારી ભથ્થું આપવું ફરજિયાત છે, જે કામદારોના અધિકારોને સુરક્ષિત કરે છે.

આ યોજના હેઠળ કામના પ્રકારોને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે : જળસુરક્ષા, મુખ્ય ગ્રામીણ અવસંરચના, આજીવિકા સંબંધિત સંપત્તિઓ અને વાતાવરણીય સ્થિરતા. આનાથી ટકાઉ અને ઉપયોગી સંપત્તિઓનું નિર્માણ થશે. જેમ કે, જળાશયો, રસ્તાઓ, પુલો અને વન આધારિત પ્રોજેક્ટ્સ. વધુમાં, ખેતીની મોસમ જેમ કે વાવણી અને કાપણીના સમયમાં વિક્ષેપ ન પડે તે માટે ૬૦ દિવસના સામુદાયિક 'નો–વર્ક પિરિયડ'ની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ પૂર્વોત્તર અને હિમાલયી રાજ્યોમાં આને અપવાદ આપવામાં આવ્યો છે.

નાણાકીય જોગવાઈની વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. કામદારોને ચૂકવવાના વેતન માટે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ૬૦:૪૦નો ગુણોત્તર અપનાવવામાં આવ્યો છે, જ્યારે પૂર્વોત્તર અને હિમાલયી રાજ્યોમાં કેન્દ્ર ૯૦ ટકા ભાગની ચૂકવણી કરશે. આનાથી રાજ્યોને વધુ જવાબદારી મળશે અને ફંડનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થશે. ગ્રામ પંચાયતો અને ગ્રામ સભાને આયોજનમાં વધુ અધિકાર આપવામાં આવ્યા છે, જેથી સ્થાનિક જરૂરિયાતો અનુસાર કામનું આયોજન થાય. આ યોજના MGNREGA કરતાં વધુ આધુનિક અને વિકાસલક્ષી છે. તેમાં ફક્ત રોજગાર જ નહીં, પરંતુ ટકાઉ વિકાસ, સમાવેશી વૃદ્ધિ અને અન્ય સરકારી યોજનાઓ સાથેના જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ખાસ કરીને આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં તેનાથી મોટો લાભ થશે. દા.ત. વન ઉત્પાદનોના વેચાણ અને ઇકો–ટુરિઝમ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા આજીવિકાના સ્ત્રોત વધશે.

આમ સમગ્ર રીતે જોતાં, VB–G RAM G યોજના ગ્રામીણ ભારતને સશક્ત બનાવીને દેશને વિકસિત બનાવવાના સ્વપ્નને સાકાર કરશે. આથી આ યોજનાના અમલીકરણ માટે જરૂરી હોય તેવા તમામ પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ સભાગૃહ સમક્ષ બિન સરકારી સંકલ્પ રજૂ કર્યો છે. આ સંકલ્પનો વિચાર એ વિકાસનો વિચાર છે. દેશના વિકાસની આ વાત માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો એક મંત્ર હતો કે, 'વાદ નહીં, વિવાદ નહીં, વિકાસ સિવાય કોઇ વાત નહીં.' વિકાસ, વિકાસ અને વિકાસ. જેના લીધે ગુજરાતનો વિકાસ ભારતમાં પ્રથમ નંબરે આવ્યો. એના લીધે આખા દેશને વિકાસની ભૂખ લાગી. આ દેશમાં ગુજરાત પ્રથમ નંબરે આવે અને એ ગુજરાતના મુખ્યમંત્રી જો દેશના વડાપ્રધાન બને તો દુનિયામાં ભારત પ્રથમ હરોળમાં આવે એવો બધાને વિશ્વાસ થયો. બધાયે નક્કી કર્યું કે દેશના વડાપ્રધાનશ્રી મોદી સાહેબ બને. મને કહેતાં આનંદ થાય કે શ્રી મોદી સાહેબ દેશના વડાપ્રધાન બન્યા. તેઓશ્રી જ્યારે દેશના વડાપ્રધાન બન્યા ત્યારે ભારત દસમા નંબરે હતું. આજે મને કહેતા આનંદ થાય છે કે એમની શક્તિ, એમની તાકાત તેમજ વિકાસશીલ દૃષ્ટિના લીધે દુનિયામાં ભારત દસમા નંબરે હતું, વચ્ચે પાંચમા નંબરે આવ્યું અને આજે ત્રીજા નંબરે છે. આજે દુનિયામાં ભારતનો ત્રીજો નંબર થયો છે. હું એટલા માટે કહું છું કે આને વિકાસ કહેવાય. વિકાસ એ શ્રી મોદી સાહેબનો મંત્ર હતો. લોકોએ ગુજરાતનો વિકાસ જોયો છે. ફક્ત વિકાસ નહીં પણ એમાં સંગઠનશક્તિ પણ હતી. આખા ભારતને જો એકમેક કર્યું હોય તો શ્રી મોદી સાહેબે કર્યું છે. કાશ્મીરથી કન્યાકુમારી સાથે તમામને એક કરતાં આખા દેશને એકતાનું ગૌરવ થયું. એટલે બધાએ વિચાર્યું કે જો મોદી સાહેબ હશે, મોદી સાહેબ રહેશે તો દેશની એકતા જળવાશે, દેશનો વિકાસ થશે અને વિકાસ તથા એકતાના લીધે દેશ આગળ વધશે. આના લીધે દેશ ખૂબ આગળ વધ્યો. આપણને બધાને કહેતા આનંદ થાય છે કે જે રીતે અત્યારે દેશે વિકાસ કર્યો છે તે રીતે જોઇએ તો પહેલાંના રાજમાં, કૉંગ્રેસની સરકારમાં ગામડાંની વાત કરીએ તો ગામડાંની સ્થિતિ બહું ખરાબ હતી. જો વરસાદ પડ્યો હોય તો ઘોતિયા અધ્ધર ચડતા હતા, લેંઘા અધ્ધર ચડતા હતા. ચપ્પલો અને જૂતા હાથમાં લેતા હતા અને ઘરે જતા હતા. ત્યાં ડોલ ભરેલી હોય એમાં બે પગ ધોઇને કહેતા કે જમવા આપજો. આ સ્થિતિ અમે કૉંગ્રેસના રાજની જોઇ છે. ભા.જ.પ. આવ્યા પછી વાદ નહીં, વિવાદ નહીં અને વિકાસ સિવાય કોઇ વાત નહીં. આ વિકાસના લીધે દુનિયામાં ભારતનું નામ આવ્યું. પહેલાં દસમા કે અગિયારમા નંબરે ભારત હતું આજે લોકો ઇન્ડિયા, ઇન્ડિયા, ભારત, ભારત કહે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, તમે સીધા મને જોઇને વાત કરો. વચ્ચે કોઇ કોમેન્ટ નહીં કરો. શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતે જે વિકાસ કર્યો છે એના લીધે આજે આપણા શ્રી મોદી સાહેબનો વિકાસ ચારેબાજુ દેખાઇ રહ્યો છે. જેના લીધે મારે કહેવું જોઇએ આ વિકાસની દુનિયાએ નોંધ લીધી છે. આજે આપણા દેશના વડાપ્રધાન એ આપણા દેશના નહીં પણ વૈશ્વિક નેતા થયા છે. એ માત્ર આપણા વડાપ્રધાન નથી પણ વૈશ્વિક નેતા તરીકે શ્રી મોદી સાહેબની ચારેબાજુ વાહવાહ થઇ રહી છે એ ત્યારે થઇ હોય કે હિંદુસ્તાનની પ્રજા એમનો પરિવાર છે. ભારતની પ્રજા માનનીય મોદી સાહેબનો પરિવાર છે અને પરિવારની ચિંતા કરી, પરિવારનો વિકાસ કરી રહ્યા છે. દેશનો વિકાસ કરી રહ્યા છે. આપે મને સમય આપ્યો તે બદલ આભાર. ભારત માતા કી જય. જય ગરવી ગુજરાત.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઝાલાજી, અંદર અંદર અવાજ નહીં કરો.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મનરેગાનું જે નામ બદલાયું એમાં શ્રમિકોના હિતમાં એવી અપેક્ષા છે કે વેતનની રકમ પણ બદલાય અને આપણું ગુજરાત એ રકમ બદલીને રૂ.૪૦૦ કરવામાં દેશનું પહેલું રાજ્ય બને એવી અપેક્ષા સાથે મારી વાતની શરૂઆત કરું છું.માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એ.ની સરકાર દ્વારા ગામડામાં વસતા સાવ અંત્યોદય, છેલ્લામાં છેલ્લા ગરીબ માણસ, છેલ્લામાં છેલ્લો શ્રમિક છે એને વર્ષના ૧૦૦ દિવસ ટૂંકા થાય અને રોજગારી મળી રહે એવા આશયથી યુ.પી.એ. સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬થી આ મનરેગાની યોજના લાગુ કરવામાં આવી. એ જ કાયદો યુ.પી.એ.ની સરકારમાં આવ્યો એ વખતે નાગરિકોને ગૌરવ એવું હતું કે ભારતના કોઇપણ રાજ્યના કોઇપણ જિલ્લા, કોઇપણ તાલુકા, કોઇપણ ગામનો બેરોજગાર શ્રમિક વર્ષના ૩૬૫ દિવસમાંથી જ્યારે પણ મન થાય, અરજી કરે તો જે તે રાજ્યની સરકારે વર્ષની ૧૦૦ દિવસની એમને રોજગારી આપવા માટે બંધાયેલ હતી. આ રોજગારી આપવામાં ડીલે થાય તો એમને બેરોજગારી ભથ્થું ચૂકવવાનું અને સંબંધિત અધિકારી જવાબદાર હોય એની જવાબદારી નક્કી કરવાની જોગવાઇ હતી. હમણાં કાયદામાં પરિવર્તન થયું એને બદલે એવું થયું કે સરકાર જ્યારે નોટિફાઇ કરે, જે જિલ્લા, તાલુકા કે ગામને નોટિફાઇ કરે એ જ ગામમાં મનરેગા યોજના ચાલશે. એનો અર્થ એ કે સત્તાનું વજન વધ્યું પણ નાગરિકોનું નહીં. બીજું પરિવર્તન કાયદામાં એવું કરવામાં આવ્યું કે યુ.પી.એ. સરકારે કાયદો બનાવ્યો એમાં એવું હતું કે ૨૫ ટકા માટી, મેટલ મટિરિયલના કામો થતા અને એનું બજેટ રાજ્યની સરકારે ભોગવવાનું અને બાકીનું બજેટ કેન્દ્ર સરકાર પાસેથી આવતું. હવે ૬૦ : ૪૦નો રેશિયો થઇ ગયો. ૬૦ ટકા કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રાજ્ય સરકાર આપશે. અત્યારે કેન્દ્ર સરકારે તાજા બજેટમાં જે રૂપિયા ૯૫ હજાર કરોડ ફાળવ્યા, મારી શુદ્ધ જાણકારી પ્રમાણે આ રૂપિયા ૯૫ હજાર કરોડમાંથી ગુજરાત અને રાજ્ય સરકાર માટે કેટલા એલોટ થયા એની સ્પષ્ટતા થતી નથી. કેન્દ્ર સરકાર બજેટ ફાળવે એના અનુપાતમાં ૪૦ ટકા રાજ્ય સરકારે ફાળવવાના છે. આપણી સરકારે તાબડતોબ કેન્દ્રમાં પત્રવ્યવહાર કરી રૂપિયા ૯૫ હજાર કરોડમાંથી ગુજરાતનો શેર કેટલો છે એની ચોખવટ કરવી જોઇએ. ત્રીજી વાત છે, ગુજરાતમાં જે મનરેગાનો અનુભવ રહ્યો છે એમાં અનેક તાલુકાઓમાં ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો મળી છે. તાજેતરમાં અમારા પ્રદેશ પ્રમુખશ્રી અમિતભાઇ અને અમારી પાર્ટીના સાથીઓએ જાંબુઘોડા અને દાહોદના મનરેગાના બે મોટા સ્કેમ એક્સપોઝ કર્યા. એમાં એવું જોવા મળ્યું કે ૮૦ ટકા લેબર અને ૨૦ ટકા જે શેર હોય એના બદલે ૭૮ ટકા માટી, મેટલ વગેરે મટિરિયલના કામો કરવામાં આવ્યા અને શ્રમના ફાળે ૨૨ ટકા કામો મળ્યા અને રાજ્યની પોલીસ દ્વારા ઓફેન્સ પણ દાખલ કરવામાં આવ્યો છે. અમે વિપક્ષ તરીકે માગણી કરીએ છીએ કે દાહોદ અને જાંબુઘોડામાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો એના અનેક રહસ્યો હજી ખુલવાનાં બાકી છે. આની તપાસ સી.બી.આઇ.ને સોંપવામાં આવે અને જે પણ તાલુકાઓમાં ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો થઇ છે એમાં તાલુકા વિકાસ અધિકારી, ડી.ડી.ઓ. અને ડી.આર.ડી.એ.ના વડા છે એ લોકોની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવે. જાંબુઘોડા અને દાહોદ સહિત જે પણ આમાં મનરેગાના ભ્રષ્ટાચારમાં ઇન્વોલ્વ છે એમના મોઢે પણ જય સોમનાથનો નારો શોભતો નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારત – ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન રોજગાર આપવા માટેના વચનો અને વાયદાઓ લગભગ સને ૧૯૬૦થી ચાલુ થયા. સને ૧૯૪૭ પછી વખતોવખત લોકશાહીમાં સત્તા પક્ષને એવું લાગ્યું કે હવે ક્યાંકને ક્યાંક જમીન ખસતી ગઇ છે અને એના કારણે ગરીબી હટાવો, બેરોજગારીની વાત હવે કરવી પડશે. હવે એમને એમ ઠાલા વચનો નહીં ચાલે. આ પ્રયત્નો એમણે ચાલુ કર્યા. મહાત્મા ગાંધી માનતા હતા કે આઝાદ ભારતમાં રામરાજ્ય સ્થપાવું જોઇએ. તેઓ એવું માનતા કે રામરાજ્ય શહેરોમાં નહીં પરંતુ એ ગામડાથી ચાલુ થવું જોઇએ. આપણા આદિ–અનાદિ કાળથી ગામડું એક એકમ હતું, પંચ હતા, ત્યાં મુખિયા હતા. ગામનું પંચ ભેગું થઇને વિકાસ પણ નક્કી થાય, ન્યાય પણ નક્કી થાય. એ પ્રકારની આખી આપણી હાયરાર્કી હતી. પરંતુ અંગ્રેજોના શાસનમાં આ વાત ક્યાંકને ક્યાંક ખોવાઇ ગઇ. પરંતુ એ વાત ફરીથી લાગુ કરવાના પ્રયત્નો પણ સન ૧૯૯૩માં, આપણને બંધારણીય દરજ્જો ક્યારે મળ્યો હતો? સન ૧૯૯૩માં મળ્યો હતો. ક્યાં સન ૧૯૪૭, ૧૯૫૦ અને ક્યાં આગળ ૧૯૯૩? વર્ષો પછી બંધારણીય દરજ્જો ગામના એકમને આપવો પડે. ત્રિસ્તરીય પંચાયતી માળખું ગોઠવવું જોઇએ. ક્યાંય પણ એ પ્રકારની વાત અને વિચાર ન હતો. ભલે સન ૧૯૯૩માં આવ્યું. પરંતુ એના પછી પણ જે રીતે શાસન ચાલતું રહ્યું અને એ શાસનમાં ગેરંટી હતી કે લોકો તો હવે વોટબેંક અને મતબેંકથી અમારી સાથે જોડાઇ ગયા છે એટલે અમને જ મત મળશે. પરંતુ મેં પહેલા કહ્યું એમ ધીમેધીમે એમ લાગવા માંડ્યું કે ધરતી ખસી રહી છે. એટલે બધા નવા નુસખા 'ગરીબી હટાવો' સન ૧૯૭૧. સન ૧૯૬૦માં રોજગારનું વચન. આ બધી વાતોની એમણે શરૂઆત કરી. ગામડાનો જ્યારે વિકાસ કરવો હોય ત્યારે એ ગામના લોકો જ કરી શકે. એકલા નાણાથી ના થઇ શકે. એક મક્કમ નિર્ધાર સાથે ગામના લોકોએ નક્કી કરવું જોઇએ. ગામના લોકો ભેગા થઇને નક્કી કરે કે મારે તળાવ બનાવવું છે એમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સહાય હોય એ આવશ્યક અને ઇચ્છનીય છે. મૂળભૂત રીતે ગામના લોકોમાં એક લાગણી પેદા થવી જોઇએ કે મારે ગામનું તળાવ બનાવવું છે. કોઇ ખેડૂતને શેડ બનાવવો છે. કોઇ ખેડૂતને ગામ તલાવડી બનાવવી છે તો એ ઇચ્છાપૂર્તિ અને આકાંક્ષાઓને પૂરી કરવા માટે રોજગાર સાથે સાંકળવાનું જો કોઇએ કામ કર્યું હોય તો એ G-RAM G અને માનનીય અધ્યક્ષશ્રી, પાછું G-RAM G સાથે તો એમને ખૂબ

બધી મુશ્કેલી અને દુશ્મની છે. રામ મંદિર માનવાનું નહિ. સિલોન અને હવે શ્રીલંકા એનો સેતુ છે એને પણ માનવાનો નહીં કે રામ યુદ્ધ લડવા ગયા હતા અને પુલ બનાવ્યો હતો. પૂ.ગાંધીજીએ એમના અંતિમ સમયે પણ એવું કહેતા– 'હે રામ, શ્રી રામ' (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બેઠા બેઠા કોમેન્ટ નહીં.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એ રામનો વિરોધ કરવા માટે... (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બેઠા બેઠા કોઇ કોમેન્ટ નહીં.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જે.એન.આર.એમ.નો કેમ વિરોધ કર્યો ભાઈ? સાહેબ, મારે કહેવું એટલું જ છે કે આમને.. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ બેઠા બેઠા કોમેન્ટ કરશો નહીં.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : અને માનનીય અધ્યક્ષશ્રી, જે એમનો.. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપને વારંવાર કહુ છું કે બેઠા બેઠા કોમેન્ટ નહીં.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ભ્રષ્ટાચાર કરાવવા માટેનો જે કાયદો.. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ, આપ વારંવાર બેઠા બેઠા કોમેન્ટ કરશો નહીં. મેં તમને ત્રણવાર ચેતવણી આપી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એટલે આ VB-G RAM G છે. સન ૧૯૭૭, ૧૧મી અનુસૂચિ આ બધી તો બહુ લાંબી વાતો છે. પરંતુ હું ટૂંકી વાત કરવા માગું છું. ગ્રામીણ માનવશક્તિ સન ૧૯૬૦માં લાવ્યા. કામના બદલામાં અનાજ એ પણ લાવ્યા. જવાહર રોજગાર યોજના લાવ્યા અને આ યોજનાઓ લાવ્યા એટલે પ્રખ્યાત કોટ થઇ ગયું છે કે એક રૂપિયો અને પંદર પૈસા. કોંગ્રેસના વડાપ્રધાન એવું કહેતા હતા કે એક રૂપિયો મોકલું એટલે રૂપિયો ઘસાતો જાય, ટાયરની આજુબાજુનું આવરણ હોય એ ઘસાઇ જાય અને ખાલી ખોળિયું રહી જાય એ વાત ભૂતકાળમાં કહેવાની જરૂર ક્યારે પડે કે એ જ્યારે વિકાસ માટેની ઇચ્છા, દૃઢ સંકલ્પશક્તિ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ, વારંવાર કોમેન્ટ કરશો નહીં. તમારું પ્રવચન બધાએ શાંતિથી સાંભળ્યું છે. આપ પણ શાંતિ રાખો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય ઇચ્છાશક્તિ સાથે એને પ્રજા સુધી પહોંચાડવાનું કામ ક્યારેય થયું નહિ. યોજના બનાવી અને ચૂંટણી આવે યોજનાઓ બની જાય. પરંતુ વર્ષ ૨૦૦૯ની ચૂંટણી આવી એટલે વર્ષ ૨૦૦૬માં આ યોજનાનું નામ બદલ્યું. નરેગા હતું એમાંથી મનરેગા કર્યું. મહાત્મા ગાંધીજીનું નામ જોડવાની એમને ફરજ પડી. કારણ કે અત્યાર સુધી નરેગાના નામે ક્યાંય સફળતા મળી નહતી. વર્ષ ૨૦૦૮ સુધી એ લોકો ઇમ્પ્લીમેન્ટ પણ કરી શક્યા ન હતા. એના કારણે એમના મનમાં ઊભું થયું કે પૂ.ગાંધીજીનું નામ જોડીએ અને પૂ.ગાંધીજીના નામે કદાચ રાજનીતિ તરી જવાય. અટક ભલે લઇ લીધી. વિકાસના કામની વાત હતી એ વિકાસના કામમાં પણ મહાત્માને જોડવા અને ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત, મહાત્મા ગાંધીએ જે અપનાવ્યો હતો સાહેબ, મહાત્મા ગાંધીના નામે જે કાયદો બને એ કાયદામાં કરોડો રૂપિયાના આખા ભારતભરમાં ભ્રષ્ટાચાર થાય. બિલકુલ લૂલો એવો કાયદો બનાવ્યો કે સામેથી ચાલી સાહેબ, ખુલ્લું ઘર હોય અને તાળું ના માર્યું હોય તો કોઇ ચોરી કરી જાય કે ના કરી જાય? કાયદો જ લૂલો અને ચોરી કરવાનું મન કોઇકને થાય એવો બિલકુલ લૂઝ કાયદો એટલે એ મનરેગા અને ટાઇટ તાળું મારી અને કોઇને અંદર પેસવાની હિંમત ના થાય એવો કાયદો એટલે VB-G RAM G કાયદો.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો ખાલી કાગળ ઉપર કામ થતું ચોક્કસ માળખું જ નહોતું. ગરીબોને લાભ પહોંચાડવાને બદલે વચેટિયા ખાઇ જતાં હતા. કાનૂની ગેરંટી પહેલાં નહોતી મનરેગાથી મળી પરંતુ એ કેવી મળી? ખાડા ખોદવાનું કામ અને ખાડા સિવાય કંઇ નહીં. જેમ મેં કહ્યું ચાલતી યોજના એ હકીકતમાં નિષ્ફળતાઓના સ્મારક તેમણે જાતે જ બનાવ્યાં છે. કોંગ્રેસ સરકારની જો સૌથી મોટી કોઇ નિષ્ફળતા હોય તો આ રોજગાર આપવાના વચન (અંતરાય) અને વખતો વખતની તેમની યોજનાઓ અને છેવટે કાયદાનું સ્વરૂપ આપ્યું. ગામડામાં રહેતો જે ગરીબ, મધ્યમ વર્ગનો માણસ છે જે ખેતી કર્યા પછી તેના બાકીના સમયમાં રોજગાર મેળવવાનો જે હક આપવાનો હતો તેની જગ્યાએ ભ્રષ્ટાચાર થાય, ભ્રષ્ટાચાર કરી શકાય, કરાવી શકયા અને ભાગ બટાઇ થઇ શકે એ પ્રમાણેનો કાયદો એટલે મનરેગા અને આ જે અમારો કાયદો છે તે એટલો બધો ચોક્કસ છે એટલુ જ નહીં તે કાયદાની અંદર કામ શરૂ થાય તે પહેલાં ફોટા અપલોડ કરો, કામ ચાલતું હોય ફોટા અપલોડ કરો, કામ પૂરું થાય એટલે અપલોડ કરો. જીઓ ટેગીંગ કરવાનું, ડ્રોનથી તેનું સર્વેલન્સ કરવાનું એટલું જ નહીં પરંતુ ફેઇસ રેકગ્નાઇઝેશન પણ આ કામમાં થાય, મજૂરનું થાય અને રૂપિયા સીધા ડીબીટી થઇ તેના ખાતામાં મળે તે પ્રકારની વ્યવસ્થા આ VB-G RAM G માં કરી છે. ચોરી કરવાનો કયાંય અવસર ના મળે અને કેવળ ખાડા ખોદી જે ભ્રષ્ટાચારના રૂપિયા વાવવાનું નહીં પરંતુ ખૂબ મોટાં ફિલ્ડ ઉપર કે જેને કહેવાય બિલકુલ સો ટકા કયાંય કોઇને તક ના મળે, કાયદાની છટકબારી અથવા તો તેને કયાંય કોઇ એક રૂપિયો કરપ્શન કરવાની તક ના મળે એવો આ કાયદો છે.

તા.૧૩મી માર્ચ, ૨૦૨૬
બિન–સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, બાપુના નામે સહારો લેવો પડે તેનાથી વિશેષ નિષ્ફળતા તેમની શું હોઇ શકે? અને એ પણ જેના મનમાં કાયમ રામ રાજયની કલ્પના હતી તેના નામે જ લૂંટવાનું કામ કરવાનું? અમે તો કેવળ રામનો જે આદર્શ, પ્રિન્સિપલ, ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત એ રજૂ કરવા માટે, એ અમે લાગુ કરવા માટે આ કાયદો લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ–૨૦૧૩નો તમે કેગનો રિપોર્ટ જુઓ એટલે એમાં ભંડોળ હતું તેનુ ડાયવર્ઝન કર્યું. બિહાર, ઉત્તરપ્રદેશ, ઓડિશા જેવા રાજયોમાં તપાસમાં જણાયું ૨૦–૩૦ ટકા જોબકાર્ડ બોગસ હતા. જે વ્યકિત મરી ગઇ હોય અથવા તો શહેરમાં રહેતી હોય તેમના નામે ગામમાં પગાર ઉપડતો હતો આનું કારણ શું ? કાયદો જે બનાવ્યો તેમાં ખુલ્લી છટકબારીઓ અને તેના કારણે આ બધુ થઇ શકે. પૈસા ખાવાનો જે ખેલ ચાલ્યો, જે ભ્રષ્ટાચારનો ખેલ ચાલ્યો, કાર્ડમાં ફોટા પણ નહીં. અમુક રાજયોમાં સેમ્પલ ચેકીંગમાં ૪.૩૩ લાખ જોબકાર્ડ ઉપર ફોટા નહોતા તેનો સીધો અર્થ એવો છે કે, રૂપિયા કોઇ પણ ઉપાડી શકે. ઘણી જગ્યાએ જે લોકો વર્ષો પહેલાં મૃત્યુ પામ્યા હતા તેમના નામે પણ નિયમિત હાજરી પૂરાતી હતી. કેગના રિપોર્ટ મુજબ ૨૨૫૨ કરોડ રૂપિયા એવા કામોમાં વાપરવામાં આવ્યા કે જે કાયદાકીય રીતે જ માન્ય નહોતા. રૂપિયા વપરાઇ ગયા આ ૨૨૫૨ કરોડ રૂપિયા કયાં ગયા ? કેગને કહેવું પડે કે આ રૂપિયાનો સીધે સીધો ભ્રષ્ટાચાર જ હતો ૪૦૭૦ કરોડ રૂપિયાના કામો એવા હતા જે શરૂ થયાના ૧ થી ૫ વર્ષ થયા આજે તે કામ થયા કે ના થયા આજે પણ કોઇને ખબર નથી. હા, અમે કહેતા નથી ભારતીય જનતા પાર્ટીના સભ્ય તરીકે અમે નથી કહેતા પણ આ કેગ કહે છે. સાહેબ, આ સંવૈધાનિક સંસ્થા જયારે ઓડિટ કર્યા પછી એવું કહેતી હોય કે આ રૂપિયાનો તાળો જ મળતો નથી. હવે કોઇપણ રાજય સરકાર હોય કે કેન્દ્ર સરકાર, જયાં આગળ એને એવું લાગે કે અહીંયા છટકબારીઓ ઊભી થઇ છે તો એને તાળા મારવાનું કામ નહીં કરવું પડે? એ છીંડા પૂરવાનું કામ એ આદરણીય પ્રધાનમંત્રીએ કર્યું છે. સન ૨૦૧૨ સુધીમાં હજારો કરોડ રૂપિયા અનએકાઉન્ટેડ એકસપેન્ડીચર તરીકે દર્શાવવામાં આવ્યા હતા. સાહેબ, આ સ્પષ્ટ નાણાકીય ગેરરીતિ જ કહેવાય. ઝારખંડ અને અન્ય રાજયોમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે જે તળાવો ખોદવા માટે પૈસા ચૂકવાઇ ગયા હતા, તે જ તળાવો જમીન ઉપર જ ન હતા. તળાવ જમીન ઉપર બને, પૈસા ચૂકવાઇ જાય અને તપાસ થાય અને સ્થળ ઉપર તળાવ ના હોય એવી એક પરિસ્થિતિ એ વખતમાં આ યોજનામાં હતી. કેગે એક ગંભીર ધ્યાન પણ દોર્યું છે, એ વખતે ભારતના ૪૬ ટકા ગરીબ વસ્તી ધરાવતા રાજયો જેમ કે બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ જેવા મનરેગાના કુલ ફંડના ખાલી ૨૦ ટકા જ મળ્યા હતા. જયાં ખરેખર ગરીબી હતી ત્યાં પૈસા જ પહોંચ્યા નહીં એટલે ત્યાં રાજકીય લાભ મળે , જયાં મેળ પડે ત્યાં કાઢી લેવાના પૈસા, એવી જગ્યાએ પૈસા મોકલવાના, ગરીબી વિરુદ્ધ ફંડ, જેને કહીએ આપણે હકીકતમાં આ કાયદા હેઠળ જે ફંડ, કેન્દ્ર તરફથી પણ ચૂકવાતું હોય અને રાજય સરકાર પણ એમાં ઉમેરો કરતી હોય, આ ગરીબી વિરુદ્ધ અને રોજગારી આપવા માટેનું ફંડ. સાહેબ, ભ્રષ્ટાચારનો અડ્ડો બની ચૂકયું હતું. એમની નિષ્ફળતાના પાળીયા સુધારવાનું કામ આપણે કરી રહ્યા છીએ, ભારતીય જનતા પાર્ટી, આદરણીય મોદી સાહેબ કરી રહ્યા છે, ત્યારે એમને *(xxx). જવાહરલાલ નહેરુના નામે એમને લાગ્યું કે હવે જવાહરલાલ નહેરુ બદનામ થશે એટલે નામ બદલી નાખ્યું હતું. નામ બદલી નાખ્યું, જે જવાહરલાલ નહેરુ રોજગાર મિશન, નામ બદલવાનું કામ કોણે કર્યું તો એમણે જ કર્યું હતું કારણ કે એમને ખબર હતી કે આ તો યોજના અમે અમારા કોંગ્રેસીઓ માટે બનાવી છે, જેમ ખાવું હોય એમ ખાઇ શકાય અને જેમ કૂદવું હોય એમ કૂદી શકાય એ પ્રકારની આ યોજના હતી. એટલે હવે અમે રામનું નામ લાવીએ છીએ તો એમને (xxx). મહાત્મા ગાંધીનું રામ રાજયનું જે સ્વપ્ન હતું એ પૂર્ણ કરવાના પ્રયત્ન આદરણીય મોદી સાહેબ જયારે કરી રહ્યા છે ત્યારે ખાડા ખોદવાનું જ કેવળ અર્થશાસ્ત્ર એ આ મનરેગા હતું અને જે VB-G RAM G આવી રહ્યું છે એટલે સંપત્તિ સર્જનનું કામ, વેલ્થ ક્રીએશનનું કામ અમારી સરકાર કરવાની છે, માટીકામ થાય અને વરસાદમાં ધોવાઇ જાય, કઇ હિસાબ જ ના મળે એટલે વાત પૂરી. ઉનાળામાં કામ થાય અને ચોમાસામાં વરસાદ આવે, પાણી ભરાઇ જાય એટલે કોઇ માપ ના થાય, કોઇ ચેક ન થાય એ પ્રકારની પરિસ્થિતિ એમાં હતી, હવે પાકા રસ્તા, સ્કૂલના મકાન કે પંચાયતના ઘર બનાવવાની જોગવાઇ નહોતી, એ હવે કરવામાં આવી છે. મટિરિયલ પાછળ જે બેફામ ખર્ચો થતો હોય એના ઉપર પણ કડક અંકુશ મૂકી અને કામો સ્પેસિફિક આ ફંડ કેવી રીતે વાપરવું એની પણ જોગવાઇ કરી છે. લૂંટની કહાની તો મેં આપને કહી, સોશિયલ ઓડિટ જ નહીં, ખબર જ ના પડે રૂપિયો, કયાં આવ્યો, કેટલો વપરાયો, કોણે વાપર્યો, કોને મળ્યા કોઇને ના મળ્યા, કોઇ ઓડિટ નહીં. એ પ્રકારની આ યોજના હતી. અમે નક્કી કર્યું, આદરણીય મોદી સાહેબે નક્કી કર્યું છે, પૈસાની સામે મિલકત. પરસેવાની સામે પરિણામ. હવે પ્રધાનમંત્રી આવાસ યોજનાને શૌચાલય નિર્માણ સાથે પણ અમે જોડી દીધું એટલે હવે ભવિષ્યમાં કોઇનું શૌચાલય બનાવવું હોય, કોઇએ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન બનાવવું હોય તો પણ આમાં જોગવાઇ કરવામાં આવી છે. આદરણીય મોદી સાહેબે ફરજીયાત નક્કી કર્યું છે, ચાલુ કામમાં ત્રણેય વખત ફોટા પડે, બિલકુલ જીઓ ટેગીંગ દ્વારા એનું મોનીટરીંગ થાય અને સત્યના પ્રયોગો એ ગાંધીજીએ કર્યા અને સત્તાના પ્રયોગો એ વર્ષો સુધી ચાલતા રહ્યા, કોંગ્રેસ કરતું રહ્યું અને છેવટે તો પાછી નિષ્ફળતા જ, લોકોને જયારે ખબર પડવા માંડી કે આ તો ગરીબી નહીં ગરીબો હટાવે છે. રોજગાર નહીં રોજગારી મેળવી રહ્યા છે, કોંગ્રેસીઓ રોજગારી મેળવી રહ્યા છે એવું લાગતાની સાથે લોકો હવે વિકાસ તરફ જયારે વળ્યા છે ત્યારે આ પ્રકારની વાતો વર્ષો સુધી જેમણે કરી છે એ હવે ગ્રામ સ્વરાજયની વાત હોય, યોજનાઓના ભ્રષ્ટાચારની વાત હોય અને ટ્રસ્ટીશીપના સિદ્ધાંતોનું

* આ શબ્દો અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરેઆમ એમણે ઉલંઘન કર્યું છે. આ યોજનાના મૂળ ફાયદાઓ કે મુદ્દાઓ કરતા જે વાતનો વિપક્ષે સૌથી વધુ વાંધો ઉઠાવ્યો હતો એ મેં પહેલાં કહ્યું એમ રામનો છે. બાકી એમને ખબર જ છે કે આ બન્યું એટલે અમારી દુકાનો બંધ થવાની છે. આ VB-G RAM G કાયદો બનવાની સાથે અમારી જૂની દુકાનો જે અમે ચાલુ કરી હતી એનો થોડો ઘણો પણ અમે લાભ મેળવતા હતા એ સંપૂર્ણપણે બંધ કરવાની છે. આ કાયદામાં નક્કી કર્યું છે એ પ્રકારની જોગવાઇઓ પણ છે. ઘણી વખત આ લોકો પૂછે છે કે કેમ VB-G RAM G કાયદો લાવ્યા? અમારે ખાડા નથી ખોદવા. ખાડા ખોદી અને કેવળ ભૂતકાળમાં થયું એ જ રીપીટ નથી કરવું પણ હવે મજૂરી નહિ પણ સ્માર્ટવર્ક, ટૅકનૉલૉજી આધારિત ગ્રામીણ વિકાસ જોઇએ છે. મનરેગામાં કેટલીક મર્યાદાઓ હતી એના કારણે એક કાયદો માત્ર રોજગાર પૂરો પાડવા સુધી અને ભ્રષ્ટાચાર કરવા સુધી જ સીમિત રહ્યો હતો. એમાં સંપત્તિ નિર્માણ અને ગુણવત્તાનો અભાવ હતો. કૌશલ્ય વિકાસ સાથે એનું પૂરતું જોડાણ હતું જ નહિ. હવે જ્યારે આપણે આ કાયદો લાવીએ છીએ ત્યારે સ્વરોજગારને પ્રોત્સાહન, ટૅકનૉલૉજી આધારિત મોનિટરિંગ, ગ્રામ વિકાસનો સર્વસમાવેશી અભિગમ અને સ્થાયી સંપત્તિ નિર્માણને એકીકૃત રીતે સામેલ કરવામાં આવ્યા છે. મનરેગા હેઠળ હજારો/કરોડો રૂપિયાની માત્ર જમીન ખોદવામાં આવી. એનાથી તો આખું ભારત પરિચિત છે. એનો ઉદ્દેશ માત્ર મજૂરી આપવાનો નહિ પણ પાકા રસ્તા, પંચાયત ભવન, કૉમ્યુનિટી હૉલ બનાવવાનો છે. મજૂરના હાથમાં પૂરા પૈસા આવતા નહોતા. હવે સીધા બેંક એકાઉન્ટમાં આવવાના છે. કેન્દ્રમાંથી અને રાજ્યમાંથી નીકળતો એકેએક રૂપિયો વિકસિત ભારતનો પાયો રચાય એના માટે વપરાય એ માટે આદરણીય મોદી સાહેબ કટિબદ્ધ છે. ગરીબી હટાવવાનો રસ્તો ગરીબને આજીવન મજૂર બનાવી રાખવાનો નહિ પણ તેને સશક્ત બનાવવામાં છે. ''એવા ગામડાઓનું નિર્માણ કરવું છે જ્યાં આત્મા ગામડાઓનો હોય અને સુવિધા શહેરની હોય'' એવું પ્રધાનમંત્રી કહી રહ્યા છે. આ પેટ ભરવાનું સાધન નથી પણ એને આત્મસન્માન જોઇએ છે. મનરેગા યોજનામાં ભૂતકાળના આંકડા આપું તો વર્ષ ૨૦૦૬–૦૭થી વર્ષ ૨૦૧૩–૧૪ સુધી આ યોજના ચાલી. એમાં કેન્દ્ર સરકારે ૩.૨,૧૩,૨૨૦/– કરોડ ખર્ચ્યા. જ્યારે આદરણીય મોદી સાહેબે વર્ષ ૨૦૧૪–૧૫થી વર્ષ ૨૦૨૫–૨૬ વચ્ચે ૩.૮,૫૩,૮૧૦/– ખર્ચ્યા. રોજગાર આપવા માટે મોદી સાહેબ બિલકુલ પ્રતિબદ્ધ હતા. આ યોજનામાં એમણે ખૂબ કામો નક્કી કર્યા, મંજૂર કર્યા અને રૂપિયા પણ રાજ્ય સુધી મોકલ્યા પણ જ્યારે જ્યારે ઓડિટ કરે એટલે કેવળ અને કેવળ ભ્રષ્ટાચાર સામે આવે એટલા માટે આ લાવવાની જરૂર પડી. હવેના સમયમાં એક પણ રૂપિયો ચવાઈ ના જાય ખવાઈ ના જાય એની ચિંતા એમણે કરી. આગળની વાત કુંવરજીભાઈ કરશે પણ હું માનું છું કે આપણે જ્યારે પણ ભ્રષ્ટાચારને રોકવાનું મન બનાવીએ ત્યારે વિરોધને ભૂલી જઈને જ્યારે આ બારણું ખૂલે ત્યારે એક થઈને ગુજરાતના વિકાસમાં અને ભારતના વિકાસમાં ગુજરાતનું યોગદાન સર્વશ્રેષ્ઠ રહે એની ચિંતા આપણે સૌએ કરવી જોઇએ. ધન્યવાદ.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધાનસભાગૃહના સિનિયર સભ્ય આદરણીય બાબુભાઇ બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે અને રાજ્ય સરકારનો આ અંગે શું અભિપ્રાય હોઇ શકે એ અંગેની વાત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારત રોજગાર ગેરંટી અને આજીવિકા મિશન ગ્રામીણ એટલે કે વી.બી.જી.રામજી. અધિનિયમ–૨૦૨૫ની વાત કરવી છે. જ્યારે આ મનરેગાનો કાયદો ઘડાયો એના અનુસંધાને માનનીય ઋષિકેશભાઇએ પણ વાત કરી. તેમાં હું વિશેષ ચર્ચા નહીં કરું પણ એટલું ચોક્કસ કહીશ કે તે વખતે મનરેગાનો કાયદાનું રાજ્યના જે વિસ્તારમાં નોટિફિકેશન થતું તે વિસ્તારમાં મનરેગા હેઠળની કામગીરી થતી. હવે આ VB G-RAM G અધિનિયમ આવી રહ્યો છે તેની અમલવારી હજુ ભારત સરકારમાંથી નોટિફિકેશન થાય અને નિયમો ઘડાય પછી લાગુ પડશે. મનરેગામાં ત્યાં સુધી જે કામો ચાલુ છે તે ચાલુ રહેશે અને વહીવટી પ્રક્રિયામાં છે તે પણ પૂર્ણ થશે. VB-G RAM G અધિનિયમ હેઠળ સમગ્ર રાજ્યમાં લાગુ પડશે. આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ દેશને ૨૦૪૭માં એક વિકસિત રાષ્ટ્ર તરીકેના જે વિઝન સાથે ચાલી રહ્યા છે તે જ રીતે આપણા રાજ્યના માનનીય મુખ્યમંત્રી પણ આ વિઝન લઇને આગળ વધી રહ્યા છે. વિકસિત ગુજરાત બને, વિકસિત રાષ્ટ્ર બને તે માટેના એક ઉદ્દેશ સાથે કામગીરી થયેલી છે. દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇના વિકસિત રાષ્ટ્રના ઉદ્દેશ સાથે આ અધિનિયમમાં ખૂબ વિગતે સલામત રોજગારી આપવા માટે જોગવાઇઓ કરવામાં આવી છે. આ વિઝનને સાકાર કરવા માટે ભારતના ગામડાંઓ ખૂબ મજબૂત કરવાં પડશે. ગાંધીજી પણ એમ કહેતા કે ગામડું મજબૂત તો રાષ્ટ્ર મજબૂત. ગામડાંઓને મજબૂત કરવા માટેના ઉદ્દેશ સાથે આ નવો અધિનિયમ લાવ્યા છે. ગામડાંમાં રહેતો એક શ્રમિક સશક્ત બને અને તેની સાથે સાથે ગામડું સમૃદ્ધ બને, અર્થવ્યવસ્થા મજબૂત બને તે ખૂબ આવશ્યક છે. તેના માટે કામ કરતાં શ્રમિકોને રોજગારી મળી રહે તે પણ ખૂબ આવશ્યક છે. આ વિઝન સાથે જોગવાઇઓમાં સુધારો કરીને આ VB-G RAM G અધિનિયમ, ૨૦૨૫ લાવ્યા છે તે ખૂબ મહત્ત્વનો બની રહેવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીમાં વધારો એ શ્રમિક પરિવાર માટે ખૂબ મોટી રાહત થવાની છે. ૧૦૦ દિવસની રોજગારીમાંથી ૧૨૫ દિવસની રોજગારી લાવ્યા છે. તેના કારણે આવનાર દિવસોમાં રોજગારી મેળવવા ઇચ્છતાં પરિવારોને સલામતી અને ગેરંટી મળવાની છે. તેની સાથે સાથે ગ્રામીણ શ્રમિક પરિવાર આર્થિક સમૃદ્ધ બનવાનો છે, તેની સ્થિતિ સુધરવાની છે, તેને આ ૧૨૫ દિવસના કારણે સકારાત્મક રીતે ફાયદો થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારનો અધિકાર વધુ મજબૂત બનાવવા માટે કોઈપણ શ્રમિક કામ માટે અરજી કરે તેના ૧૫ દિવસમાં કામ ન મળે તો પછીના દિવસથી જ તેને બેરોજગારી ભથ્થું ચૂકવવાની જોગવાઈઓ આ અધિનિયમમાં કરવામાં આવી છે. મનરેગામાં રોજગારી મળવાની કોઈ ખાતરી ન હતી જ્યારે આ અધિનિયમમાં ખાતરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયા સરળ બનાવીને શ્રમિકોના અધિકારોને વધારે મજબૂત બનાવવા માટે આ કાયદામાં જોગવાઇ છે. મનરેગામાં જે કામ થતાં તે મોટાભાગે માટી ખોદવાના અને રસ્તાના મેટલ વગેરેના કામ હતા. લાંબાગાળાના સ્ટ્રક્ચર બને તેવાં કામ ન હતાં. તેના બદલે આવતા દિવસોમાં કૃષિ અને ગ્રામીણ શ્રમિકો વચ્ચેનું સંતુલન જળવાય રહે તે માટે આ અધિનિયમમાં ખૂબ સરસ જોગવાઇ કરવામાં આવી છે. કૃષિ અને ગ્રામીણ શ્રમિકો વચ્ચેનું સંતુલન જાળવવા માટે મનરેગા યોજનામાં એવી સમસ્યા જોવા મળી હતી કે વર્ષ દરમિયાન જ્યારે રોજગારી માગે ત્યારે આપવાની. તેના કારણે એક બાજુ ખેતીમાં સીઝન હોય ત્યારે શ્રમિકો ખેતીમાં જવાને બદલે પોતાની રોજગારીમાં જતા રહે, એના કારણે ઘણી વખત ખેતીમાં મજૂરો મળતા ન હતા. મનરેગા યોજનામાં એવી સમસ્યા જોવા મળી હતી કે વર્ષની ખેતીની સીઝન દરમિયાન ગ્રામીણ મજૂરો ખેતી સિવાયની અન્ય રોજગારી મેળવવા માટે કામ પર જવાના કારણે ખેતીકામ માટે જરૂરી મજૂરો મળી શકતા ન હતા. નવા અધિનિયમમાં આ પરિસ્થિતિને સુધારવા માટે રાજ્ય સરકારને સત્તા આપવામાં આવી છે. એમાં જે પ્રમાણે ગુજરાત હોય કે અન્ય રાજ્યને અનુકૂળ હોય એટલા ૬૦ દિવસ માટે એના માટે ખાસ કરીને 'નો –વર્ક પિરિયડ'ની જોગવાઇ આ કાયદામાં કરવામાં આવી છે. જેથી કરીને ખેતીની સીઝન વખતે મજૂરોને ખેતીકામ મળી શકે. બાર મહિનામાં ૬૦ દિવસની રોજગારી 'નો –વર્ક પિરિયડ' VB-G RAM G માં આપવામાં નહીં આવે. આ વ્યવસ્થાના બે મહત્ત્વપૂર્ણ લાભ થવાના છે. એક તો કૃષિ માટે મજૂરોની ઉપલબ્ધતા અને ખેડૂતોને તેમના પાક માટે પૂરતા મજૂરો મળશે. જેના કારણે પાકની ઉપજ અને ગુણવત્તામાં સુધારો થશે. લણણી માટે પૂરતો સમય પણ મળશે. ખેડૂતો યોગ્ય સમયે પાકનું વેચાણ કરી શકશે. શ્રમિકોને નિયમિત રોજગારી મળવાની છે. વર્ષના બાકીના દિવસોમાં એટલે કે એક વર્ષના ૬૦ દિવસમાંથી ખેતીના સમયગાળા સિવાયના સમયગાળામાં શ્રમિકોને વિકસિત ભારત રોજગાર ગેરંટી આજીવિકા મિશન હેઠળ ૧૨૫ દિવસ સુધી કામ મળી શકશે. જેથી ગ્રામીણ પરિવારોને નિશ્ચિત રીતે આવક મળી શકશે. આ રીતે કૃષિ અને રોજગાર વચ્ચેનું સંતુલન જાળવવું એ ખેડૂતો અને શ્રમિકોના હિતમાં રહેશે અને સમગ્ર ગ્રામીણ અર્થવ્યવસ્થાની ટકાઉ વ્યવસ્થાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલાંની આ અધિનિયમમાં જોગવાઇ કરવામાં આવી છે. એની સાથે–સાથે આ અધિનિયમ હેઠળના જે વિકાસલક્ષી કામો થવાના છે એમાં ખાસ કરીને જળસુરક્ષા અને જળ સંરક્ષણ સંબંધિત કામો થશે. ખેડૂતોને પાણીની સતત અને કૃષિ પાક આધારિત આજીવિકા સુરક્ષિત બને તેને ધ્યાનમાં રાખીને અનેક મહત્ત્વપૂર્ણ કામો માટે જોગવાઇ કરવામાં આવી છે. તળાવોનું નિર્માણ કરવું, તળાવો ઊંડા કરવા, ચેકડેમો બનાવવા, ખેતતલાવડી વગેરેનું નિર્માણ કરવું, વરસાદી પાણીનો સંગ્રહ કરવો, નાળાં ઊંડા કરવા, માટીકામ, પાણી સંરક્ષણ સંબંધિત વોટરશેડના કામો કરવા. જેના કારણે ટકાઉ અને લાંબા ગાળા માટેના ઉપજાઉ કામો થવાના છે. ગામડાઓ માટે ગ્રામીણ માળખાકીય સુવિધાઓની જોગવાઇ છે. આ અધિનિયમમાં ગામડાઓના રસ્તાઓ બનાવવા, નાળાં–પુલ બનાવવા, નાના–મોટા સમૂહોના ભવનો બનાવવા, ગ્રામ પંચાયત કચેરી બનાવવી, સ્મશાનગૃહ અને આંગણવાડી કેન્દ્રો બનાવવાની પણ જોગવાઇ છે. લાંબા સમય માટેના ટકાઉ કામો આપણે લઇ શકવાના છીએ તેમજ ગામડાઓમાં બનતા રસ્તાઓ, માળખાકીય સુવિધાઓની સાથે ખાસ કરીને રાષ્ટ્રીય સ્તરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્ક ઊભા કરવાના કામો લેવાની જોગવાઇ છે. આજીવિકા વૃદ્ધિ માટેના કામો પણ લઇ શકાશે. આ અધિનિયમનો મહત્ત્વપૂર્ણ હેતુ રોજગાર પૂરો પાડવાનો નથી પણ ગ્રામીણ પરિવારોની આજીવિકાને વધુ મજબૂત બનાવવા માટેનો છે. મનરેગાના આની પહેલાંના કામો હતા એ આ પ્રકારના ન હતા. એમાં ખાસ કરીને માટીકામ, મેટલકામ, પાળા બનાવવા જેવા ટૂંકાગાળા માટેનાં કામો થતાં હતાં અને મોટા પ્રમાણમાં ગેરરીતિ થતી હતી. આ પ્રકારનો કોઈ સ્કોપ હવે આમાં રહ્યો નથી. સ્વ સહાય જૂથોના માધ્યમથી લાંબા સમય માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરી શકાય. વન આધારિત ઉત્પાદન, સંકલન અને પ્રોસેસિંગ જેવા પ્રોજેક્ટનાં કામો પણ આમાં લઇ શકાય. પશુપાલન અને કૃષિ આધારિત માળખાકીય સુવિધાઓ પણ કરી શકાય એ માટેની આ અધિનિયમમાં જોગવાઇઓ છે. ગ્રામીણ હસ્તકલા અને નાનાં ઉદ્યોગોનાં કામો પણ થઇ શકે. આની સાથે–સાથે ખાસ કરીને ઇકો ટુરિઝમ અને કુદરતી સંશાધનના આધારિત જે આજીવિકા મેળવવા માટેના સાધનો પણ આમાંથી ઊભા કરાવી શકાય એવી આ અધિનિયમમાં જોગવાઇ કરવામાં આવી છે. દૂરદૂરના ગામડામાં રહેતા પરિવારો માટે રોજગારી ઊભી કરવાના સ્ત્રોતો આ અધિનિયમના માધ્યમથી થઇ શકશે. આબોહવા પરિવર્તન, વૃક્ષારોપણ વિગેરેનાં કામો પણ એમાં ટેકનોલોજી દ્વારા પારદર્શિતાથી કરી શકાશે. આ યોજનામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે જી.પી.એસ. ટ્રેકિંગ, જીઓ ટેગિંગ, બાયોમેટ્રિક ઓથેન્ટિક એ.આઇના માધ્યમથી રીયલ ટાઇમ વૉચ વિગેરે માટે આ ટેકનોલોજીનો ઉપયોગ થશે જેના કારણે મનરેગામાં ગેરરીતિ થતી હતી એના બદલે આ કામ સુનિશ્ચિત થશે અને કોઇ જગ્યાએ ગેરરીતિ થવાનો સ્કોપ રહેવાના નથી. વેતનના ચૂકવણામાં જે વિલંબ થતો હતો એ વેતનના ચૂકવણામાં વિલંબ ના થાય એ રીતની આ અધિનિયમમાં જોગવાઇઓ છે. શ્રમિકોના તેમના પરિશ્રમનું વેતન સમયસર મળે એ માટે વેતન ચૂકવણાની પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક, ડિજિટલ અને જવાબદાર બનાવવા માટેની વ્યવસ્થા આ અધિનિયમમાં કરવામાં આવી છે. આ અધિનિયમમાં શ્રમિકને કામ પૂર્ણ કર્યા પછી નક્કી કરેલા સમયગાળામાં વેતન ચૂકવવામાં ના આવે તો વિલંબના દરેક દિવસ માટે શ્રમિકને વળતર ચૂકવવાની જોગવાઇ છે. વળતર સીધું ડી.બી.ટી.ના માધ્યમથી શ્રમિકને આપવામાં આવે છે. ટેકનિકલ

કારણોસર થતાં વિલંબમાં પણ જે તે વ્યક્તિની વહીવટી જવાબદારી રહેશે. આ રીતે આ અધિનિયમથી શ્રમિકોના હિતોને સુનિશ્ચિત કરીને તેમનું સન્માન જળવાઇ રહે, પૂરું વેતન મળી રહે એવા ભાવની આ અધિનિયમમાં જોગવાઇ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેની સહભાગિતામાં ખાસ કરીને, જે ઉત્તર પૂર્વ અને હિમાચલી રાજ્યો છે એવા કેન્દ્રશાસિત જે રાજ્યોમાં ૯૦ ટકા કેન્દ્ર સરકારનો ફાળો છે. આપણા જેવા રાજ્યો છે એમાં ૬૦/૪૦ના ફાળાથી આ અધિનિયમની અમલવારી થવાની છે. રાજ્યને વધુ જવાબદેહી મળશે અને યોજનાનું અમલીકરણ વધુ અસરકારક બને તે માટે આ અધિનિયમમાં જોગવાઇઓ કરી છે. વહીવટી ખર્ચની મર્યાદામાં વધારો થવાનો છે. VB-G RAM G યોજનામાં વહીવટી ખર્ચની મર્યાદા પહેલાં મનરેગામાં છ ટકા હતી એને વધારીને નવ ટકા કરવામાં આવી છે. જેનાથી તમામ સ્તરે ફિલ્ડમાં કામ કરતા હોય એમને પૂરતું વેતન મળશે અને કામગીરી ખૂબ સારી રીતે થશે. ક્ષમતાનો વિકાસ થશે અને યોજનાનું અમલીકરણ ખૂબ સરળતાથી થશે. શ્રમ અને મટીરીયલ્સ ગુણવત્તાના ધોરણે લઇએ તો વી.બી.જી. રામ જી યોજનામાં મટીરીયલ્સની જોગવાઇ છે એમાં શ્રમ અને મટીરીયલ્સની ગુણવત્તાનો રેશિયો ૬૦/૪૦નો રહેશે જેના કારણે શ્રમિકોને ઓછામાં ઓછો ૬૦ ટકા ખર્ચ રોજગાર માટે આપવામાં આવશે અને એની સાથે વધુમાં વધુ ૪૦ ટકાનો ખર્ચ મટીરીયલ્સ પાછળ વાપરવામાં આવશે. આમાં કામની ગુણવત્તા સારી રીતે જળવાશે. આ જોગવાઇઓનો મુખ્ય હેતુ યોજનાઓનો મુખ્ય લાભ ગ્રામીણ શ્રમિકોને રોજગારી પૂરી પાડવા માટેનો છે અને એના કારણે એ શ્રમિકોનું સન્માન જળવાશે. આમ, કામ પ્રમાણે વેતન આપવા માટેની જોગવાઇ આ અધિનિયમમાં કરવામાં આવી છે જેના કારણે આવતા દિવસોમાં આ યોજના થકી ખૂબ સારી રીતે છેવાડાના ગામડાંઓ સુધી ટકાઉ સ્ટ્રક્ચરો બનાવી શકાય અને ગામડાંઓનો પણ વિકાસ થાય એ રીતે આમાં જોગવાઇઓ કરવામાં આવી છે. હમણાં અહીંથી કહેવામાં આવ્યું છે. જયાં સુધી કેન્દ્રમાંથી આ અધિનિયમની અમલવારી કરવાની થાય ત્યાં સુધી મનરેગાની યોજના ચાલુ રહેશે. હમણાં મારા મિત્ર કહેતા હતા એવું નથી. અમલવારીની સૂચના મળે અને કાયદો ઘડાય ત્યાં સુધી મનરેગા ચાલુ રહેશે અને ત્યારપછી VB-G RAM G યોજના શરૂ થશે. ગ્રામીણ અર્થવ્યવસ્થાને નવી દિશામાં લઇ જવા માટે આ યોજના દ્વારા ખાસ કરીને, આદિવાસી વિસ્તારો અને દૂરદૂરના ગામડાંમાં શ્રમિક પરિવારોમાં નવીન આજીવિકાની જે તકો ઊભી કરવાની થતી હોય એ આ અધિનિયમના માધ્યમથી થશે જેના કારણે વન ઉત્પાદનો, ઇકોટુરિઝમ, જળસંરક્ષણ અને ગ્રામીણ ઉદ્યોગો જેવા ક્ષેત્રમાં રોજગારી વધશે જેના કારણે ગ્રામીણ અર્થવ્યવસ્થાને એક નવી ગતિ મળશે, દિશા મળશે. આવતા દિવસોમાં VB-G RAM G અધિનિયમ–૨૦૨૫ માત્ર રોજગારી નહીં પણ આ ગામડાંઓના વિકાસ માટેનું એક મિશન બની રહેશે. આ શ્રમિકોના સન્માન માટેનું એક મિશન બની રહેશે. આ વિકસિત ભારતના નિર્માણ માટેનું એક મિશન બનવાનું છે ત્યારે એક વિકસિત રાજ્ય બને, એક વિકસિત રાષ્ટ્ર બને એવા ઉદ્દેશ સાથે દેશના પ્રધાનમંત્રીશ્રી આ અધિનિયમ આપણી વચ્ચે આવતા દિવસોમાં લાવી રહ્યા છે. આથી હું આ સદન દ્વારા રાજ્ય સરકારને વિનંતી કરું છું કે આ અધિનિયમના અસરકારક અમલીકરણ માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવે જેથી ગામડાંઓમાં દરેક જરૂરિયાતમંદ પરિવારને તેનો લાભ મળે, ગામડું સમૃદ્ધ બને અને શ્રમિક સમૃદ્ધ બને એ માટે આપણે સૌ સાથે રહી આ અધિનિયમની અમલવારી કરાવીએ એટલી મારી આપ સૌને વિનંતી છે.અંતમાં હું ભારતના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી કે જેમણે આ ઐતિહાસિક પહેલ કરી છે એમનો આભાર માનું છું અને અભિનંદન આપું છું. આવતા દિવસોમાં વહેલી તકે આ અધિનિયમની અમલવારી થાય અને એ માટેની જોગવાઇઓ અમલમાં આવે એવી પણ વિનંતી છે. શ્રમિકો માટે સન્માનનો અધિનિયમ છે. એ રીતે એક વિકસિત ભારત બને એ માટેનો વર્ષ ૨૦૪૭નો સંકલ્પ છે એમાં ખૂબ સારી રીતે આ અધિનિયમની અમલવારી થાય એ માટે આપણે સૌ સાથે મળીને આવતા દિવસોમાં આ VB-G RAM G અધિનિયમની વધુમાં વધુ અમલવારી થાય એના માટે પ્રતિજ્ઞાબદ્ધ બનીએ એવી વિનંતી સાથે ધન્યવાદ. આભાર.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પ ઉપર માનનીય સભ્યશ્રી જિજ્ઞેશભાઇ મેવાણી તથા મંત્રીશ્રી ઋષિકેશભાઇ અને મંત્રીશ્રી કુંવરજી બાવળિયાજી સમર્થનમાં બોલ્યા છે એ બદલ હું એમનો આભાર માનું છું. આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી મોદીસાહેબ આપણા દેશના લાખો શ્રમિકોને કામના પૂરતા નાણા મળે અને ભ્રષ્ટાચાર અટકે તેવા કાયદાનો મેં સંકલ્પ રજૂ કર્યો છે તેને સભાગૃહ સર્વાનુમતે સ્વીકાર કરે એવી મારી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : **સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે**.

સભાગૃહનું કામકાજ સાંજના ૪–૫૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર શનિવાર, તા. ૧૪ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શનિવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૨૬

ફાલ્ગુન ૨૩, ૧૯૪૭ શાકે

સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

મહેસાણા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

***15/8/1261 શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ** (મહેસાણા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૬૨૨૩
(૨)	ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	

તાલુકો	**મંજુર અરજીની સંખ્યા**
ઉંઝા	૨૭૩
કડી	૨૧૯૪
ખેરાલુ	૫૪
જોટાણા	૬૧
બેચરાજી	૧૪૭
મહેસાણા	૬૫૦
વડનગર	૯૪
વિજાપુર	૨૮૩
વિસનગર	૨૪૫
સતલાસણા	૭૦
કુલ	**૪૦૭૧**

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બિનખેતીની પરવાનગી મેળવવાની જે સમયમર્યાદા છે એ વૈધાનિક રીતે કેટલી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, બિનખેતીની પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા ૯૦ દિવસની છે, પરંતુ સેન્ટ્રલ પી.એસ.ઓ. યુનિટ સચિવાલય, ગાંધીનગર દ્વારા બિનખેતી પરવાનગીની અરજીની પૂર્વ ચકાસણી કરી અરજી હેઠળની વિગતો અને મહેસૂલ રેકર્ડ ચકાસી અને નીચે દર્શાવ્યા મુજબ ગ્રીન ચેનલ ૧૦ દિવસ, યલો ચેનલ ૭૫ દિવસ અને રેડ ચેનલ ૯૦ દિવસની અરજીની સમયમર્યાદા હોય છે.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે બિનખેતી માટે એકદમ ટૂંકી સમયમર્યાદા નક્કી કરી છે એ બાબત ખરેખર અભિનંદનને પાત્ર છે અને આ બિનખેતી માટે નાણાં ભરપાઇ કરવાની નોટિસ મળે એ પછી કેટલા દિવસમાં બિનખેતી થાય છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ અરજદારશ્રી દ્વારા ૨૨ દિવસની સમયમર્યાદામાં નાણાં જમા કરવાનાં રહેતાં હતાં, પરંતુ સદર સમયગાળો ટૂંકો હોઇ અને સરકાર દ્વારા તા.૨૬–૮–૨૦૨૨ના ઠરાવથી સમયગાળો વધારીને ૫૦ દિવસ કરવામાં આવેલ છે. બિનખેતીની પરવાનગીની અરજી મંજૂર થયા બાદ અરજદારને એસ.એમ.એસ., ઇ–મેલથી પૈસા ભરવાનું ઇન્ટિમેશન જનરેટ થાય છે. ઇન્ટિમેશન જનરેટ થયા પછી ૫૦ દિવસમાં પૈસા ભરવાના રહે છે. જો આ નાણાં ભરવામાં ના આવે તો બિનખેતીની પરવાનગી રદ થાય છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, બિનખેતીની પરવાનગી માટે વસૂલવામાં આવતી પ્રોસેસ ફી છે એ કયા દરે વસૂલવામાં આવે છે અને એક વખત આ બિનખેતીની અરજી જો દફતરે કરવામાં આવે તો બીજી વખત એ અરજીની કયા દરે પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, બિનખેતી પરવાનગીની માગણીમાં જમીનના ક્ષેત્રફળ આધારિત ૫૦ પૈસા પ્રતિ ચોરસ મીટરના દરે પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે તથા એક વાર દફતરે કરેલ બિનખેતીની પરવાનગીની અરજી પુનઃ કરવામાં આવે ત્યારે મહેસૂલ વિભાગના તા.૨૬–૯–૨૦૨૨ના પરિપત્રની જોગવાઇ અનુસાર ક્ષેત્રફળ આધારિત ૧૦ પૈસા

પ્રતિ ચોરસ મીટરના દરે પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે. અરજદાર પક્ષે કોઇ ક્ષતિ ન હોય પરંતુ ટૅકનિકલ કારણોસર અરજી દફતરે થયેલ હોય તો તે અરજી પુનઃ રજૂ કરવામાં આવે તો કોઇ પ્રોસેસ ફી વસૂલવાની રહેતી નથી.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષિત બાળકો

***15/8/1685 શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક –૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	કુપોષિત બાળકોનો ઘટાડો નોંધાયેલ છે. પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	અરવલ્લી જીલ્લો		સાંબરકાંઠા જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	બાયડ	૮૫૩	હિંમતનગર	૩૦૫૩
૨	ભીલોડા	૧૬૭૫	ઈડર	૨૬૩૯
૩	ધનસુરા	૭૧૬	ખેડબ્રહ્મા	૧૯૮૦
૪	માલપુર	૬૦૮	પોશીના	૨૭૦૧
૫	મેઘરજ	૧૩૬૮	પ્રાંતિજ	૨૫૭૫
૬	મોડાસા	૧૦૯૨	તલોદ	૧૫૪૯
	કુલ	૬૪૧૨	વડાલી	૯૮૯
			વિજયનગર	૧૧૦૨
			કુલ	૧૬૫૮૮

પત્રક–૨

	અરવલ્લી જીલ્લો			સાંબરકાંઠા જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજનવાળા બાળકોની સંખ્યા	અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	ઓછા વજનવાળા બાળકોની સંખ્યા	અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા
૧	બાયડ	૬૮૩	૧૭૦	હિંમતનગર	૨૪૪૭	૬૦૬
૨	ભીલોડા	૧૪૬૮	૩૦૭	ઈડર	૨૧૪૨	૪૯૭
૩	ધનસુરા	૬૦૪	૧૧૨	ખેડબ્રહ્મા	૧૫૩૩	૪૪૭

૪	માલપુર	૪૮૬	૧૨૨	પોશીના	૨૧૮૭	૫૧૪
૫	મેઘરજ	૧૧૦૧	૨૬૭	પ્રાંતિજ	૨૦૮૯	૪૮૬
૬	મોડાસા	૯૨૪	૧૬૮	તલોદ	૧૨૭૪	૨૭૫
	કુલ	૫૨૬૬	૧૧૪૬	વડાલી	૮૦૬	૧૮૩
				વિજયનગર	૯૧૮	૧૮૪
				કુલ	૧૩૩૯૬	૩૧૯૨

પત્રક–૩

	અરવલ્લી જીલ્લો		સાંબરકાંઠા જીલ્લો	
	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	બાયડ	૭૫૪	હિંમતનગર	૪૭૧
૨	ભીલોડા	૧૦૩૯	ઈડર	૬૨૪
૩	ધનસુરા	૨૫૮	ખેડબ્રહ્મા	૧૪૨૪
૪	માલપુર	૪૧૭	પોશીના	૮૮૩
૫	મેઘરજ	૫૭૨	પ્રાંતિજ	૩૨૫
૬	મોડાસા	૧૨૭૭	તલોદ	૪૧૬
	કુલ	૪૩૧૭	વડાલી	૪૫૧
			વિજયનગર	૪૬૨
			કુલ	૫૦૫૬

શ્રી જીગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો કોઇ પ્રશ્ન નથી. મારી માનનીય મુખ્યમંત્રીશ્રીને અરજ છે. સન ૨૦૦૪માં પ્રોફેસર દર્શિની મહાદેવીયા અને ઇન્દિરા હીરવે નામના બે સ્કોલરે ગુજરાત સરકારના કહેવા પર હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ તૈયાર કર્યો હતો. સન ૨૦૦૪થી આજે ૨૧ વર્ષ થાય. આપણે એડમિટ કરવો પડશે, એટલિસ્ટ કુપોષણના મુદ્દે આપણે ફેઇલ છીએ. આપને વિનંતી એટલી છે કે, ગુજરાતમાંથી, દેશમાંથી, દુનિયામાંથી પબ્લિક હેલ્થ ન્યુટ્રીશનના કોઇ બે–પાંચ એક્સપર્ટસને પકડો. ખરેખર, આપણા ગુજરાતનું સારું નથી લાગતું. કોઇપણ એકસપર્ટસને દેશ–દુનિયામાંથી પકડી કોંક્રિટ બ્લુપ્રિન્ટ બનાવો. હવે તો આવતા ૩૬૫ દિવસમાં ગુજરાતને કુપોષણ મુકત કરીને બતાવીએ. દાદાનું બુલડોઝર આ કુપોષણ પર ફરી વળે એવું કરો.

અધ્યક્ષશ્રી : માનનીય જીગ્નેશભાઇ તમે પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના અનુસંધાનમાં અત્યારે એમની વાત અપ્રાસંગિક છે. એમનો પણ પ્રશ્ન છે એ વખતે એ વાત કરી શક્યા હોત.

અધ્યક્ષશ્રી : અત્યારે એમનો જ પ્રશ્ન છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જિગ્નેશભાઇએ જે પ્રશ્ન પૂછ્યો હતો એ બે જિલ્લાનો હતો. એ પ્રશ્નના જવાબમાં કુપોષણ દૂર કરવા અને ગુજરાતને સુપોષિત કરવા અમારી સરકાર આગળ વધી રહી છે. એના આંકડા પણ એમને આપવામાં આવ્યા. જે ઇમ્પ્રુવમેન્ટ છે એ આ આંકડાઓમાં દેખાઇ આવે છે. તેમ છતાં એ જે વાત મૂકી રહ્યા છે એ બિલકુલ વ્યાજબી નથી. ગુજરાત સરકાર તેના પ્રયત્નોથી, યોજનાઓથી અને સામાજિક રીતે પણ કુપોષણને દૂર કરીને સુપોષિત ગુજરાત તરફ આગળ વધી રહી છે. જ્યારે પોષણની વાત આવે છે ત્યારે મારે કહેવું પડે કે સારાં ઘરના બાળકો પણ બધી જ પ્રકારની સારી વાનગીઓ મળે તે છતાં ઘણી વખત એમને પોષણ નથી મળતું કારણ કે, એમાં એમની જમવાની ટેવો પણ ક્યાંકને ક્યાંક જવાબદાર હોય છે. પહેલાં એવું હતું કે આપણ આંતરડાને ગમે એવું જમવાનું ભાવતું હતું. હવે એવું થઇ ગયું

છે કે આપણા નાકને ગમે, સુગંધ સારી હોય તો એ જમવાનું ભાવે, આપણી જીભને ગમે તો એ જમવાનું ભાવે એના કારણે પૂરતા પ્રોટીન અને વિટામિન બાળકોને મળતાં ન હોવાથી પોષણ ન મળતું હોય એવું પણ બની શકે. મારે જિજ્ઞેશભાઇને કહેવું છે કે જે આંકડાઓ છે એ સુધારા તરફ લઇ જતા આંકડાઓ છે. એમણે પ્રશ્ન નથી પૂછ્યો પણ ગુજરાતની વાત છે ત્યારે વિધાનસભાના ફ્લોર પરથી આ માહિતી જવી જોઇએ. જ્યારે સાબરકાંઠા જિલ્લાની વાત આવે ત્યારે બાયડમાં ૧૧,૦૮૮ બાળકોમાંથી જે કુપોષિત બાળકો છે એમાં ૬.૨ ટકાનો ઘટાડો થયો છે. બધા તાલુકાનું કહેવા જાઉં તો બહુ જ સારો રિપોર્ટ આવ્યો છે. સાથે-સાથે ૬૫,૫૩૫ બાળકો અરવલ્લી જિલ્લાના છે. એમાં હવે લગભગ ૮.૪ ટકાનું કુપોષણ રહ્યું છે. એવી જ રીતે સાબરકાંઠા જિલ્લામાં પણ ૯૦,૦૦૦ બાળકોમાંથી ૧૩,૦૦૦ જેટલા બાળકો કુપોષિત રહી ગયા છે. હવે માત્ર ૩.૭ ટકા બાળકો જ કુપોષિત રહ્યા છે. અમારી આંગણવાડીની બહેનો, તેડાઘરની બહેનો અને અધિકારીઓ બધા જ જિલ્લાવાર નીચે ઉતરીએ છીએ. ઘટકવાર જઇએ છીએ. એન.એફ.એચ.એસ. જે આંકડા બતાવે છે એ માત્ર પોષણના આંકડા નથી બતાવતું પણ સમયસર વેક્સિન મળી છે કે નહિ, બાળકોને સમયસર ગોળી મળી છે કે નહિ? આયર્નની ગોળી મળી છે કે નહિ એ બધા ડેટા હોય છે. અમારું પોષણ ટ્રેકર અમે વર્ષ ૨૦૧૯માં ચાલુ કર્યું છે એ પોષણ ટ્રેકર થકી અમે બાળકોનું ઇમ્પ્રુવમેન્ટ દરરોજ માપીએ છીએ એ ઘટક સુધી જાય છે અને એ દેખાય એવું છે. જીજ્ઞેશભાઇએ જે વાત કરી છે એમાં સાચી માહિતી ફ્લોર પર નથી જતી એટલે મારે ચોખવટ કરવી પડી છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન યોજનામાં સેન્ટ્રલાઇઝ કિચનનો જે કૉન્સેપ્ટ એક્સેપ્ટ કર્યો છે એમાં માનનીય મંત્રીશ્રી જે ઇટિંગ હેબિટની વાત કરતા હતા, નાકને ગમે એની વાત કરતા હતા, જીભને ગમે એની વાત કરતા હતા, આંખને ગમે એની વાત કરતા હતા એ કોન્સેપ્ટ આમાં સચવાતો નથી. જ્યારે રસોઇયા સ્થાનિક હોય અને એ ગામમાં જ રસોઇ બનાવે છે ત્યારે એને ખબર હોય કે ક્યા પ્રકારનો ટેસ્ટ બાળકોને ભાવે છે પણ જ્યારથી આ સેન્ટ્રલાઇઝ કિચનનો કૉન્સેપ્ટ એક્સેપ્ટ કર્યો છે ત્યારથી મારે મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે એનાથી કુપોષણ વધ્યું છે કે ઘટ્યું છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી તુષારભાઇ સેન્ટ્રલાઇઝ કિચનની વાત કરી રહ્યા છે ત્યારે હું એમને પૂછવા માંગું છું કે આંગણવાડીમાં જે પોષણ સુધા યોજના ચાલે છે તે અંતર્ગત વાત કરી રહ્યા છે? જે જમવાનું આંગણવાડીમાં બને છે અને સગર્ભા બહેનોને ત્યાં બોલાવીને એક ટાઇમનું ભોજન આપવામાં આવે છે એની જ વાત કરો છો?સેન્ટ્રલ કિચન હોતું નથી. તે શિક્ષણ વિભાગ ચલાવે છે.

અધ્યક્ષશ્રી : આ આંગણવાડી અને સગર્ભા માતાઓને લગતો પ્રશ્ન છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન શિક્ષણ વિભાગને લગતો છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કુપોષિત બાળકોનો જે પ્રશ્ન ઊભો કર્યો છે ત્યારે આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, માનનીય મોટી સાહેબ મુખ્યમંત્રી હતા ત્યારે કુપોષિત બાળકો ન જન્મે તે માટે સગર્ભા બહેનોની ચિંતા કરવામાં આવી હતી. હાલ સગર્ભા બહેનોની પૂરી કાળજી લઇને જરૂરી વસ્તુઓ આપવામાં આવે છે. અત્યારની શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર કુપોષિત બાળકો ન જન્મે તે માટેના વિવિધ કાર્યક્રમો કરી રહી છે. હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અત્યારે આંગણવાડીમાં જે આહાર આપવામાં આવે છે તેમાં પોષકતત્ત્વો માટે કયા પ્રકારની ઔષધિ આવે છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, બાળકોને બાલશક્તિ ટેકહોમ રાશન આપવામાં આવે છે તેમાં ઘઉંનું પ્રમાણ ૬૨ ગ્રામ, ચણાનો લોટ ૬ ગ્રામ, સોયાબીનનો લોટ ૧૦ ગ્રામ અને ખાંડ તથા તેલ હોય છે. સરકાર જે બાળકોને જમાડે છે તેના પોષણમાં બધા જ વિટામિન હોય તે જરૂરી છે. ખાસ કરીને આયર્ન, વિટામિન-એ, કેલ્શિયમ, થિયામીન, રિબોફ્લેવિન, અને નિયાસિન અને વિટામિન-સી તથા ફોલિક એસિડ સહિત વિટામિન્સ બાલશક્તિ ટેકહોમ રાશનમાં હોય છે. તેનાથી અલગ અલગ વાનગીઓ વિથ ફ્લેવર્ડ બનાવવામાં આવે છે. તેમાં બાળકને બધા જ વિટામિન મળે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીજ્ઞેશભાઇએ જે ચિંતા કરી છે તે આપણા બધા માટે ચિંતાનો વિષય છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, ત્રણ દાયકાથી કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે. દરેક વખતે અહીંયા ચર્ચા કરવામાં આવે છે ત્યારે આપણા સમયમાં કુપોષણ મુક્ત ગુજરાત બનાવી શક્યા હોત પણ આપણે આંકડા ઘટ્યા છે તેનું ગૌરવ લઇએ છીએ. આંગણવાડી કેન્દ્રમાં પોષણક્ષમ આહાર આપવા માટે પ્રતિ બાળક પ્રતિદિન કેટલી રકમ ફાળવવામાં આવે છે? તેમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ? દરેક આંગણવાડી કેન્દ્રની બહેનોની એક જ ફરિયાદ હોય છે કે, આ રકમ પહેલાં ખર્ચ કરવી પડે છે. ત્યારબાદ સમયસર રકમ ચૂકવાતી નથી. એવી કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે આખા મહિનાની એડવાન્સ રકમ તેની પાસે જમા રહે. જેથી કરીને પૈસાના અભાવે ખરીદી કરવામાં તકલીફ ન પડે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, છ માસથી ત્રણ વર્ષના સામાન્ય વજનવાળા બાળકદીઠ પ્રતિદિન ૩.૮/- અને ગરમ નાસ્તા સાથે બાલશક્તિ રાશનના પેકેટ આપવામાં આવે છે. તેવી જ રીતે છ માસથી ત્રણ વર્ષના અતિ ઓછાં વજનવાળાં બાળકને પ્રતિદિન ૩.૧૨/- અને ગરમ નાસ્તા સાથે ટી.એચ.એન.નું બાલશક્તિ આપવામાં આવે છે. આંગણવાડીમાં સગર્ભા માતા અને ધાત્રી માતાનું પણ એટલું જ ધ્યાન રાખવામાં આવે છે. તેમને પ્રતિદિન ૩.૯.૫૦ પૈસા

ફાળવવામાં આવે છે. સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે કે જે કિશોરીઓ ટીનએજમાં આવે એટલે તેનું ધ્યાન રાખે છે, આવનાર દિવસમાં તેના લગ્ન થશે અને માતા બનશે તે ધ્યાનમાં રાખીને રૂ.૯.૫૦ પૈસા આપવામાં આવે છે. હું મારા વિપક્ષના ભાઈઓને ફરી કહેવા માગું છું કે, ગુજરાત સરકાર ખૂબ સારું કામ કરી રહી છે અને સરકાર દ્વારા પૂરક પોષણ આપવામાં આવે છે, આખું પોષણ નથી. બાળકોની માતાઓ જ્યારે આંગણવાડીમાં આવે છે ત્યારે તેમનું કાઉન્સેલિંગ પણ કરવામાં આવે છે કે પૌષ્ટિક આહાર એટલે શું, બાળકનું ધ્યાન કેવી રીતે રાખવામાં આવે, તેને શું જમાડવામાં આવે. પૂરક પોષણની સાથે સાથે જ્યારે સગર્ભા માતા ઘરે જાય છે તો તેના ઘર પરિવારને પણ ખબર હોવી જોઈએ કે સગર્ભા માતાને શું ખોરાક મળવો જોઈએ. બાળક અડધો દિવસ જ આંગણવાડીમાં હોય છે પછી બપોરે અને સાંજે તો એ ઘરે જ હોય છે. તો સવારનો નાસ્તો અને બપોરનું જમવાનું પૂરું મળે છે અને સરસ મળે છે. આંખોને ગમે, નાકને ગમે અને આંતરડાને ગમે એવું જ ભોજન આંગણવાડીમાં આવે છે. એવું હું શ્રી તુષારભાઈને કહું છું. સાહેબ, તમે અમારી આંગણવાડીમાં આવો તો વિવિધ વાનગીઓ કેવી રીતે બનાવવી એની પણ ટ્રેનિંગ આપવામાં આવે છે. શ્રી તુષારભાઈ, તમે કોઈ દિવસ અમારી આંગણવાડીમાં જઈને મુઠીયા ખાવ, થેપલા ખાવ, સુખડી ખાવ, ચીક્કી ખાવ તો તમને ખબર પડશે કે આંખ, નાક, જીભ અને આંતરડા બધાને સંતુષ્ટ કરે એવો આહાર આંગણવાડીમાં મળે છે.

અધ્યક્ષશ્રી **:** : માનનીય મંત્રીશ્રી, આ બાબતે હું થોડી વાત કરવા માગીશ. ગુજરાત સમૃદ્ધ રાજ્ય છે અને સમૃદ્ધ રાજ્યમાં કુપોષણની બાબતમાં રાજ્ય સરકારે ઈનિસિએટીવ લઈને ઘણું બધું કામ કર્યું છે. પરંત હજુ ગેપ ક્યાં છે? મારું વ્યક્તિગત ઓબ્ઝર્વેશન છે એટલા માટે કહું છું. લગ્ન ન કર્યા હોય એવી કિશોરીને જ્યારે આંગણવાડીની બહેન કોઈ પૂરક ખોરાક આપવા જાય છે ત્યારે ગામમાં સામાજિક માન્યતા એવી છે કે આ માત્ર સગર્ભા બહેનોને જ આપવાનું છે. એટલે એ દીકરીઓ સામાજિક માન્યતાના કારણે દૂર રહે છે. એને એવું લાગે છે કે, મને પણ ગામની અંદર એવું કહેશે કે આ સગર્ભા છે. એટલા માટે આ કિશોરીઓ ત્યાં જતા અચકાય છે. તો જાગૃતિનું કામ પણ ખૂબ જરૂરી છે. તમે આહાર પહોંચાડો છો એ આહાર ખૂબ સારી ગુણવત્તાવાળો છે એ મેં પ્રત્યક્ષ રીતે ગામમાં જઈને પહોંચાડ્યું છે. પરંતુ એ ખાવા માટેની બાળકોની આદત છે એમાં પણ સુધારો કરવાની જરૂર છે. ત્રીજો વર્ગ આપે કહ્યો છે કે સંપન્ન પરિવારોમાં પણ આહારની આદતોને ઘણાં બધાં બાળકો કુપોષિત છે. તો એના માટે જાગૃતિનું કામ રાજ્ય સરકાર દ્વારા થાય. તમે કહ્યું કે જીભને ગમે, આંખને ગમે, નાકને ગમે તો આંતરડાને કયું ગમે છે એના માટે એક કેમ્પેઇનિંગ ચાલે અને તમે હેલ્ધી ગુજરાતનો જે વિષય લીધો છે મોટાપાથી દૂર રહેવાનો એના માટે આ જાગૃતિ કરીએ તો બહુ કામ થાય. જે એરિયામાં હજુ પોષણક્ષમ આહાર બાળકો સુધી પહોંચવામાં કોઈ ખામી હોય તો એને તમે પહોંચાડો છો એ એના મોઢા સુધી પહોંચે છે કે કેમ? ગામમાં તો નથી રહેતું ને? ઘણી વખત એવું થાય છે કે એના ઘરે પહોંચાડ્યું હોય પણ મા–બાપે બનાવીને ખવડાવ્યું કે કેમ? ત્યાં સુધીની જે ટ્રેકિંગ કરવાની વ્યવસ્થા છે એમાં થોડું ધ્યાન રાખીએ. તમે ખૂબ સારું ઈનિસિએટીવ લીધું છે. જે પ્રમાણે રાજ્ય સરકારનું કામ થઈ રહ્યું છે એ અદભૂત છે. મેં મારા વિસ્તારમાં પણ જોયું છે અને પ્રત્યક્ષ રીતે મેં એમાં રસ લીધો છે. સો ટકા એના મોઢા સુધી પહોંચશે તો એનું પરિણામ મળી શકશે. પરંતુ નાની નાની કડીઓમાં જે ખામી હોય એ પણ ઠીક કરવા જેવી લાગે છે.

વડોદરા જિલ્લામાં પોઇચા ગામે મહી નદી પર વીયર બનાવવા

***15/8/1152 શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઇનામદાર** (સાવલી): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પોઇચા ગામે મહી નદી ઉપર વીયર બાંધવા બાબતની કામગીરી કયા તબક્કે છે, અને	(૧)	પ્રગતિ હેઠળ.
(૨)	સદર કામગીરી પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે?	(૨)	રૂ.૩૪૯.૪૯ કરોડ

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર વિયર લગભગ રૂ.૩૪૯.૪૯ લાખ કરોડની માતબર રકમથી મંજૂર થયો એ માટે હું સરકારનો આભાર માનું છું અને અભિનંદન આપું છું. આ વિયર માત્ર મારા સાવલી તાલુકા માટે નથી, સામે ઠાસરા તાલુકા માટે પણ છે. બંને ગામના ખેડૂતોને લાભ થાય એવો છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પોઇચા ગામે મહી નદી પર નિર્માણ થનાર વિયર અંતર્ગત કયા કયા પ્રકારની કામગીરીનો સમાવેશ થયેલ છે? અને તેની તાંત્રિક વિગતો શું છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહી નદી એ મધ્યપ્રદેશના વિધ્યાચલ પર્વતમાળાના પશ્ચિમ કિનારાથી વહે છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતની અંદર પ્રવેશ કરે એમાં મહીસાગર, પંચમહાલ, ખેડા, આણંદ, વડોદરા જિલ્લામાં થઇ ખંભાતના અખાતમાં અરબી સમુદ્રને મળે છે. આ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પોઇચા ગામે મહી

નદી પર નિર્માણ થનાર વિયર અંતર્ગત ૫.૩૯ લાખ ઘનમીટર સિમેન્ટ કોંક્રિટની કામગીરી, ખોદાણકામ વિયરના ઉપરવાસમાં ૧૨૫ મીટર અને હેઠવાસમાં ૨૨૫ મીટર ટ્રેનિંગવોલની કામગીરી તેમજ ૨.૫ કિલોમીટરનો એપ્રોચ રોડ વગેરે પ્રકારની કામગીરીનો સમાવેશ થાય છે. તાંત્રિક વિગતોની વાત કરું તો એમાં વિયરની લંબાઇ ૬૭૫ મીટર છે. વિયરની પહોળાઇ ૯૮.૨૮ મીટર છે. વિયરની ઊંચાઇ ૧૧ મીટર છે. વીયરનો પ્રકાર ઓગી ક્રેસટેડ છે. ઓવરફ્લો સેકશનની લંબાઇ ૫૫૦ મીટર છે. એપ્રોનની પહોળાઇ ૨૦ મીટર છે. વિયરના જળાશયની સંગ્રહશક્તિ ૩૧.૬૦ એમ.સી.એમ છે. જળાશયની લંબાઇ ૧૪ કિ.મી. સુધીની છે. ૧૪ કિ.મી સુધી પાણીનો ભરાવો રહેવાનો છે. એમાં એમ-૧૫ કોંક્રિટ ૨ લાખ ૫૨ હજાર ઘનમીટર, એમ-૨૦ કોંક્રિટ ૧ લાખ ૫૮ હજાર ઘનમીટર અને એમ-૨૫ કોંક્રિટ ૧ લાખ ૨૯ હજાર ઘનમીટર થાય છે. એનાથી ૨૯૬૫૩ એકરમાં સિંચાઇ અને ભૂગર્ભજળમાં સુધારો થવાનો છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ સારી વાત કરી છે કે, ૧૪ કિ.મી સુધી પાણીનો ધક્કો જવાનો છે. શ્રી કેતનભાઇએ કહ્યું એમ માત્ર સાવલી નહીં, પાછળના ડેસર તાલુકા અને સામેના ભાગમાં ઠાસરા સહિતના તાલુકાને લાભ મળવાનો છે. આપણે મોટો પ્રોજેક્ટ મૂકયો છે પણ હાલમાં એની ભૌતિક કામગીરી કેટલી થઇ એ માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખે ૨૫ ટકા જેટલી ભૌતિક કામગીરી થઇ .

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કડાણા ડેમના હેઠવાસમાં મહી નદી ઉપર અન્ય કયા કયા વિયર આવેલા છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કડાણા ડેમના હેઠવાસમાં મહી નદી ઉપર વણાકબોરી અને સિંધરોટ એમ બે વિયર આવેલા છે. બેની વચ્ચેનું અંતર ૯૨ કિલોમીટરનું છે. એની વચ્ચે આપણા આ પોઇચા બ્રિજનું નિર્માણ થઇ રહ્યું છે.વણાકબોરીથી પોઇચાનું અંતર ૫૬ કિલોમીટર છે અને સિંધરોટથી પોઇચાનું અંતર ૩૬ કિલોમીટર છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાવલી ખાતે પોઇચા વિયર બની રહ્યો છે એમાં કેટલા હેકટર જમીન ડૂબાણમાં જવાની છે? મારો બીજો પ્રશ્ન છે કે આ બાજુ સાવલી તાલુકો છે અને સામે ખેડા જિલ્લો છે. આ બાજુ નદીમાં પથ્થર છે અને પેલી બાજુ પાણી છે. આ ડેમ જ્યાં બની રહ્યો છે ત્યાં ચાર-પાંચ ક્વોરીઓ આવેલી છે અને અત્યારે રાત-દિવસ રેતીનું ખનન થઇ રહ્યું છે. નદીમાં ૫૦-૧૦૦ ફૂટ ઊંડુ ખનન થાય છે ત્યારે ત્યાં માણસોનું મૃત્યુ પણ વધારે થાય છે. આમાં સરકાર તાત્કાલિક પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જમીન ડૂબાણમાં જવાની નથી. બીજો, જમીન ખનનવાળો પ્રશ્ન મારા પર્વ્યુમાં લાગતો નથી.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પોઇચા વિયરની કામગીરી પૂર્ણ થયા પછી કેટલા હેકટરમાં જમીનમાં પિયત થઇ શકશે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિયરનું બાંધકામ પૂર્ણ થયા બાદ ૧૪ કિલોમીટર સુધી પાણીનો ભરાવો રહેવાનો છે. નદીના બંને કિનારે આવેલા ગામોમાં ભૂગર્ભ જળના સ્તર ઊંચાં આવવાના છે. સદર વિયરના બાંધકામથી વડોદરા જિલ્લાના સાવલી તેમજ ડેસર તાલુકાના ૩૪ ગામો, આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના અને ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના થઇને ૧૫ ગામોમાં ૨૯,૬૫૩ એકર વિસ્તારને સીધો લાભ થવાનો છે તેમજ સાવલી નગર અને આજુબાજુના ૪૯ ગામોને પીવાના પાણીની યોજના ત્યાંથી પૂરી પાડી શકાશે. આ વિયર બાંધકામથી આશરે ૧૪ કિલોમીટરની લંબાઇમાં ૩૧.૬૦ એમ.સી.એમ. પાણીના સંગ્રહ થકી મત્સ્યોદ્યોગ અને પશુપાલનને પણ વેગ મળવાનો છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં વિધવા પેન્શન યોજના હેઠળ મળેલ પેન્શન

***15/8/1678 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
	ભારત સરકારના રાષ્ટ્રીય સામાજીક કાર્યક્રમ હેઠળ વિધવા પેન્શન યોજના હેઠળ તા.૨૦/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જીલ્લામાં કેટલા લોકોને કેટલું પેન્શન ચુકવવામાં આવ્યું?		ભારત સરકારના રાષ્ટ્રીય સામાજીક કાર્યક્રમ હેઠળ વિધવા પેન્શન યોજના હેઠળ તા.૨૦/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જીલ્લામાં પત્રક-૧ અને પત્રક-૨ મુજબ પેન્શન ચુકવવામાં આવ્યું.

પત્રક-૧

સને ૨૦૨૪				
ક્રમ	વિસ્તાર	અમદાવાદ શહેરના	માસવાર લાભાર્થીની સંખ્યા	ચુકવેલ કુલ રકમ

		તાલુકાનું નામ	જાન્યુઆરી	ફેબ્રુઆરી	માર્ચ	એપ્રિલ	મે	જુન	જુલાઇ	ઑગસ્ટ	સપ્ટેમ્બર	ઑક્ટોબર	નવેમ્બર	ડિસેમ્બર	
૧	શહેરી	અસારવા	૧૧૩૯૩	૧૧૬૧૬	૧૧૬૭૩	૧૧૮૧૬	૧૧૭૨૦	૧૧૭૬૭	૧૧૯૭૫	૧૨૧૪૮	૧૨૧૩૪	૧૧૫૮૭	૧૧૫૯૯	૧૧૬૧૧	૧૯૨૦૨૪૫૦૦
૨		ઘાટલોડીયા	૨૦૪૩	૨૦૪૯	૨૦૦૯	૨૦૧૧	૨૦૧૩	૨૦૧૮	૨૦૨૭	૨૦૩૬	૨૦૩૪	૨૦૩૪	૨૦૩૬	૨૦૩૪	૩૧૫૮૭૫૦
૩		મણીનગર	૬૩૦૯	૬૫૭૩	૭૦૪૩	૭૨૪૬	૭૨૨૯	૭૩૪૫	૭૪૨૭	૭૫૬૧	૭૫૭૧	૬૮૫૫	૬૮૯૮	૬૯૩૬	૧૨૨૫૩૫૦૦૦
૪		સાબરમતી	૪૬૦૭	૪૬૧૫	૪૬૪૯	૪૮૨૧	૪૭૮૧	૪૮૧૧	૪૮૩૪	૪૮૯૪	૪૯૦૫	૪૭૧૧	૪૭૧૯	૪૭૩૭	૭૭૧૦૩૭૫૦
૫		વટવા	૨૨૨૭	૨૨૪૮	૨૨૬૫	૨૨૭૮	૨૨૭૯	૨૨૮૯	૨૨૯૯	૨૩૧૬	૨૩૧૨	૨૩૧૭	૨૩૧૪	૨૩૧૩	૩૫૮૯૩૭૫૦
૬		વેજલપુર	૧૯૮૧	૧૯૮૨	૧૯૬૧	૧૯૭૬	૧૯૯૧	૧૯૯૫	૨૦૦૭	૨૦૧૮	૨૦૧૫	૧૯૬૨	૧૯૬૦	૧૯૫૯	૩૦૯૪૭૫૦૦
કુલ (અમદાવાદ શહેરી)			**૨૮૫૬૦**	**૨૯૦૮૩**	**૨૯૬૦૦**	**૩૦૧૪૮**	**૩૦૦૧૩**	**૩૦૨૨૫**	**૩૦૫૬૯**	**૩૦૯૭૩**	**૩૦૯૭૧**	**૨૯૪૬૬**	**૨૯૫૨૬**	**૨૯૫૯૦**	**૪૯૦૦૯૧૨૫૦**
૭	ગ્રામ્ય	બાવળા	૩૪૧૭	૩૪૨૩	૩૩૧૦	૩૩૦૭	૩૩૧૬	૩૩૨૮	૩૩૧૦	૩૩૨૪	૩૩૧૮	૩૨૯૫	૩૨૯૩	૩૨૮૯	૫૧૩૭૧૨૫૦
૮		દસ્ક્રોઇ	૨૪૭૨	૨૪૭૨	૨૪૦૨	૨૪૦૪	૨૪૦૫	૨૩૯૭	૨૩૯૮	૨૪૦૬	૨૪૦૮	૨૪૦૮	૨૪૦૨	૨૩૯૯	૩૬૯૭૦૦૦૦
૯		દેત્રોજ	૧૦૫૬	૧૦૫૮	૧૦૩૫	૧૦૩૫	૧૦૩૨	૧૦૩૧	૧૦૩૧	૧૦૩૧	૧૦૨૯	૧૦૨૮	૧૦૨૭	૧૦૨૬	૧૫૫૭૨૫૦૦
૧૦		ધંધુકા	૧૬૫૩	૧૬૫૧	૧૫૯૪	૧૫૯૮	૧૫૯૮	૧૫૬૨	૧૬૦૭	૧૬૧૧	૧૬૦૩	૧૬૦૩	૧૬૦૩	૧૬૦૧	૨૪૮૮૩૭૫૦
૧૧		ધોલેરા	૩૨૯	૩૨૯	૩૧૨	૩૧૨	૩૧૨	૩૧૨	૩૧૩	૩૧૨	૩૧૧	૩૧૧	૩૧૩	૩૧૩	૪૭૭૬૨૫૦
૧૨		ધોળકા	૩૬૫૯	૩૬૭૧	૩૬૭૫	૩૭૭૦	૩૭૨૩	૩૭૧૮	૩૭૩૩	૩૭૫૫	૩૭૫૫	૩૭૫૦	૩૭૫૧	૩૭૫૨	૫૯૨૭૮૭૫૦
૧૩		માંડલ	૫૫૭	૫૬૨	૫૩૦	૫૩૧	૫૩૧	૫૩૩	૫૩૯	૫૪૫	૫૪૪	૫૪૯	૫૫૦	૫૪૯	૮૬૦૫૦૦૦
૧૪		સાણંદ	૫૨૫૮	૫૨૬૦	૫૦૭૮	૫૦૮૯	૫૦૩૯	૫૦૭૯	૫૦૯૭	૫૧૧૬	૫૧૨૧	૫૧૩૦	૫૧૩૧	૫૧૨૯	૮૦૬૩૨૫૦૦
૧૫		વિરમગામ	૧૨૫૭	૧૨૫૬	૧૨૩૯	૧૨૪૧	૧૨૩૨	૧૨૩૬	૧૨૩૩	૧૨૨૬	૧૨૨૬	૧૨૨૫	૧૨૨૬	૧૨૨૩	૧૮૮૩૦૦૦૦
કુલ (અમદાવાદ ગ્રામ્ય)			**૧૬૬૫૮**	**૧૬૬૮૨**	**૧૬૧૭૫**	**૧૬૨૮૭**	**૧૬૧૮૮**	**૧૬૧૬૬**	**૧૬૨૬૧**	**૧૬૩૨૬**	**૧૬૩૧૫**	**૧૬૨૬૯**	**૧૬૨૬૬**	**૧૬૨૮૧**	**૩૦૦૬૨૦૦૦૦**
કુલ			**૪૮૨૧૮**	**૪૮૭૬૫**	**૪૮૭૭૫**	**૪૬૪૩૫**	**૪૬૨૦૧**	**૪૬૪૨૧**	**૪૬૮૩૦**	**૫૦૨૬૬**	**૫૦૨૮૬**	**૪૮૭૬૫**	**૪૮૮૨૨**	**૪૮૮૭૧**	**૭૬૧૦૧૧૨૫૦**

પત્રક– ૨

			સને ૨૦૨૫												
ક્રમ	**વિસ્તાર**	**અમદાવાદ શહેરના તાલુકાનું નામ**	**માસવાર લાભાર્થીની સંખ્યા**												**ચુકવેલ કુલ રકમ**
			જાન્યુઆરી	**ફેબ્રુઆરી**	**માર્ચ**	**એપ્રિલ**	**મે**	**જુન**	**જુલાઇ**	**ઑગસ્ટ**	**સપ્ટેમ્બર**	**ઑક્ટોબર**	**નવેમ્બર**	**ડિસેમ્બર**	
૧	**શહેરી**	અસારવા	૧૧૭૪૫	૧૧૮૧૦	૧૧૮૬૩	૫	૨૬	૪૨	૫	૨	૩	૫	૬	૨૩	**૫૨૩૭૦૦૦૦**
૨		ઘાટલોડીયા	૨૦૪૬	૨૦૫૪	૨૦૫૧	૪	૬	૯	૦	૧	૦	૦	૧	૨	**૮૩૬૫૦૦૦**
૩		મણીનગર	૭૧૧૦	૭૧૬૩	૭૨૪૬	૬૨	૧૨૪	૧૩૭	૩	૧૮	૨૩	૨૫	૩૨	૫૭	**૩૬૬૬૭૫૦૦**
૪		સાબરમતી	૪૮૪૮	૪૮૬૫	૪૬૩૪	૩૦૬૦	૩૧૦૦	૩૧૧૩	૨	૬	૮	૩૧	૩૭	૪૬	**૩૬૧૪૦૦૦૦**
૫		વટવા	૨૩૨૭	૨૩૩૨	૨૩૩૧	૦	૬	૬	૧	૨	૦	૨	૨	૬	**૬૫૩૩૭૫૦**
૬		વેજલપુર	૧૬૬૪	૧૬૬૪	૧૬૬૧	૩	૬	૬	૧	૨	૦	૦	૦	૧	**૭૭૨૭૫૦૦**
કુલ (અમદાવાદ શહેરી)			**૩૦૦૪૩**	**૩૦૨૪૮**	**૩૦૪૧૬**	**૩૧૬૪**	**૩૨૭૧**	**૩૩૧૩**	**૧૨**	**૩૪**	**૩૪**	**૬૩**	**૭૮**	**૧૩૮**	**૧૫૦૮૬૩૭૫૦**
૭	**ગ્રામ્ય**	બાવળા	૩૨૯૨	૩૨૯૭	૩૨૯૭	૩૨૮૪	૩૨૮૭	૭૧૨	૧૦૩૯	૧૦૦૬	૭૦૧	૭૦૩	૭૦૪	૬૪૦	**૨૮૨૦૩૭૫૦**
૮		દસ્ક્રોઇ	૨૪૧૧	૨૪૧૧	૨૪૦૯	૨૩૯૯	૨૨૯૩	૨૨૯૩	૨૩૭	૨૩૮	૧૫૦	૧૫૧	૧૫૦	૧૫૪	**૧૬૮૨૮૭૫૦**
૯		દેત્રોજ	૧૦૨૬	૧૦૨૬	૧૦૨૬	૧૦૨૩	૧૦૨૧	૨૮૩	૩૭૪	૩૭૨	૩૭૧	૩૭૧	૩૭૦	૩૭૧	**૬૫૫૬૨૫૦**
૧૦		ધંધુકા	૧૬૦૦	૧૬૦૩	૧૬૦૩	૧૫૯૮	૧૫૯૮	૧૫૯૬	૨૫૧	૨૪૬	૨૪૬	૨૪૬	૨૪૮	૨૪૮	**૧૪૦૩૩૭૫૦**
૧૧		ધોલેરા	૩૧૩	૩૧૩	૩૧૬	૩૧૩	૩૧૩	૨૬	૧૩૩	૧૩૩	૧૩૩	૧૩૩	૧૩૨	૧૩૨	**૩૧૨૩૭૫૦**

૧૨		ધોળકા	૩૭૫૩	૩૭૫૯	૩૭૬૨	૩૭૫૯	૩૭૬૫	૩૩૬૨	૩૭૮	૩૭૫	૩૭૬	૩૭૮	૩૭૮	૩૭૬	**૩૧૩૫૮૭૫૦**
૧૩		માંડલ	૫૫૪	૫૫૩	૫૫૩	૫૫૨	૭૨	૮૩	૯૨	૯૨	૯૪	૯૫	૯૭	૯૭	**૩૯૮૩૭૫૦**
૧૪		સાણંદ	૫૧૬૧	૫૧૬૨	૫૧૬૯	૫૧૩૯	૨૨૫૭	૧૭૬૫	૪૦૯	૪૦૮	૪૧૦	૪૧૯	૪૧૫	૪૩૦	**૩૬૦૫૫૦૦૦**
૧૫		વિરમગામ	૧૨૨૨	૧૨૨૫	૧૨૨૫	૧૨૨૪	૧૨૨૪	૨૦૪	૩૩૭	૩૩૭	૩૩૮	૩૩૮	૩૩૭	૩૩૮	**૧૦૬૫૫૦૦૦**
કુલ (અમદાવાદ ગ્રામ્ય)			**૧૯૩૩૨**	**૧૯૩૪૯**	**૧૯૩૬૦**	**૧૯૨૯૧**	**૧૫૮૩૦**	**૧૦૩૨૭**	**૩૨૫૦**	**૩૨૧૦**	**૨૮૨૨**	**૨૮૩૭**	**૨૮૩૧**	**૨૭૮૬**	**૧૫૬૭૯૮૭૫૦**
કુલ			**૪૯૩૭૫**	**૪૯૫૯૭**	**૪૯૭૭૯**	**૨૨૪૮૫**	**૧૯૧૦૧**	**૧૩૬૪૦**	**૩૨૬૨**	**૩૨૪૪**	**૨૮૫૬**	**૨૯૦૦**	**૨૯૦૯**	**૨૯૨૪**	**૩૦૭૬૬૨૫૦૦**

શ્રી ઈમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા પેન્શનની સરકારની યોજના છે એ ખૂબ સારી યોજના છે અને સમગ્ર ગુજરાતની લાખો બહેનો જે વિધવા છે તે તેનો લાભ લે છે અને સરકારને આશીર્વાદ પણ આપે છે. આ યોજના અંતર્ગત અમદાવાદ શહેરનો મારો પ્રશ્ન હતો અને એનો જવાબ મને મળી ગયો છે. પરંતુ અત્યારે વિધવા છે એને માસિક રૂપિયા ૧૨૫૦ આપવામાં આવે છે તેમાં વધારો કરીને રૂપિયા ૨ હજાર કરવા માગો છો કે કેમ? બીજું ખાસ કરીને જે આ પેન્શન છે તે દર મહિને મળવું જોઈએ પરંતુ બે–ત્રણ મહિના ભેગા થાય ત્યારે મળે છે. એનું કારણ એ છે કે વિભાગમાં સમયસર ગ્રાન્ટ આવતી નથી. એટલે આ યોજનાનો લાભ વિધવા બહેનોને આપીએ છીએ તો દર મહિને આ યોજનાનો લાભ મળવો જોઈએ. ત્રીજો પ્રશ્ન છે કે જેને પુત્ર હોય તેને પણ આ યોજનાનો લાભ મળે છે કે કેમ? કેમ કે સ્વર્ગીય વિજયભાઈ રૂપાણી સરકારમાં હું અહીં બેઠો હતો ત્યારે તેમણે કહ્યું હતું કે, જેમને પુત્ર હશે એને પણ લાભ મળશે. પરંતુ અમદાવાદ શહેરમાં રૂપિયા ૧.૫૦ લાખની આવક બતાવે છે એને આ યોજના અંતર્ગત અરજી નામંજૂર કરવામાં આવે છે તો માનનીય મંત્રીશ્રી આ બાબતે જવાબ આપે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું શ્રી ઈમરાનભાઇને ક્લિયર કરવા માગું છું કે પુત્ર હોય કે પુત્રી, વિધવા હોય તો અવશ્ય લાભ મળે છે. એમનો પ્રશ્ન હતો કે સહાય વધારવા માગો છો કે કેમ? આ જે રૂપિયા ૧૨૫૦ ની સહાય મળે છે એ સહાય છે. કોઇનું ઘર ચાલે એના માટેની રકમ નથી. એક વિધવા બહેન હોય તેના હાથમાં કદાચ પૈસા હોય અને પુત્ર કે પુત્રી કમાતા હોય પરંતુ નાનો મોટો ખર્ચ કરવો હોય તો માન સન્માનભેર સમાજમાં રહેવું હોય, દીકરીના ઘેર જાય અને ૫૦–૧૦૦ રૂપિયા આપવા હોય કે એને કોઇ વસ્તુ લઇ આપવી હોય તો એ ખર્ચ કરી શકે. ગંગાસ્વરૂપા યોજના છે એ એના માટે છે કે જે કોઇ સહારાની જરૂર પડે તો એ સહાયથી મદદરૂપ થઇ શકે. ખાસ કરીને ગંગાસ્વરૂપા બહેનોને અમારા મુખ્યમંત્રીશ્રી અને સરકાર કહેવા માગે છે કે બહેન તું એકલી નથી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ તારો પરિવાર છે અને એ તારી સાથે કાયમ ઊભો છે. આ સંદેશો સરકાર આપવા માગે છે.

શ્રી અમુલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે માત્ર પેન્શન સુધી નહીં, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ એની વધારે પણ ચિંતા કરે છે તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ગંગાસ્વરૂપા બહેન છે એના પુનઃસ્થાપન માટે કોઇ યોજના અમલમાં છે? જો છે તો શું છે અને તે કેટલા સમય માટે છે ને એનો શું લાભ આપવામાં આવે છે?

શ્રીમતી મનીષા રા. વકીલ :માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમુલભાઇએ વાત કરી કે એમને ફરી લાઇફમાં સેટ થવું હોય અને વિધવા થયા પછી સમાજમાં પોઝિટિવ સંદેશો જાય કે રીમેરેજ પણ જરૂરી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગંગાસ્વરૂપા બહેનને પુનઃલગ્ન આર્થિક સહાય યોજના વર્ષ ૨૦૨૧થી શરૂ કરવામાં આવી છે ને પુનઃલગ્ન કરે તો ડી.બી.ટી. દ્વારા રૂપિયા ૫૦ હજારની સહાય કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેર અને જિલ્લામાં વર્ષ ૨૦૨૪ની અંદર જે લાભાર્થીઓ હતા એ વર્ષ ૨૦૨૫માં ખાસ કરીને જુલાઇથી ડિસેમ્બર છ મહિનામાં એ લાભાર્થીઓની સંખ્યા ઘટી ગઇ છે એનું કારણ શું? અમદાવાદ શહેરમાં ૩૫૯ લાભાર્થીઓને લાભ મળે છે અને અમદાવાદ જિલ્લામાં ૧૭,૫૩૬ લોકોને લાભ મળી રહ્યો છે. અગાઉનાં વર્ષોમાં વધારે મળેલો છે. સરકાર પાસે નાણાકીય ઉપલબ્ધિ ન હોવાના કારણોસર આ પેન્શન મળતું નથી? આજે પણ છ મહિના થયા, વિધવા બહેનોને પેન્શન નથી મળ્યું.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, પેન્શન દરેક લાભાર્થી બહેનોને મળેલું જ છે અને જે આંકડાની વાત માનનીય શૈલેષભાઇ કરે છે ત્યારે મારે કહેવું છે કે પહેલા વર્ષ ૨૦૧૦માં આ ઈન્દિરા ગાંધી નેશનલ વીડો પેન્શન યોજના કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવી અને એમનો જે વિષય હતો મારા ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે આ યોજના અમલમાં મૂકી ત્યારે આ બેમાં પાત્રતાના ઘોરણમાં થોડોક ફરક પડે છે એમાં જે બહેનો ૪૦થી ૭૯ વર્ષની હોય એને પેન્શન મળશે. આઇ.જી.એન.ડબલ્યું.પી.એસ. વાત છે અને બી.પી.એલ. હસ્તક આવવી જોઇએ પણ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારની ગંગા સ્વરૂપા યોજનામાં આ જે બે શરત છે એ કાઢી નાખવામાં આવી છે અને ૨૧ વર્ષનો દીકરો હોય તો પણ તેને પેન્શન મળશે. એમાં કોઇ ઉંમરનો બાધ રાખવામાં આવ્યો નથી. આ બહેનોને અહીંથી માઇગ્રેટ કરીને અમે ગંગાસ્વરૂપા યોજનામાં લઇ આવ્યા છીએ એટલે ક્યાંક ને ક્યાંક આ તફાવત જોવા મળે છે. વર્ષ ૨૦૨૪માં અમુક બહેનોને શિફ્ટ કરીને અમે ગંગા સ્વરૂપા યોજનામાં લઇ આવ્યા છીએ. એનો આંકડો વર્ષ ૨૦૨૪–૨૫માં બેનિફિશિયરી જાન્યુઆરી ૨૦૨૫માં ૧,૦૦,૧૦૭ હતા એમાં ૭૧૨નો તફાવત આવ્યો એ અમે ગંગાસ્વરૂપા યોજનામાં લઇ લીધા છે. બે પેરેલલ યોજના ચાલતી હોય

તો અમુક બહેનોએ ઇંન્દિરા ગાંધી નેશનલ વીડો પેન્શન યોજનામાં કરેલી હોય એ બધી જ બહેનોને હવે અમે આ બાજુ ગંગા સ્વરૂપા યોજનામાં શિફ્ટ કરી રહ્યા છીએ. એટલે બહેનોની સંખ્યા ઓછી થઇ નથી અમે શિફ્ટ કર્યા છે. એટલા માટે એમને ક્યાંક ને ક્યાંક લાગતું હશે કે પત્રક–૧ અને પત્રક–૨ માં સંખ્યા ઓછી થઇ છે. અમે શિફ્ટ કર્યા છે એટલે એમને આંકડો ઓછો લાગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આ તો માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. નહિ તો માનનીય નીતિનભાઇ પટેલ હોત તો શું કહેત? તો એ એવી વાત કરત કે અમારું સરેરાશ આયુષ્ય વધ્યું છે એટલા માટે મૃત્યુનો આંકડો ઘટ્યો છે. જવાબ તો આવી ગયો, માનનીય શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે અમદાવાદ શહેરની અંદર વર્ષ ૨૦૨૪માં જુલાઇથી ડિસેમ્બર વચ્ચે ૨,૧૦,૫૬૧ લાભાર્થીઓ હતા એ વર્ષ ૨૦૨૫ જુલાઇથી ડિસેમ્બરમાં લાભાર્થીઓની સંખ્યા ખાલી ૩૫૯ થઇ ગઇ. ૬ મહિના આંકડા કહુ છું. એવી જ રીતે અમદાવાદ જિલ્લામાં જુલાઇથી ડિસેમ્બર વર્ષ ૨૦૨૪માં ૧,૧૫,૭૭૮ લાભાર્થીઓ હતા જે વર્ષ ૨૦૨૫ જુલાઇથી ડિસેમ્બરમાં ૧૭,૫૩૬ થયા છે એટલે આપ કહો છો કે શિફ્ટ થઇ ગયા છે તો આટલા બધા કેવી રીતે શિફ્ટ થઇ જાય?

શ્રીમતી મનીષા વા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, કેમ કે જે યોજના ઇંન્દિરા ગાંધી પેન્શનની છે એમાં ઉંમરનો બાધ છે. એ બી.પી.એલ.માં આવે તો જ મળે. ગંગા સ્વરૂપા યોજનમાં ઉંમરનો બાધ કાઢી નાખેલ છે. એટલે બધાને આ યોજનામાંથી પેલી યોજનામાં શિફ્ટ થાય એટલે એ નંબર ઓછા થઇ જાય. ગંગા સ્વરૂપા યોજનાના લાભાર્થીઓ વધે છે અને કોઇને પણ એવું નથી કે સહાય મળતી નથી. બધાને સહાય જે મહિનો હોય એના આગળા ૧૫ દિવસમાં મળી જ જાય છે.

મહેસાણા જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

***15/8/1266 ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમ ૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૧૪૭(એકસો સુડતાળીસ)
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫૮ (અઠ્ઠાવન)
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૫૮ (અઠ્ઠાવન) કિસ્સામાં ૨,૬૦,૪૪૧ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જમીન મહેસૂલ નિયમ ૧૯૭૨ના વહીવટી હુકમ–૩ થાય છે એમાં સરકારના જુદા જુદા વિભાગોને જમીન ફાળવવાની થતી હોય છે. મહેસાણા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૨,૬૦,૦૦૦ ચોરસમીટર જાહેર હેતુ માટે ફાળવી તે માટે આ સરકારને અભિનંદન આપું છું કે ખૂબ જલ્દી કામ કર્યું છે. પરંતુ સરકારી વિભાગોને જાહેર સેવા હેતુ માટે જમીન ફાળવવા થતી હોય તો જે અધિકારીઓને સત્તા આપી છે કલેક્ટરશ્રી અને રાજ્ય સરકાર તો કિંમત અને ક્ષેત્રફળની દ્રષ્ટિએ કલેક્ટરની સત્તા વધારવા માગો છો કે કેમ? જો વધારવા માગો છો તો કલેક્ટરશ્રીની સત્તા વધ્યા પછી સરકારના માર્ગદર્શનમાં ના મોકલે એવો પ્રતિબંધ કરવા માગો છો કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારના પ્રજાના હિત પ્રોજેક્ટ માટે સબંધિત વિભાગોને જરૂરી જમીન ફાળવવા માટે કલેકટરશ્રી વહીવટી હુકમ–૩ હેઠળ ૧ હેકટર ૧૦,૦૦૦ ચો.મી.ની મર્યાદામાં જમીન તબદીલ કરી શકે છે. એક હેકટરથી વધુ જમીન તબદીલી કરવા માટે સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે. ગૌચર જમીનની ફાળવણી માટે મહેસૂલ વિભાગના તારીખ ૨૬–૦૯–૨૦૨૨ના પરિપત્ર મુજબ સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે. ગૌચર જમીનની ફાળવણીના કિસ્સામાં મહેસૂલ વિભાગની ગૌચર નીતિ મુજબ એટલી જ સરકારી પડતરની જમીન ગૌચર સદરે નીમ કરવાની રહે છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારી વિભાગોને ફાળવવામાં આવતી જમીન જાહેર હેતુ માટે ફાળવવામાં આવે છે અને એ જમીનના ઉતારામાં કયા હક્કમાં દાખલ કરવામાં આવે છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જમીન મહેસૂલ નિયમ વર્ષ–૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે ફાળવેલ જમીનમાં અરજદાર સંસ્થાનું નામ ઉતારાના બીજા હક્કમાં રાખવામાં આવે છે જયારે રેવન્યુ રેકર્ડના પ્રથમ હક્કમાં માલિક તરીકેનું સરકારનું નામ રહે છે. આ પ્રકારે ફાળવવામાં આવેલ જમીન તબદીલી કે હેતુફેર કરી શકાતી નથી. જમીનની તબદીલી અથવા હેતુફેરના પ્રસંગે આ જમીન મહેસૂલ વિભાગને પરત કરવાની રહે છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષની અંદર મહેસાણા જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો–૧૯૭૨ વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જે જમીન ફાળવવામાં આવે છે તેમાં નામંજૂર કરેલી દરખાસ્તોનાં કારણો શું હોય છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મૃદુ અને મક્કમ એવા ભુપેન્દ્રભાઇ પટેલની સરકારમાં લોકોપયોગી કાર્યો માટે જમીનની ફાળવણી કરવામાં હંમેશા હકારાત્મક અભિગમથી કામ કરી રહી છે. તેમ છતાં કેટલાંક કારણોસર કેટલીક અરજીઓ નામંજૂર કરવી પડતી હોય છે. જેમ કે, અન્ય સરવે નંબરમાં માગણી કરેલ હોય, તળાવ સદરની જગ્યા હોય, લેન્ડ એપ ટુ બી ટ્રાન્સફર હેઠળ અલાયદી અરજી કરવાની થતી હોય, સવાલવાળી જમીનમાં અન્ય વિભાગ દ્વારા માગણી કરેલ હોય, ઓનલાઇન માગણી મુજબ સ્થળ ક્ષેત્રફળ ઉપલબ્ધ ના હોય, માગણીવાળી જગ્યા તથા સ્થળ સ્થિતિ દર્શાવેલ જગ્યામાં વિસંગતતા હોય, ગ્રામ પંચાયતને કરેલ ઠરાવવાળી જગ્યા અને માગણીવાળી જગ્યા અલગ અલગ હોય છે, માગણીવાળી જમીન ખાનગી સદરની હોય, માગણીવાળી જમીન અગાઉ ફાળવેલ હોય, માગણીવાળી જમીન રસ્તા માર્ગની હોય, આજુબાજુના ખેડૂતોને ખેતરમાં જવા માટે અન્ય કોઇ વૈકલ્પિક રસ્તો ના હોય, માગણીવાળી જમીન પર દબાણ થયેલ હોય, અપલોડ કરેલ કાગળો માગણી અરજી સાથે સુસંગત ના હોય આમ, આવા કારણોસર અરજીઓ નામંજૂર થતી હોય છે. કલેકટર કચેરી દ્વારા સંબંધિત માગણીવાળા વિભાગને પણ આ બાબતની જાણ કરવામાં આવતી હોય છે.

શ્રી જીજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં જે સાંથણીમાં સરકારી પડતર જમીન ફાળવવાની યોજના અમલમાં છે ભૂમિહીન અને આર્મીના જવાનોને એ વર્ષ–૨૦૦૮ પછી કોઇ જમીનોની સાંથણી કરવામાં આવી છે કે કેમ ? અને જો ના થઇ હોય તો આપણે કરવા માગીએ છીએ કે કેમ ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં સરકારના વિવિધ વિભાગો માટેની જમીન ફાળવવાની પ્રક્રિયા iORA દ્વારા ઓનલાઇન અને પારદર્શક બનાવવામાં આવી છે જે સુશાસનનું ઉદાહરણ છે. આમ તો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન સ્કોપ બહારનો છે, પછી હું તેમને પહોંચતો કરી આપીશ.

અધ્યક્ષશ્રી : આપની પાસે અત્યારે માહિતી ના હોય તો તમે રેકર્ડ ઉપર મૂકજો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : જી સર.

અમદાવાદ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

***15/8/1222 શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ** (દસક્રોઈ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૪૭
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને	(૨)	૨૭
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	તમામ કિસ્સામાં ૩,૧૧,૬૯૩ ચો.મી જમીન ફાળવવામાં આવેલ છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મંજૂર કરેલ અરજીઓ પૈકી તાલુકા દીઠ કેટલી અરજીઓ છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી તાલુકા દીઠ દરખાસ્તો આ મુજબ છે. મંજૂર કરેલ અરજીઓ પૈકી કુલ જમીન ૩,૧૧,૬૯૩ ચોરસ મીટર ફાળવેલ છે. આમ તો તાલુકા દીઠ ફાળવેલ જમીન, ઘાટલોડીયા ૩૧૫૭ ચોરસ મીટર જમીન, સાબરમતી ૧૦,૭૮૫ ચોરસ મીટર, દસક્રોઇ ૩૭,૮૪૦ ચોરસ મીટર , સાણંદ ૧,૮૨,૯૧૬ ચોરસ મીટર, વિરમગામ ૪,૯૦૦ ચોરસ મીટર, બાવળા ૪૯,૧૯૫ ચોરસ મીટર, ધોળકા ૨૨,૯૦૦ ચોરસ મીટર, કુલ ૩,૧૧,૬૯૩ અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં ઉકત વિગતે જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં બોર્ડ– કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાનો આકડો મંત્રીશ્રીએ રજૂ કર્યો, આપણે ત્યાં પ્રથા એવી છે કે કોઇ પણ જમીન ઉપર બાંધકામ કરીએ એટલે એને એન.એ. કરવી પડે. મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગની જમીન હોય તો પણ એન.એ. કરે છે અને ગ્રામીણ વિસ્તારોમાં પણ કરે છે. આ જે કંઇ જમીનો સરકારમાં કોર્પોરેશન કે બોર્ડને જાહેર હેતુ માટે ફાળવી એ તમામ જમીનોને એન.એ. કર્યા પછી બાંધકામ કરવામાં આવે છે કે કેમ? અને એન.એ. કરે છે તો કેવી રીતે અને કઇ પ્રોસેસથી કરવામાં આવે છે? અને બીજું, કોર્પોરેશનમાં જે જમીન આપવામાં આવે છે એ જમીન એ ટાઉન પ્લાનિંગ એકટ હેઠળની જમીન હોય છે અને કોર્પોરેશન સિવાયના વિસ્તારોમાં જે જમીન આપવામાં આવે છે એ શ્રી સરકારની, ગૌચર, પડતર કે ખરાબાની જમીન હોય છે તો આ બંને પ્રકારની જમીનોમાં કેવી રીતે પ્રોસેસ કરીને એની ઉપર બાંધકામ કરવામાં આવે છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીન એન.એ. કરવાની જરૂર ન હોય, એન.એ. ગણાય જ છે અને એમાં આપણે પ્લાન મંજૂર કરાવીએ છીએ.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને કઇ નીતિ મુજબ કેટલી સરકારી જમીન ફાળવવામાં આવી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીસાહેબના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે ત્યારે દાદાની સરકાર ઉદ્યોગ માટે યોગ્ય જમીન મળી રહે તથા ગુજરાતના લોકોને રોજગારી મળી રહે અને તેના થકી રાજયની સમૃદ્ધિમાં વધારો થાય તે માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને મહેસૂલ વિભાગના તા.-૨૪-૧૨-૨૦૨૪ના ઠરાવ મુજબ જંત્રી આધારીત કિંમત વસૂલ કરી સરકારી પડતર જમીન ફાળવવામાં આવે છે જે કેટેગરીવાઇઝ કેટેગરી-૧ પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રી દર, કેટેગરી-૨ પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૨૫ દર, કેટેગરી-૩ પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૫૦ દર.

અમરેલી જિલ્લામાં આવેલા સિંચાઈ યોજનાના ડિસિલ્ટીંગ બાબત

***15/8/1383 શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાના કેટલા ડેમ આવેલા છે,	(૧)	તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામા તાલુકાવાર નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાનાં કુલ ૫૬ (છપ્પન) ડેમની વિગત નીચે મુજબ છે.

જિલ્લો: અમરેલી				
તાલુકા	નાની	મધ્યમ	મોટી	કુલ
કુંકાવાવ	૦૨	–	–	૦૨
અમરેલી	૦૨	૦૨	–	૦૪
બાબરા	૦૬	–	–	૦૬
લાઠી	૦૫	–	–	૦૫
લીલીયા	૦૧	–	–	૦૧
ધારી	૦૯	૦૧	–	૧૦
ખાંભા	૦૮	–	–	૦૮
જાફરાબાદ	૦૧	–	–	૦૧
રાજુલા	૦૧	૦૨	–	૦૩
બગસરા	૦૧	૦૧	–	૦૨
સાવરકુંડલા	૧૩	૦૧	–	૧૪
કુલ	૪૯	૦૭	–	૫૬

(૨)	ઉક્ત ડેમોમાં ડિસ્લિટીંગની કામગીરી છેલ્લા બે વર્ષમાં ક્યારે કરવામાં આવી, અને	(૨)	ઉક્ત ડેમો પૈકી ધારી તાલુકાની ૧(એક) મધ્યમ સિંચાઈ યોજના (ખોડિયાર ડેમ)માં વર્ષ ૨૦૨૪-૨૫માં ડિસિલ્ટીંગની કામગીરી કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ ડિસ્લિટીંગની કામગીરી કરવામાં આવી ન હોય તો તેના કારણો શાં છે?	(૩)	ડિસિલ્ટીંગની કામગીરી જમા થયેલ સિલ્ટ, પાણીનો સંગ્રહ તથા જરૂરીયાતને આધારે અગ્રતાક્રમ આપી કરવામાં આવે છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી સભ્યશ્રી સંજયભાઇ કોરડીયાનો આજે જન્મદિવસ છે. એમને હૃદયપૂર્વકની જન્મદિવસની શુભેચ્છાઓ આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સંજયભાઇ, સમગ્ર વિધાનસભા ગૃહ વતી આપને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અમરેલી જિલ્લા માટેનો પ્રશ્ન પૂછ્યો હતો એનો જવાબ મને સંતોષકારક મળ્યો છે. ઊંડા જતા પાણી, તળ અને એની વચ્ચે રાજયની સરકારે જળસંચય અભિયાનની લગભગ દોઢેક મહિના અગાઉ શરૂઆત કરાવી દીધી છે એ આગવા આયોજનનું આ ઉત્તમ ઉદાહરણ છે. જે પ્રકારે જળસંચયને મંજૂરી આપી છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી ઈશ્વરભાઇ અને તંત્રના આ અભિગમને હું આવકારું છું. જે પ્રકારે મારો સાવરકુંડલા

વિસ્તાર છે એમાં કયા–કયા ડેમોમાં ડિસિલ્ટિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે? આજે એ ક્યા તબક્કે છે? ડિસિલ્ટિંગનું કામ કરવા માટે કેટલો સરકારી ખર્ચ થવાનો છે? અને તેની સંગ્રહશક્તિમાં કેટલો વધારો કરવાનો છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના શેલ દેદુમલ અને સુરજવડી ડેમમાં ડિસિલ્ટિંગની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. મને કહેતાં આનંદ થાય છે કે આ કામગીરી માટેના ટેન્ડરની જાહેર નિવિદા ગઈકાલે તા.૧૩/૩/૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલ છે. જેમાં શેલ દેદુમલ ડેમનો અંદાજિત ખર્ચ રૂ.૨૩૬.૭૧ લાખ અને સંગ્રહશક્તિ ૩ લાખ ૪૦ હજાર ઘનમીટર છે. એ જ રીતે સુરજવડી ડેમનો અંદાજિત ખર્ચ રૂ.૨૨૪.૬૭ લાખ અને સંગ્રહશક્તિ ૩ લાખ ૪૦ હજાર ઘનમીટર થવાની છે.

શ્રી હીરાભાઈ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે આદરણીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કયા ડેમ ડિસિલ્ટિંગ કરવા એ કઈ રીતે નક્કી કરવામાં આવે છે અને સાથે–સાથે આ ડિસિલ્ટિંગ કરવા માટેના જે તળાવો, ડેમો હોય એની નીતિઓ શું હોય છે અને કોઈ પ્રાઈવેટ સંસ્થાઓને ડિસિલ્ટિંગ કરવા માટેની કામગીરી કરવા માટે આપવામાં આવે છે કે કેમ? અને એનો સરવે કોણ કરે છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૧૦/૮/૨૦૨૦ના ઠરાવથી કોઈ પણ ડેમમાં ડિસિલ્ટિંગની કામગીરી કરતાં પહેલાં તેમાં કેટલું સિલ્ટ જમા થયેલ છે તેનું આકલન કરવામાં આવે છે અને આકલન થયા બાદ સરેરાશ વાર્ષિક કાંપનો જથ્થો અને જળાશયની પૂર્ણ ક્ષમતાનો ગુણોત્તર ૦.૫ ટકા કરતાં વધુ જણાય ત્યારે આ કાંપ નિકાલનું આયોજન કરવામાં આવે છે. મોટી અને મધ્યમ યોજનામાં કાંપની મોજણી દર ૧૦ વર્ષે કરવામાં આવે છે અને એમનો ત્રીજો પ્રશ્ન શું હતો?

શ્રી હીરાભાઈ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પ્રાઈવેટ સંસ્થાને આવી કામગીરી કરવા માટે આપવામાં આવે છે કે કેમ અને એનો સરવે કોણ કરતું હોય છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ અને એન.જી.ઓ. દ્વારા પણ આ કામગીરી કરવામાં આવે છે અને સરકાર દ્વારા પણ આ કામગીરી કરવામાં આવે છે.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગઢડા તાલુકાની ગાળા ડેમ યોજના છે એ સરકાર દ્વારા બંધ કરવામાં આવી હતી અને મેં માનનીય ભુપેન્દ્રભાઈ સાહેબને રજૂઆત કરી પછી ફરીથી સરવેની કામગીરી શરૂ કરી છે. ૯૦ ટકા ખેડૂતોને એનું વળતર પણ મળી ગયું છે. હાલ આ ડેમની કામગીરી છે એ ક્યારે શરૂ કરવામાં આવશે?

અધ્યક્ષશ્રી : બોટાદ તાલુકાનું છે?

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : ગઢડા તાલુકાનું છે. ગઢડા તાલુકાનું ગાળા ગામ છે. માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા સાહેબ હતા ત્યારે એ પોતે બે વખત વિઝિટ પણ કરી ગયા હતા અને ગામના લોકો સાથે મિટિંગ પણ કરી હતી.

અધ્યક્ષશ્રી : ભૂતકાળમાં મહુધાના સભ્યશ્રી નટવરસિંહ બાપુ માટે આપણે પ્રશ્નોની છૂટ રાખેલી હતી એટલે શ્રી ઉમેશભાઈ માટે પણ પૂરી છૂટ છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ અલગથી પ્રશ્ન પૂછશે તો જવાબ આપીશું.

શ્રી જનકભાઈ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા મતવિસ્તાર લાઠી, બાબરા અને દામનગર વિધાનસભામાં છેલ્લાં બે વર્ષમાં ડેમોના ડિસિલ્ટિંગની કામગીરી કેટલી કરવામાં આવી છે? અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, સમગ્ર અમરેલી જિલ્લો ખેતી આધારિત જિલ્લો છે ત્યારે અમારા અમરેલી જિલ્લાના તમામ તાલુકામાં મોટા ભાગના ગામોમાં સૌની યોજનાનું પાણી મળી રહ્યું છે ત્યારે બાબરા તાલુકાના ૧૫ જેટલા ગામો અને લાઠી, લીલીયા અને અમરેલીના ગામોમાં સિંચાઈ માટે સૌની યોજનાના પાણીનું આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫માં ખોડિયાર સિંચાઈ યોજના હેઠળ ડિસિલ્ટિંગની કામગીરી માટે રૂ.૧૩.૬૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેમાં ૭૩,૦૦૦ ઘનફૂટ પાણીનો સંગ્રહ થનાર છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો પ્રશ્ન પૂછો. માનનીય મંત્રીશ્રી આપ ધ્યાનથી સાંભળો.

શ્રી જનકભાઈ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, બાબરા તાલુકામાં ૩૫ જેટલાં ગામોમાં સૌની યોજનાનું પાણી મળી રહ્યું છે. હજુ પણ ૧૫ જેટલાં ગામ બાકી છે અને અમરેલી જિલ્લાના બાકીના તાલુકાઓમાં વહેલી તકે સૌની યોજનાનું પાણી મળી રહે તેના માટે કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ડિસિલ્ટિંગનો પ્રશ્ન નથી. સૌની યોજના હેઠળ મોટાભાગમાં પાણી પહોંચી ગયું છે અને નાના ભાગમાં થોડું બાકી છે તે કરવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારમાં કચ્છના છેવાડાના ગામ સુધી પીવાનું તથા સિંચાઈનું પાણી પહોંચાડવામાં આવ્યું છે. આવનાર દિવસમાં જ્યાં જરૂર હશે ત્યાં સ્ટેપ બાય સ્ટેપ આયોજન કરી પાણી આપવામાં આવશે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, સૌરાષ્ટ્રની મોટાભાગની નદીઓ ગીર વિસ્તારમાંથી નીકળે છે. સૌરાષ્ટ્ર રકાબી આકારનું છે એટલે વરસાદ પુષ્કળ પડે છે પણ મોટાભાગનું પાણી દરિયામાં જતું રહે છે. સૌરાષ્ટ્રના ગીર-સોમનાથ જિલ્લામાં કોઇ નદી ઊંડી ઉતારવા માટેના પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે કે કેમ? અને જો મંજૂરી આપવામાં આવી હોય તો ક્યારે ચાલુ કરવા માગીએ છીએ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સમગ્રત: સૌરાષ્ટ્રની માહિતી ન હોય તો તમે....

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ અમરેલી જિલ્લાનો પ્રશ્ન છે. અલગથી નોટિસ આપશે તો જવાબ આપીશું.

છોટાઉદેપુર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા મળેલ અરજીઓ

*** 15/8/1235 શ્રી જયંતિભાઇ સવજીભાઇ રાઠવા** (જેતપુર(એસ.ટી.)) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૨૬
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૨૪
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૨૪ કિસ્સામાં ક્ષે.હે.૬-૦૭-૮૩ ચો.મી. જમીન ફાળવણી કરવામાં આવી.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છોટાઉદેપુર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામ માટે જે સરકારી જમીનની ફાળવણી કરવામાં આવે છે તેના માટે વર્ષવાર અને તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાનાં કામ માટે સરકારી જમીન ફાળવવાની ૨૬ અરજીઓ પૈકી ૨૪ અરજીઓ મંજૂર થયેલ છે. આ અરજીઓ અન્વયે વર્ષવાર તાલુકા દીઠ નીચે મુજબની દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધીમાં છોટાઉદેપુર તાલુકામાં ૨ અરજીઓ, જેતપુર-પાવી તાલુકામાં ૨ અરજીઓ, ક્વાંટ તાલુકામાં ૧ અરજી, બોડેલી તાલુકામાં ૫ અરજીઓ, સંખેડા તાલુકામાં ૪ અરજીઓ, નસવાડી તાલુકામાં ૬ તથા તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ નસવાડી તાલુકામાં ૩ અરજીઓ અને કદવાલ તાલુકામાં ૧ અરજી મળેલ છે. આમ, વર્ષ ૨૦૨૪માં કુલ-૨૧ અરજીઓ તથા વર્ષ ૨૦૨૫માં કુલ-૩ અરજીઓ મળેલ છે.

અધ્યક્ષશ્રી : મારી બંને પક્ષોના દંડકશ્રીઓને વિનંતી છે કે, બંને પક્ષના જે સભ્યશ્રીઓએ પ્રશ્ન પૂછ્યો હોય, તેમણે ચર્ચામાં હાજર રહેવું આવશ્યક હોય છે.

દાંતીવાડા ડેમ તથા સીપુડેમ ઇન્ટરલીંક પ્રોજેક્ટ

15/8/1393 શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઇ (ધાનેરા)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ દાંતીવાડા ડેમ તથા સીપુડેમ ઇન્ટરલીંક પ્રોજેક્ટનો ડી.પી.આર તૈયાર કરવાની કામગીરી કયા તબક્કે છે,	(૧)	વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કામગીરી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૨)	સર્વે ઈન્વેસ્ટીગેશન માટે રૂ. ૧૬.૬૬ લાખની કામગીરી કરેલ છે.
(૩)	ઉક્ત પ્રોજેક્ટની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?	(૩)	વહીવટી મંજૂરી મળ્યેથી વહેલી તકે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા વિસ્તાર દાંતીવાડા તાલુકામાં દાંતીવાડા ડેમથી સીપુ ડેમને જોડવાની કાચી કેનાલ છે, આ વિસ્તારમાં સીપુ ડેમ ભરાતો નથી

અને વર્ષોથી ખાલી પડ્યો રહે છે. એ માટે દાંતીવાડા ડેમમાંથી કાચી લિંક કેનાલ માફરતે ભરવા માટેના આયોજન માટે આ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે કે કેમ? અને એના માટેની રકમ કેટલી છે? અને ક્યારે પૂર્ણ થશે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, દાંતીવાડા–સીપુ ડેમની ઈન્ટરલિંક યોજનાના કામની વહીવટી મંજૂરી તા.૧૦/૦૩/૨૬ના રોજ આપી દેવામાં આવેલ છે. તે માટેનો અંદાજિત ખર્ચ રૂ.૧૧૯.૧૩ કરોડ થનાર છે અને આ માટે વહેલી તકે આગળની પ્રક્રિયા હાથ ધરીને આ કેનાલની કામગીરી શરૂ કરવામાં આવશે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારે આપના માધ્યમથી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સંઘવી સાહેબ અને સિંચાઇ મંત્રીશ્રીએ જે ખરેખર મારા વિસ્તારમાં પાણી લંબાવવાની વાત કરી છે એ બદલ હું દિલથી ખેડૂતો વતી આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : માયાળુ મુખ્યમંત્રીશ્રીએ માયાળુ માનવીઓ માટે નિર્ણય કર્યો, એમ ને? અભિનંદનીય કામ છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હા જી. જેટલા અભિનંદન આપું એટલા ઓછા પડે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, દાંતીવાડા–સીપુ લિંક કેનાલની વિશેષતાઓ શું છે? અને હાલની સ્થિતિએ દાંતીવાડા–સીપુ લિંક કેનાલની સ્થિતિ શુ છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાંતીવાડા ડેમના એડિશનલ સ્પીલ વે બાજુથી નીકળતી લિંક કેનાલની કુલ લંબાઇ ૫ કિલોમીટર છે. જેનાથી મહત્તમ ૭૫.૫૦ એમ.સી.એમ. પાણી સીપુ ડેમમાં ડાયવર્ટ કરીને સ્ટોરેજ કરી શકાશે. સીપુ ડેમ ભરાતો નથી અને દાંતીવાડા ડેમ ઓવરફ્લો થઈને પાણી વહી જાય છે. એની જગ્યાએ આ ચોમાસાનું વધારાનું પાણી સીપુ ડેમમાં નાંખીને એ વિસ્તારનો પિયત વિસ્તાર વધી શકે એ પ્રકારની કામગીરી કરીએ છીએ. હાલની સ્થિતિએ દાંતીવાડા–સીપુ લિંક કેનાલનો ડી.પી.આર. બનાવી સરકારમાંથી રૂ.૧૧૯.૧૩ કરોડની વહીવટી મંજૂરી મેળવેલ છે. વિગતવાર તાંત્રિક સરવે તેમજ એલાઈમેન્ટ ફાઇનલ કરી સત્વરે ટેન્ડર પ્રક્રિયા કરીને કામગીરી ચાલુ કરવામાં આવશે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દાંતીવાડા–સીપુ લિંક કેનાલ મારફતે મહત્તમ કેટલા વિસ્તારને લાભ આપી શકાય એમ છે?

અધ્યક્ષશ્રી : વિસ્તારનો સર્વે કરેલો હોય તો આપો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાંતીવાડા–સીપુ લિંક કેનાલ મારફતે મહત્તમ અંદાજિત ૬૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ આપી શકાય એમ છે. વરસાદી પેટર્નના કારણે સીપુ ડેમ નિયમિત ભરાતો નથી અને દાંતીવાડા ડેમનું ઓવરફ્લો પાણી સીપુ ડેમમાં ડાયવર્ટ કરવામાં આવે તો સીપુ ડેમના કમાન્ડ વિસ્તારને પણ સિંચાઇના હેતુ માટે નિયમિત પાણી આપી શકાય એમ છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બનાસ નદી એ બનાસકાંઠાના લોકો માટે જીવાદોરી છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દાંતીવાડા ડેમમાંથી બનાસ નદીમાં અવિરત પાણી છોડવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

ગાંધીનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા મળેલ અરજીઓ

15/8/1240 : શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૦
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૦

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં બોર્ડ–કોર્પોરેશન માટે સરકારી જમીનની માગણી તથા સરકારશ્રીની કંઇ નીતિ અંતર્ગત જમીન ફાળવવામાં આવે છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૩/૨/....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ભાવનગર જિલ્લામાં વ્હાલી દીકરી યોજના

15/8/1201 શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્હાલી દીકરી યોજનામાં ભાવનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળી,	(૧)	કુલ–૪૧૯૪
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી છે, અને	(૨)	મંજૂર: ૫૫૨; નામંજૂર: ૧૨
(૩)	ઉક્ત સ્થિતિએ મહુવા તાલુકાની કેટલી અરજીઓ પડતર રહેલ છે અને તેના શાં કારણો છે?	(૩)	પડતર અરજી –૦૧ ઉક્ત અરજી માસના છેલ્લાં અઠવાડિયામાં મળેલ હોવાથી પડતર રહી હતી.

સુરત જિલ્લાના સોંદલાખારા નગોઇ કમરોલી રોડ પહોળો તેમજ મજબૂતીકરણ કરવા બાબત

15/8/1189 શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત (પુર્વ)) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના સોંદલાખારા નગોઇ કરમોલી રસ્તાને વાઇડનીંગ તથા મજબુતીકરણ કરવાનું કામ મંજુર થયેલ છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા, તો કેટલી લંબાઇ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને	(૨)	અંદાજીત રકમ રૂ.૧૧૪૧.૬૯ લાખ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?	(૩)	કામગીરી પ્રગતિ હેઠળ છે.

.....

વલસાડ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/8/1262 શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૪૬૩૦
(૨)	ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	

તાલુકો	**મંજુર અરજીની સંખ્યા**
વલસાડ (ગ્રામ્ય)	૬૧૯
વલસાડ (શહેર)	૫૨
ધરમપુર	૭૯
કપરાડા	૬૮
પારડી	૭૬૬
વાપી (ગ્રામ્ય)	૬૦૫
વાપી (શહેર)	૨૪૬
ઉમરગામ	૭૭૯
નાનાપોંઢા	૩૩
કુલ	૩૨૪૭

–––––

ગાંધીનગર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

ફાલ્ગુન ૨૩, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

15/8/1260 : શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન			જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને		(૧)	૯૪૫૦
(૨)	ઉક્ત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?		(૨)	૧ ગાંધીનગર ૨૨૭૪ ૨ દહેગામ ૩૭૪ ૩ કલોલ ૧૧૬૭ ૪ માણસા ૨૮૨ કુલ ૪૦૯૭

ખેડા જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

<#M15/8/1228 શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર (માતર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૯
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૨
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૨(બે) કિસ્સામાં ૯૮૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

જામનગર જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/1225 શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)**જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૩૭
(□)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૩
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	કુલ ૧૩ કિસ્સામાં ૭૪૮૨૩૫–૦૦ ચો.મી જમીન ફાળવવામાં આવેલ.

જંબુસર આમોદ વિસ્તારના નહેરના ટેલ સુધી પાણી પહોંચાડવા બાબત

15/8/1110 શ્રી ડી.કે. સ્વામી (જંબુસર): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે: –

છોટાઉદેપુર જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/1250 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંબુસર આમોદના વિસ્તારમાં નર્મદાની નહેરોના ટેલ સુધી પાણી પહોંચાડવાની કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, અને	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત કામગીરી ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?	(૨)	જંબુસર અને આમોદ વિસ્તારનાં સમાવિષ્ટ નહેરોમાં હાલમાં ચાલી રહેલા મરામતના કામો પૂર્ણ કરી તથા તજજ્ઞો દ્વારા સુચવ્યા મુજબ નહેરોના મજબૂતીકરણના કામો તબક્કાવાર હાથ પર લઇ, કામગીરી સત્વરે પૂર્ણ કરવાનુ આયોજન છે.
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૨૯
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી?	(૨)	**તાલુકાનું નામ** / **મંજૂર અરજીઓ** છોટાઉદેપુર ૪ જેતપુરપાવી ૬ ક્વાંટ ૧૧ કદવાલ ૨ બોડેલી ૨ સંખેડા ૧ **કૂલ** **૨૬**

દાહોદ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/1223 શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૧૨
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૪
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	મંજુર કરેલ દરખાસ્તો પૈકી કુલ ૪ કિસ્સાઓમાં ૧,૩૬,૪૭૨ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

અમદાવાદ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/1246 શ્રી હાર્દિક ભરતભાઈ પટેલ (વિરમગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૬ અરજીઓ
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી?	(૨)	તાલુકો: મંજુર અરજીઓની સંખ્યા બાવળા: ૧ માંડલ: ૨ કુલ: ૩ અરજીઓ

ભરૂચ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1214 શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	મંજૂર કરેલ ૧ કિસ્સામાં ૫૦૦ ચો.મી જમીનની ફાળવણી કરવામાં આવી.

સોમનાથ જિલ્લાના સુત્રાપાડા ગામે દરિયાઇ ધોવાણ અટકાવવા બાબત

15/8/1157 શ્રી ભગાભાઇ ઘાનાભાઇ બારડ (તાલાલા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.
-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા ગામે દરિયાઇ ધોવાણ અટકાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે, અને	(૨)	વહીવટી મંજુરી તબકકે
(૩)	કામગીરી થવાથી કેટલા વિસ્તારને લાભ થનાર છે?	(૩)	આશરે ૨૫ હેકટર જમીનને

સુરત જિલ્લામાં તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટના

15/8/1690 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): માનનીય પાણી પુરવઠામંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટી ગઇ	(૧)	હા, જી.

	હોવાની હકીકત સાચી છે કે કેમ,		
(૨)	જો હા, તો ઉકત ટાંકીનું કામ કઇ એજન્સીને, કયારે, કેટલા ખર્ચે સોંપવામાં આવેલ, અને	(૨)	ઉક્ત ટાંકીનું કામ મે. જ્યંતિ સુપર કન્સટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડ, મહેસાણા (૭૨%), જે.વી. મે. બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા (૨૮%)ને તા.૧૦/૦૮/૨૦૨૨ ના એલ.ઓ.આઇ.ની તારીખથી રૂ.૯૪.૮૪ લાખના ખર્ચે સોંપવામાં આવેલ.
(૩)	ઉકત સ્થિતિએ ઉકત એજન્સીને કયારે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવેલ છે ?	(૩)	

રનીંગ બીલ નંબર	આર.સી.સી. ટાંકી માટે કરેલ ચુકવણું(રૂપિયા)	ચુકવણું કર્યાની તારીખ
બીજું	૩.૯,૪૮,૪૦૦.૦૦	૦૩/૦૭/૨૦૨૩
છઠ્ઠું	૩.૯,૪૮,૪૦૦.૦૦	૦૬/૧૧/૨૦૨૪
સાતમું	૩.૨૮,૪૫,૨૦૦.૦૦	૨૫/૦૩/૨૦૨૫
આઠમું	૩.૩૬,૦૩,૯૨૦.૦૦	૦૫/૧૧/૨૦૨૫
કુલ	**૩.૮૩,૪૫,૯૨૦.૦૦**	

———

બોટાદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1215 મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા (ગઢડા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૮
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	મંજુર કરેલ ૫ કિસ્સામાં કુલ ૪૮૩૪.૦૦ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી.

——————

સુરત જિલ્લામાં તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટના

15/8/1681 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): માનનીય પાણી પુરવઠામંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટી ગઇ હોવાની હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉકત ટાંકીનું કામ કઇ એજન્સીને, કયારે, કેટલા ખર્ચે સોંપવામાં આવેલ, અને	(૨)	ઉક્ત ટાંકીનું કામ મે. જ્યંતિ સુપર કન્સટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડ, મહેસાણા (૭૨%), જે.વી. મે. બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા (૨૮%)ને તા.૧૦/૦૮/૨૦૨૨ ના એલ.ઓ.આઇ.ની તારીખથી રૂ.૯૪.૮૪ લાખના ખર્ચે સોંપવામાં આવેલ.

(૩)	ઉકત સ્થિતિએ ઉકત એજન્સીને કયારે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવેલ છે?	(૩)	

રનીંગ બીલ નંબર	આર.સી.સી. ટાંકી માટે કરેલ ચુકવણું(રૂપિયા)	ચુકવણું કર્યાની તારીખ
બીજું	૩.૯,૪૮,૪૦૦.૦૦	૦૩/૦૭/૨૦૨૩
છઠ્ઠું	૩.૯,૪૮,૪૦૦.૦૦	૦૬/૧૧/૨૦૨૪
સાતમું	૩.૨૮,૪૫,૨૦૦.૦૦	૨૫/૦૩/૨૦૨૫
આઠમું	૩.૩૬,૦૩,૯૨૦.૦૦	૦૫/૧૧/૨૦૨૫
કુલ	**૩.૮૩,૪૫,૯૨૦.૦૦**	

કલ્પસર યોજનાની કામગીરી

15/8/1236 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): માનનીય મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૦૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ કલ્પસર યોજનાની કામગીરી ક્યા તબક્કે છે,	(૧)	તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ કલ્પસર યોજનાની કામગીરી હાલ ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ (DPR) આખરીકરણ તબક્કે છે.
(૨)	ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર યોજનાને કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી,	(૨)	તા. ૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ કલ્પસર યોજનાને છેલ્લા બે નાણાકીય વર્ષ માં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

નાણાકીય વર્ષ	ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં)
૨૦૨૪-૨૫	૨૦૦.૦૦
૨૦૨૫-૨૬ (તા.૦૧-૦૧-૨૦૨૬ સુધી)	૨૦૦.૦૦
કુલ	૪૦૦

(૩)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો,	(૩)	તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ તે પૈકી રૂ. ૨૬૦.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.
(૪)	આ યોજના કયા વર્ષમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે, અને	(૪)	કલ્પસર યોજના ડીટેલઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ (DPR) ના આખરીકરણ બાદ રાજ્ય સરકારશ્રી અને કેન્દ્ર સરકારશ્રી ની જરૂરી મંજુરીઓ મેળવી યોજના શરુ થયેથી આઠ (૦૮) વર્ષના સમયગાળામાં પૂર્ણ કરવાનું આયોજન છે.
(૫)	આ યોજના પૂર્ણ થયેથી રાજ્યના કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળનાર છે?	(૫)	આ યોજના પૂર્ણ થયેથી રાજ્યના અંદાજીત ૧૦ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

જામનગર જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/1264 શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર(દક્ષિણ)) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)**જણાવવા કૃપા કરશે કે :-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૫૪
(□)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૨
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં	(૩)	કુલ ૧૨ કિસ્સામાં ૫૧૧૮૦-૫૪

	આવેલ છે?		ચો.મી જમીન ફાળવવામાં આવેલ.

રાજકોટ જિલ્લાની સાણથલી જુથ પાણી પુરવઠા યોજના

15/8/1184 શ્રી રમેશભાઇ વીરજીભાઇ ટીલાળા (રાજકોટ દક્ષિણ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની સાણથલી જુથ પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરેલ છે, અને	(૧)	૨૧ ગામો
(૨)	આ યોજનાનો સોર્સ શું છે?	(૨)	મહી અને નર્મદા સ્ત્રોત આધારીત બલ્ક પાઇપલાઇન

આણંદ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા મળેલ અરજીઓ

15/8/1232 શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૦૫
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૦૫
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	ક્ષે.૪૮૪૨૫ ચો.મી જમીન

સુરત જીલ્લાના સુરત–કડોદરા રોડને મજબૂતીકરણ કરવા બાબત

15/8/1188 શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના સુરત–કડોદરા રોડનું મજબુતીકરણ કરવા માટે સરકારે કોઇ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા, તો કેટલી લંબાઇ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫.૭૦ કી.મી માટે ૩.૧૫૦૦.૦૦ લાખ મંજુર કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?	(૩)	કામગીરી પ્રગતિ હેઠળ છે.

.....

પંચમહાલ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/1229 શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	ચોવીસ(૨૪)
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી,અને	(૨)	ચાર(૪)
(૩)	મંજુર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	<table><tr><th>કુલ કિસ્સા</th><th>કુલ ક્ષેત્રફળ</th></tr><tr><td>૦૪</td><td>૧૮૯૪૭ ચો.મી.</td></tr></table>

જૂનાગઢ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/1226 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૩૩ અરજીઓ
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૮ દરખાસ્તો
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૧૮ દરખાસ્તોની મળી કુલ ૩૯૬૬૯.૭–૦૦ ચો.મી. જમીન

કચ્છ જિલ્લામાં હયાત દુધઈ પેટા શાખા નહેરને લંબાવવા

15/8/1196 શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં હયાત દુધઈ પેટા શાખા નહેરને લંબાવવા માટે કોઇ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા.
(૨)	જો હા, તો પેટા શાખા નહેર ને કેટલા કી.મી. લબાવવાનું આયોજન છે, અને	(૨)	દુધઇ પેટા શાખા ને ૪૫.૪૯૭ કિમી લંબાઇમાં લંબાવવાનું આયોજન કરેલ છે.
(૩)	તેનાથી કુલ કેટલા ગામોના કુલ કેટલા વિસ્તારને સિંચાઇ નો લાભ મળશે ?	(૩)	કુલ ૧૧ ગામોના કુલ ૮૯૪૨ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

પંચમહાલ જિલ્લામાં વિવિધ પાણી પુરવઠા જુથ યોજનાના સુધારણા બાબત

15/8/1494 શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની પાણી પુરવઠા વિભાગ હસ્તકની યોજનાઓના સુધારણા બાબતે કયા પ્રકારના સુધારણાઓનું કામ કેટલા ખર્ચે મંજુર કરવામાં	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની પાણી પુરવઠા વિભાગ હસ્તકની કુલ પાંચ હયાત યોજનાઓમાં સરકારશ્રીના પ્રવર્તમાન ધારા–ધોરણો મુજબ પાણીનો જથ્થો આપવા અર્થે યોજનાઓમાં તાંત્રિક

	આવેલ છે, અને		રીતે જરૂરી ઘટકોનો સમાવેશ કરી અંદાજીત રકમ રૂ.૨૮૨.૧૫ કરોડના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે.
(૨)	ઉકત કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?	(૨)	ઉકત કામગીરી તબકકાવાર માહે ૦૩/૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

જુનાગઢ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

15/8/1200 શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં કેટલી અરજીઓ મળી,	(૧)	કુલ–૩૧૧૯
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને	(૨)	કુલ–૩૦૦૨
(૩)	ઉક્ત સ્થિતિએ લાભાર્થીઓને કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?	(૩)	રૂ.૨,૪૮,૯૨,૫૦૦/– (બે કરોડ અડતાલીસ લાખ બાણું હજાર પાંચસો પૂરા)

ખેડા જિલ્લાના કપડવંજ કલાજીના મુવાડા વાયા વ્યાસ વાસણા મોટીઝેર રોડ રીસરફેસિંગ કરવા બાબત

15/8/1191 શ્રી રાજેશકુમાર મગનભાઈ ઝાલા (કપડવંજ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે **:–**

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના કપડવંજ કલાજીના મુવાડા વાયા વ્યાસ વાસણા મોટીઝેર રોડને રીસરફેસિંગની કામગીરી કરવા માટે સરકારે શું કાર્યવાહી કરી, અને	(૧) અને (૨)	ઉક્ત સ્થિતિએ સદર કામગીરીની કુલ ૧૬.૦૦ કિ.મી. લંબાઈ માટે રૂ.૨૪૪૦.૦૦ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?		

સુરત જિલ્લામાં તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટના

15/8/1702 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા :(સોમનાથ)માનનીય પાણી પુરવઠામંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે: -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટી ગઇ હોવાની હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉકત ટાંકીનું કામ કઇ એજન્સીને, કયારે, કેટલા ખર્ચે સોંપવામાં આવેલ, અને	(૨)	ઉક્ત ટાંકીનું કામ મે. જ્યંતિ સુપર કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડ, મહેસાણા (૭૨%), જે.વી. મે. બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા (૨૮%)ને તા.૧૦/૦૮/૨૦૨૨ ના એલ.ઓ.આઇ.ની તારીખથી રૂ.૯૪.૮૪ લાખના ખર્ચે સોંપવામાં આવેલ.

(૩)	ઉકત સ્થિતિએ ઉકત એજન્સીને કયારે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવેલ છે ?	(૩)	**રનીંગ બીલ નંબર** / **આર.સી.સી. ટાંકી માટે કરેલ ચૂકવણું(રૂપિયા)** / **ચૂકવણું કર્યાની તારીખ** બીજું / ૩,૯૪૮,૪૦૦.૦૦ / ૦૩/૦૭/૨૦૨૩ છઠ્ઠું / ૩,૯૪૮,૪૦૦.૦૦ / ૦૬/૧૧/૨૦૨૪ સાતમું / ૩,૨૮,૪૫,૨૦૦.૦૦ / ૨૫/૦૩/૨૦૨૫ આઠમું / ૩,૩૬,૦૩,૯૨૦.૦૦ / ૦૫/૧૧/૨૦૨૫ **કુલ** / **૩.૮૩,૪૫,૯૨૦.૦૦**

ભરૂચ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/1248 શ્રી રમેશભાઈ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૩ (ત્રણ)
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી?	(૨)	તાલુકો / મંજુર અરજીઓ ભરૂચ / ૨ વાગરા / ૧ કુલ / ૩ અરજીઓ

બોટાદ જિલ્લામાં ગોમા ડેમની કામગીરી

15/8/594 શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં ગોમા ડેમની પાઇલોટ પ્રોજેક્ટની કામગીરી ક્યારે અને કેટલા રૂપિયાના ખર્ચે કરવામાં આવી, અને	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૫ના રોજ રૂ.૨૬.૯૪ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે.
(૨)	ઉક્ત પાઇલોટ પ્રોજેક્ટથી કેટલા ગામોના ખેડૂતોને લાભ થનાર છે ?	(૨)	બોટાદ જિલ્લાના બોટાદ તાલુકાના ૮ ગામોને

જૂનાગઢ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/1252 શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૨૬ અરજીઓ
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી?	(૨)	તાલુકો / મંજુર કરેલ અરજીઓ જુનાગઢ(ગ્રામ્ય) / ૧ માળીયા હાટીના / ૧ વંથલી / ૨ વિસાવદર / ૧ ભેંસાણ / ૨ કુલ / ૭

કચ્છ જિલ્લામાં ખનિજ નમૂનાઓનું પૃથ્થકરણ

15/8/1198 શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત સરકારના ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરી હસ્તકની પેટ્રોગ્રાફી અને મિનરલ કેમિસ્ટ્રી પ્રયોગશાળા ખાતે ખનિજ નમૂનાઓના પૃથ્થકરણ માટે કયા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત સરકારના ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરી હસ્તકની પેટ્રોગ્રાફી અને મિનરલ કેમિસ્ટ્રી પ્રયોગશાળા ખાતે ખનિજ નમૂનાઓના પૃથ્થકરણ માટે અદ્યતન ઉપકરણો જેવા કે XRF (X-RAY FLUORESCENCE), XRD (X-RAY DIFFRACTION), ICP-MS (INDUCTIVELY COUPLED PLASMA MASS SPECTROMETRY), AAS (ATOMIC ABSORPTION SPECTROSCOPY), DMA (DIRECT MERCURY ANALYZER), Microscope સહિત વેટ કેમિકલ, ફીઝીકલ તથા પેટ્રોગ્રાફી સ્ટડીની સુવિધાઓ ઉપલબ્ધ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કેન્દ્રો ખાતે છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાંથી કુલ કેટલા ખનિજ નમૂનાઓ પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કેન્દ્ર ખાતે કચ્છ જિલ્લામાંથી વર્ષ ૨૦૨૪ દરમિયાન ૧૧૫૮ નંગ ખનીજ નમુના તથા વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧૧૫૬ નંગ ખનીજ નમુનાઓ પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ છે.
(૩)	તે અન્વયે કુલ કેટલી આવક થયેલ છે?	(૩)	તે અન્વયે વર્ષ ૨૦૨૪ દરમિયાન રૂ. ૨,૭૫,૪૪૫/– (અંકે બે લાખ પંચોત્તેર હજાર ચારસો પિસ્તાલીસ રૂપિયા) તથા વર્ષ ૨૦૨૫ દરમિયાન રૂ. ૩૧,૭૩,૮૧૩/– (અંકે એકત્રીસ લાખ તોંતેર હજાર આઠસો તેર રૂપિયા) ની આવક થયેલ છે.

– – – – – – – – – –

પુષ્પાવતી નદી પર ચેકડેમ બનાવવા બાબત

15/8/1155 શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે. પટેલ)(ઉંઝા)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સીરીઝ ઓફ ચેકડેમ અંતર્ગત પુષ્પાવતી નદી પર ચેકડેમો બનાવવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ	(૧)	હા
(૨)	જો હા, તો ઉક્ત ચેકડેમથી કેટલા હેક્ટર વિસ્તારને લાભ થશે, અને	(૨)	આશરે ૨૦૦૦ હેક્ટર
(૩)	તેનાથી પાણીની સંગ્રહશકિતમાં કેટલો વધારો થશે?	(૩)	આશરે ૭૪ MCFT

નર્મદા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1221 ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	કોઈ અરજી મળેલ નથી.

(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમદાવાદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1211 શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧૯ અરજીઓ
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૮ અરજીઓ
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	તમામ કિસ્સામાં કુલ ૩૨૫૦૦ ચો.મી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

રૂપેણ નદી પર ચેકડેમ બનાવવા બાબત

15/8/1153 શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સીરીઝ ઓફ ચેકડેમ અંતર્ગત રૂપેણ નદી પર ચેકડેમો બનાવવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા
(૨)	જો હા, તો તેના થકી કેટલા હેક્ટર વિસ્તારને લાભ થશે, અને	(૨)	આશરે ૫૦૦૦ હેક્ટર
(૩)	તેનાથી પાણીની સંગ્રહશકિતમાં કેટલો વધારો થશે?	(૩)	આશરે ૭૭ MCFT

સુરત જિલ્લામાં તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટના

15/8/1709 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૦૪/૦૨/૨૦૨૬ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટનાની તપાસમાં GERI અને SVNIT ના નિષ્ણાતો દ્વારા કોંક્રીટ મટીરીયલ અંગેનો અહેવાલ સરકારને આપવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા,
(૨)	જો હા, તો ઉકત અહેવાલ કયારે આપવામાં આવ્યો, અને	(૨)	• કોંક્રીટ મટીરીયલ અંગેનો રીપોર્ટ GERI દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૬ થી રીપોર્ટ આપવામાં આવેલ છે. • કોંક્રીટ મટીરીયલ અંગેનો રીપોર્ટ SVNIT દ્વારા તા.૨૯/૦૧/૨૦૨૬ થી આપવામાં આવેલ છે.

(૩)	ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉકત અહેવાલના સંદર્ભે સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?	(૩)	હાલની સ્થિતિએ ફકત કોંક્રીટ મટીરીયલ અંગેના રીપોર્ટ મળેલ છે. જ્યારે સોઈલ સેમ્પલ પરિક્ષણ પ્રગતિમાં છે. જેના રીપોર્ટ મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સુરત જિલ્લામાં તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટના

15/8/1699 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય પાણી પુરવઠામંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટી ગઇ હોવાની હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉકત ટાંકીનું કામ કઇ એજન્સીને, કયારે, કેટલા ખર્ચે સોંપવામાં આવેલ, અને	(૨)	ઉક્ત ટાંકીનું કામ મે. જ્યંતિ સુપર કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડ, મહેસાણા (૭૨%), જે.વી. મે. બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા (૨૮%)ને તા.૧૦/૦૮/૨૦૨૨ ના એલ.ઓ.આઇ.ની તારીખથી ૩.૯૪.૮૪ લાખના ખર્ચે સોંપવામાં આવેલ.
(૩)	ઉકત સ્થિતિએ ઉકત એજન્સીને કયારે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવેલ છે ?	(૩)	**રનીંગ બીલ નંબર** / **આર.સી.સી. ટાંકી માટે કરેલ ચૂકવણું(રૂપિયા)** / **ચૂકવણું કર્યાની તારીખ** બીજું / ૩.૯,૪૮,૪૦૦.૦૦ / ૦૩/૦૭/૨૦૨૩ છઠ્ઠું / ૩.૯,૪૮,૪૦૦.૦૦ / ૦૬/૧૧/૨૦૨૪ સાતમું / ૩.૨૮,૪૫,૨૦૦.૦૦ / ૨૫/૦૩/૨૦૨૫ આઠમું / ૩.૩૬,૦૩,૯૨૦.૦૦ / ૦૫/૧૧/૨૦૨૫ **કુલ** / **૩.૮૩,૪૫,૯૨૦.૦૦** /

વલસાડ જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/1268 શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો,૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૬૯
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૨૩
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ?	(૨)	૨૩ (ત્રેવીસ) કિસ્સામાં ૧,૯૬,૫૭૪ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

શામળાજી–મોડાસા–ગોધરા ટોલ રોડ બાબત

15/8/1697 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ શામળાજી–મોડાસા–ગોધરા ટોલ રોડ ક્યારે મંજુર કરી કાર્યરત કરવામાં આવેલ,	(૧)	તા.૧૭/૦૯/૨૦૦૮ ના રોજ કરારખત કર્યા બાદ તા.૦૪/૦૪/૨૦૧૨ થી કાર્યરત.
(૨)	ઉક્ત રોડ કાર્યરત થયો ત્યારથી ટોલ ઉઘરાવવા માટે કઈ એજન્સીને કોન્ટ્રક્ટ આપવામાં આવેલ છે,	(૨)	મેં. એલ એન્ડ ટી હાલોલ શામળાજી ટોલવે લીમીટેડ અને હાલમાં મે.કલ્યાણ હાલોલ શામળાજી ટોલવે લી.
(૩)	ઉક્ત રોડનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે ન થતું હોવા અંગેની કેટલી રજૂઆતો–ફરિયાદો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને મળી, અને	(૩)	ચાર
(૪)	મળેલ રજુઆતો–ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરી?	(૪)	મળેલ રજુઆતો–ફરિયાદોનો ત્વરિત નિકાલ કરવામાં આવેલ છે.

––––––––––

અબડાસા તાલુકામાં નદીઓ પર પુલ બનાવવા બાબત

15/8/982 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લાના અબડાસા તાલુકાના નારણપર–વિઝાણ વચ્ચે આવેલ નદી પર અને બારા–તેરા વચ્ચે આવેલ નદી તેમજ નુંધાતડ–રબારીવાંઢ વચ્ચે આવેલ નદી પર પુલો બનાવવા માટે રાજ્ય સરકારને કોઈ દરખાસ્ત મળેલ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા તો, ઉકત સ્થિતિએ શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?	(૨)	કુલ–૪ પૈકી ૨– કામ મંજુર કરેલ છે અને ૨– કામ બાબતે કામની અગત્યતા, તાંત્રિક જરૂરીયાત અને નાણાંકિય ઉપલબ્ધતાને ધ્યાને લઇ વિચારણા કરવામાં આવશે.

.....

તાપી જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/1256 શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૯૯ અરજીઓ
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી?	(૨)	તાલુકો – મંજુર કરેલ અરજીઓ સોનગઢ – ૦૮ ડોલવણ – ૦૯ નિઝર – ૦૧ ઉકાઇ – ૦૩ વાલોડ – ૦૩ કુલ – ૨૪

સુરત જિલ્લામાં તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટના

15/8/1705 શ્રી અમિત ચાવડા (આંકલાવ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: -

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટી ગઇ હોવાની હકીકત સાચી છે કે કેમ,</td><td>(૧)</td><td>હા, જી.</td></tr>
<tr><td>(૨)</td><td>જો હા, તો ઉકત ટાંકીનું કામ કઇ એજન્સીને, કયારે, કેટલા ખર્ચે સોંપવામાં આવેલ,</td><td>(૨)</td><td>ઉક્ત ટાંકીનું કામ મે. જ્યંતિ સુપર કન્સટ્રક્શન પ્રાઇવેટ લીમીટેડ, મહેસાણા (૭૨%) જે.વી. મે. બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા (૨૮%) ને તા.૧૦/૦૮/૨૦૨૨ના એલ.ઓ.આઇ.ની તારીખથી રૂ.૯૪.૮૪ લાખના ખર્ચે સોંપવામાં આવેલ.</td></tr>
<tr><td>(૩)</td><td>ઉકત સ્થિતિએ ઉકત એજન્સીને કયારે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવેલ છે,</td><td>(૩)</td><td>
<table>
<tr><th>રનીંગ બીલ નંબર</th><th>આર.સી.સી. ટાંકી માટે કરેલ ચુકવણું(રૂપિયા)</th><th>ચૂકવણું કર્યાની તારીખ</th></tr>
<tr><td>બીજું</td><td>૩.૯,૪૮,૪૦૦.૦૦</td><td>૦૩/૦૭/૨૦૨૩</td></tr>
<tr><td>છઠ્ઠું</td><td>૩.૯,૪૮,૪૦૦.૦૦</td><td>૦૬/૧૧/૨૦૨૪</td></tr>
<tr><td>સાતમું</td><td>૩.૨૮,૪૫,૨૦૦.૦૦</td><td>૨૫/૦૩/૨૦૨૫</td></tr>
<tr><td>આઠમું</td><td>૩.૩૬,૦૩,૯૨૦.૦૦</td><td>૦૫/૧૧/૨૦૨૫</td></tr>
<tr><td>કુલ</td><td>૩.૮૩,૪૫,૯૨૦.૦૦</td><td></td></tr>
</table>
</td></tr>
<tr><td>(૪)</td><td>ઉકત ટાંકી તૂટી પડવાના કારણો શા છે, અને</td><td>(૪)</td><td>સ્થળ પરથી નમૂનાઓ એકત્ર કરી પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ છે. જે પરિક્ષણના પરિણામ મળ્યેથી ચોકકસ કારણો જાણી શકાશે.</td></tr>
<tr><td>(૫)</td><td>ઉકત ઘટના સંદર્ભે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?</td><td>(૫)</td><td>ઉકત ઘટના સંદર્ભે સબંધિત આધિકારીઓ, ઈજારદાર તથા પ્રોજેકટ મોનીટરીંગ કન્સલ્ટીંગ એજન્સી સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે અને વિભાગના સબંધિત ત્રણ અધિકારીઓને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ છે તથા સબંધિત ઈજારદાર અને પ્રોજેકટ મોનીટરીંગ કન્સલ્ટીંગ એજન્સીને ડીબાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.</td></tr>
</table>

કાકરાપાર–ગોરધા–વડ પાઈપલાઈન યોજના

15/8/1158 શ્રી મનુભાઈ એમ.પટેલ (ઉધના): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. –

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કાકરાપાર–ગોરધા–વડ પાઈપલાઈનની નજીક બાકી રહેતા વિસ્તારોમાં સિંચાઈ માટે પાણી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,</td><td>(૧)</td><td>હા.</td></tr>
</table>

(૨)	જો હા, તો કયા તાલુકાના કેટલા ગામોના કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે, અને	(૨)	<table><tr><th>અનુ.</th><th>જિલ્લો</th><th>તાલુકો</th><th>લાભિત ગામો</th><th>લાભિત વિસ્તાર (હેક્ટર)</th></tr><tr><td>૧</td><td>સુરત</td><td>માંડવી</td><td>૦૭</td><td>૩૬૦</td></tr><tr><td>૨</td><td>સુરત</td><td>માંગરોળ</td><td>૩૧</td><td>૩૨૩૦</td></tr><tr><td colspan="3">કુલ</td><td>૩૮</td><td>૩૫૯૦</td></tr></table>
(૩)	આ કામગીરીનો અંદાજિત ખર્ચ કેટલો છે?	(૩)	૩.૨૪૦૮.૦૦/– લાખ

– – – – –

ભાવનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા મળેલ અરજીઓ

15/8/1234 શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૨૧
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને	(૨)	૧૭
(૩)	મંજુર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	કુલ હે.૧૦–૭૯–૬૬ ચો.મી.

– – – – – – –

ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/1249 શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૧૭
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરવામાં આવી?	(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ ૯ અરજીઓ મંજુર કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે. <table><tr><th>ક્રમ</th><th>તાલુકાનું નામ</th><th>મંજુર કરેલ અરજીઓ</th></tr><tr><td>૧</td><td>ભાવનગર ગ્રામ્ય</td><td>૦૨</td></tr><tr><td>૨</td><td>મહુવા</td><td>૦૧</td></tr><tr><td>૩</td><td>જેસર</td><td>૦૨</td></tr><tr><td>૪</td><td>પાલીતાણા</td><td>૦૧</td></tr><tr><td>૫</td><td>શિહોર</td><td>૦૨</td></tr><tr><td>૬</td><td>વલ્લભીપુર</td><td>૦૧</td></tr><tr><td></td><td>કુલ</td><td>૦૯</td></tr></table>

– – – – – – – –

સુરત જિલ્લામાં વ્હાલી દીકરી યોજના

15/8/1202 શ્રી મોહનભાઇ ઘનજીભાઇ ઢોડિયા (મહુવા(એસ.ટી)) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં	(૧)	૬૫૦૩

	સુરત જીલ્લામાં વ્હાલી દીકરી યોજનામાં કેટલી અરજીઓ મળી,		
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી છે, અને	(૨)	મંજૂર: ૬૪૯૬ / નામંજૂર: ૭
(૩)	ઉક્ત સ્થિતિએ સુરત જીલ્લાના બારડોલી તાલુકાની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી?	(૩)	મંજૂર: ૯૪ / નામંજૂર: ૦

છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1216 શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૮
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૮
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવણી કરવામાં આવી?	(૩)	૮ કિસ્સામાં ક્ષેત્રફળ હે.૩–૦૩–૯૨ ચો.મી. જમીન ફાળવવામાં આવી.

દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1217 શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૪૪
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૭
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	મંજુર કરેલ અરજીઓ પૈકી કુલ ૧૭ કિસ્સાઓમાં ૧૮,૧૦૦ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી.

અમરેલી જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/1247 શ્રી હિરાભાઈ ઓઘવજીભાઈ સોલંકી (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૧૪
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરવામાં આવી?	(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ ૬ અરજીઓ મંજુર કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	મંજુર કરેલ અરજીઓ
૧	અમરેલી ગ્રામ્ય	૨
૨	લાઠી	૧
૩	બાબરા	૩
	કુલ	૬

અમરેલી જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા મળેલ અરજીઓ

15/8/1231 શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૪૫
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને	(૨)	૨૩
(૩)	મંજુર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	કુલ ક્ષે.૭૯૮૯૦ ચો.મી.

વડોદરા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ બાબત

15/8/1339 શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા:૧૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે?	(૧)	૮૭૩૨
(૨)	તે પૈકી કલમ ૬૫–અ અને કલમ ૬૫–ખ હેઠળ કુલ કેટલી અરજીઓ આવી, અને	(૨)	**કલમ ૬૫–ક** ૨૨૪ **કલમ ૬૫–ખ** ૩૨૬
(૩)	તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી દફતરે કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી?	(૩)	**મંજૂર** / **દફતરે** / **નામંજુર** કલમ ૬૫–ક: ૧૦૧ / ૧૨૩ / ૦ કલમ ૬૫–ખ: ૨૫૭ / ૬૮ / ૧

આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1213 શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ (સોજિત્રા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	મળેલ અરજીઓ: પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર: ૦૫ / પેટા આરોગ્ય કેન્દ્ર: ૧૭ / સામુહિક આરોગ્ય કેન્દ્ર: ૦૧
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	મંજુર કરેલ અરજીઓ: પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર: ૦૫ / પેટા આરોગ્ય કેન્દ્ર: ૧૭ / સામુહિક આરોગ્ય કેન્દ્ર: ૦૧

(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	ફાળવેલ જમીન (ચો.મી.) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર: ૧૪૪૦૦ પેટા આરોગ્ય કેન્દ્ર: ૭૮૦૯ સામુહિક આરોગ્ય કેન્દ્ર: ૧૦૭૨૪

રાજકોટ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા મળેલ અરજીઓ બાબત

15/8/1244 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે.	(૧)	૩૭
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૨
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવે?	(૩)	કુલ ૧૧ કિસ્સામાં ક્ષે.હે.૩–૬૦–૦૦ ચો.મી. જમીનની ફાળવણી કરેલ છે.

ખારી નદી પર ચેકડેમો બનાવવા બાબત

15/8/1156 શ્રી સરદારભાઈ શામળભાઈ ચૌધરી (ખેરાલુ)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

૫૩૦	ખેડા	ગુતાલ ગામે કિષ્નાપુરા રોડથી નરસંડા તરફથી નરસંડા થી કેરીયાવી જવાના રસ્તા સાથે જોડતો રસ્તો	૦.૬૪
૫૩૧	ખેડા	ટુંડેલ કાનજીભાઇ ના ખેતર થી બંગલા વિસ્તાર સુધીનો રસ્તો	૦.૪૩
૫૩૨	ખેડા	ટુંડેલ ડભાણ હાઇવે પાસે દોલપુરા પ્રાથમિક શાળા સુધીનો રસ્તો	૦.૪૨

૫૩૩	ખેડા	પીજ રોડ મથુર નગરી થી રાયાસીંગ ફુલાની આંગણવાડીના રસ્તાનું કામ	૦.૫૦
૫૩૪	ખેડા	ટુંડેલ રાણા તલાવડી સુધીનો રસ્તો	૦.૬૪
૫૩૫	ખેડા	ટુંડેલ વાઘરીવાસ થી વાંટા તલાવડી રોડ	૦.૪૧
૫૩૬	ખેડા	બારૈયાવગો (વડતાલ) એપ્રોચ રોડ	૦.૪૦
૫૩૭	ખેડા	વડતાલ શંકરપુરા ની નાલાથી મધુભાઇ ભીખાભાઇ ના ઘર સુધીનો રસ્તો	૦.૪૧
૫૩૮	ખેડા	વડતાલ મનહરભાઇ વિઠ્ઠલભાઇ ના ઘર પાસેથી ગોપીજી/કાશેયા તરફ જવાનો રસ્તો	૦.૮૫
૫૩૯	ખેડા	વડતાલ સ્વામીનારાયણ મંદિરના જુના ભોજનાલય થી પટેલવાડી થઇ મંગળભાઇ ડાભાઇભાઇના ઘર તરફનો રસ્તો	૦.૫૧
૫૪૦	ખેડા	વડતાલ ઘના વિસ્તારને જોડતો રસ્તો	૦.૬૪
૫૪૧	ખેડા	ડુમરાલ પીપલાતા રોડ થી ટીકુભાઇના ખેતર થી લડી તલાવડી થઇ મિત્રાલ તરફ જતો રસ્તો	૦.૮૫
૫૪૨	ખેડા	ડુમરાલ જે.ડી.પટેલની ખરીથી આંબલીયાની તલાવડી થઇ અલીન્દ્રા તરફ જતો રસ્તો	૦.૬૪
૫૪૩	ખેડા	ભરવાડપુરા (અલીન્દ્રા) એપ્રોચ રોડ	૦.૩૬
૫૪૪	ખેડા	ચલાલી તા. નડિયાદ શકિતનગર પરા વિસ્તારમાં કાડકા માતાના મંદિર થી પાડાચાર તલાવડી થી જોગણી માતાના મંદિર તરફ જતો રસ્તો	૦.૬૪
૫૪૫	ખેડા	ચીડીયાપુરા (સુરાશામળ) એપ્રોચ રોડ	૦.૮૫
૫૪૬	ખેડા	ચલાલી વાઘરીના મુવાડા રસ્તાનુ કામ	૧.૩૬
૫૪૭	ખેડા	અજરપુરા રોડ થી ચલાલી વગડા (શકિત નગર) ની ખુટતી કડી રસ્તો	૦.૮૫
૫૪૮	ખેડા	રણછોડપુરા એપ્રોચ રોડ (૦/૦ થી ૦/૭૫૦)	૦.૮૪
૫૪૯	ખેડા	લાલપુરા ઘુણાદરા રોડ	૦.૮૩
૫૫૦	ખેડા	ભાથીપુરા એ રોડ	૦.૪૪
૫૫૧	ખેડા	હરખોલ થી અકલાચા રોડ	૦.૫૭
૫૫૨	ખેડા	ભદ્રાસા નવા મુવાળા થી ચિતલાવ રોડ	૦.૯૨
૫૫૩	ખેડા	જાખેડ સીમલજ રોડ	૦.૮૦
૫૫૪	ખેડા	ચિતલાવ ભોઈપુરા રોડ	૦.૩૨
૫૫૫	ખેડા	સારીયા એપ્રોચ રોડ	૦.૮૦
૫૫૬	ખેડા	રામપુરા કંથરાઈ રોડ	૦.૯૫
૫૫૭	ખેડા	સરદારપુરા એપ્રોચ રોડ	૦.૮૮
૫૫૮	ખેડા	પોરડા દેવનગર રોડ	૧.૨૨
૫૫૯	ખેડા	ખીજલપુર તડપદ ગામે થી ભાથીજી મહારાજના મંદિર થઈ ગોમતી તળાવના રસ્તાનું કામ	૦.૭૫
૫૬૦	ખેડા	સાંઢેલી થી નવી મુવાડી રોડ	૦.૫૬
૫૬૧	ખેડા	ત્રાણજા નાંદોલી રોડ	૧.૫૪
૫૬૨	ખેડા	ઇન્દ્રવર્ણા વિરોજા રોડ	૦.૩૪
૫૬૩	ખેડા	બામણગામ જીવનસાધના ટ્રસ્ટ રોડ	૦.૭૩
૫૬૪	ખેડા	વસ્તાણા લક્ષ્મીપૂરા રોડ	૦.૪૭
૫૬૫	ખેડા	માતર થી રંગઅવધૂત આશ્રમ રોડ	૦.૬૯
૫૬૬	ખેડા	હરેંજ ગરમાળા રોડ	૧.૦૪
૫૬૭	ખેડા	કૈલાશકંપા એપ્રોચ રોડ	૦.૪૪
૫૬૮	ખેડા	કૈલાશનગર એ.રોડ	૦.૩૨
૫૬૯	ખેડા	ઘોળીવાવ અલવાના મુવાડા રોડ	૦.૪૩
૫૭૦	ખેડા	મોતીપુરા એ.રોડ	૦.૬૯
૫૭૧	ખેડા	ચપટિયા એપ્રોચ રોડ	૦.૧૮
૫૭૨	ખેડા	બેટાવાડા ખોડિયાર નાગર રોડ	૦.૫૮
૫૭૩	ખેડા	ગોકળપુરા એ.રોડ	૦.૨૨
૫૭૪	ખેડા	તેલનાર અંબા સ્ટેન્ડ દારજીના મુવાડા રોડ	૧.૧૬
૫૭૫	ખેડા	બેડપ ફતેપુરા વાંઘરોલી રોડ અપ ટુ બાલાસિનોર એસ.એચ.રોડ	૨.૭૩
૫૭૬	ખેડા	અંબાવ રેલ્વેસ્ટેશન થી ડાભસર રોડ	૦.૬૫
૫૭૭	ખેડા	ઠાકોર કંપા બથાના કૂવા રોડ	૧.૬૧
૫૭૮	ખેડા	કંજરી એપ્રોચ રોડ	૦.૬૫

અતારાંકિત પ્રશ્નો

અમરેલી જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/1212 **શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૨૭
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને	(૨)	૧૧
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	કુલ ક્ષે.૧૦૮૨૦ ચો.મી.

ભરૂચ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/8/1259 શ્રી ડી.કે.સ્વામી (જંબુસર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	કુલ ૨૮૧૨ અરજીઓ
(૨)	ઉક્ત સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	

તાલુકો	મંજુર અરજીઓ
ભરૂચ (ગ્રામ્ય)	૩૨૯
ભરૂચ (શહેર)	૨૩
વાગરા	૨૨૧
જંબુસર	૧૪૪
આમોદ	૯૮
અંકલેશ્વર	૨૭૧
હાંસોટ	૯૪
ઝઘડીયા	૨૪૮
વાલીયા	૬૬
નેત્રંગ	૩૩
કુલ	૧૫૨૭ અરજીઓ

છોટાઉદેપુર જિલ્લામાં સિંચાઇ તળાવો બાબત

15/8/1522 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (**છોટાઉદેપુર**) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં ક્યા સ્થળે સિંચાઇ વિભાગ હસ્તકના કેટલા તળાવો આવેલા છે, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લાના સિંચાઇ વિભાગ હસ્તકના તળાવોની વિગત:

ક્રમ	તાલુકો	સિંચાઇ તળાવોની સંખ્યા	અનુશ્રવણ તળાવોની સંખ્યા
૧	છોટાઉદેપુર	૦૪	૧૯
૨	ક્વાંટ	૦૨	૦૯
૩	પાવી જેતપુર	૦૪	૧૩
૪	બોડેલી	૦૧	૦૮
૫	નસવાડી	૦૨	૨૩
૬	સંખેડા	૦૦	૦૩
	કુલ	૧૩	૭૫

(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તળાવોની સિંચાઇ ક્ષમતા વધારવા માટે કેટલો ખર્ચ કર્યો?	(૨)	૩.૨૨૫૪.૫૦ લાખ

પાટણ અને ભરૂચ જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/1691 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ પાટણ અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક –૨ મુજબ
(3)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	કુપોષિત બાળકોનો ઘટાડો નોંધાયેલ છે. પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	પાટણ જીલ્લો		ભરૂચ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	ચાણસ્મા	૩૫૬	આમોદ	૧૧૭૮
૨	હારીજ	૬૬૪	અંકલેશ્વર	૧૪૭૧
૩	પાટણ	૧૧૪૧	ભરૂચ	૧૯૯૩
૪	રાધનપુર	૯૬૩	હાંસોટ	૫૮૦
૫	સમી	૮૮૧	જંબુસર	૧૫૦૫
૬	સાંતલપુર	૯૪૮	ઝગડીયા	૨૦૫૩
૭	શંખેશ્વર	૫૪૬	નેત્રંગ	૧૧૭૨
૮	સિદ્ધપુર	૫૪૫	વાગરા	૯૫૬
૯	સરસ્વતી	૧૦૯૬	વાલીયા	૫૪૫
	કુલ	૭૧૪૦	કુલ	૧૧૪૫૩

પત્રક–૨

	પાટણ જીલ્લો			ભરૂચ જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજનવાળા બાળકોની સંખ્યા	અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	ઓછા વજનવાળા બાળકોની સંખ્યા	અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા
૧	ચાણસ્મા	૩૦૮	૪૮	આમોદ	૯૮૦	૧૯૮

૨	હારીજ	૫૬૬	૯૮	અંકલેશ્વર	૧૨૧૭	૨૫૪
૩	પાટણ	૯૭૪	૧૬૭	ભરૂચ	૧૬૨૯	૩૬૪
૪	રાધનપુર	૮૨૨	૧૪૧	હાંસોટ	૪૬૬	૧૧૪
૫	સમી	૭૭૦	૧૧૧	જંબુસર	૧૨૭૪	૨૩૧
૬	સાંતલપુર	૮૧૦	૧૩૮	ઝગડીયા	૧૬૮૬	૩૬૭
૭	શંખેશ્વર	૪૭૮	૬૮	નેત્રંગ	૯૬૮	૨૦૪
૮	સિદ્ધપુર	૪૬૪	૮૧	વાગરા	૭૮૭	૧૬૯
૯	સરસ્વતી	૯૩૯	૧૫૭	વાલીયા	૪૪૨	૧૦૩
	કુલ	૬૧૩૧	૧૦૦૯	કુલ	૯૪૪૯	૨૦૦૪

પત્રક–૩

	પાટણ જીલ્લો		ભરૂચ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	ચાણસ્મા	૫૦૩	આમોદ	૩૨૪
૨	હારીજ	૪૬૮	અંકલેશ્વર	૪૪૪
૩	પાટણ	૫૭૬	ભરૂચ	૧૨૭૦
૪	રાધનપુર	૫૫૨	હાંસોટ	૧૬૮
૫	સમી	૪૫૫	જંબુસર	૨૪૭૫
૬	સાંતલપુર	૬૩૭	ઝગડીયા	૫૦૫
૭	શંખેશ્વર	૨૪૬	નેત્રંગ	૯૪૩
૮	સિદ્ધપુર	૮૮૨	વાગરા	૧૩૬
૯	સરસ્વતી	૪૦૯	વાલીયા	૯૨૯
	કુલ	૪૭૨૮	કુલ	૭૧૯૪

બનાસકાંઠા જિલ્લામાં રી સર્વે પ્રમોલગેશન બાદ ક્ષતિ સુધારવાની અરજીઓ

15/8/1682 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીનનું રી સર્વે પ્રમોલગેશન અંતર્ગત થયેલ ભુલો સુધારવા કેટલી અરજીઓ મળી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતીની જમીનનું રી સર્વે પ્રમોલગેશન અંતર્ગત થયેલ ભુલો સુધારવા મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

ક્રમ	**તાલુકાનું નામ**	**વર્ષ–૨૦૨૪ માં મળેલ અરજીઓ**	**વર્ષ–૨૦૨૫ માં મળેલ અરજીઓ**	**બે વર્ષમાં મળેલ કુલ અરજીઓ**
૧	ધાનેરા	૫૫૮	૫૯૩	૧૧૫૧
૨	દાંતીવાડા	૩૦૫	૩૩૧	૬૩૬

૩	અમીરગઢ	૨૦૬	૧૫૬	૩૬૨
૪	દાંતા	૨૨૮	૧૭૫	૪૦૩
૫	વડગામ	૭૦૩	૮૦૧	૧૫૦૪
૬	પાલનપુર	૧૨૮૯	૯૨૯	૨૨૧૮
૭	ડીસા	૧૦૨૯	૧૦૮૧	૨૧૧૦
૮	કાંકરેજ	૧૪૫	૧૦૦	૨૪૫
૯	ઓગડ	૨૧૭	૧૪૬	૩૬૩
૧૦	હડાદ	૩૩	૨૦	૫૩
કુલ		૪૭૧૩	૪૩૩૨	૯૦૪૫

(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ અન્વયે કેટલી અરજીઓની સ્વીકાર કરી જમીન રીસર્વેમાં ભૂલો સુધારવામાં આવી છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ અન્વયે ૬૮૮ અરજીઓની સ્વીકાર કરી જમીન રીસર્વેમાં ભૂલો સુધારવામાં આવી છે.
(૩)	બાકી રહેલ અરજીઓ ક્યા સુધીમાં નિકાલ કરવામાં આવશે?	(૩)	બાકી રહેલ અરજીઓના ગામોના કલસ્ટર બનાવી માઈક્રો પ્લાનીંગથી અરજીઓના નિકાલની કામગીરી પ્રગતિમાં છે.

ઉબેણ નદીમાં નર્મદાનું પાણી નાખવા બાબત

15/8/1237 શ્રી ગોપાલભાઇ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૦૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જીલ્લાના ભેસાણ તાલુકામાં આવેલ ઉબેણ નદીમાં નર્મદાનું પાણી છોડવા બાબતની કેટલી રજુઆતો સરકારને મળી, અને	(૧)	૩(ત્રણ)
(૨)	ઉકત સ્થિતિએ મળેલ ઉકત રજૂઆતોના અનુસંધાને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યારે કેટલું પાણી છોડવામાં આવ્યું ?	(૨)	વર્ષ / માસ / એમ.સી.એફ.ટી. ૨૦૨૪ / મે / ૩૫.૪૪ ૨૦૨૫ / – / –

પંચમહાલ જિલ્લામાં બિનખેતી માટેની અરજીઓ

15/8/1495 શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ જિલ્લામાં કેટલી બિનખેતી માટેની પરવાના માગતી અરજીઓ કરવામાં આવી, અને	(૧)	**વર્ષ** / **અરજીની સંખ્યા** ૨૦૨૪ / ૭૩૨ ૨૦૨૫ / ૧૩૩૭

(૨)	ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી બિનખેતી કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી?	(૨)	

તાલુકો	વર્ષ ૨૦૨૪		વર્ષ ૨૦૨૫	
	મંજુર	નામંજુર	મંજુર	નામંજુર
ગોધરા	૧૬૪	૫	૩૮૯	૨
કાલોલ	૬૨	૦	૧૩૦	૦
શહેરા	૨૮	૦	૫૬	૦
મોરવા(હ)	૨૩	૦	૩૨	૦
હાલોલ	૧૩૨	૦	૨૯૫	૧
ઘોઘંબા	૧૭	૧	૨૦	૦
જાંબુઘોડા	૭	૦	૯	૦
કુલ	**૪૩૩**	**૬**	**૯૩૧**	**૩**

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/1704 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક – ૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	ગીર સોમનાથ જીલ્લો		જુનાગઢ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	ગીરગઢડા	૨૫૨	ભેસાણ	૨૪૫
૨	કોડીનાર	૯૦૭	જુનાગઢ	૬૦૧
૩	સુત્રાપાડા	૯૫૧	કેશોદ	૭૮૨
૪	તાલાલા	૬૦૬	માળીયા હાટીના	૮૩૯
૫	ઉના	૧૦૭૭	માણાવદર	૫૧૭
૬	વેરાવળ	૧૩૯૬	માંગરોળ	૮૦૯
કુલ		૫૧૮૯	મેંદરડા	૩૩૮

		વંથલી	૪૮૧
		વિસાવદર	૪૯૦
		કુલ	૫૧૦૨

પત્રક–૨

	ગીર સોમનાથ જીલ્લો			જુનાગઢ જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછો વજન વાળા બાળકો	અતિ ઓછા વજન વાળા બાળકો	તાલુકાનું નામ	ઓછો વજન વાળા બાળકો	અતિ ઓછા વજન વાળા બાળકો
૧	ગીરગઢડા	૨૦૩	૪૯	ભેસાણ	૨૦૦	૪૫
૨	કોડીનાર	૭૩૬	૧૭૧	જુનાગઢ	૫૨૪	૭૭
૩	સુત્રાપાડા	૭૭૭	૧૭૪	કેશોદ	૬૮૧	૧૦૧
૪	તાલાલા	૫૧૭	૮૯	માળીયા હાટીના	૭૧૯	૧૨૦
૫	ઉના	૮૭૬	૨૦૧	માણાવદર	૪૩૭	૮૦
૬	વેરાવળ	૧૧૬૯	૨૨૭	માંગરોળ	૬૮૫	૧૨૪
કુલ		૪૨૭૮	૯૧૧	મેંદરડા	૨૭૦	૬૮
				વંથલી	૩૯૭	૮૪
				વિસાવદર	૪૧૦	૮૦
				કુલ	૪૩૨૩	૭૭૯

પત્રક–૩

	ગીર સોમનાથ જીલ્લો		જુનાગઢ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	ગીરગઢડા	૨૪૦	ભેસાણ	૭૩
૨	કોડીનાર	૨૬૬	જુનાગઢ	૭૯
૩	સુત્રાપાડા	૨૨૮	કેશોદ	૧૪૫
૪	તાલાલા	૧૮૬	માળીયા હાટીના	૭૫
૫	ઉના	૬૩૭	માણાવદર	૦
૬	વેરાવળ	૩૯૫	માંગરોળ	૯૧
કુલ		૧૯૫૨	મેંદરડા	૩૦
			વંથલી	૨
			વિસાવદર	૬૦
			કુલ	૫૫૫

તા.૧૪મી માર્ચ, ૨૦૨૬

અતારાંકિત પ્રશ્નો

મહીસાગર અને દાહોદ જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/1710 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ મહીસાગર અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક –૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	કુપોષિત બાળકોનો ઘટાડો નોંધાયેલ છે. પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	મહીસાગર જીલ્લો		દાહોદ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	બાલાસિનોર	૧૫૬૩	દાહોદ	૩૨૬૪
૨	કડાણા	૧૨૨૦	દેવગઢ બારિયા	૨૭૪૭
૩	ખાનપુર	૮૦૪	ઘાનપુર	૧૩૫૮
૪	લુણાવાડા	૧૭૮૭	ફતેપુરા	૧૬૨૩
૫	સંતરામપુર	૧૮૫૮	ગરબાડા	૧૬૦૧
૬	વીરપુર	૬૦૬	ઝાલોદ	૨૫૮૫
કુલ		૭૮૩૮	લીમખેડા	૨૭૨૮
			સંજેલી	૪૮૨
			કુલ	૧૬૩૮૮

પત્રક–૨

	મહીસાગર જીલ્લો			દાહોદ જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા

૧	બાલાસિનોર	૧૩૦૨	૨૬૧	દાહોદ	૨૭૮૬	૪૭૮
૨	કડાણા	૯૬૧	૨૫૯	દેવગઢ બારિયા	૨૨૫૩	૪૯૪
૩	ખાનપુર	૬૮૯	૧૧૫	ઘાનપુર	૧૧૧૭	૨૪૧
૪	લુણાવાડા	૧૪૫૧	૩૩૬	ફતેપુરા	૧૨૫૬	૩૬૭
૫	સંતરામપુર	૧૫૩૭	૩૨૧	ગરબાડા	૧૩૫૮	૨૪૩
૬	વીરપુર	૫૧૫	૯૧	ઝાલોદ	૨૨૧૬	૩૬૯
કુલ		૬૪૫૫	૧૩૮૩	લીમખેડા	૨૩૧૮	૪૧૦
				સંજેલી	૪૦૪	૭૮
				કુલ	૧૩૭૦૮	૨૬૮૦

પત્રક-૩

	મહીસાગર જીલ્લો		દાહોદ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	બાલાસિનોર	૧૦૬૪	દાહોદ	૬૩૧૯
૨	કડાણા	૧૪૩૩	દેવગઢ બારિયા	૪૦૩૬
૩	ખાનપુર	૧૦૭૩	ઘાનપુર	૨૦૭૭
૪	લુણાવાડા	૨૭૯૧	ફતેપુરા	૧૯૫૯
૫	સંતરામપુર	૨૦૬૫	ગરબાડા	૩૦૦૨
૬	વીરપુર	૫૮૧	ઝાલોદ	૭૦૮૩
કુલ		૯૦૦૭	લીમખેડા	૬૬૦૨
			સંજેલી	૧૮૬૮
			કુલ	૩૨૯૪૬

અરવલ્લી જિલ્લામાં 'કડાણા હાઇબેક યોજના' દ્વારા પાણી પુરુ પાડવા

15/8/1698 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા**) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના સિંચાઇથી વંચિત વિસ્તારોને 'કડાણા હાઇબેક યોજના' દ્વારા પાણી પુરુ પાડવા માટે 'ફિઝિબિલિટી રિપોર્ટ' (શક્યતા તપાસ) કે ટેકનીકલ સર્વેની કાર્યવાહી હાલ કયા તબક્કે છે, અને	(૧)	આયોજનમાં નથી.
(૨)	ઉક્ત યોજના પૂર્ણ કરી અરવલ્લી જિલ્લાના સિંચાઇથી વંચિત વિસ્તારોને ક્યાં સુધીમાં પાણી પુરુ પાડવામાં આવશે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નખત્રાણા, લખપત, અબડાસા તાલુકાના સિંચાઈથી વંચિત ગામોને પાણી આપવા બાબત

15/8/1025 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાના સિંચાઈથી વંચિત ગામોને પાણી આપવા માટે કોઈ યોજના અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને	(૨)	૩.૨,૨૩,૬૪૪.૮૯ લાખ
(૩)	આ યોજના ક્યારે પુર્ણ કરવાનું આયોજન છે?	(૩)	આ કામગીરી ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

તાપી જિલ્લામાં વ્યારા ખાતે રબર ડેમ

15/8/1462 શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં વ્યારા ખાતે રબર ડેમની કામગીરી ક્યા તબક્કે છે, અને	(૧)	હાલમાં પ્રગતિ હેઠળ છે.
(૨)	આ કામની અંદાજિત રકમ કેટલી છે?	(૨)	૩.૯૬૫૩.૬૨/– લાખ

–––––

રાજ્યમાં સૌથી વધારે કુપોષિત બાળકો ધરાવતા જિલ્લા

15/8/1706 શ્રી અમિત ચાવડા (આંકલાવ) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં બાળકોમાં કુપોષણ સૌથી વધારે હોય તેવા બે જિલ્લા કયા છે,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં બાળકોમાં કુપોષણ સૌથી વધારે હોય તેવા છોટાઉદેપુર અને નર્મદા બે જીલ્લા છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત બે જિલ્લાઓમાં તાલુકાવાર કુપોષિત બાળકોની સંખ્યા કેટલી છે,	(૨)	પત્રક–૧ મુજબ
(૩)	ઉક્ત સ્થિતિએ આ જિલ્લાઓને કુપોષણ મુક્ત બનાવવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લેવામાં આવ્યા, અને	(૩)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

(૪)	ઉક્ત સ્થિતિએ આ બે જિલ્લાઓમાં કેટલી રકમ ક્યા હેતુ માટે ખર્ચ કરવામાં આવી?	(૪)	• કુપોષણ નાથવાના હેતુથી વિવિધ યોજનાઓ (પુરક પોષણ યોજના(THR+HCM), દૂધ સંજીવની યોજના, પોષણ સુધા યોજના અને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના) કાર્યરત છે. જે થકી ઉક્ત સ્થિતિએ આ બે જીલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં પત્રક–૨ મુજબનો ખર્ચ થયેલ છે:

પત્રક–૧

	છોટાઉદેપુર જીલ્લો		નર્મદા જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષિત બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષિત બાળકોની સંખ્યા
૧	બોડેલી	૨૫૬૯	નાંદોદ	૧૭૩૭
૨	ક્વાંટ	૩૦૦૨	ગરૂડેશ્વર	૧૩૦૮
૩	નસવાડી	૨૬૧૭	ડેડીયાપાડા	૩૫૪૧
૪	જેતપુર પાવી	૨૩૩૧	સાગબારા	૧૬૧૦
૫	સંખેડા	૧૨૦૧	તિલકવાડા	૬૮૫
૬	છોટા ઉદેપુર	૪૬૦૨	કુલ	૮૮૮૧
કુલ		૧૬૩૨૨		

પત્રક–૨

છોટાઉદેપુર		નર્મદા	
વર્ષ ૨૦૨૪–૨૫ (ખર્ચ રૂ.કરોડમાં)	વર્ષ ૨૦૨૫–૨૬ (ખર્ચ તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રૂ.કરોડમાં)	વર્ષ ૨૦૨૪–૨૫ (ખર્ચ રૂ.કરોડમાં)	વર્ષ ૨૦૨૫–૨૬ (ખર્ચ તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રૂ.કરોડમાં)
૨૮.૬૫	૨૫.૪૬	૧૯.૭૯	૧૬.૬૭

બેલેટ થયા પછી સભ્યશ્રીએ પ્રશ્ન પરત ખેંચેલ છે.

પાટણ જિલ્લામાં સિંચાઈ યોજનાની કેનાલોને કટીંગ કેનાલોમાં ફેરવવા

15/8/1694 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કઈ સિંચાઈ યોજનાની કેનાલોને કટીંગ કેનાલોમાં ફેરવવાની કામગીરી બાકી છે,	(૧)	આ પ્રકારનું આયોજન નથી.

(૨)	આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત કામગીરીની મોનીટરીંગની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ડીંડ્રોલ–મુક્તેશ્વર પાઈપલાઈન યોજનાની કામગીરી

15/8/1463 શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ ડીંડ્રોલ–મુક્તેશ્વર પાઈપલાઈનની યોજનાની કામગીરી કયા તબક્કે છે, અને	(૧)	કામગીરી પૂર્ણ થયેલ છે.
(૨)	આ પાઈપલાઈન યોજના થકી કેટલા વિસ્તારને લાભ મળશે?	(૨)	૧૮૦૦ હેક્ટર

વલસાડ અને ડાંગ જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/1713 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)**

જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક –૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	કુપોષિત બાળકોનો ઘટાડો નોંધાયેલ છે. પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	વલસાડ જિલ્લો		ડાંગ જિલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	ધરમપુર	૧૬૪૫	આહવા	૧૬૪૮
૨	કપરાડા	૧૮૧૪	સુબિર	૯૫૭
૩	પારડી	૫૨૯	વઘઇ	૬૧૫
૪	ઉમરગામ	૧૪૪૨	કુલ	૩૨૨૦
૫	વલસાડ	૧૩૫૩		
૬	વાપી	૭૦૪		
કુલ		૭૪૮૭		

પત્રક–૨

	વલસાડ જિલ્લો			ડાંગ જિલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજન વાળા	અતિ ઓછા વજન વાળા	તાલુકાનું નામ	ઓછા વજન વાળા	અતિ ઓછા વજન વાળા
૧	ધરમપુર	૧૩૯૦	૨૫૫	આહવા	૧૩૧૪	૩૩૪
૨	કપરાડા	૧૪૪૩	૩૭૧	સુબિર	૭૮૨	૧૭૫
૩	પારડી	૪૪૨	૮૭	વઘઇ	૫૦૫	૧૧૦
૪	ઉમરગામ	૧૨૭૨	૧૭૦	કુલ	૨૬૦૧	૬૧૯
૫	વલસાડ	૧૧૫૮	૧૯૫			
૬	વાપી	૬૧૫	૮૯			
કુલ		૬૩૨૦	૧૧૬૭			

પત્રક–૩

	વલસાડ જિલ્લો		ડાંગ જિલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	ધરમપુર	૨૯૧૭	આહવા	૬૭૨
૨	કપરાડા	૨૬૧૫	સુબિર	૨૨૯
૩	પારડી	૯૬૬	વઘઇ	૯૭૯
૪	ઉમરગામ	૨૪૫૦	કુલ	૧૮૮૦
૫	વલસાડ	૬૨૫		
૬	વાપી	૭૧૬		
કુલ		૧૦૨૮૯		

જામનગર જિલ્લાના લાલપુર થી ખટિયા રોડ અને ઘુનડા થી ટેભડા રોડમાં ખૂટતી ચેનેજનું કામ

15/8/1676 શ્રી હેમંતભાઈ હરદાસભાઇ આહિર (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા:૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના લાલપુર થી ખટીયા રોડ અને ઘુનડા થી ટેભડા રોડમાં ખુટતી ચેનેજનું કામ અધૂરું હોવા અંગેની કેટલી ફરિયાદો મળી,	(૧)	૪ (ચાર) રજુઆત મળેલ છે.
(૨)	ઉક્ત ફરિયાદ અન્વયે શા પગલા લેવામાં આવ્યા, અને	(૨)	લાલપુર ખટીયા રોડ ૧.૩ કિ.મી.ખૂટતી ચેનેજના કામ માટે રૂ.૪ કરોડ ની વહીવટી મંજૂરી મળેલ છે. જે કામ હાલ પ્રગતિ હેઠળ છે.
(૩)	ઉક્ત બાકી રહેલા કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૩)	લાલપુર ખટીયા રોડની કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે અને ઘુનડા થી ટેભડા રોડમાં ખુટતી ચેનેજમાં વન વિભાગની મંજૂરી બાકી હોઇ મંજૂરી મળ્યે તાંત્રિક

			જરૂરીયાત અને આંતરિક અગ્રતા અનુસાર નિર્ણય કરવામાં આવશે.

.....

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નવીન ઉદ્યોગ માટે જમીન ફાળવણી

15/8/507 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નવીન ઉદ્યોગ માટે જમીન ફાળવણી માટે કેટલી અરજીઓ આવી.	(૧)	કોઇ અરજી મળેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલા નવીન ઉદ્યોગ એકમો માટે જગ્યા ફાળવવામાં આવી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પેન્ડીંગ છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

આણંદ અને ખેડા જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/1692 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક –૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	આણંદ જીલ્લો		ખેડા જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	આણંદ	૧૩૩૮	ગળતેશ્વર	૯૪૬
૨	આંકલાવ	૫૩૮	કપડવંજ	૨૩૦૪
૩	બોરસદ	૮૩૦	કઠલાલ	૨૩૮૪
૪	ખંભાત	૧૨૫૧	ખેડા	૧૦૧૪
૫	પેટલાદ	૭૮૬	મહેમદાવાદ	૧૬૦૪
૬	સોજીત્રા	૩૦૬	મહુધા	૧૪૩૩

૭	તારાપુર	૩૬૮	માતર	૨૨૨૫
૮	ઉમરેઠ	૯૩૫	નડિયાદ	૩૬૪૭
કુલ		**૬૩૫૨**	ઠાસરા	૨૦૪૯
			વસો	૯૮૪
			કુલ	**૧૮૫૯૦**

પત્રક–૨

	આણંદ જીલ્લો			ખેડા જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછો વજન વાળા	અતિ ઓછા વજન વાળા	તાલુકાનું નામ	ઓછો વજન વાળા	અતિ ઓછા વજન વાળા
૧	આણંદ	૧૦૯૬	૨૪૨	ગળતેશ્વર	૭૬૨	૧૮૪
૨	આંકલાવ	૪૧૯	૧૧૯	કપડવંજ	૧૯૧૫	૩૮૯
૩	બોરસદ	૬૯૨	૧૩૮	કઠલાલ	૧૯૪૬	૪૩૮
૪	ખંભાત	૧૦૫૮	૧૯૩	ખેડા	૮૩૩	૧૮૧
૫	પેટલાદ	૬૬૫	૧૨૧	મહેમદાવાદ	૧૩૪૯	૨૫૫
૬	સોજીત્રા	૨૬૧	૪૫	મહુધા	૧૧૭૧	૨૬૨
૭	તારાપુર	૩૦૩	૬૫	માતર	૧૭૯૫	૪૩૦
૮	ઉમરેઠ	૭૬૬	૧૬૯	નડિયાદ	૨૯૯૨	૬૫૫
કુલ		**૫૨૬૦**	**૧૦૯૨**	ઠાસરા	૧૫૨૬	૫૨૩
				વસો	૮૩૦	૧૫૪
				કુલ	૧૫૧૧૯	૩૪૭૧

પત્રક–૩

	આણંદ જીલ્લો		ખેડા જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	નોંધાયેલ વધારો
૧	આણંદ	૪૫૨૪	ગળતેશ્વર	–	૮૫
૨	આંકલાવ	૧૧૩૧	કપડવંજ	૩૭૯	-
૩	બોરસદ	૫૬૦૪	કઠલાલ	–	૨૫૫
૪	ખંભાત	૧૪૦૮	ખેડા	૬૪૫	–
૫	પેટલાદ	૨૯૬૫	મહેમદાવાદ	૧૨૯૧	–
૬	સોજીત્રા	૧૨૧૫	મહુધા	૧૧૪	–
૭	તારાપુર	૯૭૧	માતર	૩૪૯	–
૮	ઉમરેઠ	૨૦૫૨	નડિયાદ	૧૨૨૬	–
કુલ		**૧૯૮૭૦**	ઠાસરા	–	૨૦૨
			વસો	–	૧૪૭
			કુલ	**૪૦૦૪**	**૬૮૯**

બનાસકાંઠા જિલ્લામાં ડેમો અને તળાવો ભરવાની રજૂઆતો

15/8/1683 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં નાની, મધ્યમ મોટી સિંચાઇમાંથી ડેમો અને તળાવો ભરવા માટે છેલ્લા એક વર્ષમાં સરકારને કેટલી રજૂઆતો મળી, અને	(૧)	૪ રજૂઆત.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ રજૂઆત અન્વયે કેટલા અને ક્યા ડેમો અને તળાવો ભરવામાં આવ્યા?	(૨)	૧૩ ગામના ૨૩ તળાવો ભરવાનું આયોજન છે.

જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં માલધારીઓને ઢોર-ઢાંખર બાંધવા વાડા નિયમબદ્ધ કરવા બાબત

15/8/1238 શ્રી ગોપાલભાઇ ગોરધનભાઇ ઇટાલીયા (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં માલધારીઓએ ઢોર-ઢાંખર બાંધવા નિરણ રાખવા માટે ગામતળ/સીમતળ વાડાઓ નિયમબદ્ધ કરવા માટે વાડા સંહિતા નિયમો, ૧૯૬૮ અમલમાં છે તે હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને રાજકોટ જીલ્લામાં માલધારીઓને કેટલા વાડાઓ નિયમબદ્ધ કરી આપવામાં આવ્યા, અને	(૨)	જૂનાગઢ અને રાજકોટ જીલ્લામાં માહિતી નીલ છે
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા વાડાઓ નિયમબદ્ધ કરવાપાત્ર છે અને તે નિયમબદ્ધ ક્યારે કરવામાં આવનાર છે?	(૩)	અરજદાર તરફથી અરજી રજુ થયેથી વાડા નિયમબદ્ધ કરવા બાબતે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પંચમહાલ જિલ્લામાં પીવાનું પાણી પાઇપલાઇનથી પુરૂ પાડવા બાબત

15/8/1496 શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લમાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પાઇપલાઇનથી પુરૂ પાડવામાં આવે છે,	(૧)	નીચેની વિગતે, **ક્રમ / તાલુકો / પાઇપ લાઇનથી પીવાનું પાણી પુરૂ પાડતા ગામોની સંખ્યા** ૧ ગોધરા ૧૨૬ ૨ શહેરા ૯૩ ૩ મોરવા(હ.) ૫૫ ૪ હાલોલ ૧૨૦ ૫ કાલોલ ૭૭ ૬ ઘોઘંબા ૧૦૪ ૭ જાંબુઘોડા ૫૫ **કુલ ૬૩૦**
(૨)	જે અન્વયે જે ગામોમાં પીવાનું પાણી પાઇપલાઇનથી પહોંચતુ નથી તેવા ગામોમાં કઇ પધ્ધતિથી પીવાનું	(૨)	૦૧ ગામમાં સ્થાનિક સ્ત્રોત દ્વારા પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.

	પાણી પુરુ પાડવામાં આવે છે, અને		
(૩)	બાકી હોય તેવા ગામોમાં પીવાનું પાણી પાઇપલાઇનથી ક્યાં સુધીમાં આપવામાં આવશે?	(૩)	ઉકત એક ગામની ઓછી વસ્તી અને ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતા તાંત્રિક રીતે આ ગામને પાઇપલાઇન યોજનાથી પાણી આપવું શકય નથી.

છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/1711 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને પંચમહાલજિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક –૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	છોટાઉદેપુર જીલ્લો		પંચમહાલ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	બોડેલી	૨૫૬૯	ગોધરા	૫૨૩૩
૨	ક્વાંટ	૩૦૦૨	કાલોલ	૨૬૨૦
૩	નસવાડી	૨૬૧૭	હાલોલ	૨૬૧૪
૪	જેતપુર પાવી	૨૩૩૧	મોરવા(હડફ)	૨૫૯૧
૫	સંખેડા	૧૨૦૧	શેહરા	૩૦૪૦
૬	છોટા ઉદેપુર	૪૬૦૨	જાંબુઘોડા	૪૦૩
કુલ		૧૬૩૨૨	ઘોઘંબા	૪૨૬૧
			કુલ	૨૦૭૬૨

પત્રક–૨

	છોટાઉદેપુર જીલ્લો			પંચમહાલ જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા
૧	બોડેલી	૧૯૦૦	૬૬૯	ગોધરા	૪૨૫૪	૯૭૯
૨	ક્વાંટ	૨૨૯૨	૭૧૦	કાલોલ	૨૧૬૩	૪૫૭
૩	નસવાડી	૧૯૧૨	૭૦૫	હાલોલ	૨૧૭૦	૪૪૪
૪	જેતપુર પાવી	૧૮૨૯	૫૦૨	મોરવા(હડફ)	૨૦૭૨	૫૧૯
૫	સંખેડા	૯૨૫	૨૭૬	શેહરા	૨૩૮૧	૬૫૯
૬	છોટા ઉદેપુર	૩૪૧૬	૧૧૮૬	જાંબુઘોડા	૩૪૭	૫૬
કુલ		૧૨૨૭૪	૪૦૪૮	ઘોઘંબા	૩૪૪૯	૮૧૨
				કુલ	૧૬૮૩૬	૩૯૨૬

પત્રક–૩

	છોટાઉદેપુર જીલ્લો			પંચમહાલ જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	નોંધાયેલ વધારો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	બોડેલી	–	૧૫૯	ગોધરા	૨૬૭૮
૨	ક્વાંટ	૨૮૩	–	કાલોલ	૧૩૯૨
૩	નસવાડી	-	૩૧૬	હાલોલ	૧૪૫૮
૪	જેતપુર પાવી	૩૦૯	–	મોરવા(હડફ)	૧૯૦૩
૫	સંખેડા	૪૬૪	–	શેહરા	૪૦૩૮
૬	છોટા ઉદેપુર	૯૬	–	જાંબુઘોડા	૫૫૬
કુલ		૧૧૫૨	૪૭૫	ઘોઘંબા	૨૪૫૨
				કુલ	૧૪૪૭૭

કચ્છ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા મળેલ અરજીઓ

15/8/1241 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૨૧
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૨

(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	મંજુર કરેલ અરજી પૈકી કુલ ૧૨ કિસ્સાઓમાં ૯૯,૫૭૬ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

વડોદરા જિલ્લામાં ગણોતધારા કલમ–૬૩ ના ભંગ બાબત

15/8/1366 શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા

કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગણોત ધારા કલમ– ૬૩ ના ભંગ હેઠળ વડોદરા જિલ્લામાં તાલુકાવાર નિયમો અનુસાર કાર્યવાહી કરવા અંગે જે–તે તાલુકા મામલતદાર અને કૃષિ પંચ દ્વારા કુલ કેટલા હુકમોનો આખરી નિકાલ કરવાનો બાકી છે, અને	(૧)	**ક્રમ** / **તાલુકો** / **કેસોની સંખ્યા** ૧ વડોદરા શહેર (ઉત્તર) ૩૩ ૨ વડોદરા શહેર(દક્ષીણ) ૦૭ ૩ વડોદરા શહેર (પૂર્વ) ૦૫ ૪ વડોદરા શહેર (પશ્ચિમ) ૦૬ ૫ ડભોઈ ૬૮ ૬ વાઘોડીયા ૨૭ ૭ પાદરા ૧૦૩ ૮ વડોદરા ગ્રામ્ય ૬૮ ૯ કરજણ ૨૧ ૧૦ શિનોર ૨૩ ૧૧ ડેસર ૧૨ ૧૨ સાવલી ૨૫ **કૂલ** **૩૯૮**
(૨)	ઉક્ત સ્થિતિએ હુકમોના આખરી નિકાલ માટે પક્ષકારો હાજર રહેતા ન હોય તો તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ?	(૨)	સબંધિત પક્ષકારોને આર.પી.એ.ડી.થી નોટીસ બજાવી હાજર રહેવા જણાવવામાં આવે છે. સદર ગણોત કેસ સંબંધિત પક્ષકારો મુદ્દતે હાજર ન રહે અને પક્ષકાર વડોદરા જિલ્લાના રહેવાસી હોય તેવા કિસ્સામાં સબંધિત મહેસૂલી તલાટીશ્રી મારફતે નોટીસ બજાવી નિયત કરેલ મુદ્દતે હાજર રહેવા સમજ આપવામાં આવે છે તથા તલાટીશ્રીના ચોરે નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવે છે.

પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલોને કટીંગ કેનાલોમાં ફેરવવા

15/8/1695: ડો. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલોને કટીંગ કેનાલોમાં ફેરવવાની કામગીરી બાકી છે કે કેમ,	(૧)	નર્મદા યોજનાની કેનાલોને કટીંગ કેનાલમાં ફેરવવાનુ કોઇ આયોજન નથી.
(૨)	જો હા, તો આ કામગીરી ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરીની મોર્નીટરીંગની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે ?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તાપી અને નર્મદા જિલ્લામાં કુપોષિત બાળકો

15/8/1714 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ તાપી અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,	(૧)	પત્રક –૧ મુજબ

(૨)	તે પૈકી તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,	(૨)	પત્રક –૨ મુજબ
(૩)	ઉક્ત તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા કુપોષિત બાળકોનો વધારો કે ઘટાડો નોંધાયો, અને	(૩)	કુપોષિત બાળકોનો ઘટાડો નોંધાયેલ છે. પત્રક –૩ મુજબ
(૪)	આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?	(૪)	• રાજ્યમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઇડ સુપોષિત આહાર આપવામાં આવે છે. • રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લેતાં બાળકના જન્મ પહેલા અને જન્મ પછી (૧૦૦૦–દિવસ) સુપોષિત આહાર પૂરો પાડવામાં આવે છે.

પત્રક–૧

	તાપી જીલ્લો		નર્મદા જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા	તાલુકાનું નામ	કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા
૧	નિઝર	૧૨૯૭	નાંદોદ	૧૭૩૭
૨	સોનગઢ	૧૦૮૭	ગરૂડેશ્વર	૧૩૦૮
૩	ઉચ્છલ	૫૭૯	ડેડીયાપાડા	૩૫૪૧
૪	વાલોડ	૩૮૫	સાગબારા	૧૬૧૦
૫	વ્યારા	૧૦૭૬	તિલકવાડા	૬૮૫
કુલ		૪૪૨૪	કુલ	૮૮૮૧

પત્રક–૨

	તાપી જીલ્લો			નર્મદા જીલ્લો		
ક્રમ	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા	તાલુકાનું નામ	ઓછા વજનવાળા	અતિ ઓછા વજનવાળા
૧	નિઝર	૧૧૮૩	૧૧૪	નાંદોદ	૧૪૩૧	૩૦૬
૨	સોનગઢ	૯૬૬	૧૨૧	ગરૂડેશ્વર	૧૦૪૩	૨૬૫
૩	ઉચ્છલ	૫૨૦	૫૯	ડેડીયાપાડા	૨૯૮૨	૫૫૯
૪	વાલોડ	૩૩૭	૪૮	સાગબારા	૧૩૭૮	૨૩૨
૫	વ્યારા	૯૫૪	૧૨૨	તિલકવાડા	૫૫૭	૧૨૮
કુલ		૩૯૬૦	૪૬૪	કુલ	૭૩૯૧	૧૪૯૦

પત્રક–૩

	તાપી જીલ્લો		નર્મદા જીલ્લો	
ક્રમ	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો	તાલુકાનું નામ	નોંધાયેલ ઘટાડો
૧	નિઝર	૧૧૬૫	નાંદોદ	૪૫૫
૨	સોનગઢ	૪૨૬	ગરૂડેશ્વર	૫૨૧
૩	ઉચ્છલ	૨૧૯	ડેડીયાપાડા	૧૦૨૯
૪	વાલોડ	૭૭	સાગબારા	૭૮૦
૫	વ્યારા	૮૯૦	તિલકવાડા	૩૨૮
કુલ		૨૭૭૭	કુલ	૩૧૧૩

ફાલ્ગુન ૨૩, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તળાવો બાબત

15/8/808 શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જળસંપત્તિ પ્રભાગ દ્વારા કેટલા તળાવો ભરવામાં આવ્યા,	(૧)	

ક્રમ	જિલ્લો	તાલુકો	તળાવોની સંખ્યા
૧	સાબરકાંઠા	ઈડર	૦૩
૨	સાબરકાંઠા	વડાલી	૩૬
૩	સાબરકાંઠા	તલોદ	૨૪
૪	સાબરકાંઠા	પ્રાંતિજ	૦૮
૫	સાબરકાંઠા	હિંમતનગર	૧૩
૬	અરવલ્લી	બાયડ	૧૬
૭	અરવલ્લી	માલપુર	૧૦
૮	અરવલ્લી	મોડાસા	૩૦
૯	અરવલ્લી	ભિલોડા	૦૧

(૨)	ઉક્ત સ્થિતિએ મંજુર કરેલ કેટલા તળાવો ભરવાના કામ પૂર્ણ થયા છે, અને	(૨)	ચાર
(૩)	જે તળાવો ભરવાના કામ બાકી છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?	(૩)	શક્ય તેટલું વહેલું

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન હતું. આજનો પ્રશ્ન દાંતીવાડા સીપુને લિંક કરવા માટેનો હતો. માનનીય કુંવરજીભાઇ બાવળીયા જ્યારે મંત્રીશ્રી હતા ત્યારે આ વિસ્તારમાં લિંક કરવાની કામગીરી માટેની બનાસકાંઠા જિલ્લાના સૌ ધારાસભ્યશ્રીઓએ ચિંતા કરી હતી. આમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ઉદાર રહ્યા હતા અને આપે આમાં પ્રો–એક્ટિવના ભાગરૂપે રસ દાખવેલ હતો. આ બંને ડેમો લિંક થાય તો ડીસા તાલુકાના એટલે મારા મતવિસ્તારના ૨૨ ગામોમાં સીધી સિંચાઇ થઇ શકે છે. આ કેચમેન્ટ એરિયામાં ક્યારેય પાણી ભરાતું નથી એટલે એને લીંક

કરવા માટે કરીને આ યોજના માનનીય મંત્રીશ્રીએ મારા વિસ્તાર માટે કરી છે ત્યારે મારે આપનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો મારે વિશેષ આભાર માનવો છે કે આ લિંક ઇતિહાસ બની જવાની છે. હું એના માટે માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇનો વિશેષ આભાર માનું છું કે રૂ. ૧૧૯ કરોડ આના માટે મંજૂર કર્યા છે. મારે આ ઇન્ફર્મેશન આપવી હતી.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન અને ખેડૂતોને પણ ખૂબ ખૂબ અભિનંદન.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શિક્ષણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

શિક્ષણ વિભાગ

માગણી ક્રમાંક– ૯

ડૉ. પ્રધુમન ગ. વાજા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫,૩૭,૩૫,૭૬,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪૩,૪૮,૩૫,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક–૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૧૦

ડૉ. પ્રધુમન ગ. વાજા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૦૪,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૭૪,૭૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૧૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

માગણી ક્રમાંક– ૯૨

ફાલ્ગુન ૨૩, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

ડૉ. પ્રદ્યુમન ગ. વાજા (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૦,૦૮,૩૮,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૮,૫૩,૮૮,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૯૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૯૨ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક –૯૫

ડૉ. પ્રદ્યુમન ગ. વાજા (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪૫,૫૪,૭૦,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૫૧,૦૨,૮૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૯૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૯૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શનિવાર, તા.૧૪/૦૩/૨૦૨૬ (આઠમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
	શિક્ષણ વિભાગ **માગણી નં.૯**			
૧	૨૨૦૨–સામાન્ય શિક્ષણ ૦૧–પ્રારંભિક શિક્ષણ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૩,૮૩,૬૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૧૬ અને ૧૭	૧૦૦	રાજ્યમાં શાળાઓની ફી બાબતે કેટલીક શાળાઓએ પોતાની રીતે ફીમાં કરેલ અનધિકૃત વધારા માટે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા

૨	--"--	૧૦૦	સ્કૂલોની ફીમાં દર વર્ષે થતા વધારાને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
*૩	--"--	૧૦૦	શાળાઓમાં રમતગમતનાં મેદાનની ઉપલબ્ધતા અંગે ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૪	--"--	૧૦૦	સમગ્ર શિક્ષા અભિયાનની વણવપરાયેલ ગ્રાન્ટ કેન્દ્ર સરકારને પરત કરવા અંગેની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૫	--"--	૧૦૦	રાજ્યમાં જરૂરિયાત પ્રમાણેની અંગ્રેજી માધ્યમની સરકારી શાળાઓ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૬	--"--	૧૦૦	ગુજરાત રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ચિત્ર, સંગીતઅને રમતગમતના શિક્ષકોની કાયમી ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઈ મકવાણા (ગોપાલભાઇ ઇટાલીયા)
*૭	--"--	૧૦૦	સરકારી શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહીર
*૮	૨૨૦૨–સામાન્ય શિક્ષણ ૦૨–માધ્યમિક શિક્ષણ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૭૩,૯૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૨૫ થી ૨૭	૧૦૦	રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૯	--"--	૧૦૦	બોટાદ તાલુકાના લાઠીદડ ગામમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઇ મકવાણા
૧૦	--"--	૧૦૦	વિસાવદર તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૧૧	૨૨૦૨–સામાન્ય શિક્ષણ ૦૨–માધ્યમિક શિક્ષણ ૧૦૬–પાઠ્યપુસ્તકો રૂ. ૮૩,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૨૫ થી ૨૭	૧૦૦	વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો સમયસર પૂરા પાડવામાં અને તેના અનધિકૃત વેચાણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૧૨	૨૨૦૨–સામાન્ય શિક્ષણ ૦૩–યુનિવર્સિટિ...શિક્ષણ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૨૧,૯૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૩૭	૧૦૦	ગુજરાત યુનિવર્સિટિમાં થતી નાણાકીય ગેરરીતિઓ સામે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
૧૩	--"--	૧૦૦	યુનિવર્સિટીઓમાં કુલપતિના સ્થાને કોલેજના આચાર્યની નિમણૂકથી થયેલ	ડૉ. કિરીટકુમાર પટેલ

			વિવાદનું નિવારણ લાવવામાં તંત્રની નિષ્ફળતા.	
૧૪	૨૨૦૨–સામાન્ય શિક્ષણ ૦૩–યુનિવર્સિટિ...શિક્ષણ ૧૦૩–સરકારી...સંસ્થાઓ રૂ. ૩,૩૨,૨૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૩૭ થી ૪૪	૧૦૦	બોટાદ જિલ્લામાં સરકારી બી.એડ કોલેજની મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઇ મકવાણા
૧૫	૨૨૩૬–પોષણ ૦૨–પોષણ...વિતરણ ૧૦૨–મધ્યાહન ભોજન રૂ. ૧૬,૩૯,૯૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૮૭ અને ૮૮	૧૦૦	મધ્યાહન ભોજનની ટેન્ડરીંગ પ્રક્રિયાઓમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૧૬	૪૨૦૨–શિક્ષણ...જોગવાઇ ૦૧–સામાન્ય શિક્ષણ ૨૦૧–પ્રારંભિક શિક્ષણ રૂ. ૩૫,૭૫,૧૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૯૯ થી ૧૦૨	૧૦૦	સ્કૂલ ઓફ એક્સલન્સના નામે ખાનગી સ્કૂલોને ફી રેગ્યુલેશન એક્ટમાંથી મુક્તિ બાબતે નિયંત્રણ રાખવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
		માગણી નં.૧૦		
૧૭	૨૨૦૫–કલા અને સંસ્કૃતિ ૧૦૧–લલિત...શિક્ષણ રૂ. ૩૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૪ પાના નં. ૮૨	૧૦૦	કલા અને સંસ્કૃતિના વારસાને જાળવી રાખવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
		<u>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ</u> **માગણી નં.૯૨**		
૧૮	૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૦૩–પછાત વર્ગોનું કલ્યાણ ૦૦૧–દિશા અને વહીવટ રૂ. ૪૫,૧૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ–૧) પાના નં. ૧૩ અને ૧૪	૧૦૦	કુમાર અને કન્યા છાત્રાલયોમાં ઓરડાઓની સંખ્યા વધારી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૧૯	––"––	૧૦૦	આશ્રમ શાળાઓમાં નિમ્ન ગુણવતાનું ભોજન આપવાની ફરીયાદો અંગે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૨૦	––"––	૧૦૦	સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોમાં અપૂરતી ગ્રાન્ટની સમસ્યાને નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૨૧	૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૦૩–પછાત વર્ગોનું કલ્યાણ ૦૦૧–દિશા અને વહીવટ રૂ. ૪૫,૧૩,૦૦,૦૦૦	૧૦૦	જાતિના પ્રમાણપત્રો મેળવવા માટેની અરજીઓના નિકાલ માટે ધારાસભ્યશ્રીઓએ પત્ર વ્યવહાર કરેલ હોવા છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં	શ્રી ઇમરાન ખેડાવાલા (ગુલાબસિંહ ચૌહાણ)

	અં.પ્ર.નં.૨૪(ભાગ–૧) પાના નં. ૧૩ અને ૧૪		તંત્રની નિષ્ફળતા.	
૨૨	––"––	૧૦૦	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, લઘુમતી વર્ગોની વર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિનો સર્વે કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૨૩	––"––	૧૦૦	રાજ્યમાં ઓ.બી.સી અનામતનું વર્ગીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર (ઉમેશભાઇ મકવાણા)
૨૪	૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૦૩–પછાત વર્ગોનું કલ્યાણ ૧૯૦–જાહેર...સહાય રૂ. ૨૨,૩૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ–૧) પાના નં. ૧૩ થી ૧૭	૧૦૦	ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા શૈક્ષણિક લોનની અરજીઓને સૈદ્ધાંતિક મંજૂરી આપ્યા બાદ લોન આપવામાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૨૫	૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૮૦–સામાન્ય ૦૦૧–દિશા અને વહીવટ રૂ. ૧,૨૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ–૧) પાના નં. ૩૨	૧૦૦	રાજ્યની વિચરતી અને વિમુક્ત જાતિના લોકો એક સ્થળે સ્થાયી નિવાસ કરી શકે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૬	૨૨૩૫–સામાજિક...કલ્યાણ ૦૨– સમાજ કલ્યાણ ૧૦૨–બાળ કલ્યાણ રૂ. ૨,૫૩,૨૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ–૧) પાના નં. ૩૮ થી ૪૯	૧૦૦	બાળ સંરક્ષણ કાયદાઓનું સુચારુ અમલીકરણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
૨૭	૨૨૩૫–સામાજિક...કલ્યાણ ૦૨–સમાજ કલ્યાણ ૮૦૦–અન્ય ખર્ચ રૂ. ૮,૯૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ–૧) પાના નં. ૩૮ થી ૫૪	૧૦૦	રાજ્યમાં ભિક્ષુકોને રહેઠાણ અને રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
		માગણી નં.૯૫		
૨૮	૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૦૧– અનુસૂચિત જાતિના કલ્યાણ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૪૭,૫૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ–૨) પાના નં. ૯૩ થી ૯૪	૧૦૦	રાજ્યમાં સામાજિક સુરક્ષા વધારવામાં અને અસ્પૃશ્યતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૨૯	––"––	૧૦૦	અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક ક્ષમતા વધારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
*૩૦	––"––	૧૦૦	શાળાઓમાં અનુસૂચિત જાતિના	શ્રી કાન્તીભાઇ ખરાડી

			વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	
*૩૧	૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ ૦૧– અનુસૂચિત જાતિના કલ્યાણ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૪૭,૫૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૪(ભાગ–૨) પાના નં. ૯૩ થી ૯૬	૧૦૦	સ્ટેટ મોનિટરિંગની બેઠકો નિયમાનુસાર નિયમિત મળે તે માટે જવાબદારી નક્કી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહીર

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા હાથ ધરવામાં આવશે.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજની અંદર પરિવર્તન લાવવું હોય તો શિક્ષણ એ સૌથી જરૂરી છે. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું છે કે, "Education gives you the power to think, the power to act and the power to change the society". શ્રી નેલ્સન મંડેલાએ પણ કહ્યું છે કે, "Education is the most powerful weapon by which you can change the world". નીતિ આયોગે જે રીતે ભલામણ કરી છે એ ભલામણ અનુસાર દરેક રાજ્યએ જી.ડી.પી.ના ૬ ટકા જેટલો ખર્ચ શિક્ષણ પાછળ કરવો જોઇએ. પરંતુ ગુજરાતમાં હજુ પણ શિક્ષણની પાછળ જી.ડી.પી.ના ૬ ટકા જેટલો ખર્ચ એટલે કે બજેટના ૨૦ ટકા જેટલો ખર્ચ થતો નથી. વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૪ ટકા, ૨૦૨૪–૨૫માં ૧૫.૧ ટકા, ૨૦૨૫–૨૬માં ૧૪ ટકા અને અત્યારે ૧૫ ટકા જેટલું બજેટ તમે શિક્ષણ પાછળ ફાળવ્યું છે. ગુજરાત નંબર વન રાજ્ય માનીએ છીએ ત્યારે દેશના કુલ ૩૩ રાજ્યોમાં બજેટ ફાળવણીમાં આપણો નંબર ૧૦મો છે. આસામ રાજ્ય શિક્ષણ પાછળ ૧૭.૮ ટકા બજેટ ફાળવે છે. બિહાર રાજ્ય ૨૧.૭ ટકા, છત્તીસગઢ રાજ્ય ૧૬.૨ ટકા, દિલ્હી ૨૧.૪ ટકા, હિમાચલ પ્રદેશ ૧૮.૯ ટકા, નાગાલેન્ડ ૧૪.૯ ટકા, મહારાષ્ટ્ર ૧૫.૪ ટકા, રાજસ્થાન ૧૮ ટકા, ઉતરાખંડ ૧૬.૭ ટકા અને ગુજરાત રાજ્ય ૧૪થી ૧૫ ટકા બજેટ શિક્ષણ માટે ફાળવે છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, આપણે શિક્ષણની ગુણવત્તાની વાત કરીએ છીએ. રાજ્ય સરકારના સામાજિક આર્થિક સર્વેક્ષણ પાન નં. ૭૨ ઉપર જે પ્રવેશ દર હતો એમાં વર્ષ ૨૦૦૪–૦૫માં કુલ પ્રવેશ દર ૧૦૯.૫૪ ટકા હતો એ ઘટીને ૯૪ ટકા થયો છે. રાજ્યની ગ્રાન્ટેબલ સરકારી માધ્યમિક સ્કૂલો હતી એ વર્ષ ૨૦૨૦–૨૧માં ૪૫,૦૨૩ હતી, એ ઘટીને ૪૩,૯૬૮ થઇ છે એટલે લગભગ ૧૫૦૦ જેટલી સ્કૂલોનો એની અંદર ઘટડો થયો છે. પ્રાથમિક શિક્ષણમાં હમણાં જ વર્ષ ૨૦૨૪ એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશનનો રિપોર્ટ આવ્યો એ આપણા બધા માટે શરમજનક છે. ધોરણ–૫ના ૪૬.૩ ટકા વિદ્યાર્થીઓને બીજા ધોરણનું ભણતર વાંચતા આવડતું નથી. ધોરણ–૫ના ૧૪.૩ ટકા વિદ્યાર્થીઓને ભાગાકાર આવડતા નથી. ધોરણ–૩ના ૨૫ ટકા વિદ્યાર્થીઓને ધોરણ–૨નું લખાણ વાંચી શકતા નથી. શાળાનો પ્રવેશ દર ૮૬.૫ ટકા છે. માનનીય મંત્રીશ્રી શિક્ષણની વાતો કરવાથી કે ખાલી બજેટ ફાળવવાથી કંઇ થવાનું નથી. રાજ્ય સરકારની દાનત અને વીલ હોવું જોઇએ. આપણે ગમે તેવા સારા બિલ લાવીએ પણ બિલ નહીં વીલ ઇઝ નેસેસરી. ઉચ્ચ શિક્ષણમાં હમણાં જ National Institutional Ranking Framework એટલે કે NIRF એના વર્ષ ૨૦૨૫ના ડેટા આવ્યા એમાં ૧થી ૧૦૦ નંબરની અંદર ગુજરાતની માત્ર ગાંધીનગરની આઇ.આઇ.ટી. ૩૯માં નંબર છે. યુનિવર્સિટીની અંદર ગુજરાત યુનિવર્સિટી ૪૪માં નંબરે છે. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં આઇ.આઇ.ટી. ગાંધીનગર ૩૬માં ક્રમે છે. એટલે કે વર્ષ ૨૦૨૫ના NIRF રેકિંગમાં માત્ર ગુજરાત યુનિવર્સિટી અને આઇ.આઇ.ટી. સિવાય એક પણ યુનિવર્સિટીનો સમાવેશ થયો નથી. માનનીય મંત્રીશ્રી શિક્ષણમાં જે પ્રમાણે યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર માહિતી અધિકારની જોગવાઇ મુજબ જાહેર કરવાના આર.ટી.આઇ. કમિશને માનનીય મંત્રીશ્રી જજમેન્ટ પણ આપ્યું છે. પરંતુ હજુ સુધી એનું પાલન થતું નથી. આ રાજ્યના ચીફ સેક્રેટરી પંકજકુમારે અમારી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના, માનનીય મંત્રીશ્રી તમે તો ડૉક્ટર છો. ઘરે બેસીને સપ્લીમેન્ટરીઓ લખાય. શ્રી પંકજકુમારની તપાસ કમિટી રચાઇ. સી.આઇ.ડી. ક્રાઇમની તપાસ કમિટી રચાઇ અને એ તપાસ કમિટીની અંદર પહેલા નંબરના આરોપી એ ડૉ.જે. જે. વોરા હોય, માનનીય મંત્રીશ્રી, આ મારો રિપોર્ટ નથી. આ સી.આઇ.ડી.ક્રાઇમ અને એ.સી.એસ.હોમ શ્રી પંકજકુમારનો રિપોર્ટ છે

ત્યારે એના વિરુદ્ધમાં કોઇ કાર્યવાહી ના થાય અને તમે શિક્ષણ સુધારવાની વાતો કરો છો. (અંતરાય) કોઇ કાર્યવાહી ના થયા અને અમે જ્યારે હાઇકોર્ટમાં જઇને ફરિયાદ આપવામાં આવે ત્યારે પહેલા નંબરના આરોપીનું નામ કાઢી નાખવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય. માનનીય સભ્યશ્રી રમણલાલ વોરા.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું પૂરું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત રૂ.૧૮૩૨ કરોડ, રૂ.૧૮૮૨ કરોડ કે નવી શિક્ષણ નીતિથી કરો. મેકોલે પદ્ધતિ વર્ષો સુધી ભારત વર્ષમાં ચાલી છે. આપણી સામાજિક ન્યાય વ્યવસ્થા, અર્થવ્યવસ્થા અને આપણી સંસ્કૃતિને ઘરમૂળથી બદલવાનું કામ આ મેકોલે પદ્ધતિએ કર્યું છે છતાં આઝાદીનાં ૭૫ વર્ષ સુધી એમાં સુધારો નહીં થઇ શક્યો. પહેલી વખત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ નવી શિક્ષણ નીતિ લાવ્યા. નવી શિક્ષણ નીતિના કારણે આજે સમગ્ર દેશ અને દુનિયા જે હરણફાળ ભરી રહી છે એમાં ગુજરાતનો વિદ્યાર્થી, ગુજરાતની ભાવી પેઢીનો માણસ કેવી રીતે પગભર થઇ શકે એ માટેની વાત આ નવી શિક્ષણ નીતિમાં કરવામાં આવી છે. હમણાં અમારા પરમ મિત્ર ડો.કિરીટકુમાર વાત કરી રહ્યા હતા કે બધું ખાડે ગયું છે તો તમે પ્રોફેસર કેવી રીતે બન્યા? અમારે તમારી નોકરીના પૈસા વસૂલ કરવા પડે. કારણ કે, બધું ખાડે જ ગયેલું છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી જયારે તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે સૌથી પહેલાં કન્યા કેળવણી રથયાત્રા માધ્યમથી શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ કર્યો. વિષય એ હતો કે જે દીકરીઓ અથવા દીકરાઓ અને વિશેષ કરીને ગ્રામ્ય વિસ્તારમાં જે બાળકો શાળાએ નથી જતાં તે શાળાએ જાય એટલા માટે આખું મંત્રીમંડળ, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, તમામ કલાસ–૧થી ઉપરના તમામ અધિકારીઓ ગુજરાતની તમામ શાળાઓમાં જઇને ત્રણ દિવસ માટે આ કન્યા કેળવણી રથયાત્રા શાળા પ્રવેશોત્સવનું કામ કરે અને આ કામ પૂરું થયા પછી ગુણોત્સવનો કાર્યક્રમ શરૂ થયો. માત્ર શિક્ષણ નહીં ગુણાત્મક સુધારો થાય તેના માટેનો રાજય સરકારે ગુણોત્સવનો કાર્યક્રમ કર્યો અને આ કાર્યક્રમ આજદિન સુધી માનનીય ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર સુધી સતત કાર્યરત છે. અને તેનું પરિણામ એ આવ્યું કે શાળામાં જે સ્કૂલમાં જવાનો રેશિયો હતો એ રેશિયો વધ્યો, ડ્રોપ આઉટ રેશિયો જે ૩૭ ટકા હતો તે ઘટીને માત્ર ૨ ટકા સુધી આવી ગયો. આ ગુજરાતની શિક્ષણ નીતિનું પરિણામ છે. આપણે ત્યાં શિક્ષકો આના માટે જોઇએ. ગયા વર્ષે ૧૦,૧૪૧ શિક્ષકોની ભરતી વિદ્યા સહાયકોના નામે થઇ. આપણામાં કહેવત છે કે, બાર ગામે બોલી બદલાય. કચ્છ જેવા વિસ્તારની અંદર અહીંનો વિદ્યાર્થી જાય ઉત્તર ગુજરાત કે સૌરાષ્ટ્રનો વિદ્યાર્થી ત્યાં શિક્ષક તરીકે જાય કદાચ તેની બોલી સાથે તે મેચ ના થાય અને એટલા માટે કચ્છ જિલ્લાના ૨૦૭૩ જેટલા શિક્ષકોને એ બાળકોને તેની જન્મભૂમિ પ્રમાણેની, રહેણી કરણી પ્રમાણેનું શિક્ષણ મળે એની વાત આ રાજય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય જે ભૌતિક સુવિધા છે, જયારે હું ભણવા જતો હતો ત્યારે તો કંઇ આ સેનિટેશનની વ્યવસ્થા અને એવું બધુ નહોતું. અને દીકરીઓનો ડ્રોપ આઉટ રેશિયા વધવાનું એક કારણ આ સેનિટેશનની વ્યવસ્થા હતી. આજે તો સ્માર્ટરૂમ અને પી.એમ શ્રી નિધિની અંદર સારામાં સારા જે ભૌતિક સુવિધાઓ ઘરાવતાં, સારું શિક્ષણ ઘરાવતાં આ વર્ગખંડો થયા છે પરિણામ એ આવ્યું છે. આજના યુગમાં તમે સરકારી શાળામાં જાવ તેના કરતા તમે પ્રાઇવેટ શાળામાં જાવ વધારે ફી ચૂકવો તો તેના વાલીઓ પણ બહાર જઇને ગૌરવ અનુભવે છે કે, મારો છોકરો તો ફલાણી પ્રાઇવેટ સ્કૂલમાં જાય છે, આટલી ફી ચૂકવે છે. પણ આ રાજય સરકારના પ્રયાસોના કારણે અત્યાર સુધીમાં જે વિદ્યાર્થીઓ પ્રાઇવેટ શાળામાં ભણતા હતા એ વિદ્યાર્થીઓએ આજે સરકારી શાળામાં મોટાં પ્રમાણમાં આવવાનું કામ કર્યું છે. અને એટલા માટે પ્રાઇવેટ શાળા કરતા પણ વધારે સુવિધાઓ, વધારે સારું શિક્ષણ અને એક વાત એ પણ છે કે, જયારે અમે વિદ્યા સહાયકોની ભરતી કરતા હોઇએ, શિક્ષકોની ભરતી કરતા હોઇએ ત્યારે જે જે કવોલિફાઇડ લોકો હોય તે પોતાની અરજી કરતા હોય છે. આપણે બધાને ખબર છે કે વિદ્યાર્થી સૌથી પહેલાં સરકારી સ્કૂલ પસંદ કરે કે પ્રાઇવેટ સ્કૂલ પસંદ કરે તો નેચરલ આપણે બધા સમજીએ છીએ કે સરકારી સ્કૂલમાં પસંદગી કરે. તેનો મતલબ એવો થયો કે ગુજરાતમાં જે સારો *(**xxx**)છે તે બધો સારો માલ ગુજરાત સરકારમાં આવ્યો અને રીજેકટેડ*(**xxx**)પ્રાઇવેટ સ્કૂલમાં ગયો અને તેના કારણે જે પ્રાઇવેટ સ્કૂલનો જે મોહ હતો તે ઘટતો ગયો અને સરકારી શાળાઓનો મોહ વધતો ગયો.

ઉપાધ્યક્ષશ્રી : * (**xxx**)શબ્દનો પ્રયોગ ના કરીએ તે હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રમણભાઇ વડીલ છે અને ગુજરાતના વિદ્યાર્થીઓને (**xxx**) કહે છે તો આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : એ મેં કહી દીધું છે. આપ બેસો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ ખબર છે તો પણ ઊભા થયા. ખરા માણસ છો યાર. એ સિવાય પ્રાથમિક શિક્ષણની સુવિધા પછી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ વર્ષ– ૨૦૦૨ સુધીમાં ટેકનિકલ શિક્ષણની જગ્યાઓ ગુજરાતમાં ફકત પર હજાર હતી. ગુજરાતના વિદ્યાર્થીઓ બેંગ્લોર જતા હતા, બીજાં

* આ શબ્દ અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

રાજ્યોમાં ભણવા જતા હતા, પરદેશ જતા હતા. આજે ગુજરાતનો એક પણ વિદ્યાર્થી ગુજરાતની બહાર જતો નથી કારણ એ છે કે અહીં સારું શિક્ષણ મળે છે, બેઠકોની સંખ્યામાં વધારો થયો છે અને એટલા માટે ગરીબ અથવા મધ્યમ વર્ગનો માણસ પણ પોતાના બાળકને સારું શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ આપી શકે એ દિશામાં આગળ વધી રહ્યા છીએ. એની સાથે સાથે આ સરકારે ૧૬ નવી કોલેજો, ૨૦ નવી કોલેજોના બાંધકામ પરીપૂર્ણ કર્યા અને ૮ કોલેજોમાં વિજ્ઞાન પ્રવાહ કરીને ૪૪ જેટલી કોલેજો દર વર્ષે આ પ્રકારે કોલેજો અને યુનિવર્સિટી થતી હોય તો ગુજરાતના વિદ્યાર્થીઓને ઘણી બધી યોજનાઓનો લાભ મળી શકે. મારે આદરણીય ભુપેન્દ્રભાઈ પટેલની સરકારની વાત કરવી છે. ગુજરાતમાં સારું શિક્ષણ મળે એટલે માનનીય ભુપેન્દ્રભાઈના નેતૃત્વમાં નમો લક્ષ્મી યોજના ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓને ૫૦ હજાર રૂપિયા સુધીની સહાય આ નમો લક્ષ્મી યોજના અંતર્ગત આ રાજ્ય સરકાર આપે છે અને એના કારણે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. ૧૩.૫૯ ટકા જેટલો વધારો આ યોજના થકી થયો છે. એવી જ બીજી યોજના છે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, ધો. ૧૦માં ૫૦ ટકા કે તેથી વધારે ગુણ આવેલા આવા વિદ્યાર્થીઓને ધો. ૧૧થી ૧૨ના વિદ્યાર્થીઓને ૨૫ હજારની સહાય, સ્કોલરશિપ આ વિદ્યાર્થીઓને આપવાના કારણે એમાં સો ટકાનો વધારો થયો છે. એ જ પ્રમાણે જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશિપ યોજના, આ વાત એટલા માટે કરું છું કે અમે જ્યારે ભણ્યા હતા ત્યારે, આ ગૃહના ધારાસભ્યશ્રીઓ ભણ્યા છે ત્યાં સુધી આ યોજના નહોતી આવી. આ યોજના ફકત સન ૨૦૨૩ની અંદર માનનીય ભુપેન્દ્રભાઈના નેતૃત્વમાં આવી છે. કહેવાનો મતલબ એવો છે કે દરેક પ્રકારનો વિદ્યાર્થી પોતાને જે જોઈએ એ પ્રમાણેનું શિક્ષણ મેળવી શકે એની સાથે એને આર્થિક સહાય એને મળે એના માટે આ રાજ્ય સરકાર યોજના લાવી છે અને એટલા માટે અત્યાર સુધીમાં પહેલાં કેન્દ્ર સરકારે જાહેર કર્યું રાઇટ ટુ એજ્યુકેશન, રાઇટ ટુ એજ્યુકેશનનો મતલબ સારી સ્કૂલોની અંદર ૨૫ ટકા વિદ્યાર્થીઓની તમારે ફરજિયાત ભરતી કરવી પડે. વિદ્યાર્થીઓ સારી સ્કૂલમાં તો ગયા પણ ગરીબ વિદ્યાર્થી, મધ્યમવર્ગનો વિદ્યાર્થી એ શાળામાં જઈને લઘુતાગ્રંથિથી પીડાતો હોય છે કારણ કે એ શાળાનો ડ્રેસ અલગ પ્રકારનો હોય, એના બૂટ-મોજાં અલગ પ્રકારના હોય, એનો લંચબોકસ હોય, એનું દફતર હોય તમે એને એડમિશન તો આપ્યું પરંતુ અન્ય વિદ્યાર્થીઓ સાથે આ વિદ્યાર્થીઓ મેચ નહીં થવાને કારણે એ લઘુતાગ્રંથિથી પીડાય છે અને એટલા માટે ગુજરાતની સરકારે સૌથી પહેલા રૂપિયા ૧૦ હજાર અને અત્યારે ૧૩ હજાર રૂપિયા એના યુનિફોર્મ માટે, એના લંચબોકસ માટે એટલે અન્ય વિદ્યાર્થીઓ જે રીતે ત્યાં સ્કૂલમાં ભણે છે એની સાથે મેચ થવા માટે ૧૬ હજાર રૂપિયા આપવાનું કામ આખા દેશમાં ગુજરાત રાજ્ય પહેલું છે કે આર.ટી.ઈ. હસ્તક જે વિદ્યાર્થીઓ શાળામાં ભણવા જાય છે એને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે એનું ધ્યાન રાખ્યું છે. આપ બધા જાણો છો કે વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો વર્ષોથી આપીએ છીએ, આજે પણ આપીએ છીએ અને એ પ્રમાણે જે પણ વિદ્યાર્થીઓ સ્કૂલમાં કે કોલેજમાં જતા હોય એને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફથી શિક્ષણના જે વિદ્યાર્થીઓ છે એને અનેક પ્રકારની સ્કોલરશિપ આપવાની યોજનાઓ પણ છે. એ વિભાગની પણ આજે માગણીઓ લઈને જ્યારે માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે જે ગરીબ વિદ્યાર્થીઓ છે, ગરીબ કરતાં પણ સામાજિક અને આર્થિક રીતે પછાત છે, દલિત સમાજના હોય, એસ.ટી.ના હોય, ઓ.બી.સી.માં હોય અને આ બધાજ લોકો સમાજના પ્રવાહની સાથે ચાલી શકે એના માટે અનેકવિધ યોજનાઓ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વિદ્યાદીપ યોજનાની વાત કરવી છે. આ જ સરકારમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ થયો. ગુણોત્સવનો કાર્યક્રમ થયો એ પહેલાં દરેક શાળામાં દર વર્ષે બાળકોની આરોગ્યની ચકાસણીનો કાર્યક્રમ થાય છે. એ ચકાસણી કાર્યક્રમમાં એવું ધ્યાનમાં આવે કે કોઈ બાળકને કોઈ પ્રકારનું દર્દ છે તો એ જે પ્રકારનું દર્દ હોય એ પ્રમાણેની ૧૦૦ ટકાની સારવાર ગુજરાત સરકાર કરે છે. એ કરવા છતાં જો એ બાળક શાળામાં ભણે છે અને અકાળે એનું અવસાન થાય તો એના વાલી વારસોને રૂપિયા ૨ લાખની સહાય વિદ્યાદીપ યોજનામાં આપવામાં આવે છે. મેડિકલ શિક્ષણમાં પણ અત્યાર સુધીમાં ૨૭,૯૨૭ વિદ્યાર્થીઓને રૂ.૮૩૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. હમણાં ડો.કિરીટભાઈ વાત કરતા હતા એમાં ત્રણ દાયકાના સમયગાળામાં દલિત, પીડિત અને શોષિત સમાજને સાચા અર્થમાં શિક્ષણ મળે અને જે સમાજ પોતાનાં બાળકોની ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટે પરદેશ મોકલવો હોય તો એ બારણાં રાજ્ય સરકારે ખુલ્લાં મૂક્યાં છે ત્યારે આ વિભાગના મંત્રી તરીકે ડૉ.પ્રધુમન વાજા સાહેબ ખૂબ ચીવટથી કામ કરી રહ્યા છે અને શિક્ષણના ક્ષેત્રમાં ખૂબ આગળ વધી રહ્યા છે. અધિકારીઓનો પણ એમાં સહયોગ છે અને એટલા માટે આજે જે શિક્ષણની ભૂમિકા છે એના કરતાં પણ આવનારા દિવસોમાં શિક્ષણ સુધરશે એટલા માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એ ચારેય માગણીઓને હું સમર્થન આપું છું. ધન્યવાદ. આભાર.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, સરળતા અને નિખાલસતા જેનો આદર્શ છે, પ્રજાનું હિત જેના હૈયે વસેલું છે એવા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા યુવાન અને ઊર્જાવાન નાયબ મુખ્યમંત્રી આદરણીયશ્રી હર્ષભાઈ સંઘવી સાહેબના નેતૃત્વવાળી ગુજરાત સરકારના વિદ્વાન શિક્ષણમંત્રી આદરણીય ડૉ.પ્રધુમન વાજા સાહેબ પોતાના વિભાગી માગણીઓ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું આવકારું છું, સમર્થન કરું છું અને શિક્ષણ અંગે મારા વિચારો વ્યક્ત કરું છું. સૌપ્રથમ વિદ્યાની દેવી માઁ સરસ્વતીને યાદ કરવી છે.

या देवी सर्वभूतेषु विद्या-रूपेण संस्थिता। नमस्तस्यै, नमस्तस्यै, नमस्तस्यै, नमो नमः॥

માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૧મી સદી છે અને ૨૧મી સદી એ શિક્ષણની સદી છે. આ ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. આ ૨૧મી સદી એ વિજ્ઞાનની સદી છે. આ ૨૧મી સદી એ ટેકનોલોજીની સદી છે. આ ૨૧મી સદી એ નૉલેજની સદી છે.

આપણા ધર્મશાસ્ત્ર પ્રમાણે કહેવાય છે કે ''સમય છે બળવાન, પુરૂષ નહિ બળવાન''. આજથી ૫૦૦૦ વર્ષ પહેલાં શ્રીમદ ભગવત ગીતામાં કૃષ્ણ ભગવાને કહ્યું છે કે ''સમયની માંગને અનુરૂપ જે મનુષ્ય પોતાની જીવન વ્યવસ્થા ગોઠવશે એ હંમેશા સુખી થશે. ભગવાને ગીતામાં એમ કહ્યું છે કે સમયની માંગને અનુરૂપ જે મનુષ્ય પોતાની જીવન વ્યવસ્થા ગોઠવશે એની હંમેશા પ્રગતિ થશે. એને હંમેશા સમૃદ્ધિ પ્રાપ્ત થશે.'' આ ૨૧મી સદીમાં કોઇ પણ સમાજે ગરીબીમાંથી બહાર નીકળવું હોય તો શિક્ષણથી જ ગરીબી નાબૂદ થઇ શકશે.શિક્ષણથી જ બેરોજગારી નાબૂદ થઇ શકે છે. ગરીબી સામે લડવાનો રામબાણ ઇલાજ શિક્ષણ છે. શિક્ષણથી જ સમૃદ્ધિ આવી શકે. શિક્ષણ એ જ શક્તિ છે. શિક્ષણ એ જ તાકાત છે અને શિક્ષણનો આ સંદેશો દરેક ગામ, દરેક વર્ગ અને દરેક ઘર સુધી પહોંચે. રાજ્યનો દરેક નાગરિક શક્તિશાળી બને, વ્યક્તિ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણની આપણી ભાવના સાકાર બને તેના માટેની માગણીઓ ડૉ. પ્રધુમન વાજા સાહેબ લઇને આવ્યા છે તેને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મનુષ્યમાં અખૂટ શક્તિઓ પડેલી છે. મનુષ્ય એ શક્તિનો ભંડાર છે, મનુષ્ય એ ઇશ્વરનો અંશ છે. જેટલી શક્તિ ભગવાનમાં છે તેટલી શક્તિ મનુષ્યમાં છે. આ શક્તિઓને સમયસર બહાર લાવીને તેનો ઉપયોગ કરવામાં આવે તો પોતાની જાત, કુટુંબ, સમાજ, રાજ્ય, રાષ્ટ્ર તથા દેશ અને દુનિયાનું કલ્યાણ કરવાની તાકાત મનુષ્યમાં રહેલી છે. આ શક્તિઓ શિક્ષણ થકી ઉજાગર થઇ શકે અને તેના માટે શિક્ષણની માગણીઓ લઇને ડૉ. પ્રધુમન વાજા સાહેબ આપણી વચ્ચે આવ્યા છે તે માગણીઓને હું આવકારું છું. શક્તિશાળી નાગરિકો દ્વારા શક્તિશાળી રાજ્યનું નિર્માણ થઇ શકે. શક્તિશાળી નાગરિકો દ્વારા શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થઇ શકે. સશક્ત નાગરિક–સશક્ત રાજ્ય, સશક્ત નાગરિક–સશક્ત રાષ્ટ્રની ભાવના સાકાર બને તેના માટેની આ માગણી છે. રાજ્ય અને રાષ્ટ્રને સશક્ત બનાવવું હોય તો પહેલાં આપણે આપણી જાતને શક્તિશાળી બનાવવી પડે. કોઇ કવિએ કહ્યું છે કે,

खुद ही को कर बूलंद इतना की हर तकदीर से पहले,
खुदा बंदे से खुद पुछे, बता तेरी रज़ा क्या है।

માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષણ ક્ષેત્રે ગુજરાતે અનેક સિદ્ધિઓ મેળવી છે અને તેની પાછળનું કારણ તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી, રાજ્યના પ્રજા વત્સલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને ઊર્જાવાન નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીનો કઠોર પરિશ્રમ છે. મનુષ્યના જીવનમાં કઠોર પરિશ્રમનો બીજો કોઇ વિકલ્પ નથી. ''સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય.'' **"प्रयत्न करनेवालों की कभी हार नहीं हो सकती।"** રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર સતત પ્રયત્ન કરે છે એટલે અમારી પાર્ટી કદી હારતી નથી અને હારવાની પણ નથી. વિશ્વના સૌથી લોકપ્રિય નેતા, આત્મનિર્ભર ભારતના સ્વપ્નદ્રષ્ટા, મોં ભારતીનું સંતાન, ઉત્તર ગુજરાતની ધરતીના પનોતા પુત્ર, તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના હાલના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા કંડારાયેલી કેડીએ ચાલતી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી આ ગુજરાત સરકાર એ પંચ શક્તિ, જનશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ અને રક્ષાશક્તિ પૈકી જ્ઞાન શક્તિ દ્વારા સશક્ત ગુજરાત, સશક્ત ભારતના નિર્માણ માટે આજે અનેક યોજનાઓ અને કાર્યક્રમો આપણી વચ્ચે ચલાવે છે. આ યોજના અને કાર્યક્રમો માટેની આ માગણી છે. આ શિક્ષણ માટેની માગણી છે. મારા સાથી સભ્યોને વિનંતી છે કે, શિક્ષણમાં કાપ ન હોઇ શકે. શિક્ષણનો સંદેશો દરેક ગામ, વર્ગ, અને દરેક ઘર સુધી પહોંચે, નિરક્ષરતા નાબૂદ થાય, શિક્ષણનું પ્રમાણ વધે એટલા માટે દેશના યશસ્વી વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા શાળા શિક્ષણ મહોત્સવ અને કન્યા કેળવણી જેવા કાર્યક્રમો આપણી વચ્ચે મૂક્યા છે તેના પરિણામે ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ આવી છે. કન્યા કેળવણી જેવા કાર્યક્રમો થકી આજે બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવી રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બની રહી છે. આ એકવીસમી સદી એ નારીશક્તિની સદી છે. 'નારી તુ નારાયણી, નારી તું ન હારી.' આ નારીશક્તિને આજના ગૃહના માધ્યમથી હું વંદન કરું છું અને અભિનંદન આપું છું. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના ભગીરથ પ્રયત્નોથી આજે ગામડાઓમાં અદ્યતન સુવિધાવાળી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સુવિધા ઊભી થઇ છે. એના કારણે ગામડાનો યુવાવર્ગ આજે દુનિયા સાથે હરિફાઇ કરવા સક્ષમ બન્યો છે.

"किनारों से टकराए उसे तुफान कहते हैं,
मगर तुफान से टकराए उसे युवान कहते हैं।
वो जवानी जवानी नहीं, जिस की कोई कहानी न हो,
उन आंखों की कोई हस्ती नहीं, जिन आंखों में पानी न हो।"

માનનીય અધ્યક્ષશ્રી, આ યુવાવર્ગ એ આજે રાજ્ય અને દેશ માટે પાણી બતાવી રહ્યો છે. આ યુવાવર્ગને આ ગૃહના માધ્યમથી હું ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને અભિનંદન આપું છું. આદરણીય ભુપેન્દ્રભાઇ પટેલની સરકારના શિક્ષણ માટેના ભગીરથ પ્રયત્નોથી આજે રાજ્યના સાડા છ કરોડ ગુજરાતીઓના દિલમાં એક ભાવના જાગી છે કે,

''પ્રારબ્ધને અહીં ગાંઠે કોણ?

ફાલ્ગુન ૨૩, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

હું પડકાર ઝીલનારો માણસ છું.
હું તેજ ઉછીનો લઉં નહીં
હું તો જાતે બળતું ફાનસ છું.''

શિક્ષણ માટે આ સરકાર ભગીરથ પ્રયત્ન કરી રહી છે. સરકારનો પ્રયત્ન, વાલીઓની જાગૃતિ અને વિદ્યાર્થી ભાઇ–બહેનોની મહેનત આ ત્રિવેણી સંગમ થાય તો નાગરિકની પ્રગતિને દુનિયાની કોઇ તાકાત રોકી નહીં શકે. મક્કમ મન અને કઠોર પરિશ્રમ દ્વારા ન ધારેલી સફળતા મનુષ્યને પ્રાપ્ત થાય છે. કોઇ કવિએ કહ્યું છે કે, 'ડગ જો અસ્થિર હોય તો મંજિલ નથી મળતી, મન જો મક્કમ હોય તો હિમાલય નથી નડતો.' પાનબાઇએ ભજનમાં ગાયું કે, 'મેરુ તો ડગે પણ જેનાં મનડાં નવ ડગે, ભલેને ભાંગી પડે બ્રહ્માંડ; વિપત્તિ પડે તોય વણસે નહી; એને કહીએ હરિના દાસ'. આવા મક્કમ મનના ભારતમાતાની ગુર્જરધરાના દાસ બનવા માટે હું ગુજરાતની સાડા છ જનતાને આ ગૃહના માધ્યમથી વિનંતી કરું છું. આ શિક્ષણ વિભાગમાં જે બજેટમાં જોગવાઇ કરી છે એની વાત કરીએ તો મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની માળખાગત સુવિધાઓ માટે રૂ.૩૦૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નમો લક્ષ્મી યોજના માટે રૂ.૧૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાઇટ ટુ એજ્યુકેશન માટે રૂ.૮૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ.૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એસ.ટી.માં મફત મુસાફરી વિદ્યાર્થી પાસ માટે ૧૩ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ.૨૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ૯૦ હજારથી વધારે વિદ્યાર્થીઓને સહાય આપવા માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નવી સરકારી કોલેજો શરૂ કરવા અને કાર્યરત ૨૦ કોલેજોના બાંધકામ માટે તેમજ આ કાર્યરત કોલેજોમાં વધારાનો નવો પ્રવાહ શરૂ કરવા માટે રૂ.૧૨૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અંતમાં મારે એટલું જ કહેવું છે કે, બાળક એ રાજ્ય અને રાષ્ટ્રનું ભાવિ છે. શિક્ષણ થકી બાળકનું ભાવિ ઊજ્જવળ બને છે. રાજ્ય અને રાષ્ટ્રના ઊજ્જવળ ભાવિ માટે માનનીય શિક્ષણમંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું દિલથી આવકારું છું અને આ ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ શિક્ષણની વાત છે. આપણે સૌ સર્વાનુમતે આ માગણી મંજૂર કરીએ એવી વિનંતી સાથે ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કેશાજી, આજે તમે શિક્ષણની ઘણીબધી કહેવતો અહીંયા કહી.

શ્રી ગોપાલ ઇટાલિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી કેશાજીએ બહું સરસ વાત કરી છે. સરકારે થોડાક સમય પહેલાં જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એન.ઇ.પી.) જાહેર કરી. આ વિધાનસભા ગૃહમાં એન.ઇ.પી.ને લગતી ચર્ચાઓ પણ થઇ. સરકાર પક્ષના માણસોએ ખૂબ વખાણ કર્યા કે આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કેટલી સારી છે, આનાથી શું ફાયદો થવાનો છે, શિક્ષણ કેટલું આગળ વધવાનું છે. આ બધી વાતો કરી પણ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ બનાવવામાં આવી છે એનો મૂળ ઉદ્દેશ, અને કેન્દ્ર સરકારે રમતગમત, કલા, ચિત્ર અને સંગીત ઉપર ભાર મૂક્યો છે. માનનીય મંત્રીશ્રી માગણી લઇને તો આવ્યા છે પણ વાસ્તવિકતા એ છે કે રાજ્યમાં અનેક સરકારી શાળાઓમાં રમતગમતના મેદાનો નથી. કમસેકમ છેલ્લાં ૧૫ વર્ષથી રમતગમતના શિક્ષકોની ભરતી સદંતર બંધ થઇ ચૂકી છે. ચિત્ર અને કલાના શિક્ષકોની ભરતી લગભગ સદંતર બંધ થઇ ચૂકી છે. એકબાજું રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એવું કહે છે કે કલા શિક્ષણ અને રમતગમતનું શિક્ષણ આપવું. આપણા રાજ્યમાં એના શિક્ષકોની ભરતી થઇ રહી નથી. આ જે માગણી લાવી છે અને સરકાર શિક્ષણ પાછળ આટલો બધો ખર્ચો કરે છે તથા ખર્ચો કર્યા પછી માત્ર પુસ્તકીયું જ્ઞાન જ લેવાનું હોય તો એવું જ્ઞાન આજે ઇન્ટરનેટ ઉપર પણ ઉપલબ્ધ છે. જે જ્ઞાન ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ છે એવું જ માત્ર જ્ઞાન મેળવવા માટે થઇ કરોડોનો ખર્ચો કરવામાં આવતો હોય તો એ ખર્ચો મારી દૃષ્ટિએ વ્યાજબી છે નહીં. માનનીય કેશાજીભાઇએ વાત કરી કે નવી શાળાઓ ખોલવા માટે, જે શાળાઓ ચાલુ છે એને મજબૂત બનાવવા માટે, માળખાકીય સુવિધાઓ વધારવા માટે સરકારે બજેટ ફાળવ્યું છે. અમારા વિસાવદર તાલુકામાં વિજ્ઞાનની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની ખૂબ જરૂરિયાત છે. આમ, તો સમયની માગ પ્રમાણે દરેક તાલુકામાં ફરજિયાતપણે સાયન્સ અને કોમર્સની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા હોવી જોઇએ, જે નથી એટલે માનનીય મંત્રીશ્રીને એ પણ વિનંતી છે અને આપણે એવું કરીએ કે તમામ તાલુકામાં ફરજિયાતપણે એક સાયન્સની શાળા હોય. કેમ કે જમાનો વિજ્ઞાનનો છે, જમાનો ટેકનોલોજીનો છે. જે છોકરાઓ ગામડાંમાં જન્મ્યા છે એમને વિજ્ઞાન અને ટેકનોલોજીનું શિક્ષણ લેવા ઘણો સંઘર્ષ કરવો પડે છે. શહેરોમાં ભણવા જવું પડે છે. માતા–પિતા પાસે સગવડ હોય તો હૉસ્ટેલના પૈસા ખર્ચી શકે અને જેની પાસે હૉસ્ટેલની સગવડ ના હોય એને અપ–ડાઉન કરવું પડે. કયારેક બસો સમયસર મળે, કયારેક ના મળે, કયારેક વરસાદ હોય, કયારેક કંઇક બીજી ઘટના બને, સમયસર ભણવા પહોંચે, ના પહોંચે અને છોકરાઓ દૂર ભણવા જવા માટે માનસિક, શારીરિક રીતે થાકી જતા હોય છે. મારી મંત્રીશ્રી સમક્ષ લાગણી છે કે સરકાર કરોડો રૂપિયા ખર્ચે છે તો કમસેકમ દરેક તાલુકા સેન્ટર ઉપર સાયન્સની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા હોવી જોઇએ અને ખાસ અમારા વિસાવદરમાં એક વિજ્ઞાનની શાળા ખોલવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમણભાઇ સાહેબ કહ્યું કે ખૂબ મોટી સંખ્યામાં છોકરાઓ પ્રાઇવેટ શાળામાં ભણે છે. માનનીય મંત્રીશ્રી, એમાં એક જાણવા જેવી બાબત છે અને એની આપણે બધાએ નોંધ લેવી જોઇએ. મોટાં શહેરોમાં આવેલી મોટી પ્રાઇવેટ શાળાઓ, એક તો નાની કક્ષાની હોય છે અને એક ખૂબ મોટી બ્રાન્ડેડ, મોટા લેવલની પ્રાઇવેટ શાળા હોય એમાં

જે છોકરા ભણે છે, એને બસો લેવા આવે છે એ બસો છોકરાને કલાક વહેલા ઘરેથી લઇ જાય છે અને બે કલાક સુધી શહેરોના ટ્રાફિકમાં ફેરવે છે અને અંતે પછી સ્કૂલે પહોંચાડે છે. એટેલ બે કલાક આવવાના અને બે કલાક જવાના થાય છે. આ સદનમાં મેં મારી કાપ દરખાસ્ત રજૂ કરતાં પહેલાં મારા પરિવાર, કુટુંબમાં અને ઓળખીતા લોકોને પૂછેલું કે તમારા છોકરાઓ આવવા-જવામાં થાકી જાય છે? તો લગભગ માતાઓ અને કુટુંબ પરિવારની બહેનોએ હા પાડી છે કે છોકરાઓ થાકી જાય છે. શાળાની બસો એ.સી. હોવી જોઇએ જેથી કરીને છોકરાઓ આરામદાયક રીતે મુસાફરી કરી શકે. વિચરતી અને વિમુક્ત જાતિ અને ખાસ કરીને દેવીપૂજક સમાજ આપણા ગુજરાતમાં ખૂબ મોટી સંખ્યામાં રહે છે. માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે એમાં વિચરતી -વિમુક્ત જાતિને લૉન આપવા માટેની યોજના છે પણ વાસ્તવિકતા એ છે કે વિચરતી અને વિમુક્ત જાતિનું કોઇ સ્થાયી નિવાસ જ નથી માટે સૌથી પહેલાં સરકારે એ વાતની ચિંતા કરવી જોઇએ કે એમને સ્થાયી નિવાસ આપવામાં આવે. મેં સરકારની કામગીરીનો અહેવાલ વાંચ્યો. સામાજિક આર્થિક સમીક્ષાની ચોપડી પણ વાંચી. કયાંય પણ દેવીપૂજક સમાજથી લઇ, છારા સમાજથી લઇ, વાંસફોડિયા, મદારી, રાવળ, નાથ આ બધી કોમ્યુનિટીઓ કે જેની પાસે ગુજરાતમાં ઘરનું ઘર નથી એમને સૌથી પહેલાં કોઇ સ્થાયી નિવાસ આપવામાં આવે. આવી કોઇપણ પ્રકારની નીતિ સરકારે બનાવી નથી એટલે મારી માગણી છે કે વિચરતી- વિમુક્ત જાતિને પહેલાં સ્થાયી કરવા માટે થઇ સરકાર કોઇ યોજના લાવે.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માનનીય મંત્રીશ્રી ડો. પ્રધુમન વાજાજી જે માગણી ક્રમાંક-૯૨ અને ૯૫ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ આપણા સમાજના તે વર્ગો માટે કામ કરે છે જેમને મુખ્યપ્રવાહમાં લાવવા માટે સરકારની વિશેષ સહાય અને સંવેદનશીલ નીતિઓની જરૂર પડે છે. અનુસૂચિત જાતિ, પછાત વર્ગો, દિવ્યાંગજનો, વૃદ્ધ નાગરિકો અને સમાજના વંચિત વર્ગોના ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર સતત પ્રતિબદ્ધ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ એક ખૂબ મોટી ક્રાંતિ લાવ્યો છે. અનુસૂચિત જાતિ સમાજ જીવનના ઉત્કર્ષ માટે અનેકવિધ યોજનાઓ કાર્યરત છે. જે યોજનાઓના લાભ થકી અનુસૂચિત જાતિ પરિવારના નાના નાના નહીં પરંતુ ચોક્કસપણે ખૂબ મોટા પાયે એમના જીવનમાં ખૂબ પરિવર્તન આવ્યું છે. કોઇપણ સમાજના પરિવારને સક્ષમ બનાવવો હોય તો એ સમાજના એ પરિવારના પાયામાં શિક્ષણનો પાયો રોપવો પડે. વિશ્વ વિભૂતિ મહામાનવ, ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકરજીએ કહ્યું છે કે ' શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.' એમણે પોતાના સૂત્રમાં પહેલી વાત શિક્ષિત થવાની કહી છે. મને કહેવાનું મન થાય છે કે કૉંગ્રેસના સમયમાં એક અનુસૂચિત જાતિના આર્થિક રીતે નબળા પરિવારમાં કોઇ બાળકને શિક્ષણ મેળવીને શિક્ષિત થવું હોય, શિક્ષણ મેળવવું હોય તો એના માટે કોઇપણ પ્રકારની સુનિશ્ચિત વ્યવસ્થાઓ ન હતી. કૉંગ્રેસના વખતમાં નારો એવો હતો કે 'આધી રોટી ખાયેંગે, ઇન્દિરાજીકો લાયેંગે, કૉંગ્રેસ કો લાયેંગે' એમની વાતમાં પહેલેથી કહી દેતા કે સરકાર અમારી લાવવાની છે પણ રોટલી અડધી મળશે, તમારે પૂરી રોટલીની પરિકલ્પના પણ કરવાની નથી. રોજગારીની વાતો કરવાની નથી. શિક્ષણ મેળવવાનું સ્વપ્ન જોવાનું નથી. તમારા દીકરા-દીકરીઓ ડૉકટર બને, એન્જિનિયર બને, પાયલોટ બને એ પ્રકારના સપના તમારે જોવાના નથી. આ તો આભાર માનીએ ઇશ્વરનો અને આ ગુજરાતની જનતાનો કે આ ગુજરાતમાં એક એવા યુગની શરૂઆત થઇ અને આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. જેનો નારો છે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ.' આ સૌના વિકાસની વાત છે. અનુસૂચિત જાતિના સમુદાય માટે ભારતીય જનતા પાર્ટીની આ સરકારમાં અનેકવિધ યોજનાઓ કાર્યરત છે અને એમાં પણ અનુસૂચિત જાતિના બાળકો દીકરા-દીકરી શિક્ષણ મેળવી પોતાના જીવનમાં રોજગારી મેળવે અને પગભર થાય એ પ્રકારની યોજનાઓ કાર્યરત છે. એ થકી આજે આ સમાજમાં ખૂબ મોટી ક્રાંતિ આવી છે. કોઇપણ સમાજના આર્થિક રીતે નબળા પરિવારના બાળકોને શિક્ષણ આપવામાં આવે તો એની આવનારી પેઢી તરી જતી હોય છે અને આ શુભ કામ કર્યું છે આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે અને એના માટે અનુસૂચિત જાતિ સમાજની દીકરી તરીકે આભાર માનું છું, આપણા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનો, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબનો, કેબિનેટ મંત્રી ડૉ. પ્રધુમન વાજા સાહેબનો, રાજ્યકક્ષાનાં મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલનો. મેં પહેલાં અનેકવિધ યોજનાઓ પણ વાત કરી કે જેમાં અનુસૂચિત જાતિના બાળકો દીકરા કે દીકરી પહેલા ધોરણમાં આવે ત્યારથી શરૂઆત કરી. પહેલી યોજના પ્રી.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના કે જેમાં સરકારી હોય, ગ્રાન્ટેડ હોય, આશ્રમશાળા હોય, ખાનગી શાળા હોય કોઇપણ શાળામાં ધોરણ ૧થી ૫ માં ભણતાં વિદ્યાર્થીને રૂપિયા ૭૫૦ની શિષ્યવૃત્તિ સહાય આપવામાં આવે છે. ધોરણ ૬થી ૧૦ની દીકરીઓને રૂપિયા ૧૦૦૦ની સહાય આપવામાં આવે છે. ધોરણ ૬થી ૮ના કુમારોને રૂપિયા ૭૫૦ અને ધોરણ ૯ અને ૧૦ના કુમાર વિદ્યાર્થીઓને રૂપિયા ૧ હજારની સહાય આપવામાં આવે છે. ભારત સરકારે પણ પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના છે જેમાં ડે-સ્કોલરને રૂપિયા ૩૫૦૦ અને હોસ્ટેલરને રૂપિયા ૭ હજાર વાર્ષિક સહાય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બાળક મેટ્રિક પાસ કરી લે અને ઉચ્ચત્તર માધ્યમિક ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ માં આવે ત્યારે વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં બાળકો માટે યોજના કાર્યરત છે. જેમાં માધ્યમિક બોર્ડના ધોરણ ૧૦માં જ્યારે ૭૫ ટકાથી વધુ વિદ્યાર્થીઓ માર્ક્સ લાવે તો ધોરણ ૧૧માં સામાન્ય પ્રવાહમાં દાખલ થનાર પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે પ્રોત્સાહક સહાય આપવા માટે ધોરણ ૧૧માં ૩.૮,૦૦૦ અને ધોરણ ૧૨માં ૩.૪,૦૦૦ સહાય આપવામાં આવે છે. વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ ૧૦માં એમને ૭૦ ટકાથી

વધુ માર્ક્સ આવે એમને ધોરણ ૧૧માં ૩.૧૫,૦૦૦ અને ધોરણ ૧૨માં પણ ૩.૧૫,૦૦૦ સહાય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં આ યોજના અંતર્ગત ૩.૨૭.૬૨ કરોડનો ખર્ચ કરીને ૧૮,૯૦૮ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. સેલ્ફ ફાઇનાન્સ ફી–શિપ કાર્ડ યોજના હું ઓક્સ્સ માનું છું કે આ એક એવી યોજના છે કે જેના થકી સમાજમાં એક ખૂબ મોટી ક્રાંતિ આવી છે. ધોરણ–૧૦ અને ધોરણ–૧૨માં અભ્યાસ પછી ઉચ્ચત્તર અભ્યાસ માટે વિદ્યાર્થીઓને અભ્યાસ કરવો હોય એના માટે આ યોજના થકી લાભ મેળવીને અભ્યાસ કરી શકે છે. હું મારા પરિવારનો એક દાખલો આપવા માગું છું, મારા પિતાશ્રીના ખેતર પર અમારા મહેશ્વરી સમાજનો એક પરિવાર ખેતીનું કામ સંભાળવા માટે ત્યાં રહેતો હતો એમની ૪ દીકરીમાંથી ૩ દીકરી પરણી ગયેલી પણ સૌથી નાની દીકરી ભણવામાં ખૂબ હોશિયાર, એણે અમારા ખેતરમાં ઘરે બેઠાં જ ધોરણ ૧૨ની પરીક્ષા આપી. ભણવામાં હોશિયાર હતી અને એનું સપનું હતું કે હું ડૉક્ટર બનું. ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે મેં જ્યારે મારા પિતાશ્રીને વાત કરી અને એ પરિવારને ફી–શીપ કાર્ડની યોજનમાં લાભ અપાવ્યો ત્યારે એ દીકરી ખેતરમાં રહેતા રહેતા. ફી–શીપ કાર્ડની યોજનાનો લાભ મેળવીને આજે ડૉક્ટર બની ગઇ છે. એ પરિવારને પોતાનું ઘર પણ ના હતું. મને કહેતાં આનંદ થાય છે કે બે વર્ષ પહેલાં એ દીકરીએ પોતાનું ઘર પણ ખરીદી લીધું છે અને આજે એના માતા–પિતાને ખેતીનું કામ કરવા દેતી નથી અને સન્માન સાથે દીકરી પોતાના માતા–પિતાનું ભરણપોષણ કરી રહી છે. અગર દીકરા–દીકરી હોશિયાર હોય અને સારી શાળમાં એમને અભ્યાસ કરવો હોય ત્યારે પસંદ થયેલી શાળામાં દહેરાદૂનની દૂન સ્કૂલ, આબુની સોફિયા સ્કૂલ, અજમેરની મેરી સ્કૂલ, બાલાચડી જામનગરની સૈનિક સ્કૂલ, મહેસાણાની ખેરવા મહિલા સૈનિક સ્કૂલ જેવી ખ્યાતનામ સ્કૂલમાં પણ અનુસૂચિત જાતિના બાળકો જઇને અભ્યાસ કરી શકે એના માટે પ્રોત્સાહક સહાય ૩.૫૦,૦૦૦ સુધી આપવામાં આવે છે. એની સાથે એક એવો વર્ગ જે સ્વચ્છતાના કાર્ય સાથે રોકાયેલો છે અને સ્વચ્છતા વ્યવસાયમાં કાર્ય કરતા એના દીકરા–દીકરીઓને ભણાવવા માટેની પણ સહાય યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કાર્યરત છે. જેમાં ધોરણ ૧થી ૧૦ના બેસ્ટ સ્કોલરને વાર્ષિક ૩. ૩,૫૦૦ અને હૉસ્ટેલમાં રહેવા માટે ૩.૮,૦૦૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. છેલ્લાં ૧૦ વર્ષમાં આ યોજનામાં ૩.૫૧૬ કરોડનો ખર્ચ કરીને ૨૧,૫૦,૩૨૫ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ભારત સરકારની પોષ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ યોજના જેમાં વાર્ષિક ૩.૨,૫૦૦ થી ૩.૧૩,૫૦૦ સુધીની સહાય આપવમાં આવે છે. ધોરણ ૯માં અભ્યાસ કરતી દીકરીઓને સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ સાઇકલ આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના ધોરણ ૧થી ૮માં ભણતાં બાળકોને ગણવેશ સહાય યોજના અંતર્ગત વાર્ષિક ૩.૯૦૦ની સહાય આપવામાં આવે છે. કોલેજ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહે છે એમને ભોજન બિલની સહાય પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આપવામાં આવે છે. જેમને વાર્ષિક ૧૦ મહિના સુધી ૩.૧,૫૦૦ની સહાય આપવામાં આવે છે અને છેલ્લાં ૧૦ વર્ષમા ૩.૯૦.૮૭ કરોડના ખર્ચે ૬૮,૯૭૭ લોકોને આ સહાય આપવમાં આવી છે. એવી જ રીતે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ જેને એમ.ફિલ કે પી.એચ.ડી. કરવું હોય એવા વિદ્યાર્થીઓને પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૧૦ મહીના સુધી માસિક ૨૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. પી.એચ.ડી. કરતા વિદ્યાર્થીઓને માસિક ૧૦,૦૦૦ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. એક એવું સપનું કે મારો દીકરો કે દીકરી પાયલોટ બને. પહેલાના વખતમાં અનુસૂચિત જાતિ સમાજના વડીલો આ સપનું જોઇ શકતા ન હતા. પરંતુ આભાર માનું છું આ ભારતીય જનતા પાર્ટીની સરકારનો કે પાયલોટ યોજના અંતર્ગત આર્થિક રીતે મદદ કરવા માટે ૨૫ લાખ રૂપિયાની સહાય ૪ ટકાના વ્યાજના દરે તે બાળક પાયલોટ બની શકે તેના માટે આપવામાં આવે છે. અને છેલ્લાં દસ વર્ષમાં ૭.૨૫ કરોડનો ખર્ચો કરી ૩૪ જેટલા તાલીમાર્થીઓને આ સહાય આપવામાં આવી છે. એવી જ રીતે વિદેશ અભ્યાસ લોન, વિદેશમાં જઇને મારું બાળક ભણી અને રોજગારી મેળવે અને પરિવારને સદ્ધરતા તરફ લઇ જાય તે માટે રૂપિયા ૧૫ લાખની સહાય ૪ ટકાના વ્યાજના દરે આપવામાં આવે છે. જેમાં છેલ્લાં ૧૦ વર્ષમાં ૫૮૫.૯૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરી ૩૯૧૩ જેટલા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ સહાય યોજના અંતર્ગત મોકલવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે મેડિકલમાં, એન્જિનિયરિંગમાં કે ડિપ્લોમામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે કોઇ સાધનની ખરીદી કરવી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર તરફથી મેડિકલમાં રૂપિયા ૧૫ હજારની સહાય આપવામાં આવે છે. જ્યારે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને રૂપિયા ૧૦ હજારની સહાય અને ડિપ્લોમામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂપિયા ૫ હજાર જેટલી સહાય આપવામાં આવે છે. શિક્ષણની જેટલી પણ વાત કરીએ એટલી ઓછી છે હજુ પણ મારી પાસે અઢળક યોજનાઓની વાતો છે. એક પછી એક બાળક પહેલા ધોરણમાં આવે ત્યારથી કરી બાળક માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, ઉચ્ચ અભ્યાસ, ડૉકટર, એન્જિનિયર, પાઇલોટ કોઇ પણ પ્રકારનો અભ્યાસ કરવો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અનુસૂચિત જાતિનાં બાળક માટે દરેક તબક્કે અઢળક યોજનાઓ થકી તેને તે દિશામાં લઇ જવા માટે કાર્ય કરી રહી છે. ત્યારે કહેવાનું મન થાય કે,

સમાનતાનો દીપ પ્રગટે, ન્યાયનો પ્રકાશ ઝળકે,
સમાજના દરેક માનવી વિકાસના માર્ગે આગળ વધે,
નબળાંને શકિત મળે, ગરીબને સહારો મળે,
દરેકના ઘરમાં આશાનો એક નવો ઊજિયારો મળે,

દિવ્યાંગને માન મળે, વડીલોને સન્માન મળે,
સંવેદનાના સ્વપ્નાઓને આજે સાચું માન મળે,
સૌનો સાથ લઇને આગળ વધે આપણું ગુજરાત ,
સામાજિક ન્યાયથી મજબૂત બને આપણું ગુજરાત.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજના અંતિમ માનવી સુધી ન્યાય પહોંચાડવાનો સંકલ્પ જ આપણા વિકાસની સાચી ઓળખ છે ત્યારે આ વિભાગ માત્ર કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકતો નથી પરંતુ સમાજમાં સમાનતા, સન્માન અને સામાજિક ન્યાય સ્થાપિત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અંતમાં હું માનનીય મંત્રીશ્રીના સમગ્ર વિભાગને લોકહિતકારી કામગીરી માટે અભિનંદન પાઠવું છું અને માગણી ક્રમાંક–૯૨ અને ૯૫ જે લઇને આવ્યા છે તેમાં હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા**(**બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અને સામાજીક ન્યાય અધિકારિતા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા એક–બે સૂચન છે કે ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં સરકારશ્રી દ્વારા સહાય કરવામાં આવે છે અને આટલાં વર્ષોથી કરતાં પણ આવ્યા છે. અહીંયા કોળી અને ઠાકોર સમાજના ઘણા બધા ધારાસભ્યો પણ છે. અત્યારે પરિસ્થિતિ એવી છે કે જે લોન માટેના ફોર્મ ભરવામાં આવે છે મેં વારંવાર આ ગૃહની અંદર રજૂઆત કરી છે તેમાં આકારણીના આધાર ઉપર છેલ્લાં વર્ષ સુધી બોજો પાડતા હતા અને અત્યારે બોજો નથી પડતો અને તેના કારણે હું માનું છું ત્યાં સુધી નિગમની લોનની આ યોજનાનો લાભ પાંચ ટકા લોકો જ લઇ શકશે. મારી વિનંતી છે કે, આની અંદર કયાંક એક શરતચુકના કારણે બે વિભાગ વચ્ચે એક પરિપત્ર થયો છે, ખાલી સૂચન થયું છે અને તેમાં સુધારાના કારણે આખા ગુજરાતની અંદર ઠાકોર કોળી વિકાસ નિગમના એટલે કે સમાજના લોકોએ જે ૪૮ હજાર જેટલા ફોર્મ ભર્યા છે તે લોનથી વંચિત રહેવાના છે. ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારું બીજુ પણ સૂચન છે કે, ૧૦૦ કરોડ જેટલી જે રકમ ફાળવો છો તેની અંદર ૫૦૦ કરોડ સુધીની રકમ ફાળવવામાં આવે તેવી હું વિનંતી પણ કરું છું.

બીજી શિક્ષણની વાત કરું તો મારા એક બે સૂચનો પણ છે કે માલપુર તાલુકાની અંદર એક પણ આર્ટસ અને કોમર્સ કોલેજ નથી. મારી આ માગણી વર્ષ–૨૦૧૮થી ચાલે છે આજે સાત વર્ષ થયા છે તો મારી વિનંતી સાથે માગણી છે, સૂચન છે કે માલપુર તાલુકામાં આર્ટસ અને કોમર્સ કોલેજ આપવામાં આવે. બીજું, જૂની સીમલજ, નવી સીમલજ, મોટા લાલપુર, જુમાત્રાલ અને હેમાત્રાલ જેવા ગામોનાં વિદ્યાર્થીઓ પાંચ કિલોમીટર દૂર સુધી ભણવા જાય છે અને એ વિદ્યાર્થીઓને માધ્યમિક શાળાની જરૂર છે. તેવી જ રીતે છભો, ચોકડીયા, વાસણા, મોટા સરદારપુરા, બોરટીંબા, બોરમઠ, અરજણવાવ આ વિદ્યાર્થીઓ પાંચ થી છ કિલોમીટર સુધી દૂર જાય છે તો ત્યાં માધ્યમિક શાળાની જરૂર છે તો માધ્યમિક શાળા આપવા વિનંતી.

(વિરામ સવારના ૧૧–૦૦ થી ૧૧–૩૦)

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી જિગ્નેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના બજેટમાં, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના બજેટમાં હું મારા વિચારો રજૂ કરું છું.

સૌ પ્રથમ તો ગુજરાતના તેર લાખ જેટલા દિવ્યાંગોને રાજસ્થાન દિલ્હી, ઉત્તરપ્રદેશમાં જે ભારતીય જનતા પાર્ટી શાસિત રાજયો છે એ પ્રમાણે ગુજરાતમાં પણ એમનું પેન્શન શરૂ થાય એવી એમની લાગણી છે. બે દિવસ પહેલાં ગાંધીનગરના એક ઘરણામાં ગયો હતો તો તેમની લાગણી અહીં મૂકું છું કે સરકાર એને કન્સીડર કરે અને મહિને પાંચેક હજાર સુધીનું એમને પેન્શન શરૂ કરવામાં આવે. ઉનાના દસ વર્ષ આ વર્ષે થશે અને અસ્પૃશ્યતા નાબૂદીના ઐતિહાસિક આંદોલન મહારના સત્યાગ્રહને ૧૦૦ વર્ષ થશે. મહારના ઐતિહાસિક સત્યાગ્રહને ૧૦૦ વર્ષ થવા આવ્યા પણ આજે પણ ગુજરાતના હજારો ગામમાંથી અસ્પૃશ્યતાનું કલંક દૂર નથી થયું. આ સન્માનનીય ગૃહમાં છેલ્લા આઠ વર્ષમાં અનેક વખત રજૂઆત કરી છે કે મારું ચીંધેલું નહીં, રાજય સરકાર પોતાની ચોઇસનું, પોતાની પસંદગીનું કોઇપણ એક ગામ અસ્પૃશ્યતામુકત કરી બતાવે અને પછી આગળ જતા ગુજરાતનાં તમામ ગામ આપણે આભડછેટમુકત કરીશું એવી કમિટમેન્ટ આપે , પણ રાજય સરકાર તરફથી આટલાં વર્ષોમાં કદી કમિટમેન્ટ જોવા મળ્યું નથી અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ગુજરાતના કોઇપણ જિલ્લાના કોઇપણ તાલુકામાં અસ્પૃશ્યતા નાબૂદીની કોઇ જ કેમ્પેઇન કે ડ્રાઇવ ચાલતી નથી. ઉના કાંડને દસ વર્ષ થશે. માનનીય તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આનંદીબેને મુખ્યમંત્રીની કેપેસિટીમાં ઉના જઇ અને ઉનાના પીડિતોને વચન આપ્યાં હતાં એ વચનો ગુજરાત સરકારના પાક્ષિકમાં પ્રકાશિત થયા હતા કે તમને ખેતીની જમીન અને સરકારી નોકરી આપીશું. ફાસ્ટ્રેક કોર્ટમાં કેસ ચાલશે પણ આજે દસ વર્ષ થયા, પણ ઉના કાંડના પીડિતોને ન્યાય મળ્યો નથી, ટ્રાયલ પૂરી નથી થઇ.

અધ્યક્ષશ્રી : ઉના કાંડના બદલે ઉનાની ઘટના કહો.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી**,** ઉનાના પીડિતોને ન્યાય મળ્યો નથી**,** ટ્રાયલ પૂરી નથી થઇ અને સરકારે જે બાંહેધરી આપી હતી એ પ્રમાણેની ખેતીની જમીન અને નોકરી પણ નથી મળી. થાનગઢની જે ઘટના બની એમાં ૧૯**,** ૨૧**,** ૨૪ વર્ષના દુધમલ દલિત છોકરાઓની છાતી ઉપર એકે ૪૭ની રાયફલથી ગોળીબાર કરવામાં આવ્યો**,** આજે એ

વાતને ૧૩ વર્ષ થયાં, એમના પીડિત પરિવારોને પણ ન્યાય નથી મળ્યો. પાટણની કલેકટર કચેરીમાં પોતાની નહીં કોઇ અન્યની માલિકીની જમીનમાં અસામાજિક તત્ત્વોનો કબજો હતો એ આખું પ્રકરણ ગુજરાતમાં હાઇલાઇટ થાય, સરકાર એ મુદ્દે સંવેદનશીલ બને એવા આશયથી ભાનુભાઇ વણકર નામના માણસે આત્મવિલોપન કર્યું એ છતાં આજે પણ આ ગુજરાતમાં વીસ હજાર વીઘાથી વધારે દલિત સમાજની માલિકીની, દલિત સમાજને ફાળવેલી, કાયદાની કોઇ અદાલતમાં મેટર સબજ્યુડીસ નથી એવી જમીનોમાં ના માપણી થાય છે, ના કબજા સોંપાય છે, ના એ અસામાજિક તત્ત્વોની સામે ગુના દાખલ કરવામાં આવે છે. કોઇપણ વ્યકિતની પ્રોપર્ટીમાં અન્ય ઇસમ ઘૂસી જાય તો બી.એન.એસ. મુજબ પણ ઓફેન્સ બને છે, આદિવાસી કે દલિતની જમીનમાં ઘૂસે તો એટ્રોસીટી એકટ મુજબ પણ ઓફેન્સ બને છે અને હવે તો લેન્ડ ગ્રેબિંગનો કાયદો આવ્યો પણ બી.એન.એસ. એટ્રોસીટી એકટ અને લેન્ડ ગ્રેબિંગ જયારે ભોગ બનનાર એ પીડિત દલિત હોય ત્યારે જમીનના પ્રકરણમાં મદદરૂપ બનતા નથી. સતત આ ગૃહમાં મેં રજૂઆત કરી છે કે, આજે પણ ૫૦૦–૭૦૦ જેવી નજીવી રકમ ખાતર વાલ્મિકી સમાજના સફાઇ કામદારનું ગટરમાં ઉતરીને મોત થાય છે. વિજ્ઞાન એટલું બધું એડવાન્સ થયું છે, એટલી બધી ટેકનૉલૉજીનો આવિષ્કાર થયો છે, આપણા દેશમાં રોબોટસ, મશીનો, આધુનિક સામગ્રી ઉપલબ્ધ થઇ ચૂકી છે કે કોઇપણ સફાઇ કામદારે ગટરમાં ઉતરવું ના પડે એ છતાં વારંવારની દરેક સત્રની રજૂઆત છતાં રાજયની સરકાર સફાઇ કામદારે ગટરમાં ઉતરવું ન પડે એના માટેના રોબોટસ કે મશીનો વસાવતી નથી. જે સફાઇ કામદારોના ગટરમાં મૃત્યુ થયા એકાદ પ્રકરણને બાદ કરતા સુપ્રીમકોર્ટની સ્પષ્ટ ગાઇડલાઇન હોવા છતાં નગરપાલિકાના ચીફ ઓફિસરની સામે એકાદ કિસ્સાને બાદ કરતા ગુના દાખલ કરવામાં આવતા નથી અને એમની સામે ટ્રાયલ ચાલી હોય, કન્વીકશન થયું હોય એવો ગુજરાતમાં કોઇ દાખલો નથી. માથે મેલુંની પ્રશ્ન પણ અસ્પૃશ્યતાની જેવો જ છે. સુરતમાં, બરોડામાં, રાજકોટમાં, અમદાવાદમાં ગુજરાતના મોટાભાગનાં શહેરોમાં ઇવન જે નાના ટાઉન છે ત્યાં પણ જયાં ટોઇલેટ નથી, જે લોકો ખુલ્લામાં શૌચ કરે છે એ કોણ ઉપાડે છે? એ ગુજરાતના દલિત સમાજનો વ્યકિત ઉપાડે છે તો માથે મેલાની નાબૂદી માટે રાજયની સરકારે અસ્પૃશ્યતા નાબૂદીની સાથોસાથ પ્રો–એક્ટિવ થવું જોઇએ. એસ.સી., એસ.ટી. સબપ્લાનના કરોડો રૂપિયા અન્ય કામોમાં ખર્ચાઇ ગયા. આ જ ગૃહમાં અમારા સાથી શ્રી નૌશાદભાઇ હતા ત્યારે તેઓ એક પ્રાઇવેટ મેમ્બર બિલ લાવ્યા હતા. એને સરકારે સપોર્ટ ન કર્યો. એસ.સી./એસ.ટી. સબપ્લાન ન બન્યો પણ એસ.સી./એસ.ટી.નાં નાણાં બીજાં કામોમાં નહિ ખર્ચાય એ સુનિશ્ચિત કરવાના વર્ષ ૨૦૧૫ના પરિપત્રનું પણ પાલન નથી થઇ રહ્યું. આ ગૃહમાં ખાસ એક માગણી કરવા માગું છું કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ એ નવી યોજના લાવે એ આવકાર્ય છે પણ એનું મૂળ કામ સમાજમાં પ્રવર્તતા ઊંચનીચના ભેદભાવ ખતમ કરવાનું સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાનું છે. આજે પણ ગુજરાતનો દલિત ફક્ત એટલા કારણોસર માર ખાય છે કે એને ઘોડે ચડવાનું મન થયું. લગ્નનો પ્રસંગ એનો, ઘોડો એનો, એને ચડવું છે અને છતાં અન્ય સમાજના કોઇ માણસને વાંકું પડે છે અને એ 'વાંકું પડે છે' એની પાછળનું જે માનસ છે એ બદલીએ તો મને લાગે છે કે સાચા અર્થમાં સામાજિક ન્યાય સુનિશ્ચિત થાય. એના માટે માનનીય પ્રદ્યુમનભાઇ પાસે એક અદભૂત તક છે. એ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી પણ છે અને શિક્ષણ વિભાગના પણ મંત્રી છે. હું એમને વિનંતી કરું છું કે ફૂલે, આંબેડકર, પેરિયાર, રવિદાસ, નાનક અને કબીરના પાઠ ભણાવવામાં આવે, એવી ટેક્સ્ટબુક આપણા ગુજરાતમાં આવે તો ગુજરાતની જનતાનું જનમાનસ બદલાય. લાંબા સયમથી બુદ્ધિષ્ઠોની પણ માગણી છે કે ગુજરાતમાં બુદ્ધપૂર્ણિમાની રજા જાહેર કરવામાં આવે. એ પણ માઇનોરિટી છે. એના માટે પણ બજેટની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે અને *(**xxx) આ આપણા ગુજરાતમાં ન થાય એટલું સરકાર સુનિશ્ચિત કરે એવી માગણી કરું છું.)**

ડૉ. દર્શના ચં. દેશમુખ(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વર્ષ ૨૦૨૬–૨૭ના અનુદાનો માટેની માગણી ક્રમાંક ૯ અને ૧૦ માનનીય મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજા સાહેબ લઇને આવ્યા છે ત્યારે એમના સમર્થનમાં હું શિક્ષણ વિષય પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ આ ગુજરાતના સમાજ માટે ગુજરાતની પ્રજા માટે ખૂબ જ અગત્યનો વિષય છે. શિક્ષણની શરૂઆત માટે પ્રારંભિક શિક્ષણ અને પ્રવેશોત્સવની કામગીરી જે રીતે શરૂ કરવામાં આવી એ ધ્યાને લેતાં ગુજરાતના અંતરિયાળ ગામડામાં રહેતો મારો આદિવાસી સમાજના દીકરા/દીકરીઓ માટે શિક્ષણ મૃતપ્રાય અવસ્થામાં હતું ત્યારે આ દીકરા/દીકરીઓ માટે નવી ચેતના, નવી ઊર્જા, નવી હિંમત અને નવી શકિતનો સંચય કરાવવાનું કામ ગુજરાતના તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કર્યું છે. તેમણે આ ગુજરાતના અંતરિયાળ ગામડામાં વસતા દીકરા/દીકરીઓ માટે શિક્ષણના વિષયને લઇને ખૂબ જ ક્રાંતિકારી અને અભૂતપૂર્વ નિર્ણય કર્યો. એમણે જ્યારે મુખ્યમંત્રી તરીકે ગુજરાતમાં કામ કર્યું ત્યારે એમણે વિચાર્યું કે,

"माना अंधेरा घ है, लेकिन दिया जलाना कहां मना है। "

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

એમણે આ દીકરા/દીકરીઓ માટે શિક્ષણની જ્યોત જગાવવાનું કામ કર્યું. આ દીકરા/દીકરીઓ માટે જ્યારે શિક્ષણની જ્યોત જગાવવાનું શરૂ કરવામાં આવ્યું ત્યારે તેઓ કેવી રીતે શિક્ષણને આગળ વધારી શકે અને પોતાના જીવનને પણ આગળ વધારી શકે એના માટે ગુજરાતમાં પ્રવેશોત્સવની કામગીરી કરવામાં આવી. આ પ્રવેશોત્સવના પ્રસંગને અવસરમાં ફેરવીને અનેક વિદ્યાર્થીઓના પથદર્શક માનનીય મોદીજી બન્યા. વર્ષ ૨૦૦૨–૦૩માં જ્યારે પ્રવેશોત્સવની શરૂઆત થઇ ત્યારે ગુજરાતના એક ગામ ડેડિયાપાડામાં દીકરા/દીકરીઓને ભણવામાં ખૂબ જ મુશ્કેલીઓ પડતી ત્યારે માનનીય મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં એમણે પ્રજાની સમક્ષ માગણી કરી કે ''મને તમારી દીકરીઓ દત્તક આપો. મારે તમારી દીકરીઓને ભણાવવી છે.'' એ ક્રાંતિકારી વિચારને લઇને વર્ષ ૨૦૦૨–૦૩માં દીકરીઓને શિક્ષણનો અધિકાર મળે, દીકરીઓ શિક્ષણથી વંચિત ન રહે એ માટેનો જે નિર્ણય કરવામાં આવ્યો એના પરિણામે આ દીકરા/દીકરાઓની આંગળી પકડીને એક પિતા સમાન હૂંફ આપીને એ દીકરા/દીકરીઓને શાળામાં પ્રવેશ કરાવ્યો. ત્યારે હું કહેતાં ગર્વની લાગણી અનુભવું છું કે, બે વર્ષ પહેલાં જ્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી બોડેલીના એક કાર્યક્રમમાં આવ્યા હતા ત્યારે આ જ દીકારા–દીકરીઓમાંથી જે કોઇ ડૉક્ટર, ઇજનેર, સી.એ., શિક્ષક બન્યા હોય કે પોલીસ વિભાગમાં નોકરી કરતાં હોય તે દીકરા–દીકરીઓને સ્ટેજ પર બોલાવીને તેમની સાથે સન્માનપૂર્વક સંવાદ કર્યો હતો. આ વિચાર દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીને જ આવી શકે. જેમણે અમારા આદિવાસી સમાજના ૧૪ જિલ્લાઓ, ૫૮ તાલુકાઓ અને ૫૮૫૩ ગામડાંઓમાં શિક્ષણની આહલેક જગાવી, શિક્ષણની ભૂખ જગાવી. તેના કારણે અમારા આદિવાસી વિસ્તારમાં શિક્ષણ પ્રત્યે લોકોનો લગાવ વધતો જોવા મળ્યો. આજે દરેક ક્ષેત્રમાં અનેક વિદ્યાર્થીઓ શિક્ષણમાં ખૂબ જ આગળ વધી રહ્યા છે. માનનીય વડાપ્રધાનશ્રીના ૨૫ વર્ષ પહેલાંનો આ સંકલ્પ માત્ર ગુજરાત જ નહીં પણ સમગ્ર ભારતને વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારત તરફ દોરી જાય છે. આજે શાળા પ્રવેશોત્સવનું વટવૃક્ષ બની ચૂક્યું છે ત્યારે ગુજરાતમાં વર્ષ ૨૦૨૫–૨૬માં ધોરણ–૧માં ૫,૭૮,૫૭૮ વિદ્યાર્થીઓએ નામાંકન કરીને પ્રવેશ કર્યો છે અને બાલવાટિકામાં ૫,૧૮,૬૪૮ બાળકોએ નામાંકન કરીને પ્રવેશ મેળવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રીએ કન્યા કેળવણીનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે ત્યારે અનેક દીકરીઓ ૧૦૦ ટકા નામાંકન સાથે શિક્ષણના ક્ષેત્રમાં ખૂબ જ આગળ વધી રહી છે. વર્ષ ૨૦૨૩–૨૪માં નાના ભૂલકાંઓ બાલમંદિરે જવા માટે કતરાતા હોય છે ત્યારે નાના ભૂલકાંઓનું શિક્ષકો સાથે તાદાત્મ્ય જળવાય અને લાગણી સર્જાય તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ઘરથી શાળા સુધીનું જોજનો દૂરનું અંતર પણ ક્ષણભરમાં કાપી શકે તે માટે બાલવાટિકાને પ્રાથમિક શાળામાં સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. શાળામાં ભણતાં બાળકોના વાલીઓને સૌથી વધારે ચિંતા ઘરમાં જ્યારે ચાર–પાંચ બાળકો હોય તેના અભ્યાસ માટેની હોય છે. ઘણીવાર આર્થિક સદ્ધરતા ન હોવાના કારણે બાળકોને શાળાએ મોકલવામાં આવતા નથી. ઘણીવાર એવું થાય કે દીકરીઓને ઘરકામ અને ખેતીકામમાં માતાને મદદરૂપ થવાનું છે તેવું વિચારીને પણ દીકરીઓને ભણાવવામાં આવતી ન હતી. ગુજરાતની આ સરકારે તેનો નિર્ણય પણ કર્યો. ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા નિપુણ અને પાયાગત સાક્ષરતા સંખ્યા જ્ઞાન દ્વારા ૧૪ જેટલા વિવિધ વિષયોને લઇને સાહિત્ય નિર્માણમાં અર્લી રીડર્સ, સ્ટોરી કે પિક્ચર કેલેન્ડર્સ જેવાં પાઠ્યપુસ્તકોની સાથે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવાનું કામ આ ગુજરાતની સરકારે કર્યું છે ત્યારે હું ખૂબ જ અભિનંદન સાથે આભારની લાગણી પ્રકટ કરું છું. જ્યારે પ્રાથમિક શાળાના ૫૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ માટે રૂ.૧૧૯ કરોડની જોગવાઇ પાઠ્યપુસ્તકો માટે આ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. વાલીની ચિંતાને હળવી કરવામાં આવી, તેનું નિરાકરણ લાવવામાં આવ્યું ત્યારે બીજો પ્રશ્ન એ આવ્યો કે, રોજગારી માટે અન્ય જગ્યાએ સ્થળાંતરના કારણે ટ્રાયબલ વિસ્તારમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ જ જોવા મળતો હતો. આ સરકાર દ્વારા ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે ખૂબ જ મહત્ત્વનાં અને અસરકારક પગલાં લેવામાં આવ્યાં. વર્ષ ૨૦૦૧–૦૨માં ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૨૨ ટકા હતો. હું ખૂબ જ આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવું છે કે વર્ષ ૨૦૨૩–૨૪માં આ ડ્રોપ આઉટ રેશિયો ૨.૪૨ ટકા જેટલો થઇ ગયો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારની ખૂબ જ મોટી સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ.આઇ. બેઝ્ડ અર્લી વૉર્નિંગ સિસ્ટમની શરૂઆત કરવામાં આવી છે. જેના થકી અનિયમિત વિદ્યાર્થીઓની ઓળખ થઇ શકશે અને તેમને શાળામાં કેવી રીતે રેગ્યુલર બોલાવી શકાય તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. ઘણીવાર માધ્યમિક શાળામાં પહોંચતાની સાથે વિદ્યાર્થી અભ્યાસ છોડી દે છે પરંતુ ગુજરાત સરકાર દ્વારા ધોરણ–૯માં અભ્યાસ કરતાં બાળકો માટે પ્રવેશોત્સવની કામગીરી કરવામાં આવી રહી છે. આમ, આ ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે ગુજરાત સરકાર દ્વારા પણ વિવિધ યોજનાઓ બનાવવામાં આવી છે. જેમાં આદિવાસી અને મીઠાના અગરિયાના જે વર્કર્સ છે એવા સ્થળાંતરિત પરિવારના બાળકો માટે પણ રહેણાંકના છાત્રાલયની સો ટકા વ્યવસ્થા રાજ્યના ભંડોળમાંથી કરવામાં આવી રહી છે. એમને પણ શિક્ષણનો અધિકાર મળે એ માટેની વ્યવસ્થા આ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. નમો લક્ષ્મી યોજના ધોરણ ૯થી ૧૨માં ભણતી દીકરીઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી શકે, એના માટે પૂરતું પોષણ મળી રહે અને સશક્તિકરણના ભાગરૂપે એમનો અભ્યાસ રેગ્યુલર જળવાઇ રહે એ માટે આ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૧૨૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. એમાં ૧૦.૮૪ લાખ વિદ્યાર્થીનીઓને રૂ.૭૬૫ કરોડની સહાય ચૂકવવામાં આવી રહી છે. ધોરણ–૧૨ના અભ્યાસક્રમમાં પણ ૧૦મા ધોરણમાં જ્યારે એના પચાસ ટકા કે તેથી વધુ માર્કસ આવ્યા હોય એવા વિદ્યાર્થીઓને પણ ગુજરાત સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫માં દોઢ લાખ વિદ્યાર્થીઓને રૂ.૬૫

કરોડની જોગવાઇ આપવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૫–૨૬ના આ બજેટમાં વિદ્યાર્થીઓ માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળી રહે, એ.આઇ.બેઝ શિક્ષણ હોય, કૌશલ્યસભર શિક્ષણ હોય એ માટે સ્માર્ટ ક્લાસની પણ વ્યવસ્થા કરવામાં આવી છે ત્યારે ગુજરાતની ૨૪૭૫૫ શાળાઓમાં ૧ લાખ ૯ હજાર ૧૨૮ વિદ્યાર્થીઓ માટે સ્માર્ટ ક્લાસની સુવિધા કરવામાં આવી છે. મારા નર્મદા જિલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળાના ૩૯૮ શાળાઓમાં ૧૪૪૭ જેટલા સ્માર્ટ ક્લાસ બનાવવામાં આવી રહ્યા છે. જેના થકી વિદ્યાર્થીઓ ખૂબ જ સારી રીતે અભ્યાસ કરી શકે છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ મારા વિસ્તારની ૧૧૦ શાળાઓમાં જે ૩૭૦૦ વિદ્યાર્થીઓ છે એમના માટે પરિવહનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આર.ટી.ઇ. હેઠળ જે લોકો ખાનગી શાળામાં અભ્યાસ કરવા માગતા હોય એવા વિદ્યાર્થીઓ માટે રૂ.૮૨૭ કરોડની જોગવાઇ પણ આ સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. પી.એમ. યશસ્વી પ્રિ–મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક સહાય યોજના.... માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી ડૉ.પ્રદ્યુમનભાઇ વાજા આજે શિક્ષણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું આ માગણીઓના સમર્થન માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ વિકસિત ભારતનું એક લક્ષ્ય આપણા સૌ સામે મૂકી દીધું છે. ભારત એ દિશામાં આગળ વધી ચૂક્યું છે. વિશ્વમાં ડંકો વગાડવા ભારતનો યુવાન તૈયાર છે. આજે જે યુવાન કોલેજમાં છે એ ૨૦૪૭ આવતાં સુધીમાં કોઇ મોટી કંપનીનો સી.ઇ.ઓ. બનીને આ દેશને વિશ્વમાં લીડ કરવા માટે તૈયાર થઇ રહ્યો છે. આ યુવાન જે આજે કોલેજમાં છે તે યુવાન ૨૦૪૭માં આ ભારતનું નેતૃત્વ કરવાનો છે, એ યુવાનને તૈયાર કરવાની આપણા સૌ પર જવાબદારી છે. એ યુવાન કેવો જોઇશે. આ માટે હાઇલી સ્કીલ ટેકનૉલૉજી વર્કફોર્સ એ ભારત માટે તૈયાર કરવો પડશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટસ હોય, ડેટા સાયન્સ હોય, રોબર્ટિક અને ઓટોમેશન હોય, સાયબર સિક્યુરિટી હોય, ક્વોન્ટમ કોમ્પિટિંગ હોય, સેમિકન્ડકટરની ડિઝાઇન હોય આ માટેનો વર્કફોર્સ તૈયાર કરવાની જવાબદારી આપણા ઉપર છે. ઇનોવેશન અને રિસર્ચનો વર્કફોર્સ પણ આપણે તૈયાર કરવો પડશે. આ માટે સાયન્ટિસ્ટ હોય, રિસર્ચર હોય, ઇન્વેન્ટર હોય અને પ્રોડક્ટના ડેવલપર હોય આપણે એન્ટરપ્રિનિયોર વર્કફોર્સ પણ તૈયાર કરવો પડશે. આ માટે નવા બિઝનેસ સ્ટાર્ટ કરનારા, સ્ટાર્ટઅપ બિલ્ટ કરનાર, નવી ઇન્ડસ્ટ્રીઝ ડેવલપ કરનારા આ પ્રકારના યુવાનોને આજથી તૈયાર કરવાનું લક્ષ્ય લઇને આપણે કામ કરવું પડશે. ગ્રીન ઇકોનોમી વર્કફોર્સ તૈયાર કરવાની જ્યારે આપણી ઉપર જવાબદારી છે ત્યારે જેને રીન્યુએબલ એનર્જી ખબર છે, જેને ઇલેક્ટ્રિક વ્હીકલની ટેકનૉલોજીમાં કઇ પ્રકારે આગળ વધવું એની ખબર છે, જે સસ્ટેનેબલ એગ્રીકલ્ચરમાં કામ કરી રહ્યા છે, જે ક્લાઇમેટ ટેકનૉલૉજી ઉપર કામ કરી રહ્યાં છે, જે એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટ ઉપર પોતાની જાતને તૈયાર કરી રહ્યા છે. આ યુવાનો વર્ષ ૨૦૪૭ના આજથી બનેલા ચહેરાઓ છે. એડવાન્સમાં મેન્યુફેક્ચરિંગ વર્કફોર્સ તૈયારી કરવાની જવાબદારી અત્યારે વર્ષ ૨૦૨૬માં આપણા ઉપર છે. એના માટે કૉલેજોમાં એડવાન્સ રોબોટિક્સ હોય, પ્રિસિશન એન્જિનિયરિંગ હોય, સેમિકન્ડકટર મેન્યુફેક્ચરિંગ હોય, એરોસ્પેસ ડિફેન્સ હોય, હેલ્થ કેર બાયોટેકનૉલૉજી માટે હમણાં કેન્દ્રીય બજેટમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી અને નિર્મલા સિતારમણજીએ ખૂબ મોટું સપનું જ્યારે મૂક્યું છે ત્યારે ડૉકટરો, નર્સો, બાયોટેક રિસર્ચ કરનારા અને મેડિકલ ટેકનોલોજી સમજનારા એ યુવાનો હોય કે ક્રિએટિવ નોલેજ ઇકોનોમી જ્યારે તૈયાર કરવાની હોય ત્યારે ડિજિટલ મીડિયાની એન્ટરટેઇનમેન્ટ અને કલ્ચર ઇન્ડસ્ટ્રીઝને સમજનાર લોકો આપણે તૈયાર કરવાના છે. જ્યારે લાઇફ લોંગ લર્નિંગ વર્કફોર્સ તૈયાર કરવાનો હોય ત્યારે રી–સ્કીલને સમજનારા, નવી ટેકનૉલૉજીને એડપ્ટ કરનારા અને આ વિચારને સમજનારા યુવાનોને તૈયાર કરવાનો અત્યારનો સૌથી બેસ્ટ સમય છે. આ માટે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ એક નેશનલ એજ્યુકેશન પૉલિસી ૨૦૨૦ને ડિકલેર કરી. આ નેશનલ એજ્યુકેશન પૉલિસી ૨૦૨૦ને ડિકલેર કરતાં પહેલાં માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી બનતાંની સાથે સૌથી પહેલાં પ્રોફેશનલ વર્કફોર્સ ઊભો કરવા માટે વર્ષ ૨૦૦૩માં નેશનલ લૉ યુનિવર્સિટીની સ્થાપના કરી. વર્ષ ૨૦૦૭માં ગુજરાત ટેકનૉલૉજીકલ યુનિવર્સિટીની સ્થાપના કરી. વર્ષ ૨૦૦૭ દીનદયાળ એનર્જી યુનિવર્સિટીની સ્થાપના કરી. આ માટે ફોરેન્સિક સાયન્સને સમજનારા યુવાનો તૈયાર કરવા વર્ષ ૨૦૦૮માં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી હોય, આ દેશની રક્ષાશક્તિની તાકાતને સમજનારા યુવાનો તૈયાર કરવા વર્ષ ૨૦૦૯માં રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરી. બાળકને નાનપણથી સમજવો, બાળકને નાનપણથી એ દિશામાં ઉછેરવો તથા ચાઇલ્ડ સાઇકોલોજીને સમજનારા લોકો તૈયાર કરવા વર્ષ ૨૦૦૯માં ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરી. આ દેશમાં કૃષિ એક આધાર છે. આ કૃષિમાં એ યુવાનો ઊભા થાય કે જે યુવાનો આ દેશની કૃષિની જરૂરિયાતોને પૂરી કરે, કૃષિ આધારિત વેલ્યુ એડિશન કરનારી પ્રોડક્ટો તૈયાર કરે એ માટે કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના કરી. આ માટે જોઇતા ટીચર્સને તૈયાર કરવા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સની સ્થાપના કરી. આ વિચારો માનનીય નરેન્દ્ર મોદીજીને વિશ્વના અનેક નેતાઓથી અલગ પાડે છે જેમણે આ બધી જ વેલ્યુ એડિશન યુનિવર્સિટીઓ, સ્પેશિયલ યુનિવર્સિટીઓની એક નવી હારમાળા ઊભી કરી, આ દેશને એજ્યુકેશન માટે યુવાનોને કેવી રીતે તૈયાર કરવા એ દિશામાં કામ કર્યું છે. આજે એજ્યુકેશન ખાલી માર્કશીટ આપનારું નથી. એજ્યુકેશન સ્કીલ આપનારું છે. એજ્યુકેશનને ઇન્ડસ્ટ્રીઝ સાથે લીંક કરી આગળ વધવા માટે આ યુવાન રાહ જોઇને તૈયાર બેઠો હોય ત્યારે એના રિસર્ચ માટેના ઇન્ફ્રાસ્ટ્રકચર આપણે ઊભા કરી રહ્યા છે. આપણે એજ્યુકેશનને એફોર્ડેબલ અને

એક્સેસિબલ બનાવી રહ્યા છે. આપણે એજ્યુકેશનને ડિજિટલ બનાવી રહ્યા છીએ. આપણે મોર્ડન લર્નિંગ સાથે જોડી રહ્યા છીએ. એજ્યુકેશન એકલું ભણવાથી, ડિજિટલ સ્કીલ લેવાથી કે એન્જિનિયરિંગ સ્કીલ લેવાથી નહીં થાય પણ એના માટે કેરેકટર બિલ્ડિંગ અને વેલ્યુને સમજનાર યુવાનો જોઇએ. ભારત પ્રથમની ભાવના સમજનારા યુવાનો જોઇશે. હું પછી મારો દેશ મારા પહેલાં આ સમજનારા યુવાનો માટે એક તો કેરેકટર બિલ્ડિંગ એટલે એ પ્રકારના એજ્યુકેશનની વાત હું આગળ કરવાનો છું. આજે નોકરી માગનાર નહીં પણ નોકરી આપનાર યુવાનો તૈયાર કરવા માટે અને વિશ્વની સાથે પોતાની જાતને જોડનાર યુવાનો વિશ્વની આંખમાં આંખ નાખનારા યુવાનો તૈયાર કરવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. આ માટે આપણે જે યુનિવર્સિટીઓની સ્થાપના કરી એની સાથોસાથ સ્કીલ ડેવલપમેન્ટ માટે માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના પાથ ઉપર ચાલી આપણે કૌશલ્ય સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરી. માનનીય શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે, માનનીય શ્રી મોદી સાહેબ જે સ્કીલની વાત કરે છે ત્યારે એમણે સ્ટૂડન્ટ સ્ટાર્ટઅપ પોલિસીની રચના કરી. જે પ્રકારે માનનીય શ્રી ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં આ જે ચાલી રહ્યું છે એમાં નેશનલ એજ્યુકેશન પોલિસી–૨૦૨૦ ડિકલેર થઇ તો દેશમાં સૌથી પહેલા એને લાગુ કરનાર રાજ્ય ગુજરાત બન્યું હતું. એક્સેસ, એકાઉન્ટિબિલિટી, એફોર્ડેબિલિટી, ક્વોલિટી અને ઇક્વિટી જેવા સિદ્ધાંત ઉપર જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદી ૩૮ વર્ષ પછી શિક્ષણ પોલિસી લાવ્યા હોય ત્યારે એને કેમ કરીને આગળ વધારવી એ આપણા સૌની જવાબદારી બને છે. કોમન કેરીકુલમ હોય, ક્રેડિટ ફ્રેમવર્ક હોય, એના જી.આર. બધી જ યુનિવર્સિટીઓમાં થઇ ગયા છે. એની એસ.ઓ.પી. બની ચૂકી છે. ત્રણ વર્ષ ભણો ત્યારે ૧૩૨ ક્રેડિટ બધી યુનિવર્સિટીમાં તમને કોમન મળે. ચાર વર્ષ ભણો ત્યારે ૧૭૬ ક્રેડિટ મળે. આ બધી યુનિવર્સિટીઓમાં આ માટે ફોર યર અન્ડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ ગુજરાતની દરેક યુનિવર્સિટી ઓફર કરી રહી છે. એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટ ની આઇ.ડી. દ્વારા આજે યુવાન પોતાની ક્રેડિટને પોતે સુરક્ષિત રાખી જ્યારે પોતાનો સમય સારો ન હોય અને છોડી દેવું હોય અને પાછું એન્ટર થવું હોય તો એ ક્રેડિટથી પાછો એન્ટર થઇ શકે. મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટની સુવિધા આપણી સરકાર આપવામાં સફળ થઇ. મલ્ટી ડિસિપ્લીનરી એકશન ઓફ એજ્યુકેશન. પહેલાં તમને ૬૦ ટકા મળે તો બી.એસ.સી. કરો, ૭૦ ટકા મળે તો ડિપ્લોમા કરો, ૮૦ ટકા મળે તો એન્જિનિયરીંગ કરો, ૯૦ ટકા મળે તો મેડિકલ કરો. તમારી પાસે કોઇ ઓપ્શન ન હતું. તમારા ટકા તમારું ભવિષ્ય નક્કી કરતા હતા. હવે તમે સાયન્સ ભણતા હોય, ક્યારેક આર્ટસનો પણ સબજેક્ટ લઇ શકો. તમે આર્ટસ ભણતા હોવ તો ક્યારેક કોમર્સનો વિષય લઇ શકો એ પ્રકારે મલ્ટી ડીસિપ્લીનરી શિક્ષણ સરકારે નવી શિક્ષણ નીતિની અંદર આપ્યું છે. ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ કરીને પણ માણસ પોતાની ૪૦ ટકા ક્રેડિટ કમાઇ શકે છે. ઇન્ટર યુનિવર્સિટી ટ્રાન્સફર, પહેલા તમને એડમિશન સુરત યુનિવર્સિટીમાં મળ્યું હોય અને ગુજરાત યુનિવર્સિટીમાં આવી ન શકો. પરંતુ હવે ઇન્ટર યુનિવર્સિટી ટ્રાન્સફર કરી શકાય છે. પહેલાં ૩ વર્ષ ભણો, ૨ વર્ષ માસ્ટર ડિગ્રી લો પછી પી.એચ.ડી. કરી શકતા હતાં. હવે યુ.જી.ના ૪ વર્ષ કરીને પણ પી.એચ.ડી. કરવું હોય તો કરી શકાય છે. ૧ અને ૩ સેમેસ્ટરમાં જે ઇન્ડિયન નોલેજ સિસ્ટમ, આપણે આર્યભટ્ટને સમજવા પડશે. કોણાર્ક મંદિરની અંદર શા માટે સૂર્યની પ્રતિકૃતિ ઉપર અને નીચે કોઇ આધાર વગર લટકતી હતી એવી મેટલર્જીને સમજવી પડશે. એલિસબ્રિજને આજે કેમ કાટ લાગતો નથી, એ કેવી મેટલર્જી હતી એ આપણે જોવું પડશે. શા માટે વીંટીમાંથી આખી સાડી નીકળી જતી હતી એવી ઢાકાની મલમલ આ દેશ બનાવતો હતો. દુનિયામાં આપણા છોકરાઓ ભણવા જાય છે પણ શા માટે વિશ્વમાં તક્ષશિલા અને નાલંદામાં વિશ્વના લોકો ભણવા આવતા હતા એ આપણા યુવાનોને વિશ્વાસ આપવો પડશે. ઇન્ડિયન નોલેજ સિસ્ટમમાં આપણે લોકોને કહેવું પડશે. 'યુગ સહસ્ત્ર જોજન પર ભાનુ' જે અત્યારે નાસા કહે છે કે સૂરજ કેટલો દૂર છે,એ હનુમાન ચાલીસામાં તુલસીદાસે સાડા પાંચસો વર્ષ પહેલાં લખી નાખ્યું. આ ઇન્ડિયન એજ્યુકેશન સિસ્ટમ છે. આપણે લોકોને કહેવું પડશે કે ભારતને સમજવું રહ્યું. તમારું પહેલું સેમેસ્ટર હોય કે ત્રીજું સેમેસ્ટર હોય એની અંદર ફરજિયાત ઇન્ડિયન નોલેજ સિસ્ટમના બે ક્રેડિટ સ્ટુડન્ટને આપવામાં આવે છે. બધી જ યુનિવર્સિટીઓને ભેગી કરીને ૮૦ જેટલા આવા વિષયો ગુજરાતે તૈયાર કરી નાખ્યા છે. વિશ્વની યુનિવર્સિટીઓ અહીંયાં આવે અને આપણો યુવાન વિશ્વની યુનિવર્સિટીમાં એડમિશન લઇ શકે. પૈસાનો ખર્ચો કરવો ના પડે એના માટે ડિક્કિન યુનિવર્સિટી અને વોલ્કન યુનિવર્સિટીએ ગિફ્ટસિટીમાં પોતાના કેમ્પસ શરૂ કરી ચૂક્યાં છે. હું બધા જ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરીશ કે ગુજરાત યુનિવર્સિટીની બાજુમાં આવેલ આઇ–હબ જોવા જાવ. આઇ–હબમાં માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી બાદ સ્ટાર્ટઅપ ઇનોવેશન આઇ–હબ શરૂ કર્યું છે, એ જોવા જેવું છે. માઇન્ડ ટુ માર્કેટ હોય, પ્રિઇન્ક્યુબેશન અને એક્સેલેસનના સ્ટેઝ ઉપર દોઢ લાખ ફૂટની આ ઇમારત ૭૨૦ યુવાનોને મદદ કરવા ૩.૨૩ કરોડની ગ્રાન્ટ આપી. ૩.૪૫૯ કરોડ ખાનગી વેન્ચરને મદદ કરાવી ત્યાંથી ૫૦૦ લોકોને રોજગારી તો ઊભી થઇ. પરંતુ જે સ્ટાર્ટઅપ ઊભા થયા એ સ્ટાર્ટઅપની માર્કેટ વેલ્યુ આજે ૩.૩,૫૬૯ કરોડ છે. એમાંથી ૧૯૬ તો મારી બહેન–દીકરીઓને વી–સ્ટાર્ટના નામે આપણે મદદ કરી શક્યા. માર્કેટ એકેડમી, ઇન્ડસ્ટ્રીઝ કોમ્યુનિટી અને ગવર્નમેન્ટની સાથે મેજિક કનેકટથી કો–વર્કિંગથી ૧૦૦ લોકો એનો લાભ લઇ રહ્યાં છે. આજે ઇન્ટરનેશલ એજ્યુકેશન સિટી પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૫–૨૬માં માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર મૂકી ચૂકી છે એમાં ૩.૧૦ કરોડનું પ્રાવધાન કરીને આજે ૨૦૦૦ યુનિવર્સિટી મેપિંગ કરીને બધી યુનિવર્સિટીને આપી ચૂક્યા છીએ કે આ ૨૦૦૦ ઇન્ડસ્ટ્રીઝમાં સ્ટુડન્ટને મોકલો તેમને ત્યાં આગળથી જ્ઞાન મળશે. છઠ્ઠા સેમેસ્ટરમાં ફરજિયાત ઇન્ટર્નશિપ કરે તો સરકારી કોલેજો અને ગ્રાન્ટ ઇન એઇડમાં હોય એને પર સ્ટુડન્ટ ૩.૨,૦૦૦ આપી સ્ટુડન્ડને ભોજન કે મુસાફરીનો કોઇ ખર્ચ નહીં પણ ઇન્ટર્નશિપ કરવા જાય.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અમિત ઠાકર : છેલ્લે એક લાઇન કહીશ..

"युवा है शक्ति भारत की, युवा है देश की पहेचान,
शिक्षा से जब मिलती दिशा तो बदलता हिन्दुस्तान।
डिग्री नहीं कौशल चाहिए, ज्ञान नहीं नवाचार चाहिए,
युवाओं को अवसर मिल जाए, तो दुनिय पर अधिकार चाहिए।
सपनों को जब मिलती है उडान, महेनत बनती उसकी पहचान,
शिक्षा, कौशल आत्मविश्वास से युवा लिखेगा भारत का नया विधान।
सो वर्षों की आज़ादी पर जब भारत खड़ा होगा महान,
दुनिय कहेगी गर्व से युवा है भारत की शान।।"

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ઉમેશભાઇ, આશા રાખીએ કે આજે જરા બોટાદથી બહાર નીકળીને ગુજરાતની શિક્ષણ નીતિ ઉપર વાત કરે. બે મિનિટ, તમને મળે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : આભાર, માનનીય અધ્યક્ષશ્રી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણી ક્રમાંક ૯, ૧૦, ૯૨ અને ૯૫ લઇને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. પહેલા માનનીય શિક્ષણ મંત્રી ડૉ.પ્રધુમન વાજા સાહેબ અને રિવાબાનો બોટાદની જનતા વતી ખબૂ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, "**ना भूतो, ना भविष्यते**" બોટાદ જિલ્લામાં સાયન્સ કોલેજ પ્રથમ વખત અમને આપી એ બદલ બોટાદથી જનતા વતી માનનીય મંત્રીશ્રીનો પણ આભાર માનું છું. વર્ષો જૂની અમારા હડદડ ગામના લોકોની માગણી હતી કે ત્યાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા નથી, બિલ્ડિંગ નહતું. બાળકો બહાર બેસીને ભણતાં, રૂ.૩ કરોડ નાણાકીય વર્ષમાં મંજૂર કરવામાં આવ્યો છે ત્યારે હડદડ ગામ વતી પણ માનનીય મંત્રીશ્રીઓનો આભાર માનું છું. સાથોસાથ સાયન્સ કોલેજ રાણપુર તાલુકામાં આપી છે. મને રાણપુર તાલુકામાં આપી છે તો જિલ્લા કક્ષાએ આપવામાં આવે કારણ કે રાણપુરમાં એક પણ સાયન્સનો વિદ્યાર્થી નથી, એક પણ સાયન્સની સ્કૂલ નથી. સૌથી વધુ સાયન્સની સ્કૂલ હોય તે બોટાદમાં છે, સૌથી વધુ વિદ્યાર્થીઓ સાયન્સના હોય તો એ બોટાદ શહેરમાં છે તો બોટાદ જિલ્લા કક્ષાનું મથક છે તો ત્યાં મને સ્થળ બદલી કરવામાં આવે અને સાથોસાથ મંત્રીશ્રી પાસે એ પણ માગણી કરવા માગું છું મારા બોટાદ જિલ્લાની અંદર ડાયેટનું બિલ્ડિંગ બની ગયું છે તો તાત્કાલિક બી.એડ. કોલેજની ત્યાં મને માન્યતા આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બોટાદ તાલુકાની અંદર લાહીદડ, જનડા, ટાટમ, ગોરડકા તેમાં માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી મને તાત્કાલિક આપવામાં આવે અને સાથોસાથ બોટાદ તાલુકાનું પાળિયાદ ગામ છે ત્યાં ગ્રામ પંચાયત સંચાલિત એક માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા છે તેનું બિલ્ડિંગ ખૂબ જર્જરિત છે તો ત્યાં મને બિલ્ડિંગ એક બનાવી આપવામાં આવે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, જે ચિત્રના, સંગીતના અને વ્યાયામના શિક્ષક છે જેની પંદર વર્ષથી ભરતી નથી થઇ તો તેની તાત્કાલિક ભરતી કરવામાં આવે.

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી ડૉ. પ્રધુમન વાજા સાહેબ જે શિક્ષણ વિભાગની અનુદાન માટેની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું તેમને સમર્થન આપી અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ શાસક પક્ષ હોય, વિરોધ પક્ષ હોય શિક્ષણની નીતિની વાત કરી છે. આપણે બધા જાણીએ છીએ કે આ ભારત દેશ એ સનાતન સંસ્કૃતિ અને ઋષિ પરંપરાનો દેશ છે અને વર્ષો પહેલાં જે રીતે અમીતભાઇએ કહ્યું કે, નાલંદા, તક્ષશિલા જેવી યુનિવર્સિટીઓ, એવી વિદ્યાલયો આ ભારત દેશની અંદર ચાલતી અને સમગ્ર વિશ્વમાંથી અહીંયાં અભ્યાસ માટે બાળકો આવતા હતા. મારે કહેવું છે કે, એ સમયની એક શિક્ષણની નીતિ હતી અને વચ્ચેનો ગાળો આપણો ગયો અત્યારે ઘણા વિરોધ પક્ષના સભ્યશ્રીઓ શિક્ષણ નીતિની વાત કરતા હતા પણ વચ્ચેનો એવો ગાળો ગયો કે ,આ શિક્ષણ માટે બાળકો માટે સ્કૂલ નહોતી, તેમના ઓરડાઓ નહોતા, એમની પાસે ટીચરો નહોતા અને આપણે બધાય જાણીએ છીએ કે ત્યારે ટીચરો હતા તો એ ટીચરો ઘરેથી શાકભાજી લઇને આવતા અને ત્યાં સુધારતા ત્યારે બાળકોને એ ટાઇપનું શિક્ષણ નહોતું. જયારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ રાજયના જયારથી મુખ્યમંત્રી બન્યાં અને એમણે એક શિક્ષણ નીતિ શરૂ કરી. અને આપણને બધાને ખબર છે કે, તે સમયની અંદર દીકરીઓને શિક્ષણ નહોતું મળતું અને દીકરીઓનો ડ્રોપઆઉટ રેશિયો સૌથી વધારે હતો ત્યારે આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે એક શિક્ષણ નીતિ કરાવી કે દીકરીઓને ભણાવવી, દીકરીઓની શકિત વધે, આ રાજયની, આ દેશની દીકરીઓ સમાજની

અંદર દરેક ક્ષેત્રની અંદર આગળ વધે અને એક ઊંચી ઉડાન ભરે તે કામ માટે આદરણીય પ્રધાનમંત્રીશ્રી એ વખતના મુખ્યમંત્રી હતા ત્યારે દીકરીઓ માટે શિક્ષણમાં ભાર મૂકેલ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, એ શિક્ષણ નીતિ આપણે ભણતાં ત્યારે આપણા મોં–બાપ આપણું બાવડું પકડી અને ઉભી બજારે મૂકવા જતા એ સમય હતો. એ સમયની અંદર આપણે એજયુકેશન લીધુ હતું. અત્યારની જે સરકારની નીતિ છે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ હોય, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ હોય કે આ વિભાગના મંત્રીશ્રી પ્રધુમનભાઇ, રિવાબા અને ઉચ્ચ ટેકનોલોજીની અંદર આપણે હોય તો માનનીય ત્રિકમભાઇ છાંગા છે, આ બધા મંત્રીશ્રીઓ જે રીતે શિક્ષણની નીતિની અંદર કામ કરી રહ્યાં છે આપણે કહેવું પડે છે કે બાળકનું કઇ રીતે તમે જીવનની અંદર ઘડતર કરો છો તે સૌથી મહત્ત્વનું પાસું આ શિક્ષણ નીતિની અંદર છે. અત્યારે જે શિક્ષકો બાળકોને જે રીતે ઘડી રહ્યાં છે, બાળકોને જે રીતે શિક્ષણ આપી રહ્યાં છે અને જે રીતે તેની સાથે જોડાયેલાં અધિકારીઓ હોય, મંત્રીશ્રીઓ હોય એ જે રીતે ટેકલ કરી રહ્યાં છે તે સૌથી મહત્ત્વનો વિષય છે. આપણને ઘણી વખત એવો આનંદ થાય કે, આ રાજયના શિક્ષણ મંત્રીઓ કઇ રીતે સ્કૂલની અંદર જાય છે અને પહેલાં જતાં ત્યારે એ સમયમાં ખાલી જઇ, ફોટો પાડી ખાલી ત્યાં બેસી અને આંકડાઓ લઇને એક રિપોર્ટ પૂરો કરીને આવી જતાં. આ રાજયના શિક્ષણ મંત્રીઓ અત્યારે જયારે ડે સ્કૂલની મુલાકાતે જાય છે ત્યારે બાળકો સાથે બેસી અને આનંદ કરે છે અને જે રીતે પોષ્ટિક આહારની વાતો કરતા હતા આજે તેનો વિષય નથી પણ સ્કૂલની અંદર આહાર જોડાયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે મારે કહેવું પડે છે કે એ સ્કૂલની અંદર જયારે મંત્રીશ્રી જાય છે ત્યારે મને આનંદ થાય છે કે હમણાંજ આ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી આદરણીય રીવાબા જાડેજા જૂનાગઢ આવ્યા હતા મારા વિધાનસભા વિસ્તારની અંદર અને સ્કૂલની અંદર ગયાને તો બાળકો, દીકરીની સાથે એની થાળીમાં જમ્યા અને એ સ્કૂલ હતી એ કન્યા શાળા નંબર–૪ હતી, ત્યાં વાલ્મિકી સમાજના વધારેમાં વધારે જે મજૂરી કરતા પરિવારોનાં બાળકો ભણે છે એ સ્કૂલની અંદર દીકરીની સાથે એની થાળીમાં આ રાજયના મંત્રી એની સાથે જમે અને જમતા જમતા એના પરિવારની ચર્ચા કરે, આ સ્કૂલની ચર્ચા કરે, એજયુકેશન સિસ્ટમની ચર્ચા કરે અને એ બાળક પાસેથી જે શીખવાનું મળે છે ને આપણે ખરેખર એવું સમજીએ છીએ કે આપણે શીખવાડવાનું છે પણ આ રાજયની શિક્ષણ નીતિ છે, આ રાજયના અધિકારીઓ હોય, આ રાજયના મંત્રીશ્રી હોય કે રાજયના ધારાસભ્યશ્રી હોયને એ જાય છે ત્યારે બાળક પાસે બેસીને સમજે છે, બાળકને સમજે છે કે એમની અંદર શું ભાવના છે, એ બાળક કઇ રીતે એજયુકેશન સિસ્ટમને સમજે છે, એને શું જરૂરીયાત છે, એની અપેક્ષાઓ શું છે અને કઇ રીતે શિક્ષણ મળી રહ્યું છે એ એની સાથે બેઠાં બેઠાં જમતા જમતા માહિતી મેળવે છે. આપણી કહેવત છે કે 'જેના અન્ન ભેગા એના મન ભેગા' એ કહેવત આ રાજયના મંત્રીશ્રીઓ સાકાર કરી રહ્યા છે. જમતાં જમતાં વાતો કરતા કરતા બાળક પાસેથી જાણે છે. પછી એજ દીકરીઓ ખો–ખો રમતી હતી, માનનીય મંત્રીશ્રી એમની ઓઢણી બેવડી વાળીને એ દીકરીઓની સાથે દીકરી બનીને એની સાથે ખો–ખો રમવાનું કામ કરી રહ્યાં છે. પછી બાળક પાસે ઊભા હતા ત્યારે શિક્ષકોને બાળકે કહ્યું કે આવા મંત્રીશ્રીઓ અમે જોયા છે, આનાથી અમારા મનમાં શિક્ષણની વિશેષ ભાવના ઉપસ્થિત થાય છે કે આવી રીતે શિક્ષણ આપે છે એટલે બાળક બનીને બાળકની સાથે રમવાનું શરૂ કરીએ ત્યારે આ શિક્ષણ નીતિ એ ઉચ્ચ શિક્ષણ નીતિ બને. આજે હું જૂનાગઢથી પ્રતિનિધિત્વ કરું છું એટલે મારે નરસિંહ મહેતાને યાદ કરવા પડે કારણ કે આ નરસિંહ મહેતાની ભૂમિ છે. આ ગિરનારની ભૂમિ છે અને ભકત કવિ નરસિંહ મહેતા ઇન્ટરનેશનલ રિસર્ચ સેન્ટર આ ગુજરાત રાજયની સરકારે મંજૂર કર્યું છે અને તેનું કામ ચાલુ છે. નરસિંહ મહેતાને એટલા માટે શિક્ષણની અંદર યાદ કરવા પડે કે નરસિંહ મહેતા ઇન્ટરનેશનલ રિસર્ચ સેન્ટર, આપણને એમ થાય કે શિક્ષણ વિભાગની અંદર નરસિંહને શું કરવા પણ નરસિંહને સમજવો એ દુનિયાની અંદર સૌથી મહત્ત્વનું પાસું છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે નરસિંહ મહેતાની વાત આવતી ત્યારે યાદ કરે, નરસિંહ એટલા માટે છે કે આ યુવાનો માટે સૌથી મોટું પાસું શિક્ષણની અંદર તો એની મનોવૃત્તિ પ્રબળ થાય, એનો વિશ્વાસ વધે, એની તાકાત વધે એના માટે નરસિંહ આ દુનિયાની અંદર સૌથી મોટું ઉદાહરણ છે એટલા માટે જ મને એવું લાગે છે કે સરકારે નરસિંહ મહેતા ઇન્ટરનેશનલ રિસર્ચ સેન્ટરની જે શરૂઆતથી માગણી હતી એ એમણે મંજૂર કરી. મારે નરસિંહની એટલા માટે વાત કરવી છે કે ભગવાન કૃષ્ણને બાવન વખત આ જુનાગઢની અંદર એક અભણ વ્યકિત, કોઇ જાતનું એની પાસે એજયુકેશન નહોતું પણ એની પાસે ભરોસો હતો કે હું બોલાવું અને મારો કનૈયો આવે એ વાત નરસિંહ પાસે હતી અને એટલે જ નરસિંહ મહેતા ઇન્ટરનેશનલ રિસર્ચ યુનિવર્સિટીની કદાચ સરકારે સ્થાપના કરી હશે કે એ બાળકો નરસિંહમાંથી શીખે. બાળકો નરસિંહને યાદ કરેને ત્યારે એમ થાય કે વિશ્વાસ છે, મને વિશ્વાસ થશે કે હું કરી શકું છું. મારી અંદર ક્ષમતા છે, હું જે કરીશ એનાથી સફળતા પ્રાપ્ત થશે અને મારા જે સદવિચાર છે એ પૂર્ણ થશે, આજે પણ આખી દુનિયા યાદ કરે છે કે જયારે પણ કોઇ સદકામ થતું હોય, દેશના પ્રધાનમંત્રીશ્રી વિશ્વના નેતાઓ આવતા હોય ત્યારે પણ દિલ્હીના શાંતિઘાટની અંદર '' વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે'', આ કવિતા, આ વાતથી, આ તાકાતથી બાળકોની અંદર ઊર્જા આવે છે. એ તાકાત આ બાળકોની અંદરથી એની અંદર આવે છે. મારે એ વાત કહેવી છે કે આ ટેકનોલોજી જે ટેકનોલોજીથી આપણે આગળ વધી રહ્યા છીએ એની અંદર આપણને બધાને ખબર છે કે થોડાક સમય પહેલાં આપણે ખાલી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સિવાય કોઇપણ જાતના શિક્ષણની વ્યવસ્થાઓ નહોતી, આ ગુજરાતનાં બાળકોને ભણવા જવું હોય, એમ.બી.એ. કરવું હોય, બી.બી.એ. કરવું હોય, મેડિકલ હોય, એન્જિનિયરિંગ હોય તો બાજુના રાજયમાં જવું પડતું હતું એ વ્યવસ્થાઓ આ ગુજરાતના શિક્ષણ પદ્ધતિની હતી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

ભારતીય જનતા પાર્ટીની આ ગુજરાતની અંદર સરકાર આવી અને જે રીતે શિક્ષણની નીતિ બદલાઇ છે, આપણે કહી શકીએ છીએ કે આ રાજયની અંદર દરેક જિલ્લાઓની અંદર હમણાં શ્રી ઉમેશભાઇ બોલ્યા કે કંઇ હતું નહીં, એક જિલ્લો એવો નથી કે જ્યાં એન્જિનિયરિંગ કૉલેજ ન હોય, મેડિકલ કૉલેજ ન હોય. જ્યાં બાકી છે ત્યાં પણ સરકારે નિર્ણય કર્યો છે કે દરેક જિલ્લામાં મારા રાજ્યના વિદ્યાર્થીઓને દરેક જાતનું શિક્ષણ મળી રહે. એને બહાર ન જવું પડે. આપણે પહેલાં બહાર જતાં તો ખૂબ પૈસા આપવા પડતા. ગરીબ મૉં-બાપના દીકરાઓ ભણ્યા છે તો આપણને ખબર છે કે એમણે કઇ રીતે શિક્ષણ લીધું છે. આજે કોઇને બહાર ભણવા જવું હોય તો સરકાર એને લોન પણ આપે છે. એ સરકારની યોજનાઓ છે, સરકારની નીતિ છે. આ શિક્ષણ નીતિથી સમાજ જીવનમાં એક નવું પરિવર્તન આવશે. આપણને ખબર જ છે કે શિક્ષણ બે પ્રકારના મળે છે. એક સંસ્કાર સાથેનું શિક્ષણ અને બીજું માત્ર શિક્ષણ. આપણે આ બંનેના ઉદાહરણ જોયા છે. આદરણીય પ્રધાનમંત્રી કહે છે કે, "**वसुधैव कुटुंबकम**" વિશ્વ એક પરિવાર છે. પરિવારની ભાવના ત્યારે જ આવે જ્યારે સંસ્કાર સાથેનું શિક્ષણ મળ્યું હોય ત્યારે આવે. સંસ્કાર સાથેનું શિક્ષણ એટલે ડૉ. અબ્દુલ કલામ અને માત્ર શિક્ષણની વાત કરીએ તો ઓસામા બિન લાદેન એનું ઉદાહરણ છે. આ બંને વચ્ચેનો તફાવત શિક્ષણની નીતિ ઉપર છે. આ રાજ્યની, આ દેશની શિક્ષણ નીતિ યુવાનોને આગળ વધારવા માટે સૌથી મહત્ત્વની છે. આપણે આજે કહી શકીએ છીએ કે સમાજ જીવનમાં બાળકોનું ઘડતર સૌથી મહત્ત્વનું પાસું છે. કેન્દ્ર સરકારની નવી શિક્ષણનીતિનું અનુકરણ ગુજરાત સરકાર કરી રહી છે ત્યારે એક જ કવિતા સાથે મારી વાત પૂર્ણ કરું છું.

'' શિક્ષણથી ખૂલે સફળતાના દ્વાર, જ્ઞાનથી વધે માન અને સન્માન,
જે જીવનમાં શીખવાનું ન છોડે, તે જ બને દેશનો ગૌરવવાન,

માનનીય મંત્રીશ્રી આ માગણી ક્રમાંક-૯ અને ૧૦ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. એમને ટેકો આપું છું. આભાર, વંદન, ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત.

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, પરમ વંદનીય, પૂજનીય ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને શ્રધ્ધાસુમન સાથે વંદન કરું છું અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માનનીય મંત્રી ડૉ. પ્રધુમન વાજા સાહેબ તેમજ રાજ્યકક્ષાનાં મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલ જે માગણીઓ લઇને આવ્યાં છે તેને હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું અને આ વિભાગ હેઠળની સમાજ સુરક્ષા પ્રભાગની કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો, વૃદ્ધજનો તેમજ દિવ્યાંગજનો માટેની યોજનાઓ ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગજનો સરળ અને અવરોધ વિના હરીફરી શકે તે માટે વર્ષ ૨૦૨૫-૨૬માં મોટરાઇઝડ ટ્રાઇસિકલ તથા જોયસ્ટિક વ્હીલચેર આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. જે અંતર્ગત દિવ્યાંગજનો લાંબા અંતરની મુસાફરી સમયે જોયસ્ટિક વ્હીલચેર સાથે લઇ જઇ શકે તે માટે ફોલ્ડિંગ જોયસ્ટિક વ્હીલચેર હોવી જરૂરી છે. જેને ધ્યાનમાં રાખી ફોલ્ડિંગ જોયસ્ટિક વ્હીલચેર તેમજ મસ્ક્યુલર ડિસ્ટ્રોફી ધરાવતાં દિવ્યાંગજનો માટે દિવ્યાંગતાની ટકાવારી ૬૦ ટકાથી ઘટાડીને ૪૦ ટકા કરવાની નવી બાબત મંજૂર કરેલ છે તથા ૩.૮ કરોડની જોગવાઇ કરેલ છે જેમાં વર્ષ ૨૦૨૬-૨૭માં ચાલુ બાબત તરીકે ૩.૫૨ કરોડની જોગવાઇ કરી છે. આમ કુલ ૩.૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ફોલ્ડિંગ જોયસ્ટિક વ્હીલચેર અને મોટરાઇઝ્ડ ટ્રાયસિકલ વિતરણ સમારંભ તા.૧૩/૩/૨૦૨૬ના રોજ આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રધુમન વાજા સાહેબ અને રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી મનીષબેન વકીલ દ્વારા તેનો શુભારંભ કરવામાં આવ્યો છે ત્યારે એ આપણા માટે ગૌરવની બાબત છે અને હું તેમને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. બૌદ્ધિક અસમર્થતા ધરાવતાં મનોદિવ્યાંગ વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજનામાં ૫૦ ટકા કે તેથી વધુ બૌદ્ધિક અસમર્થતા જેમાં સેરેબ્રલ પાલ્સી/ઓટિઝમની દિવ્યાંગતા ધરાવતા ૦થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિઓને માસિક રૂપિયા એક હજારની સહાય મળવાપાત્ર હતી, તેને વર્ષ ૨૦૨૬માં જાન્યુઆરી-૨૦૨૬ અંતિત કુલ ૭૮,૩૯૭ લાભાર્થીઓને ૩.૭૭.૧૮ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે અને વર્ષ ૨૦૨૬-૨૭માં કુલ ૮૦ હજાર લાભાર્થીઓને લાભ આપવા માટે ૩.૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. સંત સુરદાસ યોજના અંતર્ગત દિવ્યાંગજનોને આર્થિક સહાય પૂરી પાડવાના આશયથી આ યોજના રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૦થી અમલમાં મૂકવામાં આવેલ હતી. રાજ્યના વધુ દિવ્યાંગો લાભ લઇ શકે તે માટે પાત્રતાના ધોરણોમાં સમયાંતરે સુધારા કરી હાલ ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને આ યોજના હેઠળ માસિક ૩.૧,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી-૨૦૨૬ અંતિત કુલ ૭૯,૮૯૮ લાભાર્થીઓને ૩.૭૧.૮૩ કરોડની સહાય ચૂકવવામાં આવેલી છે. વર્ષ ૨૦૨૬-૨૭માં કુલ ૧,૦૫,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવા માટે ૩.૧૨૯.૬૦ કરોડની જોગવાઇ કરેલી છે. આ જોગવાઇથી ગુજરાતનો દિવ્યાંગજન ખૂબ જ ગૌરવ અનુભવે છે અને સાથે કહે છે કે.

"हम दिव्यांग नहीं, हम दिव्य अंग हैं,
हम इश्वर की अनोखी पहेचान हैं, हम ही तो गुजरात की शान हैं।"

માનનીય અધ્યક્ષશ્રી, પાલક માતા-પિતા યોજના દ્વારા આપણા મુખ્યમંત્રી બાળસેવાના લાભાર્થી ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવી દીકરીના લગ્ન સમયે ૩.૨ લાખની સહાય આપવાની જોગવાઇ વર્ષ ૨૦૨૩-૨૪માં અમલમાં મૂકવામાં આવી

હતી. આ યોજનાથી દીકરીઓના વાલીને તેના લગ્ન સમયે થતા ખર્ચને પહોંચી વળવા માટે મદદ થશે તેમજ લાભાર્થી દીકરીઓને આ રકમ પોતાના જીવનની નવી શરૂઆત કરવા માટે ભરણપોષણનાં સાધન ખરીદવામાં મદદરૂપ થઈ શકશે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી ૨૦૨૬ અંતિત ૨૯૩ લાભાર્થીઓ માટે રૂ.૫.૮૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ હતી. રૂ.૨૦૨૬-૨૭માં રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીની સરકારે દીકરીઓના પાલક વાલી/પાલક પિતા બનવાનું કાર્ય કર્યું છે ત્યારે આ યોજનાથી બાળકો કહે છે કે,

"मैं था एक छोटा सा बालक, ना माँ का आंचल, ना पिता का सहारा,
सुमसाम रस्तों पे चलता था, बस रहेता था मेरे साथ अंधियारा,
पर इस सरकार ने मेरे जिवन में कर दिया उजियाला।"

આમ, પાલક માતા-પિતા યોજના વર્ષ ૨૦૦૯માં અમલમાં આવેલ છે ત્યારે આ યોજનામાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર અનાથ બાળકો અને પિતાનું અવસાન થયા બાદ જેમની માતાએ પુન: લગ્ન કરેલ હોય અને બાળકોને પોતાની સાથે લઇ જઇ શકાયા ન હોય તેવા બાળકોના પાલક વાલી પર આર્થિક ભાર ઓછો કરવા માટે બાળકોના શૈક્ષણિક પાસાંઓ સબંધિત યોગ્ય સંભાળ તેમજ પારિવારિક વાતાવરણમાં સહજતાથી સંતુલિત વિકાસ થાય તે અભિગમથી આ યોજના અમલી છે. આ યોજના અંતર્ગત પાલકને બાળકની ૧૮ વર્ષની ઉંમર પૂર્ણ થાય ત્યાં સુધી માસિક રૂ.૩,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી-૨૦૨૬ અંતિત કુલ ૨૧,૫૦૪ લાભાર્થીઓ માટે રૂ.૬૬.૭૨ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે અને વર્ષ ૨૦૨૬-૨૭માં ૨૩,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ આપવા માટે રૂ.૮૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદયની ભાવના સાથે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ સાથે કાર્યરત ગુજરાતની આ કટિબદ્ધ સરકાર વૃદ્ધો અને દિવ્યાંગ સાથે સંવેદનાત્મક રીતે જોડાયેલ છે. રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ અને નિરાધાર દિવ્યાંગને આર્થિક સહાય યોજના વર્ષ ૧૯૯૮થી અમલમાં છે ત્યારે ગુજરાત રાજ્યમાં છેલ્લાં ૧૦ વર્ષથી વસવાટ કરતાં હોય અને ૬૦ વર્ષથી કે તેથી વધુ ઉંમર અથવા દિવ્યાંગતાના કિસ્સામાં ૭૫ ટકા કરતાં વધુ દિવ્યાંગતા અને ૪૫ વર્ષ કે તેથી વધુ ઉંમર હોય તેવા વૃદ્ધજનો કે દિવ્યાંગજનો કે જેમને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હયાત ન હોય અને વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તારમાં રૂ.૧ લાખ ૫૦ હજાર કરતાં વધુ ન હોય તેવા નિરાધાર વ્યક્તિઓ અથવા બી.પી.એલ. યાદીમાં ૦થી ૨૦નો સ્કોર ધરાવતાં વ્યક્તિઓને આર્થિક સલામતી પૂરી પાડવા માટે રાજ્ય સરકારની યોજના અમલી છે ત્યારે ૬૦થી ૭૯ વર્ષની વયના લાભાર્થીઓને માસિક રૂ.૧,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં જાન્યુઆરી-૨૬ અંતિત કુલ ૫ લાખ ૪૭ હજાર લાભાર્થીઓ માટે રૂ.૫૮૭.૭૪ કરોડની સહાય ચૂકવવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૬-૨૭માં કુલ ૫ લાખ ૮૦ હજાર લાભાર્થીઓ માટે રૂ.૭૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના ૧૫ ઓગસ્ટ, ૧૯૯૫થી અમલમાં છે ત્યારે તેમાં ગરીબીરેખા નીચે સમાવિષ્ટ થતા કુટુંબો, ૬૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વૃદ્ધજનો કે જેને પોતાની આવકના સાધનમાંથી અથવા પરિવારના સભ્યોની સહાયથી અથવા અન્ય કોઇ સ્ત્રોતમાંથી ખાસ કોઇ આજીવિકા પ્રાપ્ત થઇ શકતી નથી તેવા વૃદ્ધજનોને નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના અમલી છે. આ યોજના અન્વયે ૬૦ થી ૭૯ વર્ષની વયના વૃદ્ધ લાભાર્થીઓને માસિક રૂ.૧૦૦૦ની સહાય અને ૮૦ વર્ષથી ઉપરની વયના વૃદ્ધ લાભાર્થીને માસિક રૂ.૧૨૫૦ની સહાય ચૂકવવાનું આપણી સરકારે કર્યું છે ત્યારે આ જ રીતે અનુસૂચિત જાતિના આશરે ૧ લાખ ૪૫ હજાર વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના માટે રૂ.૨૯૬ કરોડની જોગવાઇ કરેલ છે અને સરકારશ્રીએ આવકમર્યાદા જે રૂપિયા અઢી લાખની હતી તેના બદલે રૂપિયા છ લાખની કરેલ છે. જેથી આશરે ૯૭ લાખ વિદ્યાર્થીઓને આનો લાભ મળશે અને આ આવકમર્યાદા વધારવા માટે હું આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને નાણામંત્રીશ્રી કનુભાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું. વિદેશ અભ્યાસ માટે યોજના અંતર્ગત ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિદેશ જવા માગતા હોય એને પણ ચાર ટકાના વ્યાજદરે રૂ.૧૫ લાખ સુધીની લોન સહાય આપવા માટે પણ રૂ.૧૩૫ કરોડની જોગવાઇ કરી છે તે બદલ પણ હું સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ રૂ.૧૫ લાખ તબક્કાવાર આપવામાં આવતા હતા એની જગ્યાએ હવે એક જ તબક્કામાં આપી દેવામાં આવશે તે બદલ પણ હું સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓ માટે જે નિગમો હેઠળ જે શૈક્ષણિક લોન તેમજ સ્વરોજગારીની લોનની યોજના તથા દિવ્યાંગજનો માટે સ્વરોજગારની યોજનાઓ ચાલી રહી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને સાથે સાથે ગૃહને પણ કહું છું કે આપ સૌ પણ તેને સમર્થન કરો.

ડૉ.પ્રધુમન ગ. વાજા(શિક્ષણ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અંધકારમાં દીપ પ્રગટાવવાનો સંકલ્પ કરીએ, અન્યાય સામે અવાજ ઊઠાવવાનો સંકલ્પ કરીએ, માનવતાને માન મળે એ જ આપણું ધ્યેય બને, સમાનતાથી સજ્જ સમાજ રચવાનો સંકલ્પ કરીએ. આવી પવિત્ર અને બંધારણીય ભાવના સાથે હું સામાજિક ન્યાય અને

અધિકારિતા વિભાગની માગણીઓ આ ગૃહ સમક્ષ રજૂ કરવા ઊભો થયો છું ત્યારે આ માગણીના સમર્થનમાં શાસકપક્ષના મારા સાથી ધારાસભ્યશ્રીઓ આદરણીય શ્રી રમણલાલ વોરા, શ્રી કેશાજી ચૌહાણ , શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ડૉ. દર્શનાબેન દેશમુખ, શ્રી અમિતભાઇ ઠાકર , શ્રી સંજયભાઇ કોરડીયા , શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા જેમણે માગણીના સમર્થનમાં મને ટેકો આપ્યો છે તે બધાનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. તેની સાથે–સાથે સાથી પક્ષના ધારાસભ્યો માનનીય ડો. કિરીટકુમાર પટેલ , શ્રી ગોપાલભાઇ ઇટાલીયા, શ્રી ઘવલસિંહ ઝાલા, શ્રી જિગ્નેશભાઇ મેવાણી અને શ્રી ઉમેશભાઇ મકવાણાએ પોતે પણ ગુજરાતની જનતા માટે પોતાના જે વિચારો રજૂ કર્યા છે ત્યારે હું એને સકારાત્મક રીતે લઇને તેમને પણ થોડું સૂચન કરું છું કે, કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સામાજિક ન્યાય ક્ષેત્રે આટલા બધા સરસ અને સુંદર કામ કરતી હોય તો એક કામને રોકવા માટે આપ આપની કાપ દરખાસ્ત લાવો છો અને તેની સાથેસાથે સૂચન પણ કરો છો તો આ *(**xxx**) માનનીય અર્જુનભાઇ કેવી રીતે થઇ શકે? મારી આપ સૌની વિનંતી છે. એક ગ્લાસ ભરેલો હોય અને કદાચ ઉપરથી થોડો ખાલી હોય ત્યારે આપણે કોઇને પૂછીએ કે આ ગ્લાસ કેવો છે? તો કોઇ સમજું, છાણો, બુદ્ધિશાળી વ્યક્તિ હશે તો એવો જવાબ આપશે...

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, કે આ ગ્લાસ ભરેલો છે પરંતુ જે વ્યક્તિ હંમેશા *(**xxx**) ઘરાવતો હોય અને એ ગ્લાસ થોડોક ખાલી હશે તો એને પણ એ ગ્લાસ ખાલી લાગવાનો છે અને એવું કહેશે કે આ થોડોક તો ખાલી છે. અરે ભાઇ, આટલો બધો ગ્લાસ ભરેલો છે, એ આપને દેખાતું નથી.

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય મંત્રીશ્રી, કેન્દ્ર સરકારની આપણી ભવ્ય શિક્ષણ નીતિ ૨૦૨૦ ઉપર થોડીક વાત કરો.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વાત કરું છું પછી હું શિક્ષણ વિભાગમાં આવીશ. ભારતના બંધારણના મહાન શિલ્પી ડૉ. બાબા સાહેબ આંબેડકરે ન્યાય સ્વતંત્રતા અને સમતાના જે સપનાં જોયાં હતાં એ સપનાંને સાકાર કરવા ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન નીચે માનનીય પ્રજા વત્સલ મુખ્યમંત્રીશ્રી, મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં આ સરકાર વધુ જોમ અને જુસ્સા સાથે કામ કરી રહી છે એ જ અમારા વિભાગનું ધ્યેય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે મારી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ ૨૦૨૬–૨૭ માટેની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છે. ભામાશા માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ વર્ષ ૨૦૨૬–૨૭ માટેનું રાજ્યનું કુલ ૩.૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે તેમાં અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ અને સમાજ સુરક્ષાની સાથેસાથે અનુસૂચિત જાતિ પેટાયોજના, એસ.સી., એસ.ટી. સહિત કુલ ૩.૧૫,૨૫૪ કરોડ ૪૭ લાખની જોગવાઇ કરી છે એ બદલ હું માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. ડૉ. બાબાસાહેબ કહેતા હતા કે કોઇપણ સમાજની પ્રગતિનું જો કોઇ સાચું માપદંડ હોય તો ત્યાંના છેવાડાના વ્યકિતને કેટલું માન–સન્માન અને તક મળે છે એ જ એનો માપદંડ છે ત્યારે આજે ભારતન યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું જે સૂત્ર છે, 'સબ કા સાથ સબકા વિકાસ' અને પંડિત દીનદયાળજીનો જે અંત્યોદયનો સિદ્ધાંત હતો કે જ્યાં સુધી સમાજની છેવાડાની વ્યક્તિ સમાજની મુખ્યધારામાં નહીં જોડાય ત્યાં સુધી કોઇપણ રાષ્ટ્રનો વિકાસ નહીં થાય ત્યારે ગુજરાતમાં આ દિશામાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે અનેક લોકકલ્યાણકારી યોજનાઓ જમીન ઉપર ઉતારી છે. સામાજિક ન્યાય વિભાગે માત્ર સહાય આપી નથી પરંતુ સશકિતકરણનું એક મજબૂત માળખું ઊભું કર્યું છે. પહેલાંની સરકારમાં આ વિભાગ સમાજ કલ્યાણ તરીકે ઓળખાતો હતો. કલ્યાણ એટલે જાણે કે કોઇ ઉપકાર કરતા હોય ત્યારે ભારતીય જનતા પાર્ટીની બાજપાઇજીની સરકારે આપી કલ્યાણ નહીં પરંતુ આ સમાજના લોકોનો અધિકાર છે અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરીકે નામ આપ્યું. ટેકનોલોજીના યુગમાં પારદર્શિતા પણ ખૂબ જરૂરી છે અને તેથી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા સહાય સીધી લાભાર્થીના ખાતામાં જમા થાય છે. ધોરણ ૧થી ૧૨ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આ બંને ડિજિટલ પોર્ટલ થકી ઓનલાઇન અપાય છે અને વિદ્યાર્થીના ખાતામાં સીધી જમા થાય છે અને એટલે આ મધ્યસ્થીનો જે અંત આવ્યો છે ત્યારે લોકોને થોડી તકલીફ થઇ છે કારણ કે ભ્રષ્ટાચાર ઉપર અંકુશ મળ્યો છે અને આજે લોકોનો વિશ્વાસ સરકાર ઉપર વધ્યો છે અને એટલા માટે સતત કેટલાયે વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવે છે. સામાજિક ન્યાયનો અર્થ માત્ર સહાય આપવાની નથી. પરંતુ એનો અર્થ છે સ્વાભિમાન સાથે જીવવાની તક આપવી. શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું સૌથી શકિતશાળી સાધન છે એવું આફ્રિકાના રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલાએ કહ્યું હતું. એવું જ ડો.બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું અને એ જ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે. એટલા માટે શિક્ષિત બનો, સંગઠિત થઇ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગના શિક્ષણ માટે રાજ્યમાં ૧૨૮૯ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો કાર્યરત છે. જેમાં ૭૧ હજાર વિદ્યાર્થીઓ નિઃશુલ્ક સુવિધા મેળવી રહ્યા છે. આ માત્ર આંકડા નથી પરંતુ ૭૧ હજારથી વધુ પરિવારોના ભવિષ્યનું રક્ષણ અને સંવર્ધન છે. તે જ રીતે ૨૭૦ અનુદાનિત આશ્રમશાળાઓમાં અંદાજે ૩૯ હજાર પછાતવર્ગના

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાળકોને રહેવાની, ભણવાની અને જમવાની તમામ સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. એટલે ગરીબી એ કોઇ બાળકના સપનાને તોડી શકવાની નથી. એના સપનાની આડે આવવાની નથી. શૈક્ષણિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણ રૂ. ૬૬૩.૮૦ કરોડની અને વિકસિત જાતિ કલ્યાણ પ્રભાગની અંદાજે રૂપિયા ૧૬૫૪.૩૩ કરોડની જોગવાઇ મળીને કુલ રૂપિયા ૨૩૧૮.૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય, હમણાં માનનીય સભ્યશ્રી વાત કરતા હતા. વસવાટ અને સામાજિક યોજનાઓ માટેની અનુસૂચિત કલ્યાણ પ્રભાગના રૂપિયા ૩૮૦.૨૭ કરોડ અને વિકસિત જાતિ કલ્યાણના રૂ. ૩૪૯ કરોડ મળીને કુલ રૂપિયા ૭૨૯.૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સમાજના આવા બધા લાભાર્થીઓની વાત કરું તો વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે રૂપિયા ૧૭૦.૨૨ કરોડ, લઘુમતિ વિકાસની યોજનાઓ માટે રૂપિયા ૫૬.૦૪ કરોડ અને બિન અનામત વર્ગ માટે રૂપિયા ૫૮૪.૨૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ કહેતા હતા કે સુખ અને સમૃદ્ધિના ફળ છેવાડાના માનવી સુધી પહોંચવા જોઈએ ત્યારે આજે અમારા આ વિભાગની તમામ યોજનાઓ અંતિમ માણસને ધ્યાનમાં રાખીને રચાઇ છે અને છેવાડાના માનવી સુધી આ યોજનાઓના લાભો મળે એના માટે અમે કટિબદ્ધ છીએ અને સફળ પણ થયા છીએ. એટલે જ આ વિભાગ હેઠળ અનુસૂચિત જાતિ વિકસતી જાતિ અને દિવ્યાંગજન લાભાર્થીઓ માટે ચાલતી શૈક્ષણિક લોન અને સ્વરોજગારલક્ષી લોન યોજનાના આશરે ૧૯ હજાર લાભાર્થીઓ માટે રૂપિયા ૭૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એટલે જ કવિ શ્રી રઇશ મણિયાર લખે છે, 'વરસાદ કે તડકામાં ભાગ્યે જ કશું જડશે, વચ્ચેની જો ક્ષણ પકડો તો મેઘધનુષ જડશે.' શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું સૌથી મોટું સાધન છે. મને ગૌરવ એ વાતનું છે કે, કદાચ દેશમાં પ્રથમવાર કેન્દ્ર સરકારની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હતી એમાં ફી–શિપ કાર્ડ અંતર્ગત રૂપિયા ૨.૫ લાખની મર્યાદા કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવી હતી. પરંતુ ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ, રાજ્ય કક્ષાના નાણામંત્રીશ્રી કમલેશભાઇ પટેલે આ પી.એમ.શિષ્યવૃત્તિની આવક મર્યાદા જે રૂપિયા ૨.૫ લાખ હતી એ વધારીને ૬ લાખ સુધી કરવામાં કદાચ આખા દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે. સમગ્ર જનતા વતી આ બધાનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આજનો પુરુષાર્થ એ આવતીકાલનું ભાગ્ય છે અને એટલે જ મને શ્રી દુષ્યંતકુમારનો એક શેર યાદ આવે છે કે,

"कौन कहेता है कि आसमान में सुराख नहीं हो सकता,
एक पथ्थर तो तबियत से उछालो यारो।"

અનુસૂચિત જાતિ કલ્યાણ તથા વિકસતિ જાતિ કલ્યાણ હેઠળની સરકારી છાત્રાલય અને આદર્શ નિવાસી શાળાઓમાં ભૌતિક સુવિધામાં વધારો કરવા માટે રૂપિયા ૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સાથે મોડાસા, ભુજ અને મુન્દ્રામાં અનુસૂચિત જાતિની દીકરીઓને પણ શિક્ષણ મળી રહે એ માટે ૩ આદર્શ નિવાસી શાળાઓના બાંધકમ માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત સરકારી છાત્રાલયોના મકાનોનું રિનોવેશન કરવા માટે રૂ.૧૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, બોટાદ તથા વડોદરામાં બાંધકામ માટે રૂ.૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિકસતિ જાતિ કલ્યાણ અંતર્ગત પાટણ, અમરેલી, ભાવનગર અને જૂનાગઢ ખાતે રૂ.૮૫ કરોડના ખર્ચે સરકારી કુમાર છાત્રાલય અને સરકારી કન્યા છાત્રાલયનું બાંધકામ હાથ ધરવામાં આવશે, જેથી વિકસતિ જાતિનાં બાળકોને ખૂબ સારા ભણતર માટે નિવાસની વ્યવસ્થા મળી રહેશે. ભારતીય જનતા પાર્ટીના માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં સરકારે ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન સાથે સંકળાયેલ પાંચ સ્થાનોને પંચતીર્થ તરીકે વિકસાવ્યું છે ત્યારે મને ગર્વ અને આનંદ થાય છે કે હવે આવનારા દિવસમાં છઠું તીર્થ વડોદરાખાતે સંકલ્પ ભૂમિ સ્મારક અને સંગ્રહાલય બનાવવા માટે રાજ્ય સરકાર રૂ.૨૮.૭૪ કરોડના ખર્ચે સંગ્રહાલય અને સંકલ્પ ભૂમિનો વિકાસ કરવામાં આવી રહ્યો છે અને નજીકના દિવસોમાં એનું લોકાર્પણ કરવાનું આયોજન પણ છે. દરેક વ્યક્તિને પોતાનું સપનું હોય છે કે હું પણ વિદેશમાં અભ્યાસ કરું ત્યારે આ સાકાર કરવું સહેલું નથી. આર્થિક અને સામાજિક પરિસ્થિતિના લીધે કદાચ અગવડતા હોય ત્યારે એને સહારો આપવાનું કામ ગુજરાતની સરકાર કરે છે. એટલું જ નહિ વિદેશ અભ્યાસ લોનની વાત થાય ત્યારે અભ્યાસ લોન ૪ ટકાએ આપીએ છીએ. ઘણી વખત વિદેશમાં અભ્યાસકાળ દરમ્યાન અકાળે અવસાન પામેલા વિદ્યાર્થીઓના કુટુંબ પર આર્થિક બોજો ના આવે એ માટે ૧૨ વિદ્યાર્થીઓને રૂ.૧.૫૩ કરોડની લોન મુદ્દલ સાથે વ્યાજ અને દંડનીય વ્યાજની રકમ માફ અને માંડવાળ આ સરકાર દ્વારા કરવામાં આવી છે. આ સરકાર સમાજ પ્રત્યે કેટલી સંવેદનશીલ છે એ દર્શાવે છે. આ નિર્ણય માત્ર કાયદાથી નહીં, પરંતુ માનવતાના ધોરણે લેવાયેલો છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સરકારે સાબિત કર્યું છે કે રાજ્ય માત્ર નિયમોનું સંચાલન નથી કરતું. પરંતુ સંવેદનશીલતાનું સંવર્ધન પણ કરે છે. આ લોન યોજના હેઠળ વિકસતિ જાતિના અંદાજે ૫૦૦ અને અનુસૂચિત જાતિના અંદાજે ૪૦૦ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ રૂ.૧૫ લાખની લોન ૪ ટકાના વ્યાજ દરે આપવા માટે રૂ.૧૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેના પરિણામે છેલ્લા ૧૦ વર્ષમાં આ યોજનાનો લાભ મેળવી ૪૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાર્થે ગયા છે. વિકસતિ જાતિઓ માટેની યોજના છે, સામાન્ય વ્યક્તિની મૂળભૂત જરૂરિયાત શું છે? રોટી, કપડાં અને મકાન. બે ટંકનો રોટલો અને આશરા માટે ઓટલો. રોટલો અને ઓટલો એ જરૂરિયાત છે ત્યારે એનું ધ્યાન રાખીને વિકસતિ જાતિઓ માટે પંડિત દીનદયાળ આવાસ યોજનામાં રૂ.૨૬૫ કરોડ તથા અનુસૂચિત જાતિઓ માટે ડૉ.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં રૂ.૧૧૦ કરોડની જોગવાઇ કરીને એમને આશરો પૂરો પાડ્યો છે. આવાસ એ

માનવ ગૌરવનું પ્રતિક છે. દરેક પરિવારને સુરક્ષિત નિવાસ મળે એ આ સરકારની પ્રાથમિકતા છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજે એક લાખ કરતા વધુ લાભાર્થીઓને આવાસ મળ્યાં છે. હમણાં મારા સાથી મિત્ર દ્વારકાધીશ અને નરસિંહ મહેતાની વાત કરતા હતા ત્યારે દીકરીના લગ્ન પ્રસંગે એક પરંપરા આપણી સંસ્કૃત્તિમાં હોય છે. મામા અને ભાણી એ પ્રેમનું પ્રતિક છે ત્યારે મામા મામેરું લાવે છે ત્યારે દ્વારકાધીશે નરસિંહ મહેતાનું કુંબરબાઈનું મામેરું ભર્યું. એજ રીતના અમારા આ દાદા દ્વારકાધીશ ગુજરાતના નાથે કુંબરબાઈ મામેરું યોજનામાં વિકસતિ જાતિની ૭૩,૦૦૦ અને અનુસૂચિત જાતિની ૧૨,૦૦૦ દીકરીઓને પ્રતિ કન્યા રૂ.૧૨,૦૦૦ સહાય આપવા માટે રૂપિયા ૧૦૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને છેલ્લાં દસ વર્ષમાં અંદાજે ૧ લાખ ભાણીઓને આ લાભ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેની સાથે સાથે લગ્ન ખૂબ ખર્ચાળ થયા છે ત્યારે સાત ફેરા સમૂહ લગ્ન યોજનામાં જેથી કરીને માતા-પિતાને દેવું ના થાય ત્યારે યુગલોને અને આયોજકોને સહાય આપવા માટે રૂપિયા ૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હમણાં અસ્પૃશ્યતાની વાત થતી હતી ત્યારે ડો.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયમાં, જયારે આંતરજ્ઞાતિય લગ્ન થાય ત્યારે તેને પ્રોત્સાહન આપવા માટે ૧૨૦૦ યુગલોને પ્રતિ યુગલ રૂપિયા અઢી લાખની સહાય માટ રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે ત્યારે સામાજિક સમરસતા અને સમાનતાને પ્રોત્સાહન આપતી આ યોજના સમાજમાં એકતા અને ભાઇચારાને વધુ મજબૂત બનાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિત તંદુરસ્ત હશે તો સમાજ તંદુરસ્ત બનશે અને સમાજ તંદુરસ્ત હશે તો રાષ્ટ્ર તંદુરસ્ત રહેશે ત્યારે અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના દર્દીઓને પણ જુદા જુદા રોગ માટે આપવામાં આવતી હાલની તબીબી સહાયમાં રૂપિયા ૧૨૦૦ થી રૂપિયા ૨૦૦૦ સુધીનો લગભગ બમણો વધારો કરવામાં આવ્યો છે અને જેના માટે રૂપિયા ૧૦૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કયારેક કેટલાક મિત્રો કહે છે કે, સહાય યોજના તો ફકત કાગળ ઉપર જ છે પરંતુ હું નમ્રતા સાથે એટલુ જ કહું કે, જો આ યોજના કાગળ ઉપર જ હોત તો લાખો વિદ્યાર્થીઓના ખાતામાં આ સહાય કેવી રીતે જમા થઇ? એટલે જે લોકો આંકડાઓમાં રાજકારણ જુએ છે તેઓએ એક વખત આંકડાઓની પાછળનો વિશ્વાસ પણ જોવો જોઇએ. અને એટલે જ " **सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः।**" આ માત્ર શ્લોક નથી પરંતુ આ સરકારી કાર્યપ્રણાલિનો આત્મા છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂપિયા ૨૪૫૫ કરોડ ૫૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે આ ફાળવણી સમાજ સુરક્ષા પ્રભાગ માટે ફાળવી છે ત્યારે આ ફાળવણી માત્ર ખર્ચ નથી પણ આ માનવ ગૌરવમાં રોકાણ છે. દિવ્યાંગજનની હમણાં મારા સાથી પક્ષના ધારાસભ્યશ્રીઓએ વાત કરી ત્યારે દિવ્યાંગજન કલ્યાણ એ પણ આપણા વિભાગની વિશેષ પ્રાથમિકતા છે અને તેમને દયાને પાત્ર તરીકે નહીં પરંતુ અધિકારપાત્ર નાગરિક તરીકે જોઇએ છીએ. રાજય સરકારશ્રી દ્વારા મને કહેતાં આનંદ થાય છે હમણા જોયસ્ટિક વ્હીલચેર અને મોટરાઇઝડ ટ્રાયસિકલની વાત કરી ત્યારે ગઇકાલે માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં પોતાના વરદ હસ્તે, પોતાના બંગલે આ ૫૦ લાભાર્થીઓને આ મોટરાઇઝડ ટ્રાયસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર જે અર્પણ કરી ત્યારે સમગ્ર ગુજરાતમાં એક જ દિવસમાં ૫૬૭૬ દિવ્યાંગજનોને રૂપિયા ૩૬ કરોડની મોટરાઇઝડ ટ્રાયસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર ગઇકાલે અર્પણ કરી અને તેનો શુભારંભ કરાવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, બૌદ્ધિક અસમર્થના ઘરાવતાં મનોદિવ્યાંગ વ્યકિતઓ માટે દિવ્યાંગતાની ટકાવારી ૫૦ ટકા નક્કી કરી અને ૮૦ હજાર લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. રૂપિયા ૯૫ કરોડની જોગવાઇ આના માટે કરવામાં આવી છે. આ નિર્ણય દર્શાવે છે કે, સરકાર એ કેટલી સંવેદનશીલ છે, વ્યવહારિક છે અને એટલે કવિ કાન્તની એક સરસ પંકિત યાદ આવે છે,

ઓ હિન્દ દેવ ભૂમિ, સંતાન સૌ તમારા
કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારા,
સૌની સમાન માતા, સૌને સમાન કેતી,
ના ઊંચ નીચ કોઇ, સંતાન સૌ તમારા.

માનનીય અધ્યક્ષશ્રી, દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ વર્ષ-૨૦૨૬-૨૭માં ૧૪૦૦ લાભાર્થીઓને ૧૦.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના હેઠળ હમણાં દિવ્યાંગ માટેની પણ મારા સાથીપક્ષના ધારાસભ્ય વાત કરતા હતા ત્યારે દિવ્યાંગ પેન્શન યોજના હેઠળ રૂપિયા ૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પાલક માતા-પિતા યોજનામાં ૨૩ હજાર લાભાર્થીઓ માટે રૂપિયા ૮૩ કરોડની જોગવાઇ છે. રાજયની જિલ્લા હોસ્પિટલ ખાતે કુલ ૩૪ જિલ્લાઓમાંથી ૧૫ બેડ ક્ષમતા ધરાવતા નશામુકિત કેન્દ્ર સ્થાપવા માટે રૂ. ૧૪.૯૦ કરોડની જોગવાઇ કરી છે. નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ ૫ લાખ ૮૦ હજાર લાભાર્થીઓ માટે રૂ. ૭૧૧ કરોડ અને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ૧૦હજાર લાભાર્થીઓ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પાલક માતા-પિતા યોજના અને મુખ્યમંત્રી બાળસેવા યોજના જે સંતાનમાં દીકરી હોય એના માતાપિતા ના હોય અને પાલક માતાપિતા હોય ત્યારે દીકરીના લગ્ન સમયે અગવડ ના પડે ત્યારે લગ્ન સમયે રૂપિયા બે લાખની સહાય માટે કુલ રૂ. ૧૦ કરોડની જોગવાઇ આ સરકારે કરી છે અને સંત સુરદાસે જેમ કહ્યું છે કે, "**जा की रही भावना जैसी, प्रभु मुरत देखी दीन तैसी।।**" એવી જ રીતના સંત સુરદાસ સહાય

યોજના હેઠળ ૧ લાખ ૫ હજાર લાભાર્થીઓ માટે રૂ. ૧૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે લોકો વિકાસને માત્ર રસ્તા અને ઓવરબ્રીજમાં જ માપે છે તેમને આજે હું ચોક્કસપણે કહેવા માંગું છું કે, માનવ ગૌરવનો માર્ગ પણ એટલો જ મહત્ત્વનો છે અને સમાજ સુરક્ષા પ્રભાગ એ માનવ ગૌરવના માર્ગ ઉપર આજે આગળ વધી રહ્યો છે. વિપક્ષને ગરીબોને વંચિતો માત્ર ચૂંટણી સમયે યાદ આવે છે અને એના માટે તે મતપત્ર હોઇ શકે પરંતુ અમારા માટે એ મતપત્ર નહીં પરંતુ અમારા માટે એ માનપત્ર છે અને એટલે હું વિપક્ષના મિત્રોને આદરપૂર્વક કહીશ કે હવે તો જાતિના બંધન તોડો અને માનવતાનો માર્ગ પકડો. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આધુનિક સમયમાં સેવા સરળ બને અને સંપૂર્ણ ડિજિટલાઇઝેશન થાય અને નાગરિકોને અગવડ ના પડે એટલા માટે જે ઓનલાઇન અરજી કરીને આવકનું પ્રમાણપત્ર સીધું પોતાના વોટ્સએપમાં અથવા તો ડીજી લોકરમાં પ્રાપ્ત કરી શકે. એક એવી સમસ્યા હતી કે આવકનું પ્રમાણપત્ર મળે પછી ૩ વર્ષ સુધી ચાલે એટલે વિદ્યાર્થી એ પોતે અસમંજસમાં મૂકાઇ જતો હતો કે આ વર્ષ કયું મારે ગણવું ત્યારે ગુજરાત સરકારે એક ખૂબ પારદર્શી અને સંવેદનશીલ નિર્ણય લીધો અને ઠરાવ કર્યો છે જેમાં હવે તેમનો આવકનો દાખલો કઇ તારીખ સુધી માન્ય હશે એ તારીખ વેલીડ અપ ટુ આ તારીખ સુધી એવો સુધારો કર્યો છે. આ ગૃહમાં બેઠેલા કેટલાક મિત્રો કયારેક પ્રશ્ન કરે છે અને ટીકા કરે છે. પ્રશ્ન કરવો અને ટીકા કરવી એ લોકશાહીનું સૌદર્ય છે. સત્ય એ છે કે વર્ષો સુધી સામાજિક ન્યાયના નામે રાજકારણ કર્યું પરંતુ જમીન ઉપર પરિવર્તન ઓછું આવ્યું અને આજે ગુજરાતની જનતાઓ જોઇ રહી છે એ યોજનાઓ પરિણામલક્ષી બની અને લાભાર્થીના જીવનમાં પરિવર્તન લાવી રહી છે અને એટલે આ સરકારનું સૂત્ર છે કે ''સહાયથી સશક્તિકરણ એન સશક્તિકરણથી સમાનતા.'' હું એટલું જ કહીશ કે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ રાજય સરકાર સમાજના અંતિમ છેડે ઉભેલા વ્યકિત સુધી ન્યાય અને વિકાસ પહોંચાડવા માટે કટિબદ્ધ છે. આ યોજનાઓના અસરકારક અમલીકરણ માટે સરકારી તંત્ર સાથે આપણે સૌએ જાગૃત નાગરિક તરીકે સહકાર આપવો જોઇએ. ન્યાયના માર્ગે ચાલીએ તો ઇતિહાસ બની જાય, સમાનતાનો દીવો બળે તો ઉજાસ બની જાય, ચાલો મળી અને એવું ગુજરાત રચીએ કે જયાં દરેક માનવ ગૌરવથી જીવે અને વિકાસ વિશ્વાસ બની જાય. આ માગણી માત્ર એક વિભાગની નથી, આ સંવિધાનના શબ્દોને સાકાર કરવાની દીશામાં ઉઠાવેલાં મજબૂત પગલાં છે ત્યારે આપ સૌના સહકાર અને મારા જે સાથી પક્ષના મિત્રો છે એમનો પણ સહકાર અને આશીર્વાદ મળે તેવી હું આશા રાખું છું અને સૌને વિનંતી પણ કરું છું પરંતુ એની પહેલાં મારા સાથી પક્ષના મિત્રોએ જે થોડા પ્રશ્નો કર્યા છે તેમાં માનનીય જિજ્ઞેશભાઇએ દિવ્યાંગોને ગુજરાત સરકાર દ્વારા પેન્શન આપવાની વાત કરી. આપણે એમને માસિક રૂ.૧૦૦૦નું પેન્શન આપીએ છીએ. હાલ ગુજરાતમાં ૧ લાખ ૧૯ હજાર દિવ્યાંગોને માસિક રૂ.૧૦૦૦ આપવામાં આવે છે. તેની સાથે–સાથે મોટરાઇઝ્ડ ટ્રાયસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર પણ આપવામાં આવે છે.શ્રી જિજ્ઞેશભાઇએ બીજો પ્રશ્ન કર્યો છે. એમણે ઉનાની ઘટનાની વાત કરી, થાનગઢની વાત કરી. પાટણની વાત કરી ત્યારે આ બધી જ ઘટનાઓમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અધિકારિતા, માનનીય મુખ્ય સચિવશ્રીએ અસરગ્રસ્તોની રૂબરૂ મુલાકાત લીધી હતી. પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા. અસરગ્રસ્તોને સહાય આપવામાં આવી અને સી.આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચને પણ તપાસ સોંપવામાં આવી હતી. પાટણ ખાતે જે ઘટના બની એમાં ભોગ બનનાર અસરગ્રસ્તોને રૂ.૮.૨૫ લાખની સહાય અને ભોગ બનનાર વારસદારને પ્રાથમિક શિક્ષકને ખાસ કિસ્સામાં બદલી કરવા બાબતે મંજૂરી આપવામાં આવી હતી. સામાજિક સમરસતા માટેની વાત કરી ત્યારે મેં એમ વાત કરી કે આંતર જ્ઞાતીય લગ્નને પ્રોત્સાહિત કરવામાં આવે છે. અત્યાચારનો ભોગ બનેલ કુટુંબના પુન:સ્થાપન માટે આર્થિક સહાય, પોલીસ રક્ષણ અને સરકારની અન્ય ઉપયોગી યોજનાઓનો લાભ આપવામાં આવે છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ તકેદારી અને મોનિટરિંગ સમિતિની રચના કરવામાં આવે છે અને પ્રચાર પ્રસારના માધ્યમો દ્વારા પ્રજાજનોમાં જાગૃકતા આવે તે રીતે પગલાં ભરવામાં આવે છે. માનનીય ઘવલસિંહે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં લોન આપવા માટેની વાત કરી. અરજદારે બોજો નોંધ પાડવાની જરૂર છે. આપણે જે આપીએ છીએ એ લોન છે અને લોન માટે બોજો પાડવા માટેનો મિલકત હક્ક એ સ્વામિત્વ કાર્ડ, કાયમી ઉપજનું પત્રક, ૭/૧૨ અને પ્રોપર્ટી કાર્ડ ઉપર જ બોજો નોંધ પડી શકે અને એ પાડ્યા પછી વર્તમાનની પરિસ્થિતિ એટલે કે વર્ષ ૨૦૨૫–૨૬ની વાત કરું તો કુલ ૪૩,૭૦૯ અરજદારોની અરજી મળેલ છે. જેમાંથી ૨૫,૬૫૮ અરજદારોને બોજા નોંધ પાડવા માટેની અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એ પૈકી આજ દિન સુધી ૨૪૩૦ અરજદારોએ બોજો નોંધ પાડી નિગમમાં અરજી જમા કરાવેલ છે. જેમાં રૂ.૬૦ કરોડની લોન આપવામાં આવશે. માનનીય જિજ્ઞેશભાઇએ ગટરમાં ઉતરનારાઓના મોતની વાત કરી ત્યારે હું ગૃહ સમક્ષ મૂકવા માગું છું કે મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયત કક્ષાએ સરકારશ્રીના વહીવટી તંત્ર દ્વારા સોંપવામાં આવેલ કામગીરીમાં છેલ્લાં બે વર્ષમાં આવો કોઇ પણ બનાવ બનેલ નથી. સફાઇ કામદારોના ગટરની સફાઇ દરમિયાન મૃત્યુ ન થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા મશીનરીનો ઉપયોગ કરવામાં આવે છે. જેટિંગ કમ સક્શન મશીન, ડિસિલ્ટિંગ મશીન જેવા સાધનોની મદદથી ગટર સફાઇની કામગીરી કરવામાં આવે છે. રાજ્ય કક્ષાએ શહેરી વિકાસ વિભાગ સાથે રિવ્યુ પણ કરવામાં આવે છે. મેન્યુઅલ સ્કેવેન્જર્સ કાયદાનો મજબૂતીથી અમલ થાય એ માટે પણ સરકાર પ્રયત્નશીલ છે. માનનીય ગોપાલભાઇએ રહેઠાણ અને રોજગાર પૂરો પાડવા માટે એક પ્રશ્ન ઉઠાવ્યો હતો. ત્યારે હું જણાવવા માગું છું કે રાજ્યમાં ૫ સરકારી અને ૩ ગ્રાન્ટ ઇન એઇડ ભિક્ષુક ગૃહો કાર્યરત છે. જેમાં રહેઠાણ, ભોજન, આરોગ્ય અને વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. ભારત સરકારની સ્માઇલ યોજના હેઠળ દેશને

ભિક્ષાવૃત્તિથી મુક્ત બનાવવા માટે ગુજરાતમાં પાવાગઢ, સોમનાથ, કેવડિયા અને વડોદરા જેવા પ્રવાસન સ્થળોએ વિશેષ આશ્રયગૃહો શરૂ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની વાત કરું તો, માનવ નિર્માણનું કાર્ય કરવું અઘરું પણ ખૂબ મહત્ત્વનું કાર્ય છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી હંમેશાં કહે છે કે, દેશના ભવિષ્યનું નિર્માણ વર્ગખંડોમાંથી થાય છે. વર્ગખંડો એ શિક્ષણનું એક અગત્યનું માધ્યમ છે. શિક્ષણ થકી જ દેશ નિર્માણનું કાર્ય થઇ શકે છે. આજે અમારી સરકારનો શિક્ષણ વિભાગ પણ બાળકો અને યુવાનોને ગુણવત્તાસભર શિક્ષણ આપીને માનવ નિર્માણ અને વિકાસના પાયા મજબૂત કરી રહ્યો છે. આ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિકસિત ભારત–૨૦૪૭ના મંત્રને સાકાર કરવા વધુ જોશ અને જુસ્સા સાથે અમે આગળ વધી રહ્યા છીએ. દેશના લોકલાડીલા અને વિદ્વાન પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીજીના શબ્દોને યાદ કરું કે, સમાજ ત્યારે જ આગળ વધે છે જ્યારે શિક્ષણ દરેક વ્યક્તિ સુધી પહોંચે છે અને તે આ સરકારની નેમ છે. તેના માટે શિક્ષણનું રૂ.૬૩,૧૮૪ કરોડનું આ અંદાજપત્ર સમાજ અને રાજ્યની દરેક વ્યક્તિ સુધી શિક્ષણ પહોંચાડવા માટેનું કાર્ય કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય ડૉ. કિરીટભાઇ હાજર નથી પણ એમણે શિક્ષણના બજેટ વિશે એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો અને તેની સાથે સાથે એન.ઇ.પી. માટે ASERના રિપોર્ટ વિશે વાત કરે ત્યારે હું ગૃહને જણાવવા માગું છું કે ASER એક એન.જી.ઓ. છે જે સર્વે વિદ્યાર્થીઓ/વાલીના ઘરે જઇ અથવા જાહેર સ્થળ પર તપાસ કરે છે. આથી આ સર્વેને વૈજ્ઞાનિક સરવે ગણી શકાય નહીં. રાજ્યના કુલ બજેટનું આશરે ૧૩ ટકા જેટલું બજેટ શિક્ષણ વિભાગ માટે ફાળવવા બદલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. ગુજરાત રાજ્યની આર્થિક પ્રગતિના કારણે રાજ્યનું કુલ ઘરગથ્થું ઉત્પાદન વધારે છે અને રાજ્ય દ્વારા શિક્ષણ વિભાગનું રૂ.૬૩,૧૮૪ કરોડનું બજેટ સમગ્ર દેશમાં ચોથા ક્રમે છે તેનું અમને ગૌરવ છે. "**असतो मा सदगमय ॥ तमसो मा ज्योतिर्गमय ॥ मृत्योर्मामृतम् गमय ॥**"

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અજ્ઞાનનો અંધકાર દૂર કરનાર શિક્ષણ વિભાગની માગણીઓ પર ચર્ચા કરીએ છીએ ત્યારે આપણે માત્ર બજેટની જોગવાઇની ચર્ચા કરતા નથી, આપણે લાખો વિદ્યાર્થીઓનાં સપનાં, આકાંક્ષા અને અપેક્ષાની વાત કરીએ છીએ. માતા–પિતા બાળકોને એક આશા અને વિશ્વાસ સાથે શાળામાં ભણવા મોકલે છે. તેઓને વિશ્વાસ છે કે, શિક્ષણ તેના બાળકનું ભવિષ્ય બદલી નાખશે. પાટણ જિલ્લાની એક સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલ વિપુલ નામના વિદ્યાર્થીની આજે વાત કરવાનું મન થાય છે. તે યુ.પી.એસ.સી. પાસ કરીને આઇ.એ.એસ. બન્યો તે વાત સરકારી શિક્ષણ પરનો પ્રજાનો વિશ્વાસ દર્શાવે છે. શિક્ષણ વિભાગને મજબૂત બનાવવાથી માત્ર એક બાળકનું નહીં પરંતુ સમગ્ર સમાજનું ભવિષ્ય બદલાઇ જાય છે. ગુજરાત સરકારે છેલ્લાં કેટલાંક વર્ષોમાં મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ હેઠળ શિક્ષણ ક્ષેત્રે અનેક મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા છે. આપણે એ જમાનો જોયો કે, જ્યારે વરસાદ આવે એટલે શાળા બંધ કરવી પડે. કારણ કે ઉપર નળિયામાંથી પાણી લીક થતું હોય, અમુક જગ્યાએ છત ન હોય, કમ્પાઉન્ડ વૉલ ન હોવાના કારણે શાળના મેદાનમાં ઢોર આવી જાય. જ્યારે આજે રાજ્યની શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમ, સ્માર્ટ બૉર્ડ, ડિજિટલ શિક્ષણ, આધુનિક લેબોરેટરી, લાઇબ્રેરી અને રમતગમતની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. હૃદય કેવી રીતે કામ કરે એ પહેલાંના જમાનામાં આકૃતિથી કે મોડેલથી શીખવાડવામાં આવતું હતું. હવે સ્માર્ટ ક્લાસરૂમમાં વીડિયો દ્વારા આખું પ્રેઝન્ટેશન, ડ્રેમોસ્ટ્રેશન બતાવવામાં આવે છે. ગામડાની શાળાઓમાં પણ શિક્ષણની ગુણવત્તા, શહેરની સરખામણીએ મજબૂત બને તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. આજે શિક્ષણ ક્ષેત્રે જ્યારે આટલાં મોટાં પરિવર્તન થઇ રહ્યાં છે ત્યારે અમુક મિત્રો દ્વારા પૂછવામાં આવે છે. પ્રશ્ન પૂછવો એ તેમનો અધિકાર છે, તેમનું સન્માન કરીએ છીએ. જ્યારે તેઓ સત્તામાં હતા ત્યારે શિક્ષણની અને માળખાકીય સુવિધાઓની શું હાલત હતી એની જરા ભૂતકાળમાં ઝાંખી લે. ક્યારેક એવું લાગે છે કે, જેમને વર્ષો સુધી કોઇ સમસ્યા દેખાઇ નહોતી અને હવે એ લોકો અચાનક ચિંતિત થઇ ગયા છે ત્યારે મને યાદ આવે છે જેમને પ્રકાશ પસંદ નથી તેમને સૂર્ય પણ અંધકાર જેવો લાગે છે. આ સરકાર માટે શિક્ષણ કોઇ રાજકીય મુદ્દો નથી અન્ય લોકો માટે શિક્ષણ એ રાજકારણ હોઇ શકે. પરંતુ આ સરકાર માટે આ સમાજ વિકાસનો મુદ્દો છે. એટલા માટે શિક્ષણમાં સમાનતા લાવવા માટે આ સરકાર સતત પ્રયત્નશીલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ કહ્યું હતું કે શિક્ષણ એ સિંહણનું દૂધ છે. જે પીવે એ ગર્જના કરશે. એટલે શિક્ષણ માણસને શક્તિ અને આત્મવિશ્વાસ આપે છે. જ્યારે બાળક પ્રથમ વખત શાળાના દરવાજે પગ મૂકે છે ત્યારે માત્ર અક્ષર જ નહીં પરંતુ મારા સાથી મિત્રોએ વાત કરી એમ તેમનો સંસ્કાર, સંભાવના અને સપનાઓનો માર્ગ શરૂ થાય છે. સરકાર દ્વારા દર વર્ષે માનનીય વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલો પ્રવેશોત્સવ માત્ર એક કાર્યક્રમ નથી પરંતુ તે સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનું એક લોક અભિયાન છે. ગામડાથી શહેર સુધી અધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ, લોકપ્રતિનિધિઓ ઘરે ઘરે જઇને બાળકોને શાળામાં લાવવાનો પ્રયત્ન કરે છે અને આજે એના પરિણામે વર્ષ ૨૦૨૫–૨૬માં બાલવાટિકામાં ૫ લાખ ૭૮ હજાર અને ધોરણ ૧માં ૫ લાખ ૧૫ હજાર વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે. આજે મારે એક વાત ગૃહ સમક્ષ મૂકવી છે કે ભારતીય જનતા પાર્ટીનું શાસન હતું તે પહેલાં વર્ષ ૧૯૯૫ના આપણે આંકડા જોઇએ તો લગભગ ડ્રોપ આઉટ રેશિયો ૫૦ ટકાની આસપાસ હતો. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આજે ડ્રોપ આઉટ રેશિયો ઘટીને ૨.૩૫ ટકા થયો છે અને

છતાં પણ હજુ કાપ દરખાસ્ત મૂકીને આ વિકાસનો વિરોધ કરવાનું મને ઉચિત લાગતું નથી. કારણ કે, પરિણામ જ બતાવે છે કે આ સરકારના પરિણામે ડ્રોપ આઉટ રેશિયો ખૂબ ઘટી ગયો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વવાળી આ સરકારનો પ્રયત્ન છે કે, ગુજરાતના દરેક બાળકને સમજ પડે કે શાળા તેની છે અને તેના ભવિષ્યને ઊજ્જવળ બનાવવાનો સંકલ્પ આ સરકારે લીધો છે. હમણાં સાથી મિત્રશ્રીએ શાળાઓમાં ચિત્ર, સંગીત અને રમતગમતના શિક્ષકોની વાત કરી. ત્યારે મારે ગૃહ સમક્ષ વાત મૂકવી છે કે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ ચિત્ર, સંગીત અને વ્યાયામના કાયમી શિક્ષકોની ભરતી કરવી જરૂરી નથી. આમ છતાં અલગ-અલગ ઠરાવોથી સરકારી પ્રાથમિક શાળાઓમાં ચિત્ર, વ્યાયામ અને સંગીતના પ્રવાસી શિક્ષકની જોગવાઇ કરવામાં આવે છે. રાજ્યની ૩૫૫૭ પગાર કેન્દ્રની શાળામાં ૧૭૮૪ ચિત્ર વિષય માટે અને ૧૭૭૩ સંગીત વિષય માટે પ્રવાસી શિક્ષકોની કરાર આધારિત જગ્યા મંજૂર કરવામાં આવેલ છે. વધુમાં, રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૧૩૮૬ કરારી ખેલ સહાયક કાર્યરત છે. વર્ષ ૨૦૨૬-૨૭ના નાણાકીય બજેટમાં ૫૦૦થી વધુ સંખ્યા ધરાવતી શાળાઓમાં વ્યાયામ શિક્ષકની કાયમી નિમણૂક માટે ૧૧૪૧ જગ્યાઓને નવી બાબત તરીકે મંજૂરી મળેલ છે. જેની આગામી સમયમાં ભરતી કરવાનું આયોજન છે. રાજ્યમાં કુલ ૯૬૯૦ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત છે. આ શાળાઓમાં ચાર કે તેથી વધુ વર્ગો ધરાવતી કુલ ૩૪૪૪ શાળાઓ આવેલ છે, તેમાં વ્યાયામ શિક્ષકની જોગવાઇ છે. જેમાં અંદાજે ૨૩૦૦થી વધુ કાયમી શિક્ષકો બાળકોને રમતગમત પ્રત્યે તૈયાર કરી રહ્યા છે. ભારતીય સાંસ્કૃત્તિક વારસો અને તેની જ્ઞાન પ્રણાલી વિશે હમણાં વાત થઇ ત્યારે એના વિશે વિદ્યાર્થીઓ ગૌરવ લે, જાગૃત બને તે માટે શ્રીમદ ભાગવત ગીતા જે સમગ્ર વિશ્વને સંદેશ આપે છે, એ ગીતાને પાઠ્યપુસ્તકોમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આ માટે નવીન ચિત્રાત્મક પાઠ્યપુસ્તક બનાવેલ છે. ધોરણ- ૬ થી ૯માં વૈદિક ગણિત પણ સામેલ કરવામાં આવેલ છે. રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ હેઠળ આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળે તે માટે કુલ ૪.૮૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે રૂ. ૮૨૭ કરોડથી વધુની જોગવાઇ અને પ્રાથમિક શાળાના ૫૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તક ઉપલબ્ધ કરાવવા માટે રૂ.૧૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જે સાબિત કરે છે કે ગરીબ વિદ્યાર્થી પણ શિક્ષણથી વંચિતા ના રહે.

માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક શિક્ષણ એ એક એવો મહત્ત્વપૂર્ણ તબક્કો છે કે જયાં વિદ્યાર્થી પોતાની કારકિર્દીની દિશા નક્કી કરે છે. રાજ્ય સરકારની સકારાત્મક યોજનાઓ, જોગવાઇઓ અને અસરકારક કામગીરીઓના પરિણામે લાખો વિદ્યાર્થીઓના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવી રહ્યું છે. જ્યારે દીકરીઓના શિક્ષણની વાત થતી હોય ત્યારે દેશના વડાપ્રધાનશ્રીના ''બેટી બચાવો અને બેટી પઢાવો'' સૂત્રને ચરિતાર્થ કરનાર આજે મને એક સૂત્ર યાદ આવે છે કે 'દીકરીને આપો જ્ઞાન એ જ સાચું સન્માન'. આથી કન્યાકેળવણી માટે રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૯ થી ૧૨ની દીકરીઓને શિક્ષણનું પ્રોત્સાહન આપતી નમો લક્ષ્મી યોજનામાં ૧૧ લાખથી વધુ દીકરીઓ માટે અંદાજે રૂ.૧૨૫૦ કરોડની જોગવાઇ કરી છે, આ યોજનાના પરિણામે છેલ્લાં બે વર્ષમાં વિદ્યાર્થીનીઓની સંખ્યામાં ૬.૭૫ ટકાનો વધારો થયો છે. દીકરીઓના સ્વાસ્થ્યનું પણ એટલું જ ધ્યાન રાખવામાં આવ્યું છે અને આશરે ૯.૭૨ લાખ વિદ્યાર્થીનીઓને સેનેટરી નેપકિન ઉપલબ્ધ કરાવવા રૂ.૪૬ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિજ્ઞાન પ્રવાહની વાત થઇ છે. આ જમાનો એ.આઇ.નો છે. સાયબર ક્રાઇમનો છે. સાયબર સાયન્સનો છે. આ જમાનો રોબર્ટિક્સનો છે ત્યારે વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના થકી છેલ્લાં બે વર્ષમાં વિજ્ઞાનપ્રવાહ લેનાર વિદ્યાર્થીની સંખ્યામાં ૧૮.૮૦ ટકા જેટલો વધારો થયો છે અને વર્ષ ૨૦૨૬-૨૭માં અંદાજિત અઢી લાખ વિદ્યાર્થીઓને લાભ આપવા માટે રૂ. ૨૫૦ કરોડની જોગવાઇ સૂચવી છે. ગુજરાત સરકાર દ્વારા પ્રતિભાશાળી ૧ લાખ વિદ્યાર્થીઓને વધુ આગળ વધવા માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ યોજના હેઠળ અંદાજિત રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. દરેક વિદ્યાર્થીનું સપનું હોય છે ત્યારે રાજ્યમાં ગુણવત્તાયુક્ત શિક્ષણને વધુ મજબૂત બનાવવા જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ માટે રૂ. ૨૨૨ કરોડનો જોગવાઇ અને રાજ્યમાં શિસ્ત, સુરક્ષા અને રાષ્ટ્રપ્રેમના મૂલ્યો સાથે સૈનિક સ્કૂલ જેવું શિક્ષણ પણ મળે તે માટે ૮ રક્ષાશક્તિ સ્કૂલો માટે રૂપિયા ૧૮.૧૫ કરોડની જોગવાઇ કરી છે ત્યારે આજે ભવ્ય ભારત દેશના નિર્માણમાં ગુજરાતનું યોગદાન આપણે જોઇએ તો કવિ ઉમાશંકર જોષીના આ ભવ્ય ભારત માટેના શબ્દો યાદ આવે છે.

''ભારત નહીં, નહીં વિંધ્ય હિમાચલ, ભારત ઉન્નત નરવર, ભારત નહીં ગંગા,નહીં યમુના,
ભારત સંસ્કૃતિ નિર્જર, ભારત તપ્ત ગગન કે રણ નહીં, જીવન ધૂપ જ ભારત''

ત્યારે આ જીવન ધૂપને માણવા આ ભારત દેશને માણવા રાજ્યના વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક અને વૈજ્ઞાનિક સ્થળોનો શૈક્ષણિક પ્રવાસ કરવા માટે અંદાજિત ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૭ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. સભ્યશ્રી ઉમેશભાઇએ એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો ત્યારે એમને કહેવું છે કે શિક્ષણ વિભાગના તા. ૨૫-૨-૨૦૦૯ના ઠરાવથી નિયત થયેલ ધોરણો મુજબ સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શરૂ કરવી હોય તો સૂચિત સ્થળની ૫ કિલોમીટરની ત્રિજ્યામાં એક પણ સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ન આવેલ હોવી જોઇએ. પરંતુ લાઠીદડ ગામે એક ગ્રાન્ટેડ માધ્યમિક શાળા છે. ઉપરાંત એમને આપણે બોટાદ જિલ્લામાં રાણપુર ખાતે એક કોલેજ આપી છે. હવે એમણે બી.એડ કોલેજની માગણી કરી છે. મારી વિનંતી છે કે, આ ગુજરાતમાં બોટાદ સિવાય બીજાને પણ આપણે લાભ આપીએ. માનનીય અધ્યક્ષશ્રી,

ઉચ્ચ શિક્ષણની વાત કરું તો ઉચ્ચ શિક્ષણને વધુ દિશા આપવા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ને અનુરૂપ રાજ્યમાં અનેક મહત્ત્વપૂર્ણ સુધારા, યોજનાઓ અને કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારનો પ્રયાસ છે કે દરેક વિદ્યાર્થીને ઉત્તમ શિક્ષણ, સંશોધન અને નવીનતાનો અવસર ઉપલબ્ધ થાય. રાજ્યની એગ્રીકલ્ચર, આયુર્વેદ, ઉચ્ચશિક્ષણ, મેડિકલ, નર્સિંગ ડિગ્રી અને ડિપ્લોમા, ટેકનિકલ વગેરે અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તેજસ્વી અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં આગળ વધવા માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના થકી ૧.૧૦ લાખ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૪૦૦ કરોડની સહાયની જોગવાઇ કરવામાં આવી છે. જેથી કરીને કોઇપણ વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસથી વંચિત ન રહે. તેવી જ રીતે શહીદ જવાનોના સંતાનો, શ્રમિક પરિવારનાં બાળકો, અનાથ બાળકો, વિધવા અને ત્યકતા મહિલાઓના સંતાનો માટે મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં ૩૫૦૦ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સંશોધનને પ્રોત્સાહન આપવા શોધ યોજના માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ. વિદ્યાર્થીઓમાં રોજગાર ક્ષમતા વધારવા માટે રાજ્યમાં ફિનિશિંગ સ્કૂલ પ્રોજેક્ટ હેઠળ ૨૩ હજાર વિદ્યાર્થીઓને તાલીમ આપવાના લક્ષ્યાંક સાથે રૂપિયા ૮.૫ કરોડની જોગવાઇ, પી.એમ. ઉષા યોજના માટે રૂપિયા ૬૦.૮૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું કે 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' ત્યારે આ લક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અટકશો નહીં તેવો નારો આપનાર સ્વામી વિવેકાનદજીના નામે કોમ્પિટેટીવ એકઝામિનેશન સ્ટડી સેન્ટર રાજ્યની ૭ યુનિવર્સિટીઓ અને ૩ સરકારી કોલેજોમાં શરૂ કરવામાં આવ્યાં છે. જે માટે રૂપિયા ૭.૮૦ કરોડની જોગવાઇ અને ગુજરાતના વિદ્યાર્થીઓ પ્રાયોગિક અનુભવ મેળવે તે માટે ગ્રેજ્યુએટ ઇન્ટર્ન એન્ડ એપ્રેન્ટિસ ઇન હાયર એજ્યુકેશન યોજના હેઠળ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપની તક આપવા માટે રૂપિયા ૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, કોલેજોને આધુનિક લેબોરેટરી, સ્માર્ટ ક્લાસરૂમ, રિસર્ચ માટે સુવિધા સહાય આપવામાં આવે છે. આગામી વર્ષમાં ૨૫ સરકારી કોલેજોને આદર્શ કોલેજ બનાવવા માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા માટે સ્ટુડન્ટ એન્ટરપ્રિન્યોરશીપ પોલિસી હેઠળ રૂ.૧૦ કરોડની જોગવાઇ કરી છે. આ ઉપરાંત વર્તમાન કોલેજોને રિપેરીંગ અને મેઇન્ટેનન્સ માટે રૂ.૪૬ કરોડ તેમજ કે.કા.શાસ્ત્રી હાયર એજ્યુકેશન ટ્રાન્સફર્મેન્શન ફંડ અંતર્ગત ફર્નિચર અને આઇ.ટી. સાધનો માટે રૂ.૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકારી કોલેજમાં અભ્યાસ કરતા અંદાજીત ૮૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓમાં ફિટનેશ, નિયમિત વ્યાયામ અને રમતગમત પ્રત્યે રૂચી વધે તે માટે પ્લે ગ્રાઉન્ડ, ઇનડોર જીમ સાધન ઉપલબ્ધ કરવા અને માળખાકીય સુવિધા માટે રૂ. ૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના માનસિક આરોગ્યને ધ્યાનમાં રાખીને સરકારી કોલેજોમાં કાઉન્સિલિંગ માટેની વ્યવસ્થા કરવા માટે રૂ.૪.૬૯ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. એટલે

''દીવા કરતા દીવાની જ્યોત નાની, છતાં રોશની આખી સભાની
ભલે ડગલું ભરેના ફૂલડાળી, સુગંધ તો દૂર લગી પહોંચી જવાની''

ત્યારે આ તમામ યોજનાઓની સુગંધો કોલેજના વિદ્યાર્થીઓને સંશોધન, નવીનતા, રોજગાર અને રાષ્ટ્રનિર્માણ સાથે જોડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનીકલ શિક્ષણની વાત કરું તો ઇમ્પેક્ટ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાથે સીધો જોડવા તેમજ તેની રોજગાર ક્ષમતાને વધારવા માટે રાજ્યની ૧૬ ડિગ્રી કોલેજ અને ૩૧ પોલિટેકનીક સંસ્થાઓને ૧૭ જેટલી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં છે, જેમાં કુલ ૨૦૬ ટ્રેનિંગ કાર્યક્રમો ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે. આ યોજનાથી આજ દિન સુધીમાં કુલ ૫૭,૯૬૬ વિદ્યાર્થીઓમાંથી ૧૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને ૧૦૦થી વધુ મોટી કંપનીઓમાં રોજગાર મેળવ્યો છે. અહીં બેઠેલા તમામ સભ્યોને આનંદની લાગણી સાથે જણાવું કે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી ૨.૦ માટે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યને સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમ વર્ક માટે આપવામાં આવતા એવોર્ડ અંતર્ગત આ ગુજરાત રાજ્યને સતત પાંચ વર્ષથી બેસ્ટ પર્ફોર્મર રાજ્ય તરીકેનો એવોર્ડ મળી રહ્યો છે એ સમગ્ર જનતા અને રાજ્ય માટે ખૂબ જ ગૌરવની વાત છે. સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું કે, એવું શિક્ષણ જોઇએ કે જે માણસનું ચરિત્ર બનાવે, મનને મજબૂત બનાવે, બુદ્ધિનો વિકાસ કરે અને વ્યક્તિને આત્મનિર્ભર બનાવે. આ સ્વામી વિવેકાનંદજીના વિચારોને કેન્દ્રમાં રાખીને રાજ્ય સરકાર ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન વિકસાવવા માટે આઇ–હબ કાર્યરત છે. આ વખતે બજેટમાં આ રાજ્યને સ્ટાર્ટઅપને ખાનગી રોકાણ, માર્ગદર્શન અને માર્કેટિંગ સપોર્ટ મળી રહે તેના માટે રૂ.૪૦ કરોડ અને બીજા ૪ ઝોનલ પ્રાદેશિક આઇ–હબ સેન્ટર સ્થાપવા માટે પણ આયોજન કરી, કુલ મળીને રૂ.૮૦ કરોડની અંદાજપત્રમાં જોગવાઇ કરી છે. S4 કાર્યક્રમ એટલે સ્ટાર્ટઅપ સૂઝન સીડ સપોર્ટ અંતર્ગત નવીનતા અને વ્યાવસાયિક ક્ષમતાના આધારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ડૉક્ટર આરામથી પાણી પીવો. તમે ખૂબ સરસ તમારી વાત મૂકી રહ્યા છો.

ડૉ. પ્રધુમન ગ. વાજા : થેંક યુ. સર. આશરે ૪૯૯ જેટલા સ્ટાર્ટઅપને કુલ રૂ.૨૮ કરોડની નાણાકીય સહાય આપવામાં આવી છે. અમદાવાદની પ્રસિદ્ધ એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે, સંશોધન પણ એ આજના વર્તમાન યુગની જરૂરિયાત છે ત્યારે રિસર્ચ પાર્કના બાંધકામ માટે કદાચ પહેલી વખત રિસર્ચ પાર્ક બની રહ્યો છે ત્યારે રૂપિયા ૫૧ કરોડની અને વિદ્યાર્થીઓને

પણ એક સારી કક્ષાનું રહેવાનું મળે તે માટે બોયઝ હોસ્ટેલના નવા બ્લોક માટે રૂપિયા ૫૧ કરોડની જોગવાઇ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોરબી સ્થિત જે એલ.ઇ.કોલેજ છે તેની ૭૫મી પ્લેટીનમ જયંતી નિમિત્તે સંસ્થાના આધુનિકરણ, હેરીટેજ રીસ્ટોરેશન અને નવી લેબોરેટરીના વિકાસ માટે રૂપિયા ૩૦ કરોડ તથા સ્ટેટ ઓફ આર્ટ લેબોરેટરી માટે રૂપિયા ૫ કરોડ એમ કુલ મળીને રૂપિયા ૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયની સરકારી ટેકનિકલ સંસ્થાઓમાં આધુનિક શિક્ષણ માટે આઇ.ટી.ઇન્ફ્રાસ્ટ્રકચર નિર્માણ કરવા માટે રૂપિયા ૪૭ કરોડ અને નવા ભૌતિક સંસાધનો માટે રૂપિયા ૨૦ કરોડ એમ કુલ મળી રૂપિયા ૬૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીને ભણવાની સાથે સાથે એનું શારીરિક અને માનસિક આરોગ્ય પણ કારણ કે આરોગ્યની વ્યાખ્યા જોઇએ, "Health is a state of physical, mental, social and spiritual wellbeing", ત્યારે એન.સી.સી.હેઠળ થતી કામગીરીની વાત કરું તો આવા જ શૌર્ય અને આત્મવિશ્વાસથી ભરપૂર યુવાનો બનાવવા માટે ગુજરાત સરકાર અંદાજે ૭૩ હજાર વિદ્યાર્થીઓને ભારત,

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી જગદીશભાઇ પ્ર. મકવાણા (નાયબ મુખ્ય દંડકશ્રી) : આજની માગણીઓ ઉપરની ચર્ચાનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : અમે સંમત છીએ પણ દરરોજ માનનીય મંત્રીશ્રી વધારે પડતો સમય માંગતા હોય છે જે નિયમાનુસાર યોગ્ય નથી. હા, આપે પ્રશ્નો પૂછવાની એક સરસ પ્રથા કરી છે. તેમાં સમયની જે વાત છે તે બરાબર છે પણ મારી આપને પણ વિનંતી છે અને સરકારને પણ વિનંતી છે કે, દર વખતે જે ટાઇમ પીરિયડ વિધાનસભાએ નક્કી કરેલો હોય તે ટાઇમ પીરિયડમાં જ મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થવું જોઇએ. કોઇ વખત થોડું રહી જતું હોય તો સ્વભાવિક છે પણ આજની બાબતમાં અમે સંમતિ આપીએ છીએ.

